
# અષ્ટપાહુડ
## અમૃત

**ભાગ ૪**



ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ–૪)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી અષ્ટપાહુડ
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૩-૭૪ની સાલના પ્રવચનો)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૮

વીર સંવત
૨૫૪૮

ઈ. સન
૨૦૨૧

**પ્રકાશન**
તા. ૧૯-૧૧-૨૦૨૧, કારતક સુદ ૧૫.
શાશ્વત જિનપ્રતિમાના પૂજનનું શાશ્વત પર્વ
શ્રી અષ્ટાહ્નિકાની પૂર્ણાહૂતિ

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ, તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી.

તેઓશ્રીએ સ્વયંની અનુભવગર્ભિત કલમ દ્વારા નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ કેવું હોય તેને ભાવવાહી સ્વરૂપે અનેક પરમાગમોમાં પ્રસિદ્ધ કર્યું છે. જંગલમાં રહી સ્વરૂપારાધનામાં લીન રહેતાં રહેતાં, કેવળજ્ઞાનની તળેટીમાં પહોંચીને, સ્વસંવેદનમયી પ્રચુર સ્વસંવેદનમાં રહી પવિત્ર મોક્ષમાર્ગ પ્રસિદ્ધ કર્યો. અનુભવપ્રમાણ એ સર્વથી બળવાન પ્રમાણ ગણવામાં આવેલ છે, જે તેમના પ્રત્યેક વચનમાં પ્રસિદ્ધ થઈ રહ્યું છે. અનેક મહાન આચાર્યોએ પણ તેમનો ઉપકાર વ્યક્ત કરી કહ્યું છે કે ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ કાળમાં જો મોક્ષમાર્ગને પ્રસિદ્ધ ન કર્યો હોત તો અમે મોક્ષમાર્ગને કઈ રીતે પામી શકત?

સંવત ૪૯માં વિદેહેક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધરસ્વામીની દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સાંભળી, ભરતક્ષેત્રમાં આવી તેઓશ્રીએ અનેક પરમાગમોની રચના કરી છે. પંચ પરમાગમ સાંપ્રત જૈનસમાજમાં પ્રસિદ્ધ છે. તેમાં અષ્ટપાહુડ ગ્રંથ સમાવિષ્ટ છે. અષ્ટપાહુડ ગ્રંથની રચના જોતાં એમ જણાય છે કે આ ગ્રંથ દાર્શનિક દૃષ્ટિકોણથી રચવામાં આવેલ છે. આઠ અધિકારની રચનામાં પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન વિષયાનુસાર સૂત્રોની રચના કરવામાં આવેલ છે. પ્રત્યેક અધિકારમાં વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ કરી વિપરીત અભિપ્રાયો ક્યા પ્રકારના હોય અને તેનું ફળ શું આવે અને સમ્યક્ અભિપ્રાયનું ફળ શું આવે તેનો સ્પષ્ટ ચિતાર કુંદકુંદાચાર્યદેવે ચિત્રિત કર્યો છે.

શાસ્ત્રોમાં તો આચાર્ય ભગવંતોએ નિષ્કારણ કરુણાથી ભવ્યજીવોના હિતને માટે રચના તો કરી પરંતુ વર્તમાન દુષમકાળમાં તેના ભાવ સમજવા અત્યંત વિકટ થઈ પડેલા અને વિપરીત અભિપ્રાયોની પ્રચલિતતા અને રૂઢિવાદમાં સમાજ જ્યારે ડૂબેલો હતો, તેવા આ કળિકાળમાં, વિદેહેક્ષેત્રે વિહરમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યદેશના સાક્ષાત્ સાંભળીને ભરતે પધારનાર ભાવિ તીર્થાધિનાથ પરમકૃપાળુ સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સૂર્ય સમાન અવતાર, મુમુક્ષુજીવોના મિથ્યાત્મઅંધકારને મટાડવા માટે થયો. અનેક રૂઢિચુસ્તતા, મિથ્યા અભિપ્રાયો, ક્રિયાકાંડમાં મોક્ષમાર્ગ સમજીને, કલ્પીને તેને આરાધવાનું ચાલતું હતું તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ નિષ્કારણ કરુણાથી શાસ્ત્રોમાં નિહિત મોક્ષમાર્ગને સ્વયંની અંતરખોજ દ્વારા તથા શ્રુતજ્ઞાનની

લબ્ધિ દ્વારા સત્ય મોક્ષમાર્ગનું સ્વરૂપ ખુલ્લું કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીએ ૪૫ વર્ષ સુધી અનેક પરમાગમો ઉપર પ્રવચનો કર્યા, જેમાં અનેકાનેક સિદ્ધાંતોને પ્રસિદ્ધ કરી આત્મકલ્યાણનો માર્ગ પ્રસિદ્ધ કર્યો. પ્રત્યેક પ્રવચનોમાં આત્માનું મૂળભૂત સ્વરૂપ, નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ, મુમુક્ષુતા, સિદ્ધાંતિક વસ્તુનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, નિમિત્ત-ઉપાદાનનું સ્વરૂપ, સર્વજ્ઞનનું સ્વરૂપ ઇત્યાદિ અનેક વિષયોને સ્પષ્ટ કરી ક્યાંય ભ્રાંતિ ન રહે તેવી રીતે પ્રકાશિત કર્યું.


પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં અષ્ટપાહુડ ગ્રંથ ઉપર, ઈ.સ. ૧૯૭૩-૭૪માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. ચોથા ભાગમાં ભાવપાહુડના ૪૭ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. આ પહેલા ઈ.સ. ૧૯૭૦-૭૧માં ચાલેલા પ્રવચનો પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા, મુંબઈતથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દ્રઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક/ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૧૦૦ | ૨૭.૦૧.૧૯૭૪ | ભાવપાહુડ ગાથા-૬૮, ૬૯ | ૦૧ |
| ૧૦૧ | ૨૮.૦૧.૧૯૭૪ | ગાથા-૬૯ થી ૭૨ | ૧૪ |
| ૧૦૨ | ૨૯.૦૧.૧૯૭૪ | ગાથા-૭૨ થી ૭૬ | ૨૪ |
| ૧૨૨ | ૨૪.૧૦.૧૯૭૦ | ગાથા-૭૩ થી ૭૭ | ૩૮ |
| ૧૨૩ | ૨૫.૧૦.૧૯૭૦ | ગાથા-૭૮, ૭૯ | ૫૩ |
| ૧૦૪ | ૦૧.૦૨.૧૯૭૪ | ગાથા-૭૯ | ૬૮ |
| ૧૦૫ | ૧૦.૦૨.૧૯૭૪ | ગાથા-૭૯ | ૮૦ |
| ૧૦૬ | ૧૧.૦૨.૧૯૭૪ | ગાથા-૭૯, ૮૦ | ૯૩ |
| ૧૦૭ | ૧૨.૦૨.૧૯૭૪ | ગાથા-૮૧, ૮૨ | ૧૦૫ |
| ૧૦૮ | ૧૩.૦૨.૧૯૭૪ | ગાથા-૮૨, ૮૩ | ૧૧૭ |
| ૧૦૯ | ૧૫.૦૨.૧૯૭૪ | ગાથા-૮૩, ૮૪ | ૧૨૮ |
| ૧૧૦ | ૧૬.૦૨.૧૯૭૪ | ગાથા-૮૫ થી ૮૭ | ૧૪૧ |
| ૧૧૧ | ૧૭.૦૨.૧૯૭૪ | ગાથા-૮૮ થી ૯૦ | ૧૫૩ |
| ૧૧૨ | ૧૮.૦૨.૧૯૭૪ | ગાથા-૯૧, ૯૨ | ૧૬૫ |
| ૧૧૩ | ૧૯.૦૨.૧૯૭૪ | ગાથા-૯૩, ૯૪ | ૧૭૬ |
| ૧૧૪ | ૨૦.૦૨.૧૯૭૪ | ગાથા-૮૩, ૮૪ | ૧૮૭ |
| ૧૧૫ | ૨૧.૦૨.૧૯૭૪ | ગાથા-૯૬, ૯૭ | ૧૯૯ |
| ૧૧૬ | ૨૨.૦૨.૧૯૭૪ | ગાથા-૯૭ | ૨૧૦ |
| ૧૫૫ | ૨૪.૦૫.૧૯૭૪ | ગાથા-૧૦૬, ૯૮, ૯૯ | ૨૨૩ |
| ૧૩૧ | ૦૪.૧૧.૧૯૭૦ | ગાથા-૯૮ થી ૧૦૧ | ૨૩૫ |
| ૧૫૭ | ૨૬.૦૫.૧૯૭૪ | ગાથા-૧૦૨ થી ૧૦૫ | ૨૪૮ |
| ૧૫૮ | ૨૭.૦૫.૧૯૭૪ | ગાથા-૧૦૬ થી ૧૦૮ | ૨૬૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૫૯ | ૨૯.૦૫.૧૯૭૪ | ગાથા-૧૦૯, ૧૧૦ | ૨૭૨ |
| ૧૬૦ | ૩૦.૦૫.૧૯૭૪ | ગાથા-૧૧૦, ૧૧૧ | ૨૮૫ |
| ૧૬૧ | ૩૧.૦૫.૧૯૭૪ | ગાથા-૧૧૧ થી ૧૧૪ | ૨૯૭ |
| ૧૬૨ | ૦૧.૦૬.૧૯૭૪ | ગાથા-૧૧૪, ૧૧૫ | ૩૧૦ |
| ૧૬૩ | ૦૨.૦૬.૧૯૭૪ | ગાથા-૧૧૬ થી ૧૧૮ | ૩૧૭ |
| ૧૬૪ | ૦૩.૦૬.૧૯૭૪ | ગાથા-૧૧૯ | ૩૨૮ |
| ૧૬૫ | ૦૫.૦૬.૧૯૭૪ | ગાથા-૧૨૦ થી ૧૨૨ | ૩૩૭ |
| ૧૬૬ | ૦૬.૦૬.૧૯૭૪ | ગાથા-૧૨૨ થી ૧૨૫ | ૩૪૯ |
| ૧૬૭ | ૦૭.૦૬.૧૯૭૪ | ગાથા-૧૨૫ થી ૧૨૭ | ૩૬૦ |
| ૧૬૮ | ૦૮.૦૬.૧૯૭૪ | ગાથા-૧૨૭ થી ૧૩૧ | ૩૭૦ |
| ૧૬૯ | ૦૯.૦૬.૧૯૭૪ | ગાથા-૧૩૧ થી ૧૩૪ | ૩૮૧ |
| ૧૭૦ | ૧૦.૦૬.૧૯૭૪ | ગાથા-૧૩૫, ૧૩૭ | ૩૯૨ |
| ૧૭૧ | ૧૧.૦૬.૧૯૭૪ | ગાથા-૧૩૮ થી ૧૪૦ | ૪૦૪ |
| ૧૭૨ | ૧૨.૦૬.૧૯૭૪ | ગાથા-૧૪૧ થી ૧૪૪ | ૪૧૪ |
| ૧૭૩ | ૧૪.૦૬.૧૯૭૪ | ગાથા-૧૪૫ થી ૧૪૮ | ૪૨૫ |
| ૧૭૪ | ૧૫.૦૬.૧૯૭૪ | ગાથા-૧૪૮ | ૪૩૬ |
| ૧૫૪ | ૨૧.૧૨.૧૯૭૦ | ગાથા-૧૪૮, ૧૪૯ | ૪૪૮ |
| ૧૫૫ | ૨૩.૧૨.૧૯૭૦ | ગાથા-૧૪૯ થી ૧૫૧ | ૪૬૧ |
| ૧૭૬ | ૧૭.૦૬.૧૯૭૪ | ગાથા-૧૫૧, ૧૫૨ | ૪૭૧ |
| ૧૭૭ | ૧૮.૦૬.૧૯૭૪ | ગાથા-૧૫૨ થી ૧૫૫ | ૪૮૦ |
| ૧૭૮ | ૧૯.૦૬.૧૯૭૪ | ગાથા-૧૫૫ થી ૧૫૭ | ૪૯૨ |
| ૧૭૯ | ૨૧.૦૬.૧૯૭૪ | ગાથા-૧૫૮ થી ૧૬૧ | ૫૦૩ |
| ૧૮૦ | ૨૨.૦૬.૧૯૭૪ | ગાથા-૧૬૨ થી ૧૬૪, ૩૫થી ૩૭ | ૫૧૪ |
| પ્રવચન નં. ૧૮૧ થી ૧૮૩ ભાગ-૩માંથી જોવા | | | |
| ૧૮૪ | ૨૬.૦૬.૧૯૭૪ | ગાથા-૧૬૫ | ૫૨૩ |
| ૧૮૫ | ૨૮.૦૬.૧૯૭૪ | ગાથા-૧૬૫ | ૫૩૪ |
| ૧૮૬ | ૨૯.૦૬.૧૯૭૪ | ગાથા-૧૬૫, લિંગપાહુડ ગાથા-૧,૨ | ૫૪૫ |

શ્રીમદ્ ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિરચિત

# અષ્ટપાહુડ અમૃત

(ભાગ-૪)
(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી અષ્ટપાહુડ ઉપરના સળંગ પ્રવચનો)

## ભાવપાહુડ
## ૫

**મહા સુદ ૪, રવિવાર તા. ૨૭-૦૧-૧૯૭૪**
**ગાથા - ૬૮-૬૯, પ્રવચન - ૧૦૦**

આ અષ્ટપાહુડમાં ભાવપાહુડ. ગાથા-૬૮. **'आगे ईसी अर्थको दृढ करने के लिये केवल नग्नपनेकी निष्फलता दिखाते हैं :— '**

> णग्गो पावइ दुक्खं णग्गो संसारसायरे भमइ।
> णग्गो ण लहइ बोहिं जिणभावणवज्जिओ सुइरं।।६८।।

નગ્ન એકલું નગ્નપણું ધારણ કરવું અને ચૈતન્યદ્રવ્યની ભિન્ન ભાવના-સમ્યગ્દર્શનરહિત રહેવું એ તો દુઃખકારક છે.

**'अर्थ :- नग्न सदा दुःख पाता है,...'** કેમકે જે ચૈતન્યસ્વરૂપ આનંદ અને ધ્રુવસ્વરૂપ એની ભાવના એટલે સમ્યગ્દર્શન વિના એ નગ્નપણું તો એકલું દુઃખ છે. **'सदा संसार-समुद्रमें भ्रमण करता है...'** નગ્નપણું અથવા બાર વ્રતનું લિંગ કે પંચ મહાવ્રતનું લિંગ એ બધું અંતર દૃષ્ટિના સ્વભાવની ભાવના વિના જેને આત્મદર્શન નથી, આત્માનો અનુભવ સમ્યગ્દર્શન નથી એને જિનભાવના હોતી નથી. એ રાગની અને નગ્નપણાની ભાવનામાં રોકાયેલો હોય છે. આહાહા..! એ નગ્નપણું અને ભલે એ

પંચ મહાવ્રત આદિના પરિણામ હોય, તોપણ એ સંસારમાં ભ્રમણ કરશે. કેમકે ભગવાન આત્મા ચૈતન્યઘન (એનો) નિર્વિકલ્પ દૃષ્ટિ અને અનુભવ થયો નથી, એથી એની ભાવના સ્વભાવ સન્મુખની હોતી નથી, બહારની હોય છે. આહાહા..!

**'ઔર નગ્ન બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વાનુભવ...'** બોધિ શબ્દ વાપર્યો છે ને. **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વાનુભવકો નહીં પાતા હૈ,...'** એ નગ્નની બાહ્ય ક્રિયા કે પંચ મહાવ્રતાદિના પરિણામ, એ સમ્યગ્દર્શન—આત્માના સન્મુખથી એ તો વિમુખની ક્રિયા છે. ભગવાન આત્માના સન્મુખની બોધિ સમ્યગ્દર્શન, સન્મુખનું જ્ઞાન અને સન્મુખનું ચારિત્ર એ નહિ પામે. કેમકે બહાર દિશા અને બહાર વલણ તરફ એનો બધો ઝુકાવ છે. અંતર દ્રવ્ય તરફનો ઝુકાવ એને નથી. એમ કહે છે. **'સ્વાનુભવકો નહીં પાતા હૈ, કૈસા હૈ વહ નગ્ન જો જિનભાવનાસે રહિત હૈ.'** નિર્વિકલ્પ સમ્યગ્દર્શન વિના એની ભાવનામાં તો રાગ અને નિમિત્તપણાની ભાવના હોય છે. એ બધું નિષ્ફળ છે. ચાર ગતિમાં રખડવા માટે છે.

જિનભાવના શબ્દ છે ને? **'बोहिं जिणभावणवज्जिओ सुइरं'** ઘણો કાળ રખડશે ચાર ગતિમાં. કેમકે ભવ અને ભવનો ભાવ એનાથી રહિત ચૈતન્યના દ્રવ્યની દૃષ્ટિ અનુભવ, દ્રવ્યનો આશ્રય, સત્યાર્થ વસ્તુનું અવલંબન જ્યાં નથી અને આ બહારના અવલંબનમાં રોકાયેલો ચાર ગતિમાં રખડશે. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક કહે છે, આવે ને નગ્નપણું. બાહ્ય વેશ નગ્ન પણ ક્યાં છે? નગ્નપણું એ પણ પૂજનિક અને વંદનિક છે એવું નાખે છે. અહીં કહે છે કે આત્માના દર્શન વિના ... શુદ્ધ સહિત પરમાત્મસ્વરૂપની ભાવના એ તો સમ્યગ્દર્શનમાં હોય છે. એ વિનાનું નગ્નપણું અને ક્રિયા બધી નિષ્ફળ છે. મોક્ષને માટે નિષ્ફળ, સંસાર માટે સફળ છે. સંસારમાં કરતો આવ્યો છે એનું ફળ મળતું આવ્યું છે એમાં સફળ છે.

**'ભાવાર્થ :- 'જિનભાવના' જો સમ્યગ્દર્શન-ભાવના...'** અર્થ કર્યો છે. બોધિ અને જિનભાવના બે છે ને. બોધિમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ લીધું અને જિનભાવનામાં એનું મુખ્ય સમ્યગ્દર્શન લીધું. એ સમ્યગ્દર્શન શું ચીજ છે તરણહાર? આખા ચૈતન્યને સંસાર સમુદ્રથી ઉદ્ધાર કરવાની જે દૃષ્ટિ છે એની તો ખબર ન મળે. સમાજ ઉદ્ધાર કરો. લ્યો, પંડિતજી! કહે છે ને? દેશ ઉદ્ધાર કરો, શાસ્ત્ર ઉદ્ધાર કરો. એમાં આત્મ-ઉદ્ધાર ક્યાં આવ્યો? શાસ્ત્ર બનાવો ને આવા બનાવો ને બહાર પાડો. એમાં શું થયું તને? ગુપ્ત શાસ્ત્ર ભંડારમાં હોય એ બહાર પાડો. પણ, ભાઈ! એમાં આત્માને શું આવ્યું? આહાહા..! સમાજ સુધારો, વ્યવહારના સુધાર કરો. .. આહાર દે છે બધું. એનો સુધારો કરો. પણ એમાં આત્માને શું?

મુમુક્ષુ :- આત્માને એમાં ... પરની મહિમા આવે ને.

ઉત્તર :- પરને લઈને મહિમા, એમાં આત્માને શેનું આવે?

મુમુક્ષુ :- મોક્ષમાર્ગપ્રકાશકમાં...

ઉત્તર :- શું કહે છે?

મુમુક્ષુ :- મોક્ષમાર્ગપ્રકાશક આપને મળ્યું એ બહારનો પદાર્થ હતો તો મહિમા આવ્યો કે નહિ આત્માને?

ઉત્તર :- એને લઈને છે જ નહિ. આહાહા..! બહારને લઈને છે જ નહિ. શાસ્ત્રના ઉદ્ધાર અને શાસ્ત્રનું જ્ઞાન એ પણ કાંઈ આત્માના ઉદ્ધાર માટે નથી. આહાહા..! આત્માનો ઉદ્ધાર તો આત્મજ્ઞાન અને આત્મદર્શન એ ઉદ્ધાર છે. આહાહા..! એ તો સ્વસન્મુખથી થાય છે, એમાં કોઈ પરસન્મુખથી કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? બપોરે આવ્યું નહોતું કાલે? કે આત્મામાં કરણ નામનો ગુણ છે સાધકપણે, એ સમ્યગ્દર્શનની પર્યાયમાં એ કરણ કારણ થાય છે. સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રમાં એ કારક એ થાય છે. આહાહા..! શાસ્ત્રજ્ઞાન અને .. તો નહિ, પણ ત્યાં સુધી આવ્યું એમાં તો (કે) અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ જે પરિણામ છે, જેનાથી સમકિત પામે એવું જે વ્યવહારના લખાણ શાસ્ત્રમાં છે એ અહીં કામનું નથી કહે છે.

મુમુક્ષુ :- કરણલબ્ધિ પરિણામોં સે તો પાવે હી પાવે.

ઉત્તર :- વાત એનાથી પાવે નહિ. એનાથી અભાવ કરે તો પાવે. કારણ કે આત્મા પોતે જ કરણ-સાધકગુણના પવિત્ર ભાવથી ભરેલો છે. આહાહા..! એ સાધક—કરણ નામના ગુણથી ભરેલો છે આત્મા. એથી એને કરણગુણનો અથવા ગુણીનો જ આધાર છે. સમ્યગ્દર્શન થવામાં ગુણીનો-ગુણનો આધાર છે. કરણ એ ગુણ અને ગુણી કરણ છે. પૂર્વની પર્યાય છે એને કરણ છે નહિ એમ અહીં તો સિદ્ધ કર્યું છે. આહાહા..! વાત લોકોને.. મહિમા ચૈતન્ય ભગવાન... રાગ હો, વિષય આસક્તિ પણ હો, પણ ભાવનામાં એ ચીજ નથી. ધર્મીની ભાવના તો સમ્યક્ ચૈતન્યના સન્મુખ એકાગ્ર થવું એ ભાવના હોય છે. આહાહા..! બહુ વાત! જ્યાં શક્તિઓ પડી છે અને જે શક્તિવાન ભગવાન છે એના ઉપર નજર કરતા, એને કારણ બનાવીને કાર્ય થાય છે. બીજું કોઈ કારણ-ફારણ છે નહિ. એ તો વ્યવહાર કહો કે અભૂતાર્થ... આ કહે છે ને કે વ્યવહારચારિત્ર પાળીએ તો નિશ્ચય થાય. એવું આવ્યું છે લખાણમાં. મોટું પુસ્તક છે ને આવડું ૨૦૦ રૂપિયાનું. જોયું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. ત્યાં આવ્યું છે તમારે? જયપુરમાં આવ્યું છે?

મુમુક્ષુ :- હરિભાઈ પાસે પુસ્તક હતું.

ઉત્તર :- અઢીસો રૂપિયાનું પુસ્તક છે. આમ સો રૂપિયાનું છે પણ અઢીસો લીધા. લાખ પુસ્તક છપાણા છે ને? હજાર-હજાર. હજાર પુસ્તક અઢી લાખના. એમાં આ લખ્યું છે લો. નિશ્ચયચારિત્ર ન હોય ત્યાં સુધી વ્યવહારચારિત્ર પાળવું.

મુમુક્ષુ :- .. હોય જ નહિ.

ઉત્તર :- પણ વ્યવહારચારિત્ર નિશ્ચય વિના હોય જ નહિ. બહુ ... આવું પુસ્તક એમાં આવું લખ્યું છે લ્યો! એમાં આ બિચારાને ખબર ન મળે, શેઠિયાઓને ખબર ન મળે. મોઢા આગળ બાહ્ય ત્યાગમાં અંજાઈ ગયા. પણ આ વસ્તુનું ખૂન થાય છે આમાં. તત્ત્વની આખી વાત ફરી જાય છે.

અહીં તો કહે છે, કે જેને જિનભાવના (એટલે) વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા એની જેને દૃષ્ટિ નથી એને એની ભાવના નથી. એ ભાવના વિના જેટલા પંચ મહાવ્રત, નગ્નપણું લે કે વ્યવહાર ક્રિયા કરે, એ નવમી ગ્રૈવેયકે ગયો એ તો વ્યવહારક્રિયા અત્યારે છે પણ ક્યાં? પંડિતજી! નવમી ગ્રૈવેયકે ગયો ભાઈ! એમાં જે શુભભાવ હતો, મિથ્યાદૃષ્ટિના ઉત્કૃષ્ટ શુભભાવ એ નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે હતો. એવા શુભભાવની ક્રિયા અત્યારે ક્યાં છે વ્યવહારની? સમજાય છે કાંઈ? એવો જે શુભભાવ શુક્લલેશ્યા (કે જેનાથી) નવમી ગ્રૈવેયકે ગયો એનાથી પણ કાંઈ આત્માની પ્રાપ્તિ ન થઈ. કારણ કે એ તો રાગ છે, એ પોતે સંસાર છે. આહાહા..! સંસારથી સંસારના અભાવસ્વરૂપ ભગવાન આત્માની પ્રાપ્તિ થાય? આહાહા..! .. થોડી પણ વાત બહુ મોટી છે એની.

સમ્યગ્દર્શન એટલે શું? જેણે આખા પૂર્ણ આનંદ અને અનંત શક્તિનો સમુદાય એની સત્તા હોવાપણે છે એમ જેની શ્રદ્ધાના જોરમાં વીતરાગી પર્યાયમાં આવ્યું, એને વીતરાગી ભાવના જ હોય છે. ભાવના એ અંતરમાં એકાગ્ર થવું એ હોય છે. એ વિના આ બધા મુનિપણા, નગ્નપણા, બાહ્ય ક્રિયાકાંડ બધા સંસાર માટે છે, તરવાને માટે તો નિષ્ફળ છે. આહાહા..! લોકોને બાહ્ય ત્યાગનો મહિમા ને. પોતે કરી શકે નહિ એવો ત્યાગ એટલે બાહ્ય ત્યાગ દેખીને મહિમા આવે. અહીં ના પાડે છે કે બાહ્ય ત્યાગનું ફળ કાંઈ નથી આત્માને માટે. સંસારફળ છે એમાં. આહાહા..! જગતથી બહુ (જુદી વાત છે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દૃષ્ટિ થઈ એટલે એકાકાર એમાં છે જ તે. ભાવનાનો અર્થ અંતર એકાગ્રતા છે એ ભાવના. શુદ્ધ સ્વરૂપમાં એકાગ્રતા એ એની ભાવના. ભાવના એટલે કલ્પના અને ચિંતવના એ કાંઈ નહિ. આહાહા..! વસ્તુ જે છે પૂર્ણ સ્વરૂપ એની રુચિની એકાગ્રતા. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન અને જિનભાવના કહેવાય છે.

મુમુક્ષુ :- ભાવનાનો અર્થ શું, રાગ કે વીતરાગતા?

ઉત્તર :- વીતરાગ. ભાવનાનો અર્થ. કીધું ને એકાગ્રતા. ભાવના એટલે કલ્પના નહિ.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થયું પછી આગળ વધવાની તો ભાવના હોય.

ઉત્તર :- આગળ વધવાનો અર્થ અંદર ઠરવાનું. પણ ઈચ્છા નહિ. ઈચ્છા હો પણ એ કામની નહિ. અંદર ઠરવું, એકાગ્ર થવું એ એનું કાર્ય છે પછી. આહાહા..! દર્શન એ સ્વરૂપની એકાગ્રતા અને ચારિત્ર પણ ઉગ્ર એકાગ્રતા. બીજી કોઈ ચીજ નથી. આહાહા..!

'**જિનભાવના જો સમ્યગ્દર્શન-ભાવના ઉસસે રહિત જો જીવ હૈ વહ નગ્ન ભી રહે તો બોધિ જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગકો નહીં પાતા હૈ.**' લ્યો! જ્યાં હજી સમ્યગ્દર્શન નથી ત્યાં મોક્ષમાર્ગની પ્રાપ્તિ શી રીતે એને હોય? આહાહા..! આ બહારમાં... ... એક ફેરી કહ્યું હતું ને પાલનપુરમાં? શ્રીમદ્‌ની જન્મ જયંતિ ઉજવી હતી. ત્યારે એક જણો કોક હતું. નામ ભૂલી ગયા. ચોપડી આવી છે એની. કોક હતું, નામ ભૂલી ગયા. એણે ભાષણ કર્યું હતું ત્યાં. હિન્દુસ્તાન બાહ્ય ત્યાગની મહિમામાં ગૂંચાઈ ગયા છે. અંતર દૃષ્ટિનો વિષય અને અંતર ભાવના શું છે એની એને ખબર નથી, એની કિંમત આવતી નથી. કોક કહેતું હતું શું નામ? રમણ? રસીક-રસીક. રસીક પરીખ હતું કોઈ. રસીકલાલ પરીખ. શ્રીમદ્‌ની જન્મજયંતિ હતી પાલનપુર. ઘણા વર્ષ થઈ ગયા. આહાહા..! શ્રીમદ્‌ની વાતમાં હતું એમ કે દુનિયા બાહ્યનો ત્યાગ દેખે તો.. દૃષ્ટિ હતી, એનો શું અનુભવ હતો, એની એને ખબર ન મળે અને આ બાહ્ય ત્યાગ કરીને બેસે એમાં હિન્દુસ્તાન ઠગાણું છે. આહાહા..! જગત ઠગાણું છે. સાચી વાત. આહાહા..! એ ચોપડી આવી છે આજે. આહાહા..!

જેને હજી અંદરમાં મિથ્યાત્વનો ત્યાગ નથી એને બાહ્ય ત્યાગ ક્યાં હતો? આહાહા..! સમજાણું કાંઈ? આ બધા લઈને બેસે છે ને કે નવરા છો તો પડિમા લઈને બેસે. એકલા હોય, બાયડી મરી ગઈ હોય. કોઈ સાધન હોય. પછી ચાલો પડિમા લઈએ સાત, દસ પડિમા લઈએ. શેની પણ પડિમા? એક જણો એમ કહેતો હતો કે આઠ પડિમામાં બરાબર પૂજા થતી નથી, માટે આપણે અગિયાર પડિમા લેવી. વળી એમ કહેતો હતો એક આઠ પડિમાવાળો. રાજકોટ આવ્યો હતો. ૨૦૦૬ની સાલની વાત છે. આઠ પડિમાવાળો હતો. એ કહે, આઠ પડિમામાં લોકો આદર નથી આપતા. અગિયાર પડિમા લઈએ તો આપણને.. જુઓ આ વસ્તુ. એમ કે આહાર-પાણી માટે આમ બધાને તારવીને જુદું પાડવું અને બહુમાન આપવું એવું આઠ પડિમામાં નથી થાતું, પણ જો ક્ષુલ્લક થઈએ તો તારવીને અહો..! પધારો પધારો મહારાજ અમારે ત્યાં આહાર-પાણી... આહાર-પાણીનું તો થાય. આહાહા..! અંદરનો આનંદનો ખોરાક છે એ તો ભૂલી ગયો.

એ સમ્યગ્દર્શનમાં તો આનંદનો ખોરાક છે. એ આનંદની ભાવના અને શાંતિની ભાવના નથી અને એકલા દ્રવ્યલિંગ ધારણ કરે છે એ મોક્ષમાર્ગ નહિ પામે, એથી મોક્ષમાર્ગ નહિ પામે. એ ક્રિયાકાંડથી કાંઈ મોક્ષમાર્ગ નહિ મળે. આહાહા..! કેમકે એ ક્રિયાકાંડનું લક્ષ બાહ્ય ઉપર છે અને ભગવાનનો આશ્રય કરવો એ તો અંતર્મુખથી છે.

'**ઈસલિયે સંસારસમુદ્રમેં ભ્રમણ કરતા હુઆ સંસારમેં હી દુઃખકો પાતા હૈ...**' આહાહા..! નગ્નપણું કે પંચ મહાવ્રતના ભાવ એ પોતે દુઃખ છે અને નગ્નપણું દુઃખનું નિમિત્ત છે. આહાહા..! સુખરૂપ ભગવાન આત્મા એનું તો પોષાણ દૃષ્ટિમાં થયું નથી. પોષાતુ નથી, એ વાત પોષાતી નથી. એમાં આ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત ને એ વાત પોષાય છે એને. આહાહા..! મોટી દૃષ્ટિ ફેર છે કહે છે.

એ **'સંસારમેં હી દુઃખકો પાતા હૈ તથા વર્તમાનમેં ભી જો પુરુષ નગ્ન હોતા હૈ વહ દુઃખ હી કો પાતા હૈ.'** વર્તમાનમાં પણ દુઃખ છે. નગ્નપણું નભાવવું, દૃષ્ટિ છે નહિ, જ્ઞાતા-દૃષ્ટાપણાનું ભાન નથી અને એ નગ્નપણું નભાવવું, સહન થવું મહાદુઃખરૂપ છે એને. સમજાણું કાંઈ? આચાર્ય પોતે પોકારે છે. પોતે નગ્ન મુનિ છે, દિગંબર સંત છે. ભાવ વિના અંતરમાં નિર્વિકલ્પ વીતરાગી દૃષ્ટિ વિના તારું આ બધું નિષ્ફળ છે. અરેરે..! જન્મ-જરા-મરણના આંટા મટે નહિ અને એ ભાવમાં રહે, એ પોતે સંસારભાવ છે તારો. આહાહા..!

**'વહ દુઃખ હી કો પાતા હૈ. સુખ તો ભાવમુનિ નગ્ન હોં વે હી પાતે હૈં.'** લ્યો! આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ એવી અંતરમાં અનુભવની દૃષ્ટિ થઈ—પરિણમન, એ સુખી છે. સુખ કોઈ બાહ્યમાં નથી, ધર્મીની સુખબુદ્ધિ અંતરમાં છે. અજ્ઞાનીની સુખબુદ્ધિ પુણ્ય અને દયા, દાન અને વ્રતમાં એમાં સુખબુદ્ધિ છે. સુખબુદ્ધિ કહો કે હિતબુદ્ધિ કહો કે સાધનબુદ્ધિ કહો. આહાહા..! એ અજ્ઞાનીની શુભભાવમાં સુખબુદ્ધિ (છે) એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સુખ તો ભાવમુનિને, સંતને હોય છે અર્થાત્ સમ્યગ્દૃષ્ટિને સુખ હોય છે. ચોથેથી સુખની શરૂઆત (થાય), અતીન્દ્રિય આનંદના સ્વાદનો ભાવ ચોથેથી શરૂ થાય છે. આહાહા..! જેવો સિદ્ધનો આનંદ છે એ માંહ્યલો જ આનંદનો અંશ, નમૂનો... આહાહા..! એ સમ્યગ્દર્શનથી શરૂ થાય છે. ત્યારથી એ જીવ સુખી છે. કહો, આવા .. ભાળે, નગ્ન થાય, હજારો રાણી છોડે, મહિના-મહિનાના અપવાસ કરે ચોવિહારા પાણી વિનાના, (તોપણ) કહે છે કે દુઃખી છે.

ભગવાન આનંદસ્વરૂપ અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ એને જેણે સ્પર્શ્યો નથી, એની બધી ક્રિયા રાગ ને પુણ્યના સ્પર્શવાળી છે, એ સંસાર ખાતાની છે. આવો વીતરાગ માર્ગ. કેમ કે જ્યાં સુધી મિથ્યાત્વનો ત્યાગ નથી ત્યાં અવ્રતનો ત્યાગ બાહ્ય પણ ક્યાંથી આવે એને? આહાહા..! પહેલા બંધનના કારણમાં તો મિથ્યાત્વ પહેલું બંધન છે. હવે એ બંધન છૂટ્યું નથી અને અવ્રતનો ત્યાગ થઈ ગયો? આહાહા..!

એથી કહે છે, સમ્યક્ ચૈતન્યના અનુભવ વિના બધા પ્રાણી દુઃખી છે. એ તો કહ્યું ને, એમાં આવ્યું ને 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, (પૈ નિજ) આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ એ થયો કે નવમી ગ્રૈવેયકે ગયો, એવા અઠ્યાવીશ મૂળગુણ, શુક્લલેશ્યા, ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એવી જેની શુક્લલેશ્યા અને જેનો શુભભાવ, છતાં એ સુખી નથી, એ તો દુઃખ છે. આહાહા..! એ સુખ નથી. કહ્યું ને કે 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો એનો અર્થ શું થયો? પંચ મહાવ્રતના પરિણામ એ તો દુઃખ છે. આહાહા..! કહો, મગનભાઈ! આ બધા શેઠિયાઓ-બેઠિયાઓએ પછી બહારના ત્યાગની મહિમા કરી નાખી. એમ જ હતું. આહાહા..! જરીક કાંઈક છોડે ત્યાં તો ઓહોહો..! મહારાજે ભારે છોડ્યું. બ્રહ્મચર્ય લીધું જાવજીવનું. પણ એ તો બહારનું છે,

શુભભાવ છે, એમાં મૂળ બ્રહ્મચર્ય ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? બ્રહ્મ નામ આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એમાં સુખનું સેવન એવું જે બ્રહ્મચર્ય વિના બહારના બ્રહ્મચર્ય (પાળે) એ તો સંસાર છે કહે છે. આહાહા..! શુભભાવ છે. આવી વાતું છે ભાઈ! ભગવાન આત્મા આનંદની ખાણ છે એ હાથ આવી નહિ તો હાથમાં આ પુણ્ય અને પાપના પરિણામ હાથ આવ્યા, એને ઝાલ્યા અને પકડ્યા. આહાહા..! (એ તો) મિથ્યાત્વભાવ છે કહે છે.

**'સુખ તો ભાવમુનિ નગ્ન હોં વે હી પાતે હૈં.'** ભાવમુનિ હો એની દશા નગ્ન જ થઈ જાય એ વાતમાં ફેર નથી. કોઈ એમ કહે કે ભાવમુનિપણું હોય અને વસ્ત્ર-પાત્ર પણ હોય દ્રવ્યલિંગમાં એમ ન હોઈ શકે. આહાહા..! જેને ભાવલિંગ અંતર પ્રગટ્યું એનું દ્રવ્યલિંગ તો નગ્ન જ હોય. આહાહા..! એ નગ્નની દશાનું નિમિત્તપણું એવું જ હોય એને. એને વસ્ત્રસહિત હોય અને ભાવલિંગ પ્રગટે, વસ્ત્ર રાખવાની બુદ્ધિ છે એને ભાવલિંગ પ્રગટે એમ હોય નહિ.

મુમુક્ષુ :- એ તો પરદ્રવ્ય છે, એણે શું બગાડ્યું છે?

ઉત્તર :- પરદ્રવ્યને કોણે કહ્યું? પરદ્રવ્યની મમતાનો રાગ છે એમ કહે છે. વસ્ત્ર રાખવાનો જે રાગ છે એ ભાવલિંગનો નાશ થઈને નુકસાન કરે છે.

મુમુક્ષુ :- રાગ પરદ્રવ્ય છે.

ઉત્તર :- રાગ પરદ્રવ્ય છે તો રાગ તો પોતાની પર્યાયમાં વિકાર છે ને. પરદ્રવ્ય તો કઈ અપેક્ષાએ? નિર્મળ પર્યાય પણ પરદ્રવ્ય છે. નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કહી છે. કેમ? કે જૈસે પરદ્રવ્યમેં સે નિર્મળ પર્યાય નઈ નહીં આતી, ઐસે નિર્મળ પર્યાયમેં સે નઈ પર્યાય નહીં આતી તો પરદ્રવ્યમેં નાખ દિયા. પણ વહ પરદ્રવ્ય હૈ, સમ્યગ્દર્શન હૈ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન વહ પરદ્રવ્ય હૈ. આહાહા..! એ પરદ્રવ્ય (મેં) નિશ્ચયદ્રવ્ય કા ભાન હોતા હૈ. આહાહા..! કઈ અપેક્ષાએ કથન છે એ જાણવું જોઈએ ને. આહાહા..! **'भूदत्थमस्सिदो'** આશ્રય કરે છે એ તો પર્યાય છે. ત્રિકાળ ભૂતાર્થ જે વસ્તુ છે એ તો ધ્રુવ છે. પણ એનો આશ્રય કરે છે એ તો પર્યાય નિર્મળ પર્યાય છે. પણ એ પર્યાયમાંથી નવી પર્યાય નથી આવતી એ અપેક્ષાએ સમ્યગ્દર્શનની પર્યાયને પણ પરદ્રવ્ય કહી દીધી. આહાહા..! અને પોતાના સ્વરૂપમાં એકાગ્ર થયો માટે એ પણ સ્વદ્રવ્યની જ દશા છે. આહાહા..! ઈ અપેક્ષા.

અને સ્વદ્રવ્ય કીધું છે પુણ્ય-પાપમાં. નિર્મળ પર્યાય સ્વદ્રવ્યની પર્યાય એ સ્વદ્રવ્ય છે. પુણ્ય-પાપ અધિકાર. અને પુણ્ય-પાપનો ભાવ એ પરદ્રવ્ય છે. જીવના મોક્ષના માર્ગને દ્રવ્યાંતરનો કોઈ સહારો છે નહિ. રાજમલ ટીકા છે. એ કળશમાં છે. ભગવાન આત્મા એના નિર્મળ સ્વભાવના આશ્રયમાં ભગવાન છે એકલો. એને પરદ્રવ્યના સહારો, પરદ્રવ્યનો રાગાદિનો સહારો મોક્ષમાર્ગને માટે નથી. આહાહા..! દ્રવ્યાંતરકા સહારા નહીં એમ લિયા હૈ. રાજમલ ટીકા. દ્રવ્યાંતર નામ? અનેરા દ્રવ્યની, રાગાદિની પણ જ્યાં અંતરમાં સ્વભાવના માર્ગનો જેને સહારો-મદદ નથી. આહાહા..! આવી વાત ચોખ્ખી છે. એને

પોષાય નહિ એ વાત અને બાહ્યપણું બધું પોષાય એ સંસાર છે કહે છે. આહાહા..!

**'આગે ઈસી અર્થકો દઢ કરનેકે લિયે કહતે હૈં—જો દ્રવ્યનગ્ન હોકર મુનિ કહલાવે ઉસકા અપયશ હોતા હૈ :—'** કાલે આવ્યો હતો એક લેખ મોટો. મહાવીરકીર્તિ ગુજરી ગયા ને પછી એને આચાર્ય પદ આપ્યું છે. એ ભ્રષ્ટ થઈ ગયા બહુ. મહાવીરકીર્તિના બધા સાધુઓ એને પ્રમાણ કરીને.. મોટર રાખે ને આ કરે ને તે કરે, બધું રાખે.

મુમુક્ષુ :- ચંદા કરે.

ઉત્તર :- ચંદા કરે. બધું એ તો કાલે આવ્યું હતું. લેખ આવ્યો હતો. જૈનસંદેશ. અરેરે..! આ શું પણ? આહાહા..! મહાવીરકીર્તિ આવ્યા તો આખો ખટારો ઘાસનો ભરેલો હતો એની સાથે. બધા સાધુ માટે આખો ઘાસનો ખટારો આમ. શું છે આ? ...

મુમુક્ષુ :- એમાં પરદ્રવ્ય શું નુકસાન કરે?

ઉત્તર :- કાંઈ નથી કરતું. પરદ્રવ્યથી મારો નભાવ છે એ એની માન્યતા નુકસાન કરે છે.

મુમુક્ષુ :- ઘાસ...

ઉત્તર :- ઘાસ પણ રાખ્યું શું કરવા? વાપરતું હતું કોણ? મોટો ખટારો ઊભો હતો અહીં. ભગવાનદાસના ઓલામાં હતો ને એ કહે કે આ શું? આખો ખટારો ભર્યો હતો. દસ-બાર સાધુ હતા ને. બધાને સૂવાનું જોઈએ. ખટારા સાથે ચાલે. અરે..! ભગવાન! આ શું માર્ગ છે? દુનિયા બાહ્ય ત્યાગમાં મરી ગઈ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો શું કરવા પણ સાધુપણું લીધું? આહાહા..! બાપુ! સંતના માર્ગ અંદર સ્વભાવથી સોહ્યલા છે, બહારથી દોહ્યલા છે. આહાહા..! 'મનુષ્ય હોના મુશ્કિલ હૈ સાધુ કહાં સે હોય? સાધુ હુઆ તો સિદ્ધ હુઆ.' આહાહા..! જેના અવતાર સફળ છે, જેના જન્મ માતાએ આપ્યા એ જન્મ (ભવ)રહિત થવાને માટે છે. આહાહા..! એવો મુનિભાવ અલૌકિક વસ્તુ છે. અહીં તો હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે તો મુનિ તો ક્યાં રહ્યા? આકરું બહુ ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવે. .. અરે..! વ્યવહારચારિત્ર ક્યાં બાપુ? વ્યવહાર હતો જ ક્યાં? નિશ્ચય વિનાનો વ્યવહાર તો આંધળો છે. નિશ્ચયમાં અનારૂઢ, વ્યવહારમાં આરૂઢ, વ્યવહારમૂઢ, અનાદિરૂઢ. એ ૪૧૩ ગાથામાં છે સમયસાર. સમયસાર ૪૧૩ ગાથા. વ્યવહારમાં મૂઢ, અનાદિરૂઢ, સ્વભાવમાં અનારૂઢ એવા ત્રણ બોલ છે. સ્વભાવમાં આરૂઢ નથી પ્રભુ બિરાજે છે જ્યાં. આહાહા..! અને .. સ્વભાવમાં આરૂઢ નથી. પરથી ભિન્ન પડીને અંતર આશ્રય નથી અને એકલો વ્યવહાર છે એ તો વ્યવહારમૂઢ છે. વ્યવહાર એને કહેતા જ નથી. ૪૧૩ ગાથામાં કહે છે, નિશ્ચય વિનાનો વ્યવહાર તો વ્યવહારમાં મૂઢ છે.

આહાહા..! અનાદિરૂઢ એ તો ભાવ છે, એ કાંઈ નવો નથી. નિશ્ચય સ્વભાવમાં આરૂઢ થયો એને પછી રાગની મંદતાનો ભાવ (હોય) તેને વ્યવહાર કહેવામાં આવે છે. જાગૃત થયા વિનાનો વ્યવહાર કેવો? આહાહા..! આવો માર્ગ એટલે લોકોને એકાંત લાગે હોં માણસને.

મુમુક્ષુ :- ન સમજે એને લાગે.

ઉત્તર :- લાગે.

મુમુક્ષુ :- નિશ્ચય વિનાનો વ્યવહાર આંધળો છે.

ઉત્તર :- અંધા હૈ. એને જાણનાર-દેખનાર તો હૈ નહીં કોઈ. એ વ્યવહાર અંધા, અપને સ્વભાવ સે અંધા હૈ, જડ હૈ વહ તો.

મુમુક્ષુ :- વ્યવહાર બિના નિશ્ચય ...

ઉત્તર :- વ્યવહાર બિના નિશ્ચય હોતા હૈ, વ્યવહાર બિના નિશ્ચય હોતા હૈ. વ્યવહારકી રુચિ છોડકર નિશ્ચય હોતા હૈ. વ્યવહારકી રુચિ રખકર નિશ્ચય હોતા હૈ ઐસા હૈ નહીં. આહાહા..! બહુ કામ બાપુ આકરું. જગતની સાથે ઊભા રહેવું અતડા થઈને. અતડા એટલે કોઈ સાથે મેળ નહિ. આકરું પડે એવું છે, ભાઈ! સત્ય એવી ચીજ છે. ચારિત્રદોષ હો. સમજાય છે કાંઈ? આવે છે ને, છ ઢાળામાં નથી આવતું? શું આવે છે? 'લેશ ન સંયમ તોપણ...'

મુમુક્ષુ :- ચારિત્રમોહ લેશ ન સંયમ, પૈ સુરનાથ જજૈ હૈ.

ઉત્તર :- જજે હૈ. છ ઢાળામાં આતા હૈ ન. 'લેશ ન સંયમ, પૈ સુરનાથ ભજે હૈ.' આદર કરે છે.

મુમુક્ષુ :- દર્શન પાહુડમાં આમાં પણ છે.

ઉત્તર :- છે ને આમાં દર્શનપાહુડમાં પણ છે. બધામાં છે. આમાંથી જ લીધું છે ને. સમ્યગ્દર્શન પૂજનીય છે. .. આહાહા..!

મુમુક્ષુ :- દર્શનમોહ ..

ઉત્તર :- હા, ચારિત્રમોહવશ પણ એમ. પોતે વશ થઈ ગયો છે રાગમાં એટલે સંયમ નથી. ચારિત્રમોહથી વશ થયો છે એમ નહિ. ચારિત્રમોહના ઉદયમાં પોતાના પુરુષાર્થની કમજોરીથી વશ થયો છે એટલે સંયમ નથી. પંડિતજી! અમારે પંડિતજી ઠીક ... છે. ...માં તો લોકો જરી ટીકા કરે એવું છે. ... યોગસાર ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. આ તો એક શાતાવેદનીયથી નિરોગતા ન રહે, અશાતાથી રોગ ન થાય અને પૈસા વહેંચવામાં સમાજ .. માટે છે એ વાતમાં ખોટ છે. પંડિતજી .. આવું કહે છે. એટલે એને હું પાછળથી કહું છું. ... આહાહા..! આ વસ્તુ બાપુ! આ કાંઈ કોઈના પક્ષની વાત છે આ? આ તો સત્યના ધારાની શ્રેણીની વાતું છે. પહેલું એનું નક્કી તો નિર્ણય તો કરે વ્યવહાર વિકલ્પથી કે વસ્તુ તો આ જ

છે, બીજી રીતે છે નહિ. સમજાણું કાંઈ? પહેલું તો એ વિકલ્પથી એવો નિર્ણય આવ્યા વિના રહે નહિ. છતાં એનાથી થાય એમ નહિ. ... યથાર્થ અનુભવ નિર્ણયમાં હોય છે. યથાર્થ અનુભવમાં નિર્ણય હોય છે. આહાહા..!

એ વસ્તુમાં કહે છે કે '**હે મુને! તેરે ઐસે નગ્નપનેસે તથા મુનિપનેસે ક્યા સાધ્ય હૈ?**' જે સાધીને સિદ્ધ કરવું એ વાત સિદ્ધ છે એ સમ્યગ્દર્શનની તો ખબર નથી તને. આહાહા..! અહીંયાં તો ભગવાન .. અહીં તો જૈનદર્શન બાહ્ય-અભ્યંતર રાગનો ત્યાગ, બાહ્ય ત્યાગ, અંતર આનંદની દશાની .. અને ઊભા ઊભા આહાર-ખડા ખડા આહાર, નિર્દોષ જેનું જ્ઞાન. જ્ઞાનમાં કરણ, કરાવન, અનુમોદન, ઓછું, અધિક કે વિપરીત ન હોય. એવું જ્ઞાન જેને હોય એને જૈનદર્શન કહે છે લ્યો! હવે આવું જૈનદર્શન.. આહાહા..! આકરી વાતું ભાઈ! હવે આવા જૈનદર્શન વિના એને બીજામાં ... જૈનદર્શન નથી ત્યાં સમ્યગ્દર્શન પણ નથી, વ્યવહાર સમ્યગ્દર્શન પણ નથી. આહાહા..! એના સાધુ ને સાધ્વી બધા વ્યવહાર સમ્યગ્દર્શન વિનાના ગૃહીત મિથ્યાત્વી છે. આવી આકરી વાત લાગે.

દિગંબર જૈનદર્શન સિવાય જે દર્શન બધા એ તો ગૃહીત મિથ્યાત્વ છે. હવે આમાં આવીને પણ જ્યારે નગ્નપણું અને બાહ્ય ક્રિયા એકલી હોય, પણ સ્વભાવમાં શ્રદ્ધાનું જ્ઞાન અને ભાન ન હોય એ પણ નિષ્ફળ છે. એ જૈન નથી, એ જૈન જ નથી. જેણે મિથ્યાત્વને જીત્યો નથી, સમ્યગ્દર્શન પ્રગટ કર્યું નથી એ જૈન ક્યાં છે? આહાહા..! જૈન કાંઈ બહારના વાડાથી જૈન કહેવાય છે? દિગંબરમાં અમે જન્મ્યા માટે (અમે જૈન છીએ). ઈન્દ્રલાલજી કહેતા હતા એ જયપુરના તમારા. દિગંબર જન્મ્યા એ તો બધા ભેદજ્ઞાની તો છે. દિગંબરમાં જન્મ્યા હવે એને ચારિત્ર (લેવાનું) એમ કહેતા હતા એ. છાપામાં આવ્યું હતું. આહાહા..! જયપુરમાં હતા ને જયપુરમાં? ગુજરી ગયા. આપણે જોયા નથી.

અહીં કહે છે કે '**હે મુને! તેરે ઐસે નગ્નપનેસે તથા મુનિપનેસે ક્યા સાધ્ય હૈ?**' બહારનું નગ્નપણું અને વ્યવહારની ક્રિયાથી ભગવાન તને શું સાધ્ય છે? ભાઈ! આહાહા..! ઓલામાં તો ત્યાં સુધી કીધું સર્વવિશુદ્ધમાં તો, આત્મા આત્માને જાણે એથી સાધ્ય શું છે તને? સ્વસ્વામીસંબંધમાં ત્યાં સુધી (કહ્યું) આત્મા પરને જાણે? કે ના. આત્મા આત્માને જાણે. ભગવાન! એવો ભેદ પાડીને તારે શું સાધ્ય છે? તારે સાબિત શું કરવું છે? તને લાભનું કારણ એમાં શું છે? આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે આવું મુનિપણું અને આવું નગ્નપણું. બે વાત છે ને? પહેલું નગ્નપણું, એવું મુનિપણું ક્રિયા વ્યવહારની. '**ક્યા સાધ્ય હૈ?**'

'**કૈસા હૈ—પૈશૂન્ય અર્થાત્ દૂસરેકા દોષ કહનેકા સ્વભાવ,...** ' આહાહા..! બીજાના દોષ કહેવાનો સ્વભાવ તારો પડી ગયો, હવે તારું મુનિપણું શું કામનું? પૈશૂન્ય (એટલે) ચાડી ચાડી. '**હાસ્ય અર્થાત્ દૂસરેકી હંસી કરના,...**' આહાહા..! ધર્માત્મા સાચા હોય એને હાંસી કરે (કે) લ્યો આ થઈ ગયા ધર્મી. આહાહા..! નહિ સંયમ, નહિ ત્યાગ, નહિ ... થઈ ગયા જ્ઞાની સમકિતી. સમકિતી-

ભેદજ્ઞાનીને તો આસ્રવનો ત્યાગ હોય એને ભેદજ્ઞાન કહીએ. એમ કહ્યું છે ૭૨ ગાથામાં તો. રતનલાલજી એવો અર્થ કરે છે. ૭૨ ગાથા છે ને ૭૨. જેને આસ્રવનો ત્યાગ નથી એને ભેદજ્ઞાન કેવું? એમ છે પાઠ. ૭૨ ગાથા. પણ એ તો અભિપ્રાયની વાત છે. જેના અભિપ્રાયમાં આસ્રવનો ત્યાગ નથી એને ભેદજ્ઞાન કેવું? એમ કહે છે ત્યાં. ૭૨ ગાથા કર્તાકર્મ. અર્થ કરે છે ઈ. ઘણીવાર આવે છે. કાલે પણ આવ્યું હતું જૈનસંદેશમાં. આજે આવ્યું. એમ કે જે કોઈ આસ્રવના પરિણામથી છૂટે, વ્યવહાર ત્યાગ થાય અને છૂટે તો એને ભેદજ્ઞાની કહેવાય, તો એને જ્ઞાની (કહેવાય). અરેરે..!

ફૂલચંદજીએ જવાબ આપ્યો હતો. ભાઈ! એમ નથી. જેના અભિપ્રાયમાંથી આસ્રવ ન છૂટે એને ભેદજ્ઞાન કેવું? રાગથી ભિન્ન ન પડે અને આત્માના આશ્રયમાં ન જાય એને ભેદજ્ઞાન કેવું? એ તો શ્રદ્ધાની અપેક્ષાએ આસ્રવથી છૂટ્યો છે, ચારિત્રની અપેક્ષાએ તો આસ્રવ છે. નહિતર તો છઠ્ઠું ગુણસ્થાન થઈ જાય. આહાહા..! શાસ્ત્રના અર્થ આવા કરે. જો આસ્રવથી ન નિવર્તે તો ભેદજ્ઞાન કેવું? પણ આસ્રવથી ન નિવર્તે એટલે શું? એઈ..! શ્રદ્ધાથી જો 'આસ્રવ મારા છે' એમ એમાંથી ન નિવૃત્તે અને સ્વભાવની એકાગ્રતા ન હોય તો એને ભેદજ્ઞાન કેવું? એમ કહે છે. એ તો ચોથા ગુણસ્થાનની વાત છે. આસ્રવ એટલે બાહ્ય ત્યાગ અને બાહ્ય ત્યાગનો મહિમા એટલો બધો...

બાહ્ય ત્યાગ એકલું નગ્નપણું ધારણ કરે અને કદાચિત્ પંચ મહાવ્રતના, અહિંસા, સત્ય, દત્તના પરિણામ શુભ હો, એ કાંઈ ધર્મ નથી. આહાહા..! ધર્મ તો ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ આનંદનો નાથ આત્મા છે. સત્ ચિદાનંદ, સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન, આનંદ નામ અતીન્દ્રિય સુખ સ્વરૂપ પ્રભુ છે. એવા આનંદના નાથને જેણે આશ્રયમાં લીધો નથી, એનું જેને અંતરમાં અવલંબન નથી, એ બધી ક્રિયાકાંડો કરનારા બધા ધર્મી નથી, અધર્મી છે. આહાહા..! જેને ભગવાન આત્મા એક સમયમાં સચ્ચિદાનંદ, સત્ નામ શાશ્વત હયાતી ધરનાર, જેની ઉત્પત્તિ નથી, જેનો નાશ નથી અને જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ છે એવો પ્રભુ સચ્ચિદાનંદ આત્મા, એની જેને અંતર અનુભવ સ્વસ્વભાવનું જ્ઞાન અને સ્વસ્વભાવની દૃષ્ટિ નથી અને એ નગ્ન થઈને ફરે, બાવા થઈને, જોગી થઈને, (એ બધા) એકડા વિનાના મીંડા છે. બાહ્ય ત્યાગ કરીને બેસે. બાવા બુદ્ધિ વિનાના બાવા થાય એ ભવસાગરમાં બુડી મરે.

જેને આત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન... આહાહા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પ્રભુ આત્મા દેહથી—આ તો માટી છે એનાથી—જુદો, કર્મના રજકણો અંદર પ્રારબ્ધ છે જેને લઈને આ સુખ-દુઃખના સંયોગો આવે એ કર્મ જુદી ચીજ જડ છે, માટી છે. અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ ભગવાન આદિનું થાય એ બધો પુણ્ય વિકાર છે. ભગવાન આત્માની જાત જુદી છે, પ્રભુ! આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવથી પણ પ્રભુ જુદી ચીજ છે. એ ચીજને જ્યાં સુધી દૃષ્ટિમાં અને અનુભવમાં

ન લે અને બાહ્ય નગ્નપણું બાહ્ય ત્યાગ કરીને બેસે એનું ફળ સંસાર-રખડવાનું છે. આહાહા..! સમજાય છે કાંઈ? નામ સાંભળ્યું છે નરસિંહ મહેતાનું? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નચો નહિ' સાંભળ્યું છે કે નહિ કદી? સાંભળ્યું છે? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નચો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' જૂનાગઢ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો ખબર છે ને. ખબર છે ને. જુનાગઢના છે ખબર ન હોય મહાજનને? ... ઘણા વર્ષથી જાણે છે .. લોકોને.

અહીંયાં તો કહે છે... આહાહા..! ભગવાન આત્મા આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, મહા શુદ્ધતા અને પવિત્રતાનો ભંડાર એવા આત્માનું જેને અંતર જ્ઞાન અને અંતર અનુભવ નથી, એની દૃષ્ટિમાં એ આખો આત્મા આવો છે એનો સ્વીકાર નથી, એવા જીવો ભલે ત્યાગ કરીને બેસે, મુનિ થઈને બેસે, સાધુ થઈને બેસે, નગ્ન થઈને જંગલમાં વસે એ બધા એના ફળ નિરર્થક છે. ચાર ગતિમાં રખડવાના છે, એની ગતિનો અંત આવતો નથી. આહાહા..! એ કહે છે જુઓને. આહાહા..! એવું ભાન નથી એ ધર્મીની હાંસી કરે છે. લ્યો સમકિતી થઈ ગયા. ગૃહસ્થાશ્રમમાં હોય, સમ્યગ્દૃષ્ટિ અનુભવી ગૃહસ્થાશ્રમમાં હોય, સ્ત્રી, કુટુંબના પરિવારમાં દેખાય છતાં અંદરથી નિર્લેપ (છે). નાળિયેરનો ગોળો જેમ નાળિયેરમાં રહેવા છતાં ભિન્ન રહેતો હોય છે. ગડગડીયું હોય છે ને ગડગડીયું? રહે એમાં, પણ છૂટો રહે છે. એમ ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ આત્માનું જેને ભાન છે એવા ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં એ ગૃહસ્થાશ્રમના ભાવથી ગડગડીયું જુદું રહે છે. ધીરૂભાઈ! આ બધા ત્રણે ડૉક્ટર આવ્યા હતા આજે. નવરંગભાઈ આવ્યા છે ને. નવરંગભાઈ આવ્યા છે, પ્રવિણભાઈ આવ્યા છે, ચંદુભાઈ આવ્યા છે રાજકોટથી. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે, સંતો આડતિયા તરીકે પરમાત્માની વાત જગતને જાહેર કરે છે, ભાઈ! આ ચિદાનંદ પ્રભુ છે એની જેને અંતર નિર્વિકલ્પ અનુભવની દૃષ્ટિ નથી અને જેને આવો પરમાત્મા અનંતગુણનો પિંડ છે એનો જેને અંતરમાં સત્તાનો-હોવાપણાનો જેને અંતર દૃષ્ટિમાં સ્વીકાર નથી, એ બધા પ્રાણી બાહ્ય ત્યાગ કરીને બેસે એ બધા ચાર ગતિમાં રખડનારા છે. એની કિંમત કાંઈ નથી. આહાહા..!

કહે છે, હાંસી. '**મત્સર અર્થાત્ અપને બરાબરવાલેસે ઈર્ષ્યા રખકર...**' પોતે મુનિવેશ ધરે, બાહ્ય ત્યાગ હોય અને ધર્માત્મા બીજો કોઈ હોય એની સાથે મશ્કરી કરે, લે! આ પણ થઈ ગયો મોટો! હવે કાલનો હજી ઠેકાણા વિનાનો વેપાર કરતો અને આ થઈ ગયો મોટો. ભાઈ! કાલનો ગમે તે હોય. માણસ નથી કહેતા? સો ઉંદર મારીને મીંદડી પાટે બેઠી. એમ કહે છે આપણે કાઠિયાવાડમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ. અમારે કાઠિયાવાડની આ કહેવત છે. સો ઉંદર મારીને બિલ્લી પાટે બેઠી એમ કહે

છે. અહીં તો જગતના બધાનું ભાન છે ઘણા વખતથી. આહાહા..! એમ નહિ બેસે. ઘણાં પાપ કાલના કરેલા હોય અનેક પ્રકારે, પણ ક્ષણમાં ગુલાંટ ખાઈને આત્માનું ભાન કરી શકે. એમ નથી કે આવા પાપ કર્યા માટે હવે ધર્મ ન થાય. સમજાય છે કાંઈ? પાણી અગ્નિના નિમિત્તે ઉષ્ણ થયું. પાણી અગ્નિના નિમિત્તે ઉષ્ણ થયું, છતાં એમાં શીતળતા એવી ભરી છે કે ગુલાંટ ખાય તો તે જેનાથી ઉષ્ણ થયું તેને ગારો કરી નાખે. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા ગમે તેટલા વિકારીભાવ ને અજ્ઞાનભાવ સેવ્યા હોય છતાં એના સ્વરૂપનું ભાન કરે તો અજ્ઞાનનો નાશ કરી નાખે. એમાં એને કંઈ વાર ન લાગે કે આટલો કાળ જોઈએ. ઘાસના મોટા ડુંગરા હોય, એક દિવાસળી બસ છે. એક દિવાસળી મૂકે તો સડસડાટ રાખ થઈ જાય બધું. એમ ભગવાન આત્મા પૂર્વના અનેક પ્રકારના પાપ કર્યા હોય અનાદિ છે, પણ જે ક્ષણે જેના ચૈતન્યના જેને તેજના ભાન થાય છે, ઓહો..! હું તો સચ્ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ છું એવી દૃષ્ટિને કાળે પૂર્વના અજ્ઞાનના ભુક્કા-નાશ થઈ જાય છે. એમ નહિ કે આવા પાપ કર્યા માટે હવે ન થઈ શકે ધર્મી. એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? ઊનું પાણી થયું ધગધગતું માટે હવે ઠંડુ ન થાય એમ છે નહિ. એનો ઠંડો સ્વભાવ રાખીને ઊનું થયું છે. ઊનું થયું છે દશામાં એ સ્વભાવ ઠંડો રાખીને થયું છે કે જેથી ઠંડાને જાગૃત કરતા એ ઉષ્ણતાનો નાશ કરી નાખે છે. એમ ભગવાન આત્મા.. આહાહા..! અરે..! એની વાતું ક્યાં એણે સાંભળી છે!

કહે છે કે જે ભાનમાં આવ્યો અને બીજો ભાન વિનાનો પ્રાણી મુનિ થયો (એટલે) ભાનવાળાની મશ્કરી કરે. લ્યો આ છે મુનિ, આ સાધુ. હાંસી-મશ્કરી કરે છે ને. '**દૂસરેકો નીચા કરનેકી બુદ્ધિ, માયા અર્થાત્ કુટિલ પરિણામ,...**' જેને હોય. આત્માનું ભાન નથી અને માયા સેવતો હોય કુટીલ, કપટ-કપટ. આહાહા..! '**યે ભાવ ઉસમેં પ્રચુરતાસે પાયે જાતે હૈં, ઈસલિયે પાપસે મલિન હૈ ઔર અયશ અર્થાત્ અપકીર્તિકા ભાજન હૈ.**' જેને આત્માનું અંતર આનંદસ્વરૂપની શ્રદ્ધાનું જ્ઞાન, ભાન નથી એ આવા મુનિપણા લઈને બેસે એ અપયશના, અપકીર્તિના ભાજન છે. એ જશના ભાજન છે નહિ. ઝીણી વાતું ભગવાન! આહાહા..! એ પોતે અંદર કોણ છે વસ્તુ? અનંત આનંદ અને અનંત શાંતિનો સાગર છે એ. વસ્તુ છે ને, અસ્તિ છે ને. અસ્તિ વસ્તુ છે તો એમાં અનંત શાંતિ, આનંદ આદિ વસ્તુમાં વસેલી છે. વસ્તુ એને કહીએ કે જેમાં અનંતા ગુણો વસેલા છે. વસ્તુ છે પ્રભુ આત્મા અને તેમાં જ્ઞાન, આનંદ, શાંતિ આદિ અનંત શક્તિઓનો વાસ છે. આહાહા..! કે દિ' જોયું છે એણે? વાસ્તુ લે વાસ્તુ તો કોઈ મકાનમાં લેતા હશે કે ઝાડમાં લેતા હશે? એમ આત્માની વસ્તુ છે એમાં વાસ લે. ભગવાન આનંદનો નાથ છે તેમાં જા. તારું ત્યાં વિશ્રામસ્થાન છે, બાકી વિશ્રામ ક્યાંય છે નહિ. કહો, ડોક્ટર! આ બધા ડોક્ટર-ફાક્ટરના બધા અભિમાન એ બધા મિથ્યા મૂઢ છે એમ કહે છે. એઈ..!

અમારે ઓલા પ્રાણજીવનભાઈ છે ને કહેતા. પ્રાણજીવન ડોક્ટર છે ને, જામનગર નહિ? ત્યાં ગયા

હતા. એ આવતા, અહીં પણ આવે છે. ત્યાં પણ આવતા રાજકોટ. એક ફેરી કહેતા હતા, અમારે ત્યાં જઈએ દવા રોજની જોવા, તો અમારા ખ્યાલમાં તો આવે કે આ રોગ બહુ આકરો છે, પણ અમે બહારમાં તો એમ કહીએ કે હમણાં મટી જશે. આ ઈંજેક્શનથી મટી જશે. ઘરે જઈએ ત્યાં સાંભળીએ કે મરી ગયો. પ્રાણજીવન કહેતા. છે ને પ્રાણજીવન. એક છે ને સોલેરિયમ. છ લાખ રૂપિયાનો સોલેરિયમ. એ સંચો બતાવવા માટે .... મહારાજ! અમારો સંચો તો જુઓ તમારે દાખલામાં કામ આવે ને. સોલેરિયમ. સૂર્યના કિરણો આવે છે. એમાં ૧૦૦મી ગાથા ચાલતી હતી. આહાહા..! ૯૦ની વાત છે. ૧૦૦મી ગાથા હતી ને એમાં જામનગરમાં આવેલી. એમાં આ દાખલો જોવા માટે (ગયેલા). સદરમાં. આ આત્માના ભાન વિના બધા ડોક્ટર-ફાક્ટર પણ બધા મૂઢ છે એમ કહે છે અહીં તો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૫, સોમવાર તા. ૨૮-૦૧-૧૯૭૪**
**ગાથા - ૬૯ થી ૭૨, પ્રવચન - ૧૦૧**

અષ્ટપાહુડ. '**ભાવાર્થ :- પૈશૂન્ય આદિ પાપોંસે મલિન ઈસપ્રકાર નગ્નસ્વરૂપ મુનિપનેસે ક્યા સાધ્ય હૈ?**' કહે છે કે ચાડી કરવી, દોષ દેખાડવા, હાંસી કરવી, બીજાનું દેખીને ઈર્ષ્યા કરવી, આવા ભાવવાળાને નગ્નપણું શું કામનું? '**ઉલટા અપકીર્તનકા ભાજન હોકર વ્યવહારધર્મકી હંસી કરાનેવાલા હોતા હૈ, ઈસલિયે ભાવલિંગી હોના યોગ્ય હૈ.**' '**યહ ઉપદેશ હૈ.**' આહાહા..! આનંદ સ્વરૂપ અંતરનો અનુભવ કરવાયોગ્ય છે એમ કહે છે. બાકી નગ્નપણું, પંચ મહાવ્રત એ આત્માને કોઈ લાભદાયક નથી.

'**આગે ઈસપ્રકાર ભાવલિંગી હોનેકા ઉપદેશ કરાતે હૈં :—** '

**पयहहिं जिणवरलिंगं अब्भिंतरभावदोसपरिसुद्धो।**
**भावमलेण य जीवो बाहिरसंगम्मि मयलियइ।।७०।।**

'**અર્થ :- હે આત્મન્! તૂ અભ્યંતર ભાવદોષોંસે અત્યંત શુદ્ધ...**' અંતર ભાવદોષ મિથ્યાત્વ, ભ્રાંતિ, રાગ ને પુણ્યના વિકલ્પમાં પ્રેમ એ અભ્યંતર મિથ્યાત્વનો દોષ છે. આહાહા..! એક સમયની પર્યાયનો પ્રેમ એ પણ અભ્યંતર મિથ્યાત્વનો દોષ છે. '**તૂ અભ્યંતર ભાવદોષોંસે (રહિત) અત્યંત શુદ્ધ ઐસા જિનવરલિંગ અર્થાત્ બાહ્ય નિર્ગ્રંથ લિંગ પ્રગટ કર,...**' અંતરમાં ભગવાન આત્માના આનંદના ભેટા થઈ દ્રવ્યલિંગ ધારણ કર એમ કહે છે. આહાહા..! જેની પ્રાપ્તિ અનંતકાળમાં (થઈ

નથી). અંતર અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણાનંદ પરમાત્મા પોતે એના ભેટા કરીને... આહાહા..! એમાં એકતા કરીને ભાવલિંગ ગ્રહણ કરીને પછી દ્રવ્યલિંગ ગ્રહણ કર. એકલા દ્રવ્યલિંગથી શું છે?

મુમુક્ષુ :- કરતા કરતા ભાવલિંગ થાય.

ઉત્તર :- ધૂળેય પડે નહિ દ્રવ્યલિંગ કરતા કરતા. આહાહા..! જેની દિશા જ ફેર છે. અંતર્મુખની દૃષ્ટિ કર્યા વિના એ પ્રાપ્ત ન થાય, એવી એ ચીજ છે. બહારના ગમે તેટલા વ્યવહાર આચરણ હો, જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર પાંચ વ્યવહાર એ કોઈ આત્માના સ્વભાવના સાધનને માટે કારણભૂત નથી. આહાહા..!

અંતરનો આનંદ અને અંતરનું જ્ઞાન એને સ્પર્શીને, વેદીને, અનુભવીને બાહ્ય દ્રવ્યલિંગ ધારણ કર એમ કહે છે. '**બાહ્ય નિર્ગ્રંથ લિંગ પ્રગટ કર,...**' એમ. અભ્યંતરગ્રંથની ગ્રંથી તોડી બાહ્યગ્રંથનો ત્યાગ કર એમ કહે છે. ઓહો..! જુઓને જીવન ચાલ્યા જાય છે માનવીઓના. ... આવ્યો. ભાઈ છે ખરા ને. આહાહા..! ઓલા બિચારા પંદર દિવસ રહી ગયા બિચારા. નહિ? .. રહી ગયા. એને સોનાના અક્ષર વખતે બહેન પાસે ઊભા હતા મને બરાબર ખ્યાલ છે. સોનાનો અક્ષર લખાણા ને જ્યારે, ત્યારે બહેન પાસે ઊભા હતા. ... બરાબર ખ્યાલ છે. લખાય છે ને અત્યારે. આહાહા..!

અંદર સોનાને કોતર્યા વિના... આહાહા..! કાટ વિનાની ધાતુ ચૈતન્યધાતુ છે આત્મા. કાટ નથી એને. રાગ અને દ્વેષનો મેલ જ નથી જેને એવા નિર્મળાનંદ સ્વભાવને વેદી, જાણી, અનુભવી, સ્પર્શીને દ્રવ્યલિંગ ધારણ પ્રગટ કર. માલ હોય તો એ કોથળો શોભે. કોથળો—બારદાન. માલ વિનાનું બારદાન શું? એમ દ્રવ્યલિંગ તો બારદાન-ખોખું છે. આહાહા..! એ પરમાનંદ શાંતરસથી ભરેલો મહાપ્રભુ છે, આહાહા..! એની દૃષ્ટિ એમાં પ્રસરાવ અને એ ભાવલિંગનો અનુભવ કરીને દ્રવ્યલિંગ ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સાથે હોય જ તે. દ્રવ્યલિંગ નગ્ન જ હોય. બાહ્ય દ્રવ્યલિંગમાં એને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ જ હોય. આહાહા..! જેને ભાવલિંગ સમ્યગ્દર્શનસહિત સ્થિરતા અંદરમાં પ્રગટી છે, એને તો દ્રવ્યલિંગ નગ્ન અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ જ હોય, બીજું એને હોય નહિ. આહાહા..! એથી એમ કહ્યું ને '**जिणवरलिंगं पयडहिं**' જિનવરલિંગને પ્રગટ કર. તો એ પ્રગટ કર્યું વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! અરે..! કરવાનું તો આ છે મનુષ્ય ભવ પામીને. બાકી તો એમ ને એમ જન્મે ને મરે છે મરણ, એનો શું અવતાર? જેણે અવતારમાં આત્માને ઓળખ્યો, આત્માને અનુભવ્યો એનો અવતાર સફળ છે. આહાહા..! બાકી દુનિયામાં કીર્તિ ને આબરૂ ને દુનિયા માને, પ્રસિદ્ધિ દુનિયામાં બહુ થાય, એ ધૂળધાણી ને વા-પાણી છે. પોતે પ્રસિદ્ધમાં આવ્યો નહિ અંદરમાં અને બહારની પ્રસિદ્ધિ દુનિયામાં બહુ થાય એની સાથે શું છે? આહાહા..!

'**ભાવશુદ્ધિકે બિના...**' ચૈતન્યની જાગૃતિની દશા, નિર્વિકલ્પ વેદન... આહાહા..! નિર્વિકલ્પ

સમ્યગ્દર્શન એટલે કે નિર્વિકલ્પ આનંદનું વેદન એવી ભાવશુદ્ધિ વિના '**દ્રવ્યલિંગ બિગડ જાયેગા,...**' દ્રવ્યલિંગ તો બગડી જશે. આહાહા..! સહનશીલતા અંતરથી તો પ્રગટી નથી. તો બહારની સહનશીલતા પછી બગડી જશે એમ કહે છે. અંતરમાં ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાના સહનશીલ સ્વભાવ પ્રગટ્યો નથી. સહન કરવું (હોતું) જ નથી, એ તો જાણવું અને દેખવું એવો જ એનો સ્વભાવ છે. આહાહા..! એવા '**ભાવશુદ્ધિ કે બિના દ્રવ્યલિંગ બિગડ જાયેગા,...**' એ અઠ્યાવીશ મૂળગુણના ઠેકાણા નહિ હજી. સહન નહિ થાય ત્યાં છેદાઈ જશે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી.

'**ક્યોંકિ ભાવમલિન જીવ બાહ્ય પરિગ્રહમેં મલિન હોતા હૈ.**' જેનો ભાવ મલિન છે, રાગની એકતા છે, વીતરાગતાનું વેદન નથી એવા જીવ તો '**બાહ્ય પરિગ્રહમેં મલિન હોતા હૈ.**' એટલે રાગને પોતાનો માનશે જ એ, એમ કહે છે. શરીરની ક્રિયા ને રાગને પોતાનો માનશે જ. કેમકે રાગ અને શરીરની ક્રિયા વિનાનો ભગવાન આત્મા તો ભાસ્યો નથી. એથી એને બાહ્ય પરિગ્રહથી મલિનતા જ થશે. એમ કહે છે, જોયું! આહાહા..! એ પંચ મહાવ્રતના પરિણામ રાગ, દુઃખ અને આકુળતા એનાથી એ પોતે એકત્વબુદ્ધિમાં જોડાઈ જાશે. આહાહા..! '**બાહ્ય પરિગ્રહમેં મલિન હોતા હૈ.**'

'**ભાવાર્થ :- યદિ ભાવ શુદ્ધ કર દ્રવ્યલિંગ ધારણ કરે તો ભ્રષ્ટ ન હો...** ' આહાહા..! અંતરના સ્વભાવનો જેણે સત્યાર્થ ભગવાનનો આશ્રય લીધો છે, એવી ભાવશુદ્ધિ જેણે પ્રગટ કરી છે, એને દ્રવ્યલિંગ ધારણ કરે તો ભ્રષ્ટ ન (થાય). નગ્નપણુ હો, અઠ્યાવીશ મૂળગુણ હો,.. આહાહા..! બાકી તો દેહ છૂટી જાશે. ભાવના ભાન વિના દેહ તો છૂટશે પણ દુઃખની દશામાં છૂટશે. આહાહા..! 'જગતને મરણ તણું દુઃખ છે, ધર્મીને આનંદની લહેર'. આહાહા..! એ તો મરણ મહોત્સવ છે ધર્મીને તો. આહાહા..! આનંદના માંડવા નાખ્યા છે ને. એ આનંદ ખીલે છે મૃત્યુ વખતે તો. આહાહા..! એના મરણ સફળ છે. બાકી તો-નહિતર રાગની એકતા થયા વિના રહેશે જ નહિ. રાગથી ભિન્ન પડીને ચૈતન્યની દૃષ્ટિનો અનુભવ ન કરે એને રાગની એકતાની મલિનતા નહિ ટળે. આહાહા..! અંતરની અંતરની વાતું છે આ તો.

'**ઔર ભાવ મલિન હોં તો બાહ્ય પરિગ્રહકી સંગતિસે દ્રવ્યલિંગ ભી બિગાડે,...** ' જેના ભાવ મલિન છે, રાગની.. ઓહોહો..! 'રાગ આગ દાહ દહે સદા...' પંડિતજી! 'તાતૈ સમામૃત સેઈએ.' આહાહા..! છ ઢાળામાં આવે છે લ્યો! સાદી ભાષામાં મૂક્યું છે. ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ. 'રાગ આગ દહે સદા...' એ આત્માની શાંતિને બાળે છે. આહાહા..! 'તાતૈ સમામૃત સેઈએ' સમતારૂપી અમૃતનું સેવન કર કહે છે. રાગ તો દુઃખરૂપ છે. અને જેને '**બાહ્ય પરિગ્રહકી સંગતિસે દ્રવ્યલિંગ ભી બિગાડે,...**' એનું નગ્નપણું પણ સરખું નહિ રહી શકે. એક માણસ કહેતો હતો ને કે મહારાજ! આ વર્તમાન સાધુઓ મરે છે એ બધા તરફડ કરીને મરે એવું મરણ હશે? એમ કહેતા હતા.

મુમુક્ષુ :- એવું સમાધિમરણ હોય?

ઉત્તર :- સમાધિમરણ એવું હોય? એક માણસ આવ્યો હતો, દિગંબર આવ્યો હતો. આ બધા મરે ને જ્યારે ક્ષુલ્લકો, કાંઈ સમ્યક્ તો છે નહિ એટલે પછી પીડાનો પાર ન હોય. તરફરાડટ-તરફડ આમથી આમ. એ પૂછતો હતો. પાંચમા આરાના સમાધિમરણમાં આવા તરફડીયા મરણ હશે? એઈ..! આહાહા..! જેણે શીતળ શાંતનું ઢીમ આનંદસ્વરૂપ તો અનુભવ્યું નથી, એથી એને આવા ટાણે પછી હાલક-ડોલક સહન નહિ થાય. આહાહા..! એ વેદના, એ શૂળ, એ શીત, એ ઉષ્ણતા એ વેદનામાં વેદાઈ જશે. આત્માના આનંદનું વેદન નથી. આહાહા..! ત્યાં બાહ્ય પરિગ્રહથી બગડી જાશે.

**'ઈસલિયે પ્રધાનરૂપસે ભાવલિંગહીકા ઉપદેશ હૈ, વિશુદ્ધ ભાવોંકે બિના બાહ્યભેષ ધારણ કરના યોગ્ય નહીં હૈ.'** લ્યો! અહીં તો એ કહ્યું. સમ્યગ્દર્શન અને અનુભવ વિના... આહાહા..! **'બાહ્ય ભેષ ધારણ કરના યોગ્ય નહીં હૈ.'**

**'આગે કહતે હૈં કિ જો ભાવરહિત નગ્ન મુનિ હૈ વહ હાસ્યકા સ્થાન હૈ :—'** નટશ્રમણ કહેશે અહીં.

**धम्मम्मि णिप्पवासो दोसावासो य उच्छुफुल्लसमो।**
**णिप्फलणिग्गुणयारो णडसवणो णग्गरूवेण।।७१।।**

આહાહા..! કુંદકુંદાચાર્યના વખતમાં તો આમ કહે છે. બે હજાર વર્ષ પહેલાં ... ભગવાન પાસે ગયા હતા. આમને આવીને લખવું પડ્યું એવા (સાધુ) હશે ત્યાં. આહાહા..!

**'અર્થ :- ધર્મ અર્થાત્ અપના સ્વભાવ...'** એનો .. એનો જ્યાં વાસ નથી. **'તથા દસલક્ષણસ્વરૂપમેં...'** એ તો બધું... અંતર આનંદનો વાસ જ્યાં સ્વભાવનો નિવાસ નથી. આહાહા..! શાંતરસનો પિંડ પ્રભુ જેમાં એનો વાસ નથી. એ છે ને જુઓને. **'धम्मम्मि णिप्पवासो'** આહાહા..! **'વહ જીવ દોષોંકા આવાસ હૈ...'** આનંદસ્વરૂપ ભગવાન અમૃતનો પિંડ પ્રભુ છે એમાં જેનો વાસ નથી, એ દોષના આવાસમાં છે. ઝીણું ભારે ભાઈ! ઓહો..હો..! ક્ષણમાં ચાલ્યો જાય છે દેહ. એ કો'ક તમારી દીકરી કહેતી હતી, .. બહેન ગયા ને. એ કહેતી હતી. રાત્રીના પોણા ત્રણ વાગે દુઃખતું હતું. ત્રણ વાગે ઉપડી ગયા. સાત વાગે. આ પા કલાક તો આને પણ કાંઈ નહિ કે શું થાશે. આહાહા..! પડદો પડ્યો ફટ. બહારની આબરૂ ... ગમે તે હો, પણ આનંદનું સ્વરૂપ ભગવાન આત્મા ત્યાં જેની દૃષ્ટિ નથી, ધર્મનો નિવાસ નથી. એટલે જેને આનંદનો વાસ નથી એમ કહે છે. આહાહા..! જેમાં ચૈતન્ય ભગવાન શીતળ ચંદન નાથ એમાં જેની દૃષ્ટિ નથી, એ ધર્મની પિપાસા અને ધર્મના વાસ વિનાનો છે.

અપના સ્વભાવ આનંદ અને શાંત શીતળ શીતળ છે. અકષાય સ્વભાવ એ સ્વરૂપ આત્માનું છે. પુણ્ય-પાપના વિકલ્પો એ તો આગ, ... રૂપી આગ છે. આહાહા..! નિશ્ચયની વાતું લોકોને એવી લાગે કે કાંઈક સાધન જોઈએને એને. એ સાધન જ એ છે. સ્વરૂપનું નિર્મળ પરિણામ તે જ એનું સાધન છે. વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ જ એનું સાધન છે. સાધન બીજું કોઈ છે જ નહિ. એ તો આપણે

આવી ગયું આમાં, કરણગુણમાં. કરણશક્તિમાં આવી ગયું ઘણું. આહાહા..! ત્યાં કોઈની સિફારીશ કામ આવે એવું નથી કે મેં જગતને ઘણાને સમજાવ્યા ને ઘણાંને ધર્મ પમાડ્યા ને. હજી તું જ પોતે ધર્મ સમજ્યો નથી ને શું પમાડ બીજાને? આહાહા..! એ સિફારીશ ત્યાં નહિ કામ આવે કે અમે જૈનધર્મને રાખ્યો છે. કેવો જૈનધર્મ પણ? કોને જૈન ધર્મ કહેવો? આહાહા..!

મુમુક્ષુ :- ઉદ્ધાર કરવો હોય એને.

ઉત્તર :- ઉદ્ધાર તો જેને આત્માનો ઉદ્ધાર કરવો હોય એ જૈનધર્મ છે. આહાહા..! રાગમાંથી ઉપાડીને વીતરાગભાવમાં મૂકવો આત્માને, એ આત્માનો ઉદ્ધાર છે. પંડિતજી કહેતા હતા ને હુકમચંદજી કે આ બધા સમાજ ઉદ્ધાર ને દેશ ઉદ્ધાર ને શાસ્ત્ર ઉદ્ધારની વાતું કરે છે. પંડિતજી બહુ સારા પાક્યા છે. એનો આત્મા આ જાતની પ્રભાવનામાં..

મુમુક્ષુ :- એ પક્ષ થઈ ગયો ને.

ઉત્તર :- એ પક્ષનો અર્થ... એમ કે એ સોનગઢના પક્ષે પંડિત છે. બાપુ! સોનગઢ કાંઈ કોઈ નવી ચીજ છે? આહાહા..! નિર્મળાનંદ પ્રભુ સોનું જેવું શુદ્ધ છે એનો અંતરમાં પક્ષ કરવો એ પક્ષ છે. આ તો એની વાત છે, બાપુ! આહાહા..! ભાઈ! તારે ક્યાં જાવું છે? ક્યાં જાવું છે? ક્યાં રહેવું છે? સત્નું સત્પણું બહાર નહિ આવે તો ક્યાં તારે રહેવું છે? ભગવાન પૂર્ણાનંદનો નાથ એ દૃષ્ટિમાં તને ન આવ્યો, એ જ્ઞાનમાં એને ન ભાવ્યો, સ્થિરતા એમાં ન કરી, પ્રભુ! તેં શું કર્યું? આહાહા..! દુનિયા તો બહારના વ્યવહારથી લોકો પસંદ કરશે, અંતર (પ્રાપ્તિ) નહિ થાય. આહાહા..! 'લહી ભવ્યતા મોટું માન' પરમાત્માના મુખે એમ નીકળે કે આ પ્રાણી ધર્મને યોગ્ય છે. હવે તારે માન કોનું જોવે છે? આનંદઘનજી કહે છે 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન?' આત્મા નાલાયક છે એમ જેના જ્ઞાનમાં આવ્યું, હવે તારે અપમાન કોનું જોવે છે? આહાહા..! અરે..! મારગડા જુદા બાપા! દુનિયાના દેખાવ કરવા માટે, દુનિયામાં બહાર પડવા માટે મહેનતું એ બધી ખોખા-થોથા છે. આહાહા..!

'**धम्मम्मि णिप्पवासो**' '**णिप्पवासो**' જેણે ભગવાન આનંદને વીતરાગી શ્રદ્ધા દૃષ્ટિમાં, રુચિમાં, વિશ્વાસમાં જેણે લીધો નથી એનો વાસ ધર્મમાં તો નથી. '**દસલક્ષણસ્વરૂપમેં જિસકા વાસ નહીં હૈ...**' એ ચારિત્રસ્વરૂપ વીતરાગ... '**વહ જીવ દોષોંકા આવાસ હૈ...**' આનંદના આવાસમાં નથી તે દોષનો આવાસ છે. આહાહા..! ભારે વાતું ભાઈ આકરી. દિગંબર ધર્મ એટલે સનાતન ચૈતન્યનું સ્વરૂપ. '**અથવા જિસમેં દોષ રહતે હૈં...**' જ્યાં નિર્મળાનંદ પ્રભુ રુચિમાં, પોષાણમાં, શ્રદ્ધામાં આવ્યો નથી, ત્યાં તો ધર્મનો વાસ નથી, ત્યાં તો અધર્મનો વાસ છે. ચાહે તો પંચ મહાવ્રત પાળતો હોય એ બધો અધર્મ છે. આહાહા..! ગજબ વાતું છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ પણ અધર્મ છે. આહાહા..! ધર્મથી બંધ પડે? અને બંધના કારણ ભાવ એ ધર્મ હોય?

'**વહ ઈક્ષુકે ફૂલકે સમાન હૈ,...**' શેરડીના ફૂલ હોય છે ને. શેરડી નહિ શેરડી? ગન્ના-ગન્ના. એના

ફૂલ કેવા? કાંઈ કામના નહિ. શેરડીને ફૂલ થાય છે. '**ઈક્ષુકે ફૂલકે સમાન હૈ,...**' નહિ ગંધ, નહિ સુગંધ, નહિ માલ, નહિ કસ, કાંઈ ન મળે. આહાહા..! '**જિસકે ન તો કુછ ફલ હી લગતે હૈં,...**' ફૂલ પછી એને ફળ ન હોય શેરડીમાં. '**ઔર ન ઉસમેં ગંધાદિક ગુણ હી પાયે જાતે હૈં.**' આહાહા..! આમ શેરડી છે રસ અંદર. એમ આત્મા ભગવાન આનંદનો રસ છે. એના ભાન વિનાના ઉપરના ફૂલ આ બધી બાહ્ય ક્રિયાકાંડ આદિ એ તો ગંધ વિનાની ચીજ છે. કહો, ક્યાં શેરડીનો રસ અને ક્યાં શેરડીના ફૂલ! એમ ક્યાં ચૈતન્ય આનંદનો રસ અને ક્યાં એના પુણ્ય-પાપના પરિણામના ફૂલ... આહાહા..!

'ગંધાદિક...' ગંધ ન હોય એમાં. આ વળી એવો દાખલો આપ્યો છે. નહિતર તો આવડના ફૂલ હોય છે ને. આવડ-આવડ. પીળા ફૂલ હોય. કાંઈ સુગંધ નહિ, કાંઈ નહિ. એને ઠેકાણે આ ઓલો રસવાળી ચીજ છે એના ફૂલ મૂક્યા. એમ. રસ છે ને? ગન્નાનો રસ. કુચો જુદી ચીજ છે, રસ જુદી ચીજ છે, ફૂલ જુદી ચીજ છે. એ ફૂલને ફળ ન હોય એમ કહે છે. એમ આનંદનો નાથ અંતર આનંદરસથી ભર્યો છે, એની જેને ખબરું નથી, એ બધા ઈક્ષુના ફૂલ જેવા છે કહે છે. આહાહા..! જેને ચુસવું જોઈએ એ ચીજ તો રહી ગઈ, એમ કહે છે. શેરડીમાં રસ હોય છે ને? એકલો રસ. અને પુણ્ય-પાપના ભાવ એ તો કૂચો છે. અને બહારનું ... આદિ થઈ એ ફૂલમાં માલ શું છે કહે છે? એમાં કોઈ આત્માની ગંધ પણ નથી અને આત્માનો કોઈ ગુણ પણ નથી.

'**ઈસલિયે ઐસા મુનિ તો નગ્નરૂપ કરકે નટશ્રમણ અર્થાત્ નાચનેવાલે ભાંડકે સ્વાંગકે સમાન હૈ.**' આહાહા..! બહુરૂપિયા ભાંડ જેમ નાચે, એમ આનો નાચ છે કહે છે. હાલવું ને ચાલવું બધું. આહાહા..! એ છોકરો કહેતો હતો, ... સાંભળતો હતો. .. છોકરો. દાહોદનો છે દાહોદનો. આ આત્માના ભાન... નહિ? છોકરો છે એ દાહોદનો છે. મણિભાઈ! દાહોદનો છે ને એ? ઈ કહેતો હતો, આજે તો હિન્દી ભાષા. આ તો આત્માના ધર્મના ભાન વિના કહે આ બધું નગ્નપણું ને ... ભાષા વાપરી છે કાંઈક. આહાહા..! સાચી વાત છે, બાપુ! '**નગ્નરૂપ કરકે નટશ્રમણ અર્થાત્ નાચનેવાલે ભાંડકે સ્વાંગકે સમાન હૈ.**' આહાહા..!

'**ભાવાર્થ :- જિસકે ધર્મકી વાસના નહીં હૈ...** ' જેને આત્માના આનંદની ગંધ નથી. આહાહા..! આકરી વાતું ભારે ભાઈ! સહજાનંદ પ્રભુ એવા સ્વભાવની જેને ગંધ નથી, એની જેને વાસના આવી નથી. આહાહા..! '**ઉસમેં ક્રોધાદિક દોષ હી રહતે હૈં.**' એમાં તો વિકાર ભાવ જ રહે. સ્વભાવના અણગમાના ભાવ ઊભા થાય. આહાહા..! ત્યાં સ્વભાવ ગમતો નથી, ગમ્યો નથી, ગંધ નથી ત્યાં સ્વભાવથી વિરુદ્ધ ભાવ, રાગાદિક ભાવ એને ક્રોધ કહે. કારણ કે સ્વભાવનો પ્રેમ નથી એને રાગનો પ્રેમ છે અને એને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. આહાહા..! જેને શુભરાગનો પ્રેમ છે એને ભગવાન અવિકારી સ્વભાવ પ્રત્યે એને દ્વેષ છે, એને ક્રોધ છે. આહાહા..! આવી વ્યાખ્યા.

આનંદઘનજી કહે છે ને, 'દ્વેષ અરોચકભાવ'. ભગવાન આનંદસ્વરૂપ જેને રુચતો નથી એને આત્મા

પ્રત્યે તો દ્વેષ છે. આહાહા..! ભલે પછી સાધુ થઈને ફરતો હોય નગ્ન થઈને. ગજબ વાતું છે, બાપુ! ધર્મની વાસના નથી એટલે કે નિર્દોષ શાંતિની રુચિ ને અનુભવ નથી... આહાહા..! ત્યાં એને રાગનો અને પરનો પ્રેમ છે. એને તો ક્રોધ જ છે, આત્મા પ્રત્યે એને ક્રોધ છે. આહાહા..! આત્મા પ્રત્યે એને ક્રોધ છે, અણગમો છે. એને ગોઠ્યો નહિ, ગમ્યો નહિ અને રાગ ગોઠ્યો એ અણગમો આત્મા પ્રત્યે છે. એવી વાતું, મૂળચંદભાઈ! આવી વાતું ઝીણી બહુ. માણસ પછી સોગનઢવાળાને કહે ને. આ સોનગઢનું છે બાપુ કે આત્માની વાત છે આ? આહાહા..! ભાઈ! તને લાભ સ્થિર થાય—કાયમ રહે એવો લાભ ન થાય એ ધર્મ ક્યાંથી આવ્યો? એ ધર્મ કેવો? સમજાણું કાંઈ? સત્ય ભગવાન આત્મા જેની દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યો નહિ એનું સત્યપણું શી રીતે ટકશે? એને અસત્‌પણું રહેશે. આહાહા..! એમ કહે છે.

'**યદિ વહ દિગંબરરૂપ ધારણ કરે તો વહ મુનિ ઈક્ષુકે ફૂલકે સમાન નિર્ગુણ...**' છે. શેરડીના ફૂલને ફળ નહિ, એમ આના દિગંબર ભેખમાં કાંઈ ફળ આત્માનું નહિ. '**નિષ્ફલ હૈ, ઐસે મુનિકે મોક્ષરૂપ ફલ નહીં લગતે હૈં. સમ્યગ્જ્ઞાનાદિક ગુણ જિસમેં નહીં હૈ વહ નગ્ન હોને પર ભાંડ જૈસા સ્વાંગ દિખતા હૈ.**' આહાહા..! કુંદકુંદાચાર્યને પણ... આહાહા..!

મુમુક્ષુ :– સત્ય વાત.

ઉત્તર :– સત્ય વાત તો આ છે. આ કાંઈ એના તિરસ્કારને માટે નથી. વસ્તુની સ્થિતિ આવી છે, બાપા! આહાહા..!

'**ભાંડ ભી નાચે તબ શ્રૃંગારાદિક કરકે નાચે...**' શું કહે છે? ભાંડ નાચે તો કાંઈ લૂગડાં પહેરે, દાગીના પહેરીને નાચે. આ નગ્ન હોય ત્યારે નાચે ત્યારે '**તબ હાસ્ય કો પાવે,...**' ભાંડ જે હોય બહુરૂપી એ તો લૂગડાં સારા પહેરીને નાચે. આ તો નાગો થઈને નાચે. આહાહા..! દાખલો કેવો આપ્યો જોયું! ભાંડ હોય એ તો શ્રૃંગાર, લૂગડાં પહેરીને નાચે. '**તો શોભા પાવે, નગ્ન હોકર નાચે તબ હાસ્યકો પાવે,...**' નગ્નપણું થઈને અંદરમાં શાંતિ, ધીરજ એ તો પ્રગટી નથી. અંદરની શાંતિ ને ધીરજનો પિંડ પ્રભુ, 'ધી' જેની બુદ્ધિ ને 'ર' નામ શાંતિમાં પ્રેરી નથી. એવા ધીરજ વિનાના પ્રાણી, બહારમાં નગ્નપણે નાચે તો ભાંડ કરતા પણ હાસ્યને પામ્યા છે. આહાહા..! ..વાળા રહેતા હતા અહીંયાં પહેલા. એના બારોટ આવ્યા હતા. આ જગ્યા છે ને બધી? ગધેડા ગધેડા નહિ આ? અહીં રહેતા હતા. ઘણા વર્ષની વાત. ૨૦-૨૫ વર્ષની. ત્યાં એક ભાંડ આવ્યો હતો સાથે. એના બારોટ સાથે. એની બાઈ નાચતી હતી આડુ રાખીને. ... બાઈના લૂગડાં પહેરીને નાચતી હતી. રીઝવે .. હોય ને બારોટ? એમાં એ બારોટ હોય, ... હોય છે. બાઈ નાચતી હતી લૂગડાં પહેરીને. ૨૦-૨૫ વર્ષ થયા. આહાહા..!

એમ કહે છે કે ભાંડ તો લૂગડાં સારા પહેરીને નાચે અને તું નગ્ન થઈને નાચે છો તો હાસ્ય .. છે. તારી ચેષ્ટા બધી કુતૂહલમાં જાશે. શાંતિ અને ધીરજ નથી. ઈર્યા સમિતિમાં પગ ઉપાડશે. આહાહા..!

વસ્ત્રવાળાની તો વાત કરી નથી અહીં. કારણ કે એ તો દ્રવ્યલિંગ પણ નથી. આહાહા..! વસ્ત્રવાળો છે એ તો ભાવલિંગી સમકિતી નથી, પણ દ્રવ્યલિંગ પણ નથી. આહાહા..! પણ જેના દ્રવ્યલિંગ નગ્ન છે અને જેને ભાવલિંગ પ્રગટ્યું નથી તો એ નટશ્રમણ છે કહે છે. આહાહા..! આવી નિંદા કરી હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક કોર તો કહે છે કે દોષ ન કહેવો. નહોતું આવ્યું? આવ્યું હતું ને? દૂસરે કા દોષ કહને કા સ્વભાવ. આવ્યું હતું ૬૯ ગાથામાં. દૂસરે કા દોષ સ્વભાવની વાત નથી આ. આ તો વસ્તુના ચૈતન્યના ભાન વિના ભગવાન આનંદનો નાથ જાગ્યો નથી અને એના ઉપર નગ્નપણું આવું તારું છે એ તો દોષનું સ્થાન છે. ... છોકરો હુશિયાર છે, દાહોદનો છે. કાલે સવારે સાંભળ્યું ને પછી બપોરે આવ્યો હતો. એ બધા નાગા-.. એ ભાષા .. છે. ઠેકાણા વિનાના. ભાષા એની કાંઈક જુદી હતી.

મુમુક્ષુ :- ઠેકાણા વિનાના.

ઉત્તર :- હા અર્થ તો એવો છે. ભાષા બીજી હતી એમ. એ બોલતો હતો. આહાહા..! આત્મા છે ને ભાઈ એ તો. અંતર પરમાત્મા ચૈતન્યના અંતરાત્માના જ્યાં ભેટા થયા નથી... આહાહા..! એને આ બાહ્ય દ્રવ્યલિંગ આદિમાં તો નટની જેમ નાચ છે ખોટો. એને ઈર્યા સમિતિનું ચાલવું ને... આહાહા..! આ ભાવપાહુડ છે. ભાવનું પ્રધાનપણું ભેટણું આપ્યું જેણે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ દશા એનું જેનું ભેટણું પ્રભુને આપ્યું છે. ભેટ ચડાવીને મોક્ષ લેવો છે. આહાહા..! એવા ભાન વિના પ્રાણી એકલા નગ્નપણાથી શું છે? જુઓ એ કહેશે.

'**આગે ઈસી અર્થકે સમર્થનરૂપ કહતે હૈં કિ—દ્રવ્યલિંગી બોધિ-સમાધિ જૈસી જિનમાર્ગમેં કહી હૈ વૈસી નહીં પાતા હૈ :—**' બે ભાષા છે બે. સમાધિ અને બોધિ બે છે. આહાહા..!

जे रायसंगजुत्ता जिणभावणरहियदव्वणिग्गंथा।
ण लहंति ते समाहिं बोहिं जिणसासणे विमले।।७२।।

આહાહા..! '**અર્થ :- જો મુનિ રાગ અર્થાત્ અભ્યંતર પરદ્રવ્યસે પ્રીતિ,...**' જુઓ! આવ્યું? '**रायसंगजुत्ता**' જેને શુભરાગ પ્રત્યે પણ પ્રેમ છે. આહાહા..! '**અભ્યંતર પરદ્રવ્યસે પ્રીતિ, વહી હુઆ સંગ અર્થાત્ પરિગ્રહ ઉસસે યુક્ત હૈં.**' આહાહા..! એ શુભરાગનો પ્રેમ છે તે અંતર પરિગ્રહ સહિત છે. લ્યો! આ વ્યાખ્યા. અભ્યંતર પરિગ્રહ મિથ્યાત્વનો. મરણના ટાણા આવે ને ત્યારે પછી ગભરાય. હવે મેં કાંઈ કર્યું નહિ, જે કરવાનું હતું એ .. ગભરાટના પાર ન હોય પછી. આહાહા..! પહેલેથી જેણે કર્યા નથી, એના મરણને ટાણે શું ફળ આવશે? આહાહા..!

કહે છે, જેને '**અભ્યંતર પરદ્રવ્યસે પ્રીતિ,...**' સ્વદ્રવ્ય ચૈતન્યનો જેને પ્રેમ નથી, જેને ભગવાન પૂર્ણાનંદના સ્વરૂપની વ્હાલપ નથી આવી. આહાહા..! શુદ્ધ ચૈતન્ય... આહાહા..! જે '**रायसंगजुत्ता**' એ શબ્દ છે. રાગના પ્રેમસહિત છે એમ કહે છે. ચૈતન્ય વીતરાગમૂર્તિ પ્રભુ, એ અસંગતત્ત્વનો જેને સંગ

નથી અને રાગનો સંગ છે. સમજાણું કાંઈ? બે પડખા છે. એક પડખું વીતરાગી સ્વરૂપનું, બીજું પડખું રાગનું. આહાહા..! રાગને સંગે ચડ્યો એને રાગનો પ્રેમ છે તેને પ્રભુ પ્રત્યે અપ્રેમ છે. આહાહા..! પ્રભુ એમ કહે છે, અમારી ભક્તિનો જે રાગ છે ને, એના પ્રત્યે જો તને પ્રેમ છે તો પ્રભુ પ્રત્યે તને અપ્રેમ છે અંદરમાં. આહાહા..! આ તો વીતરાગની વાણી આવી હોય. '**रायसंगजुत्ता**' ઓહોહો..! જેને શુભરાગનો વિકલ્પ છે તેનો પણ જેને પરિચય છે, એના પરિચય પ્રેમસહિત છે... આહાહા..! એ '**जिणभावणरहिय**' '**शुद्धस्वरूपकी भावनासे रहित हैं...**' શું કીધું એ? જેને એ શુભરાગનો પ્રેમ છે એને એ પરિગ્રહ મિથ્યાત્વનો વળગ્યો છે, એને શુદ્ધ સ્વરૂપની ભાવના નથી. જેનો પ્રેમ છે તેની એને ભાવના છે. રાગ વિનાના ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એની ભાવના વિનાનો છે. એટલે? કે જેને વિકલ્પનો, રાગનો પ્રેમ છે તો તેની એને ભાવના છે. જેનો જેને પ્રેમ હોય એને એ વધારવાની ભાવના હોય ને? ટૂંકા થોડા થોડામાં બહુ કહ્યું. એકલો માલ. ભગવાન ચૈતન્યસ્વરૂપ એની દૃષ્ટિ, રુચિ, પ્રેમ નથી, એને એની ભાવના એટલે એમાં એકાગ્રતા નથી એને.

'**वे द्रव्यनिर्ग्रंथ हैं...**' એ દ્રવ્યનિર્ગ્રંથ છે. બાહ્યથી વસ્ત્ર-પાત્ર છોડ્યા છે દ્રવ્ય, પણ અંતરમાં રાગનો પ્રેમ છે તો ભાવલિંગ નથી. આહાહા..! જેને એ પંચ મહાવ્રતના રાગનો પણ પ્રેમ છે એને એ જિનભાવના વીતરાગસ્વભાવની ભાવના નથી એને. આહાહા..! આ તો માર્ગ ભાઈ .. માર્ગ છે. આહાહા..! વાત જ એવી કઠણ છે. એને એમ લાગે કે આ તો બધું નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... આહાહા..! નિશ્ચય એ સત્ય છે, વ્યવહાર તો બધો ઉપચારિક વાતું છે અને એ વાળાનું ફળ તો સંસાર છે. આહાહા..!

બહુ જ ગાથા ઊંચી છે જુઓ. '**रायसंगजुत्ता**' જેને શુભરાગના પ્રેમસહિત છે એને જિનભાવના રહિત છે. એને આત્માની ભાવના એટલે સમ્યગ્દર્શનની ભાવનારહિત છે એ. આહાહા..! જેને રાગના વિકલ્પનો પ્રેમ છે એને વીતરાગી સ્વભાવની રુચિનો એમાં અભાવ છે. આહાહા..! એક મ્યાનમાં બે તરવાર ન રહી શકે. જેને રાગનો પણ પ્રેમ અને એને આત્માનો પ્રેમ, બે ન રહી શકે. આહાહા..! ભારે કામ. આહાહા..! કુંદકુંદાચાર્યની શૈલી, કથન પદ્ધતિ અલૌકિક વીતરાગમાં આરૂઢ કરવાની છે. દુનિયા માને ન માને, જાણે ન જાણે.

જિનભાવના-શુદ્ધ સ્વરૂપની ભાવના. કેમકે રાગનો પ્રેમ છે તે અશુદ્ધનો પ્રેમ છે. એને શુદ્ધ સ્વરૂપની-વીતરાગી આત્મા તેની-ભાવના નથી. રાગની વૃદ્ધિ કરો, શુભરાગ વધારો, શુભરાગ કરો, જેમ બને તેમ ભાવનામાં પરની વૃદ્ધિ કરો. એ તો રાગની વૃદ્ધિ અને રાગની રુચિ છે. એમ કહે છે, શુભભાવની વૃદ્ધિ કરો, શુભભાવની વૃદ્ધિ કરો. એટલે શું? આહાહા..! પ્રશસ્ત રાગ છે ને પણ એ? પ્રશસ્ત તો અશુભની અપેક્ષાએ પ્રશસ્ત કીધો. પ્રશસ્તની વ્યાખ્યા આપે ત્યારે તો એ જ આપે ને. પંચાસ્તિકાયમાં એની વ્યાખ્યા છે ને પ્રશસ્ત રાગની. દેવ-ગુરુ પ્રત્યેનો પ્રેમ, ..ભાવ એ પ્રશસ્ત રાગ છે.

એ રાગનો પ્રેમ જેને છે એને તો આત્માની ભાવના નથી. કારણ કે રાગના પ્રેમવાળો આત્માની રુચિ કરી શકશે નહિ. જેને રાગનું પોષાણ છે, રાગ પોષાય છે, એને આત્મા નહિ પોષાય વીતરાગભાવે. બહુ માર્ગ બહુ ઝીણો હોં! પાટનીજી! આહાહા..!

બે જ વાત. '**जिणभावणरहियदव्वणिग्गंथा**' રાગનો સંગ. ઓહોહો..! ભગવાન ચૈતન્યસ્વભાવને પડખે ચડ્યો નથી અને રાગનું પડખું મૂક્યું નથી એમ કહે છે. રાગનો પક્ષ જેણે મૂક્યો નથી એટલે રાગના સંગમાં જે છે. ચાહે તો પછી શુભ હો. આહાહા..! અહીં તો વાત બીજી અશુભની ક્યાં (છે)? એ શુદ્ધસ્વરૂપની ભાવનાથી રહિત છે. આહાહા..! '**वे द्रव्यनिर्ग्रंथ हैं तो भी निर्मल जिनशासनमें जो समाधि...**' આવા રાગના પ્રેમવાળા સમાધિને નહિ પામી શકે. '**अर्थात् धर्म-शुक्लध्यान और बोधि...**' '**निर्मल जिनशासनमें जो समाधि...**' એટલે '**धर्मशुक्लध्यान और बोधि अर्थात् सम्यग्दर्शन-ज्ञान-चारित्रस्वरूप मोक्षमार्गको नहीं पाते हैं.**' આહાહા..! બહુ વાત! રાગને પક્ષે પડી ગયો, ચડ્યો છે એને આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નહિ પામે. અને એને ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ સમાધિ... સમાધિ... સમાધિ... સમાધિ એને નહિ પામે. આહાહા..! આવો માર્ગ એવો લાગે માણસને હોં. ઓલા કહે એને બહારની વાતું કરવી, એવી કેટલીક વાત .. આ તો અધ્યાત્મીઓ એની એ વાત અંદરની (કર્યા કરે). આહાહા..! ઓલો કહેતો હતો એક ફીરોજાબાદવાળો નહિ? માણેકચંદ ગુજરી ગયા. એ તો એમ કહેતો હતો કે અધ્યાત્મીઓ જ્યાં હોય ત્યાં ફેરવી ફેરવીને આત્મા... આત્મા... આત્મા... આત્મા. આહાહા..! ... એટલે ભિન્ન-ભિન્ન વાતું અમારે આવે પ્રમેયની. પ્રમેયકમલમાર્તંડ. એમ છે ને પ્રમેય .. અરે..! બાપુ! પણ આ પ્રમેય તારો આ મોટો પ્રમેય પડ્યો એનું .. બીજા પ્રમેય ક્યાં હતા? આહાહા..! એમ કહેતા. વારંવાર વીતરાગ... વીતરાગ... વીતરાગ... પણ વાત...

આત્માવલોકનમાં ગાથા છે એ તો દીપચંદજીની. સાધર્મી દીપચંદજી છે ને, એના આત્માવલોકનની ગાથા છે. મુનિઓ તો મુહુ મુહુ વીતરાગ... વીતરાગ... વીતરાગ. રાગથી છૂટવાની, સ્વભાવની સ્થિર થવાની વીતરાગતાની જ વાત કરે છે. આહાહા..! મુનિ, વ્યવહારથી લાભ થાય અને વ્યવહાર જણાવે એ જુદી વાત છે. પણ વ્યવહાર જણાવે એ તો હેય માટે જણાવે છે. પણ આ તો વ્યવહાર કરો. એ જૈનદર્શનની રીત જ નથી. મુનિનો ઉપદેશ એ હોય જ નહિ એવો. મુનિ તો એને કહીએ... ગાથા છે એમાં દીપચંદજીમાં. આત્માવલોકનમાં ગાથા છે. મુહુ..મુહુ.. વારંવાર મુહુ એટલે. મુનિઓ તો વીતરાગભાવની જ પુષ્ટિ કરે છે. વીતરાગ... વીતરાગ... વીતરાગ એટલે એ વીતરાગ એમ નહિ. રાગરહિત આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર, એની વાતું કરે છે. કહો, મૂળચંદભાઈ! આ બધા ભેગા થઈને રાગની વાતું કરે તો સારી લાગે એને. આમ કરો, આમ કરો, વ્રત પાળો, તપસ્યા કરો, તપસ્યા કરે, જાત્રા કરે. આહાહા..! કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ ભિન્ન નહિ. આત્મા ભિન્ન છે, ભિન્ન છે એવો વિકલ્પ કરવો એ રાગ છે. આહાહા..! અરે..! આહાહા..! આખું પડખું-કરવટ ફેરવી નાખવાની છે. આવે છે ને. મુનિ રાત્રે એક કરવટે સૂવે. આવે છે ને? પાછલી રાત્રી. છ ઢાળામાં આવે છે. મુનિ પાછલી રાત્રી.. શું કહે છે એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકાસન. એક કરવટ બસ આમ. આમ હોય તો આમ અને આમ હોય તો આમ. એમ અહીં ધર્માત્માનું એક આસન છે સ્વભાવ તરફનું. એક આસને રહે એ. આહાહા..!

'**ધર્મ-શુક્લધ્યાન ઔર બોધિ અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગકો નહીં પાતે હૈં.**' લ્યો!

'**ભાવાર્થ :- દ્રવ્યલિંગી અભ્યંતર કા રાગ નહીં છોડતા હૈ, પરમાત્મા કા ધ્યાન નહીં કરતા હૈ,...**' અહીં રાગ છોડતો નથી અને આનું ધ્યાન થાતું નથી. '**તબ કૈસે મોક્ષમાર્ગ પાવે તથા કૈસે સમાધિમરણ પાવે.**' ક્યારે એ સમ્યગ્દર્શન-જ્ઞાન પામે અને ક્યારે એ મોક્ષને પામે? સમાધિમરણ ક્યારે કરે? એને કાંઈ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૬, મંગળવાર તા. ૨૯-૦૧-૧૯૭૪**
**ગાથા - ૭૨ થી ૭૬, પ્રવચન - ૧૦૨**

આ અષ્ટપાહુડ. ભાવપાહુડ. ૭૨ ગાથા ચાલી. ભાવાર્થ બાકી છે ને. '**દ્રવ્યલિંગી અભ્યંતરકા રાગ નહીં છોડતા હૈ,...**' શું કહે છે? જૈન દિગંબર સાધુ થાય, પંચ મહાવ્રત ધારણ કરે, નગ્ન દશા રહે, પણ એ અભ્યંતરની રાગની એકતા છોડતો નથી. મહાવ્રતાદિના પરિણામ જે રાગ છે એની એકતા છોડતો નથી. એ સ્વભાવ અને રાગ, બે એક છે એમ માને છે. ત્રિકાળી શુદ્ધ આનંદસ્વભાવ અને રાગ દુઃખરૂપ ભાવ, બે એક માને છે. એટલે કે દ્રવ્યસ્વભાવમાં આનંદ છે એ આનંદની રુચિ અને દૃષ્ટિ કરતો નથી. ફક્ત એ ક્રિયાકાંડનો જે રાગ છે એનો એને પ્રેમ છે અને એમાં એની એકતાબુદ્ધિ છે. ભલે એ અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, નગ્ન રહેતો હોય, પણ અભ્યંતરમાં રાગ જે પરલક્ષી વિકાર એને છોડે નહિ, સ્વલક્ષમાં આવે નહિ તો એ બધું દ્રવ્યલિંગપણું નિરર્થક છે. એ વાત કરી ટૂંકામાં.

**'દ્રવ્યલિંગી અભ્યંતરકા રાગ નહીં છોડતા હૈ, પરમાત્માકા ધ્યાન નહીં કરતા હૈ,...** ' આહાહા..! એ રાગની જે ક્રિયા છે પંચ મહાવ્રતની, અણુવ્રતની એ ક્રિયાનું એને ધ્યાન છે. એથી રાગની એકતા ન છોડતા, રાગથી ભિન્ન ભગવાન આત્મા એનું એ ધ્યાન કરી શકતો નથી. આહાહા..! પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્ય આનંદ, રાગની એકતાબુદ્ધિમાં રાગથી ભિન્ન ભગવાન આત્માને તે અનુભવી શકતો નથી. વ્યવહારરત્નત્રયનો જે રાગ, એ રાગમાં જેની રુચિ પડી છે એથી રાગથી રહિત ભગવાન આત્મા, રાગથી તદ્દન અધિક—જુદો તેનું એને ધ્યાન ધ્યેયમાં આવતું નથી. એના ધ્યાનમાં એ ધ્યેય આવતું નથી. સમજાણું કાંઈ?

**'તબ કૈસે મોક્ષમાર્ગ પાવે...'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, એનું અંતરમાં ધ્યાન નામ ઉપાદેય માન્યું નથી તો પછી એને મોક્ષની દશા કેમ થાય? મોક્ષમાર્ગ જ પામે નહિ. આહાહા..! ચૈતન્યઘન ભગવાન એનું જેને અંતરમાં ધ્યાનનું ધ્યેય નથી, એ મુક્તિનો માર્ગ કેમ પામે? **'કૈસે સમાધિમરણ પાવે.'** જ્યારે મોક્ષમાર્ગ જ ન પામે, તો દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ સમાધિમરણ કેમ હોય? સમજાણું કાંઈ? બહુ ટૂંકુ. રાગનો વિકલ્પ છે—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ, એ રાગમાં જ્યાં બુદ્ધિ પડી છે એને રાગની એકતા છે બુદ્ધિ. રાગથી રહિત શુદ્ધ ચૈતન્ય પરમાત્માના ધ્યાનમાં તો એ આવતો નથી. એને તો જેણે ધ્યેય બનાવ્યું નથી, તો એને મોક્ષમાર્ગ કેમ હોય? મોક્ષમાર્ગ તો દ્રવ્યના સ્વભાવને અવલંબી, એનો આશ્રય કરી, રાગની એકતા તોડી, સ્વભાવની એકતા કરે ત્યારે મોક્ષમાર્ગ થાય. આહાહા..! એથી જેને મોક્ષમાર્ગ પ્રાપ્ત ન થાય એને સમાધિમરણ તો કેમ થાય? એમ કહે છે.

દેહ છૂટવા ટાણે રાગની તો એકતા છે. વ્યવહાર ક્રિયાકાંડનો જે રાગ છે, એમાં જેનો પ્રેમ છે, આહાહા..! એથી એને રાગથી રહિત ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ન થાય, એને મરતા શાંતિ કેમ આવે? શાંતિનો નાથ સાગર છે એનો તો પ્રેમ નથી. એનો રાગ અશાંતિ છે એ તો બધું. આહાહા..! બહાર તરફનો એ રાગ, પંચ મહાવ્રત, ઊભા આહાર-ખડા આહાર વગેરે એવી ક્રિયા છે એનો તો રાગ છે. રાગમાં જે રંજાઈ ગયો છે એને આત્માનું ભાન હોઈ શકે નહિ, એને આત્માનો રંગ ન હોઈ શકે. રાગના રંગમાં પડ્યો એને આત્માનો રંગ ન ચડે. આહાહા..!

સમાધિમરણ તો મોક્ષમાર્ગ જ જ્યાં નથી, રાગના બંધનથી છૂટીને અબંધસ્વરૂપ ભગવાન આત્મા (છે) ત્યાં એની એકતામાં, દૃષ્ટિમાં આવ્યો નથી તો મોક્ષમાર્ગ ક્યાંથી થાય? મોક્ષમાર્ગ ન થાય તો સમાધિમરણ કેમ આવે? આહાહા..! મરણ વખતે અનેક પ્રકારની શરીરની ક્રિયા, રાગની ક્રિયા એમાં એકતાબુદ્ધિ પડી છે. શુભભાવ હોય એમાં એકતાબુદ્ધિ (છે) તો એને આત્માની શાંતિ સહિત નિર્વિકલ્પ આનંદસહિત દેહ છોડવો એવું મરણ એને હોઈ શકે નહિ. આહાહા..!

૭૩. **'આગે કહતે હૈં કિ પહિલે મિથ્યાત્વ આદિક દોષ છોડકર ભાવસે નગ્ન હો, પીછે**

દ્રવ્યમુનિ બને યહ માર્ગ હૈ :—'

भावेण होइ णग्गो मिच्छत्ताई य दोस चइऊणं।
पच्छा दव्वेण मुणी पयडदि लिंगं जिणाणाए।।७३।।

'**અર્થ :- પહિલે મિથ્યાત્વ આદિ દોષોંકો છોડકર...**' મિથ્યાત્વ, અનંતાનુબંધી આદિ રાગ, એના દોષ છોડીને સ્વરૂપનું સમ્યગ્દર્શન અને સ્વરૂપનું આચરણ પ્રથમ પ્રગટ કરીને. '**મિથ્યાત્વ આદિ દોષોંકો છોડકર ઔર ભાવસે અંતરંગ નગ્ન હો,...**' અંતરંગ નગ્નની વ્યાખ્યા એ નથી કે ભાવથી પહેલું સાતમું ગુણસ્થાન આવે અને પછી દ્રવ્યલિંગ ધારણ કરે, એ વાત નથી અહીં. પાઠ તો એવો છે '**ભાવસે અંતરંગ નગ્ન...**' પણ અંતર નગ્ન આ. રાગની એકતાથી ભિન્ન પડીને સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપનું આચરણ એ અંતરંગ નગ્ન છે. રાગના વિકલ્પના, ફોતરું શું કહેવાય? છિલકા, છિલકાથી જેણે ચૈતન્યને ભિન્ન પાડ્યો છે એ અંતર નગ્ન છે. અંતર નગ્નનો એવો અર્થ અહીં નથી કે સાતમું ગુણસ્થાન ચારિત્રનું ભાવલિંગ પહેલું આવે અને પછી દ્રવ્યલિંગ ધારણ કરે. એ અહીં કહેવાનો આશય નથી. એમ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? દ્રવ્યલિંગમાં વસ્ત્રાદિ હોય અને સાતમું ગુણસ્થાન ભાવલિંગ પહેલું આવે, એમ હોય નહિ. આહાહા..! આ તો મારગડા જુદા છે. એણે ભાવથી નગ્ન પહેલું થાવું. 'પછી' એમ શબ્દ છે ને? '**પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ...**' આહાહા..! એનો અર્થ આ. સમ્યગ્દર્શન ભાવ, જિનભાવ એ પહેલો એણે પ્રગટ કરવો. સમજાણું કાંઈ? કેટલાક આનો અર્થ એવો પણ કરે છે, કે જુઓ! પહેલું ભાવલિંગ થાય સાતમું ગુણસ્થાન, પછી એને છઠ્ઠે ગુણસ્થાને વસ્ત્રાદિ ઉતરે. એમ ન હોય. સમજાણું કાંઈ? પાઠ છે ને આવો? પહેલો ભાવલિંગ થાય પછી દ્રવ્યલિંગ થાય. '**भावेण होइ णग्गो**' એમ છે ને? પણ એ '**मच्छत्ताई य दोस चइऊणं**' એમ છે અહીંયાં. મુનિપણાના અસ્થિરતાના ભાવો છોડીને સ્થિર થાય એમ નથી. મિથ્યાત્વભાવ, રાગની એકતા તોડીને જેણે સમ્યગ્દર્શન, જિનભાવના ભગવાન આત્માનું ભાવલિંગ જેણે પ્રગટ કર્યું છે.

'**ભાવસે અંતરંગ નગ્ન હો,...**' આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદના પ્રેમમાં જે અતીન્દ્રિય આનંદની રુચિ અને એમાં અંશે સ્થિરતા જે પ્રગટ કરી છે એ એની જિનભાવનારૂપી ભાવલિંગ છે. '**એકરૂપ શુદ્ધ આત્મા કા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરે,...**' આમ તો કીધું કે શુદ્ધ જ્ઞાન, આચરણ '**પીછે મુનિ દ્રવ્ય...**' પણ એ આચરણનો અર્થ સમ્યગ્દર્શનની સાથે જે સ્વરૂપનું આચરણ સ્થિરતા છે એ આચરણ લેવું. આહાહા..! સાતમા ગુણસ્થાનના ભાવલિંગનું આચરણ પહેલું થાય અને પછી દ્રવ્યલિંગ નગ્ન થાય એમ વસ્તુ નથી. સમજાણું કાંઈ? એવું ક્યાંક આવ્યું હતું નહિ? પહેલું સાતમું આવે, પછી છઠ્ઠે દ્રવ્યલિંગ. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એમાં તો છે. વર્ણીજીમાં છે. .. અધ્યાત્મ પત્રાવલિ છે ને એમાં. એમાં હોવું જોઈએ.

સાતમું ગુણસ્થાન પહેલું આવે, માટે વસ્ત્ર-પાત્ર રહ્યા હોય બુદ્ધિપૂર્વક, એને સાતમું ગુણસ્થાન આવે જ નહિ. વસ્તુ આવી છે આ. આ ગાથાની અટપટી વાત છે જરી. '**भावेण होइ णग्गो**' એમ. એકરૂપ તો ઓલું પણ છે, પણ અહીં તો .. કીધો છે ને. ભાવથી નાગો થાય. નાગો એની વ્યાખ્યા? રાગની એકતા તોડીને સ્વરૂપનો અનુભવ કરે અને સ્વરૂપનું આચરણ એની ભૂમિકા પ્રમાણે હોય એ ભાવથી નગ્ન કહેવાય છે. આહાહા..! એ ભાવલિંગ આટલું. મુનિપણાનું ભાવલિંગ આવે છે પહેલું, એમ નહિ. સમજાણું કાંઈ? સાતમું ગુણસ્થાન આવે અને પછી છઠ્ઠે ગુણસ્થાને વસ્ત્ર-પાત્ર છોડે અને નગ્ન થાય, એ ક્રિયા ન હોઈ શકે. આહાહા..! સમજાણું કાંઈ? આશય શું છે એ જાણવો જોઈએ ને. પકડે ત્યાં (કે) સાતમું ગુણસ્થાન પહેલું આવે. પણ સાતમું આવે જ નહિ. જેને બુદ્ધિપૂર્વક વસ્ત્ર-પાત્ર છે અને નવ કોટીએ ત્યાગ નથી એને સાતમું આવે નહિ.

કાલે કહ્યું નહોતું મોક્ષમાર્ગ પ્રકાશકનું? કે નવ કોટીએ પહેલો રાગનો ત્યાગ, પરિગ્રહનો ત્યાગ જોઈએ. કાયાથી પણ ત્યાગ હોય પછી એને ભાવલિંગ આવે, સાતમું ગુણસ્થાન. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે આની કોર. ઝીણી વાત બહુ. '**मिच्छत्ताई य दोस**' એને યોગ્ય છે એ દોષ લેવા. એને '**चइऊणं पच्छा दव्वेण मुणी**' એમ શબ્દ છે ને? પહેલા અને પછી બે ભાવ શબ્દ છે ખરા ને? એને '**पच्छा**' એટલે પહેલુ ઓલું સમજવું. '**भावेण होइ णग्गो**' પહેલો તો મિથ્યાત્વના દોષ, અનંતાનુબંધીનો દોષ, સ્વરૂપાચરણનો અભાવ એ છોડી દે અને સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનું આચરણ (એ પ્રગટ કરે). અરેરે..! ભારે વાતું ભાઈ!

'**એકરૂપ શુદ્ધાત્માકા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરે,...**' ત્યાં એમ નાખે કે શુદ્ધાત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને આચરણ એકરૂપ. એ એકરૂપનો અર્થ આટલો. અનંતાનુબંધી આદિનો અભાવ છે. એટલે સ્વરૂપમાં એટલી એકતાનું આચરણ છે. '**પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ જિન-આજ્ઞાસે...**' પછી દ્રવ્યલિંગ નગ્ન (ધારણ કરે). જિન આજ્ઞા તો એ છે, નગ્નપણું ધારણ કરવું. પંચ મહાવ્રતાદિ પહેલા વિકલ્પ આવે એ '**દ્રવ્યસે બાહ્યલિંગ જિન-આજ્ઞાસે પ્રકટ કરે,...**' પાઠમાં છે ને '**जिणाणाए**'--જિનની એ આજ્ઞા છે. જેને ભાવલિંગ સમ્યગ્દર્શનાદિ થયું, એ પછી વસ્ત્રાદિ છોડી નગ્ન થાય અને પછી ધ્યાન કરે ત્યારે એને સાતમું ગુણસ્થાન આવે. આમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાંચમે હોય, ચોથે હોય. ચોથે, પાંચમે ગુણસ્થાને હોય અને પંચ મહાવ્રત અંગીકાર કરે. પંચ મહાવ્રત અંગીકાર કર્યા પછી .... સાતમું થયા પછી નથી. સમ્યગ્દર્શન છે, સ્વરૂપાચરણ છે, પણ સ્વરૂપની ચારિત્રની દશા નથી. તો એ જ્યારે પ્રથમ દ્રવ્યલિંગ ધારણ કરે. પંચ મહાવ્રત, નગ્નપણું એ એને આવે અને પછી જ્યારે અંદર ધ્યાનમાં જાય ત્યારે એને સાતમું આવે. એય..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ અપેક્ષાનું દ્રવ્યલિંગ. એ દ્રવ્યલિંગ ત્યારે એને કહેવાય. પહેલા પંચ મહાવ્રતાદિ છે એ વ્યવહારાભાસ છે. જ્યારે ધ્યાનમાં જાય, સપ્તમ ગુણસ્થાન થાય ત્યારે એ બહારની ચીજને નગ્નપણાનો વ્યવહાર આવે. આમ છે. એવો માર્ગ વીતરાગનો છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આવી ગયું, પણ અહીં એમાં એ નાખે છે ને એ ચર્ચા. .. દ્રવ્યલિંગ આવે, પછી પરંપરાએ અંદર ધ્યાન કરે એને સાતમું આવે. એમ એનો અર્થ. નહિતર તો વ્યવહાર પંચ મહાવ્રત ધારણ કરવા, નગ્નપણું એ પહેલું આવે એવું તો રહે નહિ. આ તો સાતમું થઈ જાય અને પછી આ થાય. છઠ્ઠા ગુણસ્થાનમાં આવ્યો વિકલ્પમાં ત્યારે આ ક્રિયા થાય વસ્ત્રની છોડવાની, એમ હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- .. દ્રવ્યલિંગ ધારણ કર લિયા...

ઉત્તર :- ચોથું ગુણસ્થાન હોય અને દ્રવ્યલિંગ ધારણ કરે. એ પછી ધ્યાનમાં જાય તો સાતમું આવે. ન આવે તો એકલું દ્રવ્યલિંગ રહી જાય. એવું જ છે. એવું શાસ્ત્રમાં છે. સમ્યગ્દૃષ્ટિ છે, અનુભવ છે, સ્વરૂપની સ્થિરતા છે, દ્રવ્યલિંગ ધારણ પંચ મહાવ્રતાદિ કર્યું, પણ સાતમું ગુણસ્થાન ન આવ્યું અંદર ધ્યાનનું, તો એ દ્રવ્યલિંગી પણ કહેવાય. ક્રિયા રહી છઠ્ઠા ગુણસ્થાનની વ્યવહારની, અંદર એને ચોથું ને પાંચમું. તો એને પણ દ્રવ્યલિંગી તત્ત્વાર્થ રાજવાર્તિકમાં કહ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આમ ગુણસ્થાન ચોથું, પાંચમું છે અને ક્રિયા તો છઠ્ઠાની છે એટલે દ્રવ્યલિંગ કહ્યું. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં પાઠ છે ને. એ ચર્ચા મોટી થઈ હતી ભાઈ સાથે બંસીધરજી. ... ગયા હતા રસ્તામાં. એમ કે આપણો આ શાસ્ત્રમાં પાઠ છે ને. કીધું, બરાબર છે એ પાઠ છે ઈ. શું છે? જેને અંદરમાં સમ્યક્ અનુભવ દૃષ્ટિ સ્વરૂપાચરણ થયું છે એને દ્રવ્યલિંગ પહેલું નગ્ન હોય. અનાદિની વાત છે ને એ તો? અનાદિનો મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગ છે એને ભાવલિંગ આવે. એટલે કે નગ્નપણું છે અને અંદર ધ્યાનમાં સમકિત પામીને ભાવલિંગ આવે. પણ નગ્નપણું નથી તો એને ભાવલિંગ અંદરમાં સાતમું આવે એમ ન બને. એવી વસ્તુની સ્થિતિ છે.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગ હોય તો એને ભાવલિંગ આવે જ એવું નહિ?

ઉત્તર :- આવે જ એવું કોણે કહ્યું? આવે નહિ, ના પાડી ને. સમ્યગ્દર્શન છે, સ્વરૂપાચરણ છે, દ્રવ્યલિંગ ધારણ કરે. પછી ધ્યાન કરે અને સાતમું આવે તો ભાવલિંગ આવે. તો ઓલાને દ્રવ્યલિંગ વ્યવહારે કહેવાય. એને ધ્યાનમાં સાતમું ન આવે, ચોથે-પાંચમે રહી જાય અને ક્રિયા રહી જાય છઠ્ઠાની. આહાહા..! એવી વાતું ભારે ભાઈ વીતરાગ માર્ગની. બેય સમતોલ જેવું છે એમ જાણવું જોઈએ ને. એનો અર્થ એવો નથી કે દ્રવ્યલિંગ છે માટે એને ભાવલિંગ આવે. એમ નથી.

મુમુક્ષુ :- ભાવલિંગમાં ભાવ હોય.

ઉત્તર :- ભાવલિંગમાં ભાવ તો સમ્યગ્દર્શન આદિ એ પહેલું ભાવલિંગ. પછી સાતમા ગુણસ્થાનનો ભાવ તો દ્રવ્યલિંગ આવું થાય, પછી ધ્યાનમાં જાય ત્યારે સાતમું આવે. એ ભાવલિંગ ચારિત્રનું. ભારે વાતું ભાઈ! આ તો વસ્તુની સ્થિતિ એવી છે.

એ વાત છે ને કે '**भावेण होइ णग्गो मिच्छत्ताई य दोस चइऊणं**' બસ, '**पच्छा दव्वेण मुणी**'. પછી એ દ્રવ્યલિંગ ધારણ કરે. '**पयडदि लिंगं जिणाणाए**' એમ છે ને. જિન આજ્ઞા પ્રમાણે પ્રગટ દ્રવ્યલિંગ ધારણ કરે. પંચ મહાવ્રત વિકલ્પ, નગ્ન દશા એને હોય છે. કહો, સમજાણું આમાં? બહુ અટપટી વાત છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલા દીક્ષા લીધી ચોથે-પાંચમે.

મુમુક્ષુ :- ચોથે-પાંચમે ને.

ઉત્તર :- એ કીધું ને દ્રવ્યલિંગ ચોથે-પાંચમે હોય. નગ્ન દશા. પંચ મહાવ્રત ચોથે-પાંચમે છે.

મુમુક્ષુ :- કોઈને ચોથે હોય, કોઈને પાંચમે.

ઉત્તર :- કોઈને પાંચમે હોય અને કોઈને મિથ્યાત્વ હોય.

મુમુક્ષુ :- કોઈ મિથ્યાદૃષ્ટિ હોય એ થાય.

ઉત્તર :- નગ્ન દશા ધારણ કરે. પછી ધ્યાનમાં આવે અને સાતમું આવી જાય. એવી વાત છે ભાઈ! ન્યાયનો કાંટો એવો ઝીણો છે. દ્રવ્યલિંગ તો અનંત વાર ધારણ કર્યા, પણ અંદર સ્વરૂપની દૃષ્ટિ અને આચરણ ન કર્યું તો એ દ્રવ્યલિંગ એનું નિમિત્તપણે પણ ન કહેવાણું. પણ જ્યારે દ્રવ્યલિંગ નગ્ન હોય છે અનાદિનું એ... એવો પાઠ છે તત્ત્વાર્થ રાજવાર્તિકમાં, મિથ્યાદૃષ્ટિ. અને એ દ્રવ્યલિંગ બરાબર પંચ મહાવ્રત અને નગ્નપણાની દશામાં મિથ્યાદૃષ્ટિ છે. એને જ્યારે સ્વરૂપની દૃષ્ટિ કરીને જ્યારે સ્થિરતા કરે છે ત્યારે એને એકદમ સાતમું આવે છે. સમ્યગ્દર્શનસહિત એકદમ સાતમું આવે, એકદમ. પણ ઓલી નગ્ન દશા હોય એને. એટલે નગ્ન દશા હોય માટે આવે એમ નહિ. પણ નગ્ન દશા હોય એને સાતમું આવે અંદર. વસ્ત્ર-પાત્ર સહિત હોય એને ધ્યાનમાં સાતમું આવે એમ બને નહિ કોઈ દિ'. બહુ ઝીણી વાત બાપુ! માર્ગ તો એવો છે ને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પચ્ચખાણ દ્રવ્યલિંગમાં હોય કે ભાવલિંગમાં?

ઉત્તર :- પચ્ચખાણ તો બહાર પંચ મહાવ્રતાદિના લે છે, સાવદ્યયોગના ત્યાગના.

મુમુક્ષુ :- ભાવલિંગ મને આપો.

ઉત્તર :- એ તો પછી કહે ને, ભાવલિંગ આપો એટલે? મને શુદ્ધપણું આપો. આપે એટલે વ્યવહારથી તો એમ કહે ને. શુદ્ધપણું અંદર પ્રગટ થાય તો ભાવલિંગ થાય.

મુમુક્ષુ :- સ્થિરતા ... અને ભાવલિંગ છે એમ કઈ રીતે માલૂમ પડે?

ઉત્તર :- શું કહે છે? માલુમ પડે નહિ, એ તો હજી જ્ઞાન ન હોય એને નહિ ખબર પડે.

મુમુક્ષુ :- દીક્ષા ગ્રહણ કરે ત્યારે એને ભાવલિંગ છે એમ કઈ રીતે માલુમ પડે?

ઉત્તર :- ભાવ સમકિતી હોય એટલું.

મુમુક્ષુ :- ભાવ સમકિતી?

ઉત્તર :- બસ એટલું. ભાવલિંગમાં સમકિતી હોય. ઓલું ભાવલિંગ ચારિત્રનું ન હોય, પણ જ્યારે પંચ મહાવ્રતને અંગીકાર કરે ત્યારે માગે ગુરુ પાસે એમ, કે દ્રવ્યલિંગ અને ભાવલિંગ મને આપો. ચરણાનુયોગમાં છે પ્રવચનસારમાં. બે મને આપો એમ કહે. પછી ગુરુ એને પંચ મહાવ્રત આપે ત્યારે એમ કહેવાય કે એને દ્રવ્ય અને ભાવલિંગ આપ્યું. પણ ઓલો જ્યારે દ્રવ્યલિંગ ધારણ કરે અને અંદરમાં ધ્યાન કરે અને સાતમું આવે તો ભાવલિંગ અને દ્રવ્યલિંગ બે કહેવાય. ભારે ઝીણી વાતું ભાઈ. આ તો ન્યાયની એવી વાત છે. વીતરાગનો માર્ગ એવો છે. મધ્યસ્થથી સમજે તો સમજાય એવું છે.

મુમુક્ષુ :- પહેલા બધા ખોટા મુનિ થાય.

ઉત્તર :- દ્રવ્યલિંગ જ થાય પહેલું. પહેલું દ્રવ્યલિંગ એ જ આવે.

મુમુક્ષુ :- એમાં વસ્ત્ર નીકળી જાય.

ઉત્તર :- એ વસ્ત્ર નીકળી જાય તો દ્રવ્યલિંગ રહી જાય. ભાવલિંગ ન આવે. ચારિત્રલિંગ હોં! સમ્યગ્દર્શન છે. એને સાતમું ન આવે. નવમી ગ્રૈવેયક જાય. સમ્યગ્દૃષ્ટિ હોય અંદર, પાંચમું ગુણસ્થાન અંદર હોય અને દ્રવ્યલિંગ નગ્નપણાની દશા હોય. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં પાઠ છે. મોટી ચર્ચા છે. અનાદિનો મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી પણ સાતમું પામે, અંદરમાં ધ્યાનમાં જાય તો. એવી વાતું છે. બહુ આ તો અટપટું આવ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્યલિંગ ધારણ કરે અંદર, મુનિ થઈ જાય. અનંત વાર થયો ને નવમી ગ્રૈવેયક ગયો ત્યારે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' એ શું છે?

મુમુક્ષુ :- ભગવાનના સમવસરણમાં દ્રવ્યલિંગી...

ઉત્તર :- દ્રવ્યલિંગી હોય છે ને. એમાં શું છે? આમાં આવ્યું નહિ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો.' મિથ્યાદષ્ટિ સહિત દ્રવ્યલિંગ મુનિપણું ધારણ કર્યું બહારની ક્રિયાનું, પણ અંતર સમ્યગ્દર્શન નથી (તો) મૂઢ છે. અને કોઈને સમ્યગ્દર્શન હોય અને દ્રવ્યલિંગ ધારણ કરે પહેલું, દ્રવ્યલિંગ તો પહેલું આવે જ એને. એ પાધરું એમ કે ભાવલિંગ આવે તો દ્રવ્યલિંગ આવે એમ નથી. છતાં દ્રવ્યલિંગથી ભાવલિંગ આવે એમ નથી.

મુમુક્ષુ :- પાત્રતા જોયા વગર...

ઉત્તર :- પાત્ર તો એ જાતની શ્રદ્ધા .. છે. બહારમાં વ્યવહાર કરતો હોય અને બરાબર શ્રદ્ધાનમાં

કબુલ કરતો હોય. મિથ્યાદષ્ટિ છે ને. આવે છે ને. સમ્યગ્દૃષ્ટિ ઉપાદાનવાળો ગુરુ હોય અને ઓલો સામે મિથ્યાદષ્ટિ હોય તો હોય. હોય છે ને એ વસ્તુ. સૂક્ષ્મપણે અંદર મિથ્યાત્વ રહી ગયું હોય એને અને બહારની ક્રિયા કરે બધી જૈન દિગંબર સાધુ જેવી, છતાં એ દ્રવ્યલિંગી 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક' એ. પણ પછી તો કોઈને સમ્યગ્દર્શન થયું અને તેને દ્રવ્યલિંગ આવું રહી ગયું તોપણ એને સાતમું ગુણસ્થાન ન આવે. તેથી સમકિતી સાધુની અપેક્ષાએ દ્રવ્યલિંગી કહેવાય. ભાવ તો સાતમું આવે ત્યારે. આમાં બધી અટપટી વાતું છે. એ તો આગળ ખુલાસો કરશે પોતે, કે આમ તે ભાવને કીધો માટે પહેલું પંચ મહાવ્રત અને નગ્નપણું ન ગ્રહણ કરવું અને પછી ભાવ આવે અને પછી આચરણ કરવું એમ નહિ. વ્યવહારનો લોપ થઈ જશે. આહાહા..!

મુમુક્ષુ :- ..રાગ રહ્યો છે ત્યાં...

ઉત્તર :- છે. રાગ છે ત્યાં. સમજાણું?

અહીં તો આચરણથી કુંદકુંદાચાર્યના હૃદયમાં એટલું છે કે પ્રથમ જેને આત્મદર્શન અને સ્વરૂપાચરણ થયું છે, એ પછી જૈનનું નગ્નપણું દિગંબરપણું જિન આજ્ઞા પ્રમાણે પ્રગટ કરે. પણ જેને સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણ જ નથી એ આવું ગ્રહણ કરે એ વીતરાગની આજ્ઞા નથી. છતાં એ પણ હોય છે. મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગ આચરણ એટલું કરે (કે) નવમી ગ્રૈવેયક જાય, શુક્લલેશ્યા. એના ગુરુએ એને દીક્ષા આપી હોય. વ્યવહાર છે ને એ. પણ અંદરમાં ધ્યાનમાં આત્માનું દર્શન ન કર્યું, સમકિત ન થયું. થઈ રહ્યું. નવમી ગ્રૈવેયકે જાય, પાછો પડે નીચે.

મુમુક્ષુ :- નવમી ગ્રૈવેયકનું કારણ તો શુભભાવ છે.

ઉત્તર :- એ શુભભાવ છે, એ તો પુણ્ય છે શુક્લલેશ્યા. સ્વર્ગમાં જાય. અભવિ પણ જાય છે ને. દ્રવ્યલિંગ ધારણ કરી અભવિ નગ્નપણું ધારણ કરી. મહા ક્રિયાકાંડનો હજારો અપવાસ, માસખમણ, સંથારા બબ્બે મહિનાના. મિથ્યાદષ્ટિ છે. સ્વર્ગમાં નવમી ગ્રૈવેયક જાય અભવિ. આહાહા..! અહીં એ વાત નહિ. અહીં વાતને વજન દેવું છે સમ્યગ્દર્શન અને અનંતાનુબંધીના અભાવનું. એ જ્યાં નથી અને મુનિપણું લે તો એનું બધું વયું જશે. ઠેકાણા વિનાનું દ્રવ્યલિંગ ધારણ .. એમ. પાઠ આ છે ને એટલે માણસને મૂંઝવે. '**भावेण होइ णग्गो**' ભાવથી જ મુનિપણું નગ્ન થાય, એમ નથી. '**मिच्छत्ताई य दोस चइऊणं भावेण**' એમ લેવું.

મુમુક્ષુ :- નગ્ન થયા પછી ...

ઉત્તર :- સાતમાનું જ આવે. હા, ચોથે હોય અને પાંચમાનું આવે. સાતમાનું ન આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર શ્રદ્ધા..

મુમુક્ષુ :- ત્રણ કષાયનો અભાવ કરી ..

ઉત્તર :- ત્રણ કષાયનો અભાવ પહેલા કરે અને પછી દ્રવ્યલિંગ ધારણ કરે? કોણે કીધું આ? એ તો વાત ચાલે છે આ. નવ કોટીએ ત્યાગ થાય. મન, વચન અને કાયા, કરણ, કરાવન, અનુમોદનથી પરિગ્રહનો પહેલો ત્યાગ થાય. એ ચોથે-પાંચમે થાય. આવો માર્ગ છે, બાપા! એમાં કાંઈ ફેરફાર જરીએ થાય એવો નથી.

અહીં કહ્યું ને? '**એકરૂપ શુદ્ધ આત્માકા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરે,...**' એનો અર્થ મુનિપણાને યોગ્ય જે શુદ્ધ આત્માનું આચરણ કરે એમ નહિ. પણ મુનિપણા પહેલાં સ્વરૂપની આ દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપનું આચરણ ચોથા-પાંચમાના પ્રમાણમાં. એ કરે '**પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ...**' ધારણ કરે એમ. સમજાણું કાંઈ આમાં? આ તો અટપટી વાત થઈ. એ વાત એવી છે. જરી પણ ન્યાય ફેરફાર થઈ જાય તો આખો ફેર પડી જાય. '**બાહ્યલિંગ જિન-આજ્ઞાસે પ્રકટ કરે, યહ માર્ગ હૈ.**' જોયું!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધું ને, બેસે નહિ આ. જુઓ!

'**ભાવાર્થ :- ભાવ શુદ્ધ હુએ બિના પહિલે હી દિગંબરરૂપ ધારણ કર લે...**' ભાવ શુદ્ધનો અર્થ આ—સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણ. '**ભાવ શુદ્ધ હુએ બિના પહિલે હી દિગંબરરૂપ ધારણ કરે લે તો પીછે ભાવ બિગડે તબ ભ્રષ્ટ હો જાય ઔર ભ્રષ્ટ હોકર ભી મુનિ કહલાતા રહે તો માર્ગકી હંસી કરાવે, ઈસલિયે જિન આજ્ઞા યહી હૈ કિ ભાવ શુદ્ધ કરકે બાહ્ય મુનિપના પ્રગટ કરો.**' સમ્યગ્દર્શન અને અનુભવ પ્રાપ્ત કરીને પછી મુનિપણાને અંગીકાર કરો, એમ કહે છે. આમાં તો સમજાય એવું છે. આમાં કાંઈ કોઈ એવી વાત નથી.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનનો ભાવ આવે પછી મુનિપણું...

ઉત્તર :- ત્યારે જ મુનિપણું લઈ શકે. એ વિના શું મુનિપણું લે? દ્રવ્યલિંગ ધારણ એકલું કરે, સમ્યગ્દર્શનનું તો ભાન ન મળે. જેમાં ઠરવું છે એ ચીજ શું છે? ચારિત્ર શું છે? જેમાં ઠરવું એ વસ્તુ શું છે? આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ આનંદનું ભાન એ જ્યાં દૃષ્ટિના વિષયમાં આવ્યો નથી એને તો ઠરવું ક્યાંથી આવે? આ અત્યારે ગોટો આ ઉઠ્યો છે ને મોટો? સમ્યગ્દર્શન નહિ, નગ્નપણું ધારણ કરી લ્યો, પંચ મહાવ્રત લઈ લ્યો, જાવ. હળવે હળવે ચારિત્ર આવશે. ધૂળેય નહિ આવે. સમ્યગ્દર્શન નથી ત્યાં શું આવતું હતું? છાપ્યું છે ને આ ૨૦૦ રૂપિયાનું પુસ્તક. શું કહેવાય એનું નામ? પુસ્તકનું નામ શું છે? ભગવાન મહાવીર. ૨૦૦ રૂપિયાનું પુસ્તક આવ્યું છે ભેટમાં. છે આપણી પાસે. એમાં લખ્યું છે દેવભૂષણે કે નિશ્ચયચારિત્ર ન પામે ત્યાં સુધી વ્યવહારચારિત્ર પાળવું. વ્યવહારચારિત્રથી નિશ્ચયચારિત્ર થશે. એ તો સમ્યગ્દર્શન વિનાની વાતું કરે છે. બહુ ઝીણી વાત, ભાઈ! અત્યારે આખા પ્રવાહની સામે પડવું.. શું નવું લાવ્યા કહેતા હતા ને તમે કે સમાજ એવો માથે... કાલે નહોતું કહ્યું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ. એ પરમ દિ' કહ્યું હતું. મેળ વગર. આહાહા..!

મુમુક્ષુ :- .. ધારણ કર લે પીછે ભાવ બિગડે.

ઉત્તર :- કો'કના બગડી જાય. મિથ્યાત્વ તો છે જ. હવે એને જ્યારે આ ધારણ કર્યું તો સરખું દ્રવ્યલિંગ પણ સરખું નહિ રહે કોઈને માટે. દ્રવ્યલિંગ સરખું નહિ રહે કોઈને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ ભાવ શુભભાવ પણ સરખો ન રહે એમ. એ સરખો ન રહી શકે. કોઈને રહે ખરો. મિથ્યાદૃષ્ટિ છે, નવમી ગ્રૈવેયક જાય. મિથ્યાદૃષ્ટિ છે અને શુભભાવ પણ સરખો હોય જ, નવમી ગ્રૈવેયક જાય એને. પણ કોઈને બગડી જાય એમ કહેવું છે. જે નવમી ગ્રૈવેયકે જાય છે એવો ભાવ... પછી કોઈને બગડી જાય એમ અહીં કહેશે. હમણાં કહેશે. ૭૪માં કહેશે કે પાપરૂપી મલિનભાવ થઈ જાય. એ કોઈની વાત છે. જેને પોતે સ્વચ્છંદ થઈ ગયો, વસ્તુની દૃષ્ટિ નથી એની વાત છે. એ પછી કહેશે. નહિતર તો નવમી ગ્રૈવેયકે જાય છે એનો ભાવ તો શુભ બરાબર છે. આહાહા..! બહુ ભાવ ઊંચો, શુક્લલેશ્યા. ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. સમ્યગ્દર્શન નથી. માટે સમ્યગ્દર્શન નથી અને એને શુભભાવ બગડી જાય એમ નહિ.

અહીં તો ઓલા શુદ્ધભાવનું વજન દેવું છે. એના વિના લેશે તો સરખું નહિ રહે. કારણ કે પછી અંદર શાંતિ તો છે નહિ અને રાગની મંદતાના પરિણામમાં ઊભેલો છે, એમાં સરખાઈ ભાવની પણ નહિ રહી શકે એટલી વાત છે. નહિતર શુભભાવ તો રહે છે મિથ્યાત્વમાં. નવમી ગ્રૈવેયક ગયો એવો શુભભાવ રહ્યો. એ વાત અહીં લેવી નથી. અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન નથી અને એકલું દ્રવ્યલિંગ ધારણ કરશે તો એ ભાવનું પણ સરખું નહિ રહે, એમ. એટલું જરી વજન દેવું છે. એ હવે ગાથામાં આવશે. જુઓ! **'પીછે ભાવ બિગડે...'** ભાવ બિગડે એટલે ઓલા શુભભાવ. ઓલો તો ભાવ છે જ ક્યાં?

મુમુક્ષુ :- અશુભ ભાવ તો છે જ નહિ.

ઉત્તર :- એ તો છે નહિ. એનો પ્રશ્ન ક્યાં છે?

**'ઔર ભ્રષ્ટ હોકર ભી મુનિ કહલાતા રહે...'** ભાવના ઠેકાણા ન હોય અંદર શુભભાવના પણ અને મુનિ બહારમાં કહેવરાવે **'તો માર્ગકી હંસી કરાવે, ઈસલિયે જિન આજ્ઞા યહી હૈ કિ ભાવ શુદ્ધ કરકે બાહ્ય મુનિપના પ્રગટ કરો.'** આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણ પ્રગટ કરીને મુનિપણું પ્રગટ કરો. આમ આજ્ઞા તો આ છે ભગવાનની.

**'આગે કહતે હૈં કિ શુદ્ધ ભાવ હી સ્વર્ગ-મોક્ષકા કારણ હૈ, મલિનભાવ સંસારકા કારણ હૈ :—'** એને સમકિત ન હોય અને શુભભાવ હોય એને બરાબર રહે એની વાત નથી અહીં. પણ જેને એ ભાવનું ભાન નથી અંદર અને ભાવ બહાર (રહીને) અંગીકાર કર્યું મુનિપણું, (અને) કોઈને ભાવ

સરખો રહે નહિ તો મલિનભાવ થઈ જાય તો ઢોરમાં જાય એ વાત સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? જુઓ!

**भावो वि दिव्वसिवसुक्खभायणो भाववज्जिओ सवणो।**
**कम्ममलमलिणचित्तो तिरियालयभायणो पावो।।७४।।**

જુઓ! સમ્યગ્દર્શન નથી અને શુક્લલેશ્યા શુભભાવ હોય છે સારો. એ તો નવમી ગ્રૈવેયકે જાય. એની અહીં વાત નથી લેવી. પણ જેના ભાવના અંદર ઠેકાણા નથી શુદ્ધના, એને ભાવના શુભના ઠેકાણા ન રહે અને પાપ મલિન ચિત્ત થઈ જાય તે મરીને ઢોરમાં જશે, તિર્યંચ થશે એમ કહે છે. ઓલું જે સમકિત નથી અને શુભભાવ તો નવમી ગ્રૈવેયકે ગયો એ તો અનંત વાર થયો છે. કેવો શુભભાવ? કે એવો ઉત્કૃષ્ટ ભાવ તો કોઈ મિથ્યાદષ્ટિ સિવાય હોય નહિ. મિથ્યાદષ્ટિવાળાને. .. હોય, પણ મિથ્યાદષ્ટિનો શુભ ઉપયોગ ઉત્કૃષ્ટ જે છે એ તો નવમી ગ્રૈવેયકે ગયો એ જાતનો હતો. એના શુભભાવને બગાડ નહોતો. પણ અહીં એ વાત નથી લેવી. અહીં તો જેને શુદ્ધના ઠેકાણા નથી અને બાહ્ય લઈને બેઠો અને સહન ન થાય અને પછી અનેક પ્રકારના મલિન ચિત્ત થશે અને પછી તિર્યંચમાં જશે એટલી વાત કરવી છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આવો માર્ગ!

**'અર્થ :- ભાવ હી સ્વર્ગ-મોક્ષકા કારણ હૈ,... '** કારણ કે શુદ્ધભાવ પ્રગટ કર્યો છે એને શુભભાવ તો હોય જ છે વીતરાગ ન થાય ત્યાં સુધી. એટલે શુભભાવને લઈને આગળ પણ જાય સ્વર્ગમાં અને પછી મોક્ષ પણ પામે. **'ઔર ભાવરહિત શ્રમણ પાપસ્વરૂપ હૈ,...'** આ પાપસ્વરૂપ (એટલે) એને વિશેષ કપટ, માયાવી થઈ જાય એવા જીવની વાત લેવી. નવમી ગ્રૈવેયક ગયો એવા ભાવની અહીં વાત નથી લેવી. સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો શુદ્ધભાવનું ઠેકાણું અને શુભભાવનું ઠેકાણું ન રહે એવા જીવની વાત લેવી છે. શુદ્ધભાવ નથી અને શુભભાવ સારો હોય, સ્વર્ગમાં જાય એની વાત અત્યારે લેવી નથી અહીં.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન સહિતનું દ્રવ્યલિંગ...

ઉત્તર :- સમ્યગ્દર્શન નથી છતાં એનો શુભભાવ સારો હોય તો એ સ્વર્ગે જાય એની વાત નથી. પણ મિથ્યાદષ્ટિ છે, શુદ્ધ ભાવલિંગ નથી, એના શુભભાવના ઠેકાણા ન રહે એની વાત લેવી છે. આહાહા..! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન એહ.' આહાહા..!

**'ભાવ હી સ્વર્ગ-મોક્ષકા કારણ હૈ, ઔર ભાવરહિત શ્રમણ પાપસ્વરૂપ હૈ,... '** એ એક ન્યાયે જેને સમ્યગ્દર્શન નથી એ પાપ શ્રમણ જ છે. પણ અહીં બીજી જાતનો લેવો છે જરી પાપની સાથે. **'તિર્યંચગતિકા સ્થાન હૈ...'** જોયું! એવો લેવો છે અહીં. માયા થશે, કપટ થશે, કુટિલતા થશે.

એવી વાત લેવી છે. વસ્તુસ્થિતિ નથી તો પછી આવું થઈ જાય, એમ. ઓલો શુભભાવ એટલો સારો છે એ તો નવમી ગ્રૈવેયક જાય. '**તિર્યંચગતિકા સ્થાન હૈ તથા કર્મમલસે મલિન ચિત્તવાલા હૈ.**' જોયું! મલિન ચિત્ત થઈ જાય, માયા થઈ જાય, કપટ થાય, કુટિલતા થાય. કારણ કે મુનિપણાનો ભાવ તો છે નહિ અને બહારમાં સહનશીલતા એવી હોય નહિ. આહાહા..! તો એને આવા ભાવ તિર્યંચમાં થવાના, એટલી વાત લેવી છે. પણ એમ નથી કે સમકિત નથી માટે એનો ભાવ મલિન જ પાપ થઈ જાય અને તિર્યંચમાં જ જાય એમ નથી. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો શુભભાવ મિથ્યાત્વસહિત, શુક્લલેશ્યા. તિર્યંચગતિમાં ન ગયો. પણ અહીં તો ઓલું ભાવનું વજન દેવું છે. જેને અંતરમાં સહનશીલતા અને જ્ઞાતા-દૃષ્ટાનો ભાવ પ્રગટ્યો નથી, એ આવું મુનિપણું અંગીકાર કરે અને સહનશીલતા એની વ્યવહારની પણ સરખી ન રહે, એ તિર્યંચમાં જશે. આહાહા..! ભાઈ! આવો વીતરાગનો માર્ગ છે.

મુમુક્ષુ :- ઘણા પ્રકારના..

ઉત્તર :- ઘણા પ્રકારના હોય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહે છે સમજાતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પહેલું મુનિપણું આવે, રહે. સમકિતસહિત હોય જીવ છતાં પહેલું દ્રવ્યલિંગ ધારણ કરે ને કે મુનિપણું આવ્યા પછી દ્રવ્યલિંગ ધારણ કરે? એની ક્યાં ખબર છે. એ ઘણી વાત થઈ ગઈ. મુનિપણું આવ્યા પછી દ્રવ્યલિંગ ધારણ કરે?

મુમુક્ષુ :- લાયકાત નથી અને મુનિપણું...

ઉત્તર :- શું લાયકાત નથી સમજ્યા વિના? સમ્યગ્દર્શનની લાયકાત છે, પણ ચારિત્ર આવશે એવી ભાવના પણ એને હોય વિકલ્પથી, એ પછી મુનિપણું ધારણ કરે, ભાવલિંગ ન આવે. આહાહા..!

મુમુક્ષુ :- તીન પ્રકાર કે...

ઉત્તર :- ઘણાં પ્રકારના હોય છે. મિથ્યાદૃષ્ટિ હોય, સમકિતી હોય, પાંચમાવાળો હોય ઘણાં હોય છે, ઘણાં પ્રકાર હોય છે. આ તો શુભભાવવાળાને સમકિત વિનાના ભાવના પણ આવા પ્રકાર હોય છે. કોઈને સમકિત નથી છતાં શુભભાવ બરાબર રહે. અને કોઈને સમકિત નથી અને શુભભાવ સરખો ન રહે એની અહીં વાત લેવી છે. કારણ કે અંદર સહનશીલતા પ્રગટી નથી, તો બહારમાં સહનશીલતા ન રહે વ્યવહારની એવા જીવની વાત લેવી છે. સમજાણું કાંઈ? ચેતનજી! આવી વાત છે. ... વીતરાગનો માર્ગ છે. મુનિની જે અપેક્ષાએ કહેવું છે એ અપેક્ષા જણાવી જોઈએ ને.

'**કર્મમલસે મલિન...**' પાઠ છે ને. '**कम्ममलमलिणचित्तो**' એ મિથ્યાત્વથી તો મલિન ચિત્ત છે,

પણ એ ઉપરાંત શુભભાવના ઠેકાણા નથી એ વાત અહીં લેવી છે. એથી કહ્યું ને '**तिरियालयभायणो पावो**' એ પાપી તો તિર્યંચના સ્થાનને પામશે એમ કહેવું છે. સમજાણું કાંઈ? એ નવમી ગ્રૈવેયકવાળો મિથ્યાદષ્ટિ છે, શુક્લલેશ્યા છે, શુભભાવ બરાબર છે અને નવમી ગ્રૈવેયક ચાલ્યો જાય છે. એ વાત જુદી છે. પણ જેને સમ્યગ્દર્શન નથી, અંતરમાં જાગૃત દશા સહનશીલતાની જાગી નથી અને બહાર આવા કષ્ટને ઉપાડ્યા છે પંચ મહાવ્રતના ભાવ અને આવા બધા, એમાં એના પાપ પરિણામ સરખા નહિ રહે શુભના પણ, (તો) તિર્યંચમાં જશે એમ કહે છે. સમજાણું કાંઈ? છે ને જુઓને ગાથા ચોખ્ખી પડી છે.

'**भावार्थ :- भावसे शुद्ध है...**' શુદ્ધ શબ્દે સમકિતી જ્ઞાની. '**वह तो स्वर्ग-मोक्षका पात्र है और भावसे मलिन है वह तिर्यंचगति में निवास करता है.**' ભાવથી મલિન જો મિથ્યાત્વસહિત લ્યો તો પંચમગતિને પ્રાપ્ત થાય એમ નથી. અશુભભાવની વાત છે. ચારિત્રના દોષના ભાવની વાત છે. અહીં અંતર પ્રગટ્યું નથી અને સહનશીલતા નથી અને પ્રતિકૂળતાના પ્રસંગો આવે તો એનો શુભભાવ ન રહે અને આવા ભાવ થાય (એટલે) તિર્યંચમાં જશે એમ કહે છે. આહાહા..! આચાર્યનું હૃદય... શુદ્ધભાવ પ્રગટ કરવા માટેની વાત છે. પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કર. એ વિના બધી વાતું તારી થોથા છે. ભાવપાહુડ છે ખરું ને. એ જિનભાવનાનું જ આમાં જોર છે વધારે. ઘણે ઠેકાણે છે જિનભાવના... જિનભાવના. જિનભાવના શબ્દે વીતરાગી સ્વરૂપ ભગવાન આત્માનું એની ભાવના એટલે શ્રદ્ધા, જિનભાવના એને સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દષ્ટિને વીતરાગભાવ થવાની જ ભાવના હોય છે. સમ્યગ્દષ્ટિને રાગ થવાની ભાવના હોય નહિ, છતાં રાગ આવ્યા વિના રહે નહિ. આહાહા..! ભારે ધર્મ ભાઈ!

મોક્ષમાર્ગમાં કહ્યું હતું. રાગ અશુભ થઈ જાય એની વાત છે. સમ્યગ્દર્શન તો છે નહિ અને શુભભાવનું ઠેકાણું નહિ રહે. એટલે ઓલા શુદ્ધ ઉપર જોર દેવા આ વાત કરી છે. શુભભાવ સરખો રહે તો .. હો. એને સહનશીલતા એવી આવી ગઈ હોય છઠ્ઠા ગુણસ્થાનને લાયક, ગુણસ્થાન હોય નહિ, હો. ... અહીં તો કહે છે કે જેને અંતર જ્ઞાતા-દૃષ્ટા સહજપણાનો સ્વભાવ (કે) જેમાં સહન કરવું એવું નથી, જાણવા-દેખવાના સ્વભાવવાળો આત્મા એવી જેની દૃષ્ટિનો વિકાસ થયો નથી, એને મુનિપણાના એવા ભાવમાં ગોટા વાળીને માયા થશે, કુટિલ થશે, મુનિપણું મનાવશે બહારમાં, એ બધા મરીને તિર્યંચ થાય છે. છઠ્ઠા ગુણસ્થાનવાળો દ્રવ્યલિંગ ધારણ કર્યું, પણ ભાવ ન આવ્યો, તો એ સમજે છે કે હું મુનિ નથી. પણ મુનિપણાનો વ્યવહાર ચોખ્ખો હોય છે. એથી બીજા એને મુનિ માને વ્યવહારે, માને. એ પોતે જાણે કે વ્યવહાર છે આ. નિશ્ચય માર્ગ નથી. આવા અટપટા માર્ગ.

મુમુક્ષુ :- બહારનો વ્યવહાર ...

ઉત્તર :- બહારમાં ચોખ્ખો હોય. એ વિના તો ... વ્યવહાર ચોખ્ખાના ઠેકાણા નથી. '**तिरियालयभायणो**' દેખો ને. તિર્યંચના સ્થાનનું ભાજન થયું એમ કહે છે. હવે મિથ્યાદષ્ટિ નવમી

ગ્રૈવેયકે જાય એને અહીં લેવો નથી. સમજાણું કાંઈ?

'આગે ફિર ભાવકે ફલકા માહાત્મ્ય કહતે હૈં :— '

खयरामरमणुयकरंजलिमालाहिं च संथुया विऊला।
चक्कहररायलच्छी लब्भइ बोही सुभावेण।।૭૫।।

અહીં 'सुभावेण'નો અર્થ મંદ કષાય કર્યો છે દેખો! 'सुभाव' શબ્દ છે ને. સમકિતદષ્ટિ છે, જ્ઞાની છે એને કષાયની મંદતાથી ચક્રવર્તી આદિના પદ મળે છે. એમ કહ્યું છે.

'**અર્થ :- સુભાવ અર્થાત્ ભલે ભાવસે, મંદકષાયરૂપ વિશુદ્ધભાવસે,...**' નિર્મળતા તો છે અંદર અકષાયભાવની, પણ એની સાથે શુભભાવ પણ આવો, મુનિપણાનો દ્રવ્યલિંગનો શુભભાવ હોય છે. એ '**વિશુદ્ધભાવસે, ચક્રવર્તી આદિ રાજાઓંકી વિપુલ અર્થાત્ બડી લક્ષ્મી પાતા હૈ.**' સમ્યગ્દષ્ટિને શુભભાવથી આવા પદ મળે છે. '**કૈસી હૈ—ખચર (વિદ્યાધર),...**' ખેચર છે ને. .. '**અમર (દેવ) ઔર મનુજ (મનુષ્ય) ઈનકી અંજુલિમાલા...**' હાથ જોડે બધા, ખમ્મા અન્નદાતા. એને શુદ્ધભાવ તો છે પણ એની સાથે શુભભાવ છે એને આવા પદ મળે. વિદ્યાધરો આદિ પણ નમસ્કાર કરે.

'**અંજુલિમાલા (હાથોંકી અંજુલિ)કી પંક્તિ સે સંસ્તુત (નમસ્કારપૂર્વક સ્તુતિ કરને યોગ્ય) હૈ ઔર યહ કેવલ લક્ષ્મી હી નહીં પાતા હૈ,...** ' દેખો! '**કિંતુ બોધિ (રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ)ભી પાતા હૈ.**' પામેલ છે ને અંદરથી. એને આવો રાગ મંદ છે એને ..પદવી મળે અને અંદર સમ્યગ્દર્શન-જ્ઞાનની પ્રાપ્તિ છે એને મુક્તિ મળે. બેય ભાવના કરી છે ને. સમજાણું કાંઈ આમાં? આમાં ગડબડ જરીયે આડીઅવળી ચાલે એવી નથી ભાઈ! આહાહા..! સમ્યગ્દષ્ટિ ન હોય માટે દ્રવ્યલિંગ ધારણ કરે જ, એને શુભ-અશુભ જ થાય, એવું કાંઈ નથી. પણ જેને ઠેકાણા નથી એને શુભ થાય એવા જીવની વાત લેવી છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભાવાર્થ :- વિશુદ્ધ ભાવોંકા યહ માહાત્મ્ય હૈ.** ' લ્યો!

'આગે ભાવોંકે ભેદ કહતે હૈં :—'

भावं तिविहपयारं सुहासुहं सुद्धमेव णायव्वं।
असुहं च अट्टरउद्दं सुह धम्मं जिणवरिंदेहिं।।૭૬।।

દેખો, ભાવના ત્રણ પ્રકાર.

'**અર્થ :- જિનવરદેવે ભાવ તીન પ્રકારકા કહા હૈ---૧. શુભ,...**' પુણ્ય. એક '**૨ અશુભ...**' પાપ '**ઔર ૩. શુદ્ધ.**' ધર્મ. '**આર્ત્ત ઔર રૌદ્ર યે અશુભ ધ્યાન હૈં...**' અહીં. આર્ત્ત અને રૌદ્રધ્યાન એ અશુદ્ધ. ધર્મધ્યાન અહીં શુભભાવમાં નાખ્યું છે. એટલે ઓલા કહે છે ને, જુઓ! ધર્મધ્યાનમાં શુભભાવ એ ધર્મધ્યાન છે. એને તો ઓલા આર્તધ્યાન-રૌદ્રધ્યાનથી હટીને જરી શુભમાં

આવ્યો છે એવું વ્યવહાર ધર્મધ્યાન છે, નિશ્ચય ધર્મધ્યાન તો શુદ્ધ છે. નિશ્ચય ધર્મધ્યાન તો શુદ્ધ છે, પણ એને આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી ખસીને શુભમાં આવ્યો છે એટલી અપેક્ષાએ એને વ્યવહાર ધર્મધ્યાન કહ્યો છે. સર્વવિશુદ્ધમાં આવે છે ને, સમયસારમાં આવે છે.

**'ધર્મધ્યાન શુભ હૈ.'** એમાં રાગની મંદતા છે એ શુભ છે અને એને ખરું જો શુભ લીધું હોય તો ધર્મધ્યાન શુદ્ધ છે એ શુભ છે. શુદ્ધ એ જ પોતે શુભ છે. શુદ્ધને શુભ કીધો છે પુણ્ય-પાપ (અધિકાર)માં. ફૂલચંદજીએ એનો અર્થ નથી કર્યો સરખો, ખાણિયા ચર્ચામાં. ઓલાએ કીધું ને, જુઓ! આ શુભને મોક્ષમાર્ગ કહ્યો, ત્યારે કહે કે શુભને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. એમ નથી. કારણ કે જે મોક્ષમાર્ગને કહ્યો શુભ એ તો જીવના પરિણામમય છે એમ કીધું છે. ભાઈ! જીવના પરિણામમય કીધું છે. શુદ્ધને શુભ કીધો છે ત્યાં. નિશ્ચય શુદ્ધ છે. પુણ્ય-પાપના અધિકારમાં શુભ મોક્ષમાર્ગ છે અને અશુભ બંધમાર્ગ છે એમ કીધું છે. એ શુદ્ધ તે શુભ છે એને ત્યાં મોક્ષમાર્ગ કહ્યો છે. આ પુણ્ય-પાપના ભાવ બેય અશુદ્ધ છે. કેમ? કે ત્યાં પાછુ એમ લીધું છે કે જે શુભ મોક્ષમાર્ગ છે એ જીવના પરિણામમય છે. શુભભાવ એ જીવના પરિણામ નથી. શુદ્ધ છે એ જીવના પરિણામ છે. ખાણિયા ચર્ચામાં જરી ફેરફાર થઈ ગયો છે અર્થનો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શુદ્ધના અર્થમાં છે. માણસને જે હોય એમ ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જુદું. એ શુભભાવ છે. એ તો અબુદ્ધિપૂર્વક શુભ એ અહીં નહિ. અહીં તો શુદ્ધને શુભ કીધો છે. શુદ્ધ એ શુભ છે અને અશુદ્ધ એ પુણ્ય-પાપ બધો અશુભ છે. એ વાત વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૦, શનિવાર તા. ૨૪-૧૦-૧૯૭૦**
**ગાથા - ૭૩ થી ૭૭, પ્રવચન - ૧૨૨**

'અષ્ટપાહુડ'માંથી.

भावेण होइ णग्गो मिच्छत्ताई य दोस चइऊणं।
पच्छा दव्वेण मुणी पयडदि लिंगं जिणाणाए।।७३।।

**અર્થ :-** **'પહિલે મિથ્યાત્વ આદિ દોષોંકો છોડકર...'** મિથ્યાત્વ મહાપાપ છે એ એણે અનંત કાળથી કોઈ દિ' જાણ્યું નથી, માન્યું નથી, છોડ્યું નથી. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય આનંદસ્વરૂપ છે. એનાથી વિરૂદ્ધ શરીરાદિ મારા, પુણ્યાદિના પરિણામ મારા અને અલ્પજ્ઞ અવસ્થા વર્તમાન તેટલો, તે હું—એ મિથ્યાત્વભાવ, પાપભાવ, પ્રથમ અધર્મભાવ એ છે. એ દોષ છોડી, પહેલા જેને જન્મ-મરણના દુઃખથી છૂટવું હોય ... ચોર્યાશીના અવતારમાં પામર મિથ્યાત્વ થઈને ચાર ગતિમાં રખડે છે. એવા પ્રાણીને કહે છે, જેને દુઃખથી મુક્ત થવું હોય તો પહેલા મિથ્યાત્વભાવને છોડવો. પાઠમાં મિથ્યાત્વ આદિ શબ્દ છે. એટલે મિથ્યાત્વ સંબંધી અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ પણ પહેલાં છોડવા.

**'ઔર ભાવસે અંતરંગ નગ્ન હો,...'** અંતર રાગ વિના વિકલ્પ જે પુણ્ય-પાપની લાગણીઓ દુઃખરૂપ આકુળતા છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ છે. એવું નગ્ન હોય. નગ્ન નામ લાગણી, વિકલ્પની લાગણી જેમાં નથી. **'નગ્ન હો, એકરૂપ શુદ્ધાત્માકા...'** હું તો એક શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ વસ્તુ છું, પદાર્થ છું, મારી સત્તા રાગથી અને પરથી તદ્દન ભિન્ન છે. મારી મોજૂદગી, મારી હયાતી એકલો પવિત્ર શુદ્ધભાવ, એકરૂપ સ્વભાવ, એકરૂપ શુદ્ધાત્માનો સ્વભાવ. એનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કરે. પહેલો એણે શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એનું સમ્યગ્દર્શન વડે આચરણ કરે, સમ્યગ્જ્ઞાન વડે આચરણ કરે. **'પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ જિન-આજ્ઞાસે પ્રકટ કરે,...'** સમજાણું કાંઈ?

આ શબ્દ પડ્યો છે ને **'આચરણ કરે,...'** એમાંથી કોઈ એવું કાઢે છે કે પહેલું સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરો અંદરમાં. પછી દ્રવ્યલિંગ ધારણ કરે. એમ ક્યાં છે? ચારિત્ર પહેલું આવે ઈ દર્શન સહિત આવે. સ્વરૂપ આત્મા ભગવાન, શુદ્ધ આનંદની પ્રતીત, અનુભવ, જ્ઞાન હોય પણ સ્વરૂપનું આચરણ થઈ જાય ચારિત્ર, તો તો પછી નગ્નપણું કે વિકલ્પો બાર પ્રકાર, વીસ પ્રકારનો હોય છે પોતાને, એની પછી કાંઈ જરૂર નથી. પણ અહીંયાં સમજાવવું છે. એટલે શૈલી એમ લીધી છે. **'मिथ्यात्वादीन् च दोषान् त्यक्त्वा'** મિથ્યા અભિપ્રાય, અવ્રત, કષાય આદિના ભાવો એટલે કે મિથ્યાત્વ સંબંધીની સાથે અવ્રત કષાયાદિ જે છે એની ભૂમિકાની... સમજાય છે કાંઈ આમાં? આ બધી કોની વાત કરે? કોની છે? કોઈ દિ' જાતને જાણવાને, જોવાને નવરો થયો નથી. આહાહા..!

'શ્રીમદ્' કહે છે ને સોળમે વર્ષે. સોળ વર્ષે. સોળ વર્ષની ઉંમરે. સાત વર્ષે જાતિસ્મરણ (થયું) હતું.

**હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરૂં?**
**કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?**

**એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યાં.**

સોળ વર્ષે કહે છે, સોળ! શરીરના સોળ વર્ષ, હોં! આત્માને વર્ષ-બર્ષ છે નહિ. સાંભળ્યું છે ને 'ચીનુભાઈ' એ? સાત વર્ષે એમને જાતિસ્મરણ થયું પૂર્વ ભવનું જ્ઞાન. 'શ્રીમદ્ રાજચંદ્ર'ને. સોળ વર્ષે 'મોક્ષમાળા' પુસ્તક બનાવ્યું. 'મોક્ષમાળા'. ૧૦૮ પાઠ બનાવ્યા. માળાના ૧૦૮ મણકા હોય ને મણકા? ણમો અરિહંતાણં... ણમો સિદ્ધાણં... એવા ૧૦૮ મણકા હોય ને શું કહેવાય એ? પારા. એમ ૧૦૮ પાઠ બનાવ્યા સોળ વર્ષે. એમાં એક પાઠમાં આ નાખ્યું. લખતાં લખતાં રુશનાઈ ઢોળાઈ ગઈ એમાં. કીધું આ શું? એટલે પછી આ બનાવ્યું.

**'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?'** હું કોણ છું? આત્મા છું. ક્યાંથી થયો? ક્યાંથી થાય? અનાદિ છે. સ્વરૂપ શું છે ખરું? એનું વાસ્તવિક-યથાર્થ સ્વરૂપ શું છે? શરીર, વાણી, મન, પુણ્ય-પાપના રાગ રહિત એની વાસ્તવિક ચીજ શુદ્ધ આનંદકંદ છે એ તો. એવા સ્વભાવની અંતર દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ છે. સમજાણું કાંઈ? એને અહીંયાં મિથ્યાત્વનો નાશ થઈ... મિથ્યાત્વ આદિ શબ્દ છે ને? એટલે વધારે કહે છે. વીતરાગ આચરણ ચારિત્ર હોય, એમ કહે છે. એ કહેવા માગે છે પણ એનો અર્થ કાંઈ... વીતરાગ ચારિત્ર હોય અને પછી દ્રવ્યલિંગ આવે-એ બરાબર નથી. એમ કેટલાક કહે છે. પંડિતોનો એક મત છે. પહેલું આવે સાતમું ગુણસ્થાન-ચારિત્ર. પછી વિકલ્પ આવે તો વસ્ત્ર છોડે. એમ ન હોય. સમજાણું કાંઈ? છે ને? ક્યાં? એમાં છે. લ્યો, આવું ક્યાં છે, પંડિતજીને પૂછ્યું. 'પત્રાવળી'માં છે ને. 'તરંગીણી પત્રાવળી'માં છે.

મુમુક્ષુ :- એમાં આવે છે...

ઉત્તર :- તરંગીણી પત્રાવળી છે ને એમાં આ ગાથાઓ આવી છે. પહેલું એમ કે મુનિપણું આવે અંદર ચારિત્ર—સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્ર વીતરાગ દશા (આવે), પછી સાતમેથી હેઠે ઉતરે ત્યારે વિકલ્પ આવે ત્યારે વસ્ત્ર છોડે. દ્રવ્યલિંગ ધારણ કરે. પત્રાવળીમાં એમ આવે છે. એમ હોય નહિ. સમજાણું કાંઈ?

અહીં તો મિથ્યાત્વ આદિને લગતા જે કષાયો છે એને જેણે છોડ્યા છે. મિથ્યાત્વ, અનંતાનુબંધી કષાય એ જેને આત્માના આનંદસ્વરૂપનું ભાન થઈને (છોડ્યા છે). અરે..! હું તો અતીન્દ્રિય આનંદનું ધામ સ્વભાવ સાગર છું. રાગનો વિકલ્પ એ મારો નહિ, મારામાં નહિ, પલટતી દશા એ મારામાં નહિ, અરે..! પલટતી અવસ્થા વર્તમાન નિર્મળ એ પણ મારા ત્રિકાળમાં નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! ધર્મ ચીજ કોઈ મોંઘી છે. અરે..! ચોર્યાશીના અવતારમાં એક જરી પ્રતિકૂળતા આવે ત્યાં રાડેરાડ નાખે. .. થયો. શું કહેવાય

આ? ગોટલા ચડે. કોલેરા. આહાહા..! જુવાન-જુવાન છોકરાને કોલેરા ચડે ને ગોટલા ચડે.

મુમુક્ષુ :- પગના ગોટલા ચડે.

ઉત્તર :- પગના ગોટલા. રાડેરાડ પણ. અરેરે.! શું કહે છે કોલેરા? કોલેરા કહે છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આપણે હિન્દુસ્તાનમાં તો એ શબ્દ છે. કોલેરા. કોલેરા. આ થયું નહોતું? રસ્તામાં. 'માંડળ'થી આવતા હતા સાથે. એના માણસો હતા. કેટલાક હશે? સો-બસ્સો હશે? રસ્તા જંગલ. હવે મા-બાપ ને કુટુંબ બધું સાથે. છ-છ ગાઉએ પડાવ નાખે. જંગલ ત્યાં. ખાવાનું સાથે રાખે .. ખાય. છ-છ ગાઉ ચાલે. એમાં બે છોકરાને કોલેરા થયા જુવાન. રસ્તામાં. જંગલ. બેય જુવાન હતા. કોલેરા થયા. મા-બાપ કહે, ભાઈ! અમે શું કરીએ? અમે અહીંયાં રૈયતના નથી. કારણ કે જંગલમાં કોઈ ન મળે. આ કોઈ સથવારો સાથે હોય તો છ-છ ગાવે પડાવ નાખે અને સાથે ચોખા કે એવું હોય તો ખાય. હતા કે નહિ કોઈ? કોણ હતું? તમારે 'મૂલકચંદભાઈ' કોઈક સાથે હતા? સાથે હતા?

મુમુક્ષુ :- સાથે જાત્રા...

ઉત્તર :- કારણ કે જંગલ એકલું. .. મોટું જોખમ છે. માથે તકરાર .. લડાઈ-લડાઈ. 'જાપાન'ની લડાઈ. બોમ્બ પડતા. ભાગ્યા માણસો ત્યાં. યુવાન બેને કોલેરા. મા-બાપ કહે, ભાઈ! અમે અહીં રહેશું. અહીં કાંઈ સાધન નથી ખાવાનું-પીવાનું. એક-એક પાણીનો લોટો .. ચાલી નીકળ્યા. ઓલા રોવે. અરે..! મા! અમે શું કરશું? એક પછી એક મરી ગયા હશે. કોલેરા... જુવાન માણસ હતા. વાણિયાના દીકરા. આહાહા..! એવા મરણ તો અનંતવાર થયા છે. એણે ક્યાં વિચાર ઈતિહાસ પોતાનો જોયો છે ક્યાંય? સમજાણું કાંઈ? દુકાનનો ધંધો માંડ્યો હોય પચાસ વર્ષથી તો એનો ઈતિહાસ તપાસે. પહેલા આટલી પેદાશ થતી, પછી આટલી હતી, પછી આટલી હતી. હવે વધી ગઈ. ધૂળની વધી નથી હવે. આ ઈતિહાસ તપાસે, પણ આ અનંતકાળમાં ક્યાં હતો? અને ક્યાં ક્યાં રહ્યો છું? થોડી એક માણસપણું સગવડતા કાંઈ ચામડી સારી, પૈસા પાંચ-દસ લાખ થયા અને બાયડી-કુટુંબ થયા એમ થયું. ઓહોહો..! અરે..! મરી ગયો. એ ચીજમાં તું નથી અને તારામાં એ નથી. આહાહા..! પોતાની ચીજને...

અહીં કહે છે એકરૂપ શુદ્ધ ભગવાન આત્મા છું હું તો. રાગનો વિકલ્પ દયા, દાનનો ઊઠે એ પણ મારી ચીજમાં નહિ. આગળ કહેશે. જરી આવે, સમકિતીને શુભભાવ આવે અશુભથી છૂટવા.

મુમુક્ષુ :- આવે એ જુદો વિષય છે અને એનો માલિક થાય...

ઉત્તર :- માલિક થાય, સ્વામી થાય, એનાથી લાભ માને (તો મિથ્યાદષ્ટિ છે). સમ્યગ્દષ્ટિ થયા પછી અનુભવ થઈને પછી શુક્લ જે શુદ્ધભાવ છે એ તો તદ્દન આદરણીય છે. અને શુભભાવને અશુભ ટળવા માટે સમકિતીને, હોં! અજ્ઞાનીને અશુભ ટળવા માટે છે જ નહિ. કારણ કે એને તો મિથ્યાત્વ એ મહા અશુભ પડ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! તારા મરણના રુદન તારી માએ કર્યા એના નીરના સમુદ્ર અનંત ભરાણા, ભાઈ! આવા તારા મરણ થયા છે. ભૂલી ગયો તું. જરી કાંઈક સારી સગવડતા થઈ બહાર.. થઈ રહ્યું.

કહે છે કે હવે તો આ ટાણા-અવસર આવ્યા છે, ભાઈ! મિથ્યાત્વ આદિનો નાશ કર પહેલો. સમજાણું કાંઈ? મહાપાપ, મહાદોષ, મહા અધર્મ એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! પરમાં સુખ છે એવી બુદ્ધિ. પોતાના આનંદથી કાંઈક અધિકપણું પરમાં ભાસે. આમ લાભ, ઉત્સાહ (ભાસે) એનો અર્થ કે એ મારાથી અધિક ચીજ છે અને હું એનાથી હીણો છું. આહાહા..! સમજાણું કાંઈ? એ સૂક્ષ્મ મિથ્યાત્વ છે. એવા મિથ્યાત્વભાવ અને એનું અજ્ઞાન છોડ અને જ્ઞાન કર, શ્રદ્ધા કર, આચરણ કર. આચરણ એટલે સમકિત. પોતાનું જે આચરણ એટલું લેવું. વિશેષ આચરણ કરવા જાય તો ચારિત્ર થઈ જાય પહેલું અને પછી દ્રવ્યલિંગ અઠ્યાવીશ મૂળગુણ હોય એમ હોઈ શકે નહિ. લખાણ તો અનેક પ્રકારના આવે. એનો અર્થ સમજવો જોઈએ ને? લ્યો! અહીં તો આ કહે છે.

**'શુદ્ધ આત્માકા શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરે, પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ...'** ધારણ કરે. સમજાણું કાંઈ? એ તો લખવાની શૈલી કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને? પહેલું સમ્યગ્દર્શન, આત્માનો અનુભવ, આનંદમૂર્તિ આત્મા છે. સચ્ચિદાનંદ સ્વરૂપ હું છું. મારામાં અતીન્દ્રિય આનંદની ખાણ છે. એકલો શાંતિનો સાગર છું. આહાહા..! મારી શાંતિ ક્યાંય બહારથી આવે એવી નથી. પૈસે નથી, બાયડીએ નથી, છોકરાએ નથી, આબરૂમાં નથી, મકાનમાં નથી, હજીરામાં ક્યાંય નથી. 'ભગવાનજીભાઈ'! એ તો જોયું ને ત્યાં બે લાખ ઓછા કરીને પણ વેચવું પડ્યું. આહાહા..! કોના મકાન? કોનું વેચાણ? ભાઈ! તારી જાતને જો તો ખરો. આહા..! અંદર વસ્તુ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. ઉજળો-નિર્મળ કીધું ને? એકરૂપ શુદ્ધ આત્મા. વિકલ્પની અનેકતા નહિ, શરીરની ભિન્નતા... એનો સંયોગ તારી ચીજમાં નથી, ભાઈ! તું તો આત્મા છો.

એને છોડી **'પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ...'** એટલે એનો અર્થ કે સમ્યગ્દર્શન અને આત્માના અનુભવ કર્યા પછી મુનિપણું અંગીકાર કર, એમ. સમજાણું કાંઈ? **'મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ...'** અઠ્યાવીશ મૂળગુણ એને પ્રગટ થાય ત્યારે એને અઠ્યાવીશ મૂળગુણ દ્રવ્યલિંગપણે કહેવામાં આવે. નગ્નપણું તો બહાર પરનું. એ અઠ્યાવીશ મૂળગુણ એ વિકલ્પ આસ્રવ છે.

એ કાંઈ આત્માના નથી. પણ ભાવસ્વરૂપનો અનુભવ થયા પછી એવો એક અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પનું દ્રવ્યલિંગપણું આવે છે એને અહીંયાં દ્રવ્યલિંગ પ્રગટ કર એમ કહેવામાં આવ્યું છે. ભારે વાત, ભાઈ! આહાહા..!

**'પીછે મુનિ દ્રવ્યસે બાહ્યલિંગ જિન-આજ્ઞાસે પ્રકટ કરે,...'** જોયું! જિન આજ્ઞા પ્રમાણે અઠ્યાવીશ મૂળગુણ હોય એને. વીતરાગ પરમાત્માની આજ્ઞા (છે કે) આત્માનું જ્ઞાન, સમ્યગ્દર્શન અનુભવ થયા પછી બાહ્ય લિંગમાં એને અઠ્યાવીશ મૂળગુણ હોય, પછી સ્વરૂપમાં ઠરે ત્યારે એને આનંદની ચારિત્ર દશા પ્રગટે. સમજાણું કાંઈ? **'પ્રકટ કરે, યહ માર્ગ હૈ.'** આ માર્ગ છે ભગવાનનો પોકારેલો. આહા..! બાળપણ ખેલમેં ખોયા, જુવાની થઈ સ્ત્રીમાં મોહ્યા, વૃદ્ધપણું દેખકર રોયા. ત્રણેયમાં કાંઈ કર્યું નહિ. હું કોણ છું? સમજાણું કાંઈ? આ ભણવામાં ગયો. એય..! 'અતુલભાઈ'! ખેલમાં તો ભણવામાં. દસ-દસ વર્ષ, પંદર-પંદર વર્ષ તો ભણવામાં જાય. આહાહા..! પાપનું ભણવું. પાપનું હશે કે નહિ? આહાહા..! અરે..! તું તને ન ભણ્યો. તને તારી કિંમત ન થઈ. તેં કિંમત આપી પરને. આહાહા..! એક બીડી સરખી મળે, તમાકુ હોય તો આહા...! નારાયણ મળી ગયા જાણે! પણ શું છે?

એક હમણા આવ્યો હતો. ઓલું તમાકુ હોય છે ને તમાકુ ચુનાવાળું. આમ આમ કરતો હતો. ચુનો પડે છે ને? તમાકુ, આમ થાપણ મારે. એટલે શું ઓલી ઝીણી-ઝીણી ઊડી જાય અને પછી મોઢામાં અહીં નાખે. તમાકુ, જેમાં કંથવા મરી ગયેલા પડ્યા હોય. કંથવા સમજો છો? છોટા કીડા. અમે નજરે જોયું છે, હોં! ઘણા વર્ષની વાત છે. શું કહેવાય? 'કરમસદ'. 'કરમસદ' છે ને ગુજરાતમાં? આ 'વલ્લભ પટેલ'નું ગામ. એક ફેરી હું ત્યાં ગયેલો દુકાનેથી માલ લેવા. બીડી. વરિયાળીની બીડી થાય ત્યાં. તમાકુ હોય ને? વરીયાળી. વરિયાળીના રસમાંથી બીડી કરે એ લોકો. લેવા ગયેલા. આ તો ૬૬-૬૭ની વાત હશે. સંવત્ ૧૯૬૬-૬૭. રાત્રે રહ્યા હતા. પાટીદારનું ગામ હતું. સવારે અમે જંગલ નીકળ્યા હતા. સાથે હોય ને બતાવવા. ત્યાં વચમાં ખેતર હતું તમાકુનું. તમાકુનું ખેતર. આમ બતાવતા હતા કે આ ઠેકાણે છે. અરે..! કીધું, આમાં તો કેટલા જીવડા છે. એ મરી જાય. તમાકુના પાન હોય છે. તમાકુના પાંદડા. એમાં કંથવો બેસે. એની તિખાશને લઈને મરી જાય ત્યાં.

મુમુક્ષુ :- .. પત્તા...

ઉત્તર :- મરી જાય. એનો ભુક્કો કરીને આ છીંકણી (બનાવે). આહાહા..! હવે બાયું પણ સૂંઘવા શીખી છે. નહિતર બાયું નહોતી સૂંઘતી. હવે તો બીડી પીવે છે. આહાહા..! અરે..! ભગવાન! આ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આમ બહાર નજર પડતા ખબર તો પડે ને. આહાહા..! અરે..! ભગવાન! એને નશો ચડે એનાથી. તમાકુ ખાય, છીંકણી સૂંઘે. પાગલ છો માળા. આહાહા..! વ્યસન એટલે કષ્ટ. એ તો બધું કષ્ટ છે. આહાહા..!

ભગવાન આત્મા એ વ્યસન વિનાનો ચૈતન્ય વ્યસની છે એ તો. આહાહા..! અરે..! કોઈ દિ' કરવાનું એણે કર્યું નહિ. અને નહિ કરવાના કરીને ચોર્યાશીના અવતારમાં રખડ્યો. બહારની મીઠાશું એવી સારી લાગે. મકાન, પાંચ-પચાસ લાખની મૂડી, હજીરા મોટા હોય, બાયડી-છોકરી રૂપાળી હોય, એમ.એ., એલ.એલ.બી.ના પૂંછડા વળગાડ્યા હોય. ઓહોહો..! શું છે પણ? એ બધા સોજા છે. સમાશે તો દુઃખી થઈશ. આહાહા..! જુઓને આપણે 'રમાબહેન', નહિ? સોજા થયા હતા. બ્રહ્મચારી. સોજા સમાણા, ઊડીને વયા ગયા. બાળબ્રહ્મચારી. 'રમા'. 'તપસી'ના ભાઈની દીકરી. પચાસ દીકરીમાંથી પહેલો એણે રસ્તો લઈ લીધો. આ તમારી .. સોજા ચડી ગયા હતા. ... અસાધ્ય થઈ ગઈ, ત્યારે ખબર પડી. મેં કીધું, આ વળી શું છે? અસાધ્ય. ૧૯ થી ૨૦ વર્ષની ઉંમર. બાળબ્રહ્મચારી. 'કરશનભાઈ'ની દીકરી. ચાલ્યા ગયા. સોજા છે આ બધા બહારના. સમાણા ભેગા દુઃખી-દુઃખી... હાય.. હાય.. અરેરે..! કોઈ અમારું નહિ? કોણ તારું હતું? સાંભળને. અહીં તો શુદ્ધ ભગવાન આત્મા એક એનો છે. આહાહા..! એની સામું જો અને એનો આદર કર. રાગ અને પર ને પર્યાયનો આદર છોડી દે. એની સામે જોવું છોડી દે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જિન-આજ્ઞાસે પ્રકટ કરે, યહ માર્ગ હૈ.'** વીતરાગની આજ્ઞા પ્રમાણે પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કરી, મિથ્યાત્વનો નાશ કરી પછી દ્રવ્યલિંગ અને અઠ્યાવીશ મૂળગુણ આદિ આવે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'ભાવ શુદ્ધ હુએ બિના...'** ભાવ શુદ્ધ હુએ બિના. ભાવ શુદ્ધ હુએ બિના, એમ કહ્યું છે. પુણ્ય-પાપના ભાવ થયા વિના એમ નહિ. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યનો ગંજ આનંદનું ધામ છે ને. એની શ્રદ્ધા-જ્ઞાનના **'શુદ્ધભાવ હુએ બિના પહિલે હી દિગંબરરૂપ ધારણ કર લે...'** પહેલેથી નગ્ન થઈ જાય દિગંબર. કહો, 'શાંતિભાઈ'! 'શાંતિભાઈ' થોડા ભાગ્યશાળી તે રહી ગયા. એ સાધુ થવાના હતા ને. 'શાંતિભાઈ'. 'લીંબડી'ના ગૃહસ્થ માણસ. બૈરા છે, છોકરા છે, મા-બાપ છે. દિગંબર સાધુ થઈ જવાના હતા. ... રહી ગયા આ સાંભળીને.

મુમુક્ષુ :- કહેતા હતા...

ઉત્તર :- ... વેગ આવી ગયો, વૈરાગ્ય આવી ગયો. બૈરા યાદ ... કેટલા વર્ષ પહેલાની વાત છે? ચાર-પાંચ વર્ષ? સાત વર્ષ? સાત વર્ષ થયા. બૈરાને કીધું, રજા કેમ આપી તમે

આને? શું કરીએ? સામું જોવે નહિ, બેસે નહિ. રજા આપી દીધી. છોકરો છે, મા-બાપ છે, બધું છે. ગૃહસ્થ છે. સમજાણું કાંઈ? હેરાન થાત. .. ... સમ્યગ્દર્શનની તો ખબર નથી. એટલે એનો સાર પરમાં ચાલ્યો જાય છે. ... માયાચાર થાય, રાગાદિ વિશેષ થઈ જાય, સ્વરૂપના શુદ્ધ ચૈતન્ય ભગવાનની ભાવના તો છે નહિ.

'**ભ્રષ્ટ હોકર ભી મુનિ કહલાતા રહે...**' ભ્રષ્ટ હોય અને છતાં પોતાની પદવી તો મનાવ્યા કરે. એ તો મહામિથ્યાત્વનું સેવન છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ભ્રષ્ટ હોકર ભી મુનિ કહલાતા રહે...**' જે પદ હોય એની પાસે દશા તો હોય નહિ. પછી '**મુનિ કહલાતા રહે તો માર્ગકી હંસી કરાવે...**' માર્ગનો હાસ્ય થાય, મશ્કરી થાય કે આહાહા..! ક્યાં મુનિ એને વૈરાગ્ય જોઈએ એ ન મળે. અને સમ્યગ્દર્શન વિના પુણ્ય-પાપથી હઠીને વૈરાગ્ય જ ન હોઈ શકે.

વૈરાગ્ય તો એને કહે છે ભગવાન કે શુભ-અશુભ જે રાગ ઉઠેને પુણ્ય-પાપના વિકલ્પ, રાગ, એનાથી હઠીને સ્વભાવમાં આવવું એનું નામ વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? આ બાયડી, છોકરા છોડી દે. છૂટા જ પડ્યા છે, ક્યાં ગરી ગયા હતા અંદરમાં? એ તો બહાર બિચારા રખડે છે એમ ને એમ. સમજાણું કાંઈ? એનામાં તો પુણ્ય અને પાપના ભાવ જે છે શુભ-અશુભરાગ, ભાવ એનાથી વિરક્ત થવું એનું નામ વૈરાગ્ય છે. આહાહા..!

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી. આવે છે ને 'શ્રીમદ્'માં?

**સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.**

લાખોના મોતીના વેપાર હતા 'શ્રીમદ્'ને, 'મુંબઈ'માં. પણ અંતરમાં આત્મભાન હતું. સમ્યગ્દર્શન થયું હતું. સમજાણું કાંઈ? પછી ભાવના ભાવે છે કે અહો..! અમે મુનિ ક્યારે થઈએ? આ સંસારનો રાગ છૂટીને અમે મુનિ ક્યારે થઈએ? '**સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી..**' ભાવ શબ્દે પુણ્ય-પાપના વિકલ્પાદિ બધાય.

**સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.**
**દેહે પણ કિંચિત્ મૂર્ચ્છા નવ જોય જો.**

એ પરપદાર્થની મૂર્છા કેવી? મારો ભગવાન તો પરથી ભિન્ન છે ને. સમજાણું કાંઈ? એના સાધનની સરાણે ક્યારે ચડીશ અને ક્યારે ચારિત્ર લઈશ? એવી ભાવના ગૃહસ્થાશ્રમમાં

સમકિતી ભાવે છે.

કહે છે, **'ભાવ શુદ્ધ કરકે...' 'ઈસલિયે જિન આજ્ઞા યહી હૈ કિ ભાવ શુદ્ધ કરકે બાહ્ય મુનિપના પ્રગટ કરો.'** સમ્યગ્દર્શન અનુભવ કરી પછી મુનિપણાની ક્રિયા પ્રગટ થાય, અઠ્યાવીસ મૂળગુણ આદિ બાહ્ય દેખાય, એમ કહે છે.

**'આગે કહતે હૈં કિ શુદ્ધ ભાવ હી સ્વર્ગ-મોક્ષકા કારણ હૈ, મલિનભાવ સંસારકા કારણ હૈ :-'** આહાહા..!

**भावो वि दिव्वसिवसुक्खभायणो भाववज्जिओ सवणो।**
**कम्ममलमलिणचित्तो तिरियालयभायणो पावो।।७४।।**

**અર્થ :- 'ભાવ હી સ્વર્ગ-મોક્ષકા કારણ હૈ, ઔર ભાવરહિત શ્રમણ...'** શુદ્ધભાવ ભગવાન આત્મા, એની પવિત્રતાની પરિણામની દશા વિના પવિત્ર પ્રભુ આત્મા, એની પવિત્રતાના પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન વિના **'પાપસ્વરૂપ હૈ,...'** એ સાધુ થાય પણ પાપસ્વરૂપ છે, કહે છે. બાહ્ય .. આહાહા..! **'તિર્યંચગતિકા સ્થાન હૈ...'** માયા થાય, કપટ થાય, પોતાનું પદ ઊંચું બતાવવા વલખા મારે. શાસ્ત્રમાંથી પણ એવો કોઈ રીતે ઉપાય નીકળતો હોય કે અમે કાંઈક છીએ. શાસ્ત્રમાંથી એવી શોધખોળ કરે. સમજાણું કાંઈ? ભગવાન કહે છે કે **'तिरियालय'** તિર્યંચનું સ્થાન ભાજન થાય. તિર્યંચગતિમાં જાય. આહાહા..! સમજાણું કાંઈ?

ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય તોપણ સ્વર્ગમાં જાય મરીને દેહ છૂટીને. સમજાણું કાંઈ? સંસારમાં સમ્યગ્દૃષ્ટિ હોય, આત્માનું ભાન હોય, આસક્તિનો થોડો રાગ બાકી હોય, સ્ત્રી-કુટુંબનું નિમિત્તપણું પણ હોય, પણ અંતરમાં પરથી તદ્દન સ્વામીપણું છૂટી ગયું છે. એ રાગ ને પરનો હું ધણી નથી. સમજાણું કાંઈ? હું તો ધણી મારા આનંદ અને જ્ઞાન સ્વરૂપનો સ્વામી છું. આહાહા..! એવી મીઠાશની આગળ ગૃહસ્થાશ્રમમાં રહેલો સમકિતી પણ દેહ છૂટે તો સ્વર્ગમાં જાય. સમજાણું કાંઈ? એમ આ કહે છે કે તિર્યંચમાં જાય. તિર્યક્ ગતિ. પાઠ તો એવો છે કે **'तिरियालय'** શબ્દ છે. તિર્યંચનો આલય. આલય એટલે સ્થાન. એનું ભાજન મકાન. તિર્યંચના મકાનમાં જાય. આહાહા..! માયા, કપટ, કુટિલતા, અધિકતા બતાવવું, પદ નથી ને પદનું અભિમાન સેવવું એ બધા તિર્યંચગતિના સ્થાનક છે. સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યોએ પણ કેટલી કરુણાથી...

કૈસા હૈ શ્રમણ? **'કર્મમલસે મલિન ચિત્તવાલા હૈ.'** ચિત્તમાં તો મલિનતા, અશુદ્ધતા પડી છે. પવિત્રતા તો પ્રગટી નથી. શુદ્ધતાનું ભાન નથી, સમ્યગ્દર્શન નથી, ચિત્તમાં મલિનતા છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ** :- '**ભાવસે શુદ્ધ હૈ વહ તો સ્વર્ગ-મોક્ષકા પાત્ર હૈ...**' એટલે કે શુદ્ધતામાં હજી પૂર્ણ શુદ્ધતા ન થાય ત્યાં સુધી ધર્મીને પણ એવો શુભરાગ રહી જાય. એટલે એને લઈને સ્વર્ગમાં જાય. આહાહા..! સમજાણું કાંઈ? '**મોક્ષકા પાત્ર હૈ...**' પોતાનો ભગવાન આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્યદળ, એની સ્થિરતા અને રમણતા જે છે એ મોક્ષનું કારણ છે. '**ભાવસે મલિન હૈ વહ તિર્યંચગતિમેં નિવાસ કરતા હૈ.**' લ્યો! '**ભાવસે મલિન હૈ વહ...**' તે ઢોર ગતિમાં જાય, માયાથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**આગે ફિર ભાવકે ફલકા માહાત્મ્ય કહતે હૈં :-**'

**खयरामरमणुयकरंजलिमालाहिं च संथुया विऊला।**
**चक्कहररायलच्छी लब्भइ बोही सुभावेण।।७५।।**

**અર્થ** :- '**સુભાવ અર્થાત્ ભલે ભાવસે, મંદકષાયરૂપ વિશુદ્ધભાવસે,...**' સમકિતી જીવને રાગની મંદતા ભાવ હોય છે તેથી આ ચક્રવર્તી આદિ પદ મળે, એમ કહે છે. અજ્ઞાનીની વાત છે નહિ. અજ્ઞાનીને મંદ ભાવ હોઈ શકતો જ નથી. કારણ કે મિથ્યાત્વભાવની તીવ્રતા છે ને ત્યાં તો. અને એને ચક્રવર્તી, તીર્થંકરપદના ભાવ હોઈ શકે નહિ. સમ્યગ્દૃષ્ટિ છે, ચારિત્ર લઈ શકતો નથી. આત્માના સ્વરૂપનો રસ, આનંદરસ આવ્યો છે, પણ આનંદમાં લીનતાની ચારિત્રદશા પ્રગટી નથી. આહાહા..! તો એને મંદ કષાયના પરિણામ શુભભાવ, હોં શુભ! વિશુદ્ધ એટલે શુભ. એ કરી ચક્રવર્તી થાય. છ ખંડનો ધણી ચક્રવર્તી થાય. શુભભાવને લઈને, હોં! ધર્મની શુદ્ધતાથી તો મુક્તિ થાય.

'**ચક્રવર્તી આદિ રાજાઓંકી વિપુલ અર્થાત્ બડી લક્ષ્મી પાતા હૈ.**' 'ચક્રવર્તી આદિ રાજાઓંકી વિપુલ અર્થાત્ બડી લક્ષ્મી પાતા હૈ.' ધર્મીને આત્મલક્ષ્મીનું બહુમાન છે એથી એને રાગ બાકી રહી જાય એમાં બહારની લક્ષ્મી એને પણ પ્રાપ્ત થાય. અજ્ઞાનીને ન થાય એવી લક્ષ્મી જ્ઞાનીને પ્રાપ્ત થાય. પૂર્વે જ્ઞાનના ભાનમાં કરેલી વાત છે, હોં! વર્તમાન જ્ઞાની તો સાતમી નરકમાં પણ હોય, લક્ષ્મી ન હોય. પણ એના ફળ તરીકે લક્ષ્મી પામે. '**ખચર (વિદ્યાધર),...**' ખ-ખ. ખ એટલે આકાશ. આકાશમાં ચરનારા વિદ્યાધર મનુષ્ય હોય છે. વૈતાક પર્વત ઉપર.

'**અમર (દેવ) ઔર મનુજ (મનુષ્ય)...**' અમર છે ને? દેવને અમર કહેવામાં આવે છે ને? 'જીથરી'ને 'અમરગઢ' નામ આપ્યું ને હમણાં. મરવાના .. ક્ષય રોગ .. 'અમરગઢ' કરો. આહાહા..! અમારે કાગળ આવ્યો છે. કીધું ને એક ભાઈ ત્યાં બેંકનો માણસ છે કોક. નાની ઉંમરનો બિચારો. આવતો રવિવારે બહુ આવતો અહીંયાં. ચાલીસ વર્ષની ઉંમર હશે. મને ૩૦-૩૫-૩૨ જેવી લાગતી હતી. બેય આંખ છ મહિનામાં ગઈ. ક્યાં ગયા ભાઈ?

તમે જ કહ્યું નહિ? કાલે યાદ કર્યા હતા તમને. કાલે કાગળ આવ્યો છે એનો. મહારાજ! મારે દર્શન કરવા છે. આંખ તો આવવી હોય તો આવશે પણ હવે... આવતો બિચારો રવિવારે, હોં! દરરોજ. બેંકમાં છે. ટીબીની દવા કરી હશે ને કાંઈક તો દવાની ગરમી બહુ થઈ તો ગરમ લાગે છે. ટીબીમાં હતો. બે આંખ ગઈ. આહાહા..! એ જડની અવસ્થા ક્ષણમાં પલટે. સમજાણું કાંઈ? એ ઈન્દ્રિયો એક એક ઈન્દ્રિય ક્ષણમાં પલટી જાય. અતીન્દ્રિય ભગવાન તો ધ્રુવનો ધ્રુવ એમ ને એમ છે. સમજાણું? એવા અતીન્દ્રિય આનંદના ભાનમાં તો અતીન્દ્રિય પરિણતિ થાય. બાકી રહી જાય રાગ જરી મંદ કષાય તો, કહે છે, આ બધા એને હાથ જોડે, એમ કહે છે.

સમકિતી શુભભાવથી ચક્રવર્તી આદિ થાય તો '**(મનુષ્ય) ઈનકી અંજુલિમાલા (હાથોંકી અંજુલિ) કી પંક્તિસે સંસ્તુત (નમસ્કારપૂર્વક સ્તુતિ કરને યોગ્ય) હૈ...**' આમ હાથ જોડે. લાખો મનુષ્યો કરોડોમાં. સમ્યગ્દૃષ્ટિ આત્માના ભાનવાળા કાંઈક પુણ્ય બાકી રહી ગયું એમાં ચક્રવર્તી આદિ થાય તો કરોડો-કરોડો, અબજો મનુષ્યો આમ (હાથ જોડે). સમજાય છે કાંઈ? આહાહા..! છે ને પાઠમાં છે ને? '**चक्रधरराजलक्ष्मीः लभ्यते बोधिः**' '**मरमणुयकरंजलिमालाहिं**' એમ કહે છે. હાથની માળા. કરોડો મનુષ્યો (બોલે), ખમા અન્નદાતા! અજ્ઞાનીને એવું સાધન હોઈ શકે નહિ. એમ કહે છે, પુણ્ય પણ સમકિતીના જ ઊંચા હોય છે. આહાહા..!

જેને આત્માનું ભાન છે, આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. આ દેહ તો માટી હાડકા, ચામડા છે. આ તો રાખ થઈ જશે. રાખ છે અને રાખ થશે. ભગવાન આત્મા કાંઈ ભસ્મ થાય એવો નથી. એ તો આનંદનું ધામ ધ્રુવ છે. એવું જેને ભાન (થયું છે) એને જે પુણ્ય બંધાઈ જાય શુભભાવમાં, તો કહે છે કે મોટા મોટા રાજાઓ, વિદ્યાધરો, દેવો અને મનુષ્યો અંજુલિમાલા-આમ હાથની માળા. હાથબંધ કરે. સમજાણું કાંઈ? 'પદ્મનંદી'માં આવે છે કાંઈક એક. હાથ જોડે ભગવાનને, એવું આવે છે. સ્તુતિમાં આવે છે. નહિ? 'ૠષભદેવ'માં આવે છે કે બીજે? બે હાથ જોડ્યા એટલે સ્વર્ગ પણ મળે અને મોક્ષ પણ મળે. બેય મળે એને. એવું કાંઈક લખ્યું છે 'પદ્મનંદી'માં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા. .. પહેલા-પહેલા. અત્યારે (ભલે) કોઈ મિથ્યાદૃષ્ટિ હોય. પહેલા સમ્યગ્દર્શન વિના એ શલાકાપુરુષ બને નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પહેલા સમ્યગ્દર્શન ન હોય તો એ પદ મળે જ નહિ. તીર્થંકર, ચક્રવર્તી,

બળદેવ, વાસુદેવ, એ બધા સમ્યગ્દૃષ્ટિના (પુણ્યથી પદવી મળે છે). કેમકે એવી મોટી પદવીના પુણ્ય તો ધર્મીને જ હોય. સમજાણું કાંઈ?

અનાજ સેંકડો (કળશી) પાકે તો એની પાસે ખડ તો ઊંચું પાકે એનું. ખડેય ઊંચું હોય. રાડા. રાડા સમજો છો? બાજરામાં પાકે ને? ભાઠા. (સંવત) ૧૯૭૩માં જોયું હતું મેં. ૭૩. ૭૩. કેટલા વર્ષ થયા? ૨૬ ને ૨૭. ૫૩ વર્ષ થયા. 'દામનગર' હતું ચોમાસું. બહુ વરસાદ. છ મહિના વરસાદ. ત્યાંથી ઉઠ્યા અને 'આણોદરી' જતા હતા 'આણોદર'. આપણે છે ને આ બ્રાહ્મણ? રસોઈયો છે ભાઈ. ઉંડા એનું ગામ છે. પણ રસ્તામાં જુઓ તો.. ઓહોહો..! કેટલા ઊંચા ભાઠા અને કેટલા ડુંડા! ઉંડા ૭૩ની વાત છે. ૫૩ વર્ષ પહેલાની વાત છે. બહુ પાક હતો. વરસાદ એવા આવેલા ને. બબ્બે માથોડા રાડા મોટા ઊંચા. બાજરાના, જુવારના. અને દાણા તો પાકે, પણ રાડા આમ મોટા.

એમ ધર્મીને આત્માનું જ્ઞાન અને આત્માનો અનુભવ હોય એમાંથી તો દાણા પાકે, મોક્ષના મોતી. પણ અંદર દયા, દાનના કોઈ વિકલ્પ રહી જાય શુભભાવ તો એનાથી એને રાગ હોય તે પુણ્ય બંધાઈ જાય. એનાથી લક્ષ્મી આદિ બહારની અજ્ઞાનીને ન મળે એવી એને મળે. કહો, સમજાણું કાંઈ? આ તો સ્વરૂપ બતાવે છે, હોં! ખુશી થવાને માટે વાત નથી અહીંયાં. કહો, એય..! ખુશી થવાની વાત નથી કે આહાહા..! ધૂળેય ખુશી (કરવા જેવી નથી). જે પુણ્યથી ખુશી થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. પુણ્યભાવ થાય એ મારા છે, મને લાભ થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. એની આ વાત છે નહિ.

**'અંજુલિમાલા (હાથોંકી અંજુલિ) કી પંક્તિસે સંસ્તુત (નમસ્કારપૂર્વક સ્તુતિ કરને યોગ્ય) હૈ ઔર યહ કેવલ લક્ષ્મી હી નહીં પાતા હૈ, કિન્તુ બોધિ (રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ) પાતા હૈ.'** લ્યો! સમ્યગ્દર્શન અને જ્ઞાન છે એ આગળ વધીને ચારિત્ર પણ અંગીકાર કરે જ એ. સમજાણું કાંઈ? શુદ્ધભાવ સમ્યક્ ચૈતન્યની દૃષ્ટિ અને જ્ઞાન થયું છે, એ આગળ વધીને ચારિત્ર લેવાનો જ. સ્વરૂપની રમણતા પ્રગટ કરવાનો. સમજાણું કાંઈ? તેથી કહ્યું છે ને? દંસણ ભટ્ઠા ન સિઝંતિ. સમકિતથી ભ્રષ્ટ છે એની મુક્તિ નથી. ચારિત્રભ્રષ્ટની મુક્તિ છે. ચારિત્ર ભટ્ઠા સિઝંતિ. કારણ કે ખ્યાલમાં છે કે મને ચારિત્ર નથી. ભાવ શુભ અને અશુભ મને નબળાઈને લઈને આવે છે. એનો જ્ઞાતા (રહે છે). આવે છે, થાય છે, એમ જાણે છે. સમજાણું કાંઈ? એથી એનો આદર છે નહિ. એટલે ચારિત્ર ક્યારે લઉં... જુઓ!

'શ્રીમદ્'માં આવ્યું ને? જુઓને! ગૃહસ્થાશ્રમ છોડી શક્યા નથી. 'શ્રીમદ્'ને લાખો રૂપિયાના મોતીના વેપાર હતા. ધંધો મોટો. ઉદાસ-ઉદાસ. વેપારમાં એની અંદર રુચિ નહિ. વિકલ્પ

જરી હોય. લાખોના વેપાર મોતીના હતા. આ ભાવના કરી, જુઓને! 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?' જુઓ! બાહ્ય અને અભ્યંતર બેય. છે કે નહિ એમાં?

કયારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
સર્વ સંબંધનું બંધન સર્વ છેદીને.
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો.

આ વેપારના ધંધે આ રાગ, આ રાગ. આહાહા..! સમજાણું? વિચરશું મહત્પુરુષ-..વીતરાગ પરમાત્મા અને સંતોની આજ્ઞા પ્રમાણે ક્યારે અમે ચારિત્ર અંગીકાર કરશું? એવી ભાવના તો ધર્મીને હોય છે. એટલે બોધિલાભ એને મળે છે, એમ કહે છે. શુદ્ધભાવવાળા સમ્યગ્દૃષ્ટિને આગળ ચારિત્રની પ્રાપ્તિ થાય જ. પુણ્યને કારણે લક્ષ્મી આદિ મળે.

**ભાવાર્થ :- 'વિશુદ્ધ ભાવોંકા યહ માહાત્મ્ય હૈ.'** લ્યો! વિશુદ્ધભાવ સમ્યગ્દર્શન સહિતનો પુણ્ય વિકલ્પ ભાવ, એને લઈને ... સમજાણું કાંઈ? ઓલામાં આવે છે ને? 'નિયમસાર'માં નથી આવતું? હે આત્મા! તું પરમાત્માની ભક્તિ કરીશ તો સહેજે તને લક્ષ્મી, રાજ આદિ મળશે. આવે છે એક શ્લોકમાં. કળશમાં ભાઈ આવે છે. 'પદ્મપ્રભમલધારિદેવ' 'નિયમસાર'. 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ મહાસમર્થ. હે મુનિ આત્મા! તને ભગવાનનો માર્ગ અંદર બેઠો અને સ્વરૂપનું સાધન છે તો બહારની લક્ષ્મીની ઇચ્છા શું કરવા કરે છે? સ્વર્ગ હોય અને રાણી હોય એ ધૂળ હોય ને. એ તો સહેજે આવીને મળશે વીતરાગના માર્ગમાં, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને ન મળે એવા પુણ્યનું ફળ જ્ઞાનીને બહાર દેખાય. છે એનો જ્ઞાતા. આહાહા..! મને મળ્યું છે પુણ્ય અને હું ફળ ભોગવું છું, એ ધર્મીને હોતું નથી. આહાહા..!

**'આગે ભાવોં કે ભેદ કહતે હૈ :-'** ભાવનું વિશેષ સ્વરૂપ બતાવે છે. જે બતાવવું છે ને આ ભાવપાહુડમાં, કહે છે, આ શુદ્ધભાવ કહેવો છે. એમાં શુભભાવ આવે ખરો થોડો. પણ એમાં અશુભનો નિષેધ છે અને શુદ્ધનો આદર છે. શુભ વચ્ચે આવે. કથંચિત્ વ્યવહારે એને ઉપાદેય કહેવામાં આવે. લખશે ૭૭માં.

भावं तिविहपयारं सुहासुहं सुद्धमेव णायव्वं।
असुहं च अट्टरउद्दं सुह धम्मं जिणवरिंदेहिं।।७६।।

**અર્થ :- 'જિનવરદેવને ભાવ તીન પ્રકારકા કહા હૈ-'** વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવ સો ઇન્દ્રના પૂજનિક પરમાત્મા સમવસરણની મધ્યમાં ભગવાને ત્રણ પ્રકારના ભાવ કહ્યા.

'**૧ શુભ,...**' પુણ્ય પરિણામ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ પુણ્ય. '**૨ અશુભ...**' હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ, અસત્ આદિ એ અશુભ. '**૩ શુદ્ધ.**' એ પુણ્ય-પાપના રાગથી રહિત આત્માને આશ્રયે પ્રગટેલો (ભાવ). શુદ્ધસ્વરૂપ ભગવાન એને અવલંબીને પ્રગટે તે શુદ્ધ. પરદ્રવ્યને અનુસારે પ્રગટે તે અશુદ્ધ. એ અશુદ્ધના બે પ્રકાર. શુભ ને અશુભ. હજી તો પહેલી સમજણના ઠેકાણા ન મળે, એને દૃષ્ટિ ક્યારે પ્રગટે? ક્યારે એ ધર્મ કરે અને ક્યારે જન્મ-મરણ મટે? આહાહા..! મોટી ... પડી છે અનાદિથી સંસાર.

'**આર્ત ઔર રૌદ્ર યે અશુભ ધ્યાન હૈં...**' લ્યો! '**તથા ધર્મધ્યાન શુભ હૈ.**' એમાંથી શુદ્ધ તદ્દન એ ધ્યાન આત્માનું છે. હવે કહે છે જુઓ ઈ.

**सुद्धं सुद्धसहावं अप्पा अप्पम्मि तं च णायव्वं।**
**इदि जिणवरेहिं भणियं जं सेयं तं समायरह।।७७।।**

**અર્થ :- 'શુદ્ધ હૈ વહ અપના શુદ્ધસ્વભાવ અપને હી મેં હૈ ઈસપ્રકાર જિનવરદેવને કહા હૈ,...'** જુઓ! શું કહે છે? શુદ્ધભાવ ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ, એના ભાનવાળો જે શુદ્ધભાવ એ તો પોતાથી, પોતામાં, પોતાને આશ્રયે થાય છે. એમાં કાંઈ પરનો આશ્રય અને વિકલ્પ, નિમિત્તની જરૂર નથી. '**શુદ્ધ હૈ વહ અપના શુદ્ધસ્વભાવ અપને હી મેં હૈ...**' અંદર આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શુદ્ધભાવ જ છે. એનું ભાન થવું, ઓળખાણ થવી, પ્રતીત થવી એ શુદ્ધભાવ. એ તો પોતાનો છે, પોતામાં છે. લ્યો! એ કાંઈ પરદ્રવ્યના નિમિત્તને અનુસરવું નથી. પરદ્રવ્યને અનુસારે થાય તો પુણ્ય અને પાપ થાય, શુભ-અશુભભાવ થાય. શુદ્ધભાવ તો પોતાનો ભગવાન આત્મા છે અંદર, જ્ઞાનના પ્રકાશનો પૂર ચૈતન્યનું નૂર અંદર આત્મા. સમજાણું કાંઈ?

'**सुद्धं**' પાઠ છે ને? '**सुद्धं सुद्धसहावं**' એમ છે. '**अप्पा अप्पम्मि तं च णायव्वं।**' એમ. શુદ્ધ વસ્તુ. પુણ્ય-પાપના વિકલ્પના, રાગના ભાવથી રહિત પવિત્રતાના પરિણામવાળો ભાવ. તે '**અપના શુદ્ધસ્વભાવ અપનેહીમેં હૈ...**' એ તો શુદ્ધ સ્વભાવ પોતામાં પોતાથી છે. '**ઈસપ્રકાર જિનવરદેવને કહા હૈ,...**' જિનવરદેવે-ભગવાને-પરમાત્માએ.. અહો..! સર્વજ્ઞ પરમેશ્વરો, અનંત સિદ્ધો-એને વંદન સ્વીકારે, એને આદર કરે. ભગવાન આમ કહે છે, જુઓ! સમજાણું કાંઈ?

જિનવરદેવ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ. જેની સભામાં સિંહ અને વાઘ બકરાની પેઠે બેઠા હોય. સમજાણું કાંઈ? મોટી ધર્મસભા હોય. કરોડો દેવો, મનુષ્યો, વાઘ અને સિંહ, નાગ. કાળા નાગ મોટા, ૫૦-૫૦ હાથના લાંબા જંગલમાંથી ચાલ્યા આવે. .. કરતા કરતા

ભગવાનના સમવસરણમાં (આવે). 'ભગવાનજીભાઈ'! આમ કાળો નાગ દેખે ત્યાં હાય... હાય.. મરી જઈશું. એવા નાગ નરમ થઈને ભગવાનની સભામાં આવે, હોં! આહાહા..!

અહીં કહ્યું હતું ને? ઘણા વર્ષ પહેલા આપણે ઓફિસમાં 'બાબુભાઈ'. એનો છોકરો હતો બાર વર્ષનો. 'બાબુભાઈ' આપણે ઓફિસમાં છે. દુકાન અહીં છે ને? દુકાન હતી. ઘણા વર્ષ થઈ ગયા. જેઠ સુદ ૪ હતી. જેઠ સુદ ૪. ઘણા વર્ષ થઈ ગયા. .. છોકરો બેઠો હતો દુકાન ઉપર. અહીં ગામમાં. પગ આમ લાંબા કરી આમ આમ પગ હલાવતો હતો. એમાં એક સર્પ મોટો નાગ રહેતો હતો એના મકાનમાં. ધૂળવાળા મકાન ખરા ને પોલા, ન્યાં નાગ રહેતો હતો. એ નીકળ્યો. ઓલો પગ આમ આમ હલાવતો હતો. કરડ્યા ભેગો બોલ્યો, હું મરી જઈશ. હું નહિ જીવું. નાગ જોયો ને આમ મોટો નાગ હતો. નાગ તો કરડીને વયો ગયો અંદર પાછો. ગામમાં ગરુડ રહેતો... શું કહેવાય? ગારુડી બોલાવ્યા. અહીંથી નાખીને લઈ ગયા ત્યાં મરી ગયો, રસ્તામાં મરી ગયો. .. કરડ્યોને ત્યાં, હું હવે નહીં જીવું. મરી જઈશ. આ તો બિચારા પામર જેવા છે, હોં! એ બધા નાગો. ઓલા જંગલી નાગ... આહાહા..! સમવસરણ પરમાત્માની તીર્થંકરની ધર્મસભા હોય ત્યાં ચાલ્યા આવે, હોં! સેંકડો-હજારો સર્પો ચારેકોરથી. સિંહ અને વાઘ. એની મધ્યમાં ભગવાનની વાણી આવી નીકળે છે, કહે છે. જિનવરે એમ કહ્યું છે કે શુદ્ધભાવ તારામાં તારાથી તારામાં છે. કહો, સમજાણું કાંઈ?

**'જિનવરદેવને કહા હૈ, વહ જાનકર...'** **'અપના શુદ્ધભાવ અપનેહીમેં હૈ...'** પોતે જ ભગવાન શુદ્ધ છે એની દૃષ્ટિ કરતાં પરિણામમાં શુદ્ધતા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? **'વહ જાન જાનકર ઇનમેં જો કલ્યાણરૂપ હો ઉસકો અંગીકાર કરો.'** કલ્યાણરૂપ તો શુદ્ધભાવ છે. એમ કહે છે. પાઠમાં તો આટલું લીધું છે. અર્થમાં જરી સમજાવશે હજી થોડું. 'કલ્યાણ...' છે ને પાઠ? **'जं सेयं तं समायरह'** તને શ્રેય લાગે તે આદર હવે. આહાહા..!

**ભાવાર્થ :- 'ભગવાનને ભાવ તીન પ્રકારકે કહે હૈં-'** લ્યો! ભગવાને ભાવ ત્રણ પ્રકારના કહ્યા. એટલે ભગવાને. પરમાત્મા જિનેન્દ્રદેવ સમવસરણમાં ચક્રવર્તી જ્યાં બકરાની જેમ (બેઠા હોય). જેને છન્નું હજાર પદ્માણી જેવી રાણી હોય. પ્રભુ! આપની ચૈતન્ય વૈભવ ઋદ્ધિ એ અમને નમાવે છે. આ વૈભવ અમારા તુચ્છ છે. એ ભગવાન કહેતા હતા કે ત્રણ પ્રકારના ભાવ છે. શુભ, અશુભ અને શુદ્ધ.

**'અશુભ તો આર્ત વ રૌદ્ર ધ્યાન હૈં...'** તદ્દન પાપના પરિણામ છે. એ તો છોડવા લાયક છે. **'વે તો અતિ મલિન હૈં, ત્યાજ્ય હી હૈં. ધર્મધ્યાન શુભ હૈ, ઇસલિયે યહ કથંચિત્ ઉપાદેય હૈ...'** સમ્યગ્દૃષ્ટિને... અજ્ઞાનીની અહીં વાત નથી. સમ્યગ્દર્શનમાં શુદ્ધભાવ છે એમાં રહી શકતો નથી એટલે શુભભાવ હોય છે. અશુભ ટાળવાની અપેક્ષાએ કથંચિત્

ઉપાદેય છે. નિશ્ચયથી તો આદરણીય નથી. વ્યવહાર છે ને? પણ વ્યવહારે અશુભથી બચે છે અથવા અશુભ કહેવાની ભાષા છે. અશુભ હોતું નથી એ ટાણે. એટલે એટલો અશુભરાગ ઘટે છે એ અપેક્ષાએ કથંચિત્ ઉપાદેય કહેવામાં આવે છે. વ્યવહારનયે, હોં! નિશ્ચયથી તો આદરણીય છે જ નહિ ત્રણકાળમાં. આહાહા..!

'**ઈસસે મંદકષાયરૂપ વિશુદ્ધ ભાવકી પ્રાપ્તિ હૈ.**' રાગની મંદતા. લ્યો! હવે આને દુઃખ માનવું. રાગની મંદતાનો ભાવ વિશુદ્ધ એ દુઃખ. પણ પાપના પરિણામ કરતા મંદ દુઃખ છે, મંદ આકુળતા છે. ચારિત્રમોહના પાપના પરિણામની અપેક્ષાએ, હોં! મિથ્યાત્વના પરિણામની અપેક્ષાએ તો એની કાંઈ ગણતરી નથી. એ તો મહાપાપ, મિથ્યાત્વ જ મહાપાપ છે. અશુદ્ધ તો એ છે. '**શુદ્ધ ભાવ હૈ વહ સર્વથા ઉપાદેય હૈ...**' એ તો તદ્દન અંગીકાર કરી સ્વરૂપમાં રમવા લાયક એ ચીજ છે.

'**ક્યોંકિ યહ આત્માકા સ્વરૂપ હી હૈ.**' એ તો સ્વરૂપ આત્માનું છે. શુભભાવ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. પણ અશુભભાવ ન હોય ત્યારે એવો શુભભાવ હોય છે. વ્યવહારે એને આદરણીય કહ્યો છે. '**ઈસપ્રકાર હેય, ઉપાદેય જાનકર ત્યાગ ઔર ગ્રહણ કરના ચાહિયે,...**' શુદ્ધ સ્વરૂપ ઉપાદેય છે, શુભ વ્યવહારે ઉપાદેય છે, નિશ્ચયથી તો હેય છે. અશુભ તો સર્વથા હેય છે. '**જો કલ્યાણકારી હો વહ અંગીકાર કરના વહ જિનદેવકા ઉપદેશ હૈ.**' તારું કલ્યાણ જેમાં થાય એ અંગીકાર કર, અકલ્યાણ ભાવને છોડ. આવો મનુષ્યદેહ મળ્યો (એમાં) કરવાનું આ કર. એમ છેવટે કહ્યું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૧, રવિવાર તા. ૨૫-૧૦-૧૯૭૦**
**ગાથા - ૭૮-૭૯, પ્રવચન - ૧૨૩**

'અષ્ટપાહુડ' 'ભાવપાહુડ'ની ૭૮મી ગાથા. '**આગે કહતે હૈં કિ જિનશાસનકા ઈસપ્રકાર માહાત્મ્ય હૈ :**' જૈનશાસન એટલે? આત્મા વીતરાગસ્વરૂપ છે, એની વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થવી એ વીતરાગી જૈનશાસન છે. એ જૈનશાસન મોક્ષનો માર્ગ છે. મોક્ષનો માર્ગ એટલે? અનંત દુઃખથી મુક્ત થવાનો અને અનંત આનંદની પ્રાપ્તિ થવાનો એ એક ઉપાય

છે. એ જૈનશાસન એટલે વસ્તુનું સ્વરૂપ. સચ્ચિદાનંદ આત્મા જાણનસ્વરૂપ જ્ઞાન, એની અંતરમાં રાગાદિ વિકલ્પથી ભિન્ન પડી અધિકપણે આત્માને જુદો અનુભવવો, એનું નામ દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે. એ જૈનશાસનનું મહાત્મ્ય શું છે એ કહે છે.

**पयलियमाणकसाओ पयलियमिच्छत्तमोहसमचित्तो।**
**पावइ तिहुवणसारं बोहि जिणसासणे जीवो।।७८।।**

આ જીવ જે છે, એ જૈનશાસનને વિષે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ હતો, એમણે જે માર્ગ કહ્યો એ જિનશાસનમાં ત્રણ ભુવનમાં એ માર્ગ સાર છે. 'ઐસી બોધિ કહીએ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ...' જિનશાસનનો સાર બોધિ. બોધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. સ્વભાવ અતીન્દ્રિય આનંદસ્વભાવ ભગવાનઆત્મા, એનો અંતર વિશ્વાસ ને અનુભવની પ્રતીત, એના સંબંધીનું જ્ઞાન અને એમાં લીનતારૂપ ચારિત્ર, એ દર્શન-જ્ઞાન-ચારિત્રને બોધિ કહેવામાં આવે છે. એ જૈનશાસનમાં ત્રણ ભુવનમાં સાર છે.

**'બોધિ કહીએ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ...'** તેને પામે છે. પણ કેવો થકો પામે છે? આત્માનો દુઃખથી મુક્ત થવાનો એવો માર્ગ અને પરમ આનંદની પ્રાપ્તિ થવાનો માર્ગ, જે રત્નત્રયરૂપ બોધિ-મોક્ષમાર્ગ કઈ રીતે પામે છે? **'प्रगलितमानकषायः' 'અર્થાત્ જિસકા માન કષાય પ્રકર્ષતા સે ગલ ગયા હૈ...'** જેને આત્માના આનંદ સ્વભાવ સિવાય કોઈપણ પુણ્ય-પાપનો વિકલ્પ, શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ફળ, એમાંથી જેનું અહંપણું ટળી ગયું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદધામ, એ સિવાય-આત્માના સ્વભાવ સિવાય કોઈપણ રાગ દયા, દાન, વ્રત, વિકલ્પ, એનું બંધન પુણ્ય, એનું ફળ આ બહારની ચીજો, ક્યાંય પણ આત્માના સ્વભાવ સિવાય કોઈ નાનામાં નાની ચીજમાં વિશેષતા અધિકપણે ભાસે તો એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મા આનંદ સ્વભાવ સિવાય કોઈ આ જગતમાં એનાથી અધિકપણું, વિશેષપણું કોઈ ચીજ છે જ નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે જેને પ્રકર્ષ માન ગળી ગયું. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપના ભાનમાં જેને ગમે તે પ્રકારનો પુણ્યનો શુભરાગ હો, એનાથી માંડીને આ હું છું, એ પુણ્યભાવ હું છું, શરીરની સુંદરતા આદિની અધિકતા દેખીને એને એમ થઈ જાય કે આ પણ મને ઠીક છે, એ બધું મિથ્યાત્વનું અભિમાન છે. સમજાણું કાંઈ? એ અભિમાન જેની અંદરથી, પોતાના આનંદ સ્વભાવના ભાન અને રાગ અને પરથી ભિન્ન અધિક જુદો જાણતા પરપણાના અભિમાન, અહંકાર, ગર્વ જેને ગળી ગયો છે. સમજાણું કાંઈ? આહાહા..! એક આત્મા આનંદસ્વરૂપ, એ સિવાય કોઈ ચીજમાં એને અધિકપણું, મારાપણું, અહંપણું ભાસતું નથી. સમજાણું કાંઈ?

એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

શ્રોતા :- આ અહં ...

ઉત્તર :- માનનો અર્થ જ પર હું. એમ. રાગ હું, પુણ્ય હું, વ્યવહાર હું—એ બધું અભિમાન મિથ્યાત્વનું અભિમાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? માન શબ્દે આ હું-અહં. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ હું. એ માન-અભિમાન છે. અનંતાનુબંધીનું માન. આહાહા..! સમજાય છે કાંઈ? જે આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ નામ શાશ્વત જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સાગર છે, એનું અહંપણું-આ હું એમ મૂકી દઈને, એના સિવાયના કોઈપણ પુણ્યના વિકલ્પથી, રાગથી માંડી કોઈપણ ચીજને અહં-આ મારી છે એમ ભાસે એ અનંત સંસારના કારણનું મિથ્યાત્વનું માન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે મોક્ષનો માર્ગ એટલે દુઃખથી મુક્ત થવાનો ઉપાય. અનાદિથી અજ્ઞાની પ્રાણી દુઃખી છે. એ રાગનો વિકલ્પ કે શરીર, વાણી કે પુણ્યના ફળના સંયોગોની ઠાઠમાઠ જામી હોય, એમાં ક્યાંય પણ હું છું અને એને લઈને મને ઠીક પડે છે, એ મિથ્યાત્વ સંબંધીનું માન છે. 'કિરણભાઈ'! ઝીણી વાત તો છે બધી, પણ આવ્યા છો બરાબર ઠીક હવે આમાં. આ સાંભળે તો ખરા કે આ શું કાંઈક કહે છે. દુનિયાના ભણતરથી કાંઈ આ ભણતર જુદી જાતનું છે. આહાહા..!

ભાઈ! તું કોણ છો? અને શેનાથી તારી ચીજ ભરેલી છે? તારો સ્વભાવ તો આનંદ, જ્ઞાન, દર્શન, વીર્યથી ભરેલો છે. ઊણો નથી, વિપરીત નથી. એવો તારો અંદર સ્વભાવ, તારું વસ્તુસ્વરૂપ છે. એને છોડીને, ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ એવી જ એની ચીજ અને એવું જ એનું સ્વરૂપ અને એના ભાવમાં એ ભરેલું છે, એને છોડી કોઈપણ વિકલ્પથી માંડી પર ચીજની સુંદરતા, નમણાઈ, વિશેષતા, સ્વભાવથી બીજી કોઈ ચીજ અધિકપણે ભાસે, એનું નામ અહીંયાં અહંકાર, માન, અનંત સંસારનું કારણ, એને માન કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન જિનેશ્વરદેવ એમ ફરમાવે છે. માથે કહ્યું હતું ને? જિનનો ઉપદેશ છે. '**जिणवरेहिं**' '**जिणवरेहिं भणीयं**' ૭૭માં હતું. અહીં '**जिणसासणे**' જીવો પામે છે, એમ કહે છે. આહાહા..! કહે છે કે ભગવાનઆત્મા, એમાં આનંદ અને સુખ છે; એ સિવાય કોઈપણ ચીજમાં ક્યાંય પણ પુણ્યના ભાવમાં પણ સુખપણું, ઠીકપણું, અધિકપણું, વિશેષપણું, અતિશયપણું લાગે, તો એ અનંત સંસારનું માન છે. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે, '**કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ ગર્વ નહીં કરતા હૈ**' '**કિસી પરદ્રવ્ય...**' એટલે આત્મદ્રવ્ય સિવાય ભગવાનઆત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ શુદ્ધ ધ્રુવ અખંડાનંદ આત્મા, એ સિવાય પરદ્રવ્ય. દયા, દાન, વ્રત,

ભક્તિ, પરિણામ બધા પરદ્રવ્ય.

શ્રોતા :- શરીર, મન, વાણી બધું આવી ગયું?

ઉત્તર :- મન, વાણી તો સ્થુળ છે. એ સ્થુળ ધૂળ (છે). આ તો અંદરમાં પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એનાથી માંડીને બધું પરદ્રવ્ય. આહાહા..! ભાઈ! તારા દ્રવ્યના મહાત્મ્યની તને ખબર નથી. અંદર તે શું ચીજ છે, એના મહાત્મ્ય મૂકીને જેને પરવસ્તુ, રાગાદિ, પુણ્યાદિ કે એના ફળાદિમાં મહાત્મ્ય દેખાય છે, એ મૂઢ જીવ પરવસ્તુને હું છું એમ માનીને ગર્વમાં ઈ ગળી ગયો છે. આત્માની શાંતિને એ ગાળી દે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? છે? 'વજુભાઈ'! પુસ્તક છે કે નહિ? ઠીક. આહાહા..!

અહીં તો કહે છે, કોની સ્ત્રી? કોનો દીકરો? કોનો રાગ? કોનું શરીર? કોની વાણી? કોના રંગ? કોના રૂપ? આહાહા..! એ બધા જડના અથવા પરના. એ સ્વદ્રવ્યને છોડીને જેનું અભિમાન-માન એટલે કે એ પર રાગાદિ, દયા, દાન, વ્રતાદિથી માંડીને, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, સમ્મેદશિખર ને.. શું કહેવાય? સિદ્ધગીરી, 'પાલિતાણા' 'શેત્રુંજય', ક્યાંય પણ હું છું અને એનાથી મને લાભ થશે (એ મિથ્યાત્વ છે). આહાહા..!

શ્રોતા :- દાદા આપે ને.

ઉત્તર :- દાદા કોણ આપતો હતો? ધૂળ. તારી પાસે ક્યાં નથી તે દાદો તને દે. એમ પુણ્ય માગે છે. 'શિવપદ અમને દે જો રે મહારાજ' એમ માગે ત્યાં. ભાન ન મળે કાંઈ. શિવપદ કાંઈ ત્યાં રહેતા હશે? આવે છે ને? 'મણિભાઈ'! ત્યાં ભગવાન પાસે માગે. 'શિવપદ અમને દેજો રે મહારાજ, શિવપદ અમને દેજો.' ભગવાન કહે, પણ તારું શિવપદ મારી પાસે છે કે તારી પાસે છે? આહાહા..! આહાહા..!

શ્રોતા :- ભગવાનને સાચવવા નહિ આપ્યું હોય?

ઉત્તર :- ભગવાનને સાચવવા આપ્યું હશે? પોતાનું શિવપદ ભગવાનને આપ્યું હશે? આહાહા..! સમજાણું કાંઈ? એક પૈસાથી માંડીને કરોડ-અબજો અને ત્રણલોકનું મોટું રાજ, પણ મને ઠીક છે, એ મારા છે, એનાથી મને હરખ અને સંતોષ થાય છે એમ જેણે માન્યું છે એણે આત્માને ગાળ્યો છે અને ગર્વમાં એ ગરી ગયો છે. ભગવાનઆત્મા સિવાય કોઈપણ પરદ્રવ્યમાં, વિકલ્પથી માંડીને પરચીજમાં મને ઠીક છે, મને મજા છે, કાંઈક મને એના તરફથી મારું વીર્ય ઉલ્લસિત થાય છે, મને એમાં મજા પડે છે એમ જેની માન્યતા છે એણે આત્મા આનંદસ્વરૂપને ગાળી નાખ્યો, મારી નાખ્યો છે અને ગર્વમાં ગરી ગયો છે ઈ. આહાહા..!

જુઓને, આચાર્ય ટૂંકામાં કેટલું કહે છે! આહાહા..! '**पयलियमाणकसाओ**' આટલો શબ્દ મૂક્યો છે. ગળી ગયો છે એને. આહાહા..! જેને પરમાં માન છે એને આત્મા ગળી ગયો

છે. સમજાય છે? જેને પરમાં માન નથી એને માન ગળી ગયું છે, બળી ગયું છે. આત્મા હું... આત્મા છું. હું તો સત્ અસ્તિત્વ, મારી સત્તા આનંદ અને જ્ઞાનવાળી છે. મારા જ્ઞાન અને આનંદને માટે કોઈ ચીજની મને અપેક્ષા નથી. સમજાણું કાંઈ? આહાહા..! એમ જેને ... આત્માનો સ્વભાવ, પ્રભુ આનંદનો સાગર છે, જ્ઞાનનો દરિયો છે, શ્રદ્ધાથી ભર્યો છે, શાંતિનું સ્વરૂપ જ આત્મા છે. એને છોડીને જેને પરમાં માન થાય છે, સ્વભાવથી કાંઈ પણ બીજી ચીજ અધિક ભાસે, અધિક ભાસે-વિશેષ ભાસે, અતિશયવાળી એને લાગે, કહે છે કે અનંતાનુબંધી માન છે, હોં! ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? એ.. ભીખાભાઈ! આ તો આત્માની રમતું છે. આહાહા..!

ભગવાન! તારામાં ક્યાં ખામી છે કે જેને પરથી તને કાંઈક સંતોષ થાય. રાગથી, પુણ્યથી, તેના ફળથી, તેની સામગ્રીના દેખાવ પ્રદર્શનથી! આહા...! ભગવાન! તને એને લઈને સંતોષ થાય એવી તું ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો બધું પરદ્રવ્યે પ્રદર્શન માંડ્યું છે. આહાહા..! એને દેખીને એમાં હું છું અથવા એ મને કાંઈક લાભદાયી છે અને મને એનાથી કાંઈક સંતોષ થાય છે, મને મારાથી એમાં કાંઈક અધિકપણું ભાસે છે, એણે રાગથી પર પોતાનો અધિક જુદો સ્વભાવ છે એને હણી નાખ્યો. આહાહા..! સમજાણું કાંઈ?

અંતરની દૃષ્ટિની ઉપર બધી વાત છે. બહારની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહાહા..! જેની દૃષ્ટિમાં ભગવાન પોતે ભૂલી ગયો છે અને જેની દૃષ્ટિના પરિણામમાં બીજી ચીજ-ભગવાન આત્માના આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ સિવાય કોઈ ચીજમાં કાંઈપણ ઉલ્લસિત વીર્ય થઈને 'ઠીક' એવું જે છે એને ભગવાન (કહે છે કે) અનંતાનુબંધી, અનંત સંસારના દુઃખના પંથે પડેલો અનંતાનુબંધી માનવાળો છે. 'નવનીતભાઈ'! આહાહા..! કહો, 'વજુભાઈ'! આહાહા..! આવો માર્ગ, ભગવાન! તારો છે પણ એની એને ખબર નથી. એક બીડી સરખી જ્યાં આવે ત્યાં.. સીગરેટ પીતો હોય. આમ પીતો હોય કે આમ પીતો હોય કાંઈ ખબર નથી. આપણે કોઈ દિ' પીધી નથી. આપણે કોઈ દિ' સીગરેટ શું બીડી પણ પીધી નથી. તમાકુ-બમાકુ કોઈ દિ' સુંઘી નથી. આહાહા..! સવારમાં ઊઠે અને બે-ચાર સીગરેટ પીવે ત્યારે તો દસ્ત સારો આવે એને. અર..ર..! ત્યારે એ પાયખાને જાય. આહા..! કેટલા વ્યસનોની રુચિનો પ્રેમ? ક્યાં અર્પાઈ ગયો છો? ભાઈ! આહાહા..!

અહીંયાં ભગવાન તો (કહે છે), '**प्रगलितमानकषायः**' એને બોધી પ્રગટ થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શન એટલે સત્ય આત્માના સ્વભાવની સાક્ષાત્કારની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતામાં જેને પરના માન ગળી ગયા છે, આત્મા સિવાય ઈન્દ્રના રાજ પણ જેને સડેલા તરણા જેવા લાગે છે. આ શરીર તો ધાનના ધોકડા છે.

બે દિ' ધાન ન ખાય ત્યાં આમને આમ સુકાઈ જાય. સમજાણું કાંઈ? આઠ દિ' સરખાઈનો તાવ આવ્યો હોય, જેની સાથે વહાલપ કરવા જાતો, તે દિ' આમ જુએ તો શરીર સુકાઈ ગયું હોય, મોઢું પડી ગયું હોય, પેટ મળી ગયું હોય, ચામડીમાં ફિકાશ આવી ગઈ હોય, આઠ દિ' પાંચ પાંચ ડિગ્રી સરખો તાવ આવ્યો હોય, ડોક્ટર કહે, કાંઈ લેશો નહિ. એક ઉકાળો લેજો. હાય.. હાય.. આહાહા..!

એવામાં તો શું છે? પણ ઇન્દ્રના ઇન્દ્રાસનો, જેને હજાર-હજાર વરસે તો આહારની ઇચ્છા ઊપજે છે. પંદર-પંદર દિવસે તો જેને ઊંચી-નીચી શ્વાસની ક્રિયા થાય. શ્વાસોશ્વાસ એક પખવાડિયે લે, એક પખવાડિયે શ્વાસ લે. એટલી શાતાની અનુકૂળતા છે તેમ કહેવું છે. પંદર દિ'એ તો એક શ્વાસ ઊંચો લઈને મૂકે એટલો બસ. હજાર વરસે આહારની ઇચ્છા ઊપજે, હજાર વરસે, એક સાગરોપમવાળાને. સમજાણું કાંઈ? એમાં પણ કાંઈક ઠીક છે, એ અભિમાન મિથ્યાત્વ અને માનનું છે, ભાઈ! તારા આનંદ સ્વભાવના સાગર આગળ દુનિયામાં કોઈ અધિક ચીજ છે નહિ. સમજાણું કાંઈ? ચામડી જરી રૂપાળી, સુંવાળી દેખીને એને ગલગલીયા થઈ જાય. અરે..! ભગવાન! ક્યાં ગયો તું? ક્યાં ખોવાઈ ગયો તું? સમજાણું કાંઈ? તારી ચીજ અંદર જ્ઞાન અને આનંદથી ભરેલી અને આવા ચામડાના જરી માથે લેપ (હોય), આ (ચામડી) તો લેપ છે. શેરડીનો છોલ જરી કાઢી નાખે. ઓલી તો જાડી હોય, હોં! શેરડીનો માથે છોલ હોય એ જાડો હોય. શેરડી સમજો છો? ગન્ના. એની છાલ હોય એ બહુ જાડી હોય. આ તો બહુ પાતળી છે. છ આંગળી કાઢવા માંડે તો બહુ પાતળી નીકળે. પછી જોવા જાય તો સુંઘવા પણ ઊભો ન રહે એવું છે આ. આહાહા..!

ભગવાન! તને જો ચીરે તો એમાંથી આનંદ નીકળે એવો તું છો. એટલે કે તું આત્માના આનંદ સાગરમાં એકવાર ડૂબકી માર... ત્યાં અતીન્દ્રિય આનંદના દરિયા ઊછળે. એવો આત્મા ક્યાં ગયો? તેં શું કર્યું? કહે છે. '**प्रगलित मान**'. આહાહા..! માન જેણે ગાળી નાખ્યું છે. મારામાં બીજી કોઈ ચીજ નથી અને બીજી કોઈ ચીજને લઈને હું છું કે એને લઈને મને ઠીક પડે છે એમ જેને માન ગળી ગયા. આહાહા..! આ અનંતાનુબંધી. ભાઈ, 'ચંદુભાઈ'! આહાહા..!

શ્રોતા :- માનની આવી વ્યાખ્યા છે.

ઉત્તર :- વ્યાખ્યા આવી છે. આહાહા..!

'**કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ ગર્વ નહીં કરતા હૈ...**' આહાહા..! '**કિસી પરદ્રવ્યસે...**' ભગવાનઆત્મા સિવાય, ચિદાનંદ આનંદ સિવાય કોઈપણ દ્રવ્ય, એના ઉપર ... '**કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ...**' આ હું એમ માન કરતો નથી. પણ જેને ખબર પણ નથી કે

હું શું કરું છું? શું થાય છે? અને ક્યાં જઈશ? અને આના ભાવના ફળ ક્યાં જશે? એની ખબર ન મળે. સમજાણું કાંઈ? વળી '**જિસકા માન કષાય પ્રકર્ષતાસે ગલ ગયા હૈ, કિસી પરદ્રવ્યસે અહંકારરૂપ ગર્વ નહીં રહતા હૈ ઔર જિસકે મિથ્યાત્વકા ઉદયરૂપ મોહ ભી..**' એણે એમ નાખ્યું. '**मिच्छत्तमोह**' એમ સાથે નાખી દીધું. સમજાણું કાંઈ? બે જ લીધું. માન ગળી ગયું છે અને મિથ્યાત્વ ટળી ગયું છે. અનંતાનુબંધીનું માન અને મિથ્યાત્વ-બે વાત લીધી. આહાહા..!

કહે છે, '**કૈસા ભયા સંતા? કૈસા હોતા હુવા? પ્રગલિત કહીએ નષ્ટ હો ગયા હૈ...**' શું? મિથ્યાત્વનો ઉદયરૂપ મોહ. આનંદસ્વરૂપના અનુભવમાં જેને મિથ્યા ભ્રાંતિ તો ગળીને નાશ થઈ ગઈ છે. આહાહા..! ક્યાંય ભ્રમ થતો નથી, કે આ મને સારું છે, આ મને ઠીક છે, આ મને લાભદાયી, આ મને સહાયક છે, આ મને મદદગાર છે, હું બીજાને મદદગાર છું. એવો જે મિથ્યાત્વભાવ.. વીતરાગનો માર્ગ આવો છે. આહાહા..! લોકોને સાંભળવા પણ મળતો નથી. ધમાધમ આખો દિ' આ કરો.. આ કરો.. આ કરો... અરે..! ભગવાન! જે કાંઈ કરવાનું છે તે રહી જાય છે. જન્મ-મરણ ગાળવાનો મારગ એ કાંઈક રહી જાય છે. 'માટડીયા'! આવું છે આ, જુઓ!

આ મારો દેશ. કહે છે કે એ મિથ્યાત્વ છે એમ કહે છે. પરદ્રવ્યમાં આવ્યું કે નહિ એ? લ્યો, 'રામજીભાઈ' પહેલાં એમાં હતા. જુવાનિયામાં સલાહ આપી હતી કે ચાલો કેદ. ચાલો. બે મહિના નહિ? એક વાર એક મહિનો અને એકવાર બે મહિના. આહાહા..! ભારે દુનિયા તે પણ ગાંડી છે ને. ગાંડાના ગામ કાંઈ જુદા હોય? પાગલના ગામ જુદા ન મળે. ગામ દીઠ પાગલ (હોય).

શ્રોતા :- ગામ દીઠ પાગલ નહિ, ઘર દીઠ પાગલ. વ્યક્તિ દીઠ.

ઉત્તર :- વ્યક્તિ દીઠ પાગલ, લ્યો ને. આહાહા..! અરે..! ભગવાન! તું કોણ છો? પ્રભુ! ક્યાં છો? કેમ છો? એની તને ખબર વિના જે તારામાં કોઈ દિ' છે નહિ. પુણ્ય-પાપના વિકલ્પો આદિ તારામાં છે જ નહિ. એ તો કૃત્રિમ ઊભા કરીને મારું માને છે માળો. સમજાણું કાંઈ? આહાહા..! આ બહારની મીઠાશ, એમાં બે-પાંચ કરોડની મૂડી હોય, છોકરા-બોકરા લાંબા પાંચ-પાંચ હાથના સારા પાક્યા હોય, રૂપાળા અને વેવાઈ-વેવલા સરખા મળ્યા હોય.. આહાહા..! હું પહોળો ને શેરી સાંકડી. આપણે બધાથી સુખી છીએ. આપણી બાદશાહી છે. મરી ગયો છો સાંભળને હવે. બાદશાહી ક્યાંથી આવી તારી? સમજાણું કાંઈ? એમાં એ છે. છે? ૭૮ ગાથા. શબ્દનો બહુ અર્થ નથી પણ પાઠ છે ને પાઠ? એમાં નથી. એ પાઠ છે.

'**કૈસા ભયા સંતા...**' કેવો છે એમ બે પ્રકારે કહ્યું. પહેલાં એમ કહ્યું કૈસા ભયા સંતા કે પ્રગલિત માન પ્રકર્ષ કરી ગળ્યા. પ્ર એટલે વિશેષણ. વિશેષ કરી જેનું માન ગળી ગયું છે. અને કેવો થકો? '**જિસકે મિથ્યાત્વકા ઉદયરૂપ મોહ ભી નષ્ટ હો ગયા હૈ...**' એમ લઈ લીધું. આહાહા..! પર તરફની સાવધાનીનો મિથ્યાત્વભાવ ગળી ગયો છે. ભગવાનઆત્માના સ્વભાવસન્મુખ સાવધાન.. સાવધાન... સાવધાન... 'સમય વરતે સાવધાન' એમ નથી કહેતા? આ લગન કરે ત્યારે કહે છે કે નહિ? સમય એટલે આત્મા. આત્માને સમય કહે છે ને? 'સમયસાર'. સમય વર્તે સાવધાન. ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ તું સમય છો ને. એમાં વર્તવું તે સાવધાનપણું તે સમ્યક્ છે. ઓલું તો વળી બાયડી પરણવા જાય તો સમય વરતે સાવધાન (બોલે). એ તો ટાઈમ થયો (તો કહે), લાવો કન્યાને. આઠ વાગી ગયા. ટાઈમ થઈ ગયો. ટાઈમ પછી ચુકાઈ જશે. માંસના હાડકા છે, એની સાથે લગન. આરે..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે જેણે રાગમાં લગની લગાડી, પુણ્યના પરિણામમાં લગની લગાડી એણે આત્માની લગનીને છોડી દીધી છે. બેચરભાઈ! ભગવાનજીભાઈ! આહાહા..! અરે..! તું કોણ, ક્યાં અને ક્યાં તું માનીને બેઠો છો? જેની ભ્રમણા ગઈ છે. ક્યાંય પણ મારાપણું છે એવો મિથ્યાત્વભાવ જેને ટળી ગયો છે. એ જૈનશાસ્ત્રનો સાર, બોધિ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામે છે. '**बोहि लाभं**' નથી આવતું? લોગસ્સમાં આવે છે. '**आरोगबोहिलाभं समाहिवरमुत्तमं**' અર્થની ખબર ન પડે. એમ ને એમ બહારમાં ગાડા હાંક્યે રાખ્યા. અરે..! અવતાર વયા જાય, ભગવાન! સમય સમય ચાલ્યો જાય છે, ભાઈ! એ સમય હવે પાછો નહિ આવે. મરણની સ્થિતિની સન્મુખ દોડ્યો જાય છે. કાળ તો મરણની સન્મુખ આમ ને આમ દોડ્યો જાય છે. આહાહા..! વિસામા વિનાનો. તારે કરવાનું તો આ છે. લાખ દુનિયા ગમે તે હો, એની પાસે (રહી).

'છ ઢાળા'માં આવે છે ને? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' એ 'નવનીતભાઈ'ને આખું કંઠસ્થ છે. ભાઈને કંઠસ્થ છે તેથી આ બધું એને સરખું બેસી ગયું. આખું મોઢે કરેલું. આમાં પણ આ છે. આવે છે ને ભાઈ એમાં? 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી સકલ જગત દ્વંદ ફંદ નિજ આતમ ઉર ધ્યાઓ.' અરે ભગવાન! મહાપ્રભુ બિરાજે છે ને, ભાઈ! ત્યાં એના દરબારમાં જાને. આ રાગ અને બાગના વેશ્યાઓ જેવા ભાવ, વ્યભિચારી ભાવ (છે) એમ ભગવાને કહ્યું છે. પુણ્યનો ભાવ વ્યભિચારી ભાવ (છે). આહાહા..! એ વ્યભિચાર સાથે તને પ્રેમ કરવાનું કેમ સૂઝે છે?

'**મિથ્યાત્વકા ઉદયરૂપ મોહ ભી નષ્ટ હો ગયા હૈ...**' શું કહે છે? મિથ્યાત્વનો મોહ

જેનો ગળી ગયો છે. ભ્રમણા પણ ન મળે. હું ભગવાન છું. મારો આનંદ અને મારી શાંતિથી ભરેલો હું છું. મારી શાંતિ ક્યાંયથી મળે એવી નથી. ક્યાંય ત્રણ લોક, ત્રણ કાળમાં મારા સિવાય ક્યાંય શાંતિ છે નહિ. મારામાં શાંતિ છે એમ જેને સમ્યગ્દર્શનમાં ભાસ્યું છે એનું મિથ્યાત્વ ગળી ગયું છે. 'ઇસીલિયે '**समचित्त**' है,...' જુઓ! એમ કીધું છે ને? '**पयलियमिच्छत्तमोहसमचित्तो**' અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ જેને પ્રગટ્યા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ મિથ્યાત્વ મોહ જેને ગળી ગયા છે, '**ઇસીલિયે 'समचित्त' है, પરદ્રવ્યમેં મમકારરૂપ મિથ્યાત્વ ઔર ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગદ્વેષ જિસકે નહીં હૈ,...**' લ્યો. પરદ્રવ્ય વિષે મિથ્યાત્વ એટલે મમતારૂપ મિથ્યાત્વ, રાગના વિકલ્પ ઊઠે, એના પ્રત્યેનું અહંપણું અને ત્યાંથી ઇષ્ટ-અનિષ્ટ પદાર્થ. આ ઇષ્ટ છે અને અનિષ્ટ છે એવો જે રાગદ્વેષ છે એ બધો છૂટી ગયો છે. જગતમાં કોઈ ઇષ્ટ-અનિષ્ટ છે જ નહિ. જગતની ચીજો એની પર્યાયપણે પરિણમી રહી છે. એમાં કોઈ વિષ્ટા અનિષ્ટ છે, કસ્તુરી ઇષ્ટ છે, મિત્રો ઇષ્ટ છે, દુશ્મન અનિષ્ટ છે—એવું કાંઈ છે જ નહિ. બધા જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક જ્ઞેય છે. ઇષ્ટ કોણ? અનિષ્ટ કોણ? બહારમાં ઇષ્ટ-અનિષ્ટપણું છે જ ક્યાં? તારો વિકારભાવ તે અનિષ્ટ છે, સ્વભાવભાવ તે ઇષ્ટ છે. સમજાણું કાંઈ? જયંતીભાઈ આવ્યા છે ને? આ તો કીધું ભાવનગરના આવ્યા અને આ રવિવારનો અધિકાર છે ને એટલે.

શ્રોતા :- રળવાના સાધન બરાબર હોય તો ઠીક.

ઉત્તર :- રળવાના આ સાધન છે. ઓલા મરી જવાના સાધન છે. ચક્રવર્તી છ ખંડનો ધણી, એ રોટલા માગે, રે મને આપજો, મને રોટલી આપજો. અર..ર...! એક રોટલી આપજો. પણ તારા ઘરે પકવાન પાકે છે ને? સવારના નવ વાગે દાણા થઈને તારા ઘરે રોટલીઓ થાય. ચક્રવર્તીને ઘરે સવારે વાવે, સવારે વાવે... નવ વાગે તૈયાર ઘઉં. દેવ છે ને? એના ... પછી દેવ છે. એક હજાર દેવ સેવા કરે છે. આ બધા શાંતિનાથ, અરનાથ, કુંથુંનાથ, ભરત ચક્રવર્તી. સવારે ઊઠે ને વાવે. તમારે જુના ઘઊં ને... અમરેલીથી શું કહેવાય એ? અમેરીકા. જુના આવે, સાધારણ ... આવે, પાતળા આવે, ઢીકણા આવે. એમ નહિ ત્યાં તો સવારે એના દેવો વાવે કલાક માટે, નવ વાગે ઘઉંની રોટલી થઈને તૈયાર. લાખો કરોડો રૂપિયાની ભસ્મ એ રોટલીમાં નાખે. ઘીમાં ભસ્મ તળે. એવી ઔષધિ હોય કે જેમાં પાંચ શેર ઘી નાખે અને એમાં પચાસ-સો દાણા ઘઉંના નાખે અને એમાં ભસ્મ નાખે, સોનું નાખે, મોતી નાખે એ ઓગળી જાય, ઘઉં પી જાય. એ ઘઉંની રોટલી કરે. એ ઘઉં ખાય. આહાહા..! ધૂળમાં પણ નથી, કહે છે સાંભળને. શું થઈ જાય છે તને? સમજાણું કાંઈ?

એ ચક્રવર્તી જેને ઘરે આવું, એ ભીખ માગે, એ મને આપજો આ. અરે..! આ શું છે તને આ? ત્રણલોકનો નાથ પરમાત્મા તું બિરાજે છો અને ભિખારી થઈને કાંઈક મને માન આપો, મોટો કહો, મને કાંઈક ગણતરીમાં ગણો. હું ગણતરીના માણસોમાં કાંઈક થોડા હોય એમાં હું આવી જાઉં તો ઠીક. અરે..રે..! ભારે ભાઈ આ તો! ગામમાં ગણતરીના માણસ ગણાય ને એમાં હું આવી જાવ, પણ શું છે તારે? આહાહા..! ભાઈ! વીતરાગની આજ્ઞામાં ગણતરીમાં આવી જા, પછી ખલાસ. ભગવાને ગણ્યા કે આટલા આટલા સમકિતીઓ ભક્ત છે. એમાં તું આવ્યો એટલે ખલાસ થઈ ગયું, જાવ. સમજાણું કાંઈ?

કહે છે, '**ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગદ્વેષ જિસકે નહીં હૈ,**' સમકિતની વ્યાખ્યા કરી. એક તો મિથ્યાત્વ નથી, માન ગળી ગયું છે અને જ્ઞેય પદાર્થના જ્ઞેયની અનુકૂળતા-પ્રતિકૂળતાને દેખીને જ્ઞાનીને રાગ-દ્વેષ થતો નથી. સમજાણું કાંઈ? ચીજને લઈને થતો નથી. જ્ઞાનીની કોઈ નબળાઈને લઈ થાય, એ તો જ્ઞાનનું જ્ઞેય છે. સમજાણું કાંઈ? પણ પરવસ્તુને લઈને મને આ અનુકૂળ માટે રાગ, એ મિથ્યાત્વભાવનો રાગ છે. આ પ્રતિકૂળતા માટે દુશ્મન છે, માટે દ્વેષ. પ્રતિકૂળતાનો દ્વેષ મિથ્યાત્વનો દ્વેષ છે. આહાહા..! '**રાગદ્વેષ જિસકે નહીં હૈ,...**'

'ભાવાર્થ :- **મિથ્યાત્વભાવ ઔર કષાયભાવકા સ્વરૂપ અન્ય મતોંમેં યથાર્થ નહીં હૈ.**' સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા દેવાધિદેવ, એના સિવાય જેટલા માર્ગો છે એમાં આવું સ્વરૂપ છે નહિ, ક્યાંય નથી, ક્યાંય નથી, ભાઈ! સમજાણું કાંઈ? '**મિથ્યાત્વભાવ ઔર કષાયભાવકા સ્વરૂપ અન્ય મતોંમેં યથાર્થ નહીં હૈ. યહ કથન ઈસ વીતરાગરૂપ જિનમતમેં હી હૈ...**' આહાહા..! આવી પદ્ધતિની શૈલી એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં જ હોય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જેણે ત્રણ કાળ, ત્રણ લોક જોયા અને જેને વીતરાગભાવ વર્તે છે, એની વાણીમાં જે આવ્યું, એવું સ્વરૂપ ત્રણ કાળમાં બીજે હોઈ શકે નહિ. આહાહા..! કહો, જયંતીભાઈ! વાડામાં પડ્યા એને પણ ખબર નથી કે વીતરાગ શું કહે છે. આહાહા..! જોયું? એક તો મિથ્યાત્વભાવનું સ્વરૂપ, કષાયભાવનું સ્વરૂપ અન્યમત વિષે યથાર્થ છે જ નહિ ક્યાંય. બધા નામ તો બધા ઘણા લે. ભાઈ! નવનીતભાઈ! કબીરનો શબ્દ બોલ્યા હતા ને સવારમાં? ક્યાંય વસ્તુની યથાર્થતા છે જ નહિ. એ ભાષા ઉપરથી લઈને આવો આત્મા અને આવો આત્મા એમ બધાએ વાત કરી છે. સમજાણું કાંઈ?

'**ઈસલિયે યહ જીવ મિથ્યાત્વ કષાયકે અભાવરૂપ મોક્ષમાર્ગ તીનલોકમેં (ભુવનમેં) સાર...**' મિથ્યાત્વ અને કષાયના અભાવરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ '**તીનલોકમેં (ભુવનમેં) સાર...**' આવે છે ને? 'છ ઢાળા'માં આવે છે ને પહેલું? 'તીન ભુવનમાં સાર વીતરાગ

વિજ્ઞાનતા' એ 'છ ઢાળા'માં આવે છે. 'તીન ભુવનમાં સાર વીતરાગ વિજ્ઞાનતા.' **'તીન લોકમેં (ભુવનમેં) સાર જિનમત કે સેવન હી સે પાતા હૈ,...'** વીતરાગ માર્ગે કહેલા માર્ગથી આત્મા પમાય છે. સમજાણું કાંઈ? જોયું? જિનમતનું સેવન. વીતરાગનો મત એટલે અભિપ્રાય. વીતરાગનો અભિપ્રાય રાગાદિ પરદ્રવ્યથી છૂટીને તારા સ્વ-ચૈતન્યની દૃષ્ટિનો અનુભવ કર એ વીતરાગનો અભિપ્રાય છે. સમજાણું કાંઈ?

**'જિનમત કે સેવન હી સે પાતા હૈ, અન્યત્ર નહીં હૈ.'** બીજે આવો માર્ગ મળે એવો નથી. સાંભળવાના ઠેકાણા ન મળે, સંભળાવનારના પણ ઠેકાણા ન મળે કે શું ચીજ છે? એ બીજાને ક્યાંથી સમજાવે અને ક્યાંથી પામે? બહુ ઝીણું, ભાઈ! આહાહા..! ભારે ગાથા. બહુ સરસ ગાથા આવી હોં!

**'આગે કહતે હૈં કિ જિનશાસનમેં ઐસા મુનિ હી તીર્થંકર પ્રકૃતિ બાંધતા હૈઃ'** લ્યો. કહે છે કે આવા સમ્યગ્દૃષ્ટિ જીવો જૈનશાસનમાં, કોઈ શુભભાવ આવે તો તીર્થંકરગોત્ર બાંધે. બીજે સમ્યગ્દર્શન વિના, જૈનશાસન વિના ક્યાંય એની પ્રકૃતિ બાંધે નહિ. સમજાણું કાંઈ? એમ એક પુણ્યની વિશેષતા બતાવે છે. આવું પુણ્ય પણ જૈનશાસનમાં હોય. મિથ્યાદૃષ્ટિ જેની ઊંધી માન્યતા (છે), એમાં તીર્થંકરગોત્રના પરિણામ એને હોઈ શકે જ નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાનીને એવા પરિણામ હોય.

શ્રોતા :- એકલા મુનિ જ બાંધે? શ્રાવક નથી બાંધતા?

ઉત્તર :- હા, બાંધે છે. આ તો મુનિની મુખ્યતાની વાત છે. સમજાણું કાંઈ? આ તો મુખ્યતાથી વાત છે. ચોથે ગુણસ્થાને બાંધે. આ તો મુનિથી ઉપાડીને બધી વાત કરી છે. એ બધા મુનિઓ ..., દ્રવ્યલિંગી... સમજાણું કાંઈ?

विसयविरत्तो समणो छद्दसवरकारणाइं भाऊण।
तित्थयरणामकम्मं बंधइ अइरेण कालेण।।७९।।

આહાહા..! જુઓ! મોક્ષમાર્ગ બતાવ્યો, એની સાથે તીર્થંકરપ્રકૃતિ પણ આવા જીવને હોય એમ કહે છે. બીજા અજ્ઞાનીને હોય નહિ. પછી ગમે તેવા કષાય મંદ હોય, નાગા હોય, બાવા હોય, મિથ્યાદૃષ્ટિ નગ્ન દિગંબર મુનિ હોય એને તીર્થંકરપ્રકૃતિના પરિણામ હોઈ શકે જ નહિ.

સમ્યગ્દર્શન એ જૈનમતે કહ્યું તે. સમ્યગ્દર્શન નામ તો બૌદ્ધમાં પણ આવે છે. સમજાણું કાંઈ? બૌદ્ધમાં પણ સમ્યગ્દર્શન, સમાધિ, બોધિ, લાભ એવું બહુ આવે છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે અખંડ પરિપૂર્ણ માર્ગ અનાદિથી કેવળી જોતા આવે છે. અનાદિના કેવળીઓ થતા આવ્યા છે, કાંઈ નવા નથી. એવા સર્વજ્ઞે જે માર્ગ જોયો, જાણ્યો અને કહ્યો એ સિવાય

ક્યાંય સમ્યક્ માર્ગ હોઈ શકે નહિ. એના વિના તીર્થંકરપણું પણ બીજે હોઈ શકે નહિ. આવ્યું ને?

**'જિસકા ચિત્ત ઇન્દ્રિયોંકે વિષયોંસે વિરક્ત હૈ...'** એટલે કે આ ભાવ જ્યારે.. સમકિતીને તીર્થંકરપણાનો શુભભાવ છે ને! એ વખતે ઇન્દ્રિયના વિષયની આસક્તિ નથી. અમુક વખતે સમકિતીને આસક્તિ હોય, પણ આ વખતે એને નથી. એ ઇન્દ્રિયના વિષયથી વિરક્ત થયેલો છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો સમકિતી તો ઇન્દ્રિયના વિષયથી વિરક્ત જ છે. કારણ કે ઇન્દ્રિય પરદ્રવ્ય છે ને! અને રાગ પરદ્રવ્ય છે. એનાથી વિરક્ત જ છે. દૃષ્ટિમાં તો એનાથી જુદો જ છે. આહાહા..!

શ્રોતા :- આહાર પણ વિષય છે.

ઉત્તર :- હા, વિષય છે. બાહ્ય વિષય છે, બહિર વિષય છે. આહાહા..! વીતરાગ માર્ગ!

કહે છે, **'ઇન્દ્રિયોંકે વિષયોંસે વિરક્ત હૈ...'** પર તરફના વિષયવાળો ભાવ એનાથી જુદો પડ્યો છે. **'ચિત્ત જાકા...'** જેનું ચિત્ત. એ તો શ્રમણ-મુનિની મુખ્યતાથી વાત કરી છે. **'અર્થાત્ મુનિ હૈ વહ સોલહકારણ ભાવનાકો ભાકર...'** સોળકારણના એવા વિકલ્પો એને આવી જાય છે, એને 'ભાય' એમ કહેવામાં આવે છે. **''તીર્થંકર' નામ-પ્રકૃતિકો થોડે હી સમયમેં બાંધ લેતા હૈ.'** આહાહા..! થોડા કાળમાં... સમ્યગ્દૃષ્ટિ તીર્થંકરપ્રકૃતિ બાંધી, થોડે કાળે કેવળજ્ઞાન પામી તીર્થંકરપ્રકૃતિનું ફળ સમવસરણ આદિ આવી છૂટી જશે. સમજાણું કાંઈ? અહીં તો એમ કહે છે કે ત્રણલોકની મહા ઋદ્ધિવાળું તીર્થંકરપણું. બીજી તારી ઋદ્ધિ તો ક્યાં રહી એમ કહે છે. એવી જે ઋદ્ધિ, જેને એની રુચિ નથી. જેને રાગનો ભાવ-આદર નથી એને એવો રાગ હોય છે. સમજાય છે કાંઈ?

જેને ઇન્દ્રના ઇન્દ્રાસન હાલે, ભગવાન જ્યાં જન્મે, ઇન્દ્રાસન ડોલે. શું છે? ઓહો..! અવધિજ્ઞાનથી જોવે છે. ભરતક્ષેત્રમાં કે મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરનો જન્મ થયો. સિંહાસનથી એકવાર નીચે ઉતરી જાય. સિંહાસન સમજો છો? સિંહ-સિંહ. ચાર બાજુ સિંહ હોય એવું એનું આસન હોય. હીરાના સિંહ હોય. સિંહાસન કહે છે ને? સિંહાસન. કાલે ભક્તિમાં આવ્યું હતું. ખબર છે? હરિ આસન. ભાઈ! કાલે ભક્તિમાં આવ્યું હતું. હરિ આસન. હરિ એટલે સિંહ. સિંહનું આસન. બેસવાના એવા આસનો હોય કે જેના ચાર ખૂણે હીરાના સિંહ હોય. આમ પાટ હોય, પાટ. એના ઉપર ઇન્દ્ર બિરાજતા હોય. ઇન્દ્ર, ઇન્દ્રાણીઓ. કહે છે કે એ પણ તુચ્છ છે. જેનામાં સર્વોત્કૃષ્ટ તીર્થંકરપણું છે એવી જે ઋદ્ધિ, જેને ઇન્દ્રો નમે છે. કાલે આવ્યું હતું કરોડો મનુષ્યો અંજલિ નામ હાથ જોડે. એવા પુણ્ય પ્રકૃતિના પરિણામ સમકિતીને હોય છે. સમજાણું કાંઈ? છે આ રાગ. તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ છે એ રાગ છે. પણ

અહીં એ કહેવું છે કે ભાવ તો સમ્યગ્દૃષ્ટિ હોય એને આવો ભાવ હોય. જેને રાગનો પ્રેમ છે, રુચિ છે અને પરનો અહંકાર છે તે મિથ્યાદષ્ટિને આવો ભાવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

ઉત્તર :- આ સોળ બોલ આવે છે ને? સોળ બોલ. ષોડશકારણભાવના. નીચે આવે છે. સોળ ભાવના. સમ્યગ્દર્શનના અનુભવ સહિત.

શ્રોતા :- કયો ભાવ?

ઉત્તર :- રાગભાવ.

શ્રોતા :- એનો અર્થ કલ્યાણ...

ઉત્તર :- ના, ના, એ તો રાગ એવો આવે છે. એ રાગ આ સોળભાવ છે. એવો રાગ આવે બસ. દુનિયાનું કલ્યાણ થાવ એમ કહેવાય. કહેવાય, કલ્યાણ થાવું એમાં... મારું પૂર્ણ થાવ એનો અર્થ એવો છે. મારું કલ્યાણ પૂર્ણ થાવ એવો વિકલ્પ આવે. એ વિકલ્પમાં તીર્થંકરગોત્ર બંધાઈ જાય. સમજાણું કાંઈ? આહાહા..!

**'યહ ભાવકા મહાત્મ્ય હૈ.'** જુઓ! એ સમ્યગ્દર્શનના અનુભવમાં આવો ભાવ હોય.

શ્રોતા :- પુણ્યનું મહાત્મ્ય...

ઉત્તર :- પુણ્યનું મહાત્મ્ય નથી, સમ્યગ્દર્શનનું મહાત્મ્ય છે. એના મહાત્મ્યમાં આવો ભાવ હોય છે. અજ્ઞાનીને એ ભાવ હોતો નથી. જેને સો ઈન્દ્રોના માથા નમે. પ્રભુ! ધન્ય અવતાર. સમજાય છે કાંઈ? જેણે તીર્થંકરને પેટમાં રાખ્યા, એને-માને ઈન્દ્ર આવીને પહેલાં નમસ્કાર કરે. એ સમકિતીને એવો ભાવ હોય, એ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જુઓ પાઠ છે ને? જુઓ! **'तित्थयरणामकम्मं बंधइ'** ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો ચોખ્ખો પાઠ છે.

અહીં સાબિત તો એ કરવું છે કે જે તીર્થંકરગોત્ર છે એ પરિણામ સમ્યગ્દર્શન વિનાના પૂર્ણ હોય નહિ. ચોથે હોય, પાંચમે હોય, છઠ્ઠે હોય, સાતમા સુધી બંધાય. આઠમા ગુણસ્થાનથી નહિ. પણ મિથ્યાષ્ટિ ગમે તેવો દ્રવ્યલિંગી મુનિ હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય અને ચામડા તોડીને ખાર છાંટે તોપણ ક્રોધ ન કરે, તોપણ એને સમ્યગ્દર્શન નથી એટલે એને આવા પરિણામ હોઈ શકે નહિ. આહાહા..! એમ કરીને સિદ્ધ એ કરવું છે.

**'યહ ભાવકા મહાત્મ્ય હૈ. વિષયોંસે વિરક્તભાવ હોકર...'** વિષયની રુચિ જ નથી એમ કહે છે. આત્માના આનંદ આગળ બીજી વિષયમાં રુચિ શેની હોય? ધૂળની? આહાહા..! **'સોલહકારણ ભાવના ભાવે તો અચિંત્ય હૈ મહિમા જિસકી ઐસી તીનલોકસે પૂજ્ય 'તીર્થંકર' નામ પ્રકૃતિકો બાંધતા હૈ ઔર ઉસકો ભોગકર..'** ભોગવી એટલે

મળે છે. ખરેખર તો તીર્થંકર પ્રકૃતિનું ફળ તો તેરમે (ગુણસ્થાને) ઉદયમાં આવે છે.

શ્રોતા :- તેરમે ગુણસ્થાને...

ઉત્તર :- કેવળજ્ઞાન થાય ત્યારે તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવે. શું ભોગવવું? સમજાણું કાંઈ? તીર્થંકરના પરિણામ ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને આવે, પણ એ બાંધેલી પ્રકૃતિનું ફળ તેરમે ગુણસ્થાને આવે. કેવળજ્ઞાન થાય ત્યારે પ્રકૃતિનું ફળ સમવસરણ આદિ ઉદયમાં આવે. હવે એને ક્યાં ભોગવવું છે! આહાહા..! એય...!

'**ઔર ઉસકો ભોગકર મોક્ષકો પ્રાપ્ત હોતા હૈ.**' તીર્થંકરપણું જેને પ્રાપ્ત છે એ અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈને મોક્ષે જાય છે. એ તો અહીં શુભભાવની વિશેષતા બતાવી. બાકી એ એને અટકાવી દે છે. પણ અહીં કહે છે, આવો ભાવ જૈનશાસનમાં સમ્યગ્દૃષ્ટિ જીવને આવો હોય. એટલી વાત છે. સમજાણું કાંઈ?

'**દર્શન વિશુદ્ધિ,...**' લ્યો, પહેલો બોલ સમ્યગ્દર્શનની વિશુદ્ધિ. આ દર્શનવિશુદ્ધિ વિકલ્પવાળી છે. શુભરાગ ભેગો (છે). સમ્યગ્દર્શન છે, આત્માનું ભાન છે. આત્મા પૂર્ણાનંદનો નાથ, મારા આનંદની આગળ બધી દુનિયા, ઈન્દ્રના ઈન્દ્રાસન, ચક્રવર્તીના પદો... ઓલામાં આવે છે નહિ? '**ચક્રવર્તી કી સંપદા ઈન્દ્ર સરીખા ભોગ, કાગવિટ સમ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોગ.**' આહાહા..! પણ એને હોય ને માને આવું એમ કહે છે. અજ્ઞાનીને એવું હોય નહિ. આહાહા..! કાગવિટ સમ. કાગડાની વિષ્ટા ખાવામાં પણ કામ ન આવે. માણસની વિષ્ટા તો ભૂંડ પણ ખાય. કાગડાની વિષ્ટા છે એ ખાતરમાં પણ ન નખાય. ખાતર સમજો છો? ખાત. એ ખેતમાં ન નાખે. બગાડી નાખે. '**ચક્રવર્તી કી સંપદા ઈન્દ્ર સરીખા ભોગ.**' પુણ્યના ફળ. છતાં '**કાગ વિટ સમ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોગ.**'

શ્રોતા :- દ્વેષ ન કરાય ને.

ઉત્તર :- ના, ના, દ્વેષની વાત નથી, એ તો જ્ઞેય છે એમ કહે છે. એ તો જ્ઞેય છે, એને કાંઈ એના ઉપર મહિમા નથી.

શ્રોતા :- .. સમ્યગ્દર્શનનો મહિમા.

ઉત્તર :- હા, વાત એ છે. અને સમ્યગ્દર્શનમાં એવા બંધના પરિણામ આવે એટલું અહીં જણાવવું છે. સારા છે અને ઠીક છે એમ અહીં કહેવું નથી. સમજાણું કાંઈ? પણ આવા જે પરિણામ સર્વોત્કૃષ્ટ પુણ્યની પ્રકૃતિ, ૪૨ પ્રકૃતિ. એમાં તીર્થંકરપ્રકૃતિ સર્વોત્કૃષ્ટ છે. એ સમ્યગ્દર્શનના આત્માના ભાનની ભૂમિકામાં એવો ભાવ આવી જાય. એવી ઋદ્ધિ હોય કે (જે) ઈન્દ્રોને ન હોય. ઈન્દ્રો પણ એની પાસે પાણી ભરે. ખમા અન્નદાતા એમ કહે. સમજાણું કાંઈ? જેના મુગટ નમી જાય, જેના ચરણકમળમાં સો-સો ઈન્દ્રો આવીને નમે.

વાઘ અને સિંહ આમ નમે.

શ્રોતા :- થોડા સમય માટે નારકીઓને પણ શાતા થઈ જાય છે.

ઉત્તર :- બહારની શાતા, આત્માની નહિ, બહારની. સમજાણું કાંઈ? આત્માની શાતા એક સમયે મળી જાય તો થઈ રહ્યું, જન્મ-મરણ ટળી જાય. બહારની મળે. દર્શનવિશુદ્ધિ આ છે વિકલ્પવાળું, હોં! સમકિતમાં એક વિકલ્પ હોય એને અહીં દર્શનવિશુદ્ધિ કીધી છે. કારણ કે દર્શનવિશુદ્ધિ બંધાય (એ) સમકિતથી બંધાય નહિ. પણ એમાં વિકલ્પ-ભાવ હોય છે કે હું પૂર્ણ થાઉં, મારું સ્વરૂપ પૂર્ણ થાઓ. બહારથી કહે કે જગતનું કલ્યાણ થાવ, હિત થાઓ. સર્વજીવ કરું શાસન રચી... આવે છે ને? સર્વ જીવ કરું શાસન રચી, એવી ભાવદયા મન ઉલસી. એ વિકલ્પ-રાગ છે. સર્વ જીવ કરું શાસન.. બધા જીવો, આખી દુનિયા ધર્મ પામો ને. આખા-ભગવાન સર્વ જીવો સિદ્ધપદને પામોને. આહાહા..! એ સિદ્ધપદથી પાછા કેમ ફરો? સિદ્ધપદ. આહાહા..! સાગમટે નોતરું આપે છે. બધા જમવા આવજો. બધાને કહે છે કે આવજો, આવજો, મારો લાભ લેવા. સમજાણું કાંઈ? તમારો લાભ લેવા એમ એનો અર્થ છે.

'(૨) **વિનયસંપન્નતા,...**' બીજો બોલ. પણ આ બધું દર્શન હોય તો વિનયસંપન્નતા. નહિતર એના વિના કાંઈ નહિ. નીચે લખશે એ. '**ઈનમેં સમ્યગ્દર્શન પ્રધાન હૈ, યહ ન હો ઔર પન્દ્રહ ભાવનાકા વ્યવહાર હો તો કાર્યકારી નહીં હૈ.**' સમજાણું કાંઈ? '**વિનયસંપન્ન,...**' એ વિકલ્પ છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન હોય. વિનય... વિનય... વિનય.. વિનય... દાસાનુદાસ છું. સર્વજ્ઞ, તીર્થંકરો, સંતો એનો હું દાસાનુદાસ છું. સમજાણું કાંઈ? એવો ભાવ, સમ્યગ્દૃષ્ટિને એવી ભૂમિકામાં આવો શુભભાવ હોય છે, એટલું બતાવવું છે. એવો ભાવ મિથ્યાદૃષ્ટિને હોતો નથી. નગ્નમુનિ નવમી ગ્રૈવેયક જાય, તો પણ એને આ ભાવ ન હોય. એનો એ શુક્લલેશ્યાભાવ હોય કે નવમી ગ્રૈવેયક જાય. પાછો નીચે પડે. આહાહા..!

'(૩) **શીલવ્રતેષ્વનતિચાર...**' શીલવ્રત અતિચાર રહિત પાળે છે. અતિચાર ન હોય એવું નિર્દોષ. એવો વિકલ્પ હોય. '(૪) **અભીક્ષ્ણજ્ઞાનોપયોગ...**' વારંવાર જ્ઞાનનો ઉપયોગ અંદર.. છતાં ઓલો જ્ઞાન ઉપયોગ છે એ બંધનું કારણ નથી. વારંવાર જ્ઞાનના ઉપયોગનો વિકલ્પ આવે. રાગ એ તીર્થંકરગોત્ર બાંધે. એવો સમકિતી સિવાય આવો અભિક્ષ્ણ જ્ઞાનોપયોગનો ભાવ હોય નહિ એમ કહે છે. બીજા ઘણા કહે છે. ઓ..હો..! શું .. સજ્જાય! પણ દૃષ્ટિની ખબર વિના. સમજાણું કાંઈ? લ્યો, ચાર બોલ થયા. વિશેષ બોલ કહેશે. આવા ભાવ હોય તો તીર્થંકરગોત્ર બંધાય.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૯, શુક્રવાર તા. ૦૧-૦૨-૧૯૭૪**
**ગાથા – ૭૯, પ્રવચન – ૧૦૪**

૭૯મી ગાથા છે. ફરીને.

विसयविरत्तो समणो छद्दसवरकारणाइं भाऊण।
तित्थयरणामकम्मं बंधइ अइरेण कालेण।।७९।।

**'અર્થ :- જિસકા ચિત્ત ઇન્દ્રિયોંકે વિષયોં સે વિરક્ત હૈ...'** આત્મા શુદ્ધ આનંદઘન એવો અતીન્દ્રિય આત્મા જેને દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે, એને પર વિષયો જે છે એનાથી રુચિ વિરક્ત છે. આત્મા પરમાનંદસ્વરૂપ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે કહ્યો, એવો જેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થઈને પ્રતીતિ સમ્યગ્દર્શન થયું છે એને પર વિષયો તરફની વિરક્તતા છે. આવા પૂર્ણાનંદનો નાથ આત્મા એનું જેને અંતર ભાન થયું એને પર તરફના વિષયોથી નાસ્તિ છે. ઝીણી વાત છે, છોટુભાઈ! આહાહા..! માર્ગ એવો છે.

**'ઐસા શ્રમણ...'** મુખ્ય મુનિપણાની વાત કરી છે. **'સોલહકારણ ભાવનાકો ભાકર...'** એમ કહે છે કે જેને એ આત્મા પરમ અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવું જેને અંતર સમ્યગ્દર્શન અનુભવ થઈને થયું છે એને તીર્થંકરગોત્ર બાંધવાના ભાવ હોય છે. જેને સમ્યગ્દર્શન નથી એને આ ભાવ હોઈ શકે નહિ. એ કહે છે **'સોલહકારણ ભાવનાકો ભાકર...'** 'ભાકર'નો અર્થ એને શુભભાવ એવો (હોય છે). ચૈતન્યમૂર્તિ પ્રભુ ભગવાન એના આનંદના અનુભવના સ્વાદમાં જેને આત્માનું ભાન થયું છે, સમ્યગ્દર્શન, આ તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે હોં હજી. જેને ભવભ્રમણમાંથી ચોર્યાસીના અવતારમાંથી નીકળવાની દૃષ્ટિ થઈ ગઈ છે એવા અંતર જીવને—અંતરાત્મા જીવને—આવા શુભભાવ હોય છે કે જેનાથી તીર્થંકરગોત્ર બાંધે. એમ કહેવું છે. એમ જ ભાષા લે છે ને? **'भाऊण'**. એનો અર્થ એ કે એ ભાવ એને આવે છે. આહાહા..! એ તીર્થંકર નામપ્રકૃતિ કહો...

શ્રોતા :- કરવા લાયક નથી. આવે છે પણ કરવા લાયક નથી.

ઉત્તર :- રાગ છે ને વિકલ્પ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ રાગ છે, ધર્મ નથી.

શ્રોતા :- .. તો મીઠો લાગે.

ઉત્તર :- અજ્ઞાનીને, બાળક હોય એને વિષ્ટા ઠંડી સારી લાગે. બાળક હોય અને દૂધ બહુ પીધું હોય, ઉનાળાનો દિ' હોય (અને) શેરણું થાય. એને ઠંડુ બહુ સારુ લાગે. હાથ આમ કરી ને ચાટે ... તેથી શું? એઈ..! આહાહા..! વીતરાગ માર્ગ બાપુ! ઝીણી વાત છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો એકલો રાગ છે, શુભભાવ છે. એ ધર્મ નથી અને ધર્મનું કારણ પણ નથી. આહાહા..!

ધર્મ તો ... સર્વજ્ઞે ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ (જોયો અને છે) એવી જેને અંતરમાં દૃષ્ટિ રાગની એકતા તૂટીને સ્વભાવની એકતાનું ભાન જ્યાં થયું છે... આહાહા..! એને સમ્યગ્દર્શન થઈ ગયું. છોટુભાઈ! આહાહા..! જેને આ સમ્યક્‌નું ભાન નથી, આત્મા ચિદાનંદમૂર્તિ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ આત્મા એની જેને દૃષ્ટિ અનુભવની થઈ નથી, એ બધા ગમે તે વ્રત ને તપ ને પૂજા ને ભક્તિ ને જાત્રા કરે—એ બધું એકડા વિનાના મીંડા છે. કહો મૂળચંદભાઈ! એણે આત્મા શું છે વીતરાગ કહે છે એ, એને એણે સાંભળ્યો જ નથી અંતરથી.

અંતરાત્મા ચિદાનંદ ભગવાન અતીન્દ્રિય આનંદનું ધામ ત્રિકાળ અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા છે. એની સન્મુખ થઈને જે દૃષ્ટિ-સમ્યગ્દર્શન-નિર્વિકલ્પ પ્રતીતિ, અનુભવ થાય એ જીવને આવા ભાવ આવે એમ છે. તીર્થંકરગોત્ર બાંધવાના ભાવ એવા જીવને હોય. જેને હજી દૃષ્ટિના ભાન નથી, એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ ધર્મ છે, ધર્મનું કારણ છે એમ માનનારા જે મિથ્યાદૃષ્ટિ છે એને આ તીર્થંકરગોત્રનો ભાવ આવે નહિ. સમજાણું કાંઈ? આ કોઈ પક્ષ નથી, આ તો વીતરાગનો માર્ગ છે. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંત પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે સીમંધર ભગવાન. આ મહાવીર ભગવાન આદિ તો સિદ્ધપદને પામ્યા. આ અરિહંતપદે બિરાજે છે. એમની પાસે આ કુંદકુંદાચાર્ય ગયા હતા સંવત્ ૪૯માં. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા. એમાં અહીં એમ કહે છે. તીર્થંકરગોત્રની ભાવના સારી છે, ઊંચી છે એ તો વ્યવહારથી વાત છે. સમજાણું? પણ અહીં બતાવવું છે કે જે ધર્માત્મા જેને આત્મદર્શન થયો છે, ગૃહસ્થાશ્રમમાં હોય પણ જેને આત્મદર્શન, આત્મા પૂર્ણાનંદ સ્વરૂપનો અનુભવ થયો છે એને સમ્યગ્દર્શન કહીએ, એવા જીવને આવો ભાવ હોય એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પાટણીજી! આવી વાત છે ઝીણી. આહાહા..! કહો, ભગવાનજીભાઈ! ત્યાં કાંઈ તમારા રૂપિયા-બુપિયા કામ ન આવે એમ કહે છે અહીં તો. બહારમાં દુનિયામાં કહેવાય ને કરોડપતિ, પાંચ કરોડ, દસ કરોડ, દસ-દસ લાખની, વીસ-વીસ લાખની ઊપજ વર્ષની. પાગલ, ગાંડા, પાગલ એને વખાણે. સમજાય છે કાંઈ? અહીં તો પરમાત્મા પોતાની આનંદ અને જ્ઞાનની સંપદાનો ધણી પ્રભુ એનું જેને ભાન થયું તે પ્રશંસાલાયક છે અને એવા જીવને આવો વ્યવહારે ભાવ હોય છે. આહાહા..!

એ '**તીર્થંકર નામ પ્રકૃતિકો થોડે હી સમયમેં...**' પાઠ છે ને? '**अचिरेण**' '**બાંધ લેતા હૈ.**' ઝીણું છે, ભગવાન! વાત એવી પ્રભુ છે. અત્યારે તો આ ચાલતી નથી. અત્યારે તો બહારમાં આ વ્રત કરો ને અપવાસ કરો ને પૂજા કરો ને ભક્તિ કરો. આ ધર્મ. જે પુણ્ય અને વિકાર છે એને જગતના જીવોએ ધર્મ માન્યો છે. મૂળચંદભાઈ! અહીંયાં કહે છે..

'**ભાવાર્થ :- યહ ભાવકા માહાત્મ્ય હૈ, (સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વજ્ઞાન સહિત...** ' સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવે જે તત્ત્વજ્ઞાન કહ્યું, વીતરાગ સર્વજ્ઞે કહેલું તત્ત્વજ્ઞાન, અજ્ઞાનીઓએ કહેલી

વાત એ સાચી નથી. સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણવામાં આવ્યા છે. એવા સર્વજ્ઞ વીતરાગ એના મુખથી નીકળેલા તત્ત્વો, એનું જેને જ્ઞાન છે. એવા '**તત્ત્વજ્ઞાનસહિત—સ્વસન્મુખતા સહિત**)...' આત્મા પૂર્ણ શુદ્ધ આનંદધામ એની સન્મુખતા અને સંયોગો અને વિકાર દયા, દાન, પરિણામ એનાથી વિમુખતા. આ ભારે શરતું બહુ આકરી. અરે..! એણે કોઈ દિ' ધર્મ શું છે એ અનંત કાળમાં કર્યો નથી. મુનિ થયો દિગંબર સંત, અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત પાળ્યા, એ કાંઈ ધર્મ નથી.

શ્રોતા :- મહાવ્રત પાળ્યા તો ખરા ને.

ઉત્તર :- પાળ્યા એટલે રાગને પાળ્યો. વીતરાગ સ્વભાવને છોડી દીધો દૃષ્ટિમાંથી. આહાહા..! અરેરે..! આ ચોર્યાસીના અવતાર, જન્મ-મરણ કરીને રખડી મર્યો છે એ. ક્યાંય સુખી નથી. આ બધા કરોડોપતિ કહેવાય એ બિચારા દુઃખી છે હોં! એય..! છોટુભાઈ! સાચી વાત હશે? એય..! ભગવાનજીભાઈ! આ પણ કરોડપતિ છે. આહાહા..! ધૂળમાંય નથી સાંભળને, ભાન નથી તને.

શ્રોતા :- પૈસાદારને ...

ઉત્તર :- પૈસાદાર એટલે શું? જડવાળો? પૈસાવાળો એટલે જડવાળો એમ? આત્મા જડવાળો હોઈ શકે? આહાહા..! પૂર્વના કોઈ પુણ્યને કારણે પુણ્ય બળવા માંડ્યું અને બહાર સંયોગો આવે એ કાંઈ બુદ્ધિ છે માટે આવે છે એવું કાંઈ છે નહિ. બુદ્ધિના બારદાન હોય એની પાસે અબજો રૂપિયા હોય છે. બારદાન સમજાણું? કોથળા. આ શાંતિલાલ ખુશાલ ગુજરી ગયા ને બિચારા જુઓને. આપણે ગોવા-ગોવા. બે અબજ ચાલીસ કરોડ. બે અબજ ચાલીસ કરોડ ધૂળમાં દુઃખી હતા બિચારા. એક ક્ષણમાં પા કલાકમાં ગુજરી ગયા. .. સલવાઈ ગયા .. વાપરવા જોડે પૈસા પણ નહોતા એની પાસે. એવું સાંભળ્યું હતું. વીસ લાખ રૂપિયા બે ટકાના વ્યાજે (લીધેલા).

શ્રોતા :- ધંધામાં રોકાણા હતા.

ઉત્તર :- ધંધામાં પણ .. નહોતા ને. સંચા મોટા અઢી અઢી કરોડના સંચા અને લાખ લાખની ઓલી શું કહેવાય? આગબોટ. એવી ત્રણસો આગબોટ છે. શું કહેવાય? મેંગેનિઝ. ... લોઢું લોઢું એવું છે. બધું સાંભળ્યું છે ને બધી ખબર છે. એમાં કાંઈ ધૂળ નથી. એમાં ત્રણસો તો એની પાસે. લાખ લાખ રૂપિયાની ત્રણસો છે. સમુદ્રમાં ત્રણ કરોડની. બધા ત્યાં રોકાઈ ગયા. એના બનેવી કહેતા. આવે છે ને આપણે પોપટભાઈ. એના બનેવી પોપટભાઈ છે ને લીંબડી. પરનારાવાળા. એમના સગા બનેવી. એમના દીકરી છે ને અહીં બાળબ્રહ્મચારી. એ કહેતા હતા કે જઈ આવ્યા અમે કાણે. પણ પુણ્ય ઓછા થઈ ગયા છે. એમ કહેતા હતા. ધૂળમાંય નથી, મૂઢ માનો. સુખ છે ભગવાન આત્મામાં અને એ સુખ માને છે પૈસામાં અને પુણ્ય-પાપના ભાવમાં, એને ભગવાન મિથ્યાદર્શન પાખંડી, અજ્ઞાની કહે છે. છોટુભાઈ! અહીં તો આ વાત છે, ભગવાન! આહાહા..!

કહ્યું હતું ને એક ફેરી? (સંવત) ૧૯૮૧ની સાલ. હતા તમે? લીંબડીમાં. કેવા ડગલી? કેવા? લગડી લગડીવાળા. ભાઈલાલનો બાપ. ભાઈલાલ છે ને લીંબડી, એનો બાપ હતો મોહનલાલ. .. બધા જાણતા હતા ને, ૬૧ વર્ષ તો અહીં થયા. દીક્ષા લીધા ૬૧ ચાલે છે. બધાને જાણતા કે નહિ? ૮૧માં પૂછવા આવ્યા એક ફેરી. દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. .. દરબાર છે ને દાદભા હતા ને. એ વ્યાખ્યાનમાં આવ્યા હતા. લાલચંદ શેઠ સંઘવી અપાસરે. પછી ત્યાં અમે બહાર ગયા ત્યારે આવ્યા. મહારાજ! એ વખતે ૩૫-૪૦ હજાર રૂપિયા પાઠશાળામાં આપેલા એ લોકોએ. આ પૈસાવાળાનું ધર્મમાં સ્થાન ખરું કે નહિ? એમ પૂછયું મને. લીંબડીથી અંકેવાળીયું છે ને બે ગાઉ છેટે. એ અંકેવાળીયા ગયા હતા અમે. બહાર બેઠા હતા. હું ને .. બે હતા. ત્યાં એ ઘોડાગાડી આવી ને ત્યાં બેઠા. પૈસાવાળાનું ધર્મમાં સ્થાન ખરું? મેં કીધું, બિલકુલ નહિ. પૈસા ધૂળ એનું સ્થાન ધર્મમાં શું હોય?

શ્રોતા :- એનું સ્થાન તો ક્યાંક હશે ને?

ઉત્તર :- સ્થાન છે પાપમાં. પાપના કરનારા પાપીઓ એવા પૈસાવાળાના વખાણ કરે. મૂળચંદભાઈ! અહીં તો એ વાત છે, ભગવાન!

અહીંયાં તો આત્મા પરમાનંદસ્વરૂપ જેમાં અનંતી લક્ષ્મી પડી છે. આહાહા..! એની સન્મુખ થઈને જેણે અંતર સંપદાનો સ્વીકાર કર્યો નથી એ બધા ભિખારી, રાંકા, ચાર ગતિમાં રખડનારા છે. આહાહા..! આ એના વિશેષણો છે. અહીં પરમાત્મા એ કહે છે. આહાહા..! જેને અંતર ભગવાન... અરિહંત ભગવાનને સર્વજ્ઞ(પણું) કેવળ થાય છે એ સર્વજ્ઞપણું આવે ક્યાંથી? ક્યાંય બહારથી આવે છે? લટકે છે? અંતર સર્વજ્ઞસ્વભાવ સ્વરૂપમાં પડ્યો છે. ત્રણ કાળ ત્રણ લોકને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જાણે એવી જે સર્વજ્ઞશક્તિ અંતરમાં પડી છે. ભગવાન આત્માના અંતરમાં પડી છે. આહાહા..! અરે..! કેમ બેસે? એણે કોઈ દિ' વિચાર્યું પણ નથી. એવા સર્વજ્ઞસ્વભાવનો અનુભવ કરી અને જેણે વર્તમાન દશામાં સર્વજ્ઞપર્યાય પ્રગટ કરી એવા સર્વજ્ઞ વીતરાગે જે તત્ત્વો કહ્યા. છે ને? '**તત્ત્વજ્ઞાન સહિત-સ્વસન્મુખતા સહિત...**' પુણ્ય અને પાપના ભાવ, આ તો માટી, શરીર ધૂળ છે આ. માટી જડ છે. જડ થઈને રહેલ છે. કાંઈ આત્માનું નથી અને આત્માની થઈને રહી નથી. અને અંદરમાં જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એ વિકાર, પુણ્ય વિકાર થઈને રહેલ છે. અને આ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કમાવવું એવા જે ભાવ એ તો પાપવાસનાનો ભાવ થઈને રહેલ છે. એનાથી ભિન્ન ભગવાન અંદર છે. આહાહા..! જેમાં અનંતું જ્ઞાન, અનંતો આનંદ, અનંતી શાંતિ, અનંતી સ્વચ્છતા, અનંતી પ્રભુતા (ભરેલી છે). આહાહા..!

લીંડીપીપરમાં જેમ ચોસઠ પહોરી તીખાશ ભરેલી છે તો એ ઘૂંટે બહાર આવે છે. એ અંદરમાં છે એ પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમ ભગવાન.. આ લીંડીપીપર થાય છે ને? છોટી પીપર. ઘૂંટે ચોસઠ પહોર ત્યારે ચોસઠ પહોરી તીખાશ બહાર આવે છે ને? એ ક્યાંથી આવી? પથરેથી આવી? એમાં છે. એમ ભગવાન

આત્મામાં શરીર પ્રમાણે પ્રભુ આત્મા હોવા છતાં એના અંદરમાં સર્વજ્ઞ, સર્વદર્શી, અતીન્દ્રિય આનંદ અને પૂર્ણ વીતરાગતા ભરી છે અંદર. આહાહા..! એની સન્મુખ થઈને અને પુણ્ય ને પાપ ને સંયોગી ચીજ ને એક સમયની અવસ્થા એનાથી વિમુખ થઈને, એ પૂર્ણ સ્વભાવમાં સન્મુખ થઈને જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એ જીવની વાત છે અહીં.

એ '**વિષયોંસે વિરક્તભાવ હોકર...**' આ વિષયનો અર્થ સાધારણ નહિ, પણ પર તરફના વલણથી વિરક્ત છે એમ ભાઈ. આહાહા..! પાટણીજી! શું કહ્યું આ? ભગવાન! તારી જે અંતર સંપદા પૂર્ણાનંદનો નાથ તું છો ભાઈ! એને જેણે વિષય બનાવ્યો, એને જેણે ધ્યાનમાં ધ્યેય બનાવ્યો... ભારે વાતું આકરી ભાઈ! એને પર તરફના વિષયથી વિમુખ થઈ ગયો છે એ. સમજાણું કાંઈ? આવી વાતું. ઓલા તો શેઠિયાઓ કહે કે આ વાતું તો બહુ ઊંચી છે. અમારા માટે કાંઈ છે નહિ. તમારા માટે આ છે, સાંભળને.

શ્રોતા :- ભેદજ્ઞાન કરવાની વાત છે.

ઉત્તર :- પણ એને એ વાત.. બહારનું બહુ. શાહૂજી શાંતિપ્રસાદ. ચાલીસ કરોડ. આપણે અહીં આવવાના હતા ઉદ્‌ઘાટનમાં. એમના હાથે ઉદ્‌ઘાટન (હતું), ફાગણ સુદ તેરશમાં. એ આ સાંભળીને એમ કહે, મહારાજ! આ તો બહુ ઊંચી વાત હોં! અમારા જેવા... પણ આ તમારા (માટે)ની પહેલી વાત આ છે. અમારા એટલે કોણ વળી? પણ ઓલું બહારનું ઘુંટાવ્યું હોય ને કે આ કરો, આ વ્રત કરો, આ તપ કરો, આ સામાયિક કરો, પોષા કરો. ધૂળેય નથી સામાયિક પોષા. રાગની ક્રિયા છે એ તો. સમજાણું કાંઈ? આહાહા..! 'અજર પ્યાલા પીઓ મતવાલા. કિન્હી અધ્યાત્મવાસા, આનંદઘન ચેતન વ્હૈ ખેલે દેખે લોક તમાશા.' ભગવાન આત્મા. આહાહા..! પોતાના સ્વભાવની શુદ્ધતાની પૂર્ણતા સન્મુખ જેની દૃષ્ટિ થઈ છે, એ સમ્યગ્દૃષ્ટિ જીવનો એ વિષય છે. ચોથે ગુણસ્થાને હોં! હજી ગૃહસ્થાશ્રમમાં સમકિતી હો તો આ છે. એ વિના એ સમકિતી નથી. એને પર તરફના વિષયની દશા દૃષ્ટિમાંથી છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**વિષયોંસે વિરક્તભાવ હોકર સોલહકારણ ભાવના ભાવે...** ' એ તો 'ભાવે' એ શબ્દ લીધો, પણ એને એ ભાવ આવે. સમકિતી જીવને તીર્થંકરગોત્ર બાંધવાનો વિકલ્પ હોય છે રાગ. મિથ્યાદૃષ્ટિ જેને હજી આત્માની ખબર નથી, એને સમકિત વિના આવો ભાવ એને હોઈ શકે નહિ. આહાહા..! ષોડશભાવના ભાવે. શબ્દ પાઠમાં છે ખરો ને. '**कारणाइं भाऊण**' એટલે એ આવે એમ.આહાહા..!

શ્રોતા :- શુભભાવ છે.

ઉત્તર :- છે શુભભાવ, પુણ્યભાવ, રાગભાવ, અધર્મભાવ. છોટુભાઈ! જેનાથી બંધ પડે એ ધર્મ હોય? ધર્મ તો ભગવાન આત્મા આનંદનો નાથ એનો અબંધસ્વભાવ અને અબંધ પરિણામ પ્રગટ કરે

એ ધર્મ છે. આહાહા..! કીધું હતું ને તે દિ'. (સંવત) ૧૯૮૫ની સાલ, પોષ મહિનો હતો. બોટાદ. વ્યાખ્યાન ચાલતું હતું. ત્યાં તો સભા મોટી ચાલે ને અને અમારું તો માન બહુ હતું ને સંપ્રદાયમાં. ઘણું. પહેલા રાયચંદ ગાંધી ને ગૃહસ્થો બધા (આવે). વ્યાખ્યાનમાં ઘણું માણસ પંદરસો. એ ભાવ આવ્યો. પોષ મહિનાની વાત છે ૮૫ની. પંદર ને ત્રેવીસ—સુડતાલીસ થયા. કીધું, જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ ધર્મ નહિ. છોટુભાઈ! ધર્મ નહિ એટલે અધર્મ છે, એ શુભરાગ છે. ખળભળાટ. સભા તો માને. સભામાં તો અમારું બહુમાન હતું ને. સભામાં બધા શાંતિથી સાંભળે. એક સાધુ હતો એણે ખળભળાટ કરી નાખ્યો.

શ્રોતા :- બીજા કોઈની તાકાત નથી આવું કહેવાની.

ઉત્તર :- આ તો સભા વચ્ચે ૮૫ની વાત છે. બે વાત કરી હતી સભામાં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધ પડે નહિ ને. જે ભાવે બંધ પડે તે ધર્મ નહિ. અને પંચ મહાવ્રતના પરિણામ એ આસ્રવ છે. સંપ્રદાયમાં રહીને કહ્યું હતું હોં! આહાહા..! મોટી સભા બોટાદમાં, ત્રણસો ઘર તે દિ'. હવે તો વધી ગયા છે. ગૃહસ્થ માણસો ઘણા. પણ દેરાવાસી કરતા સ્થાનકવાસીના ... બહુ સભા મોટી. આ તો ૪૫ વર્ષ પહેલાની વાત છે. કીધું, ભાઈ! મહાવ્રતના ભાવ એ શુભ વિકલ્પ અને રાગ છે, આસ્રવ છે. બાપુ! એ ધર્મ નહિ. આ બે વાત કરી હતી. સભા તો સાંભળે, બધા ગૃહસ્થીઓ હતા ને. રાયચંદ ગાંધી. મુંબઈમાં છે ને ઓલા હીરાલાલ, નહિ? કાપડની દુકાન છે કે લોઢાની? હીરાલાલ ચંપકલાલ ને હીરાલાલ રાયચંદ. લોઢાનો વેપાર છે. આહાહા..!

અરે..! ભગવાન! ભાઈ! તને તારી જાતની ખબર નથી. તારી જાતમાં તો એકલી વીતરાગતા ભરી છે. વીતરાગ ભગવાન થાય છે એ ક્યાંથી થાય છે? એ વીતરાગતા ક્યાંય બહારથી આવે છે? અરે..! પણ એની ખબરું ન મળે અને ધર્મ કરીએ એમ માને. અનાદિથી છેતરાઈ ગયો છે એમ ને એમ. ભવના અભાવ કરવાની વાતું સાંભળી નથી એણે અને ભવનો અભાવ થઈ જાય એને (એમ માને). મરીને જાય ચાર ગતિમાં રખડવા. આહાહા..!

કહે છે, આ '**અચિંત્ય હૈ મહિમા જિસકી**...' તીર્થંકરગોત્ર છે ને? પુણ્ય પ્રકૃતિ છે ને. બધી બેતાલીસ પ્રકૃતિમાં તીર્થંકર પ્રકૃતિ ઊંચી છે. આહાહા..! જેના જન્મ વખતે ઈન્દ્રો હાજર થાય એ પુણ્ય પ્રકૃતિ એવી જ હોય ને. આહાહા..! શ્રેણિક રાજા ભગવાનના વખતમાં સમકિતી થયા, આત્મજ્ઞાની થયા અને એણે તીર્થંકરગોત્ર બાંધ્યું. એ અત્યારે પહેલી નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ નરકમાં છે. પણ ત્યાંથી (નીકળીને) તીર્થંકર થવાના છે. આવતી ચોવીસીના પહેલા તીર્થંકર. છોટુભાઈ! સાંભળ્યું છે કે નહિ? એ તો સંપ્રદાયમાં વાત ચાલે છે. આ તત્ત્વની દૃષ્ટિની વાત નથી. એ સમ્યક્ આત્મ અનુભવ પામેલ. આહાહા..! પછી તીર્થંકરગોત્ર બાંધ્યું, પણ પહેલી નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું એટલે નરકમાં .. ત્યાં ગઈ. ચોર્યાસી હજાર વર્ષ સ્થિતિએ છે ત્યાં. અઢી હજાર વર્ષ ગયા. સાડી એકાશી

હજાર વર્ષ બાકી છે. ત્યાંથી નીકળીને રાણીને કૂખે જન્મ લેશે. આહાહા..! એને કાંઈ વ્રત પણ નહોતા, તપ પણ નહોતું, ચારિત્ર કાંઈ નહોતું ત્યાં. એ સમ્યગ્દર્શન, ક્ષાયિક સમકિતદર્શન. આહાહા..! માતાની કૂખે...

ઈન્દ્રો આવીને માતાને નમસ્કાર કરશે. હે માતા! રતનકૂખધારિણી! આવું રત્ન તેં તારા કૂખમાં રાખ્યું. માતા! પહેલો તો નમસ્કાર તને છે. નરકમાંથી આવશે હોં! આહાહા..! નમો રત્નકૂખધારિણી. આવા રત્નની માતા! તું તીર્થંકરની માતા નહિ પણ અમારી માતા છો. એ પુણ્ય પ્રકૃતિ. તીર્થંકરપણું બાંધેલું છેને એનું આ અચિંત્ય માહાત્મ્ય છે. પણ એ સમ્યગ્દૃષ્ટિને હોય, એ સિવાય હોય નહિ. જેને હજી સાચી શ્રદ્ધા કોને કહેવી? દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા કોને કહેવા?

શ્રોતા :- ...

ઉત્તર :- આ પુણ્યનું ફળ છે, ધર્મનું ફળ નહિ. એ પુણ્યનું ફળ. ધર્મનું ફળ તો અંદરમાં આનંદની શાંતિ આવે એ. આહાહા..! અરેરે..! એણે આત્માની દયા ન કરી. મારું શું થશે? હું ક્યાં જઈશ અહીંથી? ચોર્યાસીના અવતારની મોટી પાટ પડી છે. આહાહા..! એને જ્યારે દયા આત્માની આવે છે અને સમ્યક્ પ્રગટ કરે છે ત્યારે દુનિયાની દયા એને આવે છે કે દુનિયા કેમ તરે? એવો શુભરાગ તીર્થંકરપણાના બંધનું કારણ થાય છે. આહાહા..! એ કહે છે.

'**અચિંત્ય હૈ મહિમા જિસકી ઐસી તીનલોક સે પૂજ્ય તીર્થંકર નામ પ્રકૃતિકો બાંધતા હૈ ઔર ઉસકો ભોગકર...**' એ તીર્થંકર પ્રકૃતિ,... સંયોગમાં ઈન્દ્રો જેની સેવા કરશે. એ તીર્થંકરને સ્વર્ગમાંથી બધા કપડા અને ... આવે છે. એવા ભાવને ભોગવી '**મોક્ષકો પ્રાપ્ત હોતા હૈ. યહ સોલહકારણ ભાવનાકે નામ હૈ,...**' પહેલી '**દર્શનવિશુદ્ધિ,...**' પહેલી મૂળ ચીજ. આહાહા..! લોકોએ તો સમકિત એટલે? આ દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા અને નવ તત્ત્વને માન્યા (એટલે) થઈ ગયું સમકિત. ધૂળેય નથી સાંભળને હવે. એવી માન્યતા રાગની તો અનંત વાર કરી છે. સમજાણું કાંઈ? દર્શનવિશુદ્ધિ. જેની શ્રદ્ધામાં, ભગવાન પૂર્ણાનંદનો નાથ જેની શ્રદ્ધામાં આવ્યો છે અને એની સાથે એને શુભરાગ ઉત્પન્ન થયો એને અહીંયાં દર્શનવિશુદ્ધિ કહે છે. એકલું સમકિત નહિ, પણ સમકિત સાથે શુભ વિકલ્પ ઊઠે છે. એ ભાવે એ તીર્થંકરગોત્ર બાંધે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ પહેલો બોલ છે. એકડો છે આ.

આ હોય તો '**વિનયસંપન્નતા,...**' બીજો બોલ હોય તો એ શુભભાવ હોય. સમકિતીને દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન, વિનયાદિ હોય છે એ શુભભાવ છે, ધર્મભાવ નહિ. એ વિનયસંપન્નતાથી તીર્થંકરગોત્ર બાંધે, પણ એમાં ઓલું સમકિત પહેલું હોય તો. સમ્યગ્દર્શનનું ભાન નથી અને વિનય કરે દેવ-ગુરુ-શાસ્ત્રનો (તો એ) પુણ્ય બાંધે, તીર્થંકરપણું ન બાંધે. આહાહા..! અરે..! અનાદિ કાળથી રખડાઉ જીવ, ચોર્યાસીના અવતારમાં રખડી-રખડી અવતાર અનંત કર્યા. એને ટાળવાની દૃષ્ટિ તો આત્મા સ્વભાવમાં

દે ત્યારે છે. આહાહા..! એ દર્શનવિશુદ્ધિ સમકિતમાં જેને દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનયસંપન્નતા હોય એ શુભરાગ છે. એને તીર્થંકરગોત્ર બંધાય, પણ ઓલું સમકિતસહિત હોય તો. એકલા દેવ-ગુરુ-શાસ્ત્રની વિનય ને ભક્તિ (હોય એને તો) એકલું પુણ્ય બંધાય સાધારણ પાપ. (પાપા)નુબંધી સાધારણ. પાપનું પુણ્ય. આહાહા..!

'૩. **શીલવ્રતેષ્વનતિચાર,...** ' આત્માના શીલવ્રતમાં નિરતિચાર વ્રત પાળે. પણ ઓલી સમ્યગ્દર્શનની ભૂમિકામાં. જેને હજી સમ્યગ્દર્શન નથી અને વ્રતાદિના નિરતિચાર પાળે (એ) પુણ્ય બાંધે છે. ધર્મ ન થાય, તીર્થંકરગોત્ર ન બાંધે.

શ્રોતા :- ...

ઉત્તર :- આજ્ઞાની. ભાન ઓલું મૂળ તો નથી. આહાહા..! અત્યારે તો એ વાતમાં આખી વાત ગોપવાઈ ગઈ છે. ખબર છે ને સંપ્રદાયમાં તો. ૨૧ વર્ષ ને ચાર મહિના ગાળ્યા છે ને એમાં. છોટુભાઈ! આહાહા..! એ વાત જ નથી. એ તો આ વ્રત ને આ ને આ ને આ. બસ એ. સમકિત એટલે દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા એ સમકિત. એ વાત વીતરાગ કહેતા નથી. પંડિતજી!

આત્માના સમ્યક્ અનુભવની ભૂમિકામાં સમ્યગ્દર્શન હોય, એને આવી વિનયસંપન્નતા હોય અને તેમાં શીલવ્રત નિરતિચાર (હોય). એના શીલ બ્રહ્મચર્ય આદિ નિરતિચાર હોય, પણ છે એ શુભભાવ. બ્રહ્મચર્યનું પાળવું નિરતિચાર એ પણ છે શુભરાગ, ધર્મ નહિ. આહાહા..! જાવજીવનું બ્રહ્મચર્ય, બાળબ્રહ્મચારી હોય તોપણ ભાવ એ શુભ છે, ધર્મ નહિ, પુણ્ય છે. ધર્મ તો બ્રહ્મચર્ય નામ બ્રહ્માનંદ ભગવાન આત્મા, એ આત્મામાં બ્રહ્મ નામ આનંદમાં ચરે અને રમે એને બ્રહ્મચર્ય કહીએ. એવા બ્રહ્મચર્યના ભાનસહિત જેણે શીલવ્રત નિરતિચાર શુભરાગથી પાળ્યા હોય, તીર્થંકરગોત્ર બાંધે. આહાહા..! સમજાણું કાંઈ?

'૪. **અભીક્ષ્ણજ્ઞાનોપયોગ,...**' અત્યારે એ જ બધું ચાલે છે બહુ. વારંવાર શાસ્ત્ર પઢે, ભણે એ અભીક્ષ્ણજ્ઞાનોપયોગ. અભીક્ષ્ણ એટલે વારંવાર શાસ્ત્રનો અભ્યાસ. પણ એ સમ્યગ્દર્શન વિનાનો અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ જ ખોટો છે. જેને આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જેમાં પુણ્ય અને પાપના રાગથી રહિત ભગવાન એવી જેને અનુભવની દૃષ્ટિ થઈ છે, એ જીવ જ્ઞાનનું, શાસ્ત્રનું વારંવાર અધ્યયન કરતો હોય તો એ શુભરાગ છે.

શ્રોતા :- એને શુભરાગ...

ઉત્તર :- એ શુભરાગ છે.

શ્રોતા :- જેને આત્માનું ભાન થયું..

ઉત્તર :- એને પણ વારંવાર શાસ્ત્રનું ભણતર એ શુભરાગ છે. અહીં તો વસ્તુની સ્થિતિનું વર્ણન છે. આહાહા..!

અભીક્ષ્ણ એટલે વારંવાર શાસ્ત્ર... શાસ્ત્ર... શાસ્ત્ર... શાસ્ત્ર... વાંચન, શાસ્ત્ર પૂછવું, શાસ્ત્ર પરિચય, શાસ્ત્ર.. પણ એ સમ્યગ્દર્શનની ભૂમિકા પ્રગટી હોય એ જ્ઞાનમાં વારંવાર વેપાર—ઉપયોગ રાખે તો એ શુભરાગ છે, એ શુભરાગથી તીર્થંકરગોત્ર બાંધે. અત્યારે ઘણાને એવી ઉપમા આપે છે. ફલાણા સાધુ ક્ષુલ્લક અભીક્ષ્ણ ઉપયોગી છે, અભીક્ષ્ણ ઉપયોગી છે. આવે છે?

શ્રોતા :- ...

ઉત્તર :- તમને નથી ખબર? આહાહા..! પણ મૂળ ચીજ વિના? આહાહા..!

અભીક્ષ્ણ એટલે વારંવાર શાસ્ત્રનો અભ્યાસ. એ શુભભાવ છે. સમ્યગ્દૃષ્ટિ જીવને આવો હોય છે. એ તીર્થંકરગોત્ર બાંધે છે. કહેશે પછી આગળ. '**અર્હદ્‌ભક્તિ...**' પરમાત્મા ત્રિલોકનાથ અરિહંત ભગવાનની ભક્તિ. એ અરિહંતની ભક્તિ.

શ્રોતા :- સંવેગ રહી ગયું.

ઉત્તર :- સંવેગ રહી ગયું. હા હા. સંવેગ-સંવેગ. પછી આવશે, નીચે આવશે.

'**૫. સંવેગ...**' આહાહા..! જેને પૂર્ણાનંદનો નાથ આત્મા પૂર્ણ સ્વરૂપ પ્રગટ કરે, મોક્ષનું જેને ધ્યેય હોય છે અંદર. પૂર્ણ મોક્ષ પ્રાપ્ત કરવાની જેને વૃત્તિ હોય છે એ સંવેગ છે. છે શુભરાગ. સમજાણું કાંઈ? એ સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા હોય છે. પણ સમકિતીને આવો સંવેગ હોય છે. એના શુભભાવમાં તીર્થંકરગોત્ર બાંધે. એકલા આત્મજ્ઞાન વિનાના પ્રાણીને એવો સંવેગ હોય તે પુણ્ય બાંધે, ધર્મ ન થાય, તેમ તીર્થંકરગોત્ર એ ન બાંધે. આહાહા..! સંવેગ.

'**૬. શક્તિતસ્ત્યાગ,...**' શક્તિ પ્રમાણે રાગનો ત્યાગ કરે. બાહ્ય ચીજનો ત્યાગ ઘટાડવામાં રાગને ઘટાડે. શક્તિ પ્રમાણે, હઠથી નહિ. શક્તિ ન હોય અને બહારથી બધો ત્યાગ કરીને બેસી જાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. જેને અંતરમાં શુદ્ધ પ્રભુ સર્વજ્ઞસ્વભાવી પ્રભુનું ભાન થયું છે એવો સમકિતી જીવ શક્તિ પ્રમાણે રાગને ઘટાડે. હઠ કરીને એકદમ સમકિત થયું એટલે લઈ લ્યો મુનિપણું. (એમ ન હોય). બાપા! મુનિપણાની દશા કોઈ જુદી ચીજ છે. મુનિપણું કેવું હોય એ તેં સાંભળ્યું નથી. આહાહા..! આ બધા દીક્ષા લે છે ને, એ તો બધા મિથ્યાદૃષ્ટિ જીવો છે. એય..! છોટુભાઈ! પછી તમારા જેવા ગૃહસ્થીના ઘરેથી વરઘોડા કાઢે. એ જાણે કે ઓહોહો..! ધૂળેય નથી. એને હજી સમ્યગ્દર્શનની ખબર નથી. આહાહા..! હજી અરિહંતદેવ કોને કહેવા? ગુરુ નિર્ગ્રંથ મુનિ કોને કહેવા? અને ભગવાનનો સાચો અહિંસા ધર્મ કોને કહેવો? એની જેને હજી ખબરું નથી એ બધા દીક્ષા લઈને દખ્યા લે છે. એ દુઃખને વ્હોરે છે. સમજાણું કાંઈ?

અહીં તો આત્માનું ભાન થયું છે. હું એક રાગનો કર્તા પણ નહિ. રાગ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ મારું કર્તવ્ય નહિ. પણ પરિણમન આવે છે. સમજાણું કાંઈ? એની શક્તિ પ્રમાણે ત્યાગ (કરે). આમ છોડી દ્યો, છોડી દ્યો ફલાણું, છોડી દ્યો ફલાણું. શું છોડે? છોડેલું જ છે. ક્યાં ગરી ગયું છે અંદરમાં?

રાગની એકતા તૂટ્યા પછી શક્તિ પ્રમાણે રાગની મંદતાનો ભાવ કરે. હોડે હોડે બીજા દીક્ષા લઈ લે અને આ લે ને આ કરે (એમ) સમકિતી ન કરે. સમજાણું કાંઈ? શક્તિતસ્ત્યાગ.

'૭. **શક્તિતસ્તપ,...**' પોતાની શક્તિ હોય એ પ્રમાણે તપ કરે. આઠ-આઠ અપવાસ, પંદર-પંદર અપવાસ કરે છેને, એ તો બધા સમ્યગ્દર્શન વિનાના બધા તપ છે. પણ સમ્યગ્દૃષ્ટિ જે આત્માનું ભાન હોય, ત્યાં એ તપ કરવાની શક્તિ દેખે એ પ્રમાણે કરે. હઠથી ન કરી નાખે. લ્યો અઠમ, લ્યો .. લ્યો ફલાણું, ચોવિહારા અપવાસ. હઠથી કરે એ સમકિતદૃષ્ટિ જ નથી. સમજાણું કાંઈ? શક્તિતસ્તપ. પોતાના બળની યોગ્યતા જોઈને તપ એટલે રાગ ઘટાડે. ખરું તપ તો આત્માના આનંદ સ્વરૂપમાં ઉગ્રપણે પુરુષાર્થ કરીને અતીન્દ્રિય આનંદને ઓપવો. જેમ સોનાને ગેરુ લગાડીને સોનું ઓપે અને શોભે છે એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની ઉગ્ર પુરુષાર્થ દ્વારા જે શોભા પ્રગટ કરે એને તપ કહીએ. બાકી બધી લાંઘણું છે. આહાહા..! એ જીવ શક્તિ પ્રમાણે રાગને ઘટાડે. અપવાસ કરવો હોય (તો) હઠ કરીને નહિ. આહાહા..! અરે..! એનો ઉપાય બાપા! અંતર પ્રભુ બિરાજે છે, પોતે પરમાત્મા સ્વરૂપે જ છે આત્મા. એના જેને અંતરમાં ભેટા થયા છે, અંતરાત્મા જાગ્યો છે, ભગવાન આત્માનો સાક્ષાત્કાર કર્યો છે, આત્મજ્ઞાન થયું છે એ જીવ શક્તિ પ્રમાણે તપ કરે. હઠ કરીને કરે નહિ. એ પણ એક શુભભાવ છે. આહાહા..! પુણ્ય છે. એનાથી તીર્થંકરગોત્ર બાંધે સમકિતી.

'૮. **સાધુસમાધિ,...**' સંતો ધર્માત્મા આનંદસ્વરૂપમાં લહેર કરનારા એવા જીવોને સમાધિ ઉપજાવવી, સહાયક થવું એ શુભભાવ છે, પુણ્ય છે. સમજાણું કાંઈ? સાધુસમાધિ. સંતો.. સંત પણ કહેવા કોને? આહાહા..! જેને અંતરમાં આનંદની લહેર ઊઠી છે, જેને બહારમાં નગ્નદશા થઈ ગઈ છે અને જે જંગલમાં વસતા હોય છે એને અહીંયાં સાધુ વીતરાગદર્શનમાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એવા સાધુને સમાધિ ઊપજાવવી એટલે? સહાયક થવું. કોઈ રોગમાં, ક્ષુધામાં, તૃષામાં ધ્યાન રાખવું એ શુભભાવ છે, એ પુણ્યભાવ છે. પણ એ સમકિતીને આવો ભાવ હોય તે તીર્થંકરગોત્ર બાંધે. સાધુ સાચા હોય ને સેવા કરે, પણ પોતે મિથ્યાદૃષ્ટિ છે તો એને એટલો પુણ્યભાવ જરી થાય, ધર્મ-બર્મ નહિ. એ તીર્થંકરગોત્ર ન બાંધે. આવો માર્ગ ભારે ભાઈ! શરતું બહુ પણ. આહાહા..!

'૯. **વૈયાવૃત્ત્યકરણ,...**' ધર્માત્માની વૈયાવૃત્ય કરવી સમકિતી જીવની, એ પણ એક શુભભાવ છે. પણ એ શુભભાવ તીર્થંકરગોત્ર એનો બાંધે કે જેને સમકિત હોય તો. સમજાણું કાંઈ? વૈયાવૃત્ત્ય. વૈયાવૃત્ત્ય ... આવે છે. એ ચર્ચા થઈ છે. બોટાદ પાસે છે ને એક સેંથલી. સેંથલી ગામ છે નાનું. ૮૧ની વાત છે. સંવત ૧૯૮૧ ગઢડે ચોમાસું જાવું હતું. મૂળચંદજી હતા અહીં બોટાદ. અમારા સંપ્રદાયના ગુરુભાઈ. એને ... ત્યાં ગયા હતા. ત્યાં આવ્યો એક ભોળાભાઈ છે ગોપાણી. અમદાવાદમાં રહે છે. આપણું છે ને મંદિર ખાડિયા. એ મંદિરની જોડે છે. એ ભોળાભાઈ આવ્યા હતા. મહારાજ! વૈયાવૃત્યથી તો તીર્થંકરગોત્ર બાંધે છે. ૮૧ની વાત છે. કીધું બાપુ! પણ તીર્થંકરગોત્ર બાંધે ને? બંધ છે ને એની

પ્રશંસા કેવી? એ તીર્થંકરગોત્ર બાંધે એને મોક્ષ થાય. પણ કોણ બાંધે? આહાહા..! એ ત્યાં આવતા. સાંભળ્યું. કાંઈ ખબર ન મળે. સાધુને ખબર ન મળે, સાંભળનારને ખબર ન મળે. દસ બોઘા, દસ બોઘલી, દસ બોઘાના બચ્ચા. ગુરુ કહે આ, ઓલો કહે સચ્ચા. કાંઈ ભાન ન મળે. ક્યાં ભાન હતા? વેપારમાં હુશિયાર કહેવાય એ. એય..! છોટાભાઈ! આહાહા..! '**વૈયાવૃત્ત્યકરણ,...**' પણ એ વૈયાવૃત્ત્ય સાચા ધર્મી જીવ હોય સમકિતી અને પોતે સમકિતી હોય એ આવા સાધુની વૈયાવૃત્ત્ય આદિ કરે તો એ શુભભાવ છે. એ શુભભાવમાં તીર્થંકરગોત્ર બાંધે. ભારે વાત આ. વૈયાવૃત્ત્યકરણ.

'**૧૦. અર્હદ્‌ભક્તિ,...**' પરમાત્મા ત્રિલોકનાથની ભક્તિ, પૂજા, મંદિરો, જાત્રા એ બધો શુભભાવ છે. સમકિતીને હોય ખરો, પણ એ હેયબુદ્ધિએ આવે છે. અજ્ઞાનીને તો, એ અર્હંતની ભક્તિથી ધર્મ છે એમ માને છે. સમજાણું કાંઈ? અહીં તો અર્હંતભક્તિ એ શુભભાવ છે, રાગ છે, પુણ્ય છે. એ પણ પુણ્ય કોને હોય આવું? સમ્યગ્દૃષ્ટિને. આહાહા..!

શ્રોતા :- અમને ક્યાંક તો ઊભા રાખો આપ?

ઉત્તર :- ઊભા રાખીએ છીએ ને.

શ્રોતા :- ક્યાં રાખો? સંસારમાં.

ઉત્તર :- જ્યાં છે ત્યાં.

શ્રોતા :- ...

ઉત્તર :- વસ્તુ તો જેમ હોય એમ હોય. આહાહા..!

'**અર્હદ્‌ભક્તિ,...**' નમો અરિહંતાણં એમ ભક્તિ કર્યા કરે. જાપમાળા, એ શુભભાવ છે. પણ સમકિતી હોય તો એ આ ભાવથી તીર્થંકરગોત્ર બાંધે. જેને સમ્યગ્દર્શનનું ભાનેય નથી, એ આ અર્હંતભક્તિથી એકલું પુણ્ય બાંધે મિથ્યાત્વસહિત. આહાહા..! '**૧૧. આચાર્યભક્તિ,...**'

શ્રોતા :- ... ભક્તિ કરી.

ઉત્તર :- આ છે ને. અરિહંત સિદ્ધ આવે છે ને. પવયણં.

શ્રોતા :- આમાં દર્શનશુદ્ધિ પહેલી છે ને.

ઉત્તર :- અહીં દર્શનશુદ્ધિ પહેલી છે. ઓલામાં ૨૦ બોલ આવે છે. જ્ઞાતાસૂત્રમાં છે. છે ને બધું વાંચેલું છે ને. બત્રીસ સૂત્ર એકે એક. અક્ષરે અક્ષર વાંચેલો છે. ત્યાં તો આ વ્યાખ્યાનમાં વાંચેલું છે.

શ્રોતા :- એમાં તો ૨૦ બોલ આવે છે.

ઉત્તર :- ૨૦ બોલ આવે છે. અરિહંત ભક્તિ ... આવે છે. એનો અર્થ કે વ્યવહારવાળા .. પહેલા .. અહીંયાં દર્શનશુદ્ધિ... અહીં પહેલી દર્શનવિશુદ્ધિ લીધી. આ બેના કથનમાં ફેર છે. શ્વેતાંબરનું કથન અને વીતરાગ દિગંબરનું કથન (બેમાં) આખો ફેર છે. માર્ગ ફેર છે, બાપા!

અહીં તો પહેલી સમ્યગ્દર્શનની... હવે કહેશે આગળ કે સમ્યગ્દર્શન એક હોય, તો એ તીર્થંકરગોત્ર

બાંધે અને એ ન હોય આવા પંદર બોલ હોય, એવું ન હોય.

**'આચાર્યભક્તિ,...'** આચાર્ય મહામુનિ હજી અત્યારે તો છે ક્યાં. અત્યારે તો સાધુ પણ નથી ને કોઈ હિન્દુસ્તાનમાં. એવી વાતું આકરી બાપા! વીતરાગ જે કહે છે એવા સમ્યગ્દર્શનસહિત ચારિત્ર એ તો નગ્ન મુનિને હોય. દિગંબર હોય, જંગલમાં વસે. માર્ગ બહુ ફરી ગયો, ભાઈ! ભગવાનના વિરહે... લક્ષ્મી ઘટે, મા-બાપ મરી જાય પછી પાછળ થાય છોકરામાં તકરારું. એમ અહીંયાં જ્ઞાન ઘટયા.. આહાહા..! અને કોઈ દેવ અરિહંતદેવ કે કોઈ મુનિ સંત રહ્યા નહિ. આહાહા..! પાછળથી આ બધા ફાંટા પડ્યા. આહાહા..! એવું છે, ભાઈ! વીતરાગનો માર્ગ તો સનાતન અનાદિ દિગંબર ધર્મ તે સનાતન જૈનદર્શન છે. એના સાધુઓ તો જંગલમાં વસતા હોય છે. આહાહા..! એવા આચાર્ય હોય છે કે જેને આત્માનું ભાન છે અનુભવ, એ ઉપરાંત જ્ઞાનાચાર, દર્શનાચાર આદિ વ્યવહાર હોય છે. એની ભક્તિ સમકિતી કરે તો એ શુભભાવથી તીર્થંકરગોત્ર બાંધે.

શ્રોતા :- તીર્થંકરગોત્ર બંધાય...

ઉત્તર :- એ તો એની યોગ્યતાવાળો જીવ લીધો હોય અનાદિ. .. એ જીવ જ એવો હોય, એને જ આવો ભાવ આવે. અનાદિથી છે ઈ. હઠ કરીને આવે નહિ. એ દ્રવ્ય જ એવું હોય છે અનાદિનું.

શ્રોતા :- ... ન બંધાય.

ઉત્તર :- એ કીધુંને, એવો ભાવ એને જ હોય. એ જાતનું દ્રવ્ય હોય એને. જરી ઝીણી વાત છે. અનાદિનો અને રાગની મંદતા એ સમકિતી જીવને જેણે .. એ જીવ અનાદિની જાત જ એવી હોય. ઝીણી વાત છે. બધા સમકિતી તીર્થંકરગોત્ર બાંધે એવું નથી કાંઈ.

શ્રોતા :- શુભભાવ તો હોય છે.

ઉત્તર :- શુભભાવ હોય પણ તીર્થંકરગોત્ર બાંધે નહિ.

શ્રોતા :- તીર્થંકરગોત્ર બાંધવા જેવો શુભભાવ.

ઉત્તર :- એ શુભભાવ એ પણ સમકિતીને જ હોય. અને તે જીવ દ્રવ્ય છે એવું એને જ હોય. જરી ઝીણી વાત છે.

શ્રોતા :- ...

ઉત્તર :- ભક્તિ કરે તો શુભભાવ થાય અને એને ધર્મ માને તો મિથ્યાત્વ થાય.

શ્રોતા :- મિથ્યાદષ્ટિ ધર્મ માને ...

ઉત્તર :- તીર્થંકરગોત્ર ધૂળમાંય બાંધે નહિ. .. બાંધે.

શ્રોતા :- પોતે સમ્યગ્દષ્ટિ છે ને.

ઉત્તર :- પોતે સમ્યગ્દષ્ટિ અને સામાની ભક્તિ મિથ્યાદષ્ટિ હોય, પણ સાચું (લિંગ) બરાબર હોય તો શુભભાવ થાય એને. એટલું છે. આ તો સાચા (મુનિ) સમકિતની ભક્તિ કરે એનો શુભભાવ છે.

મોક્ષમાર્ગમાં લીધું છે ને. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય, બરાબર આચરણ હોય. સમકિતી સાચો હોય, .. ભક્તિ કરે, પણ એ ભાવમાં વિશેષ .. આ તો (મુનિ) સાચા હોય અને સાચો સમકિતી હોય એના ભાવની વાત છે. બહુ શરતું. આહાહા..!

આ પૈસાવાળા હોય ને કરોડપતિઓ બહુ. પછી બે-પાંચ લાખ અહીંયાં... બે-પાંચ લાખ દુકાનમાં હોય, ભાગીદાર રાખે. શરત હોય એની કે જો ભાઈ બાર આનાનું વ્યાજ. પહેલાની વાત છે હોં! અત્યારે તો દોઢ ટકો થઈ ગયું. બાર આનાના વ્યાજે પાંચ લાખ અને તું ભાગીદાર. અડધો મારો ભાગ. પૈસા આપે છે ને પહેલા. કરોડપતિ હોય તો કાંઈ એકલો બધો વેપાર ન કરી શકે. પાંચ લાખ સારો માણસ ગોતીને આપે. બાર આનાનું વ્યાજ અને નફો આઠ આના મારો, આઠ આના તારો. મહિને-મહિને સંભાળવા આવીશ જોવા. ... આ બધી શરતું હોય છે. એમ આ શરતું અહીં છે કે જેને સમ્યગ્દર્શનનો વેપાર પ્રગટ્યો છે અને જે ધર્માત્મા સમકિતી આદિ છે એની ભક્તિ કરે તો એને શુભભાવ થાય, એ તીર્થંકરગોત્ર બાંધશે. આવી શરતું છે. ત્યાં સુધી આવ્યું. કહો. કેટલા બોલ થયા? ૧૧ થયા. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૩, રવિવાર તા. ૧૦-૦૨-૧૯૭૪**
**ગાથા - ૭૯, પ્રવચન - ૧૦૫**

विसयविरत्तो समणो छद्दसवरकारणाइं भाऊण।
तित्थयरणामकम्मं बंधइ अइरेण कालेण।।७९।।

થોડી અટપટી ભાષા છે આમાં.

'**અર્થ :- જિસકા ચિત્ત ઇન્દ્રિયોંકે વિષયોં સે વિરક્ત હૈ...**' જેનું ચિત્ત પરવિષયની રુચિથી દશા ફરી ગઈ છે, જેને આત્મા અંતર વિષય ધ્યેયમાં આવ્યો છે, જેની દૃષ્ટિમાં આત્મા શુદ્ધ પૂર્ણ ધ્રુવ એ જેનો સમ્યગ્દર્શનમાં વિષય બન્યો છે. અને પર વિષયો ચાહે તો તીર્થંકર હોય... જુઓ! તીર્થંકરગોત્ર કોણ બાંધે એની વ્યાખ્યા આવશે. પણ પ્રથમ એની દૃષ્ટિની દિશા દ્રવ્ય ઉપર હોય છે. એને આવો વિષય .. નામ પર વિષય જેટલા રાગથી માંડીને ભગવાન, એના પ્રત્યેનું ધ્યેય જેનું છૂટી ગયું છે. અંતર ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધની સન્મુખ જેની દૃષ્ટિ થઈ છે એ મુનિ. '**ઐસા શ્રમણ અર્થાત્ મુનિ હૈ...**' એ કાંઈ બધા મુનિ તીર્થંકરગોત્ર બાંધે એમ નહિ, તેમ મુનિ જ તીર્થંકરગોત્ર બાંધે એમ નહિ. પણ અહીં

મુનિની પ્રધાનતાથી કથન છે. ભાવપાહુડ છે ને. શુદ્ધભાવ, જિનભાવ, શુદ્ધ ઉપયોગ ભાવ એને અહીંયાં ભાવપ્રધાન કહે છે. એ મુનિને હોય છે, એ અપેક્ષાએ અહીંયાં મુનિને લીધા છે. નહિતર તીર્થંકરગોત્ર કાંઈ મુનિ જ બાંધે અને તે પણ બધા મુનિ બાંધે એમ ન હોય. એ દ્રવ્યની એવી જ કોઈ યોગ્યતા હોય, એને જ એવો વિકલ્પ સહેજે સ્વભાવ સન્મુખની દૃષ્ટિની ભૂમિકામાં એ જીવની એ અનાદિની ધારામાં એવી એની યોગ્યતા જ હોય. જેની યોગ્યતા દ્રવ્યમાં નથી અને એ તીર્થંકરગોત્રનો વિકલ્પ કરે અને તીર્થંકર થાય એમ ન બને.

એ મોટી ચર્ચા ચાલી હતી ઘણાં વર્ષ પહેલા કે તીર્થંકરગોત્ર ગમે તે બાંધે? કે ના. એ દ્રવ્ય—એ આત્મા જ એવી જાતનો હોય અનાદિથી કે એને સમ્યગ્દર્શન થયા પછી એવી જાતનો વિકલ્પ હોય કે જેનાથી તીર્થંકરગોત્ર બંધાય. એવી જાતની દ્રવ્યની લાયકાત જ એવી હોય છે. બધા જીવો તીર્થંકરપણાના વિકલ્પવાળા હોય એમ નહિ. એથી કહે છે શ્રમણ મુનિ. અહીં તો (મુનિની) પ્રધાનતાની વાત લીધી છે ને.

'**સોલહકારણ ભાવનાકો ભાકર...**' આ શબ્દ છે, જરી વાંધા આમાં છે. મોટી ચર્ચા ચાલી હતી આમાં. ... લખ્યું છે, એ શબ્દ પડ્યો છે આમાં. તીર્થંકરગોત્ર મોક્ષનું કારણ છે, તીર્થંકરગોત્ર. એ તીર્થંકરગોત્રનો ભાવ છે બંધનું કારણ, (છે) એ આસ્રવ. પણ બીજા મુનિને કે સાધારણ સમકિતીને એ જાતના પરિણામ ન હોય એવા આના પરિણામ હોય એવું જુદું પાડીને એને એ શુભભાવથી તીર્થંકરપણું બાંધે. પણ ધર્મીની બુદ્ધિ એ ભાવમાં હેયબુદ્ધિએ હોય છે. છતાં '**भाऊण**' શબ્દ પડ્યો છે.

શ્રોતા :- એવી ભાવના ભાવે એમ લખ્યું છે.

ઉત્તર :- હા, એ કહ્યું છે ને. એથી ભાવનાનો અર્થ કે એવો ભાવ એને હોય છે, હોય છે. એ જીવની એવી યોગ્યતા જેને અંતર્મુખ દૃષ્ટિ થઈ એને. એને પણ, એને પણ એની યોગ્યતા હોય એને આવો વિકલ્પ હોય છે. જેને અંતર્મુખ દૃષ્ટિ થઈ એ બધા સમકિતીને તીર્થંકરગોત્રના પરિણામ હોય ને બાંધે એમ નહિ. સમજાણું કાંઈ? તેથી વ્યવહારનયે એ ષોડશકારણભાવના ભાવે એવું કથન કર્યું છે. નહિતર છે તો એ આસ્રવ. આસ્રવની ભાવના હોય નહિ જ્ઞાનીને. ધર્મીની ભાવના તો આત્માના સ્વભાવસન્મુખની ભાવના હોય છે. આહાહા..! કેમ ઉગ્રપણે સ્વભાવની સન્મુખ થવાય? એવી એની ભાવના હોય છે. પણ વ્યવહારનયના કથનમાં જેમ પંચ મહાવ્રત મુનિ પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે એવું આવે ને? પાળે એ તો આસ્રવ છે. આહાહા..! પણ વ્યવહારનયના કથનમાં એવું કથન આવે. આહાહા..! '**भाऊण**' શબ્દ પડ્યો છે ને. ષોડશકારણભાવના ભાવે છે. ષોડશકારણભાવના તો આસ્રવ છે.

શ્રોતા :- એની તો અમે પૂજા કરીએ છીએ.

ઉત્તર :- એની પૂજા કરે છે. એ તો વ્યવહારના કથન છે બધા. આહાહા..! અને તે જીવની જાત જ એવી એની હોય. એને જ એવો એ જાતનો વિકલ્પ આવે. બીજી જાતના, વિકલ્પ બીજી જાતના

ઘણા હોય સમકિતીને, પણ આવો વિકલ્પ તો એ દ્રવ્યની યોગ્યતાવાળા જીવને જ આવે. એટલું જુદું પાડવા ભાવના ભાવે એમ કહેવામાં આવ્યું છે. **'સોલહકારણ ભાવનાકો ભાકર...'** એમ છે ને?

શ્રોતા :- ...

ઉત્તર :- હા. ક્યાં ગયા શ્રીચંદજી? જુઓ, આમાં આવે છે હોં ભાવના ભાવવાનું.

શ્રોતા :- દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય.

ઉત્તર :- હા, આવે છે ને. આવે છે ભાવના. દર્શનશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકરપદ પાય, પરમગુરુ હોય, જય જય નાથ.. અપેક્ષાના કથન છે.

અહીંયાં તો એમ કહે છે કે ભાવપ્રધાન જેને દ્રવ્યદષ્ટિ થઈ છે, એ જીવને આવો ભાવ હોય છે જે પુણ્યમાં ઊંચામાં ઊંચું પુણ્ય તીર્થંકરપ્રકૃતિ, એને હોય છે બંધન એમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? **'તીર્થંકર નામ પ્રકૃતિકો થોડે હી સમયમેં...'** એમ શબ્દ છે ને પાછો. **'अचिरेण'** અલ્પ કાળમાં એ તીર્થંકરપ્રકૃતિ બાંધશે. મોટી ચર્ચા ચાલી હતી પહેલા. રામવિજય .. કે આ વિકલ્પ છે એ બધા સમકિતીને આવે? અને એ વિકલ્પ એ જાતનો લાવવા માગે તો આવે? કનુભાઈ! સમજાણું? એ ન આવે. એ તો એ દ્રવ્ય જ ચૈતન્યનું અનાદિનું એ જાતનું હોય છે કે જેના થવામાં શુભ વિકલ્પની જાત આવી એને ઉત્પન્ન થવાની જ હોય છે. ધન્નાલાલજી! એવી વાત છે. સમજાણું કાંઈ? એ **'તીર્થંકર પ્રકૃતિકો થોડે હી સમયમેં બાંધ લેતા હૈ.'** અહીં તો આ ગાથા આ જાતની છે ને.

**'ભાવાર્થ :- યહ ભાવકા માહાત્મ્ય હૈ, (સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વજ્ઞાનસહિત...'** સમ્યગ્દર્શન વિના આ ભાવ હોય નહિ. તીર્થંકરપણાનો જે વિકલ્પ છે એ સમ્યગ્દર્શન વિના હોઈ શકે નહિ. મિથ્યાદષ્ટિ આ ભાવના કરે અને બાંધે એવું એને આવે નહિ, આવે જ નહિ એને.

શ્રોતા :- સમ્યગ્દષ્ટિ...

ઉત્તર :- કાર્ય નહિ, એવો હોય. સમ્યગ્દર્શન કારણ અને રાગ કાર્ય એ તો એના સ્વરૂપમાં જ નથી. એ તો અકાર્યકારણ શક્તિમાં આવી ગયું. અકાર્યકારણ. આત્મામાં એવો એક અકાર્યકારણ નામનો ગુણ છે કે જે આ રાગ બંધન તીર્થંકપણાનો ભાવ એનું કારણ થાય નહિ અને એ રાગને કારણે આત્માની નિર્મળતા થાય એવો એનો સ્વભાવ નથી. આહાહા..! આવી વાતું ભારે ભાઈ! કહો, સમજાણું કાંઈ? એ દ્રવ્યની જાતની ચર્ચા થઈ ગઈ હતી ઘણાં વર્ષ પહેલા. રામવિજય ને એ બધા કહેતા હતા ને તીર્થંકરપણું બાંધે, તીર્થંકરપણું બાંધે. એ ભાવ કરો, કરો. પણ એ ભાવ ખરેખર તો સમકિતીને પણ જે આવનાર(ની યોગ્યતાવાળું) દ્રવ્ય હોય એને જ આવે. ઝીણી છે જરી વાત. આહાહા..! સમજાણું કાંઈ? એના દ્રવ્યના પર્યાયની વિકૃતિની અવસ્થાના પ્રવાહમાં એવી જાતનો જેને ભાવ આવવાનો હોય એની વાત છે. એની દ્રવ્યની યોગ્યતામાં એવો ભાવ ન હોય, સમકિતી હોય છતાં આવો ભાવ ન હોય, ન આવી શકે. ઝીણી વાત છે ભાઈ જરી. આહાહા..! વીતરાગ માર્ગ છે. આ તો ન્યાયની તુલનાએ

એને તોળવું જોઈએ. એક પણ ન્યાયમાં ફેરફાર થાય તોપણ ન ચાલી શકે. અહીંયાં ભાષા ભલે આમ લીધી (કે) ભાવના ભાવે. એનો અર્થ કે એ જીવને એવો ભાવ આવે જ. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**વિષયોંસે વિરક્તભાવ...**' '**સ્વસન્મુખતાસહિત...**' ખુલાસો કર્યો એટલો જરી કૌંસમાં. જેને અંતરમાં ભગવાન ધ્રુવ સ્વરૂપ પરમાનંદની મૂર્તિ દ્રવ્યસ્વભાવ જેને સન્મુખ થયો છે. આહાહા..! જે નિમિત્તની, રાગની અને પર્યાયબુદ્ધિથી વિમુખ થયો છે. જેને દ્રવ્યસ્વભાવની સન્મુખ બુદ્ધિ થઈ છે. આહાહા..! આટલી શરતું છે આમાં. એ '**વિષયોંસે વિરક્તભાવ હોકર સોલહકારણ ભાવના ભાવે...**' ભાષા આમ છે. '**તો અચિંત્ય હૈ મહિમા જિસકી ઐસી તીનલોકસે પૂજ્ય તીર્થંકર નામ પ્રકૃતિકો બાંધતા હૈ...**' એ પુણ્યના ઉત્કૃષ્ટ પરિણામ આ જાતના સમકિતીને એ જાતના દ્રવ્યવાળાને હોય. એટલી શરતું થઈ આ ભાષાથી. ધન્નાલાલજી! આવી વાતું છે.

શ્રોતા :- શુભભાવ.

ઉત્તર :- શુભભાવ તો ઠીક. એમ નહિ. એને પકડાતું નથી. ઝીણી વાત છે મૂળચંદભાઈ! આ તો બધું એમ ને એમ સાંભળે ને ચાલે એવું નથી આ. શુભભાવનો અર્થ શું? આ સમ્યગ્દૃષ્ટિ જીવને જેની દૃષ્ટિ સ્વસન્મુખ થઈ છે એને પણ આવો ભાવ, એવું દ્રવ્ય જ એની યોગ્યતાવાળું હોય એને એવો ભાવ હોય એમ કહેવું છે અહીંયા.

શ્રોતા :- બધાને ન હોય.

ઉત્તર :- બધાને નહિ. શુભભાવ શુભભાવનું શું પણ શુભ? આહાહા..! બધા જીવને એવો ભાવ આવે સમકિતીને, ક્ષાયિક સમકિતી હોય લ્યો ને, પણ ક્ષાયિક સમકિતી હોય માટે બધાને આવો ભાવ હોય (એમ નથી). એ દ્રવ્યની યોગ્યતા એવી એને ન હોય તો ન આવે. આહાહા..! સમજાણું કાંઈ? 'ધવલ'માં તો જે તીર્થંકર થવાનો જીવદ્રવ્ય એને તો અનાદિ મંગળિક ગણ્યું છે ભાઈ! ... શું કહ્યું? જે જીવ તીર્થંકર થવાનો છે એ જીવને અનાદિ મંગળિક ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

ઉત્તર :- હા. એ કહે છે ને, કીધું ને. એ જીવની એવી લાયકાત જ હોય છે કે એને અનાદિ મંગળિક ગણવામાં આવ્યું છે. 'ધવલ'ના પહેલા ભાગમાં (આવે છે). સમજાણું કાંઈ? એ વાત થઈ ગઈ હતી પહેલી. ઘણી વાતું થઈ ગઈ છે. આ તો ૩૯ વર્ષ અહીં થયા. વદ ત્રીજે ૩૯ પૂરા થાય છે, ફાગણ વદ. આહાહા..!

અહીં એમ કહે છે કે જેને ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એની સન્મુખ જેની દૃષ્ટિ થઈ એવો મુનિ. અહીં મુનિની પ્રધાનતાથી કહેવું છે. નહિતર સમકિતી પણ બાંધે છે, પાંચમાવાળો પણ બાંધે છે તીર્થંકરગોત્ર. પણ મુનિની પ્રધાનતામાં ભાવ શુદ્ધ ઉપયોગની પ્રધાનતાનું કથન છે. શુદ્ધ ઉપયોગ મુનિને હોય છે. એવા મુનિને ... એવું એનું દ્રવ્ય જ હોય છે. ઝીણી વાત છે હોં! આહાહા..!

એ દ્રવ્યના પર્યાયના ક્રમમાં એવો જ એનો ભાવ આવે.

શ્રોતા :- એ તો બધા જીવની લાયકાત જુદી જુદી હોય.

ઉત્તર :- દરેક જીવની પર્યાયની લાયકાત જુદી જુદી હોય છે. પંચ મહાવ્રતના પરિણામ એને હોય, સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બંધાય એવો ભાવ હોય, પણ તીર્થંકરપણાના ભાવવાળો જીવ જાત જ જુદી એની હોય છે. સમજાણું કાંઈ? એ પહેલા ચર્ચા બધી થઈ ગયેલી છે. જે તે બાંધે, ષોડશભાવના કરો, સોળ ભાવના કરો એમ ન હોય. ધન્નાલાલજી! એને હોય નહિ. અહીં તો ઉત્કૃષ્ટ સ્વસન્મુખતા છે અને ઉત્કૃષ્ટ ભાવ આવો હોય એવું સિદ્ધ કરવા આ ભાવના ભાવે એમ કહેવામાં આવે છે. આહાહા..!

**'સોલહકારણ ભાવના ભાવે તો અચિંત્ય હૈ મહિમા જિસકી...'** ઓહો..! **'ઐસી તીનલોકસે પૂજ્ય...'** ત્રણ લોકથી પૂજ્ય હોય. ત્રણ લોકથી પૂજ્ય તે સાધારણ અજ્ઞાની તો પૂજે નહિ એને. પણ એ મુખ્ય પુરુષો પૂજે એમાં બધા આવી ગયા. ઓલાની કાંઈ ગણતરી નથી. ઈન્દ્રો, શેઠિયાઓ, મોટા મોટા રાજા વિદ્યાધરો એ પૂજે છે તો એને મોટા અસાધારણ માને છે. કે ભલે સાધારણ આને ન માને, પણ આ માને છે એમાં એ આવી ગયા. સમજાણું કાંઈ? આહાહા..! **'અચિંત્ય હૈ મહિમા જિસકી...'** ભાષા છે ને. **'તીનલોકસે પૂજ્ય...'** આહાહા..! મહાપુરુષોથી પૂજ્ય, ઈન્દ્રોથી પૂજ્ય એટલે બધાથી પૂજ્ય એમ કહેવામાં આવે છે. એમ ને એમ શબ્દાર્થ કરવા જાય કે ત્રણલોકથી પૂજ્ય બધા અજ્ઞાની બધા નહિ.

શ્રોતા :- એ તો ઘણા ગાળ દે.

ઉત્તર :- ગાળ દેશે અજ્ઞાની. અને સંમતભદ્ર સ્વામી તો એમ કહે છે સ્તુતિ કરતા ભગવાનની. હે ભગવાન! અભવિ આપને નહિ પૂજે. એવો પાઠ છે. અભવિ નહિ પૂજે. કેમકે જેને રાગની રુચિવાળો જીવ છે એ ભગવાન વીતરાગની પૂજ્યતા એને નહિ આવે. ધન્નાલાલજી! આહાહા..! છે ને શ્લોકમાં છે ને. સ્તુતિમાં છે. ભગવાનની સ્તુતિમાં છે. અભવિ ગ્રંથિસત્વ. ગ્રંથિસત્વ. એટલે રાગની એકતાબુદ્ધિવાળો અભવિ એ આપને નહિ પૂજે. કારણ કે એને વીતરાગતાનું માહાત્મ્ય રાગની એકતાવાળો નહિ આવે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો માર્ગ બાપા સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ છે. એમાં એક એક ન્યાયમાં ક્યાંય વિરૂદ્ધતા હોવી જોઈએ નહિ. આહાહા..!

કહે છે, પ્રભુ! આપને તો અભવિ એટલે રાગની એકતાબુદ્ધિવાળા જેને રાગનું એકપણું છે એને રાગ પ્રત્યેનું પૂજ્યપણું છે. એને વીતરાગ સર્વજ્ઞદેવ પૂર્ણ જ્ઞાન પર્યાય અને પૂર્ણ વીતરાગતા એની પૂજ્યબુદ્ધિ એને કેમ આવે? આહાહા..! જેને પોતાનો વીતરાગ સ્વભાવ એની જેને પૂજ્યબુદ્ધિ થઈ છે, ચાહે તો આ ભગવાનના .. હોય એની પૂજ્યબુદ્ધિ નિશ્ચયથી છૂટી ગઈ છે અંદરથી. સમજાણું કાંઈ? એ જીવ વીતરાગને પૂજ્ય તરીકે સ્વીકારી શકશે. બીજો જીવ વીતરાગને પૂજ્ય તરીકે શબ્દોથી હોય અને બહારથી હોય એ કાંઈ વસ્તુ નથી. અંતરમાં, અંતરમાં. ઓહોહો..! અંતરંગ જે પરિણામ જીવના.

અંતરંગ એટલે અંગ જેનું, આત્માનું અંગ જે નિર્મળ પરિણામ, એવા વીતરાગી પરિણામવાળો જીવ એ પ્રભુ! આપને પૂજ્ય માનશે. કારણે કે રાગરહિત ભાવની જ પૂજ્યતા સમજાઈ ગઈ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એ રાગરહિત સર્વજ્ઞ વીતરાગને એ જ પૂજ્ય તરીકે સ્વીકારી શકશે. પણ જેને.. આમાં આવશે આગળ. છે ને ભોગનું. '**श्रद्धधाति**' આવશે એના પછી આવશે. ૮૪માં આવશે. '**पुण्णं भोयणिमित्तं**' છે ને બંધની ગાથા (૨૭૫)? સમયસારમાં. એ ૮૪ આવશે.

**सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो वि फासेदि।**
**पुण्णं भोयणिमित्तं ण हु सो कम्मक्खयणिमित्तं।।८४।।**

આ ગાથા બંધ અધિકારની છે. એ આમાં નાખી છે આચાર્યે. આહાહા..! અજ્ઞાની .. પ્રશ્ન આ કરશે શુભભાવનો. ભોગને કારણે. એટલે આમ ભોગની ઈચ્છા થઈ એમ નહિ. ભોગની ઈચ્છાથી હોય તો તો આવા પરિણામ એને થાય નહિ. પણ આત્માનો અનુભવ જે ભોગવટો આનંદનો છે, એવા અનુભવના આનંદની જેને ખબર નથી, એને રાગની ક્રિયામાં, રાગના ફળમાં અનુભવ ભોગનો આવશે એવી એના ફળમાં બુદ્ધિ છે. ભલે અહીં બુદ્ધિ નથી, પણ એના ફળમાં રાગને જે રૂડો જાણે એને રાગના ફળમાં રૂડા બુદ્ધિ થયા વિના રહેશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

છે ને આપણે અહીંયાં, 'જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે.' છે ને? છેલ્લો છેલ્લો નાનો. જેને પુણ્યની રુચિ તેને જડની રુચિ. તેને આત્માની (રુચિ) રહેતી નથી. આત્માના ધર્મની રુચિ નથી રહેતી. આહાહા..! એને રાગરહિત ચૈતન્યસ્વરૂપ જ્યાં ભાવમાં ભાસન થયું નથી એ વીતરાગભાવને કેમ પૂજ્ય કરી શકે? એનું બહુમાન એને કેમ આવશે? આહાહા..! અંતરમાં જે રાગથી લપેટાઈ ગયો છે, ભગવાન વીતરાગ મૂર્તિ પ્રભુ એવા આત્માને રાગથી લેપાઈ ગયો છે, રાગમાં એકાકાર છે, પ્રભુ! એવા તને-વીતરાગને કેમ માનશે એ? આહાહા..! એવો વીતરાગભાવ એનું એને બહુમાન પણ કેમ આવશે? જેને આ વીતરાગભાવ સ્વભાવ એનું બહુમાનપણું આવ્યું નથી, એથી એને ભોગની બુદ્ધિનો રાગમાં જ એનો પ્રેમ છે. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- આમાં તો આંધળી દોડ છે.

ઉત્તર :- એ તો સમજવાનું સમજનારે સમજવું. વ્યક્તિગત માટે અહીં ક્યાં વાત છે? અંદર પ્રેમ જેને રાગનો છે એવા (જીવોને) વીતરાગ પ્રત્યેનો એને પ્રેમ નહિ આવે. જેની જાતનો અંશ જેને સમજાણો નથી અંદર. આહાહા..! એમ કહે છે. જાત અચિંત્યસ્વરૂપ ભગવાન આત્મા એવા સ્વરૂપનું જેને અંતરમાં ભાવભાસનનું માહાત્મ્ય આવ્યું નથી, પ્રભુ! એ તને પૂર્ણ વીતરાગતાને કેમ સ્વીકારશે? એનો કેમ સત્કાર કરશે? કારણ કે અહીં સત્કાર કર્યો નથી અને રાગના સત્કારમાં પડ્યો છે, રાગના પ્રેમમાં ફસાણો છે, વેશ્યામાં ફસાણો છે, એ વ્યભિચારમાં ફસાણો છે. આહાહા..! કહો, શાંતિભાઈ! આવી

ઝીણી વસ્તુ છે. ત્યાં તમારે બધું જાડું જાડું ચાલે સરખું.

શ્રોતા :- અહીં નવરા થઈને આવ્યા છે.

ઉત્તર :- નવરા થઈને આવ્યા છે? ન્યાં ઘણા વર્ષ રહ્યા હતા.

શ્રોતા :- મોટી કંપનીમાં મોટું ખાતું હોય એમાં નોકરી કરે પછી બોટાદથી અહીં આવ્યા.

ઉત્તર :- આ વસ્તુ એવી છે બાપુ! આહાહા..! એ દિગંબર દર્શન સિવાય એ વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? દિગંબર કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું એ સ્વરૂપ જ છે. વીતરાગભાવથી જેની શરૂઆત થાય છે. અને તેના કારણમાં એ વ્યવહાર રાગાદિ કારણ છે જ નહિ. આહાહા..! એવો જે જીવ, કહે છે, આ ભોગ નિમિત્ત કીધું ને પુણ્યના ભોગ... એ ગાથા છે ૨૭૫મી બંધ અધિકારમાં.

શ્રોતા :- ધર્મ ભોગ વર્ણવ્યો.

ઉત્તર :- ધર્મ એટલે પુણ્ય, શુભભાવ. ત્યાં ક્યાં ધર્મ હતો? ધર્મ નામ અજ્ઞાનીને શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એનો બધો ભાવ એને ભોગ નિમિત્તે છે. એમાં એના ફળમાં એને સંયોગ મળશે એમાં આસક્તિમાં લીન થઈ જશે. કારણ કે જેને રાગરહિત ભગવાન આત્માનું માહાત્મ્ય જેને અંતરથી જાગ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'અચિંત્ય હૈ મહિમા જિસકી... '** હવે પછી અહીં અચિંત્ય મહિમાવાળું પરિણામ લીધું. અચિંત્ય મહિમાવાળો તો ભગવાન છે. આહાહા..! પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા, જેની અચિંત્ય મહિમા, વિકલ્પથી જેની ચિંતવના થઈ શકે નહિ એવી એ ચીજ છે, એવી ચીજની સન્મુખની દૃષ્ટિ જેને થઈ અને એ જીવને એવી જાતના યોગવાળા પ્રકૃતિના પરિણામ આવે, એ પરિણામનું ફળ એને અચિંત્ય પ્રકૃતિ બંધાશે એમ કહે છે. સમજાણું કાંઈ? **'ઐસી તીનલોકસે પૂજ્ય તીર્થંકર નામ પ્રકૃતિકો...'** ઠીક! પ્રકૃતિ **'બાંધતા હૈ...'** શુભ પુણ્ય છે એ જાતનું. એ ભૂમિકામાં આવો ભાવ એને આવે છે. એ જીવની જાતવાળો હોય એને હોં! ચંદુભાઈ! એ બધાને આવે એવું નહિ એમ કહે છે. ક્ષાયિક સમકિતી હોય એને ન આવે અને ક્ષયોપશમ સમકિતી હોય એને આવે. એ દ્રવ્યની એવી પરંપરાની જાતનો ક્રમ જ એવો છે. ઝીણી વાતું છે બહુ ભગવાન! આહાહા..!

શ્રોતા :- દ્રવ્યની જાત ફેર છે.

ઉત્તર :- હા ફેર છે. એ તો બહુ ચર્ચા થઈ ગઈ છે પહેલી. એ દ્રવ્યની એવી જ યોગ્યતામાં રાગની યોગ્યતાવાળો એ .. જીવ... એ જાતનો રાગ, સમકિત થયું છે એ જીવને જ આવે. આહાહા..! એવી વાતું છે, બાપુ! વીતરાગમાર્ગ એવો છે.

**'ઔર ઉસકો ભોગકર મોક્ષકો પ્રાપ્ત હોતા હૈ.'** લ્યો! તીર્થંકરપ્રકૃતિને ભોગવે છે અને એ તીર્થંકર પ્રકૃતિનો ઉદય તો તેરમે આવે છે. તો ભોગવવું શું ત્યાં? તીર્થંકર પ્રકૃતિનો ઉદય જે છે એ તેરમે આવે છે. કેવળજ્ઞાન થાય ત્યારે પ્રકૃતિનો ઉદય આવે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ જીવને

જન્મથી ઈન્દ્રો આવીને સેવા કરે આદિ હોય છે. એ જાતની યોગ્યતાથી ભોગવે એમ કહેવામાં આવે. એમ. તીર્થંકરનો જીવ છે. ઈન્દ્રો લાવે એના ભોજન, વસ્ત્રો. એ તો અહીં એવી જાતની યોગ્યતા છે. હજી તીર્થંકર પ્રકૃતિ ભલે ઉદય નથી આવી પણ એ આવવાની છે એના પહેલા જ આવી યોગ્યતા એની હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઈન્દ્રો, જ્યાં વસ્તુઓ છે શાશ્વત પટારામાં, એ વસ્ત્રો લાવે ને પહેરે. અહીંના સઈના કરેલા, સીવેલા નથી એને. મોહનભાઈ છે કે નહિ? નથી આવ્યા. છે, ઠીક. એ કુદરતે સીવેલા કપડા પહેરે છે. એય..! સીવેલા જ હોય હોં એ શાશ્વત. હા, હા, એ કુદરતી એમ છે. શાશ્વત છે ને, એ કાંઈ કોઈએ ઘડીને મૂકી નથી. એમ જ હોય છે. એમના વસ્ત્રો જ એવી જાતના શાશ્વત હોય છે. રત્ન કરંડિયા મોટા હોય છે એની અંદર કરેલા જ પડ્યા હોય. ઈન્દ્રો લાવીને પહેરાવે. એ જાતની યોગ્યતાવાળા જીવની વાત લીધી છે અહીંયાં. આહાહા..!

'**યે સોલહકારણ ભાવનાકે નામ હૈં, ૧. દર્શનવિશુદ્ધિ,...**' એ દર્શનની શુદ્ધિ એટલે સમકિતી શુદ્ધિ એમ નહિ, પણ એની સાથે એ જાતનો વિકલ્પ હોય કે જેનાથી તીર્થંકર પ્રકૃતિ બંધાય એને અહીં દર્શનવિશુદ્ધિ કહેવામાં આવે છે. એકલા સમકિતથી તીર્થંકર પ્રકૃતિ બંધાય એમ ન બને. પણ તેને બાંધનાર સમકિત સહિત જીવ હોય છે એને આવો વિકલ્પ હોય એને દર્શનવિશુદ્ધિમાં ભેળવીને વાત કરી છે. સમજાણું કાંઈ? એ મુખ્ય કારણ છે.

'**૨. વિનયસંપન્નતા,...**' એ પછી બીજું કારણ. પણ જો આ સમ્યગ્દર્શન સહિત હોય એની વિનયસંપન્નતા બંધનું કારણ થાય. આમ તો અજ્ઞાની વિનયસંપન્નતામાં (આવે છે પણ) એ સમકિતી વિનયસંપન્નવાળા હોય છે. સમકિતી ચોથે, પાંચમે, છઠ્ઠે વિનયસંપન્ન હોય છે ધર્માત્મા. પણ એને આ બંધાય એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! '**૩. શીલવ્રતેષ્વનતિચાર,...**' જેના વ્રતોમાં નિરતિચાર વ્રત હોય છે, બ્રહ્મચર્ય આદિ નિરતિચાર હોય. છે તો એ વિકલ્પ એક. પણ જે આવું સમ્યગ્દર્શન સ્વસન્મુખની દૃષ્ટિ છે એવા જીવવાળામાં આવી જેની યોગ્યતા હોય તીર્થંકરપણાની, એને આવો ભાવ હોય. એકલા સમ્યગ્દર્શન વિના કે સમ્યગ્દર્શન હોય છતાં આવો ભાવ હોય તો તીર્થંકર બાંધે એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? આવી બધી શરતું ભારે. શીલવ્રતેષ્વન એટલે અતિચાર રહિત. એ સમ્યગ્દૃષ્ટિ જીવ છે, સ્વસન્મુખની દૃષ્ટિ છે એવા જીવને આવો ભાવ હોય. એ સમકિત સહિત છે દર્શનવિશુદ્ધિ માટે એને તીર્થંકર પ્રકૃતિ બંધાય. એકલા શીલના નિરતિચાર વ્રત પાળે અને તીર્થંકરગોત્ર બંધાય એવું છે નહિ. આહાહા..!

'**૪. અભીક્ષ્ણજ્ઞાનોપયોગ,...**' અત્યારે ઘણા એમ કહે છે, વારંવાર જ્ઞાનનો ઉપયોગ મૂકે, જ્ઞાનનો ઉપયોગ મૂકે. એમ નહિ. જેને સમ્યક્ ચૈતન્યની સત્તા જાગૃત થઈ છે, આહાહા..! સમ્યગ્દર્શનમાં ચૈતન્યની જાગૃતિ જેને જાગી છે એ જીવ જો વારંવાર જ્ઞાનમાં ઉપયોગ મૂકે તો એ વિકલ્પ છે, તેમાં તીર્થંકરગોત્ર બાંધવા યોગ્યવાળો જીવ (હોય એ) બાંધે. સમજાણું કાંઈ?

શ્રોતા :- જે બાંધવાની યોગ્યતાવાળા હોય તે બાંધે.

ઉત્તર :- એ જ બાંધે. બીજાને શું છે? ભલે વારંવાર અભીક્ષ્ણ (ઉપયોગ કરે). એવી વાતું છે આ. આ તો વીતરાગની પેઢી છે, બાપુ! વીતરાગની પેઢીએ જે-તે કલ્પના આડીઅવળી કરે અને માને એ ન ચાલે એમાં. આહાહા..! ત્રણ લોકનો નાથ કેવળી જેના તળિયા ઈન્દ્રો અને ગણધરો ચાટે. આહાહા..! જેની રજ માથે ઉપાડે. એનો આ માર્ગ છે. એ તો એ માર્ગની સ્થિતિ તો જે સ્થિતિ છે એ સમજે એને એ જાતની સાચી કથનશૈલી આવે. આહાહા..! સમજાણું કાંઈ? નહિતર ફેરફાર અંદર આવ્યા વિના રહે નહિ. આહાહા..! આવો માર્ગ!

અભીક્ષ્ણ એટલે વારંવાર જાણવાનો ઉપયોગ જાગ્યો. આહાહા..! કાલે તો કહ્યું નહોતું? કે કર્મનું જ્ઞાન કરે એ પણ જ્ઞાન નથી. કર્મ અજીવ છે. પહેલા (કળશમાં) આવ્યું હતું ને, કળશ. એ કર્મ એક પરમાણુથી માંડીને સ્કંધ, અચેત મહાસ્કંધો છે આખા લોકમાં. આખા લોકમાં સ્કંધ હોય છે અને બીજા બધા સ્કંધો હોય. અને કર્મની જાત, જેનાથી તીર્થંકરપણું બંધાય એવા રજકણો, એનું જેને જ્ઞાન છે, પણ એનું (સાચું) જ્ઞાન તો જેને આ હોય એ તો સમકિતીને હોય. અને જેને એકલું કર્મનું જ્ઞાન છે, આઠ કર્મ, આ પ્રકૃતિ ને આ સ્થિતિ અને આ અનુભાગ ને આ પ્રદેશ ને, એ કોઈ કર્મનું નામ પણ જ્ઞાન નથી અને સુખ નથી અને એ કર્મના જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. ..ભાઈ! સમજાણું કાંઈ? જેમાં આત્મા ભળ્યો નથી... આહાહા..! જેની જ્ઞાનદશામાં ચૈતન્ય આવ્યો નથી એને આ કર્મના જ્ઞાનથી જ્ઞાન ત્રણ કાળમાં થતું નથી. આહાહા..! કર્મનું બહુ જાણપણું હોય તો એને સાચું જ્ઞાન થાય (એવું નથી).

શ્રોતા :- ...

ઉત્તર :- બીજા બોલમાં આવે છે. દસ બોલ સમકિતના. આજ્ઞા સમકિત ને, નથી દસ બોલ આવતા? આત્માનુશાસનમાં દસ બોલ. કરણાનુયોગનું ઘણું પોતે નાખ્યું છે. નહિ? ટોડરમલજીએ. કરણાનુયોગનો આવો ભાવ હોય તો એને બીજરુચિ કહેવી. નથી આવતું? દસ પ્રકારમાં આવે છે. છે? આમાં છે મોક્ષમાર્ગ (પ્રકાશક) (નવમો અધ્યાય)માં? 'પણ એ જિન આજ્ઞાપ્રમાણ છે એટલો સિદ્ધાંત... આજ્ઞા માનવી એ તો કારણભૂત છે. એથી અહીં આજ્ઞાથી ઉત્પન્ન થયું કહ્યું છે, માટે પ્રથમ જિનાજ્ઞા માનવા પછી જે તત્ત્વાર્થ શ્રદ્ધાન થયું એ આજ્ઞા સમકિત છે. એ જ પ્રમાણે નિર્ગ્રંથ માર્ગના અવલોકનથી જે તત્ત્વાર્થ શ્રદ્ધાન થયું હોય એ માર્ગ સમકિત છે. તીર્થંકરાદિ પુરુષોના પુરાણોના ઉપદેશથી ઉત્પન્ન થયેલા સમ્યગ્જ્ઞાન વડે અર્થાત્ આગમસમુદ્રમાં પ્રવિણ પુરુષોના ઉપદેશ આદિથી પ્રાપ્ત થયેલી જે ઉપદેશદષ્ટિ તે ઉપદેશ સમ્યક્ત્વ છે. મુનિજનોના આચરણ વિધાનને પ્રતિપાદન કરતા એવા આચાર સૂત્રોને સાંભળી જે શ્રદ્ધાન કરવું થાય તેને... હવે બીજ સમકિત. બીજ જે ગણિત જ્ઞાનના કારણ વડે દર્શન મોહના અનુપમ ઉપશમના બળથી દુષ્કર છે જાણવાની ગતિ જેની એવા પદાર્થનો સમૂહ તેની થઈ છે ઉપલબ્ધિ અર્થાત્ શ્રદ્ધારૂપ પરિણતિ જેને—એવા કરણાનુયોગના જ્ઞાની તેને બીજદષ્ટિ થાય ... પણ

એ કરણાનુયોગનો આ અભ્યાસ છે માટે, એમ નહિ. આહાહા..! વાત એ છે.

અંતરમાં સ્વભાવ સન્મુખ થયો છે એને આ કરણાનુયોગનો અભ્યાસ હોય તો એને બીજ સમકિત કહેવામાં આવે છે. એકલું તો અહીં ના પાડી. કર્મનો અભ્યાસ કરે, એક એક પ્રકૃતિની સ્થિતિ, રસ કેટલો? એક એક ગુણસ્થાનની એની પ્રકૃતિનો ઉદય કેટલો? સત્તા કેટલી? બંધન કેટલું? એ બધો અભ્યાસ કરે પણ એ જ્ઞાન નથી. જેમાં આત્મા ભળ્યો નથી તેને જ્ઞાન કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ મોટી મોટી વાતું કરે ને. ગયા હતા ને, દિલ્હીમાં. આર્જિકા છે. દર્શન કરવા આવશે... એકલી કરણાનુયોગની વાતું કરી બોલતી હતી. તિલોય પણ્ણતીમાં આમ છે ને, ફલાણું આમ છે ને ઢીંકણું આમ છે. બહુ ત્યાં હમણા જંબૂદ્વીપ કરે છે ને દિલ્હીમાં ઘણાં લાખનું. ... ત્યાં આ બોલતા હતા. સમ્યગ્દર્શન એ ... સમકિત છે. એટલી વાત કરી. શું કરે? એ બધું માનેલું છે. પહેલા આ બધું કરીએ છીએ, ધર્મની પ્રભાવના કરીએ છીએ અને આ કરીએ છીએ. આહાહા..! દિલ્હીમાં છે ને, સાંભળ્યું છે ને? જંબૂદ્વીપ કરાય છે મોટું. જ્ઞાનમંદિર?

શ્રોતા :- જ્ઞાનમતિ.

ઉત્તર :- એનું નામ જ્ઞાનમતિ. એ તો ખબર છે. એ તો બેઠા હતા. બેઠા હતા ને. બે સાધુ. સાધુ બિચારા નરમ હતા હોં. .. સાંભળતા હતા. બાપા! સમ્યગ્દર્શન અને એનો વિષય બહુ સૂક્ષ્મ છે. બીજું શું કહીએ? .. મોટી વાત કરણાનુયોગની કરે, આમ છે ને તેમ છે ને ફલાણું છે. બીજી એક આર્જિકા છે. અષ્ટપદના અર્થ કર્યા છે. શું કહેવાય? અષ્ટપદી... કર્યું છે ને.

શ્રોતા :- ...

ઉત્તર :- હા. .. માટે. અરે..! એમાં શું થયું? એ વસ્તુ શું છે. એના વખાણ લોકો કરે. આહાહા..! આવા .. થઈને આવા અર્થ કર્યા, હવે એમાં શું છે? કર્મનો સૂક્ષ્મમાં સૂક્ષ્મનો અભ્યાસ હોય પણ એ કાંઈ જ્ઞાન નથી. આહાહા..! કહો, ચંદુભાઈ! આહાહા..!

જેમાં ભગવાન ભળ્યો નથી એવા જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય અને કર્મના શાસ્ત્ર ને બધા બહારના ... એક એક પરમાણુમાં આમ છે ને સ્કંધ આવા હોય છે ને બે પરમાણુ ભેગા થાય તો આમ થાય. બે ગુણ અહીં ને ચાર ગુણ ન્યાં હોય અને ભેગો થાય તો આ ચાર ગુણવાળો થઈ જાય. એ હજી તો એને લઈને થઈ જાય એ પણ વિરુદ્ધ માન્યતા છે. સમજ્યા ને? પાઠ એવો આવે. બે ગુણ ચીકણો હોય એ ચાર ગુણ (સાથે મળે તો) ચાર ગુણવાળો થાય. જોયું! એને લઈને (થયું). એમ નથી, સાંભળ તો ખરો હવે. હજી એની જે સ્થિતિ છે એની પણ યથાર્થની ખબર નથી અને યથાર્થની એને ખબર હોય તો એ પણ જ્ઞાન નથી. આહાહા..! જેમાં જ્ઞાન ભર્યું (છે) એવો ભગવાન એનું ભાન નથી જ્યાં, ત્યાં ક્યાં જ્ઞાન એમાં હતું કર્મમાં અને કર્મના વિકલ્પના વિચારમાં? સમજાણું કાંઈ? બહુ અટપટી વાત અત્યારે એવી થઈ પડી છે ને. આહાહા..!

શું આવ્યું અહીં? '૪. **અભીક્ષ્ણજ્ઞાનોપયોગ,...**' એવા કરણાનુયોગના અને એવા બધામાં વારંવાર ઉપયોગ મૂકે માટે તીર્થંકરગોત્ર બાંધે એમ નથી. જેને અંતર સ્વસન્મુખ દૃષ્ટિ થઈ છે— સમ્યગ્દર્શન, એ જીવને-એ જાતનો જીવ હોય એને આવો વિકલ્પ હોય એ તીર્થંકરગોત્ર બાંધે. આહાહા..! સમજાણું કાંઈ? જેના જન્મથી ચૌદ બ્રહ્માંડમાં શાતા થાય. ચૌદ બ્રહ્માંડમાં શાતા થાય. નરકની .. શાતા થઈ જાય. આહાહા..! એ અચિંત્ય પ્રકૃતિનો ... છે. જેનો જન્મ થાય, જે ગર્ભમાં આવે, જેની દીક્ષા થાય, ચૌદ રાજુ લોકમાં જરી શાતા થઈ જાય. શાતા હોં! આનંદ નહિ, આત્માનો આનંદ નહિ. એ આનંદ આવે તો... તીર્થંકર .. બધાને આનંદ આવે તો એ બધા મોક્ષ થાય જ તે. વિભાવમાં જરી શાંતિ થાય. શાતામાં... આખા લોકમાં આનંદ થાય. આનંદનો અર્થ આ. અતીન્દ્રિય આનંદ થાય (એમ નહિ). એ અતીન્દ્રિય આનંદ પરલક્ષે ક્યાંથી થાય? આહાહા..!

ભગવાન પરમાત્માનો જ્યાં જન્મ થાય. . એવી પ્રકૃતિ અલૌકિક પ્રકૃતિ. જેની માતા જન્મ આપે, ઈન્દ્રો આવીને એમ કહે કે નમો રત્નકૂખધારિણી જનેતા! આવા રતનને કૂખમાં રાખ્યું, માતા! તને પહેલો નમસ્કાર. એ પ્રકૃતિનો પુણ્યની પ્રકૃતિનો એવો જ કોઈ પ્રભાવ છે. આત્માના પ્રભાવની તો શું વાત કરવી? સમજાણું કાંઈ? આહાહા..! બે છીપનું મોતી જેના પેટમાં તીર્થંકરનો વાસ આવ્યો એ પણ અલ્પકાળમાં મોક્ષગામી હોય. એ આવ્યો માટે નહિ. એ જીવની લાયકાત એવી એની હોય છે. એના માતા અને પિતા બેય અલ્પ ભવમાં મોક્ષગામી હોય છે. આહાહા..! મા-બાપ એના ક્યાંય રખડતા હોય એવા જીવે અનંત અવતાર કર્યા. આ તો આત્માના ભાનસહિત સ્વસન્મુખતાના ભાનસહિત અભિક્ષ્ણ વારંવાર શાસ્ત્રના ઉપયોગનું કામ કરતો હોય અને એ જાતનો એ જીવ હોય કે જેથી એને તીર્થંકરગોત્ર બંધાય.

'૫. **સંવેગ,...**' જેને આત્માના મોક્ષનો ભાવનો સંવેગ છે. પૂર્ણાનંદ કેમ પામું એવો જેને અંતરમાં વેગ છે. આહાહા..! છે વિકલ્પ, હોં! શુભરાગ. પણ એ જાતના જીવને-સન્મુખ થયેલા જીવને અને એ જાતની યોગ્યતાવાળા જીવને (એવો ભાવ આવે છે). સન્મુખ થયેલા તો ઘણા જીવો હોય પણ એ જાતનો જીવ હોય એને આવો વિકલ્પ આવે અને તીર્થંકરગોત્ર બંધાય. આહાહા..! સમજાણું કાંઈ? સંવેગ.

'૬. **શક્તિતસ્ત્યાગ,...**' શક્તિતસ્ત્યાગ. સમ્યગ્દૃષ્ટિ જીવ છે અને એ પોતાની શક્તિ પ્રમાણે રાગનો અભાવ કરે છે. હઠ કરીને ત્યાગ કરતો નથી. અજ્ઞાની તો એકદમ પોતાની શક્તિ ન હોય તો એકદમ મહિનાના અપવાસ, પંદર દિ'ના અપવાસ, ફલાણું કરે, લૂખ્ખો આહાર કરે. એ રીતિ તો અજ્ઞાનની છે. આહાહા..! જેને આત્માની સન્મુખતા પ્રગટ થઈ છે એવો સમ્યગ્દૃષ્ટિ જીવ, એ પણ જેને આ જાતનો ભાવ આવવાનો હોય એને શક્તિત્યાગ હોય છે. શક્તિ પ્રમાણે રાગનો ત્યાગ, .. ત્યાગ. એની શક્તિની યોગ્યતા હોય એવો એને ત્યાગ વર્તે છે. હઠથી એને ત્યાગ હોઈ શકે નહિ. એને

તીર્થંકરગોત્ર બંધાય, એ જીવની જાતવાળો હોય એને. સમજાણું કાંઈ?

'૭. **શક્તિતસ્તપ,...**' શક્તિ પ્રમાણે તપ કરે. ત્યાગ પણ શક્તિ પ્રમાણે અને તપ પણ શક્તિ પ્રમાણે. હઠ કરીને મહિના-મહિનાના અપવાસ કરે, સોળ અપવાસ કરી નાખે એમ ન હોય. આહાહા..! જુઓને, તીર્થંકર જ્યારે થાય છે ત્યારે કોઈ મુનિ થવા પહેલા કોઈ તપ કરે, .. કરે. .. અને કોઈની શક્તિમાં ઘણું છે એ બધું ઘણું કરી શકે, એની શક્તિ પ્રમાણે જ એનો ત્યાગ હોય. આહાહા..! આવે છે ને ભાઈ! કેવળ થવા પહેલાં...

શ્રોતા :- ભગવાને છ મહિનાના કર્યા.

ઉત્તર :- છ મહિના. મહાવીર ભગવાને છઠ્ઠ. ઋષભદેવ ભગવાને બાર મહિના. વર્ષીતપ છે ને, ઈ. પછી થયું. એનો અર્થ કે એની શક્તિની યોગ્યતા હતી તેટલો તેને ત્યાગ ... છે. સમજાણું કાંઈ? આ તો સહજ વસ્તુની રમતું છે. આહાહા..!

શુદ્ધભાવ ભગવાન આત્મા, એની જેણે સહજસ્વભાવની રમતું માંડી છે એવા જીવને આવો વિકલ્પ હોય છે સમકિત સહિતને, તો કહે છે કે એ શક્તિ પ્રમાણે ત્યાગ તપ કરે. દેખાદેખી, દેખાદેખી, હઠથી, આણે કર્યું માટે મારે કરવું, આ મોઢા આગળ પડી જાય માટે હું પાછળ રહી જઈશ એવું સમકિતીને હોય નહિ. સમજાણું કાંઈ? એક સાધુની હતી ને વાત હમણા, નહોતી? ચેતનજીને ખબર છે. ત્યાં એકને દીક્ષા આપવા જવાનું હતું મુંબઈ. એટલે અહીં પછી પહેલું દઈ દીધું. નામ-બામ.. અહીં આવ્યો હતો. ઓલા ધુરંધરને ત્યાં આપવાના હતા ને આચાર્યપદ? ત્યારે પછી એક બીજો શું નામ? હા, આવ્યા હતા બિચારા હોં. એણે આચાર્યપદ નહોતું લીધું, આવ્યા હતા. આવીને આ જોયું અને આહાર વખતે ... મારે જોવું છે તમારું. ભલે આવો કીધું જુઓ. ... હજી આચાર્યપદ આપ્યું નહોતું,આપવાના હતા. પણ એટલું બોલ્યો હોં! અહીં તમારા ધર્મની વૃદ્ધિ થશે એવું દેખાય છે. નહિતર શ્વેતાંબર આચાર્ય થવાના હતા. .. આ બધું એવું દેખાય છે કે .. લાગે છે કે આમાં ધર્મની વૃદ્ધિ થાશે. એમ બોલ્યો હતો. નહિતર તે તો આચાર્ય થવાનો હતો થોડા સમય પછી.

શ્રોતા :- કઈ વાતના આચાર્ય થાય..

ઉત્તર :- એને પોતાનું .. શું કરે? એમ તો આ ... નહિ? આચાર્ય શાંતિસાગર. શાંતિસાગર આવ્યા હતા ૯૭માં અહીં. અમે કોઈનો અનાદર કરીએ નહિ. જાણવું જોઈએ. .. ઉતર્યા હતા. બહાર ... અહીં લીમડો એક હતો. એટલું બોલ્યા, એકલા તીર્થંકર મોક્ષ ન જાય, બીજાને સાથે લઈને જાય એવો અહીં દેખાવ છે. શાંતિસાગર એમ બોલ્યા હતા. એક લીમડો હતો બહાર. એ કપાઈ ગયો બહાર, દરવાજાની બહાર. પણ એટલું બોલ્યા. નરમ માણસ.

શ્રોતા :- દરવાજો..

ઉત્તર :- દરવાજો...

અહીં તો કહેવું છે કે એ તો એ જાતની સહજ યોગ્યતા જ એ જીવની હોય છે. સમજાણું કાંઈ? એ શક્તિ પ્રમાણે ત્યાગ... આપણે આટલું કરીએ માટે એને ભાવ... એમ પણ નહિ. એ તો જે સમકિતી હોય અને જેને એ જાતના ભાવમાં તીર્થંકરપણું બંધાવાનું હોય એ જાતની વાત છે આ. શક્તિ પ્રમાણે તપ તો બીજા પણ કરે, પણ તીર્થંકરગોત્ર બાંધે એવું કાંઈ છે નહિ. આહાહા..! આવી વાતું ભાઈ!

'૮. **સાધુસમાધિ,...**' સંતોને સમાધિ ઉપજાવે. સમાધિ એટલે? વયાવચ્ચ આદિ. એ શુભભાવ. એ પણ સમકિતીને જ હોય છે. અને તે પણ જે જાતનો હોય એ તીર્થંકરગોત્ર બંધાવાની યોગ્યવાળા જીવને આ ભાવ હોય છે. આમ તો સાધુસમાધિનો ભાવ તો ઘણાને હોય છે સમકિતીને, છતાં એ તીર્થંકરગોત્ર બાંધે એવું કાંઈ નથી. સમજાણું કાંઈ? વૈયાવચ્ચ. વૈયાવચ્ચ કરે છે. સમકિતી જીવ, સાધુ આદિની પોતાને યોગ્ય જે હોય એ વૈયાવચ્ચ કરે. એ જીવ હોય એને વિકલ્પ આવે. એ વિકલ્પ છે તો આસ્રવ. આહાહા..! પ્રવચનસારમાં આવે છે ને ભાઈ, નહિ? ..ની વૈયાવચ્ચ કરે. એથી કાંઈ એ ભાવના નથી એની. પણ એવો જ પ્રસંગ હોય તો એવો એને વિકલ્પ આવે છે. એવા વિકલ્પની જાત શુભરાગની સમકિતી જીવને-એ જાતનું દ્રવ્ય હોય એને આવા ભાવથી તીર્થંકરગોત્ર બંધાય. કહો, સમજાણું?

'૧૦. **અર્હદ્ભક્તિ,...**' અરિહંતની ભક્તિ. અરિહંતની ભક્તિ તો સમકિતી બધાય કરે. સાધુ પણ ભક્તિ કરે. પણ આ જાતનો જીવ જેનો હોય એને સમ્યગ્દર્શનની ભૂમિકામાં એવી જાતનો વિકલ્પ આવે. તીર્થંકર પ્રકૃતિ બંધાય. આટલી બધી શરતું છે એટલી વાત છે. અરિહંતની ભક્તિ. ઓલા કહે કે કરો આપણે અરિહંતની ભક્તિ, તીર્થંકરગોત્ર બંધાશે. આહાહા..! જેને રાગનો ઉપાદેય ભાવ છૂટી ગયો છે અને ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ આત્માનો ઉપાદેયભાવ પ્રગટ્યો છે, એને અધૂરી દશામાં-કમજોરીમાં આવો ભાવ હોય. એ તીર્થંકરગોત્ર બાંધે.

'૧૧. **આચાર્ય ભક્તિ,...**' એ આચાર્ય પણ સાચા આચાર્ય હોં! સંત આચાર્ય, છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલનાર ભાવલિંગી સંત, એની સમકિતી ભક્તિ કરે છે. એ પણ એ જાતનો જે ભક્તિનો ભાવ હોય એવો તો બધાને હોય સમકિતીને. પણ આ દ્રવ્યને એવી જાતનો વિકલ્પ હોય એમાં તીર્થંકરગોત્ર એ બાંધે. પણ એની પ્રધાનતામાં મુખ્ય સમ્યગ્દર્શન જોઈએ. સમ્યગ્દર્શન વિના આવા પંદર ભાવ હોય તોપણ એને કાંઈ લાભ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'૧૨. **બહુશ્રુતભક્તિ,...**' બહુ જ્ઞાનની ભક્તિ, બહુ શાસ્ત્ર ભણેલા હોય. એ પણ એવો એક વિકલ્પ છે. એ પણ એવી જાતનો જીવ હોય એને એ જાતનો (વિકલ્પ હોય). બહુશ્રુતભક્તિ તો બધા સમકિતીને હોય છે. છઠ્ઠા ગુણસ્થાનવાળા હોય એને હોય, શ્રાવકને પણ હોય છે. પણ આવો જે જીવ હોય એને આવો ભાવ હોય તો તીર્થંકરગોત્ર બાંધે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૫, સોમવાર તા. ૧૧-૦૨-૧૯૭૪**
**ગાથા - ૭૯, ૮૦, પ્રવચન - ૧૦૬**

ભાવપાહુડ ચાલે છે. ૭૯ ગાથા. મુખ્યપણે સાધુની વાત ચાલે છે. સાધુ હોય એ સમ્યગ્દર્શન અનુભવ, જેને અનુભવ થયો હોય આત્માનો. આત્માની અનુભૂતિ—આનંદનું વેદન જેને સ્વાદમાં આવ્યું હોય, એને અનુભૂતિ અને એને સમ્યગ્દર્શન કહે છે. એવા સમ્યગ્દર્શનસહિત મુનિ છે એ વિષયથી વિરક્ત થઈને, વિષય નામ આત્માના સ્વવિષય સિવાય પરવિષયોથી વિરક્ત (થઈને) દૃષ્ટિની દિશા ફેરવી નાખે છે. મુનિની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર હોય છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ પણ સ્વભાવ ઉપર હોય છે. મુનિ છે એને વિશેષ આનંદમાં પ્રચુર વેદન આનંદનું હોય છે. એને પરના વિષય તરફથી છૂટી... વિષય શબ્દે? ભગવાનની વાણી અને ભગવાન પોતે પણ વિષય છે આત્માનો, ઇન્દ્રિયનો એ વિષય છે. કારણ કે પરવસ્તુ છે ને ઈ? ભગવાનની વાણી અને ભગવાન અને ગુરુ એ પરવિષય છે, ઇન્દ્રિયનો વિષય છે. એની જેને દિશા અને દશા ફરી ગઈ છે. પર તરફની દિશા છૂટી ગઈ છે અને સ્વ તરફની દિશામાં દશા શુદ્ધ આનંદના વેદનસહિત જેને પ્રગટ થઈ છે તેને સાધુ કહેવામાં આવે છે. એ સાધુને તીર્થંકરનામકર્મ બંધાય એમ પાઠ છે. ષોડશકારણ ભાવનામાં એને એ ભાવ આવે. અને તીર્થંકર પ્રકૃતિ અલ્પકાળમાં બાંધે અહીં સુધી આવ્યું છે આપણે.

'૧૨. **બહુશ્રુતભક્તિ,...**' એ સમ્યગ્દર્શનસહિત હોય એની વાત છે. જ્યાં સમ્યગ્દર્શન અને અનુભવ આત્માના આનંદનો, અનુભૂતિ, જ્યાં સમ્યગ્દર્શન નથી એને માટે આ બધી ક્રિયાઓ એકલા પુણ્ય બાંધે. તીર્થંકરગોત્ર ન બાંધે, તેમ એને નિર્જરા પણ થાય નહિ. સમજાણું કાંઈ? અહીં તો બહુશ્રુત એટલે ઉપાધ્યાય. લીધું ને અરિહંત, આચાર્ય અને ઉપાધ્યાય એમ ત્રણ. અરિહંતની ભક્તિનો ભાવ એ શુભભાવ એ પુણ્ય છે, એ ધર્મ નહિ. એવો ભાવ સમ્યગ્દૃષ્ટિને, મુનિને આવવા યોગ્ય હોય તેને આવે છે એની વાત ચાલે છે.

'૧૩. **પ્રવચનભક્તિ,...**' એને વીતરાગની વાણી એના ઉપર બહુમાન આવે છે. એ પણ છે તો શુભભાવ પુણ્ય. પણ સમ્યગ્દર્શનસહિત જેનો આત્મા અંતરમાં વિકાસ સમ્યગ્દર્શનમાં પામ્યો છે, એને આવો એક ભાવ આવે તો એ તીર્થંકરગોત્ર બાંધે છે. પ્રવચન એટલે સિદ્ધાંત વીતરાગની વાણી. પૂર્વાપર વિરોધરહિત અનેકાંત તત્ત્વને બતાવનારી એવી વાણીની ભક્તિ એક શુભભાવ છે, પુણ્ય છે. એ આવા સમકિતી જીવને આવો ભાવ આવે તો એ તીર્થંકરગોત્ર બાંધે. એ બાંધવાને લાયક જીવ હોય એ.

'૧૪. **આવશ્યકાપરિહાણિ,...**' એ સમ્યક્ આત્માના અનુભવસહિત જેને છ આવશ્યકની ક્રિયામાં હાનિ ન થાય એવી જેને છ આવશ્યક સામાયિક (હોય). આ શુભ વિકલ્પની વાત છે.

સામાયિક છે એ તો અંતર સમ્યગ્દર્શન સહિત વીતરાગભાવનું વેદન આવે એને સામાયિક કહીએ. એવું હોવા છતાં જેને આવો એક સામાયિકનો વિકલ્પ આવે કે 'સામાયિક કરું' શુભભાવ, એ પુણ્યભાવ છે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં, ચારિત્રની ભૂમિકામાં આ એક શુભભાવ આવે. એ તીર્થંકરગોત્ર બાંધે એમ અહીં કહેવું છે. એ ભાવ બંધનું કારણ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. કેમકે ધર્મથી બંધન પડે નહિ. જેનાથી બંધન થાય તે ધર્મ નહિ. આહાહા..! એ આવશ્યકની અપરિહાણી. સામાયિક, ચોવિસંથો, તીર્થંકરની સ્તુતિ... પણ એ બધું સમ્યગ્દૃષ્ટિ જીવની વાત છે. જેને સમ્યગ્દર્શન નથી એને બધું આ હોય તો એ થોથા છે, એની કિંમત કાંઈ નથી. કહો, સમજાય છે કાંઈ?

ચોવિસંથો, વંદન. તીર્થંકરમાં એક તીર્થંકરનું કે ગુરુનું વંદન એ પણ શુભભાવ છે. પણ એ સમ્યગ્દૃષ્ટિ જીવને આત્માના આનંદના વેદનની ભૂમિકામાં પુરુષાર્થની કમજોરીને લઈને આવો એક ભાવ આવે છે. શાસ્ત્ર તો એ કહે છે કે શુભની રચના કરે એ વીર્ય નપુંસક છે. શું કહ્યું એ? વીર્ય તો સમકિતીનું એને કહીએ કે જે શુદ્ધતા, પવિત્રતા, વીતરાગતાને રચે એને વીર્ય કહેવામાં આવે છે. જે ભાવ તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ એ પણ સમ્યક્ વીર્ય નહિ. નિહાલભાઈ તો લખે છે ને આમાં? એ તો કહેલું હતું ને? કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એને પણ નપુંસક માનીએ છીએ. આવે છે? ચેતનજી! આ ન્યાયથી.

ચૈતન્યના વીર્ય તો એને કહીએ કે જેના અંતરમાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદની પર્યાયમાં રુચિ વૃદ્ધિ કરે, રચે. આહાહા..! ઝીણો માર્ગ બહુ ભાઈ વીતરાગનો. અને સમ્યગ્દર્શન અનુભવ આનંદના વેદન વિના જે કાંઈ આવા ભાવ આવે એ નથી સંવરનું કારણ, નથી ધર્મનું કારણ, નથી તીર્થંકર ગોત્ર બાંધવાનું કારણ. પંડિતજી! ભારે ઝીણું આવું.

શ્રોતા :- બધા નિષ્ફળ?

ઉત્તર :- નિષ્ફળ નહિ, સફળ છે સંસારમાં રખડવા માટે. આહાહા..! એ કહ્યું હતું. જે કોઈ મહાભાગા પુરુષાર્થથી આવા દયા, દાન, વ્રત, તપના ભાવ કરે છે, પણ છે અબુધા-મિથ્યાદૃષ્ટિ. સમ્યગ્દર્શનની ખબર નથી અને સમ્યગ્દર્શન નથી, પણ છે મહાભાગા. જગતમાં પુણ્યવંત અને લાખો માણસમાં પ્રસિદ્ધિને પામે. અબુધા મહાભાગા વીરા. વીર છે. આવી રાગની ક્રિયા, મંદની ક્રિયા, તપસ્યાઓ, અપવાસ, વ્રત પાળવામાં વીર છે. પણ છે સમકિતરહિત. વીરા અસમંત દંસીણો અસુદ્ધં તેંસી .. સફળ.. એવા મિથ્યાદૃષ્ટિ જીવમાં જેટલા દયા, દાન, વ્રત, તપના ભાવ એ અશુદ્ધ છે અને સફળ છે. જે સંસાર.. ફળ તો આવે છે એ એને સંસાર ફળશે. ધન્નાલાલજી! ધીરૂભાઈ! આવી વાતું ઝીણી છે, બાપુ આ. આહાહા..! સફલં હોઈ એવો પાઠ છે. પ્રવચનસારમાં છે. આત્મદર્શન અનુભવ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન જ્યાં નથી, એવા જીવો વ્રત ને તપની ક્રિયાઓ કરે એ બધી અશુદ્ધ છે, સફળ છે. એને અનંતકાળથી ગતિ જે મળતી આવે છે એ ગતિ એમાં મળશે. મોક્ષ અને ધર્મ નહિ થાય.

શ્રોતા :- ક્યાં લખ્યું છે?

ઉત્તર :- પ્રવચનસાર. ક્યાં લખ્યું ક્યાં? એ બધા કાંઈ આધાર અપાય છે કાંઈ? પ્રવચનસાર છે? આ પ્રવચનસાર છે? આ નહિ. એમાં છે. કઈ ગાથા હશે? ગાથાનું કાંઈ યાદ છે? આમાં છે ક્યાંક. આહાહા..! '**एसो त्ति णत्थि कोई ण णत्थि किरिया सहावणिव्वत्ता। किरिया हि णत्थि अफला**' જે કંઈ સમ્યગ્દર્શનના ભાન વિના, આત્માના આનંદના અનુભવ વિના જે કાંઈ ક્રિયા છે તે નથી અફળા-ફળ વિનાની નથી. એને ફળ થશે ગતિ રખડવાનું. '**धम्मो जदि णिप्फलो**'. ધર્મ છે તે નિષ્ફળ છે. જેને આત્માના આનંદનું વેદન, સમ્યગ્દર્શન અને જેને સ્વરૂપની રમણતા એવો ધર્મ એને નિષ્ફળ છે. એ ધર્મનું ફળ એને ચાર ગતિ નહિ. ધર્મનું ફળ નિષ્ફળ છે. નિષ્ફળ એટલે આ. પાઠ છે. ૧૧૬ ગાથા. એ ત્યાં વીર્યધર્મ છે આઠમું અધ્યયન વીર્ય સૂયગડાંગમાં શ્વેતાંબરમાં. એ આ ગાથા. 'જે અબુધા મહાભાગા વીરા અસમંત દંસીણો અસુદ્ધં તેસિં.. ' એ ગાથા. બીજી ગાથા અવળી છે. 'જે બુધા મહાભાગા..' સમ્યગ્દષ્ટિ જીવ છે, આત્માનો સાક્ષાત્કાર અનુભવ સમ્યગ્દર્શનમાં મતિ-શ્રુતજ્ઞાનથી થયો છે. બુધા મહાભાગા પુણ્યવંત પણ છે કે જેથી દુનિયા લાખો માણસ માને. વીરા છે—વીર છે. પુરુષાર્થ અંતરસ્વરૂપનો પુરુષાર્થ કરવામાં. અને સંમત દંસિણો છે. સમ્યગ્દષ્ટિ છે. ... એની બધી ક્રિયા અફળ છે. એ ક્રિયાનું ફળ સંસાર નથી એમ. એ અહીં કીધું ને, ધમ્મો અફળો. ધર્મ અફળ છે, ક્રિયા સફળ છે. આહાહા..! શાંતિભાઈ! આ બધું સાંભળ્યું પણ ન હોય એમ ને એમ બહારના મોટા કુટારામાં.

શ્રોતા :- સેવા ઘણી કરે છે.

ઉત્તર :- સેવા ઘણી કરે છે. ધૂળની સેવા નથી.

શ્રોતા :- રાગની પણ નહિ?

ઉત્તર :- રાગની સેવા કરે. પરની સેવા કોણ કરી શકે છે? આહાહા..!

અહીં તો કહે છે કે ધર્મીજીવની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદની ક્રિયા એ સંસારમાં અફળ, એને ફળ નહિ મળે એનું. અને અજ્ઞાનીની જે ક્રિયા, દયા, દાન, વ્રત, તપ આદિના ભાવ એ સફળ છે. એને ચાર ગતિ ફળશે. રખડવાનું મળશે.

શ્રોતા :- એમાં શેઠાઈ તો મળે ને.

ઉત્તર :- શેઠાઈના ધૂળના. આહાહા..! ભાઈએ તો કહ્યું ને, પુણ્યનો ઢગલો, વિષ્ટાનો ઢગલો છે. એમ કહ્યું છે કે નહિ? એય..! નિહાલચંદભાઈએ. બડા પુણ્ય હૈ (વહ) બડા વિષ્ટા કા ઢગ હૈ. એવું છે આમાં ક્યાંક. ક્યા પાને? ૧૧૬. ૧૧૬ મગજમાં આવી ગયું. ૫૬. ૫૬. 'અધિક પુણ્ય વહ વિષ્ટા કા બડા ઢેર હૈ.' અને એ આવે છે ને આમાં. 'ચક્રવર્તીની સંપદા, ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.'

શ્રોતા :- અહીં તો વીતરાગી લોક એમ લખ્યું છે.

ઉત્તર :- એ વીતરાગી, વીતરાગી. સમ્યગ્દષ્ટિ એ વીતરાગી છે. ત્યાં લખ્યું છે ઈન્દોર. કાચના

મંદિરમાં બહાર આ બાજુ છે.

સમ્યગ્દૃષ્ટિ, જેને અંતર દૃષ્ટિ અનુભવ વીતરાગતા પ્રગટી છે એ જીવ ચક્રવર્તીની સંપદા અને ઈન્દ્ર સરીખા ભોગ, ચક્રવર્તીની સંપદા, ઈન્દ્ર ભોગ કાગવીટ (સમ માનત હૈ). માણસની વિષ્ટા તો હજી ખાતરમાં કામ આવે, કાગડાની વિષ્ટા ખાતરમાં પણ કામ ન આવે. 'કાગવીટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' સમ્યગ્દૃષ્ટિ તો ઈન્દ્રની સંપદા અને ચક્રવર્તીની સંપદા એ કાગના વિષ્ટા જેવું માને છે. આહાહા..! કહો, મૂળચંદભાઈ! અહીં તો રાજી રાજી થઈ જાય કાંઈક. પુણ્ય બાંધશું ને પછી સ્વર્ગમાં જાશું. પછી શેઠાઈ મળશે. ધૂળમાંય નથી બધું સાંભળને એમાં. એ બધી વિષ્ટાના ઢગલા છે. આહાહા..!

અહીં તો '**૧૪. આવશ્યકાપરિહાણિ,...**' એવું આત્માના દર્શનપૂર્વક જેને છ આવશ્યકમાં હાનિ ન થાય એવો એને એક શુભવિકલ્પ હોય છે એનાથી સમકિતી તીર્થંકરગોત્ર બાંધે. સમકિતીને આ ભાવ આવે પણ એ હેયભાવે છે. ઉપાદેયભાવે, આદરણીયભાવે આ રાગ નહિ. કારણ કે એ તો રાગ છે. પછી?

'**૧૫. સન્માર્ગપ્રભાવના,...**' સમ્યગ્દૃષ્ટિ જીવ સન્માર્ગ-સમ્યગ્જ્ઞાનના માર્ગની પ્રભાવના કરે. પણ સમ્યગ્દર્શનસહિત હોય એની વાત છે.

શ્રોતા :- પ્રભાવના થઈ શકે છે એમ થયું ને?

ઉત્તર :- એ શુભવિકલ્પ છે. એને શુભવિકલ્પ થાય. સમ્યગ્જ્ઞાનનો પ્રચાર કેમ થાય એવો એને વિકલ્પ હોય છે. શુભભાવ. પણ છે સમ્યગ્દૃષ્ટિ એથી એને હેયભાવ છે એ. અને એમાં એ જીવની લાયકાતવાળો હોય તે તીર્થંકરગોત્ર બાંધે. સમ્યગ્દૃષ્ટિ જીવ હોય એ બધાને આવો ભાવ હોય, છતાં એનાથી તીર્થંકરગોત્ર ન બાંધે. એ જીવ જ એવી જાતનો હોય છે. એ કાલે કહ્યું હતું. એને એ તીર્થંકરગોત્ર બંધાઈ જાય.

શ્રોતા :- એવો પાત્ર છે.

ઉત્તર :- પાત્ર નહિ, એ દ્રવ્યની યોગ્યતા. બહુ કઠણ બધી ઝીણી વાત મૂળચંદભાઈ! એ સમજવા માટે બહુ પ્રયોગ જોઈશે. પાત્ર તો સમકિતી બધા પાત્ર જ છે. પણ એ દ્રવ્યની જાત એવી હોય છે. એ ન પકડાય. તમને હજી વાર છે. કાલે ઘણું કહ્યું હતું. એ ચૈતન્યદ્રવ્ય જ એવું હોય છે કે એને જે કર્મના પ્રવાહમાં એવો ભાવ તીર્થંકરગોત્રનો ભાવ હોય. સમજાણું કાંઈ? એ સન્માર્ગ પ્રભાવના. આત્મદર્શન અનુભવની સમકિત. સ્વભાવના આનંદનો જેને સ્વાદ આવ્યો હોય એને સમકિતી કહીએ. સમજાણું કાંઈ? આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમકિત નહિ. આહાહા..!

અતીન્દ્રિય આનંદસ્વભાવ ભગવાન આત્મા એનો જેને અંતર સ્વાદ આવીને પ્રતીત થઈ હોય, એવા જીવની શુભભાવની ભાવના એને આવે (કે) જ્ઞાનપ્રભાવના થાય. દુનિયામાં જ્ઞાનની વૃદ્ધિ થાય એવો ભાવ આવે. તો એ સમકિતી તીર્થંકરગોત્ર બાંધે.

'**૧૬. પ્રવચનવાત્સલ્ય,...**' સાધર્મી પ્રત્યેનો પ્રેમ. એ અહીં લેવું છે. કારણ કે પ્રવચનભક્તિ તો પહેલી આવી ગઈ છે ૧૪માં. આ પ્રવચનવાત્સલ્ય એટલે જેને સમ્યગ્જ્ઞાન પ્રગટ્યા છે એવા સાધર્મી પ્રત્યેનો પ્રેમ એને પ્રવચનવાત્સલ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ સોળ બોલમાં આવે છે. ટીકામાં આવે છે. આઠમો ભાગ ને? જુઓ આઠમું નહિ? એમાં આવે છે. પ્રવચનવાત્સલ્ય. ત્યાં આવ્યું હતું. આપણે વાંચેલું. પહેલા ભાગમાં આવે છે? એ બીજા આઠમામાં આવે છે. એ આવે છે. આપણે અહીં વાંચ્યું છે.

શ્રોતા :- આપણે વંચાઈ ગયુ છે.

ઉત્તર :- વંચાઈ ગયું છે. એમાંથી એટલો ભાગ વાંચ્યો હતો. એ વખતે કો'ક નહોતું. કો'ક નહોતું એવું છે કાંઈક. રામજીભાઈ નહોતા. સાચી વાત. એ વાંચ્યું હતું આઠમું. નાનું પુસ્તક છે ને. આઠમો ભાગ. એક એક શબ્દનો અર્થ છે. એ પ્રવચનવાત્સલ્યનો અર્થ જ ત્યાં એ કર્યો છે. એ તો આમાં પણ એમ કર્યો છે. આ છે ને. ચાલ્યું આવે છે. કેટલામું છે આ? પ્રવચનભક્તિ કીધી ને? કે જિનાગમ મેં અનુરાગ હોના પ્રવચનભક્તિ અને સહધર્મી ભાઈઓમેં સ્નેહ કરના પ્રવચનવાત્સલ્ય. એ છે, આવે છે. આપણે વાંચ્યું હતું. સહધર્મીભાઈ. સહધર્મી એટલે સમકિતી. જેને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન પ્રગટ્યું છે એવા ધર્માત્મા પ્રત્યેનો પ્રેમ તેને અહીંયાં પ્રવચનવાત્સલ્ય કહેવામાં આવે છે. છે શુભરાગ, ધર્મ નહિ. આહાહા..!

અહીં તો વ્યવહારની વાત ભાવના કીધી છે ને. ભાવ, ભાવ એમ કીધું છે ને. '**छद्दसवरकारणाइं भाऊण**' એમ શબ્દ છે ને? એની ભાવના ભાવે એટલે એમાં એ ભાવ આવે છે એમ. આ તો આસ્રવની ભાવના. આસ્રવની ભાવના સમકિતીને હોય નહિ. ષોડશકારણ ભાવના એ તો આસ્રવ છે. પણ એવો ભાવ આવે છે, એથી એને ભાવના ભાવે છે એમ કહેવામાં આવે છે.

એ પ્રવચનવાત્સલ્ય. એટલે કે સમ્યગ્જ્ઞાનના ધરનારા સાધર્મી પ્રત્યે પ્રેમ એને પ્રવચનવાત્સલ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ સોળેયનો બહુ વિસ્તાર કર્યો છે ત્યાં આઠમામાં. એક હોય ત્યાં ચાર-પાંચ તો હોય જ તે. જેને આ દર્શનવિશુદ્ધિ છે એ વિનયસંપન્ન આદિ તો હોય જ. એવા બોલ લીધા છે આમાં.

શ્રોતા :- એકની સાથે ક્યા ક્યા..

ઉત્તર :- એકની સાથે કેટલા કેટલા બોલ હોય એ લીધું છે. વંચાણું છે આપણે અહીં. ખબર છે? ખબર નહિ હોય. એમ કે એકલો બોલ ન હોય દર્શનવિશુદ્ધિ. આમ કહેવાય કે દર્શનવિશુદ્ધ એકલો હોય તો તીર્થંકરગોત્ર બાંધે. એમ આવશે આમાં. પંદર હોય સમ્યગ્દર્શન વિના, તો એ કાંઈ ન થાય. એને પુણ્ય થાય, શુભભાવ. ધર્મ નથી. આહાહા..! એ પ્રવચનવાત્સલ્ય.

'**ઈસપ્રકાર સોલહ ભાવના હૈ. ઈનકા સ્વરૂપ તત્ત્વાર્થસૂત્રકી ટીકાસે જાનિયે.**' આ

સોળનું. '**ઇનમેં સમ્યગ્દર્શન પ્રધાન હૈ,...**' આ સોળ બોલમાં પણ સમ્યગ્દર્શન મુખ્ય છે. જો સમ્યગ્દર્શન ન હોય તો આ પંદરેય થોથા છે. આહાહા..! જુઓ! '**સમ્યગ્દર્શન પ્રધાન હૈ, યહ ન હો ઔર પન્દ્રહ ભાવનાકા વ્યવહાર હો તો કાર્યકારી નહીં...**' એવા શુભભાવ તો હોય. અજ્ઞાનીને હોય એવો અમુક જાતનો. સમજાણું? છે ને? વિનયસંપન્નતા, શીલવ્રતેષ્વનતિચાર, અભીક્ષ્ણજ્ઞાન ઉપયોગ, સંવેગ, શક્તિત્યાગસ્ત્યાગ, શક્તિતસ્તપ આદિ. એમાં અજ્ઞાનીને એવો શુભભાવ હોય એને કાંઈ ધર્મ નહિ થાય, તેમ એ તીર્થંકરગોત્ર બાંધે નહિ. મિથ્યાદષ્ટિ તીર્થંકરગોત્ર બાંધે જ નહિ. સમ્યગ્દષ્ટિ જ બાંધે. એને એ શુભભાવ અપરાધ છે. એઈ..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ સમકિતી જીવનો એ શુભ ઉપયોગ અપરાધ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. અપરાધ છે. આહાહા..! અરેરે..! લોકોને ખબર નથી. કહો, ધીરૂભાઈ! ઝીણી વાત છે આ. ત્યાં કાંઈ બહારના ઓલા પૈસા કમાઈ જવા ને... વાત તો આમ છે ને બાપા! માર્ગ આ છે ત્રણ કાળ ત્રણ લોકમાં. આહાહા..! એ તો પ્રવચનસારમાં કહ્યું નહિ?

શ્રોતા :- બધે કહ્યું છે પણ...

ઉત્તર :- પ્રવચનસાર. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે ને. જુઓ! કેટલા પાને આવ્યું? સામે આવ્યું જુઓ ૨૨૦. ૨૨૦. '**रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव भवति नान्यस्य।**' સમ્યગ્દર્શન આત્માનો અનુભવ, આત્માની વીતરાગની રમણતા અને વીતરાગી આત્માનું સ્વસંવેદનજ્ઞાન, એ તો નિર્વાણનો હેતુ છે. બંધનો હેતુ એ નથી. '**आस्रवति यत्तु पुण्यं**' જેના ભાવથી પુણ્ય આવે છે. એ '**शुभोपयोगो ऽयमपराधः**' આ તો ગાથા છે. '**शुभोपयोगो ऽयमपराधः**' આ અપરાધ શુભ ઉપયોગનો છે. આહાહા..! લોકોને શુભરાગની ક્રિયાનો પ્રેમ એટલો કે એને એમાંથી દૃષ્ટિ ફેરવવી કઠણ પડે. સાંભળવું કઠણ પડે. મૂળચંદભાઈ કાલે કહેતા હતા બહુ ન્યાં અંદર. એવા લાકડા ગરી ગયા છે શુભભાવના કે નીકળવા કઠણ પડે. શુભની રુચિ એ જ મિથ્યાત્વભાવ છે. આહાહા..! ભારે કામ આકરું.

'**ઇનમેં સમ્યગ્દર્શન પ્રધાન હૈ,...**' આ બધા સોળ બોલમાં પણ સમ્યગ્દર્શન હોય તો એ પંદરમાં તીર્થંકરગોત્ર બાંધે. '**યહ ન હો તો ઔર પન્દ્રહ ભાવના કા વ્યવહાર હો તો કાર્યકારી નહીં...**' આત્માના લાભને માટે કાંઈ પંદર ભાવના (કાર્યકારી નહિ). જુઓને, વિનયસંપન્નતામાં ભગવાનનો વિનય કરે એ શુભભાવ, એમાં આત્માને કાંઈ લાભ નહિ. આહાહા..! શીલવ્રતેષ્નવતિચાર, અભીક્ષ્ણજ્ઞાનોપયોગ, સંવેગ, જોયું! શક્તિસ્ત્યાગાદિ બધા બોલ લેવા. આહાહા..! '**ઔર યહ હો તો પન્દ્રહ ભાવના કા કાર્ય યહી કર લે,...**' એ સમ્યગ્દર્શન હોય તો પંદર બોલનું કામ એ સમ્યગ્દર્શન કરી લે. એની સાથે કેટલાક હોય જ છે. એનો ખુલાસો ધવલમાં છે. છે એ? પાનું નહિ ખબર હોય. બહુ વિસ્તારથી અહીં વંચાઈ ગયું છે. તે દિ' રામજીભાઈ નહોતા. એ કાઢ્યું હતું.

'**યહ તો પન્દ્રહ ભાવનાકા કાર્ય યહી કર લે,...** ' એક આત્માનો અનુભવ સમ્યગ્દર્શન.

આહાહા..! રાગના વિકલ્પથી રહિત જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એનો અંતર અનુભવ ને દૃષ્ટિ, એ એકે બધું કામ કરે એમ કહે છે. એકે હજારા. એકે ઉજળા માણસ કહે છે ને. આટલા બોલ તો હોય જ સાથે. એવું લખ્યું છે. ષોડશકારણોં સે જીવ તીર્થંકર નામગોત્ર બાંધતે હૈ. લ્યો. છે. બધા નામ છે સોળેય. પછી એનો વિસ્તાર છે.

'ઈસકા અર્થ કહતે હૈં કિ દર્શન કા અર્થ સમ્યગ્દર્શન, ઉસકી વિશુદ્ધતા કા નામ દર્શનવિશુદ્ધતા, ઉસ દર્શનવિશુદ્ધતા સે જીવ તીર્થંકરનામ ગોત્રકર્મ કો બાંધતે હૈં. તીન મૂઢતાસે રહિત, આઠ મલ સે વ્યતિરિક્ત જો સમ્યગ્દર્શન ભાવ હોતા હૈ ઉસે દર્શનવિશુદ્ધતા કહતે હૈં. શંકા :— કેવલ ઉસે દર્શનવિશુદ્ધતા સે તીર્થંકર નામકર્મકા બંધ કૈસે સંભવ હૈ? ક્યોંકિ ઐસા માનને સે સબ સમ્યગ્દૃષ્ટિઓં કે તીર્થંકર નામકર્મકિ બંધ કા પ્રસંગ આવેગા.' બહુ સારી ચર્ચા ચાલી છે. 'ઈસ શંકા કે ઉત્તર મેં કહતે હૈં કિ શુદ્ધનય કે અભિપ્રાય સે તીન મૂઢતા, આઠ મલ સે રહિત હોનેપર દર્શનવિશુદ્ધતા નહીં હોતી. કિન્તુ પૂર્વોક્ત ગુણોં સે અપને નિજસ્વરૂપકો પ્રાપ્ત કર .. સમ્યગ્દર્શનાદિ સાધુઓં કો .. પરિત્યાગ સાધુઓંકી સમાધિ ધારણા, સાધુઓંકી વૈયાવૃત્તિ, સંવેગ, અરિહંત ભક્તિ, બહુશ્રુતભક્તિ, પ્રવચનભક્તિ, પ્રવચનવાત્સલ્ય, પ્રવચનપ્રભાવના, અભિક્ષ્ણજ્ઞાનોપયોગ યુક્તતા સે પ્રવર્તનેકા નામ વિશુદ્ધતા હૈ.' દર્શનવિશુદ્ધિમાં, સમ્યગ્દર્શનસહિત આટલા બોલસહિત હોય એને દર્શનવિશુદ્ધિ કહીએ. બહુ વિસ્તાર છે. ઘણો વિસ્તાર છે આખો. સમજાણું? એકલો બોલ ન હોય. એક એક બોલની સાથે આટલા બોલ હોય જ. ભલે સોળેય ન હોય. પણ અમુક બોલ તો સાથે હોય જ.

'અથવા વિનયસંપન્નતા સે તીર્થંકર નામગોત્ર બાંધતે હૈ. વહ ઈસ પ્રકારસે જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય કે ભેદસે વિનય કે તીન પ્રકાર. ઉનમેં વારંવાર જ્ઞાનોપયોગ .. બહુશ્રુતભક્તિ...' આ બધું ભેગું આવી જાય છે એમ કહે છે. 'બહુશ્રુતભક્તિ, પ્રવચનભક્તિ કા નામ જ્ઞાનવિનય હૈ.' આ જ્ઞાનવિનય ભેગું આવી ગયું એમાં. 'આગમ ઉપદેશ સર્વ પદાર્થ કે શ્રદ્ધાનકે સાથ તીન મૂઢતા સે રહિત હોના, આઠ મલો કો છોડના, અરિહંતભક્તિ, શ્રુતભક્તિ, ક્ષણ, .. લબ્ધિ, સંવેગ, સંપન્નતા ઉસે દર્શનવિનય કહતે હૈ.' આવા બધા બોલો હોય એના ભેગા એને દર્શનવિનય કહીએ. બહુ ખુલાસો છે. બહુ વિસ્તાર છે. તે દિ' વ્યાખ્યાન થઈ ગયું છે. કાંઈ એકલું જ સમ્યગ્દર્શનથી બાંધે અહીં જે કીધું છે... સમજાણું કાંઈ? એ તો સમ્યગ્દર્શનનું જોર દેવા. બાકી સમ્યગ્દર્શનસહિતમાં પાછા કેટલાક બોલ તો સાથે (હોય જ). અરિહંતભક્તિ, શ્રુતભક્તિ, પ્રવચનભક્તિ એવું તો સાથે હોય જ. ધન્નાલાલજી! શું કહ્યું સમજાણું?

શ્રોતા :- કોઈ કોઈ બોલ હોય.

ઉત્તર :- કોઈ કોઈ બોલ હોય. ભલે પંદરેય ન હોય, પણ અમુક કીધા ને મેં શીલવ્રતી, .. વ્રતાદિ વ્રતી હોય તો. સમકિતી હોય તો દર્શનવિનય, જ્ઞાનવિનય, ચારિત્રવિનય એવો ભાવ તો સમકિતીને તો હોય જ તે. સમજાણું કાંઈ? બધી ઘણી વાતું છે. 'ઈસ પ્રકાર જાનના ચાહિયે.' લ્યો! એ ૭૯ ગાથા

થઈ. ભાઈ!

આ તો મધ્યસ્થથી સમજવા જેવી વાત છે. કોઈ આગ્રહ રાખીને પકડી રાખે તો એ અનંતકાળથી સમજ્યો નથી. અને સમ્યગ્દર્શન વિના આવા ભાવ હોય તો એ તીર્થંકરગોત્ર બાંધે નહિ અને એને ધર્મ પણ થાય નહિ. શુભભાવ થાય તો પુણ્ય બાંધે, ગતિ ફળે ચાર ગતિ. તો સ્વર્ગાદિ મળે લ્યો ધૂળના. અથવા ધૂળના શેઠિયાઓ થાય કદાચિત. પુણ્યના ભાવના આ ધૂળના શેઠિયા થાય. એમાં ધૂળના શેઠ થાય એમાં શું થયું? રખડી મર્યા બધા. આહાહા..! કહો, ભગવાનજીભાઈ!

શ્રોતા :– અહીં તો મજા ભોગવે.

ઉત્તર :– ધૂળેય મજા નથી. અંગારા છે કષાયના. સળગે છે. કષાયઅગ્નિ સળગે છે ત્યાં તો. મજા ક્યાંથી આવી? પૈસા ઉપર લક્ષ જાય, રળવાનું લક્ષ જાય એ બધો રાગ અને અંગારા છે કષાયના. આહાહા..! બહુ પૈસાવાળાને બહુ મમતા જો હોય તો બહુ દુઃખી છે. મમતા હોય તો એમ કહ્યું ને. એની મમતાના પ્રમાણમાં દુઃખ છે, પૈસાના પ્રમાણમાં નહિ. આહાહા..! અરેરે..! પૈસા ઉપર લક્ષ જાય, પૈસા રળવાનો ભાવ, ભલે પાંચ કરોડ આવ્યા, દસ કરોડ આવ્યા, એને ભાવમાં તો એની મમતા આવી. એ પૈસા તો પૈસાના ઘરે રહી ગયા. મમતા તો અંગારા છે. કષાય અગ્નિ સળગે છે ત્યાં.

શ્રોતા :– તો મજા કેમ લાગતી હશે?

ઉત્તર :– મજા મૂઢ છે ઓલો. સનેપાતિયો ગાંડો છે. સનેપાતિયો સમજો છો? સનેપાત સમજો છો? હરખસનેપાત થાય છે ને. દાંત કાઢે. સુખી છે? સન્નિપાત એટલે વાત, પિત્ત અને કફનું ત્રણનું વકરવું થાય ત્યારે એને સન્નિપાત કહેવાય. એ દાંત કાઢે. સુખી છે? ..! દાંત કાઢે છે ને. આહાહા..! એમ અજ્ઞાની પૈસા દેખીને, બાયડી સારી દેખીને રાજી થાય એ સનેપાતિયો છે. આહાહા..! એમ કહે છે અહીં. એ સનેપાતિયાનો હરખ છે. સન્નિપાતનું સુખ છે એને. આહાહા..! કહો, મૂળચંદભાઈ! છોકરો આવવાનો છે કે નહિ આજકાલ હવે? કાલે. એની પાસે પૈસા છે ચાર કરોડ. આની પાસે ક્યાં હતા એટલા? કહેતો હતો કે મારા બાપુજીએ ક્યાં પૈસાના.. શું કીધું? રસ કે દિ', સ્વાદ કે દિ' ચાખ્યો છે? એમ કહેતો હતો. ધૂળમાંય પૈસાનો સ્વાદ નથી. મૂર્ખાઈના પ્રદર્શન છે.

શ્રોતા :– અહંકારનો રસ છે ને.

ઉત્તર :– આહા..હા..! અરે..! ભગવાન! જે પૈસા મળે એ તો પૂર્વના પુણ્યને લઈને. એનો હરખ કરવો એ તો મહામિથ્યાત્વભાવ છે. અહીં તો રાગનો પુણ્યભાવ છે રાગ શુભભાવ, એની રુચિ અને એ મારા એ પણ મિથ્યાત્વભાવ છે. આહાહા..! અને જેણે એ લક્ષ્મી આદિ છોડી માટે એનો પ્રેમ મટી ગયો છે એમ પણ નથી. જેને અંદરમાં પુણ્યભાવ, દયા, દાન, વ્રતના પરિણામમાં પ્રેમ છે એને બધોય પ્રેમ સંસારનો પડ્યો છે આખો. આખી દુનિયાનો એને પ્રેમ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ૭૯ થઈ લ્યો.

'આગે ભાવકી વિશુદ્ધતા નિમિત્ત આચરણ કહતે હૈં :— ' ૮૦.

बारसविहतवयरणं तेरसकिरियाउ भाव तिविहेण।
धरहि मणमत्तदुरियं णाणंकुसएण मुणिपवर।।८०।।

ત્યાં પણ ભાવ આવ્યો.

'**અર્થ :- હે મુનિપ્રવર! મુનિયોંમેં શ્રેષ્ઠ! તૂ બારહ પ્રકારકે તપકા આચરણ કર...**' છે આ બધો વિકલ્પ હોં! એ અનશન, અપવાસ આદિ કરવો એ બધો વિકલ્પ છે. અંદરમાં ઠરવું આનંદમાં, સમ્યગ્દર્શન સહિત આનંદમાં ઠરવું, અતીન્દ્રિય આનંદને પ્રગટ કરવો એનું નામ તપસ્યા છે. એ તપસ્યા નિર્જરાનું કારણ છે. બાકી તો આ સમજ્યા વિનાના અપવાસ-બપવાસ એ બધા બંધનું કારણ છે. આનો શુભવિકલ્પ આવો હોય છે મુનિને, એથી કહ્યું.

'**ઔર તેરહ પ્રકારકી ક્રિયા...**' એ શુભભાવ છે. પંચ પરમેષ્ઠીને વંદન આવશે અંદર. પાંચ પરમેષ્ઠીને નમસ્કાર એ ક્રિયા છે રાગની. એ પુણ્યની શુભરાગની ક્રિયા, ધર્મની નહિ. આહાહા..! પણ સમ્યગ્દષ્ટિ જીવને વીતરાગતા જ્યાં સુધી થાય નહિ ત્યારે આવો ભાવ એને આવે છે, એમ કહે છે. અને એ ભાવને ભાવે એમ પણ કહે અહીં. ભાવ શબ્દ છે ને. સંસ્કૃતમાં ક્રિયા '**भाव तिविहेण**' એમ છે ને? '**भावयः**' વ્યવહારના વચનો તો એવા જ આવે ને ભાઈ! એવો ભાવ હોય છે. આત્માનો અનુભવ સમ્યગ્દર્શન ઉપરાંત આવા ભાવ ધર્મીને હોય છે એને અહીંયાં ભાવ, ભાવ, ભાવ એમ કહેવામાં આવે છે. ભાવની ભાવના કર એમ કહેવું છે. '**भावयः**' છે ને? ઓલામાં પણ એમ હતું. ૧૬માં પણ એમ હતું, આમાં પણ એમ છે. '**તેરહ પ્રકારકી ક્રિયા મન-વચન-કાયાસે ભા...**' ઠીક! '**ઔર જ્ઞાનરૂપ અંકુશસે મનરૂપ મતવાલે હાથીકો અપને વશમેં રખ.**' આહાહા..! સમ્યગ્જ્ઞાન થયું છે એ જ્ઞાનના અંકુશ દ્વારા મનરૂપી મતવાળો હાથી જ્યાં દોડાદોડ સંકલ્પને કર્યા કરે. દેખે તો આમ દોડા દોડ (કરે) એવા મનને જ્ઞાનરૂપી અંકુશ વડે વશ કર. '**અપને વશમેં રખ.**' આ સમ્યગ્દર્શનસહિતની વાત છે હોં! એની જ વાત ચાલે છે ને આ.

'**ભાવાર્થ :- યહ મનરૂપ હાથી બહુત મદોન્મત્ત હૈ, વહ તપશ્ચરણ ક્રિયાદિકસહિત જ્ઞાનરૂપ અંકુશહીસે વશમેં હોતા હૈ,...**' લ્યો! સમ્યગ્જ્ઞાન સહિત કેવળ તપસ્યાનો ભાવ હોય તો એને મન અશુભમાં ન જાય. મન અશુભમાં ન જાય એમ. '**ઈસલિયે ઉપદેશ હૈ, અન્યપ્રકારસે વશ મેં નહીં હોતા હૈ.**' બારના નામ છે. '**૧-અનશન, ૨-અવમૌદર્ય, ૩-વૃત્તિપરિસંખ્યાન, ૪-રસપરિત્યાગ, ૫- વિવિક્તશય્યાસન,...**' આ સમકિતીની વાત છે હોં! અજ્ઞાનીના જે અપવાસ ને કાયક્લેશ એ બધું એકલા પુણ્યબંધનું કારણ છે. ધર્મનું નહિ, તીર્થંકર ગોત્રનું નહિ એને. આહાહા..!

'**૪-રસપરિત્યાગ, ૫-વિવિક્તશય્યાસન, ૬- કાયક્લેશ...**' અનશન કરવું. એક અપવાસ કે મહિના, બે મહિનાના. એ પણ એક શુભભાવ છે. ઉણોદરી કરવી. સમકિતીની વાત છે હોં! સમ્યક્

વિનાના જે આવું કરે એ તો મિથ્યાદષ્ટિસહિત શુભભાવ બાંધે, પુણ્ય બાંધે. ઉણોદરી. '**વૃત્તિપરિસંખ્યાન,...**' વૃત્તિને સંક્ષેપ, ઓછી કરે, ઘટાડે. રસનો ત્યાગ કરે, દૂધ, દહીં, ખાંડ, સાકર. પણ એ સમ્યગ્દર્શનના અનુભવસહિતની વાત છે. જેને સમ્યગ્દર્શન નથી અને રસનો ત્યાગ કરે માટે તપસ્યા છે ને ધર્મ છે એમ નથી. એ બધી લાંઘણું છે. આહાહા..! આકરો માર્ગ વીતરાગનો બાપા! આહાહા..! ખાંડાની ધાર-તલવારની ધાર ઉપર ચાલવું એવો માર્ગ છે વીતરાગનો. આહાહા..! જ્ઞાન ભગવાન આત્મા એનું જેને અંતર દષ્ટિમાં ભાવનું ભાસન થઈ ગયું છે એવો જીવ આવા રસનો પરિત્યાગ કરે તો એનો શુભવિકલ્પ છે. એને પુણ્યબંધ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

'**૫-વિવિક્તશય્યાસન,...**' જ્યાં રહે ત્યાં નપુંસક, સ્ત્રીનો સંગ ન હોય એવા એકાંત સ્થાનમાં રહે એવો પણ એક શુભવિકલ્પ હોય છે. સમ્યગ્દર્શન અને આત્માના ધ્યાનસહિત. '**૬-કાયક્લેશ...**' શરીરને અપવાસાદિ કાયક્લેશ કરે. '**યે તો છહ પ્રકારકે બાહ્ય તપ હૈં, ઔર ૧-પ્રાયશ્ચિત...**' સમ્યગ્દર્શનના અનુભવસહિત, કોઈ પાપ લાગ્યું હોય તો એ પ્રાયશ્ચિત લે એવો એક શુભભાવ હોય છે. '**૨-વિનય...**' દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો એ શુભભાવ છે, ધર્મ નહિ. બાહ્ય પરદ્રવ્ય પ્રત્યેનું બહુમાન એ શુભભાવ છે. આહાહા..! માર્ગ એવો છે કે લોકોને કાને પડતા મુશ્કેલ પડી જાય. આવો માર્ગ! શાસ્ત્રમાં તો આમ કહ્યું. પણ આ કહ્યું શાસ્ત્રમાં. સમ્યગ્દર્શનના ધ્યેયને આત્માને પકડ્યું છે જેણે અંતરમાં. આહાહા..! એવી દષ્ટિસહિત દેવ-ગુરુનો વિનય કરે એ શુભભાવ આવે, એને હોય છે. અહીં તો કહે છે ભાવ. એમ કહ્યું છે ને? ભાવ કહ્યું છે ને. '**भावय**' વ્યવહારથી કહ્યું છે. '**भावय**' સંસ્કૃતમાં એમ છે જુઓ! '**क्रियाः भावय त्रिविधेन**'. મૂળ પાઠમાં '**भाव**' છે. અહીં '**भावय**'. છે.

'**૩-વૈયાવૃત્ય,...**' સમ્યગ્દષ્ટિ જીવ ધર્મી જીવની વૈયાવૃત્ય કરે એનું નામ શુભરાગ છે. સમજાણું કાંઈ? વૈયાવૃત્ય .. એવું આવે છે ઉત્તરાધ્યયન. તીર્થંકર નામકર્મ બંધાય. અહીં મોટી ચર્ચા ચાલી હતી ૮૧માં. ૮૧ સંવત ૧૯૮૧. કેટલા વર્ષ થયા? ૪૯. સેંથલી હતી. સેંથલી છે એક ગામ. બોટાદ પાસે સેંથલી. ત્યાં ગઢડે ચોમાસુ આવવું હતું. વરસાદ બહુ હતો ને. બોટાદ મૂકી દેવું પડ્યું. મૂળચંદજી ત્યાં હતા. એટલે ખસથી સેંથલી હતા ત્યાં આ ચર્ચા ઉપાડી. એક આવ્યો હતો ભોળોભાઈ છે ગોપાણી. અમદાવાદના છે ને. ખાડિયામાં દુકાન છે. એ લાવ્યો હતો. વૈયાવૃત્યથી તો તીર્થંકરગોત્ર બાંધે. તેથી શું છે? કીધું. રાગ છે એ તો. તીર્થંકરગોત્ર બાંધે ને? અબંધ નહિ ને? ધન્નાલાલજી! ૪૯ વર્ષ પહેલાં ચર્ચા બહુ ચાલતી. લોકોને બાર ભાવનો વ્રત ને તપ ને અપવાસ ને આ કરવું, બાહ્ય ત્યાગ એ ધર્મ અજ્ઞાનીએ માની લીધો છે અનાદિનો.

મુમુક્ષુ :— દેખાય છે.

ઉત્તર :— અજ્ઞાની દેખે છે મૂઢ. અંતરના રાગ વિનાની ચીજ આત્મા પ્રભુ, એનો જ્યાં અનુભવ અને સમ્યગ્દર્શનનો અનુભવ નથી એ ત્યાં બધું થોથે થોથા છે. એ સાધુ દ્રવ્યલિંગી.. આહાહા..!

'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિના અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત (પાળે). મહા ઈન્દ્રાણી ઉપરથી ચળાવા આવે તો ચળે નહિ એવી તો જેની બ્રહ્મચર્યની વૃત્તિ. પણ એ બધો શુભભાવ. મુનિવ્રત પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા પણ દુઃખરૂપ છે એ તો. 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? એ પંચ મહાવ્રતનું પાળવું એ દુઃખરૂપ છે, આસ્રવ છે. આહાહા..!

શ્રોતા :- તો પછી સુખ ક્યાં છે?

ઉત્તર :- સુખ આત્માના આનંદમાં એકાગ્ર થવું એ સુખ છે. આહાહા..! આ તો વિકલ્પ છે, પંચ મહાવ્રત ને દયા, દાન ને વ્રત ને ભક્તિનો શુભભાવ એ તો દુઃખ છે. ઓહોહો..! એ.. કાંતિભાઈ! આ બધું સમજવું પડશે. આહાહા..!

કહે છે કે 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? કે પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ એ સુખ નહિ, એ તો દુઃખ છે, એ તો આસ્રવ છે, રાગ છે. આહાહા..! એ રાગ વિનાની ક્રિયા જે આત્માના આનંદની, શુદ્ધ ચૈતન્યનો અનુભવ ને દૃષ્ટિ ને રમણતા, એ પામ્યા વિના આ બધું કર્યું એ નિરર્થક ગયું. ચાર ગતિ રખડવામાં છે. આહાહા..!

એ અહીં કહે છે. 'વૈયાવૃત્ય,...' શુભભાવ છે હોં! '૪-સ્વાધ્યાય,...' એ સમ્યગ્દૃષ્ટિ સ્વાધ્યાય કરે એ પણ એક શુભભાવ છે. સ્વાધ્યાયને તપ કહ્યો છે એ તો શુભભાવની અપેક્ષાએ. આહાહા..! સ્વાધ્યાય કરે શાસ્ત્રની, વાંચણી કરે, વાંચે, વિચારે વિકલ્પથી એ બધો સ્વાધ્યાય છે, શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. '૫-વ્યુત્સર્ગ...' કાયોત્સર્ગ. કાયોત્સર્ગ કરે ને આમ. પણ એમાં એ વિકલ્પ છે કે આમ કરું છું. ખરું કાયોત્સર્ગ તો અંદર નિર્વિકાર આત્માની પરિણતિ વીતરાગી પ્રગટ થવી એનું નામ કાયોત્સર્ગ છે. પણ એ તો સમ્યગ્દર્શન વિના એ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સ્વાધ્યાય. '૬- ધ્યાન...' લ્યો ધ્યાન. એ ધ્યાન પણ શુભવિકલ્પ છે. સમ્યગ્દર્શન વિનાના ધ્યાન કેવા? અને સમ્યગ્દૃષ્ટિને પણ જ્યારે ધ્યાનનો વિકલ્પ ઊઠે છે એ શુભભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? અંદરના ઘોલનમાં, વિચારમાં રહે એ શુભભાવ છે. આવી વાત છે. વીતરાગ પરમેશ્વર...

શ્રોતા :- સમ્યગ્દર્શનના ગાણા ઘણા ગાઓ છો આપ.

ઉત્તર :- સમ્યગ્દર્શન જ વસ્તુ છે મૂળ. એ વિના બધું થોથા છે. એના મહાવ્રત પાળે અને બાર વ્રત પાળે, થોથા બધા છે રખડવાના. આહાહા..! એ તો પહેલી વાત કરતા આવે છે અહીં. સમ્યગ્દૃષ્ટિ જીવને આવા ભાવ શુભ હોય એને તીર્થંકરગોત્ર બંધાય. અજ્ઞાનીને એવા સમ્યગ્દર્શન સહિતવાળા ભાવ હોય નહિ. એકલો શુભભાવ હોય. પાપાનુબંધી પુણ્ય બાંધે.

ધ્યાન કરે. સમ્યગ્દર્શન છે અને પછી ધ્યાનનો વિકલ્પ ઊઠે કે આમ ધ્યાન કરું. એના વિચારના

વિકલ્પમાં ઘોળાયા કરે એ પણ એક શુભભાવ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન નથી એને તો ધ્યાન હોઈ શકે જ નહિ. શુદ્ધધ્યાન સહિતનો શુભભાવ. એની વાત અહીં કરે છે. એને એકલો શુભવિકલ્પ રહે. બીજા વિકલ્પ ન હોય એટલે એને લાગે કે હું કાંઈક ધ્યાન કરું છું. જે ધ્યાનમાં આત્માના આનંદનો સ્વાદ ન આવે એને ધ્યાન કહેતા જ નથી. સમજાણું કાંઈ? એ અભ્યંતર તપ.

'**ઈનકા સ્વરૂપ તત્ત્વાર્થસૂત્રકી ટીકાસે જાનના ચાહિયે. તેરહ ક્રિયા ઈસ પ્રકાર હૈં—પંચ પરમેષ્ઠીકો નમસ્કાર...**' એ શુભભાવ, રાગ. રાગની ક્રિયા છે એ. એવી સમકિતીને આવે. શુભવિકલ્પ હોય. એટલી વાત છે. '**પંચ પરમેષ્ઠીકો નમસ્કાર...**' ઓહોહો..! ણમો સિદ્ધાણં, ણમો અરિહંતાણં. કહે છે કે એ બધો વિકલ્પ છે. અરેરે..! કાયરના તો કાળજા કંપી ઊઠે એવું છે. પંડિતજી! આ તો વીરોના કામ છે, બાપા! આહાહા..! એ.. સુજાનમલજી!

શ્રોતા :- તોડી, મરોડીને બધું આત્મામાં ઉતારો છો.

ઉત્તર :- આત્મા વિના વસ્તુ શું? આ બધી ક્રિયાના થોથા એ તો શુભભાવ છે એકલો.

શ્રોતા :- આપને તો આનંદની ધારા છૂટી અને અમે આનંદના .. સ્વાદ નથી આવ્યો, શું કરે આમાં?

ઉત્તર :- એના લક્ષમાં તો લેને વાત કે માર્ગ તો આ છે. એના જ્ઞાનમાં, એના લક્ષના દોરમાં તો વાત લે (કે) માર્ગ આ છે. રાગરહિત વિકલ્પરહિત સ્વરૂપમાં દૃષ્ટિ કરવી અને એનો અનુભવ કરવો એ સમકિત છે એમ કહે છે. આહાહા..!

શ્રોતા :- આ જ કરવા જેવું છે.

ઉત્તર :- એ કરવાનું છે, બાપુ!

'**છહ આવશ્યક ક્રિયા,...**' સામાયિક, ચોવિસંથો આવે છે ને? એ શુભભાવ છે, વિકલ્પ છે એની વાત છે આ. સમ્યગ્દૃષ્ટિ જીવને આવી છ આવશ્યકની ક્રિયાનો ભાવ હોય છે. સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન. છે શુભરાગ એ વિકલ્પ. છ આવશ્યક. '**નિષિધિકાક્રિયા...**' લે છે નીચે ખુલાસો. '**જિનમંદિરાદિમેં પ્રવેશ કરતે હી ગૃહસ્થ યા વ્યંતરાદિ દેવ કોઈ ઉપસ્થિત હૈ—ઐસા માનકર આજ્ઞાર્થ નિઃસહી શબ્દ તીનબાર બોલનેમેં આતા હૈ,...**' ખરેખર તો બહારનો નિષેધ કરું છું એમ. બહારથી મંદિરમાં પ્રવેશ કરતા નિઃસહી એમ (બોલે). '**અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમેં સ્થિર રહના નિઃસહી હૈ.**' એમ છે. બાકી આ લોકોમાં બધું આવે છે ને, શ્વેતાંબર દેરાવાસી મંદિરમાં પ્રવેશ કરે તો નિઃસહી એટલે કે વેપાર ધંધા આદિના ભાવનો નિષેધ કરું છું. ત્રણ વાર બોલે. ખબર છે. નિઃસહી.. નિઃસહી... નિઃસહી. એમાં તો ખરેખર મિથ્યાદર્શનનો નિષેધ, મિથ્યાજ્ઞાનનો, મિથ્યાચારિત્રનો નિષેધ એમ છે. એ પણ એક શુભવિકલ્પની ક્રિયા હોં પાછી. આહાહા..! છે ને?

'**નિષિધિકાક્રિયા ઔર આસિકાક્રિયા.**' '**ધર્મસ્થાનસે બાહર નિકલતે સમય વિનયસહ વિદાયકી આજ્ઞા માંગનેકે અર્થમેં આસિકા શબ્દ બોલે...**' મંદિરમાં પ્રવેશ કરીને પછી બહાર નીકળે ત્યારે આસિકા હવે હું .. એ પણ એક શુભ વિકલ્પ છે. '**અથવા પાપક્રિયાસે મન-મોડના આસિકા હૈ.**' આસિકા છે ને. પાપથી મનને પાછુ વાળવું, પુણ્યમાં લાવવું એ એક આસિકા. એ એક ક્રિયા છે શુભરાગની. એવી સમકિતી જીવને આવી ક્રિયા આવે છે. વીતરાગતા ન હોય ત્યાં સુધી આવો શુભભાવ હોય છે, એને 'ભાવે' એમ અહીં વ્યવહારનયથી કહેવામાં આવે છે. '**ઈસ પ્રકાર ભાવ શુદ્ધ હોનેકે કારણ કહે.**' લ્યો! શુભ. અને અંદર શુદ્ધતાની દૃષ્ટિ તો છે અને એમાં શુભભાવનો આવો ભાવ હોય એમાં અશુભભાવ ઘટે છે એટલો શુદ્ધભાવ વધે છે અંદર. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવને, આત્માના અનુભવીને અશુભકાળનો ભાવ ઘટે છે શુભમાં એટલી શુદ્ધિની વૃદ્ધિ થાય છે. એ દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એ અપેક્ષાએ વાત છે. '**ભાવ શુદ્ધ હોનેકે કારણ હૈ.**' લ્યો! સમજાણું? એ ૮૦ ગાથા થઈ. હવે ૮૧ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૬, મંગળવાર તા. ૧૨-૦૨-૧૯૭૪**
**ગાથા - ૮૧, ૮૨, પ્રવચન - ૧૦૭**

આ ભાવપાહુડ. ૮૧ ગાથા છે. ૮૦ થઈ ગઈ. '**આગે દ્રવ્ય-ભાવરૂપ સામાન્યરૂપસે જિનલિંગકા સ્વરૂપ કહતે હૈં :—**'

पंचविहचेलचायं खिदिसयणं दुविहसंजमं भिक्खू।
भावं भावियपुव्वं जिणलिंगं णिम्मलं सुद्धं।।८१।।

મુનિપણાની મુખ્યતાથી આ વ્યાખ્યા છે. જિનલિંગ કેવું હોય જૈનશાસનમાં? દ્રવ્યલિંગ અને ભાવલિંગ કેવું હોય એની વાત છે.

'**અર્થ :- નિર્મલ શુદ્ધ જિનલિંગ ઈસપ્રકાર હૈ—**' નિર્મળ અને શુદ્ધ જિનલિંગ એટલે નિર્મળની વ્યાખ્યા. મળરહિત કેવું છે? શુદ્ધ. '**જિનલિંગ ઈસપ્રકાર હૈ—જહાં પાંચ પ્રકારકે**

**વસ્ત્રકા ત્યાગ હૈ,...**' એને વસ્ત્ર ન હોય. જૈનલિંગ જેને કહીએ એને વસ્ત્ર ન હોય.

શ્રોતા :- તે દિ' પ્લાસ્ટિક નહોતું. આજ પ્લાસ્ટિક...

ઉત્તર :- પ્લાસ્ટિક-પ્લાસ્ટિક વસ્ત્રનો બાપ થઈ ગયો એ તો મોટો.

શ્રોતા :- કારણ કે આમાં પાંચ પ્રકારના લખ્યા છે એમાં..

ઉત્તર :- એ આવશે અર્થમાં. એ પાંચ તો નામ આપ્યા છે, પણ વસ્ત્રમાત્ર નહિ. કોઈ ચીજ નહિ. તલના તુશમાત્રનો ફોતરા જેટલો પણ વસ્ત્ર મુનિમાર્ગમાં ન હોઈ શકે. વીતરાગનો માર્ગ એ છે. તુલસી છે એની માએ દીક્ષા લીધી. એ .. એને આ શું કહેવાય? પ્લાસ્ટિકનું શું કહેવાય એ? ચંપલ. ચંપલ-ચંપલની આજ્ઞા આપી. આ ... તુલસી.

શ્રોતા :- બાયુંને તો ખપે ને લૂગડાં. એમાં શું વાંધો?

ઉત્તર :- એ સાધુપણું જ નથી. સ્ત્રીને સાધુપણું હોઈ શકે જ નહિ. જૈનમાર્ગ આ તો વીતરાગમાર્ગ છે. આ કોઈ સંપ્રદાય નથી. અહીંયાં તો મુનિ હોય એને વસ્ત્રના પાંચ પ્રકાર આદિ બધા વસ્ત્રનો ત્યાગ જ હોય. એવી એને શ્રદ્ધા કરાવે છે પહેલી. સમજાણું કાંઈ?

અને '**ભૂમિ પર શયન હૈ,...**' ભૂમિ પર સૂવે એ. મોટા ખાટલામાં ન સૂવે, ખાટલામાં. શું કહેવાય એ? પાટી.

શ્રોતા :- ..વાળી શેટીમાં સૂવે.

ઉત્તર :- શેટીમાં સૂવે. આહાહા..! આ તો બધું બગડી ગયું છે બાપુ! માર્ગ વીતરાગનો બીજો છે. સાધુ નગ્ન થાય અને પછી શેટીમાં સૂવે ટાઢ માટે. .. કહેતા હતા, આપણને કાંઈ ખબર નથી. માર્ગ નથી બાપા! અસત્‌નો માર્ગ છે. જિનલિંગ તો વસ્ત્રરહિત અને ભૂમિશયન (હોય). આહાહા..!

અને '**દો પ્રકારકા સંયમ હૈ,...**' છકાયની હિંસાનો ત્યાગ અને ભાવમાં મનથી ત્યાગ. '**ભિક્ષા ભોજન હૈ,...**' જેને ભિક્ષા માટે ભોજન હોય. જ્યાં જાય ત્યાં નિર્દોષ આહાર ૪૨-૪૭-૯૬ દોષ રહિત, ૩૦ અંતરાયરહિત, ૧૪ મળરહિત એની વાત છે બાપુ! એવું જેને ભોજન હોય. હવે કહે છે કે એ તો બાહ્યની વાત કરી. અભ્યંતર શું હોય એને?

'**भावं भावियपुव्वं**' આહાહા..! જેણે ભાવને ભાવ્યો છે પહેલાં. એટલે? જેણે આત્માને રાગરહિત, પુણ્યના વિકલ્પરહિત, શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિસહિત એની ભાવના અનુભવની જેણે કરી છે પહેલી. આહાહા..! સમજાણું કાંઈ? આવું બાહ્ય લિંગ હોવા છતાં અંતર લિંગ એનું આવું હોય છે. જેણે પહેલા... '**भावं भावियपुव्वं**' શબ્દ પડ્યો છે. આહાહા..! જેને એવા લિંગ ધારણ બાહ્યના કરેલા, પણ એને આવો ભાવ સમ્યગ્દર્શન, જિન સમ્યગ્દર્શન, જિન સમ્યક્, વીતરાગી સમ્યગ્દર્શન, એણે પહેલી ભાવના ભાવીને અનુભવ કર્યો છે. આહાહા..! એમ ને એમ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા માનીને સાધુ થાય એ જિનલિંગ પણ નથી, ભાવ અને દ્રવ્ય બેય નથી. માર્ગ આ છે.

શ્રોતા :- નિશ્ચયનો ઉપચાર કરે તો શું?

ઉત્તર :- ઉપચાર, શેનો ઉપચાર કરે છે? વસ્તુ વિના? પહેલું મુખ્ય હોય અને મુખ્યનો અભાવ પછી હોય એમાં ઉપચાર હોય. જ્યાં મુખ્ય વસ્તુ જ નથી ત્યાં ઉપચાર કોના કરવા? માર્ગ આવો છે, ભગવાન! એને સમ્યગ્દર્શન... એય..! ચેતનજી! શું તમારે દ્રવ્ય? દ્રવ્યસમકિત આરોપે છે ને? શ્વેતાંબર માર્ગ એ જૈનદર્શન નથી. આજ માને, કાલે માને, ગમે ત્યારે માને. એય..! ધીરૂભાઈ! હવે તો ધીરૂભાઈ આ બાજુ આવી ગયા છે ને. હવે ક્યાં ત્યાં... લખ્યું છે નીચે શ્વેતાંબર. શ્વેતાંબર મૂર્તિપૂજક કે શ્વેતાંબર સ્થાનકવાસી એ જૈનદર્શન જ નથી. એ જૈનદર્શનમાં આવતા જ નથી, અન્યદર્શનમાં છે. આવો માર્ગ છે, ભગવાન! આહાહા..! એની શ્રદ્ધામાં પહેલી વાત આવી પાકી આવવી જોઈએ. જે નિર્ગ્રંથ ગુરુ, નિર્ગ્રંથ અને ધર્મ નિર્ગ્રંથ. રાગની એકતા વિનાનો ધર્મ એને ધર્મ કહીએ.

આચાર્ય ભગવાન કહે છે કે આવો સંયમ હોય, વસ્ત્રનો ત્યાગ હોય પણ એને '**भावं भावियपुव्वं जिणलिंगं**' જેણે વીતરાગી લિંગને પૂર્વે ભાવના ભાવીને સિદ્ધ કર્યું છે. આહાહા..! ભગવાન આત્મા પુણ્યનો વિકલ્પ જે દયા, દાન, અરે..! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ, એનાથી પણ ભિન્ન જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે. આ ધર્મની પહેલી શરૂઆત છે આ. સમજાણું કાંઈ? '**भावं भावियपुव्वं**' વીતરાગી ભાવને '**भावियपुव्वं**' પહેલી ભાવનાથી સિદ્ધ કર્યો છે એમ. આહાહા..! જેણે ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્મા એને સમ્યગ્દર્શનની ભાવના વડે એણે પહેલો અનુભવ સિદ્ધ કર્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! આવ્યા છે તમારા હવે. જોયા છે ને. પહેલા કહ્યું હતું એને. .... સમજાણું કાંઈ?

'**भावं भावियपुव्वं जिणलिंगं णिम्मलं सुद्धं**' આત્મા આનંદનો નાથ અતીન્દ્રિય પ્રભુ, જેણે વિકલ્પના ભાવને તોડીને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે... આહાહા..! ત્યારે એને બાહ્યલિંગ-દ્રવ્યલિંગ સાધુપણું કહેવામાં આવે છે. જેને આ ઠેકાણા નથી સમ્યગ્દર્શનના (એને દ્રવ્યલિંગ કહેવાતું નથી). '**भावं भावियपुव्वं**' '**ભાવિતપૂર્વ અર્થાત્ પહિલે શુદ્ધ આત્માકા સ્વરૂપ પરદ્રવ્યસે ભિન્ન...**' આહાહા..! શરીરથી તો જુદું, વાણીથી જુદું, કર્મથી જુદું, પણ વિકલ્પ જે ઊઠે છે પુણ્ય-પાપના અંતર્જલ્પ એનાથી જુદું. એવા '**પરદ્રવ્યસે ભિન્ન...**' આત્માનું—ભગવાનનું સ્વરૂપ જેને '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમયી હુઆ,...**' પહેલા એ ભાવ પ્રગટ કર્યો છે પહેલો. એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમયી થયો. '**ઉસે વારંવાર ભાવનાસે અનુભવ કિયા...**' '**भावं भावियपुव्वं**' એવી વીતરાગ પરિણતિના ભાવને પૂર્વે વારંવાર ભાવી છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પહેલું સમ્યગ્દર્શન જિનસમ્યગ્દર્શન, જિનભાવના. વીતરાગી મૂર્તિ પ્રભુ આત્મા, એની જેને સમ્યગ્દર્શનની ભાવના પ્રગટ થઈ છે, એ ઉપરાંત જેને જ્ઞાન અને ચારિત્રની ભાવના પ્રગટ થઈ છે. મુનિની ઉત્કૃષ્ટ વાત છે. '**भावं भावियपुव्वं**' આહાહા..! પહેલે જ જેણે આત્માને રાગથી, શરીરથી,

મનથી ભિન્ન પાડીને જેણે આત્માનો ભાવ '**भाविय**' પૂર્વે આવા ભાવને જેણે ઘણીવાર ભાવ્યો છે. છે ને વારંવાર? આહાહા..! ભગવાન આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ, એને વીતરાગ ભાવનાની ભાવનાએ વારંવાર ભાવ્યો છે જેણે. કલ્પના અને વિકલ્પ ને એનાથી ભાવ્યો છે એમ નહિ. આહાહા..! માર્ગ બાપુ! જન્મ-જરા-મરણથી રહિત થવાનો ...

જિનધર્મ તો ભાવિ ભવ મંથનં. આહાહા..! ભાવિ-ભવિષ્યના ભવના મંથન કરનારો જૈનધર્મ છે. ભવિષ્યના ભવ જેને હોય નહિ એવો જૈનધર્મ છે. આહાહા..! હજી એને સાંભળવા પણ મળે નહિ સત્ય, અરે..! એ કે દિ' કરે વિચાર? કે દિ' કરે ભિન્ન અને કે દિ' કરે સ્થિરતા? એવો જે આત્મા જેણે પહેલાં જ બાહ્યલિંગ જિનલિંગ છે સંયમ આદિ, પણ એના પહેલા એણે આત્માનું જે મુખ્ય કર્તવ્ય છે એ કર્યું છે એણે. વિકલ્પથી, રાગથી ભિન્ન પાડીને ભગવાન આત્માનું સ્વરૂપ જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વારંવાર ભાવનાથી એણે વીતરાગભાવને પ્રગટ કર્યો છે એમ કહે છે.

'**भावं भावियपुव्वं**' ભાવ શબ્દે અહીં ભાવપાહુડ છે ને. વીતરાગી પરિણતિને અહીં ભાવ કહેવામાં આવે છે. ભારે આકરું લાગે માણસને. કાયરના કાળજા.. અમારે કહેતા હતા ને કાંતિભાઈ. કાંતિભાઈ! કાળજા કંપી ઊઠે એવું છે. બહારમાં લૂગડા (રાખે અને કહે કે) અમે સાધુ છીએ. ધૂળેય નથી સાંભળને. લૂગડા લઈને બેઠા છે એ તો મિથ્યાદૃષ્ટિ સાધુ છે.

શ્રોતા :- સાધુ તો છે.

ઉત્તર :- હા, સાધુ છે મિથ્યાત્વને સાધે છે. મિથ્યાત્વને સાધે છે. આવો માર્ગ, ભાઈ! આકરો માર્ગ છે.

શ્રોતા :- પંચમ કાળમાં...

ઉત્તર :- પંચમ કાળ હોય કે ચોથો કાળ હોય. પંચમકાળમાં શીરો... ચોથા કાળમાં લોટ, ઘી અને ગોળનો થાતો હશે શીરો. પાંચમા આરામાં કાંઈ ગારાનો થાતો હશે? પેશાબનો થાતો હશે શીરો? હલવો હલવો.

શ્રોતા :- હલકા ઘઉં હોય તો થાય.

ઉત્તર :- હલકા ઘઉં, પણ ઘઉં જોઈએ ને. એ આવે છે ઓલા કાસા ઘઉં નથી આવતા? છાસિયા ઘઉં આવતા. કરમાઈ ગયેલા જેવા આવે. ખબર છે ને. બધું જોયું છે. દુકાનમાં ધંધો એ હતો ને અનાજનો. આહાહા..! પણ અનાજ જોઈએ ને? કે કાંકરા? આહાહા..! પંચમ આરે હોય કે ચોથે આરે હોય, ધર્મનો માર્ગ તો એક છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' આહાહા..!

આચાર્ય મહારાજ શું શબ્દ વાપરે છે? '**भावं भावियपुव्वं जिणलिंगं णिम्मलं सुद्धं**' આહાહા..! જેણે પ્રથમથી જ વિકલ્પથી રહિત ભગવાન આત્માને ભાવીને સિદ્ધ અનુભવમાં કર્યો છે. આહાહા..! કહો, ધન્નાલાલજી!

શ્રોતા :- શુદ્ધ જિનલિંગની વાત આવે છે, તો અશુદ્ધ જિનલિંગની પણ તો...

ઉત્તર :- અશુદ્ધ જિનલિંગ એટલે? એ જિનલિંગ જ નથી. આહાહા..! વસ્ત્રસહિતપણું એ તો જિનલિંગ જ નથી, દ્રવ્યલિંગ પણ નથી. આહાહા..! માર્ગ આવો છે ભાઈ! બહુ ફેરફાર થઈ ગયો છે. અત્યારે તો બધો ખીચડો સમન્વય કરવા (માટે કરે છે). લોકો સમન્વય કરવા માગે છે.

શ્રોતા :- કોની સાથે કરવો?

ઉત્તર :- આની સાથે આ સમન્વય કરવો. બાપુ! કોઈ સાથે વિરોધ ન કરવો. કોઈ પ્રત્યે દ્વેષ નહિ. એ પણ આત્મા છે. સમજાય છે કાંઈ? કોઈ પ્રત્યે દ્વેષબુદ્ધિ, વેરબુદ્ધિ કોઈ પ્રત્યે ન હો. પણ વસ્તુનું સ્વરૂપ છે એવી દૃષ્ટિ તો એને હોવી જોઈએ ને. સમજાણું કાંઈ? ભગવાન કુંદકુંદાચાર્ય... આહાહા..! જ્યારે આ લખતા હશે. '**भावं भावियपुव्वं**' આહાહા..! જેણે સંયમ લીધા પહેલા અંતરમાં સમ્યગ્દર્શનની ભાવનાથી જેણે ભાવને પ્રગટ કર્યો છે. આહાહા..! એ સમ્યગ્દર્શનની ભાવના વિનાનું બાહ્યલિંગ એ હોઈ શકે જ નહિ. આહાહા..!

પ્રથમ જન્મ-મરણરહિતની દશા (પ્રગટ કર્યા વગર) ચોર્યાસીના અવતાર કરીને મરી જાય છે. એ બધા દુઃખી છે પ્રાણી હોં! આ પૈસાવાળા તો મહા દુઃખી, મોટા દુઃખી. અગ્નિ, કષાયની અગ્નિમાં સળગી રહ્યા છે. રાગના સંકલ્પ ને વિકલ્પની અગ્નિથી બળી ગયા છે. ..ભાઈ! આહાહા..! ચૈતન્યરત્ન જેને હાથમાં આવ્યું નથી એ બધા ભિખારા ચાર ગતિમાં રખડનારા રાંકા છે.

આ પરમાત્માની વાત જુઓ તો આહાહા..! કહે છે, ભાઈ! એ સંયમ બહાર .. બહાર ... અને સંયમ કરે, ભૂમિશયન (કરે) એ બધું ઠીક, પણ એમાં આ આત્મા જેણે મેળવ્યો છે પહેલો. આહાહા..! ભગવાન આત્માનું સ્વરૂપ.. છે ને? શુદ્ધ આત્માનું સ્વરૂપ, શુદ્ધ ભગવાન આત્માનું સ્વરૂપ. આહાહા..! પરદ્રવ્યથી ભિન્ન. એ વિકલ્પ છે એ પરદ્રવ્ય છે ખરેખર તો. આહાહા..! અંતરમાં હું આત્મા છું, શુદ્ધ છું, અબદ્ધ છું એવો જે વિકલ્પ એ પણ એક પરદ્રવ્ય છે. આહાહા..! જેણે પહેલા આત્માના સ્વરૂપને અનુભવમાં લીધું છે એમ કહે છે. તો એનું બાહ્યલિંગ અને દ્રવ્યલિંગ યથાર્થ કહેવામાં આવે છે. આહાહા..! નગ્ન મુનિની વાત છે આ હોં! વસ્ત્રવાળાને તો બાહ્યલિંગ અને દ્રવ્યલિંગ બધું જૂઠું. એય..!

શ્રોતા :- આનાથી કાંઈક સહેલું કહો ને.

ઉત્તર :- સહેલું જ આ છે. સહેલું ન હોય તો રાખ લેવી છે સહેલી? સહેલીમાં રાખ થાય છે. બાબુભાઈ! ... અહીં રહેતા હતા. હમણા ન્યાં રહે છે. ક્યાં? ધનબાદ. ખાવા-પીવાની સગવડતા હતી. બાયડી મરી ગઈ હતી. પૈસા ઘણા. ભાડું.. ત્યાં વીશીમાં સારી સરખાઈ ખાવા મળતું ત્યાં રહેતા. એ કહેતા હતા એક ફેરી નહિ? વીશીવાળાને વધારે આપીએ (તો) સારું જમાડે. એમ કહેતા હતા.

શ્રોતા :- એ ત્યાં સમયસાર વાંચે છે.

ઉત્તર :- સમયસાર એની મેળાએ વાંચે એને શું? એય..! આહાહા..!

આ જ વસ્તુનો માર્ગ છે. સહેલો કહો કે પહેલો કહો કે મોંઘો કહો કે સરળ કહો. માર્ગની રીત હોય એ માર્ગ હોય કે બીજો માર્ગ હોય? જાવું હોય ઊગમણું અને દોડે આથમણું. સહેલું છે એ? ભાવનગર પડ્યું ૧૯ માઈલ અને અહીં આંબલા રહ્યું ૩ માઈલ. એટલે સોંઘુ થાય એમ છે? જાવું ભાવનગર અને ચાલે આંબલા કોર. આ આંબલા છે ને. શું કહેવાય? આંબલા ત્રણ માઈલ છે. આહાહા..! એમ ભાવનગર ચૈતન્ય આનંદનો નાથ પરમાત્મા પોતે એવો નગરના માથે મેલનો મેલનો શલ્ય નથી. એવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન નિર્મળને જેણે પ્રથમ ભાવીને હાથમાં લઈ લીધો છે, દૃષ્ટિમાં અને જ્ઞાનમાં જેણે લઈ લીધો છે. આહાહા..! આ પ્રથમ કર્તવ્ય ધર્મનું. એ પહેલાં જે હોય એ બધું એ થોથેથોથાં છે. સમજાણું કાંઈ? એ દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા એ બધા થોથા છે. આહાહા..! એ તો રાગ છે. આ ભગવાન રાગરહિત જેણે આત્માના સ્વરૂપને પરદ્રવ્યથી ભિન્ન કર્યું છે. આહાહા..! અને એ ભિન્ન છે. જેવું એ પરથી ભિન્ન છે એવું પરદ્રવ્યથી ભિન્ન જેને અંતરમાં ભાસન થઈ ગયું છે. આહાહા..! જ્ઞાનની દશામાં આ માર્ગ છે. એને વળી સોંઘો, સોંઘો એટલે શું હશે? એને એ કોઈ બીજી રીતે રાગની ક્રિયા કરે, આમ કરે પ્રાપ્ત થાય એમ હશે? સોંઘુ હશે? ઝેરના પ્યાલા છે એ તો બધા. આહાહા..!

શ્રોતા :- પ્રાથમિક શિષ્યને શું કરવું?

ઉત્તર :- પ્રાથમિક શિષ્યને આ કરવું એમ કહે છે આ. પ્રાથમિક શિષ્યની વાત ચાલે છે આ. '**भावं भावियपुव्वं**' મુનિ થવા પહેલા આ કરવું એણે. સમજાણું કાંઈ? આહાહા..!

શ્રોતા :- પૂર્વે કીધું.

ઉત્તર :- પૂર્વે કીધું હતું ને. '**भावं भावियपुव्वं**' તો પૂર્વે પહેલાં આ કરવું. પહેલાંનું તો આવે છે આ. એય..! દેવાનુપ્રિયા! એ 'પ્રશ્ન નારદ' છે એમ નામ આપ્યું છે. પ્રશ્ન, નારદ જેવો એ પ્રશ્ન કરે. નારદ નથી, આ નાટકમાં આવે ને?

શ્રોતા :- શું આવે?

ઉત્તર :- એ નારદનું આવે. મોટી ઓલી હોય. ખબર હોય ને. અમે તો જોયું હોય ને નાટક. 'બ્રહ્મા સુત હું નારદ કહાવું. જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.' પણ એ આવે છે. આ તો અમે બધું જોયું છે. ચોપડી વાંચી છે. નાટક પણ જોયા છે. નાટકમાં આવતું. વડોદરામાં મોટા નાટક જોયા છે. વડોદરા-વડોદરા. ભાવનગરના થિએટરનું જોયું છે, વડોદરાના મોટા થિએટરમાં જોયું છે. કારણ કે અમે માલ લેવા જઈએ ને. નવરા હોય તો નાટક જોવા જઈએ. એ આ પહેલું આવે. ચોટી હોય, હાથમાં વીણા, કછોટો આમ બ્રહ્મચારી. 'બ્રહ્મા સુત હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું.' એમ પ્રશ્નની કુતૂહલતા કરનારા છે. સમજાણું કાંઈ? એય..! દેવાનુપ્રિયા! એ તો અમારા જૂના જાણીતા છે. આહાહા..!

અરે..! ભગવાન! આહાહા..! '**पुव्वं**' પહેલું આ છે. સમ્યગ્દર્શન એ પ્રથમ કર્તવ્ય છે. અને એ તો પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વરૂપનો અનુભવ કરે ત્યારે થાય એવું છે. એની શ્રદ્ધા અને જ્ઞાનના લક્ષમાં, દોરમાં તો લે કે વાત તો આ છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! ચોર્યાસીના અવતાર રખડી મરી ગયો છે. આહાહા..! એક ફેરી જંગલ જતા બોટાદ, એમાં એક મોટો નોળિયો. નોળિયો સમજો છો? નોળિયો. એમાં એક કાંચિડો નીકળ્યો. ત્યાં હું એકલો જતો હતો. કાંચિડાને મોઢામાં લઈ કટકા કરીને ખાઈ ગયો. કાંચિડો સમજો છો? શું કહે છે? એ કાંચિડો લાલ થાય ને આમ થાય. એ જાતો હતો આમ બિચારો. ત્યાં નોળિયો નીકળ્યો, બરાબર હું આમ નીકળ્યો એકલો. એ પકડ્યો અને પછી કટકા કર્યા. આહાહા..! કીધું, જુઓ તો આ સંસાર. એવા અનંત વાર અવતાર થયા છે હોં! એના નહિ પણ બધાના. આહાહા..! એ મિથ્યાત્વના ફળમાં આ સંસાર છે. જ્યાં સુધી એને રાગની એકતાની બુદ્ધિ મિથ્યાત્વ (છે) ત્યાં સુધી આવા જન્મ-મરણના મૂળિયા પડ્યા છે અંદર. સમજાણું કાંઈ? આહાહા..! પકડીને ફડાક મોઢે આમ કટકા કર્યા. આહાહા..! ... બોટાદ. એવા મરણ તો પ્રભુ! અનંત વાર મિથ્યાત્વને કારણે કર્યા.

એ દ્રવ્યલિંગી સાધુ થાય તોપણ રાગથી ભિન્ન ચૈતન્યની દૃષ્ટિના ભાન વિના એવા દ્રવ્યલિંગીએ ચોર્યાસીના અવતાર ખાલી નથી કર્યા. એક એક અવતારમાં અનંત વાર જન્મ્યો છે. એ પહેલાં આવી ગયું છે આમાં. દ્રવ્યલિંગ તેં ધારણ એટલા કર્યા કે જેને લઈને એક એક અવતારમાં અનંતા અવતાર કર્યા. આદિ વિનાનો કાળ. ક્યાં હતો અનાદિથી? આહાહા..! એ ચોર્યાસીના અવતારમાં દુઃખી, દુઃખી, દુઃખી.

અહીં કહે છે કે, અરે..! ભાઈ! પ્રથમ કરવાનું હોય તો એણે આત્માથી, રાગથી પ્રભુને ભિન્ન પાડીને સમ્યગ્દર્શન કરવું એ એનું પ્રથમ કર્તવ્ય છે. પછી એને સંયમ અને ચારિત્રની વાત પછી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો ત્યાં સુધી વધારે લીધું, એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની પર્યાય પ્રગટ કરી છે અને એને વારંવાર ભાવનામાં, અનુભવમાં લીધી છે. આહાહા..! જેણે આત્માની સેવા કરીને વારંવાર શાંતિને પ્રગટ કરી છે. એવો ભાવલિંગી જિનલિંગ ધરનાર એને આવું દ્રવ્યલિંગ બાહ્ય હોય છે. સમજાણું કાંઈ? આવું ભાવલિંગ હોય એને વસ્ત્રનું લિંગ રહે બહાર એમ ત્રણ કાળમાં બની શકે નહિ. એની પહેલી પ્રતીત, ઓળખાણ તો કર. આહાહા..! અરે..! મુનિ માર્ગ બાપા અલૌકિક વાતું છે. આહાહા..!

કહે છે કે '**શુદ્ધ આત્માકા સ્વરૂપ...**' જોયું! પહેલા કીધું ને? શું છે અંદર? પહેલા છે એ. તો પહેલાથી એ લીધું પહેલું. '**भावियपुव्वं**' '**પહિલે...**' ભાવિત એનો અર્થ હવે થયો. શુદ્ધ આત્માનું સ્વરૂપ ભગવાન આત્મા રાગના વિકલ્પથી રહિત તો શરીર, કર્મ, પૈસાથી તો ક્યાંય જુદી ચીજ છે, એવી ચીજને જેણે ભાવમાં ભાવી છે વારંવાર. આહાહા..! એવી જેણે તૈયારી આત્માની શુદ્ધ

સ્વરૂપના સન્મુખની કરેલી છે કહે છે. એને દ્રવ્યલિંગ સાચું હોય. આહાહા..! એકલા દ્રવ્યલિંગ, નગ્નપણા ધારણ કરે, ભૂમિ(શયન) કરે, વસ્ત્ર છોડે એ કાંઈ વસ્તુ નથી.

ભરત ચક્રવર્તી છ ખંડના રાજમાં પડ્યા દેખાય. છન્નું હજાર તો જેને ઘરે સ્ત્રી. એક (મુખ્ય) સ્ત્રીને હજાર દેવ તો સેવા કરે. સ્ત્રી-રત્ન. સોળ હજાર દેવ જેની તેનાતમાં. બે હજાર દેવ તો એક એક આમ ઊભા હોય આસપાસ, શરીરના રક્ષક. એને પણ અંતરમાં દૃષ્ટિમાં જ્યાં આત્મા લીધો, બધું પર છે, મારી કોઈ ચીજ છે નહિ. આહાહા..! મારી ચીજમાં રાગ નથી, મારી ચીજને શરીર ને લક્ષ્મીનો સંબંધ નથી. આહાહા..! આવે છે ને? ભરત ઘરમાં વૈરાગી, નથી આવતું? ઘરમાં વૈરાગી. ઘરમાં દેખાય, પણ ઘર વિનાનો છે એ. હું જ્યાં છું ત્યાં રાગ નથી, રાગ છે ત્યાં હું નથી. સ્ત્રીઓ છે ત્યાં હું નથી, હું છું ત્યાં સ્ત્રીઓ નથી. આહાહા..! એવી જેણે પ્રથમ ધર્મની શરૂઆતની દૃષ્ટિ પ્રગટ કરી છે. આહાહા..!

આવે છે નહિ .. વાત? એક દિ' નીકળ્યા બહાર. એક સોની હતો એ વાત કરતો હતો કે આ ભરત આટલામાં રહે અને કહે કે અમે જ્ઞાની છીએ અને ધર્મી છીએ. છન્નું-છન્નું હજાર સ્ત્રીઓ. આને છન્નું હજાર નળિયા પણ ન હોય ઘરે. છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ નાના. અડતાલીસ હજાર પાટણ, બોંતેર હજાર નગર. એનો સાહેબો રાતે ફરવા નીકળ્યો. ત્યારે સોની કહે છે કે આ ભરત કહે છે કે અમે ધર્મી છીએ અને આખો દિ' તો આ બાયડીયું ને છોકરા ને એમાં પડ્યો છે. દિવસે બોલાવ્યો એને. કહે, મહાજન! આવો આવો. આ ગામને .. શણગાર્યું છે. .. ચોકમાં. શણગાર્યું છે. આ તેલનું લઈને. તેલ તેલ ભરેલું હતું એક કટોરો. કળશો નહિ. કળશો હોય તો તો ... પણ પહોળા કટોરા. એમાં તેલ ભરીને આપ્યું. જો આમાંથી એક બિંદુ હેઠે પડશે તો સિપાહી પોલીસો તલવારવાળો ઊભો છે એ માથું કાપી નાખશે. ગયો હાથમાં લઈને આમ. આખા ગામમાં ફર્યો. કેમ લાગ્યું? કેમ છે ગામમાં? કહે, મને કાંઈ ખબર નથી. મારી નજર તો આ તેલનું ટીપું ન પડે ત્યાં હતી. નહિતર ઓલો માથે તલવાર લઈને ઊભેલો ઉઘાડી તલવારે.

અરે..! સોની! અમે બહારમાં એ રીતે પડ્યા (છીએ). બાપુ! તને ખબર નથી. નાળિયેરમાં જેમ ગોળો, નાળિયેરનો ગોળો જેમ છૂટો રહે. કાચલીમાં ભલે દેખાય. એમ આ સંસારના ચક્રવર્તીના રાજમાં અમે ભિન્નપણે છીએ ભાઈ! આહાહા..! એ ભિન્નપણાનું તને આ ભાન ન થયું? કે અરે..! આ એક તેલનું ટીપું જેમ... આહાહા..! બાપુ! અમારી દૃષ્ટિ ધર્મ આત્મા ઉપર છે. એ રાગથી ભિન્નમાં અમે રહ્યા છીએ. આહાહા..! સમજાણું કાંઈ? બહારવાળાને ગળે ઉતરવું (કઠણ) પડે ને. આહાહા..!

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમયી હુઆ,...**' એમ ભાષા છે ને? ભગવાન આત્મા, પરદ્રવ્યથી ભિન્ન પડીને જેને સમ્યગ્દર્શનમય આત્મા થઈ ગયો. અંદર જ્ઞાનમય આત્મા પર્યાયમાં હોં! અને સ્વરૂપની રમણતામાં દૃષ્ટિમયી આત્મા છે. એવું તો જેણે પૂર્વે આવા ભાવને ભાવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? છે કે નહિ? દેવાનુપ્રિયા! શેમાં છે આ? પણ પહેલા કાંઈક બીજું કરવું એમ નથી અહીં.

આહાહા..! 'ઉસે વારંવાર ભાવનાસે...' જોયું! એ ભાવને '**भाविय**'-એવા ભાવને વારંવાર ભાવ્યો છે. આહાહા..! જેણે વીતરાગભાવથી આત્માને ભાવીને તૈયાર કરેલો છે કહે છે.

'**ઈસપ્રકાર જિસમેં ભાવ હૈ,...**' જોયું! '**વારંવાર ભાવનાસે અનુભવ કિયા ઈસપ્રકાર જિસમેં ભાવ હૈ,...**' એમ. આહાહા..! રાગરહિત વીતરાગી પર્યાય દ્વારા આત્માને જેણે ભાવ્યો છે. જ્ઞાનની પર્યાયમાં જેને આખું દ્રવ્ય વેદનમાં આવ્યું છે ચૈતન્યનું. આહાહા..! પ્રતીતમાં આખો આત્મા વેદાઈ ગયો છે, આવી ગયો છે. સ્થિરતામાં—રમણતામાં જામી ગયો છે અંદર. એવો જે ભાવેલો પૂર્વનો ભાવ એવા ભાવવાળો એ જીવ છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઐસા નિર્મલ અર્થાત્ બાહ્યમલરહિત શુદ્ધ અર્થાત્ અન્તર્મલરહિત જિનલિંગ હૈ.**' આહાહા..! આનું નામ ભાવ જિનલિંગ. વ્યવહારરત્નત્રયના વિકલ્પના લિંગથી રહિત... આહાહા..! એવું જિનનું વીતરાગી ચિહ્ન. શુદ્ધ ભગવાન પરમાનંદની મૂર્તિ, એનું દર્શન, એનું જ્ઞાન અને એની રમણતારૂપી જિનલિંગ જેણે પ્રગટ કર્યું છે. એવું નિર્મલ અંતર્મલરહિત જિનલિંગ છે. રાગના વિકલ્પના મેલ વિનાનું જેનું અંતરમાં જિનલિંગ પ્રગટ્યું છે કહે છે. આહાહા..! એ કાંઈ વાત છે! આહાહા..! ગજબ વાત છે બાપા! પ્રભુ! તારી પ્રભુતા તો સંભાળ. આહાહા..! તેં પામરતા અને રાગને તો બહુ સંભાળી. આહાહા..! ભાઈ! તારી પ્રભુતા અનંત આનંદ ને જ્ઞાન ને શાંતિથી ભરેલી છે. એવી પ્રભુતાને સંભાળ.. સંભાળ.. સાવધાન થા. ત્યાં તારું સુખ અને શાંતિ ત્યાં છે. બાકી ક્યાંય ધૂળમાંય નથી સુખ ને શાંતિ. આહાહા..!

એ કષાયના અંગારે સળગી રહ્યા છે દેવો. પંચાસ્તિકાયમાં લીધું છે. પુણ્ય કર્યું હોય કાંઈક અને સ્વર્ગમાં જાય એ કષાયને અંગારે સળગી ઉઠ્યા છે. જ્વાળા સળગી છે એમ કહે છે. બહારમાં એમ દેખાય કે ઓહોહો..! મણિરત્નના મહેલ, ઈન્દ્રાણી. ઓહોહો..! બાપુ! વીતરાગી શાંતરસને ભૂલી અને એ કષાયની અગ્નિમાં સળગ્યા છે, શેકાય છે. આહાહા..! સમજાણું કાંઈ? મરચા હોય છે ને મરચા. મરચા સમજો છો? મીર્ચી. .. એમાં ઈયળું થાય. ઈયળ-ઈયળ. એ મરચાના ભૂક્કાને ઘર બનાવીને અંદર રહે. જોયું છે ને એ તો બધું જોયું છે. કીડા. મરચાના ભૂક્કાને ઘર બનાવે અને એમાં રહે. આહાહા..! અરે..! એ તો ઠીક! પણ એકવાર ખસમાં કુંભાર હતો એના નિંભાડામાં ઉંદર જોયો. કુંભારનો નિંભાડો શું કહેવાય? નિંભાડો નથી સમજતા? આ નળિયા ને ઈંટું કરે. આવ. એમાં ઉંદર જોયો. અગ્નિમાં ઉંદર થાય છે. અગ્નિના ઉંદર, અગ્નિના ઉંદર. અગ્નિની ઉષ્ણતા ઉની ઉની હોય છે. શાસ્ત્રમાં પાઠ છે. એ કહે કે આ ઉંદર શું આ? આહાહા..! પછી તો અમે .. અગ્નિના ઉંદર હોય છે એમ સિદ્ધાંત કહે છે. એ ઉંદર બહાર નીકળે તો મરી જાય. એ અગ્નિમાં જ જીવે. અગ્નિના ઉંદર કેવા? આ તો ઘણા વર્ષની વાત છે. ખસ, ખસ. અમારે જીવણલાલજી હતા ને. એમણે કોઈ શાસ્ત્ર વાંચેલા. સૂયગડાંગમાં આવે છે એ. એણે કીધું, ભાઈ અગ્નિના ઉંદર થાય છે, અગ્નિના ઉંદર હોય છે. આહાહા..! એમ આ અગ્નિમાં શેકાયેલા જીવો

અગ્નિમાં મજા માને છે એ. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! આવું જ્યાં બાહ્યમળ અને અંતર્મળરહિત... બાહ્યમાં વસ્ત્રાદિ નહિ, અંતરમાં રાગાદિ નહિ. આહાહા..! એ ચૈતન્યનો ચમત્કાર જેણે પ્રગટ કર્યો છે. આ ચમત્કાર હોં! એના ભાવલિંગને નિર્મળ અને દ્રવ્યલિંગને નિર્મળ કહેવામાં આવે છે. ભાવાર્થ. બહુ સારી ગાથા છે આ. પછીની પણ બહુ સારી આવશે. પછીની પણ બહુ સારી આવશે. ૮૨ ને ૮૩ બધી સારી આવશે. આહાહા..!

ઓહો..! કુંદકુંદાચાર્યે જૈનશાસનને થંભાવી રાખ્યું છે. કાલે તો કહ્યું, જૈનશાસનમાં .. આવ્યું ને કાલે પુસ્તક? ...નું પુસ્તક આવ્યું છે. બીજો ભાગ. એમાં આમ જોતા જૈનશાસનનો શબ્દ જોયો. એ જૈનશાસનની .. એમાં એણે ગાથા હરિવંશપુરાણની પહેલી ગાથા મૂકી છે. જૈનશાસન કોને કહેવું? .. ભાઈએ કાઢી હતી એ ગાથા. આપણે તો અહીં જૈનશાસન ૧૫મી ગાથામાં (કહ્યું) કે જેણે ધ્રુવને અવલંબીને જેણે શુદ્ધ ઉપયોગ નિર્મળ વીતરાગી દશા પ્રગટ કરી છે એને જૈનશાસન કહીએ. ત્યાં એમ લીધું. સુદ્ધં ધ્રુવ ઉત્પાદ-વ્યયવાળું. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનો વિષય. ધ્રુવ છે એ દ્રવ્યાર્થિકનો અને પર્યાય જે શુદ્ધ છે એ પર્યાયાર્થિકનો વિષય. એવું જેણે ધ્રુવને સિદ્ધ કરીને પર્યાયમાં પ્રગટ દશા કરી છે એને જૈનશાસન કહીએ. એ હરિવંશપુરાણમાં પહેલી ગાથા છે. .. પણ અમારે જૈનશાસન .. જૈનશાસન લીધું. લક્ષણાવળી છે... શ્વેતાંબર અને દિગંબરના કેટલાક .. એના બધા શબ્દોની લક્ષણાવળી છે. પુસ્તક છે મોટા બે. એક તો આવી ગયું હતું, એક કાલે આવ્યું. બીજો ભાગ આવ્યો.

અહીં તો માલ માલ છે બાપુ! બાકી બધું સાધારણ-સાધારણ. જૈનશાસન .. કહ્યું છે ને જુઓ! ... જૈનશાસન. હરિવંશપુરાણ પહેલો ભાગ પહેલી ગાથા. .. એ કાઢી હતી કાલે. હરિવંશપુરાણ. દ્રવ્ય-વ્યય-ઉત્પાદ લક્ષણ દ્રવ્ય સાધન જૈનં દ્રવ્યાદિ .. સાદિ અનાદિ શાસનં. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય પછી લીધું છે. દ્રવ્યાર્થિકનય ધ્રુવ, દ્રવ્યાર્થિકનયે જે વીતરાગ પર્યાય પ્રગટ થઈ તે હોં. ધ્રુવને.. ૧૫ ગાથામાં આવ્યું ને? **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।'** જે આત્માને બદ્ધસ્પૃષ્ટરહિત મુક્ત દેખે છે દૃષ્ટિમાં એની પર્યાયની જે નિર્મળ વીતરાગીદશા એ પર્યાયનયનો વિષય, ધ્રુવ દ્રવ્યાર્થિકનયનો વિષય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવસહિત એ જૈનશાસન છે. આને જૈનશાસન કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? ..લાલજી! આ તો લક્ષણ... જૈન દર્શનાવળી. જૈન પારમાર્થિક શબ્દકોષ. પહેલો ભાગ આવ્યો હતો, આ બીજો છે. આ શ્લોક હરિવંશપુરાણમાં પહેલો શ્લોક છે.

'જો ઉત્પાદ, વ્યય ઔર ધ્રુવમય લક્ષણ સે યુક્ત દ્રવ્ય...' જૈનશાસનમાં જ આ હોય. 'જો ઉત્પાદ, વ્યય, ધ્રુવમય લક્ષણસે યુક્ત દ્રવ્ય કા સાધક હોકર...' દ્રવ્યકા સાધક હોકર. વસ્તુ જે નિત્ય ધ્રુવ છે એનું સાધન થઈને. 'દ્રવ્યાર્થિક ઔર પર્યાયાર્થિકનય કી અપેક્ષાસે..' પર્યાયનયની અપેક્ષાએ સાદિ વીતરાગતા થઈ, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ અનાદિ પડી છે. અનાદિ છે. 'યહ પ્રમાણસિદ્ધ મત જૈનશાસન

કહલાતા હૈ.' એ તો કાલે આવ્યું હતું. લ્યો, આ જૈનશાસન. આહાહા..! દ્રવ્યાર્થિકનયથી ધ્રુવને જેણે દૃષ્ટિમાં લીધો છે, પર્યાયનયથી જેને વીતરાગતા પ્રગટ થઈ છે. આહાહા..! એ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ જૈનશાસનમાં આવું હોય છે. સમજાણું કાંઈ?

અમારે ઘણાં વર્ષ પહેલા દામોદર શેઠ હતા એ કહે, એ તો બ્રાહ્મણના ઘરની વાત છે એમ કહે. અરેરે..! શ્વેતાંબરમાં એવી સ્પષ્ટતા છે જ નહિ, એટલે બિચારા ગોટા વાળે. શાસ્ત્ર જ એણે કલ્પિત બનાવેલા છે. (ગૃહીત) મિથ્યાદૃષ્ટિ થયા પછી એણે આ ૪૫, ૮૪ અને ૩૨ સૂત્ર બનાવ્યા છે. આકરું બહુ લાગે ભાઈ! જેને સર્વજ્ઞના શાસ્ત્ર કહે એને મિથ્યાદૃષ્ટિના કહેવા (એ આકરું લાગે).

શ્રોતા :- ...

ઉત્તર :- એ જ છે ને. ગ્રંથોના એમાં લખાણ દસવૈકાલિક .. આચાર્યે કર્યું, .. કર્યું એવા પાઠ છે બધા.

શ્રોતા :- અહીં વળામાં કર્યા.

ઉત્તર :- અહીં વળામાં કર્યા બનાવ્યા. અમારા ઉમરાળાથી જન્મ-ગામથી સાત માઈલ છેટે. અરે..! ભગવાન! કામ ભારે આકરું. બે હજાર વર્ષ પહેલાં એ બધી ... નવા બનાવ્યા. એની રચનાને તો પંદરસો વર્ષ થયા. ત્યાંથી ચાલ્યા આવ્યા. શાસ્ત્રને પંદરસો વર્ષ થયા. ભગવાન પછી હજાર વર્ષે એ ... ધોળામાં એ મંદિર છે. ... મંદિર છે અહીં. હમણાં નવું થયું. એણે આ શાસ્ત્ર રચ્યા નવા, ભેગા થઈને. આવા માર્ગ, બાપુ!

અહીં તો જૈનશાસન (એટલે) જેણે અંતર ધ્રુવસ્વરૂપની દૃષ્ટિ કરીને પર્યાયમાં જેણે વીતરાગતા, શુદ્ધ ઉપયોગ પ્રગટ કર્યો છે, એ પર્યાયનયનો વિષય એ શાસન. પણ દ્રવ્યાર્થિકનયના વિષયને આશ્રયે પ્રગટ કર્યો છે. આહાહા..! કહો, આમાં આટલું આવ્યું બધું. **'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' 'सत् द्रव्य लक्षणं'**. એવી વાત છે. તત્ત્વાર્થસૂત્ર. આહાહા..! ભાઈએ કહ્યું ને, સંમતભદ્રાચાર્યે ... ભાઈ! સ્તુતિ કરતા ભગવાનની. હે નાથ! આપ સર્વજ્ઞ છો. કેમ? કે એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. સમય એક અને ઉત્પાદ-વ્યય ત્રણને આપે પકડી લીધા. એ સર્વજ્ઞનું લક્ષણ છે. સંમતભદ્રાચાર્યની સ્તુતિ છે. એક સેકન્ડનો અસંખ્ય ભાગ. 'ક' બોલે એમાં અસંખ્ય સમજાય છે. અને એક સમયમાં અનંત દ્રવ્યની ઉત્પાદ-પર્યાય, તે સમયની વ્યય અને તે સમયે ધ્રૌવ્ય. સમય એક અને પકડ્યા ત્રણને. એ આપ સર્વજ્ઞને ... આહાહા..! સમજાણું કાંઈ? એ આ સર્વજ્ઞ જિનશાસન. .. દિગંબર ધર્મ સિવાય જૈનશાસન બીજે છે નહિ. આ ઠીક લાગે, ન ઠીક લાગે, માર્ગ તો આ છે, ભાઈ! કુંદકુંદાચાર્યનો પોકાર છે આ. આહાહા..!

**ભાવાર્થ :- 'યહાં લિંગ દ્રવ્ય-ભાવસે દો પ્રકારકા હૈ. દ્રવ્ય તો બાહ્ય ત્યાગ અપેક્ષા હૈ જિસમેં પાંચ પ્રકારકે વસ્ત્રકા ત્યાગ હૈ, વે પાંચ પ્રકાર ઐસે હૈં—૧-અંડજ અર્થાત્ રેશમસે બના, ૨-બોંડુજ અર્થાત્ કપાસસે બના, ૩-રોમજ અર્થાત્ ઊનસે બના, ૪--વલ્કલજ**

**અર્થાત્ વૃક્ષકી છાલસે બના, ૫-ચર્મજ અર્થાત્ મૃગ આદિકકે ચર્મસે બના, ઈસપ્રકાર પાંચ પ્રકાર કહે. ઈસપ્રકાર નહીં જાનના કિ ઈનકે સિવાય ઔર વસ્ત્ર ગ્રાહ્ય હૈં-યે તો ઉપલક્ષણમાત્ર કહે હૈં,...'** સમયસાર (કળશની ટીકા) અધ્યાત્મ તરંગિણીમાં આવે છે ને. આ ખાણિયા ચર્ચામાં... એની ટીકા કરી છે ને સામાવાળાએ. બસ, સમયસાર એક જ છે? એનો વ્યવહાર. ભાઈ! આ તો .. વાત કરી. ફૂલચંદજીએ જવાબ આપ્યો છે ખાણિયા ચર્ચામાં. સમયસાર. બાપુ! સમયસાર છે એમાં બધું આવી ગયું. ચારેય અનુયોગનો સાર, વીતરાગતા. શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા કહે છે. શાસ્ત્રનું તાત્પર્ય બાર અંગનું તો વીતરાગતા છે. પંચાસ્તિકાયમાં નથી કહ્યું? કે વીતરાગતાનો સાર એમાં આવી જાય છે. પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા એનું નામ વીતરાગતા. વિકલ્પ ને પર્યાય ને દ્રવ્યની સંયોગની ઉપેક્ષા અને ત્રિકાળી ભગવાનની અપેક્ષા એનું નામ વીતરાગ તાત્પર્ય છે. આહાહા..! એ વાત વીતરાગમાર્ગમાં જ હોય, બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઓહોહો..! કેટલી અપેક્ષા મૂકી જુઓને!

બાર અંગમાં ચાર અનુયોગનો સાર તો તાત્પર્ય વીતરાગતા છે. શું કહે છે ઈ? એનો અર્થ? કે પરથી ઉપેક્ષા કરીને સ્વની અપેક્ષા જ્યાં દૃષ્ટિમાં લીધી, એવું જે વીતરાગપણું પર્યાયમાં પ્રગટ્યું એ જૈનશાસન છે. આહાહા..! અરે..! આવો ચૈતન્યચમત્કારી ભગવાનનો માર્ગ, પ્રભુ! તને સાંભળવા મળે નહિ, બિચારા રખડી મરે. કોઈ શરણ નથી. ક્ષણમાં ભવાંતર થઈને ક્યાંય ઊપજે. આહાહા..! બાપુ! ભાવી ભવના નાશ કરવાનો માર્ગ હોય તો.. હમણાં આવશે આમાં, આ એક જૈનધર્મ સિવાય બીજો છે નહિ. સમજાણું કાંઈ? ઉપલક્ષણ કહે છે. **'ઈસલિયે સબહી વસ્ત્રમાત્રકા ત્યાગ જાનના.'**

**'ભૂમિ પર સોના, બૈઠના, ઈસમેં કાષ્ઠ-...'** લાકડાની પાટ આદિ હોય છે. **'તૃણ...'** હોય છે. એમાં .. જવું એમ. **'ઈન્દ્રિય ઔર મનકો વશમેં કરના, છહકાયકે જીવોંકી રક્ષા કરના—'** રક્ષા એટલે ન મારવું એટલું. રક્ષા કરવી છકાયની એ તો વ્યવહારની ભાષા છે. રક્ષા કરે કોણ? ભાષા તો છકાય જીવને ન મારવો એનો અર્થ એ. **'ઈસપ્રકાર દો પ્રકારકા સંયમ હૈ. ભિક્ષા-ભોજન કરના જિસમેં કૃત, કારિત, અનુમોદનાકા દોષ ન લગે—છિયાલિસ દોષ ટલે,... '** જોયું! **'બત્તીસ અંતરાય ટલે ઐસી વિધિકે અનુસાર આહાર કરે.'** આહાહા..! **'ઈસપ્રકાર તો બાહ્યલિંગ હૈ...'** આ બધું બાહ્યલિંગ છે. **'ઔર પહિલે કહા હો વહ ભાવલિંગ હૈ.'** પહેલા કહ્યું એ. .. વીતરાગ પ્રગટ કર્યો છે એ ભાવલિંગ.

કુંદકુંદાચાર્ય કહે છે. **'ઈસપ્રકાર દો પ્રકારકા શુદ્ધ જિનલિંગ કહા હૈ,...'** જોયું! બે પ્રકારના શુદ્ધ જિનલિંગ છે. વસ્ત્રાદિનો ત્યાગ, .. ભિક્ષાભોજન, અને નવ નવ કોટીએ .. ત્યાગ જેના આહારમાં કરણ, કરાવન, અનુમોદનથી રહિત એવો બાહ્ય ભાવ, અંદરમાં વીતરાગભાવ. **'અન્ય પ્રકાર શ્વેતાંબરાદિક કહતે હૈં વહ જિનલિંગ નહીં હૈ.'** શેઠ! શાંતિભાઈ! સત્ય છે. શ્વેતાંબરાદિ એટલે

શ્વેતાંબર, સ્થાકનવાસી, અન્યમતિઓ, બાવા બધાય જે કહે છે તે જિનલિંગ નહિ. અન્યમાં પણ નગ્ન હોય છે ને? નગ્ન હોય, રાખ ચોપડે. એ તો કહ્યું હતું ને, બોટાદમાં એક ફેરી હતું. બાવા હતા. નગ્ન ઊભો હતો, બીજા બાવા હતા.... ૮૦ની વાત છે. ૫૦ વર્ષ પહેલાની. એ નગ્ન હતો, પણ કાંઈ ભાન ન મળે. નાગા થઈને ... નાગો થઈને ...

મનુષ્ય કહીએ સમકિતીને, પરમહંસ કહીએ મુનિને. જેણે રાગથી ભિન્ન પાડીને, હંસની ચાંચમાં... જેમ દૂધ અને પાણી ભેગા હોય અને ચાંચ નાખતા દૂધનું પોપડું વળી જાય, એમ જેણે ભેદજ્ઞાન દ્વારા રાગથી જીવને ભિન્ન પાડ્યો છે એને હંસ કહીએ. અને પરમહંસ તો જેણે રાગની અસ્થિરતાથી જુદો પાડીને સ્થિર કર્યો છે જેણે... આહાહા..! એને પરમહંસ કહીએ. એ મુનિ હોય છે.

**'અન્ય પ્રકાર શ્વેતાંબરાદિક કહતે હૈં વહ જિનલિંગ નહીં હૈ.'** એ દ્રવ્યલિંગ પણ જિન નથી અને ભાવલિંગ તો એને છે નહિ. આહાહા..! ભારે આકરું ભાઈ!

**'આગે જિનધર્મકી મહિમા કહતે હૈં :— '**

जह रयणाणं पवरं वज्जं जह तरुगणाण गोसीरं।
तह धम्माणं पवरं जिणधम्मं भाविभवमहणं।।८२।।

આહાહા..! જિનધર્મ તો ભાવિ ભવમંથનં (એટલે) ભવિષ્યના ભવનો અભાવ કરે એને જૈનધર્મ કહીએ. આહાહા..! જેમાં ભવની પ્રાપ્તિ નથી. આહાહા..! આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા જેણે ભવનું મંથન કરી નાખ્યું, ભવનો નાશ કરી નાખ્યો છે. આહાહા..! અને એ જૈનધર્મમાં જ ભાવિ ભવનું મંથન હોય છે. બીજામાં તો અનંત અનંત ભવ વધે એવી ભાવના અને શ્રદ્ધા-જ્ઞાન હોય છે એમ કહે છે. આહાહા..! જેના ભાવિ ભવમંથન નામ તોડી નાખ્યા છે એને જૈનધર્મ કહીએ. આહાહા..! જેણે ભગવાન આત્માને દૃષ્ટિમાં લઈ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કર્યું છે એને ભાવિ ભવ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ જૈનધર્મમાં જ હોય છે, બીજે હોતું નથી. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૭, બુધવાર તા. ૧૩-૦૨-૧૯૭૪**
**ગાથા - ૮૨, ૮૩, પ્રવચન - ૧૦૮**

અષ્ટપાહુડમાં ભાવપાહુડ. ૮૨ ગાથા. **'આગે જિનધર્મકી મહિમા કહતે હૈં :—'** જૈનધર્મ એનું સ્વરૂપ અને એનું ફળ શું? એ વાત કરે છે.

जह रयणाणं पवरं वज्जं जह तरुगणाण गोसीरं।
तह धम्माणं पवरं जिणधम्मं भाविभवमहणं।।८२।।

'**अर्थ :- जैसे रत्नोंमें प्रवर (श्रेष्ठ) उत्तम वज्र (हीरा) है...**' રતનમાં ઘણી જાત રત્નની હોય છે. કેટલી જાત આવે છે? હીરાના વેપારીને.. ૮૪. આવે છે. .. ઉતર્યા હતા ને ત્યાં. ૮૪ હીરાના નામ હતા. ઉદયપુર-ઉદયપુર. પહેલા ઉતર્યા હતા ને. કોણ એ શેઠ? ત્યાં હીરાના નામ હતા ૮૪. પહેલાવહેલા ગયા હતા ને જ્યારે ઉદયપુર તે દિ'. એ બધા હીરામાં વજ્રનો હીરો એ ઉત્તમ કહેવાય છે. .. '**और जैसे तरुगण (बडे वृक्ष) में उत्तम गोसीर (बावन चंदन) है,...** ' ચંદન-ચંદન-સુખડ. બાવન ચંદનનું ઝાડ એ બધા ઝાડમાં ઉત્તમ છે. એ તો દૃષ્ટાંત કહ્યો.

'**वैसे ही धर्मोंमें उत्तम भाविभवमंथन...**' જૈનધર્મ એવો છે કે જેને ભવનો અભાવ થાય. ભવનો નાશ થાય તે જૈનધર્મ. આહાહા..! જેમાં ભાવિ નામ ભવિષ્યના ભવનો નાશ, ભવનો અભાવ (થાય) એવો જૈનધર્મ છે. '**(आगामी संसार का मंथन करनेवाला)...**' એટલે નાશ કરવાવાળો. '**जिनधर्म है, इससे मोक्ष होता है.**' એનાથી મોક્ષ થાય છે.

'**भावार्थ :- धर्म ऐसा सामान्य नाम तो लोकमें प्रसिद्ध है...**' ધર્મ-ધર્મ તો સૌ કહે છે ને. 'ધર્મ ધર્મ .. સહુ કહે, ધર્મનો ન જાણે મર્મ, ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી કોઈ ન બાંધે કર્મ.' '**धर्म ऐसा सामान्य नाम तो लोकमें प्रसिद्ध है और लोक अनेक प्रकारसे क्रियाकांडादिकको धर्म जानकर...**' શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ એવા શુભભાવ જે ક્રિયાકાંડ છે એને અજ્ઞાની ધર્મ માને છે.

શ્રોતા :- શાસ્ત્ર સાંભળવું એ ક્રિયાકાંડમાં આવે કે ન આવે?

ઉત્તર :- સાંભળવાનો ભાવ એ ક્રિયાકાંડમાં રાગમાં જાય. વાત તો એવી છે, ભાઈ! એ જ કહે છે જૈનધર્મ ... રાગરહિત આત્માનો સ્વભાવ વીતરાગસ્વરૂપ છે એનો આશ્રય કરી દર્શન-જ્ઞાન-ચારિત્ર કરવું. આ કરવું. સાંભળીને કરવાનું તો આ છે કે નહિ? આહાહા..! ગાથા બહુ ઊંચી છે.

જૈનધર્મ ભવના નાશ કરવાવાળો છે. એનો અર્થ કે વીતરાગસ્વરૂપી ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એવી વીતરાગદશા એ જૈનધર્મ છે. એ ભવના નાશ કરવાવાળો છે. ક્રિયાકાંડ આદિ જે વાત છે અન્યમતમાં કે જૈનના વાડામાં, દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો અને પંચ કલ્યાણક કરો એ બધો શુભભાવ ક્રિયાકાંડ છે. પંડિતજી! આવી વાત છે.

શ્રોતા :- ... બાંધવું પડશે.

ઉત્તર :- ત્યાં બાંધવું અંદર. ક્યાં બાંધે થાંભલે? રાગમાં બાંધવું થાંભલે? ચિદાનંદ હીરો આનંદનો નાથ પ્રભુ જ્ઞાનભાવથી ભરેલો પ્રભુ એના થાંભલે બાંધ ને. મૂક ને. આવે છે ને પાઠ. .. ને થાંભલે બાંધ. આવે છે દેવાનુપ્રિયા!

શ્રોતા :- .. વ્યવહાર છે.

ઉત્તર :- વ્યવહાર છે એ સંસારનું કારણ છે. શુભભાવ એ સંસારનું કારણ છે. શુભભાવ પોતે સંસાર છે. આહાહા..! એ રાગભાવ છે, એ ઝેર છે, આત્માના અમૃતને લૂંટનાર છે. એવી વાત છે. આ જૈનધર્મ .... જૈનધર્મ એટલે? વીતરાગભાવ, શુદ્ધ ઉપયોગ. જૈનશાસન એટલે શુદ્ધ ઉપયોગ. પુણ્ય અને પુણ્યના પરિણામની ક્રિયાકાંડ એ તો સંસારના કારણ છે, જૈનધર્મ તો સંસારના નાશનું કારણ છે. આહાહા..! આત્મા વીતરાગસ્વરૂપ છે એનો આશ્રય કરીને જે દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા, વીતરાગભાવ થાય એ જૈનધર્મ છે. સમજાણું કાંઈ? આ મંદિર બનાવવું, પંચકલ્યાણક કરવા એવો શુભભાવ એ જૈનધર્મ નથી એમ કહે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કહો, ધન્નાલાલજી! હોય શુભભાવ, પણ એ શુભભાવ તો સંસાર છે. આહાહા..! જેનો આત્મા પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ વીતરાગની મૂર્તિ આત્મા છે. અકષાયરસથી ભરેલો—શાંત, શાંત વીતરાગી શાંત રસથી ભરેલો એવો જે વસ્તુનો સ્વભાવ, એનો આશ્રય કરીને જે શુદ્ધ ઉપયોગ પ્રગટ થાય એ જૈનધર્મ છે.

શ્રોતા :- ...

ઉત્તર :- શુદ્ધ ઉપયોગ એટલે? વીતરાગી પરિણતિ. વીતરાગ ધર્મ છે ને જૈનધર્મ. આકરી વાત છે બાપુ! જગતને. વ્યવહારે એટલા .. છે ને એમાંથી એને નીકળવું (કઠણ પડે છે). સમજાણું?

ધર્મ એ '**લોક અનેક પ્રકારસે ક્રિયાકાંડાદિકકો ધર્મ જાનકર સેવન કરતા હૈ,...** ' દેખો! જૈનના સંપ્રદાયમાં રહીને પણ એ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એવા ભાવને ક્રિયાકાંડને ધર્મ માને છે અજ્ઞાની. શાંતિભાઈ! .. છે. આહાહા..! પરની સેવા કરવી, ભગવાનની સેવા કરવી.

શ્રોતા :- પર ભગવાનની?

ઉત્તર :- પર ભગવાનની. એ બધો શુભભાવ છે, એ જૈનધર્મ નહિ. આહાહા..!

'**લોક અનેક પ્રકારકે...**' અનેક પ્રકાર છે ને? કોઈ વ્રતની ક્રિયા, કોઈ પચ્ચખાણની, અપવાસની ક્રિયા, કે ભગવાનની ભક્તિની ક્રિયા એમાં ધર્મ માને છે. એ ૮૬માં તો .. જ આવશે આનું અનુસંધાન છે. આહાહા..!

શ્રોતા :- ..

ઉત્તર :- .. સાધુ કહેવાય. બહુ ક્રિયાકાંડ કરે. વાત સાચી. આહાહા..! નિર્દોષ આહાર લેવો, ભક્તિ કરવી, વ્રત પાળવા, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને ભક્તિ ભગવાનની એવા ભાવ છે એ તો શુભભાવ છે. એ ક્રિયાકાંડમાં લોકો ધર્મ માને છે. એ જૈનધર્મ નહિ. ભારે આકરી વાત.

શ્રોતા :- પરંપરા?

ઉત્તર :- પરંપરા એ બંધનું કારણ. રાગ છે એ બંધનું કારણ. રાગ છે એ વીતરાગતાનું કારણ થાય? રાગ તો દ્રવ્ય, ભાવ.. અનુપ્રેક્ષામાં કહ્યું છે. અનર્થનું કારણ છે. પરંપરાએ અનર્થનું કારણ છે. બાર

ભાવના કુંદકુંદાચાર્યની છે એમાં. આકરી વાત છે, બાપુ! જૈનધર્મ કોઈ બાહ્ય ક્રિયાકાંડ એ કોઈ જૈનધર્મ નથી. આવે વચમાં શુભભાવ, પણ એ બંધનું કારણ છે. એનો ખુલાસો કરશે.

'**લોક અનેક પ્રકારસે ક્રિયાકાંડાદિકકો...**' ક્રિયાકાંડ એટલે જ્ઞાનકાંડને મૂકીને. આહાહા..! એ રાગની ક્રિયામાં '**ધર્મ જાનકર સેવન કરતા હૈ, પરંતુ પરીક્ષા કરને પર મોક્ષકી પ્રાપ્તિ કરાનેવાલા જિનધર્મ હી હૈ,...**' જિનધર્મ એટલે વીતરાગી પરિણતિ. આહાહા..! રાગરહિત ચૈતન્યની શ્રદ્ધા, ચૈતન્યનું જ્ઞાન અને ચૈતન્યની રમણતા એ જૈનધર્મ. એ જૈનધર્મ મોક્ષનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? '**પરીક્ષા કરને પર મોક્ષકી પ્રાપ્તિ કરાનેવાલા જિનધર્મ હી હૈ,...**' વીતરાગી ભાવ તે જ મોક્ષનું કારણ છે. જૈનધર્મ એ વીતરાગી ભાવ છે. જૈનધર્મ એ શુદ્ધ ઉપયોગ છે, જૈનશાસન એ શુદ્ધ ઉપયોગ છે. શુભ અને અશુભ રાગ વિનાનો શુદ્ધ ઉપયોગ તે જૈનધર્મ છે. એમાં અર્થકારે ઘણો ગોટો વાળ્યો છે. અત્યારે એમ કે ગૃહસ્થને શુદ્ધ ઉપયોગ હોય નહિ. ગૃહસ્થને શુદ્ધ ઉપયોગ હોય નહિ. આહા..! અહીં તો કહે છે, શુદ્ધ ઉપયોગ વિના જૈનધર્મ જ ન હોય. ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિનો જે વેપાર (થાય) એ બધો શુદ્ધ ઉપયોગ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો મૂળચંદભાઈ! આ બધું શું ક્રિયાકાંડમાં?

મુમુક્ષુ :— નિશ્ચયની વાત...

ઉત્તર :— નિશ્ચયની એટલે સાચી. વ્યવહારની એટલે ઉપચારિક. ઉપચાર-ઉપચાર. શું કહે છે? જ્ઞાની લોક આગળ કહેશે. અન્યમતિ અને જૈનમાં રહેલા પણ માણસો, ૮૩માં કહેશે. લૌકિકજન અને અન્યમતિ એમ. જૈનમાં જન્મ્યા નામ ધરાવનારા લૌકિક જૈનો. દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા એ ધર્મ છે એમ કહેનારા જૈનના લૌકિકજન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જિનધર્મ હી હૈ, અન્ય સબ સંસારકે કારણ હૈં.**' આહાહા..! એક જૈન ધર્મ જ દિગંબર ધર્મ એ જૈનધર્મ છે. આહાહા..!

શ્રોતા :- આમાં તો નથી કહ્યું.

ઉત્તર :- એ દિગંબર ધર્મનો અર્થ જ એ જૈન ધર્મ છે. જેને રાગની લાગણી વિનાનો આત્માનો સ્વભાવ, દિગ એટલે આકાશ-અંબર જેનું, વિકલ્પની લાગણી એ વિનાનો આત્મા સ્વભાવ, એનું જ્ઞાન, શ્રદ્ધા અને રમણતા તે જૈનધર્મ છે. સમજાણું કાંઈ? એ પછી ખુલાસો કરશે. નિશ્ચય આવું ભાન હોય ત્યાં આગળ શુભભાવ હોય એને વ્યવહાર ધર્મ કહેવામાં આવે છે. વ્યવહારનો અર્થ કે એ ધર્મ નથી, પણ એને ધર્મ ઉપચારથી કહે છે. ૮૩માં આવશે.

'**પરીક્ષા કરને પર મોક્ષકી પ્રાપ્તિ કરાનેવાલા જિનધર્મ હી હૈ,...**' વીતરાગભાવ, પરમેશ્વરે વીતરાગભાવ જ વર્ણવ્યો છે. આહાહા..! શુભભાવ એ પુણ્ય અને અશુભભાવ એ પાપ એ જૈનધર્મ નહિ. ભારે વાતું! એ રાગરહિત ચૈતન્યસ્વભાવ જિનસ્વરૂપ. 'જિન સો હી હૈ આત્મા અન્ય સો હી હૈ

કર્મ, યહી વચન સે સમજ લે જિનવચન કા મર્મ.' વસ્તુનો સ્વભાવ—'વત્થુ સહાવો ધમ્મો' છે ને? વસ્તુનો સ્વભાવ વીતરાગસ્વભાવ છે. એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ પણ પરલક્ષી છોડીને, સ્વસન્મુખની દૃષ્ટિ ને જ્ઞાન ને રમણતા તે જૈન ધર્મ છે. આહાહા..! અરે..! જૈન ધર્મને વીંખી નાખ્યો છે. ... માન્યો છે. આહાહા..!

ગોળના ગોદડા હોય ને. રવા હોય ને ગોળના રવા. એ ઉનાળાના ટાઈમમાં જરી તળાઈયું પડી હોય જાડી, ઓગળે પછી ગોળનો સ્વાદ ગરી જાય અંદર. ગોળનો રસ તળાઈમાં (ગરી જાય). એ તડકે રાખે એટલે કૂતરા આવીને ગોળને ખાવા માટે ગાદીને ચુંથી નાખે. આ પાઠ છે ... દુઃખ શૈયા અને સુખ શૈયા. સુખ શૈયા એ આત્માના આનંદમાં રહેવું, વીતરાગભાવમાં એ સુખરૂપી શૈયા છે અને રાગની ક્રિયામાં રહેવું એ દુઃખરૂપી શૈયા છે. ભારે ભાઈ!

**'અન્ય સબ સંસાર કે કારણ હૈં.'** દેખો! આહાહા..! ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે વીતરાગતા પ્રગટ કરીને સર્વજ્ઞપણું પ્રગટ કર્યું, એવી જ વીતરાગતા અંશે જેને અંતરમાં પ્રગટ થાય, એને જૈનધર્મ કહે છે. એક જૈનધર્મ જ મોક્ષનું કારણ છે, બાકી સબ સંસારના કારણ છે. જૈનમાં રહેલા (છતાં) પણ છઠ્ઠે ગુણસ્થાને પ્રમાદભાવ આવે પાંચ મહાવ્રત પાળવાનો, એને પણ જગપંથ એમ કહ્યું છે સમયસાર (નાટક)માં. એ સંસારમાં ભળ્યો છે. છઠ્ઠે ગુણસ્થાને પંચ મહાવ્રતના વિકલ્પ ઊઠે છે એ પણ સંસાર તરફ ગયો છે. આહાહા..! એ જગપંથ કહે છે સમયસાર નાટકમાં. આહાહા..! દિગંબર સંતોની વાણી અંદરના સ્પર્શને સ્પર્શાવે છે. આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, હો રાગ આર્તધ્યાન, રૌદ્રધ્યાન આદિ પણ એ વસ્તુ બધી સંસાર છે. શુભરાગ એ પણ એક આર્તધ્યાન છે. આર્ત નામ ચૈતન્યના શુદ્ધ પ્રાણ જેમાં પીલાય છે. તલ જેમ ઘાણીમાં પીલાય એમ ભગવાન આત્માનો આનંદ અને વીતરાગી સ્વભાવ એ શુભરાગમાં પીલાય છે. તલ જેમ ઘાણીમાં પીલે એમ પીલાય છે. આહાહા..!

ભગવાન આત્મા અકષાય સ્વરૂપ જેનું છે ત્રિકાળ. અકષાયસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો, જિનસ્વરૂપ કહો. એને આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા પ્રગટ થાય એ જૈનધર્મ છે. એ જૈનધર્મ સંસારના નાશનું કારણ છે. એ સિવાય એકલી ક્રિયાકાંડ આદિ બધું સંસારનું કારણ છે. દેવાનુપ્રિયા! શું હવે આ પહેલું શું કરવું?

શ્રોતા :- એનો સ્વીકાર કરવો.

ઉત્તર :- એ તો કરી રહ્યો છે અનાદિથી. આહાહા..! વ્યવહાર એટલે સંસારી. નહોતું કહ્યું? એ તો .... કહ્યું હતું.

**'ક્રિયાકાંડાદિક સંસાર હી મેં રખતે હૈં,...'** આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભાવ એ સંસારમાં રાખે છે. એ **'ક્રિયાકાંડાદિક સંસાર હી મેં...'** **'સંસાર હી મેં રખતે હૈં,...'**

એ શુભભાવની ક્રિયા છે. રાગની ક્રિયા એ જૈનધર્મ નહિ. આહાહા..! પંચ મહાવ્રતને પાળવું એ રાગની ક્રિયા છે, એ જૈનધર્મ નહિ. આહાહા..! વીતરાગ તો એમ કહે છે કે અમારો વિનય કરવો એ પણ જૈનધર્મ નહિ. આવી વાત તે વાત. એ શુભભાવ છે. વીતરાગ... વીતરાગ... વીતરાગ... મોઢા સામે કોળિયો કોને ન ગોઠે? ઓલા કહે કે ભક્તિ કરજો તો વૈંકુઠમાં જાશો તો તમને લાડવા મળશે. ત્યાં પણ શરીર અને ત્યાં પણ લાડવા ને પાછા ભૂખ ને... આહાહા..! સાધુને આહાર-પાણી દ્યો, લાડુ ખવરાવો વૈકુંઠમાં તમને લાડુ મળશે. આવા મૂરખના ગામ છે ને બધા.

શ્રોતા :- ...

ઉત્તર :- .. માટે તો પાપ છે. એનો પ્રશ્ન જ ક્યાં છે? આ તો રાગની મંદતાના ભાવ, વીતરાગી સ્વભાવના આશ્રય વિના એકલો રાગભાવ છે એ સંસાર છે અને સંસારમાં રાખશે એને. એ ન કહ્યું? સંસારમાં દાખલ કરે તેને સુશીલ કેમ કહીએ? સમયસાર. કુશીલ છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ અત્યારે કોઈ નહિ કરે તો સ્વચ્છંદી થશે. એમ નથી ભાઈ! એ સ્વચ્છંદી નથી. એને ભાવ આવશે તો એને હેયબુદ્ધિએ એને દુઃખરૂપ માનશે. આહાહા..! ભારે માર્ગ છે.

શ્રોતા :- ...

ઉત્તર :- પ્રભુત્વશક્તિની વિપરીતતાથી મારી ગયો. કર્મની પ્રભુત્વશક્તિથી મારી ગયો એનો અર્થ વિકારના પરિણામ જે કર્મ એની પ્રભુતાથી મારી ગયો. એમ કહે છે. કર્મ એ પ્રભુ નહિ, વિકારની પ્રભુતાને માની, વિકારભાવમાં પ્રભુતાને સ્વીકારી એનાથી હું હણાઈ ગયો અનાદિથી. મારી વીતરાગતાની પ્રભુતાનો મેં સ્વીકાર ન કર્યો. આહાહા..! આવો માર્ગ, બાપુ! દુનિયાથી જુદી જાત છે. આહાહા..!

'**ક્રિયાકાંડાદિક સંસાર હી મેં રખતે હૈં,...**' ક્રિયાકાંડ એટલે એમાં તપસ્યા કરવી, અપવાસ કરવા, મહિના-મહિનાના અપવાસ, એ શુભભાવની ક્રિયા એ '**સંસાર હી મેં રખતે હૈં,...**' આહાહા..! ત્યારે આ કહે કે શુભભાવ કરતા કરતા શુદ્ધ થશે. આહાહા..! સંસારનો ભાવ સેવતા સેવતા ધર્મભાવ થાશે. અરે..! ભાઈ! નવમી ગ્રૈવેયકે ગયો (એવા) મિથ્યાદષ્ટિને શુભ ઉપયોગ એના જેવો બીજાને હોય નહિ. એવા શુભ ઉપયોગમાં પણ ધર્મ નથી. આહાહા..! 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' પંચ મહાવ્રત પાળ્યા, એવું તો દ્રવ્યલિંગ પણ અત્યારે નથી. આહાહા..! તેના શુભ ઉપયોગમાં નવમી ગ્રૈવેયક શુક્લલેશ્યાવાળી લેશ્યા. એ શુક્લલેશ્યા એ સંસાર છે. શુક્લલેશ્યાની ક્રિયા સંસારમાં રાખે છે. આહાહા..! જેમાં ભવનો પ્રવેશ મળે એ ભાવ કેમ ધર્મ કહેવાય? બાબુલાલજી! આવો માર્ગ ભારે ભાઈ!

'**કદાચિત્ સંસારકે ભોગોંકી પ્રાપ્તિ કરાતે હૈં...** ' સંસારના ભોગ એટલે ઝેરનો અનુભવ. આહાહા..! દેવના અનુભવ, આ શેઠિયા અબજોપતિ, કરોડોપતિ એને રાગનો અનુભવ, ભોગનો અનુભવ, ઝેરનો અનુભવ છે એ. આહાહા..! સાડા ત્રણ કરોડનો બંગલો છે. મૈસુરમાં જોવા ગયા હતા, નહિ? રાજાનો હતો સાડા ત્રણ કરોડનો. સરકારે લઈ લીધો. ખાલી પડ્યો છે. મૈસુર મૈસુર. જોયો છે?

... રહેતા. ખાલીખમ સાડા ત્રણ કરોડનો. બંગલા-હજીરા. રહેનારા રાગના અંગારામાં શેકાતા. આત્મશાંતિનો સાગર પ્રભુ એના તરફના ઝુકાવના પરિણામ વિના જેટલા પરલક્ષી પરિણામ (થાય એ) બધા દુઃખરૂપ છે. એ કદાચિત્ ભોગોની પ્રાપ્તિ કરાવે. ભોગ મળે, એના ભોગ મળે. એને ભોગ મળે, એના ભોગ મળે. કાંતિભાઈ! આહાહા..!

કુંદકુંદાચાર્ય. દિગંબર ધર્મ વાણી ઘણી સ્પર્શ કરનારી. આહાહા..! એ વાણીના અર્થોને સમજે નહિ અને .. વ્યવહાર જોઈએ, વ્યવહાર સાધન છે.. સાધન છે.. સાધન છે. આહાહા..! અહીં કહે છે કે વ્યવહાર સંસારનું કારણ એ સાધન? આકરી વાત છે, ભાઈ! આખો જન્મ-મરણનો અંત લાવવો, ચોર્યાસીના અવતારનો નાશ કરવો એ વાત કાંઈ સાધારણ હશે? એ ઉપશમરસથી ભરેલો પ્રભુ એટલે કે વીતરાગસ્વરૂપી, એનો ઉપયોગ કરવો એ તરફનો શુદ્ધ ઉપયોગ, એ શુદ્ધ ઉપયોગી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ વીતરાગભાવ, એ જૈનધર્મ. કાંતિભાઈ! આવું બધું છે. ત્યાં ગપ્પા ઘણાં માર્યા હશે. ભાષણ કરે મોઢા આગળ થઈને. ૨૨ સંસ્થાના મજૂર હતા. જ્યાં ત્યાં માન મળે તો કહે ચાલો કરો. એમાં અમારી .. તમારામાં .. માન આપે. એને પાંજરાપોળમાં હતું ને બધું મોટું? હવે તો નહિ જાતા હોય. શરીર જીર્ણ થઈ ગયું શું કરે?

શ્રોતા :- એમાં સ્યાદ્વાદમાં એનું શું કામ છે?

ઉત્તર :- સ્યાદ્વાદનો અર્થ શું? સ્યાદ્વાદનો અર્થ શું? કે શુદ્ધ ઉપયોગથી ધર્મ થાય અને રાગે ન થાય એનું નામ સ્યાદ્વાદ. શુભ ઉપયોગે ન થાય અને શુદ્ધ ઉપયોગે થાય એનું નામ અનેકાંત, એનું કથન— વાણીનું નામ સ્યાદ્વાદ. આહાહા..! એને સ્યાદ્વાદ એટલે આમ પણ થાય અને આમ પણ થાય. શુભભાવથી ધર્મ થાય અને શુદ્ધથી પણ ધર્મ થાય એનું નામ સ્યાદ્વાદ. ફુદડીવાદ છે એ તો. એ પ્રશ્ન નારદ છે. કહો, સમજાણું કાંઈ?

‘**તો ભી ફિર ભોગોંમેં લીન હોતા હૈ,...**’ એ શુભભાવમાં ભોગ મળે અને ભોગમાં લીન થઈ જશે એ તો. આહાહા..! ‘**તબ એકેન્દ્રિયાદિ પર્યાય પાતા હૈ...**’ આહાહા..! શુભભાવના ફળમાં ભોગ મળે આ વિષય આદિના અને એને ભોગવીને એકેન્દ્રિયની પર્યાય પ્રાપ્ત થાશે. નિગોદમાં જાશે. શું કહે છે? શુભભાવ, તેનાથી સંસારની અનુકૂળતાના ભોગ મળે અને એ ભોગમાં લીન થઈ જવાનો. કેમકે શુભભાવને પોતાનો માનીને કર્યો છે. એના ફળમાં લીન થઈ જવાના એ. અને એમાં લીન થયેલા મરીને એકેન્દ્રિયમાં જવાના. એકેન્દ્રિયાદિ શબ્દ છે ને? કોઈ બે ઈન્દ્રિયમાં જાય, કોઈ પંચેન્દ્રિય નરકમાં જાય. અરેરે..! કોઈ ઢેઢગરોળી... આ શું કહેવાય તમારે? છીપકલી. ત્યાં એની કૂંખે અવતરે, ઢેઢગરોળીને કૂખે. ભોગના ભોગીઓ મરીને ત્યાં જાય. એથી શુભભાવ સારો છે એમ છે નહિ એમ કહે છે. આહાહા..! પુણ્ય અને શુભ-અશુભભાવમાં જે ફેર પાડે, ઘોર હિંડંતિ સંસાર. એ પ્રવચનસારમાં છે. આહાહા..!

શ્રોતા :- નહિ માનતો...

ઉત્તર :- હા એ. નહિ માનતો.. વિશેષતા માને છે. પુણ્ય એ ઠીક છે. એ મરીને જાશે ચાર ગતિમાં. આહાહા..! ઘોર સંસાર. ભારે ધર્મ આકરો લોકોને.

ધર્મીને પણ અશુભથી બચવા એવો ભાવ હો, પણ એ સંસાર છે. આહાહા..! એને પણ ભોગનું કારણ છે એ. સ્વર્ગ અને આ શેઠાઈના કારણભાવ છે એ. એ સ્વર્ગ અને શેઠાઈને ભોગવી અજ્ઞાની (ચાર ગતિમાં રખડશે). જ્ઞાનીને એ આવે પણ એમાં એને લીનતા નહિ રહે. કેમકે હેયબુદ્ધિએ શુભભાવ કર્યો છે, થયો છે એના ફળમાં એને હેયબુદ્ધિ રહેશે. ભોગમાં એને ઉપાદેયબુદ્ધિ થશે નહિ. આહાહા..! આ તો અનુકૂળ સામગ્રી (મળે ત્યાં) આહાહા..! એક રાજાને કહ્યું એક ..., કે અરે..! રાજા! આવા પાપ કરો છો તો નરકમાં જાશો. બહુ પાપ કરો છો. આ હાથે કરશું અને આ હાથે ભોગવશું. મરી જશે. મરીને ગયા હેઠે. નરકમાં ગયો હશે. રાડ પાડતો હશે અત્યારે. સમજાણું કાંઈ? અહીં તો થઈ જાય જરી પૈસા બે, પાંચ, દસ, કરોડ. દીકરા .. દુકાન ચાલતી હોય.

શ્રોતા :- ...

ઉત્તર :- એથી શું? જેને આત્માનું કલ્યાણ કરવું હોય એને આવા વિચાર આવે. જેને કલ્યાણ નથી કરવું એને વિચાર આવા ખોટા, જૂઠા આવે. લ્યો! આહાહા..! જેને આત્માનો ઉદ્ધાર કરવો હોય તેને આવા ભાવ આવે કે રાગાદિ ભોગનું કારણ દુઃખરૂપ છે. મારો આત્મસ્વભાવ એ સુખરૂપ અને આનંદનું કારણ છે. આહાહા..!

**'એકેન્દ્રિયાદિ પર્યાય પાતા હૈ તથા નરકકો પાતા હૈ.'** એવા ભોગે, મહાભોગને ભોગવીને નરકમાં જાય. આહાહા..! બ્રહ્મદત્ત ચક્રવર્તી. સાતસો વર્ષનું ચક્રવર્તીપણું, એના ફળમાં ૩૩ સાગર રવરવ નરકનો નારકી (થયો). સાતસો વર્ષ એના જે શ્વાસ થાય, એના એક શ્વાસમાં અમુક પલ્યોપમનું દુઃખ છે નરકમાં. આ ધનજીભાઈને (ખબર છે). કેટલું ધનજીભાઈ! કેટલા કીધા?

શ્રોતા :- ૫૬૯૭૫ પલ્યોપમ.

ઉત્તર :- ૫૬૯૭૫ પલ્યોપમ એક શ્વાસમાં. આહાહા..! ચક્રવર્તી બ્રહ્મદત્ત, છન્નું હજાર સ્ત્રી. સાતસો વર્ષ રહ્યો. મરીને સાતમી રવરવ નરકે ગયો. એક શ્વાસ આટલો લે એનું આટલું.. ૫૬ હજાર શું કીધું એ? ૫૬૯૭૫ પલ્યોપમ. એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. દાખલો આપે છે ને એ. ... આહાહા..! ભાવનાએ ઘર ઘાલ્યા એના. પાપ બહારનું ભલે ઓછું કરે પણ ભાવનામાં તીવ્રતા મિથ્યા ભ્રાંતિ ને રાગ-દ્વેષનું રગડવું. આહાહા..! ભગવાન આત્મા વીતરાગની મૂર્તિ એનો અનાદર કરી અને રાગના આદરમાં ગૂંચીને એકાકાર થઈ ગયો. આહાહા..! એ મરતા વખતે હીરાના ઢોલિયામાં સૂતો હતો. હીરાના ઢોલિયા. ઢોલિયા સમજે? પલંગ-પલંગ. એ છેલ્લી ઘડીએ મરીને સાતમી નરકે અત્યારે રવ રવ અપરિઠાણે છે અત્યારે. હજી તો થોડા વર્ષ ગયા છે. પલ્યના અસંખ્યમાં

ભાગમાં પણ વર્ષ નથી ગયા હજી. આહાહા..! અરે..! એણે દીર્ઘ વિચાર ક્યાં કર્યા છે? આ આટલા સુખમાં આટલું દુઃખ અને આત્માના આનંદની શાંતિમાં રહેનાર, થોડી પ્રતિકૂળતા આવે તો એ જાણે, સહન કરે તો એના ફળમાં એને મોક્ષ. એક શ્વાસોશ્વાસની શાંતિ, એનું અનંત કાળનું સુખ. આહાહા..!

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, એની દૃષ્ટિ અને એનું જ્ઞાન, એના ફળમાં... આહાહા..! એક પાંચ-પચ્ચીસ વર્ષ રહે એના ફળમાં—એના એક એક શ્વાસના ફળમાં-અનંતુ આનંદનું સુખ મોક્ષનું મળે. વાત એવી છે કે સંસારમાં કેમ રખડે છે મિથ્યાત્વથી એની એને ખબર નથી. મુનિવ્રત લીધું, પંચ મહાવ્રત પાળ્યા એ તો બધા દુઃખરૂપ ભાવો છે. ભોગનું કારણ કહેશે, હમણાં ૮૪માં કહેશે. સમજાણું કાંઈ? આહાહા..! આવું સત્ય કથન સંતો દિગંબરો જ કરી શકે છે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- સમાજની જેને પડી નથી. સમાજ સમતોલ રહેશે કે નહિ? આ વાત માનતા અમને એ લોકો કેવી રીતે રહેશે? એવી જેને દરકાર નથી. આહાહા..! અરે..! શ્રદ્ધા તો કર, ભાઈ! ભગવાન આત્મા એ રાગના પરિણામથી રહિત છે અને વીતરાગભાવ સહિત છે એવી દૃષ્ટિ કર ને. એ દૃષ્ટિમાં શુદ્ધભાવ છે, એના ફળમાં અનંત મોક્ષ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો દુનિયાની દેખાદેખી. આણે આમ કરી ક્રિયા, હું આમ કરું, હું આ કરું. ઝેરના શું કહેવાય એ? હોડ-હોડ. ઓલો કહે હું રૂપિયાભાર ઝેર પીઉં, ઓલો કહે કે હું બે રૂપિયાભાર પીઉં. હોડ. હોડ-હોડ. બાઝી લગાડે.

શ્રોતા :- હરિફાઈ કરી.

ઉત્તર :- હરિફાઈ કરી શુભભાવની. ઓલો કહે, આટલા એ અપવાસ કરે તો હું આટલા કરું. રેકર્ડ તોડું, ફલાણું કરું. શું છે પણ હવે? આહાહા..! અરેરે..! એને આત્મધર્મ શું ચીજ છે? જૈનધર્મ એટલે શું ચીજ છે? આહાહા..! કીધું ને, રત્નમાં હીરો, વૃક્ષમાં ચંદન, એમ ધર્મમાં જૈનધર્મ એ ઊંચી ચીજ છે. જૈન ધર્મ કોઈ પક્ષ અને વાડો નથી. એ આત્મા વીતરાગ મૂર્તિ છે એની દૃષ્ટિ જ્ઞાન કરવું એનું નામ જૈન ધર્મ છે. આહાહા..!

'**તથા નરક કો પાતા હૈ. ઐસે અન્ય ધર્મ નામમાત્ર હૈં,...**' આવા વીતરાગી ધર્મ સિવાય બાકી નામમાત્ર બધા ધર્મ કથન કહેવા. કહેવામાત્ર છે બસ. ધર્મ છે નહિ. આહાહા..! '**ઈસલિયે ઉત્તમ જિનધર્મ હી જાનના.**' આહાહા..!

'**આગે શિષ્ય પૂછતા હૈ કિ જિનધર્મકો ઉત્તમ કહા, તો ધર્મકા ક્યા સ્વરૂપ હૈ?** ' બહુ જૈનધર્મ આપ ઉત્તમ... ઉત્તમ... ઉત્તમ... કહ્યો તો એનું સ્વરૂપ શું છે? '**ઉસકા સ્વરૂપ કહતે હૈં કિ ધર્મ ઈસપ્રકાર હૈ :—**' આહાહા..!

पूयादिसु वयसहियं पुण्णं हि जिणेहिं सासणे भणियं।
मोहक्खोहविहीणो परिणामो अप्पणो धम्मो।।८३।।

આહાહા..! 'धम्मो'

'**અર્થ :- જિનશાસનમેં જિનેન્દ્રદેવને ઈસપ્રકાર કહા હૈ કિ...** ' ભાષા દેખો! છે ને? '**जिणेहिं सासणे भणियं**'. જૈનશાસનમાં પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ, પૂર્ણ વીતરાગ અને પૂર્ણ સર્વજ્ઞ પ્રાપ્ત પરમાત્મા એણે જૈનશાસનમાં ધર્મ આ કહ્યો. આહાહા..! '**કિ પૂજા આદિકમેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હી હૈ...**' અહિંસા ને સત્ય, દત્ત ને બ્રહ્મચર્ય પાળવું, અપરિગ્રહપણે રહેવું એ બધા ભાવ તો પુણ્ય છે. આહાહા..! મહાવ્રતના ભાવ એ પુણ્ય છે. 'હી' છે ને. '**પૂજા આદિકમેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હી હૈ...** ' અહીંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળવા શુભભાવ એ પુણ્ય છે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- .. ગ્રહણ કરે છે શું? એમ કે શુદ્ધ ઉપયોગ ગ્રહણ કરે છે. મુનિ તો શુદ્ધ ઉપયોગ ગ્રહણ કરે છે. નથી જોયું? જોયું નથી? મોક્ષમાર્ગપ્રકાશક. સાધુની વ્યાખ્યા. આહાહા..!

જુઓ! અરિહંતનું સ્વરૂપ. ગૃહસ્થપણું છોડી મુનિ ધર્મ અંગીકાર કરી, નિજ સ્વભાવ સાધનમાં ચાર ઘાતિ કર્મનો નાશ કરે છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. જે વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધ ઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી. આહાહા..! ... 'શુદ્ધ ઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી.' આ તો મોક્ષમાર્ગપ્રકાશક. સાદી ભાષા છે. પંચ મહાવ્રત ગ્રહણ કરીને એમ નથી લીધું. વ્યવહારનયના શાસ્ત્રમાં એમ કે ભક્તિ અને સ્તુતિ ... આહાહા..! શુદ્ધ ઉપયોગરૂપ મુનિધર્મ. આહાહા..! એને તો અત્યારે કહે, ના. શુદ્ધ ઉપયોગ તો અત્યારે હોય નહિ. થઈ રહ્યું, તો ધર્મ ન હોય. આહાહા..!

આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું સ્વરૂપ વર્ણવ્યું છે. ટોડરમલજીએ ગૃહસ્થ સંસારમાં રહીને... એ કહે છે કે મુનિપણું એટલે શું? સાધુ અને આચાર્ય એટલે શું? શુદ્ધ ઉપયોગ એ મુનિધર્મ અંગીકાર કરી. અંતરમાં તો એ શુદ્ધ ઉપયોગ વડે પોતે પોતાને અનુભવે. આહાહા..! એ શુદ્ધભાવ, શુદ્ધ ઉપયોગથી આત્માને અનુભવ્યો અને એણે શુદ્ધ ઉપયોગને ગ્રહણ કરી એ વડે પોતાને અનુભવે છે. પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી. આહાહા..! પોતાના જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાના માને છે. પરભાવમાં મમત્વ કરતા નથી. રાગાદિ આવે એને.. આવું તો આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપણું. આ તો પંચમ આરાની વાત છે. પંચમ આરાના ગૃહસ્થ આ (વર્ણવે છે). પાઠમાં છે ને પ્રવચનસારમાં. આચાર્ય, ઉપાધ્યાય, સાધુએ પરમ શુદ્ધ ઉપયોગ ગ્રહણ કર્યો છે. પ્રવચનસારમાં પહેલી પાંચ ગાથા. આહાહા..! પરમ શુદ્ધ ઉપયોગ. આહાહા..! ટીકાકાર હજાર વર્ષ પહેલા થયા છે. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલા. એ તો એમ કહે છે કે શુદ્ધ ઉપયોગરૂપ, પરમ શુદ્ધ ઉપયોગરૂપ મુનિપણું અંગીકાર કરી. આહા..હા..! જયધવલમાં તો એમ કહે છે. પેલું આવે છે ને વીંછીયામાં બે હજારની સાલમાં. મુનિ ચોથે છેલ્લો સંથારો કરે, અરે..! મેં તો શુદ્ધ ઉપયોગ કરવો એ મેં તો પ્રતિજ્ઞા લીધી છે. આ પંચ મહાવ્રતના વિકલ્પ આવ્યા

એ તો મારું પ્રત્યાખ્યાન તૂટ્યું છે. એય..! દેવાનુપ્રિયા! આહાહા..! જયધવલ. દિગંબર સંતોની વાણી તો સિંહનાદ થયો એમ કહે છે. સિંહની ગર્જના છે. આહાહા..! અરેરે..! મેં શુદ્ધ ઉપયોગ અંગીકાર કર્યો. આહાર લેવો, આ ઉપદેશનો ભાવ આવ્યો... એ મારું .. ગ્રહણ કર્યો. જાવજીવ.. મુનિપણું અંગીકાર કર્યું. પ્રત્યાખ્યાન કરે છે. .. વાણી. આહાહા..!

.... મેં તો શુદ્ધ ઉપયોગને ગ્રહણ કર્યો. આહાહા..! અને હવે હું ફરીને પચ્ચખાણ કરું છું. ... ગજબ વાત છે ને. આહાહા..! એ દિગંબર સંતો સિવાય એ વાત સાંભળવા મળે એવી નથી. આહાહા..! સિંહની ગર્જનાઓ છે એ તો. ત્રાડ મારીને સિંહ છે આ તો. ઓહો..! આતમ રામ .. શ્રીમદ્‌માં આવે છે ને 'અહો અહો શ્રી સદ્‌ગુરુ.' 'અહો અહો શ્રી આતમરામ.' વીતરાગ મૂર્તિ પ્રભુ ઓહોહો..! એના શુદ્ધભાવને મેં તો અંગીકાર કર્યો છે. અરે..! વચ્ચે આ શું આવ્યું? ઓલા કહે, પંચ મહાવ્રત પાળે તો લાભ થાય. આ કહે પંચ મહાવ્રત ... દેવીલાલજી! એ વાણી બાપુ! એ વીતરાગી સંતો વિના એ વાણી ક્યાંય મળે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ... ઉપદેશના વાંધા ઉઠ્યા. જયધવલની વ્યાખ્યા છે. ... બે હજાર. ૯૯ની સાલનું ચોમાસું રાજકોટ કર્યા પછી. આ બાજુ આવ્યા... ઓહોહો..! કહે છે કે શુદ્ધ ઉપયોગ એ સિવાય પૂજા આદિ વ્રત સહિત તો પુણ્ય છે. એ જૈનધર્મ નહિ. આહાહા..! મંદિર બનાવવા, પરમાગમ મંદિર બનાવવા એવો જે ભાવ શુભ એ પુણ્ય છે. મૂળચંદભાઈ!

શ્રોતા :- જ્ઞાનીને ..

ઉત્તર :- આવે એ જુદી વાત છે. આવે છે, પણ એને હેયબુદ્ધિએ જાણે છે.

શ્રોતા :- ...

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિ શું સંત ગણધર જાણે. ગણધરને આવે છે શુભભાવ. જાણે કે હેય છે. એ ઉપાદેય નથી.

શ્રોતા :- એ ત્રિકાળ નથી ને.

ઉત્તર :- એ ત્રિકાળ નથી, આદર નથી. આહાહા..!

જૈનધર્મની વ્યાખ્યા ચાલે છે. કહે છે કે આ તો પુણ્ય છે. વ્રત ને એ તો પુણ્ય છે, એ જૈનધર્મ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

ઉત્તર :- દૃષ્ટિવાળાની અપેક્ષાએ વાત છે. અહીં તો હજી મિથ્યાત્વથી બચ્યો નથી ત્યાં પાપથી ક્યાંથી બચતો હતો? મિથ્યાત્વમાં જ હજી શુભ પુણ્ય છે એ ધર્મ છે (એમ માને છે) એ તો મિથ્યાત્વ છે. આહાહા..! ... નિશ્ચયનો વીતરાગભાવ તે ધર્મ છે એવું જ્યાં પ્રગટ થયું છે એને જે શુભભાવ હોય એને વ્યવહારરૂપ ધર્મ કહેવામાં આવે છે. મિથ્યાદૃષ્ટિનો શુભભાવ તો એકલું એકાંત મિથ્યાત્વનું જ કારણ છે. કારણ કે એને એ ધર્મ માને છે અને એનાથી કલ્યાણ થશે એમ માને છે. આહાહા..! અજર પ્યાલા

છે ભાઈ આ તો. એ જીરવવા.. એ સોનાના પાત્રે સિંહનું દૂધ રહે. લોઢાના પાત્રમાં નાખે તો લોઢું ફાટી જાય ફડાક દઈને. સિંહણના દૂધ તો એ સોનાના પાત્ર જ ઝીલે. એમ વીતરાગની વાણી એ શ્રદ્ધાવંત સમ્યગ્દૃષ્ટિ જ ઝીલે છે. આહાહા..! માર્ગ તો આ છે. ત્રણ કાળ ત્રણ લોકમાં જે આત્માની દશા ચૈતન્યના આનંદના કંદના આશ્રયે વીતરાગી પર્યાય થાય છે તે એક જ ધર્મ છે. બાકી 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' બીજો કોઈ માર્ગ નથી. આહાહા..!

**'મોહકે ક્ષોભસે રહિત જો આત્માકા પરિણામ વહ ધર્મ હૈ.'** મિથ્યાત્વ અને ચારિત્રના દોષ રહિત જે આત્માના પરિણામ એ ધર્મ છે. આહાહા..!

શ્રોતા :- ક્ષોભ એટલે?

ઉત્તર :- ક્ષોભ એટલે ચારિત્રદોષ, મોહ એટલે મિથ્યાત્વદોષ. ચારિત્ર રાગાદિ .. છે એ ચારિત્રદોષ છે. એનાથી રહિત આત્માના પરિણામ એ જૈનધર્મ છે. આહાહા..!

પાઠ છે ને. '**मोहक्खोहविहीणो परिणामो**'. પરિણામ તે ધર્મ છે. પરિણામ પર્યાય છે ને. આહાહા..! જૈન ધર્મ, જૈનશાસન તો પર્યાય છે. પૂરી પર્યાય. મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામરહિત પર્યાય તે જૈનધર્મ છે. આહાહા..! આ તો સભાઓ ભરે અને પછી એય.. મારે ગપ્પા. વીતરાગે આમ કહ્યું છે, વીતરાગે આ વ્યવહાર કહ્યો છે, વ્યવહારથી સાધન છે, રાગ તે સાધન છે. અને પહેલો હળવે હળવે કરતા વીતરાગતા આવે ને કાંઈ એકદમ વીતરાગતા આવી જાય? રાગ કરતા કરતા વીતરાગતા આવે. એ મારે ગપ્પા અને એ એવું મારે સરખું. સભા એમ કે આહાહા..! ભારે આવડ્યું! પૂંછ બહુ વાળે ને એટલે ભેંસ ભડકે. એમ આ બધા .. અને લોકો ખુશી થઈ જાય. કહે આહાહા..! ભારે .. છે. ઓલા તો આત્મા... આત્મા... આત્મા... એની વિશેષ વાત છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૯, શુક્રવાર તા. ૧૫-૦૨-૧૯૭૪**
**ગાથા - ૮૩, ૮૪, પ્રવચન - ૧૦૯**

આ અષ્ટપાહુડ, ભાવપાહુડ-૮૩ ગાથા. '**ભાવાર્થ :- લૌકિક જન તથા અન્યમતી કઈ કહતે હૈં કિ પૂજા આદિક શુભ ક્રિયાઓમેં ઔર વ્રતક્રિયાસહિત હૈ વહ જિનધર્મ હૈ,..**' પૂજા, વ્રતાદિ ધર્મ છે એમ કેટલાક અજ્ઞાની જૈનમાં રહેલા અને અન્યમાં રહેલા કહે છે.-એ વાત જૂઠી છે.

શ્રોતા :- કુંદકુંદાચાર્યના વખતમાં...

ઉત્તર :- બધા હશે. અનાદિથી ચાલે છે. આહાહા..! જિનેન્દ્રદેવ એમ કહે છે કે પૂજા ને વ્રત, તપ એ બધો શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ.

**'શુભ ક્રિયાઓંમેં ઔર વ્રતક્રિયાસહિત હૈ વહ જિનધર્મ હૈ, પરંતુ ઐસા નહીં હૈ. જિનમતમેં જિનભગવાનને ઈસપ્રકાર કહા હૈ કિ—પૂજાદિકમેં ઔર વ્રતસહિત હોના હૈ વહ તો પુણ્ય હૈ,...'** ઓહો..! બાર વ્રત, પંચ મહાવ્રત, ભગવાનની પૂજા એ તો બધો પુણ્યભાવ છે એમ જિનેશ્વરદેવે કહ્યું છે. **'ઈસમેં પૂજા ઔર આદિ શબ્દસે ભક્તિ,...'** ભગવાનની ભક્તિ, ભગવાનની પૂજા, ભગવાનનું નામ સ્મરણ એ બધો ભાવ પુણ્ય છે. **'વંદના,...'** દેવ-ગુરુ-શાસ્ત્રની વંદના. આહાહા..! એ બધો પુણ્યભાવ છે, ધર્મ નહિ. **'વૈયાવૃત્ય...'** સંતોની, ધર્માત્માની વૈયાવૃત્ય કરવી એ પણ એક શુભભાવ પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..! અત્યારે તો જગતમાં એ ચાલ્યું છે બધું (કે) પૂજા ને ભક્તિ ને વંદન ને વૈયાવૃત્ય ને એ બધો ધર્મ છે. જિનેશ્વરદેવ એને પુણ્ય કહે છે, ધર્મ નહિ.

**'વહ તો દેવ-ગુરુ-શાસ્ત્રકે લિયે હોતા હૈ...'** એમ કહે છે. પરદ્રવ્ય જે દેવ, ગુરુ અને શાસ્ત્ર પર વસ્તુ છે એને માટે વંદન, ભક્તિ, વૈયાવૃત્ય આદિ છે. એથી પરદ્રવ્યને આશ્રયે કરાય એ ભાવ ધર્મ નહિ. દેવ, ગુરુ અને શાસ્ત્ર એ પરદ્રવ્ય છે. એની ભક્તિ, એનું વંદન, એની વૈયાવૃત્ય, એની પૂજા એ બધો ભાવ શુભ છે, ધર્મ નહિ.

શ્રોતા :- શુભ છે ને.

ઉત્તર :- શુભ એટલે પુણ્ય છે. એ પુણ્ય છે એટલે ધર્મ નહિ. આહાહા..! એ તો અનંત વાર એવા પુણ્ય કર્યા, પણ એનાથી કાંઈ ધર્મ થતો નથી.

એ કર્યો ખુલાસો **'દેવ-ગુરુ-શાસ્ત્રકે લિયે હોતા હૈ...'** વંદના, વૈયાવૃત્ય, ભક્તિ, પૂજા. **'ઉપવાસ આદિક વ્રત હૈં વહ શુભક્રિયા હૈ,...'** અપવાસ કરે એ તપ છે, શુભભાવ છે. તપ એટલે ધર્મ નથી. આહાહા..! **'વહ શુભક્રિયા હૈ, ઈનમેં આત્માકા રાગસહિત શુભપરિણામ હૈ...'** આહાહા..! એ તો એક રાગભાવ છે, પુણ્યભાવ છે. આત્માના કલ્યાણનું કારણ એ નથી. આહાહા..! **'ઉસસે પુણ્યકર્મ હોતા હૈ ઈસલિયે ઈનકો પુણ્ય કહતે હૈં. ઈસકા ફલ સ્વર્ગાદિક ભોગોંકી પ્રાપ્તિ હૈ.'** આહાહા..! ભગવાનની ભક્તિ, પૂજા, વંદન, વૈયાવૃત્ય અને વ્રત એનું ફળ તો સ્વર્ગમાં ભોગ મળે કાં શેઠિયા ધૂળના થાય. એવું મળે. એમાં કાંઈ આત્મા મળે નહિ. આહાહા..!

શ્રોતા :- અનાદિથી માનતા હોય તો ખોટું થઈ ગયું?

ઉત્તર :- અનાદિથી માને છે એ મૂઢતા છે એમ કહે છે. વ્રત કરવા ને તપ કરવા ને ભક્તિ ને પૂજા હો, પણ છે એ પુણ્ય. સંવર અને નિર્જરા કલ્યાણનું કારણ, ભવના અભાવનું કારણ એ નહિ. આહાહા..! જેમાં ભવ મળે એ કલ્યાણનું કારણ ન હોય. ઝીણી વાત છે, ભાઈ! જિનેશ્વરદેવ કેવળી

પરમાત્માએ ધર્મ કહ્યો એ સૂક્ષ્મ છે. અપૂર્વ છે, સૂક્ષ્મ છે. માથે આવી ગયું હતું ને. '**भाविभवमहणं**' ધર્મ તો એને કહીએ કે જેમાં ભવિષ્યના ભવનો નાશ થાય. ભવિષ્યમાં ભવ મળે એ ધર્મ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એના પછી આ વાત લીધી છે ને? ૮૨ પછી. '**भाविभवमहणं**'.

શ્રોતા : ભવનો નાશ થાય.

ઉત્તર :- એનો નાશ, ભવનો નાશ કરે એનું નામ ધર્મ. ભવને ઉપાર્જે એનું નામ ધર્મ નહિ. આહાહા..! ભવભ્રમણ ઉત્પન્ન થાય એ બધો ભાવ પુણ્ય અને શુભ છે. ભવનો અભાવ થાય એવા ભાવને ધર્મ કહે છે. આહાહા..!

'**ईसका फल स्वर्गादिक...**' એટલે કે પુણ્ય બાંધે, એનાથી સ્વર્ગ મળે, કાંઈક બાકી રહ્યા હોય તો આ શેઠિયા થાય ધૂળના—પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ ધૂળના ધણી થાય. ભગવાનજીભાઈ! નથી આવ્યા શેઠ? તાવ આવે છે? આવ્યા નથી. ઓહોહો..! ધર્મ કોને કહીએ? '**मोहके क्षोभसे रहित आत्माके परिणामको धर्म समजीये.**' આહાહા..! મિથ્યા શ્રદ્ધાથી રહિત સમ્યગ્દર્શન અને પુણ્ય પરિણામથી રહિત સ્થિરતા એ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ '**मोहके क्षोभसे...**' મોહ અને ક્ષોભ બે. '**आत्मा के परिणाम...**' વીતરાગી પરિણામ. મિથ્યા શ્રદ્ધાથી રહિત સમ્યગ્દર્શનના પરિણામ અને રાગથી રહિત સ્થિરતા શાંતિના પરિણામ. આ ધર્મ છે. આહાહા..! કહો, શાંતિભાઈ! શું અત્યાર સુધી આ બધું કર્યું? વ્રત ને અપવાસ ને નિયમ ને ભક્તિ ને પૂજા એ બધું પુણ્ય છે, ધર્મ નહિ એમ કહે છે. પંડિતજી! આહાહા..! અને આ લોકસેવા કરીએ છીએ લોકમાં. ધૂળેય નથી સાંભળને. આહાહા..!

શ્રોતા :- રાગની સેવા તો કરે છે.

ઉત્તર :- રાગની સેવા કરે છે એ તો. કહો, ગામ-ડાહ્યા હોય ને એ ગામની સેવા કરે. ભવ બાંધે. ભવમાં રખડે એમ કહે છે અહીં તો.

શ્રોતા :- હુશિયાર હોય તો મોટા કહેવાય.

ઉત્તર :- મોટા એટલે શું? આહાહા..! નવો ખાટલો કાથીનો કરે ને ત્યારે કૂતરાને બેસાડે પહેલા માથે. ખબર છે? કાથી કાથી. નવો ખાટલો બનાવે ને તો પહેલા એમાં કૂતરાને બેસાડે. કેમ કે પોતે પહેલા બેસે તો ઠાઠડી કહેવાય. મરી જાય. એટલે કૂતરો પહેલા બેસાડે. વચમાં નાખે પાછો રોટલો. ખૂણે બહાર રાખે તો કૂતરો ઊભો ઊભો ખાય. મધ્યમાં નાખે રોટલો. અમે તો જોયું છે ને, બધું જોયું છે અમારા ગામમાં. રોટલો મધ્યમાં નાખે અને કૂતરો ઉપર ચડીને ખાય પછી ખાટલો વાપરવામાં આવે. તો મોટો હશે એ? કહો, એમ આ દુનિયામાં મોટા માને એ ખાટલે બેઠા કૂતરા રોટલા ખાય એવા છે એ. ..ભાઈ! નથી? આપણે ગામડામાં એ થાય છે. નવો ખાટલો ભરે ને, ન સૂવે, પહેલા માણસ ન સૂવે. કૂતરાને રોટલો નાખીને...

શ્રોતા :- સીંદરીનો હોય તો, કાથીનો હોય તો વાંધો નહિ.

ઉત્તર :- આ તો કાથીની વાત છે ને. કાથીનો હોય ને ઓલો કાથી. ઠાઠડીમાં કાથી બાંધે ને. કાંઈ ઓલી બાંધે છે? શું કહેવાય? પાટી. ઠાઠડીમાં કાંઈ પાટી ન બાંધે નનામીમાં. કાથી બાંધે. એટલે આ કાથીનો હોય. આહાહા..! એટલે કૂતરો મોટો થઈ ગયો ઘરમાં? સૌથી પહેલા એને સૂવાડે અને ખવરાવે એટલે મોટો થઈ ગયો? આહાહા..!

કહે છે... ભગવાન ત્રિલોકનાથ, તીર્થંકરદેવ પરમેશ્વર એમ ફરમાવે છે કે જે '**મોહકે ક્ષોભસે રહિત આત્માકે પરિણામકો...**' આહાહા..! સ્વદ્રવ્યને આશ્રયે થયેલા ભાવ. એ પૂજા, ભક્તિ, વ્રત, તપ તો પરને આશ્રયે થયેલા ભાવ છે. એની દિશા પર ઉપર દશા છે. આહાહા..! પણ આત્મા પરમ આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ એનો આશય લઈને જે વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી શાંતિ નામ સ્થિરતા, એ મોહ, ક્ષોભરહિત પરિણામને ભગવાને ધર્મ કહ્યો છે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- બધા આત્માની એ શક્તિ કેમ નથી? આત્માની શક્તિ બધામાં છે. પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ છે. આહાહા..! વીતરાગસ્વભાવથી ભરેલું તે તત્ત્વ છે. એ જ આ આત્મા કરી શકે છે. આહાહા..!

'**મિથ્યાત્વ તો અતત્ત્વાર્થશ્રદ્ધાન હૈ,...**' એનાથી રહિત કહેવું છે ને. પુણ્યના ભાવ એ ધર્મ છે એમ માનવું એ મિથ્યાત્વ છે. આહાહા..! એ પૂજા, વ્રત, ભક્તિ, વૈયાવૃત્ય, વંદન એ ધર્મ છે એમ માનવું એ મિથ્યાત્વ છે. '**ક્રોધ-માન-અરતિ-શોક-ભય-જુગુપ્સા યે છહ દ્વેષપ્રકૃતિ હૈ...**' ક્ષોભથી રહિત કહેવું છે ને. '**ક્રોધ-માન-અરતિ...**' ક્રોધ, માન એ દ્વેષમાં જાય છે. '**અરતિ-શોક-ભય-જુગુપ્સા...**' એ દ્વેષમાં જાય છે. '**ઔર માયા, લોભ,...**' એ રાગમાં જાય છે. '**હાસ્ય, રતિ યે ચાર તથા પુરુષ, સ્ત્રી, નપુંસક યે તીન વિકાર, ઐસી સાત પ્રકૃતિ રાગરૂપ હૈ.**' આહાહા..! લોભમાં ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો લોભ એટલે રાગ એ બધું વિકારમાં જાય છે એમ કહે છે. આહાહા..! જન્મ-મરણરહિત થવાનો ઉપાય તો અલૌકિક હોવો જોઈએ ને. આ મોટા કહેવાય... ગીરધરભાઈ! લ્યો એ કાર્યકર્તા ત્યાં વઢવાણમાં મોટા કહેવાય.

શ્રોતા :- એ તો ...

ઉત્તર :- એ તો સારું થયું ન ફાવ્યા. નહિતર સલવાઈ જાત. આહાહા..!

શ્રોતા :- તે દિ' ન છૂટ્યા તો આજ છૂટી ગયા.

ઉત્તર :- હવે એવા બધા પ્રસંગ આવ્યા જુઓને આ બધા. રાજીનામા આપવા પડે છે. આહાહા..!

અહીં તો એમ કહે છે કે પુણ્ય અને પાપના ભાવ જે વિકાર, એને ધર્મ માનવો, શરીરની ક્રિયા મારાથી થાય છે, પરનું કામ મારાથી થાય એમ માનવું એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વથી રહિત એવો જે આત્માનો સમ્યગ્દર્શનભાવ એ ધર્મ છે. આહાહા..! સમ્યક્ એટલે આત્મા પૂર્ણ શુદ્ધ આનંદઘન,

એની સાચી પ્રતીત નિર્વિકલ્પ અંદર થવી એ સમ્યગ્દર્શન એ ધર્મ છે. એ કહ્યું હતું ને (સંવત) ૨૦૧૦ની સાલમાં એ. વીરચંદ વોરા બોટાદમાં. દેવ-ગુરુ-શાસ્ત્ર, દેવ-ગુરુ તો બધા શુદ્ધ છે. એ શુદ્ધ પર કહેવાય? લ્યો! ૨૦૧૦ની સાલમાં. હરજીવનભાઈ હતા વ્યાખ્યાનમાં. મ્યુનિસિપાલિટીમાં હતા. બોટાદ નહિ? વ્યાખ્યાન ચાલતું હતું ને. તે દિ' હરજીવનભાઈએ એક પ્રશ્ન કરેલો કે, મહારાજ! આ પૈસા વિના કાંઈ ચાલે? એમ પ્રશ્ન કરેલો. ૨૦૧૦ની સાલની વાત છે. વીસ વર્ષ થયા. પૈસા-પૈસા પૈસા વિના ચાલે? કીધું, પૈસાનો અભાવ છે ત્યારે જ આત્મા નભે છે. આત્મા આત્માપણે છે અને પૈસાપણે નથી. ૨૦૧૦ની સાલની વાત છે. મ્યુનિસિપાલિટીમાં વ્યાખ્યાન ચાલતું હતું ને ત્યારે. એકાદ વાર તો આવ્યા હશો તમે. એકાદ વાર આવ્યા હશો. બહુ તો આવે નહિ.

શ્રોતા :- આપનો ..

ઉત્તર :- અહીં તો કહે છે... એ વાતનું શું અહીં કામ છે?

અહીંયાં તો કહે છે ભાઈ! પૈસા હોય તો શાક મળે એમ ક્હે છે માણસ.

શ્રોતા :- પણ પૈસા હોય તો જ મકાન બંધાય ને.

ઉત્તર :- મકાન પૈસા હોય તો બંધાય.

શ્રોતા :- એ તો દેખીતી વાત છે. રોજ બીલ ચુકવવા પડે.

ઉત્તર :- પણ છોકરા પાસે પૈસા નથી અને મકાન તો થાય છે. એનો છોકરો હોય બે વર્ષનો, આઠ વર્ષનો, દસ વર્ષનો. લ્યો એની પાસે પૈસા છે? તો મકાન તો થાય છે. એ તો મકાનનું થવું તો પરને લઈને, જડને લઈને છે. એ શું આત્માને લઈને છે? આત્મા મકાન બનાવી શકે છે? આહાહા..! અને આત્મા એ મકાનમાં રહી શકે છે? આત્મા તો પોતામાં રહેલો છે. આહાહા..! જડમાં ક્યાં રહે એ? આહાહા..! અહીં તો આ પુણ્ય પરિણામમાં પણ આત્મા રહે એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા..! ભગવાન આત્મા તો પુણ્ય અને પાપના પરિણામ વિનાની ચીજ (છે), એની જે અંતર સમ્યગ્દર્શન દશા કરવી અને આવા રાગ-દ્વેષના પરિણામથી રહિત (દશા થવી તે ધર્મ છે).

'**ઈનકે નિમિત્તસે આત્માકા જ્ઞાન-દર્શનસ્વભાવ વિકારસહિત,...** ' દેખો! અતત્ત્વશ્રદ્ધાન અને આ રાગ અને દ્વેષ. એના કારણે '**આત્માકા જ્ઞાન-દર્શનસ્વભાવ વિકારસહિત,...**' હોય છે. '**ક્ષોભરૂપ,...**' હોય છે. આહાહા..! એ પૂજા, ભક્તિ, વ્રત, તપનો ભાવ એ ક્ષોભરૂપ ભાવ છે એમ કહે છે. આહાહા..! વૃત્તિનું ઉત્થાન થાય છે, અંદર શાંતિમાંથી વૃત્તિનું ઉત્થાન થાય છે, વ્રત, તપ ને પૂજા, ભક્તિ. આહાહા..! એણે આત્મા અને આત્માનો ધર્મ શું એ વાતમાં દરકાર કરી જ નથી એણે. એમ ને એમ જિંદગી બહારમાં (પૂરી કરે). ક્યાં બહારના પૈસા રળે, છોકરા મોટા થાય, પરણાવે, મોટા કર્યા ને હવે અમે સરખાઈમાં આવ્યું છે. ધૂળેય સરખાઈ નથી. મરી ગયો છો સાંભળને. આહાહા..! જીવનને મારી નાખ્યું છે. આહાહા..! ચૈતન્યના જીવન આનંદ અને જ્ઞાનથી હોવા જોઈએ એને ઠેકાણે

આવા રાગ-દ્વેષથી જીવન જીવ્યા એ તો પોતાની શાંતિના જીવનનું ખૂન કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! બહારની મોટપ અને એની દુનિયામાં અધિકાઈ દેખાય એટલે મેં કાંઈક કર્યું છે. મૂઢ છો.

ભગવાન આત્મા એવા વિકારી પરિણામથી રહિત અને સ્વરૂપના આનંદથી સહિત એવી જે અંતરમાં દૃષ્ટિ અને સ્થિરતા થવી એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? એ ચળાચળ પરિણામ છે. આહાહા..! અસ્થિર છે એમ કહે છે. શુભ, અશુભ પરિણામ ક્ષોભ. આહાહા..! અશુભ અને શુભ બેય પરિણામ ચળાચળ-અસ્થિર છે, ક્ષોભ છે. ભગવાન આત્મા શાંત આનંદની મૂર્તિ પ્રભુ છે. આહાહા..! એવા આત્માના દર્શન જેણે કર્યા નથી અને આ પુણ્ય અને પાપની ક્રિયા મારી, ધર્મ મારો એમ માન્યું છે એ બધા મોહવાળા અને પુણ્ય પરિણામ કરે છે એ બધા ક્ષોભવાળા છે. આહાહા..! આકરી વાતું ભારે લાગે. અરે..! જન્મ-મરણથી રહિત થવું બાપુ એ કાંઈ વાત. ચોર્યાસીના અવતારમાં રખડીને મરી ગયો છે. આહાહા..! અહીં પાંચ, બે પાંચ કરોડનો શેઠિયો ગણાતો હોય એ મરીને નરકમાં જાય. આહાહા..! નરકમાં જઈને પોઢે. આહાહા..! એની પીડાની શું વાતું! એ બધા જન્મ-મરણના વિકારના દુઃખો એનાથી રહિત થવાનો માર્ગ તો અલૌકિક છે.

કહે છે કે એ મિથ્યાશ્રદ્ધા અને આવા વિકારી પરિણામ એનાથી '**જ્ઞાન-દર્શનસ્વભાવ વિકારસહિત,...**' થાય છે. ભગવાન આત્માનો તો દેખવાનો, જાણવાનો સ્વભાવ છે. એમાં આવા પરિણામ છે એ તો એને વિકારસહિત કરે છે. આહાહા..! એ જાણનાર-દેખનાર ભગવાન છે. એવા સ્વભાવમાં આવી વિપરીત માન્યતા અને રાગ-દ્વેષનો ક્ષોભ, રાગ-દ્વેષ બેય ક્ષોભ છે... આહાહા..! એને વિકારસહિત કરી નાખે છે. આહાહા..! સાકરમાં ઝેર ભેળવે છે કહે છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ એમાં પુણ્ય અને પાપના ભાવ કરીને મિથ્યાશ્રદ્ધા કરીને એને ઝેરમય કરી નાખે છે. આહાહા..! દુનિયા સાથે મેળ ખાય એવું નથી ભાઈ!

'**ક્ષોભરૂપ, ચલાચલ, વ્યાકુલ હોતા હૈ ઈસલિયે ઈન વિકારોંસે રહિત હો...**' દેખો! '**વિકારોંસે રહિત હો...**' તત્ત્વ શ્રદ્ધાનથી વિપરીત શ્રદ્ધાન એનાથી રહિત હો અને ક્ષોભ પરિણામથી રહિત હો '**તબ શુદ્ધદર્શનજ્ઞાનરૂપ નિશ્ચય હો...**' આહાહા..! ત્યારે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ છું, એવા શુદ્ધ દર્શન અને શુદ્ધ જ્ઞાનરૂપ '**નિશ્ચય હો વહ આત્માકા ધર્મ હૈ.**' આહાહા..! આત્મા તત્ત્વાર્થ શ્રદ્ધાનથી રહિત અને રાગદ્વેષના ક્ષોભ પરિણામ રહિત એવું જે આત્માનું શુદ્ધ સ્વરૂપ, એવા શુદ્ધ દર્શન-જ્ઞાનનો નિશ્ચય એનું નામ ધર્મ. આહાહા..! શું છે? આત્મા જ્ઞાન અને દર્શન સ્વરૂપ છે. એનું જ્ઞાન-દર્શન સ્વરૂપનું જ્ઞાનદર્શનપણે રહેવું એનું નામ ધર્મ છે. એ જ્ઞાન-દર્શનમાં વિપરીત શ્રદ્ધા અને ક્ષોભનું થવું એ અધર્મ છે.

શ્રોતા :- ...

ઉત્તર :- પરનો ત્યાગ-ગ્રહણ છે જ નહિ એમાં.

શ્રોતા :- એ બતાવે છે કે..

ઉત્તર :- રાગનો અભાવ છે એમાં. (એવો) સ્વભાવ જ છે એનો. પરવસ્તુનો ત્યાગ કરવો અને પરવસ્તુને ગ્રહણ કરવું એ વસ્તુના સ્વરૂપમાં જ નથી. આહાહા..! પરનો શું ત્યાગ કરે? ત્યાગ જ છે, અભાવ જ છે. આહાહા..!

'**ઈસલિયે ઈન વિકારોંસે રહિત હો...**' વિકાર શબ્દે મિથ્યાશ્રદ્ધા વિકાર એનાથી રહિત હો અને રાગદ્વેષના ક્ષોભ પરિણામથી રહિત હો '**શુદ્ધદર્શનજ્ઞાનરૂપ...**' શુદ્ધ દર્શન અને શુદ્ધ જ્ઞાન, જ્ઞાતા-દૃષ્ટા એવો અંતરના અનુભવમાં નિર્ણય હો એ ધર્મ છે. આહાહા..! કેટલાએ તો સાંભળ્યું ન હોય આ. એય..! શાંતિભાઈ! બધા કંઈક ને કંઈક ગપ્પા માર્યા હોય. એય..! અમે આમ સેવા કરીએ છીએ, અમે સંસ્થામાં ધ્યાન રાખીએ છીએ, આટલી આટલી સંસ્થામાં અમારો અધિકાર છે. એય..! લખુભાઈ! આહાહા..! બહારમાં અધિકાર છે ને તારો? અંતરમાં નહિ ને?

શ્રોતા :- સંભળાવવાવાળા નથી.

ઉત્તર :- એની પાત્રતા ન હોય તો સંભળાવનાર મળે પણ નહિ. આહાહા..! પાત્ર હોય તો ભગવાન બિરાજે છે સાક્ષાત્ ત્યાં કેમ ન જાય? ત્રિલોકનાથ બિરાજે છે મહાવિદેહમાં. આહાહા..! હાજરાહજૂર. હાજરાહજૂર કેવળી પરમાત્મા છે. અમારા કુંવરજીભાઈ લખતા. ઓલા હૈદરશાહ છે ને અહીં? ચોપડીમાં લખે હેદરશાહ હાજરાહજૂર. દુકાનમાં ત્યાં લખેલું. ખુશાલભાઈ કહે, આપણે આવું ન હોય.

શ્રોતા :- દિવાળીમાં નવો ચોપડો લખે.

ઉત્તર :- ચોપડામાં પહેલું નામ લખે. હેદરશાહ છે ને અહીં? પાલિતાણે નહિ? આની કોર ભૈરવનું મંદિર છે અને આમ હૈદરશાહનું. એના માનનારા બધા હતા કુંવરજીભાઈ ને ફાવાભાઈ. ત્યારે તો રોટલા પણ નહોતા સરખા, માનતા હતા એના બાપ ને એ બધા. અત્યારે તો પૈસા થઈ ગયા લ્યો! હૈદરશાહને માનતા હતા એ છોડી દીધું હવે તો. અહીંનું થયું ને. પૈસા થઈ ગયા જુઓ અત્યારે એને. સુરતવાળાને પચ્ચીસ લાખ. એના બાપ-દાદાને કોઈ દિ' થયા નહિ હોય પચ્ચીસ હજાર રૂપિયા.

શ્રોતા :- .. ચમત્કારી લાગે ને.

ઉત્તર :- પણ આ તો દુનિયામાં બહારમાં કહે ને કે ઓહોહો.. પચ્ચીસ લાખ! પણ ધૂળમાંય નથી ત્યાં હવે. પચ્ચીસ લાખ શું તારા પચાસ લાખ હોય તો આ કાંકરા છે જગતના. આહાહા..!

કહે છે, એ પૈસાવાળો, રાગવાળો, દીકરાવાળો, બાયડીવાળો, આબરૂવાળો એ બધા વાળા વળગ્યા છે એને. ભગવાન એના વિનાની ચીજ છે. આહાહા..! જેમાં રાગ પણ નથી, પુણ્ય પણ નથી, પાપ પણ નથી, ભ્રમણા નથી એવી જે ભ્રમણારહિત અને અસ્થિરતા રહિત એવી આત્માની શ્રદ્ધા અને શાંતિ એનું નામ ભગવાન ધર્મ કહે છે. આહાહા..! દુનિયા માને, ન માને સત્‌ને સંખ્યાની જરૂર

નથી. સત્‌ને સત્‌ના સ્વભાવની જરૂર છે.

**'શુદ્ધદર્શનજ્ઞાનરૂપ નિશ્ચય હો...'** આહાહા..! એ પુણ્ય અને પાપ મિથ્યાશ્રદ્ધા રહિત શુદ્ધ દર્શન-જ્ઞાનમય આત્મા એનો નિર્ણય હો એ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઈસ ધર્મસે આત્માકે આગામી કર્મકા આસ્રવ રુકકર...'** શુદ્ધ જ્ઞાન અને દર્શન મારું રૂપ છે. હું પુણ્ય અને પાપના વિકલ્પ અને શરીર, કર્મથી રહિત છું. એવો જે ભગવાન આત્મા એનો જ્ઞાન-દર્શનનો અંતર નિર્ણય, એ આગામી કર્મના આસ્રવને રોકે છે. ભવિષ્યમાં બંધ થાય એવા આસ્રવને એ ઉત્પન્ન થવા દેતું નથી. આહાહા..! **'ઔર પહિલે બંધે હુએ કર્મોંકી નિર્જરા હોતી હૈ.'** ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર દર્શનજ્ઞાનમય એવો જે નિશ્ચયનો અનુભવ, એનાથી નવા કર્મ આવતા નથી અને જૂના કર્મ ટળી જાય છે. આહાહા..! કહો, આનું નામ ધર્મ છે. આનું નામ જૈન ધર્મ. **'સંપૂર્ણ નિર્જરા હો જાય તબ મોક્ષ હોતા હૈ...'** શુદ્ધ દર્શનજ્ઞાનના નિશ્ચયની સ્થિરતામાં પૂર્ણ સ્થિરતા થતા બધા કર્મનો અભાવ થતાં મોક્ષ થાય છે. આહાહા..! એ ધર્મ.

હવે એ જીવને **'એકદેશ મોહકે ક્ષોભકી હાનિ હોતી હૈ...'** સમ્યગ્દૃષ્ટિ જીવને જ્ઞાન ને દર્શન ને આનંદ મારું રૂપ એવો જે અનુભવનો નિર્ણય, એની ભૂમિકા તે ધર્મની છે. એને જ્યારે શુભભાવ થાય છે, એને શુભભાવ થાય છે એથી **'મોહ કે ક્ષોભકી હાનિ હોતી હૈ ઈસલિયે શુભપરિણામકો ભી ઉપચારસે ધર્મ કહતે હૈં...'** આવા જીવને શુદ્ધ જ્ઞાનદર્શનઘન પ્રભુ, એના પરિણામ જે વીતરાગી થયા તે ધર્મ. એ જીવને શુભભાવ થાય એમાં તીવ્ર ક્ષોભતાનો અભાવ છે તેથી શુભભાવને ઉપચારે ધર્મ કહેવાય. ખરેખર એ ધર્મ છે નહિ. અજ્ઞાનીને તો શુભભાવમાં ઉપચારે પણ ધર્મ કહેવાય નહિ. સમજાણું કાંઈ? આવી વાતું. આહાહા..! અરે..! ચોર્યાસીના અવતાર રખડી રખડી... આહાહા..! એ દેહ છોડે ત્યારે તરફડિયા મારે. એકમેક કર્યું છે ને, રાગ અને શરીર તે હું. પણ હું અશરીરી અને અરાગી એવો જેણે અંતરમાં નિર્ણય અને અનુભવ તો કર્યો નથી. આહાહા..! એ શરીર છૂટવા ટાણે... આહાહા..! હાલક-વિલક હાલક-વિલક (થાય). ધર્મની તો ખબર નથી.

એક જણો પૂછતો હતો કે મહારાજ! અત્યારના ધર્મી તરફડિયા મારીને મરે એ સમાધિમરણ? એમ પૂછતો હતો. અત્યારના ત્યાગીઓ. અત્યારના ત્યાગીને દૃષ્ટિની ખબર નથી અને મરે ત્યારે તરફડિયા મારે. એ પૂછતો હતો દિગંબર શ્રાવક. કીધું, બાપુ! શું કહીએ? આહાહા..! હજી તો દૃષ્ટિની ખબર નથી એ તરફડિયા જ મારે. એ તો મિથ્યાત્વસહિતના અસમાધિમરણ છે. અસમાધિ. ભલે ક્ષુલ્લક હો કે સાધુ હો. આહાહા..! જેને રાગ અને શરીરથી ભિન્ન ભગવાન અરાગી અને અશરીરીની શ્રદ્ધાની, જ્ઞાનની ખબર નથી, એ તો એ તરફડિયા જ મારે મરતા. એ મરણ સમાધિ ક્યાં છે? એ તો અસમાધિ છે. આહાહા..! કેટલાક તો આઠ આઠ દિ' સુધી અસાધ્ય થાય. લ્યો! પછી દેહ છૂટે.

**'ઔર જો કેવલ શુભપરિણામ હી કો ધર્મ માનકર સંતુષ્ટ હૈ...'** આવા સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ

આત્મા પવિત્રના ભાનમાં જે ધર્મદશા થઈ એને જે આ શુભ પરિણામ છે એને ઉપચારે ધર્મ કહેવામાં આવે છે. પણ '**જો કેવલ શુભપરિણામ હી કો ધર્મ માનકર સંતુષ્ટ હૈ...**' એ પુણ્ય ને પૂજા ને ભક્તિ ને વ્રત ને તપ એ ધર્મ છે. '**ઉનકો ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...**' એને ધર્મની પ્રાપ્તિ છે નહિ. આહાહા..! અને આ શુભ કરીએ છીએ, શુભ કરતા કરતા નિશ્ચય થશે એ મિથ્યાદષ્ટિને ધર્મની પ્રાપ્તિ નથી. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- આ નથી આવતા હમણાં? ઠીક નહિ હોય. નહિ આવતા હોય. કેમ નથી આવતા? જે માંડવે પરણ્યા હતા એ માંડવે એનો ધણી મરી ગયો હતો. ... પંદર દિ'એ. માંડવો હોય ને માંડવે એના લગ્ન કર્યા. એમાં બોટાદ ગયા. બોટાદ પરણાવ્યા હતા કામદારમાં. (સંવત) ૧૯૬૬ની વાત છે લગભગ ૬૬-૬૬. ૧૯૬૬, ત્યાં જઈને પ્લેગ થયો. અહીં લાવ્યા. એ જે માંડવો હતો ત્યાં મડદું કાઢ્યું. મરી ગયા. આહાહા..! એવા મરણો અનંતવાર કર્યા છે અનાદિ ભવમાં. ભૂલી ગયો. પણ જરી કાંઈક બહાર મળે, શરીર ઠીક મળે, કાંઈક આવું મળે ત્યાં ભૂલી ગયો. થઈ રહ્યું જાઓ. આહાહા..!

કહે છે કે તું ભગવાનને ભૂલ્યો છો. ત્રિલોકનાથ ચૈતન્યમૂર્તિ ભગવાન એનો તો તેં આશ્રય અને એને તો માન આપ્યું નથી અને તેં પુણ્ય અને પાપના ફળને અને પુણ્ય-પાપને માન આપ્યું. મરી ગયો છો ચોર્યાસીના અવતારમાં હેરાન-હેરાન થઈને. સમજાણું કાંઈ? એકલા શુભભાવ—પૂજા, ભક્તિ, તપ ને વ્રત ને કરીને સંતોષ માને (કે) આટલું તો આપણે કર્યું. આ અશુભભાવ ટાળીને શુભભાવ કર્યો. પણ અશુભભાવ તો ખરો અશુભભાવ તો મિથ્યાત્વભાવ છે. એ શુભભાવથી ધર્મ થશે એ જ અશુભભાવ છે પહેલો. આહાહા..! એ તો મિથ્યાત્વ છે. એની તો ખબર નથી.

શ્રોતા :- શાસ્ત્રના પાઠી...

ઉત્તર :- એ શાસ્ત્રના પાઠી ઓલા મઠમાં રહે અને શાસ્ત્રના પાઠી પણ મૂર્ખ છે. નથી આવ્યું? આવ્યું છે ક્યાંય? ક્યાં? યોગસાર-યોગસાર. યોગસાર. શાસ્ત્રપાઠી શું કરે? શાસ્ત્રના ભણતર. પત્થરની શિલા ઉપર શાસ્ત્ર કોતરે, એ પાણીમાં મૂકે તો તરતી નહિ હોય? શાસ્ત્ર લખ્યા છે એમાં સમયસાર. આરસપહાણની શિલા ઉપર સમયસાર કોતરે. પાણીમાં મૂકે તો તરે કે નહિ? (ન તરે). એમ શાસ્ત્રના ભણતર ભણ્યા, પણ આત્મા કોણ છે એને જાણ્યો નહિ, એ બોજાવાળા ચાર ગતિમાં રખડવાના, પાણીમાં બૂડવાના છે એ. ભવજળમાં બૂડવાના છે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- બસ લ્યો ઠીક! આ નારદ આવ્યા. કાળલબ્ધિનો અર્થ શું? પોતે પુરુષાર્થ કર્યો નથી માટે કાળલબ્ધિ પાકી નથી. એમ છે ત્યાં. કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય? કાળલબ્ધિનું જ્ઞાન આ કાળલબ્ધિ પાકી કે નથી પાકી એનું જ્ઞાન કોને થાય? એ સ્વભાવ સન્મુખ થાય એને કાળલબ્ધિનું જ્ઞાન થાય.

એય..! આહાહા..! નારદ છેને નારદ છે એ. પ્રશ્ન નારદ ઠરાવ્યા છે એ બરાબર ઠરાવ્યા છે કે નહિ? કાળલબ્ધિ આ કહેવાય. પર્યાયમાં ધર્મની પ્રાપ્તિ થાય એને કાળલબ્ધિ કહેવાય. એને ધર્મનું જ્ઞાન થતાં એને કાળલબ્ધિનું જ્ઞાન સાચું થાય. આ બધી વાતું કરવી છે એને? એ તો આવે છે ને, 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.' એમાં આવે છે કે નહિ? એના પહેલા શું આવ્યું? ભવસ્થિતિ આદિ. એના પહેલા.

શ્રોતા :- કરો સત્ય પુરુષાર્થ.

ઉત્તર :- પણ એના પહેલા શું? એના પહેલા બે પદ.

શ્રોતા :- જો ઈચ્છો...

ઉત્તર :- બસ ઈ, ઈ.

જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ,
ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ આત્માર્થ.

દેવાનુપ્રિયા! અમારે ભવસ્થિતિ છે અને અમારે આ કાળ (પાક્યો નથી એમ કરીને) પુરુષાર્થને છેદ નહિ. 'જો ઈચ્છો પરમાર્થ...' પુરુષાર્થથી પ્રાપ્ત થાય એવી ઈચ્છા હોય, 'જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ.' જુઓ, શ્રીમદ્ ગૃહસ્થમાં હતા છતાં (આમ કહે છે), ભગવાન આત્મા તરફનો પુરુષાર્થ કર. ભવસ્થિતિ અને કાળલબ્ધિના નામ લઈને છેદ નહિ પુરુષાર્થને. સમજાણું કાંઈ? આહાહા..!

'**કેવલ શુભપરિણામ હી કો ધર્મ માનકર સંતુષ્ટ હૈં...**' અથવા એનાથી થાશે. આપણે શુભ કર્યું છે ને વ્રત ને તપ એનાથી થાશે. એ બધા મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ '**ઉનકો ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ, યહ જિનમતકા ઉપદેશ હૈ.**' ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરનો આ ઉપદેશ છે. સમજાણું કાંઈ? ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે ભગવાનની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે.

'**આગે કહતે હૈં કિ જો પુણ્ય હી કો ધર્મ જાનકર શ્રદ્ધાન કરતા હૈ ઉસકે કેવલ ભોગકા નિમિત્ત હૈ, કર્મક્ષયકા નિમિત્ત નહીં હૈ :—**' આનો અર્થ આણે ઊંધો માર્યો છે આમાં. જે કોઈ મોક્ષના માટે પુણ્યને માને છે, મોક્ષને માટે શ્રદ્ધે છે એ બરાબર છે એમ. એવું લખ્યું છે. ... આમાં. આહાહા..! અરેરે..! અર્થમાં પણ ફેર એનો. અહીં બીજું કહેવું (છે) અને એ લખે છે બીજું.

**सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो वि फासेदि।**
**पुण्णं भोयणिमित्तं ण हु सो कम्मक्खयणिमित्तं।।८४।।**

'**અર્થ :- જો પુરુષ પુણ્યકો ધર્મ જાનકર...**' જોયું! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એને ધર્મ માને છે અજ્ઞાની. આહાહા..! '**શ્રદ્ધાન કરતે હૈં,...**' એ પુણ્યભાવમાં ધર્મ છે એમ માને છે, શ્રદ્ધા કરે છે. આહાહા..! એવો અર્થ કર્યો છે જુઓ! આમાં છે ને. કેટલામું? ૮૪ ગાથા છે ને જુઓ! 'મોક્ષાર્થી–મોક્ષકા અભિલાષી જીવ પુણ્યકી શ્રદ્ધા કરતા હૈ, પુણ્યકી પ્રતીતિ કરતા હૈ, પુણ્યકી રુચિ કરતા

હૈ ઔર પુણ્ય કો સ્પર્શ કરતા હૈ, પરંતુ પુણ્ય ભોગકા નિમિત્ત હૈ, કર્મ ક્ષયકા નિમિત્ત નહીં.' વિશેષાર્થ. 'મોક્ષાર્થીજીવ પુણ્ય કો મોક્ષકા કારણ માનકર...' મોક્ષાર્થી જીવ. જોયું! આવા ને આવા ઊંધા (અર્થ કરે). મોક્ષાર્થી ક્યાં છે અહીં? અહીં તો પુણ્યનો અર્થી છે.

**'જો પુરુષ પુણ્યકો ધર્મ જાનકર...'** દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, પૂજા, ભક્તિ, દાન એને ધર્મ માને છે (એ) મૂઢ છે. **'પુણ્યકો ધર્મ જાનકર શ્રદ્ધાન કરતે હૈં, પ્રતીતિ કરતે હૈં,...'** એ શુભભાવથી ધર્મ થશે અને શુભભાવથી જ અમારે લાભ થશે આગળ. **'રુચિ કરતે હૈં,...'** એ પુણ્યમાં ધર્મની રુચિ કરે છે અને પુણ્યને **'સ્પર્શ કરતે હૈં...'** ધર્મ માનીને. **'ઉનકે પુણ્ય ભોગકા નિમિત્ત હૈ.'** એનું પુણ્ય તો સંયોગી ચીજ મળશે, આત્મા નહિ મળે એમાંથી. આહાહા..! એને પુણ્ય તો ભોગનું (નિમિત્ત થશે). આ ગાથા છે સમયસારની ૨૭૫. ૨૭૫ ગાથા. આ જ શબ્દ છે. બંધ અધિકારની. **'પુણ્ય ભોગકા નિમિત્ત હૈ. ઈસસે સ્વર્ગાદિક ભોગ પાતા હૈ...'** એ પુણ્યથી એને સ્વર્ગ અને આ શેઠાઈ મળે કાંઈક ધૂળની, પણ કર્મનો ક્ષય એને નહિ થાય. આહાહા..! રખડવાના ભવ મળશે એને.

શ્રોતા :- ...

ઉત્તર :- એટલે? એ હોય છે એટલું. પણ શુભ છે એ બંધનું કારણ છે. એ તો વાત કરી ને, આમાં ન આવી? માથે શું આવ્યું? એ આવી ગઈ. એક સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ધર્મધારા છે અને એમાં શુભભાવ છે એ કર્મધારા છે. એ કર્મધારાથી મુક્ત ન થાય ત્યાં સુધી મુક્તિ ન થાય. સમ્યગ્દૃષ્ટિ પણ. કર્મધારા છે પણ એ કાંઈ ધર્મ છે? આહાહા..! શુભભાવ તો આવે. મુનિને હોય પંચ મહાવ્રત આદિનો શુભભાવ. એ કર્મધારા છે, એ તો રાગધારા છે. આહાહા..!

શ્રોતા :- એ કાંઈ મોટી ભૂલ નથી.

ઉત્તર :- એ મોટી ભૂલ નથી. અનંત સંસારના કારણની ભૂલ છે.

એ અમારે (સંવત) ૧૯૭૨માં એક પ્રશ્ન થયો હતો. કેવળી દીઠે ત્યારે પુરુષાર્થ થાશે, આપણે અત્યારે નહિ કરી શકીએ. એવો પ્રશ્ન મોટો થયો ૭૨ની સાલમાં. પછી કીધું કે ભાઈ, આ વાત ખોટી છે તમારી, આ વાત અમને બેસતી નથી. ભગવાન જેને જ્ઞાનમાં બેસે એને ભવ રહે એ વાત અમને બેસતી નથી. ગુરુભાઈ હતા. ૭૨ની સાલ, ફાગણનો મહિનો. ફાગણ મહિનો હતો. આ ફાગણ આવે છે ને. ૫૭ વર્ષ થયા. ૫૮. પછી કહ્યું, ભગવાન જેને કેવળજ્ઞાનની શ્રદ્ધા થઈ એને ભવ રહે એ અમને માન્ય નથી. પછી ઊઠીને છોડી દીધો આખો સંપ્રદાય. ગુરુ હતા બિચારા નરમ. એટલું કહ્યું કે આ ભૂલ નડે નહિ, આણે કીધું ઈ. એય..! હીરાજી મહારાજ હતા. લખુભાઈએ જોયા હતા કે નહિ? હીરાજી મહારાજ નહિ જોયા હોય. ૭૪માં ગુજરી ગયા. ૭૪માં ગુજરી ગયા. બિચારા નરમ માણસ હતા.

આત્માનું પૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞપદ (છે) જેને એ વાત બેસે એને આ શંકા પ્રશ્ન હોય નહિ કે ભગવાને ભવ દીઠા હશે અનંતા. પ્રશ્ન જ નહિ કીધું એ. એય..! ધન્નાલાલજી! એટલે પછી છોડીને ચાલતા હતા.

આ સંપ્રદાય ન જોવે કીધું. આ વાણી નહિ, ગુરુ નહિ, સંપ્રદાય નહિ, વાત નહિ. ત્યાંથી ઊઠીને .. ચાલ્યા ગયા. ૭૨ની વાત છે. ફાગણ સુદ ૧૩-૧૪ની વાત. એ હીરાજી મહારાજ એટલું બોલ્યા. નરમ હતા. કાનજી! ઉતાવળ થાય છે. આ ભૂલ નહિ નડે, નાની ભૂલ છે. એઈ..! મેં કીધું, એ નાની ભૂલ નથી, મોટી ભૂલ છે. નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર એ આવી ભૂલથી જ ગયો છે. એ લોકો તો ઓલા મૂર્તિને ન માનેને, એટલે એમ કે મૂર્તિ માને તો મોટી ભૂલ કહેવાય, એમ. હીરાજી મહારાજ બિચારા એમ કહે. સ્થાનકવાસી ખરા ને. નહિ, મેં કીધું. આ મોટી ભૂલ છે.

સર્વજ્ઞ પરમેશ્વર જેને શ્રદ્ધામાં બેઠા, જગતમાં કેવળી પરમાત્મા સર્વજ્ઞ છે એવી હયાતી જેને બેઠી.. આહાહા..! એને ભવ રહે એ વાત માન્યતામાં અમને આવતી નથી. એ.. ધન્નાલાલજી! ૫૮ વર્ષ થયા ૫૮. ૭૨નો ફાગણ (મહિનો). એ નાની ભૂલ નથી. હીરાજી મહારાજ બિચારા બહુ તપસ્યા કરે. કષાય મંદ. પહેલી વાત તો મારી કબુલ કરી એણે. એ કહે છે સાચી વાત કહે છે. પણ પાછું જ્ઞાન નહિ ને બીજું. એટલે બીજે દિ' (કહે), મૂળચંદજી! આ તું કહે છે એમ હોય તો પાંચ સમવાય સિદ્ધ થઈ જાય. ભગવાન કેવળીએ ભવિ અભવિ દીઠા છે. ભવ નહિ. અરે..! એમ નહિ કીધું. એય..! આ ૭૨ની વાત છે. બિચારા ભદ્રિક હતા. બહુ વૈરાગી હતા, કષાય મંદ. હજારો માણસોમાં બેસે વ્યાખ્યાનમાં ડોલાવે સભાને. બધી વૈરાગ્યની એવી વાત, આ તત્ત્વની ખબર નહિ. એય..! દેવાનુપ્રિયા! એ નાની ભૂલ નહિ. એક નાનો કણો એ નાનો માણસ નહિ. મારી નાખશે નાનો કણો એ. એમ નાનો રાજકુમાર એ નાનો માણસ નહિ. એનો હુકમ ચાલશે. એમ શાસ્ત્રમાં ચાલ્યું છે. રાજા નાનો એ નાનો નહિ. સર્પનો કણો હોય છે ને નાનો? નાનો નહિ. મારી નાખશે. કાળને તોડી નાખશે. એમ મિથ્યાશ્રદ્ધા, પુણ્ય પરિણામ એ ધર્મ છે, મિથ્યાશ્રદ્ધા મારી નાખશે તને. ચોર્યાસીના અવતારમાં રખડાવી મારશે. ધન્નાલાલજી! આહાહા..! નાની વાત નથી. એમ ત્રણ બોલ છે. નાનું સિંહનું બચ્ચું એ નાનું ન માન, રાજાનો નાનો કુંવર નાનો ન માન, સર્પનું નાનું બચ્ચું નાનું ન માન. એમ મિથ્યાત્વની શ્રદ્ધા નાની ન માન. મોટી મહા ભૂલ છે.

અહીં કહ્યું ને. '**વહ પુણ્ય કર્મકે ક્ષયકા નિમિત્ત નહીં હોતા હૈ,...**' એને કર્મનો ક્ષય જરીએ નહિ થાય, મિથ્યાત્વનો ક્ષય નહિ થાય. આહાહા..! શુભભાવને ધર્મ માનનારને જરીએ કર્મનો ક્ષય નહિ થાય, મિથ્યાત્વનો અંશ પણ નહિ ટળે. આહાહા..! આકરું કામ ભાઈ! આવો મનુષ્યભવ, એમાં વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એમણે કહ્યો ધર્મ એ સમજવો.. થઈ રહ્યું. એ સમજે તો ન્યાલ થઈ ગયો એ તો. એ વિના બધું ધૂળધાણી અને વા-પાણી છે. આહાહા..! '**યહ પ્રગટ જાનના ચાહિયે.**'

'**ભાવાર્થ :- શુભક્રિયારૂપ પુણ્યકો ધર્મ જાનકર ઈસકા શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કરતા હૈ ઉસકે પુણ્યકર્મકા બંધ હોતા હૈ,...**' ભગવાન અબંધસ્વરૂપી પ્રભુ એને આવા શુભભાવથી ધર્મ માનનારને પુણ્યનો બંધ પડે છે. આહાહા..! ... એમ કે પુણ્ય તો બંધાય છે ને. પણ બંધન છે ને.

આહાહા..! પુણ્ય-પાપના બંધનમાં ફેર ન માન.

શ્રોતા :- પુણ્ય-પાપ બંધમાં ફેર ન માન.

ઉત્તર :- ન માન. સમયસાર. આ શું છે આ? સમયસાર. આહાહા..! સમયસાર છે ને. પુણ્ય-પાપ અધિકાર. કેટલામી ગાથા છે?

**परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति।**
**संसारगमणहेदुं पि मोक्खहेदुं अजाणंता।।१५४।।**

એમાં ફેર નથી જોયું! જુઓ આવે છે. **'જેમને અત્યંત સ્થૂળ સંક્લેશ પરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે અને અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે એવા તેઓ, કર્મના અનુભવના ગુરુપણા-લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા, (પોતે) સ્થૂળ લક્ષ્યવાળા હોઈને (સંક્લેશપરિણામોને છોડતા હોવા છતાં) સમસ્ત કર્મકાંડને મૂળ ઉખેડતા નથી. આ રીતે તેઓ, પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મો પણ બંધના કારણ હોવા છતાં, તેમના બંધ કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે...'** એ વાત ખોટી છે એમ. બીજે આવે છે. બેનો બંધ છે ને બંધ? બેનો બંધ થાય એમાં આ ફલાણો બંધ થાય એમ ન માન. કઈ ગાથા એ? અધ્યવસાન. બંધ અધિકાર. એ બંધ અધિકારમાં. પુણ્યનો બંધ અને પાપ બંધમાં ફેર ન માન. એ એક જ જાત છે. અધ્યવસાયનું આવે છે ને, જીવન-મરણનું. આહાહા..!

શ્રોતા :- એ તો ..

ઉત્તર :- એ તો કુશીલ.. આ તો બંધના અધિકારમાં એમ લીધું છે કે પુણ્યબંધ અને પાપબંધમાં ફેર ન માન. પુણ્યબંધ પણ અજ્ઞાનનું કારણ છે અને પાપબંધ પણ અજ્ઞાનનું કારણ છે એમ કહે છે.

**'ઔર ઉસસે કર્મકા ક્ષયરૂપ સંવર, નિર્જરા, મોક્ષ નહીં હોતા હૈ. '** એ પુણ્યભાવને ધર્મ માનનારને સંવર, નિર્જરા અને મોક્ષ થતો નથી. આહાહા..! આટલું સ્પષ્ટ કથન (હોવા) છતાં એ શુભને સાધન માનીને અને આ માને ને આ માને.

શ્રોતા :- ..

ઉત્તર :- .. જુઓને આવું છે. આવો અહીં અર્થ છે અને અહીંયાં આ છે. શું થાય?

**'આગે કહતે હૈં કિ જો આત્માકા સ્વભાવરૂપ ધર્મ હૈ વહ હી મોક્ષકા કારણ હૈ ઐસા લિયા હૈ :—'** ભગવાન જ્ઞાન ને દર્શન ને આનંદસ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાના નિર્મળ પરિણામ વીતરાગી થાય તે ધર્મ છે. આહાહા..! બાકી આ શુભભાવ આદિ ધર્મ નથી. લ્યો વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૦, શનિવાર તા. ૧૬-૦૨-૧૯૭૪**
**ગાથા - ૮૫ થી ૮૭, પ્રવચન - ૧૧૦**

આ અષ્ટપાહુડ છે. ભાવપાહુડ, ૮૫મી ગાથા. '**આગે કહતે હૈં કિ જો આત્માકા સ્વભાવરૂપ ધર્મ હૈ...**' આત્માનો (સ્વભાવરૂપ ધર્મ) '**યહી મોક્ષકા કારણ હૈ...**' ભવભ્રમણના અભાવનું કારણ આ છે.

अप्पा अप्पम्मि रओ रायादिसु सयलदोसपरिचत्तो।
संसारतरणहेदू धम्मो त्ति जिणेहिं णिद्दिट्ठं।।८५।।

જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્માએ... '**અર્થ :- યદિ આત્મા રાગાદિક સમસ્ત દોષોંસે રહિત હોકર...**' વિકલ્પ જે છે પુણ્ય અને પાપ આદિના એવા વિકલ્પથી-રાગથી રહિત થઈને '**આત્મા હી મેં રત હો જાય...**' આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એમાં રત-લીન થાય. વિકલ્પથી રહિત અને આત્મામાં લીનતા. '**તો ઐસે ધર્મકો જિનેશ્વરદેવને...**' એ ધર્મને ભગવાને '**સંસારસમુદ્રસે તિરનેકા કારણ કહા હૈ.**' આહાહા..! ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ છે, એ સ્વભાવમાં વિકલ્પની વૃત્તિઓ ઊઠે છે એનાથી રહિત દૃષ્ટિમાં થઈ અને આનંદસ્વરૂપ ભગવાન એમાં જે લીન થાય, પોતે ભગવાન છે. આહાહા..! એને ભગવાને સંસાર સમુદ્રથી તરવાનો ધર્મ કહ્યો છે. આહાહા..! બહુ ટૂંકુ અને પરમસત્ય છે આ.

'**ભાવાર્થ :— જો પહિલે કહા થા...**' ૮૩ ગાથામાં '**કિ મોહકે ક્ષોભસે રહિત આત્માકા પરિણામ હૈ સો ધર્મ હૈ, સો ઐસા ધર્મ હી સંસારસે પાર કર...**' મોહ નામ મિથ્યાત્વ અને ક્ષોભ નામ રાગના પુણ્ય આદિના ભાવ, એનાથી રહિત થઈ અંતરમાં શુદ્ધ ચૈતન્ય આનંદઘનના સ્વભાવમાં એકાગ્ર થાય એ ધર્મ છે. આહાહા..! એ ધર્મ સંસાર તરવાનો ઉપાય છે. કહો, આ તો નિશ્ચયની એક વાત કરી. વ્યવહાર વચ્ચે આવે એ તરવાનો ઉપાય છે એમ નહિ. એનાથી તો રહિત થવું એમ કહ્યું. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ આદિનો ભાવ એ તો રાગ છે. એ પહેલું કહી ગયા ૮૩માં. પૂજા, વ્રતાદિ તો રાગ છે, પુણ્ય છે. એનાથી રહિત ભગવાન આત્મા... બહુ કામ આકરું. કોઈ દિ' દરકાર કરી નથી ને. ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ અનાકુળ આનંદ જેનું સ્વરૂપ છે એમાં રાગાદિના ભાવ ને આકુળતાથી ભિન્ન પડી, બાહ્ય લક્ષથી થયેલા ભાવોથી ભિન્ન પડી, અંતર ચૈતન્યઘન આનંદસ્વરૂપ પ્રભુ, એમાં જે ભિન્ન થાય તે પરિણામ આત્માના અને તે આત્મધર્મ છે. આહાહા..! એ ભગવાને કહ્યું છે. જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વરે સમવસરણમાં ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આમ કહ્યું હતું.

'**આગે ઈસી અર્થકો દૃઢ કરનેકે લિયે કહતે હૈં કિ જો આત્માકે લિયે ઈષ્ટ નહીં કરતા હૈ...**'

જેને ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ ચિદ્દ્યન (છે એની) જેને પ્રીતિ અને રુચિ નથી અને જેને પુણ્ય પરિણામ દયા, દાન, વ્રતાદિના એનો જેને પ્રેમ છે, એ '**સમસ્ત પુણ્યકા આચરણ કરતા હૈ તો ભી સિદ્ધિકો નહીં પાતા હૈ :—**' એ કહે છે. ઓહોહો..! ભાવપાહુડમાં...

**अह पुण अप्पा णिच्छदि पुण्णाइं करोदि णिरवसेसाइं।**
**तह वि ण पावदि सिद्धिं संसारत्थो पुणो भणिदो।।८६।।**

આહાહા..! '**અર્થ :- અથવા જો પુરુષ આત્માકા ઈષ્ટ નહીં કરતા હૈ,...** ' આહાહા..! આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપી ધ્રુવ ચૈતન્યપ્રભુ, એની તો પ્રીતિ, રુચિ '**ઈષ્ટ નહીં કરતા હૈ, ઉસકા સ્વરૂપ નહીં જાનતા હૈ,...**' પાઠમાં એ છે. '**अह पुण अप्पा णिच्छदि**' ભગવાન પૂર્ણાનંદ પ્રભુની તો જેને ભાવના પણ નથી, જેને ઈચ્છા નથી, જેને સ્વભાવ સન્મુખની એકાગ્રતા નથી. આહાહા..! એ '**पुण्णाइं करोदि णिरवसेसाइं**' ગમે તેટલા પુણ્યના આચરણ કરો. પાઠ છે ને? '**ઉસકા સ્વરૂપ નહીં જાનતા હૈ, અંગીકાર નહીં કરતા હૈ...**' સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વરૂપ, આનંદ સ્વરૂપ, અનાકુળ સ્વરૂપ પ્રભુનું, એને જે ઈષ્ટ નામ રુચિમાં નથી કરતો, એની દૃષ્ટિ નથી કરતો અને પુણ્ય એકલા કરે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, એ ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..! લ્યો, આ કોઈ કહે કે સમયસારમાં... આ તો અષ્ટપાહુડમાં છે. કહો, પાટણીજી! તો સમયસાર ન વાંચવું. પણ આ વાંચવું કે નહિ?

શ્રોતા :- વારંવાર વાંચતા રહેવું.

ઉત્તર :- આ તો અષ્ટપાહુડ છે. સમયસારની ના પાડે તો આને વાંચવું કે નહિ? આહાહા..!

શ્રોતા :- એને ખબર ક્યાં છે કે આમાં શું છે.

ઉત્તર :- ખબર નથી.

શ્રોતા :- લોકો સમયસાર બહુ વાંચે છે ને. એના ઉપર દૃષ્ટિ છે.

ઉત્તર :- હા એમ કહે.

અહીં તો કહે છે, ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ, શાંત સ્વભાવ, જેનો અકષાય સ્વભાવ, જેનો વીતરાગ સ્વભાવ એવો જે આત્મા એની જેને રુચિ અને ઈષ્ટતા નથી અને એકલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ કરે... પાપની તો વાત અહીં કરી નથી. આહાહા..! '**સબ પ્રકારકે...**' પાઠ છે ને. '**णिरवसेसाइं**' નિરઅવશેષ. બાકી રાખ્યા વિના બધી જાતના પુણ્ય. આહાહા..! ભગવાનની ભક્તિ કરે, દેવ-ગુરુને માને, પાંચ મહાવ્રત પાળે, અહિંસા, સત્ય, દત્ત પાળે એ બધા પુણ્ય છે. આહાહા..! બધા પ્રકારના પુણ્ય કરે. '**સબ પ્રકારકે સમસ્ત પુણ્યકો કરતા હૈ, તો ભી સિદ્ધિ (મોક્ષ) કો નહીં પાતા હૈ...**' એને ધર્મ નહિ થાય અને મુક્તિ નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ, ચિદ્રૂપ-જ્ઞાનરૂપ, જેનું આનંદરૂપ એવા આત્મસ્વભાવની રુચિ

ઈષ્ટતા, પ્રિયતા કરતા નથી અને એકલા પુણ્યની ક્રિયાઓ કરે છે, પુણ્યના નિરવશેષ—બધા પ્રકારના પુણ્ય. અન્ન પુણ્ય, પાણ પુણ્ય આવે છે ને. આહારદાન દેવું ને.. ઘણા પ્રકારના. એ અનેક પ્રકારના પુણ્ય કરે એનાથી મુક્તિ નહિ મળે એને. સંસારમાં રખડશે ચાર ગતિમાં. આહાહા..! આવો માર્ગ ભગવાન આત્માનો.

શ્રોતા :- જ્ઞાનનય અને ક્રિયાનય...

ઉત્તર :- .. ક્રિયા કોને કહેવી? આ સ્વરૂપની સ્થિરતા એ ક્રિયા. પુણ્ય એ ક્રિયા છે? ઝેર છે એ તો.

શ્રોતા :- જ્ઞાનનય અને ક્રિયાનય...

ઉત્તર :- આ જ્ઞાનની ક્રિયા આ. એ તો ચાલે છે. ઉપાદાન-નિમિત્તમાં નથી સાંભળ્યું? ઉપાદાન-નિમિત્તના આઠ દોહરા. શું આ? ૪૭ દોહરા અને પછી ૮ આવે છે. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન અને જ્ઞાનમાં સ્થિરતા એ જ્ઞાનની ક્રિયા. એમાં લખ્યું છે. આપણે સજ્ઝાય થઈ ગઈ. રાગની, પુણ્યની ક્રિયા એ કાંઈ ક્રિયા નથી. એ તો અધર્મ છે.

શ્રોતા :- ...

ઉત્તર :- હા, એ. 'દોઈ શિવમગ ધાર.'

(સંવત) ૧૯૯૦ની સાલમાં ચોટીલા હતા ચોટીલા. ત્યારે તો સંપ્રદાયમાં હતા. ૯૦-૯૦. ત્યારે ત્યાં લીંબડી સંઘાડાના ગુલાબચંદજી સાધુ હતા. ૫૫ વર્ષની દીક્ષા. રતનચંદજી શતાવધાની થઈ ગયા છે. શાંતિભાઈ ઓળખે છે કે નહિ? રતનચંદજીના ગુરુ હતા. એ ૯૦માં મળ્યા. ત્યાં ચોટીલા અપસરામાં ઉતર્યા. અમે ભેગા હતા. બહુ ખુશી થયા. અમે ભેગા નહોતા ઉતરતા. અમે તો સંપ્રદાયમાં પણ કોઈ સાધુને અમે સાધુ માનતા નહોતા. પણ એના ભેગા ઉતર્યા તો બહુ ખુશી થયા. પછી એક ખાનગી વાત નીકળી કે આ જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ કહ્યું છે ને. એય..! દેવાનુપ્રિયા! મેં કીધું, જ્ઞાનક્રિયાભ્યામ્ એટલે શું? આ શાસ્ત્રનું જ્ઞાન અને રાગની, પુણ્યની દયા એ? ૯૦ની સાલની વાત છે. ચોટીલા અપાસરાની અંદર. ખાનગી વાત હોં! એ કાંઈ બહાર પાડી શકે નહિ. સંપ્રદાયમાં રહેવું. જાવું ક્યાં એને? અહીં તો સંપ્રદાય છોડવો હતો.

કીધું, ભાઈ! આ રીતે છે. આત્મજ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન એકલું નહિ. ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા, આત્મજ્ઞાન, આત્માનું જ્ઞાન અને એમાં સ્થિરતા, વીતરાગ પરિણતિ એ સ્થિરતા એ ક્રિયા, એ જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ છે. વાત તો સાચી લાગે છે કહે. આવો અર્થ કેમ કરતા નથી? ૫૫ વર્ષની દીક્ષા વૃદ્ધ હતા. તે દિ' પોણો સો વર્ષના (હતા), પછી ૨૦ વર્ષ જીવ્યા. ૯૫ વર્ષની મોટી ઉંમરે દેહ છોડ્યો. એમના શિષ્ય શતાવધાની હતા રતનચંદજી. સો અવધાન કરતા હતા. માર્ગ તો આ છે કીધું. (એ કહે), આવો અર્થ કેમ કરતા નથી? ન કરતા હોય તો શું કરવું? આ જાણપણું શાસ્ત્રનું અને મહાવ્રતની ક્રિયા પાળવી એ મોક્ષ છે. બેય ખોટી વાત છે. પછી કહ્યું હતું હોં! હા પાડી. સાચી વાત છે. આવી કેમ

માણસો (વાત નથી કરતા)? લોકો ન કરે એનો અર્થ શું? માર્ગ તો આ છે. બે વાત થઈ હતી. બીજી એક મૂર્તિની થઈ. મૂર્તિ શાસ્ત્રમાં છે. પ્રતિમા સ્થાનકવાસીમાં (છે). વાત સાચી. છે. પણ અમારી જિંદગી શંકામાં ગઈ, શિષ્યો વાંચશે તો મૂર્તિ એમાં દેખશે તો અમને ગુરુ તરીકે નહિ સ્વીકારે. એમ કહ્યું લ્યો બિચારાએ.

શ્રોતા :- ... વાંચશે તો અમને ગુરુ તરીકે નહિ સ્વીકારે.

ઉત્તર :- નહિ સ્વીકારે. આહાહા..! ઓહો..! શું થાય? અરે..! લૂંટારા જાગ્યા. ધોળે દિ'એ લૂંટે છે જગતને, બહારનો ધર્મ મનાવી. આહાહા..!

'પ્રભુનો માર્ગ તો છે શુરાનો, એ કાયરના નહિ કામ' બાપા! આહાહા..! એ ચૈતન્ય ભગવાન જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા સ્વભાવથી ભરેલો પ્રભુ છે. એ સ્વભાવની શ્રદ્ધા અને સ્વભાવની ઈષ્ટતા અને સ્વભાવમાં લીનતા એ મોક્ષનો માર્ગ છે. અરે..! જન્મ-જરા-મરણના અવતાર, ચોર્યાસીના અવતાર તું ભૂલી ગયો છો. દુઃખી થઈને એના દુઃખ દેખનારને આંસુ આવ્યા, રુદન આવ્યા એવા દુઃખ વેઠ્યા છે, ભાઈ! એ ભૂલી ગયો, ખબર નથી એને.

એવા દુઃખો જીવતા ભૂંડને... આહાહા..! નારણભાઈ કહેતા હતા. એકને ન્યાં ગયા હતા પારસીના ઘરે. ભૂંડને પગે સળિયા બાંધી. લોઢાના સળિયા પગે (બાંધી) અગ્નિની ભઠ્ઠીમાં નાખી દીધો. ભૂંડ-ભૂંડ. થોડો તો થાકેલો કહેવાય ભૂંડ. એ બહુ થાકી ગયેલો એ ખબર. એને ભઠ્ઠીમાં નાખીને શેકે. શક્કરકંદ શેકે શક્કરકંદ. શક્કરકંદ નથી આવતા? શું કહે છે? શક્કરકંદ ભઠ્ઠીમાં શેકે ને? શિવરાત્રીએ બહુ ખાય આ લોકો. એમ શેકે. આહાહા..! બાપુ! તારા દુઃખના એ દિવસો અનંત ગયા ભાઈ! તને ખબર નથી. શેનો તને બહારમાં રાજીપો આવે છે? રાજીપો તો પ્રભુ ચૈતન્યનો નાથ આનંદનો સાગર એમાં રાજીપો જોઈએ એમ કહે છે. તારી હોંશુ ને ખુશાલી તો આત્માના આનંદમાં જોઈએ. આહાહા..! એની ખુશાલી અને આત્માના શાંતિનો રાજીપો મૂકી દઈને, એ દયા ને દાન ને વ્રત, ભક્તિ, પૂજા ને દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા.. આહાહા..! એ પ્રભુ એ તો પુણ્યની ક્રિયા. પ્રભુ! એનાથી કોઈ જન્મ-મરણ મટે એવા નથી. લખુભાઈ! આવી ઝીણી વાત છે. આહાહા..!

શ્રોતા :- .. હોય ત્યાં શાંતિ મળે.

ઉત્તર :- રખડવાની મળે છે શાંતિ. રાગ ઝેર છે ત્યાં શાંતો ક્યાંથી આવ્યો? મળ્યા.

શ્રોતા :- રાગમાં શાંતિ મળે છે.

ઉત્તર :- રાગમાં શાંતિ હોતી હશે? મંદ કષાય છે. એ તો ચાલે છે ને, મહાવ્રતના ભાવ, અહો! ભગવાનની ભક્તિનો ભાવ, અરે..! દેવ-ગુરુ-શાસ્ત્રને વિનયનો ભાવ. આહાહા..! ભાવ એ ધર્મીને પણ હોય છે, પણ હોય છે એ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? શાંતિ તો ભગવાન ચૈતન્યસ્વરૂપમાં ભરી છે. એવો અકષાયસ્વભાવ, એવા અકષાયસ્વભાવની જેને શાંતિની પ્રીતિ નથી, એનો જેને પ્રેમ

નથી, એને જેની સન્મુખતા નથી, એની જેને ઈષ્ટતા નથી. આહાહા..! અને જેણે આ પુણ્યની ક્રિયામાં ઈષ્ટતા માની છે એ ધર્મ નથી. આહાહા..! એ પંચ મહાવ્રત પાળતો હોય સાધુ થઈ ત્યાગી થઈને, પણ એ પંચ મહાવ્રત એ રાગ અને પુણ્ય છે, એ ધર્મ નહિ. આહાહા..! આવી વાતું કાને પડવી મુશ્કેલ છે, ભાઈ! આહાહા..! તારા ઉદ્ધારની વાતું નાથ છે આ તો. આહાહા..! ઉદ્ધાર જન્મ-મરણથી થાય એ તો આત્માના સ્વભાવથી થાય એવું છે.

કહે છે કે જેને પરમાત્મા પોતાનો સ્વભાવ, પરમસ્વરૂપ, પરમપારિણામિક આનંદનું ધામ ભગવાન, એવા પરમભાવને તો જેણે પ્રેમ કર્યો નથી, પરમભાવ સ્વભાવ એવો ભગવાન એના સન્મુખ તો કદી થયો નથી, એને ઈષ્ટ કર્યો નથી, જે ઈષ્ટ વસ્તુ છે તેને ઈષ્ટ કરી નથી. આહાહા..! એ પુણ્ય બધા પ્રકારના કરે. પાઠ એ છે ને? '**पुण्णाइं करोदि णिरवसेसाइं**'. આહાહા..! સર્વ પ્રકારના સમિતિ, ગુપ્તિ, વ્યવહાર, મહાવ્રત, ભગવાનનું સ્મરણ. ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... એવા અનંત વાર એવા જપ કરે. આહાહા..! એ પુણ્ય છે, એનાથી ધર્મ નથી. જન્મ-મરણરહિત નહિ થાય. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! ભગવાનને ભૂલ્યો અને ભગવાનથી વિરુદ્ધ ભાવ પુણ્યના પ્રેમ કર્યા એણે, વ્યભિચારને પ્રેમ કર્યો એણે. શુભભાવને પરમાત્મા વ્યભિચાર કહે છે. શું છે? સુજાનમલજી!

શ્રોતા :- ... કેમ નથી થતો?

ઉત્તર :- કરતો નથી માટે થતો નથી. એને રુચિ છે પુણ્યની. એને પુણ્યનો પ્રેમ જો ન હોય તો પરમાત્માનો પ્રેમ થયા વિના રહે નહિ. ઊંડે-ઊંડે એને બહારચલો જે એનો શુભભાવ એની મીઠાશ છે. એ મીઠાશને લઈને અંતરની મીઠાશ આવતી નથી. કહો, ..લાલજી! આહાહા..!

પ્રભુ! તું તો આનંદનો સાગર છો નાથ! આહાહા..! એવા આનંદના સ્વભાવ નિજસ્વરૂપ એનો તો પ્રેમ કર્યો નહિ, એની દૃષ્ટિ કરી નહિ, એને ઈષ્ટ તરીકે સ્વીકાર્યા નહિ, ઈષ્ટદેવ એ છે. આહાહા..! તારો ઈષ્ટદેવ આત્મસ્વભાવ એ તારો ઈષ્ટદેવ છે. આહાહા..! એના જેણે પ્રેમ કર્યા નથી, એની સામું જોઈને તેનો સત્કાર, સ્વીકાર કર્યો નથી, એ ગમે તેટલા પુણ્યો અનેક પ્રકારના કરો. આહાહા..! દેશ માટે દેહ છોડી દે. શું કહેવાય છે આ બધા? શહીદ શહીદ. આહાહા..! ધર્મને માટે પણ શરીર છોડે પુણ્યના પરિણામથી. યા હોમ કરે શરીરને ક્રિયાકાંડમાં. ક્લેશ કરી કરીને પાંચ મહાવ્રત ને... આહાહા..! એનાથી સંસારરહિત નહિ થાય. પોતે સંસાર છે ને, પુણ્યભાવ સંસાર છે. આહાહા..! ભાઈ! તારા ઉગરવાના આરા મનુષ્યભવમાં છે. એમાં જો આ ન કર્યું તો ક્યાંય આરા આવે એવા નથી. આહાહા..!

જુઓને પાઠ કેવો લીધો છે! '**अह पुण अप्पा णिच्छदि**' હવે એમ કહીએ છીએ કે જે આત્માને... આત્મા કોને કહેવો? એ પુણ્યના પાપના ભાવરહિત જેનું ચૈતન્ય આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એવો જેનો સ્વભાવ છે, એવા સ્વભાવને તો રુચતો નથી અને નિરવિશેષ

બધા પ્રકારના પુણ્યને કરે, જેટલા પ્રકારના પુણ્ય કહેવાતા હોય એ બધાય કરે. **'તો ભી સિદ્ધિ (મોક્ષ) કો નહીં પાતા હૈ...'** આહાહા..! આ લોકોને કઠણ પડે. બહારના ત્યાગીને અને પંડિતો બહારની વૃત્તિવાળાને આ નહિ, આ નહિ. એકાંત આમ ન હોય. એ પુણ્ય શુભભાવ કરતા કરતા પણ કલ્યાણ થાય હળવે હળવે. પુસ્તક આપો શેઠને એય..! ... શું છે? નથી? ૮૬ ગાથા છે. ૮૬ છે ને. ૮ ને ૬. ઓહોહો..! ગજબ વાત આવી છે ભાઈ! તારો ચૈતન્યચમત્કાર ભગવાન જેમાં પુણ્ય અને પાપની ગંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- વસ્તુ આ છે, ભાઈ! બીજું શું છે?

ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા જેની દૃષ્ટિ કર્યે શાંતિ ને આનંદ પ્રાપ્ત થાય. ચૈતન્યનો, જ્ઞાનનો ઝબકારો પર્યાયમાં આવે. આહાહા..! એવા ચૈતન્યસ્વભાવ, ભગવાન આત્મા મહિમાવંત પ્રભુ, એનો જેને પ્રેમ નથી અને પુણ્યના પરિણામ વ્યભિચારી છે (એનો એને પ્રેમ છે). આહાહા..! કેમકે કર્મના સંયોગથી ઉત્પન્ન થતાં એ બધા દયા, દાન, વ્રત, પરિણામ છે. આહાહા..! વ્યભિચારનો જેને પ્રેમ છે એને સંસાર નહિ મટે. એને આ ચોર્યાસી લાખનું રખડવું (નહિ મટે). ઓહોહો..! ભલે એ અબજોપતિ, કરોડોપતિ દેખાતા હોય, એ બધા મોટા પચાસ-પચાસ લાખના બંગલામાં સોનાની સાંકળે હિંડોળે હીંચકતા હોય એ બધા, જેમ આ ધારમાં કાણા હોય અને નોળકોળ પડ્યો હોય એવા એ નોળકોળ છે. આહાહા..! દુઃખી છે એ બિચારા. પાટણીજી! બહુ વાત ફેર, પણ હવે... આહાહા..! આ ધારુ ધારુ નથી?

એક ફેરી ત્યાં જતા હતા. જેતપુર હતા ને. ભાઈ આવ્યા હતા પૂનમચંદજી. ..માં ત્યારે આવ્યા હતા ભાઈ. પૂનમચંદ ગોદીકા ગયા હતા પ્રતિમા જોવા ભગવાનની. બહુ સારી છે. ૨૦મી તારીખે આવશે. બહુ સુંદર પ્રતિમા થઈ છે. આ .. છે ને ભાઈ. નામ ભૂલી ગયા. નૌતમભાઈ. ૧૮મીએ ચડશે એમ કહ્યું. આજ તો ૧૬મી છે. જોવા ગયા હશે. પ્રતિમા ભગવાન મહાવીરની બહુ સુંદર પ્રતિમા. આહાહા..! અંદર ચૈતન્ય પ્રતિમા છે આ. શ્રીમદ્દે કહ્યું છે, તું ચૈતન્ય પ્રતિમા થા, ચૈતન્ય પ્રતિમા થા. ધન્નાલાલજી! શ્રીમદ્દે. પાછળમાં શું કહેવાય એ? હાથનોંધ હાથનોંધ. હાથનોંધ એમાં કહ્યું છે. ભગવાન! તું એકવાર ચૈતન્ય પ્રતિમા થા ને. આહાહા..! રાગનો પ્રેમ છોડી દઈને જ્ઞાતા-દૃષ્ટાની પ્રતિમા છે તેમાં ઠર ને અંદર. આહાહા..! એ સંસારથી તરવાનો ઉપાય તો આ છે. છે ને? આવ્યું હતું ને ઓલામાં? સંસાર તરણ હેતુ. સંસારને તરવાનો ઉપાય તો પ્રભુ આ છે. કઠણ પડે, આકરો પડે પણ માર્ગ તો આ લીધે છૂટકો છે. આહાહા..! સમજાણું કાંઈ? બીજી રીતે મનાવશે, બાપુ! અવતાર એળે ચાલ્યા જશે. એવા સાધુઓ ને એવા ઉપદેશકો મળે એને (કહે કે) એમ હોય? એકલો કાંઈ આત્મસ્વભાવથી ધર્મ થાય અને કલ્યાણ થાય? વચ્ચે પુણ્ય કરતા કરતા પુણ્ય કરતા પણ થાય. એવા એના કુગુરુઓ મળશે, એનો સંસાર વધારી

જાશે. લાભ નહિ થાય. એ માનશે કે આ અમને સહેલું પડે છે. સહેલું સહેલું એટલે સેલી એટલે રાખ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવમાં ધર્મ મનાવે એ રાખ છે રાખ. શાંતિને રાખ કરી નાખે છે. આહાહા..! આવી વાત વીતરાગ (કહે).

શ્રોતા :- હુંડાવસર્પિણી કાળ છે.

ઉત્તર :- હુંડાવસર્પિણી કાળ છે એટલે? શીરામાં કોઈએ લોટને ઠેકાણે ગારો નાખ્યો? શું કીધું? લોટને ઠેકાણે ગારો-ગારો. ગારો સમજો છો? આટાને ઠેકાણે ગારો નાખ્યો? આ શીરો—હલવો. ઘીને ઠેકાણે પેશાબ નાખ્યો? અને સાકરને ઠેકાણે શું નાખ્યું એણે? આહાહા..! બાપુ! શીરો તો—હલવા તો જે રીતે થતા હોય એ (રીતે) થાય. એને બીજી રીતે કરવા જાય તો હલવો થાય નહિ. મૂળચંદભાઈ! આવું છે અહીં તો બાપા! આહાહા..! પ્રભુ! તારો માર્ગ અલૌકિક છે, ભાઈ! આહાહા..! ઓહોહો..! શું પણ કુંદકુંદાચાર્ય કરૂણાથી જગતને તરવાના ઉપાયની વાત કરે છે! આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- અહીં તો માનનારા માનો. માનો એ વાત અહીં છે. ન માને એ વાતું...

આવો માર્ગ ભગવાન તને કાન પડ્યો અને તને શ્રવણમાં આવ્યો અને મહિમા ન આવે, કેમ બને ભાઈ? આહાહા..! 'શ્રુત પરિચિત અનુભૂતા.' આ સાંભળ્યું નહોતું અને સાંભળ્યું અને... આહાહા..! એ પુણ્યની ક્રિયાથી ભગવાન ભિન્ન છે. જેને પુણ્યના પરિણામની ગંધ અડતી નથી—છૂતી નથી. એવો ચૈતન્ય ભગવાન આનંદનો નાથ એની પ્રીતિ કર, રુચિ કર, ઈષ્ટ કર. એ વિના પુણ્યની ક્રિયાથી લાખ કરોડ પુણ્ય કર, ક્યાંય સંસાર નહિ મટે, ભવ નહિ ઘટે. એ નરક અને નિગોદના ભવમાં જાવું બાપા! આહાહા..!

અહીંનો રાજા હોય એ મરીને નરકે જાય. આહાહા..! એ એની અગ્નિની પીડા રાડ પાડે.. રાડ પાડે. અરેરે..! લાખો વીંછી, ઠાકરિયા વીંછી. વીંછીમાં ઠાકરિયા એટલે ઊંચા થાય. જોયા છે અમે. અમારે જંગલમાં ઘણીવાર દિશાએ જઈએ તો ઠાકરિયા વીંછી જોયા છે. મોટો આવો લાંબો કાળો. જાણે ડબ્બો હોય ને એવો. બહાર દિશાએ જઈએ ને. .. પહેલા જતા ત્યારે. એકલા ત્યારે હતા ને. આમ જોયું તો સડક ઉપર જાતો હતો. ઓહોહો..! આ શું કીધું આ? લોકો કહે, એ ઠાકરિયો વીંછી કહેવાય. લાંબો આવડો કાળો કાળો. ઠાકરિયો વીંછી એટલે? વીંછીનો ઠાકર, વીંછીનો રાજા. પણ કરડે તો મારી નાખે. ગઢડામાં એક છોકરાને કરડ્યો હતો. નાની ઉંમરનો બિચારો. બે-પાંચ, છ કલાકમાં ખલાસ થઈ ગયો. એવા કરોડો વીંછીને કરડાવે ત્યાં નરકમાં હોં! આહાહા..! ભાઈ! તારા દુઃખ તેં વેઠ્યા, ભગવાને જાણ્યા અને તેં વેઠ્યા. એ આત્માના પ્રેમ અને રુચિ કર્યા વિના...

શ્રોતા :- ...

ઉત્તર :- બનાવે, દેવો બનાવે. દેવો આવે ને એ બનાવે એવા. આહાહા..! કરોડો એવા. આહાહા..!

મૂર્છા ખાઈને પડ્યો. એવા એવા સાગરોપમ (કાળ કાઢ્યા). એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય વર્ષ જાય. આહાહા..! ભાઈ! તેં આત્માને ન રુચવ્યો. આત્મા સિવાય વિકારી પરિણામને રુચવ્યા. એ પુણ્ય પરિણામની રુચિવાળો જીવ આગળ જઈને પાપ કરશે, કસાઈખાના માંડશે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ આવી છે.

ભગવાન કુંદકુંદાચાર્ય કરુણાથી જગતને કહે છે, પ્રભુ! તારી કરુણા કર, તારી દયા પાળ તારી. આહાહા..! તું શુદ્ધ ચૈતન્યઘન આનંદ છો, નાથ! એની દયા પાળ એટલે? એવો છો એવો અનુભવ, માન. આહાહા..! ત્યારે એને જીવતો માન્યો. એવા જીવનને જીવતો ન માને અને રાગની ક્રિયા દ્વારા મારું કલ્યાણ માને એણે જીવને મારી નાખ્યો છે. આહાહા..! આ તો જગતથી જુદી જાત છે, ભાઈ!

**'સબ પ્રકારકે સમસ્ત પુણ્યકો કરતા હૈ, તો ભી સિદ્ધિ (મોક્ષ) કો નહીં પાતા હૈ કિન્તુ વહ પુરુષ સંસાર હી મેં ભ્રમણ કરતા હૈ.'** આહાહા..! એ પુણ્યથી કાંઈ સ્વર્ગાદિ શેઠાઈ ધૂળના આદિ થાય કોઈ, એ મરીને પાછા હેઠે નરકમાં જાશે. આહાહા..! પરમાત્મપ્રકાશમાં તો કહ્યું છે કે આ પંચમકાળના પુણ્યવંત પ્રાણીઓને પુણ્યને લઈને વૈભવ મળે, એ વૈભવનું એને અભિમાન થાય. આહાહા..! અમે પૈસાવાળા છીએ, આને શું આવડે છે? સો રૂપિયા પણ રળતા નથી આવડતા. અહીં તો પાંચ-પાંચ લાખ મહિને રળીએ, વર્ષે રળીએ એવી અમારી બુદ્ધિ છે, એવી અમારી વિચિક્ષણતા છે. જાશો મરીને હેઠે કહે છે ભાઈ! પુણ્યાઈ ... વૈભવ અને વૈભવના મદમાં મતિ ભ્રષ્ટ થઈ જશે. એવો પાઠ છે, પરમાત્મપ્રકાશ. મતિ ભ્રષ્ટ થઈ ને મરીને જાશો હેઠા ભાઈ! એ પુણ્યના ફળના પ્રેમમાં પડ્યા એ પ્રભુના પ્રેમ જેણે છોડ્યા. આહાહા..! **'સંસાર હી મેં ભ્રમણ કરતા હૈ.'**

**'ભાવાર્થ :- આત્મિક ધર્મ ધારણ કિયે બિના...'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એની દૃષ્ટિ, એની પ્રિયતા, એની રુચિ કર્યા વિના **'સબ પ્રકારકે પુણ્યકા આચરણ કરે...'** અર્થમાં ઠેકાણું નથી એવો અર્થ કરે છે. પરંપરાએ મોક્ષ થાશે, ઢીંકણું આમ થાશે, ફલાણું આમ થાશે. અરે..! ભગવાન! માણસને અંદર ગોઠતું નથી. અંદર પુણ્યના પરિણામનો પ્રેમ છોડવો, ગળે વળગ્યું ગળે. આહાહા..! પુણ્યભાવના પ્રેમી તેને આત્મા પ્રત્યે દ્વેષ છે. 'દ્વેષ અરોચક ભાવ'. આનંદઘનજી કહે છે કે ભગવાન આત્મા જ્ઞાતા આનંદસ્વરૂપ પ્રભુ, એની જેને રુચિ નથી અને રુચતું નથી, એને આત્મા પ્રત્યે દ્વેષ છે. આહાહા..! 'દ્વેષ અરોચક ભાવ'. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ જેને રુચતો નથી અને જેને પુણ્યના પરિણામ રુચે છે, એને આત્મા પ્રત્યે અણગમો-દ્વેષ છે. પુણ્યમાં પ્રેમ છે અને સ્વભાવમાં દ્વેષ છે. આહાહા..! કહો, ધીરૂભાઈ! આવી વાત છે.

અહીં તો નજરે જોયું છે ને તમે તો હમણાં. આહાહા..! પોકાર કરતી ચાલી ગઈ બિચારી. આહાહા..! દસ મિનિટ, પા કલાક. જાઓ બાપા, આ શરીરને અને અમારે સંબંધ શું છે? આત્મા અમર છે. નાની છોડી કહે, બા! નહિ જવા દઉં. આહાહા..! કારણ કે એકદમ ભીંસ આવી. ... લોહી પકડાઈ

ગયું. હું જાઉં છું એમ કીધું. એમને ઘરેથી—ધીરૂભાઈને ઘરેથી. લખુભાઈ! ધીરૂભાઈના ઘરેથી હમણા ગુજરી ગઈ બાઈ. ૪૬ વર્ષની ઉંમર. આમની ૫૦. એકદમ ભીંસ પડી. પરમાગમનો મહોત્સવનો જય હો. એમ બોલી ગયા છેલ્લે. કારણ કે અહીં આવી ગયા હતા બિચારા, પંદર દિ' રહી ગયા હતા.

શ્રોતા :- અહીં આવવાની તૈયારી કરી હતી.

ઉત્તર :- તૈયારી કરી હતી. ધીરૂભાઈ કહે કે પાંચ તોલા સોનું દ્યો આમાં. એ કહે કે નહિ, દસ તોલા દ્યો. હવે આવું થયું. એને હોંશ હતી કે અહીં આવવું. પરમાગમમાં હોંશ. એ પણ શું થાય? દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં એને કોણ રોકે? ઇન્દ્ર પણ ચાલ્યા જાય છે. આહાહા..! ચોર્યાસી હજાર દેવ ચાર બાજુ એની સેવા કરતા હોય છે. હથિયારબંધ હોં ઇન્દ્રને. ચોર્યાસી-ચોર્યાસી હજાર દેવ. આમ ચોર્યાસી, આમ ચોર્યાસી, આમ ચોર્યાસી. દેહ પૂરો થાય ત્યાં ચોર્યાસી હજાર ઊભા રહે. જીવ નીકળી જાય અને શરીરના પરમાણુ કપુરની ગોટીની જેમ વીંખાઈ જાય. અહીંની જેમ નથી કે અહીં ... રહે ને બાળે. એના પરમાણુ વીંખાઈ જાય ફટ દઈને. ઓહો..! ઇન્દ્ર ચાલ્યા ગયા. આહાહા..! દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં (કોણ રોકે)? સંયોગી ચીજ છે. સંયોગ તો અમુક કાળ સુધી રહે. એ છૂટી જ જાય. સંયોગ વિયોગ લઈને જ આવે છે. આહાહા..!

તત્ત્વાર્થસારમાં તો પાઠ છે એક અનિત્યભાવનાના અધિકારમાં. માતા પુત્રને જન્મે છે. એની સામું આમ નજર (કરી) હાથમાં લેવા જાય છે એના પહેલા અનિત્યતાએ એને ગોદમાં લઈ લીધો છે. એની મા જ્યાં છોકરો છે કે છોડી એમ નજર કરીને હાથ ફેરવવા જાય છે. પ્રભુ કહે છે કે એને અનિત્યભાવના અનિત્યની ગોદમાં અનિત્યે એને લઈ લીધો છે. કયે ક્ષણે દેહ છૂટશે એનો નિર્ણય નથી. આહાહા..! માતા ગોદમાં લીધા પહેલા અનિત્યે એને ગોદમાં લઈ લીધો છે. આહાહા..! નિત્ય એવો નાથ પરમાત્મા એની નજરું જેણે કરી નથી. નિત્યધામ પ્રભુ. આહાહા..!

'**પુણ્યકા આચરણ કરે તો ભી મોક્ષ નહીં હોતા હૈ, સંસાર હી મેં રહતા હૈ.**' આહાહા..! '**કદાચિત્ સ્વર્ગાદિક ભોગ પાવે...**' લ્યો! પુણ્યને લઈને સ્વર્ગનું સુખ મળે, આ પૈસાનું સુખ મળે, આ ધૂળના શેઠિયાઓ. શેઠ! આ ધૂળના શેઠ તમે કહેવાઓ બધા. એમના બે ભાઈ બિચારા ગુજરી ગયા નાની ઉંમરમાં. બે ભાઈ રહ્યા. શું કરે પણ ત્યાં? આહાહા..! કરોડો રૂપિયા. શું ત્યાં નાખે કાંઈ? ઘરેણે મૂકાય એવું છે? ઘરેણે એટલે ગીરો. આહાહા..! કહે છે કે પુણ્યને લઈને કોઈ સ્વર્ગ ને શેઠાઈ (મળે). સ્વર્ગાદિ છે ને? સ્વર્ગાદિક શબ્દ છે ને? પુણ્યને લઈને કોઈ સ્વર્ગ મળે કે કોઈ શેઠ થાય, આ બે, પાંચ, દસ કરોડ ધૂળના. '**તો વહાં ભોગોંમેં આસક્ત હોકર રહે,...**' એમાં ભોગમાં લીન રહેશે. આત્માની લીનતાની તો ખબર નથી. આહાહા..!

'**વહાંસે ચય એકેન્દ્રિયાદિક હોકર...** ' લ્યો! આહાહા..! એ બીજા દેવલોકનો દેવ મરીને એકેન્દ્રિય થાય. લીલોતરીમાં જાય, પૃથ્વીમાં જાય. આ શું કહેવાય પાણી હોય ઊંચા? સુગંધ પાણી

હોય ને ઝરા એમાં ઊપજે. દેવ મરીને ત્યાં જાય. આહાહા..! અબજોપતિ શેઠિયા મરીને એ લીલોતરીમાં જાય. આહાહા..! કહે છે કે એ પુણ્યના ફળ તો આવા છે, પાછા ભોગવીને મરીને જાશે હેઠે. આહાહા..! **'એકેન્દ્રિયાદિક...'** એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય આદિ. **'સંસાર હી મેં ભ્રમણ કરતા હૈ.'** આહાહા..! થોડું પણ એને સાચું આવવું જોઈએ એમ કહે છે. આહાહા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો, એમ નથી લખતા માંડવા વખતે? એમ અહીં કહે છે પ્રભુ કહે છે, થોડું કહ્યું ઘણું કરીને જાણ બાપા! આહાહા..! એ ૮૬ થઈ.

**'આગે ઈસ કારણસે...'** આવા કારણથી. એટલે? કે જેને પુણ્યનો પ્રેમ અને રુચિ છે અને આત્માની દૃષ્ટિ નથી એવા પુણ્યને કારણે ભોગ મળીને ચાર ગતિમાં રખડશે. **'ઈસ કારણ સે આત્મા હી કા શ્રદ્ધાન કરો,...'** આહાહા..! **'પ્રયત્નપૂર્વક જાનો,...'** ભગવાન આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યમૂર્તિ ભગવાન એની શ્રદ્ધા કરો ભાઈ! આહાહા..! એને જાણો. **'મોક્ષ પ્રાપ્ત કરો...'** એનાથી મોક્ષ થશે. **'ઐસા ઉપદેશ કરતે હૈં :—'** ઓહોહો..! કુંદકુંદાચાર્યે અમૃતની રેલું છોડી છે. આહાહા..! પ્રભુ! તારી સંપદા તારામાં પૂરી પડી છે, નાથ! તારી સંપદાની શું વાતું! સર્વજ્ઞ પણ એને વાણીમાં પૂરી ન કહી શકે. એવી એ સંપદા અંતર અણીન્દ્રિય અનાકુળ શાંતરસ, અણીન્દ્રિય અતીન્દ્રિય આનંદ. શાંતરસ એટલે ચારિત્ર. એવા સ્વભાવથી ભરેલો પ્રભુ તું છલોછલ છો. આહાહા..! અરે..! એવા આત્માને જેણે ઈચ્છ્યો નથી અને પુણ્ય કર્યા, મરીને ચાર ગતિમાં રખડ્યા આ કારણે. હવે તો પુણ્યની પ્રીતિ છોડ અને આત્માની પ્રીતિ કર એમ કહે છે.

**एएण कारणेण य तं अप्पा सद्दहेह तिविहेण।**
**जेण य लहेह मोक्खं तं जाणिज्जह पयत्तेण।।८७।।**

આહાહા..! **'અર્થ :— પહિલે કહા થા કિ આત્માકા ધર્મ તો મોક્ષ હૈ, ઉસી કારણ સે કહતે હૈં કિ—હે ભવ્યજીવો!'** આહાહા..! **'તુમ આત્માકો પ્રયત્નપૂર્વક સબ પ્રકારકે ઉદ્યમ કરકે યથાર્થ જાનો,...'** જુઓ વિશેષણ આપ્યા. તુમ ભગવાન આત્મા. એ પુણ્યના પરિણામ વિનાની આત્મચીજ અંદર પડી છે પ્રભુ! આહાહા..! **'તુમ આત્માકો પ્રયત્નપૂર્વક...'** પાછા એમ. પુરુષાર્થથી જાણ. આહાહા..! જેમ પુણ્યમાં પુરુષાર્થ કર્યો હતો એ મફત ચાર ગતિમાં રખડવાનો પુરુષાર્થ હતો. આ પ્રયત્ન કર અંદર જવાનો. આહાહા..! **'આત્મા કો પ્રયત્નપૂર્વક સબ પ્રકારકે ઉદ્યમ કરકે... '** પ્રયત્નપૂર્વક અને **'સબ પ્રકારકે ઉદ્યમ કરકે...'** જેટલી તાકાત વીર્યની છે એટલું અંદરમાં જોડી દે, કહે છે. આહાહા..! ભગવાન અંતર્મુખમાં પરમાત્મા બિરાજે છે એને અંતર્મુખમાં દૃષ્ટિ અંતર્મુખ કર. આહાહા..!

**'પ્રયત્નપૂર્વક સબ પ્રકારકે ઉદ્યમ કરકે...'** પ્રયત્ન કર. ત્યારે કોઈ કહે કે પણ આ ક્રમબદ્ધ માનો છે એમાં વળી આ ક્યાં આવ્યું? એ આમાં આવે. જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય એના ક્રમમાં આવો પુરુષાર્થ

આવે. આહાહા..! જે ક્રમબદ્ધનો નિર્ણય કરે એનો નિર્ણય દ્રવ્ય તરફ ઢળે, ત્યારે એણે ક્રમબદ્ધનો નિર્ણય કર્યો કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? એવી વાતું તો બીજાને એવું લાગે હોં! આ તો એકલું એકાંત... એકાંત... એકાંત... આત્મા... આત્મા... આત્મા.

દસ મહિના દસ દિ' રહ્યા હતા (સંવત) ૧૯૯૫માં રાજકોટમાં. એક કો'ક કહેતો હતો કે આ તો દસ મહિના અને દસ દિ' આત્મા-આત્મા કૂટ્યો છે. ત્યારે એક જણો વળી બિચારો ઓલો વકીલ હતો ને, કહે, મહારાજ અહીંયા દસ મહિના અને દસ દિ' રહ્યા એ દસ લીટીમાં કોઈ લખે તો એને દસ રૂપિયા આપીશ. એક વકીલ હતો. એમ કહેતો હતો. અનેક પ્રકારના જીવ છે.

આત્મા ન હોય તો આ વસ્તુ બીજી છે એવો નિર્ણય કોણ કરે? આત્મા ન હોય તો આ શરીર છે, વાણી છે એ નિર્ણય કોણ કરે? જડની હયાતીની જડને તો ખબર નથી. એની હયાતી તો આત્મા પોતે જાણે કે આ જડ છે અને હું ચૈતન્ય છું. આહાહા..! બહુ સરસ ગાથાઓ છે હોં! ઓહોહો..! ભાવ— શુદ્ધ ઉપયોગ ભાવ. પુણ્યભાવ એ અશુદ્ધ ઉપયોગ છે. આ તો ભાવ એટલે ચૈતન્યસ્વભાવ શુદ્ધ પરિણતિ, વીતરાગી ભાવ, શુદ્ધ ઉપયોગ એ ભાવપાહુડ. એ શુદ્ધ ઉપયોગ સ્વભાવને આશ્રયે થાય છે. આહાહા..! આમાં ઓલી વાર્તા ને ... ન હોય તો (રસ ન આવે). આ વાર્તા નથી પ્રભુ તારી? આહાહા..!

**'આત્મા કો પ્રયત્નપૂર્વક સબ પ્રકારકે ઉદ્યમ કરકે...'** જેટલું જોર વીર્યનું છે એ વીર્યને અંતરમાં વાળ. આહાહા..! બાકી બધી વાતું ગમે તે હો. આ કર કહે છે ભાઈ. આમાં એમ નથી કહ્યું કે પુણ્ય કર ને પછી આમ કર. એ વચ્ચે આવે એ જુદી વાત છે, પણ કરવા જેવું છે અને લાભદાયક છે એમ છે નહિ. આહાહા..! કહો, શુભભાવ ધર્મીજીવને પણ હોય છે. પણ એ હોય છે એ દુઃખરૂપ, હેયબુદ્ધિએ હોય છે, આદરણીયબુદ્ધિએ હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'एएण कारणेण य तं अप्पा सद्दहेह तिविहेण'** આહાહા..! મન, વચન અને કાયાના ત્રણ યોગોને છોડીને અંદર ... પ્રકારે... આહાહા..! પ્રયત્નથી. જોયું! **'મન-વચન-કાયસે ઐસે કરો જિસસે મોક્ષ પાવો.'** એટલે મન, વચન, કાયા તરફનું વલણ છોડી આ બાજુનું વલણ કર. સમજાય છે કાંઈ? મનથી પણ આત્મા તરફ વળ. વાણીમાં પણ એમ કહે કે આત્મા તરફ વળવું છે એ વસ્તુ છે. કાયા દ્વારા કાયાનું લક્ષ છોડીને આત્મા તરફ વળ. આહાહા..!

**'સબ પ્રકારકે ઉદ્યમ કરકે યથાર્થ જાનો,...'** જેવો ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યઘન એવો જ જાણ એમ કહે છે. આહાહા..! પૂર્ણ સ્વરૂપ ધ્રુવ ચૈતન્ય. આહાહા..! ભાઈએ કહ્યું હતું. એક શબ્દ નાખ્યો હતો નિહાલભાઈએ. ધ્રુવના ધ્યાનનું ધ્યેય કર. ધ્રુવને ધ્યાનમાં ધ્યેય કર. એય..! ચેતનજી! એ શબ્દ છે. ક્યાંક છે ખરો. મગજમાં આવી ગયું. ચૈતન્ય ભગવાન પૂર્ણ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... નિત્ય એને ધ્યાનમાં ધ્યેય બનાવ. એ પ્રયત્ન તારો. આહાહા..! એની હા તો પાડ કે કરવા જેવું

તો આ છે, બાકી બધા થોથા (છે). આહાહા..! સરવાળા નીકળશે ચાર ગતિમાં રખડવાના. આહાહા..! બહારની આબરૂ-બાબરૂ પછી ત્યાં કાંઈ ગીરો ન મૂકાય. ભાઈ, હવે મરીને જઈએ છીએ અમે, આ બધી આબરૂ અમારી મોટી પૂંછડા હતા લાંબા. મૂકો ઘરેણે. અમારે ઘરેણે કહે છે, તમારે ગીરો કહે છે. ગીરવી. કોણ રાખે એને ગીરવી? આહાહા..!

'**શ્રદ્ધાન કરો, પ્રતીતિ કરો, આચરણ કરો.**' એ ત્રણ બોલ લીધા. જુઓ '**तिविहेण**'માંથી ત્રણ કાઢ્યા અને ત્રણ મન-વચન-કાયાના. એમ કાઢ્યું. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનનો સાગર પ્રભુ, આનંદનો દરિયો આત્મા. આહાહા..! જેમાં એ પુણ્યના પરિણામની ગંધ નથી એવી ચીજની શ્રદ્ધા કર પ્રયત્નથી. કર્મ માર્ગ આપે તો હું પ્રયત્ન કરું એમ નથી. તું પ્રયત્ન કર, કર્મ એની મેળાએ છૂટી જશે. આહાહા..! '**શ્રદ્ધાન કરો, પ્રતીતિ કરો, આચરણ કરો.**' ત્રણ નાખ્યા. આહાહા..! '**મન-વચન-કાયાસે ઐસે કરો...**' આહાહા..!

'**ભાવાર્થ :- જિસકો જાનને ઔર શ્રદ્ધાન કરને સે મોક્ષ હો ઉસીકો જાનના...**' આહાહા..! એ આત્માને જાણ્યે મોક્ષ થાય, એ પુણ્યને જાણ્યે અને પરને જાણ્યે મોક્ષ થાય નહિ. આહાહા..! આવું પણ પંચમ આરામાં આવા? તો આ કોને કહે છે? પંચમ આરાના સાધુ છે એ પંચમ આરાના પ્રાણીને તો કહે છે કે આ કરો એમ કહે છે. તો કરી શકાય છે એમ કહે છે કે નહિ? આહાહા..! પંચમ આરા આવા નડે. કાંઈ નડતા નથી સાંભળને હવે. આરો એને ઘરે રહ્યો. ઉતર ને અંદરમાં. આહાહા..!

'**જિસકો જાનને ઔર શ્રદ્ધાન કરને સે મોક્ષ હો ઉસીકો જાનના...** ' '**જિસકો જાનને ઔર શ્રદ્ધાન કરને સે મોક્ષ હો...**' તો આત્માને જાણવાથી મોક્ષ થાય. પુણ્યને જાણવાથી, બીજાને જાણવાથી થાય? આત્માની '**શ્રદ્ધાન કરના મોક્ષપ્રાપ્તિ કરાતા હૈ, ઈસલિયે આત્માકો જાનનેકા કાર્ય સબ પ્રકારકે ઉદ્યમપૂર્વક કરના ચાહિયે, ઈસીસે મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ,...** ' પણ પ્રભુ! અત્યારે તો મોક્ષ નથી ને આટલી બધી શું કરવા માંડી તમે? અરે..! સાંભળને હવે. રાગથી સ્વરૂપને ભિન્ન માન એ તારો મોક્ષ છે. '**ઈસલિયે ભવ્યજીવોંકો યહી ઉપદેશ હૈ.**' લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૧, રવિવાર તા. ૧૭-૦૨-૧૯૭૪**
**ગાથા - ૮૮ થી ૯૦, પ્રવચન - ૧૧૧**

(૮૭ ગાથા) ભાવપાહુડની થઈ. ૮૮. '**આગે કહતે હૈ કિ બાહ્ય હિંસાદિક ક્રિયાકે બિના હી...**' બાહ્ય હિંસાદિ ન હો, પણ અંદર અશુદ્ધ ભાવ હોય, મલિન ભાવ બાહ્યની ક્રિયા વિના '**તંદુલ મસ્ત્યતુલ્ય જીવ ભી...**' ચોખા જેટલો. તંદુલ નામ ચાવલ. એટલો '**મત્સ્યતુલ્ય જીવ ભી સાતવેં નરકકો ગયા, તબ અન્ય બડે જીવોંકી ક્યા કથા?** '

**मच्छो वि सालिसित्थो असुद्धोभावो गओ महाणरयं।**
**इय णाउं अप्पाणं भावह जिणभावणं णिच्चं।।८८।।**

'**અર્થ :- હે ભવ્યજીવ!**' ભગવાન કુંદકુંદાચાર્ય જગતના જીવને સંબોધન કરીને કહે છે '**તૂ દેખ, શાલિસિક્થ (તન્દુલ નામકા મત્સ્ય)...** ' તંદુલ નામ ચાવલનો-ચોખાનો પણ ઘણો અસંખ્યમો ભાગ. એને તંદુલ ભલે કહ્યો, પણ ઘણો સૂક્ષ્મ અંગુલનો અસંખ્ય ભાગ. એવો એ મત્સ્ય થાય છે. '**વહ ભી અશુદ્ધભાવસ્વરૂપ હોતા હુઆ...**' મલિન ભાવની ભાવના કરતા, બહારની હિંસાદિની ક્રિયા ન હોવા છતાં '**મહાનરક (સાતવેં નરક) મેં ગયા,...**' સાતમી નરકમાં ગયો. '**ઈસલિયે તુજે ઉપદેશ દેતે હૈં કિ અપની આત્માકો જાનને કે લિયે...**' '**अप्पाणं भावह**' એમ છે ને? ભગવાન આત્મા શુદ્ધ-બુદ્ધ એકસ્વરૂપી છે પ્રભુ, એની શ્રદ્ધા અને એની ભાવના, એમાં એકાગ્ર થવાની ભાવના કર. શું કહ્યું? શુદ્ધ બુદ્ધ. શુદ્ધ નામ પવિત્ર પ્રભુ આત્મા, બુદ્ધ નામ જ્ઞાનનો પિંડ પ્રભુ. એ એકસ્વરૂપી પ્રભુ છે. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી એવા આત્માની દૃષ્ટિ કર અને એની એકાગ્રતાની ભાવના કર. આ જીવને ઉદ્ધાર કરવાનો રસ્તો છે. ચોર્યાસીના અવતારમાંથી નીકળવાનો આ એક રસ્તો અને એક ઉપાય આ છે. આહાહા..!

'**અપની આત્માકો...**' છે ને? '**इय णाउं अप्पाणं**' આત્માને જાણ. '**भावह जिणभावणं णिच्चं**' જિનભાવના એટલે સમ્યગ્દર્શન. જિનભાવના એટલે વીતરાગી આત્મસ્વભાવ એની એકાગ્રતા એ જિનભાવના. આત્માનો સ્વભાવ શુદ્ધ બુદ્ધ નામ વીતરાગ સ્વરૂપ છે, નિર્મળ પવિત્ર સ્વરૂપની સત્તા, હયાતી છે. એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ એકરૂપ છે. એવા સ્વભાવની દૃષ્ટિ કરી અને એકાગ્રતાની ભાવના કર. સંસારથી છૂટવાનો આ એક જ ઉપાય છે. ચોર્યાસીના પરિભ્રમણમાંથી નીકળવાનો એક રસ્તો આ છે.

'**નિરંતર જિનભાવના કર.**' એમ છે ને? '**णिच्चं**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન એની એકાગ્રતા, એની દૃષ્ટિ કરીને અંદર એકાગ્રતા થવી એનું નામ જિનભાવના—વીતરાગ ભાવના-

શુદ્ધ ચૈતન્યની એકાગ્રતાની ભાવના એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ '**નિરંતર નિજભાવના કર.**' આહાહા..! વસ્તુના સ્વભાવને નિરંતર દૃષ્ટિમાં રાખીને (ભાવના કર). આહાહા..! ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદનો નાથ પ્રભુ, એવું તારું સ્વરૂપ જ છે. એ સ્વરૂપને દૃષ્ટિમાં લઈને એમાં એકાગ્ર થા. એને નિરંતર જિનભાવના નામ દ્રવ્યસ્વભાવને નિરંતર દૃષ્ટિમાં રાખ એમ કહે છે. આહાહા..! પ્રભુ આત્મા ચૈતન્યસ્વભાવ, શુદ્ધસ્વભાવ, જ્ઞાનસ્વભાવ. શુદ્ધ બુદ્ધ લીધું છે ને. ઘણે ઠેકાણે એ જ લીધું છે. શુદ્ધ બુદ્ધ એકસ્વરૂપી પ્રભુ છે. એ પવિત્રતાનો પિંડ પ્રભુ છે એને કેમ બેસે? એણે અનાદિ અપવિત્રતાની સેવના કરી. આખો પ્રભુ પવિત્રતાનો ઉજ્જ્વળ આનંદકંદ છે એ. એની એકરૂપ દશા છે. વસ્તુનું તો એકરૂપ સ્વરૂપ છે એની દૃષ્ટિ નિરંતર રાખ કે જેથી તને સંસારનો ઉદ્ધાર થઈને મુક્તિ થાય.

શ્રોતા :- પ્રભુ! આ મુનિને માટે છે?

ઉત્તર :- સમકિતી એટલે મુનિ. જેને ધર્મ કરવો એને માટે છે. જેને ધર્મ કરવો હોય એના માટે છે.

શ્રોતા :- નિરંતર?

ઉત્તર :- નિરંતર. દ્રવ્યસ્વભાવ નિરંતર દૃષ્ટિમાં રાખ એમ કહે છે. સમકિતીને નિરંતર એ દૃષ્ટિમાં હોય છે. આહાહા..!

.. છે ને? '**णाउं अप्पाणं भावह जिणभावणं णिच्चं**' ભગવાન આત્મા એનું હોવાપણું તદ્દન પવિત્ર અને જ્ઞાનમૂર્તિ એ તો છે. એમાં શરીર, વાણી, મન, કર્મ નથી, પુણ્ય-પાપના વિકલ્પો, રાગ પણ એ સ્વરૂપમાં નથી. કેમકે એ અપૂર્ણ નથી. આહાહા..! એકરૂપ શુદ્ધઘન આનંદકંદ છે. એવા આત્માને જાણી અને જિનભાવના નિત્ય કર. શબ્દ એમ પડ્યો છે એમાં. એવા ભગવાન આત્માને દૃષ્ટિમાં લઈ, નિત્ય તેના દ્રવ્યસ્વભાવને લક્ષમાં રાખી અને એકાગ્ર થા. આહાહા..! પહેલું તો સમજવું કઠણ પડે એને, વાત કોઈ દિ' સાંભળી નથી. આહાહા..!

'**णाउं अप्पाणं भावह**' આત્માને જાણીને. એમ કહ્યું ને? આત્મા છે કેવો? આહાહા..! એ આનંદ ને શુદ્ધ બુદ્ધ ઘન છે. આહાહા..! એણે કદી અનંત કાળમાં લક્ષમાં લીધો નથી. એણે અનંત કાળમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ એનો સ્વીકાર કર્યો નથી અને રાગ ને પુણ્ય ને નિમિત્ત ને અલ્પજ્ઞતાનો સ્વીકાર કરી ભ્રમણામાં ચાર ગતિમાં ભમી રહ્યો છે. દાખલો અહીંયાં આપ્યો મચ્છનો.

'**ભાવાર્થ :- અશુદ્ધભાવકે માહાત્મ્યસે તંદુલ મત્સ્ય જૈસા અલ્પજીવ ભી...** ' નાનો, ચોખાના દાણાથી પણ નાનો એવો મત્સ્ય થાય છે. '**સાતવેં નરકકો ગયા, તો અન્ય બડે જીવ ક્યોં ન નરક જાવે?**' અશુદ્ધભાવથી. '**ઈસલિયે ભાવશુદ્ધ કરનેકા ઉપદેશ હૈ. ભાવ શુદ્ધ હોને પર અપને ઔર દૂસરેકે સ્વરૂપકા જાનના હોતા હૈ.**' દેખો! હું આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું એવું જાણતા રાગાદિને જાણવાનું એમાં પ્રગટ થાય છે. સ્વ-પર જાણનારો એનો સ્વભાવ છે. કોઈનું કરવું કે કોઈથી લેવું એ એનો સ્વભાવ નથી. આહાહા..! એ તો સ્વરૂપને જાણતા '**દૂસરેકે સ્વરૂપકા જાનના હોતા**

હૈ.' પોતાનું આનંદ અને જ્ઞાનસ્વરૂપનું જેને ભાન થાય એને બીજા રાગાદિ બીજી ચીજ શું છે એનું જ્ઞાન એને સાચું હોય.

**'અપને ઔર દૂસરેકે સ્વરૂપકા જ્ઞાન જિનદેવકી આજ્ઞાકી ભાવના નિરંતર ભાને સે હોતા હૈ,'** જિનદેવની આજ્ઞા એ કે પૂર્ણાનંદનો નાથ પ્રભુ તું છો તેમાં દૃષ્ટિ કર. એ વીતરાગની આજ્ઞા છે. સર્વજ્ઞ પરમેશ્વરની આજ્ઞા, એનો હુકમ, પૂર્ણ શુદ્ધ ચૈતન્ય દળ એની શ્રદ્ધા કર, એમાં રહે એ જિનાજ્ઞા છે. આહાહા..! **'આજ્ઞાકી ભાવના નિરંતર ભાને સે હોતા હૈ,...'** જિનદેવનો અર્થ? જિનદેવ એટલે આત્મસ્વભાવ તેની ભાવના વીતરાગભાવ એ. આહાહા..! આત્મા વીતરાગસ્વરૂપ છે, ત્રિકાળ એનું સ્વરૂપ જ વીતરાગી અકષાયસ્વરૂપ છે. 'જિન સો હી હૈ આત્મા.' જિનદેવનો અર્થ એ પોતે જિનદેવ છે. આહાહા..! કેમ બેસે? જરી સાધારણ વાતમાં જેને મીઠાશ લાગી જાય. કાંઈક અનુકૂળતામાં અધિકતા પોતાથી ભાસે, એને આત્મા આવો ચૈતન્યઘન છે એ કેમ બેસે? ભાઈ! તારો ઉદ્ધાર કરવો હોય તો માર્ગ આ છે. રાગ અને પરથી ભિન્ન ચૈતન્યઘન ભગવાન વસ્તુ સત્તા સ્વરૂપે બિરાજમાન એની એકાગ્રતાની ભાવના કર એ જિનાજ્ઞા છે. **'ઈસલિયે જિનદેવકી આજ્ઞાકી ભાવના નિરંતર કરના યોગ્ય હૈ.'**

**'તંદુલ મત્સ્યકી કથા ઐસે હૈ—કાકન્દીપુરીકા રાજા સૂરસેન થા... '** સૂરસેન રાજા હતો. **'વહ માંસભક્ષી...'** હતો એ પોતે. **'અત્યંત લોલુપી, નિરંતર માંસ ભક્ષણકા અભિપ્રાય રખતા થા. ઉસકે પિતૃપ્રિય નામકા રસોઈદાર થા. '** રસોઈયો. **'વહ અનેક જીવોંકા માંસ નિરંતર ભક્ષણ કરાતા થા.'** બીજાને કરાવતો હતો. રસોઈ કરી માંસની બીજાને માંસ ખવડાવતો હતો. **'ઉસકો સર્પ ડસ ગયા...'** એને સર્પ કરડયો. **'સો મરકર સ્વયંભૂરમણ સમુદ્રમેં મહામત્સ્ય હો ગયા.'** હજાર યોજનનો મત્સ્ય થયો. ચાર હજાર ગાઉ લાંબો. **'રાજા સૂરસેન ભી મરકર વહાં હી ઉસી મહામત્સ્યકે કાનમેં તંદુલ મત્સ્ય હો ગયા.'** રાજા પણ મરીને એના કાનમાં મત્સ્ય થયો નાનો. મેલ ખાય કાનનો ને. આહાહા..!

**'વહાં મહામત્સ્યકે મુખમેં અનેક જીવ આવેં, બાહર નિકલ જાવેં, તબ તંદુલ મત્સ્ય ઉનકો દેખકર વિચાર કરે કિ યહ મહામત્સ્ય અભાગા હૈ... '** જેના મુખમાં... મોટો હજાર યોજનનો મત્સ્ય, ચાર હજાર ગાઉનો લાંબો. એના પ્રમાણમાં પહોળો અને એના પ્રમાણમાં જાડો હોય ને? મોટું મોઢું આમ ફાડે તો મત્સ્ય આવે મોઢામાં. મોઢું એમ ને એમ રહે અને મત્સ્ય આવે અને વળી નીકળી જાય. ઓલો તંદુલ મત્સ્ય વિચાર કરે છે કે આ અભાગિયો છે. મોઢામાં માછલા આવે અને મત્સ્યને ન ખાય ને કાઢી નાખે, અભાગિયો છે. આ ભાવના એની. આહાહા..!

**'મુંહમેં આયે હુએ જીવોંકો ખાતા નહીં હૈ. યદિ મેરા શરીર ઈતના બડા હોતા તો ઈસ સમુદ્રકે સબ જીવોંકો ખા જાતા.'** આહાહા..! એક માણસ હતો ને એ કહેતો હતો. રામજીભાઈ ઓળખે છે. એ કહેતો કે જો મને સરહુકમ આ હિન્દુસ્તાનનો મળે તો ધર્મના સ્થાન બધા પહેલા કાઢી

નાખું. ગુજરી ગયો એ તો. સાકરચંદનો દીકરો હતો. રામજીભાઈના મિત્ર છે. આમ તો .. જમાઈ મોટા કરોડપતિ. મણિભાઈ કરોડપતિ. આઠ-દસ કરોડ. એ એવો હતો... અહીંયાં આવ્યો હતો અમારી પાસે. એવી એની ભાવના કે જો મને સર આ હિન્દુસ્તાનનો રાજા બનાવે. વાઈસરોય એ કહેતો હતો. પહેલો હુકમ એ કરું કે જેટલા ધર્મના સ્થાન છે એ બધાને ઉડાવીને કાઢી નાખું. અરર..ર..ર..! વાણિયો હતો આપણો, સ્થાનકવાસી હતા. પણ એનો બાપ અહીંનો માનનારો. અહીંનો માનનારો સાકરચંદ. અહીં માનનારા. એ ગુજરી ગયા બિચારા. શું નામ હતું? ભૂલી ગયા. છોકરાનું. રમેશ, રમેશ-રમેશ. આહાહા..! એની વહુ હતી નટ હતી. નટી-નટી. એ તો પછી નટમાં વઈ ગઈ. પછી પરણ્યો અહીં મોટા કરોડપતિ, દસ કરોડ અહીં અમદાવાદમાં. મણિભાઈ જેસંગ એની દીકરીને પરણ્યો. પણ ભાવના આવી એની. કરી શકે નહિ ભલે ક્રિયા, પણ ભાવ આવો. આહાહા..! એમ આ વેપારી કેટલાય એવા હોય ને કે જો મારા હાથમાં વેપાર આવે તો બધો આ .. લઈ લેવો. હોય છે ને મોટા? શું કહેવાય? મુંબઈ. એક સાથે, એક હથ્થુ વેપાર.

શ્રોતા :- ..

ઉત્તર :- હા એ. શું કીધું ભાઈ?

શ્રોતા :- ઠેલો.

ઉત્તર :- ઠેલો-ઠેલો. મારે હાથ જો આ .. આવે તો એનો ભાવ આમ કરીને રાખું. આહાહા..!

આ મત્સ્યને આવી ભાવનાથી '**ખાયે બિના હી સાતવેં નરકમેં ગયા...**' આહાહા..! '**ઔર મહામત્સ્ય તો ખાનેવાલા થા સો વહ તો નરકમેં જાય હી જાય.**' મત્સ્ય જે મોટો હતો એ તો જાય, પણ આ ગયો ભેગો. '**ઈસલિયે અશુદ્ધભાવસહિત બાહ્ય પાપ કરના તો નરકકા કારણ હૈ હી, પરંતુ બાહ્ય હિંસાદિક પાપકે કિયે બિના કેવલ અશુદ્ધભાવ ભી ઉસીકે સમાન હૈ, ઈસલિયે ભાવોમેં અશુભ ધ્યાન છોડકર શુભ ધ્યાન કરના યોગ્ય હૈ.**'

'**યહાં ઐસા ભી જાનના કિ પહિલે રાજ પાયા થા...** ' રાજ પાયા થા ઓલો સુરસેન. પુણ્યને લઈને મોટો રાજા (થયેલો). આહાહા..! '**પુણ્ય કિયા થા ઉસકા ફલ થા, પીછે કુભાવ હુએ તબ નરક ગયા,...**' આહાહા..! પુણ્યના ભાવને રુચિપૂર્વક કર્યા હતા, એના ફળમાં રાજા થયો. એના ફળમાં પછી ત્યાંથી નરકે ગયો. આહાહા..! છે? '**ઈસલિયે આત્મજ્ઞાનકે બિના કેવલ પુણ્ય હી મોક્ષકા સાધન નહીં હૈ.**' લ્યો! જેને આત્મજ્ઞાન-શુદ્ધ ચૈતન્યપ્રભુ વીતરાગમૂર્તિ પરમાત્મા પોતે છે એનું જેને જ્ઞાન-નથી, એનું પુણ્ય મોક્ષનું કારણ—સાધન નથી. એ ગમે તેવી ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરે પણ આત્મજ્ઞાન વિના એનું કલ્યાણ થાય નહિ. પુણ્યના ફળે રાજા થાય કાં શેઠિયા થાય ધૂળના ધણી. એ મરીને પછી અભિમાનમાં મરીને જાય હેઠે. કેમકે આત્મા રાગથી, પુણ્યથી રહિત ચૈતન્ય આનંદનો નાથ એની અધિકાઈ, મહત્તા ભાસી નથી અને પુણ્યના પરિણામની એને મહત્તા ભાસી છે.

એથી એ પુણ્યથી રાજાદિ થાય, પણ પાછા મરીને નરકે આની પેઠે જાય. આહાહા..!

બ્રહ્મદત્ત સાતમી નરકે (ગયો). સાતસો વર્ષ અહીંયા (ચક્રવર્તી પદે રહ્યો). સાતમી નરકમાં ૩૩ સાગરની રવરવ નરક અપરિઠાણે નરકે અત્યારે છે. આહાહા..! અહીં ભલે દેવ ચૌદ હજાર સેવા કરતા હતા. દેવીઓ એને મોટી રાણી. મરીને અત્યારે નરકમાં છે. એની પીડા એક ક્ષણની વેદી, દેખી જાય નહિ એવી વેદે છે એ. આવું ..તત્ત્વની ખબર નથી એને કે આ શું કરીને અનાદિ કાળથી (રખડું છું). મારો ભગવાન આત્મા પૂર્ણ સમૃદ્ધિ ઋદ્ધિથી ભરેલો પ્રભુ છે. એનું તો જ્ઞાન અને એની મહત્તા અને એની અધિકાઈનો સ્વીકાર કર્યો નહિ અને આ પુણ્યના ભાવનો અધિકપણે સ્વીકાર કરીને તેના ફળ તરીકે રાજા આદિ થાય, પણ નરકમાં જાશે એ તો. આહાહા..!

**'આગે કહતે હૈં કિ ભાવરહિતકે બાહ્ય પરિગ્રહકા ત્યાગાદિક સબ નિષ્પ્રયોજન હૈ :–** ' જેને આત્મજ્ઞાન અને આત્મદર્શન અને શુદ્ધ ચૈતન્યઘનની સમ્યગ્દર્શનરૂપી ભાવના પ્રગટ થઈ નથી... આહાહા..! એનો આ બધો બાહ્ય ત્યાગ, નગ્નપણું, ક્રિયાકાંડ બધો નિરર્થક છે. આહાહા..!

**बारिसंगच्चाओ गिरिसरिदरिकंदराइ आवासो।**
**सयलो णाणज्झयणो णिरत्थओ भावरहियाणं।।८९।।**

**'અર્થ :- જો પુરુષ ભાવ રહિત હૈં,...'** ભાવનો અર્થ? **'શુદ્ધ આત્માકી ભાવનાસે રહિત હૈં...'** એમ. શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ (છું) એવી જેને શ્રદ્ધા અને એનું જ્ઞાન નથી, એવા પ્રાણી આવા નગ્ન મુનિ થાય, જંગલમાં વસે. એ કહે છે જુઓ. **'બાહ્ય આચરણસે સંતુષ્ટ હૈં,...'** એ બાહ્યની ક્રિયા, પુણ્યની ક્રિયા, આચરણની ક્રિયામાં સંતુષ્ટ છે. ભાવપાહુડ છે ને? **'ઉનકે બાહ્ય પરિગ્રહકા ત્યાગ...'** કરે, નગ્ન મુનિ થાય, વસ્ત્રનો ધાગો ન રાખે. **'ગિરિ (પર્વત) દરી (પર્વતકી ગુફા)...'**માં રહે. **'સરિત્ (નદીકે પાસ)...'** પડ્યો રહે. નદીને કાંઠે. આહાહા..! શિયાળાના દિ' હોય અને નદીમાં પાણી બે કાંઠે ચાલ્યું જાતું હોય. કઈ આ નદી કહેવાય નહિ? ગુવાહાટી. ગુવાહાટીમાં એ નદી કઈ કહેવાય? બ્રહ્મપુત્રા બ્રહ્મપુત્રા. પોર ગયા હતા ને ત્યાં? નદીને કાંઠે જ જાતા દિશાએ. જોવા... દિશાએ જવાનો રસ્તો ન મળે. એકલું પાણી લીલું... લીલું... લીલું... નદી એક માઈલમાં આમ પહોળી. પહોળી હોં! પાણી.. પાણી. કહે છે કે એવા નદીને કાંઠે ઠંડી હવામાં સાધુ કાંઠે બેસે. પણ જેને આત્મજ્ઞાન અને આત્મદર્શનનું ભાન નથી, એ બધું નિરર્થક છે. સમજાણું કાંઈ? બ્રહ્મપુત્રા. ઓલામાં ગયા હતા ને, પ્લેનમાં.

**'કંદર (પર્વતકે જલસે ચીરા હુઆ સ્થાન)...'** પર્વતમાં પાણી પડતા ખાડા પડે, અંદર જાય એકાંત જંગલમાં. એમાં શું થયું? પંખી પણ ત્યાં રહે છે અને નોળકોળ પણ ત્યાં રહે છે. જેને આત્મા આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એનું જેને જ્ઞાન અને સમ્યગ્દર્શન નથી, બધું આ નિરર્થક છે એને કહે છે. આ તો બાહ્ય ત્યાગ અને બાહ્ય ક્રિયા કરે ત્યાં આહાહા..! પોતે ત્યાગ કરી શકતો નથી ને એટલે

બીજા ત્યાગ કરે એટલે એને મહિમા લાગે છે. ભગવાન ત્રિલોકનાથનો દિવ્યધ્વનિમાં આ અવાજ આવ્યો એ સંતો જગતને જાહેર કરે છે. પરમાત્મા તો આમ કહે છે, ભાઈ! જેને, પરમાત્મસ્વરૂપ પોતાનું જેને જ્ઞાનમાં ભાસ્યું નથી, શ્રદ્ધામાં લીધું નથી, આચરણમાં તેનું આચરણ કર્યું નથી... આહાહા..! એવા જીવના બાહ્ય આચરણો (નિરર્થક છે).

'**ઈત્યાદિ સ્થાનોમેં આવાસ** (રહના)... ' આવાસ છે ને આવાસ? '**गिरिसरिदरिकंदराइ आवासो**' જંગલમાં રહે છે. આહાહા..! એનું રહેવું નિરર્થક છે. આહાહા..! ઘર છોડી, બાયડી છોડી, કુટુંબ છોડી, દુકાન છોડી, રાજ છોડ્યું... આહાહા..! પણ જેણે રાગની એકતા છોડી નથી અને રાગથી ભિન્ન ભગવાનને જેણે ભાળ્યો ને જાણ્યો નથી... આહાહા..! એવા જીવના આ ત્યાગ બધા નિરર્થક છે. એના ફળમાં એને સંસાર છે કહે છે. આહાહા..! '**ધ્યાન કરના,...**' જોયું! એ ધ્યાન કરે અંદરમાં. મનની એકાગ્રતા ને શુભભાવ વિકલ્પ ઘટાડીને. પણ આત્મજ્ઞાન વિકલ્પ વિનાની ચીજ છે. એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની એકાગ્રતા તો થઈ નથી અને આ બધી એકાગ્રતાની ક્રિયા ધ્યાન, '**આસન દ્વારા મનકો રોકના,...**' આસન લગાવે આમ. મનને રોકે અશુભમાં જતા. '**અધ્યયન (પઢના)...**' અધ્યયન કરે, શાસ્ત્ર અધ્યયન કરે. આહાહા..! શાસ્ત્ર પઢે. એ તો એક શુભ વિકલ્પ છે. પણ આતમજ્ઞાન વિના એ બધું શાસ્ત્રનું પઢવું પણ નિરર્થક છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આત્મદર્શન-આત્માને દેખવો, આત્માને જાણવો એવા અંતરના ભાન અને જ્ઞાન વિના આવા શાસ્ત્ર(નું) પઢવું, જંગલમાં રહેવું, પંચ મહાવ્રતની ક્રિયા પાળે, નદીને કાંઠે ઠંડી હવાના પવન ઝીલે, ચામડીમાં તડીયા પડે-એ બધું નિરર્થક છે.

શ્રોતા :- ઘણું કર્યું.

ઉત્તર :- ઘણું કર્યું પાપ. પુણ્ય પણ પાપ છે. સાંભળ્યું છે કે નહિ? 'અનુભવીજન તો પુણ્યને પણ પાપ કહે છે.' 'પાપને પાપ તો સહુ કહે,...' પણ એવી પુણ્યની ક્રિયા પણ પાપ છે, આત્માના સ્વભાવથી વિરુદ્ધ છે. આહાહા..! આ કર્યું ઘણું.

શ્રોતા :- ...

ઉત્તર :- ... કોણ બોલ્યું? કાંઈક વાત આવે છે. દશવૈકાલિકમાં આવે છે. એ તો બધું મોઢે હતું ને. દશવૈકાલિક આખું. ૬૦૦ ગાથા. છ હજાર શ્લોક હતા કંઠસ્થ. છ હજાર. એ સિવાય શાસ્ત્રો તો કેટલાય કંઠસ્થ હતા. .... દેહ આ શરીર એમ લીધું છે ત્યાં. દેહને દુઃખ શું છે? આહાહા..!

આવા કષ્ટો સહન કરે શુભભાવથી, એમ કહે છે. છતાં જેને ચૈતન્યનું આત્મજ્ઞાન, આત્મદર્શન, આત્માનો અનુભવ એ નથી, એ શુદ્ધ બુદ્ધનો જેને સ્વીકાર નથી, ભગવાન આત્મા પવિત્ર ને જ્ઞાનનો પિંડ એકરૂપ પ્રભુ બિરાજે છે એનો જેને સ્વીકાર નથી, સત્કાર નથી, આશ્રય નથી, આદર નથી, એ બધાનું આ બધું કરવું નિરર્થક જાય છે. આહાહા..!

શ્રોતા :- સર્વ સાધના જૂઠી.

ઉત્તર :- આહાહા..! સર્વ સાધના જૂઠી. આહાહા..! એ પઢના.

'**ભાવાર્થ :- બાહ્ય ક્રિયાકા ફલ આત્મજ્ઞાન સહિત હો તો સફલ હો,...** ' તો તો એને પુણ્યાદિ મળે, પવિત્રતાનું ભાન થયું હોય એને. પણ જ્યાં પવિત્રતા ભગવાન આત્મા એની પવિત્રતાનો ભાસ પણ નથી, એને આંગણે આવ્યો નથી અંદરના ચૈતન્યના સ્વભાવમાં અને બહારની પ્રવૃત્તિની ક્રિયામાં આખો દિ' ચોવીસ કલાક રોકાય એ નિરર્થક છે. એને ભવનો અભાવ નહિ થાય. અને ભવ મળે એ તો ચારેય ગતિના દુઃખના કારણ છે. સ્વર્ગમાં એ કષાયના અંગારાથી સળગી રહ્યા છે દેવો. સમજાણું કાંઈ? એ પુણ્યના ફળમાં સ્વર્ગમાં ગયા, પંચાસ્તિકાય કહે છે કે અંગારાથી સળગે છે ત્યાં. કષાયરૂપી અગ્નિ જ્વાળા બળી રહ્યા છે સંકલ્પ-વિકલ્પથી. આ શેઠિયા હોય બધા કરોડપતિ અને અબજોપતિ, એ સંકલ્પ-વિકલ્પની જાળથી બળી રહ્યા, જલી રહ્યા છે.

શ્રોતા :- એમાં તો બહુ મજા પડે છે.

ઉત્તર :- ક્યાં મજા ધૂળની હતી? આહાહા..! વિષ્ટા ચાટીને મજા માને એવી મજા છે એ. શેઠ! આહાહા..! એવી અનુકૂળતા બધી અત્યારે ક્યાં છે? જુઓને, ઓલો મોટો બે અબજપતિ મરી ગયો ક્ષણમાં. આહાહા..! એના બનેવી કહે, પુણ્ય ઓછા છે. એમ કહેતા હતા. એમ કહેતા હતા. પૈસા દેખાય નહિ. પૈસા બધા સલવાઈ ગયા માલમાં અને સંચામાં ને ગોઠવાઈ ગયા. બે અબજ ચાલીસ કરોડ. એવું સાંભળ્યું છે, દસ લાખ રૂપિયા લીધા છે બે ટકાના વ્યાજે એણે. પછી મરી ગયો એ. આહાહા..! કારણ કે પૈસા રોકડ ન મળે વાપરવામાં, સંચામાં સલવાઈ ગયા. આહાહા..! આ દુનિયાના સખ. પણ અનુકૂળતા બધી હોય તોપણ કષાય-અગ્નિમાં બળે છે ત્યાં. એ કષાય છે. આહા..હા..! અશુભ રાગ. આહાહા..! 'આગ દાહ દહે સદા, તાતૈં સમામૃત સેઈએ' એ શુભ અને અશુભ રાગ તો આગ છે. અશુભ રાગ તો તીવ્ર અગ્નિ છે, પણ શુભરાગ એ અગ્નિ છે—દુઃખ છે. આહાહા..!

આજે બપોરે આવશે હવે. દૃષ્ટિની વાત કરી છે ને. પછી જ્ઞાનપ્રધાન કથન કરશે. એક કોર જોઈએ તો ધર્મીને શાંતિ દેખાય, એક કોર જોઈએ તો સાધક છે એટલે રાગ દેખાય, અગ્નિ દેખાય, રાગનું દુઃખ દેખાય. સાધક જીવને હોં. આહાહા..! એક કોર જોઈએ તો કષાય દેખાય, એક કોર આ બાજુ દેખો તો મોક્ષની પર્યાય (નથી), પણ અંદર નિર્મળ દેખાય. આહાહા..! સમ્યગ્જ્ઞાનીને-જેને આત્મજ્ઞાન થયું છે, આત્મભાન થયું છે, આત્માનો આનંદ એનો સ્વાદ આવ્યો છે, એને પણ જેટલો રાગ થાય, શુભ-અશુભ બેય,.. આહાહા..! એ આગ છે. 'આગ દાહ દહે સદા, તાતૈં સમામૃત સેઈએ' સમામૃત. રાગથી રહિત મારો નાથ પ્રભુ અમૃત ને શુદ્ધઘન પડ્યો છે એની સેવના કર. આહાહા..! દિશાને પલટાવ, દશા તારી પલટી જશે. પર ઉપર જે દૃષ્ટિ છે એને સ્વ ઉપર નાખ. તારી દિશા પલટતા દશા પલટી જશે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આચાર્યોએ પણ કરુણા કરીને કેટલું સ્પષ્ટ કર્યું છે. સૂરજ જેવું

સ્પષ્ટ કર્યું છે. ભગવાન! તારા આનંદના નાથને ઓળખ્યા વિના, એ સમ્યગ્દર્શન વિના એટલે આત્માના જ્ઞાન વિના જે કાંઈ કરે એ બધું તારું નિરર્થક જશે. આહાહા..! સમજાણું કાંઈ?

**'બાહ્ય ક્રિયાકા ફલ આત્મજ્ઞાન સહિત હો તો સફલ હો,...'** એટલે કે આત્મજ્ઞાન હોય અને શુભ હોય તો તો સ્વર્ગાદિમાં જાય અને ત્યાં આસક્તિ નહિ કરે એ. આત્મજ્ઞાન ભાન સહિત છે એટલે પુણ્યના ફળ તરીકે રાજા ચક્રવર્તી, તીર્થંકર થશે. સમજાય છે કાંઈ? પણ એમાં એ આસક્તિ નહિ પામે. આહાહા..! **'અન્યથા સબ નિરર્થક હૈ.'** આહાહા..! એટલે કહે છે કે આત્મજ્ઞાન અને નિશ્ચય સ્વભાવનું ભાન હોય તો તો રાગની મંદતાનો ભાવ એને વ્યવહાર તરીકે સફળ કહેવાય છે, એમ. પણ જેને આત્મજ્ઞાન અને આત્મદર્શનની ખબરું નથી, એકલી ક્રિયાકાંડમાં મશગુલ અને મચી રહ્યા છે એ બધા નિરર્થક (જવાના), એને ફળ આત્માનું કાંઈ છે નહિ. આહાહા..! **'પુણ્યકા ફલ હો તો ભી સંસારકા હી કારણ હૈ,...'** આહાહા..! કોઈ એવા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા કર્યા હોય તો એ પુણ્યના ફળ તરીકે સ્વર્ગાદિ મળે, સંસારનું કારણ છે એ. આહાહા..!

કુંદકુંદાચાર્ય કહે છે ને કે જે પુણ્ય પરિણામ સંસારમાં દાખલ કરે એને ભલો કેમ જાણવો? આહાહા..! અજ્ઞાની એવા વ્રત, તપના પરિણામને ભલા જાણીને કરે છે કે જે સંસારમાં પ્રવેશ કરાવે છે. ભવભ્રમણ(નો) એણે વિચાર કર્યો નથી ને. ચોર્યાસીના ભવભ્રમણમાં ભટકીને મરી ગયો એ. એ પુણ્યના ફળમાં પણ ભવભ્રમણ છે. આહાહા..! એના જન્મના દુઃખ, રોગના દુઃખ, કષાયના દુઃખ, મરણના દુઃખ, વિયોગના દુઃખ, અનુકૂળના વિયોગના દુઃખમાં જલી રહ્યો છે એ. આત્મજ્ઞાન વિના ક્યાંય શાંતિ અને સુખ છે નહિ. પુણ્યના ફળ હો તો સંસારનું કારણ છે. આહાહા..! સમ્યગ્જ્ઞાન, દર્શન વિના એકલા પુણ્યનું ફળ તો સંસાર પરિભ્રમણ છે, મોક્ષફળ નહિ. એ પુણ્યની ક્રિયા વ્યવહાર ને દયા, દાન, વ્રત, ભક્તિ એનું ફળ મોક્ષ નથી. ત્યારે ઓલા કહે, પરંપરાએ મોક્ષ જશે. પરંપરા કોને? જેને આત્મજ્ઞાન-દર્શન થયા છે, જેને એ પુણ્યભાવ હેય તરીકે જણાય છે એને એ પુણ્યનો ભાવ છોડીને સ્થિર થશે ત્યારે પરંપરા મુક્તિ કહેવામાં આવે છે. આહાહા..!

**'આગે ઉપદેશ કરતે હૈં કિ ભાવશુદ્ધિકે લિયે ઇન્દ્રિયાદિકકો વશ કરો,...'** આહાહા..! **'ભાવશુદ્ધિકે બિના બાહ્યભેષકા આડંબર મત કરો :— '** આહાહા..!

**भंजसु इन्दियसेणं भंजसु मणमक्कडं पयत्तेण।**
**मा जणरंजणकरणं बाहिरवयवेस तं कुणसु।।९०।।**

આહાહા..! અરે! જનરંજન. દુનિયા ખુશી થશે (તારો) ત્યાગ દેખીને. તારા વ્રત ને બાહ્ય બ્રહ્મચર્ય ને કાયક્લેશ ને અપવાસ કરીને જનરંજન ખુશી માણસ થાશે. એથી તને શું થયું? આહાહા..!

**'અર્થ :- હે મુને! તૂ ઇન્દ્રિયોંકી સેના હૈ ઉસકા ભંજન કર,... '** એટલે કે અણીન્દ્રિય ભગવાન આત્મા તરફનો ઝુકાવ કર. એમ કહે છે. નાસ્તિથી વાત કરી છે. પાંચેય ઇન્દ્રિય તરફના

વલણને છોડી દે. આહાહા..! કેમકે પાંચેય ઇન્દ્રિય તરફના ભાવ તો આતાપરૂપ છે. આહાહા..! ભલે એ શ્રવણ કરે વાણી, તોપણ શુભભાવ છે એ આતાપરૂપ છે, એના તરફનું વલણ છોડી દે એમ કહે છે. આહાહા..! પાંચેય ઇન્દ્રિયો—શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ અનુકૂળ કે પ્રતિકૂળ, વીતરાગની વાણી અને વીતરાગ પણ ખરેખર તો ઇન્દ્રિયનો વિષય છે. એ અતીન્દ્રિયનો વિષય નહિ. એ ઇન્દ્રિય તરફના વિષયના વલણને વશ કર, છોડ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઇન્દ્રિયોંકી સેના હૈ ઉસકા ભંજન કર,...**' ઇન્દ્રિયની સેના બધા વિકલ્પો. આહાહા..! ઇન્દ્રિય તરફના વલણમાં વિકલ્પની જાળ ઊઠે એને વશ કર. આહાહા..! અણીન્દ્રિય ભગવાન આત્મામાં અંદર જા. તને ત્યાં આનંદ પ્રાપ્ત થશે. અહીં ઇન્દ્રિયો તરફ જતા તો તને આતાપ પ્રાપ્ત થશે. સમજાણું કાંઈ? આ તો આ ઇન્દ્રિયો એકલી આમ તાબે (કરે) એમ નહિ. ભાવઇન્દ્રિયનો ખંડ ખંડ વિષય જોતા જે વિષય લક્ષમાં આવે એને અહીંયાં ઇન્દ્રિયના વિષયનો આતાપ ભાવ કહે છે. આહાહા..! ઇન્દ્રિય ત્રણ પ્રકારની કીધી છે ને ૩૧મી ગાથામાં. દ્રવ્યેન્દ્રિય પાંચ, ભાવેન્દ્રિય-ખંડ ખંડ જ્ઞાન એક એક વિષયને જાણે તે અને એનો વિષય જે છે એ પણ ઇન્દ્રિય. આ ગજબ વાતું છે ને! વીતરાગ પોતે અને વીતરાગની વાણી પણ વિષય છે ઇન્દ્રિયનો. કારણ કે ઇન્દ્રિય તેના તરફ ઝૂકે છે ત્યારે એને એ લક્ષમાં આ દેવ છે ને આ વાણી છે, (એથી) એને શુભરાગ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ ઇન્દ્રિયનો વિષય છે પર, તેને ફેરવી નાખ કહે છે. વશ કરનો અર્થ એ. એને આ બાજુમાં બનાવી દે. આહાહા..! પાંચ ઇન્દ્રિયો તરફના વલણમાં... ઓહોહો..! નિહાલભાઈએ જ્યારે લખ્યું ને ત્યારે ખળભળાટ થઈ ગયો કે જેમ સ્ત્રી વિષય છે એમ વીતરાગની વાણી અને વીતરાગ પણ ઇન્દ્રિયનો વિષય છે. પરપદાર્થ છે ને. કહો, ધન્નાલાલજી! આહાહા..! પર તરફના વલણમાં ત્યાં રાગ જ ઉત્પન્ન થાય. પછી સ્ત્રી, કુટુંબ હો કે દેવ, ગુરુ અને શાસ્ત્ર હો. માર્ગ આવો છે. એણે સાંભળ્યું છે કે દિ'? આહાહા..! પ્રભુ આત્મા તો અણીન્દ્રિય છે. એ તો મન અને વિકલ્પનો વિષય નથી. આહાહા..! ઇન્દ્રિયના વિષયને ભંજન કર એનો અર્થ પાંચેય ઇન્દ્રિય તરફના વલણના ભાવને ફેરવી નાખ. આહાહા..! આમ સ્થૂળ રીતે ઇન્દ્રિયોને વશ કર ને બ્રહ્મચર્ય પાળ, એ અહીં વાત નથી. આહાહા..! એ શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ પણ ઇન્દ્રિયનો વિષય છે, એ શુભભાવ છે. વસ્તુ એવી છે. જગતને અંદર તત્ત્વની વાત સ્વસન્મુખની શૈલીમાં શું હોય છે, પરસન્મુખમાં શું હોય છે એનો એને ખ્યાલ નથી. આહાહા..!

'**હે મુને! તૂ ઇન્દ્રિયોંકી સેના...**' સેના ઇન્દ્રિયોની, પાંચે ઇન્દ્રિયોની. આહાહા..! શ્રવણ કરવું, જોવું, સૂંઘવું, રસ ચાખવો, સ્પર્શ એ બધી સેના (એનું) '**ભંજન કર,...**' આહાહા..! એટલે તેના તરફના વલણને છોડી દે એમ કહે છે. ભગવાન આત્મા આનંદનો નાથ અણીન્દ્રિય ત્યાં વલણ કર ને પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ? '**વિષયો મેં મત રમ,...**' એ પર તરફના વિષયમાં રાજી ન થા.

આહાહા..! એવો માર્ગ ઝીણો છે ને. એ ઇન્દ્રિયના વિષયો તરફમાં રાજી ન થા. એ રાગ છે. રાગમાં રાજી ન થા. ભગવાન આત્મા રાગ વિનાનો શુદ્ધ ચૈતન્યઘન છે ત્યાં આવ. આહાહા..!

'**મનરૂપ બંદરકો પ્રયત્નપૂર્વક બડા ઉદ્યમ કરકે ભંજન કર,...**' '**मणमक्कडं पयत्तेण**' એમ છે ને? મનરૂપી માંકડુ. માંકડું—વાંદરું. સંકલ્પ-વિકલ્પ કર્યા જ કરે છે. મનમાં જોડાણ થતાં તો સંકલ્પ-વિકલ્પ થશે. ઇન્દ્રિયો તરફથી હટી જા અને મન તરફથી હટી જા એમ કહે છે. મન તરફની દિશામાં જતાં પણ સંકલ્પ ને વિકલ્પ આતાપ .. ઉત્પન્ન થશે. એ મનરૂપી વાંદરાને '**પ્રયત્નપૂર્વક બડા ઉદ્યમ કરકે...**' લ્યો! પ્ર-યત્ન છે ને? પ્ર-યત્ન—વિશેષ યત્નથી—અંતર્મુખ યત્નથી એને વશ કર. આહાહા..! '**पयत्तेण**' છે ને? પ્ર-પ્રકૃષ્ટ. મહાપુરુષાર્થનો યત્ન. અંતરમાં મહાપુરુષાર્થના યત્ન વડે મન તરફના વલણને વશ કર એમ કહે છે.

મનરૂપી માકડું છે વાંદરું. એ વાંદરું ચપળ હોય. આમ બેઠું હોય તો આમ આમ કર્યા કરે. આ વાંદરા જોયા ને વાંદરા? કાળા મોઢાના, રાતા મોઢાના હોય છે ને વાંદરા? ઘણી જાતના (હોય છે). જંગલમાં નીકળીએ બધા ઘણા જોયા હોય ને. ગુજરાતમાં બહુ. ત્યાં પણ જોયા. ફતેહપુરમાં છે ને વાંદરા. ચીમનભાઈના મકાનમાં ઉપર વાંદરા એવા પડે. ચીં... ચીં... ચીં એમ કર્યા કરે. પતરા ઉપર ફડાક ફડાક પડે. આહાહા..! એમ કે વાંદરો ચપળ હોય ને એમાં પણ એને જ્યારે દારૂ પાયો હોય, એમાં એને ભૂતડું વળગ્યું હોય જ્યારે.. આહાહા..! એમ મનનું ચપળપણું અને એને ઇન્દ્રિયની મીઠાશ વળગે અને એમાં મિથ્યાત્વભાવ એને રુચિમાં હોય. આહાહા..! જુઓ એની ચપળતા વિકારની. એમ કહે છે. મિથ્યાત્વ મિથ્યાત્વનો પ્રેમ. ભૂતડું મિથ્યાત્વ છે. આહાહા..! પુણ્યમાં પ્રેમ છે ને એ મિથ્યાત્વનું ભૂતડું (છે). આહાહા..! એથી એને વિકલ્પ ને સંકલ્પો વાંદરા જેવા થયા કરે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- તમને નહિ, આત્માને કહે છે. તમને નહિ. તમે જો આત્મા ન હો તો તમને નહિ. તમે જો રાગવાળા હો અને શરીરવાળા હો તો એને નહિ. જે રાગ અને શરીરવાળો ભગવાન આત્મા છે એને કહે છે. એમ કહે કે આ તો મુનિને છે એમ કહીને એટલું .. કાઢી નાખે. અમારે તો લહેર ત્યાં ખાવું, પીવું. મળે ને આ વીશીમાં રોટલા મળે રોટલી. એકલા એય..! બાયડી મરી ગઈ પછી પૂરું. ઘણી વાર આવે છે એ. ઘણી વાર કરે છે ને એ? શું? ઘણી વાર કરે છે કે એક વાર કરે છે ઈ? ઘણી વાર વાત આવે છે આ. આહાહા..!

અહીં તો કહે છે કે મનરૂપી વાંદરાને '**પ્રયત્નપૂર્વક બડા ઉદ્યમ કરકે ભંજન કર,...**' આહાહા..! '**વશીભૂત કર ઔર બાહ્યવ્રતકા ભેષ લોકકો રંજન કરનેવાલા મત ધારણ કરે.**' નગ્નપણું અને એવી ક્રિયા મહિના-મહિનાના અપવાસ એ ભેખ લોકોને રંજન કરવાનું ન કર, ન કર, મૂકી દે, છોડી દે. આહાહા..! એ જનરંજન છે. આહાહા..! શું મહારાજે રસનો ત્યાગ કર્યો! પાણી અને ચોખા બે લે

છે, ફલાણું કરે છે, એ બધો વેષના ભેખ, એ આત્માના ભાન વિનાના જનરંજન છે એમ કહે છે. આહાહા..! દુનિયા રાજી થાય કે આ મહારાજ નગ્ન મુનિ આ ઠંડીમાં કેટલું સહન, ઉનાળામાં ગરમીમાં ઉઘાડા પગે ચાલવા, ચોમાસામાં ઝાડને તળે (બેસે). અત્યારે તો ઝાડ-બાડ (નીચે) ક્યાં રહે છે? અત્યારે તો મકાનમાં રહે છે.

શ્રોતા :- મકાનમાં તો ઠીક મોટા મકાન.

ઉત્તર :- આહાહા..! અરે..! ભાઈ! માર્ગ જુદો ભાઈ!

શ્રોતા :- એ ચોથા કાળમાં હોય.

ઉત્તર :- એ ચોથા કાળમાં હોય છે શેઠ કહે છે. પાંચમા આરાના સાધુ પાંચમા આરાને માટે કહે છે કે કોને માટે કહે છે આ? એમ કે ચોથા આરામાં આવું હોય. અત્યારે તો બધું ચાલે ગડબડ બધી, એમ કહે છે.

શ્રોતા :- શ્રાવક ગડબડિયા હોય તો પછી સાધુ પણ ગડબડિયા હોય ને.

ઉત્તર :- શ્રાવક ગડબડિયા હોય તો શ્રાવકને શું છે? સમ્યગ્દૃષ્ટિ હોય ને બીજું હોય? એને તો .. હોઈ શકે જ નહિ. આહાહા..!

અહીં તો આત્મદર્શન વિના, આત્માના સ્વરૂપની શુદ્ધતાના સ્વીકાર અને સત્કાર વિના, સ્વસન્મુખની દૃષ્ટિ વિના પરસન્મુખની જેટલી ક્રિયાઓ એ બધી લોકરંજન માટે છે કહે છે. એવું ન કર એમ કહે છે જુઓને '**वयवेस तं कुणसु**'. ભાઈ! એમ ન કર. આહાહા..! દુનિયા રાજી થાશે (કે) શું મહારાજ ત્યાગી! આહાહા..! પણ તારા આત્માને લાભ નહિ થાય ત્યાં. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- શું કહે છે?

શ્રોતા :- .. ઉપદેશ આવો હોય એમાં સમન્વય કેમ કરવો?

ઉત્તર :- કોની સાથે સમન્વય કરે? કોઈની સાથે સમન્વય થાતો નથી. માર્ગ તો આ એક જ છે. વીતરાગ જૈનદર્શનનું તત્ત્વ જ આ છે. એ બીજા ધર્મની સાથે મેળ સમન્વય ખાય એ કોઈ દિ' હોઈ શકે નહિ. આ વાત ઝીણી છે, બાપુ! દુઃખ થાય બીજા લોકોને. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંતે આ માર્ગ કહ્યો એ માર્ગ આત્મજ્ઞાનના આત્મદર્શન સહિતના માર્ગને માર્ગ કહે છે. એ આત્મજ્ઞાન અને આત્મદર્શન ન હોય અને એકલા વ્રત ને ક્રિયાકાંડ કરે એ બધા સંસારમાં રખડવા માટે છે.

શ્રોતા :- આમાં મુનિ માટે ક્યાં ...?

ઉત્તર :- મુનિની ક્યાં વાત છે આ તો? આખા બધા જીવને માટે વાત છે ને. મુનિની ક્યાં, એ તો બચાવ કરવા માટે કહે છે.

શ્રોતા :- ...

ઉત્તર :- એ તો મુનિની મુખ્યતાથી વાત કરી. મુખ્ય મોટા દીકરાની વાત કરે ને એમાં બીજા દીકરા સમાઈ જાય. એનો અર્થ છે ને. 'भंजसु' કીધું ને? 'भंजसु' ત્યારે કો'કને કહે છે ને એમ. કો'કને કહે છે ને. એથી એટલે સંબોધન કાઢ્યું આમાંથી. 'भंजसु' એમ. 'बाहिरवयवेस तं कुणसु मा' એમ. જનરંજનને માટે તારી એ ક્રિયા વ્રતની ને તપની, ભક્તિ ને મોટા મંદિરો બનાવે અને એમાં આહાહા..! પાંચ, દસ-દસ લાખના મંદિર બનાવ્યા, એમણે આવું કર્યું. શું કર્યું તેં? હવે સાંભળને. એ બધી લોકરંજનની ક્રિયા છે, આત્મદર્શન અને જ્ઞાન ન હોય તો રખડવાનું છે કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'બાહ્યવ્રતકા ભેષ લોકકો રંજન કરનેવાલા મત ધારણ કર.'** આહાહા..! કુંદકુંદાચાર્ય.

**'ભાવાર્થ :- બાહ્ય મુનિકા ભેષ લોકકા રંજન કરનેવાલા હૈ,...'** આત્મા એમાં રાજી થાય એવો છે નહિ. આહાહા..! આખો દિ' શાસ્ત્ર વાંચે, આમ મોઢું બંધ કરે અને આંખ આમ કરે, પણ ઓલી ચીજની તો દૃષ્ટિની ખબર નથી. આહાહા..!

શ્રોતા :- ચારે પડખાનું જ્ઞાન તો કરવું પડે ને.

ઉત્તર :- પડખે નહિ, એ આત્માનું જ્ઞાન કરે તો બીજા પડખાનું જ્ઞાન એને સાચું થાય. સ્વ ન આવે તો બીજા પડખાનું જ્ઞાન એને સાચું થાય નહિ. આહાહા..! એવી વાત છે ભાઈ!

અહીંયાં તો ભવના અભાવ કરવાની વાત છે. એ ભવનો અભાવ તો આત્મદર્શન અને આત્મજ્ઞાન વિના ત્રણ કાળમાં ન થાય. ગમે તેટલી વ્રતની ક્રિયા મરીને સૂકાઈ જાય. .. અધિકારમાં કહે છે, ક્લેશ કરો તો કરો, મહાવ્રતના-પંચ મહાવ્રતના ભારનો ક્લેશ કરો તો કરો, પણ જન્મ-મરણરહિત એમાં નહિ થવાય. આહાહા..! જેમાં ભવ અને ભવનો ભાવ નથી એવા સ્વભાવની સન્મુખની દૃષ્ટિ વિના એ તારા વ્રત ને બધા લોકરંજન માટે છે. આહાહા..!

**'ઈસલિયે યહ ઉપદેશ હૈ લોકરંજનસે કુછ પરમાર્થ સિદ્ધિ નહીં હૈ,...'** લોકો તો માનશે લાખો કરોડો જન કે ઓહોહો..! મૂઢ જીવો બાહ્ય ત્યાગને દેખીને લોકો પ્રસન્ન થશે. **'ઈસલિયે ઈન્દ્રિય ઔર મનકો વશમેં કરનેકે લિયે બાહ્ય યત્ન કરે તો શ્રેષ્ઠ હૈ.'** લોકરંજનમાં સિદ્ધિ નથી. **'ઈન્દ્રિય ઔર મનકો વશમેં કરને કે લિયે બાહ્ય યત્ન કરે તો શ્રેષ્ઠ હૈ. ઈન્દ્રિય ઔર મનકો વશમેં કિયે બિના કેવલ લોકરંજનમાત્ર ભેષ ધારણ કરનેસે કુછ પરમાર્થ સિદ્ધિ નહીં હૈ.'** આહાહા..! આત્મા અંદરથી આનંદ ને શાંતિથી જાગ્યો નથી, જેને આનંદના સ્વાદ આવ્યા નથી એવાના વ્રત ને તપ બધા નિરર્થક અને લોકરંજન માટે છે. એ રાજી થશે, તું રાજી નહિ થા ત્યાં.

શ્રોતા :- તું તો બગડી ગયો.

ઉત્તર :- બગડી ગયો અંદરથી. આહાહા..! લ્યો એ ૯૦ ગાથા થઈ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૨, સોમવાર તા. ૧૮-૦૨-૧૯૭૪**
**ગાથા - ૯૧-૯૨, પ્રવચન - ૧૧૨**

અષ્ટપાહુડ. ભાવપાહુડ છે. ૯૧મી ગાથા છે.

णवणोकसायवग्गं मिच्चत्तं चयसु भावसुद्धीए।
चेइयपवयणगुरुणं करोहि भत्तिं जिणाणाए।।९१।।

'**અર્થ :- હે મુને!**' મુનિને ઉદ્દેશીને વાત છે. એમાં બધા જીવો આવી જાય છે. '**તૂ નવ...**' નો કષાય. '**હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ—યે નો કષાયવર્ગ તથા મિથ્યાત્વ ઈનકો ભાવશુદ્ધિ દ્વારા છોડ...** ' આત્માના આનંદની દૃષ્ટિ કરીને, આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે એની દૃષ્ટિ કરીને વિષયની વાસનાના પ્રકારને છોડ. અને ભગવાન આત્મા પરિપૂર્ણ શુદ્ધ આનંદ એની દૃષ્ટિ કરીને મિથ્યાત્વને છોડ. મિથ્યાત્વના પ્રકાર છે ને એ. અજ્ઞાન મિથ્યાત્વ, વિપરીત મિથ્યાત્વ, એકાંત મિથ્યાત્વ, સંશય મિથ્યાત્વ, વિનય મિથ્યાત્વ. બધા દેવ-ગુરુ સાચા છે, બધા ધર્મ સાચા છે એવો જે ભાવ એ વિનય મિથ્યાત્વ છે. સંશય મિથ્યાત્વ. આ સત્ય હશે કે આ સત્ય હશે? એવો જે સંશય .. છે ને. શ્વેતાંબર આદિ છે ને. સંશય મિથ્યાત્વમાં નાખ્યા છે. આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ઉસને કહા જો પ્રભુ આત્મા ઐસી બાત દૂસરેમેં હૈ નહીં. ઐસા મિથ્યાત્વભાવ.. સૂક્ષ્મ બાત તો હૈ. અજ્ઞાન .. જાણવું અજ્ઞાન .. ઐસા જો મિથ્યાત્વ. ભગવાન આહાર લેતે હોંગે કે નહીં? યહ સંશય. મુનિ નિર્ગ્રંથ દિગંબર દશા હોતી હૈ યા શ્વેતાંબર દશા હોતી હૈ? ઐસા સંશય વહ મિથ્યાત્વ હૈ. મહામિથ્યાત્વ જૈસા પાપ જગતમેં... સમ્યગ્દર્શન જૈસા મહા કિંમતી નહિ, મિથ્યાત્વ જૈસા પાપ નહીં. પુણ્યકો મિથ્યાત્વમેં કહા હૈ ન? વિપરીત મિથ્યાત્વ. હિંસા આદિ મેં ધર્મ માનના ઐસે મિથ્યાત્વકો છોડ. અર્થાત્ નિમિત્ત સંયોગી ચીજ સે મુજે લાભ હોગા, અંતર મેં રાગકા, પુણ્યકા, દયા, દાન, ભક્તિકા ભાવ હોતા હૈ ઉસસે મુજે લાભ હોગા ઐસા મિથ્યાત્વભાવ.. આહાહા..! વહ ચૌરાસી લાખ અવતારકી જડ હૈ મિથ્યાત્વ. યહ મિથ્યાત્વકી ગાંઠ '**चयसु**' એમ કહ્યું છે ને? '**चयसु**'-છોડ. આહાહા..! ભગવાન આત્મા સત્યાર્થ પરમાનંદકી મૂર્તિ ઉસકા આશ્રય લેકર મિથ્યાત્વકા નાશ કર.

યહ ભાવપાહુડ હૈ ન. શુદ્ધ-વિશુદ્ધ ભાવ, પુણ્ય-પાપકે ભાવસે રહિત વિશુદ્ધ નિર્મલ ભાવ, વીતરાગી પરિણતિકા ભાવ, ઉસ ભાવ દ્વારા મિથ્યાત્વ ઔર વિષય-વાસનાકા ભાવ છોડ દે. તુજે સુખી હોના હો ઔર પરિભ્રમણ ચૌરાસી કે અવતાર સે છૂટના હો તો યહ ઉપાય હૈ. હૈ? '**મિથ્યાત્વ**

**ઈનકો ભાવશુદ્ધિ દ્વારા...'** ભાવશુદ્ધિકા અર્થ—યહ પૂર્ણ આનંદ ઔર જ્ઞાયકભાવ જો આત્મા હૈ ઉસકી શુદ્ધ દષ્ટિ કરકે, ઉસકી શુદ્ધ દષ્ટિ હોના, નિર્વિકલ્પ દષ્ટિ હોના (ઐસી) **'ભાવશુદ્ધિ દ્વારા છોડ...'** પૂર્ણ શુદ્ધ જ્ઞાયક ચૈતન્યસ્વભાવ ધ્રુવભાવ, જિસમેં અનંત શક્તિયાં બિરાજમાન હૈ. ઐસા અનંત શક્તિકા રૂપ ઐસા એક સ્વરૂપ. આહાહા..! ઐસા ભગવાન આત્મા ઉસકા આશ્રય લે તો ભાવશુદ્ધિ તેરે હોગી. આહાહા..! સમજમેં આયા?

**'ઔર જિનાજ્ઞાસે...'** ઐસી સમ્યગ્દર્શનકી શુદ્ધિસે મિથ્યાત્વકા ભાવ છોડ, વિષયવાસનાકા છોડ. આહાહા..! **'ઔર જિનઆજ્ઞાસે ચૈત્ય,...'** પ્રતિમા. જિનપ્રતિમા વીતરાગી પ્રતિમા. યહ કુંદકુંદાચાર્ય કહતે હૈં.

શ્રોતા :- ચૈત્ય લિખા હૈ, પ્રતિમા નહીં લિખા.

ઉત્તર :- ચૈત્ય કા અર્થ હી પ્રતિમા હોતા હૈ.

શ્રોતા :- ચૈત્ય તો જ્ઞાન હૈ.

ઉત્તર :- યહાં જ્ઞાન નહીં હૈ. પ્રવચનમેં હૈ દૂસરા બોલ. પ્રવચન દૂસરા બોલ હૈ. દેખો! **'चेइयपवयणगुरुणं'** ત્રણ બોલ છે. અહીં ચૈત્યનો અર્થ તો પ્રતિમા છે—વીતરાગ મુદ્રા. જિસે અંતર સમ્યગ્દર્શન હુઆ, સ્વભાવકા આશ્રય લેકર પૂર્ણાનંદનકા નાથ જિસકી દષ્ટિમેં ઔર જ્ઞાનકી પર્યાયમેં જ્ઞેય હુઆ, ઉસકો વ્યવહાર કૈસા હોતા હૈ વહ બાત કરતે હૈં. સમજમેં આયા?

શ્રોતા :- ...

ઉત્તર :- વ્યવહાર શુભભાવ આતા હૈ. ધર્મીજીવ કો અપના શુદ્ધ ચૈતન્ય દ્રવ્યકા આશ્રય હોનેપર ભી વીતરાગતા જબ ન હો, તબ ઐસા શુભભાવ જિનપ્રતિમાકા દર્શન, ભક્તિ ઐસા ભાવ આતા હૈ. હૈ પુણ્ય. પરંતુ યહાં નિશ્ચય ઔર વ્યવહાર કૈસા હૈ વહ દો બતાયા હૈ. સમજમેં આયા?

ભગવાન આત્મા ચૈતન્યદલ સર્વસ્વ ચૈતન્ય સ્વરૂપ જિસકા હૈ. સર્વસ્વ, સર્વસ્વ ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, અનાકુલ આનંદસ્વરૂપ ઉસકા સ્વાદ લે. યે સ્વાદિષ્ટ વસ્તુ હૈ. ધન્નાલાલજી! ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વાદિષ્ટ વસ્તુ હૈ. જૈસે આમ ચૂસતે હૈં ન. રસ ચૂસતે હૈં. ભગવાનકા આનંદરસ હૈ. અતીન્દ્રિય આનંદરસ આત્મામેં હૈ. આહાહા..! ઉસે ભાવશુદ્ધિ કહતે હૈં. વહ આનંદકે રસકા અનુભવ કરના વહ ભાવશુદ્ધિ હૈ. ઔર ઐસી ભાવશુદ્ધિ દ્વારા જબતક વીતરાગતા પૂર્ણ ન હો તો જિનમૂર્તિ વીતરાગમૂર્તિ, જિસમેં કોઈ વસ્ત્ર નહીં, દાગીના ક્યા કહતે હૈં? જેવર જેવર નહીં ઐસી. 'જિન પ્રતિમા જિન સારખી.' બનારસીદાસ લિખતે હૈં. 'જિન પ્રતિમા જિન સારખી.' વીતરાગ મુદ્રા, જિસમેં કોઈ પાનીકે અભિષેક સિવાય દૂસરી ચીજ નહીં. માર્ગ ઐસા હૈ, ભગવાન! વ્યવહારમેં ભી ઐસા હૈ ઐસા કહતે હૈં. નિશ્ચય મેં તો ચૈતન્યપ્રતિમા ભગવાન વહ અનુભવ મેં લિયા. આહાહા..! વહાં સે તો ધર્મકી શુરૂઆત હોતી હૈ. પરંતુ ઉસકો વ્યવહાર કૈસા આતા હૈ? કિ જિનપ્રતિમા વીતરાગમૂર્તિકી

ઉસકો ભક્તિ હૈ. અંતર ભક્તિ સ્વરૂપ આનંદકી ભક્તિ વહ નિશ્ચય ભક્તિ હૈ. આહાહા..! સેઠ!

ચૈતન્યઘન પ્રભુ પૂર્ણાનંદ સત્યાર્થકી મૂર્તિ, ઉસકી ભક્તિ નામ એકાગ્રતા વહ સમ્યગ્દર્શન. વહ નિશ્ચય ભક્તિ હૈ. ઐસા .. હો, જબ તક પૂર્ણ વીતરગતા ન હો તબ તક ઐસી ચૈતન્ય પ્રતિમાકી જૈસી પ્રતિમા—મુદ્રા વહ વંદન કરને લાયક હૈ. ઉસકી ભક્તિ કરને લાયક હૈ ઐસા કહતે હૈ. સમજમેં આયા? યે કુંદકુંદાચાર્ય દિગંબર (સંત) મહાવિદેહ મેં પરમાત્મા સર્વજ્ઞકે પાસ ગયે થે. આત્માકા ભાન તો થા, સ્વરૂપકી રમણતા ભી થી. વહાં ગયે, વિશેષ નિર્મલતા જ્ઞાનકી હુઈ, વહાં સે આકર યહ શાસ્ત્ર બનાયા. વહ કુંદકુંદાચાર્ય કહતે હૈં, ભગવાન આત્મા મેં.. યહાં તો મિથ્યાત્વકા નાશ હુઆ ઉસકી બાત હૈ ન ભાઈ! આહાહા..! જિસકો મિથ્યાત્વકા નાશ હુઆ...

વહ કહા ન, પહલે હમારે બહુત ચર્ચા હુઈ થી. ૮૩કી સાલમેં. ૪૭ સાલ હુએ. ૪૦ ઔર ૭. એક સેઠ થા વહ બડા ગૃહસ્થ થા. સાઠ સાલ પહલે દસ લાખ રૂપિયા થા. ઉસકી ઐસી શ્રદ્ધા થી ઔર ઐસા કહતે થે કિ પ્રતિમાકી પૂજા તો મિથ્યાદષ્ટિ હો તબ હોતી હૈ. સમ્યગ્દર્શન હુએ પીછે વહ હોતી નહીં. તો ઉસકો કહા કિ સમ્યગ્દર્શન હુએ પીછે શ્રુતજ્ઞાન હોતા હૈ તો ઉસમેં નય પડતી હૈ ઉસકો નિક્ષેપ હોતા હૈ. યહ તો ૮૩કી બાત હૈ. સંવત્ ૧૯૮૩. ... વિપરીત આગ્રહ બહુત થા. ઐસા કહતે થે કિ પ્રતિમાકી પૂજા તો મિથ્યાદષ્ટિ હો તબ હોતી હૈ. સમ્યગ્દષ્ટિ (હોનેકે બાદ) પ્રતિમાકી ભક્તિ નહીં. મૈંને તો કહા, ઉસ વક્ત કહા. ૪૭ વર્ષ હુએ, ૫૦ મેં ૩ કમ. ભૈયા! શાંતિસે સમજો. જબ આત્માકા સમ્યગ્દર્શન હોતા હૈ તબ સાથ મેં શ્રુતજ્ઞાન હોતા હૈ. વહ શ્રુતજ્ઞાન પ્રમાણ હૈ. ઔર ઉસ પ્રમાણકા ભેદ હૈ વહ નય હૈ. શ્રુતજ્ઞાન પ્રમાણ વહ અવયવી હૈ ઔર નયભેદ ઉસકા અવયવ હૈ. યહ જ્ઞાનકા ભેદ નય હૈ તો જ્ઞેયકા ભેદ નિક્ષેપ હૈ. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ જ્ઞેયકા ભેદ હૈ, યહ (નય) જ્ઞાનકા ભેદ હૈ. તો જિસકો શ્રુતજ્ઞાન પ્રગટ હુઆ ઉસકા વ્યવહારનય જો ઉસમેં હૈ ઉસકા વિષય નિક્ષેપ ઉસકો હોતા હૈ. સમજમેં આયા? પક્ષપાતસે બાત છોડ દો. પાટણીજી! માર્ગ ઐસા હૈ. વસ્તુકી સ્થિતિ ઐસી હૈ.

શ્રોતા :- ...

ઉત્તર :- વહ જ્ઞાન હી નહીં. ... મેરે સામને ન બોલે. બોલે નહિ પરંતુ અંદર મેં માને. ... કોર્ટ મેં ભી ઐસા થા. કોર્ટ મેં. .. યહાંકા માનનેવાલા. સ્થાનકવાસી. .. ઉસને પૈસે દિયે થે સંઘ મેં બહુત. પાંચ-પાંચ હજાર, દસ હજાર. ઉસકી ચર્ચા હુઈ થી કોર્ટમેં. બહુત હુઈ થી. જબતક સ્થાનકવાસી સંપ્રદાયમેં હો તબતક ઉસકા હક હૈ, સ્થાનકવાસીમેં સે નિકલ ગયે તો ઉસકા પૈસાકા.. નહીં. યહાંકા માનનેવાલા હુઆ ન? તો ઉસકા હક નહીં. તો ઉસકી કોર્ટમેં .. વહાં ઉસને ઐસા કહા કિ જો પ્રતિમા ચલી હૈ જૈન મેં વહ પક્ષકી હૈ, તીર્થંકરકી નહીં. ઐસી ચર્ચા ચલી થી. જગતકો અપના પક્ષ (છૂટતા નહીં).

યહાં કહતે હૈ. કુંદકુંદાચાર્ય દો હજાર વર્ષ પહલે હુએ. ભગવાનકે પાસ ગયે થે ઔર સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર થા, ભાવલિંગી સંત થે. પંચ પરમેષ્ઠીમેં સામિલ થે. આહાહા..! વહ કહતે હૈં

કિ મિથ્યાત્વકા જબ નાશ હોતા હૈ... ઉસમેં ભી આયા હૈ ન સમયસાર નાટકમેં. 'આગમ .. જેને કાને પડ્યા.' એ આવે છે સમયસાર નાટકમાં. એ આવે છે, નહિ? 'જિન પ્રતિમા જિન સારખી' ... પડ્યું છે? (ચૌદ ગુણસ્થાન અધિકાર, પદ-૨, ૩.)

'જાકે ઉર અંતર સુદષ્ટિકી લહર લસી, જાકે ઉર અંતર સુદષ્ટિકી લહર લસી' અંતરમાં સુદૃષ્ટિ જાગી (એટલે કે) આ મિથ્યાત્વનો નાશ (થયો). 'વિનસી મિથ્યાત મોહનિદ્રાકી મમારખી'.

સૈલી જિનશાસનકી ફૈલી જાકૈ ઘટ ભયો,
ગરબકૌ ત્યાગી ષટ-દરવકૌ પારખી.

છ દ્રવ્ય ભગવાને કહ્યા એની પરીક્ષા કરી. 'આગમકે અચ્છર પરે હૈં જાકે શ્રવનમેં' ભગવાનકી વાણી જિસકે કાન મેં પડી હૈ 'હિરદૈ-ભંડારમૈં સમાની વાની આરખી.' વીતરાગની વાણી ત્યાં સમજાણી છે.

કહત બનારસી અલપ ભવથિતિ જાકી,
કહત બનારસી અલપ ભવથિતિ જાકી,
સોહી જિન પ્રતિમા પ્રવાંને જિન સારખી. ૩.

યહ હૈ. દૂસરી બાત નહીં હૈ.

જાકે મુખ દરસસૌં ભગતકે નૈનનિકૌં,
થિરતાકી બાની બઢૈ ચંચલતા વિનસી.
મુદ્રા દેખિ કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં,
જાકે આગૈ ઇન્દ્રકી વિભૂતિ દીસૈ તિનસી.

ભગવાનકી પ્રતિમા દેખને સે ઇન્દ્રકી વિભૂતિ ભી તિનકા-છિલકા જૈસા દિખે.

જાકૌ જસ જપત પ્રકાસ જગૈ હિરદેમૈં,
સોઇ સુદ્ધમતિ હોઇ હુતી જુ મલિનસી,
કહત બનારસી સુમહિમા પ્રગટ જાકી,
સોહૈ જિનકી છબિ સુવિદ્યમાન જિનસી. ૨.

વીતરાગકી મૂર્તિ સાક્ષાત્ ભગવાન જૈસી કહનેમેં આતી હૈ. વ્યવહાર હૈ ન. નિશ્ચય.. સમજમેં આયા? યહ બનારસીદાસ. ચૌદ ગુણસ્થાન ... બનારસીદાસ. પન્ના ૩૬૫. બનારસીદાસ. યહ તો બહુત સાલ કા હૈ ન. .. કા અભ્યાસ હૈ. ૭૮. કિતના હુઆ? ૫૨. ૫૨ વર્ષ સે સમયસાર નાટકકા અભ્યાસ હૈ. કિતનોંકી તો જિંદગી નહીં હોગી ૫૨ વર્ષકી.

યહાં કહતે હૈં કિ **'चेइय'** સમ્યગ્દૃષ્ટિ જીવ જિસકો અપને આત્માકી ભક્તિ હુઈ હૈ, અપના આત્મા આનંદમય ચૈતન્યઘન... આહાહા..! ઉસકી જિસકો ભક્તિ કહો યા સમ્યગ્દર્શન કહો, દોનોં એક હી બાત હૈ. સમજમેં આયા? ચૈત્યકી પ્રતિમા ભગવાનકી આજ્ઞા સે... દેખો પાઠ હૈ ન. 'જિનઆજ્ઞા ચૈત્ય'

ઐસા શબ્દ પડા હૈ. હૈ ન, પાઠ હૈ ન. 'चेइयपवयणगुरुणं करोहि भत्तिं जिणाणाए' 'जिणाणाए' વીતરાગકી આજ્ઞા પ્રમાણે. પાટણીજી! લોગોંકો આગ્રહ હોતા હૈ ન. અંદર સે ફિર ઉસકો ... યહ (બાત) બૈઠતી નહીં. યહ તો જિનાજ્ઞાએ, જિનાજ્ઞાએ વીતરાગ ... જિનાજ્ઞાનો અર્થ કિ જેવી પ્રતિમા વીતરાગની છે ભગવાન વીતરાગ એવી જે પ્રતિમા. એનું પ્રતિબિંબ એવું હોય. ભગવાન વીતરાગ છે અને અહીં માથે કપડા હોય, ટીલા ટપકા હોય ને આ હોય, એ મૂર્તિ જિનની નહિ. એથી એ કહ્યું. 'चेइय' જિન પ્રતિમા. 'જિન પ્રતિમા જન દોષ નિકંદૈ. ૪.' એ એમાં જ આવે છે. આહાહા..! ભાવ છે ને? શુભભાવ છે. એ અશુભભાવ છોડીને કાંઈ શુભભાવ સમકિતકો ભી, મુનિકો ભી આતા હૈ. હૈ હેય તરીકે, પરંતુ આતા હૈ. અભી કોઈ કહતા હૈ ન કિ ઉપાદેય હૈ. વ્યવહારસે ઉપાદેય હૈ, નિશ્ચય સે તો ઉપાદેય હૈ હી નહીં. આહાહા..!

શ્રોતા :- અટપટી બાત હૈ.

ઉત્તર :- અટપટી નહીં, સીધી બાત હૈ. આતા હૈ કિ નહીં? જબ તક વીતરાગ ન હો તબ તક ચૈતન્યકી ભક્તિ જિસકો જાગી, ઉસકો ચૈતન્ય પરમાત્મા જો હુઆ ઉસકી પ્રતિમાકા પ્રેમ આયે બિના રહે નહીં. સમજમેં આયા? કુંદકુંદાચાર્ય પુકાર કરતે હૈં. દો હજાર વર્ષ પહલેકે યહ શબ્દ હૈ. દો હજાર વર્ષ પહલે ભગવાનકે પાસ ગયે થે ઔર યહ લિખા હૈ. હૈ અંદર ...

'**જિનઆજ્ઞાસે ચૈત્ય,...**' પ્રતિમા. જિનઆજ્ઞા ક્યોં લિયા? કિ પ્રતિમાને માથે વસ્ત્ર, દાગીના, ટીલાટપકા એ ભગવાનને ન હોય. સમજમેં આયા? કેસર ને ચંદન ભગવાન ઉપર ન હોય એમ કહે છે. દાગીના તો નહીં પરંતુ.. જૈસે વીતરાગ ત્રિલોકનાથ હૈ ઐસા પ્રતિબિંબ હોતા હૈ. માર્ગ તો ઐસા હૈ ભગવાન. કમ, અધિક, વિપરીત કરે તો ઉસકો મિથ્યાત્વ લગેગા. મિથ્યાત્વકી ભ્રાંતિ બડા પાપ. '**ચૈત્ય,...**' યહાં તો કહા ન? '**चेइयपवयणगुरुणं करोहि भत्तिं जिणाणाए**' ઐસા શબ્દ હૈ ન ભાઈ! '**जिणाणाए**' વીતરાગકી આજ્ઞા હૈ ઉસ પ્રકાર જિનઆજ્ઞાસે ચૈત્ય પ્રતિમા.

'**પ્રવચન,...**' જિન આજ્ઞાસે પ્રવચન, વીતરાગને કહા હુઆ હો વહ પ્રવચન, કલ્પિત અજ્ઞાનીને બનાયા વહ પ્રવચન નહીં ઐસા કહતે હૈં. શ્વેતાંબરને તો શાસ્ત્ર કલ્પિત બનાયા હૈ. ૩૨, ૪૫, ૮૪ ભગવાનકી વાણી નહીં. યહ કહતે હૈં યહાં. '**પ્રવચન,...**' ભગવાનકે વચન. પ્ર-પ્રકૃષ્ટ વચન. દિવ્યધ્વનિ દ્વારા પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્માકી દિવ્યધ્વનિ દ્વારા જો વાણી આઈ ઉસકો આગમ કહતે હૈં. આગમકા અર્થ, વહ લક્ષણાવલી છે ને ભાઈ! એમાં વાંચતો હતો. લક્ષણાવળી બનાવી ને. ..ચંદજીએ. ... એમાં આગમ કોને કહેવું? એકમાં એમ આવ્યું, સર્વજ્ઞની વાણીને આગમ (કહેવા). બીજામાં એક આચાર્યની પરંપરાએ આવે એને આગમ કહેવું. આ તો ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એમના શ્રીમુખે નીકળેલી વાણી. એ કહ્યું હતું ને આપણે નિયમસારમાં. આગમ એને કહીએ. આનો અર્થ કરે ત્યારે ... એ બીજી વાત છે. સમ્યગ્જ્ઞાનને .. એના સમ્યગ્જ્ઞાન પ્રવચન દ્વારા આત્મા આનંદના પીણા પીણા

પીવા. નિર્વિકલ્પ આનંદ પીવો એ... સમજમેં આયા? .. યહાં તો યહ '**गणहरदेवेहिं गंथियं**' છે ને? '**तित्थयरभासियत्थं गणहरदेवेहिं गंथियं**' પરંતુ એમ પણ કહે છે, અમારું તો ગણધરનું ગુંથેલું છે.

અહીંયાં તો કહે છે. કહેશે હમણાં. અતુલ શબ્દ વાપરશે ને. તુલના વિનાની ચીજ જેની, એની સાથે માપ, વીતરાગ વાણી સાથે બીજી ચીજની તુલના કરી શકાય નહિ. એવી વીતરાગ દિવ્યધ્વનિ દ્વારા સંતોએ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, ષટ્ ખંડાગમ આદિ રચ્યા. તો એ સર્વજ્ઞ અનુસાર વાણી છે. બાર અંગકી વાણી જો હૈ વહી સબ આગમ મેં રચી હૈ. આગમ હૈ ન—ધવલ, જયધવલ, મહાધવલ. ઐસે સમયસાર, નિયમસાર હૈ. એ પણ એમ કહે છે કે અમારું તીર્થંકરનું કહેલું છે, એ અમારે આર્ષવાક્ય છે. અહીંયાં પ્રવચન—ભગવાનની વાણી. આહાહા..! લ્યો! આપણા પરમાગમ કોતરાણા ને, એ ભગવાનની વાણી છે. આહાહા..! સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય અને અષ્ટપાહુડ. પાંચ-પાંચ. એમાં ચાર લાખ અક્ષર હિન્દુસ્તાનમાં પહેલા મશીનથી કોતરાયેલી વાત પહેલીવહેલી થઈ. મશીન આયા ન પહલે? ઈટાલીસે. ઈટાલીસે મશીન ... હિન્દુસ્તાન મેં સંચા હી પહલે લિયા. આયા હૈ ન વહ અક્ષર ... બહેન હતા તમારા ઘરે. બહેન પણ ઊભા હતા. ... એમ કે અમે તો લાખો-કરોડનું સોનું .. પણ એકધારા અક્ષર. કીધું, આ તો સંચાથી થયા છે. સંચા હૈ ન યહાં. પડા હૈ.

વહ પ્રવચન ભગવાનકી વાણી. આહાહા..! ઉસકી ભક્તિ જિનઆજ્ઞાસે કરના. જિન આજ્ઞા વીતરાગકી આજ્ઞા હૈ કિ પ્રવચન... એ તો આપણે સમયસારમાં પણ આવ્યું ને બીજી ગાથામાં, બીજા કળશમાં. જિનવાણી સર્વજ્ઞ અનુસારીણી પૂજ્ય છે. જિનવાણી સર્વજ્ઞ અનુસારીણી એ પૂજ્ય છે. વ્યવહાર હોં! નિશ્ચયથી તો આત્મા પૂજ્ય છે. દૂસરા કલશ હૈ ન સમયસારમેં. અમૃતચંદ્રાચાર્ય. '**परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा**' યહ વાણી સર્વજ્ઞ અનુસારીણી. ત્રિલોકનાથ પરમાત્માએ કહી.

પાંચવી ગાથા મેં તો યહ લિખા. પાંચવી (ગાથા) સમયસાર. '**પરમગુરુ-સર્વજ્ઞદેવ ઔર અપરગુરુ—ગણધરાદિકસે લેકર ગુરુ પર્યંત,...**' વહ સબ આત્મામેં લીન થે. ઉસસે હમકો યહ મિલા હૈ. વહ સંસ્કૃતમેં હૈ. સમજમેં આયા? સર્વજ્ઞસે લેકર... લ્યો! નિર્મલ વિજ્ઞાનઘન જો આત્મા ઉસમેં અંતરમગ્ન-અંતરનિમગ્ન. '**પરમગુરુ-સર્વજ્ઞદેવ...**' સંસ્કૃત હૈ, સંસ્કૃત હૈ. '**ઔર અપરગુરુ—ગણધરાદિકસે લેકર ગુરુપર્યંત...**' કુંદકુંદાચાર્યકે ગુરુ ભી નિર્મલ વિજ્ઞાનઘન આત્મા ઉસમેં અંતરનિમગ્ન થે. જૈસે સર્વજ્ઞ થે, વહાંસે લેકર હમારે ગુરુ પર્યંત નિર્મલ આત્મામેં મગ્ન થે. '**ઉનકે પ્રસાદરૂપસે દિયા ગયા...**' હમારે ઉપર કૃપા કરકે હમકો સુનાયા. સંસ્કૃત હૈ. '**निर्मलविज्ञानघनान्तर्निमग्न-परापरगुरुप्रसादीकृत**' સંસ્કૃત હૈ. પાંચવી ગાથા હૈ. નિર્મલ વિજ્ઞાનઘન. ભગવાન સર્વજ્ઞ જૈસે નિર્મલ વિજ્ઞાનઘન મેં મસ્ત હૈં ઐસે હમારે ગુરુ પર્યંત ... હમ કહતે હૈં, કુંદકુંદાચાર્ય કહતે હૈં. આહાહા..!

ભગવાનકે પાસ ગયે થે. વે સ્વયં કહતે થે. ઉસકી વાણીમેં અમૃતચંદ્રાચાર્યકી વાણી હૈ કિ હમારે ગુરુ સર્વજ્ઞ કે (પાસસે) આયે. વે અંતર્નિમગ્ન થે વિજ્ઞાનઘન મેં પ્રભુ, ઐસે હમારે ગુરુભી અંતર્નિમગ્ન હી થે.

પંચ મહાવ્રત ઔર વિકલ્પકી બાત નહીં. ધન્નાલાલજી! વે નગ્ન થે વહ નહીં. આહાહા..! વે તો અંતર્નિમગ્ન. આહાહા..! નિર્મલ વિજ્ઞાનઘન(મેં) અંતર્નિમગ્ન (થે). જૈસે સર્વજ્ઞ પરમાત્માસે ધારાવાહી હમારે ગુરુ પર્યંત અંતર્નિમગ્ન થે, હમારે પર કૃપા કરકે હમકો (ઉપદેશ) દિયા. હમારે પર અનુગ્રહ કિયા. ભાઈ! આહાહા..! વહ પ્રવચન, વહ પ્રવચન. સર્વજ્ઞકી વાણી જો હૈ વહ, યહાં મશીનમાં કોતરાણી. પાંચ-પાંચ છે ને? પરમભાવ પાંચમો. પાંચ પરમેષ્ઠી. અલૌકિક વાત છે. આહાહા..! વો પ્રવચનકી ભક્તિ.

સમ્યગ્દૃષ્ટિજીવ ધર્માત્મા જિસકો અપના આત્માકા અનુભવ હુઆ, વહી આત્મા પ્રવચનકી ભક્તિ યથાર્થ મેં વ્યવહાર ઉસકા સચ્ચા હૈ. આહાહા..! જિસકો સમ્યગ્દર્શન નહીં, અપના ભાન નહીં, વહ પરકી ભક્તિ તો વ્યવહારાભાસ હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? પરંતુ જિસકો યથાર્થ દૃષ્ટિ હુઈ હૈ, વહ સમ્યગ્દૃષ્ટિ મિથ્યાત્વકા નાશ કર અપને સ્વભાવકા અનુભવ કિયા, વહ પ્રવચન ઔર ચૈતન્યકી ભક્તિ કરતે હૈં ઉસકા વ્યવહાર હૈ. આહાહા..! કહો, દેવીલાલજી! લ્યો, યહ તો વ્યવહાર ભી આયા. હોતા હૈ, આતા હૈ.

શ્રોતા :- સાથે સાથે હોય જ છે.

ઉત્તર :- હોય જ છે. અશુભથી બચનેકો—અશુભ વંચનાર્થ. ઐસા પાઠ હૈ સંસ્કૃતમેં પંચાસ્તિકાય. અશુભ વંચનાર્થ ઐસા ભાવ આયે બિના રહે નહીં. આહાહા..! પરંતુ સમ્યગ્દૃષ્ટિ ઉસકો સમજે કિ વહ હેય હૈ. નિશ્ચયમેં તો વહ હેય હૈ. વ્યવહારસે, અશુભ છુડાનેકો ઉપાદેય વ્યવહારસે કહને મેં આયા. આહાહા..! '**जिणाणाए**' કીધું છે ને દેખો ન. વીતરાગની આજ્ઞાસે ચૈતન્ય પ્રતિમાકી ભક્તિ, વીતરાગકી આજ્ઞાસે પ્રવચનકી ભક્તિ. ગાથા બહુત અચ્છી આઈ હૈ. ઔર વીતરાગકી આજ્ઞાસે ગુરુકી ભક્તિ. આહાહા..! સંત ભાવલિંગી સંત ગુરુ નિર્ગ્રંથ. જિસકો વસ્ત્રકા એક ધાગા ભી નહીં ઔર અંતર મેં રાગકા કણ ભી જિસકો અપના નહીં. ઐસા અંતરમેં આત્માકે આનંદમેં નિમગ્ન. ઐસા સંત, ઐસા ગુરુ નિર્ગ્રંથ. ગ્રંથ જિસકો બાહર મેં ભી નહીં ઔર અભ્યંતર મેં નહીં. આહાહા..! બાહ્ય મેં વસ્ત્રકા તિલતુષ-તિલકા તુષમાત્ર ભી વસ્ત્ર રખે ઔર મુનિપના માને, તો આચાર્ય કહતે હૈં કિ નિગોદં ગચ્છઈ. ઢોરમેં જાયેગા. ઔર જબ આત્માકા ભાન અંતર અનુભવ હુઆ, ભગવાન આત્મા. મિથ્યાત્વ કે નાશકી બાત કી હૈ ન? અનાકુલ .. આહાહા..! કિતની બાત હૈ! સંત નથી અને એને ગુરુ માને એ જિનઆજ્ઞા નથી. સમજાય છે કાંઈ? ઓહો..! ત્રણ બોલની વાત આવી. ચૈત્ય, પ્રવચન અને ગુરુ. આહાહા..! દેવની પ્રતિમા, શાસ્ત્ર પ્રવચન, નિર્ગ્રંથ ગુરુ. 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન' આતા હૈ કિ નહીં? દેવ-શાસ્ત્ર-ગુરુ.

શ્રોતા :- 'જાસો પૂજો પરમપદ દેવ-શાસ્ત્ર-ગુરુ તીન'.

ઉત્તર :- દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. પહલે દેવ-ગુરુ નહીં. દેવ-શાસ્ત્ર. બીચ મેં લિયા હૈ ન. '**चेइयपवयणगुरुणं**' જિનપ્રતિમા દેવકી ઔર ભગવાનકી વાણી શાસ્ત્ર ઔર ભગવાનને કહા ઐસે સંત

નિર્ગ્રંથ. જિસકી બાહ્ય મુદ્રા નિર્ગ્રંથ, અંતર જિસકો બાહ્ય વિકલ્પ તરીકે અઠ્ઠાઈસ મૂલગુણ આદિ હો ઉસસે રહિત જો અંતર મેં નિર્વિકલ્પ આનંદસહિત જિસકા ભાવલિંગ પ્રગટ હુઆ હૈ, વીતરાગકી મજા આનંદકી લહેર જિસકો ઊઠી હૈ અંદરમેં. આહા..હા..! ... વસ્ત્ર રહે ઐસા બને નહીં.

ઐસે '**जिणाणाए गुरुणं करोहि भत्तिं**' કર ભક્તિ એમ કીધું છે ને? કરે એ શુભભાવ છે ને. વ્યવહારથી કહે છે ને. વ્યવહાર છે ને. '**करोहि**' શબ્દ છે ને ભાઈ આમાં. આમ તો ઐસી બાત હૈ કિ શુભભાવ કરને લાયક હૈ વહ દૃષ્ટિ તો મિથ્યાત્વ હૈ. શુભભાવ કર્તવ્ય હૈ, કરને લાયક હૈ વહ તો આત્મામેં હૈ નહીં. આત્મામેં શુભકા અકર્તા સ્વભાવ આત્માકા હૈ. ભગવાન આત્મામેં તો શુભકે કર્તૃત્વસે રહિત અકર્તા સ્વભાવ ભગવાન આત્માકા હૈ. પરંતુ વહ તો દૃષ્ટિકી સ્વભાવકી અપેક્ષાસે કહને મેં આયા. પરંતુ સાથમેં જો જ્ઞાન ઉત્પન્ન હુઆ, વહ જ્ઞાન જાનતા હૈ કિ મેરે મેં શુભકી પરિણતિ હૈ ઉતના મૈં કર્તા હૂં. ઓહોહો..! એક બાજુ કર્તા નહીં, કર્તૃત્વ દૃષ્ટિ નહીં, પરંતુ પરિણમન રાગકા હૈ પ્રવચન, ભક્તિ આદિકા ઐસા જ્ઞાન જાનતા હૈ. ઔર ઉસ શુભભાવકા આધાર મૈં આત્મા હૂં. જ્ઞાન જાનતા હૈ, દૃષ્ટિ મેં નહીં. સમજમેં આયા?

દૃષ્ટિ-સ્વભાવકી દૃષ્ટિમેં તો રાગકા સ્વભાવ મેં અભાવ હૈ, પરંતુ જો દૃષ્ટિકે સાથ જો જ્ઞાન હુઆ... વહ આયેગા સમયસાર મેં. વહ જ્ઞાન સમ્યક્ ઐસા જાનતે હૈ કિ મેરી પર્યાય મેં ચૈત્ય, પ્રવચન, ગુરુકી ભક્તિકા ભાવ શુભ હૈ ઔર ઉસ શુભકા આધાર મૈં હૂં. આહાહા..! કર્તા હૈ ન? ૪૭ નય પ્રવચનસાર મેં. રાગકા કર્તા મૈં હૂં ઐસા માનતે હૈ. કર્તૃત્વકે લાયક ઐસા નહીં. પરંતુ પરિણમન હૈ ઉસ અપેક્ષાસે કર્તૃત્વ મેરા હૈ ઐસા માનતે હૈં. સૂક્ષ્મ બાત હૈ ભગવાન! આહાહા..! સમજમેં આયા? '**करोहि**' શબ્દ આયા ન. એક તરફ તો કહે કિ શુભભાવ કર્મકે નિમિત્તસે ઉત્પન્ન હોનેવાલા વિકાર ઉસસે ઉપરમ—નિવૃત્ત હુઆ ઐસા આત્માકા સ્વભાવ હૈ. અકર્તા સ્વભાવ હૈ. રાગ વ્યવહારરત્નત્રયકા કર્તા વહ આત્માકા સ્વભાવ નહીં. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- આત્માથી થાય. દ્રવ્યાનુયોગના શાસ્ત્રથી ન થાય. ક્યા હૈ? દ્રવ્યાનુયોગના શાસ્ત્રથી પણ ન થાય, દ્રવ્યાનુયોગનું જ્ઞાન કર્યું પર્યાયમાં એનાથી ન થાય. ત્રિકાળ સત્યસ્વરૂપ ભગવાન આત્મા એના આશ્રયે થાય. એ આવે છે રત્નકરંડ શ્રાવકાચારમાં ... એમાં આવે છે. બોહિસમાધિ, બોધિ.. ભાવ કથાનુયોગમાં આવે છે રત્નકરંડ શ્રાવકાચારમાં. એ તો નિમિત્તની વાત છે. સમ્યગ્દર્શન થયા પછી .. તો એમાં સિદ્ધાંત આમ લે છે. ઝીણી વાત ભાઈ!

યહાં તો ભગવાન તો એમ કહતે હૈં કિ હમારી વાણી સુનકર ઉસમેં જો ઉસકો જ્ઞાન ઉસકે કારણ સે હુઆ, વહ જ્ઞાનકી પર્યાયસે ભી સમ્યગ્દર્શન નહીં હોતા. આહાહા..! સમજમેં આયા? ભગવાન તો એમ કહતે હૈં કિ હમારી વાણી સુનકર, વહ તો નિમિત્ત હૈ, પરંતુ તેરી પર્યાય મેં તેરી યોગ્યતાસે જો

ઉપાદાનમેં જો જ્ઞાન હુઆ નિમિત્તકે લક્ષ્યસે, વહ પરલક્ષી જ્ઞાન હૈ. ઉસસે ભી તુજે સમકિત નહીં હોતા. આહાહા..! વહ લક્ષ્ય છોડકર, ત્રિકાલ સત્યાર્થ ભગવાન ચિદાનંદ ધ્રુવ... ૧૧વીં ગાથા. **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।'** **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** સત્ સત્યાર્થ પરમ સત્ય પ્રભુ ધ્રુવ સત્યકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા..! પર્યાયકે લક્ષ્યસે નહીં, રાગકે લક્ષ્યસે નહીં, નિમિત્તકે લક્ષ્ય સે નહીં. આહાહા..! વસ્તુ તો ઐસી હૈ. જિસમેં અનંતી પર્યાય પડી હૈ નિર્મલ. ચૈતન્ય સામાન્યમેં જ્ઞાનકી, આનંદ આદિકી નિર્મલ વ્યક્તિ જો પર્યાય હૈ વહ સબ અંદરમેં પડી હૈ. ઐસા સમુદાય સ્વરૂપ ભગવાન, સત્યાર્થ પરમાત્મા પરમપારિણામિક સ્વભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, અચલભાવ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા..! ધન્નાલાલજી! એ.. દેવાનુપ્રિયા! શું છે હવે?

શ્રોતા :- ...

ઉત્તર :- વ્યવહારથી ન થાય પરથી, આત્માથી થાય. વહ આત્મા કૈસા? ત્રિકાલ આનંદકંદ ધ્રુવ જ્ઞાયકભાવ એના આશ્રયથી થાય.

શ્રોતા :- ..

ઉત્તર :- આ તો વ્યવહારની વાત ચાલે છે. ઐસા સમ્યગ્દર્શન હુઆ હૈ અપને આશ્રયસે, વહ તો બાત ચલી મિથ્યાત્વકા નાશસે, અબ ઉસકા વ્યવહાર કૈસા હૈ યહ બતાતે હૈં. સચ્ચી ચૈત્ય પ્રતિમા ભગવાનકી વીતરાગ મૂર્તિ ઉસકી વહ ભક્તિ કરતે હૈં. **'जिणाणाए'** વહ જિનકી આજ્ઞા હૈ. વ્યવહારસે જિનકી આજ્ઞા હૈ વહ. આહાહા..! પ્રવચન.

શ્રોત :- ...

ઉત્તર :- પહેલા આવી ગયું ને બધું, પહેલા આવી ગયું છે. **'भंजसु इन्द्रियसेणं भंजसु मणमक्कडं पयत्तेण'** આવી ગયું. અહીં તો વિસ્તાર નવ કષાયનો છે એટલે. ૯૦માં આવી ગયું છે. ઇન્દ્રિયને વશ કર, મનના મર્કટને પ્રયત્નથી છોડી દે, સ્વભાવ તરફ લે. એ પહેલી ગાથા આવી ગઈ. આ તો નવ નોકષાયની વાસના વિષયની, પુરુષવેદની, સ્ત્રીવેદની આદિ, હાસ્ય, રતિની વાસના એ મિથ્યાત્વકા નાશ કરકે ઉસકી વાસના ભી છોડ દે. ક્યોં? કિ જબ મિથ્યાત્વકા નાશ હોતા હૈ તો આત્માકા આનંદકી રુચિ દૃષ્ટિ હોતી હૈ, ઉસકો વિષયકી વાસનામેં આનંદ હૈ વહ બુદ્ધિ ઊડ જાતી હૈ. સમજમેં આયા? જિસકો અપના આત્મા આનંદસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ, શુદ્ધ ચૈતન્યઘન, આનંદમૂર્તિકા પ્રતીત હુઆ, ઉસકી દૃષ્ટિ મેં શુભભાવ મેં સુખ હૈ, પાપમેં સુખ હૈ, ઇન્દ્રિયકા વિષયમેં સુખ હૈ વહ બુદ્ધિ ઊડ જાતી હૈ. પરંતુ ઊડ ગયા પીછે ભી ઉસકી વાસનાકો છોડ દે અસ્થિરતાકી યહ બાત ચલતી હૈ. સમજમેં આયા? સુખબુદ્ધિકા તો મિથ્યાત્વકા નાશ હોનેસે પરમેં સુખબુદ્ધિકા તો નાશ હો ગયા સમકિતીકો. સમ્યગ્દૃષ્ટિકો પરમેં કહીં સુખ ભાસતા નહીં. ભગવાનકી ભક્તિકે પરિણામ મેં ભી સુખ ભાસતા નહીં. આહાહા..!

ગજબ બાત હૈ. ભક્તિકા ભાવ હૈ તો દુઃખ. રાગ હૈ ન. પરંતુ આતા હૈ વ્યવહાર ઐસી યહાં બાત સિદ્ધ કરતે હૈં. સમજમેં આયા? માર્ગ યહ હૈ, ભાઈ! લોગોં કો સત્ય વસ્તુ ક્યા હૈ, કૈસે પ્રાપ્ત હો યહ મિલતી નહીં. સુનનેકો મિલતી નહીં. પ્રાપ્ત તો કરે કહાંસે? પ્રાપ્ત કહાંસે કરે?

વાહ! યહ ગાથા તો ગજબ આ ગઈ. '**करोहि भत्तिं जिणाणाए**' હૈ? જિન આજ્ઞા સે ચૈત્ય, જિન આજ્ઞાસે પ્રવચન, જિન આજ્ઞાસે ગુરુકી ભક્તિ કર. હૈ તો શુભભાવ. પરદ્રવ્ય તરફકા વલણકા ભાવ શુભ હૈ. પરંતુ વ્યવહારનયસે શુભભાવ આતા હૈ (ઉસે) 'કર' ઐસા કહને મેં આતા હૈ. આહાહા..! આવી વાત છે ભાઈ!

મુમુક્ષુ :— ...

ઉત્તર :— અશુભ થવાનો તો ક્યાં, આ તો સમજવાની વાત છે. આ તો અશુભ ટાળવા માટે કે અશુભ ન હો, માટે હોય છે. કાંઈ અશુભ થતાં આને શુભ થાય છે એમ તો છે નહિ. એ ભાષાની શૈલી જુદી છે ભાઈ. અશુભ હતો અને એને ટાળવો છે અને શુભ છે એમ છે નહિ. પણ કથન શૈલી એવી આવે. અશુભ વંચનાર્થે. શુભભાવમાં અશુભની ઉત્પત્તિ નથી એથી અશુભ વંચનાર્થે શુભભાવ કહેવામાં આવે છે. હૈ પુણ્યબંધકા કારણ. સમ્યગ્દૃષ્ટિકો ભી કર્મધારા (હૈ). આહાહા..! વહ કર્મધારા હૈ, રાગધારા હૈ. પ્રવચન, ચૈત્ય ઔર ગુરુકી ભક્તિ રાગધારા હૈ. આહાહા..! બહુત કઠિન. જૈનદર્શનને સમજવું અલૌકિક વાત છે. એ સમજે તો ન્યાલ થઈ જાય, સંસાર સારા ઉઠ ગયા. ઉદયભાવ મેરે મેં નહીં. ફિર ભી ઉદય આતા હૈ વ્યવહાર હૈ. પહલે નિશ્ચય તો ઐસા હુઆ મિથ્યાત્વકે નાશ મેં (કિ) જિતના ઉદયભાવ હૈ વહ મેરેમેં નહીં. મૈં તો પરિણામિકભાવ (સ્વરૂપ હૂં), ક્ષયોપશમભાવ ભી મેરેમેં નહીં હૈ. આહાહા..! ક્ષયોપશમભાવ હોતા હૈ, સ્વકે આશ્રયસે ક્ષયોપશમ હોતા હૈ, પરંતુ સ્વમેં ક્ષયોપશમભાવ નહીં અંદર મેં. આહાહા..! ઐસી બાત.

શ્રોતા :- ...

ઉત્તર :- ભાવરહિત તો હોતા હી નહીં કભી, ભાવ તો હોતા હી હૈ. ત્રિકાલી ભાવકે આશ્રયસે ક્ષયોપશમભાવ હોતા હૈ, પરંતુ ત્રિકાલમેં ક્ષયોપશમભાવ નહીં. ક્ષયોપશમકે આશ્રયસે ધર્મ હોતા હૈ ઐસા નહીં. આહાહા..! આ તો બે વાત ભેગી આવી ગઈ ને એટલે વાત કહી. એક કોર કહે કે મિથ્યાત્વકા .. ભ્રાંતિકો છોડ, ભગવાનકો પકડ લે. આહા..! ભાવશુદ્ધિ ઐસા કહા હૈ ન? ભાવશુદ્ધિ. ભાવપાહુડ હૈ ન. ભાવશુદ્ધિકા અર્થ શુદ્ધ ઉપયોગ. વીતરાગી પરિણતિ યહ ભાવશુદ્ધિ. યહ ભાવશુદ્ધિસે વિકારકા નાશ હોકર વિષય-વાસનાકા .. છોડકર યહ ભાવ પ્રગટ હોતા હૈ વ્યવહારમેં દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિ.

શ્રોતા :- ભાવશુદ્ધિ મનશુદ્ધિકા વિકાસ કરને કે લિયે..

ઉત્તર :- મનશુદ્ધિ યહી શુભભાવ હૈ. યહ ભાવશુદ્ધિ શુભસે રહિત ચીજ હૈ.

'**આગે ફિર કહતે હૈં :—**' દેખો! હવે પ્રવચનની વ્યાખ્યા કરે છે.

तित्थयरभासियत्थं गणहरदेवेहिं गंथियं सम्मं।
भावहि अणुदिणु अतुलं विसुद्धभावेण सुयणाणं।।९२।।

આ શ્રુતજ્ઞાન. આહાહા..! ભાવશ્રુતજ્ઞાન. એ '**तित्थयरभासियत्थं**' અર્થ એનો અર્થ દ્રવ્યશ્રુત. તીર્થંકરે ભાખ્યું. '**શ્રુતજ્ઞાનકો તીર્થંકર ભગવાનને કહા...**' છે ને? તીર્થંકર ભગવાને કેવળજ્ઞાન કહ્યું નથી, શ્રુતજ્ઞાન કહ્યું છે. ભાઈ! ધવલમાં આવે છે. ભગવાને કેવળજ્ઞાન કહ્યું નથી. શ્રુતજ્ઞાન કહ્યું છે. શ્રુતજ્ઞાનમાં બધું આવે છે. શ્રુતજ્ઞાનનો અર્થ. ગણધરદેવે રચ્યું. દ્રવ્યશ્રુત રચ્યું માટે વીતરાગની વાણીને ભાવશ્રુત કહેનારી કહેવામાં આવે છે. શું કહ્યું સમજાણું? ગણધરદેવે શ્રુતની રચના કરી, શ્રુતકી રચના કિયા તો ભગવાનકી વાણીકો ભાવશ્રુત અર્થ કહને મેં આયા હૈ, ભાવશ્રુત અર્થ કિયા ઐસા કહને મેં આયા. ભાવશ્રુત. યહાં તો બીજી વાત લેવી છે આપણે કે ભગવાનની વાણીમેં કેવલજ્ઞાન આયા હૈ તો તો સુનનેવાલોંકો કેવલજ્ઞાન હો. પરંતુ ગણધરને રચા સૂત્ર ઉસમેં ઉસકો સૂત્ર ભાવશ્રુતકા અર્થ આયા ભગવાનકી વાણીમેં. સમજમેં આયા?

શ્રોતા :- .. ભાવશ્રુતનો અર્થ.

ઉત્તર :- ભાવશ્રુતકા અર્થ. સર્વજ્ઞકી વાણીમેં ભાવશ્રુતકા અર્થ આયા. વહ ગણધરને દ્રવ્યશ્રુત રચા. તો દ્રવ્યશ્રુતકી રચનામેં ભાવશ્રુત નિમિત્ત હુઆ. ઔર કેવલજ્ઞાન આયા ઔર ભાવશ્રુત રચા ઐસા નહીં. જરી ઝીણી વાત છે. યે ધવલમેં હૈ બહુત.

કહતે હૈં, '**શ્રુતજ્ઞાનકો તીર્થંકર ભગવાનને કહા ઔર ગણધર દેવોંને ગૂંથા અર્થાત્ શાસ્ત્રરૂપ રચના કી...**' આગમ. ઉસકો યહાં પ્રવચન ઔર આગમ કહીએ. લોગોંને કલ્પનાસે શાસ્ત્ર બનાયા ઔર નામ ભગવાનકા દિયા વહ શાસ્ત્ર નહીં. શાંતિભાઈ! શ્વેતાંબરને શાસ્ત્ર બનાયા વહ ભગવાનને કહા વહ શાસ્ત્રકી રચના નહીં. .. સે હોતી હૈ યહ કહતે હૈં. આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ હૈ ન? અગિયાર અંગ હૈ વહ ભગવાનકી વાણીકી રચના નહીં, ગણધરકી રચના નહીં. વહ કહતે હૈ. આહાહા..! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભગવાન! યહ તો સત્ય કા સત્ય કૈસા હૈ વહ ... આયા હૈ.

શ્રોતા :- ...

ઉત્તર :- જેનું એક ખોટું એનું બધું ખોટું. આહાહા..! જેનો એક ન્યાય જૂઠો એનું બધું જૂઠું. ભગવાનની વાણીમાં તો સબ પરમાર્થભૂત યથાર્થ બાત હૈ. આહાહા..! ઉસમેં સે યહ ષટ્ખંડાગમકી રચના કી હૈ. સમયસારાદિકી ઉસમેં સે રચના હુઈ હૈ. જ્ઞાનપ્રવાદમેં સે... આહાહા..! અરે! ભગવાન!

'**શાસ્ત્રરૂપ રચના કી ઉસકી સમ્યક્ પ્રકાર ભાવ શુદ્ધ કર નિરંતર ભાવના કર.**' આહાહા..! એને ભાવશ્રુતજ્ઞાનને જાણીને વારંવાર ભાવના ઉસકી કર. આહાહા..! '**કૈસા હૈ વહ શ્રુતજ્ઞાન? અતુલ હૈ,...**' ઓહોહો..! ભાવશ્રુતજ્ઞાનકી મહિમા ... એની સાથે દૂસરા શાસ્ત્રકી તુલના થઈ શકે નહિ. '**ઈસકે બરાબર અન્ય મતકા કહા હુઆ શ્રુતજ્ઞાન નહીં હૈ.**' બીજાએ શાસ્ત્ર રચ્યા, ભગવાનની

વાણીની સાથે, ભાવજ્ઞાન સાથે એનો કોઈ મેળ છે નહિ, મેળ છે નહીં જરીએ એમ કહે છે. થોડા સત્ય હૈ કિ નહીં? વિશેષ કહેગેં...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૩, મંગળવાર તા. ૧૯-૦૨-૧૯૭૪**
**ગાથા - ૯૩-૯૪, પ્રવચન - ૧૧૩**

જ્ઞાનસ્વરૂપી જ્ઞાનમય હૈ. ઐસા ઉસકા ભાવજ્ઞાન પ્રગટ કરકે ક્યા કરના વિશેષ વહ કહતે હૈં.

पीऊण णाणसलिलं णिम्महतिसडाहसोसउम्मुक्का।
होंति सिवालयवासी तिहुवणचूडामणी सिद्धा।।९३।।

'**અર્થ :- પૂર્વોક્ત પ્રકાર ભાવ શુદ્ધ કરને પર...**' અર્થાત્ શુભ-અશુભભાવ જો બંધકા કારણ હૈ ઉસસે રહિત અપની ચીજકા જ્ઞાન કરનેસે જો ભાવ શુદ્ધ ઉત્પન્ન હોતા હૈ ઉસકો યહાં ભાવશ્રુતજ્ઞાન કહને મેં આતા હૈ. આહાહા..! '**પૂર્વોક્ત પ્રકાર ભાવ શુદ્ધ કરને પર જ્ઞાનરૂપ જલકો પીકર...**' આત્મા આનંદ ઔર જ્ઞાનજલસે ભરા હૈ, ઉસકા જ્ઞાન કરકે. રાગકા ઔર પરકા જ્ઞાન કરના વહ યહાં નહીં (કહા). વહ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા ઉસ જ્ઞાનસ્વભાવકા જ્ઞાન કરકે, ત્રિકાલી જ્ઞાનસ્વભાવમેં લીન હોકર જ્ઞાન કરના, યૂં. આહાહા..! શાસ્ત્રકા જ્ઞાન ઔર પરકા જ્ઞાન વહ નહીં. જ્ઞાન અપના ત્રિકાલ સ્વભાવભાવ ઉસકા જ્ઞાન કરકે, સ્વજ્ઞાનસન્મુખ હોકર અપની જ્ઞાન-ભાવશ્રુતજ્ઞાનકી પર્યાય પ્રગટ કરકે. '**पीऊण**' શબ્દ હૈ. પ્રાપ્ત કરકે ઔર પીત્વા દોનોં અર્થ હોતા હૈ. સૂક્ષ્મ બાત હૈ ભાઈ! અંતર સ્વરૂપ જ્ઞાનજલ સે ભરા પ્રભુ ઉસકા જ્ઞાન. અપના નિજ શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉસકા જ્ઞાન. ઉસકા નામ ભાવશુદ્ધિ હૈ. ભાવપાહુડ હૈ ન. ઝીણી વાત છે, ભાઈ!

'**પૂર્વોક્ત પ્રકાર ભાવ શુદ્ધ કરને પર જ્ઞાનરૂપ જલકો પીકર...**' બેય અર્થ થયો. ભાવ શુદ્ધને પ્રાપ્ત કરી અને જ્ઞાનરૂપ જળને પીવે છે. '**पीऊण**' નો અર્થ બેય કર્યો. પીત્વા અને પ્રાપ્ત કરકે. ઝીણી વાત ભાઈ! ચૈતન્યસ્વરૂપ જ્ઞાનકી ગાંઠડી હૈ—જ્ઞાનકી ગઠરી. ઉસકે સન્મુખ હોકર જ્ઞાનકી ભાવ શુદ્ધ પર્યાય પ્રગટ કરના ઉસકા નામ ભાવપ્રધાન કહને મેં આતા હૈ. ઔર વહ પ્રાપ્ત કરકે '**જ્ઞાનરૂપ જલકો પીકર...**' આનંદરૂપી જલ ઉસકો પીકર. આહાહા..! યે ધર્મ. આહાહા..! સમજમેં આયા? સૂક્ષ્મ બોલ

હૈ. ભાવપ્રધાન ગ્રંથ હૈ ન, ભાવપાહુડ હૈ ન.

શ્રોતા :- પ્રકરણ જ ભાવનું છે.

ઉત્તર :- ભાવપાહુડકા અર્થ વહ (હૈ) યહાં. અપના નિજસ્વભાવ જો શુદ્ધઘન, 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.' શુદ્ધ પવિત્ર અને બુદ્ધ જ્ઞાનનો પિંડ અને શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન. અસંખ્ય પ્રદેશી ચૈતન્યઘન. આહાહા..! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ.' ચૈતન્ય સ્વયં પ્રકાશકા સૂર્ય જ્યોતિ હૈ. ઔર સુખધામ, વહ આનંદકા ધામ હૈ. 'બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' ગુજરાતીમાં છે. ઐસી ચીજ કો પ્રાપ્તકર અંતરમેં લીનતા કરકે ભાવજ્ઞાનકો પી. આહાહા..! નિર્વિકલ્પ ચૈતન્યકા જ્ઞાનકો પીના કર, તેરી તૃષા છૂટ જાયેગી. અનાદિકી ઈચ્છા વિષયકી અભિલાષ (નષ્ટ હો જાયેગી). વહ શબ્દ હૈ ન? **'જ્ઞાનરૂપ જલકો પીકર સિદ્ધ હોતે હૈં.'** એટલી પહેલી સાધારણ ભાષા કરી. અપના ચૈતન્યસ્વભાવ શુદ્ધ પવિત્ર ઉસકો પ્રાપ્ત કરકે ઔર ઉસકો પીકરકે. આહાહા..! ચૈતન્યજલસે ભરા ભગવાન આત્મા, ઉસમેં કોઈ રાગ-દયા, દાન, વ્રત ઐસે વિકલ્પ ઉસમેં હૈ નહીં. ઐસી ચીજકી અંતર્મુખ હોકર સર્વજ્ઞને કહા ઐસા ભાવશ્રુતજ્ઞાન અંતરમેં સે પ્રગટ કરકે ચૈતન્યકા આનંદજલ પી ઐસા કહતે હૈં. આહાહા..! લ્યો આ પીણા. જ્ઞાનજલકા પીના કર. આહાહા..!

**'કૈસે હૈં સિદ્ધ? નિર્મથ્ય અર્થાત્ મથા ન જાવે ઐસે તૃષાદાહ...'** ઉસસે રહિત સિદ્ધ હૈં. મથા ન જાયે વહ તો એક વિશેષ કહા. બાકી ખરેખર તો નિર્મથ્ય. નિર્-વિશેષરૂપસે તૃષાકો મંથન કરકે, નાશ કરકે. જ્ઞાનજલકો પીકર. સૂક્ષ્મ બાત હૈ ન ભગવાન! આહાહા..! પહલી શ્રદ્ધામેં તો (નક્કી) કરે કિ મેરી ચીજ જો આનંદ ઔર જ્ઞાન હૈ ઉસમેં એકાગ્ર હોના વહી જ્ઞાનકા પીના (હૈ), જ્ઞાનકો પીતે હૈ. રાગકો અનુભવતે હૈં અનાદિ સે, વહ છોડકર નિર્મથ્ય-નિરવિશેષરૂપસે વિષયકી અભિલાષા ઉસકા મંથન કર-નાશ કર. આહાહા..! ક્યા કહા?

ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ શુદ્ધ, ઉસકો પીકર—પ્રાપ્ત કરકે, અંતર્મુખ હોકર સ્વભાવકો પ્રાપ્ત કરકે ઔર શાંતિકા જલ પીકરકે વિષયકી અભિલાષાકો નિર્મથ્ય, નિર્ નામ નિરવિશેષ, મંથન નામ નાશ કર. આહાહા..! બાહરકા વિષય, વિષય શબ્દે પાંચો ઈન્દ્રિયોંકા વિષય. શબ્દ, રૂપ, રસ, ગંધ ઔર સ્પર્શ ઉસ તરફકા ઝુકાવ વહ તૃષા (હૈ), વહ તૃષા (હૈ). હૈ ન તૃષ્ણા? તૃષા અર્થાત્ તૃષ્ણા મૂલ તો લેના હૈ. ઉસકો છેદ કર. લેકિન છેદ કૈસે હો? અપની ચીજ સન્મુખ મેં સમ્યગ્જ્ઞાનકા પીના કરકે વિષય અભિલાષકા નાશ હોતા હૈ. દૂસરી રીતિસે કોઈ અભિલાષકા નાશ હોતા નહીં. સૂક્ષ્મ બાત આઈ. આહાહા..!

**'તૃષાદાહ...'** તૃષા—વિષય અભિલાષ, દાહ—શરીરકા આતાપ. વિષયકી તૃષ્ણા હોતી હૈ ન તો એક કામજ્વર હોતા હૈ. કામજ્વરકા અર્થ શરીરમેં આતાપ હોતા હૈ. સમજમેં આયા? કામજ્વરકી દશા વર્ણવી હૈ શાસ્ત્રમેં. તો બુખાર, કામકી તીવ્ર અભિલાષાવાલેકો શરીરમેં ભી બુખાર—આતાપ હો જાતા

હૈ. સમજમેં આયા? તો શરીરમેં કામજ્વરસે આતાપ ઉત્પન્ન હોના ઔર વહ તૃષ્ણા ઔર શોષ. શરીરકા રસ શોષાઈ જાતા હૈ. આત્માકા આનંદરસકા ભાન નહીં, વહાં શરીરકા રસ શોષાઈ જાતા હૈ. ઉસકા નિઃશેષ મંથન કર–નાશ કર. આહાહા..! સમજમેં આયા? સૂક્ષ્મ બાત આઈ. મૂલ બાત હૈ ન. દયા, દાન, વ્રત, ભક્તિ, આદિકા પરિણામસે પુણ્ય બંધતા હૈ, વહ કોઈ ધર્મ નહિ હૈ. ઉસસે ધર્મ નહીં હોતા, ઉસસે તૃષ્ણા, દાહ ઔર આતાપ હોતા હૈ (ઉસકા) નાશ નહીં હોતા. શરીરકા શોષન, .. અભાવ નહીં હોતા. આહાહા..! ભારે વાત ભાઈ! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ, ચૈતન્યજલસે પૂરા ભરા પડા હૈ, ઉસમેં જરા એકાગ્ર હોકર શાંતિરૂપી જલકો પી. આહાહા..! ઔર ઉસસે તેરી તૃષા, દાહ ઔર શોષ તીનોં નિઃશેષ મંથન નામ નાશ હો જાયેગા. સમજમેં આયા? આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- હાં, વહ તો (બાત) ચલતી હૈ ન. અંદર જ્ઞાનસ્વરૂપ ભરા હૈ ઉસમેં લીન હોના. જો રાગ ઔર પુણ્યકે ભાવ મેં લીન હૈ વહ તો સંસાર હૈ. શુભભાવ યા અશુભભાવ વહ દોનોં સંસાર હૈ. ઉસમેં એકાગ્ર હોના વહ તો તૃષા હૈ, દાહ હૈ. આત્માકે આનંદકા ઉસમેં શોષ હોતા હૈ. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- માટે જાનના પહલે, એમ કહતે હૈ ન. પહલે જાન લેના. મેરા આનંદ મેરે પાસ હૈ, મેરા આનંદ તો મેરેમેં ત્રિકાલ ભરા હી હૈ. 'સ્વયં જ્યોતિ સુખધામ.' આહાહા..! મૈં સ્વયં ચૈતન્ય જ્યોત હૂં, ઔર મેરેમેં આનંદકા ધામ, આનંદકા સ્થાન મૈં હૂં. આનંદકા.. શું કહેવાય? આનંદકા અંકુર ફૂટતા હૈ વહ મેરી ચીજમેં સે ફૂટતા હૈ. મૈં તો આનંદકા અંકુરકા ઉત્પન્ન કરનેકા ધામ હૂં. રાગ ઔર દ્વેષ ઔર દુઃખકો ઉત્પન્ન કરનેકા મૈં ધામ નહીં. આહાહા..! સમજમેં આયા?

ઐસે કહા ન પહલે? તીર્થંકરને જો શ્રુતજ્ઞાનરૂપી અર્થસે કહા વહી ગણધરને દ્રવ્યશ્રુતમેં રચના કિયા, ઉસમેં સે અભ્યાસ કરકે—અંતર અભ્યાસ કરકે. આહાહા..! શુભ ઔર અશુભ વિકલ્પ સે રહિત ચૈતન્ય જો આનંદકંદ પ્રભુ હૈ ઉસ તરફકા ઝુકાવસે ભાવશ્રુતજ્ઞાનકી નિર્મલ પર્યાય હુઈ ઉસકો પી, તેરી તૃષા નાશ હો જાયેગી. આહાહા..! દૂસરે કોઈ ઉપાયસે નાશ હોતી નહીં. ઝીણું ભારે એટલે લોકોને એવું લાગે ને. મૂળ ચીજને સ્પર્શ્યા વિના, મૂળ ચીજ જો આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા ઉસકો સ્પર્શે બિના જ્ઞાનજલ પ્રાપ્ત નહીં હોતા. બાહ્ય શાસ્ત્રકા જ્ઞાન કરના વહ કોઈ ચીજ નહીં. આહાહા..! વહ તો વિકલ્પાત્મક જ્ઞાન હૈ, વહ તો દુઃખરૂપ હૈ. આહાહા..!

શાસ્ત્રજ્ઞાન.. વહ કહા ન. બારહ અંગકા જ્ઞાન ભી વિકલ્પરૂપ હૈ. ઉસમેં રાગકી વૃત્તિ ઉત્પન્ન હોતી હૈ. ભગવાન આત્મા ઉસસે રહિત ચૈતન્ય આનંદસ્વભાવમેં સે એક અંશ ભી પવિત્રતાકા નિકાલકર પીના, ઉસસે તેરી તૃષ્ણા, દાહ ઔર શોષ નાશ હો જાયેગા. ઉસકે સિવા કોઈ ઉપાય હૈ નહીં. આહાહા..! યહ જ્ઞાનક્રિયા કહતે હૈં. જ્ઞાનસ્વરૂપમેં એકાગ્રતા હોના વહ જ્ઞાનક્રિયા હૈ. વ્યવહારકી ક્રિયા

જો દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ હૈ વહ તો શુભરાગ હૈ, વહ તો વિભાવિક ક્રિયા બંધકા કારણ હૈ. આહાહા..!

અંતર મેં નિર્મલ સમ્યગ્જ્ઞાનરૂપી જલકો પીકર... આહાહા..! નિર્વિકલ્પ રસ પીજીયે. એ આવે છે આનંદઘનજીમાં. 'આશા ઔરનકી ક્યા કીજે.' યહ તૃષા હૈ ન આશા. 'આશા ઔરનકી ક્યા કીજે, જ્ઞાનસુધારસ પીજે. આશા ઔરનકી ક્યા કીજે? નિર્વિકલ્પરસ પીજે, આશા ઓરનકી ક્યા કીજે?' આહાહા..! એ કહે છે. જ્ઞાનસલીલ-ચૈતન્ય પાણી. સલીલ હૈ ન? જ્ઞાનરૂપી જલ ઉસમેં એકાગ્ર હોકર તૃષ્ણા, દાહ ઔર શોષકા સર્વથા પ્રકારસે નિર્મથ્ય—નિઃવિશેષ રૂપસે મર્થ્ય મંથન કર, નાશ કર. વહ અશક્ય હૈ વહ તો એક જરા શબ્દ બતાના. મથા ન જાયે. અનંતકાલસે ઉસકી તૃષ્ણાકા રાગ મંથન ન કર સકા ઉસ અપેક્ષાસે મથા ન જાયે ઐસા કહા હૈ. બાકી સ્વભાવકી અંતર દષ્ટિમેં સે જ્ઞાનકા પીના હુઆ (તો) નિર્મથ્ય—સર્વથા પ્રકારે તૃષ્ણાકા નાશ હોતા હૈ. દાહ, આતાપ શરીર કા નાશ (હોતા હૈ). શરીર હી મિલે નહીં ન. યહાં તો સિદ્ધકી બાત હૈ ન. શરીરકા આતાપ નાશ, શરીરકા શોષણ જો હોતા હૈ, રસ હોતા હૈ ઉસમેં. રોગ ઐસા હોતા હૈ કિ નહીં બહુ જ્વર, કામજ્વર બહુત હોતા હૈ ન, શરીરમેં શોષ હો જાતા હૈ. શરીર સુખા હો જાતા હૈ. કામજ્વરકી પીડા બહુત હોતી હૈ. આખિરમેં કામજ્વરકા મરણ ભી કહા હૈ. ઉસમેં મરણ હો જાતા હૈ. વિષયકી તૃષ્ણાકી ઈતની ઉત્કટતા (હોતી હૈ કિ) મરણ હો જાયે.

વહ યહાં કહતે હૈં કિ મરણકા નાશ કરનેકા ભાવ ચૈતન્યજલકો પીકર. ઓહોહો..! નિર્વિકલ્પ જ્ઞાન પ્રાપ્ત કર, વહ વિકલ્પકી તૃષ્ણા જો આદિ હૈ (ઉસકા) નાશ કર. ઈસપ્રકાર સિદ્ધ હોતા હૈ. ઐસા નાશ કર પરમાત્મા હોતા હૈ ઐસા કહતે હૈં. સમજમેં આયા? યે ક્રિયાકાંડ સે કુછ હોતા નહીં ઐસા કહતે હૈં. વ્રત, તપ, દયા, દાન, ભક્તિ, પૂજાકા ભાવ વહ તો ક્રિયા, રાગકી ક્રિયા હૈ, વહ કોઈ ધાર્મિક ક્રિયા નહીં. આહાહા..! ધાર્મિક ક્રિયા તો અખંડ આનંદકંદ પ્રભુ, ચૈતન્ય જ્ઞાન મેં એકાગ્રતા હોના ઔર શુદ્ધ પર્યાય પ્રગટ કરના, શુદ્ધ ઉપયોગ પ્રગટ કરના... આહાહા..! ઉસસે તેરા દાહ, તૃષા ઔર શોષણ સબકા નાશ હોગા ઔર નાશ હોકર તૂ સિદ્ધ હોગા. પરમાત્મા હોનેકી યહ કલા ઔર યહ રીત હૈ. સમજમેં આયા? કઠણ વાત જગતને. સમજમેં આયા?

પંચકલ્યાણક બાહરકા કરતે હૈં ન? વહ તો એક શુભભાવ હૈ. અંતરમેં આત્મામેં ગર્ભ પડા હૈ આનંદકંદ નાથ ઉસ ગર્ભકા કલ્યાણ કરના—અંદરમેં સે પ્રગટ કરના વહ ગર્ભકલ્યાણક હૈ. સમજમેં આયા? ઔર આનંદકો વિશેષ ઉત્પન્ન કરના વહ જન્મકલ્યાણક હૈ. ઔર ઉસમેં વિશેષ ઉગ્રતાસે લીન હોના વહ દીક્ષાકલ્યાણક હૈ. આહાહા..! યહ પંચકલ્યાણક હૈ. કહો, મૂળચંદભાઈ! યહ તો બાહરકી બાત હૈ, શુભભાવ હો. ઔર વહ બનતા હો તો બને. વહ કોઈ બના સકે, કોઈ કર સકે યહ બાહરકી ક્રિયા, પરમાગમ મંદિર બના સકે ઐસા કુછ હૈ નહીં. વહ તો જડકી પર્યાય હૈ, ઉસ સમયમેં બનની હૈ તો બનતી હૈ. આહાહા..!

શ્રોતા :- આપકી કૃપાસે હુઈ મહારાજ!

ઉત્તર :- વહ સબ સમજનેકી ચીજ હૈ. આહાહા..! કહો, પાટણીજી! હાં, શુભભાવ હો કિ યહ બને તો ઠીક ઈતના. પરંતુ શુભભાવસે વહ બનતા હૈ ઐસા નહીં. ઔર વહ શુભભાવ ખરેખર તો બંધકા કારણ હૈ. વહ તો કલ આયા થા ન? કલ આયા થા. '**चेइयपवयणगुरुणं**' ૯૧ ગાથા. વહ ભાવ હોતા હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન આત્માકી દશા પ્રગટ કરકે ભી ઐસા ચૈત્ય, પ્રતિમાકી ભક્તિ આતી હૈ શુભભાવ. ઔર પ્રવચન. ચૈત્ય, પ્રવચન ઔર ગુરુ તીન આયે હૈં. અપના સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન ઉસકી દૃષ્ટિ, જ્ઞાન ઔર રમણતા પ્રગટ હોનેપર ભી ધર્માત્માકો ઐસા ચૈત્ય પ્રત્યેકી ભક્તિ પ્રતિમાકે પ્રતિ, પ્રવચનકે પ્રતિ ભક્તિ, સંત ગુરુકે પ્રતિ ભક્તિ ઐસા ભાવ આતા હૈ. પરંતુ વહ ભાવ હૈ પુણ્ય. સમજમેં આયા? ધર્મી જિસકી દૃષ્ટિ સમ્યક્ હુઈ, ઉસકા વહ વ્યવહાર સફલ કહને મેં આતા હૈ. સફલ નામ ઉસકો વ્યવહાર કહનેમેં આતા હૈ. આહાહા..! બહુત સૂક્ષ્મ બાત ભાઈ!

પરમાગમકા મંદિર.... વહ ભી આત્મા હૈ. વહી યહાં ચલતા હૈ. યહ ચલતા હૈ ન. અંતર આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ભગવાન, સલીલ—જ્ઞાનસલીલકો અંતરમેં ભાવશ્રુતકા પીના ઉસકા નામ પરમાગમકા મંદિરકા કલ્યાણક હૈ. વહ તો ચલતા હૈ. બાબુભાઈ! માર્ગ તો આ છે ભગવાન! એ વચ્ચે હોય. એ તો વાત ૯૧માં કીધી. આવે છે, હોય છે, પણ એની મર્યાદા પુણ્ય જેટલી છે. પવિત્રતા ભગવાન આત્મા ચૈતન્ય જલસે ભરા આહાહા..! ઉસમેં સે પરમ આગમ નામ ભાવશ્રુતજ્ઞાન નિકાલના, માર્ગ યહ હૈ. આચાર્ય ભી યહી કહતે હૈં ન, દેખો! ઓહોહો..! કુંદકુંદાચાર્યકી કથની, પદ્ધતિ અલૌકિક પદ્ધતિ હૈ!

કહતે હૈં કિ તેરા ભાવજ્ઞાનરૂપી જલ. આહાહા..! ભાવશ્રુત. દ્રવ્યશ્રુતકા ભાવ નહીં, વિકલ્પ ભી નહીં. આહાહા..! ઐસા ચૈતન્ય ભગવાન જ્ઞાનબિંબ, જિનબિંબ ચૈતન્ય પ્રભુ ઉસકા ભાવશ્રુત જ્ઞાન કરના, વહ પરમ આગમ કહને મેં આતા હૈ. ઔર વહ ચૈત્ય, ચૈત્ય અર્થાત્ આત્મા જ્ઞાયકસ્વરૂપ, ઉસકી જ્ઞાનકી પર્યાય પ્રગટ કરના ઉસે ચૈતન્યપ્રતિમા કહને મેં આતા હૈ. વહ ચૈત્ય કહને મેં આતા હૈ નિશ્ચય, વ્યવહાર ચૈત્ય હોતા હૈ. ઔર પ્રવચનકી તો બાત ચલતી હૈ. ઔર ગુરુ. ગુરુ નિર્ગ્રંથ હૈં વહ વ્યવહાર હૈ. તેરા આત્મા હી રાગરહિત જો નિર્ગ્રંથ—ગ્રંથકા નાશ કરકે નિર્ગ્રંથપના પ્રગટ કરે વહ આત્મા હી ગુરુ હૈ. સમજમેં આયા? અપને તીનકી ભક્તિ હો, જ્ઞાનકી, ચૈત્યકી ઔર ગુરુકી તો ઉસકો વ્યવહારકા ભાવ ઐસા હોતા હૈ.

શ્રોતા :- શબ્દ, અર્થ અને જ્ઞાન તીન આગમ ગાયા..

ઉત્તર :- એના અર્થનું અહીં કામ નથી. એ તો આગમ શબ્દને કહેવું દ્રવ્ય આગમ, અર્થને કહેવું, ભાવ-ભાવ. શબ્દ, અર્થ અને?

શ્રોતા :- જ્ઞાન.

ઉત્તર :- એ જ્ઞાન એ આ. અર્થ નામ પદાર્થ પરવસ્તુ. શબ્દ નામ વાણી. વહ તો તીન વ્યવહાર સે

દો કહા. નિશ્ચય સે તો અપના જ્ઞાનસ્વરૂપ યહ જ્ઞાન હૈ. આહાહા..! બાત તો ઐસી હૈ. બાત યહ કિ અપના જ્ઞાનસે પરિપૂર્ણ ભરા હૈ ઉસકા માહાત્મ્ય નહીં આતા. પ્રગટ પર્યાય મેં અલ્પજ્ઞતા હૈ. ક્ષયોપશમકી અલ્પજ્ઞતા હૈ પ્રગટ. ઔર અપ્રગટ આખી ચીજમેં તો પરિપૂર્ણ કેવલજ્ઞાનઘન પડા હૈ. ઉસકા જબતક માહાત્મ્ય ન આવે ઔર ઉસ તરફકા ઝુકાવ ન હો, તબતક ઉસકો ઐસા ભાવશ્રુતજ્ઞાન હૈ હી નહીં. પ્રવચન હૈ નહીં, ચૈત્ય હૈ નહીં, ગુરુ ભી અપના નહીં હુઆ વહ. આહાહા..!

ઈષ્ટોપદેશમેં તો યહ કહા હૈ કિ તેરા ગુરુ તૂ હૈ. ઈષ્ટોપદેશ. ઈષ્ટ-ઉપદેશ. પ્રિય ઉપદેશ ઈસકો કહતે હૈં. દેખો! ઈષ્ટોપદેશ હૈ ન, પૂજ્યપાદ સ્વામી. તો ઈષ્ટોપદેશ ક્યોં કહા? કિ પ્રત્યેક દ્રવ્યકી પર્યાય અપનેસે હોતી હૈ. નિમિત્ત ધર્માસ્તિકાયવત્ નિમિત્ત હો, ઉસસે કુછ ઉસમેં હોતા હૈ ઐસા નહીં હૈ. ઈસ ઉપદેશકો ઈષ્ટોપદેશ કહતે હૈં. જિસકો નિમિત્તસે અંદરમેં હોતા હૈ, વહ ઈષ્ટોપદેશ વીતરાગતકા નહીં. કહો, ધન્નાલાલજી! હુકમચંદજીને તો કહા થા કિ ઐસી-ઐસી ગાથા લેના. ગ્રંથ બનાતે હૈં ન વહ. ઈષ્ટ-ઉપદેશ. ઓહોહો..! ઉસમેં ભી યહ કહા, તેરી સમજણકા દેનેવાલા તુમ હો. રાગસે ભિન્ન મેરી ચીજ (હૈ) ઐસી અંતર દૃષ્ટિ કરનેવાલા તુમ હૈ તો તુમ હી તેરા ગુરુ હૈ. વહ ઈષ્ટોપદેશ હૈ. સમજમેં આયા? આહાહા..! ઓહોહો..! દિગંબર મુનિઓંને તો ગજબ કામ કિયા હૈ! કોઈ ભી હો. અંતર તત્ત્વ મથીને બાહર લાવ્યા છે.

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસકા સમ્યગ્જ્ઞાન અંતર્મુખ હોકર, જ્ઞાન ત્રિકાલીકો સ્પર્શ કરકે ત્રિકાલી દ્રવ્યસ્વભાવકો સ્પર્શ કરકે જો જ્ઞાન હોતા હૈ ઉસકો ભાવશ્રુતજ્ઞાન ઉસકો કહતે હૈં. આહાહા..! ઈસ ભાવશ્રુતસે, યહાં તો ભાવશ્રુત જ્ઞાન દ્વારા હી તૃષા, દાહ ઔર શોષણકા નાશ હોતા હૈ ઔર સિદ્ધ હોતે હૈં. ઈસ જ્ઞાનકી અંતરકી ક્રિયા દ્વારા હી સિદ્ધ હોતે હૈં ઐસા કહતે હૈં. આહાહા..! બીચમેં વ્યવહાર હો, આતા હૈ. વહ તો કહ ગયે ૯૧મેં. પરંતુ સિદ્ધ હોતે હૈં ઈસસે. સમજમેં આયા?

અરે..! ભાઈ! ચૌરાસીકે અવતાર પરિભ્રમણ કરતે-કરતે દુઃખી હો રહા હૈ. એક એક જન્મ, જન્મ દુઃખં, જરા દુઃખં, રોગાય મરણાનીય, અહો દુઃખો સંસારો .. જંતુણો' જન્મકે દુઃખ, મરણકે દુઃખ, રોગકે દુઃખ, આકુલતાકા દુઃખ, કષાયકે પરિણામ શુભ-અશુભ દોનોં ભાવ દુઃખ હૈ. આહાહા..! ચાહે તો વ્રતકા ભાવ હો યા અવ્રતકા, દોનોં ભાવ દુઃખ હૈ. આહાહા..! અહો..! દુઃખો સંસારો. યહ ૧૯વેં અધ્યયનમેં આતા હૈ. યહ બાત સંપ્રદાયમેં કહતે થે. મૃગાપુત્ર. ઉત્તરાધ્યન હૈ ન. વૈરાગ્યકી બાત તો ઉસમેં કુછએક હોતી હૈ, પરંતુ તત્ત્વકી બાત નહીં હૈ. અહો..! દુઃખો સંસારો. આચાર્ય કહતે હૈં, અહો..! દુઃખો સંસારો. ... વહાં જીવ કષ્ટકો ભોગતા હૈ. ચાહે તો સ્વર્ગકા ભવ હો, કિ શેઠકા ભવ હો, વહ રાગકે અંગારોંમેં જલતા હૈ. ઉસકો ખબર નહીં કિ રાગસે ક્યા હોતા હૈ. રાગકી અગ્નિસે જલતે હૈં વહ. ઓહોહો..! આચાર્ય મહારાજને તો વહાં તક કહા પંચાસ્તિકાયમેં, કિ શુભભાવસે સ્વર્ગમેં જાતે હૈં તો વહાં ભી અંગારોસે, અગ્નિસે જલતે હૈં, સુખી નહીં હૈ વહ. આહાહા..! સુખ તો ભગવાન આત્મામેં હૈ.

શુભભાવસે સુખ કહાંસે આયા? શુભભાવ હી દુઃખ હૈ.

યહાં કહતે હૈં કિ '**સિદ્ધ હોતે હૈં.**' '**જ્ઞાનરૂપ જલ પીનેકા યહ ફલ હૈ.**' લો. જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનસે પીના, જ્ઞાનકી રમણતા ઉસકા ફલ સિદ્ધ હૈ. કોઈ બીચમેં ક્રિયા આતી હૈ ઉસકા ફલ સિદ્ધ હૈ ઐસા હૈ નહીં. '**સિદ્ધશિવાલય અર્થાત્ મુક્તિરૂપ મહલમેં રહનેવાલે હૈં,...**' અબ વહ સિદ્ધ કૈસે હુએ? કહાં રહતે હૈં? શિવાલય. અપના નિરૂપદ્રવ સ્થાન—દશા ઉસમેં સિદ્ધ રહતે હૈં. કલ્યાણમય દશા જો ઉત્પન્ન હુઈ ઉસમેં સિદ્ધ રહતે હૈં. આહાહા..! '**મુક્તિરૂપ મહલમેં રહનેવાલે હૈં,...**' મુક્તિ ઉપર નહીં હાં! અંતરમેં જો રાગરહિત પૂર્ણ મુક્તદશા પ્રગટ હુઈ ઐસે મુક્તિરૂપી મહલમેં સિદ્ધ પરમાત્મા બિરાજમાન રહતે હૈં. આહાહા..! યે ધૂલકે મહલમેં રહતે હૈં ન. પાંચ લાખ, દસ લાખકા મકાન. ઉનકા ચાલીસ લાખકા મકાન થા ગોવા મેં. અભી મર ગયા ન શાંતિલાલ ખુશાલ. ચાલીસ લાખકા એક મકાન. દસ-દસ લાખ કે દો થે. મરે તબ (કહા), મુજે દર્દ હોતા હૈ. દસ મિનિટ. બુલાઓ ડોક્ટરકો. સેઠ! ડોક્ટર આનેસે પહલે ઉડ ગયા. ઉસકે દો અબજ ઔર ચાલીસ કરોડ રૂપયે પડે રહે. ધૂલમેં ભી નહીં હૈ.

શ્રોતા :- એ તો ગણતરી હતી.

ઉત્તર :- ગણતરી એની ક્યાં હતી? એ તો જગતની ચીજ કાંકરા જગતના હતા. ઓહોહો..! તેરી ચીજ મેં જ્ઞાનજલ પીનેસે તેરી સિદ્ધાલય પ્રાપ્તિ તુજે હોતી હૈ કહતે હૈં. આહાહા..! આનંદરૂપી મહલમેં બિરાજમાન આત્મા રહતા હૈ, ઉસે શિવાલય કહને મેં આતા હૈ. આમ શિવાલય નથી કહેતા શિવના મંદિરને? શિવાલય કહતે હૈં ન? વહ નહીં. સિદ્ધશિવાલય—અપની પૂર્ણ આનંદદશાકી પ્રાપ્તિ વહ સિદ્ધરૂપ શિવાલય હૈ. આહાહા..!

'**મુક્તિરૂપ મહલમેં રહનેવાલે હૈં, લોકકે શિખરપર જિનકા વાસ હૈ.**' વહ વ્યવહાર. લોકકે શિખર ઉપર વહ વ્યવહાર. હૈ તો અપની પર્યાયમેં વહાં. '**ઇસલિયે કૈસે હૈં? તીન ભુવનકે ચૂડામણિ હૈં,...**' આહાહા..! તીનલોકકે સિરધાર. આહાહા..! સિર-સિર. શિરતાજ નથી કહેતા? શિરતાજ. શિર ઉપર તાજ, સારી દુનિયા પર તાજ. આહાહા..! મુગટ. તાજ એટલે મુગટ. શિરતાજ-સિર કા મુગટ. આહાહા..! દેખો ન. પાઠ હૈ ન. પાઠ હૈ દેખો! '**तिहुवणचूडामणी सिद्धा**' આહાહા..! કુંદકુંદાચાર્ય કહતે હૈં. તીન ભુવનકે ચૂડામણિ ઉપર શિરતાજ. આહાહા..! અમથા નથી કહેતા કે અમારા પિતાજી અમારા શિરતાજ હતા, વહ ચલા ગયા. અમારા માથે શિરતાજ હતા. આ શિરતાજ સિદ્ધાલય હૈ કહતે હૈં. સમજમેં આયા? આહાહા..!

'**તીન ભુવનમેં ઐસા સુખ નહીં હૈ,...**' કૈસા મુકુટમણિ કહા? કિ તીન ભુવનમેં જો સિદ્ધકો સુખ હૈ ઐસા સુખ (કહીં) હૈ નહીં. આહાહા..! અતીન્દ્રિય આનંદસે તૃપ્ત-તૃપ્ત, પૂર્ણ આનંદસે તૃપ્ત ભગવાન પરમાત્મા, જ્ઞાનજલકે સાધનસે વહ પ્રાપ્ત હોતા હૈ ઔર વહાં પરમાનંદકા અનુભવ કરતે હૈં.

આહાહા..! **'ઐસે પરમાનંદ અવિનાશી સુખકો વે ભોગતે હૈં.'** ઐસે પરમાનંદ અવિનાશી આનંદકો ભોગતે હૈં. લો! એકબાર કહા થા ન. એકબાર ૯૨કી સાલ મેં આયા થા હૈ, વહ સી.જી.શાહ હૈ વઢવાણકે. મહારાજ! યહ સિદ્ધ ભગવાન ક્યા કરતે હૈં? સી.જી.શાહ નહીં થે? .. ક્યા કહા?

શ્રોતા :- .. જાણે ને.

ઉત્તર :- જાણે. વહ આયે ૯૨મેં. ફિર પ્રશ્ન કિયા કિ, મહારાજ! સિદ્ધ ભગવાન કા આપ બહુત (કહતે હો તો) સિદ્ધ ભગવાન કરે શું? કોઈનું કાંઈ કરે? ના. અમે પણ એક પાંચ, દસ, પચ્ચીસ માણસનું કરીએ અને ઈ કોઈનું ન કરે, એ સિદ્ધ શું કામના અમારે? આહાહા..! આ બધા જૈનના મોઢઆગળ (રહેવાવાળા). ત્યાં છે ને એક એને મકાન, મકાન છે. જોયું છે ને મકાન, ગામમાં નીકળ્યા હતા. ત્રણ માળનું મકાન. આહા..! ગુજરી ગયા બિચારા. આવું હતું. ભાન ન મળે કાંઈ. સિદ્ધ ભગવાન શું કરે? સિદ્ધ ભગવાન અનંત આનંદનો અનુભવ કરે. કોઈ દૂસરેકા કરે કિ નહીં? હરામ કરે. અમે એક કેટલાક માણસનું કરીએ છીએ ને ઈ કરે નહિ? ઈ સિદ્ધ ભગવાન શું કામના? ક્યાં છે હવે સાંભળને. આહાહા..! કો'કનું કાંઈક કરે તો ઈ મોટો કહેવાય. એમ. તો બડા કહનેમેં આતા હૈ.

શ્રોતા :- ખોટો કહેવાય ખોટો.

ઉત્તર :- ખોટો છે. પરનું કોણ કરે? આહા..હા..!

વહ **'પરમાનંદ અવિનાશી સુખકો વે ભોગતે હૈં. ઈસપ્રકાર વે તીન ભુવનકે મુકુટમણિ હૈં.'** આહાહા..!

**'ભાવાર્થ :- શુદ્ધ ભાવ કરકે જ્ઞાનરૂપ જલ પીને પર...'** શુદ્ધભાવ નામ પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત અપના પવિત્ર ભગવાન આત્માકા જ્ઞાન કરકે **'જલ પીને પર તૃષાદાહ શોષ મિટ જાતા હૈ, ઈસલિયે ઐસે કહા હૈ કિ પરમાનંદરૂપ સિદ્ધ હોતે હૈં.'** લો! આહાહા..!

**'આગે ભાવશુદ્ધિકે લિયે ફિર ઉપદેશ કરતે હૈં :—'**

दस दस दो सुपरीसह सहहि मुणी सयलकाल काएण।
सुत्तेण अप्पमत्तो संजमघादं पमोत्तूण।।९४।।

મુનિકી મુખ્યતઃ બાત કરતે હૈં ન? ઉસકો શુદ્ધ ઉપયોગ રમણતા હૈ તો ઉસકો-મુનિકો ઉદ્દેશ કરકે બાત કરતે હૈં. પેટામેં સબ આ જાતા હૈ.

**'અર્થ :- હે મુને! તૂ દસ દસ દો અર્થાત્ બાઈસ જો સુપરીષહ...'** હૈ ન. 'दस दस दो सुपरीसह' 'दो सुपरीसह' ઐસા શબ્દ હૈ. 'दस दस दो सुपरीसह' **'અતિશયકર સહને યોગ્યકો...'** આહાહા..! તત્ત્વાર્થસૂત્રમેં આયા હૈ ન? માર્ગ અચલં નિર્જરાર્થં પરિષૂઢવ્યા પરિષહ. માર્ગ અચલન-અચલન. અર્થ કરકે બોલે. માર્ગસે અચલન નિર્જરાર્થં પરિશૂઢવ્યા પરિષહ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો આત્માકે આશ્રયસે ઉત્પન્ન હુઆ હૈ ઉસસે ચ્યવન ન હોના, ઉસસે નાશ ન હોના ઔર નિર્જરાર્થં.

અશુદ્ધતાકા નાશ કારણસે સહન કરના ઉસકા નામ પરિષહ કહતે હૈં. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જો અપના આત્માકે અવલંબનસે ઉત્પન્ન હુઆ હૈ, ઉસ માર્ગસે ચ્યવન ન હુઆ, નાશ ન હોના, ઉસસે હીનપના ન લાના ઔર નિર્જરાર્થં. ઔર અશુદ્ધિકા નાશ કારણે પરિષહો કાયેણ સહન કરના ઐસા શબ્દ લિયા હૈ. શબ્દ પાઠમેં લિયા હૈ ન? કાયેણં. આહાહા..!

**'સહને યોગ્યકો સૂત્રેણ અર્થાત્ જૈસે જિનવચનમેં કહે હૈં ઉસી રીતિસે...'** એમ પાછું. યહ જિનવચનમેં કહા. અંતર મેં આનંદસ્વરૂપકી દૃષ્ટિ, આનંદસ્વરૂપકા જ્ઞાન ઔર આનંદસ્વરૂપકી લીનતા ઉસમેં રહનેકો પરિષહ સહન કરના ઐસી સૂત્રકી આજ્ઞા હૈ. પ્રતિકૂલ સંયોગ આયે, ઉપસર્ગ ઔર પરિષહ દો પ્રકારકા હોતા હૈ. ઉપસર્ગ મનુષ્યકૃત, દેવકૃત, ઢોરકૃત, અચેતન કૃત. ઉપસર્ગ ચાર પ્રકારકે હૈં. ઔર પરિષહ (અર્થાત્) કર્મકિ ઉદયસે સંયોગ પ્રતિકૂલ આદિ, અનુકૂલ આદિ મિલના. અનુકૂલ મિલે વહ ભી એક પરિષહ હૈ, સ્ત્રી આદિકા (સંયોગ). અપના સ્વભાવ સન્મુખ રહકર જિતની પ્રાપ્તિ માર્ગકી હુઈ ઉસસે ન હટકર, અશુદ્ધિકે નાશકે લિયે આનેવાલે પરિષહ કો સહન કરના. આહાહા..!

શ્રોતા :- જ્ઞાતાદૃષ્ટા રહના.

ઉત્તર :- જ્ઞાતાદૃષ્ટા રહના વહી સહન કરના હૈ. દૂસરા ક્યા? આહાહા..! જાનન-દેખનમેં, આનંદમેં રહના વહ પરિષહ સહન કિયા ઐસા કહને મેં આતા હૈ. યહ બાત હૈ. વીતરાગ માર્ગ બહુત સૂક્ષ્મ. દુનિયાસે નિરાલા માર્ગ હૈ. આહાહા..!

શ્રોતા :- ..મહાવીર ભગવાને ઘણા ઘોર પરિષહ સહન કર્યા.

ઉત્તર :- યે આનંદ મેં રહના વહ સહન કિયા. પરિષહ કહા નહીં? આત્મા આનંદમેં રહા, જ્ઞાન ઔર આનંદમેં રહા વહ ઘોર પરિષહ સહન કિયા. કોઈ કષ્ટ હુઆ ઐસા નહીં. કષ્ટ હો તો તો દુઃખ હુઆ, વહ તો આર્તધ્યાન હુઆ. આહાહા..!

**'જિનવચનમેં કહે હૈં...'** એમ પાઠ છે ને. **'सुत्तेण अप्पमत्तो'** સૂત્રમેં કહે હુએ. ભગવાનકી વાણીમેં કહા કિ તેરે સ્વભાવમેં રહો, આનંદમેં રહો ઔર પરિષહ આયે ઉસકો જાનને-દેખનેમેં રહો. આહાહા..! સમજમેં આયા? કુછ તો પરિષહકી ઐસી વ્યાખ્યા કરતે હૈં, કિ પહલે પ્રતિકૂલતા આઈ, અનુકૂલતા ઉસકા રાગ તો હુઆ, પીછે ઉસકો નાશ કરના. ઐસી પરિષહકી વ્યાખ્યા હૈ હી નહીં. યહાં તો વહ પ્રતિકૂલ યા અનુકૂલ સંયોગ આયા, ઉસ તરફ દૃષ્ટિ યા વિકલ્પ ન કરકે સ્વભાવ મેં લીન રહના વહ પરિષહજય કહને મેં આતા હૈ. સમજમેં આયા? વહ ચર્ચા હુઈ થી એક પંડિતકે સાથ. પરિષહ કોને કહેવો? કિ પહલો વિકલ્પ ઊઠે, પછી એનો નાશ કરે. એ નહીં. પછી બીજે સમયે વિકલ્પ અજ્ઞાનીને પણ રહેતો નથી. સમજમેં આયા? અનુકૂલ ઔર પ્રતિકૂલતાકા રાગ તો ઉત્પન હુઆ વહ પરિષહ. ઉસકો જીતના-નાશ કરના. ઐસા હૈ હી નહીં. વહ ઉત્પન્ન હી નહીં હોતા હૈ. સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! એક એક બાત સમજનેકી ચીજ ઐસી હૈ.

ભગવાન આત્મા અપને જ્ઞાનાનંદ સ્વભાવમેં રમણ કરકે, પ્રતિકૂલ યા અનુકૂલ, સ્ત્રી આદિ અનુકૂલ ઔર દુશ્મન આદિકા પ્રતિકૂલ યા ઉપસર્ગ કોઈ મનુષ્ય, તિર્યંચ આદિકા ઉસમેં, આત્માકે આનંદ મેં રહના, ઝૂલના, આનંદકે ઝૂલે ઝૂલના આહાહા..! અતીન્દ્રિય આનંદમેં જિસકો ઝૂલના, રમના, વહ પરિષહકો સહન કિયા ઐસા કહને મેં આતા હૈ. આહાહા..!

શ્રોતા :- જો માની હૈ માન્યતા ઉસકો બદલની પડેગી?

ઉત્તર :- સબ બદલની પડેગી. ભગવાન! બાત તો ઐસી હૈ. આહાહા..! આચાર્ય તો ભગવાન કહકર સંબોધતે હૈં ૭૨ ગાથા મેં. ૭૨ ગાથા હૈ ન સમયસારકી? ભગવાન આત્મા. આહાહા..! પુણ્ય ઔર પાપકા ભાવ, ભગવાન! અશુચિ હૈ ન. તુમ તો પ્રભુ શુચિ પવિત્રતાકા પિંડ હો ન. દોનોંકા ભેદજ્ઞાન કરકે અશુચિકા નાશ કરના ઔર અંતર પવિત્રતાકો પ્રગટ કરના, ઉસકા નામ ધર્મ ઔર ઉસકા નામ મોક્ષકા માર્ગ હૈ. આહાહા..! બાહરકા લોગોંકો ઈતના કઠિન પડ ગયા. સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન બિના કેવલ વ્રત ઔર તપ લેકર બૈઠે વહ અજ્ઞાનપનેમેં અજ્ઞાન (હૈ). અજ્ઞાનતપ ઔર અજ્ઞાનવ્રત. બાલવ્રત, બાલતપ ઐસા કહા ન? સમયસારમેં કહા હૈ. જિસકો આત્મદર્શન નહીં હૈ, મૈં ચિદાનંદ આત્મા આનંદકા કંદ પ્રભુ, આનંદકા સ્વાદ જિસકો આયા નહીં. વહ વ્રત ઔર તપ કરતે હૈં તો કહતે હૈં કિ યહ તો બાલતપ ઔર બાલવ્રત હૈ. આહાહા..! જગતકો કઠિન લગે. માર્ગ તો ઐસા હૈ પ્રભુકા. તેરા માર્ગ ઐસા હૈ. તેરાપંથ કહતે હૈં ન? તેરાપંથ નામ તેરા પંથ.

'**ઉસી રીતિસે નિઃપ્રમાદી હોકર...** ' સૂત્રમેં જૈસે કહા કિ પ્રતિકૂલ યા અનુકૂલ સંયોગોંમેં ભગવાન! તુમ આનંદમેં રહો, શાંતિમેં રહો, વિકલ્પકો છોડકર નિર્વિકલ્પમેં રહો ઐસી સૂત્રકી આજ્ઞા હૈ. આહાહા..! બહુત સૂક્ષ્મ પડે સત્ય. ઈસલિયે કહતે હૈં ન, યહ તો નિશ્ચયકી બાત હૈ. પરંતુ નિશ્ચય અર્થાત્ સચ્ચી ઔર વ્યવહારકી બાતેં સબ ઉપચારિક બાતેં હૈં. આહાહા..! કહો, ધન્નાલાલજી! કઠિન લગે. બહુત લોગમેં ભાઈ કુછ આસાન તો કરો. એય..! નારદ! વહ પ્રશ્ન-નારદ હૈ.

શ્રોતા :- નારદ કહકર આપને બુલાયા તો હાં તો કહા, ના નહીં કહા.

ઉત્તર :- વહ તો જાનકર ના કહા ન. આહાહા..! સહેલું કાંઈ છે? એમ કહે છે. આ સિવાય સહેલું પણ ઊંધું ઈ સહેલું કહેવાય? ઊલટા કો સહેલા કહના? સૂલટી દશાકો હી સહેલા કહનેમેં આતા હૈ. સહજ સ્વભાવ ભગવાન આત્મા સ્વભાવિક વસ્તુ આહાહા..! પરમ પારિણામિક પ્રભુ આત્મા, ઉસકી દૃષ્ટિ, જ્ઞાનકર રહના વહી વસ્તુકા સ્વરૂપ હૈ. આહાહા..!

શ્રોતા :- વોટ લેવામાં આવે તો આપણે હારી જઈએ.

ઉત્તર :- અજ્ઞાનીકા મત વહ કોઈ મત હૈ? એનો વોટ લેવાય? આહાહા..! ઓહોહો..! ઉસને નરકમેં, નિગોદમેં દુઃખ સહન કિયે. ભગવાન! વહ ભૂલ ગયા. ઉસ દુઃખકા નાશકા ઉપાય તો યહ એક હૈ. ભગવાનને કહા સિદ્ધાંત, ઉસમેં સે કહા ભાવશ્રુત, ઐસા પ્રગટ કરકે આનંદમેં રહના વહી દુઃખકા

નાશ કરનેકા ઉપાય હૈ. આહાહા..! બાકી સબ બાત કુછ ભી કરે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આતા નહીં છહ ઢાલામેં? 'છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો.' આહાહા..! આત્માકી ક્યા કહે? વહ તો આનંદ ઔર જ્ઞાનકા સ્વરૂપ હી આત્મા હૈ. સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત આનંદકા ધામ આત્મા. આહાહા..! ઉસકો ધ્યાવો, ઉસમેં એકાગ્ર હોઓ. આહાહા..! યહ સારા ઉપદેશ કા 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' સત્ય કો હૃદયમેં લો. સમજમેં આયા?

**'નિઃપ્રમાદી હોકર સંયમકા ઘાત દૂર કરકે ઔર અપની કાયસે સદાકાલ નિરંતર સહન કર.'** ભાષા જરા નિમિત્તસે લિયા હૈ. કાયાસે સહન કરના અર્થાત્ કાયામેં અસ્થિરતા હોના નહીં. આહાહા..! **'काएण'** છે ને શબ્દ? મૂલમાં છે. **'काएण'** છે ને. **'सयलकाल काएण'** અપની આનંદરૂપી કાયાસે ક્ષમા કરના ઔર બાહ્ય કાયાસે નિમિત્તસે સહન કરના ઐસા કહને મેં આયા હૈ. નિશ્ચય કાયા તો અપના આનંદ. આહાહા..! યહ કાયા તો જડ હૈ, મિટ્ટી હૈ. સમજમેં આયા?

**'ભાવાર્થ :- જૈસે સંયમ ન બિગડે ઔર પ્રમાદકા નિવારણ હો વૈસે નિરંતર મુનિ ક્ષુધા, તૃષા આદિક બાઈસ પરિષહ સહન કરે.'** ઓહોહો..! સહન કરનેકા અર્થ જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાને. આહાહા..! ભગવાન ઋષભદેવકો.. છ માસકી તો પ્રતિજ્ઞા થી. ઔર છ માસ પીછે આહાર લેનેકો ગયે, તો ન મિલા. શાંતિ. ભગવાન તરીકે ઋષભદેવ ભગવાન. દીક્ષા લિયા તો ભરતકુમાર નહીં ખબર હૈ? ભગવાન હૈ. દીક્ષિતમેં હૈ. ઉસકો આહાર મિલતા હોગા યા નહીં મિલતા હોગા? સબ ભૂલ ગયે? દેવતા ભૂલ ગયે? જિનકી દીક્ષા મહોત્સવમેં દેવતા આયે થે ન લાખોં કરોંડો. ભગવાનકો છ માસ તક આહાર ન મિલા. કિસીને દેખા નહીં? વહ તો નહીં મિલનેકી ચીજ થી, સંયોગ નહીં આનેવાલા થા. આહાહા..! સ્વરૂપકી આનંદકી તૃપ્તિમેં તૃપ્ત રહતે થે. સ્વરૂપકી પ્રતીતિમેં શાંતિકી, આનંદકી તૃપ્તિમેં તૃપ્ત રહતે થે. ઔર બાહરકી અનુકૂલતા-પ્રતિકૂલતા થી તો વહાં દુઃખ હુઆ હૈ ઐસા નહીં. આહાહા..!

**'ઈનકો સહન કરનેકા પ્રયોજન સૂત્રમેં ઐસા કહા હૈ કિ ઈનકે સહન કરનેસે કર્મકી નિર્જરા હોતી હૈ...'** વહ શબ્દ આયા ન. માર્ગ અચ્યવન... **'ઔર સંયમકે માર્ગસે છૂટના નહીં હોતા હૈ, પરિણામ દૃઢ રહતે હૈં.'** શુદ્ધ પરિણામ આત્મામેં દૃઢ રહતે હૈં. ઉસ કારણ સે ઉસકો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૪, બુધવાર તા. ૨૦-૦૨-૧૯૭૪**
**ગાથા - ૯૫-૯૬, પ્રવચન - ૧૧૪**

આ અષ્ટપાહુડ છે. અષ્ટપાહુડમેં ભાવપાહુડ ચલતા હૈ. ૯૫ ગાથા. '**આગે કહતે હૈં કિ જો પરિષહ સહનેમેં દૃઢ હોતા હૈ વહ ઉપસર્ગ આને પર ભી દૃઢ રહતા હૈ, ચ્યુત નહીં હોતા, ઉસકા દૃષ્ટાંત કહતે હૈં :—**'

जह पत्थरो ण भिज्जइ परिट्ठिओ दीहकालमुदएण।
तह साहू वि ण भिज्जइ उवसग्गपरीसहेहिंतो।।९५।।

મુખ્ય મુનિકી બાત કરતે હૈં ન. પરંતુ મુનિ કિસકો કહેં? પ્રથમ આત્માકા અનુભવ સમ્યગ્દર્શન જિસકો હુઆ હો. સમ્યગ્દર્શન (હોનેકે) પીછે સ્વરૂપમેં આનંદકી લીનતા પ્રગટ હો ઉસકો સાધુ કહતે હૈં. ગૃહસ્થાશ્રમમેં સમકિતીકો લીનતા સ્વરૂપમેં શુદ્ધ ઉપયોગકી વિશેષ નહીં હોતી, પરંતુ સમ્યગ્દર્શન ... આત્મા આનંદ ઔર જ્ઞાનસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ ઉસકા, પ્રથમ સમ્યગ્દર્શનમેં અતીન્દ્રિય આનંદકા સ્વાદ આતા હૈ. સમજમેં આયા? આહાહા..! ઈસ અતીન્દ્રિય આનંદકી સ્વાદકી દૃષ્ટિસે સમકિતીકો પરપદાર્થમેં સે ઔર પુણ્ય-પાપભાવમેં સે સુખબુદ્ધિ ઉડ જાતી હૈ. જબતક સમ્યગ્દર્શન ન હો તો પરમેં સુખબુદ્ધિ ઉસકો હોતી હૈ. શરીરમેં, વાણીમેં, પુણ્યમેં, પાપ ભાવમેં ઠીક હૈ ઐસા ભાવ જો હૈ વહ મિથ્યાત્વભાવ હૈ. ઈસ મિથ્યાત્વભાવકા નાશ કર, ચૈતન્ય શુદ્ધ આનંદકા નાથ ઉસકા અવલંબન લેકર મિથ્યાત્વકા નાશ હોકર સમ્યગ્દર્શન શુદ્ધ ઉપયોગકી દશામેં સમ્યગ્દર્શન પ્રાપ્ત હોતા હૈ. ચૌથા ગુણસ્થાન. આહાહા..! ઉસકે પીછે લીનતા આનંદમેં રહતી હૈ. અતીન્દ્રિય આનંદમેં જિસકો પ્રચુર સ્વસંવેદન (આયા હો) ... ચૌથે ગુણસ્થાનમેં આનંદકા વેદન અલ્પ હૈ. સમ્યગ્દૃષ્ટિકો અતીન્દ્રિય આનંદકા વેદન અલ્પ હૈ. પંચમ ગુણસ્થાનમેં જબ શ્રાવક યથાર્થ સમ્યગ્દર્શનસહિત હોતા હૈ, તો ઉસકો આનંદ વિશેષ હોતા હૈ. જો સર્વાર્થસિદ્ધકા દેવ હૈ ઉસકો આનંદ નહીં, ઐસા પંચમ ગુણસ્થાનમેં આનંદકી ઝલક વિશેષ હોતી હૈ. ઉસકો પંચમ ગુણસ્થાનવંત શ્રાવક કહનેમેં આતા હૈ. આહાહા..! બાકી ઉસકે બિના સબ નિયમ, વ્રત હો વહ સબ થોથા હૈ.

યહાં તો મુનિકી બાત કરતે હૈં. મુનિકો, ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા દલ હૈ ઉસકી અંતરમેં જમવટ મુનિકો તો બહુત હો ગઈ હૈ. પંચમ ગાથામેં સમયસારમેં કહતે હૈં, પ્રચુર સ્વસંવેદન. આહાહા..! માર્ગ તો દેખો ભાઈ! મુનિકો તો પ્રચુર સ્વ નામ અપના, સં નામ પ્રત્યક્ષ, આનંદકા વેદન હોતા હૈ. આહાહા..! સમજમેં આયા? ઐસે મુનિકો કહતે હૈં કિ જબ પત્થર '**પાષાણ જલમેં બહુત કાલતક રહને પર ભી ... પત્થર પાની મેં બહુત કાલ રહને પર ભી ... ભેદકો પ્રાપ્ત નહીં હોતા...**'

**'ण भिज्जइ'** છે ને? ખરેખર તો એ પત્થર પાનીમેં રહતે ભીંજતા ભી નહીં ઔર ભેદકો ભી પ્રાપ્ત નહીં હોતા. આહાહા..!

**'વૈસે હી સાધુકે...'** ઓહો..! જિસને સ્વરૂપ આનંદકા સાધન બહુત કિયા હૈ આહાહા..! ઐસા સાધુ ઉપસર્ગ-પરિષહસે નહીં ડિગતા. મનુષ્યકૃત પ્રતિકૂલતાકા ઉપસર્ગ, દેવકૃત પ્રતિકૂલતાકા ઉપસર્ગ, તિર્યંચકૃત ઔર અચેતન કૃત (યાનિ) કોઈ દિવાર ગિર જાયે, ઝાડ ગિર જાયે ઐસા. ઉસમેં આનંદ રહતા હૈ ઉસકો, ઐસા કહતે હૈં. આહાહા..! પરિષહ સે, યહ ઉપસર્ગ કહા, પરિષહ નામ કર્મકા ઉદય સે ક્ષુધા બહુત લગી હો, તૃષા બહુત લગી હો ઉસમેં ભી ઔર રોગકી તીવ્ર વેદના શરીરમેં અશાતાકે કારણસે હો, તો ભી મુનિ તો આનંદમેં રહતે હૈં, આનંદકા ભંગ ઉસમેં હોતા નહીં ઐસા કહતે હૈં. આહાહા..!

**'ण भिज्जइ'** અપને અતીન્દ્રિય આનંદકી લીનતામેં ભેદ નહીં હોતા ઉસકો. આહાહા..! સમજમેં આયા? માર્ગ બહુત અલૌકિક હૈ ભાઈ! સમ્યગ્દર્શન માર્ગ હી પહલે અલૌકિક હૈ. ચારિત્રકી તો બાત હી ક્યા કહના! ઓહોહો..! ધન્ય અવતાર! જિસને સ્વરૂપકે અંદર ચરના, આનંદમેં રમના ઔર જિસને દુઃખકા નાશ કિયા હૈ ઔર અતીન્દ્રિય આનંદકી લહેરમેં રમતે હૈં, ઉસકો ઉપસર્ગ-પરિષહસે આનંદમેં ભેદ-છેદ નહીં હોતા. ઐસા કહતે હૈં. આહાહા..! સમજમેં આયા?

**'પાષાણ ઐસા કઠોર હોતા હૈ કિ યદિ વહ જલમેં બહુત સમય તક રહે તો ભી ઉસમેં જલ પ્રવેશ નહીં કરતા હૈ,...'** આહાહા..! **'વૈસે હી સાધુકે પરિણામ...'** ઓહો..! વીતરાગી પરિણામ જહાં પ્રગટ હુઆ હૈ. સમ્યગ્દર્શન ભી વીતરાગી પરિણામ હૈ. સમ્યગ્દર્શન ચૌથે ગુણસ્થાનમેં (હુઆ) વહ ભી વીતરાગી પરિણામ હૈ. સમજમેં આયા? તો યહ તો છઠવે ગુણસ્થાને તો વીતરાગી પરિણામ બહુત પ્રગટ હુઆ ઐસા કહતે હૈં. આહાહા..! ઐસી દશામેં **'સાધુ કે પરિણામ ભી ઐસે દૃઢ હોતે હૈં...'** આહાહા..! સ્વદ્રવ્યકે આશ્રયસે ઉગ્રપનેકા પરિણામ જિસકો વીતરાગભાવ હુઆ, આહાહા..! ચૈતન્યદ્રવ્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ઉસકા આશ્રય લેકર તો સમ્યગ્દર્શન હુઆ હૈ ઔર ઉસકા વિશેષ ઉગ્ર આશ્રય લેકર ચારિત્ર હુઆ હૈ. આહાહા..! ચારિત્ર કોઈ પંચ મહાવ્રતકા પરિણામ યા દેહકા નગ્નપના વહ ચારિત્ર નહીં. સમજમેં આયા? ભાવપાહુડ હૈ ન. સમ્યગ્દર્શનરૂપી જિનભાવના ઔર વીતરાગ પરિણામરૂપી ચારિત્રકી ભાવના, ઉસકો યહાં ભાવપાહુડ કહતે હૈં. આહાહા..!

**'ઉપસર્ગ-પરિષહ આને પર ભી સંયમકે પરિણામસે ચ્યુત નહીં હોતા હૈ...'** ઓહોહો..! **'ઔર પહલે કહા જો સંયમકા ઘાત જૈસે ન હો વૈસે પરિષહ સહે.'** આયા થા ૯૪મેં. **'सुत्तेण अप्पमत्तो संजमघादं पमोत्तूण'** વહ બાત હૈ. ભગવાનને આજ્ઞા કી હૈ જૈસે અંતરમેં રહનેકા ઐસે અપ્રમત્ત હોકર. આહાહા..! મુનિ અંતરમેં આનંદમેં અપ્રમત્ત હોકર **'संजमघादं पमोत्तूण'** સંયમકા ઘાત છોડ દેતે હૈં. આહાહા..! સ્વરૂપ ભગવાન આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ ઉસકા અનુભવ હોકર જિસકો વીતરાગી પરિણામ પ્રગટ હુઆ, વહ સંયમકા ઘાત નહીં હોને દેતા. આહાહા..! સમજમેં આયા? બહુત

માર્ગ સૂક્ષ્મ બહુત.

'**યદિ કદાચિત્ સંયમકા ઘાત હોતા જાને તો જૈસે ઘાત ન હો વૈસે કરે.**' આહાહા..! ઐસે પ્રતિકૂલતામેં સહનશક્તિકી અલ્પતા દેખે તો અંતર આત્માકા ઉગ્ર આશ્રય લે. આહાહા..! સમજમેં આયા? અંતર ભગવાન આનંદકા અવલંબન લેકર (સંયમકા) ઘાત હોને ન દે. આહાહા..! દેખો મુનિપના, યહ સાધુપદ. આહાહા..! જિસકો ગણધર ભી નમસ્કાર કરે. ચૌદ પૂર્વકી રચના કરતે હૈં તબ સાધુ સંત આનંદકી લહેરમેં અનુભવ કરનેવાલે, ઉનકો ભી ગણધર ણમો લોએ સવ્વસાહુણં. અહો..! સર્વલોકમેં જો આનંદકી લહેરમેં મુનિરાજ બિરાજતે હૈં, કહતે હૈં કિ મેરા નમસ્કાર! ગણધર કહતે હૈં! આહાહા..! ચૌદ પૂર્વ ઔર ચાર જ્ઞાન જિસકો અંતર્મુહૂર્તમેં પ્રગટ હોતા હૈ ઐસે ગણધર, વે ભી સાધુકો નમસ્કાર કરતે હૈં તો વહ સાધુપદ કૈસા હોગા? સમજમેં આયા? વહ કોઈ કેવલ નગ્નપના ઔર પંચ મહાવ્રતકે પરિણામ... વહ પંચ મહાવ્રતકે પરિણામ ભી કોઈ ઉગ્ર હૈ. સમજમેં આયા? ઉસકા ભી જિસે ઠિકાના નહીં ઉસકો ચારિત્ર ઔર સમ્યગ્દર્શન તો હોતા નહીં. આહાહા..!

'**આગે પરીષહ આને પર ભાવ શુદ્ધ રહે ઐસા ઉપાય કહતે હૈં :—**'

**भावहि अणुवेक्खाओ अवरे पणवीसभावणा भावि।**
**भावरहिएण किं पुण बाहिरलिंगेण कायव्वं।।९६।।**

'**અર્થ :– હે મુને!**' મુનિકો ઉદ્દેશકર બાત હૈ. સમ્યગ્દર્શનસહિત આનંદકી લહેરમેં બિરાજમાન સંત હૈં. આહાહા..! '**હે મુને! તૂ અનુપ્રેક્ષા અર્થાત્ અનિત્ય આદિ બારહ અનુપ્રેક્ષા હૈં ઉનકી ભાવના કર...**' આહાહા..! તુ વિચારકી અનુપ્રેક્ષાકી ભાવનામેં રહે. આહાહા..! '**ઔર અપર અર્થાત્ અન્ય પાંચ મહાવ્રતોંકી પચ્ચીસ ભાવના કહી હૈં...**' હૈ તો વહ વિકલ્પ. મહાવ્રત સ્વયં વિકલ્પ ઔર રાગ હૈ. ઔર ઉસમેં ભી ભાવના ઉસકી કરના વહ ભી વિકલ્પ હૈ. પરંતુ ઉસ વિચારમેં રોકનેસે તેરી સ્વરૂપ તરફકી દૃષ્ટિમેં સે નહીં ખસનેસે તેરા પરીષહ ઔર ઉપસર્ગસે તુજે દુઃખ નહીં હોગા. સમજમેં આયા? આહાહા..!

'**ઉનકી ભાવના કર ભાવરહિત જો બાહ્યલિંગ હૈ...**' જિસકો સમ્યગ્દર્શનકી ભાવના ઔર અનુભવકી ભાવના નહીં, ઉસકો બાહ્યલિંગ ક્યા કર્તવ્ય હૈ? આહા..! બાહ્ય ભેખ પંચ મહાવ્રતકા નગ્નપના યા બાર વ્રતકા યા ક્ષુલ્લકપનેકા ભેખ ધારણ કરનેસે ક્યા હૈ? અંતરમેં ભગવાન આત્મા આનંદસ્વરૂપકી ભાવના ઔર અનુપ્રેક્ષા આદિકી ભાવના નહીં, વહાં બાહ્ય ભેષસે ક્યા કર્તવ્ય હૈ? યહ કહા ન? '**बाहिरलिंगेण कायव्वं**' આહાહા..! '**અર્થાત્ કુછ ભી નહીં.**' બાહ્યલિંગ અકેલા ધારણ કરે, નગ્નપણા, બાર વ્રતાદિકા યા પંચ મહાવ્રત (ધારણ કરે), પરંતુ અંતર દૃષ્ટિકા આનંદસ્વરૂપ જ્યોતિ સુખધામ 'સ્વયં જ્યોતિ સુખધામ' આનંદકા ધામ પ્રભુ ચૈતન્યજ્યોતિ જિસકા અનુભવમેં આયા નહીં, સમ્યગ્દર્શન હુઆ નહીં, ઉસકા યહ કર્તવ્ય બાહ્ય ભેખ ક્યા કરે? સમજમેં આયા? યે કુંદકુંદાચાર્ય

ભાવપાહુડમેં પ્રસિદ્ધ ઐસે કરતે હૈં! આહાહા..!

શ્રોતા :- શુભરાગ હૈ ન?

ઉત્તર :- લેકિન વહ શુભરાગ અંતરદૃષ્ટિ સહિત હૈ. અશુભ ન આને દેનાકી અપેક્ષાસે બાત હૈ. હૈ તો શુભભાવ કહા ન. પંચ મહાવ્રતકા ભાવ ભી શુભ હૈ, ધર્મ નહીં. પરંતુ ઉસીમેં રહને સે અશુભભાવ નહીં હોતા, ઇતના બચનેકે કારણ યહાં બાત કહી હૈ. સમજમેં આયા?

શ્રોતા :- દોનોંકા ઉપદેશ છે, નિશ્ચય ઔર વ્યવહાર.

ઉત્તર :- નિશ્ચય ઔર વ્યવહાર દોનોંકા ઉપદેશ હૈ. પહલે કહા ન, કિ સમ્યગ્દર્શન આત્માકા અનુભવ હુઆ વહ ભી ચૈત્ય પ્રતિમાકી ભક્તિ કરતે હૈં, ભગવાનકી પ્રતિમાકી ભક્તિ કરતે હૈં. તો ભગવાનકી ભક્તિ તો શુભરાગ હૈ.

શ્રોતા :- ઘણા સમ્યગ્દૃષ્ટિ ભગવાનની ભક્તિ નથી કરતા.

ઉત્તર :- ન કરે એમ હોય? આવ્યા વિના રહે નહિ. ભલે થોડે કાળે, પણ આવે ભક્તિ.

શ્રોતા :- આખી જિંદગીમાં ન આવે.

ઉત્તર :- આખી જિંદગીમાં ન આવે ઐસા બને નહીં. આવે છે અંદર. ભાવ ભક્તિનો અંદર કરે છે. પ્રતિમા ભલે બહાર ન હો. અંતરકી ભક્તિ હૈ ભગવાનકી. ભગવાનકી પ્રતિમા જૈસી મચ્છી હોતી હૈ સ્વયંભૂરમણસમુદ્રમેં. ઉસકો દેખકર... ઉસે ખ્યાલમેં હી રહતા હૈ. મચ્છીકા આકાર પ્રતિમા જૈસા હોતા હૈ, ઐસા. ઐસા પાઠ હૈ શાસ્ત્રમેં. શાસ્ત્રમેં તો બહુત ભરા હૈ ન. તો વહ પ્રતિમા હૈ ઐસે દેખકર અંતરમેં જાતિસ્મરણ હો જાતા હૈ. આહાહા..! સમજે? અને આમ દેખને સે ઓહો..! મૈં ચૈતન્ય પ્રતિમા હૂં. મેરી ચીજ આનંદકંદ ધ્રુવ આનંદ મૈં હૂં ઐસી દૃષ્ટિ તિર્યંચકો ભી સ્વયંભૂરમણ સમુદ્રમેં હો જાતી હૈ. ઔર વહ પ્રતિમા ભલે સાક્ષાત્ ન હો, પરંતુ અંદરમેં ભગવાનકી પ્રતિમાકે ઉપર ભક્તિકા ભાવ આતા હૈ. બારહ વ્રતમેં સાધુકા સંયોગ કહાં હૈ વહાં? હૈ? બાર વ્રત નહીં હૈ ઉસકો? પંચમ ગુણસ્થાનવાલા શ્રાવક તિર્યંચ અસંખ્ય હૈ. સ્વયંભૂરમણસમુદ્રમેં અસંખ્ય પંચમ ગુણસ્થાનવાલા સચ્ચા શ્રાવક (હૈ). આત્મ અનુભવ સહિત બારહ વ્રત ધરનેવાલે. બાહરમેં .. ભાવ તો હૈ નહીં. ભાવમેં હૈ. સમજમેં આયા? ઓહો..! ધન્ય મુનિરાજ સંત આનંદમેં ઝૂલનેવાલે ઉનકો આહાર દેનેકા વિકલ્પ (આતા હૈ). વસ્તુ ન હો, ભાવ આતા હૈ. સમજમેં આયા? ધન્નાલાલજી!

શ્રોતા :- આપ અકેલે કુંદકુંદાચાર્યકો માનતે હો?

ઉત્તર :- સબકો માનતે હૈં. આચાર્ય દિગંબર સબ હૈં. જો સંત હૈં, પૂજ્યપાદસ્વામી, અમૃતચંદ્રાચાર્ય સબ દિગંબર ભાવલિંગી સંત હૈં. સબકો હમ માનતે હૈં. જિતને દિગંબર સંત હૈં ભાવલિંગી, સબકો હમ તો માનતે હૈં. એમ કે આ પંચમ ગુણસ્થાન અને બાર વ્રત ને અહીં છે ને. એમ કહે છે. વહ શાસ્ત્રમેં કહા હૈ ઉસકો આપ માનતે હો ન, ઐસા કહતે હૈં. આહાહા..! અરે..! ભાઈ! સ્વયંભૂરમણસમુદ્રમેં હજાર

યોજનકા મચ્છ, હજાર યોજનકા, ચાર હજાર ગાઉ લંબા ઔર પંચમ ગુણસ્થાન અંદર, અનુભવ આત્માકા (હોતા હૈ). પૂર્વ સંસ્કાર, કોઈ જાતિસ્મરણ, કોઈ નયે સંસ્કારસે ભી પ્રાપ્ત કરતા હૈ. આત્મા હૈ ન. જહાં તહાં પ્રભુ બિરાજતે હૈ અંદર. પૂર્ણાનંદકા નાથ આત્મદલ, શાંતદલ, વીતરાગદલ આહાહા..! ઉસમેં અંતર દૃષ્ટિ લગાકર નિર્વિકલ્પ અનુભવ, આનંદકા સ્વાદ તિર્યંચકો ભી સ્વયંભૂરમણ સમુદ્રમેં આતા હૈ. આહાહા..! ભાઈ! માર્ગ યહ હૈ. ઔર બારહ વ્રતકા વિકલ્પ હૈ તો મુનિકી હાજરી ન હો, પરંતુ ભાવના હૈ ન ઉસકો. ઐસે પ્રતિમાકી હાજરી ન હો, ભાવનામેં હૈ. સમજમેં આયા? ઔર અવધિજ્ઞાન હો. કિતને હી તિર્યંચ સમકિતીકો તો અવધિજ્ઞાન ભી હોતા હૈ. પંચમ ગુણસ્થાન. અવધિજ્ઞાનસે જહાં જહાં પ્રતિમા દેખનેમેં આવે તો વંદન કર લેતે હૈં. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- ત્રણેની. પણ અહીં તો હજી ચૈત્યની ચાલે છે ને અત્યારે. તીન બોલ આયે ન પહલે. ચૈત્ય ભક્તિ ૯૧માં આયા. સમ્યગ્દૃષ્ટિ આત્માકા અનુભવી આનંદકો વેદનેવાલે ઐસે સમકિતી ચૌથે પાંચવેમેં હો, અરે..! છઠવેમેં મુનિ હો, ઉનકો ચૈતન્યભક્તિ, ચૈત્ય પ્રતિમાકી ભક્તિકા વિકલ્પ આતા હૈ. સમજતે હૈં વહ શુભ હૈ.

શ્રોતા :- કોઈ દિ' એવો ન હોય કે ન આવે?

ઉત્તર :- આવે જ તે, ન આવે એ હોઈ શકે નહિ. અંતર્મુહૂર્તમાં કોઈ કેવળ પામી જાય અને ન આવે એ દૂસરી બાત. પણ લાંબો કાળ રહે એને ભાવ આવ્યા વિના રહે નહિ. અંતર્મુહૂર્તમેં એકદમ સમ્યગ્દર્શન, એકદમ ચારિત્ર ઔર એકદમ કેવલજ્ઞાન હો જાયે, ખલાસ થઈ ગયું. આહાહા..! અંતરની દૃષ્ટિ, અંતર આનંદમેં આકર, અરે..! બાહ્ય દ્રવ્યલિંગ હો, ઐસા ભી શાસ્ત્ર મેં ચલા હૈ (કિ) નગ્નલિંગ હો, હો મિથ્યાદૃષ્ટિ, પરંતુ અંતરકી દૃષ્ટિ જહાં ગુરુ મિલા ઔર વાણી સુની ઔર ઉસકા અંતર સ્મરણમેં ચલતે હૈં તો લિંગ હો બાહ્ય ઔર અંતરમેં સમ્યગ્દર્શન હોકર કેવલજ્ઞાન પા લે. મુનિપના હો જાતા હૈ, ભાવલિંગ હો જાતા હૈ. આહાહા..! સમજમેં આયા?

શ્રોતા :- દ્રવ્યલિંગ તો હોતા હી હૈ.

ઉત્તર :- દ્રવ્યલિંગ તો હોતા હૈ. દ્રવ્યલિંગ હો ઉસકો ભાવલિંગ સચ્ચા હોતા હૈ. દ્રવ્યલિંગ નગ્ન ન હો ઔર ભાવલિંગ સચ્ચા આ જાયે ઐસા નહીં. તત્ત્વાર્થરાજવાર્તિકમેં વહ આયા હૈ. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ દ્રવ્યલિંગમેં હૈ, બાહ્ય નગ્નપના આદિમેં હૈ, અંતર દૃષ્ટિમેં જહાં ગયે તો સમ્યગ્દર્શનસહિત સાધુપદ પ્રગટ હો જાતા હૈ. સમજમેં આયા? વસ્ત્રસહિત હો ઉસકો મુનિપના નહીં આતા. પરંતુ વસ્ત્રરહિત હો તો ઉસસે મુનિપના આતા હૈ ઐસા ભી નહીં. પરંતુ વસ્ત્રરહિત હો ઉસકો આત્મદર્શનમેં મુનિપના પ્રાપ્ત હો જાતા હૈ. જો સ્વકા આશ્રય ઉગ્રપને લે તો. ઐસી બાત હૈ ભૈયા! સમજમેં આયા?

શ્રોતા :- પંચ પરમેષ્ઠીમાં એ નહીં આવતા હોય?

ઉત્તર :- સાધુ પંચ પરમેષ્ઠી ન આવે તો શેમાં આવે ત્યારે?

શ્રોતા :- ના, આપે ભાવનું કીધું ને ખાલી.

ઉત્તર :- વહ ભાવ હૈ વહ પંચ પરમેષ્ઠીમેં આ ગયા નહીં? શ્રાવક પંચ પરમેષ્ઠીમેં નહીં આતા. ક્ષુલ્લક હો તો ભી પંચ પરમેષ્ઠીમેં નહીં આતા. પરંતુ ભાવલિંગ જહાં અંદર મેં પ્રગટ હુઆ, દ્રવ્યલિંગ નગ્ન તો હૈ હી, અંતર ભગવાનકા અવલંબન લેકર પ્રચુર સ્વસંવેદન હુઆ, (તો) ગણધર ભી નમસ્કાર કરે. બાપુ! યહ માર્ગ તો અંતરકા હૈ. બાહ્ય ભેષસે યા બાહ્ય ક્રિયાસે કોઈ માર્ગ પ્રાપ્ત હોતા હૈ ઐસા નહીં. આહાહા..!

કહતે હૈં, દેખો! આયા ન ચૈત્ય. પ્રવચનકી ભક્તિ. સર્વજ્ઞકી વાણી, ઉસકી ભક્તિ સમકિતીકો આતી હૈ. હૈ શુભભાવ, હૈ આસ્રવ, પરંતુ વીતરાગ ભૂમિકા જબતક પ્રગટ ન હો, તબ ઐસા ભાવ આયે બિના રહે નહિ. અંતર દૃષ્ટિમેં નિષેધ હૈ. દૃષ્ટિ ઉસકા આદર નહીં કરતી. આહાહા..! પરંતુ પર્યાયમેં વ્યવહારભાવ ઐસા આયે બિના રહે નહિ. વહ જાને કિ ઉસકા આધાર મેરા આત્મા હૈ. મેરે આત્માકે આધારસે વહ શુભભાવ ઉત્પન્ન હુઆ હૈ, વહ શુભભાવ કોઈ કર્મસે ઉત્પન્ન હુઆ હૈ (કિ) પ્રતિમાકો દેખકર હુઆ હૈ ઐસા નહીં. સમજમેં આયા? ભાઈ! યહ તો પ્રમાણ ઐસા હૈ.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે આચરે આત્માર્થીજન એહ.

પ્રવચન ઔર ગુરુ. ગુરુકી ભક્તિ સંતકી. ઓહો..! સમ્યગ્દર્શન અનુભવ હોનેપર ભી, પંચમ ગુણસ્થાનમેં આનંદકા અનુભવ હોનેપર ભી, છઠ્ઠે ગુણસ્થાનમેં મુનિકો આનંદકા અનુભવ હોનેપર ભી ગુરુકી ભક્તિકા ભાવ આયે બિના રહે નહીં. સમજમેં આયા? વહ વ્યવહાર હૈ. સ્વકે આશ્રયસે જિતની નિર્મલતા પ્રગટ હુઈ હૈ વહ નિશ્ચય હૈ. વ્યવહાર, વ્યવહારકે સ્થાનમેં હોતા હૈ, પરંતુ વ્યવહારસે નિશ્ચય પ્રાપ્ત હો ઐસા નહીં. આહાહા..! સમજમેં આયા? ન્યાયમેં ફેર હૈ. કહા ન, જય.. ગાથા આતી હૈ ન? .. જો જૈનમતકો અંગીકાર કરના ચાહતે હો તો વ્યવહારનિશ્ચય મા મૂયઃ — વ્યવહાર ઔર નિશ્ચય બીચમેં છોડના નહીં. ઉસકા અર્થ? કિ વ્યવહાર હૈ ઐસા માનના, નિશ્ચય હૈ વહ આદરણીય હૈ ઐસા માનના.

શ્રોતા :- વ્યવહારને આદરણીય ન માનવો?

ઉત્તર :- આદરણીય નહીં માનના, પરંતુ હૈ ઐસા માનના. ઈસકા અર્થમેં ફેર કરતે હૈ ન. દેખો ઉસમેં આયા. જય જિણમયં પવ્વજઃ ૧૨વીં ગાથા.

શ્રોતા :- ...

ઉત્તર :- દો નય હૈ. દો નયકા વિષય હૈ ઉસકો ન છોડો. પરંતુ ઉસકા અર્થ ઐસા નહીં કિ વ્યવહાર હૈ તો વ્યવહાર ધર્મ હૈ. આદરણીય હૈ ઐસા નહીં. દો નયકી કથની જૈનશાસનમેં અનાદિસે ચલી આતી હૈ, પરંતુ ઉસકા અર્થ વ્યવહારનયકા વિષય મુનિકો હોતા હૈ. હૈ ઐસા માનના. આદરણીય હૈ ઔર ઉસકા

આશ્રય કરનેલાયક હૈ ઐસે નહીં.

શ્રોતા :- હેયકો હેય સમજના.

ઉત્તર :- હેયકો હેય સમજે. સમજમેં આયા? ભારે ભાઈ ગડબડ છે. તત્ત્વની વસ્તુની ખબર વિના કંઈક કંઈક ખેંચે, કંઈક કંઈક ખેંચવાની દૃષ્ટિ ઊલટી કરે. આહાહા..!

દેખો ન વહાં તો વહાં તક આયા. **'चेइयपवयणगुरुणं करोहि भत्तिं जिणाणाए'** દેખો! વહાં તો ઐસા આયા હૈ. ૯૧. **'जिणाणाए'** ભક્તિ કરની. વીતરાગ કહતે હૈં, ઐસે સાધુ, ઐસા પ્રવચન, ઐસી પ્રતિમા. સમજમેં આયા? આહાહા..! 'જિન પ્રતિમા જિન સારખી.' આતા હૈ કિ નહીં? બનારસીદાસ. હૈ ભગવાનકી ભક્તિ આતી હૈ ન. ઈન્દ્રો એકાવતારી શક્રેન્દ્ર હૈ ઔર રાણી ઉસકી હૈ વહ એકભવતારી હૈ. એકભવ કરકે મોક્ષ જાનેવાલા હૈ. તો ભી અષ્ટાહ્નિકામેં નંદીશ્વરદ્વીપમેં ઘૂઘરા બાંધકર ભક્તિ કરતે હૈં. વહ ક્રિયા તો ક્રિયાસે હોતી હૈ, પરંતુ અંદર ભાવ શુભ હોતા હૈ ઈતની બાત હૈ. સમજમેં આયા? જિસકો એક ભવમેં મુક્તિ હૈ દોનોં પતિ-પત્નીકી. ઈન્દ્ર ઔર ઈન્દ્રાણી પહલે સ્વર્ગમેં દોનોં એકાવતારી હૈં. દોનોં મનુષ્ય હોકર મોક્ષ જાનેવાલે હૈં. ઔર દોનોં જબ અષ્ટાહ્નિકા આતી હૈ ન? કાર્તિક, ફાગુન, અષાઢ.

શ્રોતા :- કાર્તિક, ફાગુન, આષાઢ.

ઉત્તર :- આષાઢ. આઠ-આઠ દિન. નંદીશ્વર દ્વીપમેં ભગવાનકી રત્નમય પ્રતિમા બાવન જિનાલય (હૈ). ભાવ શુભ હોતા હૈ. સમજમેં આયા? ઔર જબ ભગવાન જન્મતે હૈં ઔર જબ રાજાદિ ઉસકા હોતા હૈ ન ... પિતાજી કહે. તો વહાં ઈન્દ્ર આતે હૈં ન. વહ તો અભી ચૌથે ગુણસ્થાનમેં હૈં જન્મે તબ. તીર્થંકર તો અભી જન્મે હૈં વહ તો ચૌથે ગુણસ્થાનમેં હૈ. તો ભી ઈન્દ્ર આકર ભક્તિ કરતે હૈં. ભાવ ઐસા આતા હૈ. પરંતુ હૈ વહ બંધકા કારણ ઐસા જ્ઞાની જાનતે હૈં. આહાહા..! સમજમેં આયા? ભગવાનકા જન્મ હુઆ તબ તો તીન જ્ઞાનવાલે હૈં, સમકિતી હૈ, પંચમગુણસ્થાન હૈ નહીં. સમકિતી હૈ, ક્ષાયિક સમકિતી શક્રેન્દ્ર. માતા જન્મ દેતી હૈ. માતા! રત્નકૂખધારિણી! ઐસે તીર્થંકર જૈસે રત્નકો કૂખમેં ધારનેવાલી માતા! પહલા નમસ્કાર આપકો કરતે હૈં. દેખો! વહ ભી સમકિતી હૈ ન માતા ભી? નમો રત્નકૂખધારિણી! ઓહો..! ચૈતન્ય તીર્થંકર જૈસે રત્નકો માતા! સવા નવ મહિને રખકર જન્મ દિયા, જનેતા! તુમ માતા ઉસકી નહીં, હમારી માતા, જગતકી માતા તુમ હો. નમસ્કાર કરતે હૈં દેખો. વહ તો ચૌથે ગુણસ્થાનમેં હૈ. ભગવાન ભી ચૌથે ગુણસ્થાનમેં હૈ. તો ચૌથે ગુણસ્થાનવાલા ચૌથે ગુણસ્થાનવાલેકો નમસ્કાર કરતે હૈં. નેમચંદભાઈ! ભાઈ! જહાં-જહાં જિતના હૈ ઈતના સમજના ચાહિયે. ખિંચાતાન કરે વહ માર્ગ નહીં ચલે. સમજમેં આયા?

તો યહાં કહતે હૈં, ઓહો..! ભાવાર્થ. અકેલે બાહ્યલિંગસે ક્યા તુજે લાભ હૈ? ભગવાન આત્માકા આનંદકા આશ્રય નહીં ઔર ઉસકા અનુભવ નહીં ઔર ઉસકા શાંતિકા વેદન નહીં, તો અકેલા બાહ્યલિંગ

તુજે ક્યા લાભ કરેગા? કર્તવ્ય ક્યા હૈ વહ? ઓહોહો..! **'કષ્ટ આને પર બારહ અનુપ્રેક્ષાઓંકા ચિન્તન કરના (યોગ્ય હૈ) ઇનકે નામ યે હૈં —૧ અનિત્ય,...'** અનિત્ય ભાવના ભાવે મુનિ. ઓહો..! શરીરકો માતા જન્મ દેતી હૈ, તો માતાકો હજી ખ્યાલ ન આવે કિ યહ કૌન હૈ પુત્ર યા કન્યા? ઉસકે પહલે તો અનિત્યને ઉસે ગોદમેં લે લિયા હૈ. માતા ગોદમેં લે પહલે શરીરકો અનિત્યકી ભાવના આ ગઈ. અનિત્યને ગોદમેં લે લિયા હૈ. તત્ત્વાર્થસારમેં હૈ. ઐસી ભાવના મુનિ ભાવે. સમજમેં આયા? ઓહો..! અનિત્ય... અનિત્ય.. અનિત્ય.. કિસ ક્ષણમેં શરીરકા નાશ ન હો? સુંદર શરીર દિખે, ક્ષણ મેં ક્ષણ મેં ભાંડ ભાંડ સમજે? વાસણ. વાસણ હોતા હૈ ન વાસણ (બરતન). 'જૈસા માટી કા ભાંડ રે ક્ષણ મેં લાગે યે ખોખરું.' વહ સ્વાધ્યાય આતી હૈ, વહ સ્વાધ્યાય આતી હૈ ચાર. સ્વાધ્યાય ક્યા કહતે હૈં સમજે? ઐસી સ્વાધ્યાય. સજ્ઝાય-સજ્ઝાયમાલા આતી હૈ. ચાર આતી હૈ. એક-એક મેં ૨૦૦, ૩૦૦, ૪૦૦-૪૦૦ સજ્ઝાય આતી હૈ. ઐસી ચાર આતી હૈ. હૈ યહાં. હમને તો દુકાન ઉપર મગવાયી થી. ચારોં સજ્ઝાયમાલા હમને દેખી હૈ બહુત. દુકાન પર હોં! ૭૦ મેં દીક્ષા લિયે પહલે. ૭૦મેં દીક્ષા લી. સ્થાનકવાસીમેં લિયા ન. તો ઉસમેં પહલે ચાર સજ્ઝાયમાલામેં યહ આયા થા. 'ક્ષણ મેં લાગે રે ખોખરું.' યહ શરીર. 'જૈસા માટી કા ભંડ રે.' માટીનું ભંડ સમજે? વાસણ. માટીકા વાસણ. 'ક્ષણ મેં લાગે રે ખોખરું.' એ વાસણને આમ ટકોરો મારે પત્થરનો (તો) તડ પડી જાય ફટ. તડ કહતે હૈં? તિરાડ પડ જાયે. ઐસે શરીર ક્ષણમેં ખોખરા હો જાયે. આહાહા..! ઐસી અનિત્ય ભાવના ભાવે.

શ્રોતા :- વહ તો વિકલ્પ હૈ.

ઉત્તર :- હૈ વિકલ્પ, પરંતુ વહ અંદર અશુભસે બચનેકો હૈ ન. પ્રતિકૂલતાકે પરિષહમેં દુઃખ ન હો ઉસકે લિયે ભાવ હૈ. સમજમેં આયા?

શ્રોતા :- ..

ઉત્તર :- બહુત બાતેં આયેગી. સબ બોલ યહી આયેંગે. અંતર દૃષ્ટિ સ્વભાવકે સન્મુખ હોકર ભી ઐસા ઉસકા વિકલ્પ આતા હૈ, વહ ભાવપ્રધાન ચલતા હૈ યહાં. પાટણીજી! આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- હા. ઓહોહો..!

**'અનિત્ય, ૨. અશરણ,...'** અશરણ ભાવના ભાવે. અહો..! ભગવાન આત્મા આનંદસ્વરૂપકા શરણ ઉસકે સિવા કોઈ શરણ હૈ નહીં. શરીરમેં રોગ હો, પીડા હો, ઉસ સમય શરણ કૌન હૈ? શરણ ચૈતન્યપ્રભુ શરણ હૈ. જહાં નજર કરનેસે આનંદ આવે, વહ શરણ (હૈ), દૂસરા સબ અશરણ હૈ. માતા, પિતા, ઈન્દ્ર, દેવ કોઈ શરણ હૈ નહીં. આહાહા..! શરીરમેં રોગ પડે... આહાહા..! વહ આયેગા. **'૩ સંસાર,...'** ભાવના. ઉદયભાવ જિતના સંસાર ચાર ગતિ દુઃખરૂપ હૈ. આહાહા..! સર્વાર્થસિદ્ધકે દેવકા ભવ કરના વહ ભી દુઃખરૂપ હૈ. સમજમેં આયા? ઐસી ભાવના કરના. આહાહા..!

પાંચ પાંડવ. શેત્રુંજય હૈ ન યહાં? ઉપર હી હૈ, ઉપર હૈ. ઐસે ધ્યાનમેં થે, મસ્ત થે. લોહેકે અગ્નિમય કરકે આભુષણ પહનાયે. પાંચો મુનિ હૈ, સંત હૈ, ભાવલિંગી હૈ. તીન તો આત્માકી ભાવનામેં લીન હોકર કેવલ પાકર મોક્ષ ચલે ગયે. શેત્રુંજય. માથે બિરાજતે હૈં ભગવાન. જિસ ક્ષેત્રસે મુક્તિ હુઈ ઉસ ક્ષેત્રમેં બિરાજતે હૈં ઉપર. આહાહા..! જાત્રાકા કારણ વહ હૈ, દૂસરા કોઈ નહીં. જહાં-જહાં મુક્તિ પધારે ઉસ સ્થાન મેં જાકર અહો..! પરમાત્મા બિરાજતે હૈં ઉપર. ઉસકા સ્મરણ કરનેકી બાત હૈ. સમજમેં આયા? આહાહા..! શેત્રુંજય, જહાં સે મુક્તિ પધારે ઉસ ક્ષેત્રમેં ઉપર બિરાજતે હૈં સાદિ અનંત. આહાહા..! ઉસમેં દો મુનિકો વિકલ્પ આ ગયા. યહ ભાવના કહતે હૈં ઐસા વિકલ્પ આયા સાધર્મી પ્રતિ. બડા મુનિ ધર્મરાજા, ભીમ ઔર અર્જુન. ઓહો..! બડે ભાઈ હૈ સાધર્મી, હૈ સહોદર. એક (ઉદરસે) ઉત્પન્ન હુએ, ઐસે સાધર્મી હૈં, વિકલ્પ હુઆ કૈસા હોગા? સર્વાર્થસિદ્ધકા બંધ હો ગયા. કેવલજ્ઞાન દૂર હો ગયા.

શ્રોતા :- વિકલ્પકી સજા હો જાતી હૈ.

ઉત્તર :- વિકલ્પ રાગ હૈ ન. આહાહા..! ઐસી સંસારભાવના વિચાર કરે કિ ઐસે શુભભાવસે ભી જહાં સ્વર્ગ મિલે. ૩૩ સાગર તક કેવલજ્ઞાન નહીં હોગા. ઔર વહાં સે મનુષ્યભવ પાકર ભી અમુક કાલ તક કેવલજ્ઞાન નહીં હોગા. અહો..! ઐસા ઉદયભાવકા... ઉદયભાવ હી સંસાર હૈ. સમજમેં આયા? ઔર મૂલ તો મિથ્યાત્વ હી સંસાર હૈ. સમજમેં આયા? પુણ્યમેં ધર્મ માનના, પાપમેં મજા માનના. આહાહા..! અપની પૂર્ણતાકા અનાદર કરના, ઐસા મિથ્યાત્વભાવ હૈ, વહ સંસાર હૈ. ઉસકી વિચારણા કરના. વહ તો સમકિતી હૈ, ઉસકી બાત યહાં નહીં હૈ.

શ્રોતા :- તુષમાષ ભિન્ન એવું કાંઈક દેખાડો.

ઉત્તર :- તુષમાષ ભિન્નસે ચલે નહીં. લાકડા બહુ ગરી ગયા છે. લાકડા કેટલા ગરી ગયા છે અંદર શાતાશિળીયા લેવાના. એ તુષમાષ ભિન્ન કુછ નહીં થા. વહ તો આનંદમેં લીન થા. ભાવલિંગી સંત થા. ઉસકો વિશેષ જ્ઞાન નહીં થા, પરંતુ આત્માકા આનંદકા અનુભવ થા. શબ્દ બહુત યાદ નહીં રહતે થે. પરંતુ ભાવમેં તો ભાવશ્રુતજ્ઞાન પરિણમન હો ગયા હૈ. આહાહા..! શબ્દકા ઉસકો વિશેષ ખ્યાલ નહીં થા. તો તુષમાષ આમ દેખે. બહેન ક્યા કરતી હો? એક બાઈ પૂછતી હૈ કિ ક્યા કરતે હો? તુષમાષ. છિલકા કો ઉડદસે ભિન્ન કરતે હૈં. છિલકાકો ઉડદસે ભિન્ન કરતે હૈં. ઓહો..! રાગાદિ છિલકા હૈ, મેરી ચીજ આનંદકંદ હૈ. કેવલ હો ગયા ઉસમેં. સમજમેં આયા? પરંતુ જિસકો લાકડા બહુત ઘૂસ ગયા હૈ ઉસકો થોડે સંક્ષેપ સે નહીં ચલે. સમજમેં આયા?

યહ બાત હમારે ૮૦કી સાલમેં ચલી. ૧૯૮૦કા સાલ. ૫૦ વર્ષ હુઆ. હમ વ્યાખ્યાન કરતે થે. માણસ હજારો આતે થે ન. હમારી પ્રતિષ્ઠા બહુત થી ન. સંપ્રદાયમેં તો હમારા માન બહુત થા. હમકો તો પ્રભુ તરીકે માનતે થે. હજાર, પંદરસો માણસ. ૫૦ વર્ષ પહલે. સંક્ષેપરુચિકી વ્યાખ્યા ભાઈ ચલતી થી. સંક્ષેપ રુચિ. દસ રુચિ હૈ ન? સંક્ષેપ રુચિકી વ્યાખ્યા ચલતી થી. ઉત્તરાધ્યયનકા ૨૮વાં અધ્યયન

હૈ શ્વેતાંબરકા. વહ સારા કંઠસ્થ થા ન, વહ તો સારા કંઠસ્થ થા. ૬ હજાર શ્લોક કંઠસ્થ થા. તો (વહ બાત) ચલતી થી. માણસ તો હજારો ભીડમેં થે. તો ઐસા મૈંને કહા કિ દેખો, સંક્ષેપરુચિકા અર્થ ઐસા નહીં કિ વિપરીત દૃષ્ટિ બહુત હો ઔર થોડા જ્ઞાન હો ઔર સંક્ષેપરુચિ હૈ ઐસી બાત યહ નહીં (હૈ). એય..! દેવાનુપ્રિયા. ૮૦કી સાલ. શ્લોકમેં ઐસા હૈ ઉત્તરાધ્યયનમેં. અણભી ગયી અકુ દીઠી. પાઠ ઐસા હૈ. અણભી .. એક પદમેં દો બોલ ઐસા હૈ. હમ તો એક-એક પદકા અર્થ કરતે થે ન, ઉસ સમય ભી. ૫૦ વર્ષ પહલે. કિ દેખો! હમારે જો ગુરુભાઈ થા ન કિ ઉસકા ઐસા આગ્રહ થા કિ હમારા સંપ્રદાય હૈ ઉસકી દૃષ્ટિ સત્ય હૈ બસ. દૂસરા કુછ ભલે ન હો. ઉસકા નામ સંક્ષેપરુચિ. સ્થાનકવાસીકા ધર્મ હૈ ઉસકો વિશેષ જ્ઞાન ન હો પરંતુ વહ ધર્મવાલા હૈ, વહ સંક્ષેપરુચિ સમકિતી હૈ. ઐસી બાત ચલી ૫૦ વર્ષ પહલે. કહા, વહ બાત સબ જૂઠ હૈ. સંપ્રદાયકી દૃષ્ટિ હૈ વહ સત્યદૃષ્ટિ હૈ હી નહીં. અણભી ગયે.. જો વિપરીત માર્ગ હૈ ઉસકો ગ્રહણ કિયા ન હો ઔર જ્ઞાન અલ્પ હો તો સમ્યગ્દર્શન હૈ ઉસકી બાત યહાં હૈ. એય..! દેવાનુપ્રિયા! આપકે જૈસા હી પ્રશ્ન થા તબ. યહ તો ૫૦ વર્ષ પહલેકી બાત હૈ. હમારે ગુરુભાઈ થે. ઉસકો યહ રુચા નહીં, જચા નહીં. હમ તો વ્યાખ્યાન કરતે થે તો ઐસે હી કરતે થે. કોઈ સંપ્રદાય વિપરીત દૃષ્ટિ હૈ ઔર સંક્ષેપ જ્ઞાન હૈ ઔર સંક્ષેપ રુચિ હો જાયે ઐસા હૈ નહીં. હમારે ગુરુભાઈ થે ઉસકો સહન નહીં હુઆ. બાહર બૈઠે થે. ભાગ ગયે, બહાર જંગલ મેં ચલે ગયે દિશાકો. દિશા સમજે? જાડા. તો આકર કહા કિ મુજે તેરી બાત સુનકર ઐસા લગા તો મૈં ભાગ ગયા. વરના ઉસ સમય તકરાર હો જાયેગી. મૈંને કહા ભાઈ રહને દો, તકરાર કરકે ક્યા કામ હૈ? માર્ગ યહ હૈ.

શ્રોતા :- ... ભાગ ગયે.

ઉત્તર :- હાં, ભાગ ગયે. ધન્નાલાલજી! આની પેઠે, આ નારદ કહે છે એની પેઠે. ઈ કહે છે, કંઈ વિશેષ જ્ઞાન ન હોય, તુષમાષ જેવો હોય એને પણ થઈ જાય છે. પરંતુ વિપરીત દૃષ્ટિકા એક અંશ નહીં હૈ ઉસકે પાસ. ઔર જિતના ૩૬૩ પાખંડ હૈ ઉસકી અંશમેં ભી રુચિ નહીં (હૈ), સબ છૂટ ગયા હૈ. ઉસકો થોડા જ્ઞાન હો ઔર આત્માકા અનુભવ હો તો સંક્ષેપરુચિ સમકિત કહનેમેં આતા હૈ. ધન્નાલાલજી! આહાહા..!

શ્રોતા :- વિપરીત દૃષ્ટિ ન હો તો કોઈ ભી...

ઉત્તર :- હાં, વહ શર્ત પહલી હૈ. બહુત ચર્ચા હુઈ થી. ૫૦ વર્ષ પહલે બહુત ચર્ચા. ઉસને કહા ઐસા હૈ. નહીં. હમ તો દેખો! ખાનગી બુલાયા પીછે. ખાનગી બૈઠે ચાર-પાંચ. ૮૦કી સાલ. દેખો જહાંતક યહ બાત તુમ ખુલ્લી નહીં કરોગે તો હમ તો તુમ્હે મિથ્યા દૃષ્ટિ માનતે હૈં. પરંતુ બહારમેં જો ખુલ્લી કરોગે તો છોડ દેંગે હમ સંપ્રદાય. હમ યહાં નહીં રહ સકે. બાકી ગુપ્ત રખો તો રહેંગે. ખુલ્લી બાત હૈ. યહાં કોઈ ગુપ્ત બાત હૈ નહીં. ફિર દબ ગયે. ફિર તુફાન કિયા. છ મહિને કે બાદ ચૈત્ર સુદ ૧૩ તોફાન કિયા. મુહપતિ લે લો. મૈંને કહા, લે લો. મુહપતિ હમારી હૈ હી નહીં. ૮૦ કી ચૈત્ર સુદ ૧૩. ૮૦કે ચૈત્ર સુદ ૧૩ કી બાત

है यह. और वह बात कार्तिक सुद पूनमकी बात. चैत्र सुद १३को मुहपति छोड दी. ९१. यहां. वह भी तेरस, यह भी तेरस. मार्ग बापु! हमें तो जो अंतरमें बैठे उसके सिवा हमको किसीकी बैठे नहीं. दुनियाकी कोई असर हमें नहीं लगती. संप्रदाय हमको बडा माने ऐसा नहीं. मार्ग तो ऐसा है. पंडितजी! આહાહા..! પંડિતજી... નરમ માણસ છે ને. આહાહા..!

भगवान आत्मा... संक्षेपरुचि थोडा ज्ञान हो, परंतु विपरीत ज्ञानका अंश न हो. विपरीत मार्ग जितना पाखंड जगतमें है उसके संप्रदायकी दृष्टि विपरीत अंशमें भी न हो. ऐसी दृष्टिरहित जिसको थोडे ज्ञानमें आत्माका अनुभव हुआ हो तो संक्षेपरुचि समकित कहनेमें आता है. यह तो ५० वर्ष पहलेकी बात है. यहां तो है सो है. यहां संप्रदायमें हम हैं ईसलिये हम उसमें बंध गये हैं ऐसा है नहीं. हम तो जो सत्य है वही स्वीकार करते हैं. पंडितजी! ये कहते हैं. થોડું જ્ઞાન હોય ને એમ કે આવું બધું જ્ઞાન ન હોય તો? આ એમ કહે છે. બીજા લાકડા ઘણાં ગરી ગયેલા હોય ઊંધા. એય..! દેવાનુપ્રિયા! આહાહા..! देवानुप्रिया समजते हो? मनुष्यभव देवको प्रिय है. ऐसा श्वेतांबरमें बहुत चलता है. देवानुप्रिया बोले. हे देवानुप्रिया! तुम्हारा मनुष्यभव तो देवको भी प्रिय है. समजमें आया? आहाहा..!

कहते हैं, '**संसार,...**' भावना. उदयभाव मात्र दुःखरूप है ऐसी संसार भावना ज्ञानी भावे. स्वर्गका भव मिले तो भगवानके पास जा सके ऐसा है—ऐसा नहीं. आहाहा..! भव ही संसार है. उदयभाव उसकी विचारणा करते है वह नहीं. ओहो..! मैं तो परमपरिणामिक स्वभावमय चैतन्यबिंब हूं. ऐसा उदयभावका संसारका विचार करके स्वभाव सन्मुख हो जा और विकार को त्यज दे उसका नाम संसारभावना है.

'**४. एकत्व,...**' भावना. मैं अकेला हूं. मेरे साथ किसीका संबंध है ही नहीं. मैं अकेला हूं. '**एगो मे सासदो अप्पा**' नियमसार में आता है. '**णाणदंसणलक्खणो**' '**सेसा मे बाहिरा भावा.. एगो मे सासदो अप्पा**' नियमसार में आता है. '**एगो मे सासदो अप्पा**' मैं એકલો શાશ્વત ચિદાનંદ ધ્રુવ आत्मा हूं. '**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो**' मेरा स्वरूपका लक्षण तो जानना-देखना ही मेरा लक्षण है. दया, दान, व्रत, भक्ति आदि राग वह कोई मेरा लक्षण और मेरा स्वरूप नहीं. आहाहा..! '**णाणदंसणलक्खणो**' '**सेसा मे बाहिरा भावा**' शरीर, वाणी, कर्म, देव, गुरु, शास्त्र और पुण्य-पाप भाव सब बहिर् भाव हैं, मेरे नहीं. आहाहा..! धर्मात्मा, परिषह और उपसर्गके काल में ऐसी भावना विचार करे. समजमें आया?

'**५. अन्यत्व,...**' भावना. रागादि सब मेरे से अन्य हैं. यह एकत्व है, यह अन्य है. राग अन्य है, शरीर अन्य है, स्त्री, कुटुंब, देव-गुरु-शास्त्र भी मेरेसे तो अन्य हैं. आहाहा..!

श्रोता :- ...

ઉત્તર :- હાં, આ ગયા ન. ઈસમેં આ ગયા. કૌનસે મેં? નિયમસાર મેં હૈ ઔર ઉસમેં ભી હૈ. '**एगो मे सासदो अप्पा**' દેખો વહ ૫૯ ગાથા. '**णाणदंसणलक्खणो**' '**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा**' યહ ગાથા નિયમસારકી હૈ ઔર યહાં ભી હૈ. આહાહા..! વહ કુંદકુંદાચાર્યકી હૈ. શાશ્વત રહનેવાલી ચીજ તો મૈં એક હી હૂં. અરે..! કેવલજ્ઞાનાદિ પર્યાય ભી નાશવાન હૈ. આહાહા..! એક સમયકી પર્યાય હૈ કેવલજ્ઞાન ભી. વહ નાશવાન હૈ. દૂસરે સમય વહ કેવલજ્ઞાનકી પર્યાય રહતી નહીં. આહાહા..! યહ ૩૮ ગાથા મેં આયા હૈ. નિયમસાર ૩૮ ગાથા. કેવલજ્ઞાનાદિ પર્યાય સબ નાશવાન હૈં. મૈં અવિનાશી ત્રિકાલી આનંદ હૂં. ઓહોહો..! ઐસી એકત્વભાવના ભાવે.

'**૫. અન્યત્વ,...**' મેરે સે સબ અન્ય હૈં. દેવ, ગુરુ ઔર શાસ્ત્ર ભી અન્ય હૈં. ઔર ઉસસે ભક્તિ ઉત્પન્ન હોતી હૈ વહ ભાવ ભી મેરેસે તો અન્ય હૈ. આહાહા..! સમજમેં આયા? અન્યત્વ. '**૬. અશુચિત્વ,...**' ઓહો..! યહ શરીર અશુચિ હૈ. માંસ, હાડકા, ચામડા હૈ. અરે..! યહ તો અશુચિ હૈ પરંતુ પુણ્ય-પાપકા ભાવ ભી અશુચિ હૈ. ૭૨ ગાથા, સમયસારકી ૭૨. શુભભાવ વહ અશુચિ હૈ, મૈલ હૈ. આહાહા..! ભગવાન આત્મા શુચિ હૈ. વહાં ઐસા લિયા હૈ. ભગવાન કહકર હી સંબોધન કિયા હૈ. ભગવાન! તેરા સ્વરૂપ તો પવિત્ર હૈ ન નાથ! યહ શુભભાવ તો અશુચિ, મૈલ હૈ. આહાહા..! ઐસી ભાવના કરનેસે ઉપસર્ગ ઔર પરિષહકા દુઃખ અથવા પ્રતિકૂલતાકા ખ્યાલ છૂટ જાતા હૈ. સમજમેં આયા? અશુચિ.

'**૭. આસ્રવ,...**' પુણ્ય ઔર પાપ દોનોં આસ્રવ હૈ, વહ અશુચિ હૈ. આહાહા..! જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ભી અશુચિ હૈ. ઐસા માર્ગ હૈ, ભગવાન! આતા હૈ ભાવ વહ તો કહા, પરંતુ હૈ તો અશુચિ. જિસસે બંધ હો વહ શુચિ કહાંસે આયી? તીર્થંકરગોત્રકા તો બંધ પડતા હૈ ઉસ ભાવસે. જિસ ભાવસે બંધ પડે વહ ભાવ શુચિ કહાંસે આયી? ધર્મસે બંધ પડતા હૈ? તો તીર્થંકરગોત્ર જિસ ભાવસે બંધ પડે વહ ભી ધર્મ નહીં, વહ તો અધર્મ હૈ. આહાહા..! સમજમેં આયા?

કહા થા ન પહલે? ૮૫કી સાલ. લો! ૮૫. ૪૫ વર્ષ હુએ. વહ ભી બોટાદ સંપ્રદાયમેં હજારો માણસો, સભામેં પંદરસો માણસો. ૮૫કી બાત હૈ. પોષ માસ. કહા, જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે વહ ભાવ ધર્મ નહીં. વહ આસ્રવભાવ હૈ, શાંતભાવસે કહીએ તો વહ અધર્મભાવ હૈ. ઐસા કહા. ૮૫ બોટાદ. ૪૫ વર્ષ હુઆ. સભા ભરી થી. બડી સભા. શેઠિયાઓ ગૃહસ્થ લોકો બહુત પૈસેવાલે હૈ વહાં. ખળભળાટ (હો ગયા). સભામેં ખળભળાટ નહીં. સભા તો સુને. એક સાધુ બૈઠે થે. વોસરે.. વોસરે.. યે શ્રદ્ધા હમેં (નહીં ચાહિયે). ભગવાન! શાંતિસે સુનો તો સહી. ઐસી વિચારણા, પુણ્ય-પાપકા ભાવ ભી આસ્રવ હૈ ઐસી વિચારણા કરના વહ પરિષહ ઉપસર્ગકે સમય શાંતિકો લાના ઔર શુભભાવમેં રહે તો અશુભભાવ હોતા નહીં. ઐસી ભાવના કહતે હૈં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા વદ ૧૫, ગુરુવાર તા. ૨૧-૦૨-૧૯૭૪**
**ગાથા - ૯૬-૯૭, પ્રવચન - ૧૧૫**

યહ અષ્ટપાહુડ હૈ. ભાવપાહુડ ચલતા હૈ. ૯૬ ગાથા. બારહ ભાવનાકા અધિકાર હૈ. પહલે તો ક્યા કહતે હૈં? પહલે તો આત્મા આનંદ ઔર જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ હૈ ઐસે અનુભવમેં સમ્યગ્દર્શન પહલે હોતા હૈ. પીછેકી યહ બાત હૈ. વહ આયેગા ઈસમેં. વહ બાત પહલે આ ગઈ હૈ. પહલેમેં પહલી ચીજ, આત્મા પરસે ભિન્ન, શરીર, કર્મસે ભિન્ન ઔર પુણ્ય-પાપકા વિકલ્પ જો હૈ ઉસસે ભી ભિન્ન ઔર એક સમયકી પર્યાયસે ભી ભિન્ન... આહાહા..! ઐસી ધ્રુવ ચીજ, પરમાનંદકા સામાન્ય સ્વભાવ જો એકરૂપ (હૈ) ઉસકા આશ્રય કરકે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રથમ હોતા હૈ, ઉસમેં જિતના અનંત ગુણ હૈ, ઉન સબ ગુણકા અંશ સમ્યગ્દર્શન હોનેપર સબ ગુણકા અંશ પ્રગટ હોતા હૈ. સમજમેં આયા? સર્વગુણાંશ તે સમકિત. ઐસા શબ્દ હૈ શ્રીમદ્‌કા. અપને રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમેં (આતા હૈ).

સમ્યક્ અનંત ગુણ જો આત્મા વસ્તુ તરીકે એક, પરંતુ શક્તિયાં-ગુણ-સ્વભાવ-ભાવ-સત્‌કા પૂર્ણ સત્ત્વ ઐસા સત્ત્વ ઉસમેં અનંતી શક્તિ હૈ. એક એક શક્તિમેં અનંત સામર્થ્ય હૈ. ઐસા અનંત ગુણરૂપી આત્માકા સામર્થ્ય જો સ્વભાવ ઉસકી ધ્રુવતા-નિત્યતા, '**भूदत्थमस्सिदो खलु**' ૧૧વીં ગાથા. ભૂતાર્થ-સત્યાર્થ એક સમયમેં ત્રિકાલ વસ્તુ, ઉસકી દૃષ્ટિ કરનેસે, ઉસકા આશ્રય કરનેસે પ્રથમ સમ્યગ્દર્શન હોતા હૈ. ઉસ સમ્યગ્દર્શનમેં અપના આનંદસ્વભાવ હૈ ઉસકા સ્વાદ આતા હૈ સમ્યગ્દર્શનમેં. ઔર ઉસ સમ્યગ્દર્શનમેં જો વીર્ય નામકા ગુણ હૈ વહ શુદ્ધતાકી પર્યાયકી રચના કરતા હૈ, ઐસા પ્રતીતમેં આતા હૈ. સમજમેં આયા? શુભ-અશુભભાવકી રચના કરે વહ વીર્ય નહીં. આહાહા..! અપને સ્વરૂપમેં વીર્ય નામકા એક ગુણ હૈ. અપની જિતની શક્તિયાં હૈ વહ સબકી શુદ્ધપને, પવિત્રપને, આનંદપને, સ્વચ્છતાપને, સ્વતંત્રતાકે અખંડ પ્રતાપસે શોભિત ઐસી અનંતી પર્યાયકી નિર્મલતાકી વીર્ય રચના કરે ઐસી પ્રતીતમેં પહલે આતા હૈ. સૂક્ષ્મ બાત હૈ ભગવાન! પહલે સમ્યગ્દર્શન ચીજ હી ઐસી હૈ કિ વહ પ્રાપ્ત કિયે બિના જો કોઈ વ્રતાદિ, નિયમાદિ હૈ વહ તો વિકલ્પ હૈ, વહ તો બંધકા કારણ હૈ. ભગવાન આત્મા અબંધસ્વરૂપી હૈ.

પહલે બાત આ ગઈ હૈ જિનભાવના. જિનભાવના કા અર્થ યહ હૈ કિ વીતરાગી પર્યાય સે અપના ત્રિકાલ સ્વભાવકી દૃષ્ટિ, રુચિ કરના ઔર ઉસમેં એકાગ્ર હોના ઉસકા નામ જિનભાવના કહો, સમ્યગ્દર્શન કહો, વીતરાગી પર્યાય કહો, મોક્ષકા માર્ગ (કહો), મોક્ષકા માર્ગ સ્વભાવકે આશ્રયસે એકાગ્ર હોતા હૈ તો ઉસકો મોક્ષમાર્ગ કહો. યહ હુએ પીછેકી યહ બાત હૈ. ક્યા કહતે હૈં? બારહ ભાવના ભાતે હૈં. મુખ્ય મુનિકો ઉદ્દેશકર બાત હૈ. મુનિકો આત્મદર્શન, આત્માકા અનુભવ ઉપરાંત મુનિકો તો સ્વસંવેદન પ્રત્યક્ષ

બહુત આનંદકી પ્રાપ્તિકા અનુભવ હૈ. સમજમેં આયા? સ્વસંવેદન પ્રચુર. વહ પાંચવી ગાથામેં હૈ. સમયસાર પાંચવી (ગાથા). પ્રચુર સ્વસંવેદન. સાધુપના કોઈ નગ્નપના, મહાવ્રતકા વિકલ્પ વહ કોઈ સાધુપના નહીં. અંતર આત્માકા પ્રચુર—વિશેષ, સ્વ-અપના, સં-પ્રત્યક્ષ, આનંદકા પ્રચુર વેદન આના ઉસકા નામ મુનિપના હૈ. ઉસ મુનિપનામેં ઐસી ભાવના ભાના યહ કહતે હૈં. સમજમેં આયા?

તો યહાં તક આયા હૈ અપને, આસ્રવભાવના આસ્રવભાવના. સમ્યગ્દૃષ્ટિ જીવ આસ્રવભાવકા વિચાર કરતે હૈં તો ઐસા કરતે હૈં કિ જો શુભ ઔર અશુભ દોનોં ભાવ અશુચિ ઔર મેલ હૈ ઔર શુભ-અશુભ દોનોં ભાવ જડ હૈ. જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન, જ્ઞાનકી પર્યાય ઉસ અશુદ્ધ ભાવમેં-આસ્રવમેં આતી નહીં. આહાહા..! ચાહે તો વ્રતકા વિકલ્પ હો યા અવ્રતકા વિકલ્પ હો, વહ સબ. ભગવાનકી ભક્તિકા વિકલ્પ હો, સબ આસ્રવ હૈ ઔર વહ જડ હૈ. ૭૨ ગાથામેં આયા હૈ. સમયસાર ૭૨મેં હૈ. આહાહા..! ઐસી આસ્રવભાવના વિચાર કરે. ઔર પુણ્ય-પાપકા ભાવ વહ દુઃખરૂપ હૈ. વહ તીસરા બોલ હૈ. અશુચિ હૈ, જડ હૈ, દુઃખરૂપ હૈ. ભગવાન આત્મા શુચિ પવિત્ર હૈ, ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા હૈ ઔર આનંદસ્વરૂપ હૈ. આહાહા..! ઐસી આસ્રવકી વિચારણા કરના ઉસકા નામ આસ્રવ ભાવના હૈ. હૈ તો શુભ વિકલ્પ યહાં. સમજમેં આયા?

શ્રોતા :- તત્ત્વાર્થસૂત્રમેં સંવર કહા હૈ.

ઉત્તર :- સંવર કહા હૈ. પરંતુ યહાં તો અભી નવકી વિચારણા હૈ ન. સમજમેં આયા? અનુપ્રેક્ષાકો તો સંવર કહા હૈ વહાં. પરંતુ યહાં પચ્ચીસ મહાવ્રતકી ભાવના ઔર ઇસ ભાવનાકો સાથમેં લેકર બાત કી હૈ. સમજમેં આયા?

જૈસે દસ લક્ષણ ધર્મ હૈ વહ તો અપની પવિત્ર દશા હૈ ઉસકા નામ દસ લક્ષણ હૈ. પરંતુ દસ લક્ષણ ધર્મમેં ભી શુભવિકલ્પ ઉઠતે હૈં ઉસકો દસલક્ષણ ધર્મકા આરોપ (દેનેમાં આતા હૈ). સ્વામીકાર્તિકમેં કહા હૈ. સમજમેં આયા? વહ વિકલ્પ ઉઠતે હૈં ન દસલક્ષણી ધર્મકી વિચારણા મેં. વહ આયેગા આગે. ધર્મભાવના આતી હૈ ન ઉસમેં આયેગા. યહાં તો ફક્ત આસ્રવકી વિચારણા. બાપુ! યહ તો અપૂર્વ બાત હૈ ભગવાન! અનંતકાલમેં કભી ઉસને આત્માકી પ્રાપ્તિ કી નહીં. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' 'મુનિવ્રત ધાર' દિગંબર સંત હોકર 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો ઉસકા અર્થ યહ હુઆ કિ પંચ મહાવ્રતકે પરિણામ, વ્યવહાર સમિતિ, ગુપ્તિકા ભાવ વહ દુઃખરૂપ હૈ. ક્યોંકિ ઐસા પંચ મહાવ્રતાદિ મુનિવ્રત લિયા પરંતુ આત્મસુખ નહીં પાયા. ઉસકા અર્થ કિ દુઃખ પાયા. ધન્નાલાલજી! બાત ઐસી હૈ સૂક્ષ્મ, ભગવાન! તો આતમજ્ઞાન બિન લેશ સુખ (ન પાયા), તો આસ્રવભાવ, પંચ મહાવ્રત આદિ ભાવ વહ સબ દુઃખરૂપ હૈ. આહાહા..! ઔર વહ દુઃખકા કારણ હૈ, વહ આત્માકી શાંતિકા કારણ આસ્રવભાવ, શુભભાવ નહીં. આહાહા..! સમજમેં આયા? ઐસી વિચારણા સમ્યગ્દૃષ્ટિ જીવ... આહાહા..! અપને સ્વભાવસન્મુખ

અનુભવ હુઆ હૈ ઔર અનુભવમેં આનંદ આયા હૈ સમ્યગ્દર્શનમેં, ઉસ આનંદકી ભૂમિકામેં ઐસા વિચાર કરતે હૈં. સમજમેં આયા? વીતરાગ માર્ગ હૈ ભગવાન! અપૂર્વ સૂક્ષ્મ બાત હૈ. કોઈ બાહરસે મિલ જાયે ઐસી વહ ચીજ નહીં. આહાહા..! કહતે હૈં કિ આસ્રવભાવકી વિચારણા ઈસ પ્રકારસે કરે.

'૮ સંવર,...' ભાવના. રાગકે વિકલ્પસે ભિન્ન હોકર અપની ચીજમેં લીનતા કરના વહી સંવર હૈ. ઐસી સંવર ભાવનાકા વિચાર સમકિતી કરે. વૈસે તો બારહ ભાવનાકો સંવરમેં ડાલા હૈ. કહા ન તત્ત્વાર્થસૂત્રમેં. બારહ ભાવનામેં જો વિકલ્પ ઉઠતે હૈં વહ સબ ઉસમેં સ્વભાવકે આશ્રયમેં લક્ષ્ય કરકે ઐસી ભાવનામેં શુભભાવ આતા હૈ. ધન્નાલાલજી! આહાહા..! ઐસી બાત હૈ. સંવર ભાવના. આહાહા..! રાગ, પુણ્ય-પાપકે વિકલ્પસે મેરી ચીજ ભિન્ન (હૈ) ઉસમેં લીનતાકા હોના, શુદ્ધતાકી ઉત્પત્તિ હોના, શુદ્ધ ભાવ ઔર શુદ્ધ ઉપયોગ ઉત્પન્ન હોના વહ સંવર હૈ. આહાહા..! તત્ત્વકી વાસ્તવિકતા ભી જિસકી શ્રદ્ધામેં, વ્યવહારમેં નહીં હૈ ઉસકો વાસ્તવિક અનુભવદષ્ટિ તો હોતી નહીં. આહાહા..! ક્યા કહતે હૈં? સંવરભાવના.

ઔર '૯. **નિર્જરા,...**' ભાવના. સમ્યગ્દષ્ટિ, ચૈતન્યકા અનુભવ હોનેપર ભી ઔર અપને સ્વભાવકે સન્મુખ હોનેપર ભી ઉસકો નિર્જરાકી વિચારણા આતી હૈ. નિર્જરા તીન પ્રકારકી હૈ. એક, અપને શુદ્ધ ઉપયોગમેં આના વહ શુદ્ધ ઉપયોગ હી નિર્જરા હૈ. સમજમેં આયા? શુભ-અશુભસે રહિત અપના ચૈતન્યકા ઉપયોગ શુદ્ધ આચરણમેં આના ઉસ શુદ્ધ ઉપયોગકો નિર્જરા કહા હૈ. ઔર અશુદ્ધ ઉપયોગકા નાશ હો વહ નિર્જરા હૈ. ઔર વહ નિમિત્ત પાકર કર્મકી નિર્જરા હો વહ અસદ્ભુત વ્યવહારનયસે કર્મકી નિર્જરા કહનેમેં આતી હૈ. આહાહા..! સમજમેં આયા? જબ ચૈતન્યસ્વભાવ ભગવાન પૂર્ણ આનંદકા નાથ જિસને અંતરમેં દૃષ્ટિમેં, આલંબનમેં, આશ્રયમેં લિયા હૈ વહ ઐસી ભાવના કરતે હૈં કિ ઓહો..! મેરી ચીજમેં લીન હોના શુદ્ધ ઉપયોગસે વહ નિર્જરા હૈ. અસ્તિસે વહ કહા. ઔર અશુદ્ધ પરિણામકા શુભાશુભ ભાવ દોનોં અશુદ્ધ હૈ ઉસકા નાશ હોના વહ ભી નિર્જરા હૈ. ઔર ઐસા શુદ્ધ ભાવકા નિમિત્ત હોનેસે કર્મમેં જો નિર્જરા કર્મકા સ્વતંત્ર ઉસકે કારણસે જો પર્યાયમેં કર્મકી પર્યાય હૈ ઉસમેંસે કિતની અકર્મ પર્યાય હો જાયે. સમજમેં આયા? વહ કર્મકે કારણસે હૈ. ઐસી વિચારણા સમ્યગ્દષ્ટિ અપની અનુભૂતિકી પર્યાયમેં સાવધાન હૈ... આહાહા..! સમજમેં આયા? તો ઐસી વિચારણા કરતે હૈં.

શ્રોતા :- નિર્જરાકી તીન વ્યાખ્યા હો જાતી હૈ.

ઉત્તર :- હાં, ઐસી હૈ. વહ તો બહુત બાર આ ગયા હૈ. પ્રવચનસારમેં હૈ, પંચાસ્તિકાયમેં હૈ, પંચાસ્તિકાયમેં હૈ.

શ્રોતા :- ...

ઉત્તર :- કહતે હૈં. ઈસલિયે તો ખુલાસા કરના પડા. કર્મકી નિર્જરા વહ નિર્જરા. પરંતુ વહ જડકી

નિર્જરા હૈ, ઉસકે સાથ આત્માકા ક્યા સંબંધ હૈ? અપના ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા હૈ. આત્મા વીતરાગ સ્વભાવી, વીતરાગસ્વરૂપી હૈ આત્મા... આહાહા..! ઉસકે અંદરમેં લીનતા શુદ્ધ ઉપયોગસે કરના. આહાહા..! કિતને તો કહતે હૈં કિ શુદ્ધ ઉપયોગ તો અભી હૈ નહીં. આહાહા..! તો ધર્મ હૈ નહીં, સમકિત હૈ નહીં, કુછ હૈ નહીં ઐસા અર્થ હો ગયા.

શ્રોતા :- વહ બાત કિતની સચ્ચી હોગી?

ઉત્તર :- સોએ સો ટકા જૂઠી. આહાહા..! સમજમેં આયા?

ભગવાન આત્મા... બાપુ! પ્રભુ! પૂર્ણ સંપદા, આનંદકી સંપદાસે તો ભરા પડા હૈ ન નાથ તેરા. આહાહા..! ઉસમેં ઉપયોગકો શુદ્ધકો લગાના. આહાહા..! સમ્યગ્દર્શન તો હૈ. ઉસકી બાત હૈ. સમજમેં આયા? ઉસકે ઉપરાંત અંતરમેં ધ્રુવ ચૈતન્યકી દૃષ્ટિ હૈ ઉસ ધ્રુવમેં ઉપયોગ લગાના. આહાહા..! જગત તો એમ ને એમ ચાલ્યું જાય છે અનંત કાળથી. યહ ચીજ ઉસને સમજી નહીં કભી. આહાહા..! મુનિવ્રત લે લિયા, શ્રાવકકા બારહ વ્રત ભી અનંત બાર લિયા. વહ તો સબ આસ્રવ હૈ. ઉસમેં ધર્મ કહાં? કહો, મૂલચંદભાઈ! આહાહા..!

કહતે હૈં, નિર્જરા ભાવના. તીન પ્રકારકી નિર્જરા કહા. શુદ્ધ ઉપયોગ વહ શુદ્ધ નિશ્ચયસે નિર્જરા, અશુદ્ધ ઉપયોગકા નાશ વહ અશુદ્ધ નિશ્ચયસે નિર્જરા ઔર કર્મકી નિર્જરા વહ અસદ્ભુત વ્યવહારનયસે નિર્જરા. સમજમેં આયા? વસ્તુ ઐસી હૈ ભગવાન! યહાં તો ભગવાન તરીકે હી બુલાતે હૈં આત્માકો તો. ભગવાન પૂર્ણાનંદ નાથ હૈ. ભગ નામ આનંદ ઔર જ્ઞાનકી લક્ષ્મીવાન તુમ તો હૈ. રાગ ઔર પુણ્યવાલા તુમ હૈ નહીં, વહ તો આસ્રવ હૈ. આત્મા આસ્રવવાલા હૈ? આહાહા..!

શ્રોતા :- ...કોઈ આવી ભાવના કરે તો?

ઉત્તર :- અજ્ઞાનમેં વિકલ્પસે કરે, પરંતુ ભાન નહીં વસ્તુકા. બારહ અંગ પઢા હૈ તો વિચારણા તો આતી હૈ ઉસકો, પરંતુ વહ વિકલ્પકી વિચારણા હૈ. યહ તો નિર્વિકલ્પદૃષ્ટિપૂર્વક વિકલ્પ આતા હૈ ઉસકી બાત હૈ.

શ્રોતા :- કેટલાક કર્મનો ક્ષય તો થાય છે.

ઉત્તર :- ધૂલમેં ભી હોતા નહીં. બંધન હોતા હૈ ક્ષણ-ક્ષણમેં. ક્યા કહતે હૈં?

શ્રોતા :- અંતિમ ગ્રૈવેયક.

ઉત્તર :- અંતિમ ગ્રૈવેયક ગયા ઉસમેં ક્યા હુઆ? મકખી યહાં સે ઉડકર ઉપર લકડી મેં ગઈ તો ક્યા ઉંચી હો ગઈ? મનુષ્યસે વહ ઊંચી હો ગઈ? મકખી હૈ વહ ઉડકર ઉપર જાતી હૈ તો મનુષ્યસે ઊંચી હો ગઈ? ઐસે શુભભાવસે શુક્લલેશ્યા ઐસી હોતી હૈ, અભવિકો ભી હોતી હૈ, ભવિકો ભી હોતી હૈ. શુક્લલેશ્યા ઉસસે નવમી ગ્રૈવેયક જાઓ, પરંતુ વહ શુક્લલેશ્યા બંધકા કારણ હૈ. ભગવાન આત્મા અબંધસ્વરૂપ અબદ્ધસ્પૃષ્ટ ઐસા પરસે બંધનરહિત (હૈ), ઐસી અંતરમેં અબદ્ધસ્વરૂપ ચૈતન્ય અસ્તિસે

કહે તો મુક્તસ્વરૂપ ભગવાન, અબદ્ધસ્વરૂપ તો પરકી નાસ્તિકી અપેક્ષાસે કહા, મુક્તસ્વરૂપ ભગવાનકા સ્પર્શ ન હો ઔર ભગવાન આત્માકા અંદરમેં વેદન ન હો, તબતક તો વહ મિથ્યાદષ્ટિ હૈ. માર્ગ તો પરમાત્માકા ઐસા હૈ પ્રભુ! કહો, સમજમેં આયા? ક્યા કહા?

ઉપર ગયા નવમી ગ્રૈવેયક તક તો ક્યા નિર્જરા હો ગઈ? અકામ નિર્જરા હૈ. અશુભકા કુછ અભાવ હુઆ, પરંતુ અશુભ જો મિથ્યાત્વ હૈ ઉસકા તો અભાવ હુઆ નહીં. મૂલ અશુભ તો મિથ્યાત્વ હૈ. ઉસકા અભાવ કિયે બિના કેવલ અકામ નિર્જરા (હુઈ) વહ તો કુછ લાભદાયક નહીં. નવમી ગ્રૈવેયક ગયા. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફિર પીછો પટક્યો.' વહ સજ્ઝાયમેં આતા હૈ. મિથ્યાદષ્ટિ રાગકી રુચિ હૈ, અપના દ્રવ્યકી તો રુચિ હુઈ નહીં. અપના ભગવાન આનંદ સ્વભાવ ઉસકા તો પ્રેમ આયા નહીં ઔર શુભભાવકા પ્રેમ ગયા નહીં... આહાહા..! ઉસકો તો આત્માકે પ્રતિ દ્વેષ હૈ. જિસકો શુભરાગકા પ્રેમ હૈ ઉસકો આત્મા સ્વભાવકે પ્રતિ દ્વેષ હૈ. આહાહા..! વહ બહુત બાર કહને મેં આતા હૈ. આનંદઘનજી કહતે હૈં, શ્વેતાંબર. 'દ્વેષ અરોચક ભાવ' સંભવનાથકી સ્તુતિ કી હૈ ઉસને. તીસરે સંભવ ભગવાન.

'સંભવદેવ તે ધુરે સેવો સબે રે, લહિ પ્રભુ-સેવન ભેદ,
સેવન કારણ પહિલી ભૂમિકા રે, અભય, અદ્વેષ, અખેદ.'

ઐસા લિયા હૈ. બહુત વિસ્તાર હૈ. અદ્વેષકી વ્યાખ્યા ઐસી કી કિ આત્મા પ્રત્યે પ્રેમ હોના ઔર રાગ પ્રત્યેકા પ્રેમ છૂટ જાના વહ અદ્વેષભાવ હૈ. ઔર રાગકે પ્રતિ પ્રેમ રહના ઔર સ્વભાવકે પ્રતિકી રુચિ ઔર પ્રેમ નહીં રહના વહ દ્વેષ હૈ. આહાહા..! સ્પષ્ટ હી હૈ પરમાત્માકે માર્ગ મેં. ત્રિલોકકે નાથ સર્વજ્ઞ પરમેશ્વર તીન કાલ તીન લોક દેખકર ... વાણી તો વાણીકે કારણસે ઉત્પન્ન હુઈ. વાણીમેં ભી સ્વપર કથા કહનેકી તાકાત હૈ. વાણીમેં ભી સ્વપરકી કથા કરનેકી તાકાત હૈ. તો વાણી ભગવાનકી ઐસી આયી. આહાહા..! નિમિત્તસે કહનેમેં આતા હૈ. વાણી તો વાણીકી હૈ. આહાહા..!

'**૯. નિર્જરા,...**' જિસમેં પવિત્રતાકી પરિણતિ પ્રગટ ન હો વહ નિર્જરા કહાંસે આયી? યે ભાવના. '**૧૦. લોક,...**' ભાવના. ચૌદ રાજૂલોક સર્વજ્ઞને કહા ન, ઐસી વિચારણા હૈ તો વિકલ્પ, પરંતુ અંતરમેં દષ્ટિપૂર્વક અંદરકી વિચારધારા ચલતી હૈ તો ઉસ અપેક્ષાસે, સ્થિરતા અંદરમેં જિતની હૈ ઉસ અપેક્ષાસે સંવર કહા હૈ, ઔર ઉઠતે હૈં વિકલ્પકી અપેક્ષાસે ઉસકો આસ્રવ કહા. આહાહા..! '**૧૧. બોધિદુર્લભ,...**' ઓહો..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનોં મિલકર બોધિ કહનેમેં આતા હૈ. બોધિદુર્લભ હૈ. જગતકા પદાર્થ મિલના વહ તો સુલભ હૈ. સમજમેં આયા? પૈસા મિલના, લક્ષ્મી મિલના, આબરૂ મિલના, સ્ત્રી, કુટુંબ અનુકૂલ મિલના ઔર સ્વર્ગ મિલના વહ તો સુલભ હૈ. આત્માકી દષ્ટિ, જ્ઞાન ઔર લીનતા હોના વહ દુર્લભ હૈ. સમજમેં આયા? કોઈ વ્રત પાલના, લેના વહ કોઈ દુર્લભ ચીજ નહીં. વહ તો અનંત કાલસે ઐસા શુભભાવ લિયા હૈ, વહ તો સુલભ હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા.. પર્યાયમેં ઐસી વિચારણા હોતી હૈ. આહાહા..!

બોધિદુર્લભ ભાવના. અહો..! ભગવાન આત્મા ઉસકી દૃષ્ટિ, ઉસકા જ્ઞાન ઔર ઉસકી લીનતા નિર્વિકલ્પ દશા તીનોંકી એકતા દુર્લભ હૈ. સમજમેં આયા? કોઈ પુણ્ય પાના ઔર પુણ્યસે લક્ષ્મી મિલના દો-પાંચ કરોડ રૂપયા—ધૂલ વહ કોઈ દુર્લભ નહીં, સુલભ હૈ. દૂસરી દૃષ્ટિસે કહીએ તો સમ્યગ્દર્શન-જ્ઞાન પાના વહ સુલભ હૈ. ક્યોંકિ અપને આત્માકે આશ્રયસે સ્વતંત્ર ઉત્પન્ન હોતા હૈ. ઔર પૈસા આદિ મિલના વહ દુર્લભ હૈ. ક્યોં? કિ પૂર્વકા પુણ્ય હો તો મિલતા હૈ, પુરુષાર્થસે મિલતા નહીં. વહ તત્ત્વાર્થ... હૈ ન? ક્યા કહતે હૈં? તત્ત્વજ્ઞાનતરંગિણી ઉસમેં હૈ. તત્ત્વજ્ઞાનતરંગિણી હૈ ન? શુભચંદ્રાચાર્યકી બનાઈ હુઈ. ઉસમેં હૈ. દો બાત કહી. અપની ચીજ હૈ, પરંતુ ઉસ ચીજકી દૃષ્ટિ ઔર જ્ઞાન ઔર શાંતિ પ્રાપ્ત કરના તો દુર્લભ હૈ. ક્યોંકિ અનંતકાલમેં હુઆ નહીં. ઔર યે લક્ષ્મી આદિ, આબરૂ આદિ, શરીર સુંદર, સ્ત્રી અનુકૂલ ઐસા મિલના તો સુલભ હૈ. ગુલાંટ મારકર બાત કરતે હૈં કિ લક્ષ્મી ઔર શરીરકી સુંદરતા ઔર અનુકૂલતા મિલના વહ દુર્લભ હૈ. ક્યોંકિ પુરુષાર્થ આધીન નહીં, વહ તો પૂર્વકા પુણ્ય હો તો મિલતા હૈ. ઔર સમ્યગ્દર્શન-જ્ઞાન સુલભ હૈ. ક્યોંકિ કોઈ પરકા આશ્રય ઉસમેં હૈ નહીં. આહાહા..! સમજમેં આયા? તત્વજ્ઞાનતરંગિણીમેં દો બોલ લિયા હૈ. વહ તો અનેક પ્રકારસે વિચિત્ર વાત કહે. વસ્તુકી સ્થિતિકી મર્યાદા હો ઐસા કહે. આહાહા..! યહાં તો બોધિદુર્લભ ભાવનાકી બાત હૈ. ઓહો..! દુર્લભ. દુર્લભ હૈ ન? દુર્લભ. મહાપુરુષાર્થસે પ્રાપ્ત હોતા હૈ.

શ્રોતા :- ઈસમેં પુણ્યકી જરૂરત નહીં હૈ?

ઉત્તર :- ઈસમેં પુણ્યકી જરૂરત જરા ભી નહીં.

શ્રોતા :- ...

ઉત્તર :- ઉસસે તો લાભ ધર્મ હોતા હી નહીં. સુનને સે ધર્મ હોતા હૈ ઐસા હૈ? અનંત બાર ભગવાનકી વાણી સુની સમવસરણમેં. 'કેવળી આગળ રહી ગયો કોરો.' યહ હમારી ગુજરાતી ભાષા હૈ. સજ્ઝાયમાલા હૈ ન ચાર? શ્વેતાંબરમેં ચાર સજ્ઝાયમાલા હૈ. એક-એક સજ્ઝાયમાલામેં સજ્ઝાય હોતી હૈ. સમજે ન?

સહજાનંદી રે આત્મા, સહજાનંદી રે આત્મા
કેમ સૂતો તું નિશ્ચિંત રે, મોહતણા રે રણિયા ભમે.

અરે..! તું કેમ નિશ્ચિંત સૂતો? પ્રભુ! માથે મોહના દેણા, રાગ અને દ્વેષના દેણા પડ્યા છે. દેણું સમજો છો? દેણા ક્યા કહતે હૈં? કર્જ-કર્જ. 'મોહતણા રણિયા ભમે.' 'જાગ જાગ મતિવંત રે, લૂંટે જગતના જંત રે.' જગતકે જન સ્ત્રી ઔર બચ્ચે. ક્યોં હમસે શાદી કી જબ ઐસા કરના થા તો? વહ સબ લૂટનેવાલે ઈકટ્ઠે હુએ હૈં. ક્યા કહા? વહ નિયમસારમેં આતા હૈ ન? ધુતારાની ટોળી મળી છે બધી તને. પંડિતજી! સ્ત્રી, બચ્ચે, મા, બાપ સબ ધુતારાકી ટોલી હૈ. નિયમસારમેં આયા હૈ.

શ્રોતા :- ઠગ મંડલી.

ઉત્તર :– હાં. મુજે તો દૂસરા કહના હૈ. ઐસી સજ્ઝાય હૈ ન, ઐસી બહુત હૈ. ઐસી દોસૌ-તીનસૌ સજ્ઝાય હૈ. ઐસા-ઐસા ચાર પુસ્તક હૈ. હમ તો દુકાન પર થે તબ સબ પઢા થા ન. ૬૫-૬૬કી સાલ. સંવત્ ૧૯૬૫. ચારેય સજ્ઝાયમાળા. હમેં તો નિવૃત્તિથી, પિતાજીકી દુકાન થી. તો સારા સજ્ઝાય હૈ સબ શાસ્ત્ર પઢે. તો ઉસ સમય યહ એક આયા થા, ઉસ સમય. 'દ્રવ્ય સંયમ સે ગ્રેવૈયક પાયો, ફિર પીછો પટક્યો.' ઔર 'કેવળી આગળ રહી ગયો કોરો.' ઐસે દો શબ્દ આયે થે. વીરચંદભાઈ! આહાહા..! 'કેવળી આગળ રહી ગયો કોરો' સમજ્યા છો? કે કેવળીકી સભામેં ગયા, પરંતુ કોરા રહા, આત્માકી દૃષ્ટિ કી નહીં તુને. આહાહા..! સેઠ! લો સુના, યહ ભગવાનકે પાસ સુના. ક્યા કહતે હૈં?

શ્રોતા :– બહુત દૂર બૈઠા હોગા.

ઉત્તર :– બારહ જાતકી સભા, બારહ ગાઉમેં સબ શાંતિસે સુનતે હૈં, પશુ ભી અપની ભાષામેં સમજ જાતે હૈં. ઐસા સુના સમવસરણમેં. પરંતુ અંતર ચીજ જો ભગવાન કહતે થે, કિ રાગ ઔર પર્યાય જિતના આત્મા નહીં, વહ તો ત્રિકાલી ભગવાન પૂર્ણાનંદ હૈ. ઉસ તરફકી દૃષ્ટિ નહીં કી. આહાહા..! સમજમેં આયા?

શ્રોતા :– સંસાર કિનારો નજીક આવે તો જ થાય.

ઉત્તર :– પણ સંસાર કિનારો પુરુષાર્થ કરે તો કિનારો નજીક આવે કિ પુરુષાર્થ કિયે બિના આતા હૈ? અપને સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરે તો સંસારકા કિનારા આ ગયા ઉસકો. આહાહા..! સમજમેં આયા? ચૈતન્ય... કહા ન શાસ્ત્રમેં તો, પરિત્ સંસાર હો ગયા. આત્માકા સ્વરૂપકી અનુભવદૃષ્ટિ હુઈ સમ્યક્, પરિત્ સંસાર હો ગયા. સંસાર અલ્પ રહા. શાસ્ત્રમેં આતા હૈ 'ધવલમેં'. સમજમેં આયા? પરિત્-અપરિત્ સંસારકી વ્યાખ્યા ચલતી હૈ ન. ધવલમેં બહુત બાત લી હૈ. સમ્યગ્દર્શન પાનેસે સંસાર પરિત્ હો ગયા, ક્યોંકિ મિથ્યાત્વકા નાશ હુઆ વહ મિથ્યાત્વ અપરિત્ સંસાર થા. અનંત સંસારકા કારણ જો મિથ્યાત્વ થા ઉસકો જિસને ભગવાન આત્માકે અવલંબનસે નાશ કિયા ઉસકા અપરિત્ સંસાર-અનંત સંસારકા નાશ હુઆ. અલ્પ રહા એક, દો ભવ, પાંચ ભવ. આહાહા..! વહ કહીં પુરુષાર્થ બિના મિલ જાયે? આહાહા..!

શ્રોતા :– ન બન સકે.

ઉત્તર :– આહાહા..!

શ્રોતા :– ...

ઉત્તર :– કુછ હુઆ નહીં ઉસકો. ઉસકો હુઆ હી નહીં. પુરુષાર્થ જબ બહુત અંતર નિર્વિકલ્પ દૃષ્ટિનો તબ ઉસકો સમકિત હુઆ હૈ. અંજન ચોરમાં તો ફક્ત વ્યવહાર સમકિતનો એક અંશ નિઃશંક ગણીને વ્યવહાર સમકિત ગણ્યું અને વ્યવહારનો નિશ્ચયમાં આરોપ કરીને કહ્યું. બાકી અંજન ચોરમાં સમકિત નહોતું. એઈ..! એક નિઃશંકનો એક અંશ વ્યવહારનો ગણીને એને વ્યવહાર સમકિત કહ્યું અને વ્યવહારનો

આરોપ કરીને ભવિષ્યમાં નિશ્ચય પામવાનો જ છે ઈ, એટલે એને નિશ્ચયમાં ગણી નાખ્યું. આહાહા..!

શ્રોતા :- શ્વેતાંબરે એમ ખતવી નાખ્યું..

ઉત્તર :- હા, એ આપે ઈ ખોટી વસ્તુ છે. મોક્ષમાર્ગપ્રકાશકમેં ખુલાસા કિયા હૈ કિ અંજન ચોરને ક્યા કિયા હૈ? મોક્ષમાર્ગપ્રકાશકમેં હૈ. તબ તો વ્યવહાર સમકિત ભી નહીં થા ઉસકો તો. ક્યોંકિ વ્યવહાર સમકિતમેં તો આઠોં નિઃશંક આદિકી બાત ઉસકો નિર્મલ (હોતી હૈ). યહ તો એક હી બોલ થા. પરંતુ વહ ભવિષ્યમેં નિશ્ચય સમ્યક્ અનુભવ આત્માકે આશ્રયસે પાનેવાલા જીવ હૈ તો ઉસમેં વ્યવહારકે અંશમેં વ્યવહારકા આરોપ કિયા ઔર વ્યવહારમેં નિશ્ચયકા આરોપ કિયા. ઐસા કથન કિયા હૈ. સમજમેં આયા? આહાહા..! બોધિદુર્લભભાવના.

'**૧૨. ધર્મ—**' ભાવના. ધર્મી ધર્મકી વિચારણા કરતે હૈં. વીતરાગી સ્વરૂપ મેરા ધર્મ હૈ. નિર્મલ શુદ્ધ નિઃકાંક્ષ, નિર્લોભતા, અકિંચનતા આદિ મેરી દશા-વીતરાગી દશા યહ ધર્મ હૈ. આહાહા..! વહ ધર્મકી વિચારણા કરતે હૈ. સમ્યગ્દૃષ્ટિ સહિતકી બાત હૈ. સમ્યગ્દર્શન નહીં વહાં સચ્ચી ભાવના નહીં હોતી. '**ઔર પચ્ચીસ ભાવનાઓંકા ભાના...**' પાંચ મહાવ્રતકી પચ્ચીસ ભાવના હૈ તો વિકલ્પ. ક્યોંકિ મહાવ્રત સ્વયં વિકલ્પ આસ્રવ હૈ. પરંતુ ઉસકા અતિચાર ટાલનેકો ઐસી વિચારણા કરતે હૈં તો સ્વભાવકી દૃષ્ટિ, આશ્રય, લક્ષ્ય રખકર. ઐસી બાત હૈ. ઈતની શર્ત હૈ. યે શર્ત બિના બાત નહીં. ભગવાન બાત ઐસી હૈ, ક્યા કરે? ઓહોહો..! પચ્ચીસ ભાવના. હૈ તો પચ્ચીસ ભાવના વિકલ્પ રાગ, પરંતુ ઉસ વિચારણામેં રુકનેસે અશુભ નહીં હોતા ઔર શુદ્ધકા તો લક્ષ્ય હૈ તો ઉસકો ભાવના ભાના વ્યવહારસે કહનેમેં આયા હૈ.

'**ઈનકા બારંબાર ચિંતવન કરને સે કષ્ટમેં પરિણામ બિગડતે નહીં હૈં,...**' બસ, યહ બાત હૈ. પ્રતિકૂલ પરિષહ ઔર ઉપસર્ગ હો તો ઐસે વિચારમેં રહનેસે કષ્ટ નામ દુઃખદાયક પરિણામ ઉત્પન્ન નહીં હોતા. સમજમેં આયા? આહાહા..! વહ ૯૬ (હુઈ). અબ ૯૭. દેખો યહ કુંદકુંદાચાર્ય દેવ (રચિત) ભાવપાહુડ (કી) ૧૬૫ ગાથા હૈ. ભાવપાહુડકી ૧૬૫ ગાથા.

'**આગે ફિર ભાવ શુદ્ધ રખનેકો જ્ઞાનકા અભ્યાસ કરતે હૈં :—**' જ્ઞાનકા અભ્યાસકી બાત હૈ યહ.

**सव्वविरओ वि भावहि णव य पयत्थाइं सत्त तच्चाइं।**
**जीवसमासाइं मुणी चउदसगुणठाणणामाइं।।९७।।**

શ્રોતા :- વ્યવહાર બીચમેં આયા.

ઉત્તર :- વ્યવહાર આતા હૈ ન, વ્યવહાર બીચમેં હોતા હૈ ન. નિર્વિકલ્પદશા શુદ્ધ ઉપયોગ ન હો, નિર્વિકલ્પ દૃષ્ટિ ઔર નિર્વિકલ્પ ઉપયોગમેં સમ્યગ્દર્શન હુઆ, સમજમેં આયા? પરંતુ પીછે વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ કિ નહીં? વીતરાગદશા નહીં હૈ તબ તક રાગ તો ઉત્પન્ન હોતા હૈ, તો અશુભ રાગ

ટાલનેકો ઐસે શુભરાગકી ભાવના કરના ઐસા કહનેમેં આયા હૈ. સમજમેં આયા? નિશ્ચય સમ્યગ્દર્શન હો યા નિશ્ચય મુનિપના હો, પરંતુ વ્યવહાર આતા હૈ કિ નહીં? દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિ, વિનય (આદિ આતા હૈ). સંમતભદ્રાચાર્ય તો ઐસા કહતે હૈં... ચૌબીસ સ્તુતિ કી ન, ચૌબીસ સ્તુતિ કી ન ભગવાન સંમતભદ્રાચાર્યને, પ્રભુ! મેરે તો આપકી ભક્તિકા વ્યસન હો ગયા હૈ. ઉસમેં આતા હૈ. ભાઈ! ચૌબીસ. મુજે તો પ્રભુ! યહ વ્યસન હો ગયા હૈ. આપ ત્રિલોકનાથ ચૈતન્ય ભગવાન વીતરાગમૂર્તિ વીતરાગ, ઉસકી ભક્તિકા વિચાર મુજે બહુત આતા હૈ. વ્યસન હો ગયા હૈ. હૈ તો દૃષ્ટિ નિર્મલ સમ્યક્. સમજમેં આયા? આહાહા..!

હે જિનેન્દ્રદેવ! પરમાત્મા પૂર્ણાનંદ પુરુષ પ્રભુ, મેરી દૃષ્ટિ દ્રવ્ય ઉપર તો હૈ હી, મૈં સમ્યગ્દૃષ્ટિ હૂં. પરંતુ મુજે આપકી ભક્તિકા વિકલ્પકા વ્યસન હો ગયા હૈ. આહાહા..! ઐસા વિકલ્પ આતા હૈ મુનિરાજકો અશુભસે બચનેકો. સમજમેં આયા? અશુભ વંચનાર્થં ઐસા પાઠ હૈ. પંચાસ્તિકાય. ધન્નાલાલજી!

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.
ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન એહ.

વ્યવહારકે સ્થાનમેં વ્યવહાર આતા હૈ તો ધર્મી જાનતે હૈં કિ વહ શુભરાગ હૈ, નિશ્ચયસે હેય હૈ. પરંતુ વ્યવહારસે અશુભસે બચનેકો સમ્યગ્દૃષ્ટિકો ભી, મુનિકો ભી આતા હૈ. પરંતુ જાનતે હૈં કિ યહ આસ્રવ હૈ. આહાહા..! વીતરાગ માર્ગ કહીં હૈ નહીં. સર્વજ્ઞ પરમાત્મા ઉસમેં જો દિગંબર સંતોંને માર્ગ કહા, ન ભૂતો ભવિષ્યતિ. કહીં ઔર હૈ નહીં. સમજમેં આયા? ઐસી ચીજકી સર્વજ્ઞ અનુસારિણી વાણીમેં સબ સ્પષ્ટ કર દિયા હૈ ઉસને. અમરચંદભાઈ! આહાહા..! ઉસમેં કુંદકુંદાચાર્ય ભગવાન કે પાસ ગયે થે મહાવિદેહ મેં. આહાહા..! શ્વેતાંબરમાં એક વાત આવે છે, ભાઈ! ભગવાન જ્યારે પધારે ને, ત્યારે જે વાત કરે ને રાજાને કે મહારાજ! આજે ભગવાન પધારવાના છે. જાવજીવ વ્યાપાર તુજે નહીં કરના. ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞ. આ તો પ્રતિમા છે. આહા..! ઐસા પાઠ આતા હૈ. સબ દેખા હૈ ન, શ્વેતાંબર શાસ્ત્ર કરોડોં દેખા હૈ.

શ્રોતા :- કૈસા પાઠ આતા હૈ?

ઉત્તર :- ઐસા પાઠ આતા હૈ. સુના નહીં ઐસી ભાષામેં? કિ જબ ભગવાન પધારતે હૈં યા કોઈ સંત, ગણધર આદિ યા મુનિ મહા પધારતે હૈં. સાહેબ! કલ યહાં ભગવાન પધારનેવાલે હૈં. તો જો વહ સુનાતે હૈં રાજાકો, તો સુનાનેવાલે કો વહાં સ્થાન દે કર જિંદગી પર્યંત તુજે વ્યાપાર કરના નહીં. ઈતની તુજે જમીન ઔર પૈસા હમ દેતે હૈં. અરે..! ત્રિલોકકે નાથકા સ્મરણ હમકો કરાયા. તુજે કમાના નહીં પડે જાઓ. લાખો-કરોડોં રૂપયે દે દે. એય..! ભક્તિકા ભાવ હૈ ન. ભક્તિકા ભાવ આતા હૈ. જાનતે હૈં કિ હૈ શુભરાગ. પરંતુ આયે બિના રહે નહિ. આહાહા..!

શ્રોતા :- એવો રાગ આવે એને?

ઉત્તર :- આવે, ન આવે તો અશુભરાગ થઈ જાય. એ કારણે ભગવાન ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય કહતે હૈં, 'અશુભ વંચનાર્થં' આતા હૈ. આહાહા..! અયોગ્ય સ્થાનમેં ભાવ ન જાયે ઈસલિયે ભી આતા હૈ. દો આયા હૈ, દો ભાવ આયે હૈં. અશુભ. આહાહા..! પરંતુ ઉસકી મર્યાદા જાનની ચાહિયે. ઉસકી મર્યાદા પુણ્ય જિતની હૈ. ઉસકી મર્યાદા ધર્મ સમજ લે (તો વિપરીતતા હૈ). ભગવાન! યહાં તો જિતના સ્વભાવ હૈ ઉતના ઉસકો ઐસે માનના. ઉસસે કમ, અધિક, વિપરીત માનના વહ તો વિપરીત દૃષ્ટિ હૈ. આહાહા..! અરે..! ઐસા મનુષ્યભવ મિલા. ઉસમેં ઐસી દૃષ્ટિ હોકર ઐસી ભાવના કરના, ઐસી બાત ચલતી હૈ યહાં તો. આહાહા..! જન્મ-મરણકે અંતકી બાત હૈ પ્રભુ! આહાહા..!

**'અર્થ :- હે મુને!'** મુનિકો ઉદ્દેશકર મુખ્ય બાત હૈ ન. **'તૂ સબ પરિગ્રહાદિકસે વિરક્ત હો ગયા હૈ,...'** મુનિકો તો કપડે કા ટૂકડા ભી નહીં હોતા. અંતરમેં જિસકો તીન કષાયકા અભાવ હુઆ ઉસકો કપડા લેનેકા વિકલ્પ હી નહીં હોતા. ઔર કપડા લેનેકા વિકલ્પ હો વહાં મુનિપના રહતા નહીં. વસ્તુસ્થિતિ ઐસી હૈ. યહ કોઈ સંપ્રદાયકી ચીજ નહીં. સમજમેં આયા? તો વહ કહતે હૈં દેખો! **'સબ પરિગ્રહાદિકસે વિરક્ત હો ગયા હૈ,...'** તુજે સ્ત્રી, કુટુંબ, પરિવાર તો હૈ નહીં, પરંતુ વસ્ત્ર-પાત્ર ભી નહીં. આહાહા..! ક્યોંકિ પરિગ્રહ હૈ. મુનિકો, કુંદકુંદાચાર્યને તો કહા, તિલતુષમાત્ર ભી પરિગ્રહ રખે ઔર સાધુ હમ હૈ ઐસા માને (તો) નિગોદં ગચ્છેયી. સમજમેં આયા? તો ક્યા કકડીકે ચોરકો ફાંસી ઐસા કહા હૈ? ફાંસી? નહીં. ઉસમેં નવોં તત્ત્વકી ભૂલ હો ગઈ. જિસને વસ્ત્ર રખકર મુનિપના માના ઉસકો નવોં તત્ત્વકી ભૂલ હૈ, એક તત્ત્વકી નહીં. ક્યોંકિ જહાં મુનિપના છઠ્ઠા ગુણસ્થાનમેં હૈ વહાં તો આત્માકા ઉગ્ર આશ્રય હૈ. ઔર ઉગ્ર આશ્રય હૈ તો વહાં સંવરદશા ભી ઉગ્ર ઉત્પન્ન હુઈ હૈ. ઈસ ઉગ્ર સંવરમેં આસ્રવકા વિકલ્પ હોતા હૈ તો ફક્ત આહાર-પાની લેના, વિનય કરના, સુનના ઈતના વિકલ્પ હોતા હૈ, ઉસકે સિવા..

શ્રોતા :- અઠ્ઠાઈસ મૂલગુણ.

ઉત્તર :- અઠ્ઠાઈસ મૂલગુણ આદિકા વિકલ્પ હોતા હૈ. તો ઈતના જિસને નહીં જાના, ઉસે વસ્ત્ર લેના ઐસા વિકલ્પ તો તીવ્ર આસ્રવ હૈ. તો તીવ્ર આસ્રવ હૈ તો સંવર નહીં. તો સંવર મેં ભૂલ, આત્માકે આશ્રય મેં ભૂલ, આસ્રવમેં ભૂલ, ઉસકા અજીવ સંયોગમેં જબ મુનિપના હુઆ, તીન કષાયકા અભાવ, તો વસ્ત્ર-પાત્રકા અજીવકા સંયોગકા અભાવ હોતા હૈ તો અજીવકા ભી જ્ઞાન ઉસકો સચ્ચા નહીં. ઐસે હી શબ્દ કહ દિયા કિ વસ્ત્ર રખે તો નિગોદમેં જાયેગા ઐસા (નહીં હૈ). ભગવાન કુંદકુંદાચાર્ય નવોં તત્ત્વકી ભૂલ ઉસમેં કહતે હૈં. સમજમેં આયા? જહાં વસ્ત્ર લેનેકા ભાવ હૈ વહાં મુનિપનેકી સંવરદશા હૈ હી નહીં ઔર સંવર માન લે તો મિથ્યાદૃષ્ટિ હૈ. ઐસી બાત હૈ. આહાહા..! બહુત કઠિન બાત. પહલી શ્રદ્ધામેં ભી સચ્ચાપના નહીં આયા તો ઉસકો મુનિપના કહાંસે આયેગા?

કહતે હૈં, **'सव्वविरओ वि'** ઐસા શબ્દ હૈ ન. પહલા બોલ. પ્રભુ! મુનિ તો સર્વ પરિગ્રહસે વિરક્ત

ભાવ હો ગયા હૈ. આહાહા..! (સ્વયં કે લિયે બનાયા) આહાર લેના વહ ભી વિકલ્પ ઊઠ ગયા હૈ. ઉસકે લિયે આહાર બનાયા હો ઔર લે, વહ ભી ભ્રષ્ટ હૈ. સમજમેં આયા? **'સર્વ પરિગ્રહાદિકસે...'** પરિગ્રહ આદિ હૈ ન? ઉસકી મમતા ઔર ઉસ સંબંધકા સંયોગી ભાવ સબ છૂટ ગયા હૈ. આહાહા..! **'મહાવ્રત સહિત હૈ,...'** હૈ ન? **'सव्वविरओ वि भावहि' 'મહાવ્રત સહિત હૈ,...'** મહાવ્રતકા વિકલ્પ તુજે હૈ. આહાહા..! સમ્યગ્દર્શન અનુભવસહિત અનુભૂતિ આત્માકી હુઈ હૈ. ઉસકે ઉપરાંત ઉસકો મમતાકા ત્યાગ બહુત હો ગયા હૈ. ઔર ઉસકો મહાવ્રતકા પરિણામકા ભાવ આતા હૈ. ઉસ ભૂમિકામેં મહાવ્રતકા ભાવ હૈ આસ્રવ, પરંતુ વહ આયે બિના રહે નહિ. ઉસકા ભાવ છૂટ જાયે તો સપ્તમ ગુણસ્થાન હો જાયે. આહાહા..! ઈતના પ્રમાદ હૈ.

તો કહતે હૈં કિ મહાવ્રત ભાવ આયા. **'તો ભી ભાવ વિશુદ્ધિકે લિયે...'** ફિર ભી ભાવકે સ્વભાવકી શુદ્ધિકે લક્ષ્ય સે અશુભભાવ ટાલને કો શુભભાવમેં ઐસી તુજે વિચારણા આતી હૈ. **'નવ પદાર્થ,...'** નવ પદાર્થકી વિચારણા. ઓહો..! જીવ જો હૈ વહ તો શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદ હૈ. ઐસી વિચારણા દૃષ્ટિ તો હુઈ હૈ, ચારિત્ર હૈ, મહાવ્રત હૈ, તો ઐસી વિચારણા (આતી હૈ). પરમાત્મા બંધ-મોક્ષરહિત આત્મા. ઓહોહો..! જીવ ઉસકો કહે, કલ કહા થા ન? નહીં? ૩૨૦ ગાથા. ૩૨૦ ગાથાકી ટીકા જયસેનાચાર્યને કી હૈ. વહાં પરમાત્મપ્રકાશકી ગાથા લી હૈ. કિ જીવ કૈસા હૈ? ઔર જિણવરે ભણેહીં જીવ કિસકો? ઓહોહો..! પાઠ હૈ ઉસમેં. જિણવર ભણેહીં જીવ. વહ જીવ જિસમેં બંધ ઔર મોક્ષ નહીં. આહાહા..! બંધ-મોક્ષ તો પર્યાય હૈ. યહ તો જીવ જિસકો કહે, અખંડાનંદ જ્ઞાયક. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ ભગવાન! નેમિચંદભાઈ! ઐસી બાત હૈ જરા. ઈસલિયે લોગોંકો ઐસા લગતા હૈ કિ સોનગઢ યહ બાત (કરતા) હૈ. સોનગઢકી હૈ યા ભગવાનકી હૈ? આહાહા..! ઐસા કહકર સોનગઢકો એકાંત હૈ ઐસા કહતે હૈં. ભગવાન! ક્યા કરે?

શ્રોતા :- સમ્યક્ એકાંત તો હૈ.

ઉત્તર :- સમ્યક્ એકાંત તો યહ હૈ ભગવાન! આહાહા..!

કહતે હૈં કિ જીવ ઈસકો કહીએ. જીવ ન ઉપજઈ, જીવ ન મરઈ. અર્થાત્ ઉત્પાદ-પર્યાયવાલા જીવ નહીં. વ્યયવાલા જીવ નહીં. આહાહા..! વહ તો વ્યવહારજીવ હૈ. મોક્ષકી પર્યાયકા ઉત્પન્ન હોના ઔર બંધ પર્યાયકા નાશ વહ તો વ્યવહારજીવ હૈ. નિશ્ચયજીવ મેં તો બંધ-મોક્ષકી પર્યાય તો હૈ હી નહીં. વહ જીવ. ઔર વહ જીવ જો હૈ નવ તત્ત્વમેં જો મૂલ જીવ જ્ઞાયકભાવ, (ઉસમેં) મોક્ષકી તો પર્યાય હૈ નહીં, પરંતુ મોક્ષકે માર્ગકી પર્યાય કરનેવાલા વહ નહીં હૈ. મોક્ષકી પર્યાય કરનેવાલા તો જીવ નહીં, પરંતુ મોક્ષકા માર્ગ જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ ઉસકા કરનેવાલા જીવ નહીં.

શ્રોતા :- ત્રિકાલ જીવ કૈસે કરે?

ઉત્તર :- ક્યોંકિ યહ તો પર્યાય હૈ મોક્ષમાર્ગકી. જીવ તો ધ્રુવ ત્રિકાલ લેના હૈ, નિશ્ચયજીવ લેના હૈ.

સમજમેં આયા? કહો, સેઠ!

શ્રોતા :- રોગી જીવને અડદિયા.

ઉત્તર :- એ રોગી જીવને તાવ આવ્યો હોય એને કરિયાતું જ અપાય. એને ખીર ન અપાય. કરિયાતું સમજતે હો? એને એ અપાય, એ વિના એનો તાવ ઉતરે નહીં.

યહાં તો કહતે હૈં કિ આત્મા રોગી નહીં હૈ. રાગકા રોગ અપનેમેં હૈ હી નહીં. ભગવાન ચિદાનંદ આત્મા ધ્રુવ. જો મોક્ષકા કરનેવાલા નહીં તો ફિર રાગકા કરનેવાલા કહાંસે આયા? આહાહા..! વહ ૩૨૦ ગાથા પર વ્યાખ્યાન હો ગયા હૈ. ૩૨૦ ગાથાકા વ્યાખ્યાન હો ગયા હૈ. બહુત બાર હુઆ હૈ. ૩૯ વર્ષ હુઆ યહાં. ૪૦ મેં એક કમ. ઈસ ફાગુન વદ તીજકો ૩૯ પૂરા હોગા યહાં સોનગઢમેં. ૩૯. ૧૭વીં બાર સમયસાર ચલતા હૈ વ્યાખ્યાનમેં. ૧૭-૧૭. ૧૭ અર્થાત્? ૧-૭.

યહાં કહતે હૈં, ઓહો..! જીવ પદાર્થ ઈસકો કહીએ. ઐસી વિચારણા સમ્યગ્દૃષ્ટિ કરતે હૈં. વિશેષ કહેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૧, શનિવાર તા. ૨૩-૦૨-૧૯૭૪**
**ગાથા - ૯૭, પ્રવચન - ૧૧૬**

અષ્ટપાહુડ. ઉસમેં ભાવપાહુડ ચલતા હૈ. ઉસમેં ૯૭ ગાથા ચલતી હૈ. ક્યા કહતે હૈં? હજી તો પ્રતિષ્ઠા થાય... આ તો હજી નામનિક્ષેપે છે. ભગવાન મહાવીર પરમાત્મા વો તો પૂર્ણાનંદકી પ્રાપ્તિ કરકે મુક્ત હુએ હૈં, પરંતુ ઉસકા સ્થાપના નિક્ષેપ હૈ વહ ભી વ્યવહારસે વંદનીક હૈ. ઔર વહ તો પહલે કહા થા. બહુત વર્ષ પહલે વિચાર આયા થા ન વહ? હમારે સંપ્રદાયમેં તો વિરોધ થા ન મૂર્તિ કા? કહા થા કિ સમ્યગ્દર્શન હુએ પીછે મૂર્તિપૂજન ચલતા હૈ. પહલે કબ હોતા હૈ? કિ સમ્યગ્દર્શન પહલે હી મૂર્તિપૂજન હોતા હૈ. સમ્યગ્દર્શન પીછે નહીં ઐસા કહતે થે. સુનો. યહ તો બહુત સાલ પહલેકી બાત હૈ. (સંવત) ૧૯૮૩કી સાલ. ૪૭ વર્ષ હુઆ. ૫૦મેં તીન કમ. તો યહ ચર્ચા ચલી કિ ભગવાનકી પ્રતિમાકા પૂજન તો જબતક મિથ્યાદૃષ્ટિ હો તબતક કર સકતે હૈં. સમ્યગ્દૃષ્ટિ (હુએ) પીછે ઉસકો પૂજા, ભક્તિ આદિ (પ્રતિમા)કી નહીં કરે. ઐસા ચલતા થા.

તો ઐસા કહા કિ જબતક સમ્યગ્દર્શન ન હો, તબતક શ્રુતજ્ઞાન ન હો. અપના ચૈતન્યસ્વરૂપ

ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ હૈ ઐસી અંતર દૃષ્ટિ અનુભવ હો, તબ તો ઉસકો ભાવશ્રુતજ્ઞાન હોતા હૈ ઔર ભાવશ્રુતજ્ઞાન પ્રમાણજ્ઞાન હૈ. ઔર ઉસકા નય હૈ વહ અવયવ હૈ. શ્રુતજ્ઞાનકા નય-નિશ્ચય વ્યવહાર દો અવયવ હૈ. તો જબ સમ્યગ્દૃષ્ટિ હોતે હૈ પીછે હી નિક્ષેપ ઉસકો પૂજનિક ગિનને મેં આતા હૈ. સમ્યગ્દર્શન બિના ઉસકો શ્રુતજ્ઞાન નહીં. નય નહીં તો નયકા નિક્ષેપ ભી ઉસકો હોતા નહીં. સમજમેં આયા?

નય, જબ અપનેમેં શુદ્ધ ચૈતન્ય વસ્તુ પવિત્રધામ... વહ લિખા હૈ ન ઉસમેં ભાઈ, ક્યા? બનારસીદાસ. બનારસીદાસમેં આતા હૈ ન વહ, ચૌદહ ગુણસ્થાન પહલે. કિતના વર્ષ હુઆ? ૫૨. ઉસકો કહતે હૈં, જિનપ્રતિમાકા માહાત્મ્ય. બનારસીદાસ કહતે હૈં. 'જાકે મુખ દરસસૌં ભગતકે નૈનનિકૌં,...' ભગતકે. સમ્યગ્દૃષ્ટિકો તો સમ્યગ્દર્શનમેં અપના સ્વરૂપ પૂર્ણ આનંદ ઐસા અનુભવ હુઆ તો ઉસકે સાથ શ્રુતજ્ઞાન હુઆ, તો ભાવશ્રુતજ્ઞાન હૈ વહ અવયવી પ્રમાણ હૈ, ઔર નિશ્ચય ઔર વ્યવહારનય હૈ વહ પ્રમાણકા—અવયવીકા અવયવ હૈ. યહ તો અંતરકી બાત આયી થી હાં, ભાઈ ઉસ સમય. સમજમેં આયા?

તો નય ઉસકો-સમકિતદૃષ્ટિકો નય હોતી હૈ. તો નય વિષયી હૈ, નય વિષયી હૈ ઔર નિક્ષેપ વિષય હૈ. તો નય જ્ઞાનકા ભેદ હૈ ઔર નિક્ષેપ જ્ઞેયકા ભેદ હૈ. સમજમેં આયા? તો ખરેખર તો સમ્યગ્દર્શન હુએ પીછે હી નય હોતા હૈ ઔર નય ને નિક્ષેપ ઉસકો હી લાગુ પડતા હૈ. અજ્ઞાનીકો મિથ્યાદૃષ્ટિકો નય ઔર નિક્ષેપ હૈ નહીં. સમજમેં આયા? યહ તો ૮૩કી બાત હૈ. ૩૦ ઔર ૧૭. ૫૦ મેં તીન કમ. વસ્તુ ઐસી હૈ. કોઈ ગડબડ કરે ઐસે નહીં ચલે. યહાં જૈનદર્શન આતા હૈ. તો નયમેં જબ ભાન હુઆ તો નિક્ષેપ (જો) જ્ઞેયકા ભેદ હૈ, વહ નયકા વિષય હો જાતા હૈ. સમજમેં આયા? તો સમ્યગ્દૃષ્ટિકો હી સ્થાપના નિક્ષેપ વ્યવહારસે પૂજનિક હોતા હૈ. સમજમેં આયા?

શ્રોતા :- પ્રભુ! કઠિન પડે.

ઉત્તર :- કઠિન પડે પરંતુ વસ્તુસ્થિતિ ઐસી હૈ વહાં ક્યા કરના? આહાહા..!

ભગવાન આત્મા અપની ચીજમેં પૂર્ણ શુદ્ધતા ઔર આનંદ પડા હૈ ઉસકે સન્મુખ હોકર, ઉસકે સન્મુખ હોકર ઔર સંયોગી ચીજ ઔર રાગ ઔર પર્યાય ઉસસે વિમુખ હોકર... સમજમેં આયા? યહ સમ્યગ્દર્શન પ્રાપ્ત હોનેકી રીત હૈ. સમજમેં આયા? તો યહ સમ્યગ્દર્શનમેં હી સમ્યગ્જ્ઞાન શ્રુત હોતા હૈ તો વહાં નિક્ષેપ પૂજનીય હૈ. યહ મંગલિક હૈ ઉસકા. 'જાકે મુખ દરસસૌં ભગતકે નૈનનિકૌં, થિરતાકી બાની બઢૈ ચંચલતા વિનસી.' આહાહા..! પ્રતિમાજી ઐસા દેખા ન. બહુત વીતરાગમૂર્તિ હૈ. શાંત.. શાંત.. અભી તો નામનિક્ષેપ હૈ. યે ખુલા રખા થા ન ખુલા?

'મુદ્રા દેખિ કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં,...' ઐસી મુદ્રા દેખનેસે અપની પર્યાયમેં કેવલીકી મુદ્રા યાદ આવે. આહાહા..! વીતરાગીબિંબ વહ સર્વજ્ઞ પરમાત્મા કેવલીકા પ્રતિબિંબ હૈ. તો જિસકો

દિખનેમેં સમકિતી કો આતે હૈ તો કેવલી યાદ આતે હૈં. ઓહો..! ઐસા સ્થિરબિંબ જિસકો વિકલ્પ નહીં. શાંત... શાંત.. યહાં કહતે હૈં ન, 'કહત બનારસી સુમહિમા પ્રગટ જાકી, સોહૈ જિનકી છબિ સુવિદ્યમાન જિનસી.' સાક્ષાત્ તીર્થંકરદેવ વિદ્યમાન જૈસા હૈ ઐસા ભગવાનકી પ્રતિમા તીર્થંકર સમાન વિદ્યમાન હૈ. ભક્તિવંતકો તો ... પ્રતિમા જિનસારખી આતા હૈ ન? આયા ન? જિનસારખી. પીછે ભી આતા હૈ ઉસમેં. 'કહત બનારસી અલપ ભવથિતિ જાકી,' સમ્યગ્દૃષ્ટિકી અલ્પ ભવસ્થિતિ હૈ. અલ્પ કાલમેં કેવલજ્ઞાન પાનેકી તૈયારી ઉસકી હો ગઈ હૈ. બીજ ઊગી હૈ તો પૂનમ હોગી હી ઉસકો. ઐસે સમ્યગ્દર્શન બીજ જહાં પ્રગટ હુઆ... આહાહા..! કેવલજ્ઞાન હોગા હી.

તો કહતે હૈં કિ 'કહત બનારસી અલપ ભવથિતિ જાકી, સોઈ જિન પ્રતિમા પ્રવાંને જિન સારખી.' નિશ્ચય, આત્માકી પ્રતિમા જિનપ્રતિમા નિશ્ચય તો અપને સ્વરૂપ હૈ. આહાહા..! અકષાયરસ બિંબ, વીતરાગબિંબ પ્રભુ વહી વીતરાગ પ્રતિમા તો યહ હૈ. પરંતુ વીતરાગ પ્રતિમાકી જિસકો અનુભવમેં પ્રતીત હુઈ, ઉસકો શુભ વિકલ્પમેં જિનપ્રતિમા જિનસારખી આયે બિના રહે નહીં. આહાહા..! સમજમેં આયા? યહ કહા ન? વહ તો ૮૩કી સાલમેં હમ કહતે થે. સંપ્રદાયમેં કહતે થે. હમકો સંપ્રદાયમેં હમારે કોઈ સંબંધ નહીં થા. યહાં તો તત્ત્વકા સંબંધ (હૈ). કોઈ ભી સહેજ જો વિપરીત કહે ઔર હમારે ઉપર આક્ષેપ કરેગા, ઉસ ક્ષણ સંપ્રદાય છોડ દેંગે. આહાહા..! હમ સંપ્રદાયમેં આયે હૈં ઈસલિયે બંધનમેં આ ગયા ઐસા હૈ નહીં. હમારે તો પરમસત્ય વીતરાગ ત્રિલોકનાથ કહતે હૈં વહ અંતરમેં માન્ય હૈ, દૂસરા માન્ય નહીં. સંપ્રદાયકે અનેક પ્રકાર હો વહ કોઈ હમેં માન્ય નહીં હૈ. વહ કહા યહાં દેખો ન.

'જાકે ઉર અંતર સુદૃષ્ટિકી લહર લસી,...' આહાહા..! પહલા ભાઈ વહ ડાલા હૈ. 'જાકે ઉર અંતર સુદૃષ્ટિકી લહર લસી,...' આહાહા..! 'વિનસી મિથ્યાત મોહનિદ્રાકી મમારખી.' જિસે ભ્રમણાકા નાશ હુઆ હૈ, 'રાગ મેરા હૈ, પર્યાય જિતના મૈં હૂં' ઐસા મિથ્યાત્વકા તો નાશ હુઆ હૈ. ઓહોહો..! 'સૈલી જિનશાસનકી ફૈલી જાકૈ ઘટ ભયૌ,...' જૈનશાસનકી શૈલી ફૈલી. નિશ્ચયનય, વ્યવહારનયકા વિષય વહ જૈનશાસનકી શૈલી હૈ. સમજમેં આયા? ઔર સંમતભદ્રાચાર્ય તો સ્તુતિમેં તો વહાં તક કહતે હૈં, કહા થા ન? ચૌબીસ સ્તુતિ. સંમતભદ્રાચાર્યને ચૌબીસ (તીર્થંકરકી) સ્તુતિ કી ન ઉસમેં તો ઐસા કહા હૈ, પ્રભુ! મુજે આપકી ભક્તિકા વ્યસન હો ગયા હૈ. ક્યોંકિ બારંબાર મેરા વિકલ્પ આપકે બહુમાનમેં આતા હી હૈ. અશુભરાગ નહીં, શુભરાગમેં ભી તેરી ભક્તિકા મેરે વારંવાર વિકલ્પ આતા હૈ. મુજે વ્યસન પડા હૈ ઐસા લિખા હૈ ચૌબીસ સ્તુતિમેં. સમજમેં આયા?

તો 'સૈલી જિનશાસનકી ફૈલી જાકૈ ઘટ ભયૌ, ગરબકૌ ત્યાગી ષટ-દરવકૌ પારખી.' આહાહા..! ભેદજ્ઞાન હૈ. યહ પ્રતિમા! આહાહા..! વીતરાગ મુદ્રા. ઐસે લક્ષ કરકે વીતરાગભાવ યાદ આતા હૈ, કેવલી યાદ આતે હૈં. સમજમેં આયા? સિદ્ધકા ભી યહ પ્રશ્ન હુઆ થા. પહલે જબ હમ ગયે ન, (સંવત) ૨૦૧૩કી સાલ મેં મુંબઈ, તો પહલી જાત્રા સમ્મેદશિખરકી થી. તો એક સ્થાનકવાસીને પ્રશ્ન કિયા,

મહારાજ! યહ પ્રતિમા ઔર યે ક્યા યાત્રા? ભાઈ! જાત્રાકા અર્થ ઐસા હૈ કિ જહાંસે ભગવાન, મુનિયોં, સંતોં મોક્ષ પધારે હૈં જિસ ક્ષેત્રસે ઉસ ક્ષેત્રકે ઉપર બિરાજમાન હૈ ભગવાન. યહાં આયા ન. 'લહર લસી.' 'ગરબકૌ ત્યાગી ષટ-દરવકૌ પારખી.' ધર્મી તો રાગાદિકા અહંકાર જિસકો છૂટ ગયા હૈ. પુણ્યભાવ હૈ, પરંતુ ગર્વ છૂટ ગયા હૈ કિ પુણ્યભાવ મેરા હૈ. આહાહા..!

શ્રોતા :- સ્વામિત્વ છૂટ ગયા.

ઉત્તર :- સ્વામિત્વ છૂટ ગયા હૈ, ધણીપતા છૂટ ગયા હૈ. ભગવાનકી ભક્તિકા ભાવ (આતા હૈ), પણ ગર્વ છૂટ ગયા હૈ. આહાહા..! સમજમેં આયા? તો વહ જિનપ્રતિમાકો યથાર્થ રીતસે માન સકતે હૈં. ઔર પરમાત્મા જિસને મોક્ષ લિયા હૈ વહ સિદ્ધકી બાત હૈ, જિસ ક્ષેત્રસે સિદ્ધ ગયે ઉસ ક્ષેત્રમેં ઉપર બિરાજતે હૈ. શેત્રુંજય, તીન સંતોં મોક્ષ પધારે હૈં. યે શેત્રુંજય, ઉસહી સ્થાનમેં મોક્ષ હૈ ઉપર. સમશ્રેણી જાતે હૈ ન. સીધી શ્રેણી, સમશ્રેણી. તો ધર્મરાજા, ભીમ ઔર અર્જુન તીન દેહ છોડકર વે તો મુક્તિ પધારે, વહાં શેત્રુંજયકે ઉપર સાદિ અનંત બિરાજતે હૈં. તો વહાં જાકર સ્મરણ કરના વહ જાત્રા હૈ. યહાં ભી ભગવાનકા સ્મરણ કરના, પ્રતિમાકો દેખકર સર્વજ્ઞકા સ્મરણ કરના. આહાહા..! સમજમેં આયા?

'આગમકૈ અચ્છર પરે હૈં જાકૈ શ્રવનમૈં,...' વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથકી દિવ્યધ્વનિ જિસકે કાનમેં પડી હૈ. સમકિતીકી બાત ચલતી હૈ. 'હિરદૈ-ભંડારમેં સમાની વાની આરખી.' જિસકે હૃદયમેં વીતરાગકી વાણી આરસી સમાન ઘૂસ ગઈ હૈ અંદરમેં. આહાહા..! 'કહત બનારસી અલપ ભવથિતિ જાકી, સોઈ જિન પ્રતિમા પ્રવાંનૈ જિન સારખી.' બનારસીદાસ કહતે હૈં. યહાં વહ આયા. 'જાકે આગૈ ઇંદ્રકી વિભૂતિ દીસૈ તિનસી.' આહાહા..! જિસકી-ભગવાનકી મુદ્રા દેખતે હૈં તો વીતરાગ યાદ આતે હૈં કેવલજ્ઞાની. જિસકી મુદ્રા દેખકર કેવલીકી યાદ આવે જહાં. 'જાકે આગૈ ઇંદ્રકી વિભૂતિ દીસૈ તિનસી.' ઈન્દ્રકી વિભૂતિ ભી એક છિલકા સમાન જહાં દીખે. ઐસી ભગવાનકી પ્રતિમાકા દર્શન કરનેવાલેકો ઐસા ભાવ હોતા હૈ. આહાહા..! સમજમેં આયા? યહ મુદ્રા બહુત અચ્છી હૈ. મુદ્રા દેખકર ઓહોહો..! શાંત. કિતની હૈ? પાંચ ફૂટ? સવા પાંચ ફૂટ, સવા પાંચ ફૂટ. સાક્ષાત્ ભગવાન જૈસે બિરાજતે હોં! વહ કહા ન. જિન પ્રતિમા જિન સારખી. આહાહા..!

ધર્મીકા પ્રેમ જો ઝૂકતા હૈ તો ભગવાનકી પ્રતિમાકે દર્શનમેં ઝૂકતા હૈ. વહ ભાવ આતે હી હૈં. હૈ શુભ. વહી બાત ચલતી હૈ અપને. પરંતુ વહ શુદ્ધકી દૃષ્ટિમેં પાપસે બચનેકો ઐસા શુભભાવ આયે બિના રહતા નહીં. છઠે ગુણસ્થાન તક મુનિયોંકો ભી ઐસા ભાવ આતા હૈ ભક્તિકા. દ્રવ્યપૂજા ન કરે વહ, પરંતુ ભાવપૂજાકા ભાવ તો ઉસકો ભી આતા હૈ. ઉસકી મર્યાદા ઇતની હૈ. વહ યહાં કહતે હૈં. 'જાકૌ જસ જપત પ્રકાસ જગૈ હિરદૈમૈં,...' 'જાકૌ જસ જપત...' ઉસકા જસ વીતરાગ કેવલજ્ઞાન સર્વજ્ઞદેવ અતીન્દ્રિય પરમાત્મા હૈ. ઐસા 'જસ જપત પ્રકાસ જગૈ હિરદૈમૈં,...' જ્ઞાનકી જ્યોત પ્રકાશ અપનેમેં પ્રગટ હોતી હૈ. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ ભાઈ! જૈનદર્શનકો સમજના. જૈનદર્શન અર્થાત્ વસ્તુકા

સ્વભાવ અલૌકિક હૈ. ઔર દિગંબરદર્શન વહી જૈનદર્શન હૈ. સમજમેં આયા? ઐસા પોકાર કરતે હૈં કુંદકુંદાચાર્ય. આહાહા..!

કહતે હૈં, 'સોઈ સુદ્ધમતિ હોઈ હુતી જુ મલિનસી.' કહતે હૈં કિ વીતરાગ મુદ્રા ... જૈસે સર્વજ્ઞ થે ઐસી સર્વજ્ઞકી પ્રતિમા. આત્મજ્ઞાન કહતે હૈં ન? આત્મજ્ઞાન જિસકો હુઆ, આત્મધર્મ, આત્મા જિસકો પૂર્ણ પ્રગટ હુઆ ઐસી પ્રતિમાકી ભક્તિકા બહુમાન આયે બિના રહતા નહીં. આહાહા..! સમજમેં આયા? યહાં આત્મધર્મકી બાત ચલતી હૈ યહાં તો. વહ નરસિંહ મહેતા કહતે હૈં ન? 'જહાં લગી આત્મા તત્ત્વ ચિહ્નો નહીં તહાં લગી સાધના સર્વ જૂઠી.' ભગવાન આત્મા ક્યા ચીજ હૈ ઉસકા જ્ઞાન ઔર અનુભવ બિના જો કોઈ સાધન આદિ કરતે હૈં પૂજા, ભક્તિ, વ્રત, તપ આદિ વહ સબ નિરર્થક હૈ. આહાહા..! બાત સૂક્ષ્મ હૈ ભગવાન! આત્મધર્મકી યહાં તો બાત ચલતી હૈ, આત્મજ્ઞાનકી બાત ચલતી હૈ. તો જિસકો યહાં આત્મજ્ઞાન ઔર ધર્મકા ભાન હુઆ ઉસકો ... જિસકી પ્રતિમામેં પૂર્ણ સર્વજ્ઞદશા જિસકો પ્રગટ હુઈ, બીજ ઊગે તો પૂનમ હોતી હી હૈ, બીજ ઊગે ઔર પૂનમ ન હો ઐસા હોતા નહીં, ઐસે આત્મજ્ઞાન હો ઔર પીછે સર્વજ્ઞપદ ન હો ઐસા હોતા હી નહીં. તો કેવલજ્ઞાન પાનેકી ચીજ જિસકો હુઈ ઉસકી પ્રતિમા વંદનીક હૈ. આહાહા..!

દૂસરી રીત. સર્વજ્ઞ અનુસારીણી વાણી જો હૈ, દેખો ઇસ પરમાગમમેં સર્વજ્ઞકી વાણી લિખી હૈ. વહ દૂસરી ગાથામેં આયા હૈ. ત્રિલોકનાથ આત્મા જહાં વીતરાગ ઔર સર્વજ્ઞદશા અંદર પ્રગટ કરતે હૈં, આત્મજ્ઞાન ઉપરાંત જો પૂર્ણ કેવલજ્ઞાન ઉત્પન્ન કરતે હૈં, ઉનકે મુખમેં સે ઇચ્છા બિના વાણી નીકલતી હૈ, વહ વાણી યહ હૈ. તો વહ ભી સર્વજ્ઞ અનુસારીણી વાણી ભી, પ્રતિમા જૈસે પૂજ્ય હૈ વૈસે વહ ભી પૂજ્ય હૈ. આહાહા..! બાત ભાઈ યહ તો કહાં સે કહાં આ ગઈ હૈ. સૂક્ષ્મ બાત હૈ. આહાહા..!

કહતે હૈં, 'સોઈ સુદ્ધમતિ હોઈ...' ભગવાનકી પ્રતિમા દેખકર શાંત... શાંત... શાંત... અવિકારી મુદ્રા, નિર્દોષ આનંદકંદકી મુદ્રા જહાં દેખે, મતિમેં મલિનતા હો વહ ટાલ સકે ઐસી મતિ હો જાતી હૈ, ઐસા કહતે હૈં સમજમેં આયા? ધન્નાલાલજી! આહાહા..! 'સોહૈ જિનકી છબિ સુવિદ્યમાન જિનસી.' યહ બનારસીદાસ મહા અધ્યાત્મ કવિ. અભી યહ પુસ્તક દિયા થા ન ભાઈકો. કવિ નહીં? કૈસે કવિ? દુલા કવિ. દુલા કાગ. કાગકો દિયા થા અભી પુસ્તક યહ. યહ તો અધ્યાત્મ કવિ બડે મહા દિગંબર. યહ પુસ્તક દિયા તો બહુત ખુશ હો ગયે. અભી આયે થે ન. દો દિન પહલે આયે થે. દુલા કાગ. તો ઓહો..! યહ પુસ્તક મેરે કો દિયા તો, કહા, મહા પરમ અધ્યાત્મકવિ હૈ વહ. કહા, હાં ઐસા હૈ. મૈંને દેખા હૈ ઉસકો. કૌન હૈ બડા? દિલ્હીમેં નહીં બડા? દિલ્હીમાં બડા?

શ્રોતા :- રાષ્ટ્રપતિ.

ઉત્તર :- રાષ્ટ્રપતિ નહીં. બડા મકાન બનાયા મંદિર. બિરલા બિરલા. ભૂલ જાતે હૈં હમ. બિરલા ભાઈ! અભી આયે થે ન. પુસ્તક તો પહલે દિયા થા. પઢકર તો ઉસને કહા કિ, ઓહો..! બાપુ! યહ

તો અલૌકિક ચીજ અંતરકે ઘરકી હૈ. યહ કોઈ બાહરકી ચીજ નહીં. તો યહ ચીજ ... મૈંને ઉસકો લિખા. કહા થા ન. અધ્યાત્મ રામાયણ ઉસમેં લિખા હૈ. તો વહ મૈંને બિરલાકો લિખ દિયા હૈ. અધ્યાત્મ રામાયણ આત્મામેં બિરાજતી હૈ ઐસા લિખા હૈ ઉસમેં. શ્લોક હૈ ન બનારસીદાસમેં. ઈસમેં હૈ? ઈસમેં નહીં હોગા ના? બનારસીદાસમેં. અભી આયા થા. બડા કવિ હૈ ન? ગરાસદાર છે. ઘરે ગરાસ છે. કાગ કવિ. યહાં આયે થે તો પુસ્તક દિયા તો બહુત ખુશ હુઆ. ભાઈ! પ્રભુ! યહ તો આત્માકી બાત હૈ યહાં. યહાં કોઈ સંપ્રદાયકી ઔર બાહરકી ચીજ હૈ નહીં. આહાહા..!

તો કહતે હૈં કિ ઐસી પ્રતિમા જિન પ્રતિમા જબ હો તો ધર્મી જીવકો દેખને સે ઉસકો આહ્‌લાદ ઔર પુણ્ય શુભભાવ નિર્મલ હોતા હૈ. સમજમેં આયા? લો ઈતની બાત તો યહ ભગવાનકી પ્રતિમા આયી ન (ઉસ સંદર્ભમેં). રામજીભાઈ કહા.

અબ અપને યહાં ચલતા હૈ દેખો! કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત વનવાસી થે-વનમેં રહતે થે. દો હજાર વર્ષ પહલે હુએ. આત્મજ્ઞાન ઔર આત્મદર્શનમેં મસ્ત થે. અંતર આનંદ, અતીન્દ્રિય આનંદ ભગવાન આત્માકા. આહાહા..! મુનિ તો ઉસકો કહે. અતીન્દ્રિય આનંદમેં જિસકી મસ્તી, ઉસ મસ્તીમેં યહ શાસ્ત્ર લિખ દિયા હૈ. કહતે હૈં કિ ધર્મીજીવ, પહલે જબ ધર્મ પ્રગટ હોતા હૈ... આત્મા અંદર ચિદાનંદ પ્રભુ જ્ઞાનકી મૂર્તિ આત્મા હૈ. દેહસે તો ભિન્ન હૈ. યહ તો માટી હૈ. કર્મ જો હૈ અંદર પુણ્ય-પાપકા બંધન વહ ભી જડ ભિન્ન હૈ. નારિયેલ હોતા હૈ નારિયેલ. નારિયેલ નહીં? શ્રીફલ. તો શ્રીફલમેં ઉપરકા છિલકા હૈ વહ ભિન્ન ચીજ હૈ. અંદર કાચલી હૈ વહ ભિન્ન ચીજ હૈ. ઔર કાચલી તરફકી જો લાલ છાલ, ટોપરાપાક કરતે હૈ તો નિકાલ દેતે હૈં ન? વહ લાલ છાલ ભી ભિન્ન હૈ ઔર અંદર મેં જો ટોપરા સફેદ મીઠા વહ શ્રીફલ ભિન્ન હૈ. આહાહા..! ઐસે ભગવાન આત્મામેં, યહ શરીર તો છાલા હૈ ઉપરકા. સમજમેં આયા? જૈસે વહ છાલા હૈ ન છાલા કહતે હૈં ન? હિન્દીમેં ક્યા કહતે હૈ? છિલકા. યહાં હમારે છાલા કહતે હૈં. બાયું દળે ને. દળે પછી એનો વળી લોટ આમ બહાર કાઢે, લોટ બહાર કાઢે. ઉસકો છાલા કહતે હૈં, ભાઈ યહાં તો નાની ઉમ્રમેં સુના હૈ. તો યહ શરીર છાલા હૈ ઔર અંદર કર્મ રજકણ સૂક્ષ્મ પુણ્ય-પાપકા પડા હૈ વહ કાચલી હૈ. કાચલી ક્યા કહતે હૈં? વહ કાચલી હૈ. ઔર અંદરમેં પુણ્ય ઔર પાપકા વિકલ્પ જો ઊઠતે હૈં વહ લાલ રંગકી છાલ હૈ. ભગવાન આત્મા ઉસસે ભિન્ન હૈ અંદર. આહાહા..! શ્રીફલ કહતે હૈં ન ઉસકો શ્રીફલ. આહાહા..!

ભાઈ! તેરી ચીજ શ્રી-સ્વરૂપકી લક્ષ્મીરૂપી અંદર ફલ પડા હૈ. આહાહા..! અરે..! ઉસને કભી વિચાર કિયા નહીં. અનંતકાલ હુઆ, અનંતકાલ હુઆ. ચૌરાસીમેં રખડતે રખડતે મર ગયે, પરંતુ વહ ચૈતન્યમૂર્તિ મેરી ચીજ અંદર... મૈં આનંદ... મીઠા કહતે હૈ ન? ટોપરાકો મીઠા કહતે હૈ ન? તો મીઠા નામ આનંદ યહાં હૈ ઔર સફેદમેં શુદ્ધ હૈ. ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ હૈ. આહાહા..! ભાઈ! ઉસકો કાનમેં શબ્દ પડા નહીં વહ વિચાર કબ કરે ઔર કબ જન્મ-મરણકા નાશ કરે? આહાહા..!

યહાં કહતે હૈં કિ યહ પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વરને જો કહા, ઐસા સંતો કુંદકુંદાચાર્યને ગ્રહા ઔર અનુભવ કિયા. મૈં આત્મા આનંદસ્વરૂપ હૂં. મેરેમેં જો પુણ્ય-પાપ દિખતે હૈં વહ છિલકા હૈ. લાલ છાલ જૈસે ટોપરાકી હોતી હૈ. તો સ્ત્રીયાં જબ ટોપરાપાક કરતી હૈ તો ખમણીમેં સે નિકાલ દેતે હૈ. છાલાકો નિકાલતે હૈં, કાચલી નિકાલતે હૈં પરંતુ વહ છાલ નિકાલ દેતે હૈં તો સફેદ ટોપરાપાક હોતા હૈ. ઐસે ભગવાન આત્મા. યહ તો દૃષ્ટાંત દિયા. સિદ્ધાંત. શરીર યહ છાલા, માટી, ધૂલ હૈ ઉસસે મૈં ભિન્ન હૂં. આહાહા..! અંદર કર્મકા રજકણ જો પુણ્યકા પડા હો તો યહ લક્ષ્મી આદિ મિલે, પાપકા આદિ મિલા હો તો લક્ષ્મી આદિ ટલે, નાશ હો. ઐસા રજકણ અંદર હૈ વહ કાચલી સમાન જડ હૈ. વહ મૈં નહીં. ઔર પુણ્ય-પાપકા છાલ જો લાલ છાલ હૈ ટોપરાકી... ભગવાન! સૂક્ષ્મ બાત હૈ પ્રભુ! અનંતકાલ ગયા ઉસને અપની ચીજકી પિછાન કી હી નહીં ઔર પારકી પડ માંડી બધી. ઘરના છોકરા ઘંટી ચાંટે, પાડોશીને આટો. ઐસે અપની ચીજકી ક્યા હૈ યહ ખબર નહીં ઔર દુનિયાકી કરને લગા. તો કહતે હૈ... કહતે હૈ ન, હમારે યહાં તો કહતે હૈ કિ ઘરના છોકરા ઘંટી ચાંટે. તમારી હિન્દી ભાષા હશે.

શ્રોતા :- ...

ઉત્તર :- હા, તમારી ભાષા વહ, હમારે તો યહાં ગુજરાતી ભાષા હૈ ન. ક્યા હિન્દી હૈ?

શ્રોતા :- ઘરકા છોરા ઘંટી ચાટે, ઉપાધ્યાયકો આટો.

ઉત્તર :- હા ઈ.

શ્રોતા :- આપણે બ્રાહ્મણ એને ઉપાધ્યાય કહે.

ઉત્તર :- ઉપાધ્યાય કહે. બ્રાહ્મણને આટા દે અને ઘરમાં કાંઈ ન મળે.

ઐસે પરમાત્મા ત્રિલોકનાથ સંતો ઔર મુનિયોં કહતે હૈં કિ તેરી ચીજકી તુને કભી પિછાન કી નહીં, ઉસકા પ્રયત્ન કિયા નહીં, ઉસકે ઉપર સાવધાની કભી કી નહીં. દુનિયાકા બાહરકા કિયા ઔર હુશિયાર પંડિત હો ગયા. યહાં વહ કહતે હૈ કિ જિસકો ઐસા આત્માકા ભાન હુઆ વહ ઐસા વિચાર કરતા હૈ. નવ પદાર્થ આયા ન ભાઈ યહાં? નવ પદાર્થકી વિચારણા કરતે હૈં. આહાહા..! હૈ? ૯૭ ગાથા હૈ. દેખો! દૂસરી લાઈન. નવ પદાર્થ. અપના શુદ્ધ પરિણામ હોને કે કારણ નવ પદાર્થકી વિચારણા કરતે હૈં. સૂક્ષ્મ બાત હૈ ભગવાન! આહાહા..!

કહેત હૈં, નવ પદાર્થ મેં જીવ આત્મા. પહલા હૈ. નવમેં જીવ પહલા. તો જીવ પદાર્થકા વિચાર ધર્મી ઐસે કરતે હૈં, મૈં શુદ્ધ ચૈતન્ય આનંદકંદ હૂં. આહાહા..! સચ્ચિદાનંદરૂપ મૈં ચીજ હૂં. સૂક્ષ્મ બાત હૈ ભગવાન! યહ તો કહીં સે આયી હુઈ બાત હૈ. યહાં સોનગઢમેં પડે હૈં. દરબાર! દરબારકી જમીનમેં યહાં આ ગયે. કહાં કે કહાં થે. ઓહો..! ઈસ દેહકી ચીજ સે ભિન્ન. આહાહા..! દેખો ન, દેહ તો ક્ષણમેં પડ જાતા હૈ ન. વહ ગૃહસ્થકો ભી હૈ કિ નહીં, શાંતિલાલ ખુશાલ, ગોવાવાલે. દો અબજ ચાલીસ કરોડ પૈસા ઉસકે પાસ હૈ અભી. દો અબજ અર્થાત્ દોસો ચાલીસ લાખ નહીં, દોસો ચાલીસ કરોડ, લાખ

નહીં. આપકી ભાષા. દોસો ચાલીસ કરોડ. શાંતિલાલ ખુશાલ હૈ. ઉસકી બહિનકી લડકી યહાં હૈ. બ્રહ્મચારી હૈ. પચાસમેં ઉસકી બહિનકી લડકી બ્રહ્મચારી હૈ, ઔર દૂસરી લડકી બ્રહ્મચારી અભી હોનેવાલી હૈ. ઈસ તેરસકે દિન. ભગવાનકી પ્રતિમાકી પ્રતિષ્ઠા હૈ ન. તબ ગ્યારહ લડકિયાં બાલબ્રહ્મચારી નયી હોનેવાલી હૈ. ૫૧ લડકિયા બાલબ્રહ્મચારી હૈ, બાલબ્રહ્મચારી. ઔર ખીમચંદભાઈકી લડકી ભી બાલબ્રહ્મચારી હૈ. ઉસમેં ૫૧ તો હૈ, ૧૧ નયી હોગી. તો ઉસમેં યહ લડકી હૈ ઉસકી. બહિનકી લડકી. ઉસકે પિતા આયે હૈં ન. પોપટભાઈ આતે હૈં. યહ પોપટભાઈ હૈ લ્યો! શાંતિલાલકે બહનોઈ હૈં યહાં. શાંતિલાલ ખુશાલકે સગે બનેવી. તો ઉસકે પાસ દો અબજ ચાલીસ કરોડ. ધૂલમેં ભી કામ ન આયે. મર ગયા અભી અંતર્મુહૂર્તમે.

ઉસકી સ્ત્રીકો ક્યા કહતે હૈં આપકા? હેમરેજ હો ગયા હતા હેમરેજ. તો મુંબઈ લાયે ગોવાસે. તો ઉસકો, રાતકો દેઢ બજે ઉઠા ઔર કહા મુજે દર્દ હોતા હૈ, મુજે જરા દર્દ હોતા હૈ. ઐસા કહા. ડોક્ટરકો બુલાઓ. ડોક્ટર આયે ઉતનેમેં (તો દેહ છૂટ ગયા). દેહકી સ્થિતિ પૂરી હોનેકે કાલમેં કોઈ ડોક્ટર તો ક્યા ઈન્દ્ર ઉતરે તો ફેરફાર ન કર સકે. તેરે દો અબજ ચાલીસ કરોડ ગીરવી મૂકતે હૈ? દસ મિનિટમેં ખલાસ. જ્યાં આવે ત્યાં તો દેહમાં કાંઈ ન મળે. આહાહા..! દેહકી સ્થિતિકે કાલમેં દેહ છૂટેગા હી. યહ કહાં ઉસકી ચીજ હૈ. સમજમેં આયા? જો છૂટ જાયે વહ ઉસકી ચીજ નહીં ઔર છૂટે નહીં વહ ઉસકી ચીજ હૈ. વહ તો આનંદ ઔર જ્ઞાનસ્વભાવકી ચીજ હૈ જો છૂટે નહીં કભી. યહ તો છૂટ જાતા હૈ શરીર તો. સમજમેં આયા? ક્ષણમેં ખલાસ હો ગયા ખલાસ. ફિર લે ગયે વહાં ગોવામેં. આબરૂ બડી ન. ચાલીસ લાખકા તો મકાન હૈ. ચાલીસ લાખ. દસ-દસ લાખ કે દો ઔર ચાલીસ લાખકા મકાન. ધૂલમેં મકાન ક્યા કરે? વહ તો જડ, માટી ધૂલ હૈ. વહાં લે ગયે ફિર સિરપર ફૂલ ડાલે હોંગે. ઈસ જીવકી ચીજકો જાને બિના ઐસી ચીજ અનંત બાર મિલી તો આત્માકો કુછ લાભ હુઆ નહીં. આહાહા..!

કહતે હૈં કિ મૈં તો ચૈતન્ય આનંદકા નાથ હૂં. મેરેમેં પુણ્ય ઔર પાપકા વિકલ્પ ઉઠતે હૈ વહ ભી મૈં નહીં. વહ તો આસ્રવતત્ત્વ હૈ, વિકારતત્ત્વ હૈ, બંધતત્ત્વ હૈ, સંયોગીભાવ હૈ. આહાહા..! ઐસે ધર્મી અપને આત્મતત્ત્વકા વિચાર ઐસે કરતે હૈં. આહાહા..! મૈં જો આત્મા ધ્રુવ હૂં. ઓહોહો..! મૈં જો ચીજ ... જો પર્યાય વર્તમાન દશા ઐસા નિર્ણય કરતી હૈ, મૈં તો નિત્ય અવિનાશી આત્મા હૂં. મૈં કભી ઉત્પન્ન હુઆ નહીં, મેરા કભી નાશ હોતા નહીં હૈ ઐસા મૈં અવિનાશી આત્મતત્ત્વ હૂં. 'આતમરામ અવિનાશી આવ્યો એકલો, આતમરામ અવિનાશી આવ્યો એકલો.' અકેલા આયા. કોઈ સાથમેં નહીં આયા થા. આહાહા..! 'અનંત દર્શન જ્ઞાન તારું રૂપ જો.' આહાહા..! ભાઈ! તેરા રૂપ તો બેહદ અંદર જ્ઞાન હૈ ઔર દર્શન, આનંદ તેરા રૂપ હૈ. 'અન્ય ભાવ તેરે સ્પર્શે નહીં.' પુણ્ય ને પાપ ને શરીર મેરી ચીજકો છુતે નહીં ઐસી મેરી ચીજ હૈ. ધર્મી જીવ અપને આત્માકી ઐસી ભાવના કરતે હૈં. આહાહા..! 'જ્ઞાયક ભડવીર ગણાય જો.' વહ તો જ્ઞાયકતત્ત્વ ભડવીર હૈ. આહાહા..! પરંતુ કૈસે બૈઠે પામરકો? એક બીડી બિના ચલે

નહીં. બીડી દો પીવે તબ ક્યા કહતે હૈ આપકી? સીગારેટ. તબ તો જંગલ ઉતરે ઉસકો પાયખાનેમેં. દો બીડી પીએ તો... સંડાસ કરને બૈઠા હો તબ બીડી પીયે. આહાહા..! અબ ઉસકો ઐસા કહે કિ અરે..! ભાઈ! તેરા આત્મા આનંદકા નાથ હૈ. કહાં તુ અટક રહા હૈ? તુજે તેરી ખબર નહીં.

યહાં કહતે હૈં કિ ધર્મી જીવ અપને આત્માકા ઐસા વિચાર કરતે હૈં. આહાહા..! મેરે ધામમેં તો આનંદ પડા હૈ ન. મૈં તો સ્વયં જ્યોતિ સુખધામ. મૈં તો સ્વયં ચૈતન્યજ્યોતિ, ચૈતન્યપ્રકાશકી મૂર્તિ મૈં હૂં ઔર મેરેમેં તો આનંદકા ધામ, આનંદકા સ્થાન મૈં હૂં. આનંદકી ઉત્પત્તિ હો તો ઐસા મૈં હૂં. વરના કોઈ આનંદ-ફાનંદ હૈ નહીં. કોઈ પૈસેમેં હૈ નહીં, સ્ત્રીમેં હૈ નહીં, આબરૂમેં હૈ નહીં, ધૂલમેં કુછ નહીં. આનંદ તો સચ્ચિદાનંદ પ્રભુ મેરા આનંદ મેરે પાસ હૈ. આહાહા..! મૃગકી નાભીમેં કસ્તુરી. ફિર ભી મૃગકો ઉસ કસ્તુરીકી કિંમત હૈ નહીં. હૈ નહીં. થોડી ગુજરાતી આ જાતી હૈ હમારી હાં. નાભીમેં કસ્તુરી હોને પર ભી મૃગકો કિંમત હૈ નહીં. ઐસે ભગવાન આત્માકે અંતરમેં આનંદ ઔર શાંતિ પડી હૈ, પરંતુ પામરકો ઉસકી કિંમત હોતી નહીં. આહાહા..! ઐસા આત્મતત્ત્વકા વિચાર પહલે કરતે હૈં.

દૂસરા. અજીવ. શરીરાદિ અજીવ હૈ, માટી હૈ, પૈસા ધૂલ હૈ ઐસા ધર્મી વિચાર કરતે હૈં. આહાહા..! સેઠ! યે સબ કરોડપતિ બૈઠે. ચાર કરોડ હૈ ઉસકે પાસ. ચાર ભાઈકે બીચ ચાર કરોડ. ધૂલમેં ધૂલ હાં.

શ્રોતા :- આપ અભી તો ના કહતે થે કિ ઉસકે ઘર પર...

ઉત્તર :- ઐસા કહતે હૈં, લોગ કહતે હૈં ન. એમના મકાનમાં જ ઉતર્યા હતા ને, પોર. કલકત્તામાં એમના મકાનમાં ઉતર્યા હતા. રતનભાઈ. રતનલાલ, છોટાભાઈ, દો-ચાર ભાઈ. અપને વચ્છરાજજી હતા. કેશુભાઈ નહીં? અપને વચ્છરાજને મકાન બનાયા ન? ગોગીદેવી. વચ્છરાજ સેઠ થે ના? ઉસકા લડકા હૈ. વચ્છરાજ સેઠ. દરબાર તો પહચાનતે હૈં. પહલે તો વચ્છરાજ સેઠ યહાં રહતે થે. ઉસને મકાન બનાયા હૈ ન યહાં? બંગલા બનાયા હૈ. ઉસકા લડકા હૈ યહ, બડા લડકા હૈ.

યહાં તો કહતે હૈં કિ કરોડ હો યા અબજ હો. ધર્મી વિચાર કરતા હૈ (કિ) વહ તો અજીવ હોકર રહા હૈ. મેરી ચીજ હોકર રહા નહીં. આહાહા..! સમજમેં આયા? સેઠ! એમ હશે ને? પૈસા પૈસાકા હોકર રહા હૈ ન? આપકે પાસ આયા હૈ? દો છોટે ભાઈ તો મર ગયે બિચારે. ચાર લડકે વચ્છરાજ સેઠકો. યહ બડા હૈ. ઉસસે છોટે દો મર ગયે. મર ગયે લો છોટી ઉમ્રમેં. કરોડ રૂપયે થે, ક્યા કરે ઉસમેં ધૂલ? આહાહા..! યહાં ધર્મી ઐસા વિચાર કરતા હૈ. લક્ષ્મી અજીવ હોકર રહી હૈ, શરીર ભી જડ હોકર રહા હૈ ઔર પુણ્ય ઔર પાપકા ભાવ જો અંદર હૈ વહ મલિન ભાવ હોકર રહા હૈ, મેરી ચીજ નહીં. આહાહા..! યે ધર્મીકી વિચારધારાકી બાત કરતે હૈં. હૈ તો વિકલ્પકી બાત હાં! પરંતુ અંદર શુદ્ધ ચૈતન્યકી દૃષ્ટિપૂર્વક અશુભસે બચનેકો ઐસા શુભભાવ આયે બિના રહતા નહીં. પુણ્ય-પાપકા વિચાર કરતે હૈં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા ભાવ હો વહ પુણ્ય હૈ. ઉસસે સંયોગ મિલતા હૈ. આત્માકો લાભ ઉસસે નહીં હોતા. આહાહા..! સમજમેં આયા?

યે નરસિંહ મહેતાને નહીં કહા? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્હ્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' તેરી પૂજા, ભક્તિ, વ્રત, તપ, દાન, દયા—સબ શૂન્ય હૈ. દરબાર! યહ બાત યહાં ચલતી હૈ, આત્મધર્મકી બાત. આહાહા..! તેરી આત્માકી ચીજમેં આનંદ પડા હૈ ઐસા અનુભવ હુએ પીછે ઉસકા પુણ્ય-પાપકા ભાવ બંધનકા કારણ હૈ, ઐસા ધર્મી વિચાર કરતા હૈ. આતા હૈ, આતા હૈ, પર હૈ બંધન. ઔર વહ પુણ્ય ઔર પાપકા ભાવ દોનોં ભાવબંધ હૈ.

જૈસે સ્ફટિકમણિ મેં, ફૂલ લાલ-પીલે હો તો લાલ-પીલી વહાં ઝાંય દિખતી હૈ. લાલ-પીલી ઝાંય સ્ફટિક મણિકી નહીં. અપની ચીજ નહીં હૈ વહ. ઐસે ભગવાન આત્મા ચૈતન્ય સ્ફટિકમણિ જૈસા (હૈ), ઐસા ભાન હુઆ વહ વિચાર કરતે હૈ કિ મેરેમેં જો પુણ્ય ઔર પાપભાવ હૈ વહ કર્મકી ઝલક વિકાર હૈ. આહાહા..! સમજમેં આયા?

જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે.
શ્રીવીરે ધર્મ પ્રકાશિયો, શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે.

પુણ્ય ઔર પાપકા વિકલ્પસે રહિત મેરી ચીજ ઐસા ભગવાનને ધર્મ કહા હૈ ઉસકો. આહાહા..! સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! અપૂર્વ બાત.

સ્વર્ગમેં ભી અનંત બાર ગયા, રાજા ભી અનંત બાર હુઆ, અબજોપતિ, મહિનેકી અબજ-અબજકી પેદાશ ઐસા રાજા અનંત બાર હુઆ હૈ. અનાદિકાલ હુઆ. આહાહા..! કોઈ આત્મા નયા હુઆ હૈ? અનાદિ સે હૈ. તો ઐસી સંપદા ભી અનંત બાર મિલી થી. તો ઉસમેં ક્યા હુઆ? રખડનેકી મમતા હુઈ, વહ તો રખડેગા. આહાહા..! મેરી ચીજમેં જો પુણ્ય-પાપકા ભાવ દિખતા હૈ વહ મલિનતાકા ભાવ હૈ ઐસા વિચાર કરતે હૈં. આહાહા..! મૈં તો નિર્મળાનંદ હૂં, ચૈતન્યસ્ફટિક.

કહા થા ન એકબાર, ભાઈ! સ્ફટિક રત્ન દેખા થા વહાં, જામનગર. જામનગરમેં હૈ ન એક છહ લાખકા સોલેરિયમ. ક્યા કહતે હૈં? સોલેરિયમ સંચા હૈ છહ લાખ રૂપયેકા. વહ તો ઉસ સમયકી બાત હૈ. યહ તો (સંવત) ૧૯૯૦કી સાલ. જબ હમ યહાં આયે, ૯૧મેં. ૯૧મેં ફાગન સુદ ૩ કો આયે થે યહાં. ઈસ ફાગન વદ ૩ કો ૩૯ વર્ષ પૂરા હોગા. તો ઉસ મહિનેમેં હમ વહાં થે. ડોક્ટર હૈ ન. બડા ડોક્ટર હૈ ન. પ્રાણજીવન ડૉક્ટર, ઢાઈ હજારકા પગાર. ઉસ સમય. માસિક ઢાઈ હજાર હાં ઉસ દિન. કિતને ૩૯ વર્ષ હુએ. ૪૦ વર્ષ પહલે. તો ઉસકે પાસ સ્ફટિક થા. ૧૦૦વીં ગાથા સુનને આયે થે. બડે આયે થે. બડે પંડિત આયે થે. બડે દિવાન આયે થે. કૌન? મહેરબાનજી પારસી દિવાન થા. એક પારસી દિવાન બહુત નીતિવાલા ઈન્સાન થા. ઉસકા હજારકા પગાર થા, બારહસો કા. દરબારને દોસો રૂપયા ચઢા દિયા પગાર.

દરબારકે પાસ ગયા મહેરબાનજી પારસી. દોસૌ રૂપયા કિસને ચઢાયા? દોસૌ રૂપયા કિસને ચઢાયા જ્યાદા? મેરા પગાર તો હજારકા હૈ. દોસૌ કિસને ચઢાયા? દરબારને કહા કિ મૈંને ચઢા દિયા. ક્યોં?

કિસી સમય રાજકા કામ આયે તો .. ઐસી બાત હૈ? મૈં નહીં કરુંગા વહ. નિકાલ દો દોસૌ રૂપયે. નીતિવાલા ઈન્સાન થા. વહ સુનનેકો આયે થે વહાં. ૧૦૦વીં ગાથા ચલતી થી. ડૉક્ટર ખુદ. ડોક્ટર કહે, મહારાજ! દેખને તો આઓ મેરા સોલેરિયમ. આપકો લાગુ પડે ઐસા હૈ. .. અભી તો કરોડકા હોતા હૈ. ઉસમેં સૂરજકા પ્રકાશ આતા હૈ. ઉસકે પાસ સ્ફટિકરત્ન થા ઈતના બડા. હૈ ન અભી હૈ.

સ્ફટિકકી જૈસી નિર્મલતા હૈ, ઐસે ભગવાન આત્મા નિર્મળાનંદ પુણ્ય-પાપકે મૈલ સે રહિત હૈ. પુણ્ય-પાપ તો મેરેમેં મૈલ હૈ ઐસા ધર્મી વિચાર કરતા હૈ. આહાહા..! ઔર ઉસકા ફલ મિલતા હૈ વહ તો અજીવ હૈ. પુણ્યસે યહ લક્ષ્મી મિલે, સ્ત્રી અનુકૂલ મિલે, લડકા અનુકૂલ હો, વહ સબ તો પુણ્યકા ફલ હૈ, યહ તો જડ પર હૈ. મેરા ઔર ઉસકા કોઈ સંબંધ હૈ નહીં. ઐસે ધર્મી અપના પુણ્ય-પાપકા ફલકા ભી વિચાર કરતા હૈ.

ઐસે નવ તત્ત્વ. સંવરકા વિચાર કરતા હૈ કિ મેરે ધર્મ કૈસે હોતા હૈ? પુણ્ય-પાપકા રાગ સે ભિન્ન મેરી ચીજકી મૈં દૃષ્ટિ કરતા હૂં ઔર ઉસમેં લીન હોતા હૂં ઉતના મેરે ધર્મ હૈ. આહાહા..! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભગવાન! અપૂર્વ (હૈ), પૂર્વ અનંત કાલમેં કભી નહીં કિયા હૈ. અનંતકાલમેં કિયા વહ કિયા બારંબાર, વહ દશા તો સંસારમેં ભટકનેકી હૈ. મૈં આત્મા. આહાહા..! અપને ભેદજ્ઞાન ભી ચલેગા. બહુત લોગ આયેંગે ન જબ, (તબ) સંવર અધિકાર ચલેગા. સંવર અધિકાર.

યહાં કહતે હૈં કિ નવ તત્ત્વમેં સંવર હૈ. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ ઔર બંધ. વહ આ ગયા. અબ સંવર. આત્મામેં પુણ્ય ઔર પાપકે વિકલ્પકા રુક જાના. જૈસે નાવમેં છિદ્રમેં પાની આના રુક જાયે. નાવમેં છિદ્ર પડતા હૈ ન. પાની આતા રુક જાયે. ઐસે ભગવાન આત્મામેં પુણ્ય ઔર પાપ કા આસ્રવ, વિકલ્પ-રાગ રુક જાયે ઔર આત્મામેં શુદ્ધતા પ્રગટ હો, ઉસકા નામ સંવર ઔર ધર્મ કહતે હૈં. ઐસે સમકિતદૃષ્ટિ નવ તત્ત્વમેં ઐસા વિચાર કરતે હૈં.

નિર્જરાકા વિચાર કરતે હૈં. આહાહા..! મેરી ચીજમેં શુદ્ધ ઉપયોગ મૈં લગાતા હૂં. શુભ-અશુભસે રહિત વહ શુદ્ધ, પવિત્ર જો ઉપયોગ હૈ વહી નિર્જરા હૈ. યહ શુદ્ધિકી વૃદ્ધિ હૈ. સમજમેં આયા? સંવર હૈ વહ શુદ્ધિ હૈ ઔર પીછે નિર્જરા હોતી હૈ વહ શુદ્ધિકી વૃદ્ધિ હૈ ઔર જબ મોક્ષ હોતા હૈ તો શુદ્ધિકી પૂર્ણતા હોતી હૈ. આહાહા..! શુદ્ધિ, શુદ્ધિકી વૃદ્ધિ ઔર શુદ્ધિકી પૂર્ણતા. યે સંવર, નિર્જરા ઔર મોક્ષ તીન તત્ત્વ હૈં. આહાહા..! અરેરે..! કભી અપની ચીજમેં ક્યા હૈ ઔર પર ક્યા હૈ ઉસ તરફકા વિચાર કિયા નહીં. આહાહા..! વહ વિચાર કર, કહતે હૈં.

ઔર મોક્ષ. આત્મા મેં પૂર્ણ શુદ્ધતા પડી હૈ વહ પૂર્ણ શુદ્ધતા પ્રગટ હો જાયે, પૂર્ણ આનંદ પ્રગટ હો જાયે, પૂર્ણ જ્ઞાન પ્રગટ હો જાયે ઉસકા નામ મોક્ષ. મોક્ષ કોઈ દૂસરી ચીજ નહીં હૈ. સમજમેં આયા?

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

શ્રીમદ્ રાજચંદ્ર. જિનકો જાતિસ્મરણ બહુત ભવકા થા. છોટી ઉમ્રમેં પૂર્વભવકા જ્ઞાન. સમજમેં આતા હૈ? શ્રીમદ્ રાજચંદ્ર વવાણિયા થે. ગુજર ગયે. જિસને ગાંધીજીકો ભી સમજાયા થા. વિલાયત સે આનેકે બાદ દો ઘંટા ગાંધીજીને બાત કી વિલાયત સે આકર. યે છોટી ઉમ્ર ૨૨ સાલ કે, રાયચંદકી. જૈસી બાત કી ઐસી દો ઘંટા .. ઓહોહો..! ઉનકો ખ્રિસ્તીકી અસર થી થોડી ગાંધીજીકો. ખ્રિસ્તીકી અસર હો ગઈ થી, ખ્રિસ્ત ધર્મકી. ઉસમેં યે મિલે. દો ઘંટે બાત કરી કિ ઐસા.. વૈસા.. ઐસે દો ઘંટે બાત કી તો કહે ઓહોહો..! હિન્દુસ્તાનમેં ભી ઐસે આત્મા પડે હૈં. ખ્રિસ્તીકા ધર્મ લેનેવાલે થે, ફિર નહીં લિયા થા. ભાઈ! હિન્દુસ્તાનમેં આત્માકા ધર્મ હિન્દુસ્તાનમેં હૈ. વહાં વિલાયત-ફિલાયતમેં સફેદ ચમડી, પૈસે, બડે બંગલે ધૂલમેં કુછ નહીં હૈ. વહ શ્રીમદ્ સ્વયં કહતે હૈં. સમજમેં આયા કુછ? આહાહા..!

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

આહાહા..! ૩૩ વર્ષમેં દેહ છૂટ ગયા. ૩૩ સાલ હાં. બહુત છોટી ઉમ્રમેં. આહાહા..! તો ઉસને ભી યહ કહા કિ ઈસ આત્મામેં મોક્ષ હોતા હૈ વહ ક્યા ચીજ હૈ? કિ મોક્ષ 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' આત્માકી શુદ્ધ પૂર્ણ દશા સોલહ કલા સે ખીલ જાયે. ચંદ્રમા જૈસે સોલહ કલા સે પૂનમકે દિન ખીલતા હૈ, ઐસે ભગવાન આત્મા અપની અંતર શક્તિમેં સે વિકાસ કરકે પૂર્ણ દશા પ્રગટ હો જાયે શુદ્ધ ઉસકા નામ મોક્ષ. અતીન્દ્રિય આનંદકી પૂર્ણતા પ્રાપ્ત હો ઉસકા નામ ભગવાન મોક્ષ કહતે હૈં. મોક્ષતત્ત્વકા વિચાર ધર્મી ઈસ પ્રકાર કરતા હૈ. આહાહા..! વહ નવ પદાર્થ હુઆ.

સપ્ત તત્ત્વમેં વહ પુણ્ય ઔર પાપ, આસ્રવ ઔર બંધમેં ડાલ દેતે હૈ. તો વહ નવકા સાત હોતા હૈ. ઔર '**ચૌદહ જીવસમાસ, ચૌદહ ગુણસ્થાન...**' વહ થોડી સૂક્ષ્મ બાત હૈ. પર્યાપ્ત, અપર્યાપ્ત ઈતની બાત થોડી સૂક્ષ્મ હૈ. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, તીન ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, જીવ હૈ ન? ઉસકી પર્યાપ્ત ઔર અપર્યાપ્તકા ચૌદહ ભેદ હૈ ઉસકા વિચાર કરે ઔર ચૌદહ ગુણસ્થાનકા વિચાર કરે. આહાહા..! જૈસે સીઢી હોતી હૈ ન? મેડી ઉપર જાનેકો. ઐસા ચૌદહ પગથિયા હૈ અંદર. ધર્મકી ઔર અધર્મકી દશાકા ચૌદહ ભેદ હૈ. ઉસ ચૌદહ ભેદકા સમ્યગ્દૃષ્ટિ વિચાર કરતા હૈ. પહલે મિથ્યાત્વમેં તો ઐસા હૈ, અજ્ઞાની પુણ્ય ઔર પાપકો અપના માનતે હૈ ઔર મિથ્યાત્વભાવકો સેવતે હૈં. આહાહા..! મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ. શરીર મેરા, પુણ્ય મેરા, લક્ષ્મી મેરી, પુત્ર મેરા યહ સબ માન્યતા મિથ્યા ભ્રમ હૈ. આહાહા..! તેરા હો વહ તેરે સે જુદા ક્યોં રહે? ઔર જુદા રહે વહ તેરી ચીજ કહાં સે આયી? આહાહા..! ક્ષણમેં ચલે જાતે હૈં લોગ. અભી તો કિતના દેખો ન. .. ક્ષણમેં ગુજર ગયે લો! છ લડકે આદિ સબ પડા રહા.

શ્રોતા :- ધીરૂભાઈ બેઠા રહ્યા.

ઉત્તર :- યે ધીરૂભાઈ કે પિતા. ધીરૂભાઈના વહુ હમણા મરી ગયા મહિના પહેલા, દસ મિનિટમાં. સાથે કોઈએ કંઈ આપ્યું નહિ અને કોઈએ દીધું નહિ. આહાહા..! બાઈ એવી ને, અહીં પંદર દિ' રહી

ગઈ હતી. મરતાં.. કંઈ નહોતું, એકદમ ઉઠ્યા. કેટલા સાડા દસે ને? કેટલા વાગે? અઢી વાગે. હમણા મહિના પહેલા. આ ધીરૂભાઈ. કાલે એની મા ગુજરી ગયા ને. સોનાની બંગડીનું કારખાનું છે ત્યાં મુંબઈમાં આમનું. કહે, મને દુઃખે છે. બહાર આવ્યા, મકાનની બહાર. અહીં પરમાગમના મહોત્સવમાં આવવાનો બહુ ભાવ, બહુ ભાવ. એટલે એ બોલી, પરમાગમકી જય! મૈં નહીં આ સકતી, મૈં નહીં આઉંગી. હું નહિ આવી શકું. આહાહા..! હજી મહિનો થયો ને. ચોવીસ-પચ્ચીસ દિ' થયા લ્યો. બાઈ અહીં પંદર દિ' રહી ગઈ હતી. જ્યારે ઓલો અક્ષર હતો ને, સોનાનો પહેલો, ત્યારે એમના તરફથી સોનાનું હતું. એમના તરફથી-બાઈ તરફથી દસ હજારનું સોનું નાખ્યું છે પત્થરમાં. બાઈ ઊભી હતી ત્યાં એ અક્ષર વખતે. મરતા વખતે અહીં આવવાનો ભાવ ઘણો. અહો.. પરમાગમના મહોત્સવનો જય! હું આવી નહિ શકું. આહા..! ધીરુભાઈકા લડકા અભી.. હાડનું દર્દ કહેવાય ને? શું કહેવાય? હાર્ટ. હૃદયમાં લોહી સૂકાઈ ગયું, લ્યો. શ્વાસ લઈ ન શક્યો. થઈ રહ્યું. છતાં પોતે બોલ્યા. .. બંધ થઈ ગયું. આહાહા..! ગુરુદેવકી જય એમ બોલ્યા. એમને ત્યાં મંદિર છે, મલાડ મંદિરના ત્યાં અધ્યક્ષ છે. બાઈ દર્શન કરવા નીકળી બહાર. દસ મિનિટમાં ખલાસ. નાની છોડી કહે, બા, નહિ જવા દઉં. ઈ કહે, હું જાઉં છું. એમ કીધું. જાઉં છું. આ બંધ થઈ ગયું. નાની છોડી કહે, નહિ જવા દઉં બા. એમ બોલી. અમર આત્મા છે. બસ, એટલું બોલી ને દેહ છૂટી ગયો. આ ૨૪-૨૫ દિ' થયા. સાંભળેલું ખરું ને. આત્મા અમર છે, આત્મા મરતો-ફરતો નથી. આત્મા જન્મે નહિ અને આત્મા મરે નહિ. અવિનાશી આત્મા ચિદાનંદ પ્રભુ છું. આહાહા..! એવી પીડા વખતે પણ એટલું યાદ આવવું... બહુ પીડા કહે છે આ હાડની. લોહી સૂકાઈ જાય અને શ્વાસ ચાલે નહિ અંદરથી.

શ્રોતા :- ... અનુભવ થઈ ગયો.

ઉત્તર :- એમ? એઈ..! થઈ ગયો તમને? એક આપણે... દરબાર! આપણું ઓલું દામોદરભાઈનું મકાન નથી? દામોદરભાઈનું મકાન નહિ, નદીને કાંઠે? એ એક આપણા રહેતા ને, અહીં અમૃતલાલ રહેતા. ... જાણે દરબાર. છેટે કાંઠે ત્રણ માળનું મકાન. ત્યાં રહેતા હતા માથે. બૈરા મરી ગયા. એને આવ્યું હશે આ. હમણા તો ન્યાં રહે છે ઝરિયામાં. ખાવા-પીવાની અનુકૂળતા એટલે ત્યાં રહે. ઘણી વાર કહ્યું છે. એમ જ છે. એકલા રહ્યા, ઘરના મકાન. ઘરના ભાડા ઘણા ઉપજે પૈસા. હવે એકલા રહ્યા છે. વીશીમાં ખાવું-પીવું ને લહેર કરવી રહી. સોનગઢ છોડી દીધું. કહો, સમજાણું કાંઈ?

ધર્મી તો ઐસા વિચાર કરતે હૈં કિ ક્ષણભંગુર ચીજ નાશ હો જાયેગી. મેરી ચીજ વહ હૈ નહીં. મિથ્યાત્વમેં તો ઐસા ભાવ નહીં આતા હૈ. મિથ્યાદષ્ટિકો તો યહ મેરા હૈ... મેરા હૈ.. મેરા હૈ... આહાહા..! બ્રહ્મદત્ત ચક્રવર્તી છ ખંડકા રાજા ઔર સોલહ હજાર દેવ તો સેવા કરે ઉસકી. ઔર એક (મુખ્ય) સ્ત્રીકી હજાર દેવ સેવા કરે. મરતે સમય પ્રેમમેં પ્રેમમેં મિથ્યાદષ્ટિ મૂઢ. આહાહા..! કુરુમતિ.. કુરુમતિ.. ઐસે કરતે કરતે.. સાતવી નરક. અભી સાતવી નરકમેં (હૈ). નીચે સાત નરક હૈ. સાત પાતાલ

હૈ. ઉસમેં સાતવીં નરકમેં સર્વોત્કૃષ્ટ પીડા ઔર સર્વોત્કૃષ્ટ બડી સ્થિતિ. ૩૩ સાગરકી સ્થિતિ. આહાહા..! બાપુ! એવા એણે અનંત ભવ કર્યા એ મિથ્યાત્વને લઈને કર્યા છે. વિપરીત માન્યતા. મિથ્યાત્વ જેવું પાપ નહિ, મિથ્યાત્વ જેવો કોઈ અધર્મ નહિ. ઐસા સમકિતી જીવ વિચાર કરતે હૈં. ઐસા કરતે હૈં. દૂસરા ગુણસ્થાન સૂક્ષ્મ હૈ, તીસરા સૂક્ષ્મ હૈ. સમકિત ચૌથા હૈ.

ચૌથા સમકિત હૈ. આત્માકા શુદ્ધ સ્વરૂપ ઉસકા અનુભવ હોના, ઉસકી દૃષ્ટિ કરના વહ ચૌથા ગુણસ્થાન હૈ. વહાંસે ધર્મકી શુરૂઆત હોતી હૈ. પીછે પંચમ ગુણસ્થાન મેં થોડી શુદ્ધતાકી વૃદ્ધિ હૈ તો પંચમ. મુનિ હોતે હૈ તો શાંતિકી વૃદ્ધિ હૈ, આનંદમેં બહુત રહતે હૈ વહ મુનિપના હૈ. વહ છઠ્ઠા ગુણસ્થાન. સાતવેં અપ્રમત્તદશા હોતી હૈ. ઐસે આઠવે કરતે કરતે બારહ, તેરહ. તેરહવે ગુણસ્થાનમેં કેવલજ્ઞાન હોતા હૈ ઔર ચૌદહમેં આખરી સ્થિતિ હોકર સિદ્ધ હોતા હૈ. ઐસા ચૌદહ ગુણસ્થાનકા વિચાર કરતા હૈ અપનેમેં, વહ શુભવિકલ્પ હૈ. અશુભસે બચનેકો શુદ્ધકા દૃષ્ટિ રખને સે ઐસા ભાવ આતા હૈ. ઉસકો પુણ્ય ઔર અશુભસે બચનેકા ભાવ કહને મેં આતા હૈ. વિશેષ કહેંગે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ ૩, શુક્રવાર તા. ૨૪-૦૫-૧૯૭૪**
**મોક્ષપાહુડનો સંક્ષેપ, ભાવપાહુડ ગાથા -૧૦૬, ૯૮-૯૯, પ્રવચન - ૧૫૫**

છઠ્ઠો પેરેગ્રાફ સંક્ષેપમાં નીચે. ફરીને. આ સંસારની ઉત્પત્તિ કેમ છે? કે '**જીવોંકે જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંકા અનાદિબંધરૂપ પર્યાય હૈ,...**' જડ. '**ઈસ બંધકે ઉદયકે નિમિત્ત સે જીવ રાગદ્વેષમોહાદિ વિભાવપરિણતિરૂપ પરિણમતા હૈ,...** ' કર્મના નિમિત્તના સંબંધમાં અનાદિથી મિથ્યા એટલે વિપરીત શ્રદ્ધા અને રાગ-દ્વેષના પરિણામરૂપે પરિણમે છે. '**ઈન વિભાવપરિણતિ કે નિમિત્તસે...**' મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષના ભાવની પરિણતિના નિમિત્તથી '**નવીન કર્મબંધ હોતા હૈ,...**' નવું કર્મબંધન થાય છે. '**ઈસપ્રકાર ઈનકે સંતાનપરંપરાસે...**' એ પ્રકારે સંતાન પરંપરા—અનાદિ પ્રવાહરૂપે. '**જીવકે ચતુર્ગતિરૂપ સંસારકી પ્રવૃત્તિ હોતી હૈ,...**' આ ચાર ગતિમાં અનાદિથી નરકમાં નારકીમાં, તિર્યંચમાં, મનુષ્યમાં, દેવ—ચાર ગતિ છે પરિભ્રમણની. આહાહા..!

'**તબ કોઈ કાલ ઐસા આવે...**' એમ. '**જબ મુક્ત હોના નિકટ હો...**' મુક્ત થવાની જેની

દશા નજીક છે. '**તબ સર્વજ્ઞકે ઉપદેશકા નિમિત્ત પાકર...**' લ્યો! સર્વજ્ઞ પરમાત્મા જેને પૂર્ણ જ્ઞાન પ્રગટ થયું છે એવા પરમાત્માનો ઉપદેશ પામીને. અજ્ઞાનીનો ઉપદેશ નહિ. જેણે ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એવા સર્વજ્ઞ પરમાત્મા એનો ઉપદેશ પામીને. ભલે ગુરુથી મળે પણ એ એનો ઉપદેશ છે. સર્વજ્ઞ પરમાત્માએ સર્વજ્ઞસ્વભાવથી જે ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એવો ઉપદેશ આવ્યો. એ ઉપદેશનું નિમિત્ત પામીને '**અપને સ્વરૂપકો...**' પોતાના સ્વરૂપને જાણે. '**કર્મબંધકે સ્વરૂપકો,...**' જાણે. કર્મબંધન છે એક નિમિત્ત એને પણ જાણે.

'**અપની ભીતરી વિભાવકે સ્વરૂપકો જાને...**' પોતાનું સ્વરૂપ આત્માનું શું છે એને જાણે, કર્મનું સ્વરૂપ બંધનું શું છે એ જાણે અને બંધના સંબંધમાં વિભાવ થાય એને જાણે. '**ઈનકા ભેદજ્ઞાન હો,...**' જ્યારે એ ત્રણેનું ભેદજ્ઞાન—પોતાના સ્વરૂપનો આનંદ જ્ઞાન સ્વરૂપ, વિભાવનું દુઃખરૂપ સ્વરૂપ અને કર્મનું અજીવ સ્વરૂપ એમ જાણે. '**ઈનકા ભેદજ્ઞાન હો, તબ પરદ્રવ્યકો સંસારકા નિમિત્ત જાનકર...**' પરદ્રવ્ય જેટલા છે એને તો સંસારનું નિમિત્ત જાણે. આહાહા..! કેમકે સ્વ ભગવાન આત્મા સ્વદ્રવ્યનો આશ્રય લે ત્યારે જ એને કલ્યાણ થાય. એથી પરદ્રવ્યનું જેટલું લક્ષ જાય એ બધું રાગનું અને સંસારનું જ કારણ છે. આહાહા..!

'**પરદ્રવ્યકો સંસારકા નિમિત્ત જાનકર ઈસસે વિરક્ત હો,...**' પરવસ્તુને સંસારના દુઃખનું, વિકારનું નિમિત્ત કારણ જાણીને એનાથી વિરક્ત હો. પરદ્રવ્યનું લક્ષ છોડે. પરદ્રવ્યનો આશ્રય, લક્ષ છોડે. કેમકે પરદ્રવ્ય સંસારનું નિમિત્ત કારણ છે. એથી જેને મોક્ષનો માર્ગ પ્રગટ કરવો છે એ પરદ્રવ્યના નિમિત્તનું લક્ષ છોડે. '**અપને સ્વરૂપકે અનુભવકા સાધન કરે...**' પોતાનો સ્વભાવ ચૈતન્ય શુદ્ધ આનંદ, જ્ઞાન એના સ્વરૂપનું સાધન કરે એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! '**તબ ઈસકે બાહ્યસાધન હિંસાદિક પંચ પાપોંકા ત્યાગરૂપ નિર્ગ્રંથ પદ,...**' થઈ જાય લ્યો! મુનિ થાય ને બાહ્ય નિર્ગ્રંથ દિગંબર દશા, એને બાહ્ય સાધન... અંતર સાધન તો કરે કહે છે, પણ એને બાહ્ય સાધનમાં હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એના ત્યાગરૂપ નિર્ગ્રંથપદ-દિગંબરપદ-દિગંબર દશા સાધન થાય.

'**સબ પરિગ્રહકી ત્યાગરૂપ...**' એને વસ્ત્રનો ધાગો પણ ન રહે, વસ્ત્રનો કણ પણ ન રહે એવી મુનિદશા ધારણ કરે ત્યારે '**નિર્ગ્રંથ દિગંબર મુદ્રા ધારણ કરે,...**' આ અંતર અને બાહ્યનું સાધન બતાવે છે. '**પાંચ મહાવ્રત, પાંચ સમિતિરૂપ, તીન ગુપ્તિરૂપ પ્રવર્તે તબ સબ જીવોં પર દયા કરનેવાલા સાધુ કહલાતા હૈ.**' બધા જીવોની, છ કાયના જીવો પર જેને દયાભાવ છે.

'**ઈનમેં તીન પદ હોતે હૈં—જો આપ સાધુ હોકર અન્યકો સાધુપદકી...**' '**સાધુ હોકર અન્યકો સાધુપદકી શિક્ષા-દીક્ષા દે વહ આચાર્ય કહલાતા હૈ,...**' આત્માના સ્વરૂપના સાધનના પદની શિખામણ અને દીક્ષા દે એમ કહે છે, જોયું! અંતરસ્વરૂપ ભગવાન આત્મા એનું સાધન સ્વરૂપમાં સાધુને જે હોય એનું જ્ઞાન ને એની દીક્ષા દે. આહાહા..! આ આચાર્ય. એ '**આચાર્ય કહલાતા હૈ,...**'

લ્યો અહીં તો બીજો ઉપદેશ આપે એવો નથી. સાધુપદની શિક્ષા-દીક્ષા દે. આહાહા..! વીતરાગભાવ આચાર્યે પોતે પ્રગટ કર્યો છે સ્વદ્રવ્યને આશ્રયે. એવા વીતરાગભાવની શિક્ષા અને દીક્ષા દે. ઉપદેશ પણ વીતરાગભાવનો આપે અને દીક્ષા પણ વીતરાગભાવની આપે એમ કહે છે. આહાહા..! એ આચાર્ય કહેવાય.

'**સાધુ હોકર જિનસૂત્રકો પઢે પઢાવે...**' હવે ઉપાધ્યાયની વાત છે. '**વહ ઉપાધ્યાય કહલાતા હૈ, જો અપને સ્વરૂપકે સાધનમેં રહે વહ સાધુ કહલાતા હૈ,...**' આનંદસ્વરૂપ ભગવાન આત્મા એના સાધનમાં રહે તેને સાધુ કહે. કહો, નગ્નપણું અને પંચ મહાવ્રતના પરિણામમાં રહે તો સાધુ એમ નથી કહ્યું. હોય દશા એવી ભલે પણ પોતે ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપમાં રહે, એને સાધે, સ્વરૂપ આનંદ શુદ્ધ પૂર્ણ વીતરાગસ્વરૂપ આત્મા એનું પર્યાયમાં સાધન કરે એને અહીંયાં સાધુ કહેવામાં આવે છે. આહાહા..! '**જો સાધુ હોકર અપને સ્વરૂપકે સાધનકે ધ્યાનકે બલસે...**' આ રીતે સાધુ થઈને... હવે ત્રણ પદ ઉપરાંત. '**અપને સ્વરૂપકે સાધનકે ધ્યાનકે બલસે...**' જોયું! ચૈતન્ય સ્વભાવ બળરૂપ, સ્વરૂપરૂપ એના સાધનના બળથી. '**સ્વરૂપકે સાધનકે ધ્યાનકે બલસે...**' પોતાનું સ્વરૂપ જે શુદ્ધ આનંદ એના ધ્યાનના બળ દ્વારા '**ચાર ઘાતિયા કર્મોંકા નાશકર...**' કેવી ભાષા વાપરી જુઓને! વ્યવહાર રત્નત્રય કરીને ચાર ઘાતિ નાશ કરે એમ નથી કહ્યું. બાહ્ય સાધન કહ્યું હતું પહેલું પાંચ મહાવ્રતાદિ. હોય છે બસ એટલું. આહાહા..! પણ મોક્ષનું સાધન તો અંતર આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એનું સાધન અંતર કરે એ સાધનથી ચાર ઘાતિ કર્મનો નાશ થાય. '**કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંતસુખ ઔર અનંતવીર્યકો પ્રાપ્ત હો...**' લ્યો! '**વહ અરહંત કહલાતા હૈ,...**' એને અર્હંત ભગવાન—ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં ત્યારે એને કહેવાય. આહાહા..! આવું પહેલું પાંચ નવકારમાં પહેલું પદ છે ને? એ આ રીતે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના સાધન દ્વારા ચાર ઘાતિકર્મનો નાશ કરીને કેવળજ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય એવા ચાર પૂર્ણ પ્રગટ કરે એને અરિહંત પરમાત્મા કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું?

'**તબ તીર્થંકર તથા સામાન્યકેવલી—જિન ઇન્દ્રાદિકસે પૂજ્ય હોતા હૈ,...**' એમાં તીર્થંકર અને સામાન્ય કેવળી એ પણ '**જિન ઇન્દ્રાદિકસે પૂજ્ય હોતા હૈ, ઇનકી વાણી ખિરતી હૈ...**' ભાષા દેખો! એની વાણી ખરે છે એમ શબ્દ વાપર્યો છે, ભાઈ! એ વાણી બોલે છે એમ ન કહ્યું. ભાષા કેવી તોળી તોળીને વાપરે છે ને. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન થાય ત્યારે એ શરીરમાત્ર રહે, એમાંથી વાણી ખરે એમ કહ્યું જોયું! ધ્વનિ ઊઠે વાણીનો અવાજ. આહાહા..! '**વાણી ખિરતી હૈ...**' આહાહા..! જયચંદ્ર પંડિતે ભર્યું છે બહુ. '**વાણી ખિરતી હૈ...**' ભગવાનના મુખથી વાણી.. અરે મુખથી નહિ, એ તો અરિહંત હોય ત્યારે વાણી ખિરતી હૈ. આહાહા..! '**જિસસે સબ જીવોંકા ઉપકાર હોતા હૈ,...**' એ વાણી સાંભળીને જગતના પ્રાણી પોતાના આત્માનું સાધન કરે

તો ઉપકાર કહેવામાં આવે. આહાહા..!

‘**અહિંસા ધર્મકા ઉપદેશ હોતા હૈ,...**’ વાણીમાં અહિંસા ધર્મનો ઉપદેશ (થાય છે). રાગની ઉત્પત્તિ થવી તે હિંસા. આહાહા..! વસ્તુના સ્વરૂપમાં વીતરાગતા ભરી છે તો વીતરાગતાની ઉત્પત્તિ થાય તે અહિંસા એવો ભગવાને ઉપદેશ કર્યો. આ અહિંસા. આહાહા..! ‘**સબ જીવોંકી રક્ષા કરાતે હૈં...**’ એટલે કોઈ પ્રાણીને મારવું નહિ એનું નામ રક્ષા. ‘**યથાર્થ પદાર્થોંકા સ્વરૂપ બતાકર...**’ જેવું આત્માનું, જડનું, ધર્મનું અને અધર્મનું જેવું સ્વરૂપ છે એવું બતાવીને ‘**મોક્ષમાર્ગ દિખાતે હૈં, ઈસપ્રકાર અરહંત પદ હોતા હૈ...**’ એ અરિહંત પદની વ્યાખ્યા કરી. ‘**ઔર જો ચાર અઘાતિયા કર્મોંકા ભી નાશકર સબ કર્મોંસે રહિત હો જાતે હૈં વહ સિદ્ધ કહલાતે હૈં.**’ પરમાત્મા શરીરરહિત થઈ જાય. શરીરસહિત પરમાત્માને અરિહંત કહીએ, શરીરરહિત પરમાત્માને સિદ્ધ કહીએ. આહાહા..!

‘**ઈસ પ્રકાર યે પાંચ પદ હૈં, યે અન્ય સબ જીવોંસે મહાન હૈં...**’ એ પાંચ પદ બધા જીવોમાં મહાન છે. ‘**ઈસલિયે પંચ પરમેષ્ઠી કહલાતે હૈં, ઈનકે નામ તથા સ્વરૂપકે દર્શન, સ્મરણ, ધ્યાન, પૂજન, નમસ્કારસે અન્ય જીવોંકે શુભપરિણામ હોતે હૈં...**’ દેખો! એ પંચ પરમેષ્ઠીના નામથી એના સ્વરૂપનું દર્શન, એનું સ્મરણ, એનું ધ્યાન, એનું પૂજન, એને નમસ્કાર, એનાથી બીજા જીવને શુભભાવ થાય છે, ધર્મ થાય છે એમ નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ‘**ઈસલિયે પાપકા નાશ હોતા હૈ,...**’ શુભ પરિણામ થાય છે ને. મંગળિક કહેવું છે ને. ‘**વર્તમાન વિઘ્નકા વિલય હોતા હૈ આગામી પુણ્યકા બંધ હોતા હૈ,...**’ લ્યો ત્રણ વાત થઈ. એ પંચ પરમેષ્ઠીના સ્મરણ ધ્યાનથી શુભભાવ થાય એનાથી પાપનો નાશ થાય, મિથ્યાત્વના પાપનો તો નાશ છે જ, જે સમકિતી છે ને, બીજા અશુભભાવનો પણ એને, કર્મના અશુભભાવ હોય એ ઘટી જાય છે. ‘**વર્તમાન વિઘ્નકા વિલય હોતા હૈ...**’

શ્રોતા :- પંચ પરમેષ્ઠીના .. નો વિચાર તો સુખભાવ થાય.

ઉત્તર :- શુભભાવ. ‘**શુભપરિણામ હોતે હૈં ઈસલિયે પાપકા નાશ હોતા હૈ,...**’ ક્યાં આવ્યું?

શ્રોતા :- પહેલા પાને.

ઉત્તર :- ક્યાં આવ્યું?

શ્રોતા :- ૨૯૫.

ઉત્તર :- ૨૬૫ને? ૨૯૫ એ તો મંગળરૂપ સાધારણ કહ્યું હતું. એ વ્યવહારસુખ. એ જુદું. એ તો મનની વ્યાખ્યા કરી છે. એ તો છે. એ સુખ લાવે છે, એ તો પોતે પ્રગટ કરે તો. એનાથી તો શુભભાવ થાય છે. પરદ્રવ્યના લક્ષથી તો શુભભાવ થાય છે. એ છે મંગળિક, પણ પોતે ભાવ કરે તો. આહાહા..! સવિકલ્પ દશાવંતને શુભભાવમાં પંચ પરમેષ્ઠી નિમિત્ત છે. સવિકલ્પ દશા ... કાલે કહી હતી રાતે. ..વાત નહોતી કરી? આમાં આત્માવલોકનમાં. રાતે કહ્યું હતું. તું દેખ. સમ્યગ્દષ્ટિને કહે છે. ‘**યહ સ્વ અનુભવદશા**

**સ્વસમયરૂપ સ્વસુખ હૈ.**' આત્માનો અનુભવ એ સ્વઅનુભવ એ સુખરૂપ છે, શાંત વિશ્રામ છે, સ્થિરરૂપ છે. પરને આશ્રયે એટલે વિકલ્પ એ દુઃખરૂપ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! '**કોઈ કલ્યાણ હૈ.**' એ સ્વ અનુભવ દશા કોઈ કલ્યાણનું કારણ છે. કોઈ કલ્યાણ છે એમ લખ્યું. '**ચેન હૈ, તૃપ્તિરૂપ હૈ, સમભાવ હૈ, મોક્ષકા રાહ હૈ.** ' અવળું સવિકલ્પદશા. હવે વિકલ્પ આવ્યો. પંચ પરમેષ્ઠીનું ધ્યાન, લક્ષણ એ પણ સવિકલ્પ છે. '**યદ્યપિ ઉપયોગ નિર્મલ હૈ.**' એટલે કે જાણવા-દેખવાના પરિણામ શુદ્ધ છે. જાણવા-દેખવાના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ શુદ્ધ છે ને?

શ્રોતા :- ચારિત્રનો દોષ.

ઉત્તર :- ચારિત્રનો દોષ બસ એ. જાણવા-દેખવાના પરિણામ શુદ્ધ છે. '**તથાપિ ચારિત્ર પરિણામ પરાલંબ અશુદ્ધ ચંચલરૂપ હોતે..**' જોયું! કેટલી વાત! ચારિત્રના પરિણામ પરાલંબન. પર આલંબન જુઓ આ પાંચ પરમેષ્ઠી. શુભભાવ છે એ. આહાહા..! એવી વાત છે. '**અશુભ ચંચલરૂપ હોતે સુનતે.**' અશુદ્ધ અને ચંચળ... '**ઈસસે સવિકલ્પદશા દુઃખ હૈ.**' આહાહા..! વસ્તુ આવી છે એની ખબર પણ નથી કાંઈ. આહાહા..! સવિકલ્પદશા દુઃખરૂપ હૈ. '**તૃષ્ણા તૃપ્ત કરી ચંચલ હૈ,...**' તૃષ્ણામાં તૃપ્ત કરીને ચંચળ છે એ દશા રાગ. આહાહા..! '**પુણ્ય-પાપરૂપ કહલાતે હૈં.**' સવિકલ્પમાં શુભભાવ અને અશુભ બેય કલાપ છે, મેલ છે. આહાહા..! '**ઉદ્વેગતા હૈ, અસંતોષરૂપ હૈ ઐસે ઐસે વિલાપરૂપ હૈ.**' આહાહા..! આ આત્માવલોકનમાં બહુ સારી સ્પષ્ટતા કરી છે પોતે દીપચંદજી.

ચારિત્રપરિણામ. '**ઐસે ઐસે વિલાપરૂપ હૈ વહ ચારિત્રપરિણામ.** ' ઓલા જ્ઞાનદર્શનના પરિણામ શુદ્ધ છે. કારણ કે જ્ઞાન, દર્શન છે એનું કાર્ય તો કરે છે ને જાણવા-દેખવાનું, સવિકલ્પદશા કાળે પણ. પણ સવિકલ્પ ચારિત્રના પરિણામ જે છે એ મેલા છે. ત્યાં ઉદ્વેગ છે, અસંતોષ છે, દુઃખ છે. ઓહો..! અને પાછું કહે છે '**સો હી દોનોંકી અવસ્થા આપ વિષે દેખ.**' બેય અવસ્થા તારા પર્યાયમાં તું દેખ. આહાહા..! લખ્યું છે ને કેટલું સરસ! વસ્તુની સ્થિતિ જ આ છે. '**ઈસસે ભલા યહ હૈ...**' એથી ભલું તો એ છે કે '**કિ જો તું સ્વ અનુભવરૂપ રહનેકા ઉદ્યમ રખા કર.**' આહાહા..! સવિકલ્પદશા ઉદ્વેગ-અસંતોષ છે. આહાહા..!

અહીં તો પંચ પરમેષ્ઠીનો ભાવ એ લક્ષે શુભભાવ એટલું કહ્યું. એ સુખ આત્માનું સુખ નથી. એને તો મંગળિક પોતે કરે તો સુખ થાય. સમજાણું કાંઈ? આહાહા..! એવી વાત છે, ભાઈ! એ તો કહી ગયા ને (કે) પરદ્રવ્ય સંસારનું નિમિત્ત કારણ છે. પછી પ્રશ્ન ક્યાં રહ્યો? આગળ તો કહ્યું છે ક્યાંક. તું મેળવ એમ કહે છે. ક્યાંક છે. ક્યાં છે? બહુ વર્ણવ્યું. ક્યાંક આવ્યું હતું ખરું. તું તારા આત્મા સાથે મેળવ આ બે ભાવને એમ કહે છે. આત્મા સાથે નિર્મળદશા અને સવિકલ્પદશા આ રીતે છે કે નહિ તને? એમ છે. એ ક્યાંક છે ખરું, આવ્યું હતું, ખ્યાલ નથી. વયુ ગયું હોય. ... આત્માવલોકન. એ ક્યાંક છે. તારા આત્માને મેળવ એમ કહે છે.

શ્રોતા :- આપણે વ્યાખ્યાનમાં આવી ગયું.

ઉત્તર :- આવી ગયું. આવી ગયું એટલું. પણ આ તો મેળવ એમ લખ્યું છે. આવ્યું ને આ? પરાલંબી છે, ચારિત્રપરિણામ થાય ત્યાં પરસ્વાદ આવે. સવિકલ્પરૂપ ભી હો જાતે હૈં. '**ઔર કુછ કાલ પશ્ચાત્ ઉસ સવિકલ્પભાવસે રહિત હોકર પુનઃ પરિણામ અનુભવરૂપ હો જાતે હૈં. પુનઃ અંતર્મુહૂર્ત પશ્ચાત્ પરિણામ સવિકલ્પરૂપ ભી ધારણ કરે, પુનઃ કુછ કાલ પશ્ચાત્ પરિણામ સવિકલ્પરૂપ છોડકર અનુભવરૂપ હોતે હૈં. જઘન્ય જ્ઞાનીકે સમ્યક્ત્વાચરણ ધારાપ્રવાહી પરિણામરૂપ પ્રવર્તિત હોતે હૈં...**' સમકિતનું આચરણ તો ધારાપ્રવાહી છે. '**ચારિત્રાચરણ અનુભવ ધારાપ્રવાહી નહીં હોતા.**' સ્પષ્ટ કેટલું. '**જઘન્ય જ્ઞાનીકે અનુભવ કદાચિત હોતા હૈ ઉસકા એક વિવરણ.**' એની વાત પછી લીધી છે. આવ્યું જુઓ. આવે ત્યારે ને. (અથ અનુભવ વિવરણ). ૧૬૬ છે, ૧૬૬ પાને.

'**તૂ દેખ, ઈસ પરિણતિ વર્ણન દ્વારા પરિણામોંકા સવિકલ્પ-નિર્વિકલ્પ સ્વ-અનુભવ હોના દિખલાયા તો તૂ ભી અપની પરિણતિ ઈસ કથન અનુસાર હૈ કિ નહીં?**' મેં કીધું, આ મેળવ્યું છે. '**તો તૂ ભી અપની પરિણતિ ઈસ કથન અનુસાર હૈ કિ નહીં? (તુલના કરકે દેખ).**' એ કૌંસમાં લખ્યું છે, કૌંસમાં નાખ્યું. '**ઔર યદિ તૂ સમ્યગ્દૃષ્ટિ હૈ ઔર તૂને અપની પરિણતિ ઈસીકે અનુસાર હોતી દેખી હૈ, તો હમ એક બાત ઔર કહતે હૈં.**' તો અમે બીજું કહીએ છીએ. નિર્વિકલ્પ-સવિકલ્પની દશામાં શું હોય છે ઈ. સવિકલ્પમાં દુઃખ છે એ કહ્યું પછી. એના પછી કહ્યું. આહાહા..! વાત તો જેમ હોય એમ જાણવી જોઈએ ને. આહાહા..! સ્વનો આશ્રય લઈને જેટલી નિર્વિકલ્પતા થઈ છે એટલી તો સુખરૂપ છે. વિશ્રાંત છે, શાંતિ છે, સંતોષ છે, તૃપ્તિ છે. અને જેટલો સવિકલ્પભાવ છે તેટલો અતૃપ્તભાવ છે, ચંચળ છે, દુઃખરૂપ છે, અવિશ્રામ છે, અસંતોષ છે. આહાહા..! કહો, ગીરધરભાઈ! આ તો કહે, તારું મેળવ હવે તારા આત્માને. અમે જે કહીએ છીએ એ સાથે તારી દશાને મેળવ ને. આહાહા..!

'**વિઘ્નકા વિલય હોતા હૈ આગામી પુણ્યકા બંધ હોતા હૈ,...**' છે? આ '**નમસ્કારસે અન્ય જીવોંકે શુભપરિણામ હોતે હૈં...**' શુદ્ધ નહિ, સુખ નહિ. '**ઈસલિયે પાપકા નાશ હોતા હૈ,...**' ઓલું અઘાતિ ઓછા થાય. '**વર્તમાન વિઘ્નકા વિલય હોતા હૈ આગામી પુણ્યકા બંધ હોતા હૈ,...**' ભવિષ્યનું તો એ શુભભાવ પુણ્યબંધનું કારણ છે. આહાહા..! '**ઈસલિયે સ્વર્ગાદિક શુભગતિ પાતા હૈ.**' લ્યો! સ્વર્ગ અથવા શેઠાઈ. આ પૈસાવાળા ધૂળના ધણી કહેવાય ને. કરોડ, બે કરોડ, પાંચ કરોડ, ધૂળ કરોડ ને. એય..! પ્રવિણભાઈ! એ શુભભાવથી એવા ધૂળના ધણી થાય છે બધા એમ કહે છે. પુણ્યબંધ થાય સ્વર્ગમાં જાય, થોડું બાકી રહ્યું હોય તો વળી શેઠાઈમાં આવે. કરોડ, બે કરોડ, પાંચ કરોડ મળે એને. પણ એ બધા પુણ્યથી ધૂળ મળે એને. આત્મા ન મળે. આહાહા..!

શ્રોતા :- બેય મળે.

ઉત્તર :- કીધાને બેય કે જેટલો નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા છે એટલું એને સુખનું કારણ અને મોક્ષનું કારણ અને જેટલી સવિકલ્પદશા છે એ સ્વર્ગ અને પુણ્યબંધનું કારણ છે. કહો, સમજાણું આમાં? કાલે બપોરે સંભાર્યો હતો તને. એઈ..! પરાગ! તારા બાપને કહ્યું હતું, ક્યાં ગયા? ગયા છે બેય. આ બેય જણા ગયા હતા ને. ભાવનગર ગયા હશે. કીધું, ભાવનગર તો અહીં છે. એમ કહ્યું હતું કાલે. આહાહા..!

એકલો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, શાંતસ્વભાવ જેનું ભાવનું નગર. માથે કોઈ કર નથી, દેણું નથી એવી ચીજ પડી છે પોતે. આહાહા..! એનું આચરણ કરવું એ મોક્ષનું કારણ છે. અને પરદ્રવ્યનું જેટલું લક્ષ જાય, ચાહે તો પંચ પરમેષ્ઠીનું જાય. સ્ત્રી, કુટુંબ, પરિવારનું લક્ષ જાય તો તો પાપભાવ છે. પણ અહીં તો પંચ પરમેષ્ઠીનું લક્ષ જાય તો એ પુણ્યભાવ છે એમ કહે છે. આહાહા..! માર્ગ એવો છે, ભાઈ! લોકોને એવું લાગે છે આકરું. એ શુભભાવમાં કાંઈ નથી? નીચલાવાળાને શુભભાવમાં લાભનું કારણ છે. આહાહા..! ભાઈ! શુભભાવ લાભનું કારણ છે જ નહિ કોઈ કાળે કોઈને. હોય એ જુદી વાત છે. આવે ખરો, પણ છે તો એ દુઃખરૂપ સવિકલ્પદશા.

શ્રોતા :- ... લાભ કહેવાય.

ઉત્તર :- એ લાભ કહેવાય?

શ્રોતા :- એના ઉપરથી દેવ-ગુરુ-શાસ્ત્ર...

ઉત્તર :- ધૂળેય નથી ત્યાં. એ વાતેય ખોટી બધી. એમ કે શુભભાવથી સ્વર્ગનું સુખ તો મળે. ધૂળમાંય નથી. દુઃખ છે ત્યાં, અંગારાથી શેકાય છે. આહાહા..! અને ત્યાંથી બહાર નીકળે અને વાણી મળે કદાચિત પુણ્યને લઈને પણ એના ઉપર લક્ષ જાય તો રાગ થાય, દુઃખનું ફળ છે એમ નથી કહ્યું? એય..! ક્યાં કહ્યું? ૭૪. દુઃખરૂપ અને દુઃખનું ફળ. શુભભાવ દુઃખનું ફળ. શુભભાવથી સંયોગ મળે એના ઉપર લક્ષ જશે તો રાગ જ થાશે, દુઃખ થાશે. આહાહા..! ગજબ વાત છે! કારણ કે એ પંચ પરમેષ્ઠી મળે અને એની વાણી મળે, પણ એના ઉપર લક્ષ જાશે તો શુભભાવ થાશે તો દુઃખ થાશે. આહાહા..! આ તો વીતરાગ એમ કહે. રાગીઓ અને રાગના પ્રેમીઓ આવું કહી શકે નહિ. આહાહા..! ઓલામાં આવ્યું હતું જૈનપ્રકાશમાં, એમ કે અત્યારે અમૃત.. નામ આપ્યું ને. વાંચ્યુંને તમે? આગમ અને મૂર્તિ છે. એય..! દેવાનુપ્રિયા! ભવિજનનો આધાર. આહાહા..! આગમ અને મૂર્તિ. સ્થાનકવાસીનું જૈનપ્રકાશ છે.

શ્રોતા :- મૂર્તિ સ્થાનકવાસીમાં આવી ખરી.

ઉત્તર :- ઈ નાખી. ઈ કહે ભવિજનને આધાર. અહીં તો કહે છે એ આગમ અને મૂર્તિ એ શુભભાવનું નિમિત્ત છે.

શ્રોતા :- દુઃખનું નિમિત્ત છે.

ઉત્તર :- દુઃખનું નિમિત્ત. આહાહા..! એને સ્થાનકવાસીનું જે લખાણ, એને ક્યાં ખબર છે? એમાં વેદાંતના લખાણ નાખે. કેટલી વાર નાખતા હતા પહેલા. આહાહા..! જૈનપ્રકાશ. આ છે જીવણ છે એ પાક્કો છે એ જાતનો. જૈન તરીકે જીવણલાલ તમારો, વઢવાણ. ક્યું એ પરુ કહેવાય જીવણલાલનું? તમારે વઢવાણમાં રહે એ શું કહેવાય એ? મોતિયાળ-મોતિયાળ. મોતિયાળમાં રહે છે ને. રહે છે ખબર છે. એ પાક્કો સ્થાનકવાસી એની લાઈન પ્રમાણે. આ તો કાંઈ ઠેકાણું જ ન મળે. આગમ ને નિશ્ચયનો અત્યારે .. આધાર છે.

અહીં તો કહે છે કે મૂર્તિ ને આગમ. ૭૦ ગાથા કહ્યું ને? ૧૭૦. પંચાસ્તિકાય. આગમની શ્રદ્ધા, નવ તત્ત્વ પદાર્થની શ્રદ્ધા અને તીર્થંકર કહે મારી શ્રદ્ધા જ્યાં સુધી રહેશે ત્યાં સુધી મોક્ષ નહિ થાય. કારણ કે વિકલ્પ-રાગ છે. આહાહા..! હોય છે જુદી વાત છે. એથી કરીને મૂર્તિ ન હોય અને શુભભાવ ન હોય એમ નહિ. હોય તો ખરો. જ્યાં સુધી વીતરાગ નથી એટલે એ ભાવ આવ્યા વિના રહે નહિ, પણ એનું ફળ તો પોતે વર્તમાન દુઃખ અને પછી દુઃખનું કારણ છે. એવી વાત છે. આહાહા..! અરે..! આવી વસ્તુની સ્થિતિ છે ત્યાં...

દુઃખનું કારણ છે તો ભગવાનનું સ્મરણ કરવું? નોકાર ગણવા? શું કરવા? વળી એમ કહે. ભાઈ! એ તો અશુભથી બચવા આવ્યા વિના રહે નહિ. એ અશુભથી બચવા કહેવું એ પણ વ્યવહાર છે. એ કાળે એ ભાવ આવ્યા વિના રહે નહિ. એવી વાત છે. એનો રાગનો ચારિત્રદોષની વિપરીતતાનો સ્વકાળ હોય છે ત્યારે શુભભાવ આવે છે, હોય છે. આહાહા..! પણ એની મર્યાદા તો પુણ્યબંધ જેટલી છે. ક્ષાયિક સમકિતીને પણ પંચ પરમેષ્ઠીનું સ્મરણ, ભક્તિ, પૂજા હોય છે. પણ એના ફળ તરીકે તો પુણ્યબંધ છે. વાત તો આમ છે. એ કાંઈ વસ્તુ ફરે એવી નથી.

'**ઈનકી આજ્ઞાનુસાર પ્રવર્તનસે...** ' જોયું! '**ઈસલિયે સ્વર્ગાદિક શુભગતિ પાતા હૈ.** ' એ શુભગતિ. '**ઈનકી આજ્ઞાનુસાર પ્રવર્તનસે...** ' હવે એની આજ્ઞા જ એ છે. એના '**પરંપરાસે સંસારસે નિવૃત્તિ ભી હોતી હૈ,...**' આજ્ઞા પ્રમાણે પ્રવર્તે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એની આજ્ઞા છે ભગવાનની. તો પરંપરા સંસાર નિવૃત્તિ હોય. ક્રમે કરીને એને સંસારનો અભાવ થઈ જાય. પૂર્ણ થાય તો અભાવ થઈ જાય. અધૂરું રહે ત્યાં સુધી સંસારભાવ છે. આહાહા..! '**ઈસલિયે યે પાંચ પરમેષ્ઠી સબ જીવોંકે ઉપકારી પરમગુરુ હૈં,...**' આહાહા..! '**સબ સંસારી જીવોંસે પૂજ્ય હૈં.**' સંસારી પ્રાણીથી પૂજ્ય છે. '**ઈનકે સિવાય અન્ય સંસારી જીવ રાગ-દ્વેષ-મોહાદિ વિકારોં સે મલિન હૈં,...**' પંચ પરમેષ્ઠી સિવાય જે બીજા નામ ધરાવે દેવ આદિ એ તો રાગ-દ્વેષ-મોહથી વિકારથી મલિન છે. પૂજ્ય નથી. '**ઈનકે મહાનપના, ગુરુપના, પૂજ્યપના નહીં હૈ, આપ હી કર્મોંકે વશ મલિન હૈં તબ અન્યકા પાપ ઈનસે કૈસે કટે?**' લ્યો!

**'ઈસપ્રકાર જિનમતમેં ઈન પંચ પરમેષ્ઠીકા મહાનપના પ્રસિદ્ધ હૈ ઔર ન્યાયકે બલસે ભી ઐસા હી સિદ્ધ હોતા હૈ,...'** ન્યાયથી પણ એ સિદ્ધ થાય છે. પંચ પરમેષ્ઠી જે આત્માની દશાઓ પૂર્ણ પ્રાપ્ત અને સાધકપણે પ્રાપ્ત એ જ જગતમાં ઉત્કૃષ્ટ ને મહાન ને પૂજ્ય છે. રાગ, દ્વેષ ને મોહવાળા જીવ કાંઈ પૂજ્ય નથી. ભલે દેવ નામ ધરાવે. આહાહા..! **'ઈસપ્રકાર જિનમતમેં ઈન પંચ પરમેષ્ઠીકા મહાનપના પ્રસિદ્ધ હૈ ઔર ન્યાયકે બલસે ભી ઐસા હી સિદ્ધ હોતા હૈ, ક્યોંકિ જો સંસારકે ભ્રમણસે રહિત હોં વે હી અન્યકે સંસારકા ભ્રમણ મિટાનેકો કારણ હોતે હૈં.'** ત્યારે એ કારણ હોય. **'જૈસે જિસકે પાસ ધનાદિ વસ્તુ હો વહી અન્યકો ધનાદિક દે ઔર આપ દરિદ્રી હો તબ અન્યકી દરિદ્રતા કૈસે મેટે, ઈસ પ્રકાર જાનના.'** એમ જે રાગ, દ્વેષ અને મોહવાળા છે એ બીજાને રાગ, દ્વેષ અને મોહ ટાળવામાં નિમિત્ત શી રીતે થાય? એમ કહે છે. આહાહા..!

**'જિનકો સંસારકે દુઃખ મેટને હોં ઔર સંસારભ્રમણકે દુઃખરૂપ જન્મ-મરણસે રહિત હોના હો વે અરંહતાદિક પંચ પરમેષ્ઠીકા નામ મંત્ર જપો, ઈનકે સ્વરૂપકા દર્શન, સ્મરણ, ધ્યાન કરો, ઈસસે શુભ પરિણામ હોકર...'** લ્યો! ત્યાં પણ પાછા શુભ પરિણામ લાવ્યા. આવે તો ખરું ને એ? **'પાપકા નાશ હોતા હૈ, સબ વિઘ્ન ટલતે હૈં, પરંપરાસે સંસારકા ભ્રમણ મિટતા હૈ,...'** સમ્યગ્દર્શનસહિત છે ને એની વાત છે પરંપરા. અજ્ઞાનીને પરંપરા ક્યાં હતી? આહાહા..! જેને વાસ્તવિક પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ આત્મામાં જેને બેઠું છે એવા જીવોને માટે આ સ્મરણ છે એ શુભભાવ છે એમ કહે છે. **'કર્મોકા નાશ હોકર મુક્તિકી પ્રાપ્તિ હોતી હૈ, ઐસા જિનમતકા ઉપદેશ હૈ અતઃ ભવ્ય જીવોંકે અંગીકાર કરને યોગ્ય હૈ.'** સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવનો આ ઉપદેશ છે. એ ભવ્ય જીવોએ અંગીકાર કરવા લાયક છે.

'યહાં કોઈ કહે—**અન્યમતમેં બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિક ઈષ્ટદેવ માનતે હૈં ઉનકે ભી વિઘ્ન ટલતે દેખે જાતે હૈં તથા ઉનકે મતમેં રાજાદિ બડે-બડે પુરુષ દેખે જાતે હૈં, ઉનકે ભી વે ઈષ્ટ વિઘ્નાદિકકો મેટનેવાલે હૈં ઐસે હી તુમ્હારે ભી કહતે હો, ઐસા ક્યોં કહતે હો કિ યહ પંચપરમેષ્ઠી હી પ્રધાન હૈં, અન્ય નહીં હૈં? ઉસકો કહતે હૈં, હે ભાઈ! જીવોંકે દુઃખ તો સંસારભ્રમણકા હૈ...'** જોયું! સંયોગનું દુઃખ નહિ, દુઃખ સંસાર ભ્રમણનું. આહાહા..! ચાર ગતિમાં રખડવું એ દુઃખ છે. આહાહા..! **'ઔર સંસારભ્રમણકે કારણ રાગ દ્વેષ મોહાદિક પરિણામ હૈ...'** એ સંસાર પરિભ્રમણનું કારણ, સંસાર પરિભ્રમણ એ દુઃખરૂપ છે, ચાર ગતિનું પરિભ્રમણ અને એ પરિભ્રમણનું કારણ રાગ-દ્વેષ-મોહાદિક છે.

**'તથા રાગાદિક વર્તમાનમેં આકુલતામયી દુઃખસ્વરૂપ હૈં,...'** રાગ, દ્વેષ અને મિથ્યાત્વ તો વર્તમાનમાં આકુલતામયી દુઃખરૂપ છે. **'ઈસલિયે યે બ્રહ્માદિક ઈષ્ટદેવ કહે, વે તો રાગાદિક તથા**

**કામ-ક્રોધાદિક યુક્ત હૈં, અજ્ઞાનતપકે ફલસે કઈ જીવ સબ લોકમેં ચમત્કારસહિત રાજાદિક બડા પદ પાતે હૈં, ઉનકો લોગ બડા માનકર બ્રહ્માદિક ભગવાન કહને લગ જાતે હૈં ઔર કહતે હૈં કિ યહ પરમેશ્વર બ્રહ્માકા અવતાર હૈ, તો ઐસે માનનેસે તો કુછ મોક્ષમાર્ગી તથા મોક્ષરૂપ હોતા નહીં હૈ, સંસારી હી રહતા હૈ.** ' આહાહા..! જેને રાગ, દ્વેષ ને મોહ છે એના ફળમાં તો સંસાર છે એમ કહે છે. તો એને ભજવાથી સંસાર મળે, રખડવું મળે. આહાહા..!

'**ઐસે હી અન્યદેવ સબ પદવાલે જાનને,...**' મોટા મોટા પદવાળા હોય ને દેવ. '**આપ હી રાગાદિકસે દુઃખરૂપ હૈં, જન્મ-મરણ સહિત હૈં વે પરકા-સંસારકા દુઃખ કૈસે મેટેંગે? ઉનકે મતમેં વિઘ્નકા ટલના ઔર રાજાદિક બડે પુરુષ હોતે કહે જાતે હૈં, વહાં તો ઉન જીવોંકે પહિલે કુછ શુભકર્મ બંધે થે ઉનકા ફલ હૈ.**' પૂર્વે શુભ બાંધ્યું હોય તો રાજા થાય. એમાં શું છે? '**કુછ અજ્ઞાનતપ કિયા હૈ ઉનકા ફલ હૈ, યહ તો પુણ્યપાપરૂપ સંસારકી ચેષ્ટા હૈ, ઈસમેં કુછ બડાઈ નહીં હૈ, બડાઈ તો યહ હૈ જિસમેં સંસારકા ભ્રમણ મિટે...**' અહીં તો વાત એ છે. ચાર ગતિનું રખડવું મટે એ તો પંચ પરમેષ્ઠીના નિમિત્તથી થાય છે. જેને સંસાર પરિભ્રમણ મટી ગયું છે એને સંસાર પરિભ્રમણ(ના અભાવ)માં નિમિત્ત કહેવામાં આવે છે.

'**તો યહ તો વીતરાગવિજ્ઞાન ભાવોંસે હી મિટેગા,...**' લ્યો! ઓલા રાગ, દ્વેષ અને મોહ એ સંસાર પરિભ્રમણનું કારણ અને પરિભ્રમણ રહિત થવાનું વીતરાગવિજ્ઞાન કારણ. વીતરાગવિજ્ઞાન કારણ. આહાહા..! આ વીતરાગવિજ્ઞાન નાખે છે ને બહુ. જયપુર, હુકમચંદજી. વીતરાગવિજ્ઞાન, શિવકારણ, શિવરૂપ વીતરાગવિજ્ઞાનતા. નહિ? છ ઢાળામાં આવે છે ને. પહેલી કડી આવે છે ને. વીતરાગવિજ્ઞાનતા. શું કહેવાય આ ચોપડી આવે એને? પાઠમાળા. વીતરાગવિજ્ઞાન પાઠમાળા જોયા છે તમે? તેં જોયું છે? નહિ? શું કર્યું ત્યારે? વીતરાગવિજ્ઞાન પાઠમાળા આવી ગઈ છે. પાઠશાળામાં પુસ્તક આવ્યું છે. વીતરાગવિજ્ઞાન પાઠમાળા. મોટી પરીક્ષા દેવાય છે ત્યાં. પાંચ-પાંચ હજાર છોકરા, દસ-દસ હજાર છોકરા એ બાજુ. હુકમચંદજી પંડિત છે ને. પંદર-પંદર હજાર છોકરાઓ પરીક્ષા દે છે એ બાજુ. પાઠશાળાઓ ઘણી બધી છે. '**વીતરાગવિજ્ઞાન ભાવયુક્ત પંચ પરમેષ્ઠી હૈં...**' લ્યો! પંચ પરમેષ્ઠી વીતરાગવિજ્ઞાન ભાવરૂપ છે. ઓલા રાગ-દ્વેષ-મોહરૂપ છે. આહાહા..! '**યે હી સંસારભ્રમણકા દુઃખ મિટાનેમેં કારણ હૈં.** '

'**વર્તમાનમેં કુછ પૂર્વ શુભકર્મકે ઉદયસે પુણ્યકા ચમત્કાર દેખકર તથા પાપકા દુઃખ દેખકર ભ્રમમેં નહીં પડના,...**' પુણ્યનો ચમત્કાર દેખીને અને પાપનું દુઃખ દેખીને ભ્રમ નહિ કરવો. પોતાને પૂર્વનો કોઈ પાપનો ઉદય હોય તો પ્રતિકૂળ સંયોગ હોય અને બીજાને પુણ્યનો ઉદય બહારનો અનુકૂળ હોય, મોટા ચમત્કાર દેખાય, કરોડો, અબજો રૂપિયા આવે. એમાં શું થયું? આહાહા..! બીજાના પુણ્ય દેખીને એમ ન માનવું કે આ પણ કાંઈક છે અને પોતાની પ્રતિકૂળતા છે એમ નહિ માનવું

કે અમે તો કાંઈ ધર્મી નથી લાગતા. આ પાપના ઉદય અમને અને આ લોકો મોટા રાજા-મહારાજા. એ તો પૂર્વના પુણ્ય-પાપના ફળ, એનું જોવું નહિ. વર્તમાન આત્મા શુદ્ધ, રાગ-દ્વેષ-મોહરહિત છે એના પરિણામને જોવા, એને જાણવા અને એ કરવા. આ ન જોવું કે ઓલાને પુણ્યનો ઉદય અને મોટા રાજા કરોડોપતિ. લ્યો! માંસ ખાતા હોય, દારૂ પીતા હોય, માછલા ખાતા હોય લ્યો! કરોડો રૂપિયા પેદા કરે એમાં શું છે? પૂર્વના પુણ્યને લઈને (મળે). એ કાંઈ ચમત્કાર ન માનવો. વિશેષતા ન માનવી એને લઈને. આહાહા..! અમે ધર્મી અને અમારે આ શરીરમાં રોગ. બાયડી, છોકરા કોઈ નહિ, મરી જાય ને એકલા રહીએ. આ વિઘ્ન. આ શું? એ તો પૂર્વના પાપને કારણે હોય. એમાં વર્તમાનમાં તને ધર્મને શું વાંધો છે? અને ઓલાને પુણ્યને કારણે આ હોય માટે ધર્મ ક્યાં ત્યાં થઈ ગયો? એમ કહે છે.

'**પુણ્ય પાપ દોનોં સંસાર હૈં.**' પુણ્યથી સામગ્રી દેખીને ભ્રમણા ન થવી. પાપની પ્રતિકૂળતા દેખીને ભ્રમણામાં ન પડવું. આ શું? અરે..! એ તો હોય એમાં શું છે પણ? આહાહા..! ક્ષાયિક સમકિતી શ્રેણિકા રાજા લ્યો! રાજા મોટો ક્ષાયિક સમકિત. તીર્થંકરગોત્ર બાંધ્યું. છોકરો આવીને મારી નાખવા આવ્યો લ્યો. એને કેદમાં નાખ્યો હતો એને છોડવા માટે આવ્યો. અને પોતે મરી ગયા માથું પછાડીને. એ તો ચારિત્રનો રાગનો ભાવ હતો તો કામ થયું ત્યાં. ક્ષાયિક સમકિતને વાંધો નથી. આહાહા..! રાગનો ભાગ હોય છે એટલો દ્વેષ આવ્યો અને દેહ છૂટી ગયો. એ રાગે રાગનું અને કષાયે કષાયનું કામ કર્યું. સમકિતે સમકિતનું કામ કર્યું. એ સમકિત ને જ્ઞાન થયું છે એ કાંઈ કર્યા વિના રહ્યું નથી. તે કાળે પણ જાણવા, દેખવા અને શ્રદ્ધવાનું કાર્ય તો નિરંતર છે. આહાહા..!

'**સંસારસે છૂટકર મોક્ષ હો ઐસા ઉપાય કરના.**' પુણ્ય-પાપને બાંધીને, પુણ્યના ફળને દેખીને ચમત્કાર ન માનવો. પાપના ફળ દેખીને દીનતા ન કરવી. આહાહા..! '**વર્તમાનકા ભી વિઘ્ન જૈસા પંચ પરમેષ્ઠીકે નામ, મંત્ર, ધ્યાન, દર્શન, સ્મરણસે મિટેગા વૈસા અન્યકે નામાદિકસે તો નહીં મિટેગા, ક્યોંકિ યે પંચપરમેષ્ઠી હી શાંતિરૂપ હૈં, કેવલ શુભ પરિણામોંહીકે કારણ હૈં.** ' આહાહા..! ફેરવી ફેરવીને પણ વાત ત્યાં (લાવે છે). શુભ પરિણામમાં એ નિમિત્ત કારણ છે. અજ્ઞાની રાગ-દ્વેષ-મોહવાળા એ શુભ પરિણામમાં કારણ નથી. એ જાતનો કોઈ સાધારણ શુભ હોય ઈ કહેશે.

**णवबिहबंभं पयडहि अब्बंभं दसविहं पमोत्तूण।**
**मेहुणसण्णासत्तो भमिओ सि भवण्णवे भीमे।।९८।।**

'**અર્થ :- હે જીવ!**' ભાવપાહુડની વાત છે. '**તૂ પહિલે દસ પ્રકારકા અબ્રહ્મ હૈ ઉસકો છોડકર...**' આહાહા..! વિષયની વાસના દસ પ્રકારે એને છોડ. '**નવ પ્રકારકા બ્રહ્મચર્ય હૈ ઉસકો પ્રગટ કર, ભાવોમેં પ્રત્યક્ષ કર.**' આહાહા..! ભાવશુદ્ધિનું કારણ છે. '**યહ ઉપદેશ ઈસલિયે દિયા હૈ કિ તૂ મૈથુનસંજ્ઞા જો કામસેવનકી અભિલાષા ઉસમેં આસક્ત હોકર અશુદ્ધ ભાવોંસે ઈસ ભીમ (ભયાનક) સંસારરૂપી સમુદ્રમેં ભ્રમણ કરતા રહા.** ' આહાહા..! એ વિષયની વાસના,

ભોગની વાસનાથી ચોર્યાસી લાખમાં અનાદિ કાળથી રખડી રહ્યો છે. આહાહા..! માટે કહે છે કે એ વાસના છોડ અને બ્રહ્મચર્યની ભાવના કર. એ ભાવશુદ્ધિનું કારણ છે એમ કહે છે.

'**ભાવાર્થ :- યહ પ્રાણી મૈથુનસંજ્ઞામેં આસક્ત હોકર ગૃહસ્થપના આદિક અનેક ઉપાયોંસે સ્રીસેવનાદિક અશુદ્ધભાવોંસે અશુભ કાર્યોંમેં પ્રવર્તતા હૈ,...** ' લ્યો! '**અશુદ્ધભાવોંસે અશુભ કાર્યોંમેં પ્રવર્તતા હૈ,...**' એમ. સંસારમાં.. '**ઉસસે ઈસ ભયાનક સંસારસમુદ્રમેં ભ્રમણ કરતા હૈ.**' આહાહા..! વિષય વાસના, સ્રી આદિનું સેવન એમાં તીવ્ર વિકારભાવ, દુઃખરૂપ ભાવ સેવીને ચાર ગતિમાં ભ્રમણ કરે છે. આહાહા..! '**અબ્રહ્મકો છોડકર નવ પ્રકારકે બ્રહ્મચર્યકો અંગીકાર કરો.**' દસ પ્રકાર અબ્રહ્મ. '**૧. પહિલે તો સ્રીકા ચિંતન હોના,...**' સ્રીને ચિંતવન કરવું એ પણ અબ્રહ્મ છે. આહાહા..! '**૨. પીછે દેખનેકી ચિંતા હોના, ૩ પીછે નિઃશ્વાસ ડાલના,...**' આમ શ્વાસ ઓલો કરે આહાહા..! '**૪. પીછે જ્વર હોના,...**' વિષયવાસનાની તીવ્રતાથી જ્વર-તાવ આવે. શરીરમાં ઉષ્ણતા આવે. આહાહા..! '**૫. પીછે દાહ હોના,...**' શરીરમાં બળે. '**૬. પીછે કામકી રુચિ હોના,...**' વિષયની રુચિ. '**૭. પીછે મૂર્છા હોના,...**' મૂર્છાઈ જાય પછી વિષયમાં. '**૮. પીછે ઉન્માદ હોના,...** ' ગાંડો એ થઈ જાય પાગલ. આહાહા..! '**૯. પીછે જીનેકા સંદેહ હોના,...**' જીવવાનો સંદેહ થઈ જાય. હાય.. હાય.. આમાં તો મરી જઈશ. અને '**૧૦. પીછે મરણ હોના, ઐસે દસ પ્રકારકા અબ્રહ્મ હૈ.**' આહાહા..! આ ભાવપાહુડ છે ને. સારા ભાવ કરવા માટે આવા ભાવ છોડ. આહાહા..!

'**નવ પ્રકારકા બ્રહ્મચર્ય ઈસપ્રકાર હૈ---નવ કારણોં સે બ્રહ્મચર્ય બિગડતા હૈ, ઉસકે નામ યે હૈં---૧. સ્રીકો સેવન કરનેકી અભિલાષા, ૨ સ્રીકે અંગકા સ્પર્શન, ૩ પુષ્ટ રસકા સેવન,...**' પુષ્ટ રસ. દૂધપાક ને મેસુબ ને એનું સેવન કરે તો બ્રહ્મચર્ય બગડે છે ત્યાં. આકરો આહાર હોય ને. આ ભસ્મ ખાય. નથી? શેની આ લોઢાની, ત્રાંબાની ભસ્મ ખાય છે ને. વિષય વકરે પછી એમાં. '**૪. સ્રીકે સંસક્ત વસ્તુ શય્યા આદિકકા સેવન,...**' સ્રી જે સ્થાનમાં રહી હોય અથવા શૈયા આદિ-પલંગ આદિ એનું સેવન એ પણ અબ્રહ્મનો ભાવ છે. બ્રહ્મચર્ય બગાડવાનો ભાવ છે.

'**૫. સ્રીકે મુખ, નેત્ર આદિકકો દેખના, ૬ સ્રીકા સત્કાર-પુરસ્કાર કરના,...** ' બહુમાન કરવું. એનું શરીરાદિ સુંદર દેખીને બહુમાન કરવું એ બધું બ્રહ્મચર્ય બગાડવાના લક્ષણ છે. આહાહા..! '**૭. પહિલે કિયે હુએ સ્રીસેવનકો યાદ કરના,...**' પૂર્વે સ્રીનું સેવન કર્યું હોય એને યાદ કરવું. એ વર્તમાન બગાડવાના કારણ છે. આહાહા..! '**૮. આગામી સ્રીસેવનકી અભિલાષા કરના, ૯. મનવાંછિત ઈષ્ટ વિષયોંકા સેવન કરના...**' મનને ઈચ્છિત ઈષ્ટ વિષયો રૂપ, ગંધ, રસ, સ્પર્શ બહુ ઊંચા ઊંચા સેવન કરવા. '**ઐસે નવ પ્રકાર હૈ. ઈનકા ત્યાગ કરના સો નવભેદરૂપ બ્રહ્મચર્ય હૈ**

**અથવા મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદનાસે બ્રહ્મચર્યકા પાલન કરના ઐસે ભી નવ પ્રકાર હૈં. ઐસે કરના સો ભી ભાવ શુદ્ધ હોનેકા ઉપાય હૈ.'** લ્યો! ભાવ શુદ્ધ થવાનું એ કારણ છે. સાધારણ વાત હતી ને મૂકી દીધી હતી આ બધી. તે દિ' બધા માણસો ઝાઝા હતા ને. હવે તો ટાઢું છે. અહીં વાંધો નથી. એ બધું ચાલે.

**'આગે કહતે હૈં કિ જો ભાવસહિત મુનિ હૈ સો આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ, ભાવ બિના વહ ભી સંસારમેં ભ્રમણ કરતા હૈ :— '**

भावसहिदो य मुणिणो पावइ आराहणाचउक्कं च।
भावरहिदो य मुणिवर भमइ चिरं दीहसंसारे।।९९।।

**'અર્થ :- હે મુનિવર! જો ભાવસહિત હૈ... '** શુદ્ધ ભાવ. **'સો દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ઐસી આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ,...'** જેનો ભાવ શુદ્ધ છે એ આત્માના શુદ્ધ સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન, આત્માનું ચારિત્ર અને આત્માનું તપ એ ચાર આરાધના એને પામે છે લ્યો! **'વહ મુનિયોંમેં પ્રધાન હૈ ઔર જો ભાવરહિત મુનિ હૈ સો બહુત કાલ તક દીર્ઘસંસારમેં ભ્રમણ કરતા હૈ.'** જેને શુદ્ધ ભાવનું ભાન નથી, એકલી ક્રિયાકાંડમાં છે એ તો ચાર ગતિમાં રખડે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૫, બુધવાર તા. ૦૪-૧૧-૧૯૭૦**
**ગાથા - ૯૮ થી ૧૦૧ , પ્રવચન - ૧૩૧**

આ અષ્ટપાહુડ, એમાં ભાવપાહુડ. ૯૮ મી ગાથા. **'णवविहबंभं'** પ્રગટ કર, એમ છે ને પહેલો શબ્દ? બ્રહ્મચર્ય એટલે મૂળ વાત એ છે કે આત્મા બ્રહ્મ નામ આનંદસ્વરૂપ છે એ આનંદસ્વરૂપના અનુભવમાં આત્માનો આનંદ છે એવો સ્વાદ આવતાં એને અબ્રહ્મ વિષયની વાસનાની રુચિ ઘટી જાય છે. સમજાણું કાંઈ? વિષયવાસનામાં સુખબુદ્ધિ જે છે એ મિથ્યાત્વભાવ છે. બ્રહ્મચર્ય-બ્રહ્મ નામ આત્મા આનંદ અતીન્દ્રિય આનંદના રસના સ્વભાવવાળું તત્ત્વ છે. એની રુચિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને એમાં ઠરવું એનું નામ બ્રહ્મચર્યનું શુદ્ધ ભાવનું પરિણમન. સમજાણું કાંઈ? અહીં મુનિને

ઉદ્દેશીને મુખ્ય વાત છે.

પહેલું બ્રહ્મચર્ય પાળવામાં સમ્યગ્દર્શન અનુભવ તો હોવો જોઈએ. એ વિના પરમાંથી એની રુચિ ખસે નહિ. વિષયવાસના, અરે..! પુણ્યના પરિણામ શુભભાવ એમાં પણ જેની રુચિ અને પ્રેમ છે એને બ્રહ્માનંદ એવો આત્મા, એનો એને પ્રેમ અંતર રુચિમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભાવાર્થ :- કહે છે કે '**યહ પ્રાણી મૈથુનસંજ્ઞામેં આસક્ત હોકર...**' પોતાનો આનંદસ્વભાવ, એનું એને ભાન ન મળે. અતીન્દ્રિય આનંદ બ્રહ્માનંદ સ્વરૂપ આત્મા છે. એની રુચિ એના પ્રેમ વિના વિષયવાસના મૈથુનસંજ્ઞા વિષે આસક્ત થઈને એમાં રાગમાં અર્પાઈ ગયો. '**ગૃહસ્થપના આદિક અનેક ઉપાયોંસે...**' પછી આરંભ પરિગ્રહ સ્ત્રી માટે વેપાર ધંધા આદિ અનેક પ્રકારે કરી, '**ઉપાયોંસે સ્ત્રીસેવનાદિક અશુદ્ધભાવોં સે...**' સ્ત્રીસેવન આદિ પાંચે ઇન્દ્રિયના ભોગની ભાવના, અશુદ્ધ ભાવ કરી '**અશુભ કાર્યોં મેં પ્રવર્તતા હૈ ઉસસે ઈસ ભયાનક સંસારસમુદ્રમેં ભ્રમણ કરતા હૈ...** ' ભયાનક-ભયનો આનક-સમુદ્ર. એકલો ભય. ચોર્યાસીના અવતાર. જ્યાં ક્યાંય સુખ નથી, એવા ચોર્યાસીના અવતારમાં આત્માના આનંદના બ્રહ્મચર્યના પ્રેમ વિના આ રીતે પરમાં આસક્ત થઈને ચોર્યાસીના અવતારમાં રખડે છે. '**ઉસસે ઈસ ભયાનક સંસારસમુદ્રમેં ભ્રમણ કરતા હૈ ઈસલિયે યહ ઉપદેશ હૈ...**' તેથી એ ઉપદેશ છે કે '**દસ પ્રકારકે અબ્રહ્મકો છોડકર નવ પ્રકારકે બ્રહ્મચર્યકો અંગીકાર કરો.**' દશવિધ અબ્રહ્મ તો વિષયમાં પ્રેમ છે, એમાં વિષયમાં મુખ્ય વસ્તુ સ્ત્રી છે, એમ કહે છે.

'**પહિલે તો સ્ત્રીકા ચિંતવન હોના,...**' પોતાના આત્માના આનંદનું સ્વરૂપ છે એનું ભાન નથી. અતીન્દ્રિય આનંદનું ભાન હોય તો તો અતીન્દ્રિય આનંદની ચિંતવના હોય. સમજાણું કાંઈ? એની ખબર નથી એટલે ભાવ વિના, સમ્યગ્દર્શનના બ્રહ્મચર્ય આત્માના આનંદના રુચિ અને ભાવ વિના એકલા સ્ત્રીનું ચિંતવન કરે. '**૨. પીછે દેખનેકી ચિંતા હોના,...**' આત્માનું ચિંતવન, આનંદસ્વરૂપનું ભાન હોય તો એનું ચિંતવન કરીને અનુભવમાં આવવાની ભાવના હોય. આ પરપદાર્થના લક્ષનું ચિંતવન અને એને જોવાનું મન થાય. ભગવાન આનંદમૂર્તિ છે એને જોવાને તે પ્રયત્ન કરતો નથી. તેથી એને બહારના સ્ત્રી આદિ, જે વિષયમાં મુખ્ય ચીજ છે એને જોવાનું મન કરે.

'**૩. પીછે નિશ્વાસ ડાલના...**' જ્યાં સુધી ન મળે ત્યાં સુધી હા.. એમ કરે, શ્વાસ નાખે, શ્વાસ નાખે. સમજાણું કાંઈ? '**૪. પીછે જ્વર હોના,...**' પછી જ્વર-કામજ્વર જેને કહેવાય (એ ઊપજે). કામની વાસનાની અંદરમાં આતાપ લાગે, શરીરમાં જ્વર ઉત્પન્ન થાય. ભગવાન આત્માના આનંદના ભાનવાળો તો આનંદમાં રમતા એને શાંતિ આવે, આને તાવ આવે. જ્વર-કામજ્વર જેને કહે છે. વૈદમાં પણ એ અધિકાર છે. સમજાણું કાંઈ? હોં! કામજ્વર. બુખાર-આતાપ શરીરમાં (લાગે). આહાહા..! અહીંયાં આત્માના ભાન સહિતની વાત છે, હોં! બ્રહ્મચર્ય પાળવાની વાત. ભાન નથી ત્યાં આ પ્રમાણે

કરે છે એને છોડ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'૭. પીછે મૂર્ચ્છા હોના,...' '૫. પીછે દાહ હોના,...' જ્વર પછી દાહ. શરીરમાં દાહ થાય. '૬. પીછે કામકી રુચિ હોના...' વિષયવાસના સેવવાનું મન થાય. '૭. પીછે મૂર્ચ્છા હોના,...' વિષયમાં મૂર્છાઈ જાય. '૮. પીછે ઉન્માદ હોના,...' ગાંડો પણ થઈ જાય, પાગલ થઈ જાય. કામજ્વરથી પાગલ થઈ જાય. અમે તો ઘણા જોયા છે ને. સમજાણું કાંઈ? નામ ન દેવાય. ઉતરે છે ને. પાગલ થઈ જાય, પાગલ. વિષયમાં પરની વાસનાની મૂર્ચ્છામાં પાગલ-ગાંડો થઈ જાય. ધર્મી આત્માના આનંદમાં ઉન્મત્ત થઈ જાય. એમાં વળી જાય, ઢળી જાય. ઉન એટલે ઢળી જાય. આ આમાં એકલો ગાંડો પાગલ થઈ જાય. આહાહા..! '૯. પીછે જીનેકા સંદેહ હોના,..' અરે..! હવે હું જીવીશ કે નહિ? આખા શરીરમાં દાહ વગેરે થઈને જીવવાની આશા ઊડી જાય. '૧૦. પીછે મરણ હોના,...' મરી જાય. આહા..! આત્મા આનંદમૂર્તિની શ્રદ્ધા અને જ્ઞાનના ભાન વિના આવા ભાવોમાં રખડીને ચાર ગતિમાં રખડ્યો છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને આત્માના આનંદનો અનુભવ હોય છે. પછી એને જરી વાસના આવે પણ એનો એને પ્રેમ અને રુચિ નથી. આસક્તિ છે પણ રુચિ નથી. એ પણ આસક્તિ છોડવાને માટે મુનિને ઉપદેશ કરે છે. આહાહા..! ચોર્યાસીના અવતારમાં ભ્રમણ કરીને ડોલી રહ્યો છે. એણે આત્મામાં આનંદ છે તે તરફની નજર કરી નથી, પ્રયત્ન કર્યો નથી, સામું જોવાને સાવધાન થયો નથી. આ બધી બહારમાં રખડવાની સાવધાની છે, કહે છે. એ દસ પ્રકાર તો અબ્રહ્મના કહ્યા.

હવે નવવિધ બ્રહ્મચર્ય. 'નવ કારણોંસે બ્રહ્મચર્ય બિગડતા હૈ,... ' 'સ્ત્રીકો સેવન કરનેકી અભિલાષા,...' ભગવાન આનંદના પ્રેમની અભિલાષા જોઈએ એને ઠેકાણે સ્ત્રી સેવન, માંસ, હાડકા, ચામડાના સેવનની અભિલાષા (કરે). એને એ લાગે. સમજાણું કાંઈ? તપસીને ક્યાં સાંભળે? તપસીનો અવાજ કોણ સાંભળે ન્યાં? કહે છે, પાંચ ઈન્દ્રિયના વિષયોમાં સ્ત્રીનો વિષય મુખ્ય છે. એથી એના વિષયની અભિલાષા થતાં એને આનંદની અભિલાષા ટળી જાય છે. ભગવાન આનંદસ્વરૂપ છું, અતીન્દ્રિય આનંદનો સાગર છું. જેના એક ક્ષણના આનંદમાં અતીન્દ્રિય આનંદમાં, સમકિતદર્શનમાં-સમ્યગ્દર્શનમાં આનંદની લહેરનો અનુભવ આવે એની આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો સડેલા ઉકરડા જેવા લાગે. સડેલા ઉકરડા. એવો ભગવાન આનંદનો સાગર છે. એકલા આનંદથી ભરેલો મોટો પર્વત છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એની કાંઈ ખબર ન મળે. આ હાડકા, માંસ દેખે. દેખનારો કોણ છે એને દેખતો નથી. આને દેખે, આ છે, આ છે ને આ છે ને આ છે. પણ દેખનારો કોણ છે? દેખનારમાં શું છે? જે ચીજ દેખાય છે એ શું? એમાં શું છે એ તો ખબર નથી, જડ છે ને માટી છે આ બધું. દેખનાર ભગવાનઆત્મા છે. ચૈતન્યબિંબ આનંદનો નાથ છે એ તો. આહાહા..! આનંદથી જ રક્ષાયેલો છે ઈ.

એવા આનંદના ભાન વિના, કહે છે, 'સ્ત્રીકો સેવન કરનેકી અભિલાષા, ૨. સ્ત્રીકે અંગકા

**સ્પર્શન,...**' કરવાનો ભાવ. આહા..! '**૩. પુષ્ટ રસકા સેવન,...**' ઊંચી ઊંચી ચીજો. બદામપાક ને મૂસળીપાક ને સાલમપાક ઊંચા આવે છે ને? ઊંચી ઊંચી ચીજો ઘણી આવે છે. સમજાણું કાંઈ? એનો રસ પુષ્ટિ કરી એને વિષયની વૃદ્ધિ કરવાનો ભાવ (આવે). સમજાણું કાંઈ? '**૩. પૃષ્ટ રસકા સેવન, ૪. સ્ત્રીસે સંસક્ત વસ્તુ શય્યા આદિકકા સેવન,...**' સ્ત્રી જે મકાનમાં રહેતી હોય અથવા જેના કપડા આદિ હોય એને જોવાનું મન થાય, એને સ્પર્શવાનું મન થાય એ બધો આત્માના આનંદને સ્પર્શવાનો ભાવ નહિ ને આ સ્પર્શવાનો ભાવ. આહાહા..!

'**૫. સ્ત્રીકે મુખ, નેત્ર આદિકકો દેખના, ૬. સ્ત્રીકા સત્કાર પુરસ્કાર કરના,...** ' એનો આદર કરવો, બહુમાન આપવું. શરીરની સુંદરતાનું બહુમાન આપવું, શરીરના અવયવોની આકૃતિના અવયવોને દેખીને બહુમાન દેવું, આમ મીઠી નજરે જોવું એ એનો સત્કાર છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદસ્વભાવનો સત્કાર જોઈએ એને ઠેકાણે આ સત્કારમાં ઢળી ગયો. એને લઈને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. સમકિતી હોય પછી આવું હોય, પણ એ તો એનો પ્રેમ નથી, એને રુચિ નથી. એનો એને રસ નથી. એટલે સમ્યગ્દર્શન એ જ મુખ્ય તો બ્રહ્મચર્ય છે અને મિથ્યાત્વ એ જ પહેલું અબ્રહ્મ છે. સમજાણું કાંઈ? '**૭. પહિલે કિયે હુએ સ્ત્રીસેવનકો યાદ કરના,...**' અહો..! એક સ્ત્રી હતી એ વઈ ગઈ. એના પછી વારંવાર વિચાર આવ્યા કરે. પાછો ગાંડો થઈ જાય. કાં એની છબીઓ કરીને, ફોટાઓ કરીને પણ જોયા કરે કે આહા..! હતી ને એ વસ્તુ. ધૂળ હતું હવે, સાંભળને! એ વિષયની સેવનાને વારંવાર સ્મૃતિમાં લાવે એ મહાપાપ છે, કહે છે. સમજાણું કાંઈ?

'**૮. આગામી સ્ત્રીસેવનકી અભિલાષા કરના,...**' ભવિષ્યમાં પણ અભિલાષા કરવી. '**૯. મનવાંછિત ઈષ્ટ વિષયોંકા સેવન કરના...**' મન, ઈચ્છા પ્રમાણે ખાવા-પીવાના લહેર કરે અંદરથી. એ બધા બ્રહ્મચર્યને તોડવાના ઉપાય છે. તોડવાના ઉપાય છે. '**ઐસે નવ પ્રકાર હૈ. ઈનકા ત્યાગ કરના...**' એને છોડી દે. આત્માના આનંદની રુચિ કરે, એની અભિલાષા કરે, એનો સત્કાર કરે વગેરેને જોવે. સમજાણું કાંઈ? એને સ્પર્શે, એને યાદ કરે. ભગવાન પોતાનો સ્વભાવ એને યાદ કરે કે નહિ? યાદ કરે કોણ? જેને પહેલું જ્ઞાનમાં ભાન થયું હોય એ યાદ કરે ને? એ વસ્તુ જ (ખ્યાલમાં) આવી નથી એને યાદ કરે શી રીતે?

'**ઈનકા ત્યાગ કરના સો નવ ભેદરૂપ બ્રહ્મચર્ય હૈ અથવા મન-વચન-કાય...**' મન, વાણી ને કાયા, '**કૃત-કારિત-અનુમોદનાસે બ્રહ્મચર્યકા પાલન કરના ઐસે ભી નવ પ્રકાર હૈ. ઐસે કરના સો ભી ભાવ શુદ્ધ હોનેકા ઉપાય હૈ.**' ભાવ શુદ્ધ. શુભ-અશુભ અશુદ્ધ. શુભ-અશુભ ભાવ તે અશુદ્ધ, એ બંધનું કારણ. આ શુદ્ધ થવાનું કારણ. આત્મા આનંદસ્વરૂપ, શુદ્ધ આનંદ શાંતિ એવી અંતર દૃષ્ટિના વિશ્વાસમાં ભગવાન આવતાં એને પરનો રસ ઊડી જાય છે. અને તેથી એની ભાવમાં શુદ્ધિ-શુભાશુભ પરિણામ રહિત શુદ્ધિ થાય છે. અહીં શુદ્ધતા એ જ મોક્ષનો માર્ગ છે. શુભ-અશુભ

પરિણામ એ તો બંધનો માર્ગ છે. સમજાણું કાંઈ?

**'આગે કહતે હૈં કિ જો ભાવસહિત મુનિ...'** દેખો! હવે સમકિત. ભાવ એટલે સમકિત. આત્મા પૂર્ણાનંદ નિર્વિકલ્પ અભેદ આનંદકંદ છે, એવું અંતર અનુભવમાં સમ્યગ્દર્શન પ્રગટ થવું એને અહીંયાં ભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ **'ભાવસહિત મુનિ હૈ સો આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ,...'** એ અનંત જ્ઞાન-દર્શન-આનંદાદિ આરાધનાને પામી શકે. સમ્યગ્દષ્ટિ મુનિ હોય તો. કહો, પ્રકાશદાસજી! લ્યો, આ સમ્યગ્દર્શનની વાત અહીંયાં ચાલે છે. આહાહા..! મન, વચન અને કાયાથી પાર છું. શુભ-અશુભ રાગથી પણ ભિન્ન જુદી ચીજ છું, મારામાં શાંતિ અને આનંદથી અભિન્ન છું, એવી અંતર અનુભવની સમ્યગ્દર્શન અનુભૂતિ, આગળ કહેશે. ભાવાર્થમાં કહેશે, ભાવાર્થમાં એ લેશે. સમજાણું કાંઈ? **'નિશ્ચય સમ્યક્ત્વકા શુદ્ધ આત્માકા અનુભૂતિરૂપ શ્રદ્ધાન હૈ... '** છે ભાવાર્થ? એમાં છે. આમાં છે. ૯૯નો ભાવાર્થ છે આ જૂની પ્રતમાં. સમજાણું કાંઈ?

નિશ્ચય સમકિત, આત્મસમકિત એ શું? કે **'શુદ્ધ આત્માકા અનુભૂતિરૂપ શ્રદ્ધાન...'** સમજાણું કાંઈ? એટલે શું? એ નિશ્ચય સમકિત એટલે શું? એમ કહે છે. શુદ્ધ આત્માનો.. શુદ્ધ આત્મા. પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ એ બધા અશુદ્ધ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના પણ અશુદ્ધ છે. એનાથી જુદો શુદ્ધ આત્મા, એવા શુદ્ધાત્માની અનુભૂતિ-એનો અનુભવ, એનું નામ શ્રદ્ધાન, એનું નામ સમકિત, એનું નામ ભાવ. કહો, સમજાય છે કાંઈ?

કહે છે કે **'ભાવસહિત મુનિ હૈ...'** એવા ભાવસહિત સાધુ હોય એ **'આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ,...'** અનંત જ્ઞાન-દર્શન-આનંદ અને શાંતિને પામે. આહાહા..! 'ભાવ વિના વહ ભી સંસારમેં ભ્રમણ કરતા હૈ.' એવા સમ્યગ્દર્શન, આત્માની શુદ્ધની અનુભૂતિની શ્રદ્ધા, એના ભાન વિના સાધુ નગ્ન મુનિ, અઠ્યાવીસ મૂળગુણ પાળે તોપણ એ રખડે ચાર ગતિમાં. સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે, જુઓ! ૯૯ ગાથા છે. ૯૯નો ધક્કો લાગે છે ને. ૯૯ના ધક્કાનું સાંભળ્યું છે ને બલુભાઈ! ૯૯નો ધક્કો. વાણિયા પાસે ઘણા પૈસા હતા પછી ઓલા વાળંદ પાસે થોડા. કોઈક એવો નાતનો લ્યોને, નામ ન ખબર હોય. થોડા હતા પછી એમ કરતા કરતા કોકે એને ૯૯ રૂપિયાની થેલી મૂકી દીધી એના ઘરમાં. ૯૯ જોયા. ત્યારે વધારે કરવાનો ભાવ થયો હવે. સો પૂરા કરવા. પછી ધક્કો લાગ્યો હવે. કાંઈ નહોતું ત્યાં સુધી કાંઈ નહિ. એમ ૯૯ના આત્માના ભાનની દશા વિનાના એ ચાર ગતિમાં ધક્કા ખાવાના અને આત્માના ભાનવાળા એ સિદ્ધપદની પ્રાપ્તિને પામવાના. આહાહા..!

भावसहिदो य मुणिणो पावइ आराहणाचउक्कं च।
भावरहिदो य मुणिवर भमइ चिरं दीहसंसारे।।९९।।

પછી કીધું મુનિવર, ભાઈ! આ તો ભાવરહિત તોપણ મુનિવર. એમ. મુનિવર કેમ કહ્યો? કે સમ્યગ્દર્શન નથી. પણ ક્રિયા એની મહિના-મહિનાના અપવાસ, બબ્બે મહિનાના અપવાસ, લુખ્ખા

આહાર (કરે), એવી ચામડા સૂકાઈ જાય એવી ક્રિયા (પાળે). મુનિવર. હે મુનિવર દ્રવ્યલિંગી! એમ કહે છે. આત્માનું ભાન સમ્યગ્દર્શન વિના નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિ.. આહાહા..! સમજાણું કાંઈ? એવા અનુભવ વિના '**मुणिवर भमइ चिरं दीहसंसारे** '.

અર્થ :- '**હે મુનિવર!**' જુઓ! '**જો ભાવ સહિત હૈ સો દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ઐસી આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ,...**' સમ્યગ્દર્શનસહિત હોય તો એનું ફળ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આરાધના એને મળે. પણ સમ્યગ્દર્શન જ મુખ્ય નથી અને ઉપરની ક્રિયાકાંડ બધી પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણની છે એ બધા એકડા વિનાના મીંડા છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ભાવસહિત હૈ સો દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ઐસી આરાધનાકે ચતુષ્કકો પાતા હૈ,...** ' સમ્યગ્દૃષ્ટિ આરાધક થાય. મિથ્યાદૃષ્ટિ આરાધક થાય? '**વહ મુનિયોંમેં પ્રધાન હૈ...**' લ્યો! મુનિવર કીધા ને?

'**જો ભાવરહિત (સમકિત રહિત હૈ) મુનિ હૈ સો બહુત કાલ તક દીર્ઘસંસારમેં ભ્રમણ કરતા હૈ.**' આહાહા..! જેટલો સિદ્ધકાળમાં રહે છે અનંતકાળ એવો આ સંસારમાં અનંતકાળ નિગોદમાં રહે, એમ કહે છે. જુઓ! વ્યાખ્યા. ભાવની વ્યાખ્યા. લોકો કહે કે આ શુભભાવ છે ને? શુભભાવ, અમારે ભાવ તો શુભ છે ને? સારા છે ને? પણ એ શુભભાવ સારા જ નથી, સાંભળને! અમે ભાવ વિના આ છોડ્યો હશે સંસાર? ભાવ વિના બાયડી-છોકરા અને ધંધો છોડ્યો હશે? પણ ભાવ ક્યો? સાંભળને! એ તો રાગની મંદતાનો કોઈ શુભભાવ હોય મિથ્યાત્વ સહિત. દૃષ્ટિ તો ત્યાં રાગ ઉપર, પર્યાય ઉપર પડી છે. સમજાણું કાંઈ? એ ભાવને ભાવ કહેતા નથી. એ રખડવાનો ભાવ (છે). આહાહા..!

ભાવાર્થ :- '**નિશ્ચય સમ્યક્ત્વકા શુદ્ધ આત્માકા...**' નિશ્ચય સમકિતકા શ્રદ્ધાન. શું? '**શુદ્ધ આત્માકા અનુભૂતિરૂપ શ્રદ્ધાન...**' એમ. જેમાં પંચમહાવ્રતનો વિકલ્પ હોય તોપણ જેનો કર્તા આત્મા નથી. દેહની ક્રિયાનો એ સાક્ષી અને દૃષ્ટા છે, એનો એ કર્તા નથી. એવી જે સમ્યગ્દર્શનરૂપી અનુભૂતિ, એની શ્રદ્ધા અનુભૂતિમાં. નિશ્ચય સમકિત. દેખો! આ નિશ્ચય સમકિતની ના પાડે છે. અત્યારે એ કાંઈ હોય નહિ. વ્યવહાર હોય... વ્યવહાર હોય... વ્યવહાર હોય. આહાહા..! વ્યવહાર સમકિત એ સમકિત જ નથી. એ તો રાગ છે. વ્યવહાર સમકિત આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. નિશ્ચય તો પહેલું આવે? પહેલો વ્યવહાર આવે પછી નિશ્ચય આવે. ન આવે? એય..! જયંતિભાઈ! વ્યવહાર કહેવો કોને હવે? વ્યવહાર રાગની મંદતા તો અનંતવાર કરી છે. અનંતવાર કરી છે. નિગોદમાં પણ ભાવ શુભ તો અનંત વાર થયો છે. નિગોદમાં એકેન્દ્રિય, બટાટા, શક્કરકંદમાં પણ શુભભાવ અનંત વાર થયો છે. ત્યાં શુભ છે? છે. શું નહિ? હા પાડે છે એમાં વળી ના પાડે એ ક્યાંથી આવ્યું? આ નિગોદ બટાટા, શક્કરકંદ, મૂળા, ગાજર એની એક કણીમાં અનંત જીવ છે, અસંખ્ય શરીર અને અનંત જીવ. એ એક એક જીવને પણ શુભભાવ અનંત વાર થઈ ગયો છે, નિત્યનિગોદમાં પણ. આહાહા..!

મુમુક્ષુ :- નિગોદમાં થઈ ગયો?

ઉત્તર :- હા. અનંત વાર. શુભભાવ છે ને? આત્મા છે તો ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ. એવો અનંત વાર નિત્યનિગોદમાં પણ શુભભાવ અનંત વાર થયો. શુભ ક્યાં નવી ચીજ છે એ? આહાહા..!

મુમુક્ષુ :- રાગની મંદતા હોય છે.

ઉત્તર :- રાગની મંદતા હોય છે ને ત્યાં. એટલો અંશ ઘટે છે. ભલે મિથ્યાદૃષ્ટિ હોય, ભલે અભવિ હોય. અભવિને પણ નિગોદમાં શુભભાવ સદાય ઘડીક શુભ, ઘડીક અશુભ, ઘડીક શુભ, ઘડીક અશુભ એમ અનંત વાર થઈ ગયો છે. એ કાંઈ વસ્તુ કોઈ નથી, શુભ કોઈ નવી ચીજ નથી. અહીં જરી જ્યાં પંચમહાવ્રત અને દયા, દાનને જ્યાં કરે ત્યાં આહાહા..! આપણે થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી. બાપુ! ધર્મની ચીજ બહુ જુદી છે. સમજાણું કાંઈ?

અહીં તો નિશ્ચય સમકિત. નિશ્ચય એટલે સાચું, સત્ય. સમકિત એટલે યથાર્થ શ્રદ્ધાન. કોની? કે '**શુદ્ધ આત્માકા અનુભૂતિરૂપ શ્રદ્ધાન...**' એકલો આત્મા પુણ્ય-પાપના રાગ વિનાનો, એકલો આત્મા વીતરાગી સ્વભાવથી ભરેલો આનંદનો નાથ, એની સન્મુખ થઈને અંતરમાં નિર્ણય થઈને, અનુભૂતિમાં નિર્ણય થઈને સમકિત થાય એને શ્રદ્ધાન કહે છે. આહાહા..! આ શ્રદ્ધા વિના '**સો ભાવ હૈ, ઐસે ભાવસહિત હો...**' આવો ભાવ હોય. '**સો ભાવ હૈ,...**' એને ભાવ અહીં કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? 'ઐસે ભાવસહિત હો ઉસકે ચાર આરાધના હોતી હૈં...' પાઠ છે ને પાઠ? જુઓ! '**भावसहिदो य मुणिणो पावइ आराहणाचउक्कं च** ' '**ઉસકા ફલ અરહંત સિદ્ધ પદ હૈ,...**' લ્યો! સમ્યગ્દર્શન, નિશ્ચય શુદ્ધ આત્મા, એની અનુભૂતિનું શ્રદ્ધાન, એ અરિહંતપદ પાવે. કારણ કે આરાધના તો મળે એને-આત્માનું સેવન મળે. એનાથી '**અરિહંત સિદ્ધ પદ હૈ,...**' એનું ફળ તો અરિહંત અને સિદ્ધ થાય. લ્યો!

'**ઐસે ભાવસે રહિત હો...**' શુદ્ધ આત્મા, એની અનુભૂતિની શ્રદ્ધા, એવા ભાવરહિત હોય અને ચાહે તો ગમે તે શુભ-અશુભભાવ સહિત હોય '**ઉસકે આરાધના નહીં હોતી હૈં,...**' એને આત્માનું સેવન નથી. '**ઉસકા ફલ સંસારકા ભ્રમણ હૈ.**' ચાર ગતિમાં રખડવું છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ શુદ્ધ શું એને એનો પરિચય નહિ, સાંભળ્યું ન મળે. અંદર તે કોણ છે આ અંદર? શુદ્ધ આત્મા પવિત્રતાનો પિંડ પ્રભુ અંદર. એકલા પવિત્ર અનંત ગુણોનો સાગર, એની અનુભૂતિ થઈ એનો અનુભવ થાય, એમાં શ્રદ્ધા થાય તેને સમકિત સાચું કહેવામાં આવે છે. આ તો સમજાય એવું છે. ભાષા સાદી છે. ભાવ ભલે ઊંચા હોય. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઐસે ભાવસે રહિત હો...**' અને બહાર નગ્નમુનિ દિગંબર હો, અઠ્યાવીસ મૂળગુણ વિકલ્પ પણ જેને હો, પણ એનું ફળ ચાર ગતિમાં રખડવાનું છે. સમજાણું કાંઈ? આહાહા..! ભલે પહેલો કોઈ દેવ

આદિ થાય. પણ પછી ઢોરમાં, નિગોદમાં જાશે. પણ ચાર ગતિ છે ત્યાં. અહીં અરિહંત-સિદ્ધ છે, અહીં ચાર ગતિ છે. એમ બે વાત કરે છે. સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા પરિપૂર્ણ પરમાત્મ સ્વભાવ, ધ્રુવ નિત્ય આનંદનાથ, એનો અનુભવ, એનું જ્ઞાન. અનુભૂતિ એટલે એનું જ્ઞાન થાય અનુભવમાં. એના ભાન સહિતની પ્રતીતિ. એને સમ્યગ્દર્શન સાચું, ધર્મનો પહેલો અવયવ અથવા ધર્મનો પહેલો ભાગ મોક્ષનો, એને સમકિત કહે છે. બાકી દુનિયા માને કે નવ તત્ત્વની શ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા એ બધા સમકિત નથી, એ તો રાગ છે. સમજાણું કાંઈ? પહેલા એના શ્રદ્ધા-જ્ઞાનમાં આ વાત નક્કી તો કરે. માર્ગ આ છે. એ સિવાય બધા થોથે થોથાં છે.

અહીં તો આચાર્ય કહે છે, મુનિવર. '**भावरहिदो य मुणिवर भमइ**' મુનિ મોટો મહામુનિ, એમ. નવમી ગ્રૈવેયક ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' 'છ ઢાળા'માં આવે છે. 'પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. 'છ ઢાળા'માં આવે છે. વાંચ્યું છે? એમ! 'બલુભાઈ' કહે છે, વાંચ્યું છે. સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર...' બાહ્ય ક્રિયાકાંડના મુનિવ્રત પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણ અનંતવાર કર્યા. 'મુનિવ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ત્યારે એનો અર્થ શું થયો? નવમી ગ્રૈવેયકે ગયો, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા એ સુખ નહિ, દુઃખ હતું. એમ હતું કે નહિ? .. થયું? પંચમહાવ્રત દુઃખ. એય..! પ્રકાશદાસજી! શું થયું? પંચમહાવ્રતના પરિણામ દુઃખ, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા એ દુઃખ. આહાહા..! આવ્યું કે નહિ? 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના પરિણામ કાંઈક-કાંઈક-કાંઈક તો સુખ હશે ને? ધૂળેય નથી. એ તો રાગ છે, એ તો દુઃખ છે. આહાહા..! અહીં પંચમહાવ્રતના પરિણામ એકલો ધર્મ થઈ ગયો. અરે..રે..! અહીં દુઃખ છે એ. બહુ આંતરો. જગતને અને વીતરાગના માર્ગને બહુ આંતરો. લોકો ક્યાંયનું ક્યાંય માનીને બિચારા પડ્યા રખડે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**ભાવ સે રહિત...**' આવું સમકિત શુદ્ધ આત્માનો અનુભવ. આનંદનો નાથ ભગવાન, અતીન્દ્રિય આનંદનું ભાન-અનુભવ થઈને સમ્યક્ જેમાં આનંદનો સ્વાદ આવે, એવી ભાનની પ્રતીતિને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. એવા સમ્યગ્દર્શન વિના '**ઉસકે આરાધના નહીં હોતી હૈં,...**' એને આરાધના નથી. રાગને આરાધે એમાં આત્માનું આરાધન ક્યાં રહ્યું ત્યાં? સમ્યગ્દર્શન નથી ત્યાં તો રાગનું આરાધન છે, મિથ્યાત્વનું આરાધન છે. 'ઉસકા ફલ સંસારકા ભ્રમણ હૈ.' લ્યો! એનું ફળ ચાર ગતિમાં રખડવું છે. ચાર ગતિમાં દુઃખ છે એ બેસતું નથી માણસને. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, '**भावरहिदो**' જેને સમ્યગ્દર્શન, આત્માનું અંતર પુણ્ય-પાપના શુભાશુભભાવથી રહિત અને નિશ્ચય આત્મસ્વભાવનું ભાન, એમાં જે સમ્યગ્દર્શન જે અનંતકાળમાં કોઈ દિ' થયું નથી. એવા સમ્યગ્દર્શન વિના નવમી ગ્રૈવેયકે જૈન દિગંબર સાધુ પણ ગયો, એમાં રખડવાનું ફળ મળ્યું, પણ

આત્માનું ફળ મળ્યું નહિ. સમજાણું કાંઈ? એ અહીં આચાર્ય કહે છે. ૯૯ ગાથા. ભાવપાહુડ. કુંદકુંદાચાર્ય કહે છે, આત્મા નિર્મળાનંદ પ્રભુ, શુદ્ધ ચૈતન્યના અનુભવનું સમકિત જેને નથી અને દ્રવ્યલિંગ ધારણ કરે, દ્રવ્યશ્રાવકપણું ધારણ કરે એના ફળમાં સંસારભ્રમણ છે. આહાહા..! કહો, પ્રકાશદાસજી! કાલે કહેતા હતા ને? કે આવી શ્રદ્ધા માનીએ પછી પડિમા લે તો? અહીં ના પાડે છે. સમજાણું કાંઈ? પડિમા કેવી? કહે છે.

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવો અંતરમાં અનુભવ, શુભ અને અશુભભાવ રહિત શ્રદ્ધામાં શુદ્ધતા પ્રગટ્યા વિના જે કાંઈ બીજું કરે એના ફળમાં સંસાર છે, ચાર ગતિમાં રઝળવાનું છે ધૂળધાણી. કહો, સમજાણું કાંઈ? આ શેઠિયા-બેઠિયા દસ-પચાસ લાખવાળા મળે એ બધા દુઃખિયા છે એમ કહે છે. બલુભાઈ! બલુભાઈને પચાસ લાખનું કારખાનું છે, કાલે એમ કોઈક કહેતું હતું. એ કાલે નામ ખબર છે ને. આપણે ગયા હતા એ છે.

મુમુક્ષુ :- એ જ એને રોકી દે છે ને?

ઉત્તર :- રોકે. એનું દવાનું કારખાનું પચાસ લાખનું. મુંબઈમાં. શું કહેવાય એ ક્ષેત્ર? કાંદિવલી. આમ કરોડ અને પચાસ લાખ અને બે કરોડ દેખે ત્યાં તો આહાહા..! પાગલ થઈ જાય પાગલ. કહે છે કે હવે એવું તો અનંતવાર તને મળ્યું છે. કારણ? કે પાપના ભાવ છે એનાથી પ્રતિકૂળતાનો સંયોગ મળે અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ પુણ્યના છે એનાથી અનુકૂળ સંયોગ મળે. બાહ્ય ચીજ મળે, એમાં આત્મા મળે નહિ. આહાહા..! કહો, હસુભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા એ શુભ અને અશુભ પરિણામમાં જેટલો આવે એટલો એને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ આવે. પણ એ તો સંયોગ એટલે પરચીજ. અને પરચીજમાં મૂર્છાણો... આહાહા..! એ પૈસા મારા, શરીર મારું, આબરૂ મારી, મૂઢ થઈ ગયો. જડને પોતાનું માને એ તો જડ-મૂઢ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અમૃતનો સાગર નિર્વિકલ્પ વસ્તુ, એની શ્રદ્ધા અને ભાન વિના, પુણ્યના ભાવ કર્યા અને એના ફળમાં ધૂળ મળી કાંઈ પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ. આંકડા કરો. આંકડા ગણવા છે ત્યાં ક્યાં ગરી ગયા છે પાસે? એય..! આહાહા..!

કહે છે કે જે ચીજમાં તું નથી, જે ચીજ તારામાં નથી તે ચીજને મારી માનવી તે મિથ્યાત્વનું મૂળિયું છે. આહાહા..! કહો, ...લાલજી! આ ચીજ છે. વીતરાગ પરમાત્માની તો આ ચીજ છે. આહાહા..! એક રજકણ જે છે પરમાણુ એ તો અજીવ છે. એવા અનંતા રજકણનું દળ આ શરીર છે. અનંતા રજકણનો પિંડ આ પૈસો છે. એ તો અજીવ છે. એ અજીવ મારા, એ અજીવનો સ્વામી થાય, મિથ્યાદૃષ્ટિ મૂઢ ચાર ગતિમાં રખડવાના ભાવને સેવે છે. એ.. ધર્મચંદજી! કહો, સમજાય છે કાંઈ? અહીં વજન કેટલું આપે છે, જુઓને! ભાવ. કેવો ભાવ? શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન, જેમાં પુણ્યનો ભાવ પણ મારો માને તો એ મિથ્યાત્વ ચાર ગતિમાં રખડવાનું બીજડું છે. સમજાણું કાંઈ? કેમ કે પુણ્યભાવ પણ આત્મતત્ત્વથી

ભિન્ન આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ એ જીવતત્ત્વની ચીજ છે નહિ. એમ માન્યતા તે મિથ્યાત્વ અને ચાર ગતિમાં ભ્રમણ કરવાના એ બધા ભાવ છે. આહાહા..! ભારે કામ આકરું. દુનિયાને આ બધો બહારનો સ્વાદ લેવો અને અંદરથી કાંઈક ધર્મ કરવો. આહાહા..! બે નહિ બને. એક મ્યાનમાં બે તલવાર નહિ રહે. જેને આત્મા આનંદસ્વરૂપનું ભાન સમ્યગ્દર્શન છે એને બહારના પુણ્ય-પાપના પરિણામનો પણ રસ અને પ્રેમ ઊડી ગયો છે. અને જેને પુણ્ય-પાપના ફળમાં રસ છે એને ભગવાનઆત્માના રસથી વિરૂદ્ધ મિથ્યાત્વભાવ છે. એય..! ભારે આકરી વાત છે આ. વીતરાગનો આવો ધર્મ હશે? વીતરાગનો ધર્મ તો વીતરાગભાવે હોય. રાગભાવે ધર્મ હોય? સમજાણું કાંઈ?

ભગવાન કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં હાજરી હતી અહીંયાં ભરતમાં. ભગવાન પાસે મહાવિદેહમાં ગયા હતા. ત્યાંથી આવીને આ (શાસ્ત્ર બનાવ્યું કે) ભગવાન આમ કહે છે. વળી ઓલા એમ કહે છે કે એ તો શ્રુતકેવળીએ કહ્યું એમ કહ્યું છે. એમાં સીમંધર ભગવાને કહ્યું એમ કેમ કહ્યું નથી? વળી એવી ટીકા કરે. આહાહા..! ગજબ કરે છે ને! બે જુદા ટીકામાં કર્યા છે. આમાં છે ને? ઈતિહાસમાં છે, શિલાન્યાસમાં છે કે ભગવાન પાસે ગયા હતા. આચાર્ય પોતે આઠ દિ' રહ્યા હતા. અને એમ ક્યાં એમ કે? શ્રુતકેવળી-શ્રુતકેવળી ભણેઇ એમ કહ્યું. ટીકા એ આવી. ભગવાન પાસે ગયા તો ભગવાને કહ્યું એમ કેમ કહ્યું નથી એણે? અરે..! આવા ને આવા એવા પાક્યા છે. પણ છતાં ટીકામાં બેય લખ્યું નથી? શ્રુત અને કેવળી પાસેથી સાંભળેલું છે. શ્રુતકેવળી અને કેવળી બેય પાસેથી સાંભળેલું.

મુમુક્ષુ :- 'નિયમસાર'માં બેય છે.

ઉત્તર :- બેય છે જ ને એમાં. અર્થમાં પણ છે. ટીકામાં પણ બે છે. મૂળ પાઠમાં છે. આહાહા..! જયસેનાચાર્યની ટીકામાં છે. ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ આત્મધ્યાની મહાવિદેહમાં ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. એ તો ટીકામાં છે. સંસ્કૃત ટીકા. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઐસા જાનકર ભાવ શુદ્ધ કરના યહ ઉપદેશ હૈ.'** લ્યો! એમ જાણી. શું જાણી? ક્યા જાણી? શુભ-અશુભ પરિણામ એ બંધના કારણ છે. એ સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ બિલકુલ નથી. આહાહા..! આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ છે. એને અંતરમાં ભાનમાં ઓળખાણ કરીને અનુભવવો એનું નામ પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન વિના સંસારભ્રમણના કારણો સેવીને અનાદિથી સંસારમાં રખડે છે. નિગોદમાં ભાવ શુભ છે. શુભભાવ તો નિગોદમાં પણ છે. કહ્યું ને? બટાટા, શક્કરકંદ અને નિત્યનિગોદ એમાં પણ શુભભાવ તો છે. તો વળી કહે કે ત્યાં શુભભાવ કેવો? ત્યાં તો આહાર-પાણી લેવાનું નથી, ભગવાનનું સ્મરણ કરવાનું નથી. પણ હવે સ્મરણ-ફમરણ ન હોય તોપણ ભાવ હોય. સાંભળને! રાગની મંદતા એવો શુભભાવ નિગોદમાં એકેન્દ્રિય જીવને પણ અનંતવાર થઈ ગયો છે. એ કોઈ નવી ચીજ નથી. એનાથી રહિત આત્મા ભિન્ન ચૈતન્યનું શુદ્ધ સ્વરૂપ એની અનુભવમાં પ્રતીત થવી એ સમ્યગ્દર્શન, તેને શુદ્ધભાવ કહે છે, લ્યો. એને

શુદ્ધભાવ (કહે છે) અને એ શુદ્ધભાવ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ?

**'આગે ભાવ હી કે ફલકો વિશેષરૂપસે કહતે હૈં :-** ' હવે **'આગે ભાવહીકે...'** એટલે સમ્યગ્દર્શનના ફળને વિશેષ કહે છે.

**पावंति भावसवणा कल्लाणपरंपराइं सोक्खाइं।**
**दुक्खाइं दव्वसवणा णरतिरियकुदेवजोणीए।।१००।।**

ચોખ્ખી વાત કરી છે અહીં.

અર્થ :- **'જો ભાવશ્રમણ હૈં, ભાવમુનિ હૈં,...'** જેને સમ્યગ્દર્શનનું ભાન અને અનુભવ થયો છે એવા ભાવમુનિ **'વે જિનમેં કલ્યાણકી પરંપરા હૈ ઐસે સુખોંકો પાતે હૈં...'** એના કલ્યાણની પરંપરા તીર્થંકર ગોત્ર બાંધી પરંપરાએ તીર્થંકર થઈ કેવળજ્ઞાન પામી મોક્ષ જશે એમ કહે છે. સમજાણું કાંઈ? તીર્થંકરગોત્ર પણ સમકિતીને હોય છે, મિથ્યાદષ્ટિને હોતું નથી. ષોડશ ભાવનામાં દર્શનવિશુદ્ધિ પહેલી છે. નિશ્ચય સમ્યગ્દર્શન અનુભવ વિના તીર્થંકરપણાના ભાવ પણ હોઈ શકે નહિ.

અહીં કહે છે કે જે કોઈ આત્માના અનુભવ સહિત, આત્માના આનંદના સ્વાદના અનુભવિયા જીવો અને આગળ વધીને સાધુ (થયેલા, જેને) અંદર રમણતા ચારિત્રની પ્રગટ થઈ છે એ **'કલ્યાણકી પરંપરા હૈ...'** કલ્યાણ જ મળશે. એક પછી એક.. એક પછી એક પછી એક કલ્યાણની વૃદ્ધિ થશે. **'ઐસે સુખોંકોં પાતે હૈં ઔર જો દ્રવ્યશ્રમણ હૈં...'** કુંદકુંદાચાર્ય તો આમ કહે છે. જેને સમ્યક્ અનુભવ દૃષ્ટિ આત્માના સ્વાદની નથી અને એકલી ક્રિયાકાંડમાં મથ્યા છે એ **'દ્રવ્યશ્રમણ હૈં વે તિર્યંચ મનુષ્ય કુદેવ યોનિમેં દુઃખોંકો પાતે હૈં.'** છે પાઠ? પાઠ છે કે નહિ? પાઠ તો છે. **'णरतिरियकुदेवजोणीए'** એમ કુંદકુંદાચાર્યનો પાઠ છે.

આત્માનો અનુભવ, ચૈતન્ય આનંદના સ્વભાવવાળું તત્ત્વ એવું જ્યાં અંદર જ્ઞાન થઈને, ભાન થઈને પ્રતીત થઈ એવો સાધુ આગળ વધીને શુદ્ધભાવની પરંપરા વધારી અને **'સુખોંકો પાતા હૈં.'** સુખને પામે. **'દ્રવ્યશ્રમણ હૈં વે તિર્યંચ, મનુષ્ય, કુદેવ યોનિમેં દુઃખોંકો પાતે હૈં.'** આત્માના નિશ્ચય સમ્યક્ અનુભવ વિના જેટલી ક્રિયાકાંડ બધી હોય એ કોઈ કુદેવ થાય, મરીને મનુષ્ય થાય, પછી મરીને ઢોર થાય, પશુ થાય. 'દુઃખોંકો પાતે હૈં.' લ્યો! પહેલું તિર્યંચ લીધું છે. નર પહેલો. અર્થમાં પહેલું તિર્યંચ લીધું. **'नरतिर्यक्कुदेवयोनौ'**

મુમુક્ષુ :- મૂળ ગાથામાં એમ છે ને?

ઉત્તર :- નર. પહેલો નર છે. અર્થમાં આમ લખ્યું છે.

ભાવાર્થ :- **'ભાવમુનિ સમ્યગ્દર્શન સહિત હૈં...'** દેખો! છે? આ તો 'જયચંદ્ર પંડિતે' અર્થ કર્યો છે. જયપુર. ૨૦૦ વર્ષ પહેલા, હોં! સમ્યગ્દર્શન સહિત હોય, જેને એક વિકલ્પનું કર્તાપણું પણ હોતું નથી. વિકલ્પ હોય ખરો, પણ ધર્માત્મા સમકિતી એનો જાણનાર રહે છે, કરનાર થતો નથી.

આહાહા..! ભારે વ્યાખ્યા આકરી. '**भावमुनि सम्यग्दर्शन सहित हैं, वे तो सोलहकारण भावना भाकर...**' સોળકારણ જે તીર્થંકરગોત્રના છે એ સમકિતીને હોય છે. જેની શ્રદ્ધા મિથ્યાત્વ છે (અર્થાત્) શુભભાવથી ધર્મ થાય, પાપમાં મજા છે એવી જેની મિથ્યાબુદ્ધિ છે, એને સોળકારણમાં એકેય કારણ સાચું હોતું નથી. સમ્યગ્દર્શન આત્માના ભાનવાળું સ્થાન, એમાં જે શુભભાવ સમકિતીને થાય એ ભાવના ભાવે.

'**गर्भ,...**' કલ્યાણક. એને ગર્ભ કલ્યાણક થાય. '**जन्म,...**' કલ્યાણક થાય. '**तप,...**' એટલે સાચા મુનિ કલ્યાણક થાય, '**ज्ञान,...**' કલ્યાણક થાય અને '**निर्वाण...**' કલ્યાણક થાય. સમજાણું કાંઈ? '**पंचकल्याणक सहित तीर्थंकर पद पाकर...**' એ તીર્થંકર થઈને મોક્ષ જાય, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો એ જોર આપ્યું ભાઈ, જુઓ! અર્થમાં કીધું છે, હોં! આમ તો કલ્યાણ પરંપરા .. ટીકામાં એમ લે છે. બધા તે પામતા નથી. પણ આમાં કોઈક પામે છે, એમ. બધા તીર્થંકરપદ પામતા નથી. એટલે એ શબ્દ નથી. રાગ હોય. તેથી નહિતર સાધારણ તો એવું છે. '**पावंतित भावसवणा कल्लाणपरंपराइं**' બસ, એ શબ્દ એટલો. શુદ્ધિની વૃદ્ધિ કરતો કરતો આગળ પૂર્ણ પદ પરમાત્માને પામે. એમ ભેગો વ્યવહાર નાખ્યો. પણ આવો વ્યવહાર કોઈને હોય. એમ.

કોઈને આત્મજ્ઞાનના ભાનસહિત એવો તીર્થંકરગોત્રનો ભાવ હોય, તીર્થંકરપણું બાંધે. અને એ તીર્થંકરપણે જ્યારે ઊપજે ત્યારે પંચકલ્યાણક એમના થાય. માતાના ગર્ભમાં આવે તો એનું કલ્યાણક થાય. ઈન્દ્રો ઉજવે. કહો! જન્મકલ્યાણક થાય એના. આત્માના અનુભવસહિત, સમ્યગ્દર્શન સહિત જ્યાં અવતર્યો છે અને તીર્થંકર થવાના એ ભવમાં, એનો તો જન્મકલ્યાણક થાય. એનો જન્મકલ્યાણક હોય. તપકલ્યાણક એટલે મુનિદીક્ષા. ભાવલિંગી, આત્માના આનંદસહિત સ્વરૂપની રમણતાના ચારિત્રને અંગીકાર કરનારા એનું પણ કલ્યાણક દેવો આવીને કરે. જ્ઞાનકલ્યાણક. પછી કેવળજ્ઞાન થાય. એ સમ્યગ્દર્શનસહિત હોય એને તીર્થંકરગોત્ર હોય એને પંચકલ્યાણક થાય, એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માની ઓળખાણ નથી અને સોળશકારણ ભાવના ભાવે, તીર્થંકર પદ પાવે એમ હોઈ શકે નહિ. આવે છે કે નહિ? શું આવે છે એમાં? સોળકારણ ભાવના. દરશ વિશુદ્ધિ ભાવના ભાવે, (સોલહ) તીર્થંકરપદ પાય, પરમગુરુ હોય. ભજનમાં આવે છે, ભજનમાં. પણ એ તો સમ્યક્ આત્માના એક વિકલ્પનો રાગનો કણિયો જે દુઃખ છે, મહાવ્રતનો, દયા-દાનનો, એને પણ જે દુઃખરૂપ જાણે અને આત્માને આનંદરૂપ જાણે એવા સમકિતીને એવો ભાવ હોય છે. એ સિવાય એવો ભાવ અજ્ઞાનીને હોતો નથી. સમજાણું કાંઈ?

તીર્થંકર નામ પડે ત્યાં ખુશી-ખુશી થઈ જાય કે આહાહા..! પણ એ તો સહજ એવો આત્મા હોય જેનો, એને એવા ભાવ સહજ આવી જાય. અને એમાં તીર્થંકર થઈને આગળ થઈને મોક્ષ જાય એમ કહે છે. સો ઈન્દ્રો પૂજે જેને. સમજાય છે? એ મહત્તા નથી. એના આનંદ અને પૂર્ણ શાંતિની મહત્તા

છે અંદર. અને સમ્યગ્દર્શન રહિત જેને આત્માનો અનુભવ નથી, 'અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ આત્માનો જ્યાં અનુભવ નથી, આત્માના આનંદના સ્વાદની ખબર નથી અને એકલી ક્રિયાકાંડમાં મચ્યા છે એવા સમ્યગ્દર્શન રહિત દ્રવ્યમુનિ છે એ ઢોરમાં જશે, કહે છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય'નું કથન એ કઠણ અને કડક. સમજાણું કાંઈ? એ હલકા મનુષ્ય થશે, કાં કુદેવ વ્યંતર ભૂતડા આદિ થશે. આહાહા..!

ત્રણલોકનો નાથ, આનંદનો ધણી પ્રભુ, એની જેને ખબર નથી. મૃગની ડુંટીમાં (નાભીમાં) કસ્તુરી, મૃગની નાભીમાં કસ્તુરી પણ એને કસ્તુરીની ખબર નથી. એમ ભગવાનઆત્મા અંદરમાં આનંદનો નાથ પોતે છે એની એને ખબર નથી. આ ખબરું બધી બહારની ધૂળની. સમજાણું કાંઈ? એવા કહે છે કે આત્માના અનુભવના સમ્યગ્દર્શન વિના '**તિર્યંચ, મનુષ્ય, કુદેવ યોનિ પાતે હૈં...**' આહાહા..! '**યહ ભાવકે વિશેષ સે ફલકા વિશેષ હૈ.**' લ્યો! ભાવ વિશેષ, ફળ વિશેષ, એમ. ભારે આકરું પણ કઠણ જગતને. બહારમાંથી ગોત્યું છે ને માન્યું છે. બહારમાં બધું ગોતવા ગયો છે. છે અંદર. 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતા વિલય થતાં નહિ વાર.' આવો માર્ગ એણે સાંભળ્યો નથી ને, એટલે એમ લાગે કે આ તો બહુ નિશ્ચયની વાત. નિશ્ચય એટલે સાચી વાત. પણ ભેગી ખોટી વાત તો કરતા નથી કાંઈ. એય..! ભગવાન કુંદકુંદાચાર્ય તો આ કહે છે.

'**આગે કહતે હૈં કિ અશુદ્ધ ભાવસે અશુદ્ધ હી આહાર કિયા, ઈસલિયે દુર્ગતિ હી પાઈ :-**' ભગવાન 'કુંદકુંદાચાર્ય' (કહે છે), અનંતવાર કર્યું, બાપુ! તારે માટે કરેલો આહાર ઉદ્દિષ્ટ બનાવીને, ચોકા બનાવીને તેં લીધા એને લઈને ચાર ગતિમાં રખડ્યો. સમજાણું કાંઈ? ઈ કહે છે, જુઓ! ૧૦૧.

छायालदोसदूसियमसणं गसिउं असुद्धभावेण।
पत्तो सि महावसणं तिरयगईए अणप्पवसो।।१०१।।

'गसिउं' એટલે ખાધું. ભગવાન કુંદકુંદાચાર્ય મુનિ કહે છે કે '**હે મુને! તૂને અશુદ્ધભાવસે છિયાલીસ દોષોંસે દૂષિત અશુદ્ધ અશન (આહાર) ગ્રસ્યા...**' તારે માટે કરેલો-ઉદ્દેશીક બનાવેલો, પાણી ઊના તારે માટે કર્યા એ તેં લીધા, એને રખડી ખાઈને ચાર ગતિમાં રખડ્યો છો. આહાહા..! પ્રકાશદાસજી! છે? પાઠ તો છે ને આપણે પાઠ? '**અશુદ્ધભાવસે છિયાલીસ દોષોંસે દૂષિત અશુદ્ધ...**' લ્યો! છેંતાલીસ દોષ રહિત જોઈએ એને ઠેકાણે છેતાલીસ દોષ સહિત એવા આહાર કર્યા, એવા મુનિપણાના નામ ધરાવી અને આવા સદોષ આહાર કર્યા.

'**અશુદ્ધ અશન...**' અશન પાણી બધું લેવું. '**(આહાર) ગ્રસ્યા (ખાયા) ઈસ કારણસે તિર્યંચગતિમેં...**' તે કારણે તું તિર્યંચગતિમાં... આહાહા..! 'तिरयगईए' અહીં તો શબ્દ એક જ લીધો છે. તારે માટે કરેલા, તારે માટે કરેલા તેં આહાર-પાણી લીધા. તે સદોષ આહાર, ઉદ્દેશિક આહાર સાધુ થઈને એવા તેં લીધા. આહાહા..! '**પરાધીન હોકર મહાન (બડે) વ્યસન (કષ્ટ)...**' છે ને

'महावसणं'? 'महावसणं' એટલે કષ્ટ. '**महान** (બડે) **व्यसन** (કષ્ટ) **को प्राप्त किया.**' ચોર્યાસીના અવતારનું કષ્ટ મળ્યું. વિશેષ વ્યાખ્યા ભાવાર્થમાં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૫, રવિવાર તા. ૨૬-૦૫-૧૯૭૪**
**ગાથા - ૧૦૨ થી ૧૦૫, પ્રવચન - ૧૫૭**

ભાવપાહુડ. ૧૦૨.

અર્થ :- '**हे जीव! तू दुर्बुद्धि (अज्ञानी) होकर...**' મુનિ બાહ્ય દ્રવ્યલિંગી છે એને સંબોધીને વાત કરે છે. હે દુર્બુદ્ધિ અજ્ઞાની! એ દુર્બુદ્ધિનો અર્થ જ અજ્ઞાની છે. કૌંસમાં અજ્ઞાનીની જરૂર નથી. દુર્બુદ્ધિ અજ્ઞાની આખું એક છે. 'ડધી' છે ને 'ડધી' એ દુર્બુદ્ધિ. એ 'ડધી'નો અર્થ દુર્બુદ્ધિ. જુઓને, પાઠ છે ને 'ડધી'?

મુમુક્ષુ :- 'ડધી'

ઉત્તર :- 'ડધી' દુર્બુદ્ધિ.

'**(अज्ञानी) होकर अतिचार सहित...**' કોઈ અતિચાર લગાવ્યા સચેત આહાર ખાઈને (કે) જેમાં એકેન્દ્રિય જીવ છે. આ વનસ્પતિ, કંદમૂળ વગેરે જીવ છે એને તું મુનિ નામ ધરાવીને અને આવા દોષો અતિચાર લગાવ્યા. '**तथा अतिगर्व...**' ત્યાં ઉદ્ધત જુદા શબ્દની જરૂર નથી. એ અતિગર્વ ઉદ્ધતપને સે એમ છે આખો શબ્દ. '**अतिगर्व (उद्धतपने) से...**' જયચંદ્ર પંડિતનો એ શબ્દ છે. '**सचित्त भोजन...**' એકેન્દ્રિય જીવ જેમાં છે એવા ભોજન કર્યા, મુનિ નામ ધરાવીને અનંત વાર. આહાહા..! '**तथा पान,...**' સચેત પાણી છે ને આ જીવ? એક બિંદુમાં અસંખ્ય જીવ છે. અજ્ઞાનીને તો એની ખબર નથી. એવા '**जीवसहित आहार-पानी लेकर अनादिकालसे तीव्र दुःखको पाया,...**' અનંત-અનંત કાળમાં અનંત સંસારમાં આવા દુઃખ અનંત તને મળ્યા. મુનિ નામ ધરાવીને પણ, નગ્ન દિગંબર થઈને પણ જેણે આવા સચેત આહાર ખાધા અથવા તપસ્વી નામ ધરાવીને અમે કંદમૂળ ખાઈએ તો અમારે વાંધો નહિ, આદિ એ કહેશે અર્થમાં. '**अनादिकालसे तीव्र दुःखको पाया,...**' જીવની ખબર નથી હજી. જીવ ક્યાં છે? કેટલા છે? એક બટાટા, શક્કરકંદની એક કણીમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અનંત જીવ છે. કોણ માને? આવું જેને જ્ઞાન નથી અને જેને

જ્ઞાન હોવા છતાં એ મુનિ નામ ધરાવીને સચેત ખાય છે એ તીવ્ર દુઃખને પામે છે એમ કહે છે. ચાર ગતિમાં રખડવાના દુઃખને પામે છે.

**ભાવાર્થ :-** '**મુનિકો ઉપદેશ કરતે હૈં...**' મુખ્ય મુનિની અત્યારે વાત છે ને ભાવપાહુડમાં. '**કિ અનાદિકાલસે જબ તક અજ્ઞાની રહા...**' અનાદિથી અજ્ઞાની (છે એને) વસ્તુની ખબર ન મળે. ભગવાન સર્વજ્ઞ જીવ કોને કહે છે? અજીવ કોને કહે છે? એ કેટલી સંખ્યામાં છે? એની ખબર ન મળે જેને. '**અજ્ઞાની રહા જીવકા સ્વરૂપ નહીં જાના,...**' એણે ભગવાને જે કહ્યું સર્વજ્ઞ પરમેશ્વરે એવા જીવનું સ્વરૂપ જાણ્યું નહિ. એવો એક એક જીવ અને એવા અનંત જીવ એકેન્દ્રિયાદિ, એના જીવના સ્વરૂપને એણે જાણ્યું નહિ. આહાહા..!

'**તબ તક સચિત (જીવસહિત) આહાર-પાની કરતે હુએ...**' જીવસહિત. એ સચેત જીવસહિત શબ્દ સીધો છે. એ કૌંસમાં નાખ્યું છે એ બધો ફેરફાર છે. '**સચિત જીવસહિત આહાર-પાની...**' એમ છે શબ્દ. '**આહાર-પાની કરતે હુએ સંસારમેં તીવ્ર નરકાદિકકે દુઃખકો પાયા.**' નરકમાં, નિગોદમાં જઈ અનંતા દુઃખ મળ્યા. '**અબ મુનિ હોકર ભાવ શુદ્ધ કરકે...**' હવે તો મુનિ થઈને આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ કરીને... એમ કહે છે. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ, એનું અંતર સમ્યગ્દર્શન, અનુભૂતિ. આત્માનો અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરીને '**શુદ્ધ કરકે સચિત આહાર-પાની મત કરે,...**' મુનિ થઈને પછી આહાર-પાણીમાં સચેતપણું હોય એ ન કર. આહાહા..! ભાવપાહુડની વાત છે ને એટલે ચિંતવન .. '**નહીં તો ફિર પૂર્વવત્ દુઃખ ભોગેગા.**' અનંતકાળમાં દુઃખ મળ્યા એ મળશે તને, ભાઈ! આહાહા..!

'આગે ફિર કહતે હૈં :-'

कंदं मूलं बीयं पुप्फं पत्तादि किंचि सच्चित्तं।
असिऊण माणगव्वं भमिओ सि अणंतसंसारे।।१०३।।

અર્થ :- '**કંદ કહિયે જમીકંદ...**' એમ મૂળ શબ્દ છે, ભાઈ! '**કંદ કહિયે જમીકંદ...**' એમ શબ્દ છે 'જયચંદ્ર પંડિત'નો. આમ કંદ કહીએ જમીકંદ એમ નહિ. '**કંદ કહિયે જમીકંદ...**' એમ. બધે કહીએ શબ્દ છે. બધો ઘણો ફેરફાર કરી નાખ્યો.

મુમુક્ષુ :- ભાષાંતર કર્તાએ કરી નાખ્યું છે.

ઉત્તર :- ભાષાનો ફેરફાર કર્યો. ભાષા આવવી જોઈએ.

મુમુક્ષુ :- ભાષાંતર કર્તાએ કર્યું છે.

ઉત્તર :- પછી આવું કર્યું શું કરવા? નાખવું શું કરવા જોઈએ? ... આખો ફેરફાર છે આ.

'**કંદ કહિયે જમીકંદ...**' હવે 'રામજીભાઈ' કહે છે ને એમ થયું. એનું શું કરવું? આ તો જાણવા માટે વાત થાય છે. '**જમીકંદ...**' સર્વજ્ઞ પરમેશ્વર સિવાય, કંદમૂળમાં અનંત જીવ છે એ કોઈએ જાણ્યા

નથી અને માન્યા નથી.

મુમુક્ષુ :- અનંત જીવ છે એમાં કોણ માને?

ઉત્તર :- એક જીવમાં અનંત ગુણ છે અને અનંત જીવ છે એ કોણે માન્યા છે? અજ્ઞાનીએ સર્વજ્ઞ સિવાય કલ્પનાથી બધી વાતું કરી. કર્યે જાય. એ કહે છે કે એક કંદમૂળની કટકી, બટાટા, શક્કરકંદ, એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ છે. એ સર્વજ્ઞ પરમેશ્વરે પ્રત્યક્ષ જોયું એ કહ્યું છે. કહો, જયંતીભાઈ! હવે એનું તો ભાન ન મળે અને આત્માનું ધ્યાન કરો. શેના ધૂળમાં ધ્યાન કરે? જડ થઈ જશે, જડ. મિથ્યાત્વના પોષણ છે બધા. આહાહા..! સમજાણું કાંઈ?

**'કંદ કહિયે જમીકંદ આદિક, બીજ-ચના આદિ અન્નાદિક,... '** અન્ન છે ને આ અન્નમાં ચોખા, ઘઉં, બાજરી એ જીવ છે. જીવ છે એમાં. સર્વજ્ઞ સિવાય જેને ત્રણકાળનું જ્ઞાન નથી... અને આત્માનો સ્વભાવ સર્વજ્ઞ છે, એ સર્વજ્ઞની દશા પૂર્ણ થાય ત્યારે આત્મા પૂર્ણ થયો કહેવાય. કહો. એય..! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે. એનો જ્ઞ સ્વભાવ છે-જાણવું. એટલે કે સર્વજ્ઞ શક્તિ અને સર્વજ્ઞ સ્વરૂપી જ છે આત્મા. એમાંથી-જેણે સર્વજ્ઞપણામાંથી સર્વજ્ઞપર્યાય પ્રગટ કરી અંદરથી એને ત્રણકાળ ત્રણલોક જણાણા એવા સર્વજ્ઞ પરમેશ્વર. અનંત સિદ્ધ થયા એ સર્વજ્ઞ છે. લાખો ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સર્વજ્ઞ પરમેશ્વર કેવળીને ત્રણકાળનું જ્ઞાન છે. એવા જ્ઞાન વિનાના અજ્ઞાનીએ પોતાની કલ્પનાથી જીવની વાત કરી હોય તો એમાં કંદમૂળને જીવ માને નહિ. મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવો છે ઈ. સમજાણું કાંઈ? આહાહા..!

**'મૂળ કહિયે અદરક મૂલી...'** આદુ. આદુ આમ મૂળ. શું કહેવાય? મૂળા-મૂળા. મૂળા અને છે ને કાંદા? એની એક કટકીમાં અનંત જીવ છે. આહાહા..! એક એક જીવ અનંત ગુણોવાળો છે. એક એક જીવ સર્વજ્ઞસ્વભાવી છે એવી જેને ખબર નથી એ મૂઢ જીવો મિથ્યાદૃષ્ટિ પાપ બાંધીને ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ગાજર આદિક,...'** લ્યો. ગાજર-ગાજર. આ ગાજર નથી? એક કટકીમાં અનંતા જીવ છે ગાજરમાં. કૂણા ગાજર હોય છે ને? આહાહા..! શક્કરકંદ, લસણ, ડુંગળી એ બધામાં એક કટકીમાં અનંતા જીવ છે. એ સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર સિવાય કોઈએ જોયા નથી. વીતરાગ સિવાય, સર્વજ્ઞ સિવાય. બીજા મતમાં એ કાંઈ વાત છે જ નહિ. એ વાતું બધી કલ્પનાએ જોડી દીધી, આત્મા આવો હોય, પછી આમ કરવું, ફલાણું કરવું. એ મૂઢ જીવોએ અજ્ઞાનમાંથી કલ્પના કરી બધી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, **'આદિ લેકર જો ભી કોઈ સચિત વસ્તુ...'** આ પુષ્પ. પુષ્પ એટલે ફૂલ. **'પુષ્પ-ફૂલ,...'** પુષ્પનો અર્થ ફૂલ થયો. બસ, એ તો સાથે-સાથે શબ્દ કરે છે. **'પુષ્પ-ફૂલ, પત્ર નાગરવેલ આદિક,...'** આદિ પાન. નાગરવેલ આદિ **'ઈનકો આદિ લેકર જો ભી કોઈ સચિત્ત વસ્તુ થી ઉસે માન** (ગર્વ) **કરકે ભક્ષણ કી. '** એ ગર્વ ન જોઈએ કૌંસમાં. આખો જોઈએ. માનગર્વ.

મૂળપાઠ છે ને? મૂળ પાઠ '**माणगव्वं**' છે ને? માન અને ગર્વથી ખાધું. એમાં શું છે જીવ-જીવ કરો છો? મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ, એવાને જીવ માનીને એમ કહે તમે શું (કહો છો?) આવા અંનતા જીવ કોણે ભાળ્યા હતા? એમ માનીને અભિમાનીઓ ગર્વ કરીને ભક્ષણ કરે છે. '**ઉસસે હે જીવ! તૂને અનંત સંસારમેં ભ્રમણ કિયા.**' અનંત સંસાર ચાર ગતિમાં ભ્રમણ કર્યું. આહાહા..!

ભાવાર્થ :- '**કંદમૂલાદિક સચિત્ત અનન્ત જીવોંકી કાય હૈ...**' એ કંદમૂળ બટાટા, શક્કરકંદ, લસણ, ડુંગળી, ગાજર. એ આવડા મોટા થાય. વેલા મોટા થાય એને શું કહેવાય? સુરણ-સુરણ. સુરણની ગાંઠ થાય ને આવડી મોટી? એ સુરણની એક કટકીમાં અનંતા જીવ છે. કોણ માને આ? આંધળાને ખબર ન મળે. આહાહા..! એવી અનંત જીવની ખાણ છે એ તો. આહાહા..! '**કંદમૂલાદિક સચિત્ત અનંત જીવોંકી કાય હૈ...**' એ તો. સમૂહ છે. '**અન્ય વનસ્પતિ બીજાદિક સચિત્ત હૈં ઈનકો ભક્ષણ કિયા. પ્રથમ તો માન કરકે કિ-હમ તપસ્વી હૈં,...**' અમે તો ત્યાગી છીએ. અમારે શું છે? '**હમારે ઘરબાર નહીં હૈ, વનકે પુષ્પ-ફલાદિક ખાકર તપસ્યા કરતે હૈં,...** ' ગમે તે ખાઈએ અમારે શું છે? અમને કંઈ નહીં. મરી જાઈશ. નરક અને નિગોદમાં જઈશ. ત્યાં કાંઈ સિફારીશ કામ એવું નથી. ખબર જ નથી એને વસ્તુની. આહાહા..!

'**ઐસે મિથ્યાદૃષ્ટિ તપસ્વી...**' જેની દૃષ્ટિ મિથ્યા છે. જેને જીવની ખબર ન મળે. કેટલા જીવ ક્યાં છે એની ખબર જ ન મળે અજ્ઞાનીને, મૂઢને. ... અમને કોઈ પાપ લાગતું નથી. એમ મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ થઈ આવા પાપો અનંત કર્યા. અત્યારે પણ એ નામ ધરાવીને એવા કરે છે. આહાહા..! '**ઐસે ઈન કંદાદિકકો ખાકર ઈસ જીવને સંસારમેં ભ્રમણ કિયા. અબ મુનિ હોકર ઈનકા ભક્ષણ મત કરે,...**' જે આત્માના જ્ઞાનસહિત મુનિ થયો, આત્માના ભાનસહિત મુનિ. મુનિ તો એને કહીએ કે જે જંગલમાં વસે, જેને વસ્ત્ર ન હોય, નગ્નદશા હોય, જેને અંતરમાં ત્રણ કષાયનો અભાવ હોય, જેને આનંદના રસની રેલમછેલ અંદર ચાલતી હોય. આહાહા..! બહારની જેની નગ્નદશા થઈ હોય, વસ્ત્રનો એક ધાગો પણ જેને હોય નહિ-એવા જંગલમાં વસનારને મુનિ કહેવામાં આવે છે. આહાહા..! કહો, જયંતિભાઈ! એને સાધુ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- તો પછી ભગવાન કોને કહેવા?

ઉત્તર :- કેવળી કોને કહેવા અને ભગવાન કોને કહેવા! આહાહા..! શું થાય? અજ્ઞાનીઓને, આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ કોને કહેવા એની ખબરું ન મળે. જૈનના વાડામાં જન્મ્યા એને ખબર ન મળે. વાડામાં જન્મ્યા એને! અને જ્યાં ત્યાં ભટક્યા ભટક કરે. આહાહા..! અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન (છે), એવા અનંત સિદ્ધો થઈ ગયા અને સંખ્યાતા લાખો કેવળી બિરાજે છે મહાવિદેહમાં. કોણ જોવા ગયું હતું મહાવિદેહમાં છે કે નહિ? વળી એમ કોઈક કહે છે. અરે..! ભગવાન! સાંભળને, ભાઈ! જેને જ્ઞાન હોય એ જોવા ગયા હતા

ત્યાં. જોયા છે એને. સમજાણું કાંઈ? આહાહા..! ત્રણકાળ ત્રણલોકનું જેને જ્ઞાન છે. સર્વજ્ઞ, અનંત નેત્ર જેના ખુલી ગયા છે, ચાર કર્મ રહિત થયા છે, ચાર કર્મ બાકી છે, વાણી આદિ સમવસરણમાં છે. સીમંધર પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એ વાત બીજે ક્યાં છે ક્યાંય કોઈ ઠેકાણે? અજ્ઞાનીઓએ પોતાની કલ્પનાથી વાતો ઓઘે-ઓઘે કરીને દુનિયાને ભ્રમણામાં નાખ્યા. દુનિયા એ મૂઢ જેવી ભ્રમણામાં પડીને રખડવાનું ચાર ગતિમાં. આહાહા..! સમજાણું કાંઈ?

'ઐસે ઈન કંદાદિકકો ખાકર...' લ્યો! '**સ્વચ્છંદ હોકર સર્વભક્ષી હુઆ. ઐસે ઈન કંદાદિકકો ખાકર ઈસ જીવને સંસારમેં ભ્રમણ કિયા. અબ મુનિ હોકર ઈનકા ભક્ષણ મત કરે, ઐસા ઉપદેશ હૈ. અન્યમતકે તપસ્વી કંદમૂલાદિક ફલ-ફૂલ ખાકર અપનેકો મહંત માનતે હૈં,...**' અમે મહંત છીએ, અમે સાધુ છીએ, મુનિ છીએ, ત્યાગી છીએ. ખાય બધું કંદમૂળ, મધ આદિ (ખાય) અને માને કે અમે સાધુ. મૂઢ છે, કહે છે. મરી જઈશ એ નરકમાં નિગોદમાં જાશે. આહાહા..! હવે કહે છે કે એ બધું માનવું એમાં વિવેક જોઈએ એમ કહે છે.

'**આગે વિનય આદિકા ઉપદેશ કરતે હૈં, પહિલે વિનયકા વર્ણન હૈ :-** '

**विणयं पचपयारं पालहि मणवयकायजोएण।**
**अविणयणरा सुविहियं तत्तो मुत्तिं न पावंति।।१०४।।**

આહાહા..! જુઓ! એ નાખીને પાછો વિનય નાખ્યો. એટલે અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર, પંચ પરમેષ્ઠી કોણ છે એને ઓળખીને એનો વિનય જોઈએ. પાંચ પરમેશ્વર. ણમો અરિહંતાણં. એ તો ગુણના ધરનારની દશાવાળા છે. એને ઓળખીને એનો વિનય જોઈએ.

અર્થ :- '**હે મુને! જિસ કારણસે અવિનયી મનુષ્ય ભલે પ્રકાર વિહિત જો મુક્તિ ઉસકો નહીં પાતે હૈં...**' સર્વજ્ઞ પરમેશ્વર સિદ્ધ ભગવાન સાચા સંત, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, એનો વિનય કર્યા વિના, એણે કહ્યું એને માન્યા વિના મુક્તિ નહિ મળે, એને મોક્ષ નહિ મળે, એને ધર્મ થશે નહિ. આહાહા..! બહુ આકરી વાત. '**ભલે પ્રકાર...**' છે ને પાઠ છે ને? '**विहियं**'. '**सुविहियं**' એનો અર્થ કર્યો છે. '**વિહિત જો મુક્તિ...**' એમ. '**ઉસકો નહીં પાતે હૈં અર્થાત્ અભ્યુદય તીર્થંકરાદિ સહિત મુક્તિ નહીં પાતે હૈં,...**' '**विहियं**' કીધું ખરું ને વચ્ચે. જેને તીર્થંકર પદવી મળે, પછી મુક્તિ થાય એવી દશા આવા અવિનયી જીવને, જેને સર્વજ્ઞ પરમેશ્વર કોણ છે એની ઓળખાણ પણ ન મળે, એનો આદર પણ ન મળે અને હું જ પોતે છું... સમજાય છે? એમ માનનારા મૂઢ જીવો ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..! '**મુક્તિ નહીં પાતે હૈં,...**' એ તીર્થંકરાદિ પદવી નહિ થાય.

'**ઈસલિયે હમ ઉપદેશ કરતે હૈં કિ હાથ જોડના,...**' સર્વજ્ઞ પરમેશ્વર હોય, આચાર્ય હોય, ઉપાધ્યાય સાધુ, સંત હોય સાચા. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે એ, હોં! અજ્ઞાની કહે એ નહિ. '**ચરણોમેં ગિરના,...**' એના ચરણમાં પડવું. આહાહા..! '**આને પર ઉઠના, સામને જાના ઔર**

**અનુકૂલ વચન કહના યહ પાંચ પ્રકારકા વિનય હૈ...'** લ્યો! સાચા પરમેશ્વર, સાચા સિદ્ધ અને સાચા સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ—એની જેને ઓળખાણ હોય એ એનો વિનય કરે, કહે છે. બહુ વિનય કરે એનો. એ કહે છે તે પ્રમાણે માને. એ આવે ત્યારે ઊભા થાય, ચરણમાં પડે, હાથ જોડે. **'સામને જાના ઔર અનુકૂલ વચન કહના યહ પાંચ પ્રકારકા વિનય હૈ.'** લ્યો!

**'અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ ઔર ઈનકે ધારક પુરુષ ઈનકા વિનય કરના, ઐસે પાંચ...'** સમ્યગ્જ્ઞાન જેને થયું છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જે કહે છે, એવી જેને અંતર સમ્યગ્જ્ઞાન દશા થઈ છે. રાગથી, વિકલ્પથી, સંયોગથી ભિન્ન પડીને અંતર અનુભૂતિ જેને આત્માનું જ્ઞાન થયું છે. એ આત્મજ્ઞાની જીવ પંચ પરમેષ્ઠીને વ્યવહારે બરાબર માને છે એમ કહે છે. એનો વિનય કરે છે એ. આહાહા..! એ પોતે જ્ઞાનનો પણ વિનય કરે છે. આહાહા..! જ્ઞાન આને કહીએ. સમજાણું કાંઈ? આમ શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ, વિકલ્પ તોડી નાખો. શું શૂન્ય થઈ જાય? જડ થાશે. પોતે ચીજ શું છે આત્મા, પદાર્થ અસ્તિ શું છે, અસ્તિ-હયાતી કેટલી અને કેવડી અને કેટલા ક્ષેત્રમાં કેવા ગુણે ને કેવી છે—એના ભાન વિના એના ઉપર દૃષ્ટિ પડશે જ નહિ. એ બહારના વિકલ્પ ઓછા કરે એમ દેખાય એને, વિકલ્પ ઓછા થયા આમ દેખાય. જડ જેવો થઈ જઈશ, મિથ્યાત્વનું પોષણ કરીને. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અહીં તો જ્ઞાન, જેને એક આત્મા સર્વજ્ઞસ્વરૂપી છે એવા અનંત આત્માઓ છે, એનું પોતાનું આત્માનું અંતર જ્ઞાન જેને થયું છે. એ જ્ઞાનને વિનય કરે. એ જ્ઞાનનો વિનય કરે, એ દર્શનનો વિનય કરે. સમ્યગ્દર્શન. આહાહા..! એ પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા પોતે, એની અંતરમાં પ્રતીતિ, અનુભૂતિ સહિત, આનંદના સ્વાદ સહિત... આહાહા..! એને સમ્યગ્દર્શન કહીએ. એ સમ્યગ્દર્શનનો વિનય કરે. ધર્મી હોય એ સમ્યગ્દર્શનનો વિનય કરે, મિથ્યાદર્શનનો આદર કરે નહિ. મોટા મહંત નામ ધરાવતા હોય પણ જેને સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગથી વિપરીત દૃષ્ટિ છે, કલ્પના કરીને કલ્પિત વાતું કરી છે એવા અજ્ઞાનીઓને ધર્મી આદરે નહિ, એને માને નહિ. કહો, જયંતિભાઈ! શું કરવું આ બધું પણ? એ જ્ઞાનનો વિનય.

ચારિત્રનો વિનય. આત્મા આનંદસ્વરૂપના અનુભવપૂર્વક આનંદમાં લીનતાની રમણતા જેને હોય એવી ચારિત્રદશા. આહાહા..! એ ચારિત્રદશા નગ્ન મુનિને હોય. એવી ચારિત્રદશા વસ્ત્રવાળાને હોઈ શકે નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એકેય વાતના ઠેકાણા ન મળે અને માને કે અમે ધર્મી છીએ, ચારિત્રવંત છીએ અને તપસ્વી છીએ. આહાહા..! અનાદિ કાળથી એવા ઊંધા ભાવ કર્યા. કહે છે, ચારિત્રનો વિનય કરે. આહાહા..! ચારિત્ર એટલે આત્માના આનંદમાં જેની અતીન્દ્રિય આનંદની ધારા વહે છે અને પંચમહાવ્રતાદિના વિકલ્પ-રાગ પણ હોય છે, બાહ્યમાં નગ્નદશા હોય છે એવા ચારિત્રવંતનો વિનય કરે. કહો, પંડિતજી! એ એક એક ગુણ શું છે એ સમજ્યો નહિ. ભાઈ!

અત્યારે તો .. પડી ગઈ. આહાહા..!

**'ચારિત્ર, તપ...'** ઉગ્ર આનંદનો ઉછાળો અંદર આવે. ચારિત્રની રમણતા કરતા આનંદની દશા અતીન્દ્રિય આનંદનો ઉછાળો આવે. જેમાં ઇચ્છાની ઉત્પત્તિ જ ન થાય. એવી અંતર દશાને તપ કહે છે. બાકી આ બધી લાંઘણું. અપવાસ-બપવાસ કરે એ બધી લાંઘણું છે. એ આત્મદર્શન સહિત, અનુભૂતિ સહિત સર્વજ્ઞ પરમેશ્વરે જે સમ્યગ્દર્શન કહ્યું એ સહિત જેની ચારિત્રદશા છે અને એમાં એની ઉગ્ર દશા, ચારિત્રનો જ ભાવ .. ઉગ્ર પુરુષાર્થથી જે આનંદની લહેર આવે, આત્મા અતીન્દ્રિય આનંદથી તપે અને શોભે એને તપ કહેવામાં આવે છે. બાકી લાંઘણું છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! વાતે વાતે ફેર છે. અજ્ઞાનીની અને જ્ઞાનીની વાતમાં બહુ ફેર. આહાહા..! **'ઔર ઇનકે ધારક પુરુષ...'** ચાર ગુણ લીધા. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને એના ધરનારા આત્માઓ. **'ઇનકા વિનય કરના.'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પાંચ છે ને.

**'ઇનકે ધારક પુરુષ ઇનકા વિનય કરના ઐસે પાંચ પ્રકારકે વિનયકો તૂ મન-વચન-કાય...'** આહાહા..! મનથી, વચનથી અને કાયાથી. **'તીનોં યોગોંસે પાલન કર.'** આહાહા..! ભાવપાહુડ છે ને?

ભાવાર્થ :- **'વિનય બિના મુક્તિ નહીં હૈ, ઇસલિયે વિનયકા ઉપદેશ હૈ.'** પંચ પરમેષ્ઠી એ ગુણના ધરનારા અને એ ગુણ, એનો જેને વિનય નથી એને મોક્ષ હોતો નથી. એને ધર્મ જ હોતો નથી. મોક્ષ તો પછી. આહાહા..! સમજાણું કાંઈ? **'વિનય બિના મુક્તિ નહીં હૈ,...'** અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા પૂર્ણ દશા પ્રાપ્ત વર્તે છે. એનો જેને આદર નથી, વિનય નથી, માનતો નથી અને હું જ પોતે ભગવાન છું એમ બધું માને એ બધા મૂઢ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં નરક અને નિગોદમાં રખડવાના છે.

મુમુક્ષુ :- અત્યારે તો ભગવાન ...

ઉત્તર :- નામ તો આપે બધા ઘણા. ભગવાન નામ નથી આપતા માણસને? હોય ભિખારી અને ભગવાન નામ હોય. ભગુભાઈ લ્યો ને. 'ભગુ' નહોતું કીધું અમારે? જેતપુરમાં હતા. કંદોઈ-કંદોઈ. (સંવત) ૧૯૭૦ની વાત છે. ૭૦ની સાલ. 'ભગુ' એક કંદોઈ હતો. બહુ ભોળો જીવ બિચારો છોકરો. ૭૦ની વાત. ૭૦નો પોષ મહિનો. કેટલા વર્ષ થઈ ગયા? ૬૦ વર્ષ થઈ ગયા. દીક્ષા લઈને ગયા પહેલા. ૭૦માં દીક્ષા થઈને? માગશર. 'ભગુ' આવે પછી કહે, મહારાજ! ભગુ પશુ છે. એમ બોલે. નામ ભગવાન. 'ભગુ' કહે, મહારાજ! ભગુ પશુ છે. પોતે એમ બોલે. શું કરવા? કે ઓલા ઘરના માણસો કહે ને, એના મા-બાપ? છોકરાની વહુ. જુઓ, બાપુ! ભગુ પશુ જેવો છે તમે ધ્યાન રાખજો. એટલે અહીં આવીને (એમ કહે). આહાહા..! ઘરે એના મા-બાપ કહે ને બૈરાને? આ

બિચારો ભોળો માણસ. મૂરખ, પણ ગાંડો નહિ. ભોળો બહુ. ભોળો તે કાંઈ ભાન મળે. ભગુ પશુ છે, મહારાજ! કીધું, આ શું? આ કોણ છે? આ તો કંદોઈ છે. એના મા-બાપ ઘરમાં એને પશુ કહેતા હશે ને એટલે. એમ આ ભગવાન નામ ધરાવે અને હોય પશુ જેવા. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા આચરણ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંતથી એણે કહેલા જે તત્ત્વો, એ તત્ત્વની શ્રદ્ધા ન મળે એવા મિથ્યાદૃષ્ટિ જીવો ભગવાન નામ કહે અને ધરાવે, એ ભગુ જેવા થવાના બધા. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

'**વિનય બિના મુક્તિ નહીં હૈ, ઈસલિયે વિનયકા ઉપદેશ હૈ. વિનયમેં બડે ગુણ હૈં,...**' પરમાત્મા સર્વજ્ઞદેવ સિદ્ધ ભગવાન શરીરરહિત પરમાત્મા (છે). અરિહંતને હજી શરીર હોય, વાણી પણ હોય. વાણી ખરે. ત્રિકાળ જ્ઞાન હોય. ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હોય. એને પરમાત્મા અને એને ભગવાન કહીએ. જેને શરીર હોય, આહાર ન હોય, પાણી ન હોય, ક્ષુધા ન હોય, રોગ ન હોય એવા પરમાત્માને અરિહંત પરમાત્મા કહેવામાં આવે છે. અને સિદ્ધને શરીર ન હોય. એ તો અશરીરી પરમાત્મા પૂર્ણ દશા (સહિત) લોકાગ્રે બિરાજમાન છે. આહાહા..! એ બધા જીવોને '**વિનયમેં બડે ગુણ હૈં,...**' એનો વિનય કરવાથી ઘણો ગુણ છે.

'**જ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ,...**' લ્યો! આવ્યું. ઓલો કહે કે વિનય કરો તો શુભરાગ છે અને શુભરાગથી.. જે વખતે... વિનય કરવો છે એ તો શુભ વિકલ્પ છે, પણ એમાં બહુમાનપણાનું ભાન છે ને એટલો અંદર આત્માને ગુણ છે. આહાહા..! જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ઓલામાં એમ આવે છે કે પરનો વિનય કરવો એ વિકલ્પ છે. નિશ્ચયની વાત આવે છે. આહાહા..! વ્યવહારથી કહે. બહુમાન છે ને? છે તો વિકલ્પ એ. પણ એની પાછળ જ્ઞાનમાં એ જાતનો ઘણો વિવેક વર્તે છે. એથી એ જ્ઞાનની પ્રાપ્તિ છે એમ કહેવામાં આવે છે. સમજાણું? આહાહા..!

'**માન કષાયકા નાશ હોતા હૈ,...**' પંચ પરમેષ્ઠી, ધર્માત્મા ઉપર બહુમાનથી એના માનનો નાશ થાય છે. આહાહા..! હું છું એમ થઈ ગયું હોય એને. પંચપરમેષ્ઠી ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળી, જેને ઈન્દ્રો આદરે, જેની સભામાં સિંહ અને વાઘ આવે છે..,. આહાહા..! એવી સભા ... મહાવિદેહમાં અત્યારે બિરાજમાન છે પ્રભુ સર્વજ્ઞ વીતરાગ, એની સભામાં ઈન્દ્રો, કરોડો દેવો આવે છે, એવા પરમાત્માનો વિનય કરવાથી, કહે છે, માન કષાયનો નાશ થાય. એમના આજ્ઞાધારી સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ (હોય) એનો પણ વિનય કરવાથી માનનો નાશ થાય.

'**શિષ્ટાચારકા પાલના હૈ....**' જે સજ્જનોનો શિષ્ટાચાર છે. બહુમાન કરવું એ એનું પાલન થાય છે એમાં. '**ઔર કલહકા નિવારણ હૈ,...**' અવિનયમાં તો કલહ થાય-ક્લેશ થાય. વિનયમાં તો કલહનું નિવારણ થાય. '**ઈત્યાદિ વિનયકે ગુણ જાનને. ઈસલિયે જો સમ્યગ્દર્શનાદિસે મહાન હૈ...**' લ્યો! પોતા કરતા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આદિમાં મોટા છે '**ઉનકા વિનય**

કરો...' આહાહા..! પોતાથી વિશેષ ગુણવાળા, સમ્યગ્દર્શન સહિતવાળા, હોં! એની વાત છે. સમ્યગ્દર્શન શું ચીજ છે એ બહુ મુશ્કેલી પડી ગઈ જગતને અત્યારે. આહાહા..! એક આત્મા પરિપૂર્ણ પરમાત્મા, એના તરફની અંતર દૃષ્ટિ કરી અને નિર્વિકલ્પ દર્શન થાય એને અહીંયાં નિર્વિકલ્પ આનંદની દશા સહિત થાય તેને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! એ જૈન પરમેશ્વરના માર્ગ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ, ત્રણકાળ ત્રણલોકમાં. સમજાણું કાંઈ? આહાહા..! કહો, જયંતિભાઈ! આ પક્ષની વાત નહિ હોય? બાપુ! તને ખબર નથી, ભાઈ! એ તો વસ્તુનુ સ્વરૂપ જ આવું છે. કોઈ રીતે, બીજી રીતે સિદ્ધ થશે જ નહિ. આહાહા..!

સર્વજ્ઞ પરમાત્મા સાક્ષાત્ મહાવિદેહમાં બિરાજે છે. ગણધરો ચાર જ્ઞાનના ધરનારા, અંતર્મુહૂર્તમાં ચૌદ પૂર્વની રચના કરે છે. એ માંહ્યલા આગમ છે આ. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં ત્યાં ભગવાન પાસે ગયા હતા. ત્યાં જઈને આવીને આ શાસ્ત્ર રચ્યા છે. એ કહે છે કે વિનય જોઈએ. પંચ પરમેષ્ઠીનો અથવા એ ગુણનો. અને પોતા કરતા વધારે ગુણ હોય, સમ્યગ્દર્શનમાં વિશેષ હોય, સમ્યગ્જ્ઞાનમાં વિશેષ હોય, ચારિત્ર અંદર રમણતામાં વિશેષ હોય, મહાન હોય '**ઉનકા વિનય કરો...**' આહાહા..! ત્યાં ગર્વ ન રાખો, અભિમાન ન કરો. આહાહા..! '**યહ ઉપદેશ હૈ.**'

'**ઔર જો વિનય બિના જિનમાર્ગસે ભ્રષ્ટ ભયે,...** ' એ ખુલાસો નાખ્યો. જૈન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા એનો પંથ ચાલ્યો આવતો હતો. અન્ય મત તો અત્યારે ચાલે છે એવા તો હતા એ વખતે, પણ આ શ્વેતાંબર છે એ જૈન ધર્મથી ભ્રષ્ટ થઈને નીકળ્યા છે. એની આ વાત કરે છે. આકરી લાગે એવી છે જરી. સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગ સિવાય અન્યમતિઓના માર્ગ, સર્વજ્ઞ નથી જેનામાં એણે કલ્પિત અર્થો અને પદાર્થોની વાતું કરી એ તો જાણે મિથ્યાદૃષ્ટિઓ છે, પણ આ શ્વેતાંબર પંથ જે દિગંબરમાંથી નીકળ્યો એ શ્રદ્ધા ભ્રષ્ટ થઈને નીકળેલ છે. એય...! છે?

'**વિનય બિના...**' ધર્માત્મા, સમકિતી, સંતો હતા એ વખતે. પણ બાર વર્ષના ત્રણ દુકાળ પડ્યા, નભી ન શક્યા એટલે વસ્ત્રસહિત મુનિપણુ માન્યું. વસ્ત્ર હોય અને મુનિપણું છે એમ માન્યું. એ જૈનધર્મથી ભ્રષ્ટ થઈ ગયા છે. ભારે આકરી વાતું, ભાઈ! આહાહા..! આ શ્વેતાંબર અને એમાંથી નીકળ્યા સ્થાનકવાસી. બેય જૈનધર્મથી ભ્રષ્ટ થઈ ગયેલા છે. અન્ય તો ભ્રષ્ટ છે જ, પણ આ પણ ભ્રષ્ટ થઈને નીકળ્યા છે. આહાહા..! એય..! જયંતિભાઈ!

મુમુક્ષુ :- સાવ સાચી વાત.

ઉત્તર :- સાવ સાચી વાત છે?

'**વિનય બિના...**' મુનિઓ અને ધર્માત્મા હતા એનો આદર ન રહ્યો અને નગ્નપણે મુનિપણું પાળી શક્યા નહિ. પછી વસ્ત્રનો કટકો રાખી અને ... અર્ધ ફાળક હતા પહેલા. શ્વેતાંબરનો પંથ નીકળ્યો એ. આટલો અડધો કટકો રાખતા સાથે. અને ... એમાં મુનિપણું માન્યું અને બધા કલ્પિત શાસ્ત્ર રચ્યા. કહો,

ખીમચંદભાઈ! આવી વાત છે જરી. આકરું લાગે ભાઈ. માર્ગ તો આ છે, બાપા! માને, ન માને એથી તો કાંઈ... વસ્તુ તો છે એ છે.

'**વિનય બિના જિનમાર્ગસે ભ્રષ્ટ ભયે, વસ્ત્રાદિક સહિત...**' દેખો! વસ્ત્ર રાખ્યા, પાત્ર રાખ્યું, એવા સહિત '**જો મોક્ષમાર્ગ માનને લગે...**' મોક્ષનો માર્ગ છે અમારે એમ માનવા લાગ્યા, એ બધા મિથ્યાદૃષ્ટિ ભ્રષ્ટ છે. આહાહા..! જૈનમાં રહેલાની વાત છે, હોં! આ. અન્યની વાતું તો છે જ નહિ. એ તો બધા પાખંડના પોષક છે વીતરાગ સિવાયના બધા માર્ગ. માર્ગ આવો છે. ૩૬૩ પાખંડ કહ્યું છે ને? આત્માની વાતું કરે પણ એ બધી કલ્પિત, પોતાની દૃષ્ટિએ કલ્પિત કરી હોય એ. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગથી વિનયપણું છોડી દીધું. ભ્રષ્ટ થઈને મોક્ષમાર્ગ માનવા લાગ્યા. આહાહા..! વસ્ત્ર અને પાત્ર રાખીને (મુનિપણું માન્યું). મુનિને વસ્ત્રનો કટકો ન હોય. પાત્ર-બાત્ર કેવા? એ તો આનંદના લહેરમાં ભીક્ષા માટે જાય. હાથમાં આહાર લે. ઊભા-ઊભા આહાર લે, ખડા (રહીને) આહાર લે. એવી મુનિની સત્ત્વ દશા વીતરાગમાર્ગમાં અનાદિથી ચાલી આવે છે. અરે..! ક્યાંય સાંભળ્યું ન હોય. એય..! પ્રવિણભાઈ! છે કે નહિ પુસ્તક? ત્યાં રહી ગયું? ખલાસ થઈ ગયા. એટલા જ છે? વધારે નહિ રાખ્યા હોય? કીડીઓ થઈ છે હોં! બહુ આમાં કીડીઓ થઈ છે. ઓલું છે ને કાંઈક અંદર? કીડી બહુ થઈ છે એમ ભાઈ કહેતા હતા. ચેતન કહેતો હતો, કીડીઓ બહુ (થઈ છે). ખોરાક હોય ત્યાં આવે. આનંદનો ખોરાક તો આત્મામાં છે. આહાહા..! ત્યાં રાગથી ભિન્ન પડીને આનંદના ખોરાકમાં આત્મા જાય એને ધર્માત્મા કહેવામાં આવે છે અહીં તો, ભાઈ! આહાહા..! અને તે સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો એ આત્મા. એવી આત્માની જાતને જાણીને પોતાના આનંદનો ખોરાક કરે જીવ. અતીન્દ્રિય આનંદનો (ખોરાક લે). આહાહા..!

કહે છે, એનાથી ભ્રષ્ટ થઈ ગયા. બહુમાન ન રહ્યું. પોતાની કલ્પિત (માન્યતાથી) વસ્ત્રાદિ રાખીને અમે પણ સાધુ છીએ, વસ્ત્ર રાખીને અમે પણ મુનિ છીએ એમ મનાવવા લાગ્યા એ બધા ભ્રષ્ટ થયેલા (છે). એનો અહીં નિષેધ છે. એની આ માર્ગમાં ગણતરી નથી. આકરું લાગે, બાપુ!

'**આગે ભક્તિરૂપ વૈયાવૃત્યકા ઉપદેશ કરતે હૈં :-**' ભક્તિ જોઈએ, કહે છે. આહાહા..! સાચા તત્ત્વના ભાનવાળા જીવની ભક્તિ જોઈએ એમ કહે છે. આહાહા..!

णियत्तीए महाजस भत्तीराएण णिच्चकालम्मि।
तं कुण जिणभत्तिपरं विज्जावच्चं दसवियप्पं।।१०५।।

અર્થ :- '**હે મહાયશ!**' આહાહા..! નગ્નમુનિ થયા છે એટલે મહાજશ તરીકે (સંબોધે છે). એકલા બાયડી, છોકરા છોડીને બેઠો, એકલો મુનિ થઈને. આહાહા..! '**હે મુને!**' જંગલમાં વસતો હોય છે, બાયડી, છોકરા હોય નહિ, ધંધો વેપાર છોડ્યો હોય છે. કહે છે, એ અપેક્ષાએ તો ભાઈ ઠીક મહાયશ છો તું. બીજા કરતા ત્યાગ કર્યો આટલો, પણ સાચો મુનિ નથી તું. '**જિનભક્તિમેં તત્પર હોકર,...**'

વીતરાગ ત્રિલોકનાથ. આહાહા..! વીતરાગ પરમેશ્વર, જેને રાગનો નાશ થઈને વીતરાગતા પ્રગટી છે એવા ત્રિલોકનાથ જગતમાં વિચરે છે, એવા એની ભક્તિ કર. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કુંદકુંદાચાર્ય જુઓને! મહાસંત, મહામુનિ હતા. આત્માના આનંદની લહેર જેને ઉછળી હતી. અનુભવમાં આગળ વધી ચારિત્રવંત હતા. પ્રચુર સ્વસંવેદન હતું જેને. એવી દશાવંત પણ ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહમાં પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે ત્યાં ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા. સાક્ષાત્ ભગવાનની વાણી સીધી સાંભળી, સમવસરણમાં લાખો-કરોડો દેવના સમીપ સહિત. એ વાણી સાંભળ્યા પછી અહીં આવીને આ શાસ્ત્રો બનાવ્યા. કેટલો એનો વિનય! ઓહોહો..! પંચમ આરાના પ્રાણી, સાધુ, એણે સદેહે મહાવિદેહ ભગવાનની ભક્તિ કરી. મહાવિદેહ ભગવાનની જાત્રા કરી. આહાહા..! અરે..! કોણ માને? અજ્ઞાનીને આનો કાંઈ પત્તો ન ખાય શું આ કહે છે? ગાંડા કહે. સાંભળ, બાપા! એ પરમાત્મા બિરાજે છે પ્રભુ. વર્તમાન સમવસરણમાં. ઈન્દ્રો આવે છે, ગણધરો શાસ્ત્ર રચે છે. સિંહ અને વાઘ જેના સમવસરણમાં આવે છે, નાગ આવે છે. ભગવાનની વાણી ઈચ્છા વિના ૐ ધ્વનિ ઊઠે છે. પરમેશ્વરને આવી વાણી ન હોય. એને તો પૂર્ણ પરમાત્માદશા પ્રગટી છે અને વીતરાગતા સર્વજ્ઞ, એની વાણીમાં ૐ એવો અવાજ ઊઠે. ઈચ્છા વિના, હોઠ હલ્યા વિના, કંઠ હલ્યા વિના. એવી જિનની ભક્તિમાં તત્પર રહો. આમાં ભાષા થોડી આડીઅવળી કરી છે.

મૂળ તો એમ છે કે '**ભક્તિકે રાગપૂર્વક ઉસ દસ ભેદ...**' નથી નાખ્યા આમાં. '**ઉસ વૈયાવૃત્યકો સદાકાલ તૂ અપની શક્તિકે અનુસાર કર.**' એમ છે ઓલામાં. '**કૈસી ભક્તિ?**' કે '**જિનભક્તિમેં તત્પર હોકર,..**' એમ. એવી. એવો અંદર ફેરફાર શબ્દનો ઘણો ફેરફાર છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ.. આહાહા..! અરે..રે..! અરિહંત પદના નામમાં જન્મ્યા એને અરિહંતપદની ખબર ન મળે. અને જ્યાં ત્યાં બિચારા માથા ફોડે, ભટકે. આહાહા..! મરીને નરક અને નિગોદ જવાના બધા. આહાહા..! અહીં દુનિયા ભલે માને. એવી વાત છે, ભાઈ! ઝીણી વાત, બાપા! મારગડા બહુ ઝીણા છે, ભાઈ! આહાહા..! જિનભક્તિ કહે છે. આહાહા..! ઓલો અનાદર કરે છે.

'**જિનભક્તિમેં તત્પર હોકર, ભક્તિકે રાગપૂર્વક ઉસ દસ ભેદરૂપ વૈયાવૃત્યકો સદાકાલ તૂ અપની શક્તિકે અનુસાર કર.**' કૈસી? '**જિનભક્તિમેં તત્પર હોકર,..**' એમ ભાષા આડીઅવળી લીધી છે, ભાઈ! 'જયચંદ્ર પંડિત'ની. '**ભક્તિકે રાગપૂર્વક ઉસ દસ ભેદરૂપ વૈયાવૃત્યકો સદાકાલ તૂ અપની શક્તિકે અનુસાર કર.**' આહાહા..! વીતરાગદેવ પરમાત્મા બિરાજતા હોય તો એની ભક્તિ, ન હોય તો એની પ્રતિમાની ભક્તિ પણ શાસ્ત્રમાં કહેવામાં આવી છે. છે એ શુભભાવ.

મુમુક્ષુ :- પોતે હોય તો શુભભાવ...

ઉત્તર :- શુભભાવ. આહાહા..! એવો ભાવ આવે એને. સમ્યગ્દૃષ્ટિ જીવને એવા જિનભક્તિના ભાવ આવે. ભાવ છે શુભ, પુણ્ય. ધર્મ નહિ. આહાહા..! ધર્મદશા પૂર્ણ ન થઈ હોય, ન હોય ત્યારે એવો

ભાવ આવ્યા વિના રહે નહિ. બહુમાન આવે. ઓહો..! ધન્ય અવતાર પ્રભુ! તારી દશા પૂર્ણ તેં પ્રગટ કરી અને તારી વાણી ખરી એમાં અમારો માર્ગ હાથ આવ્યો એમાંથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'જિનભક્તિમેં તત્પર હોકર,...'** લોકદેખાવ માટે નહિ, એમ કહે છે. દુનિયા દેખે કે અમે ભક્તિ કરીએ છીએ ભગવાનની, કાંઈક ગણતરીમાં આવીએ એમ નહિ. **'જિનભક્તિમેં તત્પર હોકર, ભક્તિકે રાગપૂર્વક...'** આહાહા..! **'ઉસ દસ ભેદરૂપ વૈયાવૃત્યકો સદાકાલ તૂ અપની શક્તિકે અનુસાર કર.'** આહાહા..! આનંદઘનજી કહે છે એક વાર ભગવાનની સ્તુતિ કરતા, 'દેખણ દે સખી દેખણ દે. જિનકંદ પ્રભુ મુને દેખણ દે.' ન દેખ્યો એકેન્દ્રિયમાં મેં પ્રભુને હે નાથ! લીલોતરી, એકેન્દ્રિય, પૃથ્વી, પાણીમાં, અગ્નિમાં રખડીને મરી ગયો અનંત ભવ. ત્યાં દેખ્યો નહિ મેં. ન દેખ્યો બે ઇન્દ્રિયમાં, ન દેખ્યો ત્રણેન્દ્રિયમાં, ન દેખ્યો ચૌઈન્દ્રિયમાં, એમ કહીને વ્યવહાર પણ સિદ્ધ કર્યો વીતરાગે કહ્યો એ. એમ આ 'સખી મુને દેખણ દે.' હવે મને દેખવા દે. મારો નાથ અંતર સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો, પૂર્ણાનંદથી, અમૃતથી ભરેલો પ્રભુ, એવું મારું સ્વરૂપ હવે મને દેખવા દે, સખી! સુમતિને શ્રદ્ધા કહે છે. એ આવે છે ઓલામાં. નહિ? 'આનંદઘનજી'માં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. શું કીધું? ચંદ્રપ્રભુના દર્શનમાં આવે છે. દેખણ દે સખી. મેં ન જોયો મારો વીતરાગ દેદાર. આહાહા..!

ભગવાનઆત્મા તો અંદર વીતરાગનો દેદાર છે ચૈતન્ય. રાગના કણ વિનાની ચીજ વીતરાગથી ભરેલી છે આત્મા. આહાહા..! એવું સ્વરૂપ હે સખી! હવે જોવા દે મને. મેં બીજું બહુ જોયું. જગતના બહુ જોયા. પણ મારો નાથ મેં ન જોયો કોઈ દિ', એમ કહે છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એવો આત્મા અસંખ્ય પ્રદેશી અનંતગુણનો પિંડ, અનંતી જેની પર્યાય, એ વસ્તુ વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. ધર્મ છે એ પર્યાય છે. હવે પર્યાયની ખબર ન મળે એને. ધ્યાન છે એ પર્યાય છે. અને ધ્યાનનું ધ્યેય છે વસ્તુ એ દ્રવ્ય-ગુણ(રૂપ) વસ્તુ સામાન્ય છે. એની પણ ખબર ન મળે સામાન્ય શું અને પર્યાય શું? આંધળી દોડે (દોડે જાય છે). સમજાણું કાંઈ?

**'સદાકાલ તૂ અપની શક્તિકે અનુસાર કર. 'વૈયાવૃત્ય' કે દૂસરે દુઃખ કષ્ટ...'** કૌંસમાં ન જોઈએ. દુઃખ અને કષ્ટ બે સાથે શબ્દ છે. **'દુઃખ કષ્ટ આને પર ઉસકી સેવા-ચાકરી કરનેકો કહતે હૈં.'** લ્યો! આહાહા..! ભાવ હોય છે ને એવો. **'આચાર્ય,...'**ની ભક્તિ કર. આચાર્ય. આચાર્ય કોને કહેવા? આહાહા..! જેને અંતરનો આનંદ, ભગવાન પૂર્ણાનંદનો નાથ જેને શ્રદ્ધામાં, અનુભવમાં પ્રગટ્યો છે અને જેને આતમજ્ઞાનનું સ્વસંવેદન અંતર વર્તે છે, એ ઉપરાંત જેને ચારિત્રની રમણતા અંદરમાં વર્તે છે. આહાહા..! એ ઉપરાંત એ જગતના પ્રાણીને શિક્ષા અને દીક્ષા દેનારા છે. બાહ્યની જેને નગ્નદશા હોય છે—એવા આચાર્યની ભક્તિ કર કહે છે. આહાહા..! અત્યારે તો કાંઈ દેખાતા નથી

પણ શ્રદ્ધા કરીને ભક્તિ કર એમ કહે છે. આકરું પડે. આચાર્યની ભક્તિ કર.

'ઉપાધ્યાય,...'ની (ભક્તિ) કર. ઉપાધ્યાય એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત હોય અંદર. ફક્ત એ ભણે અને ભણાવે એની મુખ્યતાથી એને ઉપાધ્યાય કહેવામાં આવે છે. એની ભક્તિ કર. સેવા-ચાકરી કર. '**તપસ્વી,...**' મુનિ-મુનિ. મુનિ હોય ને મોટા મહિના-મહિનાના અપવાસ હોય. આત્માના આનંદના ધ્યાનમાં એવા મસ્ત હોય કે જેને આહાર લેવાની વૃત્તિ જ ઊઠે નહિ. મહિનો-મહિનો બબ્બે મહિના સુધી. આનંદ, અતીન્દ્રિય આનંદમાં ઝુલતા હોય. આહાહા..! એવા તપસ્વી, સમ્યગ્દર્શનના ભાન સહિત, વીતરાગી તપસ્વી મુનિ હોય એની ભક્તિ કર. સેવાચાકરી કર.

'**શૈક્ષ્ય,...**' શૈક્ષ્ય એટલે શિષ્ય. નવદિક્ષીત હોય એવા શિષ્યોની. આત્મજ્ઞાન હોય, આત્મદર્શન હોય, અનુભવની દશા પ્રગટી હોય અને નગ્નદશા જેની શિષ્ય મુનિની, એવાની સેવા કર. '**ગ્લાન,...**' રોગી-રોગી. મુનિ હોય એને રોગ હોય આકરો વર્તતો હોય. શરીર છે. મુનિ હોય એને રોગ આકરા થાય. આહાહા..! એની ભક્તિ. '**ગણ,...**' સાધુના ટોળા, સંતના ટોળા, અરે..! એક સંત મળે નહિ, એમાં ટોળાની વાતું કરે. આહાહા..! સંતના ગણની સેવા, એ '**કુલ,...**' પરંપરાએ ચાલ્યું આવતું હોય ને ધર્મનુ કૂળ ધર્માત્મા એનું. '**સંઘ,..**' એનો સમુદાય. '**સાધુ, મનોજ્ઞ-યે દસ ભેદ મુનિકે હૈં.**' મુનિના દસ પ્રકાર છે. વિસ્તાર ઘણો છે તત્ત્વાર્થસૂત્રમાં. તત્ત્વાર્થસૂત્ર છે એમાં ઘણો અધિકાર છે. એ દસ પ્રકારના બધા સમકિતી, જ્ઞાની, જૈન મુનિઓની આ વાત છે. બીજામાં તો મુનિપણું આવું હોઈ શકે નહિ. આહાહા..! હજી સમકિત હોઈ શકે નહિ બીજામાં, તો વળી સાધુપણું ક્યાંથી આવ્યું? આહાહા..! આકરી વાત. '**ઈનકા વૈયાવૃત્ય કરતે હૈં ઈસલિયે દસ ભેદ કહે હૈં.**' લ્યો! આની સેવા કરે, ચાકરી કરે. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ ૬, સોમવાર તા. ૨૭-૦૫-૧૯૭૪**
**ગાથા - ૧૦૬ થી ૧૦૮, પ્રવચન - ૧૫૮**

ભાવપાહુડ. ૧૦૬ ગાથા છે. '**આગે અપને દોષકો ગુરુકે પાસ કહના, ઐસી ગર્હાકા ઉપદેશ કરતે હૈં :—**' આત્માનું ભાન થયું હોય, ચારિત્ર પણ હોય, છતાં એને એવી દશામાં કોઈ દોષ લાગ્યો હોય, એ દશાને યોગ્ય ન હોય તો એ ગુરુ પાસે કહે એ વ્યવહારની રીત છે. ગુરુ પાસે એનું

આલોચન કરે.

'**અર્થ :- હે મુને!**' મુનિને ઉદ્દેશીને મુખ્ય વાત છે ને આ. '**જો કુછ મન-વચન-કાયકે દ્વારા અશુભ ભાવોંસે પ્રતિજ્ઞામેં દોષ લગા હો,...**' મુનિની જે પ્રતિજ્ઞા છે સવિરતીની એમાં કોઈ દોષ લાગ્યો હોય તો '**ઉસકો ગુરુકે પાસ અપના ગૌરવ (મહંતપનેકા ગર્વ) છોડકર...**' મહંતપણાનું અભિમાન છોડીને કે હું તો મોટો છું, મારાથી કેમ થાય? આહાહા..! જે એની ભૂમિકાને યોગ્ય ન હોય એવો દોષ લાગ્યો હોય તો મહંતપણાનું અભિમાન છોડીને દોષનું પ્રાયશ્ચિત લે. '**ઔર માયા (કપટ) છોડકર...**' હું મોટો છું, મારાથી કેમ આવો દોષ કહેવાય? એમ ગર્વ છોડી દે. '**માયા (કપટ) છોડકર મન-વચન-કાયકો સરલ કરકે ગર્હા કર અર્થાત્ વચન દ્વારા પ્રકાશિત કર.**' પોતાના આત્માની અંદર મુનિ પાસે નિંદા કરવી એ ગર્હા છે.

'**ભાવાર્થ :- અપને કોઈ દોષ લગા હો ઔર નિષ્કપટ હોકર...**' આ ભાવશુદ્ધિનું કારણ બતાવે છે. '**ગુરુકો કહે તો વહ દોષ નિવૃત્ત હો જાવે.**' એ દોષ એનો ટળી જાય. સરળપણે પોતાને જે જાતનો દોષ લાગ્યો હોય એ પોતાના આત્માની સાક્ષીએ, ગુરુની સાક્ષીએ ગર્હા (કરે). મુનિની એક વિધિ છે એમ કહે છે.

શ્રોતા :- દોષ ત્યાગ્યો કેમ નહિ? દોષ તો થયો છે. વયો કેમ જાય?

ઉત્તર :- દોષ, સ્વભાવનો આશ્રય કરે તો વયો જાય.

શ્રોતા :- એ વાત બરાબર છે.

ઉત્તર :- પણ એ બહારનો વ્યવહાર છે ને. વ્યવહારનો એટલો સરળપણે પોતાના અંતરમાં જે ભાવ છે એને જણાવે એટલું સરળપણું થઈ જાય અંદર. એટલું અંદરમાં અભિમાન ટળીને માયા-કપટ ટળીને એટલી સરળતાપૂર્વક કહે એટલો દોષ ટળે છે. આમ નિશ્ચયથી તો સ્વભાવનો આશ્રય લે ત્યારે જ ટળે છે. પણ અહીં તો અત્યારે વ્યવહારની વાત છે ને. આહાહા..! સર્વજ્ઞના માર્ગમાં આ વાત હોય છે એમ કહે છે. સર્વજ્ઞ પરમેશ્વર જેણે ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એણે જે મુનિમાર્ગની રીતિ કહી એ રીતિમાં એનાથી વિરુદ્ધ કંઈ થયું હોય તો એ દોષ ગુરુ પાસે ગર્હે, તો એ દોષ નિવારણ થઈ જાય એમ કહે છે.

'**યદિ આપ શલ્યવાન રહે...**' અંદર શલ્ય રહે. દોષ લાગ્યો હોય એને ટાળે નહિ મહંતપણાને લઈને અભિમાનમાં, તો શલ્ય રહી જાય અંદર. આ તો સરળ માર્ગ છે ભાઈ! આ કોઈ દુનિયાને છેતરવાનો માર્ગ નથી, આ તો આત્માના લાભનો માર્ગ છે. એથી આ ભાવપાહુડમાં આ વાત નાખી. પોતાના ભાવની નિર્મળતા માટે મલિનતાના ભાવનું પ્રાયશ્ચિત કરે અથવા ગુરુ પાસે ગર્હે. '**યદિ આપ શલ્યવાન રહે તો મુનિપદમેં યહ બડા દોષ હૈ,...**' મુનિ શું, શ્રાવક કે ગમે તે હો, એને યોગ્ય ન હોય એવી દશા થઈ ગઈ હોય તેને તો ગુરુ એટલે જ્ઞાની ધર્માત્મા એમની પાસે ગર્હે. આહાહા..! માન

મૂકીને, ગૌરવ મૂકીને, અભિમાન છોડીને, પોતાની પદવી મોટી હોય એનું પણ અભિમાન છોડીને કરે એ ભાવશુદ્ધિનું કારણ છે કહે છે. જુઓ! આવી નાનામાં નાની વાત પણ ભાવશુદ્ધમાં નાખી છે. જેને મિથ્યાદર્શન આદિ તો ટળી ગયા છે, પણ ચારિત્રદોષમાં પણ આટલી કોઈ ખામી આવી જાય તો એ ખામીનું પ્રાયશ્ચિત ગુરુ પાસે ગર્હણા કરે.

'**ઈસલિયે અપના દોષ છિપાના નહીં,...**' જે કાંઈ પોતાને દોષ લાગ્યો હોય એ ઢાંકવો નહિ. એને માર્ગે જાવું છે કે ગોપવીને અટકવું છે? આહાહા..! '**જૈસા હો વૈસા સરલબુદ્ધિસે ગુરુઓંકે પાસ કહે તબ દોષ મિટે...**' એટલી દોષ ગર્હણા થઈ ને? અશુભ ટળે એટલું અને શુદ્ધ સ્વભાવને આશ્રયે તો શુભ પણ ટળે. એમ કહે છે. આ તો પોતાના આત્માના લાભને માટે વાત છે ને કે દુનિયાને દેખાડવું છે એને? આહાહા..! એને દુનિયામાં મોટો દેખાઈશ તો ઠીક રહેશે, પણ અંદર દોષ લાગ્યા એનું શલ્ય રહેશે (એ) નુકસાન કરશે. આહાહા..! લોઢાનો એક કણ પણ રહી ગયો હોય શરીરમાં ક્યાંક તો સડે અંદરમાંથી. સડો કરતા બહાર સુધી સડો આવે. એમ આ નાનામાં નાનો કોઈ એવો દોષ એને હોય એને છોડી દેવો જોઈએ, નહિતર એ શલ્ય છે. માયા શલ્ય, મિથ્યા શલ્ય, નિદાન શલ્ય. એમ આ એક શલ્ય છે કહે છે. આહાહા..!

'**યહ ઉપદેશ હૈ. કાલકે નિમિત્તસે...**' હવે એ જરી પોતે મેળવે છે. કાળના નિમિત્તે '**મુનિપદસે ભ્રષ્ટ ભયે,...**' કોણ?

શ્રોતા :- કાળની વાત આવી એટલે દિગંબર છોડીને શ્વેતાંબર થયા.

ઉત્તર :- કાળના દોષથી, એમ કહે છે. આવો સનાતન દિગંબર માર્ગ વીતરાગ પરમેશ્વરનો કહેલો, કેવળીનો કહેલો. આહાહા..! એ માર્ગ ચાલ્યો આવતો હતો સનાતન અનાદિ. મહાવિદેહમાં તો એક જ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર બિરાજે છે ત્યાં મહાવિદેહમાં, ત્યાં તો એક જ માર્ગ છે. શ્વેતાંબર ને સ્થાનકવાસી એવો કોઈ .. નથી. બહારમાં નથી બિલકુલ. આહાહા..! એ વખતે બાર દુકાળ આદિ પડ્યા એમાં મુનિપદથી ભ્રષ્ટ થઈ ગયા. નગ્નપણું મુનિપણું ભાવલિંગપણે રાખી ન શક્યા. એથી કહે છે કે ભ્રષ્ટ થયા, '**પીછે ગુરુઓંકે પાસ પ્રાયશ્ચિત નહીં લિયા,...**' સાધુ આવ્યા બહારથી સાચા. કે ભાઈ આ માર્ગ આપણો નથી, આ શું કર્યું તમે આ? વસ્ત્રનો કટકો રાખ્યો ને વળી આ બધું. હવે આ કાળ પ્રમાણે અમારો આ માર્ગ છે. અરેરે..! આહાહા..! જીવ શું કરે છે? આખો સંપ્રદાય ચલાવ્યો, શ્વેતાંબર સંપ્રદાય. એ વાત કરે છે. સંપ્રદાયવાળાને કડક લાગે.

કહે છે કે ભગવાનનો માર્ગ તો અંતર સમ્યગ્દર્શન સહિત, અંતર સ્વરૂપની ચારિત્રદશા સહિત બહારમાં નગ્ન દશા એ માર્ગ અનાદિનો હતો. એ કાળના દોષને લઈને એમ, ભાષા તો એમ કહે ને. આહાહા..! એના કારણે મુનિપદથી ભ્રષ્ટ થયા. આહાહા..! ભારે વાતું આકરી. કહો, પંથ મોટો અને એને એમ કહેવું. ૨૫૦૦ વર્ષ ભગવાનના... આવે છે ... આ તો માર્ગની રીત છે બાપુ! કોઈ સાથે વેર

ને વિરોધની વાત નથી. કોઈ પ્રત્યે દ્વેષભાવ ન હોય. વસ્તુસ્થિતિ તો આ છે. બાકી સત્ત્વેષુ મૈત્રી. બધા આત્મા મૈત્રી તરીકે જોવે. આહાહા..! વસ્તુ તો આ હતી. વસ્ત્રનો કટકો રાખી અને પછી મુનિપણું મનાવા લાગ્યા, સર્વજ્ઞ પરમેશ્વર કેવળીનો માર્ગ જે હતો એનાથી ભ્રષ્ટ થયા. એને બે હજાર વર્ષ થયા. પ્રાયશ્ચિત ન લીધું. સંતોએ કહ્યું કે આ માર્ગ નથી. તમે શું કર્યું આ? તો કહે, હવે અમે એ પ્રમાણે ચાલવાના છીએ. અમારે બીજો માર્ગ છે નહિ. આહાહા..!

**'તબ વિપરીત હોકર અલગ સંપ્રદાય બના લિયે,... '** જુદો સંપ્રદાય બનાવ્યો આખો શ્વેતાંબર. પુનાતર! ઝીણી વાત છે. સંપ્રદાયની છે. આહાહા..! માણસને દોષ આવ્યો હોય એને પછી કાઢવો ભારે મુશ્કેલ છે. એને બદલવું... ફેરફાર કર્યો પછી આ ચલવવું એને ... કે ભાઈ આ માર્ગ નથી. અનાદિ વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા પરમેશ્વર એવો માર્ગ ત્રણ કાળમાં ક્યાંય છે નહિ. સર્વજ્ઞે જોયેલો. એક સમયમાં જેણે ત્રણ કાળ ત્રણ લોક (જોયા ને) વર્ણવ્યા એવા પરમેશ્વરે કહેલો આ માર્ગ છે. એ માર્ગમાં ફેરફાર કરવો એ .. નહિ. ફેરવ્યો નહિ, ફેરવ્યો નહિ (અને) સંપ્રદાય બનાવ્યો નવો, શાસ્ત્ર રચ્યા નવા બધા. એ ૪૫ સૂત્રો. એમાંથી ૩૨ માન્ય રાખ્યા. સ્થાનકવાસીએ ૩૨ રાખ્યા.

શ્રોતા :- ૭૦ બહુ નાના.

ઉત્તર :- એ તો નાના છે. એ તો બધા જોયા છે ને. બધાય સૂત્રો (સંવત) ૧૯૭૬માં ૪૫ સૂત્રો પાંચ મહિનામાં જોયા. ૭૬-૭૬, કેટલા વર્ષ થયા? ૫૪. ૪૫ સૂત્રો ટીકા સહિત (જોયેલા). ૭૬નું ચોમાસુ, દામનગર. બે ભાદરવા હતા. વ્યાખ્યાન લેવું. બસ, પછી તો કાંઈ નહિ. કોઈ વ્યાખ્યાન હોય નહિ. સવારે વ્યાખ્યાન બસ. આહાર એકવાર હોય. આખો દિવસ વાંચવું. ૪૫ સૂત્ર વાંચ્યા પાંચ મહિનામાં. કાંઈ ન મળે પણ. પૂર્વાપર વિરોધનો પાર ન મળે. નવા બનાવેલાને કલ્પિત. કઠણ વાત છે, ભાઈ!

**'ઐસે વિપર્યય હુઆ.' 'અલગ સંપ્રદાય બના લિયે,...'** આહાહા..! હમણા આવ્યા હતા. ચાર બસ આવી હતી. આવ્યા હતા. પગે લાગવા. અમને ઓળખે ખરા ને. અમારો .. પાલેજનો. મૂળચંદભાઈ છે ને ત્યાં શેઠ છે. મૂળચંદભાઈ .. છે. ચાલીસ લાખ. એ આવ્યા હતા. પછી આવતા. મૂળચંદભાઈ ને એ આવ્યા હતા. રાજકોટવાળો છે ક્યાંક. એ મૂળચંદભાઈનો .. અમલનેરથી આવ્યા હતા. હમણા ચાર બસ આવી હતી ત્યાં. વળતા આવ્યા દર્શન કરવા. ઓહોહો..! પણ તમે આ શું બનાવ્યું મોટું! કુદરતે બની ગયું છે. રામજીભાઈએ બનાવ્યું નથી ને વજુભાઈએ બનાવ્યું નથી. અમે તો આવું ધાર્યું હતું ક્યાં કે આવું થશે. આ .. દસ લાખ.. આ તો મોટું થઈ ગયું. ... પાલેજના હતા. કીધું, સાચી વાત. પાલેજ .. અહીં તો રાત્રે કહી ગયા. ... બાપુ! અહીં તો આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શનની વાત છે ભાઈ! આત્મા શું ચીજ છે એના ભાન વિના, એની શ્રદ્ધા અને અનુભવ વિના આ બધી ક્રિયા-ક્રિયા બધી ફોગટ છે. તો હા તો પાડે ઓઘે ઓઘે.

શ્રોતા :- ઓઘે ઓઘે.

ઉત્તર :- હા, એટલે એમ કે .. કરીએ પણ અમને શ્રદ્ધા છે એમ ઊંડે માને. અમને શ્રદ્ધા ક્યાં નથી? શ્રદ્ધા તો છે. આહાહા..! એ શાંતિભાઈના મકાનમાં... ચીમનભાઈ નથી આવ્યા? ઠંડી છે તો નહિ આવ્યા હોય. શાંતિભાઈનું મકાન છે ને. એના આઠમે માળે છે ને, આપણે રહેતા ઈ. આઠમો માળ ઉપર હતો. બારમે માળે. એ આ પાલનપુરવાળા ગૃહસ્થ મોટા ઝવેરી છે. ડોસો.... ૮૮ વર્ષની ઉંમર. આહાહા..! પણ શરીર જુઓ તો સારું, હરતું-ફરતું ફર્સ્ટક્લાસ લાકડી વિના ચાલે. ગૃહસ્થ માણસ. સામાયિક, પડિક્કમણા બધી લાઈનસર ક્રિયા સવારથી સાંજ સુધી કર્યા કરે. ધંધો-બંધો છોડી દીધો. છોકરાઓ કરે છે. પૈસાવાળા છે. એક-બે વાર દર્શન કરવા આવ્યા હતા બહુ કીધું તો. મેં કીધું, સમકિત? સમકિત તો આ બધું કરતા કરતા થાય, એમ. શું થાય? જગતને શું ચીજ છે અંદર (ખબર નથી). આહાહા..! એના અંતરમાં વસ્તુની પ્રાપ્તિ વિના... આહાહા..!

પહેલું તો એ કે આ આત્મા સર્વજ્ઞ થઈ શકે છે એ વાત જ્યારે બેસે; કેમકે આત્મા પોતે સર્વજ્ઞ સ્વભાવી છે, જ્ઞ-સ્વભાવી છે એટલું તો એણે જાણવામાં લેવું જોઈએ ને? જ્ઞ-સ્વભાવી છે, જાણકસ્વભાવી છે. તો જાણકસ્વભાવમાં પછી અપૂર્ણતા અને વિપરીતતા એ સંભવે જ નહિ. એવો જે સર્વજ્ઞ સ્વભાવી ભગવાન, અને જ્યારે એ સ્વભાવ છે તો એને પ્રગટ જીવોને થયો છે, થયો છે અનંતને તો એવા કેવળીઓ પણ જગતમાં છે. સર્વજ્ઞ પરમેશ્વર એવા છે જગતમાં. પહેલી સર્વજ્ઞની પણ વ્યવહારુ શ્રદ્ધા તને ન આવે એને આત્માની શ્રદ્ધા થઈ શકે જ નહિ. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર છે એનું બહુમાન.. ભલે વર્તમાન નજરે ન હોય, પણ વર્તમાન ક્યાંક છે એવું તો એને અનુભવમાં, નિર્ણયમાં આવવું જોઈએ ને? કારણ કે આત્મા સર્વજ્ઞસ્વભાવી એના સાધકજીવો થયા અને એ સાધક થનારા અસંખ્ય સમયમાં જ કેવળજ્ઞાન પામે. એ સાધક જે અનુભવદૃષ્ટિ થઈ અને પછી કેવળજ્ઞાન પામવાને એને અનંત કાળ ન જોઈએ, અસંખ્ય સમય જ જોઈએ. પછી ભલે બે, પાંચ, પંદર(ભવ) પણ એ અસંખ્ય સમયમાં. આહાહા..! ત્યારે કહે, એવું ક્યાંથી અમને ખબર પડે? પણ એમ તો થાય કે નહિ કે ... અનંત કાળમાં અનંતા જીવો થઈ ગયા. એ સાધક થયા કે નહિ? સાધનારા સ્વરૂપને. સર્વજ્ઞપણું છે અંદર એને સાધનારા થયા કે નહિ? તો સાધનારા થયા તો એને સાધીને પૂર્ણ થવામાં અનંત કાળ જોઈએ? કેમકે ત્રસમાં રહેવાની સ્થિતિ જ અનંત કાળ નથી. ત્રસમાં રહેવાની સ્થિતિ જ બે હજાર સાગર છે. આહાહા..! એટલે એને પૂર્ણ થવામાં, ત્રસમાં રહેવામાં (અને) પૂર્ણ થવામાં કાળ જ થોડો છે એને. પૂર્ણ થવાને હોં! આહાહા..! એવા અનંતા જીવો થઈ ગયા અનંત કાળની અપેક્ષાએ. આહાહા..! તો એ છે કે નહિ ક્યાંય કેવળી? અને એ કેવળી છે તો એ જ્યારે શરીરસહિત હતા અરિહંત તો એની વાણી હતી. તો એ વાણીમાં સર્વજ્ઞપણા અને સાધકપણાનો મુનિપણાનો ભાવ કેવો હોય એ અહીં વર્ણન ચાલે છે. એ ભગવાને જોયું એવું વર્ણન કર્યું. સર્વજ્ઞ(પદ) પામવાને માટે આવું સાધન

સ્વરૂપમાં એકાગ્રતા દર્શન-જ્ઞાન-ચારિત્રની હોય. આહાહા..! અને એની વાણીમાં તત્ત્વો આવ્યા, એ તત્ત્વો એ આવ્યા કે જીવતત્ત્વ શું? મોક્ષમાર્ગ તત્ત્વ શું? એટલે સંવર-નિર્જરા શું? બંધતત્ત્વ શું? પુણ્ય-પાપ એ શું? એ બધું સર્વજ્ઞની વાણીમાં આવ્યું. એ સિવાય અજ્ઞાનીઓ પોતાની મેળાએ કલ્પીને કરે માર્ગ કે એ તત્ત્વ-એમ ન હોઈ શકે. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની એક સમયમાં (જાણે) એને જે માનતા નથી, કેવળજ્ઞાની જગતમાં છે એમ જ માનતા નથી, એ તો મૂઢ જીવ મિથ્યાદૃષ્ટિ છે. એ પછી ગમે એટલી આત્માની વાતું કરે. આત્મા જ એને કહીએ કે કેવળજ્ઞાનની પર્યાયમાં પૂર્ણતા પામે એને આત્મા કહીએ. હવે એવો પામેલો આત્મા જગતમાં છે, એની જેને ખબર નથી એને આત્મા પૂર્ણ સ્વરૂપે શું છે એની શ્રદ્ધાની ખબર નથી એને. ભાઈ! આહાહા..! એટલે ખરેખર તો એ આત્માની જ એને ખબર નથી. આહાહા..! હવે આત્માની ખબરું નથી એ વાતું કરે ધ્યાનની, કાયોત્સર્ગની ને ફલાણું કરવું, આમ કરવું, તે કરવું. બધા ગપે ગપ.

શ્રોતા :- આપનારને ખબર ન હોય તો એ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થઈ શકે છે.

ઉત્તર :- આર્તધ્યાન અને રૌદ્રધ્યાન આ તો ધર્મધ્યાન અને શુક્લધ્યાનની વાત ચાલે છે. ઊંધું જ્ઞાન તો કરી રહ્યો છે અનાદિથી. આહાહા..!

અંતર સ્વરૂપ ભગવાન આત્મા ચિદાનંદનો નાથ પ્રભુ, એનું ધ્યાન એટલે ધ્યેય, જે એણે ધ્યેય લેવું એ ચીજ કેવી છે? એ પૂર્ણ સ્વરૂપી છે, પૂર્ણ પ્રાપ્ત કરે એવી એની યોગ્યતા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી જ્યાં સુધી પ્રથમ પ્રતીત ન આવે ત્યાં સુધી તેને કેવળીની પ્રતીત નથી, આત્માની પ્રતીત નથી. આત્મા પૂર્ણ કેવો હોય એની પણ એને શ્રદ્ધાની ખબર નથી. આહાહા..! આ કોઈ વાડાની રીત નથી. આ તો વસ્તુના સ્વરૂપની રીત છે આ તો. આહાહા..! એટલે એમાં તો આત્મા પૂર્ણ કેવો એ પણ એની પ્રતીતમાં આવે ત્યારે પૂર્ણ પ્રાપ્તવાળા જીવોની પણ પ્રતીતિ આવે અને પૂર્ણ પ્રાપ્તનું સાધન ક્યું હતું એ પણ એની પ્રતીતમાં આવે. અને પૂર્ણ પ્રાપ્ત જીવોની વાણી કેવી હોય? એ વાણીમાં વીતરાગતા જ આવે. જે વાણીમાં વીતરાગતાનું પોષક હોય એ વાણી વીતરાગની (છે). તો એ શાસ્ત્રને પણ પરખવાની આ એની કુંચી. આહાહા..! એટલે દેવ, ગુરુ અને શાસ્ત્ર ત્રણે આવી ગયા એમાં. આહાહા..! દિવ્યશક્તિ પૂર્ણ પ્રાપ્ત થાય એ પરમાત્મા. હવે એનાથી આઘી વાત કોની ઘરની હશે? એ કોને ઘરે? આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- અજ્ઞાની છે, મૂઢ છે. આહાહા..! ઓલા કહે છે, સાધન પૂરું કરીને આવ્યા છીએ. હવે તો ફક્ત આ.. એમ કે લોક માટે આ વાણી ને બધું છે. આહાહા..! જીવ કરે છે ને.

શ્રોતા :- એને બેઠી છે.

ઉત્તર :- બેઠી હોય, એ તો અજ્ઞાનમાં પાગલપણામાં મરી જાય એમાં શું છે? આહાહા..!

અહીં તો આ મુનિપણાની રીતથી ભ્રષ્ટ થયા ત્યારે એને ખરેખર તો એ આત્માનું પૂર્ણ સ્વરૂપ શું? અને કેવળજ્ઞાન શું? અને એની વાણી શું? એ બધાથી ભ્રષ્ટ થયા. પંડિતજી! વાતું આવી છે ભાઈ!

શ્રોતા :- ...

ઉત્તર :- ત્રણેમાં બધું ગયું. .. .. વિપરીત હતું. એવો માર્ગ છે, બાપા! કોઈ વ્યક્તિ પ્રત્યેનો વિરોધ નહિ. એ આત્મા છે. એની ભૂલનું ફળ એણે ભોગવવું પડશે. આહાહા..! ચાર ગતિના દુઃખો ભોગવ્યા અનંત વાર. એ દુઃખોને ભોગવશે એના ઉપર દ્વેષ કેમ થાય? આહાહા..! એના પ્રત્યે તો કરૂણા ઊપજે જોઈ. ન શ્રીમદ્દે કહ્યું? આવે છે? આત્મસિદ્ધિમાં.

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,
માને માર્ગ મોક્ષનો, કરૂણા ઊપજે જોઈ.

ભાઈ! એની દયા આવે છે, કરૂણા ઊપજે. આહાહા..! કહો, ચેતનજી! એવી ભાષા છે જુઓ! આહાહા..! અરેરે..! વિપરીત દૃષ્ટિમાં ઘૂંટાઈને એ માની બેસે કે મને આનાથી ધર્મ થશે, પરંપરાએ થશે. ભાઈ! કહે છે કે એવી ક્રિયાજડવાળા અને કાં શુષ્કજ્ઞાનની વાતું કરનારા.. આહાહા..! જેને અંતરમાં જ્ઞાનસ્વરૂપનો, આનંદસ્વરૂપનો સ્પર્શ નથી અને વાતું એકલી કરીને જાણે મોક્ષ થઈ જશે. આહાહા..! ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એમાં આરૂઢ થયા વિના જે કાંઈ ક્રિયાઓ (છે એ) બધી નિરર્થક છે. ચાર ગતિમાં રખડવાની છે. આહાહા..!

અહીંયાં તો કહે, આ સંપ્રદાય થયો. આમ વિપરીત થઈ ગયું એમ કહે છે. આહાહા..! શ્રદ્ધા વિપરીત, જ્ઞાન વિપરીત, આચરણ વિપરીત, શાસ્ત્ર વિપરીત, એનું કેવળીનું સ્વરૂપ વિપરીત, ગુરુનું સ્વરૂપ વિપરીત, ધર્મનું સ્વરૂપ વિપરીત. આહાહા..! એમાં બધું વિપરીત થઈ ગયું ભાઈ! આહાહા..! એ આમાં એ મેળવ્યું એમણે. જયચંદ્ર પંડિતનો છે ને આ અર્થ.

**'આગે ક્ષમાકા ઉપદેશ કરતે હૈં :—'** આહાહા..!

**दुज्जणवयणचडक्कं णिट्ठुरकडुयं सहंति सप्पुरिसा।**
**कम्ममलणासणट्ठं भावेण य णिम्ममा सवणा।।१०७।।**

**'અર્થ :- સત્પુરુષ મુનિ હૈં...'** જે ધર્માત્મા સત્પુરુષ મુનિ છે. **'વે દુર્જનકે વચનરૂપ ચપેટ જો નિષ્ઠુર (કઠોર) દયારહિત ઔર કટુક (સુનતે હી કાનોંકો કડે શૂલ સમાન લગે)...'** આકરા શૂળ સમાન. **'ઐસી ચપેટ હૈ ઉસકો સહતે હૈં.'** ઓહોહો..! એ તો એની વાણીનો યોગ હોય તે બોલે. મને શું કહે છે ઈ? કાંઈ કહેતા નથી મારા માટે. હું કોણ છું એની તો એને ખબર નથી. કોણ નિંદા કરે? ચપેટ મારે, કોઈ થપ્પડ મારે, આકરા વચન કહે. સમતા, જ્ઞાતા-દૃષ્ટાપણે જાણે. એ અવસ્થાની મારા જ્ઞાનની પર્યાયમાં એ જ જાણવાની લાયકાત હતી. મારી પર્યાયમાં એ જાણવાની લાયકાત હતી તો જ્ઞાનપર્યાયમાં જાણું છું. એને ના પાડું કે આમ નહિ તો તો વસ્તુ જ્ઞાનની પર્યાયનો નિષેધ થઈ જાય.

આહાહા..! જ્ઞાનની પર્યાયમાં તે વખતને કોઈ પ્રહાર કરે, મારે, ગાળ (દે) એ જ્ઞાનની પર્યાયમાં જાણવાને લાયક જ હતું તે વખતે. એ પર્યાયમાં એ જ પર્યાય હતી. આહાહા..! એમ જાણીને ક્ષમા કરે. સમજાણું કાંઈ?

**'સત્પુરુષ મુનિ હૈં વે દુર્જનકે વચનરૂપ...'** કઠોર, દયા રહિત. આહાહા..! કડુવે **'કટુક...'** કટુ શબ્દ. આહાહા..! **'ઐસી ચપેટ હૈ ઉસકો સહતે હૈં. વે કિસલિયે સહતે હૈં? કર્મોંકા નાશ હોનેકે લિયે સહતે હૈં.'** આહાહા..! પરિષહમાં નથી આવતું? કર્મ આઠણ અક્રમ નહિ? કર્મ પરિષહ કેમ સહન કરે? શું સૂત્ર? ભૂલી ગયા. નહોતું આવતું? કર્મ નાશને માટે.

શ્રોતા :- માર્ગ ...

ઉત્તર :- હા માર્ગ.. માર્ગથી ભ્રષ્ટ ન થાય અને સહન કરે. નિર્જરા. માર્ગ સેવનાર્થં નિર્જરાર્થં પરિષહ.

શ્રોતા :- માર્ગાર્થં...

ઉત્તર :- એ. એમાં તો ઘણું ભર્યું છે. પોતાનો માર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એમાંથી ભ્રષ્ટ ન થાય, એમાંથી ન ખસવા માટે માર્ગ અચલનં, નિર્જરાર્થં અને અશુદ્ધતાને ટાળવા માટે પરિષહજય પરિષહજય (કરે). આહાહા..! એવી એક શાસ્ત્રની રચના તો જુઓ! તત્ત્વાર્થસૂત્ર.. પણ માર્ગ અચલનાત્. જે આત્મા શુદ્ધ ચૈતન્ય એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં રમે છે, એમાંથી નહિ ખસવા માટે. આહાહા..! અને પૂર્વના કર્મ અને અશુદ્ધતા ટળવા માટે પરિષહ જીતે છે જીવ. આહાહા..! એ કાંઈ સાધારણ વાત નથી, એ કાંઈ પરને માટે નથી. આહાહા..! માર્ગથી નહિ ચળવા માટે સ્વરૂપની શ્રદ્ધાથી, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની જેટલે અંશે સ્થિરતા છે, એમાંથી નહિ ચળવા (માટે), માર્ગ અચલં. આહાહા..! એને કર્મના ક્ષય માટે નિર્જરા કરે છે એ. આહાહા..! ટૂંકી વાતમાં ઘણું ભર્યું છે આચાર્યે તો. એક કોર એમ કહેવું કે સાંભળવું એ પુણ્યબંધનું કારણ છે. એક કોર એમ કહેવું કે આચાર્યના શબ્દો એકાંતમાં વાંચે તો (અમૃતના) બુંદ બુંદ ઝરે છે. આવે છે? નિહાલભાઈમાં આવે છે. અપેક્ષાથી જાણવું જોઈએ ને.

શ્રોતા :- નિશ્ચય-વ્યવહાર.

ઉત્તર :- નિશ્ચય-વ્યવહાર. વિકલ્પ છે તેને મુખ્ય ગણીને બંધન કહ્યું. પણ અંતર લક્ષને જોરે ત્યાં આગળ સાંભળવાનો વાંચવા આદિનો કાળ હોય છે તો ત્યાં શાંતિ થાય છે, આનંદ ઝરે છે કહે છે. આહાહા..! ધર્મી જીવને તો વાંચન, શ્રવણ, મનન વખતે પણ શુદ્ધતા તરફનો આશ્રય હોય તેથી શુદ્ધિ થાય છે. ઓલાને કારણે નહિ... આહાહા..! સાંભળવાને કારણે નહિ. સાંભળવા ઉપર જે લક્ષ છે એ તો રાગ છે. આહાહા..! ભારે આકરી વાત ભાઈ! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.' આડું અવળું કરી નાખે તો તું આડો થઈ જઈશ. માર્ગ તો છે ઈ છે. આહાહા..!

અહીંયાં તો કહે છે, **'કર્મોંકા નાશ હોનેકે લિયે સહતે હૈં.'** આ એ. માર્ગ અચલં નિર્જરાર્થં

પરિષહ... આહાહા..! ઊમાસ્વામીનું વાક્ય છે. આહાહા..! **'પહિલે અશુભ-કર્મ બાંધે થે ઉસકે નિમિત્તસે દુર્જનને કટુક વચન કહે,...'** એ કાને પડ્યા. ઓલા અશુભનો ઉદય હતો. એમાં તને શું એમાં થયું? એમ કહે છે. આહાહા..! એ ખરી ગયું. આ બોલવું સહેલું છે, પણ અંદર સમાધાન કરીને...

શ્રોતા :- સમાધાન કરીને પરિણામ...

ઉત્તર :- ઈ વાત છે આ. એ કાળે આકરા શબ્દો પડ્યા માથે. સમજ્યાને? એવા પડે... એને સાંભળતા શાંતિ રાખે. અશુભકર્મનું બંધન કર્યું હતું એ ખરી જાય છે.

**'વચન કહે, આપને સુને, ઉસકો ઉપશમ પરિણામસે આપ સહે,...'** જાણવાના-દેખવાના ભાવથી એને સાંભળે એમ કહે છે. લ્યો! **'તબ અશુભકર્મ ઉદય હોય ખિર ગયે.'** પૂર્વનો અશુભ કર્મ હોય એ ખરી જાય. કોઈને માથે શું કરવા નાખે કે એ તમે આવું કર્યું, એ તમે આમ કર્યું. આવા આકરા શબ્દો બોલ્યા. હવે એ તો એને ઠીક પડે એમ કહ્યું, તું હવે સાંભળને. તું શાંતિ રાખને. આહાહા..! **'અશુભકર્મ ઉદય હોય ખિર ગયે. ઐસે કટુકવચન સહનેસે કર્મકા નાશ હોતા હૈ.'** એવા કઠણ વચનો (સાંભળતી વખતે), જ્ઞાતા-દૃષ્ટા મારો સ્વભાવ તો જાણવાનો છે. એ ચીજ કાંઈ મને કહેતી નથી કે સાંભળ, તેમ આ જ્ઞાન પોતાની દશા છોડીને ત્યાં સાંભળવા એની પાસે જાતું નથી. આવતું નથી સર્વવિશુદ્ધમાં? આહાહા..! આચાર્યોએ તો ... આહાહા..! એ શબ્દ એમ નથી કહેતું કે મને સાંભળવા રોકા, તારું જ્ઞાન રોકાઈ જા, તેમ જ્ઞાનની વર્તમાન પર્યાય શબ્દને માટે અંદર જાય-એની પાસે નથી જતી, જ્ઞાનની પર્યાય જ્ઞાનમાં રહે છે. આહાહા..! એવું અંતરમાં સમાધાન કરીને સહન કરવું નામ ક્ષમા કરવી, ક્ષમા કરવી. આહાહા..! ઉપશમભાવ કરવો એમ કહે છે. ખદબદાટ અંદર થાય વિકલ્પનો એમ ન થાય. એ તને નુકસાનનું કારણ છે. આહાહા..! લ્યો!

**'ઐસે કટુકવચન સહનેસે કર્મકા નાશ હોતા હૈ.'** આ રીતે પણ હોં! ઓલું સમ્યગ્દર્શનના ભાનસહિત. એકલા કટુક સહન કરે એ તો એક શુભભાવ છે, પુણ્ય બાંધે. પાછા લઈ જાય કે જુઓ અમે કટુક વચન સહન કરીએ છીએ. પણ એ સહન કરે છે એ આત્માના ભાન વિના. એ તો કાંઈ પુણ્ય બાંધે. શુભભાવ ક્ષમા, વ્યવહાર ક્ષમા. આ તો નિશ્ચય ક્ષમા. આત્મા જ પોતે પોકાર કરીને ઉઠ્યો, હું તો જાણનાર છું. એ શબ્દ મને કહ્યા જ નથી. મારી પાસે શબ્દ આવ્યા જ નથી, મારી પર્યાય ત્યાં ગઈ નથી. હું છું ત્યાં છું. આહાહા..! એમ કરીને અંદર સમ્યગ્દર્શન સહિત ક્ષમા કરવી એ કર્મની નિર્જરાનું કારણ છે, કર્મના નાશનું કારણ છે.

**'વે મુનિ સત્પુરુષ કૈસે હૈં?'** **'सप्पुरिसा'** પહેલો અને છેલ્લો. **'વે મુનિ સત્પુરુષ કૈસે હૈં? અપને ભાવસે વચનાદિકસે નિર્મમત્વ હૈં,...'** ભાવથી વચન આદિથી નિર્મમત્વ. એ વચન મને કહ્યા એવી એને મમતા નથી, નિર્મમ છે. આહાહા..! એ વાણી, વચન મને કહ્યા જ નથી. વચન મને શું કહે? હું તો આત્મા છું. આહાહા..! જોયું! **'અપને ભાવસે વચનાદિકસે નિર્મમત્વ હૈં,...'**

વચનથી, શરીરથી-પરપદાર્થ મારા એનાથી તો નિર્મમત્વ છે. આહાહા..! '**વચનસે તથા માનકષાયસે ઔર દેહાદિકસે મમત્વ નહીં હૈ.**' એનો ખુલાસો કર્યો કે વચનથી નહિ, માનકષાયથી નહિ, દેહાદિકમાં મમતા નથી. આહાહા..! એ વચન મને કહ્યા એવી મમતા નથી. દેહ મારો છે (એમ નથી) અને આ દેહનું નામ લઈને કહે છે, પણ દેહ જ મારો નથી. આહાહા..! અને માનકષાય એને હોતો નથી. અભિમાન નથી. નિર્માનપણે સહન કરે. આહાહા..! અમને? અમને તમે આમ કહો? તમે કોણ? ભાઈ હવે રહેવા દે ને. તું તારામાં રહે, એ એનામાં છે. એ અંતરમાં સમ્યક્ શ્રદ્ધાના ભાનસહિત ક્ષમા રાખવી એ અપૂર્વ વાત છે, એ અપૂર્વ વાત છે. વિકલ્પ ઉઠાવ્યા વિના. આહાહા..! આવી રીત સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીના પંથમાં આ રીત માર્ગ હોય છે. આહાહા..! બીજાને તો કાં દ્રવ્ય માન્યું અને પર્યાય માની નહિ, પર્યાય માની અને દ્રવ્ય માન્યું નહિ, દ્રવ્ય માન્યું તો કેટલા ગુણવાળું સ્વતંત્ર એમ માન્યું નહિ. આહાહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા અને રજકણને જેટલા ગુણવાળા કહ્યા, તેવો આત્મા, તેટલા ગુણવાળો રજકણ, સ્વની અને પરની યથાર્થ પ્રતીતિના ભાનસહિત આવી ક્ષમા કરે તેનો કર્મનો નાશ થાય છે એમ કહે છે. આહાહા..!

'**મમત્વ હો તો દુર્વચન સહે ન જાવેં,...**' આહાહા..! દેહ મારો અને આ વચનો મને કહે છે એવી જો મમતા હોય તો સહી ન જાય એનાથી. આહાહા..! ખળભળાટ.. ખળભળાટ થઈ જાય અંદર. આ તત્ત્વની વાત ચાલે છે હોં! કોઈ સાધારણ વાત નથી આ. આહાહા..! '**અભાવસે દુર્વચન સહતે હૈં.**' આહાહા..! '**અતઃ મુનિ હોકર કિસી પર ક્રોધ નહીં કરના યહ ઉપદેશ હૈ.**' ધર્માત્મા થઈને બીજા પ્રત્યે ક્લેશ, ક્રોધ, અભિમાન કરીને એનો તિરસ્કાર કરવો એમ ન હોય. '**લૌકિકમેં ભી જો બડે પુરુષ હૈં...**' લ્યો! લૌકિકમાં પણ જે મોટા પુરુષ છે એ '**દુર્વચન સુનકર ક્રોધ નહીં કરતે હૈં,...**' મોટા પુરુષો સાંભળી લે. આપણને એમાં શું છે? આહાહા..! બાળક તો એ રીતે જ કહે. છોકરું-બાળક આવીને પિતાને થપ્પડ મારે, ક્રોધ કરે છે ઈ? એ તો બાળક છે. એને તો 'મારું બાળક' છે એમ ધારીને (શાંતિ રાખે છે). નહિતર અહીં તો બાળક છે (એટલે) એ તો અજ્ઞાની છે એમ જાણીને શાંતિ રાખે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- એ બધી વાતું. એ તો કલ્પનાની. તત્ત્વ ક્યાં આવ્યું એમાં. એ તો છે ને, ખબર છે ને. પ્રાયશ્ચિત્ કરે છે. એ ક્ષમા જ ક્યાં છે? ભાન જ જ્યાં નથી ત્યાં. એ માર્ગ બીજો .. એમ કહે. એ તો આ દેશ માટે બધા મરે છે નહિ કેટલાક? એ તે ક્ષમા ...? આ તો આ દેહ મારો નહિ, વાણી મને કહેતી નથી, એ વાણી તો જડ છે, મને કહેવાની એમાં વાણીમાં તાકાત નથી (કેમ) કે મને એ વાણી જાણતી નથી. એમ જાણીને જે સમતા રાખે. બીજો ગાલ ધરે એનો અર્થ શું? લૌકિક વાતું બધી. સર્વજ્ઞ સિવાય એ વાત સાચી ક્યાંય હોય જ નહિ. આહાહા..!

**'દુર્વચન સુનકર ક્રોધ નહીં કરતે હૈં, તબ મુનિકો સહના ઉચિત હી હૈ.'** કહે છે કે જગતમાં પણ મોટા પુરુષો સાધારણની વાત સાંભળીને (શાંતિ રાખે છે). હાથી ચાલતો હોય, પાછળ કૂતરા ભસતા હોય. હાથી સામું જોવે એની? એ તો ચાલે છે. હાથી તો ચાલ્યો જાય છે એને રસ્તે. આ તો મોટરને કૂતરા ભસે છે. મોટર ચાલતી હોય ને કૂતરા ભસીને સાથે દોડે. કેટલી વાર દોડી શકે એ? પછી થાકી જાય તો ઊભા રહી જાય. આહાહા..! એમ ધર્મને પંથે ચાલનારા દોડીને અંદર.. એને કોઈ બીજા કહે તો સાંભળે. સામું શું જોવે? આહાહા..! માર્ગ ભારે ભાઈ!

**'તબ મુનિકો સહના ઉચિત હી હૈ.'** મોટા પુરુષો સંસારમાં સાધારણ વાત કરે કે નહિ? .. એ સાધારણ છે. તો ધર્મી પુરુષો એને સહવું ઉચિત છે. એને માટે તો એ જ લાયક છે. આહાહા..! **'જો ક્રોધ કરતે હૈં વે કહનેકે તપસ્વી હૈં,...'** એ કહેવાના મુનિ આદિ છે કહે છે. આહાહા..! **'સચ્ચે તપસ્વી નહીં હૈ.'** આહાહા..!

'આગે ક્ષમાકા ફલ કહતે હૈં :—'

पावं खवइ असेसं खमाए पडिमंडिओ य मुणिपवरो।
खेयरअमरणराणं पसंसणीओ धुवं होइ।।१०८।।

**'અર્થ :- જો મુનિપ્રવર (મુનિયોંમેં શ્રેષ્ઠ, પ્રધાન)...'** આત્મજ્ઞાન સહિત સ્વરૂપમાં સ્થિરતા જેની જામી છે. આહાહા..! જેને સ્થિરતા ક્યાં કરવી એવી ચીજનો ભેટો થયો છે અને એમાં સ્થિરતા કરી છે. ચારિત્ર એટલે સ્થિરતા, રમણતા ક્યાં કરવી એ ચીજનો ભેટો, અનુભવ થઈ ગયો છે. આહાહા..! એથી એમાં ચારિત્રની રમણતા જામી છે. આહાહા..! એ રમણતાવાળો સંત, મુનિ **'ક્રોધકે અભાવરૂપ ક્ષમાસે મંડિત હૈ...'** એ તો ક્રોધના અભાવરૂપ ક્ષમા(સહિત) છે. શાંત... શાંત... શાંત... આહાહા..! ક્ષમાથી શોભિત છે. પ્રધાન સંત, મુનિ તો ક્ષમાથી શોભિત છે એમ કહે છે. ક્ષમા રાખે એ એની શોભા છે. ક્રોધ કરે, બદલો વાળે તો એની મહત્તા રહે છે એમ નથી. ગાળ દેનાર ઉપર એ ક્રોધ કરીને પાછો પાડે એને હેઠે તો એ મહત્તા અને શોભા રહે છે એમ નથી. આહાહા..! મહત્તાની શોભા તો આમ રહે છે, ક્ષમા કરવાથી રહે છે. ક્રોધના અભાવથી, ક્ષમા કરવાથી એને શાંતિ રહે છે. એની મહત્તા એની એ શોભા છે એમ કહે છે. આહાહા..! કાંઈક પ્રતિકૂળ કીધું એટલે એની સામે કાંઈક કહું તો મારી સરખાઈ રહે, એ શોભા નથી કહે છે, એમ કહે છે. આહાહા..! શોભા તો, એ ગમે તેટલું કહે તોપણ સામેથી કંઈ પણ અવાજ નહિ, ક્રોધ નહિ, પ્રતિકૂળતાનો અંશ નહિ એવી ક્ષમા પ્રગટ કરે એ એની શોભા છે. એ એની શોભામાં એ ભળે છે. ક્રોધ કરીને પોતાના પદને જાળવી રાખવા માટે ક્રોધ કરે એ એની શોભા નથી. એ પદની શોભા તો ક્ષમાથી જ છે. આહાહા..! 'શઠં પ્રત્યે ...' કહે છે ને માણસો. એવો માર્ગ ન હોય ભાઈ! ક્ષમા રાખે છે. આહાહા..! અને અહીં તો મુનિની વાત છે ને.

**'વહ મુનિ સમસ્ત પાપોંકા ક્ષય કરતા હૈ...'** ક્રોધાગ્નિ ન ઉત્પન્ન કરતા શાંતિનો રસ ઉત્પન્ન કરે

છે. આહાહા..! સમરસ જળમાં સ્નાન કરે છે. આ કહે, ભાઈ શેત્રુંજય નદીમાં ન્હાય. ન શેત્રુંજયે ન્હાય એનો અવતાર એળે જાય એમ બધી વાતું કરે. શેત્રુંજયનું બહુ માહાત્મ્ય આમાં આવ્યું છે. અભવિ હોય .. શેત્રુંજય જાય એનો મોક્ષ થઈ જાય. આ સમ્મેદશિખર જાય નથી કહેતા? સમ્મેદશિખર જાય (એનો) એક, બે ભવે (મોક્ષ થાય). ૪૯ ભવે એક જણો કહેતો હતો. ૪૯ ભવે. મેં કીધું, એ વાણી, સમ્મેદશિખરના-પરના દર્શને ભવ ઘટે (એમ કહે) એ વાણી વીતરાગની નહિ. મહાવીરકીર્તિ આવ્યા હતા. એ કહે કે આમ લખ્યું છે સમ્મેદશિખર માહાત્મ્યમમાં. શું છે? કે સમ્મેદશિખરના દર્શન કરે તો ૪૯ ભવે (મોક્ષ થાય). કીધું, પરના દર્શનથી ભવ ઘટે એ વાણી વીતરાગની નહિ. મેં શાંતિથી કહ્યું. સાંભળ્યું એમણે. આહાહા..! વાત તો આમ છે, આમ છે. પણ શું આમ છે? આહાહા..!

ત્રણ લોકના નાથના સમવસરણમાં દર્શન કરે તો ભવ ઘટે નહિ. ભવ ઘટે પરથી? એ તો શુભરાગ છે. આહાહા..! વસ્તુ તો વસ્તુ હોય ને. વસ્તુ કાંઈ બીજી ચીજ હોય? આહાહા..! ભગવાન ચિદાનંદસ્વરૂપ ભવ અને ભવના ભાવ વિનાનો પદાર્થરૂપ, એને શરણે જાય તો ભવનો અભાવ થાય. આહાહા..! જેમાં ભવ અને ભવના ભાવનો અભાવ (છે) એવા સ્વભાવને શરણે જાય ત્યાં ભવનો અભાવ થાય. બીજાને સરખા રાખવા જાય તો ભવનો અભાવ થાય, બીજા બહુ સમજે મારાથી, બધા ઘણા સમજે તો મારે ભવનો અભાવ થાય એવું છે નહિ કાંઈ. આહાહા..! લાખો અને કરોડો માણસો જેનાથી સમજે એનું કલ્યાણ ઝટ થાય એવું નથી કાંઈ. જેણે આત્માનું શરણ અને આત્માનું શરણ ગ્રહ્યું (તેનું કલ્યાણ થાય). લ્યો! પાછો તડકો આવ્યો, ઉઘડ્યું.

'**ક્ષમાસે મંડિત હૈ વહ મુનિ સમસ્ત પાપોંકા ક્ષય કરતા હૈ...**' એક વાત. '**વિદ્યાધર-દેવ-મનુષ્યોં દ્વારા પ્રશંસા કરને યોગ્ય નિશ્ચયસે હોતા હૈ.**' આહાહા..! શાંત શાંત સ્વભાવ એવો જેણે પ્રગટ કર્યો છે, આહાહા..! એવા વિદ્યાધરથી પ્રશંસનીય. વિદ્યાધરની શ્રેણીના વિદ્યાધર હોય એ એને પ્રશંસે. આહાહા..! એટલે કહે છે કે મોટી પદવીવાળા પણ એને પ્રશંસે એમ કહે છે. દેવ, મનુષ્યો દ્વારા પ્રશંસે એમ. મોટા દેવ પણ એની પ્રશંસા કરે. ઓહો..! ધન્ય મુનિ! શાંતિના સરોવરમાં પડ્યો તું. ક્રોધાગ્નિ ઉત્પન્ન ન કરી એવા જીવની પ્રશંસા દેવો કરે. જે પુણ્યના ફળ તરીકે દેવમાં ગયા એ પણ આવા ધર્મના વખાણ કરે છે એમ કહે છે. આહાહા..! મનુષ્યો દ્વારા. કરોડોપતિ મનુષ્ય .. હોય, છતાં એ દ્વારા (પ્રશંસા) સમ્યગ્દર્શનસહિત ઉપશમરસ ક્ષમામાં પડ્યા છે એની પ્રશંસા તો મનુષ્યો કરે. આહાહા..! ભાવપાહુડમાં ભાવવિશુદ્ધના કારણોનું વર્ણન કર્યું છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ક્ષમા ગુણ બડા પ્રધાન હૈ,...**' પ્રધાન એટલે આ રાજાનો પ્રધાન હશે એ? ત્યારે? બોલો, પ્રધાન એટલે શું? ક્ષમા ગુણ બડા મુખ્ય હૈ. પ્રધાન એટલે મુખ્ય છે, મોટો એમ. પ્રધાન આવે તો ઓલો પ્રધાન આવે કે નહિ? અહીં કામ શું છે? બાપુ! '**ઇસસે સબકે સ્તુતિ કરને યોગ્ય પુરુષ હોતા હૈ.**' ક્ષમા ગુણવાળો સમ્યગ્દર્શન સહિતની વાત છે હોં! એકલી સાધારણ ક્ષમા કરે એ ક્ષમા છે

જ નહિ. આહાહા..! **'સ્તુતિ કરને યોગ્ય પુરુષ હોતા હૈ. જો મુનિ હૈં ઉનકે ઉત્તમ ક્ષમા હોતી હૈ,...'** લ્યો! હવે ... ઉત્તમ ક્ષમા આવે છે ને. દસ પ્રકારનો ધર્મ. ઉત્તમ ક્ષમા. સમ્યગ્દર્શન અનુભૂતિ સહિત જેણે ક્ષમા ઉત્પન્ન કરી છે એનું નામ ઉત્તમ ક્ષમા છે. **'વે તો સબ મનુષ્ય-દેવ-વિદ્યાધરોંકે સ્તુતિયોગ્ય હોતે હી હૈં...'** લ્યો! બધા મનુષ્યો, દેવ અને વિદ્યાધર (દ્વારા) સ્તુતિયોગ્ય (હોય છે). **'ઔર ઉનકે સબ પાપોંકા ક્ષય હોતા હી હૈ,...'** આહાહા..! **'ઈસલિયે ક્ષમા કરના યોગ્ય હૈ- ઐસા ઉપદેશ હૈ.'** લ્યો! **'ક્રોધી સબકે નિંદા કરને યોગ્ય હોતા હૈ,...'** ક્રોધ કરનારો, જાજરમાન કષાય કરનારો બધાથી નિંદાયોગ્ય છે. આહાહા..! **'ઈસલિયે ક્રોધકા છોડના શ્રેષ્ઠ હૈ.'** માટે ક્રોધને છોડવું એ શ્રેષ્ઠ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ ૯, બુધવાર તા. ૨૯-૦૫-૧૯૭૪**
**ગાથા - ૧૦૯-૧૧૦, પ્રવચન - ૧૫૯**

ભાવપાહુડ. **'આગે ઐસે ક્ષમાગુણકો જાનકર ક્ષમા કરના ઔર ક્રોધ છોડના ઐસા કહતે હૈં :—'**

इय णाऊण खमागुण खमेहि तिविहेण सयल जीवाणं।
चिरसंचियकोहसिहिं वरखमसलिलेण सिंचेह।।१०९।।

**'અર્થ :- હે ક્ષમાગુણ મુને!'** મુનિને ઉદ્દેશીને વાત કરે છે. મુનિ તો એને કહીએ કે જેને આત્મજ્ઞાન, સ્વરૂપ આત્માનું ચૈતન્ય આનંદ અને શુદ્ધ છે એનો એને અનુભવ અને ભાન હોવું જોઈએ. એવા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સહિત મુનિને સંબોધીને આ વાત કરે છે. પણ જેને સમ્યગ્દર્શન જ નથી એને તો મુનિ સંબોધન કહી શકાય નહિ. કહે જરી, મહાજસ ને એવા શબ્દો આવે છે. ભાવમાં અંદરમાં પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન આત્મા એનો જેને અંતરમાં સ્વસન્મુખ અને સ્વના આશ્રયની આરૂઢતા પ્રગટ થઈ નથી એને સમ્યગ્દર્શન હોતું નથી. આહાહા..! એ સમ્યગ્દર્શન ઉપરાંતની આ વાત છે.

**'હે ક્ષમાગુણ મુને! (જિસકે ક્ષમાગુણ હૈં ઐસે મુનિકા સંબોધન હૈ)...'** અંદરમાં તો એક સાથે લખ્યું છે. આમાં કૌંસમાં નાખ્યું છે. **'પૂર્વોક્ત પ્રકાર ક્ષમાગુણકો જાન...'** ક્ષમાગુણ એટલે

આત્મા શાંત, આનંદ સ્વરૂપ છે એના ભાનની ભૂમિકામાં જ્ઞાતા-દૃષ્ટાપણે પ્રતિકૂળ સંયોગમાં જાણનાર-દેખનારપણે રહેવું એનું નામ ક્ષમા કહેવામાં આવે છે. આહાહા..! એ ક્ષમા ઉત્તમ ક્ષમા કહેવામાં આવે છે ને, દસ પ્રકારના ધર્મ નથી કહેતા? ઉત્તમ ક્ષમાનો અર્થ એ છે કે સમ્યગ્દર્શનસહિત ક્ષમા એને ઉત્તમ ક્ષમા કહે છે. અમથી તો આમ ક્ષમા તો બાહ્યથી અનંત વાર કરી, એ ક્ષમા નહિ. જેણે અંતર આત્મા સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત તીર્થંકરદેવે કહ્યો, કેવળી પરમેશ્વર પરમાત્માએ જે આત્મા અંદર કહ્યો એ શુદ્ધ ચૈતન્યઘન છે એનો જેને અંતરમાં આદર અને સ્વભાવનો સ્વીકાર થયો હોય એ પ્રતિકૂળ સંયોગ વખતે ક્રોધ ન કરતા ક્ષમા કરે છે. એને અહીંયાં ક્ષમાવંત મુનિ કહેવામાં આવે છે. આહાહા..!

કહે છે કે '**સબ જીવોં પર...**' ક્ષમા ગુણને જાણ એમ કહે છે. જાણવાનો અર્થ એ કે આત્મા શાંત અને ક્ષમાસ્વરૂપ જ છે. સહન કરવું એવી કોઈ ચીજ નહિ, એ તો જાણવું-દેખવું એનો સ્વભાવ છે. ગમે તેવા પ્રતિકૂળ સંયોગ હો, પણ એ તો જ્ઞેય તરીકે છે અને આત્મા જ્ઞાન તરીકે જાણનાર-દેખનાર છે એમ જેને અંતરમાં જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવાનું બને એને ક્ષમાવંત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત!

'**સબ જીવોં પર મન-વચન-કાયસે ક્ષમા કર...**' બધા આત્માઓ. ચાહે તો માથાનો કાપનાર વેરી હો, એ જીવ છે. એના પ્રત્યે પણ વિરોધનો ભાવ ઉત્પન્ન થવા ન દેવો અને શાંતિ, ક્ષમા, જ્ઞાનાનંદને આશ્રયે જ્ઞાત-દૃષ્ટાપણે રહેવું એને અહીંયાં ઉત્તમ ક્ષમા કહેવામાં આવે છે. આહાહા..! એવા મન-વચન-કાયથી... આવે છે ને, ખામેમી સવ્વે જીવા. તીર્થંકરદેવ ત્રિલોકનાથ એમણે જે આત્મા કહ્યો એ આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ અંદર છે. એને આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ બધો રાગ છે. એ રાગથી પાર ભિન્ન ચીજ છે. આહાહા..! એણે ખબર લીધી નથી કોઈ દિ'. એ રાગનો વિકલ્પ ઊઠે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ બધા વિકલ્પો ને રાગ છે, પુણ્ય છે. એની પાછળ સચ્ચિદાનંદ સિદ્ધ ચૈતન્ય ભગવાન કેવળીએ જોયો... સમજાણું કાંઈ?

'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા.' હે નાથ! આપ સારા જગતને દેખો છો. સર્વજ્ઞ પરમેશ્વર બિરાજે છે, મહાવિદેહમાં સીમંધર ભગવાન બિરાજે છે. મહાવીરસ્વામી આદિ તો મોક્ષ પધાર્યા. એ તો સિદ્ધદશા—નમો સિદ્ધાણંમાં આવ્યા અને આ ભગવાન બિરાજે છે એ નમો અરિહંતાણંમાં છે. એ પહેલા પદમાં છે. એ અરિહંતની મુખની વાણીમાં આ... પ્રભુ! 'તુમ જાણગ રીતિ.' આપની જાણવાની રીતિ સૌ જગ દેખો છો. 'નિજ સત્તાએ શુદ્ધ આત્મ...' 'નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખો છો.' આ ભગવાન આત્મા પોતાની સત્તા હોવાપણે એ શુદ્ધ અને પવિત્ર છે. આહાહા..! એ શુભ-અશુભ રાગ જે છે એ આસ્રવ અને વિકાર છે, એની પાછળ પ્રભુ બિરાજે છે આત્મા. એ પોતે પ્રભુ છે પણ કેમ બેસે એને? આહાહા..! પામરતામાં ખતવી નાખ્યો છે ને, તો એને પ્રભુતા બેસતી નથી. એ પ્રભુતા સમ્યગ્દૃષ્ટિને બેસે એમ કહે છે. આહાહા..! જેને અંતરમાં પૂર્ણાનંદનો નાથ હું છું, શુદ્ધ ચૈતન્યઘન

સિદ્ધસ્વરૂપી મારું સ્વરૂપ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ પણ વિકલ્પ છે, એ મારી ચીજ નહિ. આહાહા..! એ આસ્રવ છે. એ આસ્રવની પાર પાછળ અંદર પ્રભુ ચૈતન્યઘન શુદ્ધ છે. અરે..! એની અંતરની દૃષ્ટિ થઈને, અનુભવ થઈને સમ્યગ્દર્શન થાય એને અહીંયાં ધર્મીની પહેલી દશા ગણવામાં આવે છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન!

એ અહીંયાં કહે છે કે હે ક્ષમાવંત મુનિ! તે તે ક્ષમાસ્વરૂપે ભગવાનને તેં જાણ્યો અને જોયો છે તેથી ક્ષમાને તું જાણનાર છો એમ કહે છે. આહાહા..! હવે તને પ્રતિકૂળતાનો સંયોગ આવે તો ક્ષમા કરજે, શાંતિ રાખજે ભાઈ! આહાહા..! કોઈ પ્રત્યે ક્રોધ કે અણગમો ઉત્પન્ન ન કરીશ, ભાઈ! તારું એ સ્વરૂપ નથી. તું તો અનુકૂળતા-પ્રતિકૂળતાના પ્રસંગમાં શાંતિ રાખજે. ભગવાન! ક્ષમા કરજે, આત્માની શાંતિ રાખજે. આહાહા..! કોઈ ગાળ દે, અપમાન કરે, નિંદા કરે. ભાઈ! એ તો જગતની ચીજ જગત પાસે છે. તને ક્યાં કોણ નિંદા કરે? આહાહા..! એ વખતે તું જ્ઞાતા-દૃષ્ટા રહેતો, જાણનાર દેખવું રહીને ક્ષમા કરજે. આહાહા..! એ પળું જુદી છે. એ વસ્તુનો સ્વભાવ, એના ભાનપૂર્વક ક્ષમા એ અલૌકિક ચીજ છે. તેથી ભગવાને એમ કહ્યું, ઉત્તમક્ષમા. મુનિઓની ઉત્તમક્ષમા એનો અર્થ આ કે એને આત્મા આનંદસ્વરૂપ એકલો ક્ષમાનો પિંડ, અકષાયસ્વરૂપ વીતરાગ મૂર્તિ છે આત્મા... આહાહા..! એવી વસ્તુની અંતર દૃષ્ટિ અનુભવ થયો છે એને ક્ષમા રાખવાનું મુનિને કહે છે. જેને ભાન નથી ને મિથ્યાદૃષ્ટિ છે એને ક્ષમા કેવી? એને વિકલ્પ આવે સમતા કરવાનો તો એ પુણ્ય બાંધે, ધર્મ નહિ. આહાહા..!

વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવનો ધર્મ ભાઈ! પ્રભુ! સૂક્ષ્મ છે. કોઈ જગતની સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. આહાહા..! વીતરાગ પરમેશ્વર ત્રણ કાળનું જેને જ્ઞાન છે. એક સમયમાં-સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમાત્મા પૂર્ણ જાણે છે. ત્રણ કાળ ત્રણ લોક, હથેળીમાં જેમ આંબળુ હોય એથી પણ સ્પષ્ટ જાણે છે. આહાહા..! એવા ભગવાનના મુખમાંથી એમ આવ્યું, પ્રભુ! તું ક્ષમા કરજે. આહાહા..! ભાઈ! તારો આત્મા આનંદનો નાથ છે. શુદ્ધ અતીન્દ્રિય આનંદથી ભરેલો તું આત્મા છો. એને આત્મા કહીએ. એવા અતીન્દ્રિય આનંદના જેને સ્વાદ આવ્યા છે. આહાહા..! એવો અતીન્દ્રિય આત્મસ્વરૂપ છે ભગવાન આત્મા. સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ આત્મા હોં! લોકો કહે એમ નહિ. બીજા ઘણાં આત્મા આત્મા વાત કરે છે, પણ પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞે જે અનંત આત્મા જોયા છે (એ આત્મા). આહાહા..! એક બટાટાની એક કણી એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં અનંત આત્માઓ. કઠણ જગતને પડે. એ માંહ્યલો એક એક આત્મા પૂર્ણાનંદ અને શાંતિ ને અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. આહાહા..! કહો, વજુભાઈ! આવી વાત છે.

શ્રોતા :- ક્ષમાવિરતી ભૂષણમ્.

ઉત્તર :- હા, ક્ષમાવિરતી ભૂષણમ્. આહાહા..!

કહે છે કે હે મુનિ! સર્વ જીવ ઉપર આ રીતે આત્માના ભાનની ભૂમિકામાં ક્ષમા રાખજે, ભાઈ! કોઈ

પ્રત્યે ક્રોધ, અણગમો, અરુચિ થવા દઈશ નહિ. આહાહા..! આનંદઘનજીએ તો ત્યાં સુધી કહ્યું કે જેને અંદરમાં શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિનો આવે એનો જેને પ્રેમ લાગી જાય એને, ભગવાન આનંદનો નાથ છે એના પ્રત્યે એને અરુચિ છે. આવે છે? 'સંભવ દેવ તે ધુર સેવો સબે રે,...'

સંભવ દેવ તે ધુર સેવો સબે રે, લહિ પ્રભુ-સેવન ભેદ.
સેવન કારણ પહિલી ભૂમિકા રે, અભય, અદ્વેષ, અખેદ.

એમાં અદ્વેષની વ્યાખ્યામાં આ નાખ્યું છે. ઝીણી વાત પણ હોં ભાઈ! આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનનો દરિયો પ્રભુ છે એનો જેને પ્રેમ નથી, એને એ પુણ્યના પરિણામની પ્રેમ ને રુચિ છે. આહાહા..! અને જેને પુણ્યના પરિણામની રુચિ છે એને ભગવાન આનંદનો નાથ આત્મા એના પ્રત્યે એને અરુચિ-દ્વેષ છે. આહાહા..! આ આકરી વાતું છે ભાઈ! વીતરાગ માર્ગ કોઈ સાધારણ નથી. સાધારણ કરી દે. આ તો અપૂર્વ વાતું છે. સમજાણું કાંઈ? આહાહા..! એવા આત્માને અહીંયાં સંબોધીને કહે છે. મારું એમ કહેવું છે અહીં તો અત્યારે.

'**હે ક્ષમાગુણ મુને!**' ચૈતન્યમૂર્તિ ભગવાન અંદર અનાકુળ આનંદના રસકંદથી ભરેલો પ્રભુ, એનું તને ભાન છે, એની તને રુચિ છે, એ તને પોષાય છે. રાગ અને પુણ્યના વિકલ્પો પોષાતા નથી ધર્મીને. આવે ખરા. પોસાણમાં એ વાત નથી. આહાહા..! આ તે કાંઈ વાત છે વીતરાગમાર્ગ! એવા જીવને સંબોધીને કહે છે, ભાઈ! પ્રતિકૂળ સંયોગ હોય, ક્ષમા કરજે. મન, વચન, કાયાથી કરજે. બહારથી ક્ષમા અને મનમાં કાંઈ અણગમો રહે એ ક્ષમા નથી. આહાહા..! સમજાણું કાંઈ? લઈ ગયા છે ત્યાં? ફાટી ગયું છે? કાગળ? ગજસુકુમારનું હતું ને ત્યાં.

ગજસુકુમારમાં ક્ષમા આવે છે ને. ભગવાન પાસે આજ્ઞા લઈ દ્વારકાના સ્મશાનમાં ચાલ્યા છે. આહાહા..! શ્રીકૃષ્ણના ભાઈ રાજકુમાર ગજસુકુમાર—હાથીના તાળવા જેવું જેનું શરીર છે સુવાળું આખું. મુનિ થાય છે. આત્મજ્ઞાન, ભાન અનુભવ સહિત હોં! એકલા મુનિ થઈ આ બહારના લૂગડા ફેરવે છે અને અંદર આત્મ અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી એ મુનિ નહિ. સમ્યગ્દર્શન ઝીણી ચીજ છે ભગવાન! આહાહા..! એ સમ્યગ્દર્શન સહિત જંગલમાં પ્રભુની આજ્ઞા લઈને સ્મશાનમાં ચાલ્યા જાય છે. આહાહા..! એનો સાસરો આવીને અગ્નિ ભરે છે. સ્મશાનમાં બળતા હોય ને માણસ. ગારાની પાળ બાંધીને અગ્નિ ભરે છે. અતીન્દ્રિય આનંદમાં ઝૂલતો પ્રભુ જ્ઞાતા-દૃષ્ટાપણે જાણે છે. આહાહા..! ગજસુકુમારની ક્ષમા વખણાય છે ને. આવે છે ને. એમાં નહિ આવતું હોય તમારે. ચોપડામાં આવે છે? નામામાં એ નહિ આવતું હોય. બાહુબલની બુદ્ધિ હજો એ આવતું હશે.

શ્રોતા :- ..

ઉત્તર :- એ આવે? આહાહા..! વર્ષ બેસતાને લખે છે ને. બાહુબલનું બળ હજો, અભયકુમારની બુદ્ધિ હજો. શું છે? જોવે છે શું તારે? શાલીભદ્ર, શાલીભદ્રની ઋદ્ધિ હજો. ક્યાં નાખીશ તું? શું કરીશ?

આ આત્માની ઋદ્ધિનું ભાન ન મળે અને બહારની ઋદ્ધિમાં મળ્યું શું? મૂઢ છે. આહાહા..! એમાં આ નહિ આવતું હોય. ગજસુકુમારની ક્ષમા હજો એમ નહિ આવતું હોય. પણ બીજે ક્યાંક આવે છે હોં. ગજસુકુમારની ક્ષમા એ આવે છે, ક્યાંક આવે છે ખરું. ક્યાંક આવે છે. આહાહા..!

શ્રોતા :- અત્યારે ચોપડામાં નથી આવતું.

ઉત્તર :- ચોપડામાં નથી આવતું.

આહાહા..! ભાઈ! વીતરાગ પરમેશ્વરનો આ માર્ગ છે, ભાઈ! જેમાં વીતરાગતા ઉત્પન્ન થાય એને ધર્મ કહીએ. આહાહા..! રાગ થાય ખરો પણ એ ધર્મ નહિ. ગજબ વાતું બાપા! દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા ને જાત્રા એ બધો ભાવ રાગ છે, પુણ્ય છે, વીતરાગ ધર્મ નહિ, વચ્ચે આવો ખરો, હો, પણ ધર્મ નહિ. ધર્મ તો રાગરહિત ચૈતન્ય ભગવાનના આનંદના નાથને સ્પર્શીને જેણે અંતરમાંથી વીતરાગતાનો અંશ પ્રગટ કર્યો છે, એને પરમાત્મા અરિહંતદેવ ધર્મ કહે છે. એ ‘કેવળી પણ્ણંતો ધમ્મો’ મંગળિકમાં આવે છે ને. સાંજ-સવાર બોલે ખરા, પણ અર્થની ખબર ન મળે કાંઈ. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. ક્યો કેવળી પણ્ણંતો ધમ્મો? મંગળિકમાં આવે છે ને. અરિહંતા શરણં, સિદ્ધા શરણં. કોઈ શરણ દેવા આવે એવું નથી. એ તો પરમેશ્વર પર છે. તારો પરમેશ્વર અંદર છે એને તું જો, જાણ અને અનુભવ. એ તને તારું શરણ છે એમ ભગવાને વર્ણવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અરે..! આવો મનુષ્યદેહ મળ્યો અને ચાલ્યો જાય છે. એ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગે કહેલો ધર્મ અંતરમાં સમજણમાં ન આવે અને તે વિના સમ્યગ્દર્શન થાય નહિ અને તે વિના એને અનુભવ થાય નહિ. આહાહા..! એને કહે છે ક્ષમા કર.

‘**બહુત કાલસે સંચિત ક્રોધરૂપી અગ્નિકો...**’ ક્રોધરૂપી અગ્નિ છે અંદર ઝળહળતી. આહાહા..! ઘણા કાળથી સંચિત ‘**ક્રોધરૂપી અગ્નિકો ક્ષમારૂપ જલસે સીંચ...**’ આહાહા..! શાંતિના જળથી ક્રોધની અગ્નિને જીત. આહાહા..! અણગમો અને રુચિ અંદર પરની થાય અને સ્વભાવની અરુચિ નહિ પણ રુચિ હોવા છતાં રાગ થાય તીવ્ર એવી જે કષાય અગ્નિ. આહાહા..! એને ભગવાન આનંદનો નાથ એનું શરણ લઈને શાંતિથી તે અગ્નિની સીંચી દે. આહાહા..! માર્ગ એવો છે, ભગવાન! બહારથી લોકોએ કલ્પ્યો છે એવું સ્વરૂપ નથી. વીતરાગનું સ્વરૂપ તો અભ્યંતરમાં અલૌકિક ચીજ છે કાંઈક. આહાહા..! પણ સાંભળવા મળે નહિ એ કે દિ’ કરે? વિચારે કે દિ’? જાય કે દિ’? આહાહા..!

ઝવેરીએ એક કીધું હતું ત્યાં. ઝવેરી છે ને, ભાઈને ખબર હશે. ચીમનભાઈ! તમારો ઝવેરી નહિ ત્યાં? શાંતિભાઈની ઉપર રહે (છે) બારમે માળે. તમારા પાલનપુરનો ઝવેરી છે. મોટો ગૃહસ્થ છે. ઘણા પૈસા છે. મુંબઈ. એ બહુ કરે ક્રિયા આખો દિ’. બે વાર આવ્યા હતા નીચે જરી. ૮૮ વર્ષની ઉંમર છે. ઝવેરી છે, ઘણાં પૈસાવાળા. પોતે ધંધો છોડી દીધો છે. આખો દિ’ સામાયિક, પડિક્કમણા. ભાઈ! કીધું સમ્યગ્દર્શન શું છે કાંઈ ખબર? એ તો મોંઘી ચીજ છે. આ બહારની સામાયિક ને પડિક્કમણા ક્રિયા

આખો દિ' કર્યા કરે. કાંઈ ખબર ન મળે. બે વાર આવ્યા હતા બિચારા. શાંતિભાઈએ કહ્યું હશે કે એક ફેરી મહારાજને નીચે સાંભળવા આવો. મહારાજ કહે છે. મેં કીધું, ના હું કહેતો નથી. કારણ કે પરાણે બિચારાને આવવું ન હોય ને. આહાહા..! આઠમા માળે કે બારમા માળે રહે છે, નહિ? બારમે માળે રહે છે. તમારો આઠમે માળે છે. એથી આગળ બાવીસ માળ છે ને? બાવીસ માળ છે. નિલમબાગ શું કહેવાય એ? ત્યાં હતા ને, અઢાર દિ' ત્યાં રહ્યા. અરે..! કીધું, જગતના પ્રાણી બિચારા ક્યાં સલવાઈ રહ્યા છે! એ રાગની મંદતા કદાચિત્ હોય તો એ પુણ્ય બાંધે, ધર્મ નહિ. આહાહા..!

શ્રોતા :- કરતા કરતા થશે.

ઉત્તર :- ધૂળેય ન થાય કરતા કરતા. લસણ ખાઈને કસ્તુરીનો ઓડકાર કરતા કરતા આવતો હશે? લસણ ખાઈને કસ્તુરીનો ઓડકાર આવે? એમ રાગ કરીને વીતરાગતા આવે? લોકોને ભરમાવીને મારી નાખ્યા છે બિચારાને. આહાહા..! કહો, પંડિતજી! આવો માર્ગ છે, ભાઈ!

શ્રોતા :- ..

ઉત્તર :- ના, મૂળ તો... પણ ઈ શું? વસ્તુની દૃષ્ટિની જ ખબર ન મળે. સમ્યગ્દર્શન કોને કહેવું અને સમ્યગ્દર્શન કેમ થાય? હજી પહેલી ભૂમિકાની ખબરું ન મળે. એ બધા મરી જાય, સુકાઈને અપવાસ કરીને વ્રત પાળીને, બધા ચાર ગતિમાં રખડવાના છે. એવું તો અનંતવાર કર્યું નવમી ગ્રૈવેયક ગયો ત્યારે. નવમી ગ્રૈવેયક નથી ગયો? બાર દેવલોક ઉપર નવ ગ્રૈવેયક છે ભગવાને જોયેલા. એ એક એક ગ્રૈવેયકમાં અનંત વાર ઊપજ્યો છે શુક્લલેશ્યા વડે. મિથ્યાદૃષ્ટિ સહિત સાધુ થયો નગ્ન મુનિ, દિગંબર, જંગલવાસી. હજારો બાયડી કુટુંબ છોડ્યા. એમાં શું થયું? ધૂળ? અંદરમાં જે રાગની એકતાબુદ્ધિ મિથ્યાત્વની એ તો છોડી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ભાવપાહુડ છે ને. '**જલસે સીંચ અર્થાત્ શમન કર.**' શમન કર. આહાહા..! એ ક્ષમા તો આનંદનો નાથ જાગીને અંદર જ્ઞાનપણે રહે એને અહીં ક્ષમા કહેવામાં આવે છે. આહાહા..! આ બીજો ગાળ દે અને તું સામે જરી ક્રોધ ન કરે, ન બોલે માટે ક્ષમા (કરી), એ તો વ્યવહારુ ક્ષમા પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ. આહાહા..! '**જલસે સીંચ અર્થાત્ શમન કર.**'

'**ભાવાર્થ :- ક્રોધરૂપી અગ્નિ પુરુષકે ભલે ગુણોંકો દગ્ધ કરનેવાલી હૈ...**' ક્રોધ અંદર થાય ત્યારે આત્માના ગુણની શાંતિને બાળી નાખે છે એ તો. આહાહા..! '**ક્રોધરૂપી અગ્નિ પુરુષકે ભલે ગુણોંકો દગ્ધ કરનેવાલી હૈ ઔર પર જીવોંકા ઘાત કરનેવાલી હૈ,...**' ક્રોધ થાય તો પરને મારે, ટીપે, ટીચે. આહાહા..! '**ઈસલિયે ઈસકો ક્ષમારૂપ જલસે બુઝાના,...**' જ્ઞાતા-દૃષ્ટા હું છું, હું તો શુદ્ધ ચૈતન્ય છું. કોઈ મને પ્રતિકૂળ બોલે, નિંદા કરે એવી કોઈ ચીજ જ નથી. એમ અંતર આત્માને જ્ઞાનમાં, આનંદમાં રાખીને ક્રોધની અગ્નિને બુજાવ. આહાહા..! '**અન્ય પ્રકાર વહ બુઝતી નહીં હૈ...**' ક્રોધાગ્નિ, આત્માના આનંદની શાંતિ વિના, ક્ષમાના ઉપશમરસ જેણે અંતરમાં આનંદનો ઉપશમ

રસ પ્રગટ કર્યો છે... આહાહા..! એ ઉપશમરસ અને આનંદ દ્વારા એ ક્રોધની અગ્નિને બુઝાવ. બાપુ! અનાદિ કાળથી અગ્નિ સળગે છે. આહાહા..! આ સમજવું કઠણ પડે હવે એને ભારે કઠણ. '**યહ ક્ષમાગુણ સબ ગુણોંમેં પ્રધાન હૈ.**' બધા ગુણોમાં એ સમ્યગ્દર્શન સહિત, આત્માના અનુભૂતિના ભાન સહિત ક્ષમાગુણ એ બધા ગુણોમાં મુખ્ય છે. '**ઈસલિયે યહ ઉપદેશ હૈ કિ ક્રોધકો છોડકર ક્ષમા ગ્રહણ કરના.**' ૧૦૯ થઈ એ.

૧૧૦. '**આગે દીક્ષાકાલાદિકકી ભાવનાકા ઉપદેશ કરતે હૈં :—** ' આહાહા..!

**दिक्खाकालाईयं भावहि अवियारदंसणविसुद्धो।**
**उत्तमबोहिणिमित्तं असारसाराणि मुणिऊण।।११०।।**

'**અર્થ :- હે મુને! તૂ સંસારકો અસાર જાનકર...**' એ સંસાર એટલે? બાયડી, કુટુંબ ને સંસાર ને દુકાન એ સંસાર નથી કાંઈ, એ તો પરચીજ છે. આત્મા પરમાનંદનો નાથ શુદ્ધ સ્વરૂપ એમાંથી ખસીને, રાગ અને પુણ્ય-પાપના ભાવમાં આવવું એનું નામ સંસાર છે. વ્યાખ્યા જુદી બધી. આ બાયડી, છોકરા ને ધંધો એ સંસાર નથી. કારણ કે એ તો મરે ત્યારે દેહ છૂટી જાય અને એ બધું છૂટી જાય છે. છૂટી જાય તો એ સંસારથી છૂટી ગયો હોય, જો સંસાર હોય તો. આહાહા..! આ શરીર સંસાર નથી, આ તો જડ છે, અજીવ છે. બાયડી, છોકરા, કુટુંબ એ કંઈ સંસાર નથી, એ તો પર ચીજ છે. સંસાર તો સંસરણં ઈતિ સંસારઃ. ભગવાન આનંદનો નાથ પ્રભુ એમાંથી ખસી જઈને પુણ્ય ને પાપના વિકારની રુચિમાં આવીને રખડવું એનું નામ સંસાર છે. સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! આવો સંસાર! આ તો બાયડી, છોકરા છોડ્યા, સંસાર છોડ્યો. સૌ બધા રાડ પાડે.

શ્રોતા :- ...

ઉત્તર :- હજી એણે ક્યાં સંસાર છોડ્યો છે? સંસાર કહેવો કોને એની ખબર નથી. આહાહા..! અરે..! ભગવાન! ભાઈ! પરમાત્મા તો, અંદર ઉદયભાવ છે એને સંસાર કહે છે.

શ્રોતા :- શુક્લલેશ્યા એ સંસાર?

ઉત્તર :- સંસાર. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ સંસાર. આહાહા..! રાગ છે એ સંસાર. વીતરાગમૂર્તિ પ્રભુ આત્મામાંથી ખસી જઈને રાગમાં આવે છે એ સંસાર. આહાહા..! કહો, પ્રવિણભાઈ! ભાઈ! આ તો બધી આકરી વાતું બધી, જુદી જાતની આ તો. જુદી જાતની, બાપા! વીતરાગ માર્ગ કોઈ જુદી જાત છે.

શ્રોતા :- છે બહુ ઊંચી આદર્શ.

ઉત્તર :- આહાહા..! ચૈતન્યસ્વરૂપ જેનું અંદર પૂર્ણ ભર્યું છે. આનંદ અને શાંતિના સ્વભાવથી પૂર્ણ છલોછલ ભરેલો ભગવાન છે. એમાંથી ખસી જઈને, હઠી જઈને, એ પુણ્ય ને પાપના વિકલ્પમાં આવવું એને અને એ પુણ્ય અને પાપ મારા એમ માનવું એ જ મિથ્યાત્વ અને એ જ સંસાર છે. આહાહા..!

એ સંસાર એણે અનંતકાળમાં એક સેકન્ડ પણ છોડ્યો નથી. આહાહા..! આ તો અનંત વાર લીધું. 'મુનિ વ્રતધાર...' 'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' ગ્રૈવેયક છે નવ ગ્રૈવેયક. આ બાર દેવલોક છે ને સુધર્મ, ઈશાન, મહેન્દ્ર ને એ. આ ચંદ્ર, સૂર્ય તો જ્યોતિષ છે. પણ એના ઉપર સુધર્મ અને બાર દેવલોક છે ભગવાને જોયા. એમાં એના ઉપર નવ ગ્રૈવેયક છે પાસડા નવ. એમાં અનંતવાર દરેક જીવ મુનિ થઈને, દિગંબર મુનિ થઈને હોં! આહાહા..! જઈ આવ્યો ત્યાં.

'મુનિ વ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા આનંદની મૂર્તિ છે, પુણ્ય ને પાપના રાગથી ભિન્ન છે, એનું એણે જ્ઞાન અને અનુભવ કર્યો નહિ. એથી એને જરીએ સુખ મળ્યુ નહિ. એ પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખરૂપ છે, આસ્રવ છે, રાગ છે. આહાહા..! મુનિવ્રત ધાર્યા પણ સુખ મળ્યું નહિ એનો અર્થ શું થયો? એ પંચ મહાવ્રતનો વિકલ્પ ઊઠે છે એ વૃત્તિ છે એ તો. અહિંસા, સત્ય, દત્ત એ આસ્રવ છે, રાગ છે, દુઃખ છે. કઠણ વાતું બાપા! આહાહા..! કારણ કે મુનિવ્રત ધારણ કર્યા અને સુખ ન મળ્યું એનો અર્થ શું થયો? વ્રતમાં સુખ નથી, એ તો દુઃખ છે. એ વ્રતનો વિકલ્પ છે રાગ, એની પાછળ ભગવાન છે એના આનંદનો અનુભવ કરે ત્યારે એને સુખ થાય. આહાહા..! બહુ કામ આકરા. જગતને માંડ વખત મળે બે ઘડી, ચાર ઘડી. આખો દિ' રળવું. બાયડી, છોકરાને પોષવા માટે કરવું. આહાહા..!

અરે..! ભગવાન આ મનુષ્યદેહ મળ્યો બાપુ! એમાં વીતરાગ પરમેશ્વર એણે જે ધર્મ કહ્યો એ સમજણમાં ન લે અને સમ્યગ્દર્શન પ્રગટ નહિ કરે (તો) કાંઈ કર્યું નથી એણે. આહાહા..! ભલે એણે બહારના વ્રત ને નિયમ ને તપ કર્યા હોય, એમાં પુણ્ય હશે, તો એ પુણ્ય તો પુણ્યબંધન રજકણમાં પડ્યા હવે. એ પરિણામ તો વયા ગયા. શાતાદિ રજકણમાં પડ્યા. એમાં તને શરણ શું? આહાહા..! શરણ એવો આત્મા આનંદનો નાથ એની સામું તો તારે જોવું નથી. આહાહા..! બહાર સામું જોઈને બધા આચરણ કરીને માનવા છે કે મેં ધર્મ કર્યા. માને. સંસાર અનાદિ છે. આહાહા..! એ અહીં કહે છે.

'**હે મુને! તૂ સંસારકો અસાર જાનકર ઉત્તમબોધિ અર્થાત્ સમ્યગ્દર્શન...** ' સમ્યગ્દર્શન ઉત્તમબોધિની વ્યાખ્યા કરી. '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રકી પ્રાપ્તિકે નિમિત્ત...**' આહાહા..! '**અવિકાર અર્થાત્ અતિચારરહિત નિર્મલ સમ્યગ્દર્શન સહિત હોકર દીક્ષાકાલ આદિકકી ભાવના કર.** ' એ શું કહે છે? કે જ્યારે તેં દીક્ષા લીધી હતી ત્યારે સમ્યગ્દર્શન સહિત હતો. એની દીક્ષા હોં! આ મિથ્યાદૃષ્ટિની દીક્ષા એ દીક્ષા છે નહિ. પણ જ્યારે દીક્ષાનો કાળ હતો ત્યારે તને ભાવના બહુ વૈરાગ્ય થઈ ગયેલો. આહાહા..! ઉદાસ... ઉદાસ... ઉદાસ... એ દીક્ષાકાળમાં સમ્યગ્દર્શન સહિત જે આ તારી ભાવના હતી, એ ભાવના પાછી યાદ રાખ, ભૂલી ન જા એમ કહે છે. દીક્ષા વખતે સમ્યગ્દૃષ્ટિને વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... આહાહા..! એક રજકણ ને રાગ મારો નથી. એક રજકણ અને એ રાગનો કણ એ બેય મારી ચીજ નથી. હું તો વીતરાગ સ્વરૂપ છું. આહાહા..! એવી દૃષ્ટિમાં વીતરાગતા ગ્રહણ

કરવા માટે તેં દીક્ષા લીધી હતી. એનું નામ દીક્ષા હોં. આ બધા અત્યારે તો સમજાય એવું છે, બધું સમજવા જેવું. બાપુ! ઝીણી વાત ભગવાન! આ તો વસ્તુની સ્થિતિ એવી છે. આહાહા..!

કહે છે કે '**ભાવાર્થ :- દીક્ષા લેતે હૈં તબ સંસાર,** (શરીર) **ભોગકો** (**વિશેષતયા**) **અસાર જાનકર...**' એ ટીકામાં ભાઈ ૪૪ બોલ લીધા છે આ સાર-અસારના. ૪૪ બોલ લીધા છે. આલોચના ન કરવી એ અસાર, આલોચના કરવી એ સાર એવા એવા ૪૪ બોલ લીધા છે. સમકિત સાર, મિથ્યાત્વ અસાર, સમ્યગ્જ્ઞાન સાર, મિથ્યાજ્ઞાન અસાર, સમ્યક્ચારિત્ર સાર, અચારિત્ર અસાર, સત્ય બોલવું સાર, અસત્ય બોલવું અસાર એમ લીધું છે.

શ્રોતા :- એ તો વ્યવહારના.

ઉત્તર :- વ્યવહારના. પણ એ વાત એવી છે ને બધી. સત્ય બોલવું એ તો રાગ છે. એવા ૪૪ બોલ લીધા છે. આ સાર શબ્દ પડ્યો છે ને. '**असारसाराणि मुणिऊण**' સાર-અસારને જાણીને. પછી એના ૪૪ બોલ ટીકાકારે લીધા. પણ સાધારણ ટીકાકાર છે તો બધું ભેળવી નાખે ભેગું. વ્યવહારનો રાગ અને નિશ્ચયનો અરાગ બેયને ભેળવીને જોડી નાખે. આહાહા..! ભટ્ટારક થયા ને બધા એવા જૈનમાં પણ. તત્ત્વની દૃષ્ટિની ખબર ન મળે. જતિ-જતિ જેને કહે છે. આપણા શ્વેતાંબરમાં જતિ કહે, દિગંબરમાં ભટ્ટારક કહે.

સંસાર, શરીર. સંસાર એટલે ઉદયભાવ આખો. આહાહા..! પુણ્ય અને પાપના બેય ભાવ એ સંસાર છે, ભાઈ! કેમકે એના ફળમાં તો ગતિ મળે. આત્મા ન મળે? પુણ્યાદિ ક્રિયા હોય તો એનાથી સ્વર્ગ મળે, કે આ ધૂળના શેઠિયાઓ કહેવાય જે આ લાખોપતિ, કરોડપતિ કહેવાય ને ધૂળના? એવા શેઠ થાય કદાચિત્ શુભભાવથી, આત્મા ન થાય એમાંથી. સમજાણું કાંઈ? આહાહા..! એ શુભ ને અશુભભાવ અને એ મારા એવો મિથ્યાત્વભાવ એ સંસાર છે. એ દીક્ષા વખતે તને સંસારનો વૈરાગ્ય હતો, કહે છે. આહાહા..!

શાંતિનાથની વાત આવે છે શાસ્ત્રમાં. ભગવાન શાંતિનાથ તો તીર્થંકર હતા અને ચક્રવર્તી હતા અને કામદેવ હતા. ત્રણ હતા. એક તો તીર્થંકર હતા સોળમા. બીજું, એ ચક્રવર્તી હતા. સોળમા, સત્તરમા, અઢારમા (તીર્થંકર) એ ત્રણે ચક્રવર્તી હતા અને તીર્થંકર હતા અને કામદેવ હતા. છ ખંડમાં એના જેવું કોઈનું રૂપ નહિ એવા કામદેવ હતા. એ જ્યારે દીક્ષિત થાય છે, છન્નું હજાર સ્ત્રી હોય છે એને. ચક્રવર્તી હતા ખરા ને તીર્થંકર પણ. દીક્ષિત થાય છે તો રાણીઓ ઝંટીયા તોડે છે, પાછળ જાય છે. અરે..! નાથ! ક્યાં જાવ છો? તમે શું કરો છો? અરે..! સ્ત્રીઓ! મેં અત્યાર સુધી તમારા લાલચને લઈને રાગ કર્યો નથી. નબળાઈનો મને રાગ હતો એથી હું તને ચાહતો. એ મારો રાગ મરી ગયો છે. એને કોઈ નહિ જીવતો કરી શકે. તમારી લાલચું મને રાગ નહિ કરી શકે. આહાહા..! હું આત્માના આનંદમાં વનવાસમાં આનંદના સાધક માટે જાઉં છું. આહાહા..! વનવાસ. મુનિઓ તો વનમાં જ રહેતા. મુનિઓની દશાઓ

તો વનમાં જ રહેતી. નગ્ન દશા અને વનમાં રહેવું એ વીતરાગ માર્ગનો માર્ગ તો અનાદિનો એ હતો. બધો ફેરફાર કરી નાખ્યો લોકોએ. આહાહા..! વનવાસ જ્યારે જાય છે (ત્યારે) છન્નુ હજાર સ્ત્રી આમ (ઝંટિયા તાણે છે). આહાહા..!

અરે..! ત્યાં જોયું હતું ને ભાઈ ત્યાં. અયોધ્યા-અયોધ્યા. અયોધ્યા ગયા હતા ને. નદી છે ને મોટી. રામચંદ્ર, લક્ષ્મણ અને સીતા જ્યારે નદીએ ઉતરે છે, ઓલી પાર જાય છે. રાજ બધા વળાવા આવે છે. ત્યાં ગયા હતા. આ ઠેકાણે એમ કે રામચંદ્રજી બેસે છે જ્યારે, શું કહેવાય? હોડીમાં અને ઓલે કાંઠે જાય છે. ત્યારે બધા કકળાટ કરતા. અરે..! તમે રામ, લક્ષ્મણ તો ઠીક પણ, સીતા પણ સાથે? અમારાથી સહન નહિ થાય તમારા વિરહ. એ કહે છે. પિતાજીની આજ્ઞા હતી કે અમે વનવાસ રહેશું. એ અમને આનંદ છે. અમને રાજમાં આનંદ નથી. 'રઘુપતિ રીત ઐસી ચલી આઈ.' આવે છે ને? 'રઘુપતિ રીત ઐસી ચલી આયી, પ્રાણ જાયે પણ વચન ન જાયે.' પિતાજીનું વચન હતું માતા માટે, માતાએ માગણી કરી હતી. માગ માગ. કાંઈક આપો. માગતા હા પાડી. એ કોઈ વખતે આપીશ. ત્યારે આ વખતે માગણી કરી હતી કે મારા ભરતને રાજ મળે. અરરર..! માતાની આજ્ઞા, પિતાની આજ્ઞા મારે માન્ય છે અમારે. અમે આનંદમાં જંગલમાં જઈશું, અમે આનંદમાં જંગલમાં જઈશું. આહાહા..! અમને ક્યાંય પ્રતિકૂળતા નથી. એ સિંહાસનમાં બેસનારા એ તડકે ને ટાઢે બાર બાર વર્ષ જંગલમાં ગાળ્યા. પણ આનંદ છે. સમ્યગ્દૃષ્ટિ છે ને. આહાહા..!

અને ઓલી વાત નહોતી કરી? સીતાજીને લઈ જાય છે રાવણ. આ સીતાજી નુપુર ને દાગીના ઉપરથી નાખી દીધા છે. રાવણ લઈ જાય છે આમ. રામચંદ્રજી જોવા આમ ગોતવા જાય છે એમાં નુપુર મળ્યા. લક્ષ્મણને પૂછે છે ભાઈ! આ નુપુર સીતાજીના? બાર વર્ષ ભેગા રહ્યા જંગલમાં. બંધવ! આ દાગીનો એનો છે એમ મને ભાસ થયો છે. કેમ? કે હું એકવાર માતાને પગે લાગતો. માતા તુલ્ય છે. વડીલ ભાઈની સ્ત્રી એટલે માતા તુલ્ય છે. આહાહા..! હું એકવાર પગે લાગતો હતો ત્યારે મારી નજર નુપુરમાં ગઈ હતી. એના શરીરમાં નહિ, એના નુપુરમાં ગઈ હતી. એ નુપુર એના છે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- કંઈ હું જાણતો નથી. એ આપણને શબ્દ બહુ યાદ ન રહે. એને યાદ રહે. અહીં તો આપણે ભાવનું કામ. કહો, લક્ષ્મણ જેવા પુરુષ અને રામચંદ્રજી જેવા પુરુષોત્તમ પુરુષ, સીતા જેવા ભગવતી પુરુષ. આહાહા..! સમકિતી છે, સીતાજી આત્મજ્ઞાની છે. ઓલો કહે છે કે મને નજરે નુપુર પડ્યા છે એકવાર પગે લાગતો હતો ત્યારે. બાકી બીજી તો મને કાંઈ ખબર નથી. આહાહા..! એ લૌકિક સજ્જનતાની નીતિ પણ કેટલી! આહાહા..! મહાપુરુષોની નીતિ પણ એવી હોય છે.

આ તો લોકોત્તર નીતિ, આત્મજ્ઞાન. આહાહા..! જેને આત્મદર્શન થયું એ જ્યારે દીક્ષા વખતે સંસારથી પણ ઉદાસ હતો કહે છે. આખો સંસાર ઉદયભાવથી ઉદાસ. એ મારી ચીજ નહિ. આહાહા..!

ભાઈ! એ વખતના ભાવને યાદ રાખજે હવે, એમ કહે છે. એ વખતે તને એવો જે ઉદાસભાવ આવ્યો હતો એને યાદ રાખજે.

શરીર. શરીરનો તને ઉદાસભાવ હતો. આહાહા..! આ શરીર તો માટીનો પિંડ, પુદ્ગલ, જડ, અજીવ છે. એ કાંઈ મારી ચીજ નથી. હું તો આત્મા અંદર પરથી ભિન્ન છું. એનું ગમે તેમ થાઓ. મારે તેની સામું જોવાનું છે નહિ. એવો આપને વૈરાગ્ય થયેલો એ વખતે. સમ્યગ્દર્શન સહિતની વાત છે હોં. અત્યારે તો ક્યાં છે સમ્યગ્દર્શન જ નથી ત્યાં હજી. આહાહા..! બહુ ઝીણું બાપા! વાતું એવી ઝીણી છે ને. શરીર પ્રત્યે ઉદાસ થઈ ગયો હતો. અસાર-અસાર. ભગવાન મારો આત્મા સાર, શરીર અસાર. ભગવાન મારો આત્મા સાર, પુણ્ય-પાપના વિકલ્પ સંસાર અસાર. આહાહા..! ભોગ. મારા આનંદનો અનુભવ તે સાર, વિષયના ભોગની વાસના તે અસાર. આહાહા..! કહો વારિયા! સમજાણું આ? ઝીણું. સાંભળજો. આહાહા..! સાર અસારના ત્રણ બોલ લીધા અહીંયાં. ટીકાકારે ૪૪ લીધા છે. પણ સાર છે આ. આહાહા..!

શ્રોતા :- પહેલા તો શુભ-અશુભ...

ઉત્તર :- એ નથી ખબર.

અહીં તો આત્મા પ્રભુ જ્ઞાનાનંદનો નાથ પ્રભુ એ સાર છે અને ઉદયભાવ પુણ્ય-પાપનો ભાવ તે અસાર છે. અશરીરી મારી ચીજ તે સાર છે, શરીર તે અસાર છે. આ તો માટી છે, ધૂળ છે. આ માટીના રજકણો છે, આ કાંઈ મારા નથી. આહાહા..! 'ગર્વ ન કરશો રે ગાત્ર' એમ આવે છે. 'એવું માટીનું ભાંડ રે, ક્ષણમાં લાગે ખોખરું.' આ માટીનું વાસણ છે. ઠોકર વાગી એટલે તડ પડી જાય ફડાક. એમ આ માટીના વાસણ જેવું છે. જરીક કાંઈક થાય તો એં.. આમ થઈ ગયું, કેમ થયું? ધૂળમાં થાય નહિ તો શેમાં થાય? આત્મામાં થાય? આહાહા..! 'ક્ષણમાં લાગે રે ખોખરું.' ખોખરું સમજાણું? આપણી ગુજરાતી ભાષા છે. ઠોકર વાગે ને ઠોકર વાસણને, તડ પડી જાય. એમ આને ઠોકર જરીક વાગે ક્યાંક એં.. આમ થઈ ગયું, એ ઊલટી થઈ ગયું, ઢીંકણું થઈ ગયું. વળી અત્યારે તો આ કેન્સર ને આ બીજું શું કહે છે આ? હાર્ટ ફેઈલ, હૃદયનો હુમલો, અકસ્માત. આહાહા..! એ શરીર તો આવું જડ છે હવે. કેટલી તારે માંડવી છે એના માટે. આહાહા..! તારો નાથ ચૈતન્ય બિરાજે એ સાર છે, આ તો અસાર ચીજ છે, માટી ચીજ છે. હાડકા, માંસ ને ચામડાનું બનેલું છે, અજીવ પુદ્ગલ છે. એ અસાર છે.

ભોગ તે અસાર છે. આહાહા..! મારા નાથનો આનંદનો ભોગ તે સાર છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો એ સાર છે. ભોગ ઈન્દ્રાણી જેવાના ભોગ એ અસાર છે. સડેલા કૂતરા ને મીંદડા જેમ ગંધ મારે એવી, સમકિતીને એવા વિષયની વાસનામાં એવી ગંધ લાગે છે. આહાહા..! સમજાણું કાંઈ? મીંદડા સડેલા હોય ને જેમ ગંધ મારે. લૂગડું રાખે આમ. મીંદડા સડેલા. એમ ધર્મીને સમ્યગ્દૃષ્ટિ જીવને એ ઈન્દ્રના ઈન્દ્રાસનના ભોગો અને ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રીના ભોગ, એ ચક્રવર્તી ભગવાન સમકિતી

હતા શાંતિનાથ, કુંથુંનાથ, એને સડેલા ગંધ જેવા લાગતા એ. પણ રાગ હતો, પણ ગંધ ન લાગે એને. આહાહા..! કાળો નાગ છે આ તો. વિષયની વાસના કાળો નાગ દેખે એને. આહાહા..! આનું નામ સાર અને અસાર. એ વિષયની વાસના અસાર છે, ભગવાન આત્માના આનંદનો અનુભવ એ સાર છે.

શ્રોતા :- રાગ આવે તો...

ઉત્તર :- રાગથી જાણનાર રહે છે, રાગને પોતાનો ક્યાં માને છે અંદર? આહાહા..! ઝેરમાં છું એમ માને છે વિકલ્પ આવે એટલે. આહાહા..! આવી ઝીણી વાત બહુ.

શુભરાગ આવે ભગવાનની ભક્તિ, દયા, દાન, વ્રત, એને પણ ધર્મી તો દુઃખ જાણે છે, દુઃખ જાણે છે. રાગ છે ને. આહાહા..! લ્યો! ચેતનજી! આ તો આવ્યું બધું, તમે લાવ્યા હતા કાલે. આહાહા..! વિકલ્પનો ખદબદાટ ઊઠે એ જ કષાય અગ્નિ છે કહે છે. આહાહા..! 'રાગ આગ દહે સદા તાતૈ સમામૃત સેઈયે.' આવે છે? શેમાં? છ ઢાળામાં. 'રાગ આગ દહે સદા...' ચાહે તો શુભરાગ પણ આગ છે ભાઈ! એને ખબર ક્યાં છે, હજી શ્રદ્ધાની ખબર નથી. આહાહા..!

શ્રોતા :- ધામધૂમ ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર.

ઉત્તર :- જ્ઞાનમાર્ગ (રહ્યો દૂર). હવે એમાં તો એમ લખ્યું છે, ભક્તિમાં રાગ ક્યાં છે? ભક્તિ ઉપર લક્ષ છે ત્યાં રાગ દુઃખ ક્યાં છે? ભાઈએ લખ્યું છે. એ તો પહેલા પણ આવ્યું હતું. અરે..! ભગવાન! બાપુ! તને ખબર નથી ભાઈ! રાગની ઉત્પત્તિ વિના પર ઉપર લક્ષ જાય જ નહિ. ચાહે તો..

શ્રોતા :- આકુળતા ઉત્પન્ન થાય...

ઉત્તર :- ત્યારે પર ઉપર લક્ષ જાય. ભગવાન સમવસરણમાં બિરાજતા હોય. ત્રણ લોકના નાથ સો ઈન્દ્રના પૂજનિક એના ઉપર લક્ષ જાય એ રાગની વૃત્તિ છે, ભાઈ! તને ખબર નથી. રાગની વ્યાખ્યાની તને ખબર નથી. આહાહા..! ભગવાન અંતરના ઘરમાંથી ખસ્યો એ રાગ છે. આહાહા..! શાંતિનો સાગર ભગવાન, એમાંથી જેટલો બહાર નીકળ્યો એ વૃત્તિ બધો રાગ છે અને એ આગ છે. આહાહા..! એ કેમ માને? શ્રદ્ધાના ભાન ન મળે, સમકિતની ખબર ન મળે. 'રાગ આગ દહે સદા તાતૈ સમામૃત સેઈએ.' સમતારૂપી અમૃતને સેવ. આહાહા..! રાગને આગ જાણીને ભગવાનના,.. અહીં કીધું અગ્નિ એને? કષાયની અગ્નિ કીધી ને? આહાહા..!

'**અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન હોતા હૈ,...** ' આહાહા..! દીક્ષા વખતે સંસાર, શરીર, ભોગ, '**(વિશેષતયા) અસાર જાનકર અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન હોતા હૈ, વૈસે હી ઉસકે આદિ શબ્દસે રોગોત્પત્તિ,...**' આકરો રોગ આવે ત્યારે એમ થઈ જાય કે આહાહા..! પણ જ્યાં રોગ મટે ત્યાં પાછો ભૂલી જાય. એવા શૂળ આવ્યા હોય... એવા શૂળ આવ્યો હોય.. આહાહા..! આ ક્ષણમાં શરીરમાં રહેવું સારું નથી. પણ એ રોગ મટે એવો પાધરો પાછો... એય..! જેચંદભાઈ! પાધરા પતરા ફેરવા. પતરા હતા ને એ પહેલું. મોરબી કે વાંકાનેર? રાજકોટ, રાજકોટ. પતરા પાથર્યા હતા. આ તો દાખલો હોં.

એક નહિ, બધાની વાત છે ને આ તો. આહાહા..! જરા દુઃખ આવે અંદરથી. આહાહા..! પહેલા આપણે પાટિયા ભીંસાતા કહેતા. અત્યારે હાર્ટનો હુમલો કહે છે. પહેલા એ શબ્દ નહોતો. પહેલા તો પાટિયા ભીંસાતા એમ કહેતા ૬૦ વર્ષ પહેલાં. પાટિયા ભીંસાતા. છાતીના પાટીયા ભીંસાય છે આમ. એ વખતે એવું થઈ જાય કે આહાહા..! અરે..! જો શરીર સારું રહે તો હવે હું તો ધર્મ કરીશ. પણ જ્યાં રોગ મટે, પાછો સવારે દુકાને જાય.

શ્રોતા :- ડબલ કામ કરે.

ઉત્તર :- બમણું. હા પણ પછી કાલનો કાળ ગયો હોય તો આજના કાળે પાછું ડબલ કરવું જોઈએ ને. આહાહા..! ભાઈ! કરવાના ક્યાં કામ છે બાપુ? એ પરની ક્રિયા તો ક્યાં કરી શકે છે? પણ રાગ કર્યો એણે એ વખતે. દુકાનનો ધંધો આત્મા કરી શકતો નથી. એ તો પર જડની અવસ્થા છે. આહાહા..!

અહીં તો કહે છે, ઉત્તમબોધિ. '**રોગોત્પત્તિ,...**' કાળે વૈરાગ્ય થઈ જાય. '**મરણકાલાદિક જાનના.**' કોકનું મરણ થતાં દેખેને પોતાને એમ થઈ જાય કે આહાહા..! મારે પણ આવું જ થાશે. ભીંસાતો હોય ને આમ આમ કરતો હોય. એવે વખતે વૈરાગ્ય હોય. '**ઉસ સમયમેં જૈસે ભાવ હો વૈસે હી સંસારકો અસાર જાનકર, વિશુદ્ધ સમ્યગ્દર્શન સહિત હોકર,...**' એકલી ક્ષમા નહિ. આત્માના અનુભવ ને સમ્યગ્દર્શન સહિતની વાત છે અહીં તો. તેથી '**उत्तमबोहिणिमित्तं**' કહ્યું છે ને? '**उत्तमबोहिणिमित्तं णसारसाराणि मुणिऊण** ' સાર અને અસારને જાણીને. આહાહા..!

'**વિશુદ્ધ સમ્યગ્દર્શન સહિત હોકર, ઉત્તમબોધિ જિસસે કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ,...** ' એ ભાવના અંદરમાં રમણતા કરતા, સમ્યગ્દર્શન સહિત આવી ભાવના વીતરાગથી ઉત્પન્ન કરતાં કેવળજ્ઞાન થઈ જાય. '**ઉસકે લિયે દીક્ષાકાલાદિકકી નિરંતર ભાવના કરના યોગ્ય હૈ,...**' લ્યો! એ માટે આ ભાવના (કરજે). '**ઐસા ઉપદેશ હૈ.**' એવો ભગવાન કુંદકુંદાચાર્યનો ભગવાને કહેલો ઉપદેશ એ આ છે. આહાહા..! વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... આહાહા..! પચ્ચીસ વર્ષનો જુવાન છોકરો મરે અને વીસ વર્ષની જુવાન લીલા સાંઠાની મૂકીને જાય. ઘરમાં છેલ્લો છોકરો એ જ હતો. એ વખતે એને કેટલું થાતું હશે? હાય.. હાય... રે.. અરે..! કોઈ ન મળે અમારું. આ શું થયું? એમ વૈરાગ્ય સંસાર કાળે કે મારું કોઈ નથી. રાગ રજકણ મારા નથી, મારી ચીજ તો મારામાં જ છે. એવા ભાન સહિત, વૈરાગ્ય સહિત રાગથી વિરક્ત થઈ અને જે ભાવના હતી એ ભાવનાને જાળવી રાખજે. મૃત્યુ સુધી એ ભાવનાને જાળવી રાખજે એમ ઉપદેશ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ સુદ ૧૦, ગુરુવાર તા. ૩૦-૦૫-૧૯૭૪**
**ગાથા - ૧૧૦-૧૧૧, પ્રવચન - ૧૬૦**

૧૧૦મી ગાથા છે. કૌંસમાં છે. '**નિરંતર સ્મરણમેં રખના :—**' એમ આવ્યું હતું ને અંદર? પહેલું આવ્યું હતું. '**દીક્ષાકાલાદિકકી નિરંતર ભાવના કરના યોગ્ય હૈ,...**' એ ટીકાનો શબ્દ છે. આ તો ભાષાકારે મૂક્યું. '**ક્યા? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી વૃદ્ધિ હેતુ...**' પહેલો આ તર્ક છે કે સમ્યગ્દર્શન એ આત્માનો સ્વભાવ છે એ એનો માલ છે. અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ તત્ત્વનો એ માલ સ્વભાવ, વસ્તુસ્વભાવ છે. એનું ભાન થઈને મૂળ પહેલું સમ્યગ્દર્શન થાય અને એ સ્વરૂપનો સ્વભાવ જે છે શુદ્ધ ચૈતન્ય-માલ અંદર તત્ત્વ એનું જ્ઞાન થાય અને એમાં રમણતા થાય, એની વૃદ્ધિને હેતુ... એવા ત્રણ તો છે કહે છે. મુનિની વ્યાખ્યા છે ને વિશેષપણે. એ ત્રણ તો છે પણ ત્રણની વૃદ્ધિને હેતુ. '**હે મુનિ! દીક્ષાકે સમયકી અપૂર્વ ઉત્સાહમય તીવ્ર વિરક્ત દશાકો,...**' સ્મર. સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યારે દીક્ષા ચારિત્ર લે છે એ વખતની એને દીક્ષા સમયની અપૂર્વ ઉત્સાહમય તીવ્ર વિરક્તિ. જાણે બિલકુલ પર ઉપર લક્ષ જ ન કરું અને અંતરમાં જાઉં એવી તીવ્ર ઉત્સાહદશા તે વખતે હોય છે.

શ્રોતા :- શુભભાવના છે?

ઉત્તર :- ભાવ ભલે હોય પણ પાછળ શુદ્ધિની વૃદ્ધિનું લક્ષ ત્યાં છે ને. વૈરાગ્યભાવથી સહિત ચિંતન સ્વરૂપના વલણવાળું, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિનું કારણ છે.

'**દીક્ષાકે સમયકી...**' આ તો સાચી દીક્ષા હોં! આ સાધારણ અત્યારે લે એ કાંઈ દીક્ષા નથી. આ તો આત્માનો સ્વભાવ જેને માલ અંતરનો ભાસ્યો છે કે હું એક ચૈતન્યના સ્વભાવના માલવાળી ચીજ છું, તત્ત્વ છું, પદાર્થ છું, વસ્તુ છું. મારામાં તો અનંત આનંદનો માલ વસ્યો છે. એનું, પર્યાય એનું માપ કરે છે. આહાહા..! એક સમયની આ દર્શન-જ્ઞાન પર્યાય એનું માપ કરે છે કે આ પૂર્ણ છે એમ. માલ વસ્તુ છે ને તત્ત્વ પદાર્થ, એનો જે ત્રિકાળી સ્વભાવ, તત્ત્વનું સત્ત્વ આખું ધ્રુવ સત્ત્વ, એનું જેણે જ્ઞાનની પર્યાયમાં માપ કાઢ્યું છે કે આ ચીજ આવી છે અને એમાં એ જ્ઞાનમાં, 'આ પૂર્ણ છે' એવું આવતા એની જે પ્રતીત થાય છે એનું નામ સમ્યગ્દર્શન છે. અને તે સ્વરૂપના માલની કિંમત થઈ, પર્યાયે માપ કર્યું, પ્રતીત થઈ, એ ઉપરાંત હવે સ્વરૂપમાં માલ જે શક્તિરૂપે છે એને પર્યાયમાં લાવવા અંતર રમણતા કરવી એનું નામ ચારિત્ર. એ ત્રણની વૃદ્ધિને હેતુ આ વિચાર કરવો એમ કહે છે. દીક્ષાને સમયે આમ વૈરાગ્ય આવે અંદર. આખી દુનિયાથી જાણે ઉદાસ.. ઉદાસ.. ઉદયભાવથી પણ ઉદાસ. મુનિપણું એટલે શું? આહાહા..!

શ્રોતા :- અપૂર્વ ઉત્સાહ.

ઉત્તર :- સ્વભાવ સન્મુખ.

શ્રોતા :- એ ગુણસ્થાન.. કારણ છે.

ઉત્તર :- ના, ગુણસ્થાન તો છઠ્ઠુ-સાતમું છે. પણ દીક્ષા વખતે ભાવ જે હતો ને, એ ઉત્સાહ આટલો હતો બસ. પછી તો દીક્ષા થઈ ત્યારે તો સાતમે ધ્યાનમાં આવે. પણ ઉત્સાહ તો પહેલો આવો હોય ને એને કે એકદમ પૂર્ણ પરથી ખસીને અંદરમાં જાવું. આ જયધવલમાં આવે છે ને. જયધવલ. મેં તો દીક્ષા વખતે શુદ્ધ ઉપયોગને મેં તો અંગીકાર કર્યો છે.

શ્રોતા :- ખરી ભાવનાથી.

ઉત્તર :- હા. મેં તો શુદ્ધ ઉપયોગ (અંગીકાર કર્યો છે), જેમાં શુભભાવ પણ ન આવે. આહાહા..! એ જયધવલ આવ્યું હતું પ્રથમ ત્યારે, વીંછીયા. ૨૦૦૦ની સાલ. ૩૦ વર્ષ થયા. લાઠીમાં એ કાઢ્યો હતો ને. એનો વરઘોડો કાઢ્યો હતો. ૨૦૦૦. એમાં આ આવ્યું હતું. તે દિ' ત્યાં કહ્યું હતું પહેલું કે જુઓ આ મુનિપણું! તદ્દન ઉગ્ર ઉત્સાહથી જેણે આત્મામાં-મારી ચીજ મૂળ વસ્તુ એમાં-રમણ કરું એ મેં પ્રતિજ્ઞા કરી હતી. આહાહા..! પણ આ શુભભાવ આવ્યો મહાવ્રતાદિનો, આહાર લેવાની વૃત્તિ આવી, એ મારું પચ્ચખાણ ભંગ થઈ ગયું. આહાહા..! વાણી તો જુઓ દિગંબર સંતોની! એવી ક્યાંય છે? આહાહા..! અરે..! મેં તો આત્માના અનંત આનંદ સ્વરૂપમાં રમવું એવી મેં તો પ્રતિજ્ઞા કરી હતી. એ સિવાય બીજું નહિ. આહાહા..! અરે..! આ પાંચ-પચાસ વર્ષ કે લાખ, બે લાખ વર્ષમાં જે કાંઈ શુભ ઉપયોગ આવ્યો અને એમાં હું અટક્યો એ મારી પ્રતિજ્ઞાનો ભંગ થયો છે. આહાહા..! ગજબ વાત છે ને!

શ્રોતા :- ...

ઉત્તર :- એ ઉત્કૃષ્ટની વાત લેવી છે અહીં તો. એમાં આવે છે એ, જયધવલમાં પાઠ છે એ. મારે તો મારા શુદ્ધ ઉપયોગરૂપી મુનિપણું ગ્રહણ કર્યું છે, પંચ મહાવ્રતના વિકલ્પ એમ નહિ. એ તો મોક્ષમાર્ગમાં પણ આવે છે ને. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે શરૂઆતમાં. મેં તો શુદ્ધ ઉપયોગરૂપી મુનિપણું જે મોક્ષનું સાધન એને મેં અંગીકાર કર્યું છે. આહાહા..! ઉદયભાવથી મરી ગયો છું હું તો. મારા શુદ્ધ ઉપયોગથી રમું એ મારી ચીજ છે. આહાહા..! એવા મુનિપણાની પ્રતિજ્ઞા લીધી હતી. આ વચમાં આહારની વૃત્તિ આવી અને આ શુભ ઉપયોગ, એ ધર્મ ઉપદેશ કરવો, મહાવ્રતના પરિણામ ને... આહાહા..! જુઓ તો ખરા! દિગંબરના તીવ્ર વચનોને લઈને.. આવે છે ને શ્રીમદ્‌માં. રહસ્ય સમજી શકાય છે કે અહો! વીતરાગતાનું વર્ણન. જેને (એમ છે કે) પંચ મહાવ્રતના પરિણામ(માં) પણ મારી પ્રતિજ્ઞાનો ભંગ થયો છે. આહાહા..! હું ફરી પ્રતિજ્ઞા લઉં છું મરણને ટાણે. સમાધિ મરણને ટાણું આવ્યું. આહાહા..! દેહ છૂટવાનો કાળ છે. હું ફરી પ્રતિજ્ઞા લઉં છું. મારે તો શુદ્ધ ઉપયોગમાં રહેવું. આહાહા..! ત્યારે એ પચ્ચખાણ કરીને દેહ છોડે છે સમાધિ મરણમાં. દેહ છૂટવાનો સમય તો આવશે કે નહિ?

બધાને નહિ આવે? જુવાનોને પછી આવશે એમ હશે? આહાહા..!

પરથી હું તો તદ્દન ઉદાસ છું. મારા સ્વરૂપમાં હું સાવધાન છું. એને દીક્ષા વખતે જે ઉત્સાહ હતો, એવી વિરક્તદશાનું યાદ કરે કહે છે. આહાહા..! આ તો સાચી દીક્ષાની વાત છે ને. સમ્યગ્દર્શન સહિતની વાત છે. આહાહા..! દીક્ષા એટલે? જે આત્માનો સ્વભાવ સ્વ-ભાવ, કાયમી વસ્તુનો ભાવ, આનંદભાવ, જ્ઞાનભાવ, નિત્યાનંદભાવ, પ્રભુતાની પૂર્ણતાની સ્વચ્છતાનો ભાવ એવો જે મારો સ્વભાવ, એને મેં જે અનુભવમાં, પ્રતીતિમાં લીધો છે, હવે મારા માલમાં મારે રમવું છે. આહાહા..! મારી ઘરની ચીજમાં મારે રમવું છે. એનું નામ ચારિત્ર છે. આહાહા..! કહો, વજુભાઈ! પહેલું જાણવું તો પડશે કે નહિ કે આ વસ્તુની સ્થિતિ આવી છે? આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- વસ્તુ છે ને પણ, મહા વસ્તુ માલ છે. એક સમયની પર્યાય તો એ બારદાન છે ખરેખર. એ માલનું માપ કરનાર છે. આહાહા..! વસ્તુ છે ને? રાગ-દ્વેષ તો નહિ પણ વર્તમાન પર્યાય જે છે એ પર્યાય ત્રિકાળી વસ્તુનું માપ કરે, માલને તોળે છે એ. આહાહા..! એવી સમ્યગ્દર્શન પર્યાય, સમ્યગ્જ્ઞાન પર્યાયમાં આવો માલ જેને અંતર બેઠો છે. વસ્તુ છે ને પણ એ? તત્ત્વ છે ને? સત્‌નું સત્ત્વ છે ને? સત્‌પણું છે ને? એ તો પૂર્ણ આનંદ ને પૂર્ણ સ્વચ્છતા અને પૂર્ણ પ્રભુતા એ એનું મૂળ સ્વરૂપ છે માલ તો. એ માલના માપ કરીને પ્રતીતિ જેને અંતરમાં થઈ ગઈ છે, એને હવે અંતર રમણતામાં દીક્ષાકાળે તો એટલી ઉત્કૃષ્ટતા થાય કે આમાં જ હવે હું તો આવું. બસ થઈ રહ્યું. બહાર નીકળવું જ નથી. આહાહા..!

એવા '**અપૂર્વ ઉત્સાહમય તીવ્ર વિરક્ત દશાકો,...**' સ્મરણમાં લાવે. આહાહા..! એક વાત. '**કિસી રોગોત્પત્તિકે સમયકી...**' રોગ આકરો આવ્યો હોય શરીરમાં. આહાહા..! એક છોડી જુવાન હતી બાર-તેર વર્ષની એને કૂતરું કરડેલું આ હડકાયું. રાણપુરમાં. પ્રેમચંદભાઈ આપણા હતા ને એના ભાઈબંધ હતા મોઢ, એની દીકરી હતી. એના બાપ મરી ગયા હતા. આ પ્રેમચંદભાઈને સોંપી ગયેલા કે તમે જાળવો. એને કૂતરું કરડ્યું, એમાં હડકાયું કૂતરું. એમાં હડકાયું કૂતરું ફાટ્યું. ન દેખાડાય પાણી, ન પવાય પાણી, ન અપાય આહાર, ન નખાય પંખો. એટલી પીડા એને પવન પણ નખાય નહિ. આહાહા..! આવા રોગ ટાણે કેવો વૈરાગ્ય હોય, વૈરાગ્ય કરે તો.

શ્રોતા :- વૈરાગીને..

ઉત્તર :- વૈરાગીને.. આહાહા..! પ્રેમચંદભાઈને કહે છે કે કાકા! એ મોઢ હતા. છોકરો આવ્યો હતો હમણા. બહુ મિત્ર હતા બેય. એ મરી ગયા એટલે પછી... આ પ્રેમચંદભાઈને કહે, કાકા! મને ક્યાંય ચેન પડતું નથી. મને શું પીડા થાય છે એ હું કહી શકતી નથી. કાંઈ મને ખબર પડતી નથી. પીડા... પીડા... પીડા... હડકાયું કૂતરું. કંઈ ચેન પડે નહિ. આહાહા..! સૂતા સૂવાય નહિ, બેઠા બેસાય નહિ, પંખા

પવનના નખાય નહિ, પાણી પીવાય નહિ, આહાર લેવાય નહિ. આહાહા..! એ ચોવીસ કલાકે, અડતાલીસ કલાકે દેહ એમ ને એમ છૂટી ગયો. આહાહા..! જુઓ આ રોગના કાળ! એ વખતે ધર્માત્માને વૈરાગ્ય એવો આવે આહાહા..! આ શરીર!

એક ગાયને મેં જોઈ હતી. હીરાભાઈના મકાનમાં હતી ગાય. ગાય એક હતી એને હડકાયું કૂતરું કરડી ગયું. ગાય મોટી લઠ્ઠ જેવી. ચારે કોર ફર્યા ફર, ભાંભર્યા કરે. ન પીવે પાણી, નહિ આહાર, નહિ પવન. રાડે રાડ. એ ચોવીસ કલાક કે થોડા કલાકે રહી ત્યાં ઝાડ છે નીચે એમાં પડી, પડીને તરફડ્યા મારે. શરીર જુઓ તો નિરોગ, જુવાન અવસ્થા ગાયનું. એક પોલીસ નીકળ્યો. પોલીસને કીધું, આ શું છે આ? આ શું સ્થિતિ થાય જોઈ? દેહની આવી સ્થિતિ છે બાપા! આહાહા..! દેહથી આત્મા અંદર જુદી ચીજ છે. એની ખબરું નથી. એ પોલીસે બિચારો જરીક ઊભો રહી ગયો. ત્યાં રસ્તો છે ને પોલીસને જવાનો? જુઓ! આ કીધું તરફડે જુઓ! આહાહા..! એમાં કાગડા (ચાંચ) મારે, ઠોલે. પૂછડું હલાવી શકે નહિ. જુઓ આ દશા શરીરની. આહાહા..! એવા રોગને કાળે જ્યારે વૈરાગ્યની વૃત્તિ ઊભી થઈ હોય, ત્યારે કહે છે કે યાદ રાખજે ભાઈ! આહાહા..! દુનિયાની લાલચ(ને) ભૂલી જજે, ભાઈ! એવે કાળે (આત્મા) કેમ ભૂલી જા છો? આહાહા..!

લાઠીવાળી બાઈનું નહોતું કહ્યું? ઘણીવાર કહ્યું. લાઠીની છોડી હતી જુવાન રૂપાળી. બે વર્ષનું પરણેતર. એના ધણી નવી પરણેલો. જૂની મરી ગયેલી. શીતળા નીકળ્યા. દાણે દાણે ઈયળ. ધીરૂભાઈનું મકાન છે ને. આપણે તલકચંદભાઈ નહિ? એના ડેલામાં હતા. તળાઈમાં નાખેલી આમ. જુવાન અવસ્થા, રૂપાળું શરીર. નવી પરણેલો એનો ધણી. આહાહા..! આમ શરીર કરે તો બા! મેં આ પાપ આવા આ ભવમાં નથી કર્યા. મારાથી કાંઈ સહન થતું નથી. શું થાય છે અને શું કરવું કાંઈ સૂઝ પડતી નથી. આમ ફેરવે તો લાખો, હજારો ઈયળુ આમ, આમ ફેરવે તો હજારો ઈયળું આમ (પડે). દાણે દાણે ઈયળ પડેલી. આહાહા..! આવા રોગના સમયને યાદ કરજે ભાઈ! આહાહા..! એ એને નહિ, પણ તને પણ આમ થાય તો શું થાય? એ યાદ કરજે, બાપુ! આહાહા..!

શ્રોતા :- આ એને છે એમ નહિ.

ઉત્તર :- હા. એવા રોગની ઉત્પત્તિના કાળે... આહાહા..! જુવાન જોધ અવસ્થા હતી હોં બાઈની. જુવાન અવસ્થા. નરમ હતી બાઈ હતી બિચારી નરમ હતી. અમારે ઘણી વાર વ્યાખ્યાનમાં આવે ને. એમ ને એમ સૂકાઈ ગયું શરીર, મરી ગઈ, થઈ રહ્યું. આહાહા..! એને ન ભાવે ખાવું, ન ભાવે પીવું, ન ઊંઘ આવે, ન જાગતા ઠીક પડે, કાંઈ ઠીક ન મળે. આહાહા..! શરીરમાં આવે છે ને, કેટલા કરોડ રોગ હોય છે. કેટલા રોગ? એ.. ધનજીભાઈ!

શ્રોતા :- પાંચ કરોડ અડસઠ લાખ નેવું હજાર પાંચસો ચોર્યાસી.

ઉત્તર :- આહાહા..! એ રૂપાળા શરીર લાગે સારા. એમાં જ્યારે એ પાંચ કરોડ રોગ ફાટે. રૂંવાટે

રૂંવાટે હમણા આવશે આપણે આમાં. પહેલી ગાથા પડી રહી છે ને. ૩૪થી ગાથા પડી રહી છે. એક એક આંગળમાં છન્નું-છન્નું રોગ. આહાહા..! છે ને આમાં? કેટલામાં છે?

શ્રોતા :- ૧૫૦.

ઉત્તર :- ૧૫૦ પાનું? ગાથા? ૩૭ લ્યો. ૩૭ ગાથા છે. એ આપણે પડી રહી છે. ૩૭ ગાથા છે.

**एक्केक्कंगुलि वाही छण्णवदी होंति जाण मणुयाणं।**
**अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया।।३७।।**

આહાહા..! '**ઇસ મનુષ્યકે શરીરમેં એક-એક અંગુલમેં છયાનવે છયાનવે રોગ હોતે હૈં,...**' એક આટલો આંગળો એટલામાં છન્નું રોગ. એવા આખા શરીરમાં. સમજાણું? આહાહા..! એક એક આટલા અંગુળ, આટલા અંગુળ કહેવાય આ, એમાં છન્નું રોગ. એવા એવા આખા શરીરમાં ફાટે ત્યારે ખબર પડે. આહાહા..! છેવટે મરણટાણે આમ હાય.. હાય.. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. પુંજાભાઈના દીકરા વખતે ભાઈ નહિ? અમુલખ-અમુલખ. અમુલખ હતા. નાનાલાલભાઈના કાકાના દીકરા. કરોડપતિ બધા ઊભા હતા. આખો ઓરડો ભર્યો હતો. કરોડપતિ એના ભાઈઓ ત્રણેય. નાનાલાલભાઈ, મોહનભાઈ, બેચરભાઈ, એના કાકાનો દીકરો હતો. અમારું ચોમાસુ ત્યાં ૯૯માં. મરવાનું ટાણું. અને બોલાવ્યા કે મંગળિક સંભળાવો. એ બેચરભાઈએ હાથમાં રકાબીમાં જરી મોસંબી લઈ અને વહોરવા માટે આપ્યું. પણ એ હાથમાં ઝાલી શકે નહિ અને આંખમાંથી આંસુની ધારા ચાલે. આ કરોડપતિઓ બધા ભાઈઓ હતા. શું હાલ નાખે ત્યાં? આહાહા..! એ વખતની દશા જોઈ હોય. ૯૯ની સાલની વાત છે. ૩૨ વર્ષ થયા. રાજકોટમાં. એવા ટાણાને યાદ કરજે કહે છે ભાઈ! આહાહા..! શાતાશીળિયા થઈને ખાધાપીધાના ભાવને ભૂલી જજે હવે આવે ત્યારે. આહાહા..! એ આવ્યું ને.

'**રોગોત્પત્તિકે સમયકી ઉગ્ર જ્ઞાન-વૈરાગ્ય સંપત્તિકો,...**' દેખો ભાઈ! આહાહા..! અરેરે..! એક ક્ષણ પણ શરીરમાં રહેવું એ ઠીક નથી એમ લાગે એને. રાડે રાડ, ઈયળું, બળતરા. લબકારા બોલે અંદર ઓલાના અંદરમાં. એ તો અગ્નિના. અગ્નિના તણખા હોય ને એમ બોલે આખા શરીરમાં. પગમાં અગ્નિના તણખા બોલતા હોય. આહાહા..! એવી રીતે જ આંતરડાઓમાં, એવા રોગના સમયે ધર્મીને જ્ઞાન અને વૈરાગ્યની સંપત્તિ પ્રગટી હતી એને યાદ કરજે ભાઈ! આહાહા..! અરે..! શરીરના રજકણો પણ મારા ધાર્યા ન થાય એમાં હું કોને કહું કે આમ કરજે. આહાહા..! કહે છે કે આવા ટાણે હે મુનિ! આવા રોગના કાળને યાદ કરજે. એ વખતની વૈરાગ્ય અને જ્ઞાનની સંપદાને યાદ કરજે એમ કહે છે. આહાહા..! એ વખતનું જ્ઞાન, એ વખતનો વૈરાગ્ય. આહાહા..!

આ આત્માના મોક્ષમાર્ગની વૃદ્ધિને હેતુ આવી ભાવના કરજે. દુનિયાને ભૂલી જજે. આહાહા..! દુનિયા ક્યાં છે અને શું છે એ એને ઘરે રહી. મને કંઈ મદદ કરે એવું છે નહિ. આહાહા..! આંખમાંથી આંસુ ભાઈ, બેચરભાઈના આંખમાંથી આંસુ જતા હતા. એના ઓલાને ડબલ ન્યુમોનિયા હતો. શૂળ

આવે આમ. નીચે મૂકતા શૂળ (આવે). મરવાની તૈયારી. સાધ્ય હતી. મંગળિક આમ સાંભળ્યું. સામું જોયું. પીડા... પીડા... ધારા ચાલી જાય આંખમાંથી. બેચરભાઈના આંખમાંથી આંસુ ગયા. આહાહા..! નાનાલાલભાઈના ભાઈ બેચરભાઈ. મોટું શરીર. પોતે મરતા આઠ દિ' અસાધ્ય થઈ ગયા. આઠ? કેટલા દિ' કાઢ્યા? બેચરભાઈ અસાધ્ય હતા. આઠ દિ' કે બાવીસ દિ' એમ કાંઈક અસાધ્ય.. અસાધ્ય... અસાધ્ય... કાંઈ ખબર ન મળે. મોટું શરીર એવું. આહાહા..! બાપુ! એ જડના રોગને કાળે જે વખતે જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્યની દશા હોય તે દશાને યાદ કરજે. આહાહા..! આમ યાદ કરીશ નહિ કે મેં શાતાપણે આમ લીધા, બહુ ખાધા ને પીધા ને. મરી ગયો હવે ખાધા-પીધા શું હતું? આહાહા..! ખાધા-પીધા એ રાગ હતો. રાગમાં તો રૂદન હતા, આત્માની શાંતિ રગડાઈ જતી. આહાહા..! એ ખાવા-પીવાની હોંશુમાં પ્રભુ શાંતિને તો રગડી મારી છે તેં. આહાહા..!

આ તો અંતરના માલની શુદ્ધિની વૃદ્ધિ માટે આવી ભાવના કરજે એમ કહે છે. માલ તો પડ્યો છે, તારી મોટી દુકાન છે અંદર. આહાહા..! મોટું ગોદામ છે. તારો ધ્રુવ મોટો ગોદામ છે. આહાહા..! અરે..! એ વાત બેસે કેમ? ભાઈ! પણ તું વસ્તુ છો ને નાથ! તત્ત્વ છો કે નહિ? પદાર્થ છે કે નહિ? એ પદાર્થ એક સમયની દશામાં આવી ગયો છે? આહાહા..! એક સમયની પર્યાય-પલટતી દશા એમાં એ માલ આખો એમાં આવી ગયો છે? એ તો ભિન્ન છે આખો. આહાહા..! એવા સ્વભાવની સન્મુખતાની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ્યા છે એની શુદ્ધિની વૃદ્ધિ માટે આવી ભાવના કરજે ભાઈ! આહાહા..! આ તો ભાઈ! જેને આત્માનું કલ્યાણ કરવું હોય એની વાતું છે. બીજાને તો (એમ લાગે), આ શું બધી માંડી? મારી નાખ્યા. તો અમારે સંસારનું કાંઈ કરવું નહિ? કોણ કરે બાપુ? સાંભળને ભાઈ! રાગ ને દ્વેષ, સંકલ્પ ને વિકલ્પ કરે. આહાહા..! બે વાત થઈ.

'**કિસી દુઃખકે અવસર પર પ્રગટ હુઈ ઉદાસીનતાકી...** ' એવા કોઈ દુઃખ આવ્યા હોય. દીકરો મરી ગયો હોય ૨૦ વર્ષનો. બે દિવસના પરણેતરે મરી જાય અને એ વખતે એને વૈરાગ્ય થાય. આહાહા..! દુઃખનો પ્રસંગ છે ને એ શોક. આહાહા..! એક ગામમાં એક ભાઈ મરી ગયો તો બીજા ભાઈને ન કહેવાય. કારણ કે એની પણ મરવાની તૈયારી હતી. મરી ગયો સ્મશાનમાં લઈ ગયા, બાળી આવ્યા. અહીં આવ્યા ત્યાં આ મરી ગયો. એને કહેવાય નહિ કે આ મરી ગયો છે બીજો ભાઈ. આહાહા..! અહીં નિંગડા.... આહાહા..! એવા દુઃખના પ્રસંગ તને પણ ભજ્યા હોય. આહાહા..! એ પોકે પોકે રોતો હોય એ વખતે. અરેરે..! મારા દુઃખને કોને કહું? કોણ લે? એમ કહે. જ્ઞાનીને એ દુઃખના પ્રસંગે વૈરાગ્ય થઈ ગયો હોય છે. આહાહા..! એવા દીકરો મર્યો હોય, દીકરી રાંડી હોય, મકાન બળ્યું હોય, વીમાવાળો એ જ વખતે ભાંગ્યો હોય. આહાહા..! ચારે કોરની લાગી હોય સરખી. એવા પ્રસંગે હે જ્ઞાની! યાદ કરજે તારા વૈરાગ્યને. આહાહા..! એ દુઃખના અવસર. પહેલું હતું દીક્ષાના વૈરાગ્યની, બીજો હતો રોગ ઉત્પત્તિનું, ત્રીજો દુઃખનો પ્રસંગ, એમ. દીકરી રાંડી હોય, દીકરો મર્યો હોય, બાયડી

મરે નાની ઉંમરમાં અને છોકરા સાત-આઠ હોય બબ્બે વર્ષના આંતરાના. દસ-દસ છોકરા હોય, છોડીયું હોય, એ વખતે બાય મરી જાય. ઉંમર ૫૦ વર્ષની હોય. એ વખતે એને યાદ કરજે બાપા, તને શું? આ તો જ્ઞાનીની વાત છે ને? એય..! ફૂલચંદભાઈ! આહાહા..! ઓલાને તો કાંઈ નહિ, કહે છે, એ તો મરશે તો હું બીજી કરીશ. મોટી ઉંમર હોય તો બીજી ન થાય. પણ અહીં તો ધર્મીની વાત છે. ધર્મીને એવા બહારના પ્રસંગ આવ્યા હોય અને એ વખતે એને જ્ઞાન અને વૈરાગ્યની ધારા હોય એ યાદ કરજે તું ભાઈ! એમ કહે છે. અજ્ઞાનીએ તો પોક મૂક્યા હોય ત્યાં. આહાહા..!

પચ્ચીસ-પચ્ચીસ વર્ષની દીકરી હોય, ઘરે પાલનપોષણ કર્યું હોય. ખવરાવ્યા-પીરાવ્યા બધું હોય અને એ હરિજનને ઘરે વઈ જાય પરણીને. અને એ પ્રસંગ હોય ત્યારે શું થતું હશે? આ ખ્રિસ્તી-બ્રિસ્તી લઈને વયા જાય છે ને. અત્યારે તો ઘણું થાય છે ને. આહાહા..! બધું થાય છે. આહાહા..! આ કાળ એવો કાળ. વૈરાગ્યના કાળ એવા બધા હોય છે. પચ્ચીસ-પચ્ચીસ વર્ષની છોડીયું પાલનપોષણ કરીને મોટરુંમાં છૂટ આપી હોય ફરવાની. એ મોટરનો શીખ હોય એને લઈને વઈ જાય. શીખ શું કહેવાય? શીખ કહેવાય ને? મુંબઈમાં થયું હતું. આ તો બધા બનેલા છે ને. સરદાર સરદાર, એ સાચી વાત. આહાહા..! એ વખતે ધર્મીને પણ એવો પ્રસંગ આવી જાય સંસારમાં છે તો. એ વખતે એને વૈરાગ્યની ધારા આવે જ્ઞાનની. આહાહા..! એ વખતનો પ્રસંગ છે આ. ધર્મીના પ્રસંગની વાત છે હોં! આહાહા..! એને ક્યાં મોઢું દેખાડવું, શું કરવું એમ થઈ જાય અંદર. આહાહા..! પાંચમાં મોઢા આગળ બેસીને વાતું કરી હતી મોટી મોટી, આ ઘરે આવીને આ થયું. હાય.. હાય.. એવા પ્રસંગના જ્ઞાન અને વૈરાગ્ય થયા હોય ધર્મીને એને તું યાદ કરજે. ધર્મીને એમ કહે છે.

'પ્રગટ હુઈ ઉદાસીનતા...' ઉદાસ. આહાહા..! ઘરમાં વીસ વર્ષનો છોકરો મરી ગયો હોય અને શિયાળાના દિ'માં પાક કર્યા હોય, ઓલા સાલમપાક ને શું કહેવાય એ? સવારમાં અડદિયા ને એ બધા ઉપર ઉદાસ થઈ જાય. હાય.. હાય.. આહાહા..! એક બાપ હતો તે એકની એક દીકરી એના ઉપર એટલો પ્રેમ. કોઈ નહોતું. દીકરો મરી ગયેલો. દીકરી એકલી. અફીણનું બંધાણ, બહુ અફીણનું બંધાણ ઘણું બધું. એ છોડી મરી ગઈ ને બાળીને આવ્યા અને અરેરે..! જેના ઉપર મેં આટલો રાગ ઢોળ્યો. બાયડી નથી, છોકરા નથી, છોડી એક હતી. અરેરે..! આ છોડીને ગઈ તો આ અફીણ છોડ્યું ન જાય હવે? એ અફીણની ડાબલી નાખી દીધી. અફીણનું બંધાણ નાખી દીધું. આહાહા..! આવા પ્રસંગ. દીકરી અને બાપ બે જણા એમાં એકના ઉપર પ્રેમ. આ મરી ગઈ ને એને બાળીને આવ્યો ને. આહાહા..! આ અફીણનું ટાણું આવ્યું, બાપા લ્યોને. અરે..! ભાઈ! એ દીકરી વિના ચાલશે કે નહિ હવે? તો અફીણ વિના ન ચાલે હવે? એ ડાબલી અફીણની હતી એ ફેંકી દીધી. એવા પ્રસંગને યાદ કરજે, બાપુ! એમ કહે છે. આહાહા..! પંડિતજી! આહાહા..!

શ્રોતા :- અફીણ ખાઈને મરી ગયા?

ઉત્તર :- અફીણ છોડી દીધું. મરી ગઈ નહિ. અફીણનું બંધાણ હતું ને. છોડ દિયા. અફીણકા બંધાણ થા વહ છોડ દિયા. લડકી એકની એક વિના ચાલશે હવે, હું એકલો રહ્યો. આહાહા..! સુધરી જાય છે.

કહે છે કે આત્માનું જેને ભાન થયું છે. હું એક ચૈતન્ય આનંદના માલવાળું તત્ત્વ છું. મારામાં અતીન્દ્રિય આનંદનું મારું ગોદામ છે મારો આત્મા. આહાહા..! એવા અતીન્દ્રિય આનંદને ખોલીને જેટલો ખોલી શકું એટલો કાઢી શકું અંદરથી. આહાહા..! એવી જેને પ્રતીત અને જ્ઞાન અને રમણતા થઈ છે, એવા ધર્મી આવા પ્રસંગોને યાદ કરીને શુદ્ધિને વધારજે એમ કહે છે. આહાહા..! કોઈ મારું નથી, હું કોઈનો નથી એ તો હતું દૃષ્ટિમાં. આ તો સ્થિરતાની અસ્થિરતામાં આ ચારિત્રની વ્યાખ્યામાં છે. આહાહા..! વસ્તુનો સ્વભાવ એ મારું શરણ છે, એ મને ભાસ્યું છે. હવે બીજું કોઈ શરણ નથી જગતમાં. એમ ભાવના કરીને દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિને વધારે. આહાહા..! કહો, જયંતિભાઈ! તમારા બે જણામાં એવો પ્રસંગ બન્યો ન હોય હજી.

વળી ત્રણ બોલ કીધા. '**કિસી ઉપદેશ તથા તત્ત્વિચારકે ધન્ય અવસર પર...**' આહાહા..! હવે બીજો બોલ કહે છે. કોઈ ઉપદેશ એવો તત્ત્વનો આવ્યો, એ વખતે ધન્ય પળે એને વૈરાગ્ય થઈ ગયો હોય અંદરથી. આહાહા..! કોઈ ઉપદેશ અને તત્ત્વવિચાર. ત્યાં પોતે તત્ત્વની વિચારના ધારામાં આનંદસ્વરૂપ હું છું એવી વિચારધારામાં કોઈ ઉલ્લસિત વીર્ય ફાટ્યું હોય અંદર. આહાહા..! '**ધન્ય અવસર પર જગી પવિત્ર...**' આહાહા..! ધન્ય સમય અંદર આનંદના નાથને જગાડીને જેણે સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં બહાર લાવ્યો છે એ આત્માને. આહાહા..! સમજાણું કાંઈ?

એવા '**ધન્ય અવસર પર જગી પવિત્ર અંતઃભાવનાકો સ્મરણમેં રખના,...** ' એ વખતે ભાવના જે પ્રગટી હોય વૈરાગ્યની. એવો ઉપદેશ મળ્યો હોય અંદર ભગવાનનો, મુનિઓનો. આહાહા..! ફાટ ફાટ વૈરાગ્ય અંદર થઈ ગયો હોય એવા પ્રસંગને હે ધર્માત્મા! યાદ રાખજે કે જેથી તને શુદ્ધિની વૃદ્ધિ થાય. બાપુ! કોઈની સામું તું જોઈશ નહિ. આહાહા..! '**ધન્ય અવસર પર...**' ભાષા દેખો! કોઈ ઉપદેશને કાળે કે તત્ત્વ વિચારને કાળે. '**ધન્ય અવસર પર જગી પવિત્ર અંતઃભાવનાકો સ્મરણમેં રખના, નિરંતર સ્વસન્મુખ જ્ઞાતાપનકા ધીરજ...** ' સ્વસન્મુખજ્ઞાતાપનકો ધીરજ '**સ્મરણમેં રખના, ભૂલના નહીં. (ઈસ ગાથાકા વિશેષ ભાવાર્થ).** '

'**આગે ભાવલિંગ શુદ્ધ કરકે દ્રવ્યલિંગ સેવનકા ઉપદેશ કરતે હૈં :—**' હવે કહે છે કે હે મુનિ! સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી દ્રવ્યલિંગ ધારણ કરજે. સમ્યગ્દર્શનના ભાન વિના બાહ્યલિંગ ધારણ કરીશ તો એમાં આત્માને કાંઈ લાભ નહિ થાય. નગ્નપણું કરે, લૂગડાં પહેરીને સાધુ માને, પણ અંતર ભાવ સમ્યગ્દર્શન એ ચીજ જ શું છે એની ખબરું ન મળે.

सेवहि चउविहलिंगं अब्भंतरिंगसुद्धिमावण्णो।
बाहिरलिंगमकज्जं होइ फुडं भावरहियाणं।।१११।।

'**અર્થ :- હે મુનિવર! તૂ અભ્યંતરલિંગકી શુદ્ધિ અર્થાત્ શુદ્ધતાકો પ્રાપ્ત હોકર...**' અભ્યંતરલિંગ નામ આત્મદર્શન, સમ્યગ્દર્શન. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ એ હું છું એવી જેને અનુભવમાં પ્રતીતિ થાય ત્યારે અભ્યંતરલિંગ સમ્યગ્દર્શન પ્રગટ થયું કહેવાય. સમજાણું કાંઈ? આ તો ન મળે સમ્યગ્દર્શન (અને) કેમ થાય અને શું છે એની ખબરું ન મળે અને દીક્ષા લઈને બેસે, લૂગડાં ફેરવે કે નાગો થાય નગ્ન. આહાહા..! '**હે મુનિવર! તૂ અભ્યંતરલિંગકી શુદ્ધિ અર્થાત્ શુદ્ધતાકો પ્રાપ્ત હોકર...**' સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને, એમ કહે છે. આહાહા..! પહેલું કર્તવ્ય તો ધર્મીને આ છે. સમજાણું કાંઈ?

શુદ્ધ ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા અંતર સ્વરૂપ તો એનું ચૈતન્યનું આત્માનું ભાવસ્વરૂપ તો એનો અંતર આનંદ, અતીન્દ્રિય આનંદનું એ તો દળ છે. આત્મા એને કહીએ કે અતીન્દ્રિય આનંદનું દળ, પિંડ એને આત્મા કહીએ. આહાહા..! આ શરીર કાંઈ આત્મા નથી, આ તો જડ, માટી, ધૂળ છે. કર્મ જડ છે. આ પુણ્ય ને પાપના ભાવ થાય હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ એ પાપભાવના, વિકાર, અચેતન જડ છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ થાય એ પણ રાગ ને અચેતન જડ છે. આહાહા..! અચેતન છે ને. જેમાં ચૈતન્યનું તત્ત્વ ન આવે, જ્ઞાનનો અંકુર જેમાં નથી એ રાગને શું કહેવું? ચાહે તો વ્રતનો હોય, તપનો હોય, પૂજા ને ભક્તિનો (હોય) પણ છે તો અચેતન રાગ. આહાહા..! સમજાય છે? અંદર ભગવાન આત્મા, એ અચેતન વિકલ્પ અને રાગની પાછળ ચૈતન્ય દળ ધ્રુવસ્વરૂપ માલ પડ્યો છે આખો. આહાહા..! દૂધપાક કઢાયેલો દૂધપાક જેમ પડ્યો હોય ને કડાયામાં, એમ આત્મદ્રવ્યમાં એવો અતીન્દ્રિય આનંદનો દૂધપાક પાકેલો પડ્યો છે અંદર.

શ્રોતા :- પાકેલો તૈયાર છે.

ઉત્તર :- તૈયાર છે. આહાહા..! પણ સાંભળ્યું નથી, ખબર નથી (કે) આત્મા શું કહેવાય. હું કોણ છું? ક્યાં છું હજી ખબરું ન મળે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંદર અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય શાંતિ અને અતીન્દ્રિય સ્વચ્છતા અને અતીન્દ્રિય પ્રભુતા(થી ભરેલો છે). આ બહારની સંઘવીની પદવી ને વકીલાતની પદવી ને આ ડોક્ટરની પદવી ને, શું કહેવાય? સંઘપતિની, આ શેઠાઈની—એ બધી ધૂળની પદવીઓ છે. આહાહા..! અંદરમાં આત્માના આનંદનું સ્વચ્છપણું પ્રભુતા, જેના સ્વભાવની પ્રભુતાથી પ્રભુતાના સામર્થ્યથી ભરેલો છે એ. પણ એને વિશ્વાસમાં આવે ત્યારે એ સામર્થ્ય ભાસે ને? કોઈ એમ કહે કે આવો સામર્થ્યવાળો છે તો પછી આમ કેમ? પણ એ સામર્થ્યવાળો છે એમ બેઠું છે ક્યાં એને? આહાહા..! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એ આત્માને આવો કહે છે એવી તો એને ખબર પણ નથી. એમાં

અનંત બળ છે, અનંત જ્ઞાન છે, અનંત પ્રભુતા છે, સામર્થ્યનો પાર નથી એટલી પ્રભુતા ભરી છે. આહાહા..! તો એ પ્રભુતા એની કેમ બહાર આવતી નથી? પણ બાપુ! એ છે એવો વિશ્વાસ તને ક્યાં આવ્યો છે? તારે માટે તો એ નથી. હોવા છતાં નથી. હોવાપણું છે એવું જેણે માન્યું એને હોવાપણું છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું બાપુ! ધર્મની વાત વીતરાગની બહુ ઝીણી છે. લોકો એ બહાર કલ્પીને બેઠા છે ને. આહાહા..! ક્યાંય આરા ન આવે એવી વાત છે.

આ તો ચૈતન્ય ભગવાન અંદર આહાહા..! મોટા તળાવમાં ઉતરવાના પગથિયા હોયને અંદર. એમાંથી ઉતરાય કે પછી આખી ચારે કોર.. શું કહેવાય? પાળમાંથી કાંઈ ઉતરાય? ગારાવાળી હોય, ઓલી હોય, ... વયો હોય. આરો હોય ત્યાં ઉતરાય. એમ આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન એ અંતરમાં ઉતરવાના આરા છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન તો પૂર્ણાનંદથી ભરેલો, અતીન્દ્રિયરસથી ભરેલો છલોછલ ભરેલો આત્મા છે. આહાહા..! કેમ બેસે? એ કાંઈ પાંચ-દસ હજાર પેદા થાય ત્યાં ખુશી થઈ જાય, બાયડી જરીક સારી મળે ત્યાં રાજી થઈ જાય. હવે એને આત્મામાં આનંદ છે અને અતીન્દ્રિય આનંદથી ભરેલો કેમ બેસે? આહાહા..! પામરતાના પ્રમાણ બીજી જાતના થઈ ગયા. પ્રભુતાના પ્રમાણને આંકવાની દૃષ્ટિ જોઈએ એ નથી. આહાહા..!

કહે છે કે પ્રભુ તારો આત્મા. આહાહા..! અભ્યંતરલિંગની પ્રાપ્તિ કર્યા પછી ચાર પ્રકારના બાહ્યલિંગનું સેવન કર. પણ એના ભાન વિના તું બાહ્યલિંગ મુનિપણું ને શ્રાવકપણું લઈને બેસીશ, મિથ્યાત્વ છે બધું. આહાહા..! ઓહોહો..! ભાવપાહુડ તો.. ચૈતન્યનો નિર્વિકલ્પ સ્વભાવ, પૂર્ણ એક એક ગુણ તે પૂર્ણ એવા તો અનંત ગુણનો પિંડ, અનંત શક્તિનું સામર્થ્ય છે. એવો જે સ્વભાવ એની શુદ્ધિ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરીને શુદ્ધિ કરજે, પછી લિંગ ધારણ કરજે, સાધુ થવું. પણ આ વિના લિંગ ધારણ કરીશ તો મરીને હેરાન થઈ જઈશ. આ તો જ્યાં ત્યાં મુનિપણું આપી દે. આહાહા..! કાલે જ કોઈ કહેતું હતું ૧૨ વર્ષનો છોકરો અને ૧૪ વર્ષની છોકરી બહેન-ભાઈને દીક્ષા આપવાના છે. હવે એને ખબર ન મળે શું ચીજ છે. આહાહા..! અરેરે..! ભગવાનના માર્ગને ક્યાં કરી નાખ્યો? શાકભાજીની જેવું કરી નાખ્યું. એક ફેરી આવ્યું હતું ને, એ છાપામાં આવ્યું હતું. આહાહા..! શાકભાજીની પણ કિંમત છે અત્યારે તો. મોઘું છે. આહાહા..! રૂપયે શેર એમ કાંઈક કહે છે. બાર આના શેર આ દૂધી ને. વાતું કરે આપણે ક્યાં... કારેલા મોંઘા હશે ને બધાય?

શ્રોતા :- કારેલા તો મોંઘા જ હોય.

ઉત્તર :- આ ઋતુમાં રસની સાથે હોય ને. કેમ મળે છે કારેલા ખબર છે?

શ્રોતા :- દૂધી અત્યારે બે રૂપિયે કિલો.

ઉત્તર :- બે રૂપિયે કિલો. ઓહોહો..! બે શેર ને છ ભાર. બે રૂપિયે. એક રૂપિયાનું એક શેર ને ત્રણ ભાર. આરે આરે...! ગજબ છે ને. અરેરે..!

અહીં કહે છે, ભાઈ! તારો આત્માનો આનંદ છે ને અંદર, એને એકવાર પ્રતીત, સમ્યક્માં સ્વાદ લઈને પ્રતીત કરજે. પછી તું લિંગ ધારણ કરજે. આહાહા..! મારો આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ છે. એનો એકવાર સમ્યગ્દર્શનમાં સ્વાદ લઈને શુદ્ધિ પ્રગટ કરીને પછી તું મુનિપણું લેજે. આ વિના મુનિપણું લઈને લિંગ ધારણ કરીશ તો તારા નિરર્થક જાશે બધા. આહાહા..! એવા દ્રવ્યલિંગ તો અનંત વાર ધારણ કર્યા. આહાહા..!

**'શુદ્ધતાકો પ્રાપ્ત હોકર ચાર પ્રકારકે બાહ્યલિંગકા સેવન કર,...'** એ ચાર કહેશે. **'ક્યોંકિ જો ભાવરહિત હોતે હૈં ઉનકે પ્રગટપને બાહ્યલિંગ અકાર્ય હૈ...'** આહાહા..! જેને આત્માના આનંદના સ્વાદની ખબર નથી, અતીન્દ્રિયનો સ્વાદ કેવો હોય અને કેવો આત્મા એની ખબરું નથી, એને આ બાહ્યલિંગ અકાર્યકારી છે કહે છે. આહાહા..! એ સાધુપણાના લૂગડા પહેરે.

શ્રોતા :- લૂગડા ક્યાં..?

ઉત્તર :- લૂગડા કાઢી નાખીને અહીં તો વાત. નગ્ન લ્યોને. આ તો સાધુ પણ ક્યાં? દ્રવ્યલિંગ પણ કે દિ' છે? વસ્ત્રવાળા સાધુ તો દ્રવ્યલિંગ પણ નથી. આહાહા..! વાતું આકરી પડે. દુઃખ લાગે હોં બીજાને. દુઃખ લાગવા માટે નથી પ્રભુ! વસ્તુની સ્થિતિના સ્પષ્ટતાને માટે આ તો વાત છે ભાઈ! તારા માટે તો હિતની વાત છે. આહાહા..! જે મિથ્યાત્વ સેવીને દુઃખમાં પડ્યા છે અને જેના ફળમાં પણ દુઃખ થશે એનો કેમ તિરસ્કાર કરવો? એનો અનાદર કેમ કરવો? જાણવું કે છે આમ, થાય જગતમાં. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે કે મુનિ એમ કહે છે. આહાહા..! ભાઈ! તું બાર વ્રત કે પંચ મહાવ્રતને અંગીકાર કરવા પહેલા સમ્યગ્દર્શનને પ્રગટ કરજે. જે શુદ્ધ ચૈતન્ય છે... આહાહા..! એવી શુદ્ધતાનું જેમાં ભાન થાય, પ્રતીત થાય, સાક્ષાત્ થાય એવી સમ્યગ્દર્શનની પ્રત્યક્ષતા કરીને પછી બાહ્યલિંગ ધારણ કરજે. આ વિના જો બાહ્યલિંગ એકલા ધારણ કર્યા, અકાર્ય છે, કાંઈ નહિ કાર્ય સિદ્ધ થાય, તારું રખડવું નહિ મટે. આહાહા..! નરક અને નિગોદના અવતાર બાપા! આહાહા..! ત્યાં કોઈ સગો વ્હાલો માસીબા નથી બેઠી કે આવ ભાઈ! આહાહા..! કેમ? આહાહા..!

અહીં તો કહે છે કે આત્મા વસ્તુ જે છે એનું પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરીને.... એ અપૂર્વ વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન એ કાંઈ સાધારણ વાત નથી કે આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન નથી. નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા એ પણ સમ્યગ્દર્શન નથી. આહાહા..! સમ્યગ્દર્શન તો આત્મા આનંદનો નાથ પૂર્ણાનંદનો નાથ પૂર્ણાનંદથી ભરેલો પદાર્થ, એના જેને પ્રતીતમાં સ્વાદ આવે એ અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ આવે અને એમાં પ્રતીતિ આવે એને સમ્યગ્દર્શન કહે છે. હજી એની તો ખબરું ન મળે અને અમે ધર્મ કરીએ છીએ આ વ્રત લીધા ને તપ લીધા. રણમાં પોક મૂકવા જેવી વાતું છે બધી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં ભગવાન એમ કહે છે કે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરજે પછી બાહ્યલિંગની વાતું કરજે. પણ સમ્યગ્દર્શનની જ જ્યાં ખબર નથી અને બહારના લિંગ લઈ લીધા બાર વ્રતના અને પંચ મહાવ્રતના, બધા તારા અકાર્ય છે, રખડવા માટે છે પરિભ્રમણ માટે. આહાહા..! છે? ચાર લિંગ. '**ક્યોંકિ જો ભાવરહિત હોતે હૈં ઉનકે પ્રગટપને બાહ્યલિંગ અકાર્ય હૈ અર્થાત્ કાર્યકારી નહીં હૈ.**' આહાહા..! જેને આત્મા વસ્તુ શું છે એનો અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી, અંતર સન્મુખ થઈને એની પ્રતીતિ કરી નથી, એ સન્મુખ જવાની ક્રિયાની બાહ્યલિંગ ધારણ કરે, અકાર્ય છે કહે છે. કાંઈ લાભ તને નથી. આહાહા..!

'**ભાવાર્થ :- જો ભાવકી શુદ્ધતાસે રહિત હૈં,...**' એ ભાવ શબ્દે સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન અલૌકિક ચીજ છે. એ બધા માની લે કે અમે સમકિતી છીએ-(એમ નથી). એ અલૌકિક વાતું બાપા! આહાહા..! જે ભાવની શુદ્ધતાથી રહિત છે. '**જિનકે અપની આત્માકા યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ નહીં હૈ, ઉનકે બાહ્યલિંગ કુછ કાર્યકારી નહીં હૈ,...**' જેને આત્મજ્ઞાન નથી. એગં જાણઇ સવ્વં જાણઇ, એવો જાણનારને જાણ્યો નથી. આહાહા..! આત્માનું '**અપની આત્માકા...**' ભાષા એમ છે ને? ભગવાનનો આત્મા એમ નહિ. ભગવાનના આત્માની શ્રદ્ધા એ તો રાગ છે. આહાહા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માની શ્રદ્ધા એ પણ રાગ છે, એ તો વિકલ્પ છે, એ સમ્યગ્દર્શન નથી. આહાહા..!

'**અપની આત્માકા યથાર્થ શ્રદ્ધાન,...**' ભગવાન આત્મા સિદ્ધસ્વરૂપી પૂર્ણાનંદસ્વરૂપ છે આત્માનું, એવા આત્માનું જ્ઞાન કરીને, એની ઓળખાણ કરીને એની પ્રતીત થવી... આહાહા..! એ '**યથાર્થ શ્રદ્ધાન,...**' એનું યથાર્થ વસ્તુનું જ્ઞાન. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન અને એના આત્મામાં રમણતા એ એનું આચરણ. અંશે પણ રમણતા સમ્યગ્દર્શનની સાથે હોય છે. સમજાણું કાંઈ? ભારે આકરી વાતું આવી. એક તો ધંધાના પાપ આડે નવરો ન મળે બિચારો. બાયડી, છોકરાને પોષવા માટે, રળવા માટે ધમાધમ કરતો હોય બાર મહિના બિચારો. રાતના આઠ-આઠ વાગ્યા સુધી. આહાહા..! વખત મળે કલાકનો તો બીજું સાંભળવાનું મળે બહારનું. એમાં સમ્યગ્દર્શન શું અને કેમ પ્રાપ્ત થાય એ વાત પણ સાંભળવા મળે નહિ. એના જીવન બધા ઢોર જેવા જીવન છે એ. આહાહા..! દુનિયામાં ભલે આબરૂમાં ગણાય કે આ પચાસ લાખ પેદા કર્યા ને કરોડ રૂપિયા આવ્યા, બે કરોડ આવ્યા, પાંચ કરોડ થયા. એની ખુરશી પહેલી પડે બહારમાં.

શ્રોતા :- ન્યાયપૂર્વક રળવું એમાં પાપ શું?

ઉત્તર :- ન્યાયપૂર્વક રળવું એ પાપ છે. રળવાનો ભાવ જ પાપ છે. ન્યાયપૂર્વક શું? આહાહા..! દુકાને બેસવાનો ભાવ પાપ. માણસને સાચવવું, ઘરને સાચવવું એ પાપ. એમ હશે પ્રવિણભાઈ? કેમ મુકેશ શું હશે? આ તારો બાપ બધું કરે છે ને. તારા માટે કરતો હશે? એના રાગ માટે કરે છે. આહાહા..!

શ્રોતા :- ન્યાયપૂર્વક...

ઉત્તર :- પાપ છે. અન્યાયમાં તો મોટું પાપ છે. પૈસા કમાવવાનો ભાવ જ પાપ છે. આહાહા..!

શ્રોતા :- .. કમાવું એ પાપ છે.

ઉત્તર :- ન્યાયથી કમાય, રીતસર કમાય તોપણ ભાવ તો પાપ છે ને એ. આહાહા..! એમાં આત્મા તો ભારે થતો જાય છે. એવી વાત છે. આહાહા..! અરે..! એણે આત્મા પોતાની ચીજને ન જાણી, કહે છે અને પરને માટે રોકાઈને આ કાળ ગાળ્યો બધો. આહાહા..!

એ આવે છે કથા એક. એક ભાઈ માટે બીજા ભાઈએ પાપ બહુ કર્યા. બીજા ભાઈએ પાપ બહુ કર્યા એટલે એ મરીને નરકે ગયો. અને જેના માટે પાપ કર્યા હતા એ વળી ત્યાં ભવનપતિનો અસુર થયો. બેય ત્યાં થયા. પછી અસુર ઓલાને મારે છે. ત્યારે એને યાદ આવ્યું, પણ ભાઈ મેં તારા માટે પાપ કર્યા છે ને. પણ અહીં ક્યાં કોણે કીધા હતા તને? નાનાભાઈ માટે મોટા ભાઈએ પાપ કર્યા રોગની દવા-બવામાં ઈંડા લાવ્યા ને ઢીંકણું કર્યું. એમાં ઓલો મરીને નરકે ગયો, નારકી થયો. અને ઓલો જે હતો એને કાંઈક ભાવ ઠીક રહ્યા તો અસુરકુમારનો દેવ થયો ત્યાં. એટલે અસુરનો દેવ થયો તો મારે ઓલાને. એમાં યાદ આવ્યું, ભાઈ! મેં તારા માટે પાપ કર્યા અને તું મને મારે છે? પણ કોને તને કીધું હતું કે મારા માટે કરજે? આહાહા..! એવું બને છે. અનંતવાર બને છે, એ નવી ક્યાં વાત છે? આહાહા..!

**'આત્માકા યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ નહીં હૈ, ઉનકે બાહ્યલિંગ કુછ કાર્યકારી નહીં હૈ, કારણ પાકર તત્કાલ બિગડ જાતે હૈં,...'** જેને આત્મદર્શન, સમ્યગ્દર્શન નથી, આત્મ અનુભવ નથી, એ બાહ્યલિંગ વ્રતને ધારણ કરે એ પ્રસંગ આવે તો બગડીને ભ્રષ્ટ થઈ જશે. આહાહા..! એને આત્માનો લાભ કાંઈ થશે નહિ. માટે પ્રથમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કર્યા પછી બાહ્યલિંગ એમ કરવું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ ૧૧, શુક્રવાર તા. ૩૧-૦૫-૧૯૭૪**
**ગાથા - ૧૧૧ થી ૧૧૪, પ્રવચન - ૧૬૧**

ભાવપાહુડ છે ને. **'જો ભાવકી શુદ્ધતાસે રહિત હૈં, જિનકે અપની આત્માકા યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ નહીં હૈ, ઉનકે બાહ્યલિંગ કુછ કાર્યકારી નહીં હૈ,... '** જેને આત્મા શુદ્ધ ચૈતન્યની અંતર દૃષ્ટિ થઈ નથી, અંતરંગ સ્વભાવનું જ્ઞાન થયું નથી અને સ્વભાવમાં લીનતા અને

ચારિત્ર નથી. એવાઓના બાહ્યલિંગો અકાર્યકારી છે. '**ઉનકે બાહ્યલિંગ કુછ કાર્યકારી નહીં હૈ, કારણ પાકર તત્કાલ બિગડ જાતે હૈં,...**' ત્યાં સુધી આવ્યું હતું. અંતર અનુભવ સમ્યગ્દર્શન... ભાવનો અર્થ જ અહીંયાં જિન સમ્યગ્દર્શન, વીતરાગી સમ્યગ્દર્શન. એટલે કે વીતરાગી સ્વરૂપ જે ચૈતન્યસ્વરૂપ છે ત્રિકાળ, એનું દર્શન-વીતરાગદર્શન જિન સમ્યક્ એને કહીએ. એવા સમ્યગ્દર્શન વિના જે કાંઈ બાહ્ય ભેખ લઈને બેસે એ બધા અકાર્યકારી છે. એના આત્માને કંઈ પણ લાભ નથી, નુકસાન છે.

'**ઈસલિયે યહ ઉપદેશ હૈ—પહલે ભાવકી શુદ્ધતા કરકે...**' પહેલા સમ્યગ્દર્શન પ્રગટ કરજે એમ કહે છે. પછી એને મુનિપણાના ભાવલિંગ આવે. '**દ્રવ્યલિંગ ધારણ કરો.**' સેવન કરો એમ શબ્દ છે પાઠમાં. સેવન કરોનો અર્થ ધારણ કરો. '**યહ દ્રવ્યલિંગ ચાર પ્રકારકા કહા હૈ, ઉસકી સૂચના ઈસપ્રકાર હૈ—૧. મસ્તકકે,...** ' લોચ કરે. '**૨-ડાઢીકે, ...લોચ ૨ ૩-મૂછોંકે કેશોંકા લોચ કરના, તીન ચિહ્ન તો યે ઔર ચૌથા નીચેકે કેશ રખના;...** ' એ ચાર. મુનિ તો દ્રવ્યલિંગી દ્રવ્યલિંગમાં નગ્ન હોય છે. એને મુનિ કહેવામાં આવે છે. જેનું દ્રવ્યલિંગ નગ્નદશા હોય. વસ્ત્રનો ધાગો પણ હોય તો એ દ્રવ્યલિંગી સાધુ નથી. એ સાધુ જ નથી. એવી વાત ઝીણી વાત છે, ભગવાન!

એ કહે છે ફરીને ચાર એના લે છે જુઓ. '**૧. વસ્ત્રકા ત્યાગ,...**' મુનિ જે સાચા મુનિ હોય અને જેને સમ્યગ્દર્શન સહિત મુનિપણુ આવ્યું હોય એને તો વસ્ત્ર ન હોઈ શકે. કેટલાક કહે છે ને કે ભાઈ વસ્ત્ર રાખવા, મૂર્છા ન કરવી. મૂર્છા પરિગ્રહો... અહીં ના પાડે છે. ભગવાન કહે છે કે એ વસ્ત્ર રાખે એને મૂર્છા જ છે. આહાહા..! ઝીણી વાત. સંપ્રદાયને આકરું પડે એવું છે. માર્ગ સનાતન અનાદિનો તીર્થંકરનો, કેવળીનો તો આ માર્ગ છે. સમજાણું? મુનિને સમ્યગ્દર્શન સહિત આત્માનો અનુભવ... આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે જેણે આત્માને જોયો કે આત્મા તો શુદ્ધ પવિત્ર (છે) એવો જે અંતરમાં દૃષ્ટિથી, જ્ઞાનની પર્યાયથી જોવે, જાણીને અનુભવે એને તો સમ્યગ્દૃષ્ટિ કહીએ. એને અહીં ભાવમાં ગણવામાં આવ્યું. એ ભાવ ન હોય અને એકલા વસ્ત્રનો ત્યાગ કરીને બેસે તો એ અકાર્યકારી છે એમ કહે છે. આહાહા..! નગ્ન થઈને ફરે, પણ અંતર સમ્યગ્દર્શનની તો ખબર નથી. સમ્યગ્દર્શન એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા—એ સમ્યગ્દર્શન નથી. આહાહા..!

એમ કે અરિહંત મહાદેવો... અરિહંત ભગવાન છે ને નિર્ગ્રંથ સાધુ અને ભગવાનનો ધર્મ એ માને એ સમકિતી. એ તો વ્યવહાર રાગ છે એ તો. પરમાત્મા કહે છે કે અમને તું માન તો એ રાગ છે. કારણ કે અમે પરદ્રવ્ય છીએ. આહાહા..! અમારા આગમ જે શાસ્ત્ર ભગવાનના કહેલા એને માન એ પણ શુભરાગ છે કહે છે. આહાહા..! વીતરાગમાર્ગ તો આવો છે ભાઈ! ભગવાન એમ કહે. અમને માન તો, હું તારાથી પરદ્રવ્ય છું એથી તને શુભરાગ થશે. મને માનવાથી તને નિશ્ચય સમ્યગ્દર્શન થશે એમ નથી. એટલે અહીંયાં સ્વદ્રવ્ય વસ્તુ ભગવાન, જેમાં અનંત દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીતરાગતા, શાંતિ, આનંદ

પરિપૂર્ણ ભર્યો છે આત્મામાં, એ ચીજ આત્મા માલવાળી ચીજ છે. આહાહા..! જેમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ પડી છે એને આત્મા કહીએ. એવા આત્માનો અનુભવ, એવા આત્માને અનુસરીને દશાનું થવું એને અહીંયાં સમ્યગ્દર્શન જિન સમ્યક્ કહે છે. કહો, સમજાણું? ઓલામાં લીધું છે ટીકામાં, જિન સમ્યક્ છે. જિન એટલે વીતરાગી સમકિત છે. આહાહા..! બહુ ભાઈ ઝીણો માર્ગ છે ભાઈ! લોકોને અન્ય માર્ગમાં જૈનમાર્ગ મનાવી દીધો છે.

વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા, એ ભગવાને છ દ્રવ્ય જાણ્યા અને એ ભગવાને કહ્યું કે એ છ દ્રવ્ય (એમાં) જે ચૈતન્ય, છમાં પણ તારું ચૈતન્ય નિજ સ્વરૂપ એની દૃષ્ટિ ને અનુભવ એને જિન સમકિત કહે છે. આહાહા..! કહો, પ્રેમચંદભાઈ! સમજાય છે કાંઈ આમાં? ભારે પણ આવું. આ સંપ્રદાયમાં શું કરવું તો આ? એય..! મહેન્દ્રભાઈ! શું કરવું આ સંપ્રદાયમાં? બહારમાં બધું માને, આ વસ્ત્ર-પાત્ર રાખે ને સાધુ માને. ભગવાન તો ના પાડે છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની વાણી આ છે, બીજી કલ્પિત વાણી છે બધી. આહાહા..! એવી છે પણ માણસને પરીક્ષા ન મળે, વિચાર મંથન ન મળે. જ્યાં પડ્યા ત્યાં પડ્યા વાડામાં, થઈ રહ્યું. આહાહા..! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ... એ કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં હતા. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે વીતરાગ સીમંધર પ્રભુ એની પાસે ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવી આ શાસ્ત્ર બનાવ્યા છે. આહાહા..! કહે છે કે મુનિને સમ્યગ્દર્શન સહિત વસ્ત્રનો ત્યાગ હોય. આહાહા..! વસ્ત્રસહિત જેટલા છે એ તો કોઈ સાધુ છે નહિ. આહાહા..! જેઠાભાઈ!

શ્રોતા :- આ ભગવાનની વાત કેમ નહિ માનતા હોય?

ઉત્તર :- અનાદિથી શલ્ય છે ને. જે જે કુળમાં જન્મ્યો ત્યાં ત્યાં તે એમ માન્યું હોય એટલે એને સત્ય વાત કાને પડી ન હોય અને પડી હોય તોપણ એને બેસવી કઠણ છે.

શ્રોતા :- .. રાડ નાખે છે. ભગવાનની વાત અનાદિથી માનતો નથી.

ઉત્તર :- માનતો નથી. વાત એવી છે. ઝીણી છે ને. એને આમ આત્મા વસ્તુ તે એવી વસ્તુ છે કે જેમાં અનંત આનંદ અને અનંત સિદ્ધપદ પડ્યા છે. આહાહા..! એવો આત્મા અસંખ્યપ્રદેશી એ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એ વાત બીજે ક્યાંય નથી. આહાહા..! એવા અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ અને અનંત ગુણની.. કાલ પ્રશ્ન કરતો હતો કો'ક, એક સમયમાં અનંતી પર્યાય? અનંતી. કો'ક પ્રશ્ન કરતું હતું કાલે. અનંત ગુણની એક સમયમાં અનંતી પર્યાય હોય છે. અત્યારે હોં! એણે કાંઈ સાંભળ્યું નથી. તત્ત્વ શું છે એની ખબર ન મળે.

કહે છે કે એવો ભગવાન આત્મા મહા અમૂલ્ય જેની કિંમત નથી. આહાહા..! શ્રીમદ્ તો કહે છે ને કે જિનવાણીની કિંમત કરવા જાય તો એની કિંમત થઈ જાય છે. આહાહા..! આવો પરમાત્મા અંદર દેહદેવળમાં બિરાજતો પ્રભુ... આહાહા..! એની જેને અંતરમાં દૃષ્ટિ ને અનુભવ નથી અને સાધુ થઈને

બેસી જાય, વસ્ત્ર છોડીને. એ સાધુ હોં! આ વસ્ત્રવાળા તો સાધુ પણ નથી, એ સમકિતી પણ નથી. અરે..! ભગવાન! બહુ આકરું પડે. જેઠાભાઈ!

શ્રોતા :- એ મહાવીરનો ભેખ છે.

ઉત્તર :- મહાવીરનો ભેખ એ નથી. આહાહા..! મહાવીરનો ભેખ તો વસ્ત્રરહિત નગ્નપણું એ મહાવીરનો ભેખ. આવી વાત છે, બાપુ! એ તો કુલિંગ છે. આવી પરમાત્માના ઘરની કથન શૈલી આવી છે. પણ બધું બદલી ગયું અને એ વાત સાંભળવા મળી નહિ ને... આહાહા..!

શ્રોતા :- જેવો તેવો...

ઉત્તર :- હા, એ આવ્યું છે ને, એ બધું સાંભળ્યું છે. એમ કે શેત્રુંજયની જાત્રા કરે ને એને પછી આહાર વ્હોરાવે. તે દિ' બિચારા જુઓને, હમણા કો'ક કહેતું હતું. ૧૭ હજારના તો કપડા આપ્યા ત્યાં. ૬૭ હજારના. ભાઈ આવ્યા હતા ને ઓલા. કાકુભાઈ બારોટ. એને સાધુની શ્રદ્ધા નથી કાંઈ એકેયની. પાલિતાણા રહે, નોકરી કરે. ૬૭ હજારના કપડા તો આવ્યા. એ સાધુ બધા લઈ ગયા. પાંચસો સાધુ છે. પાંચ હજારનો મેવો લાવ્યા. પાંચ હજારનો બદામ-પિસ્તા મેવો. .. નામ ન આપીએ. મેવો કહીએ. એણે કીધું એટલે ખબર છે. એ પાંચ હજારનો મેવો પોણો કલાકમાં ખલાસ થઈ ગયો. પાત્રા લઈને આર્જિકાને... અરે..! આવા માર્ગ પ્રભુ હોય? અને પોસ્ટકાર્ડની ટિકિટું. ૧૩૦૦ રૂપિયાની ટિકિટું. સડસડાટ સાધુ અને આર્જિકા આવીને લઈ ગયા. હમણાં એક આવ્યા હતા ભાઈ! ગૃહસ્થની કોઈ બાઈ હતી. અહીં આવે છે ઘણીવાર. શેઠિયા હોય સાથે અહીં બતાવવા લાવે.

શ્રોતા :- આર્જિકાને ટિકિટની શું જરૂર હતી?

ઉત્તર :- ટિકિટ એને કાગળ-બાગળ લખવા હોય નહિ? તમારે લખવા હોય તો એને લખવા હોય નહિ? શિષ્યો હોય એના બધાને. પરિવાર છે ને. ઈ કાકુભાઈ કહેતા હતા મને. ત્યાં અંદર આવ્યા હતા, બેઠા હતા. બાપુ! માર્ગ જુદા છે ભાઈ! આ તો વસ્ત્રસહિતના પરિગ્રહીઓ તો સાધુ પણ નથી, એ સમકિતી પણ નથી. આહાહા..! એવી વાતું ભાઈ! આકરું પડે ભાઈ! પ્રેમચંદભાઈ! આ ઠીક સંભળાય છે? નાગરભાઈ તો આવતા હતા હોં ત્યાં અમારી પાસે. અમે આમાં હતાને જ્યારે ૮૨માં વઢવાણ ૯૦ની સાલ. ત્યાં મુળી આવ્યા હતા. પછી... ખબર છે ને, ...માં. આવતા અમારી પાસે બિચારા હોં. પણ આ વાત એવી ઝીણી પડે ને. બેસવી કઠણ. અને આખી લાઈન બીજી અત્યારે અને આ વાત બીજી.

કહે છે, એને વસ્ત્રનો ત્યાગ હોય. પણ એ સમ્યગ્દર્શન સહિત. સમ્યગ્દર્શન વિના નગ્ન ફરે એ પણ સાધુ નથી એમ કહે છે. આહાહા..! જેને '૨. કેશોંકા લોચ કરના,...' કેશનો લોચ હોય. એ કાતરે કપાવે નહિ. આહાહા..! જેને આત્મજ્ઞાન હોય, આત્મદર્શન હોય, આત્મ-અનુભવ હોય. સમ્યગ્દર્શન એ અલૌકિક ચીજ છે. એ સાધારણ માને છે એ કાંઈ નથી ચીજ કે અમે સમકિતી છીએ અને ભગવાનને

માનીએ છીએ. બધા થોથે થોથા. સમ્યગ્દર્શન તો અંતર આનંદનો અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે. આહાહા..! સુખનો સાહેબો છે એ. ક્યાં બેસે પણ એને. અતીન્દ્રિય આનંદના સુખનું ધામ આત્મા છે. એને અતીન્દ્રિયનો સુખનો સ્વાદ આવે એમાં પ્રતીતિ આવે એને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! ત્યારે તો એને ચોથું ગુણસ્થાન હોય હજી. આહાહા..! અને એવા સમ્યગ્દર્શન ભાવસહિત મુનિ થાય તો એને મુનિને વસ્ત્રનો ત્યાગ હોય. એ બાહ્યલિંગ એને વસ્ત્રના ત્યાગનો હોય એમ કહે છે. આહાહા..! કેશ લોચ હોય.

'૩. **શરીરકા સ્નાનાદિસે સંસ્કાર ન કરના,...**' શરીરને સ્નાન કરીને સાફ કરે એવું એને મુનિને ન હોય. અને '**૪. પ્રતિલેખન મયૂરપિચ્છિકા રખના,...**' મોરપીંછી હોય. આ ઉનનો ઓઘો ને એ ન હોય, મોરપીંછી હોય. '**ઐસે ભી ચાર પ્રકારકા બાહ્યલિંગ કહા હૈ. ઐસે સબ બાહ્ય વસ્ત્રાદિકસે રહિત નગ્ન રહના, ઐસા નગ્નરૂપ ભાવવિશુદ્ધિ બિના હંસીકા સ્થાન હૈ...** ' બાપુ! આહાહા..! જેને આત્મજ્ઞાન અને અંતર અનુભવ સમ્યગ્દર્શનનું ભાન નથી, આનંદનો નાથ અંતરમાં પરમાત્મા પોતે છે એને જેણે જગાડ્યો નથી, એના વિના નગ્નપણા તો હાંસીનું કારણ છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર કુછ ઉત્તમ ફલ ભી નહીં હૈ.**' આહાહા..!

'**આગે કહતે હૈં કિ ભાવ બિગડનેકે કારણ ચાર સંજ્ઞા હૈં, ઉનસે સંસાર-ભ્રમણ હોતા હૈ, યહ દિખાતે હૈં :—**' હવે ચાર સંજ્ઞાની વાત કરે છે.

आहारभयपरिग्गहमेहुणसण्णाहि मोहिओ सि तुमं।
भमिओ संसारवणे अणाइकालं अणप्पवसो।।११२।।

'**અર્થ :- હે મુને!**' મુનિને ઉદ્દેશીને ભાવની શુદ્ધિની વાત છે ને મુખ્ય. '**તૂને આહાર,...**' સંજ્ઞા. આહારની કાંક્ષા, ગૃદ્ધિની સંજ્ઞા અનંત વાર તેં કરી, ભાઈ! તારો નાથ અણાહારી પ્રભુ બિરાજે છે અંદર. એવા અણાહારીના સ્વભાવના ભાન વિના આહારની સંજ્ઞા, સારો આહાર લઉં... સારો આહાર લઉં... સારો આહાર લઉં... એવી આહારની સંજ્ઞા. ગૃદ્ધિ હોં આહાર સંજ્ઞા એટલે. આહાહા..! '**ભય,..**' સંજ્ઞા. પ્રતિકૂળતા દેખીને ભય થાય. એવી ભય સંજ્ઞા અનંતવાર તેં સેવી. ભગવાન આત્મા નિર્ભયસ્વરૂપ છે. આહાહા..! સમકિતનો પહેલો જ બોલ છે ને નિઃશંક, આચારનો. નિઃશંક એટલે નિર્ભય, નિડર. સમ્યગ્દર્શન છે એ જ્યાં ભાન થયું એ તો નિડર અને નિર્ભય થઈ ગયો. આહાહા..! શ્રેણિક રાજા ભગવાનના વખતમાં ક્ષાયિક સમકિતી પણ અંતરમાં નિર્ભય છે. બાહ્યમાં જરી મસ્તક ફોડીને... એ પ્રશ્ન કર્યો હતો. એય..! એમ કે આવા સમકિતી ને આમ કેમ કર્યું? એ ચારિત્રદોષ હતો.

શ્રોતા :- ...

ઉત્તર :- નહિ, નહિ, નહિ. વસ્તુનું સ્વરૂપ એવું છે. અંતર જેના જાગૃત થયા એને રાગદોષ આવે, પણ એ કાંઈ સમકિતને દોષ કરે, નુકસાન સમકિતને કરે એ ત્રણ કાળમાં નથી. શ્રેણિક રાજાએ માથુ ફોડ્યું

અને આપઘાત કર્યો. એમ કે પ્રશ્ન એ હતો કે આ તો આપઘાત કહેવાય ને? ક્ષાયિક સમકિતી છે. તીર્થંકગોત્ર બાંધ્યું હતું. એ વખતે તીર્થંકરગોત્ર બાંધે છે મરવા ટાણે. મરીને પહેલે નરકે ગયા છે.

શ્રોતા :- ત્યાં પણ બાંધે છે.

ઉત્તર :- એ ત્યાં પણ બાંધે છે તીર્થંકરગોત્ર. તીર્થંકરગોત્ર જ્યારથી બંધ શરૂ કર્યો તો છેક ત્યાંથી અહીં આવશે, મુનિ થાશે, આઠમા ગુણસ્થાન સુધી બાંધશે. આહાહા..! ઝીણી વાત બાપુ. આ તો પરમેશ્વરના સર્વજ્ઞની અરિહંતની વાત છે. પહેલી નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિએ છે અત્યારે. પહેલી નરક છે અહીં. નીચે સાત નરક છે. પહેલી નરકમાં ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ. અઢી હજાર (વર્ષ) ગયા હજી. સાડી એકાશી હજાર (વર્ષ) બાકી. પણ એ ક્ષાયિક સમકિત છે, એના પ્રતાપે તો બહાર આવ્યા પહેલા છ મહિના પહેલા એની માતાની દેવો સંભાળ કરવા આવશે. અહો..! પ્રભુનો જીવ પધારવાના છે તમારે ત્યાં. માતા! એ ક્ષાયિક સમકિતનો પ્રતાપ એ. ચારિત્ર નહોતું, વ્રત નિશ્ચય નહોતું. છ મહિના પહેલા દેવો આવશે માતા પાસે.

જેમ અહીં મોટું માણસ આવતું હોય ને એક માણસ આવે ને પહેલા કે ભાઈ આના માટે મકાન સાફ કરો, માણસ બે ઊભા રાખો, ફલાણું, ઢીંકણું. એમ તીર્થંકરનો જીવ છે એ પહેલી નરકમાં છે શ્રેણિક રાજાનો જીવ. જેને સંસાર કટ કરી નાખ્યો છે—નાશ. આહાહા..! એક ભવ બાકી છે હવે તીર્થંકરના અવતારનો. દેવો આવીને માતાની સેવા કરશે. છપ્પન દેવીઓ આવશે. માતા! અમે સેવા કરીએ છીએ આપની. આહાહા..! એવા પુણ્ય તો સમકિતમાં બાંધેલા છે. ચારિત્ર નહોતું, મુનિપણું નહોતું કે વસ્ત્રનો ત્યાગ થઈને જંગલમાં રહે મુનિ, એ દશા નહોતી. પણ સમ્યગ્દર્શનની દશામાં આ રીતે ભૂમિકામાં શુદ્ધિ પ્રગટ (કરી) અને એટલા પુણ્ય બાંધ્યા... આહાહા..! કે નરકમાંથી આવશે જ્યારે માતાના પેટમાં (એના) છ મહિના પહેલા તો દેવો આવશે સેવા કરવા. આહાહા..! એ બધો સમ્યગ્દર્શનના ભૂમિકાનો પ્રતાપ છે. એ સમ્યગ્દર્શન શું લોકોને ખબર નથી. હવે સમ્યગ્દર્શનની ખબર ન હોય અને એ પહેલા વ્રત ને તપ ને ચારિત્ર આવી ગયા. ધૂળમાંય નથી એકડા વિનાના મીંડા છે બધા. એય..! ગીરધરભાઈ! આ બધા શેઠિયાઓએ બધું એવું ચલવેલું. એય..! જાદવજીભાઈ! જાદવજીભાઈ ત્યાં શેઠિયા હતા કલકત્તામાં. અમારે ગીરધરભાઈના બાપ ને એ બધા શેઠિયા ત્યાં હતા, દરિયાપરી.

શ્રોતા :- બે પેઢી છે.

ઉત્તર :- હા, ઘણા પૈસા. અરે..! પણ આ ધર્મ શું એની ખબર ન મળે. આહાહા..! હજી સમ્યગ્દર્શન કોને કહેવું, કેમ થાય એની ખબર ન મળે. અને એ પહેલા એના વ્રત ને તપ ને અવપાસ કર્યા એ ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. સમ્યગ્દર્શન વિનાના તારા અપવાસ ને વ્રત ને .. બ્રહ્મચર્ય એ બધા રાગની મંદતા હોય તો પાપાનુબંધી પુણ્ય બાંધે. આહાહા..! માર્ગ એવો છે, ભાઈ! વીતરાગ માર્ગમાં કોઈની સિફારશ ન ચાલે. સો ઈન્દ્રો જેને પૂજે છે. આહાહા..! જેની સભામાં સિંહ ને વાઘ આવે. મહાવિદેહમાં

બિરાજેને ભગવાન. સીમંધર પ્રભુ બિરાજે છે. મનુષ્યપણે છે, પાંચસો ધનુષ્યનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. બાર સભામાં સિંહ ને વાઘ આવે છે. ઈન્દ્રો ઉપરથી વ્યાખ્યાન સાંભળવા આવે છે. આહાહા..! એવા ભગવાનની વાણીમાં આ આવ્યું છે કે ભાઈ! તેં આહાર સંજ્ઞા અનંત વાર સેવી અને ચાર ગતિમાં રખડ્યો. અનાહારી ભગવાન આત્માનું તેં ભાન ન કર્યું.

'**ભય, મૈથુન,...**' સંજ્ઞા. આ વિષયની ગૃદ્ધિની ભાવના. મૈથુન સંજ્ઞા (એટલે) વિષયની વાસના, કાંક્ષા. આહાહા..! ભગવાન આત્મામાં આનંદ છે એના ભાન વિના તેં વિષયસેવન, મૈથુનના સેવન તેં કર્યા. આહાહા..! એવા ભાવથી પ્રભુ! તું ચાર ગતિમાં રખડ્યો. તારો નાથ અંદર આનંદનો નાથ બ્રહ્મ છે એ બ્રહ્મચર્ય સેવ્યું નહિ તેં બ્રહ્માનંદને. આત્માના આનંદનું બ્રહ્મચર્ય હોં! આ શરીરથી બ્રહ્મચર્ય પાળનારા તો ઘણા નીકળ્યા. એ તો અજ્ઞાની અભવિ પણ હોય, એમાં કાંઈ નહિ. શરીરથી બ્રહ્મચર્ય પાળે એ બ્રહ્મચર્ય નથી. એ તો એક શુભભાવ છે. આત્મા બ્રહ્માનંદસ્વરૂપ ભગવાન પરમેશ્વરે જે આનંદસ્વરૂપ (કહ્યું) એ બ્રહ્મમાં ચરવું, આનંદમાં ચરવું, રમવું એનું નામ બ્રહ્મચર્ય પરમાત્મા કહે છે. આહાહા..! વાતે વાતે ફેર. એવી સંજ્ઞાથી ચાર ગતિમાં તું રખડ્યો ભાઈ!

'**પરિગ્રહ,...**' સંજ્ઞા. આ પૈસા મેળવવા, બાયડી, છોકરા, પરિવાર. આત્માના ભાન વિના આવી સંજ્ઞાઓ તેં કરી. પરિગ્રહ સંજ્ઞા. પૈસા જરી પાંચ-પચ્ચીસ લાખ મળે ત્યાં જાણે અમે બહુ કમાણા અને અમે બહુ હવે આગળ વધી ગયા.

શ્રોતા :- કર્મી થયો.

ઉત્તર :- કર્મી થયો. બીજું શું થયો? ધર્મી ક્યાં હતો? ધૂળેય નથી. કેમ હશે આમાં પ્રવિણભાઈ? આ તમારા ચશ્માની દુકાનમાં પૈસા બહુ પેદા થાય. બેય દુકાને બે જણા બે ભાઈઓ બેસે. એને પૂછયું હતું મેં, આ તારો બાપ અહીં આવ્યો તો ત્યાં ઓલી દુકાને કોણ જાશે? કહે, મારો કાકો જાય છે. પૂછયું હતું ને? એ જાય જોવા. આહાહા..! ગૃદ્ધિ, પરિગ્રહની મમતા... મમતા... મમતા. ભગવાન આત્મા તો રાગના કણ વિનાનો છે. આહાહા..! જેમાં દયા, દાન અને વ્રતનો વિકલ્પ ઊઠે છે એ રાગ છે. એ રાગ વિનાની ચીજ આત્મા તો છે. એવા આત્માના ભાન વિના તેં આવા પરિગ્રહની સંજ્ઞાઓ સેવી.

'**મોહિત હોકર...**' એમ કહે છે. એમાં મૂંઝાઈ ગયો. આહારમાં, ભયમાં, વિષય મૈથુનમાં અને પરિગ્રહમાં. '**मोहिओ सि**' '**અનાદિકાલસે પરાધીન હોકર...**' '**अणप्पवसो**' છે ને. આહાહા..! સ્વાધીન ભગવાન આત્મા છે એના તેં ભાન ન કર્યા અને આ રીતે પરાધીન થઈને '**સંસારરૂપ વનમેં,...**' લ્યો! ભ્રમિત સંસાર .. છે. સંસારરૂપી વન છે મોટું. ચોર્યાસી લાખના અવતારમાં અવતરવું એવું મહાન ગહન વન છે. આહાહા..! એકેન્દ્રિયના ભવ, પૃથ્વીના, પાણીના, અગ્નિના, વાયુના, વનસ્પતિના, બટાટા, શક્કરકંદ, નિગોદના, કંદમૂળના એક શરીરમાં અનંતા જીવ. આવું જે સંસારવન, એમાં ભમ્યો તું. આહાહા..!

અહીં તો આત્મજ્ઞાન સહિત મુનિને કહે છે, ભાઈ! તું આ સંજ્ઞા છોડ હવે. આહાહા..! એ પરમાં ભાવના જે કાંક્ષા છે એ છોડ હવે. આહાહા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ છે ને. એની ભાવના કર ને કે જેથી તને આનંદ મળે. આ તો પાપ મળશે આમાં તો. આહાહા..!

'**ભાવાર્થ :- સંજ્ઞા નામ વાંછાકે જાગતે રહને (અર્થાત્ બને રહને)કા હૈ,...**' લ્યો! વાંછાનું જાગવું રહ્યું એમ ને એમ. ઈચ્છા રહ્યા જ કરે. આહારની, ભયની, મૈથુનની, પરિગ્રહની. '**સો આહારકી વાંછા હોના, ભય હોના,...**' એ પણ એની વાંછા. '**મૈથુનની વાંછા હોના ઔર પરિગ્રહકી વાંછા પ્રાણીકે નિરંતર બની રહતી હૈ, યહ જન્માંતરમેં ચલી જાતી હૈ,...** ' આહાહા..! એ આહાર, ભય, મૈથુન, પરિગ્રહ સંજ્ઞા ભવમાં-બીજા ભવમાં ચાલી જાય પાછી. આહાહા..! '**જન્માંતરમેં ચલી જાતી હૈ, જન્મ લેતે હી તત્કાલ પ્રગટ હોતી હૈ.**' લ્યો! આહાહા..! જુઓને બાળક જન્મે પછી કોણ શીખવે છે એને? એ તરત ધાવે આહાર-દૂધ એની માનું. આહાર સંજ્ઞા પડી જ છે અંદર. આહાહા..! હજી શીખવ્યું નથી કે આમ કરવું કે આમ ચૂસવું. આહાહા..!

શ્રોતા :- સમાજમાં .. નહિ રહે તો આપણે છૂટા પડી જશું.

ઉત્તર :- એ ભય સંજ્ઞા છે. સમાજમાં સરખું નહિ રહે જો આમ કરવા જઈશ તો. એ ભય સંજ્ઞા મિથ્યાત્વ છે. એ જ વાત છે. એમ કે આવી વાત હવે આપણે માનવા જાશું તો સમાજમાં આપણે હલકા પડી જઈશું. આપણા દીકરા-દીકરી પરણશે નહિ. આ તો મારા.. એય..! જેઠાભાઈ! તમારે તો સાત છોકરા છે. ત્યારે કહેતાને કે આ મારા ભાઈ છે. હવે છોકરા ઘણા છે એને. મને છૂટ આપી દે છે. એમ કહેતા હતા એ. ફૂલચંદભાઈને. મેં કીધું હતું ખરું, રામજીભાઈએ કીધું હતું કે એલા કાંઈક હવે નવરા થાશો કે નહિ? એ કહેતા હતા કે મને રામજીભાઈએ કીધું હતું. એટલે કાલે.. આ મારા ભાઈ છે. મને સાચા હૃદયથી જવાબ આપી દે તો હું છૂટી જાઉં. સાચા હૃદયથી એટલો શબ્દ બોલ્યા હતા હોં! લ્યો! કીધું ને કે હું હવે છોડવાનો, છોડવાનો છું. આ ભાઈ ગયા ને ગુજરી ગયા ને આપણા અમૃતલાલભાઈ. પછી તરત કહેતા હતા. હવે એના સ્થાને મારે આવવું છે. બહારની વૃત્તિ, માન મળે, દુનિયા સારું કહે. આહાહા..!

'**સંસારવનમેં ભ્રમણ કરતા હૈ.**' આહાહા..! '**કર્મોકા બંધ કર...**' આહાર, ભય, મૈથુન, પરિગ્રહ એનાથી બંધન થાય અને બંધનને લઈને ચાર ગતિમાં રખડે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- શું કીધું?

શ્રોતા :- આનંદ માને તો એ...?

ઉત્તર :- આનંદ માને તો મિથ્યાત્વ છે. ધર્મી આનંદ માનતો નથી એમાં. એને ભાવ હોય એ જાતનો, પણ એમાં સુખ માનતો નથી. અને આ તો સુખ માને છે અને મિથ્યાદષ્ટિ સહિતનું રૌદ્રધ્યાન

છે. આત્મજ્ઞાન સમકિતીને આ ભાવ હોય આવો જરી. પણ એમાં સુખબુદ્ધિ નથી એને. મુનિ જે આહાર લે છે માટે આહાર સંજ્ઞા છે એમ નહિ. આહાર સંજ્ઞા જુદી, આહાર લેવાની વૃત્તિ જુદી. તો આહાર સંજ્ઞા તો કાંક્ષાની ગૃદ્ધિ. એ પ્રશ્ન મોટો ચાલ્યો હતો ઘણા વર્ષ પહેલાં સંપ્રદાયમાં. મુનિને પણ આહાર સંજ્ઞા છે. ઈ આહાર લે એ આહાર સંજ્ઞા નહિ. એની ગૃદ્ધિ થવી એ આહાર સંજ્ઞા છે. વાંછા થવી એમ કીધું ને. એ તો સંયમના હેતુએ આહાર લે છે. આ તો ગૃદ્ધિ એની છે. સારા આહાર-પાણી દેખ્યા ત્યાં ખુશી થઈ જાય કે આહાહા..! બદામ ને પિસ્તા ને માવા ને મેવા મળે ત્યાં પાત્રા ભરે ને ખુશી થઈ જાય. મુનિને તો ક્યાં પાત્રા છે. એને હાથમાં મળે. ગૃદ્ધિ થાય કહે છે. બાપુ! આવા અવસર હવે તને મુનિપણા પ્રાપ્ત થયા, છોડ હવે એ વાત. આહાહા..!

'**ઈસલિયે મુનિયોંકો યહ ઉપદેશ હૈં કિ અબ ઈન સંજ્ઞાઓકા અભાવ કરો.**' ચાર પ્રકારની વાંછાનો અભાવ કરો એમ કહે છે. ભગવાન આત્માની ભાવના કર ને હવે. અહીં ભાવપાહુડ છે ને. જેમાં અતીન્દ્રિય સુખ અને અતીન્દ્રિય આનંદ ને શાંતિ પડી છે. મોજૂદ છે ભાઈ! તારી પાસે. આહાહા..! એની ભાવના કર ને. આવા તો અનંતવાર આહાર લીધા. આહાહા..!

'**આગે કહતે હૈં કિ બાહ્ય ઉત્તરગુણકી પ્રવૃત્તિ ભી ભાવ શુદ્ધ કરકે કરના :—** ' એમ. સમ્યગ્દર્શન પ્રગટ કરીને આ બાહ્યલિંગ ધારણ કરવું અને ઉત્તરગુણ પણ ધારણ કરવા. પણ એ સમ્યગ્દર્શન સહિતની વાત છે અહીં તો. એ વિના તો બધા ઘણા ત્યાગ કરે છે. ક્ષમા રાખે ને આ રાખે ને તે. એ તો બધું એકડા વિનાના મીંડા છે. આહાહા..!

**बाहिरसयणत्तावणतरुमूलाईणि उत्तरगुणाणि।**
**पालहि भावविशुद्धो पूयालाहं ण ईहंतो।।११३।।**

'**અર્થ :- હે મુનિવર!**' મુખ્ય તો મુનિને ઉદ્દેશીને વાત છે ને. પેટામાં ગૃહસ્થ પણ આવી જાય. '**તું ભાવસે વિશુદ્ધ હોકર...**' એ ભાવથી નિર્મળ દૃષ્ટિ પ્રગટ કરીને. આહાહા..! સમ્યગ્દર્શન એટલે વીતરાગી પરિણતિ છે ઈ. આહાહા..! એવી વીતરાગી પરિણતિ—પર્યાય—ભાવશુદ્ધિરૂપી દશાને પ્રગટ કરી, આહાહા..! '**પૂજા-લાભાદિકકો નહીં ચાહતે હુએ...** ' પૂજા-લાભ ને મને બીજા ગણશે સારામાં. આ તપસ્યા કરું, આ પૂજા, શયન, આતાપ લઉં. દુનિયા ગણતરીમાં ગણે કે આ તો તપસ્વી છે—એવા માટે કરે એ વસ્તુ નથી. '**પૂજા-લાભાદિકકો નહીં ચાહતે હુએ બાહ્યશયન,...**' કાયક્લેશ. શરીરને આસન લગાવીને આમ કરે. '**આતાપન,...**' ગરમીમાં ઊભા રહેવું ડુંગર ઉપર જઈને આમ નગ્નપણે. પણ એ સમ્યગ્દર્શન સહિત આવું હોય છે એને. ઉત્તરગુણ હોય એને હોય છે.

'**વૃક્ષમૂલયોગ ધારણ કરના,...**' વૃક્ષના મૂળમાં બેસવું. એને મકાન હોય નહિ મુનિને કાંઈ. એ ઝાડના ઓલા હોય બહાર બેસે. ઉપરથી પાણી ભેગું થઈ... ઈ આવશે, પાંદડામાં.. મોટા પાંદડા હોય ને પાણી જરીક ભેગું થાય ત્યાં. પછી દરેડા થાય. '**વૃક્ષમૂલયોગ ધારણ કરના ઈત્યાદિ ઉત્તરગુણોંકા**

**પાલન કર.'**

'**ભાવાર્થ :- શીતકાલમેં બાહર ખુલે મૈદાનમેં સોના...**' લ્યો એ શયન. શિયાળામાં ખુલ્લા મેદાનમાં સૂવું. મુનિને કાંઈ મકાન હોય નહિ. એને માટે કરેલો અપાસરો એ કાંઈ મુનિને ખપે નહિ. આહાહા..!

શ્રોતા :- ગુફાઓ કરી રાખી હોય.

ઉત્તર :- ગુફાઓ કરેલી **નહિ**. ગુફાઓ પણ કરી રાખી હોય તો નહિ. ઝાડની નીચે બેસે કાં ગુફા તૈયાર હો ત્યાં જાય. કરી હોય તો નહિ. તૈયાર કરેલી હોય તો નહિ. સાધુ માટે કરેલી હોય તો નહિ. ખંડેરગિરીમાં છે ને. ખંડેરગિરી. કરી રાખી છે. ઓશિકા જેવું. સાધુ નગ્ન જાય. ત્યાં ગયા હતા ને. ખંડેરગિરી, ઉદયગિરી. શું કહેવાય એ? ભવન. ભુવનેશ્વર. હતા તમે? નહિ. ભુવનેશ્વર ગયા હતા ને. કટકની આની કોર, કલકત્તાથી ઓલી કોર. કલકત્તાથી ઓલી કોર, કટકની આની કોર. કટકથી માણસ આવ્યા હતા ત્યાં અમે ગયા હતા તો. એ ત્યાં ગુફાઓ છે ડુંગર ઉપર. પણ બધા એ પત્થર ઓશિકા જેવા કર્યા. આમ .. જોવે .. બનાવેલું હતું. એ બનાવેલી ચીજને સાધુ વાપરે નહિ. એવી વાતું છે. આ તો નગ્ન મુનિની વાત ચાલે છે હોં!

'**શીતકાલમેં બાહર ખુલે મૈદાનમેં...**' સૂવે. ઓહોહો..! ક્યાંય ભીંતની આડપ ન હોય, ઝાડની આડશ ન હોય. ખુલ્લું. સમ્યગ્દર્શન અનુભવ સહિત જ્યાં મુનિપણા પ્રગટ્યા છે... આહાહા..! એને આવા ઉત્તરગુણ હોય છે. આવા ઉત્તરગુણ ધારણ કરે. આહાહા..! '**ગ્રીષ્મકાલમેં પર્વતકે શિખર પર સૂર્યસન્મુખ આતાપનયોગ ધરના,...**' સૂર્યની સન્મુખ (મોઢું) રાખી .. એ આત્માના અનુભવ સહિત, સમ્યગ્દર્શન સહિતની વાત છે. એના વિના તો ઘણા આતાપ કરે છે અત્યારે. આહાહા..! પછી ત્રીજું. '**વર્ષાકાલમેં વૃક્ષકે નીચે...**' વૃક્ષ-ઝાડની નીચે '**યોગ ધરના, જહાં બૂંદે વૃક્ષપર ગિરનેકે બાદ એકત્ર હોકર શરીર પર ગિરેં.**' જુઓ! પાણીના બિંદુ વૃક્ષ ઉપર પડવાથી '**એકત્ર હોકર...**' ત્યાં ભેગા થાય. મોટા પાંદડા આદિ હોય ને અથવા ઝાડની ડાળ હોય ડાળ, આમ આડી ડાળ હોય એમાં પાણી ભેગું થાય થોડું. આમ સપાટ હોય થોડું, પછી પડે હેઠે. આહાહા..! આવો મુનિનો માર્ગ. એ ઉત્તરગુણ એવા છે કહે છે. આહાહા..! '**જહાં બૂંદે વૃક્ષપર ગિરનેકે બાદ...**' એમ. ઝાડ ઉપર વરસાદના બિંદુ પડ્યા છે. પછી એકત્ર હોય ત્યાં ભેગા થાય. પછી '**શરીર પર ગિરેં.**' પછી શરીર ઉપર (પડે) ત્યાંથી. કાંઈ વધારે તો સમાય નહિ. ડાળ હોય, પાંદડા હોય, ધડાધડ ધડાધડ માથે. ત્યાં આનંદમાં રહે. આહાહા..! મુનિપણું બાપુ! ઝીણી વાત છે. મુનિપણું તો પરમેશ્વરપદ છે. આહાહા..! જેને ગણધર નમસ્કાર કરે. ણમો લોએ સવ્વસાહુણં.

શ્રોતા :- પાણી પડે એમાં...

ઉત્તર :- કો'ક અચેત પણ હોય. કો'ક અચેત હોય. કહેશે.

'**કુછ પ્રાસુકકા ભી સંકલ્પ હૈ**...' જુઓ! જુઓ અંદર. '**ઈસમેં કુછ પ્રાસુકકા ભી સંકલ્પ હૈ**...' પ્રાસુક પણ કો'ક હોય. ભેગુ થયું હોય ને કડવાટ ને એવા ઝાડ હોય ... છાલમાં પાણી ભરાઈ ગયા હોય. અચેત થઈ ગયા હોય. બધું લખ્યું છે એક એક વાતને. બહુ સરસ વાત. બિંદુ ઉપર પડે, થોડીવાર ભેગા થાય, પછી નીચે પડે, એમાં કો'ક સંકલ્પ અચેતને પણ હોય. અચેત પણ હોય કોઈ. એમ. આટલા બોલ તો વાપર્યા છે. ઝાડ ઉપર પાણીના બિંદુ પડે ને ઝપટથી. ઝાડ અથડાઈને કોઈ અચેતન પણ થઈ જાય પાણી. અને થોડીવાર રહે છાલ ઉપર તોપણ અચેતન (હોય) કો'ક. કુછ કીધું ને? '**કુછ પ્રાસુકકા ભી સંકલ્પ હૈ.**' આહાહા..! જયચંદ્ર પંડિત પણ જે શૈલીએ જે ભાવ બતાવવો છે ને એ ભાવનો ચિતાર સરખો મૂકે આમ.

'**ઔર બાધા બહુત હૈ,**...' એમ કહે છે. ધડાધડ પડે ટપ.. ટપ..ટપ.. માથે. એક પછી એક ધારા. વૃક્ષમૂળે બેઠા હોય મુનિ. આહાહા..! આ મુનિના સમ્યગ્દર્શન સહિત ઉત્તરગુણ કહેવામાં આવે છે. એને જાણવું તો જોઈશે કે મુનિપણું કેવું હોય? એને મુનિ કહીએ. આ તો કાંઈ ખબરું ન મળે. આહાહા..! '**ઈનકો આદિ લેકર યહ ઉત્તરગુણ હૈં,**...' એમ કે આ બધા. મૂળગુણ ઓલા અઠ્યાવીશ. આ બધા ઉત્તરગુણ છે. '**ઈનકા પાલન ભી ભાવ શુદ્ધ કરકે કરના.**' એ સમ્યગ્દર્શન અને આત્માના આનંદના સ્વાદ સહિત આવું કરવું ઉત્તરગુણ, એમ કહે છે. આહાહા..! નવા માણસને તો એવું લાગે કે આવું શું આ તે? માર્ગ આવો જ અનાદિનો છે. લોકોએ બધો ફેરવી નાખ્યો છે. સમજાણું કાંઈ? આ શાસ્ત્ર કલ્પિત બનાવ્યા બધા. સાધુને વસ્ત્ર ખપે ને પાત્ર ખપે. એ બધા કલ્પિત શાસ્ત્રો છે, ભગવાનના કહેલા નથી. આહાહા..! એવી વાતું છે ઝીણી.

ભગવાનની કહેલી તો આ વાત છે. બબ્બે હજાર વર્ષ પહેલાની વાતું એટલે લોકો કાંઈ તપાસ કરે નહિ. બે હજાર વર્ષ પહેલા બધા નીકળી ગયા. બે ફાંટા પડી ગયા. દિગંબરમાંથી શ્વેતાંબર પંથ બે હજાર વર્ષ પહેલા નીકળી ગયો. પછી એણે પંદરસો વર્ષ પહેલા આ શાસ્ત્રો રચ્યા અહીં વલ્લભીપુર. વળા વળા. .. ત્યાં દેરાસર છે. એણે રચ્યા હતા બધા. સંગ્રહકર્તા દેવધિગણ એમ લખ્યું છે આમાં. દરેક ગ્રંથનું નામ સંગ્રહકર્તા. જૈનધર્મસારમાં. આચારાંગકે સંગ્રહકર્તા દેવધિગણ. વલ્લભીપુરમાં વળામાં એ શ્વેતાંબર સાધુ ભેગા થયેલા અને એક રાણી હતી એને આ બહારનું નગ્નપણું કરતા ઠીક લાગ્યું. એના ઓલામાં પછી શાસ્ત્રો બધા રચ્યા. ૯૮૦. ભગવાન પછી. આ આચારાંગ, સૂયગડાંગ, દશ અવતાર બધા ત્યાં રચાણા. એમાં પછી કલ્પિત કથાઓ અને કલ્પિત તત્ત્વની વાતું મૂકી. એ ભગવાનનો માર્ગ અને ભગવાનના કહેલા નહિ. એય..! જાદવજીભાઈ! આકરી વાતું ભાઈ!

'**ભાવશુદ્ધિ બિના કરે તો તત્કાલ બિગડે**...' જેને આત્મદર્શન (નથી), આત્મા જ જેણે જોયો નથી, આત્મા અનુભવ્યો નથી, આત્મા આનંદનો નાથ પ્રભુ છે એના જેને સ્પર્શ થયા નથી, એ વિનાના આ બધા લિંગ લઈને બેસે, નગ્નપણાની વાત છે હોં આ. વસ્ત્રસહિત છે એ તો લિંગ પણ કુલિંગ

છે અને દૃષ્ટિ પણ ખોટી છે. આહાહા..! આકરું કામ બાપા! પણ આ તો જંગલ છે. આમાં કાંઈ હવે કોઈ... નહિતર વાડામાં તો રહેવા ન દે. આહાહા..! માર્ગ આવો છે, બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ કેવળજ્ઞાની એણે કહેલી આ ચીજ છે, બાકી બધી કલ્પિત વાતું છે.

'**શુદ્ધ કરકે કરનેકા ઉપદેશ હૈ.**' છે? '**ભાવશુદ્ધિ બિના કરે તો તત્કાલ બિગડે ઔર ફલ કુછ નહીં હૈ, ઈસલિયે ભાવ શુદ્ધ કરકે કરનેકા ઉપદેશ હૈ. ઐસા ન જાનના કિ ઈનકો બાહ્યમેં કરનેકા નિષેધ કરતે હૈં.**' આવા ઉત્તરગુણોનો નિષેધ કરે છે એમ નથી, પણ સમ્યગ્દર્શન સહિત આવું હોય એમ કહે છે. '**ઈનકો ભી કરના ઔર ભાવ ભી શુદ્ધ કરના...**' આહાહા..! પ્રથમમાં પ્રથમ તો સમ્યગ્દર્શનરૂપી ભાવ શુદ્ધ કરવો. પછી બીજી વાત. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ કરવું અને પછી આ પણ કરવું એમાં ક્યાં વાંધો છે?

'**કેવલ પૂજા-લાભાદિકે લિયે, અપના બડપ્પન દિખાનેકે લિયે કરે...**' પૂજા, દુનિયા માને, લાભ આપે, કાંઈક શિષ્યોનો લાભ થાય, આબરૂ વધે અને મોટપ દેખાડવા, પોતાની મોટપ દેખાડવા માટે આવું કરે '**કુછ ફલ (લાભ)કી પ્રાપ્તિ નહીં હૈ.**' કાંઈ ફળ નથી. આત્માને ફળ નથી ધર્મનું, એમ. આમ સંસારનું ફળ છે રખડવાનું. આહાહા..! માર્ગ તો સાંભળવામાં કઠણ પડે એવું છે. ભાવવું તો વળી એક કોર રહ્યું. આહાહા..! જિનેશ્વરદેવનો માર્ગ એવો છે ભાઈ! એ 'હરિનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ ત્યાં.' હરિ એટલે આત્મા હોં. આહાહા..! વીરોના કામ છે એ તો કહે છે. કાયરના કાળજા કંપી જાય એવો માર્ગ છે આ. એની ઓળખાણ તો કર કહે છે, શ્રદ્ધા તો કર પહેલી. આહાહા..!

'**આગે તત્ત્વકી ભાવના કરનેકા ઉપદેશ કરતે હૈં :—**' હવે નવ તત્ત્વ.

**भावहि पढमं तच्चं बिदियं तदियं चउत्थ पंचमयं।**
**तियरणसुद्धो अप्पं अणाइणिहणं तिवग्गहरं।।११४।।**

'**અર્થ :- હે મુને! તૂ પ્રથમ જો જીવતત્ત્વ ઉસકા ચિંતવન કર,...**' આ ભગવાન આત્માની વિચારણા કર કે કોણ છે આ? શું છે આ? ભાન તો થયું છે, પણ હજી એની વિશેષ વિચારણા (કર), એમ કહે છે. જ્ઞાન-દર્શનસ્વરૂપ છે. આવશે અંદર. જીવ દર્શનજ્ઞાનમય ચેતનાસ્વરૂપ છે. એ તો દેખવું અને જાણવા સ્વરૂપે છે ભગવાન આત્મા. એમાં દયા, દાન, વ્રતના પરિણામ ઊઠે એ આત્મા નહિ, એ તો આસ્રવ છે. એ આસ્રવતત્ત્વમાં જાય છે, જીવતત્ત્વ નહિ. આહાહા..! આ શરીર આદિ અજીવતત્ત્વમાં જાય છે. એ આત્મા નહિ. આત્મા તો સામાન્ય જીવ... ભાવાર્થમાં છે ને? '**પ્રથમ જીવતત્ત્વકી ભાવના તો સામાન્ય જીવ દર્શન-જ્ઞાનમયી ચેતના-સ્વરૂપ હૈ,...** ' એ તો જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર એવી જેની ચૈતન્યસ્વરૂપ દશા છે. આહાહા..! જગતનો દૃષ્ટા, જ્ઞેયનો જ્ઞાતા એવું એનું સ્વરૂપ છે. કોઈ જગતની ચીજને રચે, રાખે કે ઉત્પન્ન કરે કે રક્ષા કરે એવું સ્વરૂપમાં નથી. આહાહા..! પરજીવની દયા પાળે એવું સ્વરૂપમાં નથી કહે છે. એ તો જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ છે. જાણે

કે આ થયું ને આમ થાય એને જાણે. આહાહા..! ભારે કામ ભાઈ! ઓલા કહે કે ધર્મને શોધીને ... કાઢ્યો. જીવ દયા ધર્મ ન હોઈ. એવું આવે છે. 'ઢુંઢત ઢુંઢત ઢૂંઢ લિયો સબ વેદ પુરાણ કુરાન મૈં જોઈ.' સંપ્રદાયમાં દીક્ષા લીધા પહેલા વાંચેલું બધું. એવું છે. આ બધા ઢૂંઢિયા કેમ નામ પડ્યું એમ. 'ઢૂંઢત ઢૂંઢત ઢૂંઢ લિયો સબ વેદ પુરાણ .. ઢૂંઢત હૈ તબ યહ ચીજ પાવત, બિન ઢૂંઢે નહિ પાવત કોઈ. ઢૂંઢત હૈ તબ યહ ચીજ પાવત, બિન ઢૂંઢે નહિ... જીવદયા બિન ધર્મ ન હોઈ' લ્યો એમ પછી.

શ્રોતા :- ...

ઉત્તર :- એ પર જીવની. એ શબ્દ પડ્યો છે. .. જીવદયા બિન ધર્મ ન હોઈ. અહીં કહે છે કે એ વાત પણ ખોટી છે બધી. આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનદર્શનની રક્ષા કરવી પોતાની એ ધર્મ છે. પરની કોણ રક્ષા કરે? એનું તો આયુષ્ય હોય બચે અને ન હોય તો મરે. એ તો એને કારણે છે. તારે કારણે બચે અને મરે એમ છે નહિ. વાતે વાતે ફેર છે. ઓલા કહે છે ને કે 'માણસ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબાના તેર.' એમ ભગવાન કહે છે કે તારે ને મારે વાતે વાતે ફેર ભગવાન! ભાઈ! આહાહા..! કહો, સમજાણું આમાં?

**'પ્રથમ જો જીવતત્ત્વ ઉસકા ચિન્તન કર,...** ' એ જ્ઞાન. જોયું! **'ઉસકી ભાવના કરના. પીછે ઐસા મૈં હૂં ઈસપ્રકાર આત્મતત્ત્વકી ભાવના કરના.'** એ જીવતત્ત્વ જ આવું હોય એ હું છું, એવો હું છું. એમ મૈં. જ્ઞાન અને દર્શનસ્વરૂપ જે છે આત્મા એ જીવતત્ત્વ. પછી એ હું છું એવો. જાણનાર-દેખનાર એવો જીવતત્ત્વ તે હું છું. અજીવતત્ત્વ હું નહિ, પુણ્ય-પાપના પરિણામ દયા, દાનના એ હું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઓલો છોકરો કહેતો હતો (કે) પણ આ નવી પેઢીને આકરું પડે. કાલે નહોતો કહેતો? પરમ દિ' થયો હતો પ્રશ્ન. જુવાન આવ્યો હતો ને ઓલા સંઘમાંથી. નવી પેઢીને આકરું પડે. નવો-જૂનો પેઢી જ ક્યાં હતી? બધા આત્માઓ છે અને એ આત્માની વાત છે. અહીં ક્યાં નવો..? દસ વર્ષનો છોકરો માટે બાળક છે, ૬૦ વર્ષનો, ૮૦ વર્ષનો માટે વૃદ્ધ છે. એ તો શરીરની દશાની વાત છે. આત્માને ક્યાં છે બાળપણું, વૃદ્ધ? આત્મા તો અનાદિ અનંત છે. આહાહા..! એને બાળ પણ નથી, વૃદ્ધ પણ નથી, જુવાન નથી, સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી, ઢોર નથી, નારકી નથી, એ તો આત્મા ચૈતન્યસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પીછે ઐસા મૈં હૂં ઈસપ્રકાર આત્મતત્ત્વકી ભાવના કરના.** ' લ્યો! આહાહા..! **'દ્વિતીય અજીવતત્ત્વકા ચિંતન કર,...** ' અંદર આવશે. **'તૃતીય આસ્રવતત્ત્વકા ચિન્તન કર,...** ' એ પુણ્ય-પાપનો ભાવ એ આસ્રવતત્ત્વ છે. **'ચતુર્થ બંધતત્ત્વકા ચિંતન કર,...'** પુણ્ય-પાપથી બંધન પડે છે. **'પંચમ સંવરતત્ત્વકા ચિંતન કર,...'** એ આત્મા આનંદસ્વરૂપનો આશ્રય લઈને જે શુદ્ધતા પ્રગટે તેને સંવરતત્ત્વ કહે છે. સંવર આ લોકો કરીને બેસે એ સંવર નહિ. અંતર આત્માનો અનુભવ સમ્યગ્દર્શન કરીને પછી સ્વરૂપમાં એકાગ્ર થવું અને એને લઈને શુદ્ધતા આનંદની આદિ પ્રગટ થાય એને ભગવાન

સંવર કહે છે. એમ સંવરતત્ત્વનો વિચાર કરવો.

**'ઔર ત્રિકરણ અર્થાત્ મન-વચન-કાયા, કૃત-કારિત-અનુમોદનાસે શુદ્ધ હોકર આત્મસ્વરૂપકા ચિંતન કર,...'** આહાહા..! **'જો આત્મા અનાદિનિધન હૈ...'** એ આત્મા તો અનાદિ અનંત છે. **'ઔર ત્રિવર્ગ અર્થાત્ ધર્મ, અર્થ તથા કામ ઈનકો હરનેવાલા હૈ.'** ધર્મ નામ પુણ્ય, અર્થ નામ પૈસો, કામ નામ ભોગ, એ ત્રણનો નાશ કરવાવાળો ભગવાન આત્મા છે.

શ્રોતા :- પૈસાનો પણ નાશ કરે?

ઉત્તર :- પૈસાની મમતાનો નાશ એમ. લ્યો વિશેષ આવશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ ૧૨, શનિવાર તા. ૦૧-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૧૪-૧૧૫, પ્રવચન - ૧૬૨**

ભાવપાહુડ. ૧૧૪ ગાથા. ભાવાર્થ છે. નવ તત્ત્વની ભાવના કરવી, એમ. પાઠમાં તો એમ છે ને **'भावहि'**. પછી એનો અર્થ ચિંતન કરવું. **'પ્રથમ જીવતત્ત્વકી ભાવના તો...'** જીવતત્ત્વ કેવું છે, કહે છે કે એની ભાવના કેવી કરવી? **'સામાન્ય જીવ દર્શન-જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ હૈ,...'** સામાન્ય જીવ. વિશેષ પર્યાય નહિ પણ સામાન્ય વસ્તુ. **'જીવ દર્શન-જ્ઞાનમયી ચેતનાસ્વરૂપ હૈ,...'** સામાન્ય સ્વરૂપ ત્રિકાળ. **'ઉસકી ભાવના કરના.'** લ્યો અહીં તો પાધરું ઉપાડ્યું સામાન્ય. સામાન્ય વસ્તુ જે છે એકરૂપ જ્ઞાનદર્શન ચૈતન્યસ્વરૂપ એની ભાવના, એનું ચિંતવન અથવા તેમાં એકાગ્રતા કરવી. **'પીછે ઐસા મૈં હૂં ઈસપ્રકાર આત્મતત્ત્વકી ભાવના કરના.'** એ હું છું એમ. સામાન્ય જે જ્ઞાન-દર્શન ચેતનાસ્વરૂપ છે તે હું આત્મા છું, એમ. **'ઐસા મૈં હૂં ઈસપ્રકાર આત્મતત્ત્વકી ભાવના કરના.'**

**'દૂસરા અજીવતત્ત્વ હૈ સો સામાન્ય અચેતન જડ હૈ, યહ પાંચ ભેદરૂપ પુદ્‌ગલ,...'** પાંચ ભેદરૂપ એના પાંચ નામ જુદા. **'પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ હૈં ઈનકા વિચાર કરના.'** એ પુદ્‌ગલ(માં) આ શરીર, વાણી, કર્મ બધું આવી ગયું. એ બધા અજીવતત્ત્વ છે. એ અજીવની ભાવના કરવી કે **'વહ મૈં નહીં હૂં.'** એમ. સામાન્ય ચૈતન્ય દર્શન-જ્ઞાનમયી તે હું અને આ

અજીવ તે હું નહિ. એમ પાંચેય અજીવો એટલે શરીર હું નહિ, વાણી હું નહિ, કર્મ હું નહિ, પૈસા નહિ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, આ શરીર આદિ હું નહિ, એનો આત્મા એ હું નહિ. આહાહા..! '**વહ મૈં નહીં હૂં.**' લ્યો!

'**તીસરા આસ્રવતત્ત્વ હૈ વહ જીવ-પુદ્‌ગલકે સંયોગજનિત ભાવ હૈં,...** ' વ્યાખ્યા કરી. જીવ ભગવાન આત્મા અને કર્મ. '**પુદ્‌ગલકે સંયોગજનિત ભાવ હૈં, ઈનમેં અનાદિ કર્મસંબંધસે જીવકે ભાવ...**' અનાદિ કર્મના સંબંધથી જીવના ભાવ. '**(ભાવ-આસ્રવ) તો રાગ-દ્વેષ-મોહ હૈં...**' રાગ, દ્વેષ અને મિથ્યાશ્રદ્ધા એ અનાદિ કર્મના સંબંધે થયેલો પોતાનો ભાવ-એ આસ્રવની ભાવના કર. ભાવના શબ્દે વિચારણા. એ તો આસ્રવતત્ત્વ છે. આહાહા..! શુભાશુભભાવ એ આસ્રવતત્ત્વ છે. એમ ત્રીજા તત્ત્વનો વિચાર કરવો.

'**ઔર અજીવ પુદ્‌ગલકે ભાવકર્મકે ઉદયરૂપ...** ' હવે અજીવ જે પુદ્‌ગલ કર્મ જડ એનું ભાવકર્મ, એનું ભાવકર્મ જડનું. '**ઉદયરૂપ મિથ્યાત્વ, અવિરત, કષાય ઔર યોગ દ્રવ્યાસ્રવ હૈ.**' જડનો ઉદય છે ને અંદર એને અહીંયાં અજીવ આસ્રવ કહ્યો. '**ભાવકર્મકે ઉદયરૂપ...**' ભાવકર્મ કોણ? ઓલા જડના હોં! '**મિથ્યાત્વ,...**' નામ કર્મમાં દર્શનમોહનો ઉદય '**અવિરત,..**' ચારિત્રમોહનો ઉદય. '**કષાય...**' પણ ચારિત્રમોહનો ઉદય '**ઔર યોગ...**' શરીર નામપ્રકૃતિના ઉદયથી યોગ જે. એ '**દ્રવ્યાસ્રવ હૈ. ઈનકી ભાવના કરના કિ યે મુજે હોતે હૈં,...**' એ નાખ્યું છે અંદર. '**(-અસદ્‌ભુત વ્યવહારનય અપેક્ષા)**' લખનારે લખ્યું છે, ભાઈનું નથી. જયચંદ્ર પંડિતનું નથી. મારું હોય છે એટલે મારા સંબંધમાં હોય છે એમ. નહિતર એ છે તો જડ. '**મુજે હોતે હૈં,...**' એમ છે ને શબ્દ? એટલે મારા સંબંધમાં એ જડકર્મનો ઉદય હોય છે.

'**(અશુદ્ધ નિશ્ચયસે) રાગ-દ્વેષ-મોહ ભાવ મેરે હૈં,...**' પુણ્ય ને પાપ ને મિથ્યા ભ્રમણા એ બધા ભાવ મારા છે. '**ઈનસે કર્મોંકા બંધ હોતા હૈ,...**' એનાથી તો નવા કર્મનો બંધ થાય. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ. માણસોએ રાગની વ્યાખ્યા જ સ્થૂળ કરી નાખી. એક જણાએ હમણા કહ્યું હતું. ઓલા સાધુ આવ્યા હતા ને. કીધું, દયા, દાન એ રાગ. દયા, દાનમાં રાગ? એક જુવાન નહોતો સાધુ? આ બધી પ્રવૃત્તિમાં ધમાલમાં ધર્મ માને. રાગ છે કદાચ શુભ રાગ હોય તો. એ રાગ કાંઈ ધર્મ નથી.

શ્રોતા :- ધંધો-વેપાર કરે તો...

ઉત્તર :- આ ધંધો વેપાર નથી? વ્યવહારે ધંધે ફસ્યા... એ બધો વ્યવહારે ધંધે ફસ્યા, નથી આવતું? ક્યાં આવે છે એઈ? યોગસાર. વ્યવહારે ધંધે ફસ્યા... આવે છે. વ્યવહાર, આ ધંધા વ્યવહારની વાત છે. યોગસારમાં આવે છે. વ્યવહારના ધંધા બધા છે. રાગના દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ એ બધો શુભરાગનો ધંધો છે.

શ્રોતા :- .. હવે સમજ્યા.

ઉત્તર :- હવે સમજ્યા? સાંભળવાનો રાગ કરે, વાંચવાનો કરે. ત્યાં જાય એટલે ધર્મ જ થાય. બસ, દરિયાપરી અપાસરે જાય. ધર્મસ્થાનક છે ને એ. અહીં તો કહે છે કે ધર્મસ્થાનકે ભાવ જે થાય એ ભાવ પણ રાગ છે. આહાહા..! એને શું છે, એ તો જડ છે. આહાહા..! તત્ત્વની ખબર ન મળે અને માણસ એમ ને એમ રખડે ચાર ગતિમાં. આહાહા..! એ મોહ કર્મબંધનું કારણ છે. રાગ-દ્વેષ પુણ્ય એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ કર્મબંધનું કારણ છે. આહાહા..! કહો, આ જાત્રાનો ભાવ ને એ બધો કર્મબંધનું કારણ છે એમ કહે છે. સાથે બધા માણસો દસ-દસ હજાર હોય ને. તે દિ' કાઢ્યું હતું, નહિ? મોટી જાત્રા. માણેકચંદ? માકુભાઈ. મોટી બહુ મોટી જાત્રા. ત્યારે .. હતા. દસ હજાર માણસ. ચારે કોર માણસ .. જાય. જમાડે એટલે આવે બે-પાંચ સો... જમાડતા. દસ લાખનો ખર્ચ કર્યો હતો તે દિ'. આહાહા..! એમાં શું પણ? એમાં રાગને મંદ કર્યો હોય ને રાખ્યો હોય તો શુભ છે. પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ.

શ્રોતા :- સામાયિક પડિક્કમણા કરે.

ઉત્તર :- એ પણ ધર્મ નથી. સામાયિક, પડિક્કમણા, પોષા ને. એ તો શુભ વિકલ્પ છે, રાગ છે, આત્માનું ભાન નથી ત્યાં. સમ્યગ્દર્શન કોને કહેવું એ તત્ત્વની તો ખબર ન મળે. એ વિકલ્પ છે, રાગ છે એનાથી ભિન્ન આત્મા એને આત્મતત્ત્વ કહીએ. આ તો આસ્રવતત્ત્વ છે. એ આસ્રવ પુણ્યના પરિણામ એનાથી તો બંધ થાય. એનાથી ભિન્ન પડીને આત્માને અંદર ઓળખે, આત્માને પકડે જ્ઞાનસ્વરૂપી જીવ, એનો અનુભવ એ ધર્મ છે. આહાહા..! ધમાધમ ચલી શું ચાલે છે ને તમારે? ધામધુમે ધમાધમ ચલી જ્ઞાન માર્ગ રહ્યો દૂર. આહાહા..! જ્ઞાનમાર્ગ. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે એમાં અંતર રમણતા એ જ્ઞાનમાર્ગ છે. બાકી આ બધી પ્રવૃત્તિઓમાં રાગ મંદ હોય તો પુણ્ય અને ધંધા આદિની પ્રવૃત્તિમાં પાપનો રાગ—બેય બંધનું કારણ છે. આહાહા..!

'**(અશુદ્ધ નિશ્ચયનયસે) રાગ-દ્વેષ-મોહ ભાવ મેરે હૈં, ઈનસે કર્મોંકા બંધ હોતા હૈ, ઉસસે સંસાર હોતા હૈ...**' લ્યો! એ શુભભાવથી બંધ થાય અને એનાથી સંસાર થાય એમ કહે છે. '**ઈસલિયે ઈનકા કર્તા ન હોના...**' એ તો પછી કૌંસમાં લખ્યું છે. '**ચૌથા બંધતત્ત્વ હૈ. વહ મૈં રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમન કરતા હૂં વહ તો મેરી ચેતનાકા વિભાવ હૈ, ...ભાવબંધ હૈ...**' હું, પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ આદિ મોહ '**પરિણમન કરતા હૂં વહ તો મેરી ચેતનાકા વિભાવ હૈ, ઈસમેં જો બંધતે હૈ વે પુદ્‌ગલ હૈં,...**' ભાવબંધ છે એનાથી નવા જડ કર્મ બંધાય છે. આહાહા..! સાચી વાતની ખબર પણ ન મળે, હવે એને જાવું ક્યાં? સંસારવનમાં રખડતો ચોર્યાશીના અવતારમાં ક્યાંય કોઈ શરણ નથી. શરણ તો ચૈતન્યસ્વરૂપ, ચેતનાસ્વરૂપ ભગવાન આત્મા એ શરણ છે.

'**ઈસમેં જો બંધતે હૈ વે પુદ્‌ગલ હૈં, કર્મ પુદ્‌ગલ હૈં, કર્મ પુદ્‌ગલ જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકાર હોકર બંધતા હૈ,...**' લ્યો! એ શુભ-અશુભભાવથી જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ બંધાય.

લ્યો! શુભભાવથી એ જ્ઞાનાવરણીય બંધાય એમ કહે છે. શુભભાવથી મોહનીય બંધાય. આહાહા..! '**વે સ્વભાવ-પ્રકૃતિ,...**' એ પ્રકૃતિની વાત કરે છે કર્મની. કર્મમાં સ્વભાવ હોય છે એટલે પ્રકૃતિ હોય છે. કર્મનો સ્વભાવ એ પ્રકૃતિ. એની સ્થિતિ હોય છે કર્મમાં મુદત. એનો રસ હોય છે અનુભાગ. '**ઔર પ્રદેશરૂપ...**' હોય રજકણો. '**ચાર પ્રકાર હોકર બંધતે હૈં,...**' એ કર્મ આ પ્રકારે ચાર પ્રકાર થઈને બંધાય છે. આહાહા..!

'**વે મેરે વિભાવ તથા પુદ્ગલ કર્મ સબ હેય હૈં,...**' કહે છે કે મારા પુણ્ય-પાપના ભાવ એ વિભાવ અને એનાથી બંધન કર્મ એ જડ '**સબ હેય હૈં,...**' આહાહા..! કહો, શુભ-અશુભભાવ એ આસ્રવ છે અને એનું બંધન કર્મ છે, એ બેય ધર્મીને તો હેય છે—છોડવાલાયક છે, આદરણીય નથી. '**સંસારકે કારણ હૈં,...**' આહાહા..! એ શુભ અને અશુભભાવ અને મિથ્યાત્વભાવ એ આસ્રવ છે, નવા બંધનું કારણ છે, સંસારરૂપ છે, એ સંસારનું કારણ છે. આહાહા..! '**મુજે રાગ-દ્વેષ મોહરૂપ નહીં હોના હૈ, ઈસપ્રકાર ભાવના કરના.**' લ્યો! આહાહા..! ભારે માર્ગ ઝીણો ને એટલે માણસને પકડાય નહિ એટલે ધમાધમમાં ચાલી ગયા. દસ લાખ ખરચીને જાત્રા કાઢે તો જાણે ઓહોહો..! એ માળા પહેરાવે એને શું કીધું? મોક્ષમાળા? માળા પહેરાવે મુક્તિની. મુક્તિની માળા. ધૂળેય નથી. બંધનની માળા છે.

શ્રોતા :- ...

ઉત્તર :- થઈ રહ્યું પૂરું થઈ રહ્યું. આહાહા..!

શ્રોતા :- માળા તો સંસારની...

ઉત્તર :- એ તો માળા પહેરાવે ત્યારે એમ કે અમે ધર્મ બહુ કરીએ. સંઘવી મોટા થઈ તમને આ મોક્ષની (માળા પહેરાવીએ છીએ). ઓલા બિચારા ખુશી થઈ જાય. બુદ્ધિ જાડી હોય, પૈસા કાંઈક પાંચ-પચ્ચીસ હજાર ખર્ચ્યા હોય. લ્યો મોક્ષની માળા આપી આપણને. ઓલા કહેનારને એને શું છે બિચારો? એ ક્યાં રખડશે એ ખબર છે? મોહન મોતી હતા ને આપણે ગઢડામાં. મોહન મોતી હતા. હતા સ્વામિનારાયણ. પણ અહીંનો પ્રેમ હતો. એના સાધુ એને (કહે). એય..! મોહનભાઈ! તમે તો વૈકુંઠમાં મોક્ષ જનારા હોં, બહુ તમે જાણો. પણ તમે તમારું જાણ્યું કાંઈ? એવા ને એવા બધે. તમે ક્યાં જશો એ નક્કી કર્યું? એ શું કહે? આવું ક્યાંથી કાઢ્યું? જયંતિભાઈ!

શ્રોતા :- ગઢડા .. વૈકુંઠમાં જાય.

ઉત્તર :- હા. ઓલા કહે કે સમ્મેદશિખરનો જીવ હોય એ ગમે તે હોય એ મોક્ષ જાય. ત્યાં વનસ્પતિ ઊગી હોય ત્યાંનો એ જીવ મોક્ષ જાય. આ તે કંઈ... આહાહા..! અરે..! બાપુ! મોક્ષ એટલે શું? આહાહા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રભુ એનો આશ્રય લીધા વિના મોક્ષનો માર્ગ કોઈ દિ' થાય નહિ. બહારના આશ્રયે મોક્ષનો માર્ગ બને નહિ, પ્રગટે નહિ. આહાહા..! બહિર્મુખ વૃત્તિ છે, બહિર્મુખ દષ્ટિ

છે, એમાં તો બહિરાત્માપણું છે. આહાહા..! અંતર સ્વરૂપ ચૈતન્ય જ્ઞાનદર્શનનો પિંડ પ્રભુ, એને અંતર અવલંબીને આશ્રય કરીને જે નિર્મળ સંવર-નિર્જરાની શુદ્ધ પર્યાય થાય એ ધર્મ અને મોક્ષનો માર્ગ છે, બાકી બધી વાતું છે. આહાહા..! એની સમજણમાં તો ફેરવે કે માર્ગ તો આ છે. આહાહા..! એમ ભાવના કરવી. લ્યો!

**'પાંચવાં સંવરત્તત્વ હૈ વહ રાગ-દ્વેષ-મોહરૂપ જીવકે વિભાવ હૈં, ઉનકા ન હોના... '** લ્યો! આહાહા..! શુભભાવ પણ ન થવા એનું નામ સંવર છે. **'રાગ-દ્વેષ-મોહરૂપ જીવ કે વિભાવ હૈં, ઉનકા ન હોના...'** વિભાવ ન હોના—વિભાવનું ન થવું **'ઔર દર્શન-જ્ઞાનરૂપ ચેતનાભાવ સ્થિર હોના...'** જાણવું અને દેખવાનું ચેતનાભાવ જાણવાનો ભાવ. એવા સ્વરૂપમાં સ્થિર થવું **'યહ સંવર હૈ,...'** જામનગરમાં તો બહુ થાય સંવર આઠમ અને પાંચમના. કેટલાક તો દુકાનનું બધું કામ કરીને મોડા આવે આઠ વાગે. પછી પોષા કરે આઠ વાગે. ઢસરડા રૂઢી-રૂઢી એવી કરી નાખી ને.

**'યહ સંવર હૈ, વહ અપના ભાવ હૈ...'** જોયું! જાણવા-દેખવાનો જે સ્વભાવ ચૈતન્યનો એમાં એકાગ્ર થઈને રાગની ઉત્પત્તિ ન થતાં અરાગી સ્વભાવની પર્યાય ઉત્પન્ન થાય એ મારો સ્વભાવ છે. એ મારા પરિણામ છે. આહાહા..! એ અપના ભાવ હૈ, પોતાનો ભાવ છે. રાગાદિ ભાવ એ પોતાનો ભાવ નહિ એમ કહે છે. આહાહા..! **'વહ અપના ભાવ હૈ ઔર ઈસીસે પુદ્‌ગલકર્મજનિત ભ્રમણ મિટતા હૈ.'** લ્યો! સંવર. અહીંયાં તો કહે છે કે પરની દયા પાળવાનો ભાવ એ રાગ એ હિંસા છે. આહાહા..! ગજબ વાત છે. પરની દયાનો ભાવ એ પોતાની હિંસા. હવે આ તે ક્યાં મેળ કરવો જગતની સાથે. આહાહા..! ઓલા કહે કે જીવની દયા પાળો, છ કાયની દયા પાળો. બસ તમારે ધર્મ.

શ્રોતા :- પોતાને સ્વીકાર્યો કે નહિ?

ઉત્તર :- પોતે નહિ, પરની વાત છે. અમારે હીરાજી મહારાજ બિચારા અહિંસાની વાત કરે. અહિંસા સમયં તે.. ભાઈ! ભગવાને તો, પરની હિંસા ન કરવી એ અહિંસા એ સિદ્ધાંતનો સાર છે. એ જાણ્યું એણે બધું જાણ્યું, એમ. એતાવતં.. લ્યો જાણવું એમાં બધું એ આવી ગયું? પરની દયા એ ધર્મ આવ્યો. હવે એમાં શું? એ ચુડામાં જાય તો બધા આવે માણસો હીરાજી મહારાજ આગળ. બધાય તેરાપંથી આ રાયચંદ ગાંધી કેવા? ગાંધી નહિ ગોસળિયા. રાયચંદ ગોસળિયા. તેરાપંથી એ આવે. આમાં હીરાજી મહારાજમાં આવે. હીરાજી મહારાજની શાંતિ, કષાય મંદ.

**'અર્થ :- હે મુને! જબતક વહ જીવાદિ તત્ત્વોંકો નહીં ભાતા હૈ...'** બધા તત્ત્વની વાત કરે છે સાતેય. છોડવાયોગ્યનું પણ જ્ઞાન તો એનું કરવું ને બરાબર. પુણ્ય-પાપ, આસ્રવ-બંધ છોડવા લાયક છે, સંવર, નિર્જરા, મોક્ષ એ પ્રગટ કરવા લાયક છે. પણ એની ભાવના, વિચારણા તો બધાની કરવી ને. કોને આસ્રવ કહેવો? કોને બંધ કહેવો? ભાવબંધ, દ્રવ્યબંધ. **'જીવાદિ તત્ત્વોંકો નહીં ભાતા હૈ...'** એ નવ તત્ત્વની જેવી મર્યાદા છે એ રીતે જે અંતર અભ્યાસ અને ભાવના નથી કરતો એ

**'ચિંતન કરને યોગ્યકા ચિંતન નહીં કરતા હૈ...'** ચિંતન કરવાયોગ્યની ચિંતા કરતો નથી એમ કહે છે. નવ તત્ત્વમાં ચિંતન કરવા લાયક છે એને ચિંતવતો નથી અને અચિંતવન(રૂપ) બીજાને ચિંતવે. સંસારની વાત છોકરો પરણતો હોય સારે ઘરે, બે-પાંચ લાખ, દસ લાખ લઈને આવતી હોય કન્યા. વિચારમાં બેસે તો ઊંડો ઉતરી જાય, કલાક, બે કલાક. વરઘોડો ગયો હોય... રાતે ઉઠ્યો હોય. છોકરાનો વરઘોડો નીકળેને ક્યાંય. તો સાથે ન હોય. ઓલો એકકોર ખુણામાં વિચારમાં પડી ગયો હોય. બાપા કેમ નથી આમાં સાથે? ઠીક બેઠા હશે અંદરમાં ઘરમાં ક્યાંય. બાપા! ચાલો ને. ક્યાં વરઘોડો ગયો? વરઘોડો ગયો ચોકમાં. ચોકમાં (એટલે) ચાર ગતિએ ગયો. પણ તમે નહિ? હું તો ભાઈ વિચારમાં ચડી ગયો હતો. કે આનું આમ કરશું.. આનું આમ કરશું... આનું આમ કરશું. આહાહા..! ઘોડા દોડાવે અંદર રાગના અને વિકલ્પના.

કહે છે, **'ચિંતન કરને યોગ્યકા ચિંતન નહીં કરતા હૈ... '** એમ કહે છે અને નહિ ચિંતન કરવાયોગ્યનું ચિંતન બબ્બે ઘડી, ચાર ચાર ઘડી. આહાહા..! આખો દિ' એ જ મંથન કરે છે ને. વેપાર કેમ થાય? અને પૈસા કેમ મળે? દીકરી સારે ઠેકાણે કેમ વરે? છોકરાને સારા ઠેકાણેની કન્યા મળે. આમાં મરી ગયો. સમજાણું કાંઈ? આ ચિંતવવા યોગ્યનું ચિંતન કરતો નથી એમ કહે છે. **'जाव ण चिंतेइ चिंतणीयाइं'** એમ કહે છે. આહાહા..! જે ચિંતવવા યોગ્ય છે પરથી ભિન્ન પાડીને આત્માને અને આત્માથી ભિન્ન પાડીને રાગાદિને... આહાહા..! એ ચિંતવવા યોગ્ય તો ચિંતન કરતો નથી.

**'જબ તક જરા ઔર મરણ રહિત...'** ત્યાં સુધી—તબ તક એમ. **'જબ તક...'** એ કરતો નથી. જીવાદિ તત્ત્વોની ભાવના અને ચિંતવવા યોગ્યની ચિંતવના **'તબ તક જરા ઔર મરણસે રહિત...'** એવો મોક્ષ નહિ પામે એ. આહાહા..! છે ને પાઠ? **'जरमरणविवज्जियं'** અહીં તો ઉંમર થાય જ્યાં ૬૦, ૭૦, ૮૦, ૯૦, ૧૦૦. શરીર જીર્ણ થાય, બોલાય નહિ, કડ ભાંગે, ઓઠિંગણ વિના બેસાય નહિ, મોઢામાંથી લાળું પડે, દાંત હોય નહિ, રોટલા કઠણ ચવાય નહિ. પછી વહુને કહે, કાંઈક કરી દ્યો મને પોચું. એ કહે, પણ દરરોજ ન હોય એમ પોચું કરીને. આપણે પહોંચી શકાય? પોચું એટલે શીરો.

શ્રોતા :- ...

ઉત્તર :- એ તો કહે પણ આપ તો ખરી હવે. પચશે પછી. પછી તકરાર, પછી વાંધા ઉઠે ઘરમાં. વહુને અળખામણું લાગે. પછી એક કોર જાવ તમે હવે એક કોર, અહીં નહિ હવે. વખારે સૂવો. ત્યાં તમને રોટલો મોકલાવશું. આમ થાય છે ઘણે ઠેકાણે. આહાહા..! કહો, જાદવજીભાઈ! આવું છે.

શ્રોતા :- વહુ આવે ત્યારે ખબર પડે કે ...

ઉત્તર :- હા. એ બધું જોયેલું છે ને અમે તો બધું. સાંભળેલું છે ને. અમે ભલે નાચ્યા નથી, પણ નાચનારને જોયા તો છે ને. આ બધું આવું છે ને. અમારા ઘરમાં બધું થાતું ને. એમ જ બધું ચાલે છે.

અમારે શિવલાલભાઈના વહુ મરવા પડ્યા. ... બહેન છે .... તમે કાંઈક કરજો પાછળથી હોં. કારણ કે તમારી પ્રકૃતિ જરી ઓલી છે. ઉંમર ૫૨-૫૩ વર્ષ થઈ ગયા. દીકરો-દીકરી થઈ ગયા હતા પણ મરી ગયા. કાંઈ કરજો તમને. તમને સાચવવું મુશ્કેલ પડી જશે તમને. એમ કહી જાય. હવે તારે જાવું છે ક્યાંક ને શું કરવા..? ઓલી પાછળ જરી મહેનત કરી થોડી, પણ મળ્યું નહિ. ૫૩ વર્ષે કોણ મળે? દસ-પંદર હજાર હશે રૂપિયા તે દિ'. આવા ને આવા માણસ. છેવટે બિચારી કુંવરજીભાઈની વહુ ભદ્રિક બિચારી. સેવા એની કરી. આહાહા..! કષાય... કષાય... કષાય... રોગ શરીરમાં આવે અને એ પ્રમાણે ધાર્યા થાય નહિ. આખો દિ' બાઈ તો કાંઈ રાંધવામાં રોકાય કે તારી સેવામાં રોકાય? ઘરમાં માણસ ન હોય, દુકાને કામમાં માણસો પડ્યા હોય. એય.. પછી ખદબદાટ... ખદબદાટ. જેને તત્ત્વની ભાવના અને ચિંતવવા યોગ્યના ચિંતવન કર્યા નથી, એને આવા ટાણે જરા ને મરણમાં મરી જશે. આહાહા..!

'**તબ તક જરા ઔર મરણસે રહિત મોક્ષસ્થાનકો નહીં પાતા હૈ.**' આનંદની પૂર્ણ પ્રાપ્તિ એ મોક્ષ. એ તત્ત્વની વિચારણા અને ચિંતવવા યોગ્યની ચિંતવનમાં નહિ રહે તો એને જરા-મરણ રહિત મોક્ષ નહિ મળે.

'**ભાવાર્થ :- તત્ત્વકી ભાવના તો પહિલે કહી...** ' પહેલી ગાથામાં નહિ? '**વહ ચિંતન કરનેયોગ્ય ધર્મ-શુક્લ ધ્યાનકા વિષયભૂત જો ધ્યેય વસ્તુ અપના શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાભાવ...**' લ્યો! ઠીક આવ્યું. અનાદિ અનંત.. ભગવાન આત્મા અનાદિ અનંત દર્શન-જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે. આહાહા..! આનંદનું ધામ છે. આહાહા..! '**ઐસા હી અરહંત-સિદ્ધ પરમેષ્ઠીકા સ્વરૂપ,...**' પહેલું તો એ કહે છે કે '**ધર્મ-શુક્લ ધ્યાનકા વિષયભૂત જો ધ્યેય વસ્તુ અપના શુદ્ધ દર્શનજ્ઞાનમયી ચેતનાભાવ...**' ધ્યેય તો એ છે. પોતાનો ભગવાન આત્મા દર્શનજ્ઞાનમયી વસ્તુ એનું ધ્યાન અને એની ભાવનામાં રહેવું.

'**ઐસા હી અરહંત-સિદ્ધ પરમેષ્ઠીકા સ્વરૂપ, ઉસકા ચિંતવન...**' કરવું. અરિહંત અને સિદ્ધ. એમાં અરહંત શબ્દ મૂક્યો છે. '**ઉસકા ચિંતન જબ તક ઈસ આત્માકે ન હો તબ તક સંસારસે નિવૃત્ત હોના નહીં હૈ,...**' સંસારથી નિવૃત્ત નહિ થાય, રખડી મરશે ચોર્યાસીના અવતારમાં. આહાહા..! '**ઈસલિયે તત્ત્વકી ભાવના ઔર શુદ્ધસ્વરૂપકે ધ્યાનકા ઉપાય...** ' બે લીધી ને. તત્ત્વની વિચારણા અને શુદ્ધ સ્વરૂપનું ધ્યાન એ '**નિરંતર રખના યહ ઉપદેશ હૈ.**' લ્યો! આહાહા..! કરવાલાયક તો આ ભગવાન આત્મા એનું ધ્યાન, એની વિચારણા અને એમાં રહેવું એ કરવાલાયક છે. તો જન્મ-જરા મટે, નહિતર મટે એવું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ ૧૩, રવિવાર તા. ૦૨-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૧૬ થી ૧૧૮, પ્રવચન - ૧૬૩**

અષ્ટપાહુડ, ભાવપાહુડ. ૧૧૬ ગાથાનો ઉપોદ્‌ઘાત છે. **'આગે કહતે હૈ કિ પુણ્ય-પાપકા ઔર બંધ-મોક્ષકા કારણ પરિણામ હી હૈ :—'** એ ગાથામાં કહે છે.

पावं हवइ असेसं पुण्णमसेसं च हवइ परिणामा।
परिणामादो बंधो मुक्खो जिणसासणे दिट्ठो।।११६।।

કેવો આચાર્યને આધાર આપવો પડે છે. જૈનશાસન મેં આમ દેખ્યું છે.

**'અર્થ :- પાપ-પુણ્ય,...'** બંધનમાં. અને **'બંધ-મોક્ષકા કારણ પરિણામ હી કો કહા હૈ.'** પાપ અને પુણ્ય બંધાય છે એનું મૂળ કારણ પરિણામ કહ્યું છે. બંધ પણ પરિણામ છે અને મોક્ષ પણ પરિણામ છે. બહારની ક્રિયાકાંડ છે એ કાંઈ પુણ્ય ને પાપ ને ધર્મના પરિણામ છે, એમ છે નહિ. **'જીવકે...'** નીચેનું નાખ્યું છે થોડું. **'મિથ્યાત્વ,...'** વિપરીત માન્યતા. ૧૧૭ છે ને એનો ખુલાસો કર્યો છે. **'મિથ્યાત્વ,...'** છે ને મૂળ ૧૧૭માં છે. **'મિથ્યાત્વ, કષાય, અસંયમ ઔર યોગ...'** વિપરીત શ્રદ્ધા, **'વિષય-કષાય, અશુભલેશ્યારૂપ તીવ્ર પરિણામ હોતે હૈં, ઉનસે તો પાપાસ્રવકા બંધ હોતા હૈ.'** એ પરિણામથી પાપનો બંધ થાય છે. અને પુણ્ય **'પરમેષ્ઠીકી ભક્તિ,...'** લ્યો! પંચ પરમેષ્ઠીની ભક્તિ. એનાથી પુણ્ય બંધાય છે. પરમેષ્ઠીની ભક્તિના જે પરિણામ છે એનાથી પુણ્યબંધન છે. **'જીવોં પર દયા...'** બીજા જીવ ઉપર દયા એ પણ શુભભાવ, પુણ્યબંધનનું કારણ છે. એમ સત્ય બોલવું વગેરે. **'મંદકષાય...'** રાગની અથવા કષાયની મંદતા અને **'શુભ લેશ્યારૂપ પરિણામ.'** ત્રીજું પદ શુક્લ **'શુભલેશ્યારૂપ પરિણામ હોતે હૈં, ઈસસે પુણ્યાસ્રવકા બંધ હોતા હૈ.'** એનાથી પુણ્યના આસ્રવનો બંધ થાય છે.

**'શુદ્ધપરિણામરહિત વિભાવરૂપ પરિણામસે બંધ હોતા હૈ.'** બંધની વ્યાખ્યા. શુદ્ધ પરિણામ જે આત્માના વીતરાગી પરિણામ શુદ્ધ સ્વભાવને આશ્રયે જે થાય, એવા પરિણામ રહિત વિભાવરૂપ પરિણામ—વિકારરૂપ પરિણામ એનાથી બંધ થાય છે. **'શુદ્ધભાવકે સન્મુખ રહના,...'** એ પોતે જરી નાખ્યું છે. પુણ્યાસ્રવ... શુદ્ધભાવ ત્રિકાળી આત્મા પરમાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એની સન્મુખ રહેવું અને **'ઉસકે અનુકૂલ શુભ પરિણામ રખના,...'** એની વિકલ્પાદિ દશા શુદ્ધ સન્મુખ (પરિણતિ)માં થાય એ શુભ પરિણામ છે. **'અશુભ પરિણામ સર્વથા દૂર કરના,...'** એ પોતે કર્યું છે. **'યહ ઉપદેશ હૈ.'**

મૂળ તો શુદ્ધ સ્વભાવ આત્માનો પુણ્ય-પાપરહિત, એવા સ્વભાવની સન્મુખની દૃષ્ટિ રાખીને તેની

સન્મુખતામાં જે કાંઈ કચાશ છે એમાં શુભભાવ થાય એ હોય છે ત્યાં. અશુભભાવ ટાળીને શુભભાવ ધર્મીને હોય છે. પણ એ ધર્મીની દૃષ્ટિ શુદ્ધ ઉપર છે માટે. એ કહેશે. જ્ઞાનીને જ પુણ્યબંધનનું કારણ થાય છે. અજ્ઞાનીને પાપ બંધાય છે. કેમકે જ્ઞાનીને આત્મદર્શન, આત્મજ્ઞાન, શ્રદ્ધા છે એથી એને પુણ્યશાળી કહ્યો છે. સમ્યગ્દૃષ્ટિને પુણ્યશાળી (કહ્યો છે) કારણ કે એ પુણ્યબંધન, તીર્થંકરગોત્ર આદિનું પુણ્યબંધન એને જ હોય છે તેથી એને પુણ્યશાળી કહ્યો છે. મિથ્યાદૃષ્ટિને શુભભાવ હોવા છતાં એને પાપીમાં ગણવામાં આવ્યો છે. ગોમ્મટસારમાં છે ને. એ આગળ લેશે. એટલે શુદ્ધભાવની સન્મુખ રહેવું, ત્રિકાળી ચૈતન્ય પવિત્ર શુદ્ધ એની સન્મુખ રહેવું, થવું અને એને અનુકૂળ શુભ પરિણામ, એમ. સમ્યગ્દર્શનને ભૂમિકામાં એને અનુકૂળ શુભ પરિણામ. તીર્થંકર ગોત્ર આદિ બાંધે, સ્વર્ગના આયુષ્ય બાંધે, આહારક શરીરાદિ એવા શુભ પરિણામ રખના (એટલે) હોય છે.

**'અશુભ પરિણામ સર્વથા દૂર કરના, યહ ઉપદેશ હૈ.'** લ્યો! એ જિનશાસને દીઠો. જૈનશાસનમાં, લ્યો અહીં તો એમ કહ્યું, ભગવાનના શાસનમાં પરિણામે પુણ્ય, પરિણામે પાપ, પરિણામે બંધ, પરિણામે મોક્ષ. બહારની દેહની ક્રિયાથી કાંઈ પુણ્ય-પાપ અને બંધ-મોક્ષ નથી એમ કહે છે. દેહની ક્રિયાથી કોઈ હિંસા થઈ, પણ પરિણામ નથી હિંસાના તો એને પાપબંધ નહિ થાય, એમ કહે છે. પરિણામ ઉપર આખો આધાર છે. શુભ પરિણામ હોય તો પુણ્યબંધન, અશુભ હો તો પાપ. પુણ્ય-પાપના ભાવ બેય બંધનું કારણ અને આત્માના શુદ્ધ પરિણામ સ્વદ્રવ્યના આશ્રયના એ મોક્ષનું કારણ.

**'આગે પુણ્ય-પાપકા બંધ જૈસે ભાવોસે હોતા હૈ...'** એ ભાવનું થોડુ અંદર લખ્યું હતું એ કહેશે. **'ઉનકો કહતે હૈં. પહિલે પાપ-બંધકે પરિણામ કહતે હૈં :—'**

**मिच्छत्त तह कसायासंजमजोगेहिं असुहलेसेहिं।**
**बंधइ असुहं कम्मं जिणवयणपुरम्मुहो जीवो।।११७।।**

અહીં તો મિથ્યાદૃષ્ટિ જીવ લીધો છે.

**'અર્થ :- મિથ્યાત્વ, કષાય, અસંયમ ઔર યોગ જિનમેં અશુભલેશ્યા પાઈ જાતી હૈ...'** જેમાં માઠા પરિણામ કૃષ્ણ, નીલ, કાપોત એવા ભાવ (હોય). **'ઈસપ્રકાર ભાવોંસે યહ જીવ જિનવચનસે પરાઙમુખ હોતા હૈ...'** મૂળ મિથ્યાદૃષ્ટિ લેવો છે. વીતરાગના વચનોથી જે પરાઙમુખ છે. વીતરાગના વચનો તો વીતરાગતાને બતાવનારા છે. વીતરાગ આત્માનો સ્વભાવ અને વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અકષાય પરિણામ એને બતાવનાર છે. એનાથી પરાઙમુખ છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! રાગથી ધર્મ માનનારા, શરીરની ક્રિયાથી ધર્મ માનનારા એ બધા જિનવચનથી પરાઙમુખ છે. વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માની આજ્ઞાથી એ વિરુદ્ધમાં વર્તનારા છે. એને અહીંયાં પાપબંધન કહ્યું છે. એને કોઈ શુભભાવ હોય તોપણ એની ગણતરી ગણી નથી. એ પ્રાણી પાપી જ છે. આહાહા..!

શ્રોતા :- દ્રવ્યલિંગી મુનિ પાપી પ્રાણી?

ઉત્તર :- એ તો અનુભવ વિના પુણ્યને પણ પાપ કહ્યું છે ને. પાપી જ છે. ઝીણી વાત છે ને ભાઈ! વસ્તુ ચૈતન્યસ્વરૂપ પરમાનંદનો નાથ એની સન્મુખતાની પ્રભુની આજ્ઞા છે. તો એની સન્મુખતાની જેને શ્રદ્ધા છે, એને કહે છે કે કોઈ અશુભભાવ આદિ હો, તોપણ એને પુણ્યબંધન વિશેષ થઈ જશે શુભભાવથી. અશુભભાવ આવે પણ એ આયુષ્ય નહિ બાંધે. એ શુભભાવ આવશે ત્યારે જ આયુષ્ય બાંધશે. આહાહા..! અને અજ્ઞાનીને તો શુભભાવ હોય છતાં મિથ્યાત્વી જિનવચનથી પરાङમુખ છે. વીતરાગભાવની શ્રદ્ધાથી વિપરીત છે. એના શુભભાવને પણ પાપમાં જ ગણવામાં આવ્યા છે. આવી વાત છે. એ '**પરાङમુખ હોતા હૈ—અશુભકર્મકો બાંધતા હૈ વહ પાપ હી બાંધતા હૈ.**' જોયું!

'**ભાવાર્થ :- મિથ્યાત્વભાવ તત્ત્વાર્થકા શ્રદ્ધાનરહિત પરિણામ હૈ.**' ચૈતન્ય સ્વરૂપ તત્ત્વાર્થ, એની શ્રદ્ધાથી રહિત પરિણામ. અજીવની શ્રદ્ધા કે અજીવથી મને કાંઈક લાભ થાશે એ તત્ત્વાર્થની શ્રદ્ધાનથી વિપરીત, પુણ્યના પરિણામથી લાભ થશે એ તત્ત્વાર્થ શ્રદ્ધાનથી વિપરીત, દેહની ક્રિયાથી મને કાંઈક પુણ્ય અને પાપ થશે એ પણ તત્ત્વાર્થ શ્રદ્ધાનથી વિપરીત છે. એ અજીવતત્ત્વથી પુણ્ય-પાપ માન્યું. આહાહા..! '**કષાય ક્રોધાદિક હૈ. અસંયમ પરદ્રવ્યકે ગ્રહણરૂપ હૈ, ત્યાગરૂપ ભાવ નહીં,...**' પરદ્રવ્યને ગ્રહવાના ત્યાગરૂપ ભાવ નહિ એ અસંયમ. અસંયમની વ્યાખ્યા. '**ઈસપ્રકાર ઈન્દ્રિયોંકે વિષયોંસે પ્રીતિ...**' ઇન્દ્રિયોના વિષયોમાં પ્રીતિ. સમ્યગ્દષ્ટિને ઇન્દ્રિયના વિષયોમાં પ્રીતિ નથી. આહાહા..! વિષયો હોય છે પણ પ્રીતિ નથી અને આને પ્રીતિ છે. આ ફેર આખો.

'**ઔર જીવોંકી વિરાધનાસહિત ભાવ હૈં.**' જીવની વિરાધના સહિત મારવાના આદિ ભાવ છે. એ અસંયમમાં જાય છે. બે નાખ્યા ને? એક તો પરદ્રવ્યના ગ્રહણરૂપ ત્યાગરૂપ ભાવ નહિ એક વાત. પછી ઇન્દ્રિયો અને છ કાયની વિરાધના. બે નાખવાના છે ને. અસંયમ નાખવો છે ને? એટલે પાંચ ઇન્દ્રિય અને છ કાયની હિંસા, એમ કહેવું છે. બાર-છ કાયની હિંસા અને છ આ. '**અસંયમ પરદ્રવ્યકે ગ્રહણરૂપ હૈ ત્યાગરૂપ ભાવ નહીં,...**' એટલી વાત.

હવે એની વ્યાખ્યા કે '**ઈસપ્રકાર ઈન્દ્રિયોંકે વિષયોંસે પ્રીતિ ઔર જીવોંકી વિરાધનાસહિત ભાવ હૈ.**' એમ. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન એ છ થયા. અને છ કાય. એના ભાવ-ઇન્દ્રિયોના પ્રીતિના ભાવ અને જીવની વિરાધનાનો ભાવ એ અસંયમ એમ કહે છે. એનું નામ અંસમય. અહીં તો મિથ્યાદષ્ટિવાળાનો અસંયમ લીધો છે. '**યોગ મન-વચન-કાયકે નિમિત્તસે આત્મપ્રદેશોંકા ચલના હૈ. યે ભાવ જબ તીવ્ર કષાય સહિત...**' તીવ્ર કષાય એટલે ક્રોધ, માન આદિ. '**કૃષ્ણ, નીલ, કાપોત અશુભ લેશ્યારૂપ હોં તબ ઈસ જીવકે પાપકર્મકા બંધ હોતા હૈ. પાપબંધ કરનેવાલા જીવ કૈસા હૈ? ઉસકે જિનવચનકી શ્રદ્ધા નહીં હૈ.**' એ વાત લેવી છે અહીં. એને પાપ બંધાય છે મિથ્યાદષ્ટિને. જેને વીતરાગભાવ આત્મા અને વીતરાગભાવની આજ્ઞા વર્તમાન વીતરાગભાવ પ્રગટ કરવાની—એવા જિનવચનના ભાવથી જેનો ભાવ વિરુદ્ધ છે. આહાહા..! વીતરાગભાવસ્વરૂપ આત્મા

એને માનતો નથી અને વીતરાગી પરિણતિને ધર્મ માનતો નથી. એ તો રાગને ધર્મ માનનાર છે. આહાહા..! એ જિનવચનથી બાહ્ય છે, પરાઙ્મુખ છે.

'**ઉસકે જિનવચનકી શ્રદ્ધા નહીં હૈ. ઈસ વિશેષણકા આશય યહ હૈ કિ અન્યમતકે શ્રદ્ધાનીકે જો કદાચિત્ શુભલેશ્યાકે નિમિત્તસે પુણ્યકા ભી બંધ હો તો ઉસકો પાપ હી મેં ગિનતે હૈં.**' જોયું! '**અન્યમતકે શ્રદ્ધાનીકે જો કદાચિત્ શુભલેશ્યાકે નિમિત્તસે પુણ્યકા ભી બંધ હો...**' ઝીણી વાત છે. એને અન્યમતમાં નાખ્યા છે ને. શ્વેતાંબર સ્થાનકવાસીને અન્યમતમાં નાખ્યા છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં અને કુંદકુંદાચાર્યે અષ્ટપાહુડમાં. બીજા તો ઠીક પણ આ પણ અન્યમતિ એમ કહે છે. '**અન્યમતકે શ્રદ્ધાનીકે જો કદાચિત્ શુભલેશ્યાકે નિમિત્તસે પુણ્યકા ભી બંધ હો તો ઉસકો પાપ હી મેં ગિનતે હૈં.**' આહાહા..! આકરી વાત.

જિનવચન પરાઙ્મુખનો આશય '**વિશેષણકા આશય યહ હૈ કિ અન્યમતકે શ્રદ્ધાનીકે...**' વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વરની જેને આજ્ઞા માન્ય નથી અને વીતરાગની આજ્ઞાથી બાહ્ય માર્ગ છે. આહાહા..! એવાને શુક્લલેશ્યા આદિ હોય, પુણ્યબંધ હો તોપણ એ પાપમાં જ ગણવામાં આવ્યું છે. દૃષ્ટિ વિપરીત છે ને. આહાહા..! ગોમ્મટસારની વાત લીધી છે.

શ્રોતા :- એ પહેલા કુંદકુંદાચાર્યે (કહ્યું). ગોમ્મટસાર તો પછી લખાણું છે.

ઉત્તર :- હા. કુંદકુંદાચાર્યે કહ્યું છે. આ તો ગોમ્મટસાર વ્યવહાર ગ્રંથ છે એમાં પણ આ કહ્યું છે, એમ. એ ખાસ બહુ પરિચયવાળું શાસ્ત્ર અભ્યાસમાં લોકોને. જૈનશાળામાં વિદ્વાનોને માટે.

'**જો જિન આજ્ઞામેં પ્રવર્તતા હૈ...**' આહાહા..! જેને જિન આજ્ઞામાં એટલે આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય એની જેને શ્રદ્ધા-જ્ઞાન છે એ જિનાજ્ઞામાં પ્રવર્તે છે. આહાહા..! જિનની આજ્ઞા, સ્વભાવ શુદ્ધ ચૈતન્યની સન્મુખની શ્રદ્ધા-જ્ઞાન અને આચરણ એ જિનની આજ્ઞા છે. એ '**જિન આજ્ઞામેં પ્રવર્તતા હૈ ઉસકે કદાચિત્ પાપ ભી બંધે...**' એની કાંઈ ગણતરી નહિ એમ કહે છે. '**વહ પુણ્યજીવોંકી હી પંક્તિમેં ગિના જાતા હૈ,...**' જોયું! એ પુણ્યજીવની પંક્તિમાં ગણવામાં આવે છે. કારણ કે ઊંચું પુણ્ય સમકિતીને જ બંધાય છે. તીર્થંકરગોત્ર, સર્વાર્થસિદ્ધનું આયુષ્ય, આહારક શરીર આદિ ઉત્તમ પ્રકૃતિ એ સમકિતીની ભૂમિકામાં બંધાય છે. સમકિતથી નહિ, પણ સમકિતીની ભૂમિકામાં જ ઊંચું પુણ્ય બંધાય માટે તેને પુણ્ય બંધ કહ્યા. તો થોડું પાપ બાંધે છે... ઓહોહો..! ચોથા ગુણસ્થાનવાળા તો લડાઈમાં પણ હોય. પણ એનું પાપનું બંધન ઘણું અલ્પ છે અને પુણ્ય બંધનના ભાવ ઘણા ઉગ્ર છે. એથી એ સમકિતીને પુણ્યવંત પ્રાણીમાં ગણવામાં આવ્યા છે. આહાહા..!

'**મિથ્યાદૃષ્ટિકો પાપી જીવોમેં માના હૈ...**' ભલે એ શુભ પરિણામ હોય. પ્રવચનસારમાં આવે છે ને, નહિ? .. પુણ્ય ભાઈ! હલકું પુણ્ય બાંધે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગ સિવાય એના દેવ-ગુરુએ કહેલા વ્રત ને તપ પાળે તો ... એવું પુણ્ય બાંધે, માઠું પુણ્ય બાંધે. પ્રવચનસાર. આહાહા..!

આકરી વાત ભારે!

શ્રોતા :- ...

ઉત્તર :- હલકું પુણ્ય. અહીં તો ના જ પાડે છે. હલકું પુણ્ય કીધું છે અહીં. એ બધું પાપમાં જાય છે. પ્રધાનતા પાપની છે ને. મિથ્યાત્વના પરિણામ છે ને. એ પરિણામ બધા પાપમાં જ જાય છે. આહાહા..!

શ્રોતા :- સમ્યગ્દષ્ટિને પાપ હોય એ પુણ્ય છે.

ઉત્તર :- એ પુણ્ય છે, એ પુણ્યશાળી પ્રાણી છે. આહાહા..! એને સમ્યગ્દષ્ટિને અશુભ ભાવ આવે, અશુભ લેશ્યા આવે, પણ આયુષ્ય નહિ બંધાય ત્યાં. આયુષ્ય તો જ્યારે શુભભાવ આવશે ત્યારે જ બાંધશે. આહાહા..! જુઓને. કરોડ પૂર્વ. લાખો વર્ષ, અબજ વર્ષ રહે. પણ આત્મદર્શન છે અને શુદ્ધતાનું ભાન થયું છે. એને અશુભભાવ આવે ખરા પણ એમાં આયુષ્ય નહિ બાંધે, કર્મ બાંધશે એ (પણ) થોડી સ્થિતિ અને થોડા રસવાળું. બહુ જ થોડું. અને આયુષ્ય તો જ્યારે શુભભાવ આવશે ત્યારે જ બાંધશે એ. નારકીમાં પણ શુભભાવ આવશે ત્યારે જ મનુષ્યનું આયુષ્ય બાંધશે. દેવ સમકિતી. આહાહા..! દેવને પણ શુભભાવ આવશે ત્યારે જ અહીંનું મનુષ્યનું બાંધશે. મનુષ્ય અને તિર્યંચ પણ જ્યારે શુભભાવ હશે ત્યારે જ એ આયુષ્ય દેવનું બાંધશે. જુઓને, ઊંચો ઉઠ્યો છે જેને આત્માનો સ્વભાવ પ્રગટ્યો છે. એ તો સંસારથી નીકળી ગયો છે એમ કહે છે. માટે એને પુણ્યવંત પ્રાણી કહેવામાં આવે છે. આહાહા..!

'**મિથ્યાદષ્ટિકો પાપી જીવોંમેં માના હૈ ઔર સમ્યગ્દષ્ટિકો પુણ્યવાન જીવોંમેં માના હૈ.** ' જુઓ! એની ભૂમિકામાં પુણ્યના પરિણામની પ્રધાનતા મુખ્યતા છે એમ કહે છે. '**ઈસપ્રકાર પાપબંધકે કારણ કહે.**' લ્યો! આહાહા..!

'**આગે ઈસસે ઉલટા જીવ...**' સમકિતીની વાત છે. આ મિથ્યાદષ્ટિની વાત કરી.

**तव्विवरीओ बंधइ सुहकम्मं भावसुद्धिमावण्णो।**
**दुविहपयारं बंधइ संखेपेणेव वज्जरियं।।११८।।**

ઓલા '**जिणवयणपुरम्मुहो**' હતો ને. એનાથી વિપરીત આ સવળું. તત્‌વિપરીત એટલે? જિનવચનથી પરાઙમુખ જીવથી વિપરીત છે આ એટલે જિનવચનની આજ્ઞા માનનારો છે. જિનવચનની આજ્ઞા વીતરાગભાવને મનાવનારી છે. આત્માનું સમ્યગ્દર્શન એ પણ વીતરાગભાવ છે, આત્માનું સમ્યગ્જ્ઞાન એ વીતરાગભાવ છે, સમ્યક્‌ચારિત્ર વીતરાગભાવ છે. વીતરાગભાવની જ ભગવાનની આજ્ઞા છે. આહાહા..! એને માનનારો છે અને જિનવચનમાં પરાઙમુખથી તે ઊલટો છે એમ. જિનવચનથી પરાઙમુખ મિથ્યાદષ્ટિ એનાથી આ ઊલટો છે. આહાહા..!

એ સમ્યગ્દર્શન છે એ જિન સમ્યક્ છે. જિન સમ્યક્. ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ અને

વીતરાગમૂર્તિ એવી મૂર્તિને જેણે માની છે... લ્યો આ બાહ્ય મૂર્તિ કરતા આ મૂર્તિ કહેવું છે. બાબુભાઈ! એવા વીતરાગ સ્વભાવી આત્મા, એને વીતરાગભાવે માની છે. સમ્યગ્દર્શન વીતરાગભાવ છે ને, રાગભાવ નથી. એ જિનવચનની આજ્ઞા છે. ભગવાનની એ આજ્ઞા છે. આહાહા..!

**तव्विवरीओ बंधइ सुहकम्मं भावसुद्धिमावण्णो।**
**दुविहपयारं बंधइ संखेवेणेव वज्जरियं।।११८।।**

લ્યો! '**અર્થ :- ઉસ પૂર્વોક્ત જિનવચનકા શ્રદ્ધાની મિથ્યાત્વરહિત સમ્યગ્દષ્ટિ...**' આહાહા..! દ્રવ્યલિંગી નવમી ગ્રૈવેયક ગયો, પણ જિનવચનની શ્રદ્ધા નહિ એમ કહે છે. આમ તો જિનવચન સાચા છે એમ માને, પણ વીતરાગી પરિણામ એ ધર્મ છે એમ માનતો નથી. નીચે પછી જુઓને .. મોક્ષમાર્ગમાં. નવમી ગ્રૈવેયક જાય છે તો માયાથી જાય છે. માયા હોય તો ત્યાં જઈ શકે નહિ. એને વ્યવહારની વીતરાગની વ્યવહારશ્રદ્ધા છે. છે એમાં? આવે છે. આ નિશ્ચય વ્યવહાર, નિશ્ચય શ્રદ્ધા. વ્યવહાર આજ્ઞા તો આવે છે ને એ બંધ અધિકારમાં? અભવિ જિને કહેલા વ્યવહાર, વ્રત, નિયમ આદિ માને છે, જાણે છે. પણ એનો હેતુ ત્યાં રાગ ઉપર છે અને દૃષ્ટિ અહીં અરાગી નથી. ભલે એણે ભોગનો હેતુ નથી પણ ઓલો રાગનો ભોગ છે ને? રાગનો ભોગ એ જ એની દૃષ્ટિ ત્યાં પડી છે, હેતુ. અનુકૂળ ભોગ મળે માટે કરે એ તો વળી પાપમાં જાય. પણ રાગનો જેને હેતુ છે બંધનમાં એ પણ ભોગનો જ હેતુ (છે). સ્વભાવનો ભોગનો અનુભવનો નહિ એમ. ચૈતન્યસ્વભાવ આનંદસ્વરૂપ એના અનુભવનો ભોગનો નહિ, (પણ) રાગના ભોગનો છે. એ તો બંધના ભોગનો (ભાવ છે). આહાહા..!

'**જિનવચનકા શ્રદ્ધાની...**' વ્યવહાર જિનવચનની શ્રદ્ધા તો અભવિને પણ હોય છે એમ કીધું છે ત્યાં. પાછળ લીધું છઠ્ઠામાં. આ તો જિન આજ્ઞાએ વ્રત, નિયમ પાળે, એમ નથી કહ્યું ત્યાં? જિનવરે કહેલા. એ તો વ્યવહાર છે. નિશ્ચયના કહેલા જે ભાવ છે. એમ વાત છે. આહાહા..! વસ્તુ તદ્દન નિર્લેપ, નિર્દોષ પડી છે. વીતરાગભાવે એની શ્રદ્ધા કરે ત્યારે એને પરમાર્થે જિનવચનની શ્રદ્ધા થઈ કહેવાય. ઓલી તો જિનવરે કહેલા વ્રત, નિયમ તો અભવિ પણ પાળે છે. પણ એ વ્યવહાર આજ્ઞા, એ પરમાર્થ આજ્ઞા નહિ. આહાહા..! આજ્ઞાના પણ બે પ્રકાર પાછા. આહાહા..! આ જિનવચનની શ્રદ્ધાવાળો મિથ્યાત્વરહિત છે. (એમ) આહીં તો કહ્યું. ત્યાં તો કીધું, જિનવરે કહેલા વ્રતાદિ પાળે છે છતાં મિથ્યાદષ્ટિ છે.

શ્રોતા :- નિશ્ચયની..

ઉત્તર :- નિશ્ચયની શ્રદ્ધા નથી એમ કહેવું છે. અહીં નિશ્ચયની છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? ગંભીર માર્ગ છે ઊંડો. આહાહા..!

મિથ્યાદષ્ટિ જિનવચનની બહારનો જીવ ભલે, કહે છે, કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ હોય એને, છતાં એને પાપી ગણવામાં આવ્યો. જુઓ આ વાત તે કાંઈ! આહાહા..! કારણ કે એનું ફળ

પરિણામે તો ચાર ગતિ છે. આહાહા..! હવે એ લોકોને આકરું પડે છે માણસોને. વ્રત ને નિયમ ને તપ ને પહેલું કરો. મિથ્યાદષ્ટિ ભલે હોય, પણ આ પહેલું કરો તો એને કુણા પરિણામ થાશે. ધૂળેય નહિ થાય, સાંભળને. આહાહા..! અનંત ગુણ જે છે એ બધા વીતરાગભાવે છે. એ અનંત ગુણનો પિંડ પોતે વીતરાગભાવે તત્ત્વ પડ્યું છે. 'ચૈતન્ય પ્રતિમા થા.' આવે છે ને શ્રીમદ્‌માં, એ આ. વીતરાગ પ્રતિમા થા. એમ. આત્મામાં અનંત ગુણ છે એ દરેક ગુણ વીતરાગભાવે છે. એવા અનંત ગુણનું એકરૂપ પોતે વીતરાગસ્વરૂપ છે. એની પ્રતિમારૂપ થા (એટલે) વીતરાગભાવે થા, એમ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

વીતરાગની પરિણતિએ થવું એ ચૈતન્ય પ્રતિમા કહેવાય. આ (બાહ્ય) પ્રતિમા તો વ્યવહાર છે. શુભભાવ હોય ત્યારે એને કહેવાય. આત્મા ચૈતન્ય પ્રતિમા વીતરાગમૂર્તિ જ છે ઈ. અને એના પરિણામ થવા ચૈતન્યની જાતના એ ચૈતન્ય પ્રતિમા થઈ, વીતરાગમૂર્તિ થયો. આહાહા..! એ બધા જિનવચનના શ્રદ્ધાની, મિથ્યાત્વરહિત છે. આહાહા..! '**સમ્યગ્દષ્ટિ જીવ શુભકર્મકો બાંધતા હૈ જિસને કિ— ભાવોંમેં વિશુદ્ધિ પ્રાપ્ત કી હૈ.**' એક તો શુદ્ધતા તો છે, પણ કષાયની મંદતાની પણ વિશુદ્ધિ પ્રાપ્તિ કરી છે. લ્યો અહીં વિશુદ્ધિ આવી એઈ..! ઓલો વિશુદ્ધિના ત્રણ ભાગ પાડે છે. કષાય મંદ, વિશુદ્ધિ અને સંક્લેશ. સંક્લેશ, વિશુદ્ધિ અને મંદ કષાય ત્રણ લીધા. અહીં તો વિશુદ્ધિ એને કહી.

'**ઐસે દોનોં પ્રકારકે જીવ શુભાશુભ કર્મકો બાંધતે હૈં,...**' કોણ બે પ્રકારના? પહેલા ૧૧૭માં કીધું એ મિથ્યાદષ્ટિ અશુભને બાંધે ઈ અને અહીં સમ્યગ્દષ્ટિ શુભને બાંધે ઈ. બંધનના પ્રકારના જીવમાં બે એમ કીધા. એક તો જેને જિનવચનની શ્રદ્ધા નથી, રાગની શ્રદ્ધા છે. જિનવચનની શ્રદ્ધા તો વીતરાગભાવની શ્રદ્ધા કરાવે અને સમ્યક્ ગુણસ્થાન ચોથે એ વીતરાગ પરિણામ સમ્યગ્દર્શન છે. રાગ નહિ. આહાહા..! આખો સંસારસમુદ્ર તરી જવો છે એ વાત કાંઈ સાધારણ છે? અંદરનો તાગ લાવીને સંસાર તરી જવો છે. આહાહા..! ચૈતન્યમૂર્તિ અંદર આનંદ અને શુદ્ધતાની મૂર્તિ પ્રભુ, એને પર્યાયમાં એનો તાગ લાવીને, આહાહા..! એનો નમૂનો પર્યાયમાં લાવીને એમ કહેવું છે. આહાહા..! એને જિન આજ્ઞા માની કહેવામાં આવી એમ કહે છે. કહો, શશીભાઈ! ભારે વાતું! આ કૂવામાં નથી પડતા? ઓલા તાગ લાવે નહિ? કૂવો હોય ને ઊભો કોશિયો. કોશ પડે ને કોશ? એય..! એવું જોયેલું ઉમરાળે. નદીને કાંઠે એક મોટો કૂવો છે. સર્પ રહે અંદરમાં. પણ અંદર પડે પાણીમાં ઊભો. આપણે તો જોતા હોં! આપણે પડ્યા નથી એમાં. આપણું કામ નથી કીધું, એ લોકો પડતા જુવાન છોકરાઓ. પડીને છેક હેઠે જઈને તાગ લઈ આવે અંદરથી. બહાર મોઢું કાઢતા વાર લાગે પણ હાથ ઊંચો કરે આમ. જુઓ આ લઈ આવ્યો છેક સુધી (જઈને). એમ આ ચૈતન્યરત્ન લઈ આવે અંદર જઈને. આહાહા..!

શુદ્ધ ચૈતન્યરત્નથી ભરેલો દરિયો પ્રભુ છે, એનો તાગ લાવ તાગ, કહે છે. એ જિનવચનની આજ્ઞા છે. આહાહા..! એની શ્રદ્ધા, જ્ઞાનમાં શાંતિ અને આનંદનો તાગ આવે છે. આહાહા..! આવો માર્ગ અને

આ બધું બહારથી કલ્પીને બેઠા છે. અને બહારમાં વસ્ત્ર... આ ધર્મ જ નહિ, આ વિરોધ છે, આમ છે તેમ છે. દયા, દાન, ભક્તિ, પૂજા એમાં ધર્મ માનતા જ નથી, ધર્મને સમજતા જ નથી એમ લખ્યું છે. ચીમન ચકુ. ઓળખો છો ભાઈ? ચીમનલાલ. એ તમારા કાકાના ભાઈબંધ છે. સેવામાં સાથે છે ત્યાં. ઓલા ઘાસ-બાસમાં. પણ છોટાભાઈનો જીવ ઓલો છે હોં. આમ નરમ કૂણો જીવ છે. સાંભળતા એમ થઈ જાય હાય.. હાય.. અરેરે..! અવતાર ગયા. એળે ગયા એમ બોલે બિચારો હોં. અત્યાર સુધી અવતાર એળે ગયો. કાંઈ કર્યું નહિ અમે સાચું. એટલી પણ અંદર હેલના આવે છે ને અંદર. આહાહા..! બાપુ! આ માર્ગ જુદો ભાઈ! સાંભળવા મળે નહિ, એ સાંભળ્યા પછી એની હા (કે દિ') પાડે કે હા, માર્ગ તો આ છે.

**'ऐसे दोनों प्रकारके...'** છે ને પાઠમાં. **'दुविहपयारं बंधइ'** કોણ બે? મિથ્યાદષ્ટિ. મિથ્યાદષ્ટિ પાપને બાંધે, સમ્યગ્દષ્ટિ પુણ્યને બાંધે. આવી રીતે વાત લીધી છે. આહાહા..! એને સમ્યગ્દર્શનની ભૂમિકામાં જ ઊંચા આ સર્વાર્થસિદ્ધના શું કહેવાય એ? અનુત્તર વિમાન સિવાય હોં! ઓલા .. મિથ્યાદષ્ટિ જાય. એ પાંચ-પાંચ શું કહેવાય એને?

શ્રોતા :- નવ અનુદિશ.

ઉત્તર :- અનુદિશ સિવાય ઓલા અનુત્તર પાંચ અનુત્તર. ત્યાં સમ્યગ્દષ્ટિ જ જાય. એનું આયુષ્ય સમ્યગ્દષ્ટિ જ બાંધે. એ નવમી ગ્રૈવેયક સુધી તો મિથ્યાદષ્ટિ પણ બાંધે. આહાહા..! એવા પુણ્ય તો સમ્યગ્દષ્ટિની ભૂમિકામાં જ બંધાય. એટલે સમ્યગ્દષ્ટિ જ પુણ્યબંધનું કારણ કરનાર છે એમ કહે છે. અને તીર્થંકરગોત્ર પણ એ બાંધે. આહાહા..! એ તો અભ્યુદય આ ગણધર આદિની પદવી પણ એવાને જ હોય એમ કહ્યું છે ધવલમાં. અભ્યુદય એવા બધા. આહાહા..!

**'ऐसे दोनों प्रकारके જીવ...'** એટલે કે પહેલું ૧૧૭માં કહ્યું. જિનવચનથી પરાઙ્મુખ મિથ્યાદષ્ટિ એ અશુભ બાંધે એમ. અશુભને બાંધે. એને ઓલો શુભભાવ આવે એની ગણતરી નથી ગણી. એ અશુભભાવ જ ગણવામાં આવ્યો છે. આહાહા..! અને અહીંયાં અશુભભાવ સમકિતીને આવે છે આર્તધ્યાન, રૌદ્રધ્યાન આદિ, પણ એને ગણતરીમાં ન લીધું. આહાહા..! ભાવશુદ્ધિમાં પણ નહિ. એ ભાવશુદ્ધિનો અર્થ કર્યો છે લ્યો ભાવની વિશુદ્ધિ. છે ને છેલ્લું પદ? ભાવશુદ્ધિ એ ભાવોં સે વિશુદ્ધિ. એમ એનો અર્થ કર્યો છે. શુદ્ધિનો વિશુદ્ધિ કર્યો.

**'ऐसे दोनों प्रकारके જીવ...' 'જિનવચનસે પરાઙ્મુખ મિથ્યાત્વ સહિત જીવ હૈ,...'** એ પાપને બાંધે. અને જિનવચનથી સન્મુખ-પરાઙ્મુખથી વિપરીત એ પુણ્યને બાંધે. અહીં શબ્દાવલી વાત લીધી છે. ત્યારે અહીંયા .. સમ્યગ્દષ્ટિ બાંધે છે પુણ્યને. એય..! એને બંધન-આસ્રવ નથી કહ્યું... સ્વભાવની અપેક્ષાની દૃષ્ટિનું જે .. છે એટલું બંધન નથી. અહીં તો કહ્યું, સમકિતી જ પુણ્યબંધનું કારણ એમ કીધું અહીં. આહાહા..! એને જ શુભભાવ ભક્તિનો આદિ (આવે) કીધું ને માથે? પરમેષ્ઠીની

ભક્તિ, જીવ ઉપર દયા, મંદ કષાય, શુભ લેશ્યાપરિણામ એ આવે એને. આવે છે ઈ શું છે? બંધનું કારણ છે. બંધનું કારણ છે એ સુખ છે કે દુઃખ? સુખ હોય? આહાહા..! પંચ પરમેષ્ઠીની ભક્તિ લીધી. હવે એ પુણ્યબંધ કહ્યું. એ સમકિતી જ બાંધે એમ કહે છે પાછુ અહીં. આહાહા..! ગજબ વાત છે. વીતરાગની શૈલી સંતોની ગજબ વાત છે. મેળ ખાતી વાત છે, મેળ ખાતી વાત. ગજબ વાત! ઓહોહો..! કહો, સમ્યગ્દષ્ટિને જ પુણ્યબંધનું કારણ કહ્યું. ભાઈ! એને બંધન કરનારું નહિ એ શૈલી નથી લીધી અહીં. આહાહા..! સમ્યગ્દષ્ટિ જ પુણ્યબંધનું કારણ કરનારો છે. જુઓને કેવી વાત છે! આહાહા..! આ તકરાર લે છે ને બધા આડાઅવળા કરીને. મફતના બાપુ! સમજ્યા વિના, ભાઈ! આહાહા..! ઓલાએ વળી એ જવાબ આપ્યો કે સમ્યગ્દષ્ટિને સુખ હોય કે નહિ? નહિ, એને દુઃખ જ હોય. રતનલાલજીએ એમ જવાબ આપ્યો. એકલું દુઃખ જ હોય. ત્યારે ઓલો દીપચંદજી શેઠિયા કહે, સમકિતીને એકલું સુખ જ હોય, દુઃખ જરીએ ન હોય.

શ્રોતા :- બેય સામાસામા આવ્યા.

ઉત્તર :- બેય સામાસામા આવ્યા. હવે બેય છોડે નહિ આગ્રહ. અહીં તો સમકિતીને પુણ્યબંધનું કારણ કરનારો કહ્યો. અબંધ નહિ અહીં. છે તો અબંધ સ્વભાવ એનો જેટલો પ્રગટ્યો એટલો. પણ એને અહીં બંધના પ્રકારમાં નાખવા છે તો અશુભનો બાંધનારો મિથ્યાદષ્ટિ, શુભનો બાંધનારો સમ્યગ્દષ્ટિ (એમ કહ્યું). આહાહા..! કારણ કે એને શુભનું પુણ્ય બંધાશે એનો અંત આવી જશે અને આને અશુભનો બંધ થશે એનો અંત આવવાનો ક્યાંય નથી. આહાહા..! સમજાણું કાંઈ? માણસને અંતર વસ્તુ જાણ્યા વિના એમ ને એમ અનુમાન કરીને બેસે કે આને આમ છે ને તેમ છે ને ફલાણું છે. એમ ચાલે?

જેને આત્માની શાંતિ જણાણી છે એને અશાંતિનું દુઃખ લાગ્યા વિના રહે જ નહિ અંદર. આહાહા..! આત્મા શાંત નિર્મળ વીતરાગમૂર્તિ છે એવી દષ્ટિ જેને થઈ એને જેટલો રાગ છે આ શુભ આદિનો એને દુઃખ લાગ્યા વિના રહે નહિ. કારણ કે એ આકુળતા છે. આહાહા..! પણ અહીં એને પુણ્યબંધના ઓલામાં પ્રધાનપણું પુણ્યબંધન છે ને એને. સમકિતી પુણ્યબંધમાં નાખ્યું. ગોમ્મટસારમાં એ નાખ્યું. લ્યો! આ તો અહીં નાખ્યું. ગોમ્મટસાર તો પછી થયું છે ને. પણ આ તો વ્યવહારના ગ્રંથમાં એ નાખ્યું છે. મિથ્યાદષ્ટિ પાપી છે અને સમ્યગ્દષ્ટિ પુણ્યવંત છે લ્યો! મોક્ષમાર્ગમાં આવે છે, મોક્ષમાર્ગપ્રકાશક. ત્યાં પણ આવે છે. જેની વિપરીત દષ્ટિ છે એ બધાના ભાવ શુભ હોય કોઈ તોપણ એને અશુભમાં જ ગણવામાં આવ્યા છે. કારણ કે એનો સરવાળો અશુભ જ છે. અને મૂળ અશુભ જે મિથ્યાત્વ એ તો પડ્યું છે, એમ. આહાહા..! અને સમ્યગ્દષ્ટિને એના અશુભભાવ આવે પણ એનો સરવાળો શુભમાં જ જાય છે. આયુષ્ય પણ એમાં બંધાય. આહાહા..! ભવિષ્યનો કાળ રહેશે એ શુભના ફળમાં રહેશે એમ કહે છે. જુઓને ભાષા! ભવિષ્યમાં રહેશે એ શુભના ફળમાં રહેશે એને પછી અંત આવી જશે એનો, કેવળ પામશે. આહાહા..! સમજાણું કાંઈ?

**'यह संक्षेपसे जिनभगवानने कहा है.' 'बंधइ संखेपेणेव वज्जरियं' 'वज्जरियं'** એટલે કહ્યું. કથિતં. ભગવાનના મુખમાંથી વાણીમાં આ આવ્યું. આહાહા..! જિનેશ્વરદેવે પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર એણે સંક્ષેપમાં આ પ્રકારે પાપબંધન કરનાર અને પુણ્યબંધન કરનારના બે પ્રકાર વર્ણવ્યા. આહાહા..! કહો, કલ્યાણભાઈ! આહાહા..! આવી વાત છે. વીતરાગમાર્ગમાં જન્મ્યા એને હજી વીતરાગમાર્ગ શું કહે છે એની ખબર ન મળે. આહાહા..! અને કહેવા જાય તો (એમ કહે), એકલો નિશ્ચય એકાંત છે. અરે..! ભાઈ! સાંભળને. આ શું કર્યું સાથે? નિશ્ચય એકાંત છે એની સાથે શુભભાવાળા જીવને અહીં પુણ્યવંત કહ્યો. વ્યવહારમાં કીધું. પણ આવો વ્યવહાર એને. આહાહા..! એને એવા આયુષ્ય બંધાશે અને પ્રકૃતિ તીર્થંકરાદિની બંધાશે કે જે શુભના ફળમાં શુભની ગતિમાં જશે. અશુભ ભાવ આવશે (પણ) એનું ફળ એને અશુભગતિમાં જશે એ નહિ આવે. આહાહા..!

શ્રોતા :- આયુષ્ય બાંધે.

ઉત્તર :- હા, આયુષ્ય બાંધે તો ભવિષ્યમાં એને આયુષ્ય શુભના ફળનું રહેશે. આહાહા..! આહાહા..! જેને દૃષ્ટિ નિર્મળ થઈ છે, જેની વીતરાગ પર્યાયપણે આત્મા પરિણમ્યો છે. અરે..! કહે છે ભલે ચોથે હો, પણ એના શુભભાવમાં એને પુણ્ય બંધાઈને ભવિષ્યમાં રહેવાનું આયુષ્ય તો એને શુભના આયુષ્યમાં રહેશે. આહાહા..! ઓલો ભલે દેવમાં રહેશે કદાચિત્ મિથ્યાદૃષ્ટિ, પણ એ કલુષિત પરિણામમાં રહીને પાછો ત્યાંથી મરીને ઢોર ને નરકમાં જાશે. આહાહા..! સમજાણું કાંઈ?

અને જિન આજ્ઞાના પણ બે પ્રકાર અને એના બંધનના પણ બે પ્રકાર. એક વ્યવહાર જિન આજ્ઞા કે આ વ્રત, તપ આદિ જે સમકિતરહિત પણ વીતરાગે કહેલા, વ્રત, તપ આદિ પાળે, તો વ્યવહારે જિન આજ્ઞા કીધી એને. પણ એને પણ અહીં પાપનો બંધન કરનારો કહ્યો. સમજાણું? વ્યવહારે જિનની આજ્ઞા પ્રમાણે પાળે છે આ વ્રત, તપ, સંયમ આદિ. મિથ્યાદૃષ્ટિની આજ્ઞા પાળે એ વળી જુદું. એ તો બહુ હલકું સાધારણ પાપ. પણ આવો જે હોય એને અહીંયાં તો પાપમાં નાખ્યો. આહાહા..! અને સમ્યગ્દૃષ્ટિ જીવ આહાહા..! એને અશુભભાવ આવે, સ્ત્રીના વિષયની વાત, લડાઈની વાતમાં આહાહા..! છતાં કહે છે કે એને ભવિષ્યમાં રહેવું છે ને એક ભવમાં, એ ભવ તો એને શુભમાં બંધાશે. આહાહા..! ત્યાં આગળ રહેશે. બહારના અનુકૂળના સાધનમાં એ રહેવાનો છે. કહો, બાબુભાઈ! આવી વાત છે. ત્યારે ઓલા એમ કહે, અરે..! તડકે રહેવા કરતા છાંયો સારો. આવે છે ને બે ઠેકાણે? અવ્રતમાં રહેવા કરતા વ્રતમાં (રહેવું) સારું. પણ કોને વ્રત હોય? સમ્યગ્દર્શન એકલું એને વ્રત હોય? સમ્યગ્દર્શન ઉપરાંત જેને શાંતિ બીજા કષાયના અભાવમાં પણ પ્રગટી છે એને વ્રત હોય એમ. એટલે એને અવ્રતમાં રહેવા કરતા વ્રતમાં ઠીક એ તો આ અપેક્ષાએ કીધું. આહાહા..! કેટલી અપેક્ષાઓ પણ, ચારે કોર સંધિ મેળવાળી.

**'यह संक्षेपसे जिनभगवानने कहा है.'** છે ને પાઠમાં? **'वज्जरियं' 'संखेपेणेव वज्जरियं'**

એટલે સંક્ષેપથી ભગવાન જિનદેવ પરમેશ્વરે બે પ્રકારના બંધન કરનારા જીવનું વર્ણન ભગવાને કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો અન્યમતમાં રહેલા જીવો એના કોઈ શુભભાવ કરે તોપણ એને પાપી ગણવામાં આવ્યા. અરે..! જૈન દિગંબર મતમાં રહેલા બહાર વ્યવહારે સંપ્રદાયમાં, પણ જેને દૃષ્ટિનું ભાન નથી... આહાહા..! એના વ્રત, નિયમના પરિણામને પણ પાપમાં નાખ્યા. એમ થયું કે નહિ? આહાહા..! આવે છે ને સાતમામાં? જિન આજ્ઞા માને છે છતાં મિથ્યાત્વનો અંશ રહી જાય છે. જિન આજ્ઞા એટલે બહારથી માને એ. અંતરની આજ્ઞા જે દૃષ્ટિ છે એની ખબર નથી. ત્યાં કહ્યું છે એણે. ભાઈ! જિન આજ્ઞા માને. એ આજ્ઞા એટલે વ્યવહારે એમ માને છે. પરમાર્થે જે વીતરાગપણાની શ્રદ્ધા એ ક્યાં છે એને? જિન આજ્ઞા માને છતાં એકાંતિક દૃષ્ટિ રહી જાય છે, મિથ્યાત્વભાવ. એને પણ અહીં તો મિથ્યાદૃષ્ટિવાળા જીવને શુભભાવ હોય તોપણ એની ગણતરી ન ગણીને પાપીમાં નાખ્યો. આહાહા..! યોગસારમાં કહ્યું ને. 'પાપ પાપને તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યને પાપ કહે.' આહાહા..! આ તો વીતરાગ માર્ગના બધા ભાવો છે આ જાતના.

'**ભાવાર્થ :- પહિલે કહા થા કિ જિનવચનસે પરાઙ્મુખ મિથ્યાત્વ સહિત જીવ હૈ,...** ' ૧૧૭. '**ઉસસે વિપરીત જિન આજ્ઞાકા શ્રદ્ધાની સમ્યગ્દૃષ્ટિ...**' હવે ત્યાં જિન આજ્ઞા માને છે એમ કીધું છતાં મિથ્યાદૃષ્ટિ લીધો ભાઈ. સાતમા અધ્યાયમાં, નહિ? આ નહિ. આહાહા..! પહેલી શરૂઆતમાં લીધું છે ને સાતમામાં. આહાહા..! વાંચ્યું છે કે નહિ ચંદુભાઈ મોક્ષમાર્ગપ્રકાશક? વાંચ્યું જ હોય ને. કેમ આવ્યું નથી તમારે? આહાહા..! '**ઉસસે વિપરીત જિન આજ્ઞાકા શ્રદ્ધાની સમ્યગ્દૃષ્ટિ જીવ...**' આપણે મેળ કરવો જોઈશે ને? ત્યાં કીધું જિન આજ્ઞા માને છતાં મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં ઓલાપણે કહ્યું, જિનઆજ્ઞા પ્રમાણે પાળે તોપણ મિથ્યાદૃષ્ટિ. એ પરમાર્થે જિન આજ્ઞાનો જે વીતરાગભાવ છે એ માનતો નથી. સમજાણું કાંઈ? જિનઆજ્ઞા તો ખરેખર તો વીતરાગભાવની છે. આહાહા..! શું થાય પણ? માણસને નીચેથી આઘું ખસવું નથી. અને આ નીચેનું કરીએ ને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન કરતા કરતા થઈ જશે. રતિભાઈ! ... થઈ જશે હળવે હળવે. બહુ કડક લાગે છે માણસને.

અહીં તો દૃષ્ટિના જોરની ઉપરની વાત છે. જેની દૃષ્ટિ વિપરીત છે વીતરાગમાર્ગથી, એ ભલે શુભ હોય પણ એ બધો પાપી પ્રાણી છે. આહાહા..! અને સમ્યગ્દૃષ્ટિને અશુભભાવ આવે છતાં એની મુખ્યતા ન ગણતા શુભની જ મુખ્યતા ગણીને પુણ્યવંત ગણવામાં આવ્યો છે. આહાહા..! એ પુણ્યમાં રહેવાનો છે હવે એ. આહાહા..!

'**જીવ વિશુદ્ધભાવકો પ્રાપ્ત હોકર...** ' લ્યો ત્યાં વિશુદ્ધિ લીધી ને. શુદ્ધિ. '**પ્રાપ્ત હોકર શુભકર્મકો બાંધતા હૈ,...**' ત્યાં વિશુદ્ધિનો અર્થ એ કર્યો છે. '**શુભકર્મકો બાંધતા હૈ.**' એ જ વિશુદ્ધભાવને પ્રાપ્ત થાય એમ કહે છે. આહાહા..! '**ક્યોંકિ ઈસકે સમ્યક્ત્વકે માહાત્મ્યસે ઐસે ઉજ્જ્વલ ભાવ હૈં જિનસે મિથ્યાત્વકે સાથ બંધનેવાલી પાપપ્રકૃતિયોંકા અભાવ હૈ.** ' ૪૭

પ્રકૃતિનું તો બંધન છે જ નહિ. આહાહા..! '**કુછ તીવ્ર પાપફલકા દાતા નહીં હોતા.**' લ્યો! '**કદાચિત્ કિંચિત્ કોઈ પાપપ્રકૃતિ બંધતી હૈ તો ઉસકા અનુભાગ મંદ હોતા હૈ,...**' અનુભાગ-રસ ઘણો ઓછો છે. '**કુછ તીવ્ર પાપફલકા દાતા નહીં હોતા.**' આહાહા..! એને દુર્ગતિ ન જાવું પડે. આહાહા..! વળી ઓલામાં એમ કહ્યું છે ભાઈ! સમકિતી દુર્ગતિમાં જાય તોપણ એ કર્મને ખપાવે. એ બીજી અપેક્ષા છે. યોગસાર. એ તો બંધાઈ ગઈ છે અને હવે જાય તો ત્યાં એ છૂટી જશે. આહાહા..!

'**ઈસલિયે સમ્યગ્દૃષ્ટિ શુભકર્મ હી કો બાંધનેવાલા હૈ.**' ભાષા દેખો! આહાહા..! '**સમ્યગ્દૃષ્ટિ શુભકર્મ હી કો બાંધનેવાલા હૈ.**' શુભકર્મને જ બાંધવાવાળો છે. ઓલી કોર કહે કે સમ્યગ્દૃષ્ટિ આસ્રવ અને બંધ વિનાનો છે. અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિ શુભકર્મનો જ બાંધનારો છે. કઈ અપેક્ષા છે ને. વીતરાગની વાણી કેવી વાત છે! આહાહા..! '**ઈસપ્રકાર શુભ-અશુભ કર્મકિ બંધનકા સંક્ષેપસે વિધાન સર્વજ્ઞદેવને કહા હૈ,...**' સર્વજ્ઞ પરમેશ્વરે આ કહ્યું છે લ્યો! આહાહા..! '**વહ જાનના ચાહિયે.**' ભગવાને આમ કહ્યું છે એ જાણવું જોઈએ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ ૧૪, સોમવાર તા. ૦૩-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૧૯, પ્રવચન - ૧૬૪**

૧૧૯ ગાથા છે. '**આગે કહતે હૈં કિ હે મુને! તું ઐસી ભાવના કર :—**' સમ્યગ્દર્શન થયા પછી મુનિ થાય તેને મુખ્યપણે આ ઉપદેશ છે. નિર્મળભાવ થવાને કારણે એને પૂર્ણતા પ્રાપ્તિ ગુણની થાય એની આ વિચારણા ચાલે છે.

**णाणावरणादीहिं य अट्ठहिं कम्मेहिं वेढिओ य अहं।**
**डहिऊण इण्हिं पयडमि अणंतणाणाइगुणचित्त्तां।।११९।।**

'**અર્થ :- હે મુનિવર! તૂ ઐસી ભાવના કર કિ મૈં જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંસે વેષ્ઠિત હૂં,...**' લ્યો, એક બાજુ એમ કહે કે આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. એ દૃષ્ટિની અપેક્ષાની વાત છે. આ પર્યાયની (છે). સમજાય છે કાંઈ? વસ્તુ પોતે કર્મ ને રાગના બંધનરહિત છે એ વસ્તુની દૃષ્ટિની અપેક્ષાએ છે. હવે એ વસ્તુદૃષ્ટિ થઈ છતાં નિર્મળતા કરવા માટે એ બાકી જે આઠ કર્મ છે, એનો મને વ્યવહાર સંબંધ છે એમ એણે જાણવું જોઈએ એમ કહે છે. એક બાજુ કહે, આત્મા અબદ્ધસ્પૃષ્ટ, કર્મથી બંધાયેલો અને સ્પર્શાયેલો નથી. એ દ્રવ્યદૃષ્ટિ, વસ્તુદૃષ્ટિની અપેક્ષાએ વાત છે. પણ પર્યાયમાં જ્યાં સુધી પૂર્ણ નિર્મળતા નથી, ત્યાં સુધી કર્મના-આઠ કર્મના નિમિત્તના સંબંધમાં પર્યાય છે. કર્મના

નિમિત્તના સંબંધમાં પર્યાય છે, દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? '**તૂ ઐસી ભાવના કર...**' માણસને એવું લાગે કે આ શું? એક બાજુ આવું કહે, એક બાજુ આવું કહે. પણ અત્યારે પર્યાયનયની અપેક્ષાએ વાત ચાલે છે. ઓલા જુગલકિશોર કહેતા હતા ને, પંદરમી ગાથાના વાંધામાં. કે આ પણ છે, આ બંધ-બંધ છે ને. અબંધ-અબંધ પણ એ અબંધ છે એ તો દૃષ્ટિ અને દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ કહ્યું. પર્યાય અપેક્ષાએ કર્મનો સંબંધ છે એમ એણે જાણવું જોઈએ. સમજાણું કાંઈ?

શ્રોતા :- જૈનશાસન છે ને.

ઉત્તર :- જૈનશાસન આ કીધું. જૈનશાસન પર્યાય છે શુદ્ધ ઉપયોગ વીતરાગભાવ. પણ એ તો દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ-વસ્તુની અપેક્ષાએ અને એનો વિષય કરનાર દૃષ્ટિ એની અપેક્ષાએ તો એ આત્મા અબદ્ધ અને અસ્પૃષ્ટ જ છે. પણ એક વાર પર્યાયને જાણનારી દૃષ્ટિ રહી જાય છે ને. કહો, એક બાજુ આત્મા સમ્યગ્દૃષ્ટિ જીવ આસ્રવ ને બંધને કરતો જ નથી. કઈ અપેક્ષાએ? દૃષ્ટિ અને સ્વભાવની અપેક્ષાની વાત છે. લાલચંદભાઈ! બહુ ઝીણી વાતું આ.

અરે..! જન્મ-જરા-મરણમાં દુઃખી છે એ ચોર્યાસીના અવતારમાં. ક્યાંય એને શાંતિ, સુખ છે નહિ. શાંતિ ને સુખનું ધામ તો પ્રભુ છે. આહાહા..! ત્યાં દૃષ્ટિ કરે, ત્યાં લીનતા કરે તો ત્યાં શાંતિ ને સુખ મળે. એટલું હોવા છતાં પૂર્ણ શાંતિ ને પૂર્ણ સુખ જ્યાં નથી (ત્યાં) એને પર્યાયમાં આઠ કર્મના સંબંધનું દુઃખ છે. સમજાણું કાંઈ? અહીં તો કીધું ને જુઓ. '**अहं**' એમ શબ્દ વાપર્યો છે. '**मैं ज्ञानावरणादि आठ कर्मोंसे वेष्ठित हूं,...**' ૧૪-૧૫માં કહ્યું કે હું કર્મના બંધના સંબંધરહિત છું. કહો, સમજાણું કાંઈ?

શ્રોતા :- એ પણ હું કીધું.

ઉત્તર :- એ પણ હું કીધું. પણ કઈ અપેક્ષાએ હું કહ્યું? ત્રિકાળ વસ્તુ જે શુદ્ધ છે એનું પર્યાયમાં ભાન થયું, એ ભાનવાળો એમ કહે છે કે હું તો ત્રિકાળ અબદ્ધસ્પૃષ્ટ છું. આહાહા..! વળી એ જ ભાનવાળો પર્યાયને જોતાં કહે છે કે, આહાહા..! કહો, ચેતનજી! આવી વાત કરવી એને. બે નયનો મેળ રાખવો જોઈએ ને. બીજી નયનો વિષય નથી? કર્મનો સંબંધ છે પર્યાયમાં એ વ્યવહારનયનો વિષય છે, પણ એ વ્યવહારનયને આશ્રયે ધર્મ નથી. ધર્મ નથી, માટે વિષય એનો (વ્યવહારનયનો)નથી એમ નહિ. આહાહા..!

શ્રોતા :- વ્યવહારનય છે...

ઉત્તર :- વ્યવહાર પણ છે કે નહિ?

શ્રોતા :- વ્યવહારથી કહો, ઉપચારથી કહો.

ઉત્તર :- ઉપચારથી એટલે? વ્યવહારથી કહો કે ઉપચારથી છે. છે કે નહિ? નથી ત્યારે? છે ને ઉપચાર. કર્મના નિમિત્તનો સંબંધ પર્યાય સાથે છે કે નહિ? વ્યવહાર છે એક જાતનો, એ છે કે નહિ?

છે. કેવી શૈલી છે જુઓને! આહાહા..! અહીં તો મુનિ થયો છે ભાવલિંગી, સમ્યગ્દૃષ્ટિ છે, અબદ્ધસ્પૃષ્ટ તો એ ધ્યેય તો પડ્યું જ છે. એ તો ચાલે જ છે. આહાહા..! અહીં તો પર્યાયમાં જે કચાશ છે અને એ પર્યાયને કર્મના નિમિત્ત સાથે સંબંધ છે એ જ વ્યવહાર છે. પણ છે ને.

શ્રોતા :- એનો અભાવ કરવો છે.

ઉત્તર :- છે એનો અભાવ કરવો કે ન હોય એનો? ભારે વાત ભાઈ!

શ્રોતા :- ...

ઉત્તર :- .. ક્યાં છે? કર્મનો સંબંધ છે એટલો પર્યાયમાં વિકાર અને અલ્પતા છે કે નહિ? કર્મના નિમિત્તના સંબંધમાં એની અલ્પતા અને વિપરીતતાનો ભાવ છે કે નહિ? એ જ પર્યાયને જોવે છે એમ કહે છે. જ્ઞાન એને જોવે છે. કર્મના નિમિત્તના સંબંધમાં જ્ઞાન, દર્શન, વીર્યની હીનતા અને રાગાદિની ચારિત્રમાં વિપરીતતા. લ્યો. આહાહા..! આ વીતરાગ માર્ગ તો કણે કણે વિવેક બતાવે છે. એમ જ માની લે કે હું અબદ્ધસ્પૃષ્ટ છું સર્વથા, પર્યાયમાં પણ અબદ્ધસ્પૃષ્ટ થઈ ગયો-એમ નથી એ કહે છે. પર્યાયમાં અબદ્ધસ્પૃષ્ટ નથી થઈ ગયો હજી. દૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્યસ્વભાવે અબદ્ધસ્પૃષ્ટ થયો. આહાહા..! જુઓને વીતરાગનો ધર્મ!

ભાઈ! તારે શુદ્ધતા પૂર્ણ કરવી છે, શુદ્ધતા પૂર્ણ કરવી છે. અને પૂર્ણ શુદ્ધતા નથી ત્યાં અશુદ્ધતા છે અને અશુદ્ધતા છે તે કર્મના સંબંધમાં અશુદ્ધતા છે. કર્મ તો જડ છે. એને લઈને નહિ પણ એના સંબંધને લઈને, એમ. એનું લક્ષ કર્યું છે ને એટલું. એટલો પર્યાયમાં બદ્ધસ્પૃષ્ટભાવ, અશુદ્ધભાવ, દુઃખરૂપભાવ, વિપરીત રાગરૂપભાવ છે. આહાહા..! લ્યો! કુંદકુંદાચાર્ય કહે છે. ત્યાં કહે કે અબદ્ધસ્પૃષ્ટ તે જૈનશાસન છે. એ કુંદકુંદાચાર્ય અહીં કહે કે પર્યાયમાં અશુદ્ધતા અને અપૂર્ણતા છે. અશુદ્ધતા એટલે વિપરીતતા. અપૂર્ણતા એટલે જ્ઞાન, દર્શન અને વીર્યની અપૂર્ણતા. આહાહા..! આવો માર્ગ વીતરાગ સિવાય (ક્યાંય નથી). કણે કણનો વિવેક. આહાહા..!

ભાઈ! તને દૃષ્ટિમાં તો સ્વભાવની અપેક્ષાએ તો અબદ્ધસ્પૃષ્ટનો તો અનુભવ થયો, પણ હવે અનુભવમાં પર્યાયની પૂર્ણતા છે? એની આ વાત કરે છે. સમજાણું કાંઈ? આ વસ્તુ પૂર્ણ છે, વસ્તુ પૂર્ણ છે એની દૃષ્ટિ થઈ, પણ પર્યાય પૂર્ણ છે? એમ કહે છે. આહાહા..! આ બધું સમજવું અને આ બધું... લ્યો! લાલચંદભાઈ! આ શેઠિયાઓને વખત મળે નહિ ધંધા આડે. પણ (વખત) દેવો પડશે ને એને. આહાહા..!

દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ શું છે અને પર્યાયના ભાવની અપેક્ષાએ શું છે એનું બરાબર એને જ્ઞાન હોવું જોઈએ. જો પર્યાયમાં અશુદ્ધતા ન હોય તો શુદ્ધતા કરવા માટે પ્રયત્ન એને ન હોય. અશુદ્ધતા બિલકુલ ન હોય તો સ્વભાવ સન્મુખ થવાનો પ્રયત્ન ન હોય. સ્વભાવ ભલે અબદ્ધસ્પૃષ્ટ છે, પણ એના તરફનો પ્રયત્ન જે છે એ અશુદ્ધતાને ટાળવાનો છે. આહાહા..! સમજાણું કાંઈ? આ જ વાંધા ને.

શાસ્ત્રમાં એવા આવે જ્યાં કળશો ઘણાં. સમકિતીને આસ્રવ, બંધ નથી, સમકિતીને દુઃખ નથી, એ તો સુખને જ વેદે છે. ભાઈ! કઈ અપેક્ષાએ? એ કઈ અપેક્ષાએ? આહાહા..! દ્રવ્યના સ્વભાવ એની ... દૃષ્ટિનો વિષય ત્રિકાળ ધ્રુવ છે એટલે એના વિષયની દૃષ્ટિ રાગને સ્વીકારતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? પણ જ્ઞાનની પર્યાયને જોનારી, જ્ઞાનનો નય પર્યાય જે છે... આહાહા..! મારામાં અશુદ્ધતા છે. હું અહં. અહીં વધારે .. હું અબદ્ધ છું. આહાહા..! એકાંત તાણે તો તત્ત્વનો લોપ થઈ જાય. પર્યાયમાં અશુદ્ધતા નથી એમ જે માને તો તો થઈ રહ્યું. શુદ્ધતા પૂર્ણ થઈ ગઈ છે?

આ તો દ્રવ્યના સ્વભાવનું ભાન થયા પછી પણ, વસ્તુ શુદ્ધ પૂર્ણ છે પણ પર્યાયમાં (પૂર્ણ) શુદ્ધતા નથી માટે હે મુનિ! આહાહા..! કુંદકુંદાચાર્ય કહે છે લ્યો! **'હે મુનિવર!'** વળી મુનિવર. પહેલેથી ચાલ્યું આવે છે ને સંબોધન. સંબોધન ચાલ્યું આવે છે ને. **'वेढिओ य अहं'** એને કહે છે ને. તું આમ વિચાર એમ કહે છે ને. ત્યારે કોને? કે મુનિવરને, એમ. **'मैं જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંસે વેષ્ઠિત હૂં,...'** ... આહાહા..! અને એકાંત પર્યાયમાં પણ આઠ કર્મનો સંબંધ નથી એમ માને તો એ અજ્ઞાની છે. આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ અકષાયકરણ... અકષાયકરણ હોં! કુંદકુંદાચાર્ય તો પોતે મુનિ છે ને, વિકલ્પ આવ્યો છે એને .... એ પોતે પણ એમ કહે છે કે મને પર્યાયમાં અશુદ્ધતા, અલ્પતા, અશુદ્ધતા ચારિત્રગુણની, અલ્પતા જ્ઞાન-દર્શન-વીર્યની એવું પર્યાયમાં છે તો હું પણ મારા આત્માને આઠ કર્મથી વેષ્ઠિત છું એમ હું જાણું છું. આહાહા..! મુનિવરને કહે છે (તો) પોતે મુનિ છે કે નહિ?

**'ઈસલિયે ઈનકો ભસ્મ કરકે...'** લ્યો! આઠ કર્મ અને આઠ કર્મના સંબંધે થતી અશુદ્ધતા એનો નાશ કરવા માટે. આહાહા..! **'ઉન કર્મોંકે નાશ કરને કા વિચાર કરે.'** **'વેષ્ઠિત હૂં, ઈસલિયે ઈનકો ભસ્મ કરકે...'** એ આઠ કર્મ અને નિમિત્તથી થતી અશુદ્ધતા અને અલ્પજ્ઞતા એનો નાશ કરીને. આહાહા..! આમ તો રાગનો નાશ કરવું એ આત્મામાં નથી એમ કહ્યું ત્યાં તો. રાગનો નાશકર્તા કહેવો આત્માને એ ઉપચારથી છે. આહાહા..! કારણ કે જ્ઞાન તો જ્ઞાનરૂપે જ રહ્યું છે, એ કાંઈ રાગરૂપે થયું નથી. આહાહા..! એ વસ્તુના સ્વભાવની અપેક્ષાએ કીધું. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.' આવે છે ને શ્રીમદ્‌માં? 'ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન એહ.' આ તો હિત કરવું છે ભાઈ! આ કાંઈ વાતું કરીને દુનિયાને બતાવવું છે એમ નથી. આહાહા..!

કહે છે કે એ અશુદ્ધતા મને છે. કર્મનું-આઠ કર્મનું વિંટાવાપણું મને છે. આહાહા..! ત્યાં પણ એમ કહ્યું ને પહેલું નહિ? અમૃતચંદ્રાચાર્યે. દ્રવ્યદૃષ્ટિએ તો હું શુદ્ધ પૂર્ણ છું. આહાહા..! પર્યાયમાં મને અનાદિની કલુષિતતા વર્તે છે. અનાદિની એટલે જે કલુષિતતા છે એ અનાદિની છે. કોઈ દિ' કલુષિતતા પર્યાયમાંથી ગઈ છે અને (પછી) નવી થઈ છે એમ છે? આહાહા..! મને અંદર કલુષિતતા છે. અરે..! મુનિને કલુષિતતા! એ શુભભાવના પંચ મહાવ્રતાદિના પરિણામ એ કલુષિતતા છે. આહાહા..!

પર્યાયને આમ જોનારા. આહાહા..! પર્યાયને જોવી જ નહિ...

શ્રોતા :- ...

ઉત્તર :- પર્યાયનો આશ્રય લેવો નહિ. પર્યાયમાં ઊભા રહેવું નહિ. આવો માર્ગ ભારે ભાઈ! કહો, હરિચંદભાઈ! આવું હતું ત્યાં ખસમાં? ત્યાં હતા ને. કોઈના .. ન રહે અહીં. ત્યારે કહે છે કે એ હાથીને એક મચ્છર પણ ગણગણાવીને ઊભો રાખે. કહ્યું હતું ને ભાઈ હરિચંદભાઈ. .. ઘણા વર્ષ હોં. તે દિ' તપસી હતા ત્યાં. કાગડો બેઠેલો... ઉઘાડો પાણીના ઓલા હોયને મહેમાન માટે પાણીના ગોળા. એ કાગડો પીતો હતો. તપસી! આ કાગડો છે. હા! પણ શું કરવા કહીએ છીએ? તે દિ'ની વાત છે. ડેલો હતો કાઠીનો કો'કનો. વ્યાખ્યાનમાં આવતા હતા. પણ શું આ? આ મહેમાન માટે પાણી ભરેલું છે. ... પણ શા માટે કહીએ? એમ, અહીં મલિનતા છે? કહે, હા. શા માટે? પુરુષાર્થ કરીને નાશ કરવા માટે. એ કહે છે ને અહીંયાં. સમજાણું કાંઈ? અશુદ્ધતા છે એટલું જાણવા ખાતર નહિ. જુઓને.

**'डहिऊण इण्हिं'** નાશ કરીને. આહાહા..! છે? આ શું અશુદ્ધતા? અશુદ્ધતા છે એટલો પક્ષ કરીને ઊભા રહેવું એ માટે નથી. અશુદ્ધતા છે માટે સ્વભાવનો આશ્રય કરીને તેને ટાળવા (કહ્યું છે). આહાહા..! સમજાણું કાંઈ? એક ન્યાય ફરે તો આખી ચીજ ફરી જાય છે. એમ નહિ. એકાંત એકાંત શુદ્ધ જ છે... શુદ્ધ જ છે... શુદ્ધ જ છે... એ તો વસ્તુની અપેક્ષાએ છે. પર્યાયની અપેક્ષાએ તો કહે છે ને મૈં.. આહાહા..! **'अहं' 'જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંસે વેષ્ઠિત હૂં,...'** વીંટાયેલો છું. આહાહા..! મૂળ તો ભાવકર્મ છે. ભાવકર્મની અશુદ્ધતાથી ઘેરાયેલો છું પર્યાયમાં. આહાહા..! **'ઇનકો ભસ્મ કરકે...'** આ કારણ છે કહે છે. એ જાણ્યું છે કે મારામાં અશુદ્ધતા આદિ છે. એ જાણીને નાશ કરવા માટે છે. ત્યારે કહે, જ્ઞાનીને નાશ કરવા માટે છે? નથી. પણ નાશ કર્યો નથી ત્યાં સુધી છે કે નહિ? અને જેટલે અંશે નાશ કરે છે એટલે અંશે નથી. પણ નાશ નથી કર્યો એટલે અંશે તો છે. આહાહા..!

શ્રોતા :- ..

ઉત્તર :- .. કહ્યું એ તો દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું. પણ જ્ઞાનની પર્યાય જોવે એની અપેક્ષાએ? .. વસ્તુની દૃષ્ટિની અપેક્ષાએ છે. આ અંતર ગયો એટલે રાગથી ભિન્ન પડી ગયો એટલું. પણ પર્યાયમાં છે એ ક્યાં જુદી પર્યાયથી રાગ જુદો છે? એ તો દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ નિર્મળ પર્યાયથી રાગ જુદો. એ તો સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ છે. આહાહા..! પણ પર્યાયની અપેક્ષાએ તો રાગ અભેદપણે છે. આહાહા..! આ તે વીતરાગની વાણી! છે ને? છેલ્લા કળશમાં છે. આ તો ભાઈ! ધર્મની વાતું છે. સાધારણ વાતમાં બેસી જાય ને એકાંતમાં ગૂંચાઈ જાય એમ નથી. અનેકાંતનો માર્ગ છે.

**'ઇસલિયે ઇનકો ભસ્મ કરકે અનંતજ્ઞાનાદિ ગુણ જિનસ્વરૂપ ચેનતાકો પ્રગટ કરું.'** દેખો! **'अणंतणाणाइगुणचित्तां'** આ હેતુએ જાણવું જોઈએ. અનંત જ્ઞાનાદિ ગુણ એટલે .. અનંત જ્ઞાન ... .... પૂર્ણ ચેતના. પૂર્ણ ચેતના ... પ્રગટ જ્ઞાની. ... પ્રગટ છે. મુનિને પણ ક્ષાયિક સમકિત જીવ ... એના

સ્થાને અનંત જ્ઞાન એ એને ક્યાં છે અત્યારે? અનંતજ્ઞાન અનંત.. આદિ ચેતનાને પ્રગટ કરી. એક ગાથામાં કેટલું મૂક્યું છે! આહાહા..! આ તો વીતરાગની વાણી છે. '**અનંત જ્ઞાનાદિ...**' શબ્દ વાપર્યો છે ને. પાઠમાં છે કે નહિ? કેમકે પર્યાયમાં અનંતજ્ઞાન નથી હજી. મુનિ થયો છે છતાં પર્યાયમાં અનંતજ્ઞાન નથી. મતિશ્રુત આદિ વિભાવજ્ઞાન વર્તે છે. આહાહા..! એથી હું પૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરીને તેનો—અશુદ્ધતાનો નાશ કરી અને પૂર્ણ પર્યાયને પ્રાપ્ત કરું.

'**ભાવાર્થ :- અપનેકો કર્મોંસે વેષ્ઠિત માને ઔર ઉનસે અનંતજ્ઞાનાદિ ગુણ આચ્છાદિત માને તબ ઉન કર્મોંકે નાશ કરનેકા વિચાર કરે,...**' પર્યાયની .. પણ પર્યાયમાં એ શુદ્ધતા છે, દ્રવ્યનું જ્ઞાન છે તો સ્વભાવ સન્મુખ થઈને એનો નાશ થાય. પણ પર્યાયમાં અશુદ્ધતા જ ન જાણે. દ્રવ્ય શુદ્ધ છે અને પર્યાય અશુદ્ધ છે જ નહિ. આહાહા..! મોક્ષમાર્ગમાં કહ્યું છે ને કે દ્રવ્યે શુદ્ધની ... છે. પર્યાયે શુદ્ધ તો .. એ ... આહાહા..! '**અપનેકો કર્મોંસે વેષ્ઠિત માને...**' આ કાંઈ કથા નથી. આ તો આત્માની ધર્મકથા છે. .... '**અપનેકો કર્મોંસે વેષ્ઠિત માને ઔર ઉનસે અનંતજ્ઞાનાદિ...**' માને એટલે કે .. શ્રદ્ધામાં? શ્રદ્ધામાં પર્યાયની અશુદ્ધતાથી માને એમ નથી. જ્ઞાનના લક્ષમાં અશુદ્ધતા છે એમ માને. સમજાણું કાંઈ?

'**ઔર ઉનસે અનંતજ્ઞાનાદિ ગુણ આચ્છાદિત માને...** ' પર્યાય પૂર્ણ થઈ જ નથી હજી. આહાહા..! મુનિપણું સેવ્યું, સમ્યગ્દૃષ્ટિ છું. ત્રિકાળ ભગવાન આત્માની .. અવસ્થા જે અપૂર્ણ .. '**તબ ઉન કર્મોંકે નાશ કરનેકા વિચાર કરે,...**' લ્યો! પર્યાયમાં અશુદ્ધતા છે, શુદ્ધ પર્યાય ઢંકાઈ ગયેલી છે. આહાહા..! '**અનંતજ્ઞાનાદિ ગુણ આચ્છાદિત માને તબ ઉન કર્મોંકે નાશ કરનેકા વિચાર કરે, ઈસલિયે કર્મોંકે બંધકી ઔર ઉનકે અભાવકી ભાવના કરનેકા ઉપદેશ હૈ.** ' કર્મોના સંબંધનો (વિચાર) અને એનો અભાવ કરવાનો ઉપદેશ છે આ. આહાહા..! સંબંધ જાણે તો અભાવ કરે ને? સંબંધ કાંઈ નથી તો અભાવ શેનો? અભાવ કરવો રહ્યો ક્યાં? આહાહા..! રાગ અને અશુદ્ધતા મારામાં છે જ નહિ. તો પછી અભાવ કરવો રહ્યો જ નહિ એને તો કાંઈ. આહાહા..!

શ્રોતા :- પર્યાયમાં છે.

ઉત્તર :- દ્રવ્યમાં નથી એ જુદી વાત છે, ગુણમાં નથી એ જુદી વાત છે. પર્યાયમાં અશુદ્ધતા છેક સુધી રહે છે. આહાહા..! કેવળીને પર્યાયમાં અશુદ્ધતા છે. અસિદ્ધપણું છે એટલી અશુદ્ધતા છે.

અહીં તો નીચલા ગુણસ્થાનવાળાને કહે છે મુનિને. અરે..! (મને) પર્યાયમાં અશુદ્ધતા નિમિત્તને આધીન, મારી પર્યાયની યોગ્યતાએ નિમિત્તને આધીન (થઈને થાય છે). નિમિત્તે કરાવ્યું નથી. નિમિત્તને આધીન થતાં અશુદ્ધતા વર્તે છે, અપૂર્ણતા વર્તે છે. અશુદ્ધતા મોહની અપેક્ષાએ, અપૂર્ણતા જ્ઞાન, દર્શન અને વીર્યની, સુખ આદિની અપેક્ષાએ. આહાહા..! આવો સીધો માર્ગ છે એને ખેંચાતાણ કરીને .. ભાઈ! આ કોઈની ઘરની ચીજ છે કલ્પેલી? આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે.

પૂર્ણ સ્વરૂપ છે એ બરાબર છે, પૂર્ણ જ છે. અને એ પૂર્ણને પર્યાયમાં શુદ્ધતા ઘણી થાય તો પૂર્ણ (સ્વભાવ)માં પુષ્ટિ મળે છે અને અશુદ્ધતા ઘણી થાય તો પૂર્ણમાં અપૂર્ણ થાય છે એમ છે એમ નથી. એ વસ્તુ બીજી વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! અશુદ્ધતાને... આમ તો ઓલામાં એમ કહ્યું, જુઓ! અશુદ્ધતાને જાણતો અશુદ્ધતાને પ્રાપ્ત થાય. શુદ્ધતાને જાણતો શુદ્ધને પ્રાપ્ત થાય. .. એકલો જ આત્માને અશુદ્ધ જાણે એમ ત્યાં કહે છે. એકલો આત્માને ત્રિકાળ શુદ્ધ જ જાણે. શુદ્ધ જાણે એ શુદ્ધતાની પ્રાપ્તિ કરે છે. એકલો અશુદ્ધ જ છું એમ પર્યાયમાં એકલો જાણે તો અશુદ્ધતાની પ્રાપ્તિ મિથ્યાત્વની છે એમ છે. અહીંયાં તો ત્રિકાળી વસ્તુને શુદ્ધ જાણતા છતાં, પર્યાયમાં અશુદ્ધતાને જાણે તો એ નાશ કરે એમ કહે છે. એમ અભાવની ભાવના કરવાનો ઉપદેશ છે. એ અશુદ્ધતા છે એટલે જાણવા માટે, રાખવા માટે નથી. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- એ પ્રમાણ થયું ને એ. અશુદ્ધતા છે અને ત્રિકાળી શુદ્ધ છે—એ જ્ઞાન થયું એ પ્રમાણ થયું. અશુદ્ધતા છે એમ જાણ્યું વ્યવહારનયે એ ત્યારે પ્રમાણજ્ઞાન થયું. પણ પ્રમાણજ્ઞાને ઓલા શુદ્ધતા, અભેદ, અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચય છે એનો નિષેધ કરીને પર્યાયની અશુદ્ધતાને ભેળવતો નથી. પ્રમાણજ્ઞાન પર્યાયમાં અશુદ્ધતા છે એ ભેળવે છે, પણ ત્રિકાળ શુદ્ધ છું એવી જે દૃષ્ટિ અને અબદ્ધસ્પૃષ્ટ છે એને એમ ને એમ રાખીને. આ તો ત્રિકાળ પણ અશુદ્ધ છું અને પર્યાયે અશુદ્ધ છું એમ નહિ. ગાંધીના ગાંઠીયે... ઓલા કહે છે ને, હળદરના ગાંઠીયે ગાંધી થઈ જવાય? આ તો વીતરાગમાર્ગ છે બાપા! આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાયા એનો કહેલો માર્ગ છે ભાઈ! આ કોઈ આલીદુઆલીને લઈને ચાલી નીકળ્યા એમ નથી માર્ગ. આહાહા..!

કુંદકુંદાચાર્ય પોકાર કરે છે. ત્રિકાળમાં .. કાંઈ .. નથી. એ કુંદકુંદાચાર્ય પોકાર કરે છે, પર્યાયમાં અશુદ્ધતા નથી. ... પૂર્ણ શુદ્ધતા, ભલે શુદ્ધતાનું ભાન થયું ... શુદ્ધતા થઈ છે. ભાન થયું એમાં અશુદ્ધતાનું ભાન થયું છે ને? શુદ્ધતા પર્યાયમાં પ્રગટ થઈ છે એમાં 'આ અશુદ્ધ છે' એમ ભાન થયું, પણ એ સમયે અશુદ્ધતા .. જણાણી એમાં શુદ્ધતા નથી એમ નહિ. આહાહા..! ... તો એમ કહે છે. .. પર્યાયે પામર માને. ... એક સમયની પર્યાય પણ મારામાં અનંતી. .. હું અધિક છું. એક બાજુ એ અને એકબાજુ પર્યાયમાં .. પૂર્ણતાનો આશ્રય લઈને પામરતા ટાળશે ક્યાંથી? આહાહા..!

'**ઈસલિયે કર્મોંકે બંધકી ઔર ઉનકે અભાવકી ભાવના કરનેકા...** ' જોયું! કર્મબંધની ભાવના કરવી એટલે કર્મબંધ છે એમ જાણવું, રાગાદિ છે એમ જાણવું. અને અભાવ .. છે ને? '**કર્મોંકે બંધકી...**' એમ છે ને? ભાવની વાત છે આમાં. '**કર્મોંકે બંધકી ઔર ઉનકે અભાવકી ભાવના કરનેકા...**' ભાવનાનો અર્થ કર્મબંધ .. છે અને એનો અભાવ કરવાની ભાવના છે. સમજાણું કાંઈ? છે ને સામે પુસ્તક છે. '**કર્મોંકા અભાવ શુદ્ધસ્વરૂપકે ધ્યાનસે હોતા હૈ,...** ' જુઓ ભાષા!

અશુદ્ધતા છે ભલે. જાણી કે .. પણ એની ભાવના તો ... '**કર્મોંકા અભાવ શુદ્ધસ્વરૂપકે ધ્યાનસે હોતા હૈ,...**' પર્યાયને લક્ષે એનો અભાવ થતો નથી. સમજાણું કાંઈ? અરે..! આવા વખતમાં .. ઝઘડા .. આહાહા..! આ શું કરે છે? ટાણા થોડા, કરવાનું ઘણું, વખત મળે થોડો. એમાં આ કરે કે બીજું કરે આમાં? મફતના માથાકૂટ.

એ કહે છે ને કે મરવા પણ નવરો નથી. આ કહે છે કે મારા સ્વભાવના સાવધાની આગળ હું નવરો નથી. એક સેકન્ડ... આહાહા..! મરવા પણ નવરો નથી. બાપુ! એ મરણ આવશે ત્યારે એક .. હાય.. હાય.. અરરર..! અકસ્માત આવ્યું, .. થયા નહિ. એ સમાચાર આવ્યા છે ને અકસ્માત થયું છે ક્યાંક. બહેન અહીં આવતા ને. કેવા? ... પ્રેમચંદભાઈ.

શ્રોતા :- ..

ઉત્તર :- હા .. એ ગુજરી ગયા. એ સમાચાર આવ્યા. એ અકસ્માત થયો હતો. એમ લખ્યું છે ભાઈ? અકસ્માત લખ્યું શું લખ્યું? .. નહિ આપણે અંગ્રેજી નહિ? એ તો દિલગીર થઈને લખ્યું એ બીજું. આ તો અકસ્માત થયો. આવતા બહેન અહીં આવતા બેસવા. ગુજરી ગયા. .. મોકલ્યા હતા. ... ... કૈલાસચંદજી, પ્રેમચંદના ભાઈ કૈલાસચંદ ન આવતા પ્રવચનમાં? .. એ બહેનને પ્રેમ છે. ભાઈ-બહેન આવતા. ઉંમર નાની. ... ... ... આહાહા..! ... હવે આત્માને કરવા આડે નવરો ક્યાં છે કે આ માથાકૂટમાં પડે?

'**કર્મોંકા અભાવ...**' અહીં હવે સરવાળો લાવે છે. પરનો સંબંધ છે, અશુદ્ધતા છે એમ જાણવું ખરું. પણ એની ભાવના કરવી એટલે? છે એટલું. હવે એની ભાવના કરવી એટલે કે નાશ કરવાની છે. પણ નાશ શી રીતે થાય? આહાહા..! એ પર્યાયને લક્ષે પર્યાયનો નાશ ન થાય. '**શુદ્ધસ્વરૂપકે ધ્યાનસે હોતા હૈ,...**' '**डहिऊण**' છે ને? '**डहिऊण इण्हिं पयडमि अणंतणाणाइगुणचित्तां**' ચેતના .. ચેતના ... આહાહા..! એ શુદ્ધ ચેતના .. કર્મના સંબંધમાં સમકિતીને પણ અશુદ્ધ ચેતના છે. એને હું સ્વરૂપના ધ્યાન દ્વારા નાશ કરું. આહાહા..! '**શુદ્ધસ્વરૂપકે ધ્યાનસે હોતા હૈ, ઉસીકે કરનેકા ઉપદેશ હૈ.**' બહુ સરસ. એમ ન માની લે કે સમ્યક્ થયું, ચારિત્ર થયું એટલે ... .. સાધક હોય છે ને. આહાહા..! ... એ સમજવું. એને શુદ્ધસ્વરૂપના ભાનથી તેનો નાશ કરવો. .. નાશ .. આહાહા..! કાગડો છે કહે. મેં કીધું કે આ કાગડો છે. એને .. ... સવારમાં.

'**કર્મ આઠ હૈં —૧ - જ્ઞાનાવરણ, ૨-દર્શનાવરણ, ૩-મોહનીય, ૪- અંતરાય યે ચાર ઘાતિયા કર્મ હૈં, ઈનકી પ્રકૃતિ સૈંતાલીસ હૈં,...**' ૪૭, ૪૭. સૈંતાલિસ કહે છે ને. હિન્દી. '**કેવલજ્ઞાનાવરણસે અનંતજ્ઞાન આચ્છાદિત હૈ,..**' જુઓ! કેવળજ્ઞાનાવરણીથી નિમિત્તના સંબંધે કેવળજ્ઞાનની પર્યાય ઢંકાયેલી છે. ખુલ્લી નથી. અને કેવળજ્ઞાનાવરણીય નિમિત્ત છે માટે. પોતાનો ઊંધો પુરુષાર્થ એથી એ પોતે ઢંકાઈ ગયેલી છે. અહીં તો પરના નિમિત્તના સંબંધથી વાત છે ને. એમ જ પકડી

રાખે કે એ કેવળજ્ઞાનાવરણીય કર્મને લઈને અટક્યું છે. કર્મ ખસે તો કેવળજ્ઞાન થાય. એમ ક્યાં હતું? ઓલા તો એ કહે, છકાયની દયા પાળવાનું કહો, વ્રત ને અપવાસ કહો, પચ્ચખાણનું, તપસ્યા એ નિર્જરા. તો અમને સમજાય અને ઝટ થાય. હવે આવી વાતું કરીને પકડાય નહિ ને કાંઈ થાય નહિ. ન થાય એમ હોય? આ જ થાય એવું છે. .. એમાં શું છે? આહાહા..!

કહે છે કે '**અનંતજ્ઞાન આચ્છાદિત હૈ, કેવલદર્શનાવરણસે અનંતદર્શન આચ્છાદિત હૈ,...**' અનંત દર્શન પ્રગટ્યું નથી, એટલું કેવળદર્શનનું અને નિમિત્તનો સંબંધ છે પર્યાયમાં. એથી કેવળદર્શન .. થઈ ગયું છે. પોતાને કારણે. આવે છે ને ૪૭ નયમાં.અતિશ્વર નય, ઈશ્વર નય .. પર્યાયથી પરાધીન. એમ નહિ. આહાહા..! પર્યાયમાં .. એવી ... આહાહા..! કુંદકુંદાચાર્યની, અમૃતચંદ્રાચાર્યની .. એક કોર કહે, આત્મા રાગનો કર્તા નથી, બીજી કોર કહે કે રાગનો .. કર્તા જ છે. કઈ અપેક્ષાએ? .. અપેક્ષાએ ... ક્યાં કરવી? પર્યાયમાં ... કરે. આહાહા..! ... છે. આહાહા..! ... આત્માનો રાગ, નિશ્ચયના પરિણામની .. ... નથી. બહારમાં. .. આત્મા ઈન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય કહીએ એ ઈન્દ્રિયના વિષયનો ભોક્તા ક્યાંથી? આહાહા..! ત્રિકાળ વસ્તુના સ્વભાવની અપેક્ષાએ. એટલું ત્યાં કહ્યું.

આત્મા ઈન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. અહીં કહે છે કે અશુદ્ધતાનો ભોક્તા છે. પર્યાયનું જ્ઞાન થયું. નહિતર પ્રમાણજ્ઞાન સાચું થશે નહિ. આહાહા..! ... મોહનીય. લ્યો! '**મોહનીયસે અનંતસુખ પ્રગટ નહીં હોતા હૈ...**' ઠીક! મોહનીયને એટલો સંબંધ છે હજી. એથી અનંત સુખ પ્રગટ્યું નથી. એમ જ્ઞાની, મુનિ પણ એમ જાણે છે. આહાહા..! પર્યાયમાં ... એથી સુખના સ્થાનમાં .. છે, દુઃખ પણ છે. આહાહા..! એ પરને લઈને નથી. નિમિત્તાધિન થઈને મારો પર્યાયનો ધર્મ છે. આહાહા..! દુઃખરૂપે થવું એ પર્યાયનો ધર્મ છે. આહાહા..! સુખરૂપે થવું એ સ્વભાવનો ધર્મ છે. આહાહા..! આવું ક્યાંય હતું નહિ. હરિભાઈ! ખસમાં હતું ક્યાંય આવું? આ તો ભાગ્યશાળી રહી ગયા બધા સાંભળવા માટે. બિચારા વયા ગયા ..ભાઈ. જૂની રૂઢી માને. ભાગ્યશાળી છે એને આ કાને પડે એવી વાત છે. વીતરાગ પરમાત્મા ... ... સાંભળવા મળે નહિ. ભાગ્યવાનને મળે. .. આ આવે.

'**મોહનીયસે...**' ભાષા જોઈ! મોહનીય. ચારિત્ર અશુદ્ધ એમ ન લખ્યું. .. સુખ .. દર્શન અને ચારિત્રની પૂર્ણતા એ સુખ છે. ચારિત્રની પૂર્ણતા નથી ત્યાં સુખ નથી. આહાહા..! સમ્યગ્દર્શન છે, ચારિત્ર છે, .. પણ હજી પર્યાયમાં ચારિત્રમોહના નિમિત્તને આધીન થઈ ને દુઃખ છે. બરાબર હશે? મોહનીયને ... પ્રગટ નથી હોતો. અહીં મોહનીય એટલે ચારિત્રમોહ છે. મુનિને તો દર્શનમોહ છે નહિ. આહાહા..! ચારિત્રમોહના ઉદયને આધીન પર્યાયની, પર્યાયનો ધર્મ એ. એને આધીન થઈને અશુદ્ધતા થાય છે. અશુદ્ધતા થાય તે દુઃખ થાય છે. તેથી અનંત સુખ નથી. છે ને? '**મોહનીયસે અંનતસુખ પ્રગટ નહીં હોતા.**' આહાહા..! કેટલું યાદ રાખવું આમાં? .. વાસ્તવિકતાવાળો છે એને યાદ

રાખવાની એક ... આહાહા..! એ વસ્તુનો પ્રેમ જેને થઈ જાય એને પણ વાસ્તવિકતા અંદર આવી જાય. એ શબ્દ આવ્યો. મુનિને આધીન અશુદ્ધતા નથી એમ ન લીધું. આમ લીધું.

**'મોહનીયસે અનંતસુખ પ્રગટ નહીં હોતા.'** ... આહાહા..! ... **'ઔર અંતરાયસે અનંતવીર્ય પ્રગટ નહીં હોતા હૈ,...'** અંતરાયનું નિમિત્ત છે. .. પર્યાય છે, અનંતવીર્ય પ્રગટ .. નથી. ... ચૈતન્ય છું. જેની પર્યાયમાં ક્ષાયિક સમકિત, ચારિત્ર થયું, આહાહા..! સ્વરૂપની રમણતા જામી છતાં પૂર્ણતા સ્વરૂપની .. નથી એથી વીર્ય અનંતું નથી. એથી અનંતું વીર્ય .. સાધન પર્યાયનો ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઈસલિયે ઈનકા નાશ કરો. ચાર અઘાતિકર્મ હૈં ઈનસે અવ્યાબાધ,...'** એમાં લીધું. વેદનીયનો અભાવ થઈ જાય. **'અગુરુલઘુ, સૂક્ષ્મતા ઔર અવગાહના...'** એ ગોત્રનો .. અવગાહના. **'(—કી નિર્મલ પર્યાય) પ્રગટ નહીં હોતે હૈં,...'** ચાર કર્મના નિમિત્તને આધીન એકેય પર્યાયને ... **'નિર્મલ પર્યાય પ્રગટ નહીં હોતે હૈં, ઈન અઘાતિકર્મોંકી પ્રકૃતિ એકસૌ એક હૈં.'** ઘાતિને ૪૭. આને ૧૦૧. એટલે ૧૪૮ થઈ.

**'ઘાતિકર્મોંકા નાશ હોને પર અઘાતિકર્મોંકા સ્વયમેવ અભાવ હો જાતા હૈ,...'** એ અભાવ એની મેળે ત્યાગ થઈ જાય. આહાહા..! .. પર્યાય છે ને વ્યક્ત. પુણ્ય-પાપ. ..એ **'ઘાતિકર્મોંકા નાશ હોને પર અઘાતિકર્મોંકા સ્વયમેવ અભાવ હો જાતા હૈ, ઈસપ્રકાર જાનના ચાહિયે. '** પર્યાયની.. બહુ સરસ વાત કરી છે. .... ... અશુદ્ધતાને .. એવું જ્ઞાન ન હોય. ૧૧૯ ગાથા થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ વદ ૧, બુધવાર તા. ૦૫-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૨૦ થી ૧૨૨, પ્રવચન - ૧૬૫**

ભાવપાહુડ ચાલે છે. ૧૨૦ ગાથા. ગણતરીના બોલ છે એ તો વાંચી જવા. પણ થોડો અર્થ કરીએ. **'આગે ઈન કર્મોંકા નાશ હોને કે લિયે અનેક પ્રકારકા ઉપદેશ હૈ,...'** રાગનો અભાવ કરવામાં અને શીલ ગુણના આચરણમાં અનેક પ્રકારનો ઉપદેશ છે.

**सीलसहस्सट्ठारस चउरासीगुणगणाण लक्खाइं।**
**भावहि अणुदिणु णिहिलं असप्पलावेण किं बहुणा।।१२०।।**

આહાહા..! પહેલાં તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછીની આ વાત છે. સમજાય છે કાંઈ? આ તો ચારિત્ર અને મુનિપણાની વ્યાખ્યા છે ને વિશેષ? પહેલું તો આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ છે એની પહેલી દૃષ્ટિ કરવાની છે. આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એ અતીન્દ્રિય આનંદનો પહેલો અનુભવ કરવો. એટલે કે એને પ્રથમ ધર્મની પ્રાપ્તિમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એથી એને દુનિયાના વિષયનો

સ્વાદ ઘટી જાય. સમજાણું કાંઈ? પ્રથમ આ વસ્તુ, પછી આની વાત લીધી છે. જેને અંતર આત્મા અનાકુળ આનંદ સ્વરૂપ છે એવું જેને પુણ્ય-પાપના, શુભ-અશુભ રાગના વિકલ્પથી ભિન્ન પડી અને એવા સ્વરૂપનું જેને ભાન થયું એ સ્વરૂપમાં હવે રમવા માગે છે. જે સ્વરૂપ જોયું, જાણ્યું, એવું છે એવું અનુભવમાં આવ્યું. પછી હવે એને શુદ્ધ પૂર્ણ કરવા માટેના આચરણની અથવા રાગાદિના અભાવની ચોર્યાસી લાખ ગુણની વ્યાખ્યા કરે છે.

'**અર્થ :- શીલ અઠારહ હજાર ભેદરૂપ હૈ...**' લ્યો! મૂળ શીલ બ્રહ્મચર્ય તો પોતાનો સ્વભાવ છે. આહાહા..! ઝીણી વાતું છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ બ્રહ્મસ્વરૂપ છે એનું ભાન થતાં, એને બ્રહ્મચર્યની શરૂઆત અઢાર હજાર શીલાંગ રસની શરૂઆત થાય છે ત્યાંથી. પૂર્ણતા તો ચૌદમે થાય એમ કહે છે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- શિલાંગરસ? હા. ભેદ છે બધા. એ અર્થમાં છે વાંચી જવા. અત્યારે થોડું કહીએ છીએ. અઢાર હજાર શિલાંગના (શિલ અંગના) ભેદ છે. આ સ્વરૂપના પૂર્ણ આનંદના આચરણના એ બધા ભેદ છે. અને ચોર્યાસી લાખ ગુણ એ દોષના અભાવસ્વભાવરૂપ ગુણ છે. બે વાત કરી છે. આહાહા..! જેમ દરિયો મોટો ઓળંગવો હોય ત્યારે કેટલી એનામાં સાવધાની જોઈએ, એમ સંસારરૂપી સમુદ્ર જેને છોડવો છે અથવા તરવો છે એને અંતરના આનંદના સ્વરૂપના આચરણની સાવધાની ઘણી જોઈએ. આવી વાત છે ઝીણી ભાઈ! વીતરાગ માર્ગ તીર્થંકરનો માર્ગ સૂક્ષ્મ બહુ. બહારથી લોકો માની બેઠા છે ને વ્રત ને, તપ ને અપવાસ ને આ ને આ ને ભક્તિ, પૂજા, જાત્રા એ કોઈ ધર્મ નથી. એ તો રાગની મંદતા એમાં હોય તો પુણ્ય થાય. આહાહા..! એવી વાત છે, ભગવાન!

આત્મા આનંદસ્વરૂપ અંદર શુદ્ધ ચૈતન્યઘન છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે એ આત્માને જોયો છે, પૂર્ણ શુદ્ધ આનંદકંદ એ તો છે. અતીન્દ્રિય આનંદથી ભરેલો એ પદાર્થ છે. આહાહા..! એની પ્રથમ રુચિમાં પોસાણમાં આવી જવું જોઈએ કે આનંદ હોય તો એ મારામાં છે. આનંદ પુણ્ય અને પાપના ભાવમાં પણ નથી. દેહાદિની ક્રિયાઓ કે લક્ષ્મી, આબરૂ કે આ ધૂળ આદિ સામગ્રી એમાં ક્યાંય સુખ નથી. એવી પહેલી રુચિ બદલવી જોઈએ એમ કહે છે. એ અહીં કહે છે.

'**શીલ અઠારહ હજાર ભેદરૂપ હૈ...**' એ શીલના આચરણના સ્વરૂપની અંતર રમણતાના અઢાર હજાર ભેદ છે. '**ઔર ઉત્તરગુણ ચૌરાસી લાખ હૈં.**' રાગ અને દોષના પ્રકારથી અભાવરૂપ એવા ચોર્યાસી લાખ ઉત્તરગુણ છે. '**આચાર્ય કહતે હૈં કિ હે મુને!**' મુનિને ઉદ્દેશીને વાત છે ને. મોક્ષ અધિકાર છે. આહાહા..! '**બહુત જૂઠે પ્રલાપરૂપ નિરર્થક વચનોંસે ક્યા? ઈન શીલોંકો ઔર ઉત્તરગુણોંકો સબકો તૂ નિરંતર ભા,...**' આહાહા..! ભગવાન આત્માના સ્વરૂપની રમણતાના જે આ ભેદો બધા છે એને તું ભાવના કર. અને દોષોના અભાવસ્વભાવરૂપ ઉત્તરગુણ એની તું ભાવના

કર. અહીં તો આવી વાત છે, ભાઈ! મોક્ષ અધિકારની વાત છે. સંસારમાં કેમ પદવી મળે? પૈસા કેમ મળે? આ ધૂળ કેમ મળે? રાજા ને શેઠિયા કેમ થવાય? એ તો બધા પુણ્યનું ફળ તો વિષ્ટાનું ફળ છે. આહાહા..! આત્માના સ્વભાવનું જે ફળ એ આનંદ છે. આહાહા..! એ વાત સાંભળી ન હોય એટલે (એમ લાગે) શું કહે છે આ? એ અહીં કહેવા માગે છે.

'**શીલોંકો ઔર ઉત્તરગુણોંકો સબકો તૂ નિરંતર ભા,...**' છે ને? '**अणुदिणु**' એમ શબ્દ છે ને? ભાઈ! તારે કરવા જેવું હોય મુનિને તો (આ છે). આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ બિરાજે છે ને પ્રભુ તું. તારી હયાતી ને તારી હોવાપણાની સ્થિતિ જ અતીન્દ્રિય આનંદવાળી છે. એવા આનંદનો નાથ પ્રભુ એને જોને તું. અંતરમાં જો એ પ્રભુ આનંદથી બિરાજમાન છે. આહાહા..! એને પ્રથમ સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં એ પૂર્ણ આનંદસ્વરૂપ શુદ્ધ છે તે ધ્યેય બની જાય છે. આહાહા..! ધ્યેય-ધ્યાન કરવા લાયક હોય તો એ ચીજ છે. જવા લાયક હોય તો એ ચીજમાં જવા લાયક છે. આહાહા..! કહો, સમજાણું આમાં? સમજાય છે કે નહિ? એ..! ચેતન! થોડું થોડું. સમજાય આમાં. આત્મા છે કે નહિ? આ શરીર છે આ તો જડ છે. આ તો ધૂળ અજીવ છે. આ તો માટી, જડ, ધૂળ છે. એ કાંઈ આત્મા છે? અંદર કર્મ છે એ ધૂળ છે, અજીવ છે. એ આત્મા છે? પછી આ પુણ્ય-પાપના ભાવ થાય એ આસ્રવ છે. એ આત્મા છે? આહાહા..! આત્મા છે એ તો અતીન્દ્રિય આનંદ ને અનાકુળ શાંતિથી સમૃદ્ધિવાળો છે. આહાહા..! એની સમૃદ્ધિની ઋદ્ધિ અપરંપાર છે. પણ એને વિશ્વાસમાં આવવું જોઈએ ને.

શ્રોતા :- નમૂનો દેખાડો તો...

ઉત્તર :- એ કાઢે તો એને ખબર પડે ને, એમ કહે છે. એ દાસ! આહાહા..!

અહીં તો એમ કહે છે કે જેને એ આત્મા અનાકુળ શાંતિ અને આનંદ એનો અનુભવ અને સમ્યગ્દર્શન નથી એ બધા દ્રવ્યલિંગી સાધુઓ ભલે થાય, પાંચ મહાવ્રત પાળે, નગ્ન મુનિ થાય, જંગલમાં રહે, બધું નિરર્થક છે.

શ્રોતા :- સંસાર તો...

ઉત્તર :- એ સંસાર જ છે. વધવો શું વળી? પંચ મહાવ્રતના પરિણામ રાગ એ બધો સંસાર છે. સંસાર છે એમાંથી ક્યાં નીકળ્યો? આહાહા..! વીતરાગમાર્ગ આકરો છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર... અહીંયા તો સમ્યગ્દર્શન ઉપરાંત આચરણની નિર્મળતાને વધારવી એ અહીં વાત છે. સમજાય છે કાંઈ?

'**નિરંતર ભા, ઈનકી ભાવના-ચિંતન-અભ્યાસ...** ' એ તો ભાવના કહો, ચિંતન કહો કે અભ્યાસ (કહો), એમ. '**નિરંતર રખ,...**' આહાહા..! ભાઈ! તારા સમય ચાલ્યા જાય છે. આયુષ્યના સમયો જાય છે. મૃત્યુની સમીપે આયુષ્ય પૂરું થવાની તૈયારીમાં જાય છે. આહાહા..! આ કરને હવે ભાઈ! તારે છૂટવું હોય સંસારથી તો. છૂટવું એટલે મોક્ષ કરવો એમ. છૂટવું એ તો મોક્ષ શબ્દ છે ને એટલે

છૂટવું આવ્યું એમ. એ '**નિરંતર રખ, જૈસે ઈનકી પ્રાપ્તિ હો વૈસે હી કર.**' આહાહા..!

ભાવાર્થ થોડોક લઈએ પહેલો. '**આત્મા જીવ નામક વસ્તુ અનંતધર્મસ્વરૂપ હૈ.**' આ આત્મા વસ્તુ જે છે '**આત્મા જીવ નામક વસ્તુ...**' એમ જીવ એનું નામ છે ને, એક નામ. '**અનંતધર્મસ્વરૂપ હૈ.**' એમાં અનંતા ગુણો અને અનંતા ધર્મો રહેલા છે. અસ્તિ-નાસ્તિ આદિ ધર્મો અને જ્ઞાન, દર્શન આદિ ગુણો. આહાહા..! એવો મોટો દરિયો છે એ. '**અનંતધર્મસ્વરૂપ હૈ.**' આહાહા..! એના સ્વભાવમાં એની અનંત શક્તિઓ સ્વરૂપ છે.

'**સંક્ષેપસે ઈનકી દો પરિણતિ હૈં,...**' ટૂંકામાં એની અવસ્થા, હાલત, પરિણતિ, દશા બે પ્રકારની છે. '**એક સ્વભાવિક એક વિભાવરૂપ. ઈનમેં સ્વભાવિક તો શુદ્ધદર્શનજ્ઞાનમયી ચેતના પરિણામ હૈ...**' આત્માના જાણવા-દેખવાના પરિણામ. ભલે રાગ હો, પણ જાણવા-દેખવાના પરિણામ તો એને પ્રગટ થયેલા હોય છે પહેલાં. સમજાણું કાંઈ? આહાહા..! શુદ્ધ દર્શન જ્ઞાનમયી ચેતના પરિણામ એમ. શુદ્ધ દર્શન, શુદ્ધ જ્ઞાન એવી ચેતના નામ જાણવું-દેખવું એવી ચેતના પરિણામ એ સ્વભાવિક પરિણામ છે. એ તો ધર્મના પરિણામ છે. આહાહા..! એ આત્માના જ્ઞાનચેતનાના પરિણામ શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતાના ભાવ એ શુદ્ધ ચેતના પરિણામ એ સ્વભાવ પરિણામ છે, એ ધર્મની દશા છે. હવે આ વાત કેમ બેસે? અહીં તો કહે કે આ જાત્રા કરી, આ ભક્તિ કરી, થઈ ગયો ધર્મ લ્યો! જાત્રામાં ધર્મ નથી એમ કીધું ત્યાં ભડક્યા એના બાપ. સાંભળ્યું ન હોય ને. બહાર માન્યું હોય તો શું કરે બિચારા. એમાં કાંઈ અંદરમાં સમાય ત્યારે કહે ને.

શ્રોતા :- બધા શેઠિયા...

ઉત્તર :- સારું કહે છે બધાયને. આહાહા..! શેઠિયા એટલે શું પણ? પૈસા હોય ને આબરૂ હોય એ શેઠિયા? અહીં તો શેઠિયા એટલે આત્માના સ્વભાવનું ભાન અને ઓળખાણ શ્રેષ્ઠ એને શેઠિયા કહે છે. બાકી બધા રાંકા-ભિખારી છે.

શ્રોતા :- ધર્મમાં એમ કહેવાય પણ લૌકિકમાં તો...

ઉત્તર :- લૌકિકમાં એટલે લોક મૂકે પોક. એ અમારે કહેતા, એક ઓલો સાધુ હતો ને રતનચંદજી. સિદ્ધપુર-સિદ્ધપુર. કચ્છી. સિદ્ધપુરમાં હતા ને શ્રીમદ્‌ના ઓલામાં. એમ કે આ બધું .. થાય છે તો લોકો ઓલું કરશે. ઈ કહે, લોક મૂકે પોક. લોકને પોક મૂકવા દ્યો. આપણે કરો ને આપણું કરવાનું હોય ઈ.

શ્રોતા :- જયચંદ પંડિતે લખ્યું છે લોક મૂકે પોક.

ઉત્તર :- છે ને. આહાહા..! કહો, ગીરધરભાઈ! માણસો શું કહેશે? લ્યો! સાંભળને હવે! દુનિયા દુનિયા તો ગાંડી પાગલ છે. પાગલ શું કહે છે એની સામું તારે જોવું છે? કે પરમાત્મા શું કહે છે એની સામું તારે જોવું છે? પરમાત્મા ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગ તો કહે છે કે પ્રભુ! તારા સ્વરૂપમાં તો અનંત સ્વભાવ છે એ ગુણ થયો. વસ્તુ થઈ, એ વસ્તુનો અનંત ગુણ ધર્મ છે. બે થયા. હવે એની પર્યાય

એટલે અવસ્થા બે પ્રકારની. વાત એ છે કે જેને ધર્મ કરવો હોય ને, એને પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળમાંથી સુખબુદ્ધિ ઊડી જવી જોઈએ. જો એમાં સુખબુદ્ધિ રહે તો મિથ્યાત્વભાવ છે, એને ધર્મ કરવાનો પ્રશ્ન નથી. હા, આસક્તિ રહે વિષયની પણ સુખબુદ્ધિ ન રહે. સમજાણું કાંઈ? આહાહા..! એવું સ્વભાવનું જ્યાં પરિણમન થાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ તો શુદ્ધ દર્શન-જ્ઞાનમય ચેતનાના પરિણામ છે, એ સ્વભાવિક પરિણતિ છે, એ સ્વભાવિક આત્માની દશા છે, એ ધર્મ સ્વભાવરૂપ છે. '**ઔર વિભાવપરિણામ કર્મકે નિમિત્તસે હૈં.**' વિકારીભાવ કર્મના નિમિત્તથી થાય છે. નિમિત્તનો અર્થ એ સ્વભાવ નથી એટલે નિમિત્તને આધીન પોતે કરે છે. સ્વભાવ તો ચૈતન્યને આશ્રયે થયેલો છે. તેથી કહ્યું વિભાવમાં કર્મનું નિમિત્ત છે એટલું. થાય છે પોતાથી, પણ એને લક્ષ જાય છે, કર્મને લક્ષે એ ભાવ થાય છે.

શ્રોતા :- પોતે નિમિત્તને આધીન થયો.

ઉત્તર :- આધીન થયો એટલે થાય છે. એ વિકાર છે, એ દોષ છે, એ અધર્મ છે. શુદ્ધ ચેતનાપરિણામ જે આત્મા દર્શન, જ્ઞાન આદિમય સ્વરૂપ એના પરિણામ શુદ્ધ થાય એ ધર્મરૂપ છે અને વિભાવ જેટલો પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ ભાવ એ બધો વિભાવ પરિણામ છે, એ અધર્મરૂપ છે.

'**યે પ્રધાનરૂપસે તો મોહકર્મકે નિમિત્તસે હુએ હૈં.**' વિભાવ-વિભાવ. મોહકર્મનું નિમિત્ત મુખ્ય હતું એમાં. '**સંક્ષેપસે મિથ્યાત્વ રાગદ્વેષ હૈં,...**' ટૂંકામાં તો મિથ્યાત્વ, એ પુણ્ય-પાપના ભાવમાં સુખબુદ્ધિ એવો જે મિથ્યાત્વભાવ, સંક્ષેપમાં એને મિથ્યાત્વ અને રાગદ્વેષ કહીએ. અનુકૂળમાં રાગ થાય ઈષ્ટમાં અને પ્રતિકૂળમાં દ્વેષ થાય એ મિથ્યાત્વ અને રાગદ્વેષ એ વિભાવ પરિણામ મુખ્ય ગણવામાં આવ્યા છે. '**ઈનકે વિસ્તારસે અનેક ભેદ હૈં.**' એના વિસ્તારના ઘણા ભેદ છે. '**અન્ય કર્મોંકે ઉદયસે વિભાવ હોતે હૈં ઉનમેં પૌરુષ પ્રધાન નહીં હૈ,...**' અઘાતિ કર્મમાં હોય એનું કાંઈ પૌરુષ પ્રધાન નહિ. એ તો હોય એટલું. '**ઈસલિયે ઉપદેશ-અપેક્ષા વે ગૌણ હૈં;...**' ચાર કર્મના નિમિત્તથી થતી અવસ્થા એને અહીં ઉપદેશ અપેક્ષાએ ગૌણ કરીને '**ઉનમેં પૌરુષ પ્રધાન નહીં હૈ, ઈસલિયે ઉપદેશ-અપેક્ષા વે ગૌણ હૈં; ઈસપ્રકાર યે શીલ ઔર ઉત્તરગુણ સ્વભાવ-વિભાવ પરિણતિકે ભેદસે ભેદરૂપ કરકે કહે હૈં.**' લ્યો! સ્વભાવમાં આચરણ કરવું એના અઢાર હજાર ભેદ છે. પાંચમા શ્રમણસૂત્રમાં આવતું સ્થાનકવાસીમાં. બાબુભાઈ! કર્યું હતું પડિક્કમણું? અઢાર હજાર શિલાંગવ્રત ધારા. પાંચમા શ્રમણસૂત્રમાં. પંચ .. અઢાર હજાર શિલાંગવ્રતધારા .... પાંચમામાં આવતું. એય..! જયંતિભાઈ! કર્યું નહિ હોય, આ મોઢે કર્યું હતું? પણ તે દિ' મોઢે કર્યું હતું? એમ! ઠીક. એમાં આવે છે એ. જાદવજીભાઈ! પાંચમા .. નમો ... એમાં આવે છે. પંચ.. અઢાર હજાર શિલંગધારા..

શ્રોતા :- ...

ઉત્તર :- ... એ બધી વ્યાખ્યા ચાલતી હતી સંપ્રદાયમાં ઘણી. .. ન આવે. એ શીલના ભેદ છે એ

વાંચી લેવા પોતાની મેળાએ.

હવે ૧૨૧ ગાથા. એ વાંચી જવાની વાત છે, ભેદની છે ને. '**અબ ભેદોંકે વિકલ્પસે રહિત હોકર ધ્યાન કરનેકા ઉપદેશ કરતે હૈં :—** '

**झायहि धम्मं सुक्कं अट्ट रउद्दं च झाण मुत्तूण।**
**रुदट्ट झाइयाइं इमेण जीवेण चिरकालं।।१२१।।**

આહાહા..! '**અર્થ :- હે મુનિ! આર્ત-રૌદ્ર ધ્યાનકો છોડ...**' આર્ત નામ, આત્મા જેમાં શાંતિ પીડાય એવી ચિંતવના આર્તધ્યાનની છોડ. આહાહા..! રૌદ્રધ્યાનને છોડ. રૌદ્રધ્યાન હિંસા, જૂઠું, ચોરી એની ધારાવાહી એકાગ્રતા છોડ. '**ઔર ધર્મ-શુક્લધ્યાન હૈં ઉન્હેં હી કર,...**' ધર્મધ્યાન. ધર્મ નામ આત્માનો સ્વભાવ એનું ધ્યાન અને શુક્લ-ઉજળું ધ્યાન. આહાહા..! '**ઉન્હેં હી કર, ક્યોંકિ રૌદ્ર ઔર આર્તધ્યાન તો ઈસ જીવને અનાદિકાલસે બહુત સમય તક કિયે હૈં.**' આહાહા..! આર્ત અને રૌદ્ર ધ્યાન તો અનંત કાળથી કરતો આવે છે, એ કોઈ નવી ચીજ નથી. એ તો ઘણીવાર કર્યા ભાઈ! આહાહા..! અનાદિ કાળથી. 'जीवेण इमेण रुदट्ट झाइयाइं' આહાહા..! રુદ્-અટ્ઠ છે ને. રૌદ્રાર્ત. એટલે આર્ત અને રૌદ્ર બે. આહાહા..! પરની ચિંતવના તો અનંત વાર તેં કરી, પણ આત્મા આનંદ સ્વરૂપ ભગવાન એની કોઈ દિ' ચિંતવના કરી નહિ તેં. તારા ઘરમાં તું આવ્યો નહિ. પરઘરમાં વ્યભિચારી થઈ અને શુભ-અશુભ ભાવના ધ્યાન કર્યા. એ તો '**બહુત સમય તક કિયે હૈં.**' અનંત કાળ. આહાહા..!

'**ભાવાર્થ :- આર્ત-રૌદ્ર ધ્યાન અશુભ હૈં,...**' પહેલા બે તો અશુભ છે. '**સંસાર કે કારણ હૈં.**' લ્યો! એ સંસારમાં રખડવાના કારણ છે. '**યે દોનોં ધ્યાન તો જીવકે વિના ઉપદેશ હી અનાદિસે પાયે જાતે હૈં,...**' એ તો એને આવડે છે. એના ઉપદેશની કાંઈ જરૂર નથી. અનાદિથી કરે છે રાગ અને દ્વેષ, એનું ધ્યાન, એની ચિંતવના. આહાહા..! '**ઈસલિયે ઈનકો છોડનેકા ઉપદેશ હૈ. ધર્મ-શુક્લ ધ્યાન સ્વર્ગ-મોક્ષકે કારણ હૈં.**' જરી રાગ રહેને ધર્મધ્યાનમાં એની વાત છે. '**ઈનકો કભી નહીં ધ્યાયા,...**' જોયું! એ સ્વર્ગ મોક્ષનું કારણ કહ્યું પણ શુદ્ધતાના ધર્મધ્યાનની અપેક્ષાવાળા. એમાં જે શુભરાગ રહી જાય એનાથી સ્વર્ગ મળે અને શુદ્ધતાથી મોક્ષ, નિર્જરા, સંવર થાય. આહાહા..!

'**શુક્લ ધ્યાન સ્વર્ગ-મોક્ષકે કારણ હૈં. ઈનકો કભી નહીં ધ્યાયા,...**' આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એનું ધ્યાન તેં કોઈ દિ' કર્યું નથી. એને ધ્યેય બનાવીને એના ધ્યાન તેં કર્યા નથી એમ કહે છે. જગતની ચીજોને ધ્યેય બનાવીને એના ધ્યાન તેં અનંત વાર કર્યા. આહાહા..! વેપાર ને જુઓને, કરવા બેસે ત્યાં મશગુલ-મશગુલ થઈ જાય. આહાહા..! એમાં વળી પેદાશ દસ-દસ, વીસ-વીસ હજારની હોય એક દિ'ની. એ બેઠો હોય તો જાણે શું કરીએ છીએ, જાણે એમ કે ઓહોહો..! મશગુલ-મશગુલ. પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારની પેદાશ હોય દુકાને એવા વેપાર હોય, તો એમાં શું? ધૂળમાં શું છે?

એ તો પૂર્વના પુણ્ય હોય તો થાય. પણ ધ્યાન કરે એને આમ મળે, આમ મળે, આમ કરે ને આમ કરે. આહાહા..! મુંબઈમાં ઓલા સટ્ટા કરે છે ને. સટ્ટા શું કહેવાય? દરિયાને કાંઠે. શું કહેવાય? સટ્ટાનો ધંધો કહેવાય કે શું? જોવા ગયા હતા એક ફેરી કીધું ને, દરિયાને કાંઠે મુંબઈ ઓલા મારવાડીઓ આમ લ્યો.. લે.. લે.. લે.. લે.. એમ કરે. કોલાબા. એ કોલાબામાં જોયેલું.

શ્રોતા :- અમેરિકાના ભાવ આવે...

ઉત્તર :- એ ત્યાં કાંઠે આવતો ભાવ. ૧૯૬૭-૬૮ની વાત છે. જોવા ગયા હતા. મેં કીધું, આ શું કરે છે બધા? હું પાલેજથી માલ લેવા ગયેલો દુકાનનો, પછી નવરા હતા તો જોવા ગયા શું કરે છે બધા? એ કહે અમેરિકાથી આવે છે ઓલું સમાચાર. ...

શ્રોતા :- ત્યાં બજાર ખુલે ને એટલે ભાવ આવે.

ઉત્તર :- ભાવ આવે ત્યાં. પછી મારવાડી આમ.. લે.. દે... લે... એ તો ગાંડા જોઈ લ્યો. આહાહા..! કછોટા બાંધ્યા હોય... આ શું કરે છે? કીધું આ. લે.. લે.. કરે. આ લીધું ને દીધું, આ લીધું ને દીધું. મશગુલ થઈ જાય પણ એમાં. આહાહા..! એવા આર્ત અને રૌદ્રધ્યાન તો અનંત વાર કર્યા બાપા! તેં. એ સંસારના કારણ છે. આહાહા..! પરિભ્રમણ ઊંડે ઊંડે જવાનું. સંસારના ડાહ્યા, સંસારમાં ઊંડે જવાના. આહાહા..! આ તારો આત્મા કોણ છે, પ્રભુ! એ પુણ્ય ને પાપના ભાવથી ભિન્ન વસ્તુ છે, છતી છે, અસ્તિ છે, મોજૂદ છે, પ્રગટ છે. આહાહા..! એનું તેં ધ્યાન કર્યું નહિ અને એનું જો ધ્યાન કરે તો એને નિર્મળતા પ્રગટ થયા વિના રહે નહિ અને નિર્મળતા પ્રગટ થાય એ મોક્ષનું કારણ થાય. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**ઈસલિયે ઈનકા ધ્યાન કરનેકા ઉપદેશ હૈ. ધ્યાનકા સ્વરૂપ એકાગ્રચિંતાનિરોધ...** ' લ્યો! '**ધર્મધ્યાનમેં તો ધર્માનુરાગકા સદ્ભાવ હૈ.**' ધર્મધ્યાનમાં જરી શુભરાગ-ધર્મનો પ્રેમ રહે છે. એ '**ધર્મકિ-મોક્ષમાર્ગકિ કારણમેં...**' એ ધર્મમાં મોક્ષમાર્ગના કારણમાં '**રાગસહિત એકાગ્રચિંતાનિરોધ હોતા હૈ,...**' ધર્મધ્યાનમાં થોડો રાગ પણ હોય છે અને સ્વરૂપની શુદ્ધતાની એકાગ્રતા પણ હોય છે. બે વાત છે. '**એકાગ્રચિંતાનિરોધ હોતા હૈ, ઈસલિયે શુભરાગકે નિમિત્તસે પુણ્યબંધ ભી હોતા હૈ...**' આત્માના ધ્યાનમાં, શુદ્ધતાની એકાગ્રતામાં શુદ્ધતા થઈ એ તો ધર્મ થયો, એ તો મોક્ષનું કારણ. પણ જેટલો રાગ રહી જાય હજી વિકલ્પ-શુભરાગ એ પુણ્યબંધનું કારણ છે. એનાથી સ્વર્ગ ને આ શેઠાઈ સમકિતીને પણ મળે. સ્વર્ગમાં જાય અને ત્યાંથી પાછો મરીને મોટા કરોડો-અબજોપતિમાં જન્મે.

શ્રોતા :- ન્યાં એને કંઈ ધંધો-વેપાર ન કરવો પડે.

ઉત્તર :- એ તો કીધું ને. એને લઈને પૈસા આવે. પૂર્વના પુણ્ય બંધાયા છે ને એને લઈને કરોડો રૂપિયાની ઊપજ હોય ત્યાં એ જન્મે. એને પોતાને ધંધો કરે એવું ન હોય. એવા જ પૈસા મળે એને. આહાહા..!

**'વિશુદ્ધ ભાવકે નિમિત્તસે પાપકર્મકી નિર્જરા ભી હોતી હૈ.'** લ્યો! ધર્મધ્યાનમાં ત્રણ પ્રકાર. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એનું ધ્યાન કરવાથી જેટલી નિર્મળતા પ્રગટ થઈ એ મોક્ષનું કારણ છે. જરી રાગ બાકી રહ્યો એ પુણ્યબંધનું કારણ સ્વર્ગનું અને શુદ્ધતાને લઈને પાપની નિર્જરા પણ થાય. એમ મોક્ષનું કારણ તો થાય, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ શુદ્ધ આત્માને અવલંબે જે પ્રગટ્યા એમાં પાપની નિર્જરા પણ થાય એમ કહે છે. એ ધર્મધ્યાનની વ્યાખ્યા કરી. લોકો જે માને છે એ કરતા આ કોઈ જુદી જાત છે. કહો, સમજાણું કાંઈ? આ ઉપધાન કરે. કરે છે ને? દોઢ-દોઢ મહિનાના. એક ટંક ખાવું અને બીજે દિ' ન ખાવું. એ ધર્મધ્યાન નથી. એ તો રાગની મંદતા હોય તો પુણ્ય બાંધે અને મિથ્યાત્વસહિત છે. કારણ કે એ ધર્મ છે એમ માને છે ઈ. આહાહા..! આકરી વાતું બહુ.

**'નિર્જરા ભી હોતી હૈ.'** ત્રણ વાત કરી. કે આત્મા શુદ્ધ ચૈતન્યનો જેણે આશ્રય લીધો, એની જેણે એકાગ્રતા કરી એને શુદ્ધ પરિણામ પ્રગટ્યા એટલી તો સંવર-નિર્જરા અને પાપની નિર્જરા કરે. ઉત્પન્નરૂપે સંવર-નિર્જરા અને પાપની નિર્જરા કરે અને પુણ્યથી જરી રાગ બાકી રહ્યો એનાથી પુણ્ય બાંધે. આહાહા..! આ તો સમ્યગ્દૃષ્ટિનું પુણ્ય. એ સમ્યગ્દૃષ્ટિ તીર્થંકરગોત્ર બાંધે. અજ્ઞાનીને તીર્થંકરગોત્ર ન હોય. જેને સમ્યગ્દર્શનનું ભાન નથી, જેને આત્માના સ્વાદની ખબર નથી. આત્મા આનંદસ્વરૂપના સ્વાદ જેને આવ્યા નથી સમ્યગ્દર્શન વિના, એને તીર્થંકરગોત્રના પરિણામ હોઈ શકે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'શુક્લધ્યાનમેં આઠવેં નૌવેં દસવેં ગુણસ્થાનમેં તો અવ્યક્તરાગ હૈ. '** સાતમા સુધી ઓલું લીધું ધર્મધ્યાન. શુક્લધ્યાનમાં આઠમું ગુણસ્થાન, નવમું, દસમું અગિયાર. દસમા ગુણસ્થાને તો અવ્યક્ત રાગ છે હજી. થોડો રાગ છે. **'વહાં અનુભવ અપેક્ષા ઉપયોગ ઉજ્જ્વલ હૈ, ઈસલિયે શુક્લ નામ રખા હૈ...'** રાગનો કણ અવ્યક્ત રહી ગયો અને ઉજ્જ્વળ ઉપયોગ આત્માના ધ્યાનમાં હોય છે. એવું ધ્યાન મુનિને હોય છે. સમ્યગ્દૃષ્ટિ અને ભાવલિંગ જેને મુનિપણું પ્રગટ્યું હોય છે એને આ દશા અંદર આગળ વધે તો હોય છે.

શ્રોતા :- શુક્લધ્યાન કીધું.

ઉત્તર :- શુક્લ શુક્લ—ઉજળું.

**'ઈસસે ઉપરકે ગુણસ્થાનમેં રાગ-કષાયકા અભાવ હી હૈ,...'** બારમા પછી .. અગિયારમેં. **'ઈસલિયે સર્વથા હી ઉપયોગ ઉજ્જ્વલ હૈ, વહાં શુક્લધ્યાન યુક્ત હી હૈ.'** વહાં શુક્લધ્યાન યુક્ત એટલી નિર્મળતા થઈ માટે એને શુક્લધ્યાન બરાબર કહેવું એમ કહે છે. **'ઈતની ઔર વિશેષતા હૈ કિ ઉપયોગકે એકાગ્રપનારૂપ ધ્યાનકી સ્થિતિ અંતર્મુહૂર્તકી કહી હૈ.'** આત્માના આનંદના ધ્યાનમાં તો અંતર્મુહૂર્ત રહી શકે. **'ઉસ અપેક્ષાસે તેરહવેં-ચૌદહવેં ગુણસ્થાનમેં ધ્યાનકા ઉપચાર હૈ... '** પછી કેવળીને કે ચૌદમે ધ્યાનસહિત ઉપચાર છે એમ કહે છે. અહીં અંતર્મુહૂર્ત ધ્યાન રહે એ તો બારમા

સુધીની વાત છે, એમ. વિશેષ સમજાવ્યું છે. '**ઉસ અપેક્ષાસે તેરહવેં-ચૌદહવેં ગુણસ્થાનમેં ધ્યાનકા ઉપચાર હૈ ઔર યોગક્રિયાકે સ્થંભનકી અપેક્ષા ધ્યાન કહા હૈ. યહ શુક્લધ્યાન કર્મકી નિર્જરા કરકે જીવકો મોક્ષ પ્રાપ્ત કરાતા હૈ, ઐસે ધ્યાનકા ઉપદેશ જાનના.**' આહાહા..! આંકડો .. ૧૨૯ લખાણું છે? ૨૧ ને ઠેકાણે ૨૯. ૨૧ જોઈએ.

આવું ધર્મધ્યાન અને શુક્લધ્યાન ઊંચા પ્રકારનું '**યહ ધ્યાન ભાવલિંગી મુનિયોંકો મોક્ષ કરતા હૈ :—**' આહાહા..! ભાવલિંગી એટલે? જેને આત્માના આનંદનો અનુભવ છે. એકલી બાહ્ય ક્રિયા નગ્ન અને પંચ મહાવ્રતના પરિણામ એ તો દ્રવ્યક્રિયા બહારની છે. ભાવલિંગ એટલે પંચ મહાવ્રતના પરિણામથી પણ રહિત અંતર સ્વરૂપના ધ્યાનની દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા છે એને ભાવલિંગી સાધુ કહીએ. જેને આત્માનું દર્શન, અનુભવ ને જ્ઞાન ને ચારિત્ર અંતર નથી અને એકલી નગ્નદશા અને પંચ મહાવ્રત ને અઠ્યાવીશ મૂળગુણ પાળે એ બધા દ્રવ્યલિંગીઓ છે, એ સાધુ નથી. ભેખ દ્રવ્યનો ધારણ કર્યો છે. આહાહા..! ૧૨૨.

जे के वि दव्वसवणा इंदियसुआउला ण छिंदंति।
छिदंति भावसवणा झाणकुढारेहिं भवरुक्खं।।१२२।।

ભાષા જુઓ!

'**અર્થ :- કઈ દ્રવ્યલિંગી શ્રમણ હૈં, વે તો ઈન્દ્રિયસુખમેં વ્યાકુલ હૈં,...**' લ્યો! પંચ મહાવ્રતના ભાવ એ તો રાગ છે. રાગના પ્રેમમાં પડ્યા છે ઈ. ઈન્દ્રિયના સુખના પ્રેમમાં પડ્યા છે. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ એ રાગ છે અને રાગના ફળમાં બંધન છે. એના ફળમાં ઈન્દ્રિયના વિષયો મળે. જેને રાગનો પ્રેમ છે એને ઈન્દ્રિયના વિષયનો જ પ્રેમ છે. આહાહા..! કેમકે જેણે આત્મા આનંદસ્વરૂપ... છે? '**इंदियसुआउला**' આકુળ છે ઈન્દ્રિયના સુખમાં એ અજ્ઞાની. ચાહે તો પંચ મહાવ્રત પાળે, આહાહા..! નગ્ન મુનિ હો, જંગલમાં વસે, પણ ઈન્દ્રિયસુખમાં વ્યાકુળ છે. આહાહા..! કેમકે જેણે આત્માના આનંદના સુખને તો જોયું નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જોઈએ એ તો છે નહિ. આહાહા..! અને આ વ્યવહાર ક્રિયાકાંડમાં ઊભો હોય, તો કહે છે કે ઈન્દ્રિયના સુખમાં એ આકુળતામાં પડ્યો છે એમ કહે છે. એને રાગનો જ અનુભવ છે. આત્માના આનંદનો અનુભવ નથી. આહાહા..!

'**इंदियसुआउला ण छिंदंति**' લ્યો! '**ઉનકો યહ ધર્મ-શુક્લધ્યાન નહીં હોતા હૈ. વે તો સંસારરૂપી વૃક્ષકો કાટનેમેં સમર્થ નહીં હૈ,...**' જેને આત્માના આનંદનું ધ્યાન નથી, આત્માના આનંદનું સમકિત નથી, આત્માના આનંદનું અંતર સ્વસન્મુખનું સ્વસંવેદનજ્ઞાન નથી અને એ સ્વરૂપમાં આનંદની રમણતા નથી, એવા જીવો પંચ મહાવ્રત આદિ ક્રિયા કરીને સંસારને નહિ છેદી શકે, એ સંસારને નહિ કાપી શકે. આહાહા..! સ્વસન્મુખના આત્માના આનંદનું સમકિત થયું નથી, સ્વસ્વભાવના આનંદનું જેને જ્ઞાન થયું નથી અને એમાં રમણતારૂપ લીનતા ચારિત્ર થયું નથી, એ બાહ્ય ક્રિયાકાંડ કરે,

અઠ્યાવીશ મૂળગુણ પાળે, પંચ મહાવ્રત પાળે, નગ્નપણું લે, મહિના મહિનાના અપવાસ કરે, એ સંસારને નહિ છેદી શકે. કારણ કે એ પોતે રાગભાવ પોતે સંસાર છે. આહાહા..!

**'ઔર જો ભાવલિંગી શ્રમણ હૈં,...'** આહાહા..! સાંભળ્યું પણ ન હોય એ સમકિત શું છે? આ તો દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, નવ તત્ત્વને માનો એ સમકિત છે. હવે ચારિત્ર લ્યો. ધૂળેય નથી હવે સાંભળને. એવા નવના વ્યવહારરૂપ શ્રદ્ધાને અભવિ પણ કરે છે એને. દેવ-ગુરુ-શાસ્ત્રની પરદ્રવ્યની શ્રદ્ધા તો અભવિ પણ કરે છે. એમાં ક્યાંથી આવ્યું સમકિત? આહાહા..! કહે છે, ભાવલિંગી. ગુણને લિંગ કહે છે ને. ભાઈ! પ્રવચનસારમાં આવે છે. લિંગ.. લિંગ. જીવનો જ્ઞાનગુણ એ એનું લિંગ છે. લિંગથી એ જણાય એમ. ભાવલિંગ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એના જે લિંગ છે એનાથી જેણે આત્માને જાણ્યો, અનુભવ્યો છે તેને અહીંયાં ભાવલિંગી કહેવામાં આવે છે. આહાહા..! માણસોને એવું લાગે કે આ તો નિશ્ચયની વાત છે. નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે આરોપિત ઉપચાર. એમાં કોઈ છે નહિ. લૌકિક કથન છે.

**'ભાવલિંગી...'** જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ગુણની પર્યાય પ્રગટ થઈ છે એવા લિંગને ધરનારો લિંગી કહેવામાં આવે છે. ભાવલિંગી. આહાહા..! એ મહાવ્રત આદિના પરિણામને ધારતો નથી. હો, પણ એને ધારતો નથી. આહાહા..! આવી વાતું! અહીં તો થોડું બાયડી-છોકરા છોડે અને લઈ લે દીક્ષા, થઈ ગયા સાધુ.

શ્રોતા :- .. સંસાર છોડ્યો એ ...

ઉત્તર :- સંસાર કોને કહેવો એની ખબર નથી એને. એ દયા, દાન, વ્રતના ભાવ એ સંસાર છે. એને પોતાના માનવા અને લાભ માનવો એ ભાવ સંસાર છે. એ સંસાર તો છોડ્યો નથી. સ્વભાવમાંથી સંસરણ—ખસીને વિકારના પુણ્યના પરિણામમાં આવ્યો એ સંસાર છે. આહાહા..!

શ્રોતા :- છ કાયનો કૂટો...

ઉત્તર :- છ કાયનો કૂટો, એનો આત્મા કૂટો નથી થાતો ત્યાં? છ કાયનો કૂટો કોણ કરે? એય..! શાંતિભાઈ! આ બધું શાંતિભાઈએ કરેલું એવું બધું. છકાયના કૂટા ન કરવા, ફલાણું કરવું. લ્યો ભાઈ તમારી સાથે પછી બધાને નાખ્યા હોં. તમને એકલાને નહિ. આ તો જેની વાત થાય એને મોઢા આગળ બોલાયને. આહાહા..! ..બહેનને એમ કહેતા હતા કે છ કાયના કૂટામાં એને રાંધવું નહિ. કારણ કે એમાં હિંસા થાય. રાંધવાનું બંધ કર્યું. એવું બહારની વાતુંમાં રહીને બિચારા...

શ્રોતા :- દળવું નહિ.

ઉત્તર :- દળવું નહિ, પાણી ભરવા નહિ, આ ન કરવું. એ બધા લ્યો તમારે છ કાયના કૂટાથી નિવૃત્ત. છ કાયના કૂટામાં તારો જીવ નથી એક? જીવના રાગની ક્રિયા કરે અને માને ધર્મ એ તો છ કાયના કૂટામાં આત્માનો કૂટો કર્યો. આહાહા..! પોતાના આત્માની રાગ ઉત્પન્ન કરીને હિંસા કરી. ચાહે

તો શુભરાગ હો દયા, દાન, વ્રતનો, પણ એ રાગ હિંસા છે. આ તો વીતરાગ માર્ગ છે. આહાહા..! પોતાના સ્વરૂપની હિંસા થાય છે ત્યાં. એ તો એની ખબર ન મળે. બહારના આ છોડ્યા, ફલાણું છોડ્યું, ઢીંકણું છોડ્યું.

'**ભાવલિંગી શ્રમણ હૈં, વે ધ્યાનરૂપી કુહાડેસે સંસારરૂપી વૃક્ષકો કાટતે હૈં.** ' આહાહા..! લ્યો આ ભાવલિંગી સાધુ. આ તો એનું સ્વરૂપ બતાવે છે. સમજાણું કાંઈ? ધ્યાનરૂપી કુહાડો-કુઠાર. આત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર અનંત ધર્મ સ્વરૂપ એનું ધ્યાન (એટલે કે) એને ધ્યેય બનાવીને તેમાં લીનતા. રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ રાગથી ભિન્ન પડીને એવું જે ધ્યાન એ રૂપી કુહાડો. '**સંસારરૂપી વૃક્ષ...**' એ રાગરૂપી ઉદયભાવ એને છેદે છે. રાગરૂપી સંસાર એને આ ધ્યાનરૂપી કુહાડાથી મુનિ છેદે છે.

'**ભાવાર્થ :- જો મુનિ દ્રવ્યલિંગ તો ધારણ કરતે હૈં,...** ' નગ્નપણું એ દ્રવ્યલિંગ હોં! વસ્ત્રસહિત એ તો દ્રવ્યલિંગ પણ નહિ. જે વસ્ત્રસહિત સાધુ થાય એ તો દ્રવ્યલિંગ પણ નહિ અને ભાવલિંગ પણ નહિ-બેય નહિ. પણ વસ્ત્રરહિત થઈને નગ્નપણું ધારણ કરે, આ પંચ મહાવ્રત ધારણ કરે, '**પરંતુ ઉનકો પરમાર્થ-સુખકા અનુભવ નહીં હુઆ હૈ.**' લ્યો! પણ પરમાર્થ આત્મા એનો આનંદનો સ્વાદ આવ્યો નહિ એને. '**ઉનકો પરમાર્થ-સુખકા અનુભવ નહીં હુઆ હૈ.**' આહાહા..! ત્યારે વળી એમ કેટલાક કહે કે એ વળી આપણને શી ખબર પડે? કે એને પરમાર્થ સુખનો અનુભવ નથી. આ કરે છે એનાથી ઓળખો સાધુને. આહાહા..! બચાવ... બચાવ... બચાવ... બચાવ કરવા. એના લક્ષણમાં બધું જણાય. એની પ્રરૂપણા, એનું આચરણ, એનું જોર ક્યાં જાય છે. આનંદની દૃષ્ટિમાં જોર ન જતાં રાગની ક્રિયામાં જોર જાય છે એ આનંદનું એને ભાન નથી. આહાહા..!

'**ઈસલિયે ઈહલોક પરલોકમેં ઈન્દ્રિયોંકે સુખ હી કો ચાહતે હૈં,...**' લ્યો! અવ્યક્તપણે. ભલે આમ ઈન્દ્રિયના વિષય (છોડ્યા), પણ જેને રાગની એકતા છે અને પુણ્યભાવમાં જે પડ્યો છે એ આલોક અને પરલોકના ઈન્દ્રિયના વિષયની ચાહનામાં છે. કેમકે આત્માના આનંદના સ્વભાવની તો ખબર નથી, સમ્યગ્દર્શન તો છે નહિ, સમ્યગ્જ્ઞાન નથી, સમ્યક્ચારિત્ર નથી. જે આત્માને અવલંબે, આનંદને અવલંબે, આનંદવાળો આત્મા એવું ભાન, આનંદવાળો આત્મા એવી શ્રદ્ધા, આનંદસ્વરૂપ એવી રમણતા, એ મોક્ષનો માર્ગ એ તો છે નહિ. પરને આશ્રયે પંચ મહાવ્રત ને આ સમિતી જોઈને ચાલવું, આમ ખાવું, નિર્દોષ આહાર લેવા. એ પણ ક્યાં ઠેકાણા છે નિર્દોષના અત્યારે?

શ્રોતા :- ...

ઉત્તર :- શું કહે છે? એ હશે છેલ્લે. છેલ્લે એક સાધુ, એક સાધ્વી બતાવ્યા છેલ્લે. એ કેવું પણ? હંસલા કહ્યા હોય પણ હંસલા દેખાય નહિ તો કાંઈ બગલાને હંસલા મનાય? કહ્યું છે કે ભાઈ ભરતક્ષેત્રમાં હંસલા છે. પણ હંસલા દેખાય નહિ એટલે? એ બધું સારું લાગે બહારનું. આહાહા..!

કહે છે કે જેને પરમાર્થ સુખનો અનુભવ નથી થયો. આહાહા..! એને વિષયસુખની વાસના ટળી જ નથી કહે છે, ભલે એ રાગ પુણ્ય કરતો હોય, પંચ મહાવ્રત પાળતો હોય. કારણ કે આ બાજુના આનંદની ખબર નથી એટલે પરમા આનંદ માન્યા વિના રહે નહિ. આહાહા..! અરે..! એવા મુનિપણાને પ્રાપ્ત અત્યારે નમૂનો દેખાવો કઠણ છે. એવો કાળ, એવો કાળ. આહાહા..! જેને હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી.

અહીં તો કહે છે કે '**પરમાર્થ-સુખકા અનુભવ નહીં હુઆ હૈ,...**' અતીન્દ્રિય સુખસ્વરૂપ ભગવાન આત્મા એનો તો અનુભવ નથી. નિશ્ચય સમ્યગ્દર્શન જે કહીએ, સાચું સમકિત કહીએ એ તો અતીન્દ્રિયસુખના અનુભવવાળી પ્રતીત કહીએ... આહાહા..! એ તો નથી. પછી '**ઇહલોક પરલોકમેં ઇન્દ્રિયોંકે સુખ હી કો ચાહતે હૈં,...**' એનો ઉત્સાહ રાગમાં જ જાય. સ્વભાવ સન્મુખનો આનંદ તો જાણ્યો નથી એટલે પરસન્મુખમાં એનો ઉલ્લાસ જાય. એટલે એ આલોક અને પરલોકના સુખની જ વાંછા કરે છે એમ કહે છે. આહાહા..!

'**તપશ્ચરણાદિક ભી ઈસી અભિલાષાસે કરતે હૈં...** ' આહાહા..! એ અપવાસ ને મહિના મહિનાના સંથારા, રસનો ત્યાગ ને એ બધી, આત્મા આનંદ સ્વરૂપના ઘર તો જોયા નથી એથી બાહ્ય રાગાદિની ક્રિયામાં બધું માને. એ બધી '**તપશ્ચરણાદિક ભી ઈસી અભિલાષાસે કરતે હૈં,...** ' એટલે રાગની ભાવનાથી કરે છે એમ કહે છે. એને રાગની ભાવના છે. આહાહા..! નિર્વિકલ્પ ભગવાન આત્મા એના આનંદની ખબર નથી, અનુભવ નથી. એથી એ તપસ્યાદિમાં પણ રાગની અભિલાષાથી જ તપસ્યા કરે છે. જે અનુભવ્યું છે તેને અનુભવવાને માટે તપસ્યા કરે છે એમ કહે છે. રાગને અનુભવ્યો અને રાગને માટે તપસ્યા કરે છે. આહાહા..! તંબોળી! એ તો બધી નિશ્ચયની વાત છે કહે છે લ્યો!

શ્રોતા :- નિશ્ચયની જ વાત છે ને.

ઉત્તર :- નિશ્ચયની વાત એટલે એ તો ઊંચા દરજ્જાવાળાનું કામ છે. અત્યારે અમારે શું કરવું? ભાઈ! આ તો નીચલા દરજ્જાની વાત છે. જેને ધર્મનો દરજ્જો પ્રગટ કરવો હોય એણે આત્માના ધ્યાનમાં જાવું પડશે. આહાહા..! એને આત્માની સન્મુખ થવું પડશે. અને આત્માના સન્મુખના આનંદના ભાન વિના રાગની સન્મુખતામાં અને સ્વભાવની વિમુખતામાં જે કાંઈ અપવાસ, ત્યાગાદિ કરે એને રાગની જ, ઇન્દ્રિયના વિષયની જ અભિલાષા છે. કારણ કે જે અનુભવ્યું તેનો એને ભાવ છે. જે નથી અનુભવ્યો એનો ભાવ ક્યાંથી આવે એને? આહાહા..!

'**ઉનકો ધર્મ-શુક્લ ધ્યાન કૈસે હો? અર્થાત્ નહીં હોતા હૈ. જિનને પરમાર્થ સુખકા આસ્વાદ લિયા...**' જેણે આત્માના આનંદનો સ્વાદ લીધો. આહાહા..! કેવી વાત નાખી છે! '**ઉનકો ઇન્દ્રિયસુખ દુઃખ હી હૈ...**' એને ઇન્દ્રિયનું સુખ (એ) દુઃખ લાગે. આહાહા..! '**ઐસા સ્પષ્ટ ભાસિત હોતા હૈ, અતઃ પરમાર્થ સુખકા ઉપાય ધર્મ-શુક્લ ધ્યાન હૈ ઉસકો કરકે વે**

**સંસારકા અભાવ કરતે હૈં, ઈસલિયે ભાવલિંગી હોકર ધ્યાનકા અભ્યાસ કરના ચાહિયે.** ' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામીને પણ પાછું આત્માનું ધ્યાન કરવું. એનો અભ્યાસ કરવો. આ કરવા જેવું છે. ત્યારે તેને મોક્ષ થાય, નહિતર મોક્ષ થાય નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ વદ ૨, ગુરુવાર તા. ૦૬-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૨૨ થી ૧૨૫, પ્રવચન - ૧૬૬**

ભાવપાહુડ. ૧૨૨માં એમ કહ્યું. ભાવપાહુડ છે ને. જેને ઈન્દ્રિયસુખની આકુળતા છે એ આત્મા તરફનું ધ્યાન નહિ કરી શકે. અને એના વિના સંસારનો નાશ થઈ શકશે નહિ. પાંચેય ઈન્દ્રિય તરફની સુખની બુદ્ધિ જ્યાં છે જેને, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પાંચેય તરફની જેને સુખબુદ્ધિની આકુળતા છે એ '**ण छिंदंति**' સંસાર એ છેદી નહિ શકે. '**छिंदंति भावसवणा**' સમ્યગ્દૃષ્ટિ જીવ ભાવ જિન સમ્યક્ જેને સુખબુદ્ધિ આત્મામાં થઈ છે, આત્મામાં આનંદ અને સુખ છે એવું જેને અંતર ભાન થયું એ સ્વરૂપના ધ્યાનરૂપી કુઠારથી સંસારનો છેદ કરશે. આવી વાત છે. કેમકે જેને કંઈ પણ પાંચ ઈન્દ્રિયોમાં પ્રીતિ ને રુચિ, સુખબુદ્ધિ રહે એ અંતરમાં નહિ જઈ શકે. આત્મા અનાકુળ આનંદસ્વરૂપ છે. જેને આબરૂમાં પ્રેમ છે, રૂપમાં રસ છે, ગંધમાં જેની લીનતા એકાગ્રતા છે, સ્પર્શમાં જે એકલો મગન થઈ ગયો છે એને ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ અણીન્દ્રિય એની એને દૃષ્ટિ અને ધ્યાન નહિ થઈ શકે. કહો, સમજાણું કાંઈ?

'**આગે ઈસ હી અર્થકો દૃષ્ટાંત દ્વારા દૃઢ કરતે હૈં :—**'

**जह दीवो गब्भहरे मारुयबाहाविवज्जिओ जलइ।**
**तह रायाणिलरहिओ झाणपईवो वि पज्जलइ।।१२३।।**

'**અર્થ :- જૈસે દીપક ગર્ભગૃહ...**' ગર્ભગૃહ એટલે પવન વિનાનો કોઈ અંદર ગભારો આદિ હોય, જેમાં દીવો મૂકે તો પવન આવે નહિ. એ '**ગર્ભગૃહ અર્થાત્ જહાં પવનકા સંચાર નહીં હૈ ઐસે મધ્યકે ઘરમેં...**' મધ્ય ઘરમાં હોય. પાંચ-દસ ઘર હોય એમાં મધ્યના ઘરમાં મૂકે. ત્યાં પવન આવવાનો પ્રસંગ ન હોય. '**ઐસે મધ્યકે ઘરમેં પવનકી બાધારહિત નિશ્ચલ હોકર જલતા હૈ (પ્રકાશ કરતા હૈ),...**' નિશ્ચળ નામ હલ્યા વિના જળે અંદર. પવન નથી એટલે હલતો નથી.

'**વૈસે હી...**' એ તો દૃષ્ટાંત થયો. '**અંતરંગ મનમેં રાગરૂપી પવનસે રહિત...**' અંતરંગ મનમાં

જેને પરપદાર્થ પ્રત્યે પ્રેમ છે એ અંદરમાં સ્વભાવની દૃષ્ટિ નહિ કરી શકે. પણ જેણે પરપદાર્થ પ્રત્યે પ્રેમ નથી, આસક્તિ હો, પણ રસ નથી સમજાણું કાંઈ? પરપદાર્થ પ્રત્યે સુખબુદ્ધિ ઊડી ગઈ છે, એ **'રાગરૂપી પવનસે રહિત...'** જેને પર તરફના પ્રેમનો રાગ-રુચિ ખસી ગઈ છે એને આત્મા તરફના ધ્યાનમાં એને રાગરૂપી પવન ઝકોર મારે એવું એને રહેતું નથી. આ તો ભાવપાહુડ અધિકાર છે ને. રાગરૂપી ભાવ પર તરફના વલણવાળો રહે, રુચિ, તો અંતર આત્માના સ્વભાવમાં એ નહિ જઈ શકે. એને આત્મામાં આનંદ છે એવી બુદ્ધિ નહિ થાય. આહાહા..! અને જેને રાગરૂપી પવન અટકી ગયો છે એને અંતર આનંદના સ્વરૂપમાં ધ્યાનમાં લીન થવાનો એને પ્રસંગ છે. આહાહા..! ચૈતન્યસ્વરૂપ તો ભગવાન બિરાજે છે, મોજૂદ છે, પણ રાગની પર તરફના વલણમાં ઝુકાવનો જે રાગ, એનો જે પ્રેમ એ અંદરના સ્વભાવ તરફ જવા નથી દેતો. પણ જેને એ રાગનો પ્રેમ-રાગનો રાગ છૂટી ગયો છે. રાગ ભલે હો, પણ રાગનો રાગ છૂટી ગયો છે. આહાહા..!

એને **'પવનકી બાધારહિત નિશ્ચલ હોકર જલતા હૈ...'** પ્રકાશ કરે. આત્મા ઝળહળ જ્યોતિ ચૈતન્યબિંબ પ્રભુ, જેને રાગરૂપી પવનની બાધા નથી એને અંતર ધ્યાનમાં નિશ્ચળરૂપે જ્ઞાન પ્રકાશ કરે છે. ભારે વાતું ભાઈ આ. આહાહા..! કેમકે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે આત્મા તરફની ધ્યાનની જ અવસ્થા છે. આત્મા તરફની એકાગ્રતાની એ ત્રણ અવસ્થા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે આમ દેવ-ગુરુ-શાસ્ત્ર માને એમ નહિ. પૂર્ણાનંદનો નાથ પ્રભુ જેમાં એને પ્રીતિના પ્રેમમાં એકાગ્રતા થઈ ગઈ છે, અતીન્દ્રિય આનંદમાં જેની લહેર જેની દોરાઈ ગઈ છે અંદર. આહાહા..! પરિણતિની ધારા જેના આનંદમાં વળી ગઈ છે. આહાહા..! એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ધ્યાન અવસ્થા પ્રકાશે. ઠેઠ વાત લીધી છે અહીં. આહાહા..! મોક્ષનો માર્ગ જ ધ્યાન છે. સંસારનો માર્ગ એ ધ્યાન છે (પણ) આર્તધ્યાન અને રૌદ્રધ્યાન. આહાહા..! આ તો ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદસ્વરૂપ (એનું ધ્યાન).

**'નિશ્ચલ હોકર જાનતા હૈ (પ્રકાશ કરતા હૈ), વૈસે હી અંતરંગ મનમેં રાગરૂપી પવનસે રહિત...'** રાગ તો હોય, દસમા ગુણસ્થાન સુધી હોય. પણ અહીં તો રાગનો રસ જે છે રુચિ એની વાત છે. આહાહા..! રાગની રુચિ છે જેને, એને આત્માની રુચિનું ધ્યાન નહિ થઈ શકે એમ કહે છે. જેને અંદર રાગ, શુભરાગ પણ પોષાય છે, પોસાણમાં છે, લાભમાં ખતવે છે એને અહીંયાં રાગ કહેવામાં આવે છે. આવો માર્ગ! **'ધ્યાનરૂપી દીપક ભી જલતા હૈ, એકાગ્ર હોકર ઠહરતા હૈ,...'** આહાહા..! વિકલ્પનો જે રાગ છે એનો જ્યાં પ્રેમ નથી, એને અંતરમાં નિર્વિકલ્પ ધ્યાન એકાગ્રતાથી થઈ શકે છે. જુઓ આ માર્ગ! આ વીતરાગ માર્ગ. વીતરાગ એટલે રાગની રુચિ વિનાનો, આત્માના સ્વભાવની એકાગ્રતાનું ધ્યાન એ વીતરાગમાર્ગ છે. આહાહા..!

**'આત્મસ્વરૂપકો પ્રકાશિત કરતા હૈ. '** ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એના તરફના ઝુકાવથી એકાગ્રતા એને ચૈતન્યનો, શાંતિનો, આનંદનો, જ્ઞાનનો પ્રકાશ ભાવ થાય છે. એ પ્રકાશ ચૈતન્યનો વધે

છે એને, કહે છે. પર્યાયની વાત છે. સમજાણું કાંઈ? આવું ભાઈ અમે ક્યાં કરીએ? માણસ કહે છે. અમે તો ગૃહસ્થ છીએ. અમારે ગૃહસ્થી... તું ગૃહસ્થ છો જ નહિ. ગૃહસ્થ ને સાધુ એ બધી પર્યાયના ભેદ છે, વસ્તુમાં એ છે જ નહિ. આહાહા..! વસ્તુ તો ચૈતન્યમૂર્તિ ધ્રુવ એકરૂપ સ્વભાવે બિરાજમાન પ્રભુ, એમાં એકાગ્ર થવું એ પર્યાય છે. એ ધ્રુવમાં ધ્યાન કરીને એકાગ્ર થવું એનું નામ મોક્ષનો માર્ગ છે, એ પોતાની પર્યાયને પ્રકાશે છે. આહાહા..! આ છ કાયની દયા પાળવી, વ્રત પાળવા એવું હોય તો કરી શકીએ લ્યો. ભાઈ! તું આત્મા નથી પ્રભુ? તારો સ્વભાવ પરમાનંદ પ્રભુ ચૈતન્યચમત્કારના ભાવથી ભરેલો એ ભગવાન પ્રભુ પોતે તું નથી જીવ? એ જીવનું ધ્યાન કરવું. જેને રાગનું ધ્યાન જાય એને ચૈતન્યનું ધ્યાન થાય એમ કહે છે. લ્યો, આટલામાં મોક્ષનો માર્ગ સમાડી દીધો. સાધારણ પ્રાણી કહે, ભાઈ અમારે મગજ ન મળે, જાણપણા બહુ ન મળે. અહીં જાણપણાનું શું કામ છે? આત્મા આવો પૂર્ણાનંદ સ્વરૂપ છે એને રાગના પ્રેમથી જુદો પાડીને સ્વરૂપની દૃષ્ટિ કરીને એકાગ્ર થવું, એ તો આઠ વર્ષનું બાળક અને પશુ પણ કરી શકે છે. આહાહા..!

શ્રોતા :- ચોથા આરાની વાત છે.

ઉત્તર :- આરાની વાત જ નથી. આત્માની વાત છે અહીં તો. આરો-ફારો અહીં છે જ નહિ. કહો, પંડિતજી! આહાહા..! આરો આરાને ઘરે રહી ગયો. આત્મામાં એ આરો છે જ નહિ. ચોથો આરો ને પાંચમો આરો. આહાહા..!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ શાશ્વત જેની હયાતી, જ્ઞાન અને આનંદવાળી જેની હયાતી છે એને આરા ક્યા? ચોથે આરે પણ સાતમી નરકે જનારા હતા, પાંચમે આરે પણ સમકિતી એકાવતારી થઈ શકે છે. એને આરાનું શું કામ છે અહીં? આહાહા..! મહાવિદેહમાં પણ સાતમી નરકે જનારા છે. એ આરો ને કાળ ને ક્ષેત્ર ક્યાં નડે છે એને? જે કોઈ સ્વરૂપ આત્માનું શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એનું જાણપણું કરીને પછી તે તરફના ધ્યાનમાં ઠરે છે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પ્રકાશ થાય છે. એને મોક્ષમાર્ગની વાનગી—ઝળક આવે છે અંદર. આહાહા..! આવો માર્ગ છે.

'**ભાવાર્થ :- પહિલે કહા થા કિ જો ઇન્દ્રિયસુખસે વ્યાકુલ હૈં, ઉનકે શુભધ્યાન નહીં હોતા હૈ,...**' જેને પાંચ ઇન્દ્રિય તરફના વલણવાળા ભાવમાં પ્રીતિ છે એ શુભધ્યાન નહિ કરી શકે. અંતરના સ્વરૂપમાં સ્થિર, ધીર, વીર તરીકે અંદરમાં એકાગ્ર થવું એ આવા ઇન્દ્રિય સુખના લોલુપીઓ નહિ જઈ શકે, કરી નહિ શકે. આહાહા..! અને એવા ઇન્દ્રિયના સુખો તો અનંતવાર ઝેરના પ્યાલા એણે પીધા છે. અનંત વાર (પીધા) તોપણ એને કાંઈ સંતોષ તો થયો નહિ. અગ્નિમાં ગમે તેટલા લાકડા નાખે તો કાંઈ અગ્નિ શાંત થાય? એ તો જલે. એમ વિષયોની વાસના ગમે તેટલી કરે તો જળે અને બળે જ એ તો, વધે. આહાહા..! એ વિષયસુખના, વિષય શબ્દે સ્પર્શનો વિષય એકલો એમ નહિ. આબરૂ સાંભળીને પણ જેને આમ ઠીકબુદ્ધિ થાય છે એ વિષય છે. આહાહા..! જેને મોટપ કોઈ કહે ત્યારે એને

મગજમાં ઠીક પડે છે, એ ઇન્દ્રિયના વિષયનો લોલુપી છે ઇ. આહાહા..! એમ રૂપ દેખીને સ્ત્રીનું કે શરીરનું કોઈનું સુંદર રૂપ દેખીને જ્યાં લલચાણો છે રાગથી, એ પણ ઇન્દ્રિયના વિષયમાં લોલુપ થઈ ગયો છે. ભગવાન આત્માનું આનંદરૂપ એને એ જોવાને, જાણવાને, ઠરવાને લાયક નથી. એમ ગંધ, રસ ને સ્પર્શ. સારા સારા માખણ ને એવી ચીજો ખાતા એને અંદર રસ આવે રસ. એના તરફના વલણમાં મીઠાશ આવે. ભાઈ! એ રાગની મીઠાશ છે. એ મીઠાશવાળાને ઇન્દ્રિયના વિષયની આકુળતા છે. આહાહા..!

'**પહિલે કહા થા કિ જો ઇન્દ્રિય સુખસે વ્યાકુલ હૈં, ઉનકે શુભધ્યાન નહીં હોતા હૈ, ઉસકા યહ દીપકકા દૃષ્ટાંત હૈ—જહાં ઇન્દ્રિયોંકે સુખમેં જો રાગ વહ હી હુઆ પવન...** ' ઇન્દ્રિયોના સુખમાં જે રાગ '**વહ હી હુઆ પવન...**' એમ. આહાહા..! બહારના કોઈપણ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એમાં જ્યાં રાગમાં રસ અને પ્રીતિ જામે એને તો આત્માનું ભાન નહિ થઈ શકે. સમજાણું કાંઈ? વિષયો છોડે એ નહિ, એ તો છૂટેલા જ પડ્યા છે, પણ એના પ્રત્યેનો રાગનો રસ છે એ છોડ્યા વિના આત્મા તરફનું વલણ નહિ થઈ શકે. આહાહા..!

'**ઇન્દ્રિયોંકે સુખમેં જો રાગ વહ હી હુઆ પવન, વહ વિદ્યમાન હૈ,...**' પાંચેય ઇન્દ્રિયોના વલણમાં રાગની હયાતી જેને છે પ્રેમ—રુચિ, '**ઉનકે ધ્યાનરૂપી દીપક કૈસે નિર્બાધ ઉદ્યોત કરે?**' આહાહા..! '**અર્થાત્ ન કરે ઔર જિનકે યહ રાગરૂપી પવન બાધા ન કરે ઉનકે ધ્યાનરૂપી દીપક નિશ્ચલ ઠહરતા હૈ.**' મૂળ તો મોક્ષમાર્ગ ધ્યાન છે એમ કહેવું છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ધ્યાવો.' ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ એનું ધ્યાન કરવું એ જ મોક્ષનો માર્ગ છે. બાકી બધા વિકલ્પો શુભ-અશુભ છે એ બધા સંસાર માર્ગ અને સંસારરૂપ છે. આહાહા..!

કાલે આવ્યું હતું નહિ? કે સમકિતીની અને મિથ્યાત્વીની ક્રિયા તો એકસરખી દેખાય બાહ્ય. એકસરખી શું, પણ એથી વિશેષ દેખાય. સમ્યગ્દૃષ્ટિને છન્નું હજાર સ્ત્રીનો સંયોગ દેખાય. મિથ્યાદૃષ્ટિને એક પણ સ્ત્રીનો સંયોગ ન હોય લ્યો. બ્રહ્મચારી હોય. એથી શું? અંદરમાં રાગના રસ જેને પડ્યા છે અંદર એ બધો ધર્મનો ત્યાગી છે. રાગનો રસ છોડ્યો અને સ્વભાવનો રસ પ્રગટ કર્યો એ મિથ્યાત્વ ને બધા કષાયનો એ ત્યાગી છે. આવી વાત! સમ્યગ્દર્શન-જ્ઞાન એ છે. '**झाणे पाउणदि जं मुणी णियमा**' '**दुविहं पि मोक्खहेउं**' એ આત્મા આનંદસ્વરૂપ તેના અંતરમાં ઝુકાવથી તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પમાય છે. જેને રાગમાં રસ પડ્યો છે એ અંતરમાં કેમ જઈ શકશે? આહાહા..! આવી વાતું લાગે માણસને. આ તો કહે, ભાઈ આવું હશે આઠમે, દસમે. અહીં તો ચોથા ગુણસ્થાનથી વાત ચાલે છે. સમજાણું કાંઈ?

આમ જે ધ્યાન જામ્યું છે રાગ આર્ત અને રૌદ્રધ્યાનમાં, એને છોડીને આત્મામાં જાવું એને અહીંયા

ધર્મધ્યાન અને મોક્ષનો માર્ગ કહે છે. કહો, અહીં આવા મંદિર બનાવ્યા ને આ બધા પરમાગમ ૨૪-૨૪ લાખના મંદિર બને માટે મોક્ષમાર્ગ છે એમ નથી એમ કહે છે અહીં. એય..! એ વખતનો શુભભાવ હોય તો પુણ્યબંધનું કારણ છે બસ. પરદ્રવ્ય તરફ. આહાહા..!

શ્રોતા :- એ શુભભાવ હોય તો એમાં..

ઉત્તર :- તો. એ તો શરત. નહિતર માન માટે હોય કે અમે કર્યા... અમે કર્યા... જુઓ અમારી હયાતીમાં થયું. જુઓ, અહીં નહિતર થાત? એ બધા અભિમાન છે.

શ્રોતા :- ...

ઉત્તર :- એ ખોટી વાત છે. ઓલા દરબાર કહેતા. કયું ગામ? પાંચવડાના. પાંચવડાના દરબાર હતા ને એક? આપણે આવતા અહીં. ગુજરી ગયા બિચારા. જુઓ! મહારાજ! આ સોનગઢમાં તમે આવ્યા તો આ બધું થયું. મેં કીધું, એ થવાનું હતું એ થયું, અમારાથી થયું નથી. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- શું કહ્યું? આહાહા..! અરે..! જ્ઞાનભાવ તે શું કરે? ચૈતન્યસ્વભાવ, જ્ઞાનભાવ એ શું કરે? શું પરને કરે? પરને ચણે? પરની મોટપમાં પોતે ખુશી માને? આહાહા..! એવી વાત ઝીણી બહુ.

ચૈતન્યસ્વભાવ જ્ઞાન અને આનંદ જેનું સ્વરૂપ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ એને રાગનો પ્રેમ ને રાગની રુચિ રહેતી નથી. આસક્તિ હોય એ જુદી વાત છે. સમજાણું કાંઈ? આસક્તિ ને રસ બે જુદી ચીજ છે. રાગનો રસ એ મિથ્યાત્વભાવ છે અને રાગની આસક્તિ એ ચારિત્રદોષ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ કહે કોણ? .. માણસ કહે. છતાં અમે આ કરીએ છીએ સામાયિક, પોષા, પડિક્કમણા. ધૂળેય નથી સામાયિક, પોષા, પડિક્કમણા. રાગની ક્રિયા છે. રાગ જો કરતો હોય શુભ તો. પુણ્યભાવ છે મિથ્યાત્વસહિત. મિથ્યાત્વનું તો લાકડું મોટું પડ્યું છે. આહાહા..! જેને રાગનો રસ છે એને મિથ્યાત્વ તો પડ્યું છે. તારી કઈ ક્રિયા એમાં ગણતરીમાં આવે? '**નિશ્ચલ ઠહરતા હૈ.**' લ્યો!

'**આગે કહતે હૈં કિ ધ્યાનમેં જો પરમાર્થ ધ્યેય શુદ્ધ આત્માકા સ્વરૂપ હૈ...**' મૂળ તો ધ્યેય-ધ્યાનમાં શુદ્ધ સ્વરૂપ છે પણ '**ઉસ આરાધનામેં નાયક (પ્રધાન) પંચ પરમેષ્ઠી હૈં, ઉનકા ધ્યાન કરનેકા ઉપદેશ કરતે હૈં :—**' બેયના ધ્યાનનો ઉપદેશ છે. પોતાના શુદ્ધ સ્વરૂપનો પણ અને એમાં ન રહી શકે તો પંચ પરમેષ્ઠીનું.

झायहि पंच वि गुरवे मंगलचउसरणलोयपरियरिए।
णरसुरखेयरमहिए आराहणणायगे वीरे।।१२४।।

'**અર્થ :- હે મુને! તું પંચ ગુરુ અર્થાત્ પંચ પરમેષ્ઠીકા ધ્યાન કર.**' અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ ધર્માત્મા એ પૂર્ણ થયેલા તે અરિહંત ને સિદ્ધ. સાધકપણે બિરાજમાન તે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. શુદ્ધ આત્માના આનંદસ્વરૂપના આરાધક... આહાહા..! એનું ધ્યાન કર કે ઓહો..!

કેવી એની દશા છે! 'યહાં 'અપિ' શબ્દ શુદ્ધાત્મ સ્વરૂપકે ધ્યાનકો સૂચિત કરતા હૈ.' અને એ પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ જ તારું છે અંદર એનું ધ્યાન કર. આહાહા..! 'અપિ' શબ્દ છે ને? 'पंच वि' એમ કે આ ને આ. એમ બે. 'पंच वि' અને આત્મા શુદ્ધાત્મા. આહાહા..!

શુદ્ધાત્મા, ઓલો કહે દેખાય નહિ, દેખાય નહિ પણ તેં દેખવાનો પ્રયત્ન કે દિ' કર્યો છે તો દેખાય નહિ? સમજાણું કાંઈ? વસ્તુ મોજૂદ છે એના તરફના જોવાના ધ્યાન વિના એ જોવાય શી રીતે? એ જોવા જાય પર એકલું શબ્દ, રૂપ, રસ, ગંધને. એમાં જોવામાં આ ક્યાં મળે? શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એને જાણવા જાય, એમાં રોકાય, એમાં આ ક્યાં મળે ત્યાં? એ તો પાંચ શબ્દ, રૂપ, રસ, ગંધ અને એના પ્રત્યેનો રાગ એ વિનાની ચીજ છે એ તો. એથી કહે છે કે '**તૂ પંચ ગુરુ અર્થાત્ પંચપરમેષ્ઠીકા ધ્યાન કર. યહાં 'અપિ' શબ્દ શુદ્ધાત્મ સ્વરૂપકે ધ્યાનકો સૂચિત કરતા હૈ.** ' એ શુદ્ધ સ્વરૂપ પંચપરમેષ્ઠી શુદ્ધ સ્વરૂપ છે અને તારું પણ શુદ્ધ સ્વરૂપ છે અંદર એનું ધ્યાન કર. આહાહા..! જુઓને ભાવપાહુડમાં... અહીં તો મોક્ષનું ભાવપાહુડ છે ને.

'**પંચ પરમેષ્ઠી કૈસે હૈં? મંગલ...**' છે એ. આહા..! છે ને અંદર જુઓને. '**मंगलचउसरणलोयपरियरिए**' '**પાપકે નાશક અથવા સુખદાયક...**' છે. આહાહા..! પંચ પરમેષ્ઠી–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ આત્માની દશાઓ છે બધી. આત્માની પૂર્ણ દશા એ અરિહંત અને સિદ્ધ. સાધક દશા એ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. આહાહા..! '**મંગલ અર્થાત્ પાપકે નાશક...**' 'मंग' છે ને 'मंग' સુખ, 'मंग' એટલે સુખ એમ. પાપને ગાળે. 'मम्' નામ પાપ અને 'गल' નામ ગાળે. અથવા સુખદાયક કીધું પછી. 'मंग'. અસ્તિ–નાસ્તિ કરી. '**ઔર ચઉશરણ અર્થાત્ ચાર શરણ...**' છે એ. અંતરમાં સ્વરૂપ તારું છે એ પંચ પરમેષ્ઠીસ્વરૂપ જ તું છો અંદર. આહાહા..! એ શરણ છે.

'**લોકકે પ્રાણિયોંસે અરહંત, સિદ્ધ, સાધુ, કેવલીપ્રણીત ધર્મ, યે પરિકરિત અર્થાત્ પરિવારિત હૈં—**' લોકના પ્રાણીઓમાં અરિહંત, સિદ્ધ, સાધુ, કેવલીપ્રણી ધર્મ એ સહિત છે. આવો ધર્મસહિત છે તે લોકના પ્રાણીઓમાં ઉત્તમ આ છે એમ કહે છે. લોકના પ્રાણીઓમાં પાંચ પદ છે એ ઉત્તમ છે. '**નર-સૂર-વિદ્યાધર સહિત હૈં, પૂજ્ય હૈં,...**' એ પંચ પરમેષ્ઠી તો મનુષ્યના રાજાઓ, દેવો અને વિદ્યાધર એનાથી પૂજ્ય છે એ તો. ઓહોહો..! '**ઈસલિયે વે લોકોત્તમ કહે જાતે હૈં,...**' મંગળિક, શરણ અને લોકોત્તમ. ઓલા પરિવારસહિત કીધું. પરિવાર (એટલે) એના સહિત છે એમ. આહાહા..! '**આરાધનાકે નાયક હૈં,...**' શુદ્ધ સ્વરૂપને સેવવામાં એ પંચ પરમેષ્ઠી નાયક છે, અગ્રેસર છે. આત્માના શુદ્ધ સ્વરૂપના આરાધનામાં એ અગ્રેસર છે. કોઈ કહે કે આ અરિહંત અને સિદ્ધ તો જૈનના છે. અહીં તો આત્માનો જે સ્વભાવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એના આરાધનારા એને પંચ પરમેષ્ઠી કહે છે.

'**આરાધનાકે નાયક હૈં, વીર હૈં,...**' '**વીરે**' '**કર્મોંકિ જીતનેકો સુભટ હૈં...**' આહાહા..! કર્મ અને અશુદ્ધ ભાવ એને નાશ કરવા માટે સુભટ છે. '**વિશિષ્ટ લક્ષ્મીકો પ્રાપ્ત હૈં...**' ખાસ આનંદ અને જ્ઞાનરૂપી લક્ષ્મી જેને પ્રાપ્ત થઈ છે '**તથા દેતે હૈં.**' બીજાને પણ આપવામાં એ નિમિત્ત છે. આહાહા..! બીજે ક્યાંય અનંત આનંદ અને જ્ઞાનની લક્ષ્મી પ્રાપ્ત જેને નથી એ શું આપે? આહાહા..! '**વિશિષ્ટ લક્ષ્મીકો પ્રાપ્ત હૈં...**' આહાહા..! આ ધૂળની નહિ. વિશિષ્ટ એટલે ખાસ. અનંત આનંદ, અનંત શાંતિ, અનંત જ્ઞાન એવી ખાસ લક્ષ્મી જે આત્માની એને એ પ્રાપ્ત થયેલ પરમાત્મા છે પાંચેય પરમેષ્ઠી અને બીજાને પણ એ દે છે. એ આવ્યું હતું પહેલા. દેવ-દેવ. દેવ દે ધર્મ, અર્થ, કામ, મોક્ષ.

શ્રોતા :- દદાતિ ઈતિ દેવ.

ઉત્તર :- દદાતિ ઈતિ દેવ. નિમિત્તની વાત છે. જેને મળે એને દદાતિ એમ કહેવામાં આવે. કારણ કે એ સમજાવે તો એ (જ) સમજાવે છે ને. કાંઈ બીજું કહે છે એ? એમ. ભાઈ! તારો આત્મા અમારી પર્યાયથી પણ પૂર્ણ પર્યાયનો ધણી છે અંદરમાં. આહાહા..! એવી શુદ્ધતાનો સાગર છે. કેવળજ્ઞાનની લક્ષ્મી પણ જેમાં અનંતી પડી છે. જેને દૃષ્ટિમાં લીધે, એના સ્વીકાર થયે તેને કેવળજ્ઞાન પ્રગટ થાય છે એવો તારો આત્મા છે—એમ ભગવાન પાંચ પરમેષ્ઠી જણાવે છે.

'**ઈસપ્રકાર પંચ પરમ ગુરુકા ધ્યાન કર.**' લ્યો! એ તો આપણે આવી ગયું છે ત્યાં મોક્ષપાહુડમાં. પંચ પરમેષ્ઠી પણ તું છો. ચાર શરણ આદિ પણ તું છો. આત્મા શરણ છે. એ બધું આવ્યું હતું, નહિ? આરાધના. છેલ્લી ગાથા એ આવી હતી. મોક્ષની છેલ્લી ગાથા. આરાધના એ તું છો. તારી આરાધના. આહાહા..! દેવ છો તું મોટો. રાગના પ્રેમમાં એને દિવ્યતા ભાસતી નથી. અલ્પજ્ઞ દશાના અભિમાનમાં વર્તમાન કાંઈક જ્ઞાનાદિનો ક્ષયોપશમ હોય, રાગાદિ હોય શુભ એના અહંપણામાં આ ત્રિકાળ મહાપ્રભુ છે એમ ભાસતું નથી એને. સમજાણું કાંઈ? આહાહા..! એ પંચગુરુનું ધ્યાન અથવા પંચગુરુસ્વરૂપ તું એવા શુદ્ધાત્મ સ્વરૂપનું ધ્યાન કર. આહાહા..! આ ચૌદ પૂર્વ અને બાર અંગમાં આ કહેવું છે. ભગવાનની વાણી બાર અંગની (એમાં) આ કહેવું છે, વીતરાગભાવ પ્રગટ કર. એ ક્યારે થાય? કે સ્વરૂપનો આશ્રય કરે તો. આહાહા..! ઓલા કહે, 'દાન, શીલ ને તપ ધર્મના ચાર પ્રકાર.' એમ કરીને ધર્મ વર્ણવે છે. એ તો શુભભાવની વાત છે. દાન, શીલ. બહારનું શીલ. એમ કે તમે આ કરો. ..ને એમ કહે છે. દાન, શીલ, તપની .. પણ એ તો શુભભાવ છે. એને પણ ખબર નથી અને તને ખબર નથી કે ધર્મ શું છે. આહાહા..!

શ્રોતા :- આચાર્ય ભગવાન છે.

ઉત્તર :- નામ આપે તો કોણ ના પાડે મોટા. ઓલું આવે છે ને નહિ ઓલાનું? .. આવે છે ને ચોપડીમાં નહિ? આ .. લક્ષ્મી. લક્ષ્મીચંદ ભીખ માગતો દેખ્યો અને આ...

શ્રોતા :- લક્ષ્મી .. ભીખ માગે ...

ઉત્તર :- હા એ. આહાહા..!

આ જગતમાં આત્માની સેવા કરીને, આરાધન કરીને પૂર્ણ પદને પામ્યા એ અરિહંત અને સિદ્ધ. અને પામવાની તૈયારીવાળા છે તે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. લ્યો! આહાહા..! એ કોઈ પક્ષના નથી. એ ગુણના સેવનારાઓના એ પદ છે. ભગવાન આત્માનું પદ એના સેવનારાઓની એ પદની સ્થિતિ છે. આહાહા..! એવા આત્માનું જેણે આરાધન કર્યું છે એને તું સેવ, એનું તું ધ્યાન કર અથવા તું પોતે જ પંચ પરમેષ્ઠીસ્વરૂપ છો એનું તું ધ્યાન કર એમ કહે છે. આ પણ આ ભારે. ધ્યાન કરવું એ મોક્ષનો માર્ગ. કાંઈક કરવું, વ્રત, તપ, અપવાસ-બપવાસ. એ તો બધો શુભભાવ છે. બહારની આમ ન કરવી એ શુભભાવ છે. એ ક્યાં ધ્યાન છે, એ તો આર્તધ્યાન છે. આહાહા..! ધર્મધ્યાન તો વસ્તુનો સ્વભાવ, ધર્મ જેનો સ્વભાવ છે શુદ્ધ ચૈતન્ય એનું ધ્યાન તેને ધર્મધ્યાન કહે છે. હવે એ વાત એને નજરમાં આવે નહિ, મોટપ ભાસે નહિ અને પોતાના શુભભાવની હીનતા દેખાય નહિ. એને મોટપ આપીને બેસે, હવે શું કરવું? ક્યાં જાવું? આહાહા..!

‘**ભાવાર્થ :- યહાં પંચ પરમેષ્ઠીકા ધ્યાન કરનેકે લિયે કહા.**’ ભાવાર્થ. ‘**ઉસ ધ્યાનમેં વિઘ્નકો દૂર કરનેવાલે ચાર મંગલસ્વરૂપ કહે...**’ લ્યો એમ કહ્યું. ધ્યાનમાં વિઘ્ન (દૂર) કરવાવાળા ચાર મંગળસ્વરૂપ. ‘**ધ્યાનમેં વિઘ્નકો દૂર કરનેવાલે ચાર મંગલસ્વરૂપ કહે...**’ એ દૂર કરવા માટે છે. ‘**વિઘ્નકો દૂર કરનેવાલે...**’ છે ને અહીં તો? ‘**વિઘ્નકો દૂર કરનેવાલે ચાર મંગલસ્વરૂપ કહે વે યહી હૈં,...**’ એ ચાર એ જ છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પણ્ણંતો ધર્મ. વિઘ્નમાં દૂર કરવાવાળા એ મંગળસ્વરૂપ છે એમ કહે છે, ધ્યાનમાં. એ ચાર શરણ છે. ‘**ઔર ‘લોકોત્તમ’ કહે હૈં...**’ લોકમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ હોય તો એ પંચ પરમેષ્ઠી છે. આહાહા..! ‘**વે ભી ઈન્હીંકો કહે હૈં.**’ ઉત્તમ તો એને જ કહ્યા છે.

‘**ઈનકે સિવાય પ્રાણીકો અન્ય શરણ યા રક્ષા કરનેવાલા કોઈ ભી નહીં હૈ...**’ આહાહા..! એનું સ્વરૂપ વિચારે, ધ્યાવે તો એ શરણ છે. એ સિવાય કોઈ શરણ છે નહિ. આહાહા..! મરણ ટાણે આમ શરીરમાં પીડા હોય, ડોક્ટરોએ હાથ ધોઈ નાખ્યા હોય કે હવે આમાં બચશે નહિ. આહાહા..! એકલો ખાટલામાં તરફડતો હોય, દવા બંધ હોય. કાને સાંભળે કે દવા બંધ કર. હવે એને જોતું હોય એ આપો કારણ કે છેલ્લું છે એમ કહે. શીરો માગે તો શીરો આપો, ફલાણું આપો. પણ શરણ શું છે એની કાંઈ ખબર છે? આવામાં હું શું કરું? ક્યાં નજર નાખું? નજર નાખવા લાયક તો અંદર ચિદાનંદ નિધાન છે. જ્યાં શરણ છે, મંગળિક છે, ઉત્તમ છે. આહાહા..! એનું માહાત્મ્ય આવે નહિ અને ત્યાં એ જઈ શકે નહિ. આ તો કહે, મને સંભળાવો, મરતા કાંઈક સંભળાવો. સંભળાવીને શું પણ તને કરવું? તું સાંભળ ને તને અંદર. સાંભળવામાં તારો રાગ-વિકલ્પ રહેશે. આહાહા..!

‘**ઔર લોકમેં ઉત્તમ ભી યે હી હૈં. આરાધના દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ યે ચાર હૈં ઈનકે નાયક (સ્વામી) ભી યે હી હૈં,...**’ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ નિર્વિકલ્પ દશા, એના

આરાધના–સેવા કરનારા પણ ભગવાન પાંચ પરમેષ્ઠી છે. '**ઈસલિયે ધ્યાન કરનેવાલેકે લિયે ઈનકા ધ્યાન શ્રેષ્ઠ હૈ. શુદ્ધસ્વરૂપકી પ્રાપ્તિ ઈન્હીંકે ધ્યાનસે હોતી હૈ,...**' એટલે એનું જ્ઞાન કરે ને કે આ વાસ્તવિક તત્ત્વ છે. એ જાય અંદરમાં એટલે એનું શરણ કહેવાય એ. '**ઈસલિયે યહ ઉપદેશ હૈ.**' લ્યો! આહાહા..! માણસ કહે, પણ અમારે કરવું શું આમાં? ઘરે જઈને હવે કરવું શું? તમે બધું અહીં સંભળાવો લ્યો. કાંઈક કહે કે ભાઈ સામાયિક કરવી બે ઘડી, પોષા કરવા, ફલાણું અપવાસ કરવા, દાન દેવું, આંબેલ કરવા તો ઘરે જઈને કરીએ કાંઈક નવું. પણ એ તો હવે અનંતવાર કર્યું, સાંભળને! આહાહા..! એ તો શુભભાવની ક્રિયા છે રાગ મંદ હોય તો. અંતર સ્વરૂપ ચૈતન્ય છો તું ત્યાં જા તારો આત્મા તો ત્યાં જ છે. ત્યાં જાવું હતું. ત્યાં ઘરે જઈને શું કરવું? ત્યાં પણ આત્મા તરફ વલણ છે એ કરવું. આહાહા..!

યોગસારમાં આવે છે ને 'ગૃહકામ કરતા છતાં હેયાહેયનું જ્ઞાન.' આવે છે, બે ગાથા આવે છે. એક ૧૮ અને એક ૬૫. ત્યારે ઓલા વળી ના પાડે. ગૃહસ્થાશ્રમીને શુદ્ધ ધ્યાન હોય નહિ, શુદ્ધભાવ હોય નહિ. લ્યો. આહાહા..! બાપુ! આત્મા છે ને ભાઈ! આત્મા છે એને અવલંબે એને શુદ્ધભાવ થયા વિના રહે જ નહિ. પછી ભલે ચોથે હોય, પાંચમે હોય, ગૃહસ્થાશ્રમમાં હોય. ચક્રવર્તીને માટે આવે છે, નહિ? ભરતેશ વૈભવમાં આવે છે. છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં (રહેતા) ... એમાં તો એવું આવે છે. વિષય લીધો હોય અને તરત ધ્યાનમાં બેસી જાય પાછો. એવું આવે છે ભરતેશ વૈભવમાં. તરત ધ્યાનમાં. રાગ થઈ ગયો એ થઈ ગયો અસ્થિરતાનો, રસ નહોતો. છૂટીને (પછી ધ્યાનમાં બેસે). એવું આવે છે ભરતેશ વૈભવમાં તો. રાગ થયો. જાણ્યું કે આ થયો, બીજું શું? પણ હવે? પછી ધ્યાન કર્યું એણે તરત જ તે. આહાહા..! તરત જ એનાથી છૂટીને સ્વરૂપમાં (સ્થિર થાય છે). ક્ષાયિક સમકિતી, ક્ષયોપશમ હોય તોપણ શું?

'**આગે ધ્યાન હૈ વહ, 'જ્ઞાનકા એકાગ્ર હોના' હૈ,...**' જુઓ! વ્યાખ્યા કરી પાછી. ધ્યાન એટલે શું? '**ઈસલિયે જ્ઞાનકે અનુભવનકા ઉપદેશ કરતે હૈં :—**' ધ્યાન એટલે શું?

**णाणमयविमलसीयलसलिलं पाऊण भविय भावेण।**
**वाहिजरमरणवेयणडाहविमुक्का सिवा होंति।।१२५।।**

આહાહા..! '**અર્થ :- ભવ્યજીવ...**' મોક્ષને માટે લાયક પ્રાણીઓ '**જ્ઞાનમયી નિર્મલ શીતલ જલકો સમ્યક્ત્વભાવ સહિત પીકર...**' આહાહા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ જ્ઞાનમયી નિર્મળ શીતળ જળ છે. જ્ઞાનની પર્યાયને પ્રગટ કરી નિર્મળ... શુદ્ધ નિર્વિકલ્પ જ્ઞાન, એવું જ્ઞાનમય નિર્મળ શીતળ. નિર્મળ અને ઠંડુ જળને સમ્યક્ત્વભાવ સહિત—પૂર્ણાનંદના નાથની પ્રતીતિ સહિત આવા જ્ઞાનને પીને ભાઈ કહે છે. આહાહા..! પણ એનો બીજો રસ્તો? એમ પૂછતા હતા બધા. આ તો મોટો ઊંચો રસ્તો કહેવાય. પહેલો જ આ છે. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપે પ્રવાહમાં બિરાજમાન છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એવું એનું સ્વરૂપ. એની અંતર એકાગ્રતા એનું નામ

ધ્યાન. ધ્યાન કોઈ વચમાં વિચાર કરે ને પ્રકાશ દેખાય ને લાલ દેખાય ને ધોળું દેખાય... આહાહા..! એ ધ્યાન નહિ.

'**જ્ઞાનમયી નિર્મલ શીતલ જલકો**...' આહાહા..! એને '**भावेण**' શબ્દ પડ્યો છે ને એ? એનો અર્થ કર્યો સમ્યક્ત્વભાવ. '**भावेण**' શબ્દ પડ્યો છે ને. એ. '**पाऊण भविय भावेण**' એ અર્થ કર્યો. મૂળ અહીં ભાવનો અર્થ બધે જિનસમકિત-જિનસમકિત લે છે એ. સમજાણું? '**સમ્યક્ત્વભાવ સહિત**...' એટલે '**भविय भावेण**' '**भविय णाणमयविमलसीयलसलिलं पाऊण भावेण** ' એમ. આહાહા..! રચના પણ! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ એની પ્રતીતિ અનુભવમાં, એવા સમ્યક્ત્વભાવ સહિત એ ભાવ કીધો અહીં. સમજાણું કાંઈ? ઓલો કહે, 'દાન, શીલ, તપ, ભાવના ધર્મના ચાર પ્રકાર.' ક્યો ભાવ? ઓલો શુભભાવ. મંદિર બનાવવા અને આ સિદ્ધચક્રનું આ કરવું, તે કરવું. હવે એ તો સંસાર છે શુભભાવ. આકરો માર્ગ ભાઈ!

અહીં તો સમ્યક્ભાવ સહિત '**णाणमयविमलसीयलसलिलं**' શીતળ જળને પી. આહાહા..! '**भविय**' હે ભવ્યજીવ! એમ. જ્ઞાનમયી વિમલ—નિર્મળ, વિકલ્પવાળું જ્ઞાન નહિ. આહાહા..! સ્વસંવેદનજ્ઞાન—સ્વ—પોતાના સ્વભાવને પ્રત્યક્ષ જાણે, વેદે એવું વિમળ અને શીતલ '**सलिलं**'. શીતળ સલીલ એટલે પાણી. એવા પાણીને સમકિત સહિત પામીને એમ. સમકિત અને સમ્યગ્જ્ઞાન બેય નાખ્યા. આહાહા..! ભાવપાહુડ છે ને? સમ્યગ્દર્શન એ જ ભાવ છે ખરો. શુભાશુભભાવ એ અશુભભાવ, અશુદ્ધ ભાવ. આહાહા..! ત્યાં એમ પૂછયું હતું કે અગાસમાં કે આ વાત કરી, પણ એનું કોઈ સાધન બહાર? કોઈ સાધન છે? એમ પૂછયું હતું, અગાસ. આ ભક્તિ ને આ ને આ. એ બધાય સાધન-ફાધન કાંઈ નથી. વ્યવહાર સાધનનો આરોપ દઈને કહેવાય એને. એ સાધન છે નહિ.

અહીં તો આવો શીતળ જળ ભગવાન આત્મા. શીતળ નામ શાંત, ઉપશમરસથી ભરેલું જ્ઞાન. આહાહા..! અકષાય સ્વભાવવાળું જે જ્ઞાન, એને સમકિતના ભાવ સહિત પી. આહાહા..! તારા જન્મ-મરણનો નાશ થઈ જશે. આહાહા..! એમાં ભવનો અભાવ થશે. બાકી બધી વાતું. આહાહા..! કહો, જયંતિભાઈ! શું આ મંદિર બનાવ્યું અને તમે આ બધું કર્યું ને?

શ્રોતા :- બહુ ભાગ્યશાળી, રૂપિયા ઘણા ભેગા થઈ ગયા. મજા કરે.

ઉત્તર :- એ ખુશાલી બતાવવા આવ્યા હતાને પછી પાછળથી ચાર-પાંચ જણા. પાંચ જણા નહોતા આવ્યા? ખુશાલી બતાવ્યા આવ્યા હતા ને.

શ્રોતા :- રૂપિયા મળ્યા માટે.

ઉત્તર :- પચાસ હજારનું દેરું (મંદિર) થયું ને લાખ મળ્યા. એમાં ચાલીસેક હજારનો ખર્ચ હશે, ચાલીસ-પીસ્તાલીસનો. એ કાંઈ ગણ્યો નથી એમ કહે. મૂડી તો આત્મામાં પડી છે એ થાય એ મૂડી કહેવાય. આહાહા..! જેણે અનંત આનંદ અને અનંત જ્ઞાનને કબુલ્યું ભાન સહિતમાં, એને મૂડી થઈ.

એને મૂડી તાજી દેખાણી. આહાહા..!

જુઓને! આચાર્ય શું કહે છે? ભવ્ય! હે મોક્ષમાર્ગને લાયક! આહાહા..! અભવિને કહેતા નથી. મોક્ષમાર્ગને લાયક ભવિ! તું સમ્યગ્દર્શનના ભાવ સહિત સમ્યગ્જ્ઞાનરૂપી જળને પી. આહાહા..!

શ્રોતા :- એ ..

ઉત્તર :- બધું આવી ગયું. સ્થિર થયોને એટલો. બધું સુખ, અનંતા ગુણનો અંશ બધા આવ્યો. અનંતા ગુણનું આવ્યું ભેગું. આહાહા..! એને પહેલા નક્કી તો કરે કે માર્ગ તો આ છે. એ સિવાયના કોઈ માર્ગ છે નહિ. આહાહા..! ઓલા તો એમ કહે, ભાઈ હતા ને તંબોળી હતા તે દિ', નહિ? જામનગર. એને લઈને આવ્યા હતા બધામાં. એને વળી ખબર પડી તો આવ્યા હતા. નહિતર ન આવે.

શ્રોતા :- ...

ઉત્તર :- કર્યા કરે નોકરી એમાં શું? એને લાગે એ ઠીક. આહાહા..! આ તમારું બધું ગલતી, લોકોને ગલતી થાય છે. કલ્યાણનો માર્ગ અટકી જાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો કલ્યાણનો માર્ગ છે એમ. કીધું, આ એક માર્ગ સાચો, બાકી બધા ખોટા છે. તારે સાંભળવું હોય તો સાંભળ. એમ કહ્યું. આ એક જ માર્ગ સાચો કહીએ છીએ કલ્યાણનો. બાકી બધા કહે છે, આ કરો. (એ) ખોટા માર્ગ છે. આહાહા..! ઓલો હતો ને સાથે શું કહેવાય તમારે? વાણિયો રતિલાલ. ...

શ્રોતા :- ..માં હતો.

ઉત્તર :- હા એ. એ આવ્યો હતો મોઢા આગળ. પૈસા કાંઈક થયા છે. આમ છે, તેમ છે. સૌની વતી એ બોલતો હતો. કીધું, આ માર્ગ જે કહીએ છીએ એ એક જ કલ્યાણનો માર્ગ છે. બાકી બધા તમારા રસ્તા અકલ્યાણના છે. આહાહા..! હિંમતભાઈએ કીધું, મહારાજ આમ કહે છે. ના પાડે છે. હિંમતભાઈ બિચારા સજ્જન માણસ છે. એમનો ભાઈ કાકાનો, પ્રમુખ છે ને. બહુ પણ સજ્જન માણસ. આહાહા..! એ વખતે કીધું, મહારાજ આમ કહે છે કે અમારે તમારી સાથે ચર્ચા કરવી (નથી) અને માર્ગ આમ... હવે તમારે શું કરવું છે? .. આહાહા..!

કહે છે, અહો..! આવું જેને સમ્યક્‌ભાવ સહિત જ્ઞાનજળ જેણે પીધું, અનુભવ કર્યો એમ કહે છે. એ '**વ્યાધિસ્વરૂપ જરા-મરણકી વેદના (પીડા)કો ભસ્મ કરકે...** ' વ્યાધિસ્વરૂપ જરા. શરીરની જીર્ણતા-વૃદ્ધાવસ્થા, મરણ, વેદના એને '**ભસ્મ કરકે અર્થાત્ સંસારસે રહિત...**' મુક્ત હોતા હૈ. '**શિવ અર્થાત્ પરમાનંદ સુખરૂપ હોતે હૈં.**' લ્યો! એને પરમાનંદમય આત્મદશા મોક્ષદશા એને પ્રાપ્ત થાય છે. આ માર્ગથી પ્રાપ્ત થાય, બાકી માર્ગથી પ્રાપ્ત થતી નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૩, શુક્રવાર તા. ૦૭-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૨૫ થી ૧૨૭, પ્રવચન - ૧૬૭**

'**ભાવાર્થ :- જૈસે નિર્મલ ઔર શીતલ જલકે પીનેસે પિત્તકી દાહરૂપ વ્યાધિ મિટકર સાતા હોતી હૈ,...**' દૃષ્ટાંત છે. નિર્મળ અને શીતળ જળ પીવાથી '**પિત્તકી...**' પિત્ત-જ્વર. '**દાહરૂપ વ્યાધિ મિટકર સાતા હોતી હૈ, વૈસે હી યહ જ્ઞાન હૈ...**' ચૈતન્યસ્વરૂપ જે જ્ઞાન-જ્ઞાન '**વહ જબ રાગાદિ મલસે રહિત...**' પૂજા અને વ્રતાદિનો ભાવ જે છે એ પુણ્ય છે. અપવાસ આદિનો ભાવ એ તો પુણ્ય છે, એ ધર્મ નહિ.

શ્રોતા :- વ્યવહારધર્મ તો ખરો ને?

ઉત્તર :- વ્યવહારધર્મનો અર્થ? નિશ્ચય ધર્મ જ્ઞાનસ્વરૂપ આત્મામાં એનો અનુભવ કરે જ્ઞાનનો, તો રાગને વ્યવહારધર્મ કહે. વ્યવહારધર્મ એટલે ધર્મ નથી. કહો. આહાહા..!

'**જ્ઞાન હૈ વહ જબ રાગાદિ મલસે રહિત...**' રાગ શબ્દે એ પુણ્ય-પાપના વિકલ્પ ભાવ '**ઈસસે રહિત...**' જ્ઞાનસ્વરૂપ આત્મા, એવા જ્ઞાનને એટલે આત્મસ્વભાવને રાગથી રહિત થઈને '**નિર્મલ ઔર આકુલતા રહિત...**' એનો અર્થ થયો કે શુભ-અશુભ રાગ એ મળ છે. પૂજા, વ્રત, તપ આદિનો ભાવ જે વિકલ્પ એ મળ છે. આહાહા..!

શ્રોતા :- લોકો તો .. કરે છે.

ઉત્તર :- કરે છે પણ શું કરે? એ સ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ છે એમાં રાગ કેવો?

અહીંયાં તો પરમાત્મા સર્વજ્ઞદેવ વીતરાગ ધર્મ કહે છે. એ તો આત્મા જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાનસ્વભાવમાં, રાગના મળથી રહિત થઈ શીતળ નામ શાંત અવિકારી પરિણામને અનુભવે, પીવે, વેદે એને અહીંયાં ધર્મ કહેવામાં આવે છે. આવી વાત છે. આહાહા..! પરમાત્મા વીતરાગદેવ સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન હતું એ પરમાત્મા ભાવમાં આમ વર્ણવે છે. તારો ભાવ ચૈતન્ય જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એટલે કે જેમાં રાગના વિકલ્પનો આશ્રય નહિ, મદદ નહિ એવો જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એને રાગના પુણ્ય-પાપ નામ રાગરૂપી મેલ એનાથી રહિત થઈને રાગ રહિત શાંતસ્વભાવ આત્માના આનંદનું વેદન કરે એને ભગવાન ધર્મ કહે છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! આહાહા..! એને હજી જ્ઞાનમાં નિર્ણયમાં પણ આ વાત લેતો નથી અને નિર્ણયમાં પણ હજી રાગથી ધર્મ થાય, આ પુણ્યથી ધર્મ થાય, એનું તો ગાડું ત્યાં રાગમાં અટક્યું છે. આહાહા..!

શ્રોતા :- સત્કાર્યો છે ને.

ઉત્તર :- સત્કાર્ય ક્યાં હતું? કાલે આવ્યું છે ને, એ બધા ઓલા મોરારજીભાઈ છે ને મોરારજી?

કાર્યકર્તા.

શ્રોતા :- મોરારજી દેસાઈ.

ઉત્તર :- દેસાઈ. ત્યાં બે મહિના પહેલા રાજકોટ હતા ને. રામજીભાઈને ત્યાં ઢેબરભાઈ આવ્યા હતા અને એક છગનભાઈ જોષી, હરિજનના સેવક. વ્યાખ્યાન સાંભળવા આવે ઘણી વાર, પણ એ સાંભળીને પછી મોરારજીને લખ્યું કે કાનજી મુનિ તો, અહીં દિગંબરી એક કાનજી મુનિ છે. એ મુનિ કહે. બિચારાને ક્યાં ખબર મુનિ છે. સંપ્રદાયની દૃષ્ટિએ. એ એમ કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ધર્મ નથી, એ સત્કાર્ય નથી. કાલે મોટું આવ્યું છે.

શ્રોતા :- ગીતામાં એમ લખ્યું છે.

ઉત્તર :- ગીતામાં લખ્યું છે, એમ લખ્યું છે. ગીતામાં પણ પ્રજ્ઞાસ્થિત જીવને શુભાશુભ ભાવ અને આરંભ બધો એનાથી રહિત થાય ત્યારે એ પ્રજ્ઞા પ્રગટ થાય. પણ એની વાત મૂકી છે, એણે મૂકી છે. એ પાછી ગણી નથી. પાછળથી પછી ઓલું અનાસક્તિથી કરવું એ મૂક્યું. અનાસક્તિથી સત્કાર્ય કરવું. એટલે કે પરનું ભલું કરવું, પરને સુખી કરવા. પણ પરનું કરી શકતો જ નથી ત્યાં. આહાહા..! પરવસ્તુ છે એ ભિન્ન છે. ભિન્નને ભિન્ન તત્ત્વ કરે શું? શું કરે એને? આહાહા..! અરે..! એને અભિમાન છે ને અનાદિનું કે હું પરને સુખી કરું, પરની સેવા કરું. આહાહા..! એક આંગળી પણ આમ હલે એ આત્માના અધિકારથી નથી.

શ્રોતા :- પણ શાસ્ત્રમાં ... સેવા કરે એમ આવે છે.

ઉત્તર :- એ તો વિકલ્પ આવે અને એને પ્રસંગ હોય અને વિકલ્પ આવ્યો તો સેવા કરે. વિકલ્પ થયો એટલે એ એને કહે કે તમને કેમ છે? સેવા કરે શું? પગ દાબી શકે છે ત્યાં? આહાહા..! કોઈ બળખો હોય એ લઈ લે, પેશાબ કરાવે, સાફ કરે એવું કરે. એ ક્રિયા જડની છે. પણ વિકલ્પ આવ્યો છે એને, એટલું. પણ એ વિકલ્પ પણ પુણ્યબંધનું કારણ છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તો સભામાં ઇન્દ્રો અને ગણધરની વચ્ચે આ કહેતા હતા. આહાહા..! અરે..! દુનિયાને બેસે નહિ, એને એવું લાગે...

અહીં તો એ કહે છે. '**રાગાદિક મલસે રહિત...**' એટલે શુભ-અશુભભાવ જે છે એ મેલ છે. આહાહા..! એવા મેલથી રહિત નિર્મળ, એમ. શુભ-અશુભ રાગના મેલથી રહિત એવું જે આત્માનું જ્ઞાન '**નિર્મલ ઔર આકુલતા રહિત...**' વર્તમાન શાંતભાવ. રાગમળ રહિત અને શાંતભાવ સહિત. જ્ઞાનમાં એકાગ્રતા એમાં શાંતભાવ જે થયો, અનાકુળ ભાવ એનું નામ શાંતભાવ. '**ઉસકી ભાવના કર...**' એમાં શાંતભાવમાં એકાગ્ર થઈને... આહાહા..! માર્ગ અલૌકિક છે, ભાઈ! જન્મ-મરણને ટાળવાનો ઉપાય અલૌકિક છે. સાધારણ માને છે એ વાત એવી નથી. વીતરાગ પરમાત્માના ઘરમાં વીતરાગી વાતું છે. એનો આત્મા જ્ઞાનસ્વરૂપ છે પ્રભુ. એમાં-જ્ઞાનમાં અંતર એકાગ્રતા એ રાગના

મળરહિત અને એકાગ્રતા એટલે નિર્મળ પરિણામ શુદ્ધ થયા, અનાકુળ શાંત પરિણામ આહાહા..! એની '**રુચિ, શ્રદ્ધા, પ્રતીતિસે પીવે,...**' નિર્વિકલ્પ શાંતરસને પીવે. આહાહા..! આવો માર્ગ આકરો લોકોને લાગે. એક તો જાણે ધંધા આડે નવરા નથી. રળવું, ખાવું, પીવું ને ભોગ એમાં વખત બધો જાય. થોડો વખત મળે સાંભળવા, એમાં આ શું ચીજ છે એ સાંભળવા મળે નહિ. ભલે પાંચ-પચાસ લાખ ભેગા થાય ધૂળ. ધૂળના શેઠિયા થઈને મરીને જાય હેઠા, ઢોરમાં જાય. આહાહા..! એય..! ગિરધરભાઈ! આહાહા..! પ્રભુ! આત્મા અંદર મહા શ્રેષ્ઠ તત્ત્વ છે. ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એ જાણકસ્વભાવ શું કરે? કોને કરે? જાણનાર આંખ કોને કરે? એમ ચૈતન્યસ્વભાવ પરનું કરે કે રાગને કરે એ જ્ઞાનનો સ્વભાવ ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! તૃષા લાગી હોય ને જેમ શીતળ જળ—પાણી પીવે તો એની તૃષા મટીને પિત્ત મટે, એમ જેને જન્મ-જરા-મરણ વ્યાધિ ચોર્યાસીના અવતાર વળગ્યા છે...

'**ઈસસે તન્મય હો...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ જેનો ત્રિકાળ, સ્વભાવવાન પોતે પણ જેનો જ્ઞાન ત્રિકાળ સ્વભાવ, અવિનાશી સ્વભાવ એમાં તન્મય એ પર્યાય. દ્રવ્ય એ સ્વભાવવાન, જ્ઞાન એ સ્વભાવ, એમાં એકાગ્રતા એ વર્તમાન પર્યાય. સ્વભાવવાન એ દ્રવ્ય, જ્ઞાનસ્વભાવ એ ગુણ અને એમાં એકાગ્રતા એ પર્યાય. આહાહા..! આ દ્રવ્ય, ગુણ ને પર્યાયને ધર્મ કહે છે. આહાહા..! પરની સેવા કરવી, પરનું આ કરવું એ એમ કે ધર્મ છે. એમ આજે આવ્યું છે કાલે. એને (ઈ) બેઠું. લૌકિક લાઈન છે ને.

મુમુક્ષુ :— ઈ બધા સત્ કાર્યો છે.

ઉત્તર :— સત્કાર્ય. સત્ તો જ્ઞાનસ્વરૂપી ધ્રુવ સત્ છે એમાં એકાગ્ર થાવું એ સત્કાર્ય છે. રાગ તો અસત્ છે, ત્રિકાળ સ્વરૂપમાં એ નથી. અને ત્રિકાળ સ્વરૂપની અપેક્ષાએ તો એ દયા, દાનનો રાગ સત્‌ની અપેક્ષાએ અસત્ છે. આહાહા..! એથી અસત્ એવા મલિન પરિણામથી ભિન્ન પડી જ્ઞાનસ્વરૂપી નિર્મળ જળ, શાંત અનાકૂળ આનંદનું જળ પી, ભાઈ! અને જન્મ-જરા-મરણના રોગને ટાળ. આહાહા..! માણસને પણ આ શરીર ઠીક મળે, કાંઈક પાંચ-પચાસ લાખ પૈસા આવે, છોકરા બે-પાંચ કાંઈક ઠીક થાય, કમાણી કાંઈક ઠીક હોય બે લાખ, પાંચ લાખની (તો) જાણે અમે સુખી છીએ. ધૂળેય નથી, સાંભળને. દુઃખીના દાળિયામાં શેકાઈ ગયો છો. એય..! તંબોળી! અહીં તો એવી વાત છે, ભગવાન! રાગના અંગારે શેકાઈ ગયો છે. આ મારું... મારું... મારું... મારું... એ રાગનો અંગારો છે અંદર. અંગારો સમજો છો ને? અગ્નિ. આહાહા..! અંગારામાં એ બળી રહ્યો છે, બળી રહ્યો છે એ. મૂરખ થઈને માને છે કે અમે સુખી છીએ. આહાહા..!

સુખ તો પ્રભુ આત્માના આનંદના જળ પીવાથી સુખી થાય. ભલે નરકમાં નારકી હો. આહાહા..! સાતમી નરકનો નારકી રવ રવ નરકમાં રહેલો અપરિઠાણે, પણ જેને અંતર જ્ઞાનજળનું સમ્યગ્દર્શન પ્રગટ થયું છે... આહાહા..! બહારના સંયોગની પ્રતિકૂળતાનો પાર નથી, પણ અંદરમાં સંયોગીભાવથી પણ

ભિન્ન પડીને, સંયોગી ચીજ તો એકકોર રહી ગઈ પણ સંયોગી શુભ અને અશુભભાવથી ભિન્ન પડીને એ જ્ઞાનજળનો અનુભવ કરે છે, સુખી છે. અને અહીં પચાસ-પચાસ લાખના બંગલા હોય, પાંચ-પાંચ, દસ-દસ કરોડ રૂપિયા પૈસા હોય, રૂપાળી બાયડી હોય, છોકરા હુશિયાર હોય. દુઃખી છે બિચારો એ.

શ્રોતા :- દુઃખી અને બિચારા બેય?

ઉત્તર :- ભિખારી છે. એઈ..! અહીં તો એવી વાત છે, ભાઈ! આહાહા..! અને આત્માની શાંતિનો જાણનાર-વેદનાર એ બાદશાહ છે. સમકિતી, આત્માનો બાદશાહ છે, અજ્ઞાની પરનો બાદશાહ માનીને કષાયની અગ્નિથી શેકાય છે. અરે..! એને ખબર નથી. એની એને ખબરું નથી. પાગલપણે સ્વચ્છંદી થઈને માને છે (કે) અમે સુખી છીએ. ભાઈ! દુઃખથી દઝાઈ ગયેલો છો. આહાહા..!

અહીં પરમાત્મા... આહાહા..! કુંદકુંદાચાર્ય શું કહે છે? '**णाणमयविमलसीयलसलिलं**' આ પાણી. ચૈતન્ય ઝળહળ જ્યોતિ બિરાજે છે પ્રભુ એમાં એકાગ્ર થઈને રાગના મળરહિત આકુળતા રહિત શાંતભાવને... આહાહા..! પી. છે ને? '**पाऊण**' આહાહા..! '**भविय**' હે ભવ્ય! '**भावेण**' સમ્યગ્દર્શન સહિત, એમ. '**भावेण**' એટલે. આહાહા..! આત્મા પૂર્ણાનંદનો નાથ છે, પરમેશ્વર સ્વરૂપ છે, ઈશ્વર પોતે જ પોતાનો ઈશ્વર છે. આહાહા..! એવા ઈશ્વરને, અંદર એના ઈશ્વરની ઈશ્વરતાની સંભાળ કર અને રાગની મલિનતાને છોડ, તને આનંદ થશે, તને સુખ થશે, તને સમાધાન પ્રાપ્ત થશે. આહાહા..! એને અહીંયાં પરમાત્મા વીતરાગદેવ એને મોક્ષનો માર્ગ કહે છે. આહાહા..! એવી વાત છે, ભગવાન! આહાહા..!

'**શ્રદ્ધા,...**' ભાવના. એ જ્ઞાનસ્વભાવ વસ્તુ, વસ્તુ એ સ્વભાવવાન અને જ્ઞાનસ્વભાવ આત્મા, એની ભાવના-એકાગ્ર થઈને. આહાહા..! '**રુચિ, શ્રદ્ધા, પ્રતીતિસે પીવે,...**' એમ. સમ્યક્ ભાવ હતો ખરો ને અંદર? '**भविय भावेण**' એટલે એ નાખ્યું એમાં. એમ જ છે એનો અર્થ, નહિ? એનો અર્થ. આહાહા..! અર્થ કરનારા પણ ગાથાના ભાવનો જ અર્થ ભરે છે. દુનિયાને વિષયોમાં, પૈસામાં, શરીરમાં સુખ ભાસે છે એ મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવ છે, મિથ્યાશ્રદ્ધા છે. આત્મામાં આનંદનું ભાસન થવું. આહાહા..! હું સુખસ્વરૂપ જ છું. રાગના વિકલ્પથી ભિન્ન પડીને ચિદાનંદ સ્વભાવને અવલંબીને જે શાંતભાવ, નિર્મળભાવ, રાગરહિત ભાવ પ્રગટ થાય, એ મોહ-ક્ષોભ રહિત ભાવ એને પરમાત્માએ જૈન ધર્મ કહ્યો છે. આહાહા..! લોકોને આકરું લાગે છે. આ બધા બાહ્ય વ્રત લઈને બેઠા હોય ને. હવે એને કહે કે વ્રત ધર્મ નહિ. આકરું લાગે. વસ્તુ આ છે, બાપા! તારા હિતની વાત છે, ભાઈ! છેતરાઈ જઈશ, મરી જઈશ આમાં. એ પુણ્યભાવનો ભાવ એ પણ રાગની મંદતા હોય તો પુણ્ય થાય, એનાથી કાંઈ ધર્મ નથી. આહાહા..! જિનેશ્વરદેવનો ધર્મ તો રાગની પુણ્ય-પાપના છે ને... હેઠે અર્થ છે. જુઓ.

'લૌકિકજન અને અન્યમતિ કઈ કહતે હૈ.' લૌકિક અને અન્યમતિ. અન્યમતિઓ અને જૈનમાં પણ લૌકિક માન્યતાવાળા. આહાહા..! 'પૂજા આદિક શુભ ક્રિયાઓમાં વ્રત ક્રિયા સહિત વહ જિનધર્મ હૈ.' એમ અજ્ઞાની કહે છે. આહાહા..! 'પરંતુ ઐસા નહીં હૈ. જિનમત મેં જિનભગવાનને ઈસપ્રકાર કહા હૈ. પૂજાદિક મેં વ્રતસહિત હોના વહ તો પુણ્ય હૈ.' એમ ભગવાને કહ્યું છે. આહાહા..! આ લોકો કહે કે સત્કાર્ય એ શુભભાવ એ ધર્મ છે. લ્યો! ત્યાં સુધી આવ્યું હતું કાલે, લખ્યું છે એમાં. આહાહા..! શું કરે આ લૌકિક લાઈનમાં. લૌકિકમાં એ માન્યતા છે. આ બીજી વાત છે, બાપા! એવા ભાવ તો અનંતવાર કર્યા છે વ્રતના, પૂજાના, ભક્તિના, એનાથી કોઈ પુણ્યાદિથી સ્વર્ગનો દેવ થાય કાંઈક, મોટા સારા હોય, બાકી પુણ્ય હોય તો ધૂળના શેઠિયા થાય આ ધૂળના—પૈસાના. ધૂળના શેઠિયા, માટીના શેઠ. આહાહા..! લાખપતિ ને કરોડપતિ એમ કહે છે ને. તો લાખ ને કરોડ તો જડ છે, એનો પતિ થાય ધૂળનો. આહાહા..! ચૈતન્યનો પતિ ન થાય એ. આહાહા..!

કહે છે જુઓ! 'પૂજાદિક ઔર વ્રત વહ પુણ્ય હૈ, ઉસમેં પૂજા આદિ શબ્દ સે ભક્તિ...' એ ભગવાનની ભક્તિ પણ પુણ્ય છે. ત્રણ લોકના નાથ પરમાત્મા સમવસરણમાં બિરાજે છે એની પણ આરતી ઉતારવી અને ભક્તિ એ પુણ્ય છે, ધર્મ નહિ. એ ભાવ આવે. વીતરાગી મુનિને પણ એ ભાવ પૂજાનો આવે, પણ છે પુણ્ય. આ ધર્મ નહિ. આહાહા..! 'ભક્તિ, વંદના,...' દેવ-ગુરુ-શાસ્ત્રને વંદન કરવું એ પુણ્ય છે. છે? કુંદકુંદાચાર્ય. આહાહા..! લોકો નથી માનતા ને. હીણું કરી નાખે એય..! સોનગઢવાળાએ તો વ્યવહારનો લોપ કર્યો. એકાંત (છે). અરે..! ભગવાન! સાંભળને. વ્યવહારના પુણ્ય પરિણામ એ તો ધર્મ નથી, અધર્મ છે. આહાહા..! આવે ખરો, સમકિતીને, જ્ઞાનીને પણ એવો પૂજા, ભક્તિનો, ભાવ આવે ખરો વ્યવહાર પણ છે બંધનું કારણ. આહાહા..! જેટલે અંશે જ્ઞાનસ્વભાવ ભગવાન, એમાં તન્મય અને એકાગ્ર થયો હોય એટલે અંશે એને ધર્મ છે. વસ્તુ તો આ છે પણ હવે..

અરે..! ચોર્યાસીના અવતારમાં દુઃખી છે એ. આહાહા..! પહેલી ક્ષણે અહીં રાજા હોય ચક્રવર્તી અને બીજી ક્ષણે સાતમી નરકનો નારકી થાય. આહાહા..! આવા ભવો અનંત કર્યા એણે. ભૂલી ગયો પણ. પહેલી ક્ષણે હીરાના ઢોલિયે સૂતો હોય. ઢોલિયો સમજ્યા? પલંગ. પલંગ-પલંગ. હીરાના પલંગે સૂતો હોય અને દેવ સેવા કરતો હોય. ચક્રવર્તી બ્રહ્મદત્ત લ્યો! આહાહા..! પડદો પડ્યો, આંખ મીંચાણી ભેગો સાતમી નરકે ગયો. આહાહા..! રવરવ નરકે. એવી રીતે તો અનંત વાર અનંત જીવો ગયા છે. નથી ગયા એવા એકેન્દ્રિય જીવને પણ ભાવ તો મિથ્યાત્વનો જ પડ્યો છે. આહાહા..! એવા જન્મ-જરા ને મરણ એવા દુઃખને ટાળવાનો ઉપાય તો જ્ઞાનના જળમાં રમવું એ છે.

અહીં કહ્યું ને, 'ભક્તિ, વંદના, વૈયાવૃત્ય' લ્યો ભાઈ! ગુરુની વૈયાવૃત્ય કરવી. મુનિનું આવે છે, પ્રવચનસાર. એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. પરદ્રવ્ય ઉપરનું લક્ષ જાય એમાં રાગ જ થાય. સ્ત્રી, કુટુંબ ઉપર લક્ષ જાય તો પાપ રાગ થાય. દેવ, ગુરુ, ધર્મ ઉપર રાગ જાય તો પુણ્ય થાય. આહાહા..!

પરદ્રવ્યના આશ્રયમાં કદી વિકારરહિત દશા હોય નહિ. સ્વદ્રવ્યનો આશ્રય કરે ત્યારે વિકાર વિનાની દશા થાય. આહાહા..! અરે..! એને ગળે ઉતારવું કઠણ પડે, એ બેસવું કઠણ પડે એને. સાંભળવા મળે નહિ. એમ ને એમ બિચારો દુઃખી થઈને ચાર ગતિમાં રખડી રહ્યો છે. એને પરમાત્મા અકષાય કરુણા દ્વારા કહે છે, પ્રભુ! તું સાંભળને એકવાર ભાઈ! આહાહા..! આવા જે વંદન, વૈયાવૃત્ય એ પૂજામાં જાય છે. એ દેવ, ગુરુ અને શાસ્ત્રને એટલે પરદ્રવ્યને આશ્રયે એમ કહે છે. એ 'દેવ-ગુરુ-શાસ્ત્રકે લિયે હોતા હૈ અને ઉપવાસ આદિ વ્રત હૈ વહ શુભક્રિયા હૈ. ઈનમેં આત્મા કા રાગ હૈ વહ શુભપરિણામ હૈ. ઈસસે પુણ્યકર્મ હોતા હૈ. ઉસે પુણ્ય કહતે હૈં, ઈસકા ફલ સ્વર્ગાદિ હૈ.' એ કાંઈ આત્માનું ફળ એમાં નથી. આહાહા..!

'**જરા-મરણરૂપ દાહ-વેદના મિટ જાતી હૈ...**' ભાઈ! તું જેને સુખ માને છે એ દુઃખ છે. વિષયોમાં, ભોગમાં, આબરૂમાં, પૈસામાં, લક્ષ્મીમાં એ સુખ તું માને છો, ભગવાન! એ દુઃખ છે, એ દાહ છે. આહાહા..! એ દાહના દુઃખને મટાડવાનો ઉપાય, આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ પ્રભુ એની એકાગ્રતાથી શાંતરસને પીવો. તારી જન્મ-જરા-મરણની પીડા મટી જશે. જેમ શીતળ જળ પીવાથી દાહ મટશે, એમ ભગવાન આત્માના આનંદના અનુભવથી સંસારનો દાહ મટી જશે. આહાહા..! '**ઔર સંસારસે નિવૃત્ત હોકર સુખરૂપ હોતા હૈ,...** ' સંસાર દુઃખરૂપ છે વિકલ્પ બધા. આહાહા..! એનાથી '**નિવૃત્ત હોકર સુખરૂપ હોતા હૈ,...**' આનંદરૂપ આત્મા થાય. આનંદરૂપ પૂર્ણ થવું. આવે છે ને ઓલી ચોથી ગાથામાં, નહિ? નિયમસાર. મોક્ષ એટલે મહા આનંદનો લાભ. નહિ? નિયમસાર. પહેલી લીટી આવે છે ને. મહા આનંદનો લાભ એમ આવે છે. '**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ તે મોક્ષ છે.**' નિયમસાર ચોથી ગાથા. '**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો...**' પ્રાપ્ત થતો '**મહા આનંદનો લાભ...**' એ મહા આનંદનો લાભ એ મોક્ષ. દુઃખનો લાભ એ સંસાર. આહાહા..!

'**સંસાર સે નિવૃત્ત હોકર સુખરૂપ હોતા હૈ,...**' એ આ સુખ એટલે મહા આનંદનો લાભ. '**ઈસલિયે ભવ્ય જીવોંકો યહ ઉપદેશ હૈ કિ જ્ઞાનમેં લીન હોઓ.** ' આહાહા..! તારો નાથ આનંદથી બિરાજે છે. પ્રભુ! ત્યાં જા ને એમ કહે છે. આહાહા..! પરિપૂર્ણ સમૃદ્ધિથી ભરેલું તત્ત્વ છે. અનાદિ પડ્યું છે એ તત્ત્વ. એને પર્યાયમાં એનો આશ્રય કરી અને એ પર્યાયને પી. આહાહા..! જેવું શુદ્ધ અસ્તિત્વ દ્રવ્ય અને ગુણ છે એવું પર્યાયમાં એ અસ્તિત્વનું પરિણમન શુદ્ધનું કરીને પી. આહાહા..! તને પૂર્ણ આનંદના લાભની મોક્ષદશા પ્રગટ થશે. આ વાણિયા કહે છે ને લાભ મળ્યો. અહીં તો કહે છે, મહા આનંદનો લાભ એ મોક્ષ. લાભ સવાયા આ વાણિયા લખે છે ને સવારમાં? બારણા ઉપર લખે. લાભ સવાયા. ધૂળેય નથી લાભ સવાયા. વર્ષ બેસતાને દિ' લખે ઓલા બારણા ઉપર. આહાહા..! લાભ સવાયા તો આ છે. મહા લાભ આવ્યો ને? કર્મના નાશથી મેળવાતો આનંદનો મહા લાભ તે મોક્ષ. આ વ્યાખ્યા. મોક્ષ કોઈ બીજી ચીજ નથી. આનંદની પ્રાપ્તિ પૂર્ણ એનું નામ મોક્ષ. આહાહા..! એ આત્માના

અનાકુળ શાંતરસની એકાગ્રતા દ્વારા તે પીવાથી મોક્ષ મળે એમ છે. તારા વ્યવહાર ને ક્રિયાકાંડથી મોક્ષ મળે એવું નથી. આહાહા..! **'ઈસલિયે જ્ઞાનમેં લીન હોઓ.'** આહાહા..! ભારે ગાથા મૂકી. સવા સો ગાથા. સવાયું કામ છે લ્યો! સવાયા. આ સવાયો લાભ. ઓલા વાણિયા લખે એ નહિ.

**'આગે કહતે હૈં કિ ઈસ ધ્યાનરૂપ અગ્નિસે સંસારકે બીજ આઠોં કર્મ એક બાર દગ્ધ હો જાને પર પીછે ફિર સંસાર નહીં હોતા હૈ, યહ બીજ ભાવમુનિકે દગ્ધ હો જાતા હૈ :— '** સમ્યગ્દર્શન સહિત જે ભાવમુનિ. મુનિની વ્યાખ્યા ઝીણી છે, ભાઈ! આત્માના અનુભવ સહિત નગ્નદશા બાહ્યમાં બની જાય, અંતરમાં ત્રણ કષાયનો અભાવ થઈ જાય અને એકલું આનંદનું વેદન જેને હોય સ્વભાવની અપેક્ષાએ, એને અહીંયાં મુનિ કહેવામાં આવે છે. એ મુનિ નગ્ન હોય છે, જંગલવાસી હોય છે. આહાહા..! એને મુક્તિ હોય છે. કારણ કે જેને આત્મજ્ઞાનના ભાનસહિત સ્વરૂપની રમણતા ઉત્કૃષ્ટ ઘણી જામી છે, બાહ્યમાં નગ્નદશા છે. વિકલ્પ ઊઠે તો પંચ મહાવ્રતાદિનો વિકલ્પ ઊઠે, પણ એ બંધનું કારણ છે. આહાહા..! આવો માર્ગ! સમજાણું કાંઈ?

**जह बीयम्मि य दड्ढे ण वि रोहइ अंकुरो य महिवीढे।**
**तह कम्मबीयदड्ढे भवंकुरो भावसवणाणं।।१२६।।**

**'અર્થ :- જૈસે પૃથ્વીતલપર... '** **'महिवीढे'** છે ને? **'પૃથ્વીતલપર... '** આ પૃથ્વી ઉપર **'બીજકે જલ જાને પર...'** બીજ-બીજ **'જલ જાને પર ઉસકા અંકુર ફિર નહીં ઉગતા હૈ,...'** બીજ બળ્યા પછી અંકુર ન થાય. **'વૈસે હી ભાવલિંગી શ્રમણકે... '** ચારિત્રથી મુક્તિ છે ને. પણ એ ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત હોય છે. ચારિત્ર અંદરની રમણતા હોય છે. એની દશા અવધૂત આનંદમાં મસ્ત રહેનારા હોય છે. આહાહા..! અને એ જંગલમાં, વનવાસમાં રહેતા. આ તો બધું ફરી ગયું અત્યારે તો આખી વાત. આહાહા..! શ્વેતાંબરને તો અહીંયાં સાધુ ગણ્યા જ નથી. માર્ગ એવો ઝીણો છે, પ્રભુ! વસ્ત્રસહિત છે એ તો મુનિ દ્રવ્યલિંગ પણ નથી. જૈન વીતરાગ માર્ગમાં અનાદિનો સ્વભાવના આશ્રયે આનંદ પ્રગટે, ચારિત્રમાં રમણતા, એ મુનિની દશા તદ્દન નગ્ન હોય છે. એ જંગલમાં વસે. ગામમાં તો આહાર લેવા ભીક્ષા માટે આવે. હાથમાં આહાર (લે). પાત્ર ન હોય મુનિને. આહાહા..! પાણીપાત્ર, ઊભા-ખડા. આહાહા..! અમે તૈયાર થઈ ગયા છીએ મોક્ષને માટે. બેઠા આહાર નહિ, ખડા આહાર. ચાલ્યા જાય, પાછા જંગલમાં ચાલ્યા જાય. એવા ભાવશ્રમણ ચારિત્રવંતને મુક્તિ તત્કાળ થાય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ભાવલિંગી શ્રમણકે સંસારકા કર્મરૂપી બીજ દગ્ધ હો જાતા હૈ...'** એને તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ તો બળી ગયા હોય છે. આહાહા..! આવે છે. શ્વેતાંબરમાં આવે છે. **'ભાવલિંગી શ્રમણકે સંસારકા કર્મરૂપી બીજ દગ્ધ હો જાતા હૈ ઈસલિયે સંસારરૂપ અંકુર ફિર નહીં હોતા હૈ... '** બળ્યા બીજ એને અંકુર ન હોય ફરીને. એમ જેને આત્માના આનંદના અનુભવથી મિથ્યાત્વ અને રાગ-

દ્વેષરૂપી બીજને બાળી નાખ્યા છે એ ફરીને ઉત્પન્ન ન થાય. આહાહા..! જેને ગણધર નમસ્કાર કરે. ચૌદ પૂર્વ અને બાર અંગની રચના તો અંતર્મુહૂર્તમાં કરે ગણધર. એ ગણધર જેને નમસ્કાર કરે. ણમો લોએ સવ્વ સાહુણં. આહાહા..! એવા સાધુને ગણધરના નમસ્કાર પહોંચે એ સાધુ કેવા હોય! આહાહા..! અંતરની જેને દશા આનંદના હિલોળે ચડેલો હોય એ અંદર. અતીન્દ્રિય આનંદને હિંચકે હિંચકતો હોય. ઘડીકમાં વિકલ્પ આવે, વળી આનંદમાં આવે. આહાહા..! એવા ભાવશ્રમણ મુનિને... ભાવલિંગી કીધા ને? પાઠમાં છે ને એ? '**भावसवणाणं**' ભાવશ્રમણ. ભાવશ્રમણ. દ્રવ્યશ્રમણ (એટલે) એકલું નગ્નપણું ધારણ કર્યું અને એને કોઈ પંચ મહાવ્રતના વિકલ્પ રહેતા હોય એ તો દ્રવ્યલિંગી છે. વસ્ત્ર-પાત્રવાળો તો દ્રવ્યલિંગી પણ નહિ. પણ જેને પંચ મહાવ્રતના વિકલ્પ હોય, સાધુના અઠ્ચાવીસ ગુણનો રાગ હોય, બાહ્યમાં નગ્નદશા હોય, આગમ પ્રમાણે વ્યવહાર જેનો નિર્દોષ, આહાર-પાણી નિર્દોષ એને માટે કરેલા ચોકા આદિ ન લેતો હોય એને દ્રવ્યલિંગી કહેવામાં આવે. અને એનામાં અંતર આનંદનું ભાન થાય, શુદ્ધ ચૈતન્યના આનંદનો રસીલો થઈ જાય. એ આનંદના રસીકનો રસીક એવું ચારિત્ર જે સ્વરૂપમાં રમણતા એને ભાવલિંગ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! વાતું બધી ફેરફાર બહુ છે. અત્યારની સાથે...

શ્રોતા :- આવી વ્યાખ્યા કોઈ જાણતું નથી.

ઉત્તર :- આપણે અહીં આપણું કામ છે ને. બીજાનું શું કામ છે? આ તો સમજવા માટે વાત છે. આહાહા..!

ભાવશ્રમણ કીધું છે ને પાઠમાં? એ ભાવશ્રમણ એ જ શ્રમણ. એનું દ્રવ્યલિંગ નગ્ન અને અઠ્ચાવીશ મૂળગુણ હોય. આહાહા..! એવો નિશ્ચય હોય ત્યાં આવો વ્યવહાર હોય, પણ એ વ્યવહાર પણ પુણ્યબંધનું કારણ છે. આહાહા..! '**ઈસલિયે સંસારરૂપ અંકુર ફિર નહીં હોતા હૈ.**'

'**ભાવાર્થ :- સંસારકે બીજ જ્ઞાનાવરણાદિ કર્મ હૈં.** ' લ્યો! '**कम्मबीयदड्ढे**' જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, અંતરાય આઠ કર્મ છે ને આઠ, એ સંસારનું બીજ છે. '**યે કર્મ ભાવશ્રમણકે ધ્યાનરૂપ અગ્નિસે ભસ્મ હો જાતે હૈં,...**' લ્યો! ધ્યાનરૂપ અગ્નિથી, ક્રિયાથી નહિ. આહાહા..! જેમ આર્ત અને રૌદ્રધ્યાન રાગમાં એકાગ્ર થઈને થાય છે, એમ આત્મામાં એકાકાર થઈને આ ધર્મધ્યાન અને શુક્લધ્યાન થાય છે. આહાહા..! '**યે કર્મ ભાવશ્રમણકે...**' જેને અંતર ભાવલિંગ નિર્મળદશા વીતરાગી પ્રગટી એ વીતરાગી દશા એનું લિંગ છે. એ દ્વારા એ ભાવશ્રમણ ઓળખાય છે. એવો જે મુનિ '**ધ્યાનરૂપ અગ્નિસે ભસ્મ હો જાતે હૈં,...**' અંતરના આનંદસ્વરૂપ પરમાત્મા એમાં લીન થવાથી આઠ કર્મનો નાશ-ભસ્મ થઈ જાય. આઠ કર્મ બળીને રાખ—અકર્મરૂપે થઈ જાય છે એમ કહે છે. પરમાણુ તો રહે છે. કર્મની પર્યાય છે એ પલટીને અકર્મરૂપ થઈ જાય છે. એનું નામ ભસ્મ કર્યું. ભસ્મ બીજું શું? જે કર્મરૂપ પર્યાય હતી એ અકર્મરૂપ થઈ. પરમાણુ તો એમ ને એમ રહ્યા. પર્યાય બદલી

ગઈ એનું નામ ભસ્મ કર્યું એમ કહેવામા આવે છે. આહાહા..! એ પરમાણુ બળી જાય છે? નાશ થાય છે? **'ભસ્મ હો જાતે હૈં...'** લ્યો અકર્મરૂપ પર્યાય થઈ એને કર્મરૂપ પર્યાય ભસ્મ થઈ ગઈ એમ કીધું. આ વ્યયને ભસ્મ કીધું. આહાહા..!

**'ઈસલિયે ફિર સંસારૂપ અંકુર કિસસે હો?'** જ્યાં બીજ બળી ગયું ત્યાં અંકુર ક્યાંથી આવે? આહાહા..! કાચું બીજ હોય તો અંકુર ફૂટે, પણ બીજ જ્યાં બળ્યું ત્યાં અંકુર ક્યાંથી આવે? એમ જેને આત્માના ધ્યાનથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેનું ધ્યેય છે એના ધ્યાનની પર્યાયથી એના આઠ કર્મના અંકુર બળી જાય છે. આહાહા..! એને નવો અંકુર થતો નથી. કર્મ નવું ઉત્પન્ન થતું જ નથી એને એમ કહે છે. **'ભાવશ્રમણ હોકર ધર્મ-શુક્લધ્યાનસે કર્મોંકા નાશ કરના યોગ્ય હૈ,...'** આહાહા..! દ્રવ્યલિંગ ને દ્રવ્યશ્રમણ તો અનંત વાર થયા. મુનિ દ્રવ્યલિંગી નગ્નપણું અનંત વાર થયું. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' છ ઢાળામાં આવે છે ને. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પૈ નિજ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિવ્રત ધાર્યા તોપણ સુખ ન મળ્યું એમ કહે છે. એ દુઃખી હતો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન સુખ ન પાયો.' દુઃખ હતું એ તો. પંચ મહાવ્રતના પરિણામ ને એ બધું દુઃખ, રાગ આકુળતા હતી. આહાહા..! 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્માનું જ્ઞાન કર્યા વિના સુખ મળે નહિ એને. સુખ અંશે પણ મળ્યું નહિ એમ કહે છે. આહાહા..!

**'ભાવશ્રમણ હોકર ધર્મ-શુક્લધ્યાનસે કર્મોંકા નાશ કરના યોગ્ય હૈ, યહ ઉપદેશ હૈ. કોઈ સર્વથા એકાંતી અન્યથા કહે કિ—કર્મ અનાદિ હૈ, ઉસકા અંત ભી નહીં હૈ,...'** અનાદિના કર્મનો અંત કેમ આવે? એમ કહે છે. છે ને અભિપ્રાય? અનાદિનો કર્મ એનો અંત કેમ આવે? એમ કહે છે. **'ઉસકા અંત ભી નહીં હૈ, ઉસકા ભી યહ નિષેધ હૈ.'** અનાદિનું કર્મ હોય પણ બળી જાય છે. ઘણાનો એ મત છે કે મોટો ઊંચી પદવી આવે પણ પાછો જન્મ્યા જ કરે. અવતાર રહિત તદ્દન થઈ જાય એમ નહિ. એ જૂઠી વાત છે. બીજ બળ્યા પછી ઉત્પન્ન થાય નહિ એમ આત્માના ધ્યાન દ્વારા. આત્માના ધ્યાન દ્વારા એમ કહ્યું. કોઈ ક્રિયાકાંડ દ્વારા, પંચ મહાવ્રત કે એના દ્વારા નહિ. સૂક્ષ્મ માર્ગ પ્રભુનો. વીતરાગ પરમાત્માએ વીતરાગભાવથી ધર્મ બતાવ્યો છે. રાગભાવ એ ધર્મ નહિ. આહાહા..!

**'ઉસકા ભી યહ નિષેધ હૈ. બીજ અનાદિ હૈ વહ એક બાર દગ્ધ હો જાને પર પીછે ફિર નહીં ઉગતા હૈ.'** આ દૃષ્ટાંત. એકવાર બીજને બાળ્યું, નહિ ઊગે ફરીને. **'ઉસી તરહ ઈસે જાનના.'** ભગવાન આત્મા પોતાના આનંદના સ્વરૂપના ધ્યાનથી જેણે આઠ કર્મના બીજને બાળ્યા-જલા દિયા, ફરીને ઊગે નહિ. આહાહા..! કરવાનું આ છે. બાકી બધા થોથા. કુટુંબમાં કોઈ દિ' પૈસા ન થયા હોય પાંચ-પચ્ચીસ લાખ અને પાંચ-પચ્ચીસ લાખ થાય એટલે એને આહાહા..! ઊંચો એક કુટુંબમાં દીવો જાગ્યો. બીજા એમ કહે કે અમારા કુટુંબમાં કર્મી જાગ્યો.

શ્રોતા :- કોઈ એમ ન કહે કે ધર્મી જાગ્યો.

ઉત્તર :- કર્મી જાગ્યો એમ કહે. કર્મનો કરનાર જાગ્યો આ.

શ્રોતા :- અકર્મી કહે તો ગાળ દે.

ઉત્તર :- અકર્મી કહે તો ગાળ દે. આહાહા..!

'આગે સંક્ષેપસે ઉપદેશ કરતે હૈં :—'

भावसवणो वि पवइ सुक्खाइं दुहाइं दव्वसवणो य।
इय णाउं गुणदोसे भावेण य संजुदो होह।।१२७।।

આહાહા..! '**અર્થ :- ભાવશ્રમણ**...' આત્માના આનંદના અનુભવસહિત સ્વરૂપમાં આનંદની રમણતાવાળો સાધુ. એવું સાધુપણું પુરુષલિંગવાળાને હોય છે. સ્ત્રીને સાધુપણું હોતું જ નથી. સમજાણું કાંઈ? એ તો શ્વેતાંબરે શાસ્ત્રો નવા રચ્યા કલ્પિત એમાં એ બધું ઠરાવી દીધું. સ્ત્રીને મુક્તિ ને કપડાસહિત સાધુપણું. એ બધા કલ્પિત શાસ્ત્રો છે, ભગવાનના કહેલા નથી. આહાહા..! આખી જિંદગી એમાં ગાળી હોય ને, શું કરવું હવે?

અહીં તો '**ભાવશ્રમણ તો સુખોંકો પાતા હૈ**...' જેને અંતરમાં આનંદની દશા જાગી છે, અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે એ જ સુખી છે. એ સુખને પામે છે. આહાહા..! '**ઔર દ્રવ્યશ્રમણ દુઃખોંકો પાતા હૈ**,...' ઠીક! નગ્ન હોય અને પંચ મહાવ્રતના પરિણામ હો, એ દુઃખને પામે છે. આહાહા..! કારણ કે એ પંચ મહાવ્રતના પરિણામ એ રાગ ને આકુળતા છે. આહાહા..! અહીં તો પાંચ મહાવ્રતના ઠેકાણા ન મળે અને (માને કે) સાધુ અમે. '**દ્રવ્યશ્રમણ દુઃખોંકો પાતા હૈ**,...' આહાહા..! અઠ્યાવીશ મૂળગુણ પાળે, પંચ મહાવ્રત પાળે, વ્યવહાર સમિતી, ગુપ્તિ પાળે એ દ્રવ્યલિંગી. એ દુઃખને પામે છે. આહાહા..! '**ઈસપ્રકાર ગુણ-દોષોંકો**...' લ્યો આવ્યું. ગુણ-દોષને જાણીને. ન આવ્યું ઓલામાં? છ ઢાળા. એય..! પંડિતજી!

શ્રોતા :- બિન જાને...

ઉત્તર :- હા ઈ. બિન જાને... આ જાણીને લ્યો. દ્રવ્યશ્રમણ દુઃખને પામે અને ભાવશ્રમણ સુખને પામે એમ જાણવું. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- દુઃખી છે. વર્તમાન પણ દુઃખ અને એનું ફળ પણ દુઃખ. સમ્યગ્દર્શન અને આત્માના આનંદના ભાન વિના જે કાંઈ પંચ મહાવ્રતના પરિણામ એ બધું વર્તમાન દુઃખ છે, એનું ફળ પણ દુઃખ ચાર ગતિ છે. આહાહા..! અને ભાવશ્રમણ વર્તમાનમાં પણ સુખી છે અને ફળમાં પણ આગે પણ પરમાનંદના મોક્ષના સુખને પામશે. આહાહા..! માર્ગ ભારે ભાઈ! સાંભળવું મળે નહિ, એ ક્યારે વિચારે? એમ ને એમ જિંદગી ચાલી જાય. ઢોરની જેમ જિંદગી જાય. આખો દિ' ઢોર ખાવ... ખાવ..

ખાવ.. ખાવ કર્યા જ કરે. એમ આખો દિ' આ કરું... આ કરું... આ કરું એમ કર્યા જ કરે ઢોરની જેમ. ઢોર સમજો છો? પશુ-પશુ. પશુને તો આહારસંજ્ઞા બહુ હોય છે ને? ખાધા જ કરે... ખાયા જ કરે... પેટમાં પડ્યું હોય તોપણ થોડું મળે તો (ખાધા કરે). એમ અજ્ઞાની આખો દિ' આ કરું... આ કરું... આ કરું... આ કરું... આ કરું... રાગ કરું, પુણ્ય કરું, ફલાણું કરું, વેપાર કરું ને આ કરું. ઢોરની જેમ છે આખો દિ' રાગ કરવું... કરવું... કરવું... રાગના જેના ખોરાક છે.

**'दोषोंको जानकर हे जीव! तू भावसहित संयमी बन.'** આહાહા..! **'भावेण य संजुदो होह'** છે ને ચોથું પદ. **'भावेण'** એટલે સમ્યગ્દર્શન ભાવસહિત, એમ. ભાવનો અર્થ જ અહીં સમ્યગ્દર્શન લે છે બધે. અર્થમાં પણ લેશે. જિન સમકિત એનું નામ અહીં ભાવ, વીતરાગી સમકિત. વ્યવહાર સમકિત નહિ, વ્યવહાર સમકિત તો રાગ છે. છે નીચે પણ એમ છે. પાઠમાં બધે આવે છે. **'सम्यग्दर्शनसहित भावश्रमण होता है,...'** દેખો ભાવાર્થમાં છે ને. એ ભાવ એટલે **'भावेण य संजुदो होह'** ભાવનો અર્થ સમ્યગ્દર્શન. નિશ્ચય સમ્યગ્દર્શન, જિન સમ્યગ્દર્શન, વીતરાગ સમ્યગ્દર્શન. એ ચોથે ગુણસ્થાને રાગ વિનાનું સમ્યક્ એ વીતરાગ સમ્યક્. આહાહા..! એવા ભાવસહિત સંયમી બન, એનાથી સાધુ થા. ભાવાર્થ કહેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૪, શનિવાર તા. ૦૮-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૨૭ થી ૧૩૧, પ્રવચન - ૧૬૮**

**'भावार्थ :- सम्यग्दर्शनसहित भावश्रमण होता है,...'** છે ભાવાર્થ? ૧૨૭ ગાથા. સાધુ... અહીંયાં મુખ્યપણે ચારિત્રવંતની વ્યાખ્યા છે અને એ સાધુ ભાવશ્રમણ પહેલા સમ્યગ્દર્શનસહિત હોય છે. એકલું દ્રવ્યપણું ધારણ કરે (એ સાધુ નથી).

શ્રોતા :- સમ્યગ્દર્શનનો આરોપ કરે તો શું વાંધો?

ઉત્તર :- આરોપ-બારોપ એ વાત બધી જૂઠી. એ શ્વેતાંબરમાં છે. આરોપ કેમાં? અહીંયાં નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો રાગને વ્યવહાર સમ્યગ્દર્શનનો આરોપ દેવાય. એ રીતે આરોપ દેવાય. વસ્તુ નથી ને આરોપ શેના? આહાહા..!

ચૈતન્યસ્વરૂપ શુદ્ધ પૂર્ણ અનંત આનંદ, અનંત દર્શન, અનંત ક્ષાયિક સમકિત આદિ અનંત

પર્યાયોનો તો પિંડ છે એ આત્મા. એના અંતર દર્શન અનુભવમાં પ્રતીતિ નિશ્ચય સ્વભાવ એવું સમ્યગ્દર્શન સહિત ભાવસાધુ હોય છે. **'યહ સંસારકા અભાવ કરકે સુખોંકો પાતા હૈ...'** એ ભાવશ્રમણ સમ્યગ્દર્શન સહિત પોતાના સ્વરૂપમાં જેની દૃષ્ટિ આનંદમય થઈ ગઈ છે, એ ઉપરાંત જેને ચારિત્ર પ્રગટ થયું છે—સ્વરૂપની અંતર રમણતા. એવો ભાવશ્રમણ-સાધુ સંસારનો અભાવ કરી, સંસાર શબ્દે ઉદયભાવનો અભાવ કરી **'સુખોંકો પાતા હૈ...'** અનંત આનંદને પ્રાપ્ત થાય છે.

**'ઔર મિથ્યાત્વસહિત દ્રવ્યશ્રમણ...'** નગ્ન મુનિપણું ધારણ કરે, પંચ મહાવ્રત આદિ વિકલ્પ ધારણ કરે પણ અંતર સમ્યગ્દર્શન નથી. એ મૂળ જોઈએ ધર્મનું મૂળ. ચારિત્ર એ ધર્મ છે એનું મૂળ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન નથી, મિથ્યાત્વદર્શન સહિત છે એ **'ભેષમાત્ર હોતા હૈ,...'** દ્રવ્યશ્રમણ ભેખમાત્ર છે. અંતર વસ્તુ જે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એનું ભાન અને અનુભવ નથી એ દ્રવ્યશ્રમણ **'ભેષમાત્ર હોતા હૈ, યહ સંસારકા અભાવ નહીં કર સકતા હૈ,...'** દ્રવ્યલિંગ ધારણ કરે, પંચ મહાવ્રત પાળે, અઠ્ઠાવીશ મૂળગુણ ધારણ કરે (પણ એ) સંસારનો અભાવ ન કરી શકે. કારણ કે એ રાગાદિ ભાવ સંસાર છે. આહાહા..! સંસારનો અભાવ તો શુદ્ધ ચૈતન્યસ્વભાવ, રાગના અભાવસ્વભાવ-સ્વરૂપ... વિકલ્પ એની એકતાબુદ્ધિ જ્યાં પડી છે એ મિથ્યાત્વ. ચાહે તો પંચ મહાવ્રતના ભાવ હો, પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર એનો ભાવ હો, રાગની મંદતા છે, પુણ્ય. એમાં જેની એકતાબુદ્ધિ છે એ સંસારમાં દુઃખી થશે. નગ્નપણું ધારણ કરીને પણ સંસારના દુઃખમાં અવતરશે. **'વહ સંસારકા અભાવ નહીં કર સકતા હૈ, ઈસલિયે દુઃખોંકો પાતા હૈ.'** સમ્યગ્દર્શન વિના રાગની એકતાબુદ્ધિવાળા દ્રવ્યશ્રમણ મુનિ નગ્ન હોય તોપણ દુઃખને અનુભવશે. આહાહા..!

શ્રોતા :- નવમી ગ્રૈવેયકે ગયો ત્યાં પણ દુઃખ?

ઉત્તર :- ગ્રૈવેયક એટલે એમાં શું સ્વર્ગમાં? સ્વર્ગમાં પણ મિથ્યાત્વ સહિત દુઃખી છે. કાલે કહ્યું હતું ને. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' નવમી ગ્રૈવેયક ગયો, નગ્ન મુનિ દિગંબર પંચ મહાવ્રતધારી શુક્લલેશ્યા. શુક્લલેશ્યા. શું થયું તો? એ દુઃખરૂપ ભાવ છે. દુઃખના ફળમાં પણ દુઃખરૂપ સંયોગ મળશે એને.

શ્રોતા :- વર્તમાનમાં વિકલ્પ એને...

ઉત્તર :- ઓછા કાંઈ થયા નથી જરીએ. રાગની એકતાબુદ્ધિ પૂર્ણ વિકલ્પમાં પડ્યો છે. જ્યાં સ્વભાવ નિર્વિકલ્પ વસ્તુ એની અંતરની એકતા નથી અને રાગની એકતામાં બધા વિકલ્પ મિથ્યાત્વના પડ્યા છે. આહાહા..! ભાવપાહુડ છે ને. જેને એ આત્મદર્શન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સ્વ ચૈતન્યદ્રવ્યને આશ્રયે પ્રગટ નથી એ બધા દ્રવ્યશ્રમણો સંસારમાં દુઃખી થઈને પરિભ્રમણ કરશે. આહાહા..!

**'સંસારકા અભાવ નહીં કર સકતા હૈ, ઈસલિયે દુઃખોંકો પાતા હૈ.'** આહાહા..! **'અતઃ ઉપદેશ કરતે હૈં કિ દોનોંકે ગુણ-દોષ જાનકર...'** દોનોં ક્યા? સમકિતસહિત ભાવશ્રમણ સુખને

પ્રાપ્ત કરે, મિથ્યાત્વસહિત દ્રવ્યશ્રમણ દુઃખને પ્રાપ્ત કરે છે. આહાહા..!

શ્રોતા :- એકમાં ગુણ અને એકમાં દોષ.

ઉત્તર :- બેનો ગુણ-દોષનો વિચાર કરી '**ભાવસંયમી હોના યોગ્ય હૈ,...**' આહાહા..! અંતરમાં આત્માના આનંદમાં લીનતારૂપ ચારિત્ર અને સંયમ એવું ભાવશ્રમણ થવું યોગ્ય છે. આહાહા..! '**યહ સબ ઉપદેશકા સાર હૈ.**' કહ્યું ને? આહાહા..! જ્ઞાન ને આનંદસ્વરૂપી પ્રભુ આત્મા એની અંતરમાં પ્રતીતિ અનુભવમાં (થવી), વસ્તુ સ્વરૂપ જ્ઞાન ને આનંદ છે એને અનુસરીને જે પ્રતીત ને અનુભવ થાય તેને અહીંયાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. આહાહા..! એ વિના એકલી શાસ્ત્રથી શ્રદ્ધા કરે એ શ્રદ્ધા નથી.

કહે છે કે ભાવશ્રમણ-સાધુ સમ્યગ્દર્શન સહિત જેને અંતર ચારિત્ર આનંદની લહેર પ્રગટી છે, અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો છે એ સુખને પામશે. એ અતીન્દ્રિય આનંદના મોક્ષના લાભને મેળવશે. અને સમકિત રહિત ક્રિયાકાંડી મુનિ દ્રવ્યલિંગી... આહાહા..! એ દુઃખની દશાને પામશે. કારણ કે એ ભાવ પોતે દુઃખરૂપ છે. પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ સાધુના ગુણનો વિકલ્પ, છ આવશ્યક ને આવે છે ને બધા? એ બધી શુભરાગની વૃત્તિ ઊઠે છે એ પોતે દુઃખરૂપ છે. એ ભલે પંચ મહાવ્રત પાળે પણ એ દુઃખરૂપ છે. એના ફળમાં એ દુઃખને પામશે પરંપરાએ. આહાહા..!

'**આગે ફિર ભી ઈસી કા ઉપદેશ અર્થરૂપ સંક્ષેપસે કહતે હૈં :—**' ૧૨૮.

तित्थयरगणहराइं अब्भुदयपरंपराइं सोक्खाइं।
पावंति भावसहिया संखेवि जिमेहिं वज्जरियं।।१२८।।

સંક્ષેપમાં સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ પરમેશ્વર સંક્ષેપમાં કહે છે. પોતે કુંદકુંદાચાર્ય કહે છે પણ એમ કે આ તો ભગવાને પણ સંક્ષેપમાં કહ્યું છે એમ કહે છે. આહાહા..!

'**અર્થ :- જો ભાવસહિત મુનિ હૈ...**' જેને અંતર આત્મદર્શન, આત્મસાક્ષાત્કાર સમ્યગ્જ્ઞાન-દર્શનમાં થયો છે એવો જે ભાવશ્રમણ સાધુ '**અભ્યુદયસહિત...**' એને તીર્થંકર પદવી, બળદેવ પદવી ગણધર પદવી આદિ મળશે. આહાહા..! ભાવ સહિત સમ્યગ્દર્શન સહિત એવા મુનિને પુણ્ય સહિત અભ્યુદય બહારમાં (પ્રાપ્ત થશે). બહુ વખાણ કર્યા છે આમાં ટીકાકારે. બહારની વાત આવે ત્યાં બહુ વખાણે. એ બહારનું સાધન છે. એમ કે અશોકવૃક્ષ મળે, આમ ઈન્દ્રો ચામર ઢાળે. એ બધી બહારની વાત છે. એમાં આત્માને શું? અહીં તો કહે છે કે આત્માનું ધ્યાન કરીને જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું એને પરંપરા તીર્થંકરાદિની પદવી, સુખની પરંપરા મળીને મોક્ષ જાશે એમ કહે છે. આહાહા..! મિથ્યાત્વને તીર્થંકરપણે... ચાહે તો પંચ મહાવ્રત પાળે, અઠ્યાવીશ મૂળગુણ એ રાગની એકતાબુદ્ધિવાળો તો મિથ્યાદષ્ટિ છે. મિથ્યાદષ્ટિને તીર્થંકરગોત્રના ભાવ હોઈ શકે જ નહિ.

'**ભાવાર્થ :- તીર્થંકર ગણધર ચક્રવર્તી આદિ પદોંકે સુખ પાતે હૈં...**' પરંપરાએ સુખ અહીં

લીધું હતું ને. એ સંક્ષેપમાં ભગવાને કહ્યું છે. '**वज्जरियं**' એટલે કહ્યું. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે બહુ ટૂંકામાં આત્મજ્ઞાન અને આત્મ અનુભવ સહિત જે ભાવશ્રમણ સાધુ એ તીર્થંકરાદિ, ગણધરાદિની સુખની પરંપરા પામીને મુક્તિને પામશે. સમજાણું? આહાહા..! '**તીર્થંકર ગણધર ચક્રવર્તી આદિ પદોંકે સુખ બડે અભ્યુદયસહિત હૈ,...**' તીર્થંકરની, ગણધરની, ચક્રવર્તી, બળદેવ આદિની '**પદોંકે સુખ બડે અભ્યુદયસહિત હૈ,...**' પુણ્યના ફળ સહિત છે. એમ કે એનું પુણ્ય પણ બીજી જાતનું હોય છે. સમકિતીનું પુણ્ય પુણ્યાનુબંધી પુણ્ય હોય છે, મિથ્યાદૃષ્ટિનું પુણ્ય પાપાનુબંધી પુણ્ય હોય છે. આહાહા..!

'**ઉસકો ભાવસહિત સમ્યગ્દૃષ્ટિ મુનિ પાતે હૈં.**' તીર્થંકર ને ગણધર આદિ ચક્રવર્તી. આદિ એટલે બળદેવ. એવા સુખ બડા અભ્યુદય પુણ્ય સહિત '**ભાવસહિત સમ્યગ્દૃષ્ટિ મુનિ પાતે હૈં.**' આહાહા..! સમ્યગ્દર્શન શું ચીજ (છે) એની કાંઈ ખબર નહિ, એની કિંમત નહિ. અને એનું ધ્યેય શું છે? સમ્યગ્દર્શનનું ધ્યેય ધ્રુવ છે. એ આગળ 'ધીરા' શબ્દ આવશે એમાં છે. '**धीरो**' છે ને ૧૩૦માં. ધીર ધીર. ધ્યેય પ્રત્યે ધીને પ્રેરે એને ધીર કહે છે. ધ્યેય પ્રત્યે ધી નામ બુદ્ધિ. ધ્યેય પ્રત્યે ધીને—બુદ્ધિને પ્રેરે એને ધીર કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રોતા :- ..

ઉત્તર :- એ નિરૂક્તિ છે. ધ્યેય ધ્રુવ ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદ અને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ, અનંત આનંદ, અનંત વીર્ય એવી અનંત શક્તિનો પિંડ જે ભગવાન આત્મા સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ એ આત્મા છે વસ્તુ તરીકે. એમાં જેનું ધી નામ બુદ્ધિ, ધ્યેય પ્રત્યે પ્રેરે તેને ધીર કહે છે. ધીરૂભાઈ! આને ધીર કહીએ એમ કહે છે. આહાહા..! .. સંસ્કૃતમાં છે. ૧૩૦માં. આહાહા..! ધ્યેય પ્રત્યે ધીને પ્રેરે એટલે ધીર. 'ર' છે. 'ધી' છે અને 'ર' છે. ધી-બુદ્ધિ. ધ્યેય પ્રત્યે ધીને 'ર' નામ પ્રેરે એને અહીંયા ધીર અને વીર કહેવામાં આવે છે. વીર નામ વિશેષે પોતાના વીર્યને 'ર' નામ ધ્યેય પ્રત્યે પ્રેરે એને વીર કહીએ. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે છે. પોતે સ્વરૂપે પરમાત્મા છે એમાં જેની વીર્યની પ્રેરણા સ્વસન્મુખ થાય તેને અહીંયાં વીર કહેવામાં આવે છે. આહાહા..! અર્થાત્ જે આત્માનું વીર્ય શુદ્ધતાના પરિણમનને રચે એને વીર કહેવાય અને વીર્ય કહેવામાં આવે છે. અશુદ્ધતાને રચે પુણ્ય-પાપના ભાવને (તે નપુંસક વીર્ય છે). અહીં તો જરી સમ્યગ્દર્શન સહિતનો ભાવ છે ને માટે એને કાંઈક મોટપ દીધી છે વ્યવહારે. બાકી તો શુભભાવમાં આત્માનું વીર્ય કામ કરે એ નપુંસક વીર્ય છે. એ વીર્ય નપુંસક છે. પોતાના શુદ્ધ સ્વભાવમાં વીર્યની પ્રેરણા થાય એને વીર અને વીર્ય કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે ભાઈ? વીર-વીર. આત્મબળ વીર્ય જે છે ને અંતર? એ શુદ્ધતાને રચે તો વીર કહેવાય. પુણ્ય-પાપને રચે એ વીર્ય નહિ, એ નપુંસક. અને એ પુણ્યને રચીને, એ મારી રચના છે, મારો ભાવ છે એ તો નપુંસકમાં નપુંસક છે.

શ્રોતા :- એ મિથ્યાદષ્ટિ થયો.

ઉત્તર :- મિથ્યાદષ્ટિ. આહાહા..!

ચૈતન્ય મહેલમાં બિરાજતા અનંતા ગુણો જેના ધામમાં આનંદ અને શાંતિ પડી છે અંદર. આહાહા..! એવા ધામમાં ધીને—બુદ્ધિને લગાવી એમાં જે જામે છે એને અહીંયા ધીર ને વીર કહે છે. આહાહા..! લાખો માણસમાં બહારમાં શુરવીર કહે એ શુરવીર નહિ. આહાહા..! આચાર્ય પોતે ૧૨૯માં કહેશે. ધન્ય છે તે સંતને, કહે છે. આહાહા..!

**'તીર્થંકરાદિ ભાવસહિત સમ્યગ્દષ્ટિ મુનિ પાતે હૈં. યહ સબ ઉપદેશકો સંક્ષેપસે ઉપદેશ કહા હૈ...' 'યહ સબ ઉપદેશકા સંક્ષેપસે ઉપદેશ કહા હૈ ઈસલિયે ભાવસહિત મુનિ હોના યોગ્ય હૈ.'** એકલા દ્રવ્યલિંગ ધારણ કરવા એ તો અનંત વાર કર્યા, એમાં કાંઈ છે નહિ. આહાહા..!

**'આગે આચાર્ય કહતે હૈં કિ જો ભાવશ્રમણ હૈં ઉનકો ધન્ય હૈ, ઉનકો હમારા નમસ્કાર હો :—'** કુંદકુંદાચાર્ય કહે છે. આહાહા..!

**ते धण्णा ताण णमो दंसणवरणाणचरणसुद्धाणं।**
**भावसहियाण णिच्चं तिविहेण पणट्ठमायाणं।।१२९।।**

**'અર્થ :- આચાર્ય કહતે હૈં કિ જો મુનિ સમ્યગ્દર્શન શ્રેષ્ઠ (વિશિષ્ટ) જ્ઞાન...'** **'दंसणवरणाण'** શબ્દ છે ને? **'वरणाण'** એટલે શ્રેષ્ઠ જ્ઞાન એમ લીધો અર્થ. સમ્યગ્દર્શન સહિત છે અને પ્રધાન જેનું જ્ઞાન છે. આત્માનું જ્ઞાન એને વિશિષ્ટ જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! શાસ્ત્રજ્ઞાન અલ્પ હો કે ન હો એની સાથે સંબંધ નથી. **'वरणाण'** ચૈતન્ય ભગવાનનું પોતાનું જ્ઞાન-આત્માનું જ્ઞાનને વરજ્ઞાન-શ્રેષ્ઠજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! **'भावसहियाण णिच्चं तिविहेण पणट्ठमायाणं' 'સમ્યગ્દર્શન શ્રેષ્ઠ જ્ઞાન ઔર નિર્દોષ ચારિત્ર...' 'दंसणवरणाणचरणसुद्धाणं'** જ્ઞાનમાં એણે વરનો અર્થ નાખ્યો. જેને આત્મદર્શન, સમ્યગ્દર્શન પૂર્ણાનંદના નાથને જેણે નિહાળ્યો છે... આહાહા..! એવું જે શુદ્ધ ચૈતન્યઘન સ્વરૂપ, એની જેને અંતરમાં સમ્યક્ સાચી પ્રશસ્ત દૃષ્ટિ થઈ છે અને જેનું શ્રેષ્ઠ જ્ઞાન, આત્માનું જ્ઞાન એને શ્રેષ્ઠ જ્ઞાન કહે છે. આહાહા..! આચાર્યનું હૃદય એમ છે કે **'वरणाण'** શાસ્ત્રના ભણતર ઘણા હોય, પણ આત્માનું જ્ઞાન નથી તેને વર—પ્રધાન-શ્રેષ્ઠ જ્ઞાન નથી, એ બધું હલકું જ્ઞાન છે એમ કહે છે. આહાહા..!

જેને અંતર આત્મા સમ્યગ્દર્શનમાં યથાર્થ ભાન થયું છે અને જેનું આત્મજ્ઞાન થયું, આત્માનું જ્ઞાન થયું છે એવું જે શ્રેષ્ઠ જ્ઞાન અને જે ચારિત્રથી શુદ્ધ છે, એમ. **'चरणसुद्धाणं'** ત્યાં શબ્દ એમ વાપર્યો. **'दंसणवरणाणचरणसुद्धाणं'** આહાહા..! **'ઔર નિર્દોષ ચારિત્ર ઈનસે શુદ્ધ હૈં...'** અંતર વીતરાગ ચારિત્ર છે. પંચ મહાવ્રતના પરિણામ એ તો ચારિત્રનો દોષ છે. પંચ મહાવ્રતનો વિકલ્પ છે એ રાગ છે, ચારિત્રનો દોષ છે. આહાહા..! અહીં તો વીતરાગચારિત્ર. ચૈતન્યસ્વરૂપ વીતરાગમૂર્તિ છે એમાં વીતરાગભાવથી લીન થવું એ ચરિત્ર શુદ્ધ છે, એ ચારિત્ર શુદ્ધ છે. એમ શબ્દ વાપર્યો છે ને. ચરિત

'**चरणसुद्धाणं**' કુંદકુંદાચાર્યની શૈલી સ્વના આશ્રયની અલૌકિક છે. આહાહા..!

'**જો મુનિ સમ્યગ્દર્શન શ્રેષ્ઠ જ્ઞાન ઔર નિર્દોષ ચારિત્ર ઈનસે શુદ્ધ હૈં...**' વીતરાગ ધારા જેને વહે છે. આહાહા..! આનંદની ઉગ્ર ધારા પર્યાયમાં ઉગ્ર ધારા આનંદની થાય છે '**ઈસલિયે ભાવસહિત હૈં...**' લ્યો! એ ત્રણે ભાવ સહિત થયું. સમ્યગ્દર્શન, શ્રેષ્ઠ જ્ઞાન, ચારિત્ર શુદ્ધ. ઓહોહો..! '**ઔર પ્રણષ્ટ હો ગઈ હૈ માયા અર્થાત્ કપટ પરિણામ જિનકે ઐસે હૈં...**' અર્થાત્ બાહ્ય આચરણ છે અને અંતરમાં ઠેકાણા નથી એ તો માયા (ચારી) કપટી છે. આહાહા..! જેને અભ્યંતર આનંદ ઉછળ્યો છે, આનંદ પ્રગટ થયો છે. એ માયા, કપટ રહિત છે. જેવું સ્વરૂપ છે એવું પ્રગટ થયું. એને માયાથી, કપટથી કંઈ કહેવું છે એ વાત રહેતી નથી. આહાહા..! બાહ્ય ચારિત્રનો દેખાવ કરે વ્યવહારનો અને અંતરમાં દર્શન-જ્ઞાન નથી એ તો માયા-કપટ છે એમ કહે છે. આહાહા..!

'**पणट्ठमायाणं**' '**પ્રણષ્ટ હો ગઈ હૈ માયા અર્થાત્ કપટ પરિણામ જિનકે ઐસે હૈં...** ' નિઃશલ્યોવૃત્તિ કહ્યું ને? તત્ત્વાર્થસૂત્ર. નિઃશલ્યોવૃત્તિ. ચારિત્રવંત એવા હોય છે કે જેમાં મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ, માયા, નિદાન, મિથ્યાત્વ શલ્ય નથી હોતા. ત્રણ શલ્ય ન હોય એ સમ્યગ્દર્શન સહિત નિઃશલ્ય હોય છે. આહાહા..! નિઃશલ્યોવૃત્તિ, તત્ત્વાર્થસૂત્ર, ઊમાસ્વામી. ચારિત્રવંત તો નિઃશલ્ય હોય છે. મિથ્યાત્વનું શલ્ય નહિ. નિદાન—આચરણના ફળનો હેતુ નહિ, માયા નહિ. માયા શલ્ય નહિ. આહાહા..! '**પ્રણષ્ટ હો ગઈ હૈ માયા અર્થાત્ કપટ પરિણામ જિનકે ઐસે હૈ વે ધન્ય હૈં.** ' આહાહા..! કુંદકુંદાચાર્ય. મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. ત્રીજે નંબરે આવ્યા. પહેલા ભગવાન, બીજે ગણધર, ત્રીજે કુંદકુંદાચાર્ય. એ કુંદકુંદાચાર્ય કહે છે. આહાહા..! ભાવશ્રમણની ભક્તિ. આહાહા..! ભક્તિ જાગી છે. વાહ રે વાહ સંત! તારા ચરણકમળમાં અમારો નમસ્કાર છે! કુંદકુંદાચાર્ય (કહે છે). આહાહા..!

આ દર્શન, જ્ઞાન અને ચારિત્રસહિત છે અને માયા, કપટ રહિત છે એ ધન્ય છે! બસ અહીં તો. આપ તો સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય એવી રચના કરવાની તાકાત છે ને તમારામાં. કહે છે, બીજાને એ તાકાત ભલે ન હો, પણ આત્મદર્શન, જ્ઞાન અને ચારિત્ર શુદ્ધ છે એ અમને નમસ્કાર યોગ્ય છે કહે છે. આહાહા..!

'**વે ધન્ય હૈં.**' '**धण्णा**' છે ને. '**ઉનકે લિયે હમારા મન-વચન-કાયસે સદા નમસ્કાર હો.**' જુઓ! '**णिच्चं तिविहेण पणट्ठमायाणं**' '**णिच्चं**' એમ શબ્દ છે ને. આહાહા..! નિત્ય, સદા અમારું ભાવશ્રમણ પ્રત્યેનું બહુમાન, નમસ્કાર સદાય રહો. આહાહા..! ભાવના તો ઠેકાણા નહિ અને દ્રવ્યના પણ ઠેકાણા નહિ અને સાધુ માને કે અમે સાધુ છીએ. આહાહા..! પંચ મહાવ્રત કોને કહે એના ઠેકાણા નહિ. આ વળી વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણા માને, ઓલો નગ્ન થઈને એને માટે ચોકા કરીને (કરેલો) આહાર લે, એ તો વ્યવહારથી ભ્રષ્ટ છે. ચોકા કહે છે ને? ચોકા. આચાર્ય તો કહે છે અહો..! જેને

આત્મદર્શન થયા છે, જેનું શ્રેષ્ઠ જ્ઞાન પ્રગટ થયું, આત્માનું જ્ઞાન એ શ્રેષ્ઠ જ્ઞાન છે એમ કહે છે અને જેનું ચારિત્ર શુદ્ધ છે. આહાહા..! '**चरणसुद्धाणं**' નિર્દોષ ચારિત્ર છે. નિર્મળ વીતરાગદશા પ્રગટી. આ ચારિત્ર આ. આ મુનિપણું. '**ઉનકે લિયે હમારા મન-વચન-કાયસે...**' મન, વચન અને કાયથી ત્રણે યોગથી. '**સદા નમસ્કાર હો.**' આહાહા..! જેણે મુક્તિના માર્ગને સાધ્યો છે અને જેને મુક્તિ અલ્પ કાળમાં છે. અનંત આનંદની પ્રાપ્તિ, અનંત દુઃખનો અંત, અનંત દુઃખનો અંત, અનંત સુખની પ્રાપ્તિ. અનંત દુઃખનો વ્યય, અનંત સુખનો ઉત્પાદ, ધ્રુવ તો ત્રિકાળ છે. આહાહા..! આ નિશ્ચયની વસ્તુ લોકોને એવી લાગે ને. વ્યવહાર સાધન.. વ્યવહાર સાધન...

શ્રોતા :- પર્યાય નથી? આ પર્યાયની વાત નથી?

ઉત્તર :- એ વ્યવહાર નહિ. આ વ્યવહાર તો આ ક્રિયા કરે. ઓલામાં આવ્યું છે ને એ. મોટા પુસ્તકમાં હમણા બહાર પડ્યું ને એમાં આવ્યું છે. નિશ્ચયચારિત્ર ન હોય ત્યાં સુધી આ વ્યવહાર ચારિત્રથી નિશ્ચયચારિત્ર. .. તો થશે. મોટું પુસ્તક હમણા દિલ્હીથી બહાર પડ્યું છે ને સો રૂપિયાનું. અહીં આવ્યું છે. એ પુસ્તક બહાર પડ્યું છે. બસ્સો રૂપિયા લે છે પણ પુસ્તકની કિંમત સો રૂપિયાની છે. બસ્સો લીધા છે. એક હજાર પુસ્તક છપાયા છે. અહીંયાં આવ્યું છે ભેટ તરીકે. એમાં એમ લખ્યું છે કે જ્યાં સુધી ચારિત્ર નિશ્ચય ન હોય... પણ હજી નિશ્ચય સમકિત ન હોય એ તો પહેલા કરે. ચારિત્ર વ્યવહાર ક્રિયાકાંડ કરવું, કરતા કરતા નિશ્ચય થઈ જશે. આહાહા..! અરે..! ભગવાનને નામે આ પ્રચાર. ૨૫૦૦ વર્ષ પરમાત્માને સાદિ અનંત મુક્તિને થયા. આહાહા..! પૂર્ણાનંદની પ્રાપ્તિ એવી મોક્ષદશા ભગવાનને ૨૫૦૦ વર્ષ થયા. એની આ ઉજવણી કરે છે ને આ લોકો ૨૫૦૦ વર્ષની. ઉજવણી તો આ, સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ મહાવીર ભગવાનની મોક્ષની ઉજવણી છે. નિર્વાણની ઉજવણી છે ને? નિર્વાણનો અર્થ મોક્ષ. મોક્ષની ઉજવણી ક્યારે થાય? કે પોતાનો આત્મસ્વભાવ, નિજસ્વભાવ, નિજ પરમાત્મા એની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ નિર્વાણનો મહોત્સવ અને નિર્વાણનું કારણ. આહાહા..! આચાર્ય પ્રમોદમાં આવી બે હજાર વર્ષ પહેલાં શાસ્ત્ર રચનાકાળમાં કહે છે, અહો..! મન, વચન, કાયથી આવા ધન્ય સંતના, મુનિના ચરણમાં અમારા નમસ્કાર છે. આહાહા..!

'**ભાવાર્થ :- ભાવલિંગિયોંમેં જો દર્શન-જ્ઞાન-ચારિત્રસે શુદ્ધ હૈં...** ' ત્રણે એમ. નહિતર સમ્યગ્દર્શનને પણ ભાવલિંગ કહેવામાં આવે છે. પણ અહીં તો ત્રણે લેવા છે ને. ચારિત્ર લેવું છે ને. '**ભાવલિંગિયોંમેં જો દર્શન-જ્ઞાન-ચારિત્રસે શુદ્ધ હૈં ઉનકે પ્રતિ આચાર્યકો ભક્તિ ઉત્પન્ન હુઈ હૈ...**' આચાર્યને બહુમાન આવ્યું છે. અહો..! જેણે જન્મને સફળ કર્યા, આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનો અનુભવ કરીને જેણે રમણતા પ્રગટ કરી. આહાહા..! ધન્ય પ્રભુ તારા અવતારને કહે છે. કુંદકુંદાચાર્ય. સમજાણું કાંઈ? એવા ભાવશ્રમણને '**આચાર્યકો ભક્તિ ઉત્પન્ન હુઈ હૈ, ઈસલિયે ઉનકો ધન્ય કહકર નમસ્કાર કિયા હૈ...**' જોયું! ધન્ય અવતાર પ્રભુ તારા! આહાહા..! જેણે

આનંદના નાથને શોધી લીધો છે અને આનંદમાં મગ્ન છે. અતીન્દ્રિય આનંદમાં મગ્ન એ ચારિત્ર. આહાહા..! વીતરાગની વાતું ઝીણી, ગંભીર મોટી છે. જેને આવા મુનિપણા હોય એની પણ ખબર નથી, એને સમ્યગ્દર્શન ક્યાંથી આવ્યું? આહાહા..!

'**વહ યુક્ત હૈ, જિનકે મોક્ષમાર્ગમેં અનુરાગ હૈ,...**' જેને મોક્ષમાર્ગમાં પ્રેમ છે. પૂર્ણાનંદના નાથની જેણે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ કરી છે અને એનો જેને પ્રેમ છે. '**ઉનમેં મોક્ષમાર્ગકી પ્રવૃત્તિમેં પ્રધાનતા દિખતી હૈ,...**' '**ઉનમેં મોક્ષમાર્ગકી પ્રવૃત્તિમેં પ્રધાનતા દિખતી હૈ, ઉનકો નમસ્કાર કરેં હી કરેં.**' આહાહા..! એ વખતે શ્વેતાંબર પંથ નીકળી ચૂક્યો હતો ને. કુંદકુંદાચાર્ય થયા એ પહેલા શ્વેતાંબર પંથ સો વર્ષ પહેલા નીકળી ચૂક્યો હતો. શાસ્ત્ર રચના નહોતી કરી હજી એ લોકોએ. પંથ જુદો પડી ગયો હતો. એથી આ કહે છે. ઓહો..! ધન્ય મુનિ તારા. એવા મુનિ જેને પ્રગટ્યું આવું. ધન્ય સહિત મારા નમસ્કાર છે. આહાહા..! એમ આવા એમ કે વસ્ત્રસહિતવાળા એને અમે નથી માનતા માટે એની નિંદા કરીએ છીએ એમ નથી. આહાહા..! '**મોક્ષમાર્ગકી પ્રવૃત્તિમેં પ્રધાનતા દિખતી હૈ,...**' બીજા આત્મામાં મોક્ષમાર્ગની પ્રવૃત્તિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, શુદ્ધતા, નિર્વિકલ્પતા, વીતરાગતા દેખે '**ઉનકો નમસ્કાર કરેં હી કરેં.**' આહાહા..! ભારે વાતું ભાઈ આવી.

'**આગે કહતે હૈં કિ જો ભાવશ્રમણ હૈં વે દેવાદિકકી ઋદ્ધિ દેખકર મોહકો પ્રાપ્ત નહીં હોતે હૈં :—**' દેવની ઋદ્ધિ દેખે, કરોડો દેવો (દેખાય) પણ જેને આત્માના આનંદનું ભાન છે, મારો આનંદ મારી પાસે છે, હું આનંદસ્વરૂપ છું, એવા આનંદનો જેને સ્વાદ આવ્યો છે એ બીજા દેવની ઋદ્ધિને ઈચ્છતા નથી. આહાહા..! તરણાતુલ્ય માને છે. ભગવાન આત્માના આનંદનો, આનંદનો નાથ પૂર્ણ પ્રભુ છે આ. મારો આનંદ મારામાં ઠસોઠસ પૂર્ણ ભર્યો છે. આહાહા..! મારા આનંદને માટે કોઈ પરપદાર્થની અપેક્ષા નથી. આહાહા..! એવા જેને આનંદના સ્વાદ ને અનુભવ થયો છે, એને દેવ ક્રિયા કરી ઋદ્ધિ બતાવે એવી આશા છે નહિ. આહાહા..!

इड्ढिमतुलं विउव्विय किण्णरकिंपुरिसअमरखयरेहिं।
तेहिं वि ण जाइ मोहं जिणभावणभाविओ धीरो।।१३०।।

આ શબ્દ ઘણી વાર મૂકે છે. '**जिणभावणभाविओ**' જિનભાવના એટલે સમ્યગ્દર્શન. આહાહા..! '**जिणभावणभाविओ धीरो**' આ 'ધીર' આવ્યું. હમણા વ્યાખ્યા કરી નહોતી? એ આ 'ધીર'. એ સંસ્કૃત ટીકામાં છે આમાં હોં! જુઓ! જિનભાવના-સમકિતભાવના. એ તો ઘણે ઠેકાણે આવે છે. અહીં બીજું કહેવું છે કે સમ્યગ્દર્શન એ વીતરાગભાવ છે એમ કહે છે. કોઈ એમ કહે કે સમ્યગ્દર્શન સરાગ તે સમ્યગ્દર્શન. વીતરાગ સમ્યગ્દર્શન પછી સાતમે, આઠમે થાય છે—એમ નથી. સમ્યગ્દર્શન જ જિન વીતરાગભાવ છે. આહાહા..!

'**અર્થ :- જિનભાવના (સમ્યક્ત્વ ભાવના) સે વાસિત...** ' આહાહા..! વીતરાગી સ્વરૂપ

આત્માનું જેને વેદન વર્તે છે, એમાં સમ્યગ્દર્શનમાં એને ભાન થઈ ગયું છે કે મારો આત્મા આનંદસ્વરૂપથી પૂર્ણ છે. એને જેણે પ્રતીતમાં લીધો, એને પૂર્ણ આનંદ અલ્પ કાળમાં પ્રાપ્ત થવાનો છે. એથી આ ઋદ્ધિને ઈચ્છતો નથી. એમ કહીને એમ કહે છે કે મુનિ છે એ પંચમ કાળના મુનિ સાચા હોય એ પણ સ્વર્ગમાં જવાના. મોક્ષ તો નથી. પણ કહે છે કે જે મુનિ છે એ પોતાના આનંદની ઋદ્ધિને જોઈ છે, એને દેવની ઋદ્ધિ તુચ્છ લાગે છે. આહાહા..!

જેણે દૂધપાકના સ્વાદ ચાખ્યા છે. દૂધપાક સમજો છો? ખીર કહે છે ને તમારે? તમારે ખીર કહે છે. અમારે અહીંયાં ખીર અને દૂધપાકમાં ફેર કરે છે. એક શેર દૂધમાં નવટાક ચોખા, ચાવલ એ બનાવે તો એને ખીર કહે છે. પણ એક શેર દૂધમાં રૂપિયાભાર ચોખા એને કઢે એને દૂધપાક કહે છે. એક શેર દૂધ, એક રૂપિયાભાર ચોખા. દૂધનો પાક એને દૂધપાક કહે છે. અને એક શેર દૂધમાં પાંચ ભાર ચોખા (નાખે) તેને ખીર કહે છે. તમારે તો દૂધપાકને પણ ખીર કહે છે. આહાહા..! ખીર કહે છે, ખબર છે ને. પણ અમારે ખીર અને દૂધપાકમાં ફેર છે કાઠિયાવાડમાં. એક મણ દૂધમાં એક શેર ચોખા. બસ. એ દૂધપાકનો સ્વાદ જેણે ચાખ્યો એને, જુવાર હોય છે ને જુવાર? લાલ જુવાર હોય છે લાલ, ફોતરા લાલ બહુ કસ વિનાના, એ લાલ જુવારની રોટલીનો સ્વાદ એને નથી આવતો.

એમ જેને આત્માના આનંદનો સ્વાદ ચાખ્યો છે એને સ્વર્ગના ઈન્દ્રના સુખ પણ તુચ્છ લાગે છે. આહાહા..! ભલે સ્વર્ગમાં જશું, કહે છે મુનિ બીજી વાત, પણ એ ઋદ્ધિ એ નહિ. એ ઋદ્ધિ તુચ્છ છે. આહાહા..! રિદ્ધિ-વૃદ્ધિ આવે છે ને? 'સિદ્ધિ વૃદ્ધિ દિસે પ્રગટ સદા...' 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે...' આવે છે ને. 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે અંતરમેં પ્રગટ સદા, સવાર્થ કે સાચે, પરમાર્થકે સાચે સાચે સાચે વહેણ કહે, સાચે જિનમતિ હૈ. પર્યાયબુદ્ધિ નાહિ' આવે છે ને. 'ન ગૃહસ્થ હૈ, ન યતિ હૈ.' 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા. અંતરકી લક્ષ્મી અજાતિ લક્ષપતિ હૈ. દાસ ભગવંત કે ઉદાસ રહે જગતસો, સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ.' એવું આવે છે બનારસીદાસમાં. સમયસાર નાટક. આહાહા..! 'કાહુ કે વિરોધિ નાહીં, પર્યાય બુદ્ધિ નાહીં.' 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે...' રિદ્ધિ તો મારી ચૈતન્યની અંદર છે અને વૃદ્ધિ એ ચૈતન્યની વૃદ્ધિ નિર્મળ થાય એ મારી પાસે છે અને એ જ સિદ્ધિ છે. આ વચનની સિદ્ધિ અને બીજી સિદ્ધિ કરતા, આ મારી સિદ્ધિ છે એમ કહે છે. આહાહા..! 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા.' પ્રગટ સદા. દ્રવ્ય તો છે જ પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે દશા પ્રગટ થઈ છે એ અમારી ઋદ્ધિ છે, એ અમારી વૃદ્ધિ છે, એ અમારી સિદ્ધિ છે. આહાહા..! એ અહીં કહે છે જુઓ!

'**જિનભાવના સે વાસિત જીવ...**' જેને સમ્યગ્દર્શન વીતરાગી ભાવ ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં જેને પ્રગટ્યો. આહાહા..! એ '**કિંનર,...**' દેવ '**કિંપુરુષ દેવ; કલ્પવાસી દેવ ઔર વિદ્યાધર, ઈનસે વિક્રિયારૂપ વિસ્તાર કી ગઈ અતુલ-ઋદ્ધિયોંસે...**' લાખો-કરોડો દેવ બનાવે અને એક

એકને હીરાના હાર પહેરાવે ને આમ ઋદ્ધિ દેખાડે. કોઈ ઋદ્ધિની મહિમા નથી. આહાહા..! મિથ્યાદષ્ટિ જીવ ગરીબ છે, રંક છે, એને પોતાની ઋદ્ધિની ખબર નથી. સમ્યગ્દષ્ટિ જીવ બાદશાહ છે, પોતાની ઋદ્ધિની એને ખબર છે. આહાહા..!

'**દેવ ઔર વિદ્યાધર,...**' નીચે મનુષ્ય લીધા. પહેલા દેવ અને આ વિદ્યાધર. '**ઇનસે વિક્રિયારૂપ વિસ્તાર કી ગઈ અતુલ-ઋદ્ધિયોંસે મોહકો પ્રાપ્ત નહીં હોતા હૈ.**' આહાહા..! સમ્યગ્દષ્ટિ પણ બહારની ઋદ્ધિને દેખીને મોહ-વિસ્મયતા નથી પામતા. પોતાની ઋદ્ધિ અંદર છે. આહાહા..! પણ એને જરી રાગ સમ્યગ્દષ્ટિને તો રાગ હોય છે, વિષયનો રાગ આદિ આસક્તિનો. અહીં તો મુનિની વાત લીધી છે ને. એને તો આસક્તિનો પણ રાગ નથી. આહાહા..! જેને ચારિત્રની ઋદ્ધિ પ્રગટ થઈ છે... આહાહા..! એવા જીવ સમકિત સહિત છે, એ દેવ અને મનુષ્યની ઋદ્ધિ દેખી વિસ્મયતા આવતી નથી. આહાહા..! કુતૂહલતા થઈ નથી કે આહા..! એમ આવતું નથી. અદ્ભુતાત્ અદ્ભુત ઋદ્ધિ મારી અંદરમાં છે. આહાહા..! આવે છે ને પાછળ અદ્ભુતાત્ અદ્ભુતં. પાછળ (૨૭૪) કળશમાં આવે છે. સમયસારમાં પાછળ કળશ છે ને એમાં અદ્ભુતાત્ અદ્ભુતં (આવે છે).

'**ઋદ્ધિયોંસે મોહકો પ્રાપ્ત નહીં હોતા હૈ, ક્યોંકિ સમ્યગ્દષ્ટિ જીવ કૈસા હૈ? ધીર હૈ,...** ' જુઓ આ આવ્યું. સમ્યગ્દષ્ટિ જીવ ધીર છે. કેમકે ધ્યેય પ્રત્યે બુદ્ધિને જેણે પ્રેરી છે. આહાહા..! મારું ધ્યેય તો ધ્રુવ છે. પર્યાય પણ જ્યાં ધ્યેય નથી. આહાહા..! સમ્યગ્દષ્ટિનું ધ્યેય ધ્રુવ (છે). સમ્યગ્દષ્ટિનું ધ્યેય નિમિત્ત નહિ, પરમાત્મા, અરિહંત એ નહિ, એ ધ્યેય નથી. એના પ્રત્યેનો રાગ થાય એ ધ્યેય નહિ. રાગનું જ્ઞાન થાય જે સમયમાં એની પર્યાયમાં, એ ધ્યેય નહિ. '**સમ્યગ્દષ્ટિ જીવ કૈસા હૈ? ધીર હૈ, દઢબુદ્ધિ હૈ અર્થાત્ નિઃશંકિત અંગકા ધારક હૈ.**' એમ લીધું. નિઃશંક છે કે મારી ચીજ મારી પાસે છે. મારો આનંદ અને મારી શાંતિ એ મારી પાસે છે. કોઈ બીજી ચીજથી એ શાંતિ મળે છે એમ માનતા નથી. આહાહા..! '**દઢબુદ્ધિ અર્થાત્ નિઃશંકિત અંગકા ધારક હૈ.**' નિઃકાંક્ષ છે. કાંક્ષા જ નથી કોઈ ઇચ્છા નહિ. ઇચ્છા હો તો પૂર્ણ મોક્ષની. પણ એ ઇચ્છાથી પણ કાંઈ પૂર્ણ મોક્ષ મળતો નથી. આહાહા..! આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર જેને પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ વીર્ય પ્રગટ થયું છે. એવી ઋદ્ધિવાળા ભગવાન એના મુખથી નીકળેલા શાસ્ત્ર એ માયલું આ શાસ્ત્ર છે. કુંદકુંદાચાર્યે તો એની રચના કરી છે, વાણી ભગવાનની છે. આહાહા..!

કહે છે.. આહાહા..! '**દઢબુદ્ધિ અર્થાત્ નિઃશંકિત...**' છે. નિઃશંક અને નિઃકાંક્ષ. નિઃશંક તો સ્વરૂપની પૂર્ણ પ્રતીતિ, નિઃકાંક્ષ તો પર ઋદ્ધિની ઇચ્છા નહિ. પોતાની ઋદ્ધિમાં નિઃશંક, પર ઋદ્ધિની કાંક્ષા નથી. આહાહા..! આવું ઝીણું પડે ને માણસને એટલે પછી ઓલા વ્રત પાળવા, અપવાસ કરવા એ ઠીક પડે. તો એ રસ્તે દોરાઈ ગયા. આહાહા..! એ રસ્તે મંદિર બનાવો, આમ બનાવો. કોણ બનાવે? એ તો પરની ચીજ છે. એ કાળે બનવાનું હોય ત્યારે બને છે. બનાવનારના ભાવમાં શુભભાવ હોય તો

પુણ્ય છે. કાંઈ મંદર બનાવવાના ભાવમાં ધર્મ નથી. આહાહા..!

'**ભાવાર્થ :- જિસકે જિનસમ્યક્ત્વ દઢ હૈ...**' જિનસમકિત દઢ છે. જુઓ ભાષા! આહાહા..! એ જિનવરના ચરણનો ઉપાસક, એ ચૈતન્યમૂર્તિ જિનસ્વરૂપ એનો સેવક. '**જિસકે જિનસમ્યક્ત્વ દઢ હૈ...**' આહાહા..! '**ઉસકે સંસારકી ઋદ્ધિ તૃણવત્ હૈ,...**' સંસારની ઋદ્ધિ તૃણ... સડેલું તરણું, તણખલું સડેલું. ઇન્દ્રના ઇન્દ્રાસન પણ સડેલું તરણું છે. આત્માના આનંદને સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદનો નાથ એનો જેને સ્વાદ આવ્યો એને સંસારની ઋદ્ધિ તૃણવત્ લાગે છે. આહાહા..! '**પરમાર્થસુખ હી કી ભાવના હૈ,...**' ધર્માત્માને તો પરમાર્થસુખ-આત્માના આનંદનું સુખ એની ભાવના હોય છે. આહાહા..! વિષયના સુખ, દેવના સુખની ઇચ્છા એને હોતી નથી. આવે વચમાં, પણ એની ઇચ્છા નથી, એની રુચિ નથી. આહાહા..!

'**વિનાશીક ઋદ્ધિકી વાંછા ક્યોં હો?**' ક્ષણમાત્રમાં નાશ થાય એવી ઋદ્ધિ સંસારની. આહાહા..! દેવ મોટો એવી ઋદ્ધિવાળો લ્યો આઠમું સ્વર્ગ. ક્ષણમાં તિર્યંચમાં ઉત્પન્ન થાય. તિર્યંચ. આહાહા..! આ આત્માની ભાવના(થી) આગળ એક ક્ષણમાં ઉત્કૃષ્ટ પુરુષાર્થ હો તો કેવળજ્ઞાન લે—એવો પુરુષાર્થ અંદર છે. એવી ભાવનાવાળો આવી ભાવના કેમ કરે કહે છે. '**વિનાશીક ઋદ્ધિકી વાંછા ક્યોં હો?**' ઓહોહો..! ધર્મીની દૃષ્ટિ તો ધ્રુવ અવિનાશી ઉપર છે. તો એ અપેક્ષાએ તો કેવળજ્ઞાનની પર્યાય, સંવર નિર્જરાની પર્યાય પણ નાશવાન છે. કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન છે ને. એક સમય રહે છે. બીજે સમયે બીજું થાય છે. કેવળજ્ઞાન એ જ નથી, એ જ નહિ. એવું ખરું પણ એ નહિ, બીજે સમયે બીજું. નાશવાન છે. આહાહા..! સંવર, નિર્જરા, મોક્ષનો માર્ગ એ નાશવાન છે. તો આ બહારની ઋદ્ધિનું શું કહેવું? કહે છે. આહાહા..! જ્યાં એનો આશ્રય નાશવાન પર્યાય ઉપર નથી, એનો પર નાશવાન ચીજ ઉપર આકાંક્ષા કેમ હોય? આહાહા..!

'**આગે ઈસ હી કા સમર્થન હૈ કિ ઐસી ઋદ્ધિ ભી નહીં ચાહતા હૈ તો અન્ય સાંસારિક સુખકી ક્યા કથા?—**' આહાહા..! '**मुणिधवलो**' એમ શબ્દ પાડ્યો છે. '**धवलो**' નામ પ્રધાન. આહાહા..! ધવલ-ધવલ નથી આવતું આપણે? જયધવલ ને મહાધવલ ગ્રંથ છે ને ગ્રંથ. ધવલનો અર્થ ઉજળું થાય છે. મુનિપ્રધાન. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ...

**किं पुण गच्छइ मोहं णरसुरसुक्खाण अप्पसाराणं।**
**जाणंतो पस्संतो चिंततो मोक्ख मुणिधवलो।।१३१।।**

'**અર્થ :- સમ્યગ્દૃષ્ટિ જીવ પૂર્વોક્ત પ્રકારકી ભી ઋદ્ધિકો નહીં ચાહતા હૈ...**' સ્વર્ગની. '**તો મુનિધવલ અર્થાત્ મુનિપ્રધાન હૈ વહ અન્ય જો મનુષ્ય દેવોંકે સુખ...**' સાધારણ મનુષ્ય ને દેવના '**ભોગાદિક જિનમેં અલ્પ સાર હૈ...**' '**अप्पसाराणं**' શબ્દ પડ્યો છે ખરો ને. કાંઈ સાર જ નથી ખરેખર. આહાહા..! '**ઉનમેં ક્યા મોહકો પ્રાપ્ત હો?**' આહાહા..! જેને દેવની મહા અતુલ

ઋદ્ધિનો મોહ-કાંક્ષા નથી, એને સાધારણ મનુષ્યના, દેવની સુખની (આકાંક્ષા ક્યાંથી હોય)? આહાહા..! **'જિનમેં અલ્પ સાર હૈ ઉનમેં ક્યા મોહકો પ્રાપ્ત હો? કૈસા હૈ મુનિધવલ? મોક્ષકો જાનતા હૈ, ઉસ હી કી તરફ દૃષ્ટિ હૈ, ઉસ હી કા ચિંતન કરતા હૈ.'** એમ છે ને? **'जाणंतो पस्संतो चिंततो'** આહાહા..! **'मोक्ख'** મોક્ષ પૂર્ણાનંદનો લાભ એને જાણે છે, એ તરફ દૃષ્ટિ છે, એનું ચિંતવન કરે. જેને મોટા દેવની ઋદ્ધિની પણ કાંક્ષા નથી, એને સાધારણ મનુષ્યના દેવની ભોગની ઈચ્છા તો હોતી નથી. આત્મા અનંત આનંદના ભોગની ભાવના હોય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ વદ ૫, રવિવાર તા. ૦૯-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૩૧ થી ૧૩૪, પ્રવચન - ૧૬૯**

**'પૂર્વોક્ત પ્રકારકી ભી ઋદ્ધિકો નહીં ચાહતા હૈ...'** જેને આત્માનું શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ થયો છે એવો સમ્યગ્દૃષ્ટિ જીવને સંસારની દેવ આદિની ઋદ્ધિની પણ એને રુચિ હોતી નથી. ધર્મી જીવને પરમાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે. પરમાં સુખ છે એ બુદ્ધિ ઊડી જાય છે. સમ્યગ્દર્શન થતાં, આત્મામાં આનંદ છે એ અતીન્દ્રિય આનંદનું ધામ છે પ્રભુ આત્મા એવું ભાન ને પ્રતીત, અનુભવ થતાં સમ્યગ્દૃષ્ટિને પરમાં, દેવ આદિની ઋદ્ધિમાં પણ સુખબુદ્ધિ હોતી નથી. **'તો મુનિધવલ...'** મુનિની શું વાત કરવી? એમ કહે છે. એને તો આસક્તિ હોતી નથી એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ જીવને પરમાં સુખબુદ્ધિ હોતી નથી છતાં એને આસક્તિ હોય. તો કહે છે કે મુનિધવલ—મુનિપ્રધાન જેને આત્માના આનંદની ઉગ્ર દશા પ્રગટ થઈ છે, **'વહ અન્ય જો મનુષ્ય દેવોંકે સુખ-ભોગાદિક જિનમેં અલ્પ સાર હૈ ઉનમેં ક્યા મોહકો પ્રાપ્ત હો?'** આહાહા..! અહીં તો સુખ ઉપર જ આખી વાત લીધી છે.

ગૃહસ્થાશ્રમમાં ચક્રવર્તીપદમાં હો, પણ આત્માનું ભાન ને સમ્યક્ થયું, એને પરમાં સુખબુદ્ધિ નથી રહેતી. ઈન્દ્રના ઈન્દ્રાસનમાં પણ સુખબુદ્ધિ ઊડી જાય છે. સુખબુદ્ધિ પોતાના આત્મામાં છે. આહાહા..! છ ખંડના રાજમાં પડ્યો દેખાય, હજારો ઈન્દ્રાણી ઈન્દ્રને હોય, છતાં એ પરમાં સુખબુદ્ધિની રુચિ જ ઊડી ગઈ છે. આહાહા..! એનું નામ અંતર દર્શન ને શુદ્ધિ ને સમકિત કહેવાય છે. તો મુનિની શું વાત કરવી? કહે છે. મુનિ તો ચારિત્રમાં, આનંદમાં રમતા હોય છે. એને તો એવી ઋદ્ધિની આસક્તિ

અસ્થિરતા પણ હોય નહિ, એમ. નિઃકાંક્ષ હોય છે.

'**કૈસા હૈ મુનિધવલ? મોક્ષકો જાનતા હૈ,...**' આહાહા..! પરમાનંદરૂપી મોક્ષ એનો એને ખ્યાલ છે. પરમાનંદ છે, પરમાનંદ તો મોક્ષમાં છે, બીજે ક્યાંય પરમાનંદ છે નહિ. એમ જાણે છે '**ઉસ હી કી તરફ દૃષ્ટિ હૈ,...**' મુનિની તો મોક્ષ ઉપર દૃષ્ટિ છે. આહાહા..! ધ્યેય તરીકે દ્રવ્ય છે, પણ મોક્ષ આત્માનો અનંત આનંદનો લાભ, આત્માના અનંત આનંદનો લાભ એ મોક્ષ, મુનિની તો ત્યાં આગળ ધ્યેય, દૃષ્ટિ છે ઉત્પન્ન કરવાની અપેક્ષાએ. આમ ધ્યેય તો ધ્રુવ ઉપર છે. ધર્મીનું ધ્યેય, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ત્યાં એનું ધ્યેય છે. પણ પ્રગટ કરવા માટે એની દૃષ્ટિ પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ એ ઉપર દૃષ્ટિ છે. આહાહા..!

શ્રોતા :- દ્રવ્ય ઉપર દૃષ્ટિ અને પર્યાય ઉપર પણ દૃષ્ટિ રાખવાની?

ઉત્તર :- પર્યાયને પ્રગટ કરવી એ અપેક્ષાએ દૃષ્ટિ કહી ને. સાધ્ય તો મોક્ષ છે ને? સાધ્ય મોક્ષ છે, ધ્યેય દ્રવ્ય છે. સાધ્ય મોક્ષ છે, સાધક મોક્ષનો માર્ગ છે.

શ્રોતા :- પર્યાય ઉપર દૃષ્ટિ દે તો દ્રવ્ય ઉપર ન જાય,..

ઉત્તર :- એ લક્ષ દૃષ્ટિ તો ત્યાં જ છે પણ પ્રગટ કરવા માટે સાધ્ય અનંત આનંદનો લાભરૂપી મોક્ષ એ સાધ્ય. પાછળ આવ્યું નથી સમયસાર? ઉપાય-ઉપેય, ઉપાય-ઉપેય. ઉપેય એ સાધ્ય છે. સિદ્ધ. સિદ્ધપદ એ સાધ્ય છે અને ઉપાય આત્માના અંતરથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ઉપાય, એ સાધક છે. આહાહા..!

ધર્મ એટલે આત્માનો આનંદ. વસ્તુ સ્વભાવ તે ધર્મ. તો વસ્તુ જે ભગવાન આત્મા, એનો ધર્મ નિત્ય તો આનંદ છે. એ ધર્મની દશાને પ્રગટ કરવા માટે ધ્યેયમાં તો ધર્મનો ધરનાર દ્રવ્ય એના ઉપર છે દૃષ્ટિ. આહાહા..! અને ઉપેય તરીકે, પ્રાપ્ત કરવા માટે તરીકે તો પરમ આનંદરૂપી મોક્ષની દશા છે. તો મુનિને તો એવી ૠદ્ધિ.. અહીં મુનિ છે ને? પંચમ આરાના મુનિ છે. એને કેવળ નથી, સ્વર્ગમાં જશે. સ્વર્ગમાં જ જાય પંચમ આરાના મુનિ સાચા હોં સંત. તો કહે છે કે પણ એ ૠદ્ધિની આસક્તિ નથી એને અત્યારે. આહાહા..! '**ઉસ હી કા ચિંતન કરતા હૈ.**' આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું ચિંતવન કરે છે. આહાહા..!

'**ભાવાર્થ :- જો મુનિપ્રધાન હૈં...**' ધવલ કહ્યું ને ધવલ? મુનિ આત્માના આનંદમાં સ્વસંવેદનને સાધનાર પ્રધાન છે, '**ઉનકી ભાવના મોક્ષકે સુખોંમેં હૈ.**' લ્યો! આહાહા..! મોક્ષના સુખમાં એની ભાવના હોય છે એમ કહે છે. '**વે બડી-બડી દેવવિદ્યાધરોંકી ફૈલાઈ હુઈ વિક્રિયાૠદ્ધિમેં ભી લાલસા નહીં કરતે હૈં...**' દેવાદિની ૠદ્ધિ દેખીને લાલસા નથી કરતા એ. આહાહા..! '**તો કિંચિત્‌માત્ર વિનાશીક જો મનુષ્ય, દેવોંકે ભોગાદિકકા સુખ...**' '**अप्पसाराणं**' છે ને શબ્દ? '**अप्पसाराणं**' જેમાં અલ્પસાર છે અથવા માઠો સાર છે.

શ્રોતા :- થોડોક સાર છે ખરો.

ઉત્તર :- અપ-માઠો લીધું ને, બીજો અર્થ કર્યો. જેમાં સાર માઠો, ભૂંડો છે દુઃખ, એવા વિનાશિક મનુષ્યના ભોગને કેમ ઇચ્છે? એમ કહે છે. દેવના ભોગને પણ સમ્યગ્દૃષ્ટિ ઇચ્છતો નથી અને મુનિને તે તરફની આસક્તિ નથી તો આ મનુષ્યના હલકા સાર વિનાના.. આહાહા..! એવા સુખને મુનિ કેમ ઇચ્છે? કહે છે. **'વાંછા કૈસે કરે? અર્થાત્ નહીં કરે.'** લ્યો! આહાહા..! ધર્મ, ધર્મની દૃષ્ટિ અને ધર્મીને પ્રગટ કરવાની મોક્ષદશા. વસ્તુ આનંદમય, પ્રગટ કરવાને લાયક મોક્ષ આનંદમય અને એનો ઉપાય પણ આનંદમય. એટલે આ ભાવપાહુડ છે ને. ભાવપાહુડ છે ને? જેને પોતાનો અતીન્દ્રિય આનંદ અંતરમાં છે એવો અનુભવ થયો, એ પરમાં આનંદ કેમ ચાહે? આહાહા..! ઇન્દ્રના ઇન્દ્રાસન પણ સડેલા તરણા જેવા લાગે. આહાહા..!

શ્રોતા :- એ તો જ્ઞાન ખોટું થયું.

ઉત્તર :- ખોટું, એમાં સુખ ક્યાં છે તે ખોટું થયું? સુખ છે ઇન્દ્રમાં? એમ કે ઇન્દ્રમાં સુખ છે અને સુખ નથી માનતો (માટે) ખોટું થયું જ્ઞાન એમ કહે છે. ધૂળમાંય સુખ નથી. આહાહા..! કષાયના અંગારે શેકાય છે. વિષયસુખની લાલસાવાળા કષાયની અગ્નિથી શેકાય છે, સળગે છે. આહાહા..!

**'આગે ઉપદેશ કરતે હૈં કિ જબ તક જરા આદિક ન આવેં તબ તક અપના હિત કર લો :—'** આહાહા..! આ ગાથા દસવૈકાલિકમાં આવે છે.

શ્રોતા :- જરામાં ધર્મ ન થાય?

ઉત્તર :- આ તો પુરુષાર્થહીનવાળાને બતાવે છે. બાકી જરા હોય કે રોગ હોય એ કાંઈ નડતું નથી એને. પણ પુરુષાર્થહીનવાળાને ઉગ્ર પુરુષાર્થ કરવા માટે એ વાત કરે છે. નહિતર શરીરમાં જીર્ણતા આવે ત્યારે ધર્મ ન થઈ શકે એમ છે? શરીરમાં રોગ આવે ને ધર્મ ન થઈ શકે? શરીરમાં રોગ જડમાં. આહાહા..! સાતમી નરકના નારકીની પીડા રોગની સાંભળી ન જાય એવી પીડા. સાતમી નરક અપરિઠાણા રવરવ નરક. આહાહા..! એમાં પણ સમ્યગ્દર્શન પામે છે. ત્યાં રોગ ક્યાં નડે છે? આહાહા..! અહીંયાં તો પુરુષાર્થની ઉગ્રતા ઝટ કરવા માટે, જરા ન આવે, રોગ ન આવે, ઇન્દ્રિય હીનતા ન પામે એ પહેલાં કરી લે, એમ કહે છે. પછી કરશું.. પછી કરશું.. પછી નહિ થાય.

શ્રોતા :- ધર્મ તો ઘડપણમાં જ થાય ને. જુવાનીમાં તો કમાવું પડે.

ઉત્તર :- ધૂળમાંય કમાતો નથી, હેરાન થાય છે ત્યાં. જુવાનીમાં.. નાનપણમાં ભણવું, જુવાનીમાં કમાવવું, વૃદ્ધાવસ્થામાં ધર્મ થાય એમ હશે? નહિ. આહાહા..! એને બાળપણું એ તો જડની અવસ્થા, દેહની અવસ્થા છે. યુવાનપણું એ દેહ જડની અવસ્થા છે. વૃદ્ધાવસ્થા એ જડની એને આત્માને કાંઈ નડતું નથી. પણ અહીં તો પુરુષાર્થહીનવાળા પ્રાણીને ઝટ કરી લે એ બતાવવા માટે આ વૈરાગ્યની વાત કરે છે. પછી નહિ થાય, મુશ્કેલી પડશે તને. વૃદ્ધાવસ્થા આવે, બેસી શકાય નહિ, કડ ભાંગે, કડમાં.. શું

કહેવાય? ઓલો મણકો ફરી જાય છે ભાઈ નહિ કાંઈક? એય..! શું કહે છે? મણકો એમ કહે છે. આપણને કાંઈ ખબર નથી. માણસો કહે છે. અહીંથી મણકો ખસી જાય છે અહીં કડમાંથી આમ. પછી પડ્યા રહે ખાટલે. ઉઠાતું નથી. આહા..! એ કાળે પુરુષાર્થહીનને ઉગ્રપણું બતાવવા (કહે છે) કે ભાઈ, એ કાળે પછી નહિ થાય, પહેલેથી કરી લે ને. આહાહા..!

**उत्थरइ जा ण जरओ रोयग्गी जा ण डहइ देहउडिं।**
**इन्दियबलं ण वियलइ ताव तुमं कुमहि अप्पहियं।।१३२।।**

આહાહા..! એ દશવૈકાલિકમાં એવું આવે છે. 'જરા જાવ ન પીલયી વાઈ જાવ ન વધઈ, જાવ ઈન્દીયા ન હાયંતિ.' શ્વેતાંબર દશવૈકાલિક સૂત્ર છે ને. એ તો કંઠસ્થ હતા ને બધા. છ હજાર શ્લોક કંઠસ્થ હતા. એ ન્યાય આપ્યો. 'જરા જાવ ન...' વૃદ્ધાવસ્થા પીડા ન પામે, રોગ દેખાવ ન આપે, બહાર ન આવે રોગ. અંદર તો બધા રોગ પડ્યા છે. અંદર શરીરમાં પાંચ કરોડ રોગ છે, પાંચ કરોડ.

શ્રોતા :- ... ૬૮ લાખ...

ઉત્તર :- હા એ. અને ઈન્દ્રિયો હીણી ન થાય એ પહેલાં ધર્મ કરી લે એમ કહે છે. છે ને '**अप्पहियं**'.

'**અર્થ :- હે મુને! જબ તક તેરે જરા (બુઢાપા) ન આવે...**' આંખમાં પાણી ઝરે, મોઢામાંથી લાળ ઝરે, કડમાં દુઃખાવો, સાંધા દુઃખે. સાંધેસાંધા દુઃખે આ. આહાહા..! ભાઈ! તું પહેલેથી કરી લે ભાઈ! એમ કહે છે. ટાણા આવ્યા છે, બાપા! આહાહા..! તારું હિત પહેલેથી કરી લે. પછી આવા ટાઈમમાં પુરુષાર્થ હીનવાળાને નહિ થઈ શકે. બાકી પુરુષાર્થીને તો એમાં પણ સમકિત અને ચારિત્ર પામી શકે છે એમાં ક્યાં? આહાહા..!

'**હે મુને! જબ તક તેરે જરા (બુઢાપા) ન આવે તથા જબ તક રોગરૂપી અગ્નિ તેરી દેહરૂપી કુટીકો ભસ્મ ન કરે...**' આહાહા..! '**રોગરૂપી અગ્નિ તેરી દેહરૂપી કુટી...**' ઝૂંપડી, આ ઝૂંપડી. આહાહા..! ભગવાન તો અમૃતનો સાગર ભિન્ન છે. આ દેહ કુટી તો ભિન્ન છે, આ તો માટી છે. આહાહા..! '**દેહરૂપી કુટીકો ભસ્મ ન કરે ઔર જબ તક ઈન્દ્રિયોંકા બલ ન ઘટે...**' ઈન્દ્રિયનું બળ ઘટી જાય, આંખ જોઈ શકે નહિ, કાને સાંભળી શકે નહિ, સરખી ઈન્દ્રિયના ટેકા વિના બેસી શકે નહિ. ટેકા સમજ્યા ને? ભીંત આદિ. સહારા. એકલા બેસી શકે નહિ. એ '**ઈન્દ્રિયોંકા બલ ન ઘટે તબ તક અપના હિત કર લો.**' '**તબ તક અપના હિત...**' એમ છે ને પાઠ? '**अप्पहियं तुमं कुमहि**' આત્મહિત પહેલા કરી લ્યો. એ વખતે પછી મુશ્કેલી તને પડશે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- એ કોણ ના પાડે છે? પણ અહીં તો પુરુષાર્થહીનની પહેલી વાત કરવી છે ને. પુરુષાર્થહીન માટે પહેલેથી એ કરી લે. પછી થશે કે ન થશે શી ખબર પડે? એમ કહે છે. પુરુષાર્થહીનવાળાની આ વ્યાખ્યા છે. પુરુષાર્થ જેને ઉગ્ર છે એને તો ગમે તે સ્થિતિમાં આત્મજ્ઞાન પામી પુરુષાર્થ કરીને ચારિત્ર

પણ પામી શકે છે, એમાં શું?

'**ભાવાર્થ :- વૃદ્ધ અવસ્થામેં દેહ રોગોંસે જર્જરિત હો જાતા હૈ,...**' લ્યો! રોગથી જર્જરિત થઈ જાય છે. '**ઈન્દ્રિયાં ક્ષીણ હો જાતી હૈં તબ અસમર્થ હોકર ઈસ લોકકે કાર્ય ઉઠના-બૈઠના ભી નહીં કર સકતા હૈ...**' લ્યો! ઉઠવું હોય તો કેટલી મહેનત પડે. હાથ દે, બેસવું હોય તો મુશ્કેલી પડે. આહાહા..! '**તબ પરલોકસંબંધી તપશ્ચરણાદિક તથા જ્ઞાનાભ્યાસ ઔર સ્વરૂપકા અનુભવાદિ કાર્ય કૈસે કરે?** ' એમ. પરલોકસંબંધી તપસ્યા એટલે સંયમ, મુનિપણું. અથવા **જ્ઞાનાભ્યાસ**- અંતરના જ્ઞાનસ્વરૂપનો અભ્યાસ '**ઔર સ્વરૂપકા અનુભવાદિ...**' અને આત્માના આનંદનો અનુભવ '**કૈસે કરે?**' આહાહા..! '**ઈસલિયે ઉપદેશ હૈં કિ જબ તક સામર્થ્ય હૈ તબ તક અપના હિતરૂપ કાર્ય કર લો.**' જ્યાં સુધી સામર્થ્ય છે, કરી લે, પછી (નહિ થાય). આહાહા..!

'**આગે અહિંસાધર્મકે ઉપદેશકા વર્ણન કરતે હૈં :—** '

**छज्जीव छडायदणं णिच्चं मणवयणकायजोएहिं।**
**कुरु दय परिहर मुणिवर भावि अपुव्वं महासत्तं।।१३३।।**

'**અર્થ :- હે મુનિવર!**' મુનિને ઉદ્દેશીને મુખ્ય વાત છે ને. ભાવપાહુડ. '**છહકાયકે જીવોં પર દયા કર...**' આહાહા..! એકેન્દ્રિય પૃથ્વી, અપ, વાયુ, વનસ્પતિ, અગ્નિ, ત્રસ—છકાયના જીવો ઉપર દયા કર.

શ્રોતા :- પરની દયા તો કરી શકાતી નથી?

ઉત્તર :- ભાવની વાત છે ને અહીં તો. કરી શકવાની ક્યાં? પરને નહિ મારવાનો ભાવ કર. મારવાનો ભાવ છોડી દે. સંયમ લેવો છે. સંયમની વાત છે. દયા કર એટલી વાત છે. પરની દયા પાળી શકે છે કે નહિ એ કાંઈ વાત નથી. પરની દયા કોણ પાળે છે? પરને ન મારવાનો ભાવ રાખ. આહાહા..!

'**છહ અનાયતનોંકો મન, વચન, કાયકે યોગોસેં છોડ...** ' આ સૂક્ષ્મ વાત આવી. '**છહ અનાયતનોંકો...**' અર્થમાં આવશે. જે ધર્મના સ્થાન નથી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને એના સેવક એ છ અનાયતન. કુગુરુ—જૈન ધર્મમાં જે ચીજ છે એવી ચીજ એમાં નથી એને માનનાર એ કુગુરુ. કુશાસ્ત્ર-જેમાં આત્માના તત્ત્વથી વિરૂદ્ધ વાત છે અને કુદેવ-એ દેવ નહિ. અહીં સાધારણ વાત કરી છે દેવની વ્યાખ્યા અગાસવાળાએ. ક્ષેત્રપાળ અને દેવી. પણ અહીં તો દેવ-કુદેવ જે... આહાહા..! એને તો બધું ભેગું રાખવું છે. અહીં તો શ્વેતાંબરમાં કહ્યા દેવ એ એકેય દેવ નથી, એ કુદેવ છે. જે દેવને આહાર, જે દેવને શરીરમાં રોગ, જે દેવ સ્ત્રીરૂપ થઈને દેવ થઈ જાય એ બધા દેવ છે જ નહિ. ઈ દેવની વ્યાખ્યા જ નથી. કુગુરુ-વસ્ત્રપાત્ર રાખી અને મુનિપણું માને એ કુગુરુ છે.

શ્રોતા :- આ તો સમન્વયનો જમાનો છે...

ઉત્તર :- સમન્વય. વસ્તુનું સમન્વય શી રીતે થાય? ઝેર અને અમૃતનો સમન્વય શી રીતે થાય?

છે એ અપેક્ષાએ સમન્વય છે. બે છે. પણ બેય સરખા છે એમ નથી. માર્ગ તો આવો આકરો માર્ગ છે ભાઈ! કહ્યું છે ને મોક્ષમાર્ગમાં તો કહ્યું નથી? શ્વેતાંબર મતમાં દેવાદિ, મોક્ષમાર્ગ આદિ અને તત્ત્વની વિરુદ્ધ છે. મોક્ષમાર્ગમાં આવે છે. મોક્ષમાર્ગપ્રકાશક, ટોડરમલજી. એમાં દેવાદિ, તત્ત્વાદિ અને મોક્ષમાર્ગ–ત્રણ કીધા છે. મોક્ષમાર્ગ—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ. ચારિત્રનું અને આ દેવાદિનું. આકરી વાત છે, ભાઈ! એ અનાયતન છે. પરમતમાં નાખ્યા છે ને એને. શું ચેતનજી! શ્વેતાંબરમત, સ્થાનકવાસીમત અન્યમતમાં નાખ્યા છે. મોક્ષમાર્ગપ્રકાશક, પાંચમો અધ્યાય. જૈનમત જ નથી. એય..! જયંતિભાઈ!

શ્રોતા :- ..

ઉત્તર :- નહિ? અન્યમતની વાત. આ તો ભાઈ! એના પ્રત્યે દ્વેષની વાત નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે.

શ્રોતા :- એ લોકો એમ માને છે કે આ લોકો દ્વેષ કરે છે.

ઉત્તર :- દ્વેષ શેનો પણ? સાચું માને તમારું ખોટું ઈ? તો એને સારું કહેવાય? માર્ગ તો આવો છે બાપુ! આચાર્યને અંદર અનાયતન કહેવામાં આવો આશય છે. કારણ કે એ શ્વેતાંબર નીકળ્યા પછી આ ગ્રંથ બનાવ્યા છે. કુંદકુંદાચાર્ય પહેલા સો વર્ષ પહેલાં શ્વેતાંબર મત નીકળી ચૂક્યો હતો. સ્થાનકવાસી તો હમણા પાંચસો વર્ષ પહેલા (નીકળ્યો). આહાહા..! ખાંડાની ધાર માર્ગ છે. દુનિયા સાથે કાંઈ સમન્વય થાય એવું નથી ભાઈ!

ખરેખર તો કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને ત્રણને માનનારા એ છએ અનાયતન છે—ધર્મના સ્થાન જ નથી. પછી સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર અને એને માનનારા—એ વ્યવહારે આયતન છે. નિશ્ચયે તો એ પણ અનાયતન છે. આહાહા..! નિશ્ચયે તો આયતન આત્મા ભગવાન છે. જ્યાં ધર્મની ઉત્પત્તિ જેનાથી થાય છે. (**નોંધ :— અહીંથી પ્રવચનનો અમુક ભાગ આગળના પેજ ઉપર આવી ગયેલ છે તેથી લેવામાં આવેલ નથી**). એવો પોતાનો આત્મા જ આયતન છે. આહાહા..! ઝીણી વાત ભાઈ!

ભાઈએ કીધું ને અનાયતન. ન્યાલભાઈની વાત સાચી છે. નિહાલભાઈએ અનાયત કીધા છે ને. તો રાડ નાખી ગયા બધા. બાપુ! વ્યવહારે આયતન છે. એ વ્યવહારનયના સમકિતના જ્યાં વર્ણન આવે ત્યારે એને છ આયતન કહેવામાં આવે. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર. પણ એને માનવા તરફનું વલણ છે એ શુભરાગ છે. વ્યવહારે આયતન છે અને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર તો વ્યવહારે પણ આયતન નથી. કહો, ધીરૂભાઈ! રાડ નાખી જાય એવું છે આ તો. એય..! પ્રેમચંદભાઈ! શું થાય ... આ બધા શેઠિયાઓ બધા સ્થાનકવાસી હતા. આહાહા..!

ભાઈ! વીતરાગમાર્ગ છે, નિર્ગ્રંથ માર્ગ છે. સમ્યગ્દર્શન નિર્ગ્રંથ નામ રાગની એકતા તૂટીને દશા થાય છે. અને નિર્ગ્રંથપણું તો રાગની અસ્થિરતા તૂટીને સ્થિર થાય ત્યારે નિર્ગ્રંથ માર્ગ છે. આહાહા..! એવા માર્ગની જ્યાં સ્થિતિ નથી અને વિપરીત છે એ બધા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર છે. આહાહા..! આચાર્યે બે-

છકાય અને છ અનાયતન એમ બાર બોલ ભેગા લીધા.

'**અનાયતનોંકો મન, વચન, કાયકે યોગોંસે...**' એમ. પાછા બહારથી છોડ્યું અને મનમાં કાંઈક રહે કે કાંઈક ઠીક હશે પરમાં. '**મન, વચન, કાયકે યોગોંસે છોડ...**' આહાહા..! '**તથા અપૂર્વ જો પહિલે ન હુઆ ઐસા મહાસત્ત્વ અર્થાત્ સબ જીવોંમે વ્યાપક (જ્ઞાયક) મહાસત્ત્વ ચેતનાભાવકો ભા.**' આહાહા..! '**भावि अपुव्वं महासत्तं**' એમ અર્થ લીધો છે. આ ટીકામાં વળી એમ .. સંબોધન કર્યું. '**भावि अपुव्वं महासत्तं**' એમ પણ અર્થ છે. એટલે? અપૂર્વ મહાસત્ત્વ, ચૈતન્ય જે દળ, આનંદ, જ્ઞાનસ્વરૂપનું ધ્રુવ દળ, પિંડ એ મહાસત્ત્વ છે. આહાહા..! એક સમયની પર્યાયની પાછળ મહાસત્ત્વ, સત્નું સત્ત્વ. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવું જે મહાસત્ત્વ ચૈતન્યનું, એની ભાવના કર. આહાહા..!

'**મહાસત્ત્વ અર્થાત્ સબ જીવોંમેં વ્યાપક...**' એમ. બધા જીવોમાં જ્ઞાયકપણું છે. આહાહા..! જ્ઞાયક. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... બધા આત્મામાં એ મહાસત્ત્વ જાણપણું છે. એ જાણવાના સ્વભાવનું મહાસત્ત્વનું ધ્યાન કર. આહાહા..! એની ભાવનાને ભા. આહાહા..! કહો, નિમિત્તની નહિ, રાગની નહિ, એક સમયની પર્યાયની નહિ. ત્રિકાળી મહાસત્તા પ્રભુ જ્ઞાયકભાવ, આનંદનો નાથ પ્રભુ, એવા મહાસત્ત્વની ભાવના કર, ભાઈ! આહાહા..! એટલે કે એમાં એકાગ્ર થા, એમ. આહાહા..! '**અપૂર્વ જો પહિલે ન હુઆ ઐસા મહાસત્ત્વ...**' જ્ઞાયકપણાની દૃષ્ટિ, અનુભવ કદી નથી થઈ. આહાહા..! એવી '**મહાસત્ત્વ ચેતના...**' મહાસત્ત્વ-સામર્થ્યરૂપી ચેતના ત્રિકાળી '**ભાવકો ભા.**' આહાહા..!

'**ભાવાર્થ :- અનાદિકાલસે જીવકા સ્વરૂપ ચેતનાસ્વરૂપ ન જાના...** ' ભગવાન આત્માનું સ્વરૂપ તો જ્ઞાન, દર્શન, આનંદ ચેતના (છે). એ પુણ્ય ને પાપ ને દયા, દાન ને વ્રત એ કાંઈ એનું સ્વરૂપ નથી. એનું સ્વરૂપ નથી, એ તો વિકાર છે, એ તો આસ્રવતત્ત્વ છે. આહાહા..! '**અનાદિકાલસે જીવકા સ્વરૂપ...**' જીવનું સ્વરૂપ—આત્માનું સ્વરૂપ. અપના નિજરૂપ ચેતનાસ્વરૂપ. ચેતના નિજસ્વરૂપ છે. જાણવું-દેખવું એ નિજસ્વરૂપ છે. આહાહા..! એને '**ન જાના...**' શાસ્ત્ર ભણ્યો અગિયાર અંગ. નવ પૂર્વની લબ્ધિ હોય છે ને નવ પૂર્વની? અભવિને પણ હોય છે. એ મહાસત્ત્વને ન જાણ્યું. જ્ઞાયકભાવ મહાસામર્થ્યસ્વરૂપ ચેતના એવું જે ભગવાન આત્માનું સ્વરૂપ એને ન ભાવ્યું, એના સન્મુખ ન થયો, એની એકાગ્રતા ન કરી, તો હવે કર ને, એમ કહે છે. આહાહા..!

'**ઈસલિયે જીવોંકી હિંસા કી,...**' એમ. ચેતના મહાપ્રભુ આત્મા છે એવું જાણ્યું નહિ, તો બીજા પ્રાણીને મારવાનો ભાવ કર્યો. બીજા પ્રાણી તો મહા ચેતનાસત્ત્વ છે. એવી સત્તાના સ્વીકાર વિના, ચેતનાના મહાસ્વભાવના સ્વીકાર વિના, જાણે બીજા જીવ ચેતના વિનાના છે. એમ કરીને એની હિંસા કરી એમ કહે છે. આહાહા..! '**જીવોંકી હિંસા કી, અતઃ યહ ઉપદેશ હૈં કિ અબ જીવાત્માકા**

**સ્વરૂપ જાનકર,...'** જીવાત્મા બધા જીવાત્મા કહી દીધા. જ્ઞાનદર્શનથી ભરેલા પ્રભુ બધા આત્મા છે. આહાહા..! '**છહકાયકે જીવોં પર દયા કર.**' એમ. આહાહા..! છકાય જીવ છે એ ખરેખર તો જીવ નથી. જીવ તો ચેતનાભાવ જ્ઞાયક એ જીવ છે. છકાયપણું એ જીવ નથી.

શ્રોતા :- વ્યવહાર..

ઉત્તર :- એ વ્યવહાર આવે ને. આહાહા..! અને એ છકાયના જીવમાં પણ પૂર્વ ભવના માતા, પિતા, પુત્ર, સ્ત્રી એમાં પડ્યા છે. જેને તું પુત્ર તરીકે કહેતો હતો કે એને સંભારું, એ પુત્ર મરીને ત્યાં પડ્યા છે એમાં. એકેન્દ્રિય જીવમાં પડ્યા છે. માતા-પિતાના જીવ પણ ત્યાં પડ્યા છે. અનંત માતા-પિતા કર્યા.

અહીંયાં મહાસત્ત્વ જ્ઞાયકસ્વરૂપ, એ પણ મહાસત્ત્વ વ્યાપક બધામાં મહાસ્વરૂપ, એવું ભાન કરીને, એવું ભાન કરીને કોઈપણ પ્રાણીને ન મારવો, એ વિકલ્પ ન ઉઠાવવો એનું નામ અહિંસા છે. માથે અહિંસા ધર્મનો ઉપદેશ છે ને. માથે કહ્યું. આનું નામ અહિંસા. બધા પ્રાણી ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકભાવ, આખો સમુદ્ર-દરિયો જ્ઞાયકભાવથી ભરેલો છે. આખો લોક. સૂક્ષ્મ જીવ છે ને. અહીંયાં પણ છે. ... આખો લોક ભર્યો છે. પ્રભુ જ્ઞાયકસત્ત્વ છે. એ બધા આત્માઓ જ્ઞાયકસત્ત્વ છે. એવી વ્યાપક દૃષ્ટિ જ્યાં થઈ... આહાહા..! હું જ્ઞાયકસ્વરૂપ છું. એ બધા પ્રાણી જ્ઞાયકસ્વરૂપ છે. તો કોઈને મારવાનો ભાવ ન હોય. આહાહા..!

'**છહકાયકે જીવોં પર દયા કર. અનાદિ હી સે આપ્ત,...**' દેવ. આપ્ત એટલે દેવ. '**આગમ,...**' એટલે શાસ્ત્ર અને '**પદાર્થકા...**' આગમ, આપ્ત-દેવ અને પદાર્થ એમ લીધું. દેવ, પદાર્થ અને આગમ '**ઈનકી સેવા કરનેવાલોંકા સ્વરૂપ જાના નહીં,...**' સાચા દેવ, સાચા શાસ્ત્ર, સાચા પદાર્થ એને માનનારા, એની સેવા કરનારનું સ્વરૂપ જાણ્યું નહિ. આહાહા..! '**ઈસલિયે અનાપ્ત આદિ છહ અનાયતન...**' અનાપ્ત એટલે આપ્ત નહિ, દેવ નહિ એ અનાપ્ત. અ-આગમ... આગમ નહિ એવા, આગમ નથી એને આગમ માન્યા છે. આહાહા..! ભગવાનની વાણી એ જ આગમ છે. પણ એ વાણી વિના કલ્પિત બનાવ્યા એ આગમ નથી. આહાહા..! એવી વાત છે. આવે છે ને કે આ આગમ બનાવ્યું છે ને? ઘણાં પૂછે છે. ઓલા શ્વેતાંબર આવે ખરા ને. ભાઈ! આ અધ્યાત્મના ગ્રંથો, શાસ્ત્રો છે. એમ કહ્યું. આ અધ્યાત્મના શાસ્ત્રો છે. પરમાગમ છે, અધ્યાત્મના છે. દિગંબર શાસ્ત્ર છે. આ પરમાગમ (મંદિર). આ શ્વેતાંબર આવે ને ઘણા. પાલિતાણામાં છે ને આગમ મંદિર નીચે છે. તો એ જાણે કે આ આગમ છે એમ કહે. કીધું, ભાઈ આ અધ્યાત્મ આગમ છે આત્માને બતાવનારા, જણાવનારા. આહાહા..!

'**અનાપ્ત આદિ છહ અનાયતન...**' એટલે આ દેવ નહિ એને દેવ માનવા, આગમ નહિ એને આગમ માનવા, પદાર્થ વાસ્તવિક તત્ત્વો નથી એને તત્ત્વ માનવા અને એના માનનારને માનવા. છ બોલ થયા. આહાહા..! '**ઈસલિયે અનાપ્ત આદિ છહ અનાયતન...**' ત્રણ દુ છ થયા ને? '**જો**

**મોક્ષમાર્गકિ સ્થાન નહીં હૈ...**' મોક્ષમાર્ગના ઠેકાણા નથી ત્યાં. મોક્ષમાર્ગના ઠેકાણા એ નથી, સ્થાન નથી. આહાહા..! '**ઉનકો અચ્છે સમજકર સેવન કિયા,...**' એવા મોક્ષમાર્ગના સ્થાન નથી એને ભલા માનીને '**અચ્છે સમજકર સેવન કિયા, અતઃ યહ ઉપદેશ હૈ કિ અનાયતન કા પરિહાર કર.**' આહાહા..!

શ્રોતા :- મુનિને તો અનાયતન હોય નહિ.

ઉત્તર :- હોય નહિ, પણ આ તો ઉપદેશમાં તો આવે ખરું ને. ઉપદેશમાં તો એવું આવે, કોઈનો એવો સંગ ન કરવો, પરિચય ન કરવો. સમકિતીને પણ અનાયતન નથી. પણ ઉપદેશમાં શું આવે? વ્યવહાર સમકિતના લખાણ આવે તો એમ આવે. અનાયતનની સેવા ન કરવી. ઘણો ભાગ મોટો એ છે ને એટલે ઉપદેશમાં તો એમ જ આવે ને. આવે છે ને એમાં. પાંચમા અધ્યાયમાં નથી આવતું? મોક્ષમાર્ગમાં.

શ્રોતા :- ...

ઉત્તર :- એ અનાયતન છે. અહીં તો .. અત્યારે મોટો ભાગ એ છે એમ. શું છે છઠ્ઠામાં? 'કોઈ નિંદે તો નિંદો, સ્તુતિ કરે તો સ્તુતિ કરો, લક્ષ્મી આવો, જાવો, મરણ આજે જ થાઓ, યુગાંતરે થાઓ, પરંતુ નિતીમાન નિપુણ પુરુષો ન્યાયમાર્ગથી એકપગલું પણ ચલિત થતા નથી. એવો ન્યાય વિચારી નિંદા-પ્રશંસા આદિના ભયથી, લોભાદિકથી પણ અન્યાયરૂપ મિથ્યાત્વ પ્રવૃત્તિ કરવી યોગ્ય નહિ. ઓહો..! દેવ-ગુરુ-ધર્મ તો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે. એને આધારે તો ધર્મ છે. તેમાં શિથિલતા રાખે તો અન્ય ધર્મ કેવી રીતે થાય? ઘણું શું કહીએ? સર્વથા પ્રકારે કુદેવ-કુગુરુ-કુધર્મના ત્યાગી થવું યોગ્ય છે. કારણ કે કુદેવાદિનો ત્યાગ ન કરવાથી મિથ્યાત્વભાવ ઘણો પુષ્ટ થાય છે. અને...' હવે અહીં કહેવું છે. 'આ કાળમાં અહીં તેની પ્રવૃત્તિ વિશેષ જોવામાં આવે છે.' એ માટે લખ્યું છે. આ કાળમાં એવા કુગુરુ, કુદેવ અને કુશાસ્ત્ર ને (એને) માનનારા એની વિશેષ પ્રવૃત્તિ જોવામાં આવે છે. એ માણસો ઘણા અને સંખ્યા ઘણી. માટે અહીં તેનું વિશેષ નિરૂપણ કર્યું છે. લ્યો! જુઓને. પંક્તિએ પંક્તિમાં ન્યાયથી ભરેલી છે બધી. મોક્ષમાર્ગપ્રકાશક, ટોડરમલજી. 'આ કાળમાં તેની પ્રવૃત્તિ વિશેષ જોવામાં આવે છે. માટે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો નિષેધ કર્યો છે.' એમ કહે છે. આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં બહુ હજારો બોલનો નિકાલ કર્યો છે. નિચોડ-નિચોડ. એ પણ માન્ય નથી ઘણાને.

શ્રોતા :- વીસપંથીને પણ માન્ય નથી.

ઉત્તર :- એને નથી અને ઓલો વિકાસ છે અત્યારે એને માન્ય નથી. એ ટોડરમલજી ભૂલ્યા છે, શ્રીમદ્ ભૂલ્યા છે. નિશ્ચય સમકિત ચોથે માને છે.

શ્રોતા :- પોતે સૌથી વધારે ભૂલ્યો છે.

ઉત્તર :- હા. ચોથે ગુણસ્થાને સમકિત નિશ્ચય હોય જ નહિ. વ્યવહાર સમકિત હોય અને એ

લોકોએ બધાએ નિશ્ચય સ્થાપ્યું છે, ભૂલ્યા છે બધા. એક છે વિકાસ. આહાહા..! એવું છે ભાઈ! સંસાર તો એવો બધો ચાલ્યો જાય છે. આહાહા..! સત્ય પંથની પાસે આવવું બહુ દુર્લભ છે, સત્ય પંથમાં દોરાવું એ દુર્લભ છે. આ બધો સમાગમ અને સંસર્ગ તો છૂટી જશે, એ કાંઈ રહેશે નહિ એની સાથે. આહાહા..! એટલે આ સમાગમ અને સંસર્ગમાં ખોટા પોષણમાં મનાવ્યું હશે એ બધું તને ખટકશે, દુઃખ થશે તને. આહાહા..!

'**જીવકે સ્વરૂપકે ઉપદેશક યે દોનોં હી તૂને પહિલે જાને નહીં,...**' એ આવ્યું ને? '**અતઃ યહ ઉપદેશ હૈ કિ અનાયતન કા પરિહાર કર. જીવકે સ્વરૂપકે ઉપદેશક યે દોનોં હી તૂને પહિલે જાને નહીં,...**' જીવના સ્વરૂપના કહેનારા અને જીવનું સ્વરૂપ, એમ. જીવનું વાસ્તવિક સ્વરૂપ કહેનારા દેવ-ગુરુ-શાસ્ત્ર અને જીવનું સ્વરૂપ. કહેનારા અને જીવનું સ્વરૂપ બેયને તેં જાણ્યું નહિ યથાર્થ. '**ન ભાવના કી,...**' આહાહા..! અંતર સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ પ્રભુ એની તેં એકાગ્રતા ન કરી, એની સન્મુખ થઈને સ્વીકાર ન કર્યો. આહાહા..! એની સન્મુખ થવું એ જ એનો સ્વીકાર છે અને એનાથી વિમુખ રહેવું એ જ એનો અસ્વીકાર છે. આહાહા..!

'**ઈસલિયે અબ ભાવના કર, ઈસપ્રકાર ઉપદેશ હૈ.**' લ્યો! છ જીવ. નીચે કર્યું છે. છ જીવ અને ષડાયતન એક પદ પણ લખ્યું છે. નીચે છે. છ એક સાથે છે. છ જીવ, છ ષડાયતનના નામ .. કર્યા છે. એ ષટ્ જીવનું સ્વરૂપ અને ષટ્ અનાયતન એવું તેં બરાબર જાણ્યું નહિ, કહે છે. એથી આત્માના ... મન, વચન, કાયાથી છોડ એમ છે ને પાઠમાં? વાણીથી પણ એનું અનુમોદન નહિ, કરાવવું નહિ, કરવું નહિ, મનથી પણ જેની પ્રશંસા નહિ. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર. આહાહા..! '**અબ ભાવના કર, ઈસ પ્રકાર ઉપદેશ હૈ.**' ભાઈ! જીવનું સ્વરૂપ મહાસત્ત્વ અને આયતનો જે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા અને એના સેવક એની ભાવના કર. આહાહા..! એ તો વ્યવહાર છે, આ નિશ્ચય છે.

'**આગે કહતે હૈં કિ જીવકા તથા ઉપદેશ કરનેવાલેકા સ્વરૂપ જાને બિના...** ' જુઓ એ આવ્યું. તત્ત્વનો ઉપદેશ કરનારા દેવ, ગુરુ અને શાસ્ત્ર. જીવનું (સ્વરૂપ) અને '**ઉપદેશ કરનેવાલેકા સ્વરૂપ જાને બિના સબ જીવોંકે પ્રાણોંકા આહાર કિયા,...** ' આહાહા..! છકાયના જીવનો આહાર કર્યો તેં પૂર્વે. આહાહા..! વળી આહાર કરી શકે નહિ ને? એ ભાવ કર્યો ને ભાવ? છ કાયને જીવને મારીને આહાર કર્યો એમ બતાવે છે.

दसविहपाणआहारो अणंतभवसायरे भमंतेण।
भोयसुहकारणट्ठं कदो य तिविहेण सयलजीवाणं।।१३४।।

આહાહા..! ભાવપાહુડમાં ભગવાન કુંદકુંદાચાર્ય વૈરાગ્યનો પ્રવાહ વહે છે. ભાઈ! તને અનંત ભવસાગરમાં ભ્રમણ થયું. આહાહા..! અનંત ભવસાગર. અનંત અનંત ભવના દરિયામાં ડૂબેલો અનાદિથી. આહાહા..! અનંત ભવસાગર. આહાહા..! મોટો ભવસાગર દરિયો. એક એક યોનિમાં

અનંત વાર અવતાર ધારણ કર્યા. આહાહા..! એવા '**અનંતભવસાગરમેં ભ્રમણ કરતે હુએ, સકલ ત્રસ, સ્થાવર જીવોંકે દશ પ્રકારકે પ્રાણોંકા આહાર,...**' કર્યો. આહાહા..! પાંચ ઇન્દ્રિય આદિ પ્રાણ લૂંટીને આહાર કર્યો છે.

'**ભોગ-સુખકે કારણ કે લિયે...**' આહાહા..! પોતાના સુખને, રાગના ભોગ માટે આવા મન, વચન, કાયાથી '**ભોગ-સુખકે કારણ કે લિયે મન, વચન, કાયસે કિયા.**' આહાહા..! આ કંદમૂળ ને બટાટા ને શક્કરકંદ હોય છે ને આલુ-આલુ. પોતાના ભોગ માટે... આહાહા..! અને સુખને માટે એમ કે.. આહાહા..! આવા આહાર કર્યા. એમાં અનંત જીવ પડ્યા છે જેમાં. આહાહા..! એ આત્માના સ્વરૂપને જાણ્યા વિના અને એના ઉપદેશકો કોણ કહે છે એને જાણ્યા વિના. એમ. આહાહા..! સત્ય ઉપદેશક કોણ દેવ, ગુરુ છે? સત્ય કહેનારા શાસ્ત્ર કોણ છે? એમ કહે છે. આહાહા..! સત્ય કહેનારા દેવ, સત્ય કહેનારા ગુરુ, સત્ય કહેનારા શાસ્ત્ર. આહાહા..! એ ચીજને જાણ્યા વિના અનંત ભવસાગરમાં અનંત પ્રાણીના પ્રાણના ખોરાક તેં લીધા. આહાહા..! રાગ કર્યો, પણ નિમિત્તથી વાત તો એમ છે કે નહિ? આ કંદમૂળના ખોરાકને અન્યમતિ બાવા ખાય છે ને. જંગલમાં રહે, કંદમૂળ, જડીબુટ્ટી હોય છે ને. ઘણો ખોરાક. એક રૂપિયાભાર ખાય ને એક મહિના સુધી આહાર ન લઈ શકે એવી જડીબુટ્ટી જંગલમાં (થાય). પણ જીવ, અનંત જીવ. આહાહા..! એક કટકીમાં નાની રાઈ જેટલી કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ. આહાહા..! તેં તેના સ્વરૂપને જાણ્યા વિના અને એના કહેનારા તત્ત્વના ઉપદેશકોને જાણ્યા વિના આવા ખોરાક તેં અનંત વાર લીધા.

'**મન, વચન, કાયસે...**' એમ. આહાહા..! ભાવાર્થમાં છે ને. '**અનાદિકાલસે જિનમતકે ઉપદેશકે બિના...**' એમ. વીતરાગ પરમાત્માએ જે આત્મા અને છ કાયનું સ્વરૂપ અને અનાયતનનું સ્વરૂપ કહ્યું, એવા '**જિનમતકે ઉપદેશકે બિના અજ્ઞાની હોકર તૂને ત્રસ, સ્થાવર, જીવોંકે પ્રાણોકા આહાર કિયા...**' અહીં કહે કે જુઓ, દસ પ્રકારના પ્રાણનો આહાર કરી શકે છે ને. કુંદકુંદાચાર્ય કહે છે. એને તર્ક કરવા છે. ઉપદેશના વાક્યમાં તો ત્યાંથી વાત એમ જ આવે ને. આહાહા..! દસ જડપ્રાણના તો આહાર આત્મા કરી શકતો નથી. આત્મા રાગ કરે, પણ જેના નિમિત્તે રાગ થયો તેનો આહાર કર્યો એમ વ્યવહારનું કથન એમાં આવે. આહાહા..! આલુ, બટાટા કહે ને આલુ. પતરી કરીને પાતળી પતરી કરીને ઘીમાં તળે છે ને. એક એક પતરીમાં અનંત જીવ. લસણ, ડુંગળી ઘીમાં શેકીને એવી ડુંગળી લાગે મીઠી ધમધમાટ. શિયાળામાં અને વરસાદમાં (બનાવીને ખાય). તેરાપંથીના સાધુ પણ ડુંગળી ખાય તળીને. સ્થાનકવાસી.

શ્રોતા :- પ્રાસુક કરીને.

ઉત્તર :- પ્રાસુક કરીને. કાંઈ ખબર ન મળે વસ્તુની. આ ડુંગળી. .. બે ડુંગળી આવી હોય તો પા અડધો વધારે આપી દે બીજા સાધુને. કટકી કટકી આપે તો બધા સાધુ રાજી થઈ જાય. એમ કહેતા હતા

ભાઈ. લીલાધરજી અમારી સાથે રહ્યા હતા ને. લીલાધરજી. અરે..! ભગવાન! એવો ખોરાક ... એમ કે અચેત છે ને. અમારે માટે ક્યાં કર્યો છે? એમ.

અહીં તો સીધો ખોરાક એની વાત છે. આહાહા..! '**અનાદિકાલસે જિનમતકે ઉપદેશકે બિના...**' વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવનો ઉપદેશ. જિનમતનો એટલે સર્વજ્ઞદેવનો ઉપદેશ. ત્રણ લોકના નાથ અને ત્રણ કાળનું જેને જ્ઞાન, એનો જે ઉપદેશ એ જાણ્યો નહિ તેં. આહાહા..! '**અજ્ઞાની હોકર તૂને ત્રસ, સ્થાવર જીવોંકે પ્રાણોંકા આહાર કિયા ઈસલિયે અબ જીવોંકા સ્વરૂપ જાનકર...**' જીવનું સ્વરૂપ જાણીને... એના સ્થાન ક્યાં છે એમ આવે છે ને અજીવ અધિકારમાં, નિયમસારમાં. આવે છે. આવે છે જ્યાં હોય ત્યાં. ... ક્યાં ક્યાં જીવની ઉત્પત્તિ, જીવના સ્થાન ક્યાં છે એને જાણવું જોઈએ. જાણે તો પછી એને છોડી દેશે, એમ. ખબર નથી ક્યાં જીવો અને કેટલા કેમ ઊપજે છે. એ આવે છે નિયમસારમાં વ્યવહાર અધિકારમાં. વ્યવહાર અધિકાર છે ને. આવે ને વ્યવહાર જણાવે તો ખરા ને. લીલ, ફૂગ થઈ જાય. રોટલી, અનાજ. અનાજ બહુ ટાઈમ રહે તો એમાં લીલ-ફૂગ થઈ જાય છે. લીલ-ફૂગ સમજો છો ને? કાઈ. કાઈ થઈ જાય. આ પેંડા, બરફી. પેંડા બરફી હોય છે ને. થોડા દિવસ રાખે તો એમાં લીલ-ફૂગ લીલી.. લીલી... લીલી (થઈ જાય). એ અનંતકાય છે. એવા સ્થાનોનું જ્ઞાન કરીને એમ કહે છે. જીવોનું સ્વરૂપ જાણીને, એમ.

'**જીવોંકી દયા પાલ, ભોગાભિલાષ છોડ, યહ ઉપદેશ હૈ.** ' આહાહા..! એવાને મારીને ખાવું એવો અભિલાષ છોડી દે. આહાહા..! ભાવપાહુડ છે ને. '**યહ ઉપદેશ હૈ.**' લ્યો વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૬, સોમવાર તા. ૧૦-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૩૫ થી ૧૩૭, પ્રવચન - ૧૭૦**

આ અષ્ટપાહુડમાં ભાવપાહુડ, ૧૩૫ ગાથા. '**ફિર કહતે હૈં કિ ઐસે પ્રાણિયોંકી હિંસાસે સંસારમેં ભ્રમણ કર દુઃખ પાયા :—** '

**पाणिवहेहि महाजस चउरासीलक्खजोणिमज्झम्मि।**
**उप्पजंत मरंतो पत्तो सि णिरंतरं दुक्खं।।१३५।।**

મુનિને ઉદ્દેશીને વાત છે ને. ભાવપાહુડ છે ને. ઊંચા ભાવની વાત છે.

'**અર્થ :- હે મુને! હે મહાયશ!**' એમ શબ્દ વાપર્યો છે. એ પહેલા આવ્યું હતું કે દ્રવ્યલિંગ ધારણ કર્યું, આ કર્યું એ ઠીક છે, એ અપેક્ષાએ વાત, એમ. એવો અર્થ આવી ગયો છે પહેલા. '**તૂને પ્રાણિયોંકે**

**ઘાતસે ચૌરાસી લાખ યોનિયોંકે મધ્યમેં...**' જુઓ ભાષા છે. મધ્ય શબ્દ છે ને. ચોર્યાસી લાખ અવતારના મધ્યમાં રહ્યો. અનંત વાર ઊપજ્યો અને અનંત વાર મર્યો. ચોર્યાસી લાખના અવતાર, એના મધ્યમાં, એમ. '**ઉત્પન્ન હોતે હુએ...**' અનંત વાર ઊપજ્યો '**ઔર મરતે હુએ નિરંતર દુઃખ પાયા.**'

'**ભાવાર્થ :– જિનમતકે ઉપદેશકે બિના,...**' વીતરાગ ભગવાને જે ચૈતન્ય સ્વભાવી આત્મા કહ્યો. આવ્યું હતું ને ૧૩૩માં આવ્યું હતું. '**भावि अपुव्वं महासत्तं**' ચૈતન્ય મહાસત્ત્વ છે આખું પૂર્ણ એવા જીવના સ્વભાવને જાણ્યા વિના '**જીવોંકી હિંસાસે યહ જીવ ચોરાસી લાખ યોનિયોમેં ઉત્પન્ન હુઆ હૈ...**' ચોર્યાસી લાખમાં અવતર્યો અને મર્યો. '**હિંસાસે કર્મબંધ હોતા હૈ, કર્મબંધકે ઉદયસે ઉત્પત્તિ-મરણરૂપ સંસાર હોતા હૈ.**' ચોર્યાસીમાં ઉત્પન્ન થાય છે અને મરે છે. '**ઈસપ્રકાર જન્મ-મરણકે દુઃખ સહતા હૈ, ઈસલિયે જીવોંકી દયાકા ઉપદેશ હૈ.**'

'આગે ઉસ દયા હી કા ઉપદેશ કરતે હૈં :—'

जीवाणमभयदाणं देहि मुणी पाणिभूयसत्ताणं।
कल्लाणसुहणिमित्तं परंपरा तिविहसुद्धीए।।१३६।।

'**અર્થ :– હે મુને! જીવોંકો ઔર પ્રાણીભૂત સત્ત્વોંકો...** ' ચાર બોલ લીધા. '**પરંપરાસે અપના કલ્યાણ...**' આત્માનું ભાન થઈને સમ્યગ્દર્શન સહિત ... શુભભાવની આ (વાત) છે ને. તીર્થંકરગોત્ર શુભભાવથી બંધાય છે ને. '**પરંપરાસે અપના કલ્યાણ...**' સમ્યગ્દર્શન સહિત પ્રાણીની દયાનો ભાવ છે એ શુભભાવ છે અને એમાં તીર્થંકરગોત્ર બંધાય, ક્રમે ક્રમે મોક્ષ પણ જાય. '**કલ્યાણ ઔર સુખ હોને કે લિયે...**' પરંપરાએ કલ્યાણ અને સુખ થવા માટે '**મન, વચન, કાયકી શુદ્ધતા સે અભયદાન દે.**' આહાહા..! '**तिविहसुद्धीए**' શબ્દ વાપર્યો છે. મન, વચન અને કાયાની શુદ્ધિ. વીતરાગી પર્યાય પ્રગટ કરીને એમાં શુભભાવ બાકી રહી જાય તો કલ્યાણની પરંપરા મળે એમાં. '**અભયદાન દે.**' આહાહા..! એ ચારની વ્યાખ્યા કરે છે. જીવ કોને કહેવો? પ્રાણી કોને કહેવો? ભૂત કોને કહેવું? સત્ત્વ કોને કહેવું? ચાર બોલ છે ને. જીવ, પ્રાણી, ભૂત અને સત્ત્વ. આમ તો બધા જીવ છે, પણ અપેક્ષાએ ભેદ પાડ્યા છે.

'**ભાવાર્થ :— જીવ પંચેન્દ્રિયોંકો જીવ કહતે હૈં,...**' પાંચેન્દ્રિય પ્રાણી કહીને જીવ કહે છે. '**પ્રાણી વિકલત્રયકો કહતે હૈં,...**' નીચે ઉતરે છે હવે આમ. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય એને પ્રાણી કહે છે. એમાંથી નીચે ઉતરે છે આમ એકેન્દ્રિય. '**ભૂત વનસ્પતિકો કહતે હૈં ઔર સત્ત્વ પૃથ્વી અપ તેજ વાયુકો કહતે હૈં.**' ચારને સત્ત્વ કહે છે. એકેન્દ્રિય, ત્રસ, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય એ ત્રણમાં આવી ગયા ભેદ. પાઠમાં ભેદ છે ને. '**जीवाणमभयदाणं देहि**' પંચેન્દ્રિય પ્રાણીને અભયદાન દે. પ્રાણી. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય વિકલત્રય. અભયદાન દે.

'**ભૂત વનસ્પતિકો...**' તરુ. ચાર આદિ. તરુ કહે છે ને વૃક્ષ. વૃક્ષ આદિને અભયદાન દે. '**ઔર સત્ત્વ પૃથ્વી...**'ના જીવ, જળના જીવ, અગ્નિના જીવ, વાયુના જીવ. '**ઈન સબ જીવોંકો અપને સમાન જાનકર અભયદાન દેનેકા ઉપદેશ હૈ. ઈસસે શુભ પ્રકૃતિયોંકા બંધ હોનેસે...**' દયાનો ભાવ થયો ને, એવો શુભભાવ આવ્યો ને શુભ. પુણ્યબંધનું કારણ છે. '**અભ્યુદયકા સુખ હોતા હૈ,...**' એટલે પુણ્ય પરંપરા તીર્થંકરગોત્ર આદિ બાંધીને સ્વર્ગમાં ઈન્દ્રાદિના પદ મળીને પરંપરાએ મુક્તિ થશે એમ કહે છે. '**પરંપરાસે તીર્થંકરપદ પાકર મોક્ષ પાતા હૈ, યહ ઉપદેશ હૈ.**' આહાહા..!

હવે આ ૩૬૩ પાખંડ. '**આગે યહ જીવ ષટ્ અનાયતનકે પ્રસંગસે મિથ્યાત્વસે સંસારમેં ભ્રમણ કરતા હૈ ઉસકા સ્વરૂપ કહતે હૈં. પહિલે મિથ્યાત્વકે ભેદોંકો કહતે હૈં :—**' આ ૩૬૩ મિથ્યાત્વના ભેદ છે. કોઈ કહે છે ને, જે બીજાને મિથ્યાદૃષ્ટિ દેખે એ પોતે મિથ્યાદૃષ્ટિ છે. એમ તો છે નહિ. મુનિ પણ ૩૬૩ પાખંડને મિથ્યાદૃષ્ટિ માને છે. સમ્યગ્દૃષ્ટિ પણ ૩૬૩ પાખંડને મિથ્યાદૃષ્ટિ માને છે. કેવળી પણ ૩૬૩ પાખંડને મિથ્યાદૃષ્ટિ કહે છે. બીજાને મિથ્યાદૃષ્ટિ દેખે એ પોતે મિથ્યાદૃષ્ટિ છે અને સમકિતી છે એ બધાને સમકિતી દેખે. કહો (એમ કહે છે).

શ્રોતા :- ભગવાન છે એ બીજાને...

ઉત્તર :- માણસોને કાંઈ ખબર ન મળે, કઈ રીતે ચાલે છે આ. આહાહા..! અહીં તો ચોખ્ખી વાત છે લ્યો! એ ૩૬૩ પાખંડ અનાયતનના પ્રસંગ મિથ્યાત્વના ભેદ છે એમ. એ ધર્મના આયતન નથી, ધર્મના સ્થાન નથી. આહાહા..!

**असियसय किरियवाई अक्किरियाणं च होइ चुलसीदी।**
**सत्तट्ठी अण्णाणी वेणईया होंति बत्तीसा।।१३७।।**

'**અર્થ :- એકસૌ અસ્સી ક્રિયાવાદી હૈં,...**' અર્થમાં કરશે. આ હાલવું, ચાલવું, બોલવું આ બધી ક્રિયામાં કોઈપણ ક્રિયા હું કરી શકું છું એમ માને છે એ બધા ક્રિયાવાદી છે. આહાહા..! '**ચૌરાસી અક્રિયાવાદિયોંકે ભેદ હૈં,...**' જોકે આ ચોર્યાસી અક્રિયાવાદી તો અનાદિ કાળના છે. આ કાંઈ નવા નથી, અનાદિના છે. પણ ટીકાકારે જરી... આણે નથી નાખ્યા. પણ ઓલું ટીકાકારે નાખ્યું છે સંક્ષેપમાં. શ્વેતાંબર એમ કે અક્રિયાવાદી છે એમ નાખ્યું છે. શ્વેતાંબર તો હમણા નીકળ્યા. પહેલા આ ૩૬૩ પાખંડ તો અનાદિના ચાલ્યા આવે છે, એ કાંઈ નવા નથી.

'**ચૌરાસી અક્રિયાવાદિયોંકે ભેદ હૈં,...**' શ્વેતાંબરમાં ચોર્યાસી ભેદ આવે છે પણ એ સાંભળ્યું છે. પેટા ભેદ એના. એ તો ઓલો ૮૪નો આંકડો આવ્યો ને મેળવી લીધો. '**અજ્ઞાની સડસઠ ભેદરૂપ હૈં ઔર વિનયવાદી બત્તીસ હૈં.**' એમ કરીને ૩૬૩ પાખંડ મત છે જગતમાં. આહાહા..! એ તો અનાદિથી કહેતા આવીએ છીએ. ગોમ્મટસારમાં પણ આ જ છે. ગોમ્મટસારમાં છે ને. કોઈપણ એક પક્ષ કરીને માને છે. ગોમ્મટસારમાં. કોઈ એકલા પુરુષાર્થને માને, કોઈ એકલા સ્વભાવને માને, કોઈ

એકલા ઈશ્વરને, નિમિત્તને માને. ઈશ્વરનો અર્થ નિમિત્ત કર્યો છે ભાઈએ ફૂલચંદજીએ. નહિ? એવા અજ્ઞાની ૩૬૩ પાખંડ મત મિથ્યાત્વના છે. આ તો અન્યમતના પ્રકાર છે. જે ગૃહીત મિથ્યાત્વમાં જાય છે આ બધા. ગૃહીત મિથ્યાત્વ. અને સાતમા અધ્યાયમાં જે લીધું છે, મોક્ષમાર્ગપ્રકાશકમાં સાતમો અધ્યાય છે ને સાતમો? ત્યાં તો એમ લીધું છે કે જે જૈની છે, જિનાજ્ઞા માને છે, એને પણ મિથ્યાત્વનો અંશ રહી જાય છે. કેમકે એકાંત વ્યવહારથી મોક્ષ માને છે, એકાંત નિશ્ચય હોય છે, વ્યવહાર હોતો જ નથી—એવા એકાંત પક્ષના માનવાવાળા જૈનમાં એટલે દિગંબર સંપ્રદાયમાં પણ મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે એનો ખુલાસો કર્યો છે. સાતમો અધ્યાય, મોક્ષમાર્ગપ્રકાશક.

'**ભાવાર્થ :- વસ્તુકા સ્વરૂપ અનંતધર્મસ્વરૂપ સર્વજ્ઞને કહા હૈ,...** ' વસ્તુ આત્મા અને પરમાણુ આદિ જે છ દ્રવ્ય એનું સ્વરૂપ અનંતધર્મસ્વરૂપ (છે), અનંત ધર્મ છે. નિત્ય, અનિત્ય, એક, અનેક, તત્, અતત્ આદિ છે ને. ચૌદ બોલ તો છે છેલ્લે અનેકાંતના. સમયસાર. સ્વચતુષ્ટયથી છે અને પરચતુષ્ટયથી નથી એવા ભેદ છે. '**વસ્તુકા સ્વરૂપ અનંતધર્મસ્વરૂપ સર્વજ્ઞને કહા હૈ, વહ પ્રમાણ ઔર નયસે સત્યાર્થ સિદ્ધ હોતા હૈ.**' એ પ્રમાણથી આખી ચીજની અને નયથી એક એક ધર્મની સિદ્ધિથી સાબિત થાય છે. '**જિનકે મતમેં સર્વજ્ઞ નહીં હૈ...**' અહીં નાખ્યું છે આ. જેના મતમાં સર્વજ્ઞ નથી એણે આવો અનંતધર્મસ્વરૂપ પદાર્થને જોયો નથી અને એ જે એકાંત વાતું કરે એ બધા મિથ્યાત્વવાદ છે.

'**જિનકે મતમેં સર્વજ્ઞ નહીં હૈ તથા સર્વજ્ઞકે સ્વરૂપકા યથાર્થ રૂપસે નિશ્ચય કરકે ઉસકા શ્રદ્ધાન નહીં કિયા હૈ—**' બે વાત. જેના મતમાં સર્વજ્ઞ નથી અને સર્વજ્ઞના સ્વરૂપનો '**યથાર્થ રૂપસે નિશ્ચય કરકે ઉસકા શ્રદ્ધાન નહીં કિયા હૈ—**' જેના મતમાં સર્વજ્ઞ હોય એમ માન્યું હોય સાધારણ. પણ '**યથાર્થ રૂપસે નિશ્ચય કરકે ઉસકા શ્રદ્ધાન નહીં કિયા હૈ—ઐસે અન્યવાદિયોંને વસ્તુકા એક ધર્મ ગ્રહણ કરકે...** ' વસ્તુનો એક પક્ષ ગ્રહણ કરીને '**ઉસકા પક્ષપાત કિયા કિ હમને ઈસપ્રકાર માના હૈ વહ ઐસે હી હૈ,...** ' કોઈ કહે નિત્ય જ છે, અનિત્ય જ છે, એક જ છે, અનેક જ છે, શુદ્ધ જ છે, અશુદ્ધ છે વગેરે. સ્વપણે છે તો છે જ. પરપણે નથી તો નથી જ. એકાંત થઈ જાય. સ્વપણે છે અને પરપણે નથી. એમ અનેક ધર્મને નહિ માનનારા '**અન્ય પ્રકાર નહીં હૈ.**' અમે માન્યું તે છે અને બીજું નથી. '**ઈસપ્રકાર વિધિ-નિષેધ કરકે...**' છે અને નથી, એમ. '**એક-એક ધર્મકે પક્ષપાતી હો ગયે, ઉનકે યે સંક્ષેપસે તીનસૌ ત્રેસઠ ભેદ હો ગયે.** ' લ્યો!

ક્રિયાવાદીની વ્યાખ્યા કરે છે. '**ક્રિયાવાદી :- કઈ તો ગમન કરના,...**' બસ ચાલવું. એ ક્રિયા જીવની છે એમ માને છે. '**બૈઠના,...**' ચાલવાની ક્રિયા તો જડની છે. તો એ જીવની ક્રિયા છે એમ માને છે. એ ક્રિયાવાદી મિથ્યાદષ્ટિ છે. દીપચંદજીએ લીધું છે ને એમાં. આ બોલ બધા લીધા છે દીપચંદજીએ અનુભવપ્રકાશમાં. ચાલવું, બોલવું, હાલવું, ખાવું, પીવું એ બધી જડની ક્રિયા છે.

પુદ્‌ગલની ક્રિયા. નાખી છે એમાં. દીપચંદજી.

શ્રોતા :- અંદર અંદર લડવું એ?

ઉત્તર :- એ ક્રિયા જડની છે ને. આમ આમ શરીરની છે. આત્માની ક્યાં છે?

**'બૈઠના, ખડે રહના,...'** એ બધી જડની ક્રિયા છે. **'ખાના, પીના,...'** એ જડની ક્રિયા છે. એને આત્માની માને છે. આહાહા..! **'સોના,...'** સૂવું. બે-ચાર ઘડી સૂઈ જાય એ ક્રિયા આત્માની છે. આત્માની ક્રિયા ક્યાં છે એ? **'ઉત્પન્ન હોના,...'** ઊપજવું. આ જન્મમાં ઊપજવું એ આત્માની ક્રિયા. શરીરનું મરવું, છૂટવું એ આત્માની ક્રિયા. આહાહા..! કાલે હુકમચંદજીએ બહુ સારું લખ્યું છે. એ હુકમચંદજી છે ને જયપુરવાળા, એણે એવો તર્ક લગાવ્યો છે. બહુ સારો લગાવ્યો છે કે જે બાળપણું છે એ આત્મા છે? તો બાળકપણું ન હોય ત્યારે આત્મા નથી એમ થાય. વૃદ્ધપણું છે એ આત્મા છે? તો વૃદ્ધપણું ન હોય ત્યારે આત્મા નથી એમ થશે. મૂરખપણું એ આત્મા છે? તો મૂરખપણું ન હોય ત્યારે આત્મા નવો થઈ જાય. પંડિત એ આત્મા છે? શાસ્ત્રના. શાસ્ત્રનું ભણવું એ જ આત્મા છે? ભણ્યો નહોતો ત્યારે આત્મા નહોતો? અને રાગ એ આત્મા છે. તો રાગ નથી તો આત્મા નથી? અને ત્યાં સુધી લગાવ્યું છે એણે તો. બહુ સારો તર્ક કર્યો છે કે જે જ્ઞાનની પર્યાય પરલક્ષી છે એ આત્મા નહિ. કારણ કે પરલક્ષી જ્ઞાન નહોતું અને પરલક્ષી જ્ઞાન નહિ રહે તો આત્મા નહિ રહે? આહાહા..! સૂક્ષ્મ બોલ તો ત્યાં સુધી લીધો છે કે આત્માની જે પર્યાય છે એક સમયની, એ પર્યાય પોતે આત્મા હોય તો પર્યાયનો અભાવ થાય તો દ્રવ્યનો અભાવ થઈ જશે. સમજાણું કાંઈ? આહાહા..! શરીર, વાણી, મન એ તો નહિ, રાગ પણ નહિ, પણ એક સમયની પર્યાય એ જો આત્મા હોય તો પર્યાયનો અભાવ થાય છે એક સમયની પર્યાયનો. બીજે સમયે ભલે બીજી હો, પણ એ સમયની પર્યાયનો તો અભાવ થાય છે. તો પર્યાય આત્મા હોય તો એનો અભાવ થયો તો આત્મા રહ્યો જ નહિ. પર્યાયના અભાવમાં પણ આત્મા તો છે જ. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- હા, એણે લીધી છે. વાત તો એવી છે. આહાહા..!

ચૈતન્ય ધ્રુવ એ તો પર્યાયથી નથી, પર્યાયને કારણે નથી. આહાહા..! એ તો ૩૮મી ગાથામાં જુઓને આવ્યું નિયમસારમાં. કેવળજ્ઞાનાદિ પર્યાય, સંવર-નિર્જરાદિ પર્યાય નાશવાન છે. વસ્તુ અવિનાશી છે. આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય, સંવર-નિર્જરાની પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય, પુણ્ય-પાપની પર્યાય એ બધી નાશવાન છે. તો નાશવાન એ આત્મા નથી. આહાહા..! અવિનાશી ત્રિકાળ સ્વરૂપ છે એ આત્મા છે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- આ વસ્તુની સ્થિતિ છે. થોડો તર્ક એ વધારે કરે. આહાહા..! કહો, ચેતનજી! એક સમયની

પર્યાયથી આત્મા હોય તો પર્યાય બદલી જાય તો આત્મા નહિ રહે.

શ્રોતા :- ધ્રુવ તે આત્મા છે એમ.

ઉત્તર :- ધ્રુવ તે આત્મા છે. ત્યાં ૩૮માં એ કહ્યું છે ને. ખરેખર એ આત્મા છે. એમ લીધું છે ને નિયમસારમાં ૩૮ ગાથામાં. ખરેખર એ ભગવાન ધ્રુવ સત્ત્વ અનાદિઅનંત એ આત્મા છે. કદી એનો અભાવ થતો નથી. આહાહા..! એનો નિર્ણય કરનારી પર્યાય છે, પણ નિર્ણય કરનારી પર્યાય એવો નિર્ણય કરે છે કે હું તો ત્રિકાળ અવિનાશી છું. આહાહા..!

'**ઉત્પન્ન હોના, નષ્ટ હોના,...**' અહીં તો એમાંથી ગયું બધું ઉત્પાદ-વ્યય. અહીં તો બહારમાં ઉત્પન્ન થવું જન્મ-મરણ એ. એને જ આત્મા માને. શરીર ઉત્પન્ન થયું તો આત્મા ઉત્પન્ન થયો, શરીર નાશ થયો તો આત્માનો નાશ થયો. ખરેખર તો આત્મા ઉત્પાદ-વ્યયસ્વરૂપમાં આવતો જ નથી, પોતાની પર્યાયમાં દ્રવ્ય આવતું જ નથી.

શ્રોતા :- ....

ઉત્તર :- ત્રિકાળ છે. આહાહા..!

અર્થાત્ એ ઉત્પાદ-વ્યય જન્મ અને મરણને કહે અને ઉત્પાદ-વ્યય એક સમયની પર્યાયને જ એકલી માને એ પણ ક્રિયાવાદી છે. અક્રિયબિંબ ચૈતન્ય ધ્રુવ એણે માન્યું નહિ. જેમાં પરિણમન જ નથી. આહાહા..! પરિણમન તો એક સમયની પર્યાયમાં છે, ધ્રુવમાં પરિણમન નથી. આહાહા..! અર્થાત્ ઊપજવું અને મરવું એ ઉત્પાદ-વ્યયવાળી પર્યાયને આત્મા માને એ તો મિથ્યાત્વ છે.

'**દેખના, જાનના,...**' દેખવાની ક્રિયા એ જ આત્મા એમ નથી. એ તો એક સમયની અવસ્થા છે. '**જાનના,...**' આમાં એક એક પક્ષ લઈ લે બધા. '**કરના,...**' કાંઈક કરવું. કંઈક કરવું એ આત્મા. શું કરવું? રાગ કરવો એ આત્મા છે? આહાહા..! '**ભોગના,...**' રાગને ભોગવવો કે પર ચીજને ભોગવવી એ આત્મા. એ આત્મા નથી. આહાહા..! '**ભૂલના,...**' પ્રથમ કાંઈ યાદ હોય એ ભૂલવું એ આત્મા નથી. એ તો પર્યાયમાં ભૂલવું થાય છે. આહાહા..! '**યાદ કરના,...**' એ પણ એટલો આત્મા નથી. એક સમયની પર્યાયને યાદ કરવી, ધારણામાં યાદ કરવી એને આત્મા માની લે છે. આહાહા..!

'**પ્રીતિ કરના,...**' પરપદાર્થમાં પ્રેમ કરવો એ જ આત્મા. એ આત્મા નથી. આહાહા..! '**હર્ષ કરના,...**' હરખ-હરખ. હરખ આવે છે એ ક્ષણભંગુર અવસ્થા છે. એ જ આત્મા—એમ છે નહિ. આહાહા..! '**વિષાદ કરના,...**' ખેદ-ખેદ. ખેદ કરવો એ આત્મા. એ કાંઈ આત્મા નથી. આહાહા..! '**દ્વેષ કરના,...**' લ્યો! દ્વેષ-ઘૃણા એ આત્મા નથી. પણ એને આત્મા માને એ બધા ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહાહા..! ઝીણું ભારે ભાઈ! '**જીના,...**' આ જીવવું એ જ આત્મા. લ્યો! જીવો અને જીવવા દ્યો, ભગવાનનો આદેશ. બહુ બોલે છે એ. વરઘોડા નીકળે ને. શું કહેવાય? રથયાત્રા. મહાવીરનો સંદેશ, જીવો અને જીવવા દ્યો. અહીં ના પાડે છે. આહાહા..! શરીરથી જીવે અને શરીરથી

મરે એ આત્મા છે? આહાહા..! '**જીના, મરના ઈત્યાદિક ક્રિયાયેં હૈ;...**' એ તો. આહાહા..!

'**ઈનકો જીવાદિક પદાર્થોંકે દેખકર...**' '**ઈનકો જીવાદિક પદાર્થોંકે દેખકર...**' એમ. જીવાદિ પદાર્થમાં આ છે એમ દેખીને, એમ. '**કિસીને કિસી ક્રિયાકા પક્ષ કિયા હૈ.**' કોઈએ કંઈક ક્રિયાનો પક્ષ કર્યો. ઉઠવું, બેસવું એ, ઉત્પાદ-વ્યય. '**ઔર કિસીને કિસી ક્રિયાકા પક્ષ કિયા હૈ.**' કોઈને કંઈક ક્રિયા આ ભેદ છે જેટલા બધા. '**ઐસે પરસ્પર ક્રિયાવિવાદસે ભેદ હુએ હૈં,...**' પરસ્પર ક્રિયાવિવાદથી ભેદ થયો. આહાહા..! ખરેખર તો આ ગૃહીત મિથ્યાત્વના ભેદ છે અને ઓલો નિશ્ચય વ્યવહાર છે એ અંદર ગૃહીત મિથ્યાત્વ છે અને અગૃહીત પણ છે. સાતમામાં. '**સંક્ષેપસે એકસૌ અસ્સી ભેદ નિરૂપણ કિયે હૈં,...**' લ્યો! '**ઐસે પરસ્પર ક્રિયાવિવાદસે ભેદ હુએ હૈં,...**' ખરેખર તો વિકલ્પની ક્રિયા એ આત્મા છે, આત્માની છે, એ બધા ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે. '**ઈનકે સંક્ષેપસે એકસૌ અસ્સી ભેદ નિરૂપણ કિયે હૈં,...**' ક્રિયાવાદીના એક એક પક્ષને આખું સ્વરૂપ માનનારા એવા ૧૮૦ ભેદ છે. આ મુનિ કુંદકુંદાચાર્ય કહે છે કે નહિ? કે આ મિથ્યાદૃષ્ટિ છે.

શ્રોતા :- ભગવાને કહ્યું હતું.

ઉત્તર :- ભગવાન તો કેવળી હતા. વસ્તુ સ્વરૂપ હોય એમ બતાવે નહિ? બીજા મિથ્યાદૃષ્ટિને સમકિતી માની લેવા? તું પોતે સમકિતી અને બીજાને મિથ્યાદૃષ્ટિ માને તો પોતે મિથ્યાદૃષ્ટિ. આ શું એનો અર્થ? કોઈ લોકો કાંઈ ન્યાયને તોળતા જ નથી કોણ જાણે. એવી સ્થૂળ દૃષ્ટિ થઈ ગઈ. સત્યને ન્યાયને કાંટે તોળવું જોઈએ, કોઈના પક્ષપાતથી વાત ન લેવી જોઈએ. સર્વજ્ઞે કહેલું સ્વરૂપ શું છે? કેમ છે? કઈ રીતે છે? એમ એના જ્ઞાનમાં યથાર્થપણું આવવું જોઈએ. આ વિપરીત ભાવવાળા બધા એકાંત મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે.

'**કઈ અક્રિયાવાદી હૈં,...**' એ ઓલા ટીકાકારે આ નાખ્યું અક્રિયાવાદીમાં. ઈન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર આદિ ... એ શ્વેતાંબરના છે બધા. પણ એ શ્વેતાંબર તો હમણા થયા છે. આ અક્રિયાવાદી તો અનાદિના છે, આ કાંઈ નવા નથી. વાત તો એવી હોવી જોઈએ ને કે અનાદિ સનાતન સત્ય હોવું જોઈએ ને. અહીં શ્વેતાંબર નીકળ્યા ત્યારથી જ આ ક્રિયાવાદી છે એમ કાંઈ નહિ. '**જીવાદિક પદાર્થોંમેં ક્રિયાકા અભાવ માનકર...**' જીવ ક્રિયા વિનાનો છે. પરિણતિ પણ આવી... એમ માને. જડ પણ પરિણતિ વિનાના-ક્રિયા વિનાના છે જડાદિ. '**જીવાદિક પદાર્થોંમેં ક્રિયાકા અભાવ માનકર...**' પરિણતિ ક્રિયા જે પલટે છે એનો અભાવ માને છે.

'**આપસમેં વિવાદ કરતે હૈં.**' આહાહા..! '**કઈ કહતે હૈં જીવ જાનતા નહીં હૈ,...**' લ્યો ઠીક! જાણવાની ક્રિયા એ એની નથી એમ કહે. '**જાનતા નહીં હૈ,...**' જાણવાની ક્રિયા એની નહિ એમ કહે છે. આહાહા..! એ અક્રિયાવાદીમાં નાખ્યા. '**કઈ કહતે હૈં કિ કુછ કરતા નહીં હૈ,...**' પરિણમન આદિ કરતો જ નથી. '**કઈ કહતે હૈં ભોગતા નહીં હૈ,...**' રાગાદિનો ભોક્તા નથી. એ બધા

અક્રિયાવાદીમાં નાખ્યા, લ્યો. 'કઈ કહતે હૈં **ઉત્પન્ન નહીં** હોતા હૈ,...' ચોર્યાસીના અવતારમાં ઉત્પન્ન થતો નથી. 'કઈ કહતે હૈં **નષ્ટ નહીં** હોતા હૈ,...' આહાહા..! આમ તો કહ્યું પરમાત્મપ્રકાશમાં, **'ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।'** (ગાથા-૬૮) જીવ ઊપજે ને મરે નહિ. એ કઈ અપેક્ષાએ? આત્મા ઊપજે નહિ, ઉત્પાદ પર્યાય આત્મામાં આવતો નથી અને વ્યય થાય એમાં આત્મા આવતો નથી અને બંધ-મોક્ષની પર્યાયમાં પણ આત્મા આવતો નથી. ઉત્પન્ન (થાય) એ તો પર્યાય છે. આહાહા..! **'ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।'** લ્યો એમ કીધું. જીવ પોતાની પર્યાયમાં પણ ઊપજતો નથી અને પર્યાયમાં પણ મરતો નથી. સંસારનો અભાવ કરતો નથી અને મોક્ષની પર્યાયને કરતો નથી એ જીવ.

નિત્યાનંદ પ્રભુ જીવ એને કહીએ એમ કહે છે. પર્યાયમાં ઉપજે વિણસે એ તો વ્યવહારજીવ ઉત્પાદ-વ્યય, એ નહિ. આહાહા..! અનાદિઅનંત ભગવાન આત્મા ઓહોહો..! કયે કાળે નહોતો? કયે કાળે ન હોય? આહાહા..! દીર્ઘદષ્ટિથી જોવે તો એ તો ત્રિકાળ ધ્રુવસ્વરૂપ જ છે. એને આત્મા કહીએ. આહાહા..! એને એ રીતે ન માનતા પરિણતિ-પરિણતિ ન માને. પરિણતિ કેવી એમાં વળી? બદલે શું? વેદાંત કહે છે ને બદલવું શું? આત્મા વળી અનુભવ કરે એ શું? આત્મા અને અનુભવ એ તો બે ભેદ થઈ ગયો. આત્મા પોતાનો અનુભવ કરે. દ્વૈત થઈ ગયો ને. દ્વૈતને તો એ માનતા નથી.

અનુભવસ્વરૂપ જ એ આત્મા છે. અનુભૂતિથી ભિન્ન, ન કહ્યું ત્યાં? સમયસાર. અનુભૂતિ સે ભિન્ન સબ. પુણ્ય-પાપ, દયા-દાન, વિકલ્પ વ્રત આદિ અનુભૂતિ સે ભિન્ન હૈ, પુદ્‌ગલના પરિણામ છે. આહાહા..! વ્રતાદિના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. આહાહા..! નિશ્ચયવ્રત બીજી વાત છે, વ્યવહાર વ્રત બીજી વાત. નિશ્ચયવ્રત તો સ્વરૂપમાં રમણતા એ નિશ્ચયવ્રત. આત્મા આનંદસ્વરૂપ ધ્રુવ એમાં વીંટાઈ જવું, લીન થઈ જવું એ ક્રિયા છે નિર્મળ. એ પર્યાયની ક્રિયા છે. રાગની ક્રિયા જે વ્રતાદિની એ તો બંધની ક્રિયા છે. એ પુદ્‌ગલના પરિણામ કહ્યા છે એને. શુભરાગને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. આહાહા..! ઓલો વિસ્તાર કરીને .. આવ્યું હતું ને.

'કુછ **કરતા નહીં** હૈ, કઈ કહતે હૈં **ભોગતા નહીં** હૈ, કઈ કહતે હૈં **ઉત્પન્ન નહીં** હોતા હૈ,...' આત્મા તો છે એ છે. ઉત્પન્ન શું થાય? અરે..! છે એ છે, પણ પર્યાયમાં ઉત્પન્ન થાય. છે એ. આહાહા..! જન્મ-મરણમાં ગતિમાં ઉત્પન્ન થાય છે. ગતિ શરીરને ઉત્પન્ન કરે છે એ પ્રશ્ન નથી. મનુષ્યગતિ એના ઉદયભાવમાં ઉત્પન્ન થાય છે ને? ગતિ ગતિ તો એને કહે છે ને. આત્મામાં ગતિ નથી. આ કાંઈ મનુષ્યગતિ નથી. આ તો શરીર જડ છે. મનુષ્યગતિ આત્મામાં મનુષ્યપણાની યોગ્યતા એવી ગતિનો ઉદય આત્મામાં છે. આહાહા..! આવું ઝીણું માણસને... ઓલાને બધાને એવું લાગે સારું બસ. બધા ઉપર સમભાવ રાખો, સમન્વય કરો, બધા ધર્મ સરખા. અહીં તો ના પાડે છે.

'કઈ કહતે હૈં **નષ્ટ નહીં** હોતા હૈ,...' વ્યય થતો જ નથી એમાં. 'કઈ કહતે હૈં **ગમન નહીં**

**કરતા હૈ...**' આત્મા ચાલતો જ નથી. ક્ષેત્રાંતર થાય છે ને. દેહ ચાલે એ જુદી વાત છે. પણ આત્મા પણ ક્ષેત્રાંતર થાય છે ને જરી? એની પોતાની ક્રિયાવતી શક્તિને કારણે. કર્મને કારણે નહિ, શરીરને કારણે નહિ. એનું ક્ષેત્રાંતર થવું એક સ્થાનથી આમ ક્ષેત્રાંતર, ગમન, કંપન્ન એની પોતાની ક્રિયા છે પર્યાયની. શ્રેણિક રાજા નરકમાં ગયા એ નરકગતિને કારણે નથી ગયા, તેમ નરકાયુ બાંધ્યું (એટલે ગયા એમ પણ નહિ). એ તો જડ છે. એમ પણ નહિ. એની પોતાની ક્રિયાની એવી યોગ્યતા છે તો આમ ગમન કર્યું. આહાહા..!

'**કઈ કહતે હૈં ગમન નહીં કરતા હૈ ઔર કઈ કહતે હૈં ઠહરતા નહીં હૈ—**' ઊભા રહેવું એ કેવું? '**ઈત્યાદિ ક્રિયાકે અભાવકે પક્ષપાતસે...** ' આવા ક્રિયાના અભાવનો પક્ષપાત '**સર્વથા એકાંતી હોતે હૈં.**' લ્યો! '**ઈનકે સંક્ષેપસે ચૌરાસી ભેદ હૈં.**' આ ટીકા કરનાર મધ્યસ્થ છે. અને ઓલો જરી ટીકા કરે .. શ્વેતાંબર. આ તો જેવું છે એ રીતે (કહે છે).

શ્રોતા :- અનાદિનું છે આ તો.

ઉત્તર :- અનાદિનું છે આ તો. .. સાદી છે. સાદી આ કાંઈ.. આહાહા..! વસ્તુસ્થિતિ હોય એમ કહે ને. પછી ભલે એમાં ભેળવવા હોય એ જુદી વાત છે. પણ એકલા જ એ છે એમ નથી.

'**કઈ અજ્ઞાનવાદી હૈં, ઈનમેં કઈ તો સર્વજ્ઞકા અભાવ માનતે હૈં,...** ' લ્યો! અજ્ઞાનવાદી. સર્વજ્ઞ હોઈ શકે નહિ. પૂર્ણ આત્માની પર્યાય પ્રગટ થઈ શકતી જ નથી એમ માને છે. વેદાંત. એક આત્મા તો ઈશ્વરનો અંશ છે. એ પૂર્ણ ન પ્રગટ કરી શકે. એ અજ્ઞાનવાદ છે. સર્વજ્ઞ પૂર્ણ પર્યાયે પ્રગટ થાય એટલો તો એનો સ્વભાવ છે. આહાહા..! એ તમારા રતનચંદજી કહે છે ને કે વર્તમાન પર્યાયને અર્થ કહેવી. આગળ-પાછળને અર્થ ન કહેવી. વર્તમાન પર્યાયને જાણીને બીજાને જાણે છે. એ સર્વજ્ઞ નથી. સર્વજ્ઞ તો એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે છે. ભૂત અને ભવિષ્યની પર્યાય જે થઈ ગઈ અને થશે એને (વર્તમાનવત્) દેખે છે. દ્રવ્યમાં શક્તિ છે ભવિષ્યમાં થવાની એમ દેખે છે એમ નહિ. અને ભૂતકાળની પર્યાય એનું કારણપણું અંદર છે એમ દેખે છે એમ પણ નહિ. જે સમયે પ્રગટ પર્યાયનું પરિણમન હતું, પ્રગટ પર્યાયનું પરિણમન થશે એમ વર્તમાન આમ ત્રિકાળ દેખે છે ભગવાન તો. આહાહા..! એવા સર્વજ્ઞને ન માને એ પણ અજ્ઞાનવાદી છે એમ કહે છે. આહાહા..! ભારે વાત ભાઈ!

કેમકે જ્ઞાનસ્વભાવ આત્માનો એની પરિપૂર્ણતા પર્યાય ન માને એ અજ્ઞાનવાદી છે. આહાહા..! એક સમયમાં કેવળજ્ઞાનની પર્યાય પોતાની પૂર્ણતાને દેખે, પર.. પણ આત્મા ત્રિકાળી છે કે નહિ? તો ત્રિકાળીપણું એના જ્ઞાનમાં આવે છે ને? પોતાનું ત્રિકાળી. આહાહા..! અને ત્રિકાળી પર્યાય જે પોતાની છે એ પણ જ્ઞાનમાં જણાય છે. પોતામાં પૂર્વ જે પર્યાય થઈ ગઈ એ શક્તિમાં છે એમ જાણે છે એ નહિ. જેમ પૂર્વમાં થઈ હતી એમ વર્તમાન જાણે છે. આહાહા..! અને ભવિષ્યમાં જેવી થશે એ વર્તમાનમાં છે એમ જાણે છે. થશે, શક્તિમાં છે ત્યારે થશે એમ નહિ. આહાહા..! એના જ્ઞાનના સ્વભાવની ખબર

નથી.

**'સર્વજ્ઞકા અભાવ માનતે હૈં, કઈ કહતે હૈં જીવ અસ્તિ હૈ...'** હવે પછી. .. વાત. સર્વજ્ઞ ત્રણ કાળ ત્રણ લોક (જાણે છે). એ ત્રણ કાળ ત્રણ લોક પછી વળી બીજા. પણ પોતાનું ત્રિકાળી સ્વરૂપ છે એને જાણે ત્યાં સર્વજ્ઞ થઈ ગયો. આદિ-અંત વિનાનું સ્વરૂપ છે ને પોતાનું અને આદિ-અંત વિનાની પર્યાય છે. આદિ છે પર્યાયની? અંત છે પર્યાયનો? પોતામાં પોતાની હોં! પરની નહિ. આહાહા..! એવો સર્વજ્ઞ એનો સ્વભાવ છે અને સર્વજ્ઞ પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત થાય છે. એમ ન માને એ સંપ્રદાયમાં હોય તોપણ અજ્ઞાનવાદી છે. આ તો અનાદિના ગૃહીત મિથ્યાત્વમાં નાખ્યા છે. આહાહા..!

**'કઈ કહતે હૈં જીવ અસ્તિ હૈ...'** એકલું બસ. છે બસ. પરથી નથી એમ નહિ. છે જ બસ. એમ નથી. પોતાથી છે, પરથી નથી. આહાહા..! અજ્ઞાનવાદી કહે છે કે **'જીવ અસ્તિ હૈ યહ કૌન જાને?'** એમ. છે એ કોણ જાણે? કોણ જાણે? પોતે જાણે. આહાહા..! ત્રિકાળ ત્રિકાળ વસ્તુ કોણ જાણે? એમ કરીને અજ્ઞાની ઉડાવી દે છે વાતને. આહાહા..! એ અજ્ઞાનવાદ છે કહે છે. **'કઈ કહતે હૈં જીવ નાસ્તિ હૈ...'** જીવ પરથી નથી. **'યહ કૌન જાને?'** આહાહા..! કોણ જાણે? આત્મા જાણે. પરથી હું નથી, ત્રિકાળ નથી. પોતાથી હું ત્રિકાળ છું. આહાહા..!

**'કઈ કહતે હૈં જીવ નિત્ય હૈ યહ કૌન જાને?'** એમ. ઓલામાં નિત્ય અને અનિત્યના એક એક પક્ષને ક્રિયાવાદમાં નાખ્યું. અને અહીં તો નિત્ય છે કે નહિ કોણ જાણે? આહાહા..! પણ તેં નક્કી કર્યું છે કે નિત્ય છે એ કોણ જાણે? નિત્ય છે એ કોણ જાણે? તો જાણવામાં આવ્યું કે આ નિત્ય છે ત્યારે તો જાણ્યું. જાણવામાં આવ્યું કે આ તો નિત્ય છે. કોણ જાણે કોણ? એ પોતે જાણે. આહાહા..! **'નિત્ય હૈ યહ કૌન જાને? કઈ કહતે હૈં જીવ અનિત્ય હૈ યહ કૌન જાને?'** એટલે અજ્ઞાન સ્થાપે. નિત્ય કોણ જાણે શું, આત્મા જાણે. બદલે છે ક્ષણે ક્ષણે એ અનિત્ય છે. આહાહા..! અજ્ઞાન .. એની ખબર ન પડે. આ કહે છે ને અત્યારે? ભાઈ, સમ્યગ્દર્શન છે કે નહિ એ ખબર ન પડે. અજ્ઞાન છે.

શ્રોતા :- ...

ઉત્તર :- એ બધું એમ કાંઈ મેળ વિનાનું. આહાહા..!

કુંદકુંદાચાર્યને સમ્યગ્દર્શન છે કે નહિ આપણને શી ખબર પડે? કીધું હતું ને. ચેતનજીને કહ્યું હતું. આહાહા..! પરની શી ખબર પડે? આહાહા..! અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યના હજાર વર્ષ પછી થયા, એણે તો પોકાર કર્યો ટીકામાં. જેને મોક્ષ નજીક છે, સંસારનો કાંઠો આવી ગયો છે એવા અનેકાંત વિદ્યાના જાણનાર, સર્વ પક્ષનો આગ્રહ છૂટી ગયો છે. આહાહા..! વસ્તુમાં સ્વભાવનું ભાન થઈ ગયું છે. લ્યો! અમૃતચંદ્રાચાર્ય. હજાર વર્ષ પહેલા થઈ ગયા કુંદકુંદાચાર્ય. ન જાણવામાં આવે એ વાત કેવી? આહાહા..! જાણનાર જગતનો જાણનાર છે ને મોટો.

શ્રોતા :- અગિયાર અંગના પાઠી હોય....

ઉત્તર :- ભાન વિના શું કહે? એ અંદર નિઃસંદેહ ન હોય. અરેરે..!

'**ઈત્યાદિ સંશય-વિપર્યય-અનધ્યવસાયરૂપ હોકર...**' લ્યો! અજ્ઞાનમાં ત્રણે નાખ્યું. સંશય, વિપરીત. આમ હશે કે નહિ કોને ખબર? વિપરીત. અનધ્યવસાયરૂપ-અચોક્કસ. '**વિવાદ કરતે હૈં. ઈનકે સંક્ષેપસે સડસઠ ભેદ હૈં.**' લ્યો! ૬૭. હવે '**કઈ વિનયવાદી હૈં, ઉનમેં સે કઈ કહતે હૈં દેવાદિકે વિનયસે સિદ્ધિ હૈ,...**' આપણે તો પરમેશ્વરનો વિનય કરો, મુક્તિ થશે. એ મિથ્યાત્વ વિનયવાદ છે. દેવ-ગુરુ-શાસ્ત્રના વિનયથી મુક્તિ થશે એમ માનનારા વિનયવાદી એકાંત મિથ્યાદષ્ટિ છે. આહાહા..! '**કઈ કહતે હૈં ગુરુકે વિનયસે સિદ્ધિ હૈ,...**' ઓલામાં બધું નાખ્યું દેવ-ગુરુ આદિ. આપણે તો ગુરુનો વિનય કરીએ, હવે મુક્તિ તો એના હાથમાં છે.

શ્રોતા :- નિદાન થઈ જશે.

ઉત્તર :- નિદાન થઈ જાશે. એ કહેતો હતો ઈ. બાવળાના નહોતા આવતા? શું કહેવાય એ? હીરાલાલ ખોજા-ખોજા બાવળાના. આપણે તો પકડ્યા છે ગુરુને. હવે આપણે ફલાણે મંદિરમાં જાવું કે ન જાવું એવું કાંઈ નહિ. આ શ્વેતાંબરમાં ન જાવું, દિગંબરમાં જવું એવું કાંઈ નહિ. એનો મોક્ષ હવે કરી દેશે આપણને. એ બધા વિનયવાદી અજ્ઞાની છે.

શ્રોતા :- મોટાની ફરજ છે.

ઉત્તર :- મોટાની શું ફરજ છે? મોટાની ફરજ મોટાનું જાણવું-દેખવું ઈ.

શ્રોતા :- મોટાની ફરજ નાનાને ..

ઉત્તર :- કર્યા. એ બધા આવા ને આવા એકાંત છે કહે છે.

'**ગુરુકે વિનયસે સિદ્ધિ હૈ,...**' બસ આપણે તો વિનય કરીએ. જાવ. ઓલું આવે છે ને. બાણવિદ્યા સાધી, નહિ? ઓલું નથી આવતું? આવે છે. દ્રોણાચાર્ય.

શ્રોતા :- એકલવ્ય, ગુરુ દ્રોણાચાર્ય.

ઉત્તર :- મનમાં .. કર્યો વિદ્યાર્થી થઈ ગયો. હવે એ તો બહારની વિદ્યાનું અહીં શું કામ છે? આહાહા..! અહીં તો જ્યાં સુધી દેવ-ગુરુ લક્ષમાં રહે ત્યાં સુધી તો રાગ છે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- ૧૭૦ ગાથામાં કહ્યું નહિ? પંચાસ્તિકાય. પોતે કુંદકુંદાચાર્ય કહે છે. જ્યાં સુધી આગમની શ્રદ્ધા રહેશે લક્ષમાં, પદાર્થની શ્રદ્ધાનું લક્ષ રહેશે, તીર્થંકર કહે છે કે અમારી શ્રદ્ધાનું લક્ષ રહેશે, ત્યાં સુધી મુક્તિ નહિ થાય. ૧૭૦ ગાથા છે પંચાસ્તિકાય. આગમ, પદાર્થ અને તીર્થંકર. આહાહા..! એવો માર્ગ છે ભાઈ આ તો.

'**કોઈ કહતે હૈં કિ માતા કે વિનયસે સિદ્ધિ હૈ,...**' લ્યો ઠીક. આવે છે ને અન્યમતિમાં નહિ ઓલો કોણ? માતા-પિતાનું. શ્રવણ. આવે છે ને, ત્યાં જામનગરમાં છે ને બહાર સ્મશાનમાં. શ્રવણ.

બે બાજુ ... આંધળા મા-બાપ છે એની વિનય ભક્તિ (અને) જાત્રા કરાવે છે. એટલે મા-બાપનો વિનય કરવો એ મુક્તિનું કારણ છે. જૂઠી વાત છે. જામનગરમાં છે. '**કઈ કહતે હૈં કિ પિતાકે વિનયસે સિદ્ધિ હૈ...**' લ્યો! આહાહા..! માતાએ સવા નવ મહિના પેટમાં રાખ્યો તો એનો વિનય કરવાથી આપણને જાવ મુક્તિ. ઓલો કહે પિતાનો વિનય કરવાથી. '**કઈ કહતે હૈં કિ રાજાકે વિનયસે સિદ્ધિ હૈ,...**' મોટો રાજા હોય એનો વિનય કરીએ તો મુક્તિ થશે. બધા રાગ છે. આહાહા..!

'**કઈ કહતે હૈં કિ સબકે વિનયસે સિદ્ધિ હૈં,...** ' લ્યો! આવે છે ને. પંથ છે ને તમારે જામનગરમાં. વિનય-વિનય. જામનગરમાં છે ને. શું કહેવાય એ? ..પંથ. છેલ્લે નહિ ઓલા દરવાજા પાસે મોટું જગ્યા છે મોટી, વિનયપંથી. શાસ્ત્રમાં આવે છે, બધાને પગે લાગવું. કૂતરો હોય તો કૂતરાને, મીંદડા હોય તો મીંદડાને. પ્રણામધામી એ. પ્રણામી.. છે ને ત્યાં. એનો સાધુ મળ્યો હતો. બધા ભગવાન, જય નારાયણ કરવું. એ લ્યો. '**સબકે વિનયસે સિદ્ધિ હૈ,...**' આ તો કહે બધાનો વિનય જ કરવો. આહાહા..! '**ઇત્યાદિ વિવાદ કરતે હૈં ઇનકે સંક્ષેપસે બત્તીસ ભેદ હૈં. ઇસપ્રકાર સર્વથા એકાંતિયોંકે તીનસૌ ત્રેસઠ ભેદ સંક્ષેપસે હૈં, વિસ્તાર કરને પર બહુત હો જાતે હૈં,...**' અનંત ભેદ એમ કે પેટા ભેદ.

'**ઇનમેં કઈ ઈશ્વરવાદી હૈં,...**' એ ગોમ્મટસારમાં નાખ્યું. '**કઈ કાલવાદી હૈં,...**' કાળે થશે તે થશે, ઈશ્વર કરે એમ થશે એમ માનનારા. '**કઈ સ્વભાવવાદી હૈં,...**' ભાઈ સ્વભાવ હોય એ થશે. એકાંત માનનારા હોં! '**કઈ વિનયવાદી હૈં, કઈ આત્મવાદી હૈં.**' આત્મા પુરુષાર્થ કરે રાગનો તો કલ્યાણ થઈ જશે. '**ઇનકા સ્વરૂપ ગોમ્મટસારાદિ ગ્રંથોંસે જાનના, ઐસે મિથ્યાત્વકે ભેદ હૈં.**' લ્યો આટલા તો ભેદ કહે છે મુનિ કુંદકુંદાચાર્ય. આ તો પોતે કહે, નહિ, બીજાને મિથ્યાત્વ કહે એ મિથ્યાદૃષ્ટિ જ હોય. પહેલાં આવ્યું હતું. કાલે આવ્યું, પહેલા આવ્યું હતું લખાણ. દિલ્હીમાં તો આ શાંતિસાગર છે આપણા ઈ બહુ શાંત છે. શાંતિસાગર છે એ ગૃહસ્થ છે. મુનિ થવાના હતા, મા-બાપ છે, બૈરા છે, દીકરા છે. વિદ્યાનંદજી પાસે સાધુ થવાના હતા. પછી આ વાત જ્યાં સાંભળી. અરે..! નરમ માણસ છે, વૈરાગી છે. મા-બાપ છે, બૈરા છે. અત્યારે તો નિવૃત્તિ .. અહીં આવે છે. વાંચે છે ત્યાં દિલ્હીમાં. જાણું છું. શાંતિસાગર છે. નામ જ એનું શાંતિસાગર છે. એ લોકો ક્યાંય જાય નહિ બીજે. બીજાને માને નહિ. એમ કે .. એટલે શું? આવું બધું લખ્યું છે ઘણું, કાલે નહિ વાંચ્યું હતું? એવું વાંચીને ભડકે બિચારા. શું થાય? આહાહા..!

અહીં તો કહે છે, અરે..! સત્ સ્વરૂપ મળ્યા છતાં, સાંભળવા છતાં '**આગે કહતે હૈં કિ અભવ્યજીવ અપની પ્રકૃતિકો નહીં છોડતા હૈ,...**' નાલાયક જીવ છે એ પોતાનો સ્વભાવ ફેરવતો નથી. જે પક્કડ માની છે એને ફેરવતો નથી. '**ઉસકા મિથ્યાત્વ નહીં મિટતા હૈ :—**' એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ વદ ૬, મંગળવાર તા. ૧૧-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૩૭ થી ૧૪૦, પ્રવચન - ૧૭૧**

'**આગે કહતે હૈં કિ અભવ્યજીવ અપની પ્રકૃતિકો નહીં** છોડતા હૈ,...' એ દૃષ્ટાંત છે. અભવિ જેવા જીવ કે અભવિ, પોતાનો જે સ્વભાવ—રાગથી એકત્વબુદ્ધિ માની છે એ સ્વભાવ છોડતો નથી. જૈનધર્મને માનતો નથી એનો અર્થ. આત્મા વીતરાગ સ્વરૂપ છે એ વીતરાગ સ્વરૂપની પરિણતિની પ્રતીતિ એને નથી. રાગની પ્રતીતિ છે, રાગ-રાગ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ, ઊંડે ઊંડે એને રાગની પ્રતીતિ અને રુચિ છે. એ વાત કરે છે.

**ण मुयइ पयडि अभव्वो सुट्ठु वि आयण्णिऊण जिणधम्मं।**
**गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।।१३८।।**

'**અર્થ :- અભવ્યજીવ ભલેપ્રકાર જિનધર્મકો સુનકર...**' લ્યો! '**सुट्ठु वि**' છે ને? કહે છે કે સારો સમાગમ મળે, એની વાત સાચી સાંભળે, પણ અંતરમાં રાગની એકતા તોડે નહિ, રાગની રુચિ અને રાગનો પ્રેમ છે જેને અંદરમાં, એ આવા અનેક શાસ્ત્રો સાંભળે છતાં એનો સ્વભાવ બદલે નહિ, કહે છે. રાગની રુચિ છોડીને ચૈતન્ય સ્વભાવ મીઠો મધુરો આનંદ એની એને રુચિ થતી નથી. સમજાણું કાંઈ? '**અભવ્યજીવ...**' '**सुट्ठु**' છે ને? ભલે પ્રકારે, એમ. શાસ્ત્ર છે એ યથાર્થ એને મળ્યા. સાંભળવા મળ્યા, ગુરુગમે સાંભળ્યા. '**અપની પ્રકૃતિકો નહીં** છોડતા હૈ.' પણ રાગને પોતાનું સ્વરૂપ માને છે એ છોડતો નથી. ચાહે તો અભવિ હોય કે ભવિ હોય. આહાહા..!

'**યહાં દૃષ્ટાંત હૈ કિ સર્પ ગુડસહિત દૂધકો પીતે રહને પર ભી...**' સાકરસહિત દૂધને પીવે સર્પ છતાં એ સર્પનું ઝેર છોડતો નથી. આહાહા..! '**વિષરહિત નહીં હોતા હૈ.**' આહાહા..! એમ મીઠી મધુરી વાણી વીતરાગની, વીતરાગભાવ, વીતરાગવિજ્ઞાન, લ્યો વળી આ શબ્દ આવ્યો ને જયપુરનો, વીતરાગ વિજ્ઞાન. આવે છે ને, છ ઢાળામાં આવે છે. વીતરાગવિજ્ઞાન પાઠશાળા. એ શબ્દ બરાબર ગોઠવ્યો છે. વીતરાગવિજ્ઞાન. આત્મા રાગથી રહિત વીતરાગ સ્વરૂપ એનું વીતરાગ સ્વસંવેદન વિજ્ઞાન, એનું નામ વીતરાગવિજ્ઞાન છે. આ રાગવાળું જ્ઞાન.. રાગથી, પુણ્યથી, વિકલ્પથી લાભ થશે એ રાગવાળું વિજ્ઞાન એટલે અજ્ઞાન. આહાહા..! એ કહે છે કે '**વિષરહિત નહીં હોતા હૈ.**' વીતરાગવિજ્ઞાન પરિણતિ પ્રગટ નથી કરતા.

અંતરમાં વીતરાગવિજ્ઞાનસ્વરૂપ આત્મા છે. વીતરાગવિજ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. એની સન્મુખ થઈને, વીતરાગ પરિણતિ વીતરાગ સ્વસંવેદનજ્ઞાન (પ્રગટ કરતો નથી). આ તો ચોથે ગુણસ્થાનથી એમ કહ્યું છે લ્યો! વીતરાગવિજ્ઞાન. ઓલા વળી કહે, વીતરાગવિજ્ઞાન સાતમે-આઠમે આવે. અહીં તો

ઊંડે ઊંડે ચૈતન્ય ભગવાન શુદ્ધ પવિત્ર મધુર આનંદરસ એવું જે તત્ત્વ એ અજ્ઞાનીને રુચતું નથી, પોષાતું નથી. રાગની ક્રિયા, પુણ્યની ક્રિયા એની એને રુચિ અને પોષાણ. આહાહા..! એ અભવિ, સર્પને સાકરસહિત દૂધ આપો તો એ ઝેર નહિ છોડે. આ તો આપણી ગાથા છે બંધમાં. ૩૧૭ ગાથા. ૩૧૭ ગાથા સમયસાર. ત્યાં '**अज्झाइदूण**' શબ્દ છે. ત્યાં શાસ્ત્ર ભણી, અહીં આકર્ષણ એટલું લીધું. દ્રવ્યશ્રુત ભણીને પણ અભવિ અથવા એવા અભવિ જેવા જીવ... કુંદકુંદાચાર્ય તો એમ કહે છે કે જ્યાં સુધી એને રાગની રુચિ રહે અને સ્વભાવની રુચિ ન થાય ત્યાં સુધી એ અભવિ જેવો છે. આહાહા..!

'**ભાવાર્થ :- જો કારણ પાકર ભી નહીં છૂટતા હૈ...**' એમ કહે છે. કારણ મળ્યા છતાં છોડતો નથી '**ઉસે પ્રકૃતિ યા સ્વભાવ કહતે હૈં.**' એમ. પ્રકૃતિ છોડતો નથી એમ કીધું ને એટલે સ્વભાવ છોડતો નથી. '**અભવ્યકા યહ સ્વભાવ હૈ કિ જિસમેં અનેકાંત તત્ત્વસ્વરૂપ હૈ ઐસા વીતરાગ-વિજ્ઞાન...**' લ્યો, જુઓ આવ્યું. આત્મા વીતરાગવિજ્ઞાનસ્વરૂપ છે. એવું વીતરાગવિજ્ઞાનસ્વરૂપ શાસ્ત્રને સાંભળવા છતાં... આહાહા..! અભવિ અંતરમાંથી વીતરાગવિજ્ઞાનનો ભાવ પ્રગટ કરતો નથી. રાગની રુચિવાળો છે એમ કહેવું છે. '**વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ જિનધર્મ...**' ભાષા જુઓ! બરાબર છે. જૈનધર્મ એટલે વીતરાગવિજ્ઞાનસ્વરૂપ. રાગને પોતાનો માને એ વીતરાગ નહિ, પણ અજ્ઞાન, રાગસ્વરૂપ છે. જેટલા અનેકાંત મતથી ભિન્ન કહ્યા ને માથે? વિનય, અજ્ઞાનવાદી, ક્રિયાવાદી, અક્રિયાવાદી. બધા કાંઈક કાંઈક પણ એકાંતમાં અટક્યા છે એમ કહે છે. કોઈપણ પ્રકારે રાગના અંશને અંતરમાં લાભદાયક માને છે. સમજ્યા? રાગના અંશને લાભદાયક માને છે. અનેકાંત ધર્મને નથી માનતા. અનેકાંત જ વીતરાગવિજ્ઞાનસ્વરૂપ આત્મા છે એમાં રાગ ક્યાં છે? છે જ નહિ, રાગ છે જ નહિ. એ અનેકાંત છે. આહાહા..!

'**વીતરાગ-વિજ્ઞાનસ્વરૂપ જિનધર્મ...** ' ભાષા. જિનધર્મની વ્યાખ્યા કરી. સાચી વાત છે. '**વીતરાગ-વિજ્ઞાનસ્વરૂપ જિનધર્મ...**' રાગરહિત જિનધર્મ છે ને? રાગરહિત.. શુભરાગથી પણ રહિત વીતરાગવિજ્ઞાન પોતાનું સ્વરૂપ જ ચૈતન્યનું વીતરાગવિજ્ઞાન છે. એ વીતરાગવિજ્ઞાનસ્વરૂપ એ જૈનધર્મ છે. આત્મા વીતરાગવિજ્ઞાનસ્વરૂપ છે. એની પર્યાયમાં—અવસ્થામાં વીતરાગવિજ્ઞાનપણું પરિણમન કરવું એ જૈનધર્મ. આહાહા..! જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી, કોઈ વાડો નથી, સંપ્રદાય નથી, વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! જેને રાગનો વિકલ્પ સૂક્ષ્મ પણ ચૈતન્યના મૂળ તત્ત્વને સ્પર્શતો નથી એવું એનું સ્વરૂપ છે. આહાહા..! ચાહે તો મહાવ્રતના પરિણામ હો, ભક્તિ આદિના પરિણામ હો, એ રાગ સ્વભાવને સ્પર્શતો જ નથી. એવી ચીજ છે ભિન્ન. એવો જે વીતરાગી વિજ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા એની સન્મુખ થઈને વીતરાગવિજ્ઞાન પ્રગટ કરવું. જુઓ! બીજું જ્ઞાન ઓછું-વત્તું હોય એની સાથે સંબંધ નથી. વીતરાગવિજ્ઞાન.. ભલે સમ્યગ્દર્શનમાં થોડું જ્ઞાન હોય તોપણ એને વીતરાગવિજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! ભગવાન આત્મા વીતરાગવિજ્ઞાનસ્વરૂપ (છે) એની સન્મુખ થઈને વીતરાગવિજ્ઞાનની

પર્યાય પ્રગટ કરવી એ જૈનધર્મ. આહાહા..!

**'અનેકાંત તત્ત્વસ્વરૂપ હૈ ઐસા વીતરાગ-વિજ્ઞાનસ્વરૂપ...'** ભાષા દેખીને? અનેકાંત તત્ત્વસ્વરૂપ અર્થાત્ આત્મા વીતરાગવિજ્ઞાનપિંડ અને રાગભાવ નહિ એવું અનેકાંત સ્વરૂપ. આહાહા..! ટીકા કરી છે ને! જેમાં અનેકાંત તત્ત્વસ્વરૂપ અર્થાત્ ભગવાન આત્મા અકષાય સ્વભાવનો વિજ્ઞાન પિંડ એમાં રાગનો અભાવ એ અનેકાંત છે. એ એનો સ્વભાવ જ અનેકાંત આત્માનો છે. વીતરાગવિજ્ઞાન પિંડ, રાગના ભાવથી રહિત. આહાહા..! **'અનેકાંત તત્ત્વસ્વરૂપ હૈ ઐસા વીતરાગ-વિજ્ઞાનસ્વરૂપ જિનધર્મ મિથ્યાત્વકો મિટાનેવાલા હૈ,... '** આહાહા..! ભગવાન આત્મા ત્રિકાળ અકષાયરૂપ વીતરાગભાવ અને જેનો વિજ્ઞાન પિંડ છે એવા સ્વરૂપની સન્મુખ થઈને અનેકાંત તત્ત્વસ્વરૂપ જૈનધર્મ એટલે કે વીતરાગવિજ્ઞાનપણું જેણે પ્રગટ કર્યું છે એને જૈનધર્મ કહીએ. આવી વાત છે. હવે અત્યારે લોકો આ વ્યવહારની ક્રિયા, રાગની ક્રિયા એનાથી લાભ મનાવે, કહે છે એ જૈનધર્મ જ નથી. આહાહા..!

જૈનધર્મ **'અનેકાંત તત્ત્વસ્વરૂપ હૈ ઐસા વીતરાગ-વિજ્ઞાનસ્વરૂપ...'** આહાહા..! **'જિનધર્મ મિથ્યાત્વકો મિટાનેવાલા હૈ,...'** એ તો ભ્રાંતિનો નાશ કરનાર છે. અર્થાત્ વીતરાગવિજ્ઞાનસ્વરૂપ અનેકાંત તત્ત્વ એવું ભાન થતાં એને મિથ્યાત્વ ભાવ રહેતો નથી. એ મિથ્યાત્વનો નાશ કરવાવાળો ધર્મ છે. એકાંત માન્યતા અને રાગથી લાભ એવી જે માન્યતા-મિથ્યાત્વ એનો તો નાશ કરવાવાળો સ્વભાવ છે. સૂક્ષ્મ વાત છે. બહુ સરસ વાત લીધી.

**'અભવ્યકા યહ સ્વભાવ હૈ કિ જિસમેં અનેકાંત તત્ત્વસ્વરૂપ હૈ ઐસા... '** આહાહા..! **'વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ જિનધર્મ મિથ્યાત્વકો મિટાનેવાલા હૈ, ઉસકા ભલેપ્રકાર સ્વરૂપ સુનકર...'** પાછું સાંભળ્યું એણે. આહાહા..! એનું **'ભલેપ્રકાર સ્વરૂપ સુનકર ભી જિસકા મિથ્યાત્વસ્વરૂપ ભાવ નહીં બદલતા હૈ...'** રાગની પ્રીતિના પ્રેમમાં પડ્યો અભવિ, એને વીતરાગસ્વરૂપ વિજ્ઞાનની કાને પડી વાત છતાં એ ફેરવતો નથી. આહાહા..! **'ઉસકા ભલેપ્રકાર સ્વરૂપ સુનકર...'** જેવું એનું સ્વરૂપ છે આત્માનું અને જૈનધર્મનું પર્યાયમાં જે સ્વરૂપ છે, રાગ રહિત વિજ્ઞાનઘનની પરિણતિ થવી એવું જૈનધર્મનું સ્વરૂપ એણે સાંભળ્યું. છતાં **'મિથ્યાત્વસ્વરૂપ ભાવ નહીં બદલતા હૈ...'** પુણ્ય ને રાગના પ્રેમની પ્રીતિ એ છોડતો નથી. આહાહા..! એ ધર્મ એટલે શુભભાવને જ ધર્મ માને છે. એ રાગ છે, એ જૈનધર્મ નથી. આહાહા..!

**'યહ વસ્તુસ્વરૂપ હૈ,...'** આહાહા..! એ પણ એક વસ્તુનો સ્વભાવ છે ઊલટો, કહે છે. આમ રાગની એકતામાં પડ્યો, એ રાગની એકતા તોડતો નથી એ રાગની એકતાવાળો એવો એનો સ્વભાવ છે. આહાહા..! જેમ આત્માનો વીતરાગવિજ્ઞાન અનેકાંત તત્ત્વસ્વરૂપ ધર્મ છે, એવો રાગથી ભિન્ન નહિ પડતા રાગની એકતામાં રહેવું એવો એકાંતરૂપ ધર્મ એ પણ એક અજ્ઞાનીનો સ્વભાવ છે એવો, કહે છે. પ્રકૃતિ કહેવી છે ને. પ્રકૃતિ કીધી હતી ને? **'ण मुयइ पयडि'** એમ છે ને? પ્રકૃતિને છોડતો નથી એટલે

કે આવો સ્વભાવ છોડતો નથી એમ. સમજાય છે કાંઈ? પ્રકૃતિકો છોડતે નહીં. ઉસકા અર્થ રાગકે પ્રેમકી પ્રીતિકા સ્વભાવ છોડતે નહીં. આહાહા..! એ પણ એક એનો સ્વભાવ છે એમ કહે છે. '**पयडि**' કીધી ને.

શ્રોતા :- અભવિનો.

ઉત્તર :- એ એક અભવિનો એ સ્વભાવ. એમ ભવિનો પણ એ પ્રકારે (સ્વભાવ છે). પ્રવચનસારમાં તો લીધું, જ્યાં સુધી આ પ્રકારે પ્રાપ્ત ન કરે અને બીજું રુચે એ પણ અભવિ છે. આહાહા..! ભગવાન આત્માનો સ્વભાવ શાંતરસ છે, શાંતરસ. અકષાયરસ સ્વભાવ આત્માનો શાંતરસ. એને એ શાંતરસની વાત કાને પડતા છતાં અશાંત એવો જે રાગ એનો પ્રેમ એ છોડતો નથી, એવો એની પ્રકૃતિનો સ્વભાવ છે. આહાહા..!

શ્રોતા :- છોડવા માગે છે.

ઉત્તર :- માગતો નથી છોડવા. એનો સ્વભાવ જ એવો થઈ ગયો છે. આહાહા..! છોડવા માગે એને તો છૂટ્યા વિના રહે જ નહિ. વાર લાગે થોડી. પણ આ તો એ રાગના પ્રેમમાં એને વીતરાગવિજ્ઞાન તત્ત્વ કાને પડ્યું છતાં રાગના પડખાને છોડતો નથી એમ કહે છે. એવો એનો પ્રકૃતિનો સ્વભાવ છે. આહાહા..!

'**યહ વસ્તુકા સ્વરૂપ હૈ,...**' એમ કહ્યું. એ પણ એક સ્વરૂપ છે, પ્રકૃતિ. એમ કહ્યું ને, પ્રકૃતિ એક સ્વરૂપ છે. રાગને છોડે નહિ અને વીતરાગવિજ્ઞાનને પ્રગટ કરે નહિ એવા રાગના પ્રેમવાળા રાગને પડખે ચડી ગયેલા એ પણ એક એનો સ્વભાવ છે કહે છે. આહાહા..! કહો, ચેતનજી! આહાહા..! વીતરાગવિજ્ઞાન અનેકાંત તત્ત્વસ્વરૂપ ચૈતન્યપ્રભુ એ તો વીતરાગભાવસ્વરૂપ છે અને રાગસ્વરૂપ નથી. એવું અનેકાંત તત્ત્વસ્વરૂપ વીતરાગવિજ્ઞાનસ્વરૂપ જૈનધર્મ... આહાહા..! એને કાને પડતાં છતાં આહાહા..! જેને, કહે છે શ્રવણ મળ્યું નથી એને તો શું કહેવું? એમ. જેને સાંભળવાને મળ્યું નથી એ તો શું? પણ જેને સાંભળવાને મળ્યું... આહાહા..! છતાં વીતરાગવિજ્ઞાન ભગવાન એવો જૈનધર્મ સ્વભાવ શુદ્ધ ઉપયોગ એને એ માનતો નથી. એને તો એ અશુદ્ધ ઉપયોગ રાગાદિ, બસ મંદતા બહુ થઈ જાય રાગની ઘણી મંદતા, બસ થઈ રહ્યું, એ ધર્મ છે. કારણ કે રાગ વિનાનો વીતરાગવિજ્ઞાન સ્વભાવ સાંભળ્યો, પણ જાણ્યો નથી અંદરમાં, એથી રાગને જ પોતાનું સ્વરૂપ માનીને પડ્યો છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! શબ્દ પણ જોવે એવા મૂક્યા છે ને. ઓલી પ્રકૃતિ શબ્દ છે ખરો ને.

'**ण मुयइ पयडि**' ન મૂકે સ્વભાવ અભવિ, એમ. છે ને પંડિતજી? ન છોડે સ્વભાવ અભવિ. ક્યો સ્વભાવ? રાગની એકતાબુદ્ધિની જે માન્યતા એ અભવિનો સ્વભાવ. આહાહા..! આનંદનો રસ ભગવાન આત્મા એને રુચે જ નહિ. આહાહા..! એને રાગની મંદતા એવો જે શુભરાગ... પ્રશસ્ત પ્રકૃતિ એમ કીધું. પ્રશસ્ત કીધો છે ને એને? એમ કહે છે શાસ્ત્રમાં. શુભરાગને પ્રશસ્ત કહ્યો છે ને. પ્રશસ્તનો પ્રેમ

થઈ ગયો છે એને. આહાહા..! દિશા બદલાવી શકતો નથી. જે દિશા રાગ ઉપર દિશા છે એને આમ સ્વભાવ ઉપર દિશા બદલાવી શકતો નથી. આહાહા..!

**'કિસીકા નહીં કિયા હુઆ હૈ.'** એમ કીધું છે. પ્રકૃતિ કીધી ને. રાગની એકતાબુદ્ધિનો સ્વભાવ માનેલો એ કોઈએ કરેલો નથી, એણે પોતે કરેલો છે. આહાહા..! **'યહાં, ઉપદેશ-અપેક્ષા ઈસપ્રકાર જાનના કિ જો અભવ્યરૂપ પ્રકૃતિ તો સર્વજ્ઞગમ્ય હૈ,...'** પ્રકૃતિ એટલે સ્વભાવ અભવિનો. **'તો ભી અભવ્યકી પ્રકૃતિકે સમાન અપની પ્રકૃતિ ન રખના,...'** આ સ્વભાવ. આહાહા..! **'મિથ્યાત્વકો છોડના...'** ઓહો..! ઊંડે ઊંડે રાગના પ્રેમને છોડવો અને વીતરાગ સ્વભાવનો પ્રેમ, પ્રીતિ ને જોડાણ કરવું એમ કહે છે. આ તો મૂળ વાત છે ને એટલે... આખો ધર્મ જ સમ્યગ્દર્શનથી ઉત્પન્ન થાય છે અને આખો અધર્મ જ મિથ્યાત્વથી ઉત્પન્ન થાય છે. આહાહા..!

વ્યવહાર રાગ છે એને ક્યાંક સાધન કહ્યું છે શાસ્ત્રમાં, તો ત્યાં વળગે છે એ. એ તો સ્વરૂપનું, આનંદનું સાધન સાધે છે વીતરાગભાવનું, એને આવો રાગની મંદતાનો આવો પ્રકાર એક હોય છે એમ કરીને વ્યવહાર સાધનનો આરોપ એને આપ્યો છે. સાધન-ફાધન રાગ છે નહિ. આહાહા..! જ્ઞાત-દૃષ્ટા જેનો વીતરાગ સ્વભાવ એવું જેણે અંતરનું સ્વભાવનું સાધન કર્યું છે એને ભૂમિકાના પ્રમાણમાં રાગની મંદતાની કેવી જાત હોય એને જણાવવા એ રાગને વ્યવહાર સાધન કહ્યું છે. (પણ) સાધન છે નહિ. આ તકરાર વાંધા લ્યો! આહાહા..! વ્યવહાર સાધન કહ્યું છે. નિશ્ચય સાધ્ય.

શ્રોતા :- ...

ઉત્તર :- વ્યવહારે... વ્યવહાર વળી શું એ? સાધન છે કે નહિ? આહાહા..! રાગની મંદતા એ તો અમૃતસ્વરૂપ ભગવાન, અનાકુળ આનંદસ્વરૂપ ભગવાનથી વિપરીત ભાવ (છે), એ અચેતનભાવ, રાગભાવ, જડભાવ, દુઃખભાવ, ઝેરભાવ (છે). આહાહા..! એનો જેને પ્રેમ છે એની પ્રકૃતિ અભવિ જેવી છે એમ કહે છે અહીં. અભવિ જૈસી પ્રકૃતિ ન રખના. એ ઉપદેશનો સાર છે. ભગવાન! તારું વીતરાગવિજ્ઞાનસ્વરૂપ પ્રભુ છે ને. રાગ વિનાનું વિજ્ઞાનસ્વરૂપ તારું છે. એ સ્વરૂપનો, રાગની એકતાબુદ્ધિ તોડીને એ સ્વરૂપનો અનુભવ કર. આહાહા..! ઝીણો માર્ગ બહુ ઝીણો એટલે માણસને.. સૂક્ષ્મ વાત વિકલ્પથી પકડાય નહિ, વાણીથી જણાય નહિ, શાસ્ત્ર ઈશારા કરે. ઈશારા પકડે ત્યારે એને ખબર પડે. 'શાસ્ત્ર ઈશારા કરી અળગા રહે...' આવે છે ને આનંદઘનજીમાં આવે છે. 'શાસ્ત્ર દિશા દેખાડી અળગા રહે.' અળગા શાસ્ત્ર—ભિન્ન રહે. જો અંદરમાં વીતરાગવિજ્ઞાન તત્ત્વ છે. મહાપ્રભુ વીતરાગ આનંદનું ધામ છે. એમાં રાગનો કણ નથી, દુઃખની ગંધ નથી. આહાહા..! એવી વાત સાંભળતા છતાં, કહે છે કે રાગનો પ્રેમ ન છોડે એ અભવિની પ્રકૃતિ જેવા છે. આહાહા..! પંડિતજી! વાત તો એવી છે. આહાહા..!

**'આગે ઈસી અર્થકો દૃઢ કરતે હૈં :—'**

मिच्छत्तछण्णदिट्ठी दुद्धीए दुम्मएहिं दोसेहिं।
धम्मं जिणपण्णत्तं अभव्यजीवो ण रोचेदि।।१३९।।

આહાહા..! આચાર્યની શૈલીની રચના! આહાહા..! '**मिच्छत्तछण्णदिट्ठी**' એમ. કર્મને લઈને ઢંકાઈ ગયેલો છે એમ નહિ. આહાહા..!

'**અર્થ :- દુર્મત જો સર્વથા એકાંત મત,...**' સર્વથા એકપક્ષી મત એ તો રાગને પોષનારો મત. '**ઉનસે પ્રરૂપિત અન્યમત, વે હી હુએ દોષ ઉનકે દ્વારા અપની દુર્બુદ્ધિસે (મિથ્યાત્વસે) આચ્છાદિત હૈ...**' જોયું! પોતાની દુર્બુદ્ધિથી ઢંકાઈ ગયેલો છે, કર્મને લઈને નહિ. આહાહા..! '**मिच्छत्तछण्ण**' વિપરીત બુદ્ધિ. રાગના વિકલ્પની એકત્વબુદ્ધિ એનાથી એ ઢંકાઈ ગયો છે ઈ. આહાહા..! પર્યાયમાં પર્યાયબુદ્ધિવાળો, રાગની એકતાબુદ્ધિથી પકડાઈ ગયો છે. એ '**मिच्छत्तछण्ण**' મિથ્યાત્વથી ઢંકાઈ ગયો છે, કર્મથી નહિ. કર્મ તો જડ પર (છે). આહાહા..!

'**અપની દુર્બુદ્ધિસે આચ્છાદિત હૈ...**' લ્યો! '**दुद्धीए**' છે ને? '**दुद्धीए**' દુર્બુદ્ધિ '**दुम्मएहिं**' દુર્મત-અન્યમત એમ. એકાંત મત. દુર્બુદ્ધિ અને દુર્મત એ દોષ છે એનો. આહાહા..! '**मिच्छत्तछण्णदिट्ठी**' મિથ્યાત્વના ભાવથી ઢંકાયેલ છે કેમ? કે '**दुद्धीए**' બુદ્ધિ ઊંધી. આહાહા..! ભગવાન રાગરહિત અનેકાંતસ્વરૂપી પ્રભુ એની બુદ્ધિમાં ન બેસતા, રાગસહિત એવો એકાંત મત જેનો છે. આહાહા..! એવા દુર્બુદ્ધિ '**ઐસા અભવ્યજીવ હૈ...**' આહાહા..! આ તો દૃષ્ટાંત આપ્યો છે અભવિનો હોં! આહાહા..! અરે..! આનંદનો નાથ એણે પોતાની દુર્બુદ્ધિથી ઢાંકી દીધો એમ કહે છે. છતી વસ્તુ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્મા, વીતરાગ વિજ્ઞાનઘન એને દુર્બુદ્ધિએ, મિથ્યાશ્રદ્ધાએ, રાગની એકત્વબુદ્ધિએ ઢાંકી દીધો છે. આહાહા..! આ મોટું પાપ કર્યું કહે છે. પછી ભલે દયા પાળે ને વ્રત કરે ને તપસ્યા કરે. આહાહા..! કેટલા શબ્દ વાપર્યા જુઓને! '**मिच्छत्तछण्णदिट्ठी दुद्धीए दुम्मएहिं दोसेहिं**' એમ. દુર્બુદ્ધિ, દુર્મત એટલે એકાંત મત. એવા દોષ વડે '**मिच्छत्तछण्ण**' મિથ્યાત્વભાવના દોષ વડે ઢંકાઈ ગયો છે. એને ધારણા ખોલવાની ખબર નથી. આહાહા..!

'**દુર્મત જો સર્વથા એકાંત મત,...**' ત્યાંથી કાઢ્યું. '**दुम्मएहिं**' છે ને? એમાંથી એ કાઢ્યું. દુર્મત-સર્વથા એકાંતી મત '**ઉનસે પ્રરૂપિત અન્યમત,...**' એમ. '**વે હી હુએ દોષ ઉનકે દ્વારા અપની દુર્બુદ્ધિસે (મિથ્યાત્વસે) આચ્છાદિત હૈ બુદ્ધિ જિનકી, ઐસા અભવ્યજીવ હૈ ઉસે જિનપ્રણીત ધર્મ નહીં રુચતા હૈ,...**' આહાહા..! જિનપ્રણીત એટલે અનેકાંતસ્વરૂપ વીતરાગવિજ્ઞાનસ્વરૂપ એવો જે જૈનધર્મ ન રુચે. આહાહા..! ચોર્યાસીમાં અવતરવાના ખેલ ખેલ્યા એણે. આહાહા..! રાગના રસના પ્રેમમાં જૈનધર્મ એને સાંભળવા મળ્યો છતાં એ પલટતો નથી. આહાહા..! જિનપ્રણીત ધર્મ વીતરાગવિજ્ઞાનધર્મ. રાગ, પુણ્યના વ્યવહાર સાધનથી રહિત સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ વીતરાગ પર્યાય એવો જે જૈનધર્મ. આહાહા..! '**નહીં રુચતા હૈ,...**' એને એ પોસાતું

નથી. પોસાતું નથીને શું કહે છે હિન્દી? જચતા નહીં, પુસાતા નહીં. આહાહા..! આ માલ પોસાતો નથી માલ. ત્યાં માલ લેવા જાય છે કે નહિ? તો ચાર રૂપિયાનું મણ હોય અને અહીં મળતા હોય સાડા ત્રણ ઊપજે તો એ માલ ન પોસાય. સાડા ચારે લાવવો, આઠ આના ભાડાના ખર્ચવાના અને અહીં ઊપજે સાડા ત્રણ. એ માલ પોસાય? ન પોસાય. ભાઈ, સાડા ત્રણે મળે અને અડધા રૂપિયા ભાડાના, અહીં સાડા ચાર મળે તો માલ પોસાય. બરાબર છે લાવો. આહાહા..! એમ રાગ વિનાનો પ્રભુ આત્મા, પરની અપેક્ષા વિનાનો ધર્મ એ અજ્ઞાનીને પોસાતો નથી. એને કાંઈક અપેક્ષા જોઈએ છે. આહાહા..! એમ કહે છે મૂળ હોં!

मिच्छत्तछण्णदिट्ठी दुद्धीए दुम्मएहिं दोसेहिं।
धम्मं जिणपण्णत्तं अभव्यजीवो ण रोचेदि।।१३९।।

આહાહા..! જે એના સ્વભાવમાં નથી એવા વિભાવના પડખેથી ખસવું નથી અને વિભાવના પોષણમાં પડ્યો. આહાહા..! નિરપેક્ષ રાગ વિનાનો ધર્મ જૈનધર્મ છે. આહાહા..! વીતરાગવિજ્ઞાનસ્વરૂપ એ શબ્દ વાપર્યો બહુ સારો. ભાઈએ જ રાખ્યું છે નામ. હુકમચંદજી, જયપુર. વીતરાગવિજ્ઞાન પાઠશાળા એવું નામ રાખ્યું છે. સેંકડો પાઠશાળાઓ બનાવી છે અને બહુ પ્રચાર ઘણો કરે છે. હુકમચંદજી ઘણો પ્રચાર કરે છે. એક આદમી સારા નીકળ્યા છે. પંડિતમાં હુકમચંદજી ઘણાં સારા છે. માર્ગ તો આવો છે, ભાઈ! આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- એ તો વાંચે છે. આહાહા..!

કેટલા શબ્દો વાપર્યા આચાર્યે? 'मिच्छत्तछण्णदिट्ठी दुद्धीए दुम्मएहिं दोसेहिं।' આહાહા..! આ દોષ છે. ભગવાન આત્મા અંદર વીતરાગવિજ્ઞાન રસસ્વરૂપ. અતીન્દ્રિય આનંદસ્વરૂપ કહો, જ્ઞાનસ્વરૂપ કહો, વીતરાગવિજ્ઞાનસ્વરૂપ કહો, એકલો જ્ઞાન ને આનંદનો રસસ્વરૂપ પ્રભુ છે. આહાહા..! એને અનુભવવા માટે કોઈ રાગ ને નિમિત્ત ને પરની અપેક્ષા છે નહિ. આહાહા..! એ અજ્ઞાનીને પરની અપેક્ષા વિના આ ન સમજાય, ન બેસે એ વાત ખસતી નથી કહે છે. આહાહા..! કુંદકુંદાચાર્યે ગજબ કામ કર્યું છે! આહોહો..! 'ન હુએ ન હોંએંગે કુંદકુંદસે' આવે છે ને એ વૃંદાવનદાસમાં? કુંદકુંદાચાર્ય જેવા ન થયા તો બીજા આચાર્યોનું બલીદાન કર્યું? કહ્યું હતું ઈ. કાંઈ ઠેકાણા ન મળે. વૃંદાવન તો એમ કહે છે, આવા કુંદકુંદાચાર્ય થયા એવા બીજા નહિ થાય. એ તો એના માટેની મહત્તા છે. અને એ કહ્યું દર્શનસાર. ન હુએ, ન હોંગે ત્રણે લીધું. છે નહિ, થયા નહિ અને થશે નહિ. હુઆ નહીં, છે નહિ અને થશે નહિ. એ તો બહુ માને. એમાં કાંઈ બીજા આચાર્યનો અનાદર છે એમ નથી.

અને આ દર્શનસારમાં કહ્યું છે. દેવચંદજીનું દર્શનસાર છે .. ગાથા છે. એમાં ગાથા લખી છે. હે કુંદકુંદાચાર્ય! આપ ભગવાન પાસે જઈને જો આ માલ ન લાવ્યા હોત તો અમે મુનિઓ ધર્મ કેમ પામત?

છે ને? લાવો ને જરી. જુઓ છે ને દર્શનસાર. એવો પાઠ છે હોં. દેવચંદજીનું બનાવેલું છે.

શ્રોતા :- સમયસાર છે?

ઉત્તર :- આમાં છે? આમાંથી લીધું છે હોં. દર્શનસાર. દેવચંદજીએ બનાવ્યું છે.

**जइ पउमणंदिणाहो सीमन्धरसामिदिव्वणाणेण।**
**ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।**

મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદીનાથે-કુંદકુંદાચાર્ય દેવે બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?

શ્રોતા :- આચાર્ય કહે છે.

ઉત્તર :- આચાર્ય પોતે કહે છે દેવચંદજી. આહાહા..! તો ત્યાં બીજા આચાર્યનું બલિદાન થયું એમાં? એની તો ઉત્કૃષ્ટતા બતાવે છે. ઓહોહો..! સાક્ષાત્ ભગવાન પાસે, સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે એની પાસે ગયા અને આ બોધ લાવ્યા અને અમને જો આ ન મળત તો અમે મુનિઓ કેમ બોધ પામત? દેવસેન આચાર્ય પોતે કહે છે. લોકોને પોતાની કલ્પનાએ કલ્પના દોડાવીને કંઈક ને કંઈક કરવું છે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- એના કથનો આકરા ને (એટલે) રુચતો નથી. આહાહા..! આવું છે જુઓ!

**जइ पउमणंदिणाहो सीमन्धरसामिदिव्वणाणेण।**
**ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।**

અમે સાચા માર્ગને કેમ પામત? તો બીજા આચાર્યોને કાઢીને આને એકને રાખ્યા. આહાહા..!

**'બુદ્ધિ જિસકી, ઐસા અભવ્યજીવ હૈ ઉસે જિનપ્રણીત ધર્મ નહીં રુચતા હૈ,...'** જિનપ્રણીત એટલે વીતરાગનો કહેલો વીતરાગભાવ. એ તો વીતરાગભાવ કહે છે ને. જૈનધર્મ વીતરાગભાવ છે. આત્મા વીતરાગ જિનસ્વરૂપ છે. 'જિન સો હી આત્મા.' 'જિન સો હી આત્મા અન્ય સો હી કર્મ, યહી વચનસે સમજ લે જિનવચનકા મર્મ.' આહાહા..! આમાં પક્ષની ક્યાં વાત છે? ...તો વીતરાગદશા ઔર સર્વજ્ઞદશા પ્રગટ હોતી હૈ વહ કહાં સે આતી હૈ? એનો સ્વભાવ જ વીતરાગવિજ્ઞાન છે. આહાહા..!

જ્યાં સમ્યક્ ભાન થયું, ધર્મીને બધા ઈન્દ્ર-ઈન્દ્રાણી અને આખા લોકમાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે. એનું નામ વીતરાગધર્મ છે. ઈન્દ્રના ઈન્દ્રાસનમાં પણ સુખબુદ્ધિ ઊડી જાય છે. આહાહા..! ચક્રવર્તીના રાજ. કેવા કહેવાય? જુગલિયા. જુગલિયા હોય છે ને? ભોગભૂમિ. ત્રણ-ત્રણ પલ્યોપમનું આયુષ્ય, ત્રણ ગાઉ ઊંચા. એના કલ્પવૃક્ષના ફળ. પણ એ બધા સુખો, ધર્મ એવો ભગવાન આત્માનું ભાન થતાં એ બધામાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે. ભલે પડ્યો હોય હજી ચક્રવર્તીના રાજમાં, ઈન્દ્રના

ઈન્દ્રાસનમાં. આહાહા..! આવો વીતરાગ ધર્મ જેને અંતર રુચ્યો એને પરના રાગની રુચિના ભાવ ખસી જાય છે. રાગ રહે ખરો પણ રુચિ નહિ. આહાહા..! આ તો એકલો વ્યવહાર ક્રિયાકાંડમાં ધર્મ મનાવવો અને એનાથી ધર્મ માને એ જૈનધર્મથી વિરુદ્ધ છે આખું. એય..! પંડિતજી! આવી વાત છે પણ ..

'**જિનપ્રણીત ધર્મ નહીં રુચતા હૈ,...**' વીતરાગવિજ્ઞાન. પરમાત્માએ તો વીતરાગ સ્વરૂપ ધર્મ બતાવ્યો છે, વીતરાગભાવ બતાવ્યો છે. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય પણ વીતરાગ છે. પંચાસ્તિકાયમાં આવે છે. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય શું છે? કે વીતરાગતા છે. ચારેય અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગતાનો અર્થ? નિમિત્ત, રાગ અને પર્યાયથી ખસીને સ્વભાવ સન્મુખ થવું એ વીતરાગતા છે. આહાહા..! અરે..! ભગવાન! કહે છે, આવું બહાર આવ્યું તોપણ એનો વિરોધ કરે, રસ ન આવે. અરે..! ભાઈ! આ તને નથી શોભતું. આ તો પ્રકૃતિ અભવિ જેવી એમ કહે છે. આહાહા..!

શ્રોતા :- એનું એક ચિહ્ન છે.

ઉત્તર :- ચિહ્ન છે એ તો બતાવે છે, લક્ષણ છે. આમ સીધું ન દેખે, પણ આ જાતના લક્ષણ છે એ અભવિ જેવા છે.

'**મિથ્યાત્વકે ઉપદેશસે અપની દુર્બુદ્ધિ દ્વારા...**' ઉપદેશ ભલે મિથ્યાત્વનો હોય પણ દુર્બુદ્ધિ પોતાની એમ કહે છે. '**જિસકે મિથ્યાદષ્ટિ હૈ...** ' આહાહા..! '**ઉસકો જિનધર્મ નહીં રુચતા હૈ,...**' આહાહા..! રાગથી ધર્મ મનાવવો એ મિથ્યાત્વનો ઉપદેશ, એને '**અપની દુર્બુદ્ધિ દ્વારા...**' અને જેને એ વાત રુચિ ગઈ (કે) બરાબર છે. રાગથી ... પ્રશસ્ત રાગ છે, શુભરાગ છે.

શ્રોતા :- .. કેટલો લાભ થાય! મનુષ્યપણું મળે, ગુરુઓ મળે.

ઉત્તર :- મળે એમાં શું ધૂળ થઈ એમાં? બહાર મળે એમાં શું થયું? એનું લક્ષ કરે ત્યાં સુધી રાગ થાય. આ વીતરાગની વાણી મળે એ શુભભાવથી. તો વાણી ઉપર લક્ષ જાય તો રાગ થાય. આહાહા..! એવો માર્ગ છે, ભાઈ!

'**ઉસકો જૈનધર્મ નહીં રુચતા હૈ, તબ જ્ઞાત હોતા હૈ કિ યે અભવ્યજીવકે ભાવ હૈં.** ' આહાહા..! '**યથાર્થ અભવ્યજીવકો તો સર્વજ્ઞ જાનતે હૈં, પરંતુ યે અભવ્ય જીવકે ચિહ્ન હૈં,...**' ચિહ્ન, એંધાણ, લક્ષણ. આહાહા..! '**ઈનસે પરીક્ષા દ્વારા જાના જાતા હૈ.**' લ્યો! આ પરીક્ષા ઠીક! રાગનો પ્રેમ જતો નથી અને રાગરહિત સ્વભાવ સાંભળે છતાં રુચતો નથી, એ અભવિના લક્ષણ છે કહે છે.

'**આગે કહતે હૈં કિ ઐસે મિથ્યાત્વકે નિમિત્તસે દુર્ગતિકા પાત્ર હોતા હૈ :—**' આહાહા..!

**कुच्छियधम्मम्मि रओ कुच्छियपासंडिभत्तिसंजुत्तो।**
**कुच्छियतवं कुणंतो कुच्छियगइभायणो होइ।।१४०।।**

'**અર્થ :- આચાર્ય કહતે હૈં કિ જો કુત્સિત (નિંદ્ય) મિથ્યાત્વધર્મમેં રત (લીન) હૈ...** '

રાગમાં ધર્મ માનનારો, એકાંતમાં માનનારો એ કુત્સિત ધર્મ છે, નિંદ્ય ધર્મ છે. આહાહા..! '**મિથ્યાત્વધર્મમેં રત (લીન) હૈ જો પાખંડી નિંદ્યભેષિયોંકી ભક્તિસંયુક્ત હૈ,...**' અને એ અજ્ઞાન ધર્મમાં, રાગમાં ધર્મ મનાવનારા અને એકાંતમાં ધર્મ મનાવનારાની ભક્તિ કરે છે એ. આહાહા..! ભારે માર્ગ ભાઈ! જે અજ્ઞાન અને રાગમાં ધર્મ માનીને પડ્યો છે અને રાગમાં ધર્મ અને એકાંતમાં ધર્મ મનાવનારા એની ભક્તિસહિત છે એમ કહે છે. ભક્તિ ત્યાં ગઈ એની. આહાહા..! '**कुच्छियतवं**' મિથ્યાત્વસહિત. આહાહા..! '**જો નિંદ્ય મિથ્યાત્વધર્મ પાલતા હૈ, મિથ્યાદષ્ટિયોંકી ભક્તિ કરતા હૈ...**' એમ. જે નિંદ્ય મિથ્યાત્વધર્મ પાળે છે. એકાંત... એકાંતની વ્યાખ્યામાં આ વાંધો આવે છે. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય છે એનું નામ અનેકાંત.—એમ નથી.

શ્રોતા :- એનાથી થાય અને બીજાથી ન થાય.

ઉત્તર :- નિશ્ચયથી થાય છે અને વ્યવહારથી થતું નથી એનું નામ અનેકાંત છે. આહાહા..! પોતાથી પોતાની પર્યાય થાય છે, પરથી થતી નથી એ અનેકાંત છે. સ્વચતુષ્ટય છે ને એ? પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. પરનો કાળ કહો કે પર કહો કે નિમિત્ત કહો, એનાથી નથી. પરથી પણ થાય અને પોતાથી થાય એ અનેકાંત એમ છે નહિ. આહાહા..! ભારે વ્યાખ્યા, આખો મોટો ફેર. એવી વાત એક તો એને રુચી છે કહે છે અને એવા બતાવનારાની એ ભક્તિ કરે છે. બરાબર, તમારી વાત સાચી જાવ. ઓહોહો..! એમ કહે છે.

'**નિંદ્ય મિથ્યાત્વધર્મ પાલતા હૈ,...**' અને નિંદ્ય પાખંડી ભેખીઓની ભક્તિસંયુક્ત છે. આહાહા..! '**નિંદ્ય મિથ્યાત્વધર્મ પાલતા હૈ,...**' એનો અર્થ કર્યો. અને '**મિથ્યાદષ્ટિયોંકી ભક્તિ કરતા હૈ...**' આહાહા..! બધા ધર્મ સરખા એ નિંદ્યધર્મ માને છે. બધા ધર્મ સરખા છે સમન્વય. એમ છે નહિ. આત્મધર્મ એક જ આ ધર્મ છે. બીજા કહેનારા બધા ધર્મ વિપરીત છે. આહાહા..! '**નિંદ્ય મિથ્યાત્વધર્મ પાલતા હૈ, મિથ્યાદષ્ટિયોંકી ભક્તિ કરતા હૈ ઔર મિથ્યા અજ્ઞાનતપ કરતા હૈ,...** ' એમ. અપવાસ કરે ઘણાં ઘણાં, કરે ... લે. એમાં શું, દૃષ્ટિ મિથ્યા છે. એ બધા કુતપ છે. આહાહા..! '**વહ દુર્ગતિ હી પાતા હૈ,...**' આહાહા..! '**ઈસલિયે મિથ્યાત્વ છોડના,...**' પરમાં એકત્વ બુદ્ધિ છે અને એનાથી લાભ માને છે એ બુદ્ધિ છોડવી. વીતરાગવિજ્ઞાન સ્વભાવ આત્મા એનાથી લાભ થાય છે, રાગથી, નિમિત્તથી લાભ થતો નથી. (ઊંધી) માન્યતા હોય તો છોડજે એમ કહે છે. '**ઈસલિયે મિથ્યાત્વ છોડના, યહ ઉપદેશ હૈ.** ' આહાહા..!

'**આગે ઈસ હી અર્થકો દઢ કરતે હુએ કહતે હૈં કિ ઐસે મિથ્યાત્વકે મોહિત જીવ...**' એવી મિથ્યાશ્રદ્ધામાં મોહિત જીવ. ઓહોહો..! '**સંસારમેં ભ્રમણ કરતા હૈ :—**' અરેરે..! ચોર્યાસીના અવતારમાં અવતરે છે આવી મિથ્યા શ્રદ્ધા દ્વારા. જે અવતાર વિનાની ચીજ છે એટલે કે રાગ ને વિકલ્પ વિનાની ચીજ છે પ્રભુ, એ ચીજને ન જાણતાં... એ વીતરાગ માર્ગ છે, પણ રાગાદિ, પુણ્યાદિ, પરમાં

માનીને પોતાનું સ્વરૂપ માન્યું અને જે બેઠો નિંદ્યધર્મમાં અને નિંદ્યધર્મની ભક્તિ કરે છે અને એવા દષ્ટિ સહિત તપ કરે છે અજ્ઞાનમાં એની દુર્ગતિ છે કહે છે. આહાહા..! એનું ભવિષ્ય બગડી જશે. આહાહા..! એવામાં મોહિત છે. એમાં સાવધાન છે એમ કહે છે. આહાહા..! એ ચાર ગતિમાં ભ્રમણ કરશે. વિશેષ ગાથા લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૭, બુધવાર તા. ૧૨-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૪૧ થી ૧૪૪, પ્રવચન - ૧૭૨**

'**આગે ઈસ હી અર્થકો દઢ કરતે હુએ કહતે હૈં કિ ઐસે મિથ્યાત્વસે મોહિત જીવ સંસારમેં ભ્રમણ કરતા હૈ :—**'

इय मिच्छत्तावासे कुणयकुसत्थेहिं मोहिओ जीवो।
भमिओ अणाइकालं संसारे धीर चिंतेहि।।१४१।।

... મિથ્યાદષ્ટિનો સંસાર. એમાં '**કુનય સર્વથા એકાંત ઉન સહિત કુશાસ્ત્ર,...**' એકાંત નયથી અને એના બનેલા પુરુષાર્થથી '**ઉનસે મોહિત** (બેહોશ)...' લ્યો! સર્વજ્ઞ પરમેશ્વરે જે જીવ સ્વભાવ આદિ જડ સ્વભાવ કહ્યો એનાથી ઊલટા કહેનારા અજ્ઞાનીઓના કુનય અને કુશાસ્ત્રમાં મોહિત થયેલા જીવ. '**યહ જીવ અનાદિકાલસે લગાકર સંસારમેં ભ્રમણ કર રહા હૈ,...**' આખા અષ્ટપાહુડમાં સમ્યગ્દર્શનનું જોર વધારે છે. દર્શનપાહુડ .. સમ્યગ્દર્શન. ... આખા આઠેય પાહુડમાં સમ્યગ્દર્શન ... એ અનંત કાળમાં પામ્યો નથી, જાણ્યું નથી, અનુભવ્યું નથી. એ સમ્યગ્દર્શન વિના કુશાસ્ત્ર ને કુક્રિયા, એમાં કુશાસ્ત્ર, એમાં મોહિત થયેલો જીવ અનાદિ કાળથી ભ્રમણ કરે છે. પોતાનો આનંદ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એ મહાપ્રભુ ચૈતન્ય ધ્રુવથી ભરેલો પ્રભુ છે. એના આશ્રય વિના, એના અવલંબન-ધ્રુવ તત્ત્વના અવલંબન વિના આવા કુશાસ્ત્રથી મોહિત છે એ જીવ પરિભ્રમણ કરે છે. આહાહા..!

'**ઐસે હે ધીર મુને!**' સંબોધન કરે છે. હે ધીર! '**चिंतेहि**' એનું ચિંતવન કર. તારો પરમાત્મસ્વભાવ શુદ્ધ ધ્રુવના આશ્રય વિના આવા અનેક પાખંડીઓના મતમાં પડ્યો સંસારમાં ભ્રમણ કરી રહ્યો છે એમ કહે છે. .. અહીં કહે છે ને. કીધું ને. કુશાસ્ત્ર કહ્યું. ... આદિ શાસ્ત્ર. પાખંડી જૈનના સાધુને કહ્યા છે.

સમયસારની પાછલી ગાથાઓ છે ને. .. ગાથા. મિથ્યાત્વનો નાશ કરનારા છે. એવા સાધુને પાખંડી કહ્યા છે. .. આવે છે? સમયસાર .. ગાથા. પાખંડી. એક લિંગી. પાખંડી .. આવે છે ને. પુણ્ય ને પાપના ભાવને ખંડનારા અને સ્વરૂપનું આરાધન કરનારા એને અહીંયાં પાખંડી સાધુ, ... સાધુ. આ ઊંધો. એકાંત કુનયને સાધનારા, કુનય .. કુશાસ્ત્ર બનાવેલા એમાં જે મોહિત છે એ પાખંડી-અજ્ઞાની છે.

એટલે હે ધીર! મુનિઓએ ધીર તરીકે સંબોધન કર્યું છે. પહેલા આવી ગયું છે. ધી... બુદ્ધિ ધ્યેય પ્રત્યે પ્રેરે તે ધીર કહીએ. ધ્યેય ધ્રુવ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, એમાં ધી નામ વર્તમાન બુદ્ધિ, ત્રિકાળ ધ્રુવ પ્રત્યે, ધ્યેય પ્રત્યે પ્રેરે... આહાહા..! એને ધીર કહેવામાં આવે છે. સમજાય છે? ધી છે ને ધી? ધીર ને ધી શબ્દ પડ્યો છે. ધી નામ બુદ્ધિ, ર નામ પ્રેરણા. ધી નામ બુદ્ધિ વર્તમાન અને ધ્યેય ધ્રુવ. ધ્રુવ ત્રિકાળ જ્ઞાયકભાવ પૂર્ણાનંદસ્વરૂપ એ તરફમાં ધીને પ્રેરે, ધ્યેય પ્રત્યે ધીને પ્રેરે તેને ધીર કહે છે. આહાહા..! **'ઐસે હે ધીર મુને! તૂ વિચાર કર.'**

**'ભાવાર્થ :- આચાર્ય કહતે હૈં...'** પાખંડી. આ ૧૪૨ને પાખંડી કહ્યા છે. પાષંડી. મૂળ તો વસ્તુની ખબર નહિ એટલે. એમ કે મિથ્યાદૃષ્ટિને બધા મિથ્યાત્વી જ ભાસે અને સમ્યગ્દૃષ્ટિને બધા સમકિતી ભાસે છે. ... અને સાંભળનારા પણ પાછા હોંશ કરે છે વાહ! વાહ! બહુ સરસ. અહીં તો કુંદકુંદાચાર્ય કહે છે. પહેલા ન આવ્યું? નીચેથી તો ઉપાડ્યું છે ૧૩૯થી. '**मिच्छत्तछण्णदिट्ठी दुद्धीए दुम्मएहिं दोसेहिं।**' આહાહા..! મિથ્યાત્વના-વિપરીત શ્રદ્ધાના દોષથી ઢંકાયેલો આત્મા, દુર્બુદ્ધિ '**दुम्मएहिं दोसेहिं**' જુઓ! આટલી તો વ્યાખ્યા અજ્ઞાનમાં .. '**कुच्छियधम्मम्मि रओ कुच्छियपासंडिभत्तिसंजुत्तो।**' આચાર્યે કહ્યું ને? ૪૦માં. પાખંડીના .. અજ્ઞાનીના કહેલા તત્ત્વો, એના કહેલા શાસ્ત્રોમાં મોહિત જીવ, સર્વજ્ઞ પરમેશ્વરે સર્વજ્ઞસ્વભાવી આત્મા કહ્યો એના સન્મુખની દૃષ્ટિ નહિ અને અજ્ઞાનીના કહેલા શાસ્ત્રમાં કુત્સિત ધર્મમાં જેની દૃષ્ટિ એ કુગઈનું ભાજન થશે કહે છે. એ કુગતિનું ભાજન, નરક અને નિગોદનું ભાજન થશે. આહાહા..! અને એમ લાગ્યું કે ને કુંદકુંદાચાર્યને? આવા કુગતિમાં જાશે. બધાને એવું ન લાગ્યું? પોતે મિથ્યાદૃષ્ટિ માટે આ બધા મિથ્યાદૃષ્ટિ. સિદ્ધાંત કર્યો છે.

૧૪૧ ભાવાર્થ. **'આચાર્ય કહતે હૈં કિ પૂર્વોક્ત તીન સૌ ત્રેસઠ કુવાદિયોંસે... '** એકાંત મતના માનવાવાળા. વિનયથી મુક્તિ થાય. એની આપણને ખબર ન પડે ભાઈ! આ સમ્યગ્દર્શન શું જીવ ...? એ બધા અજ્ઞાનવાદી છે. આહાહા..! કેવળી હશે કે નહિ ખબર ન પડે. ધર્માત્મા સંતો સમકિતી હશે કે નહિ ખબર ન પડે. એ બધા અજ્ઞાનવાદીઓ છે. આહાહા..! અને ક્રિયાથી જ મુક્તિ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિથી એ ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ. અને અક્રિયાવાદી, આત્મામાં શુદ્ધ પરિણમન જ નથી, આત્મા ત્રિકાળ ધ્રુવમાં શુદ્ધ પરિણમનની ક્રિયા જ નથી (એમ માનનારા) અક્રિયાવાદી. પર્યાયનું .. થવું, ત્રિકાળના અવલંબે ધ્રુવ અક્રિય વસ્તુ છે એમાંથી પરિણમન થવું એ પણ

રાગની ક્રિયા વિનાનું છે, પણ શુદ્ધ પરિણતિની ક્રિયા છે. રાગથી નિવૃત્તિરૂપ, પણ શુદ્ધની પરિણતિરૂપ છે, પ્રવૃત્તિરૂપ છે. એવો જીવનો શુદ્ધ પરિણતિનો સ્વભાવ છે. એને ન માને એ બધા અક્રિયાવાદી છે. આહાહા..!

**'પૂર્વોક્ત તીન સૌ ત્રેસઠ કુવાદિયોંસે...'** લ્યો, આને કુવાદી કહ્યા કુંદકુંદાચાર્યે. પોતે કુવાદી હશે માટે કુવાદી કહ્યા બધાને? આહાહા..! પ્રવચનસારમાં તો અમૃતચંદ્રાચાર્ય (કહે છે), જેને સંસારનો કાંઠો નજીક થઈ ગયો છે, અંત આવવાનો છેડો છે કુંદકુંદાચાર્યનો. એકાંત નયનો પક્ષપાત જેણે છેદી નાખ્યો છે. આહાહા..! અનેકાંત વિદ્યાને જેણે સિદ્ધ કરી છે. આહાહા..! છે ને પ્રવચનસારમાં? અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્ય માટે કહે છે. 'સંસાર સમુદ્રનો કિનારો જેમને નિકટ છે.' અમૃતચંદ્રાચાર્ય. સંસ્કૃતમાં છે. '**अथ खलु कश्चिदासन्नसंसारपारावारपारः**' સંસ્કૃત છે. અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય પછી હજાર વર્ષે થયા. એ કુંદકુંદાચાર્યનું વર્ણન કરે છે. છદ્મસ્થ પરને જાણનારો છે એમ કહે છે. આહાહા..! સંસાર સમુદ્રનો કિનારો જેમને નિકટ છે. એકાદ ભવ બાકી છે હવે, કહે છે.

શ્રોતા :- ...

ઉત્તર :- ...

**'એવા કોઈ (આસન્નભવ્ય મહાત્મા--શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ), સાતિશય (ઉત્તમ) વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે...'** લ્યો, પંચ મહાવ્રતધારી અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ એમ કહે છે કે ઉત્તમ વિવેક જ્યોતિ જેમને પ્રગટ થઈ છે. રાગથી ભિન્ન વિવેક પ્રગટ્યો છે જેને. આહાહા..! ભેદજ્ઞાન જેને થયું છે. જુઓ, એક મુનિ બીજા મુનિની પરીક્ષા કરીને કહે છે. **'(પરમ ભેદવિજ્ઞાનનો પ્રકાશ જેને ઉત્પન્ન થયો છે) અને સમસ્ત એકાંતવાદરૂપ અવિદ્યાનો અભિનિવેષ જેમને અસ્ત થયો છે...'** આથમી ગયો છે. આહાહા..! અભિપ્રાય, નિશ્ચય, આગ્રહ ખોટો. **'એવા, પારમેશ્વરી (પરમેશ્વર જિનભગવાનની) અનેકાંતવાદવિદ્યાને પામીને... '** આહાહા..! સ્વરૂપ અમૃતમય છે, રાગમય નથી. શાંતમય છે, અશાંતપણે નથી. પવિત્ર છે, અપવિત્રપણે નથી. એવો જે અનેકાંતવાદ વસ્તુનું સ્વરૂપ એવી વિદ્યાને પામ્યા છે.

**'સમસ્ત પક્ષનો પરિગ્રહ (શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત) છોડ્યો... '** છે. કુંદકુંદાચાર્ય માટે કહે છે અમૃતચંદ્રાચાર્ય. આ પ્રવચનસાર. **'અત્યંત મધ્યસ્થ થઈને, સર્વ પુરુષાર્થમાં સારભૂત હોવાથી જે આત્માને અત્યંત હિતતમ છે.'** આહાહા..! **'એવી, ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઊપજવાયોગ્ય પરમાર્થ સત્ય (પરામાર્થિક રીતે સાચી), અક્ષય (અવિનાશી) મોક્ષલક્ષ્મીને ઉપાદેયપણે નક્કી કરતા થકા...'** પૂર્ણાનંદને પૂર્ણપદને એને ઉપાદેયપણે અંગીકાર કરતા થકા. આહાહા..! **'પ્રવર્તમાન તીર્થના નાયક (શ્રી મહાવીરસ્વામી) પૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીને પ્રણમન અને વંદનથી થતા નમસ્કાર વડે સંભાવીને (સન્માનીને) સર્વ**

**આરંભથી (ઉદ્યમથી) મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા...**' લ્યો! મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા આ શાસ્ત્ર બનાવે છે એમ કહે છે. આહાહા..! અમૃતચંદ્રાચાર્ય મુનિ એ કુંદકુંદાચાર્યની સાચી પ્રશંસા કરે છે. કહો, ચેતનજી! હવે એને સમકિત હશે કે નહિ? અરે..! ભગવાન! ભાઈ! સૂરજ ઊગ્યો હોય અંજવાળે એ ખબર ન પડે? આહાહા..!

અહીં તો કહે છે, '**કુવાદિયોંસે સર્વથા એકાંતપક્ષરૂપ કુનયદ્વારા રચે હુએ...** ' આહાહા..! અહીં તો સર્વજ્ઞ પરમેશ્વરે બનાવ્યા જે ૐ ધ્વનિવાળા આગમ, પરમાગમ એની રચના ગણધરદેવ દિગંબર સંતે કરી એ શાસ્ત્ર. એ સિવાયના બધા કુશાસ્ત્ર છે. આહાહા..! '**કુનય દ્વારા રચે હુએ શાસ્ત્રોંસે મોહિત હોકર યહ જીવ સંસારમેં અનાદિકાલસે ભ્રમણ કરતા હૈ,...**' આહાહા..! '**સો હે ધીર મુનિ! અબ ઐસે કુવાદિયોંકી સંગતિ ભી મત કર,...**' એની સંગતિ ન કર. આહાહા..! આ તો જરી લોકા ઉપર ઉતર્યા છે ને. એણે ટીકામાં નાખ્યું છે. લોકા મિથ્યાદષ્ટિ પાક્યા એની સંગતિ કરીશ નહિ. એ તો એક વ્યક્તિગતની ક્યાં વાત છે. '**યહ ઉપદેશ હૈ.**' ત્યારે કુવાદી અને સત્યવાદી કોણ છે એની પરીક્ષા તો હોવી જોઈએ કે નહિ? એ વિના છદ્મસ્થ કોની સંગતિ છોડે અને કોની સંગતિ કરે? આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી રાજા હોય, છન્નુ હજાર સ્ત્રીનો વિષય હોય, છતાં એ સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગમાં છે. પંડિતજી! ભૂયત્થો મોક્ખ મગ્ગો. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, એટલી સ્ત્રીઓ અને રાજપાટમાં પડ્યા છતાં એ .. એ મોક્ષના માર્ગમાં છે. આહાહા..! અને અણગા.. અણગાર મુનિ થઈને પણ મોહી નામ મિથ્યાત્વને સેવનારા... આહાહા..! એ સંસારમાર્ગમાં છે.

શ્રોતા :- ...

ઉત્તર :- છે ને એમાં લખ્યું છે ને જુઓને. છે કે નહિ? આહાહા..! માર્ગ તો જેવો હોય એવો જ કહે ને. અણગાર નામ ધરાવે અને એકાંત રાગને પોષે અને રાગની ક્રિયા વડે ધર્મ મનાવે એ મિથ્યાદષ્ટિ સંસારમાર્ગમાં છે. આહાહા..! રત્નકરંડશ્રાવકાચારમાં પણ એ લીધું છે. એ .. ગાથા છે.

અહીંયાં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. બપોરે એ આવ્યું હતું ને આપણે. આવે છે ને .. આવે છે. નામ કાલે આપ્યા એમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર કોઈ ન આવ્યું. બીજા નામ આપ્યા. પરમેશ્વર કહો, આ કહો, આ કહો. કારણ કે સમ્યગ્દર્શન અને જ્ઞાનની જ ત્યાં દશા છે. પછી ચારિત્ર જે સંયમ એની પછી વાત.

શ્રોતા :- એ તો આવ્યા વિના રહે નહિ.

ઉત્તર :- એ તો આવે, પણ છતાં અત્યારે નથી તોપણ એને જ વખાણ્યા છે એમ. આવ્યું હતું ને કાલે બપોરે. પરમેશ્વર કહો એને, વિજ્ઞાનવાદી વિજ્ઞાન એકરસ કહો. અષ્ટપાહુડમાં. એને સમ્યગ્દર્શન કહો, સમ્યગ્જ્ઞાન કહો. એવો કળશ છે. એમાં એમ શબ્દ નથી આવ્યો કે સમ્યક્ચારિત્ર કહો. કારણ કે તેની વાત

છે નહિ અત્યારે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. આહાહા..! પરમાત્મા પૂર્ણ સ્વરૂપે બિરાજમાન પોતાનું સ્વરૂપ છે. આહાહા..! એને જેણે આદર્યો અને સ્વીકાર થયો, જેને અનુભવ થયો આત્મા આવો પૂર્ણાનંદ, એને કહે છે કે આ અનંત નામ દેવા હોય તો દે એમ કહે છે. કાલે આવ્યું હતું. આહાહા..! આવા અજ્ઞાનીઓના મતમાં અભિપ્રાય જેનો જૂઠો છે, દૃષ્ટિ જેની વિપરીત છે, એકાંત જેનો આગ્રહ છે. એવા કુવાદીઓનો સંગ ન કર.

અહીં એકાંતમાં પણ પાછું એ લઈ જાય છે કે ધર્મ નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય એ અનેકાંત છે. એમ નથી. મિથ્યા એકાંત. દરેક દ્રવ્યનો ક્રમસર પર્યાય થાય અને અક્રમ પણ થાય એનું નામ અનેકાંત એમ. દરેક સમયનો ક્રમસર છએ દ્રવ્યનો સ્વભાવ પ્રવાહધારા. અનાદિઅનંત પરિણતિનો પ્રવાહ ક્રમસર જ પ્રવાહ હોય છે એનો. આહાહા..! એને દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે એથી એનો પ્રવાહ ક્રમસર ચાલતો એનો એ જાણનાર રહે છે. આહાહા..! એકાંતનય.. અક્રમબદ્ધ. પણ ગુણ અક્રમ. ગુણ અક્રમ, પર્યાય ક્રમ અને બીજી રીતે કહ્યું છે કે પર્યાય ક્રમ પણ બીજા ક્રમની અપેક્ષાએ અક્રમ. સમજાય છે કાંઈ? બીજું દ્રવ્ય ક્રમબદ્ધ છે ને? તો પોતાની પર્યાયમાં એ ક્રમબદ્ધની અપેક્ષાએ અક્રમ. અક્રમ એટલે એ નહિ એમ.

શ્રોતા :- ઉસકા ક્રમ ઈસમેં નહીં.

ઉત્તર :- આમાં નહિ.

'**આગે કહતે હૈં કિ પૂર્વોક્ત તીન સૌ ત્રેસઠ પાખંડિયોંકા માર્ગ...**' લ્યો! આ તો આ આવ્યું. '**છોડકર જિનમાર્ગમેં મન લગાઓ :—** ' આહાહા..!

**पासंडी तिण्णि सया तिसट्ठि भेया उमग्ग मुत्तूण।**
**रुंभहि मणु जिणमग्गे असप्पलावेण किं बहुणा।।१४२।।**

આહાહા..! '**અર્થ :- હે જીવ! તીન સૌ ત્રેસઠ પાખંડિયોંકે માર્ગકો છોડકર...**' જગતમાં ૩૬૩ પાખંડ છે કે નહિ? '**જિનમાર્ગમેં અપને મનકો રોક...**' '**रुंभहि**' એમ છે ને? '**उमग्ग मुत्तूण। रुंभहि मणु जिणमग्गे**' ઉન્માર્ગને છોડીને જૈનમાર્ગ વીતરાગભાવ ત્યાં મનને રોક. '**તીન સૌ ત્રેસઠ પાખંડિયોંકે માર્ગકો છોડકર જિનમાર્ગમેં અપને મનકો રોક** (લગા)... ' આહાહા..! વીતરાગ સ્વરૂપ આત્મા એમાં દૃષ્ટિ લગાવી દે. '**યહ સંક્ષેપ હૈ...**' લ્યો, બહુ ટૂંકામાં આ કહેવું છે. '**ઔર નિરર્થક પ્રલાપરૂપ કહનેસે ક્યા?**' અહીં તો જૈનમાર્ગ, દિગંબરમાર્ગ એ જૈનમાર્ગ એક છે. બાકી કોઈ જૈનમાર્ગ નથી. આહાહા..! એ તો કહેતા આવ્યા છે પહેલેથી બોધપાહુડમાં, દર્શનપાહુડમાં. એ અહીં કહ્યું છે, ચોખવટ કરી છે. આહાહા..! કારણ કે એ વખતે આ પંથ નીકળી ચૂક્યો હતો ને. કુંદકુંદાચાર્ય થયા ત્યારે શ્વેતાંબર પંથ નીકળી ચૂક્યો હતો સો વર્ષ પહેલા. આ જૈનમાર્ગ.

પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનંત ગુણનો પિંડ અસંખ્યપ્રદેશી ધામ. ધામ એટલે ક્ષેત્ર એનું. એમાં અનંત

ગુણ બિરાજમાન, એમાં રાગાદિ અને પરનો અભાવ એવા આત્મામાં મનને લગાવ. આહાહા..! એવું સ્વરૂપ ભગવાન આત્મા, વીતરાગ માર્ગ રાગની અપેક્ષા વિનાનો એમાં મનને લગાવ. સંસાર સમુદ્રનો પાર લેવો હોય તો આ માર્ગ છે. આહાહા..! '**ઔર નિરર્થક પ્રલાપરૂપ કહનેસે ક્યા?**'

'**ભાવાર્થ :- ઈસપ્રકાર મિથ્યાત્વકા વર્ણન કિયા. આચાર્ય કહતે હૈં કિ બહુત નિરર્થક વચનાલાપસે ક્યા? ઈતના હી સંક્ષેપસે કહતે હૈં કિ તીનસૌ ત્રેસઠ કુવાદિ પાખંડી કહે ઉનકા માર્ગ છોડકર જિનમાર્ગમેં મનકો રોકો,...** ' જિનમાર્ગ વીતરાગભાવ, જે આત્મામાં વીતરાગ સ્વભાવ છે એને વીતરાગભાવરૂપી સમ્યગ્દર્શનથી પ્રગટ કર્યો છે. એમાં રોક મનને. આહાહા..! રાગ ને પુણ્યની ક્રિયાથી, રાગની ક્રિયાથી ધર્મ મનાવ્યો હોય એને છોડ એમ કહે છે. '**ઉનકા માર્ગ છોડકર જિનમાર્ગમેં મનકો રોકો, અન્યત્ર ન જાને દો.**' આહાહા..!

'**યહાં ઈતના ઔર વિશેષ જાનના કિ—કાલદોષસે ઈસ પંચમકાલમેં અનેક પક્ષપાતસે મત-મતાંતર હો ગયે હૈં,...**' લ્યો ઠીક. '**પંચમકાલમેં અનેક પક્ષપાતસે મત-મતાંતર હો ગયે હૈં, ઉનકો ભી...**' કાળદોષથી એમ લીધું જોયું! દોષ તો એનો છે પણ આ કાળ જ એવો કોઈ... આહાહા..! '**ઉનકો ભી મિથ્યા જાનકર ઉનકા પ્રસંગ ન કરો.**' આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- હા, એ કહે છે. ટીકામાં છે ને. જયસેનાચાર્યની ટીકામાં છે. પણ અહીં તો કાળદોષ લીધો, એમ. ઓલો જીવનો દોષ છે એમ ન લેતા. એ તો .. એ કાળના એવા પ્રસંગમાં એવા જીવો પાક્યા એમ. આહાહા..! વીતરાગ માર્ગને ફેરવી નાખ્યો આખો, એમ કહે છે.

'**મિથ્યા જાનકર ઉનકા પ્રસંગ ન કરો.**' અનેક અભિપ્રાયો જગતમાં જાગ્યા છે વીતરાગ માર્ગને છોડીને, એનો પ્રસંગ ન કરો. '**સર્વથા એકાંતકા પક્ષપાત છોડકર અનેકાંતરૂપ જિનવચનકા શરણ લો.**' આહાહા..! ત્યાં એમ કહેતા હતા હોં, પહેલા ગયા ૧૩ની સાલમાં કલકત્તા. અનેકાંત જિંદાબાદ. એમ કે આ લોકો એકાંત છે અને અમારો જિંદાબાદ એમ કહે. કલકત્તા ૧૩ની સાલ ગયા ને પહેલા જાત્રામાં. એક મંદિરના દર્શન કરીને બહાર નીકળ્યા, મંદિરના માણસ ઊભા હતા ૬-૮. અનેકાંત જિંદાબાદ એમ. કીધું, આપણે કરો અનેકાંત જિંદાબાદ. અનેકાંત કોને કહેવું.. એ બિચારા એમ કે આ મૂર્તિ, મૂર્તિની પૂજા, ભક્તિ એનાથી ધર્મ થાય એમાં માનતા નથી. જાત્રાને ધર્મ ન માને, મહાવ્રતના પરિણામને ધર્મ ન માને, એમ. એ એકાંતવાદ છે, અનેકાંતવાદ નથી. અનેકાંતવાદ તો આ. ભક્તિ, પૂજા, દાન, દયાથી ધર્મ થાય એ અનેકાંતવાદ. આહાહા..! આ દિગંબરમાં પણ આમ (ચાલે છે).

શ્રોતા :- ...

ઉત્તર :- મંદિરમાં બોલતા હતા લ્યો. મોટું મંદિર છે ને એક કલકત્તામાં. બેલગાછિયા નહિ, ગામમાં.

ગામમાં છે. ગામમાં હતા ત્યાં અંદર. ઓલો નીકળ્યોને ત્યારે સરઘસ સ્વાગતનું. તો ત્યાં દર્શન કરવા ગયા હતા ત્યાં વચમાં. આહાહા..! ધર્મને નામે પણ... એમ કે આ દયા, દાન, ભક્તિ, પૂજા, જાત્રા એ પણ ધર્મ છે. એને આ લોકો ધર્મ કહેતા નથી એમ. વાત સાચી છે. ધર્મ તો આત્માની રાગરહિત શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટે તે ધર્મ છે. હોય છે વચમાં રાગ, આવે ખરો, પણ એ ધર્મ નથી. આહાહા..!

'**સર્વથા એકાંતકા પક્ષપાત છોડકર અનેકાંતરૂપ જિનવચનકા શરણ લો.** ' જિનવચનમાં વીતરાગતા બતાવી છે એમ કહે છે. જિનવચન તો શબ્દો છે, પણ જિનવચનનું શરણ લ્યો નામ જિનવચને કહેલો વીતરાગભાવ, આહાહા..! એનું શરણ લ્યો.

'**આગે સમ્યગ્દર્શનકા નિરૂપણ કરતે હૈં,...**' હવે એનું વજન આપે છે, જોર. '**પહિલે કહતે હૈં કિ 'સમ્યગ્દર્શનરહિત પ્રાણી ચલતા હુઆ મૃતક' હૈ :—**' શબ શબ છે. આહાહા..!

**जीवविमुक्को सवओ दंसणमुक्को य होइ चलसबओ।**
**सवओ लोयअपुज्जो लोउत्तरयम्मि चलसबओ।।१४३।।**

'**અર્થ :- લોકમેં જીવરહિત શરીરકો 'શબ' કહતે હૈં,...**' મડદા. જીવરહિત શરીરને મડદું કહે છે બધા. '**મૃતક યા મુરદા કહતે હૈં,...**' લ્યો! ત્રણ શબ્દ વાપર્યા. '**વૈસે હી સમ્યગ્દર્શનરહિત પુરુષ 'ચલતા હુઆ મૃતક' હૈ.**' આહાહા..! જેની શ્રદ્ધામાં મિથ્યાત્વભાવ છે એ સમ્યગ્દર્શન રહિત ચાલતું મૃતક છે. આહાહા..! ચાલતું મડદું. ઓલા મડદાને બીજા ઉપાડે આમ. આ ચાલતું મડદું છે. આહાહા..! કેટલું વજન આપ્યું જુઓ! રત્નકરંડશ્રાવકાચારમાં ત્યાં સુધી કહ્યું કે ભસ્મ અગ્નિ. અગ્નિ ભસ્મથી ઢંકાયેલી હોય તોપણ તે અગ્નિ છે. એમ જેને સમ્યગ્દર્શન ચંડાળ ... ચંડાળને થયું હોય તો એ પણ દેવ છે.

શ્રોતા :- ...

ઉત્તર :- ગણધરો એને દેવ કહે છે એમ કીધું. આહાહા..! માતંગ ચંડાળનો અવતાર હોય, પણ જેને સમ્યગ્દર્શન, રાગથી ભિન્ન અને સ્વભાવથી અભિન્નનું ભાન થઈ ગયું અનુભવમાં, કહે છે કે એ રાખથી ઢંકાયેલી અગ્નિની પેઠે અગ્નિ છે અંદર. ભલે શરીર ચંડાળનું હોય, નીચ કુળમાં અવતર્યો હોય, પણ દેવ છે એ. આહાહા..! આટલી કિંમત સમ્યગ્દર્શનની છે.

'**સમ્યગ્દર્શનરહિત પુરુષ ચલતા હુઆ મૃતક હૈ.** ' આહાહા..! એટલે? કે ચૈતન્યસ્વભાવ પૂર્ણાનંદ ને અનંત ગુણનો પિંડ પ્રભુ એનું જે જીવન એવું પૂર્ણ છે, એનો જેને સ્વીકાર નથી અને જેને રાગ ને નિમિત્ત ને એક સમયની પર્યાયમાં સ્વીકાર છે, એ ત્રિકાળી ચૈતન્યના જીવનને એણે તો મડદું કરી નાખ્યું છે. એ મૃતક મિથ્યાદષ્ટિ મરેલું મડદું છે. આહાહા..! જીવનું જીવન ત્રિકાળી આનંદ ને જ્ઞાનસ્વભાવે જીવતી જ્યોત પ્રભુ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ પૂર્ણ સ્વભાવથી ટકતો જીવતો જીવ છે એ. એવા જીવનો જેને સ્વીકાર નથી એ મિથ્યાદષ્ટિ ચાલતા મડદાં છે કહે છે.

આહાહા..! એણે જીવને જીવતો રાખ્યો નહિ. એવું જે જીવન જીવનું, ઓહોહો..! એક સમયમાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા એવું જે જીવનું જીવન નામ ટકવું, આવું એનું અસ્તિત્વ છે, એવી એની સત્તા છે એનો સ્વીકાર નહિ અને રાગ ને પુણ્યની ક્રિયા ને નિમિત્તનો સ્વીકાર, એણે ચૈતન્યના આવા જીવનનો સંહાર કર્યો છે. આહાહા..! આત્મહનો ભવંતિ આવે છે ને, બંધ અધિકારમાં. ઓહોહો..! હું પરને જીવાડી શકું છું, પરને મારી શકું છું, પરને સુખી કરી શકું છું, પરને દુઃખી કરી શકું છું એવું માનનારા આત્મહનો ભવંતિ—આત્માના હણનારા છે. પરને હણી શકું એ માનનારા આત્માના હણનારા છે. પરનું જીવન કરી શકું છું, આહાહા..! એ આત્મહનો ભવંતિ. એ જ્ઞાતા-દૃષ્ટાના જીવનને હણી નાખ્યું છે એણે. આહાહા..!

**'સમ્યગ્દર્શનરહિત પુરુષ ચલતા હુઆ મૃતક હૈ.'** આહાહા..! **'મૃતક તો લોકમેં અપૂજ્ય હૈ,...'** મડદાને પૂજે છે? દાટી નાખે કાં બાળી નાખે. બેમાંથી (એક કરે), કાં દાટી દે મુસલમાન હોય તો અને હિંદુ બાળી દે, ભસ્મ કરી દે. **'અગ્નિસે જલાયા જાતા હૈ...'** આ જુઓ એમાં જ આવ્યું. **'યા પૃથ્વીમેં ગાડ દિયા જાતા હૈ...'** બેમાંથી એક. **'ઔર દર્શનરહિત ચલતા હુઆ મુરદા...'** આહાહા..! એ જ્ઞાતા-દૃષ્ટા કોઈનું કરી શકતા નથી અને કોઈ પાસેથી કંઈ લેતા પણ નથી. કોઈ પાસેથી લેવું નથી અને કોઈને દેવું પણ નથી. એવો જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ છે. આહાહા..! એમ નહિ માનીને **'દર્શનરહિત ચલતા હુઆ મુરદા લોકોત્તર જો મુનિ-સમ્યગ્દૃષ્ટિ ઉનમેં અપૂજ્ય હૈ,...'** લ્યો! લોકમાં મડદા અપૂજ્ય છે. **'લોકોત્તર જો મુનિ-સમ્યગ્દૃષ્ટિ ઉનમેં...'** આ મડદા મિથ્યાદૃષ્ટિ અપૂજ્ય છે. આહાહા..!

**'વે ઉસકો વંદનાદિ નહીં કરતે હૈં.'** ધર્મી સમકિતી એવા મિથ્યાદૃષ્ટિને વંદન આદિ નહિ કરે. **'મુનિભેષ ધારણ કરતા હૈ...'** આહાહા..! **'તો ભી ઉસે સંઘકે બાહર રખતે હૈં...'** જેની દૃષ્ટિ વિપરીત છે એમ બાહ્ય ખ્યાલમાં આવી ગયું એની વાત છે. મોક્ષમાર્ગમાં કહ્યું છે ને, ખ્યાલમાં-બહારમાં ન આવે ત્યાં સુધી સંઘ બહાર ન કરે એને. આવે છે. આચાર સરખો હોય એટલે રાખે, બહાર ન કરે. આચાર બહાર સરખો હોય, અંદરમાં ફેર હોય માને મિથ્યાદૃષ્ટિપણું. અંદરમાં એવો ખ્યાલ આવી ગયો, પણ બહારમાં સરખું કરે. એમ આવે છે. આ તો ખ્યાલ આવી ગયો. ... સ્વરૂપ છે બહાર. એવાને તો સંઘમાં રાખે નહિ એમ કહે છે. આવે છે ને ભાઈ મોક્ષમાર્ગપ્રકાશકમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં. વ્યવહાર જેનો આચાર સરખો વ્યવહારશ્રદ્ધા આગમ પ્રમાણે બધું. સમકિતી પણ એનો આદર કરે એમ આવે છે ને? બહારથી...

શ્રોતા :- ..

ઉત્તર :- વડીલ તરીકેનો દાખલો આપ્યો છે. એમાં દાખલો આપ્યો છે. કુટુંબમાં વડીલ મોટા હોય અને ગરીબ હોય, સાધારણ હોય તોપણ આદર કરે. પણ આગમ પ્રમાણે એનું આચરણ, એની

વ્યવહાર શ્રદ્ધા બરાબર હોવી જોઈએ. અને એનો ખ્યાલ આવી ગયો હોય અંદર અભિપ્રાયથી, મિથ્યાત્વથી, પણ બહારમાં ફેરફાર ન હોય તો સંઘ બહાર ન કરી શકે. અહીં તો ફેરફારવાળી પ્રરૂપણા ખ્યાલમાં આવી એમ કહે છે. આહાહા..!

**'લોકોત્તર જો મુનિ-સમ્યગ્દૃષ્ટિ ઉનમેં અપૂજ્ય હૈં,...'** આહાહા..! આકરી વાતું! ચોકમાં વાતું કરે, બધો સમન્વય કરો, બધા ધર્મ સરખા છે. આવા એકાંત મિથ્યાદૃષ્ટિને સંઘ બહાર કરી નાખે. આહાહા..! **'અથવા પરલોકમેં નિંદ્યગતિ પાકર અપૂજ્ય હોતા હૈ.'** બે પ્રકારે છે. જેની દૃષ્ટિ વિપરીત છે, મિથ્યાત્વ છે, અનેકાંતથી એની વિરોધવાળી દૃષ્ટિ છે એવા જીવો આ ભવમાં પણ નિંદનીક છે, પરભવમાં પણ નીચ ગતિને પામે છે. આહાહા..! પ્રવચનસારમાં લીધું છે જરી કે મુનિ છે સાચા મુનિ એ પણ કોઈ વ્યંતરમાં જાય, વૈભવ પામે. ફેરફાર થઈ ગયો હોય. વસ્તુ બરાબર છે, પણ ભાવમાં કોઈ ફેરફાર ચારિત્રનો વિરાધક થઈ ગયો. આવે છે ને ભાઈ! વ્યંતર આદિનો વૈભવ પામીને પછી મોક્ષ જશે. શરૂઆતમાં આવે છે ને પહેલી ગાથાઓ. શરૂઆતમાં એ આવે છે. આ પ્રવચનસારમાં છે.

**'देवासुरमणुयरायविहवेहिं'** અસુરનો પણ વૈભવ. છે સમ્યગ્દૃષ્ટિ પણ કાંઈક ફેર પડ્યો પછી. તો એ મરીને અસુરમાં પણ જાય. અસુરમાં વ્યંતરમાં જાય. છઠ્ઠી ગાથા છે. **'संपज्जदि णिव्वाणं देवासुरमणुयरायविवेहिं जीवस्स चरित्तादो '** જીવને ચરિત્રથી **'दंसणणाणप्पहाणादो'** એ પછી મુક્તિ પામશે. એવું પંચમકાળના જીવનું એવું સહેજ કોઈ ફેરફાર ચારિત્રનો દોષ આવી ગયો. આવા ચારિત્રવાળો. સમકિત બરાબર છે. છતાં એમાં પણ ફેર પડી ગયો. નહિતર વ્યંતરનું આયુષ્ય કેમ બાંધે? સમજાણું કાંઈ? અહીં તો સાચા મુનિને પણ વ્યંતરમાં જાય એવું લખ્યું છે. કઈ અપેક્ષાએ? સહેજ ફેર થઈ ગયો અંદર શ્રદ્ધામાં અને રાગમાં ફેર થઈ ગયો. વ્યંતરનું આયુષ્ય બાંધી લે, પણ પછી ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જશે. કહો, પંડિતજી! ગાથા છે જુઓ.

સુર-અસુર-મનુજેન્દ્રો તણા વિભવો સહિત નિર્વાણની
પ્રાપ્તિ કરે ચારિત્રથી જીવ જ્ઞાનદર્શનમુખ્યથી. ૬.

છઠ્ઠી ગાથા. પંચમકાળ છે. એમાં કોઈ ફેરફાર સહેજ અંદર થઈ ગયો થોડો.

શ્રોતા :- ફેરફાર શ્રદ્ધામાં નથી થયો.

ઉત્તર :- શ્રદ્ધામાં પણ થોડો થયો છે. એ વિના આયુષ્ય કેમ બાંધે? આહાહા..!

શ્રોતા :- શ્રદ્ધામાં થયો, બંધ થઈ થયો.

ઉત્તર :- થોડો થયો. અસુર થાય નહિ, અસુરના દેવનું આયુષ્ય બંધાય નહિ. એવો જરી પંચમકાળમાં સાચા સંતમાં પણ કોઈવાર ફેરફાર થોડો થઈ જાય છે એટલું લક્ષ રાખીને વાત કરી છે. પણ જેની દૃષ્ટિ બરાબર હતી, પણ સહેજ કંઈક ફેર પડ્યો સાધારણ સૂક્ષ્મ (એમાં) અસુરનું (આયુષ્ય) બંધાઈ ગયું. એવી વાત છે જરી. નહિતર સમ્યગ્દૃષ્ટિ તો...

શ્રોતા :- મોક્ષ પામે.

ઉત્તર :- પછી મોક્ષ પામે. પછી એ ત્યાંથી એ ખરી જવાનું બધું. આગળ મનુષ્ય થઈને મોક્ષ જશે. પણ જેની અંદર સમ્યગ્દર્શનની ધારા સરખી હતી પહેલી, એમાં સહેજ થોડો ફેર પડી ગયો. એટલી વાત છે. પણ જેને હજી સમ્યગ્દર્શનના ઠેકાણા જ નથી પહેલેથી.. એવી વાત છે. આહાહા..! કહો, કુંદકુંદાચાર્ય પ્રવચનસાર, છઠ્ઠી ગાથામાં આમ લીધું.

અને આમ કહ્યું કે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કેવા હોય? કે જે શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત હોય. શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત એને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કહીએ. પરમ શુદ્ધ ઉપયોગ. પંચ મહાવ્રતને પ્રાપ્તની વાત નથી લીધી. પાંચ ગાથા. શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત. આહાહા..! પછી છઠ્ઠીમાં જરીક ફરક ખાઈ ગયા. એના ખ્યાલમાં રહ્યું કે આ પાંચમો આરો છે. કોઈ સાચા સંત છે ધર્માત્મા એને કોઈ અંદરમાં ફેર સહેજ થઈ ગયો હોય તો તે અસુરનો વૈભવ પામી ત્યાંથી પછી મનુષ્ય થઈને પછી મોક્ષ જશે. છોટાભાઈ! આવે છે. પણ એમાંથી કોઈ એમ બચાવ કરે કે જુઓ આમાં આમ છે. એમ અહીંયાં વાત નથી. એ તો પામેલ છે, વસ્તુ હતી એમાંથી કોઈ સહેજ કોઈ પુરુષાર્થની કમીથી ફેર પડી ગયો. આ તો પહેલા જ ઠેકાણા ન મળે જ્યાં હજી. શુદ્ધ ઉપયોગને પામીને પહેલી વાત કરીને પછી કરી છે ને ભાઈ! પાંચ ગાથામાં શુદ્ધ ઉપયોગ, પરમ શુદ્ધ ઉપયોગને પામેલા છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એને કહીએ. પરમ શુદ્ધ ઉપયોગ. મોક્ષમાર્ગમાં એમ કહ્યું ટોડરમલે (કે) સાધુપણું એટલે પરમ શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત તે સાધુપણું. પંચ મહાવ્રત ને અઠ્યાવીશ મૂળગુણની વાત પછી લીધી, પણ પહેલી આ લીધી.

શ્રોતા :- પરમ ..

ઉત્તર :- હા, શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ. ત્યારે વળી અત્યારે તો એમ કહે છે રતનચંદજી કે શુદ્ધ ઉપયોગ અત્યારે હોય નહિ. આ શું કહે છે? અહીં કહે છે, પંચ પરમેષ્ઠી શુદ્ધ ઉપયોગવાળા જ હોય. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ શુદ્ધ ઉપયોગવાળા જ હોય. આહાહા..!

એ દાખલો આપ્યો છે ને ટીકામાં નહિ? જયસેનાચાર્યે. ઘણાં આંબાના વન હોય અને બીજા ઝાડ થોડા હોય પણ છતાં એને આંબાનું વન કહેવાય. એમ શુભરાગ આવે છતાં શુદ્ધ ઉપયોગની પ્રધાનતા છે માટે એને શુદ્ધ ઉપયોગી કહીએ. અને દષ્ટિને શુદ્ધ ઉપયોગ કોઈવાર આવે, પણ શુભરાગમાં એની પ્રધાનતા છે, તો એને શુભ ઉપયોગી કહીએ એમ. આહાહા..! આચાર્યના શબ્દો. બીજા ભાગમાં. આ તો ભાઈ મધ્યસ્થથી વાતું છે. પોતાનો પક્ષ ઠીક પડે એ રીતે શાસ્ત્રના અર્થ કરવા એ માર્ગ નથી.

શ્રોતા :- ઊંધા અર્થ કરે.

ઉત્તર :- એમ કરે કેમ ચાલે? સર્વજ્ઞ વીતરાગની પેઢી છે આ તો. પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંત દેવના વેપારની પેઢી છે આ. ચારિત્રદોષ હોય એ બીજી વાત છે, પણ અંદર શ્રદ્ધામાં ગોટા વાળે, આહાહા..! જૈનદર્શનમાં મુરદા કહ્યા, મરી ગયેલો તું છો. આહાહા..! ચૈતન્યનના પૂર્ણાનંદના નાથને

તેં ન સ્વીકાર્યો અને અલ્પજ્ઞપણે અને રાગપણે લાભ થાય તેમ સ્વીકાર્યો. આખા જીવનની જ્યોતને તેં અનાદર હિંસા કરી છે. તું મૃતક કલેવર જેવો છો. આહાહા..! કલેવર આ ભવમાં પણ પૂજ્ય નહિ અને પરભવમાં પૂજ્ય નહિ. જેમ ઓલાને દાટી દે અને બાળી દે. આહાહા..!

ઓલામાં તો એમ પણ કહ્યું છે, સમ્યગ્દૃષ્ટિ નરકનું આયુષ્ય બાંધે નહિ, પણ બાંધ્યુ હોય... યોગસાર નહિ? તો એ ત્યાં જાય એ કર્મ ખરી જાય છે. બાપુ! શું થાય? એવી સ્થિતિનું કોઈ આયુષ્ય બંધાઈ ગયું. સમ્યગ્દર્શન છે, ભાન છે. સહેજ ખસી ગયો. આહાહા..! પણ અંદરમાં જોર જે છે એ તો અંદર રહ્યું છે. સહેજ ફેર પડી ગયો. તો એ કહે છે કે આગળ જઈને નરકમાં જશે તો નરકનું આયુષ્ય ક્ષય કરશે. એ કર્મની નિર્જરા માટે ત્યાં જાય છે એમ કહે છે. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- એ સૂક્ષ્મ વાત છે. કોઈ એક નયના પક્ષમાં આવી ગયો એકાંત કાંઈક. જે ભૂલ એને ખ્યાલમાં ન રહી તો એ આવી જાય. છદ્મસ્થ છે ને. એમાં પંચમકાળ. એમ લીધું. સ્થૂળપણે વિપરીતતા છે એ તો પ્રત્યક્ષ જાહેર છે.

શ્રોતા :- ...

ઉત્તર :- હા, બસ એટલું. આહાહા..!

શ્રોતા :- પ્રત્યક્ષ રહે પણ જ્ઞાનની ...

ઉત્તર :- પકડાય નહિ. એ વખતે એવો કોઈ ભાવ આવી ગયો હોય થોડો. તો કહે છે કે નરકનું આયુષ્ય બંધાઈ જાય તો .. અસુરનું બંધાઈ જાય. ત્યાંથી નીકળીને એનો સંસારનો અંત કરી દેશે. દર્શનશુદ્ધિ ઘણી સેવી છે ને એટલે. આ તો માર્ગ એવો છે કે આગ્રહ કરવા જેવો કાંઈ નથી. જેમ સ્વરૂપ છે એમ એને જાણવું જોઈએ. ફેરફાર જરી ... તો આખો ફેરફાર થઈ જાય.

**'પરલોકમેં નિંદ્યગતિ પાકર અપૂજ્ય હોતા હૈ.'** ઓહોહો..!

**'ભાવાર્થ :- સમ્યગ્દર્શન વિના પુરુષ મૃતકતુલ્ય હૈ.'** મડદાતુલ્ય છે મડદાતુલ્ય, એમ કહે છે. ચારિત્ર વિના મડદાતુલ્ય છે એમ નથી કહ્યું.

શ્રોતા :- ચારિત્રથી ભ્રષ્ટ હોય...

ઉત્તર :- પણ એ તો ચારિત્ર ભ્રષ્ટ હોય એ ચારિત્ર ભ્રષ્ટ કાંઈ... દંસણ ભટ્ઠા ન સિજંતી, ચરિત ભટ્ઠા સિજંતી, છે ને? દર્શનભ્રષ્ટ તો દંસણ ભટ્ઠા ભટ્ઠા. જ્ઞાનથી ભ્રષ્ટ, ચારિત્રથી બધાથી ભ્રષ્ટ છે. ચરિત્ત ભટ્ઠા સિજંતી. ચારિત્ર ભ્રષ્ટ છે એ એના ખ્યાલમાં છે. ચારિત્ર પામશે. આહાહા..! એ શ્લોક છે. દર્શનપાહુડનો છે.

**'આગે સમ્યક્ત્વકા મહાનપના કહતે હૈં :—'** બોધપાહુડમાં એના વખાણ, દર્શનપાહુડમાં એના વખાણ, બધા ચારિત્રમાં એના બધામાં એના જ વખાણ કર્યા છે, સમ્યક્ત્વના. ખેવટિયા છે એ આવે

છે ને રત્નકરંડ શ્રાવકચારમાં.

શ્રોતા :- ...

ઉત્તર :- કર્ણધારં. સમ્યગ્દર્શન કર્ણધાર છે વાહનના ચલાવનારા. વાહન ચાલે છે ને? એ કર્ણધાર છે. આખા મોક્ષમાર્ગને ચલાવનાર સમ્યગ્દર્શન છે. આહાહા..!

जह तारयाण चंदो मयराओ मयउलाण सव्वाणं।
अहिओ तह सम्मत्तो रिसिसावयदुविहधम्माणं।।१४४।।

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૯, શુક્રવાર તા. ૧૪-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૪૫ થી ૧૪૮, પ્રવચન - ૧૭૩**

ભાવપાહુડ. ૧૪૫ ગાથા.

जह फणिराओ सोहइ फणमणिमाणिक्ककिरणविप्फुरिओ।
तह विमलदंसणधरो जिणभत्ती पवयणे जीवो।।१४५।।

એનો અર્થ.

શ્રોતા :- જિનભક્તિ જે સર્વ તત્ત્વનો સિદ્ધાંત છે...

ઉત્તર :- ખરેખર તો એ વીતરાગ સ્વભાવ છે આત્માનો, એની ભક્તિ એ સર્વ સાર છે એમ. મૂળ તો એ જિનભક્તિનો અર્થ છે. વીતરાગસ્વરૂપ આત્મા, જિનસ્વરૂપ જ આત્મા છે. એની ભક્તિ એટલે એની રુચિ પરિણતિ એ જ બધા પ્રવચનનો સિદ્ધાંત છે. એ પ્રવચન સિદ્ધાંતનું રહસ્ય જ એ છે. જિનભક્તિ. જિનભક્તિ એટલે?

શ્રોતા :- અંદરના જિનની ભક્તિ કે બહારના જિનની?

ઉત્તર :- આ અંદરના. એ સિદ્ધાંત એવો સંસ્કૃતમાં '**जिणभत्ती पवयणे**' જિનભક્તિ પ્રવચન એટલે ગુપ્ત તત્ત્વ સિદ્ધાંત. એવું સંસ્કૃતમાં છે. મૂળ તો આ છે. મૂળ તો આ કહેવું છે કે આખું સિદ્ધાંત તત્ત્વનું રહસ્ય ચૈતન્યમૂર્તિ જે આત્મા નિર્વિકલ્પ એટલે વીતરાગ સ્વરૂપ, એની ભક્તિ એટલે એનો અનુભવ અને પ્રતીતિ એ સારા જૈનસિદ્ધાંતનું રહસ્ય છે. મૂળ તો એમ કહેવું છે. આહાહા..! જુઓ!

'**અર્થ :- જૈસે ફણિરાજ (ધરણેન્દ્ર)...**' શબ્દ છે ને ધરણેન્દ્ર. '**સો ફણ જો સહસ્ત્ર ફણ...**' હતા. ભગવાન પાર્શ્વનાથ ભગવાન જ્યારે ધ્યાનમાં હતા ત્યારે ઉપસર્ગ પડ્યો એટલે ધરણેન્દ્ર આવેલા.

પદ્માવતી એની રાણી અને ધરણેન્દ્ર. એ વખતે સહસ્ત્ર ફણ—એક હજાર ફણ બનાવી. '**ઉસમેં લગે હુએ મણિયોંકે...**' એ હજાર ફણમાં એક એક ફણમાં મણિરત્ન છે. ભગવાન ઉપર આમ રક્ષા કરવા માટે એ નાગનું રૂપ ધારણ કરી ધરણેન્દ્રે હજાર ફણ ધારણ કર્યા હજાર ફણ. એમાં એક એક ફણમાં એક એક મણિ. '**મણિયોંકે બીચ જો લાલ-માણિક્ય...**' એમાં બધા ફણમાં વચમાં એક માણેક લાલ માણેક રત્ન હતું. વચલા ફણમાં. '**ઉનકી કિરણોંસે વિસ્ફુરિત...**' એના કિરણથી એ '**શોભા પાતા હૈ,...**' આખો આમ આવે છે મોટા હજાર ફણનું આવે છે ઘણે ઠેકાણે, પાર્શ્વનાથ ભગવાનની ઉપર. હજારફણી નથી આવતું? સહસ્રફણી આવે છે. ત્યાં ગીરનારમાં આવે છે. નાગ ભગવાનને ઉપસર્ગ ટાળવા માટે જ્યાં આવ્યા હતા, રક્ષા કરવા ત્યાં હજાર ફણી કરી, એક એક ફણમાં મણિ અને વચલા ફણમાં માણેક લાલ માણેક રત્ન એનાથી બધું શોભતું હતું આખું. એમ '**જિનભક્તિસહિત નિર્મલ સમ્યગ્દર્શનકા ધારક...**' આહાહા..! વીતરાગ પરમાત્મા એની ભક્તિ એટલે કે જિનભક્તિ એટલે આત્મસ્વભાવની ભક્તિ.

શ્રોતા :- એ તો નિશ્ચયભક્તિ થઈ.

ઉત્તર :- એ જ વાત કીધી ને. ત્યાં કીધું ને. ૩૧માં શું કહ્યું? કેવળીના ગુણ કોને કહેવા? કેવળીની સ્તુતિ કરે કોને કહેવું? પૂછયું ને ૩૧ ગાથામાં સમયસાર. શિષ્યે પ્રશ્ન કર્યો કે, પ્રભુ! કેવળજ્ઞાનીની સ્તુતિ કહેવી કોને? ત્યારે ઉત્તર આપ્યો કે આ આત્મા અણીન્દ્રિય જે છે એ ખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય અને એનો વિષય—ત્રણની રુચિ છોડી એનાથી ભિન્ન ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની રુચિ, દૃષ્ટિ, અનુભવ એનું નામ કેવળજ્ઞાનીની સ્તુતિ છે. આહાહા..!

શ્રોતા :- કરવી પોતાની સ્તુતિ અને કહેવી કેવળીની સ્તુતિ.

ઉત્તર :- એનો અર્થ જ એ છે. ભગવાન તો જે છે એ છે. પણ એની સ્તુતિ આ ભગવાન પોતે એવો છે. આહાહા..! પૂર્ણાનંદનો નાથ વીતરાગમૂર્તિ જ આત્મા છે. એની ભક્તિ એટલે કે એમાં એકાગ્રતા, એ જ્ઞેય બનાવીને એમાં એકાગ્રતા. બીજું લક્ષ છૂટી જાય. આહાહા..! એવો જે આત્મા જિનસ્વરૂપી પ્રભુ, એનું ભજન એટલે એકાગ્રતા. એ જેમ ફણી ફણમાં મણિરત્નમાં લાલ માણેક શોભે, એમ એ સમકિતી શોભે છે જગતમાં. આહાહા..!

શ્રોતા :- આજે વ્રતની કિંમત વધારે છે.

ઉત્તર :- એ વ્રત ક્યાં હતા હવે ધૂળમાં? એ માટે તો માંડી છે અહીં. એના કરતા ચારિત્રની કિંમત વધારે. પણ આ માનેલા વ્રત એ તો વ્રત પણ ક્યાં છે? અજ્ઞાન છે, બાળવ્રત, બાળતપ. પણ હવે કઠણ પડે જગતને. અંતર ચીજ મહાપ્રભુ, એકલો જ્ઞાનસ્વભાવનો પૂંજ અથવા અકષાયરસનું એકલું તત્ત્વ, જિનસ્વરૂપી પ્રભુ અનંતા ગુણો વીતરાગ સ્વભાવે બિરાજમાન છે. વસ્તુ એક, ગુણ અનંત. એ એક એક ગુણ વીતરાગભાવે બિરાજમાન છે. એવા અનંત ગુણનું એકરૂપ એવો પ્રભુ આત્મા એની સન્મુખ

થઈને એકાગ્ર થવું એ એની ભક્તિ છે. ગુપ્ત તત્ત્વ સિદ્ધાંત એમ કહ્યું ને. રહસ્ય. સિદ્ધાંત તત્ત્વનું રહસ્ય આ છે. આહાહા..!

પોતે મહાપ્રભુ પૂર્ણ, પૂર્ણ શક્તિ ને આનંદના રહસ્યથી ભરેલો પદાર્થ. આહાહા..! આમ ક્ષેત્ર જુઓ તો નાનું પણ જેની શક્તિ જુઓ તો અમાપ સ્વભાવનું. એવું જે સ્વભાવ સ્વરૂપ એનું, એના તરફની ભક્તિ એટલે કે એનું બહુમાન એટલે કે તેવા સ્વભાવ સન્મુખની સમીપતા એ જિનભક્તિ છે. સમજાય છે? આહાહા..!

'**જૈસે ફણિરાજ (ધરણેન્દ્ર) હૈ સો ફણ જો સહસ્ર ફણ ઉસમેં લગે હુએ મણિયોંકે બીચ જો લાલ-માણિક્ય ઉનકી કિરણોંસે વિસ્ફુરિત (દૈદીપ્યમાન) શોભા પાતા હૈ,...** ' લાલ મણિ હોય છે ને. આહાહા..! '**વૈસે હી જિનભક્તિસહિત...**' વીતરાગ સ્વરૂપ આત્માનું 'જિન સો હી આત્મા...' જિનભક્તિ સહિત... 'અપ્પા સો પરમ અપ્પા' આત્મા એ પરમાત્મા છે, ભગવાનસ્વરૂપ છે, વીતરાગમૂર્તિ છે. ચારિત્રમૂર્તિ કહો, વીતરાગમૂર્તિ કહો, અકષાયસ્વભાવસ્વરૂપ કહો. અહીં તો કષાય વિનાનો ભાવ અકષાયસ્વભાવની એકાગ્રતા એને સમ્યગ્દર્શનની શોભા છે કહે છે. એને લઈને એ શોભે છે બધું. આહાહા..!

'**નિર્મલ સમ્યગ્દર્શનકા ધારક જીવ પ્રવચન અર્થાત્ મોક્ષમાર્ગકિ પ્રરૂપણમેં શોભા પાતા હૈ.**' એમ લીધું અહીં. પ્રવચન છે ને એનો અર્થ આવો કર્યો. '**મોક્ષમાર્ગકિ પ્રરૂપણમેં શોભા પાતા હૈ.**' એટલે આવો જીવ મોક્ષમાર્ગની પ્રરૂપણા અને સત્ય આ જ કહી શકે. જેને આત્માનું બહુમાન, વીતરાગ સ્વરૂપી પ્રભુ એ જૈનદર્શન, એ આત્મા. આહાહા..! એનું જેને બહુમાન આવીને સમ્યગ્દર્શન થયું છે એ જ મોક્ષમાર્ગની પ્રરૂપણામાં શોભે છે કહે છે. આહાહા..! '**મોક્ષમાર્ગકિ પ્રરૂપણમેં શોભા પાતા હૈ.**' આહાહા..! એક તો એ કહ્યું કે રહસ્ય છે એ, પણ બીજી વાત કે ઈ મોક્ષમાર્ગ જે રાગથી ભિન્ન એવું સ્વરૂપ ચૈતન્યનું એની જેને દૃષ્ટિ થઈ, અનુભવ થયો એ જીવ વાસ્તવિક રાગરહિત મોક્ષમાર્ગને કહી શકવાને એ લાયક છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ ગાથા સારી આવી ગઈ છે. બધી ગાથાઓ ઊંચી છે બધી. એમાં તો લખ્યું છે ને એક ઠેકાણે કે આખા પાહુડમાં સમ્યગ્દર્શનનું માહાત્મ્ય છે. એમ લખ્યું છે. છે ત્યાં એ ગાથાનો અર્થ.

શ્રોતા :- બધા શાસ્ત્રનો એ સાર.

ઉત્તર :- હા, એ સાર. ત્યાં નાખ્યું છે. આ ગાથા પછી. અષ્ટપાહુડનો આ બધો સાર છે. આ બાજુ છે. સમકિત જ સાર છે. એની પ્રધાનતાનું જ વર્ણન આખા શાસ્ત્રમાં છે એમ છે. આહાહા..! એ થોડું છે. આહાહા..!

અહીં તો કહે છે કે બાહ્ય વ્રત ને તપ ને ગમે તેટલા હો, પણ જેમાં સમ્યગ્દર્શન નથી તે શોભાને પામતું નથી. આહાહા..! કેમકે આખો ભગવાન પૂર્ણ સ્વરૂપ પ્રભુ, એની જેને ભક્તિ એટલે અંતર

એકાગ્રતા એટલે કે સ્વભાવ સન્મુખ થયો એની શોભા છે બધી. આહાહા..! અને એને મૂકીને આ બધા વ્રત ને તપ બધા કરે છે એ બધા બાળવ્રત ને મૂર્ખાઈ ભરેલા તપ છે બધા.

શ્રોતા :- બધા સમ્યગ્દર્શન પામવા માટે.

ઉત્તર :- ધૂળેય નથી. એનાથી પમાતા હશે? આહાહા..! આ લખ્યું છે. આ બધું કરીએ છીએ એ નિશ્ચયચારિત્ર પામવા માટે આ વ્યવહાર છે. અરે..! ધૂળેય નથી. રાગને લઈને વીતરાગતા પમાતી હશે? અહીં તો વીતરાગ સ્વરૂપ આત્મા છે એને લઈને વીતરાગતા પ્રગટ થાય છે. રાગની મંદતા ને વ્રતના કારણે આ બાહ્ય વ્રત પાળીએ એટલે નિશ્ચય ચારિત્ર થશે. બિલકુલ મિથ્યા શલ્ય છે. ભગવાન વીતરાગ સ્વરૂપી આત્મા એનું એને માન ન આવ્યું અને અહીંયાં રાગની મંદતાથી આ થશે એમ માન ન્યાં આવ્યું. વિપરીત દૃષ્ટિ છે.

'**જિનભક્તિ...**' અહીં તો અત્યારે મગજમાં એ ઊઠે છે વધારે. વીતરાગસ્વરૂપ પ્રભુ, એવો જે પરમાત્મા પોતાનો ભગવાન એની જેને ભક્તિ થઈ છે, એની જેને સન્મુખતા થઈ છે, આહાહા..! કહે છે કે એ બધામાં એ શોભે છે. બાકી જિનસ્વભાવ એની વિમુખ થઈને જેટલા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરે એ બધું નિરર્થક છે. ભાવ છે ને ભાવપાહુડ. એટલે વીતરાગ ભાવની પર્યાય પ્રગટ થાય એ વીતરાગભાવને આશ્રયે પ્રગટ થાય એમ કહે છે. આહાહા..! સમ્યગ્દર્શન એ વીતરાગ પર્યાય છે. એ આવ્યું હતું આપણે અકર્મ પર્યાય. સમ્યગ્દર્શન એ... રાગ ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો હો, ભગવાનની ભક્તિનો રાગ હો, પણ એ કર્મજાત છે, એ આત્મજાત નહિ.

અંદર ચૈતન્ય અનંત ગુણથી, જેમ એ હજાર ફણમાં એક એક ફણમાં મણિ અને વચલામાં આમ લાલ માણેક એ શોભે છે, એમ અનંત ગુણના પિંડમાં પ્રભુ એકાકાર થતાં જે સમ્યગ્દર્શન થાય છે વીતરાગી પર્યાય, એ શોભે છે. આહાહા..! આચાર્યોને હૃદય ઉલ્લસી ગયું છે. તારો સ્વભાવ, સ્વ-ભાવ આત્માનો સ્વભાવ ત્રિકાળ સ્વભાવ તો વીતરાગ સ્વભાવ છે. ચારિત્રગુણ છે ને ત્રિકાળ? એટલે કે વીતરાગ સ્વભાવ. આહાહા..! એનું જેને સમીપપણું આવ્યું, એની સન્મુખ થયો એણે એની ભક્તિ કરી. એનું નામ સમ્યગ્દર્શન. આહાહા..!

'**वैसे ही जिनभक्तिसहित निर्मल सम्यग्दर्शनका धारक जीव प्रवचन अर्थात् मोक्षमार्गके प्ररूपणमें शोभा पाता है.**' અહીં એમ લીધું. કારણ કે એ વાસ્તવિક અનુભવમાં આત્માની પ્રતીતિ વીતરાગભાવની થઈ છે અને એ વીતરાગ ધર્મ છે. એ જ વીતરાગતાને યથાર્થ કહી શકશે કહે છે. નહિતર ક્યાંક ગોટા વાળશે. કાંઈક વ્યવહારથી લાભ થાય ને રાગથી લાભ થાય ને નિમિત્તથી લાભ થાય એમ ગોટા વાળશે એમ કહે છે મૂળ ભાઈ! કહેવાનો આશય આ છે અહીં. આહાહા..! જેને ભગવાન આત્મા અકષાય વીતરાગસ્વરૂપી પ્રભુ દૃષ્ટિમાં બેઠો છે એ વાસ્તવિક વીતરાગતાનું વર્ણન કરી શકશે. બીજો ક્યાંક પણ લપ નાખી દેશે કાંઈક. રાગથી વ્યવહાર કરતા આમ થાય ને નિમિત્તને સેવવાથી આમ થાય,

વિકલ્પથી આમ થાય, ફલાણાથી આમ થાય, રાગ મંદતા કરતા કરતા શુદ્ધિ વધી જાય. આહાહા..!

'**तह विमलदंसणधरो**' એમ છે ને ત્રીજું પદ. '**जिणभत्ती पवयणे जीवो**' એ જિનભક્તિ એટલે વીતરાગતાની દશાનું વર્ણન એ જ કરી શકશે. આહાહા..! જેને વીતરાગ ભાવ બેઠો છે અંદર. બીજા તો રાગના પ્રેમમાં રાગના રસીલા, રાગથી લાભ થશે, વ્યવહાર કરતા કરતા લાભ થશે, ગુરુની કૃપા મળશે તો લાભ થશે એમ પર તરફના વલણવાળી વૃત્તિ અજ્ઞાનીની છે કહે છે. આહાહા..! ઓલા પ્રવચન શબ્દ એટલે પછી એને કથનમાં નાખ્યું અહીં. ઓલામાં નાખ્યું ગોપમાં. વિકલ્પથી ગોપાઈ ગયો છે, છૂટો પડીને અંદર પડ્યો છે એમ. એ સિદ્ધાંતનું તત્ત્વ છે. એ જ એમ કે પ્રવચન સિદ્ધાંત વીતરાગભાવનું કથન એ કરી શકશે. વીતરાગભાવે લાભ થાય, રાગભાવે ન થાય. આહાહા..! નિમિત્તથી આત્મામાં કાર્ય ન થાય. કારણ કે નિમિત્તથી થાય એ તો રાગથી થયું, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય એ તો રાગથી થયું. ઓહોહો..! માણેકરત્ન જેમ શોભે છે. અહીં નથી? ઓલા પાર્શ્વનાથ ભગવાન છે ને, ત્યાં છે ને. અહીં છે. ફણ છે ને. ત્યાં મૂક્યું છે. ભાવનગરના છે, ભાવનગરનો ફોટો છે.

'**ભાવાર્થ :- સમ્યક્ત્વસહિત જીવકી જિન-પ્રવચનમેં બડી અધિકતા હૈ.** ' લ્યો! સમ્યક્ સહિત જીવની વીતરાગ પ્રવચનમાં બડી અધિકતા હૈ. આહાહા..! '**જહાં-તહાં (સબ જગહ) શાસ્ત્રોમેં સમકિતકી હી પ્રધાનતા કહી હૈ.**' લો. એમાં છે ઈ આવ્યું? ઓલામાં ઓલામાં. ઓલામાં ન નીકળ્યું? એ ક્યાંક છે. એના પહેલા ૧૪૨માં આવ્યું. 'ઈસ ષટ્પ્રાભૃત ગ્રંથમેં પ્રારંભ સે લેકર સમાપ્તિ પર્યંત સમકિતકી હી પ્રશંસા કી ગઈ હૈ. યહ સબ ગાથાકા તાત્પર્ય હૈ.' ૧૪૨. ૧૪૨ ગાથામાં આવી ગયું પહેલું. ૧૪૨ છે ને આમાં? '**तारयाण चंदो मयराओ मयउलाण सव्वाणं। अहिओ तह सम्मत्तो रिसिसावयदुविह**' આવી ગયું એ ૧૪૪માં આપણે. ૧૪૪. બે ફેર છે. ૧૪૪માં એ આવી ગયું કે આમાં પહેલેથી તે છેક સુધી છ પ્રાભૃતમાં સમકિતનું જ માહાત્મ્ય કહ્યું છે. એ આવ્યું હતું, વાંચ્યું હતું.

'**આગે સમ્યગ્દર્શનસહિત લિંગ હૈ ઉસકી મહિમા કહતે હૈં :—** ' હવે લ્યો! કહે છે કે જિનલિંગ નગ્ન દિગંબર અને અઠ્યાવીશ મૂળગુણ એ લિંગ સમ્યગ્દર્શન હોય તો જ શોભે. નહિતર થોથાં છે. આહાહા..!

**जह तारायणसहियं ससहरबिंबं खमंडले विमले।**
**भाविय तववयविमलं जिणलिंगं दंसणविसुद्धं।।१४६।।**

'**जिणलिंगं दंसणविसुद्धं**' નીચેથી લખ્યું છે અહીં. '**जिणलिंगं दंसणेण सुविसुद्धं**' એમ. નીચે છે. આહાહા..!

શ્રોતા :- ઠીક જચતા હૈ એમ પોતે લખે છે.

ઉત્તર :- એમ લખે છે. નહિતર યતિભંગ થાય છે એમ લખ્યું છે. હશે કાંઈક નિયમો એના યતિભંગના. આપણને ક્યાં આવડે છે. સાહિત્યના ઓલા લખવાના શું કહેવાય એ?

'**અર્થ :- જૈસે નિર્મલ આકાશમંડલમેં...** ' નિર્મળ આકાશમંડળ '**તારાઓંકે સમૂહસહિત ચંદ્રમાકા બિંબ શોભા પાતા હૈ,...**' આહાહા..! ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા છે, એટલા તારા છે. ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા. એટલી તારાની સંખ્યા છે આકાશમાં. એ તારામાં એક ચંદ્રમાનું બિંબ શોભે છે. '**વૈસે જિનશાસનમેં...**' વીતરાગમાર્ગમાં. આહાહા..! '**દર્શનસે વિશુદ્ધ...**' સમ્યગ્દર્શન અનુભવ સહિત '**ભાવિત કિયે હુએ તપ તથા વ્રતોંસે નિર્મલ જિનલિંગ હૈ સો શોભા પાતા હૈ.** ' સમ્યગ્દર્શન સહિત જેણે વ્રત ને તપને ભાવ્યા છે એની શોભા છે. આહાહા..! એ વાત આખી પડી રહી. બહારના વ્રત ને તપ ને આચરણ ને ઢસરડા રહી ગયા. સર્પ ગયો અને ઢસરડા રહી ગયા, કહે છે ને. સમજો છો? સર્પ નથી કહેતા સર્પ? સર્પ ગયે અને ઢસરડા એટલે તમારે કાંઈક ભાષા હશે હિન્દી.

શ્રોતા :- સાંપ ચલા ગયા, લકીર રહ ગઈ.

ઉત્તર :- એ લકીર બસ ઈ. સાપ ચલે ગયે અને લકીર પડી રહી. લીસોટા. સાપ નીકળે ને તો ધૂળ હોય ને બહુ ધૂળ? સાપ તો ચાલ્યો ગયો, લીસોટા રહી ગયા. આહાહા..! એમ આખો વીતરાગભાવ.. સમ્યગ્દર્શન એક વીતરાગભાવ છે, સમ્યગ્જ્ઞાન એક વીતરાગભાવ છે, સમ્યક્ચારિત્ર પણ વીતરાગભાવ છે. એ વીતરાગભાવમાં સમ્યગ્દર્શન સહિત જો એ વ્રત ને તપ હોય ભાવેલા અંદર યથાર્થપણે, (તો) જિનલિંગ શોભે છે. તો જિનલિંગ શોભે. આહાહા..! કુંદકુંદાચાર્યના વચન છે આ. લ્યો!

'**ભાવાર્થ :- જિનલિંગ અર્થાત્ નિર્ગ્રંથ મુનિભેષ યદ્યપિ તપ-વ્રતસહિત નિર્મલ હૈ, તો ભી સમ્યગ્દર્શનકે બિના શોભા નહીં પાતા હૈ.**' આહાહા..! વીતરાગ સ્વભાવી આત્મા અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ એની અંતરમાં સમ્યક્ એકાંત દૃષ્ટિ, સમ્યક્ એકાંત તે તરફનું, એ વિના જિનલિંગ શોભે નહિ. એ હોય તો જિનલિંગ શોભે. આહાહા..! '**જિનલિંગ અર્થાત્ નિર્ગ્રંથ મુનિભેષ યદ્યપિ તપ-વ્રતસહિત નિર્મલ હૈ, તો ભી સમ્યગ્દર્શનકે બિના શોભા નહીં પાતા હૈ.**' આહાહા..! કહે છે કે ભલે વ્રત ને તપ બધા નિરતિચાર પાળતા હોય. પણ સમ્યગ્દર્શન વિના એકડા વિનાના મીંડા છે. આહાહા..! જ્યાં સુખનો પંથ હાથ નથી આવ્યો, ત્યાં બધું થોથા છે કહે છે. આહાહા..! સુખનો સાગર આત્મા આનંદની મૂર્તિ આત્મા એટલે કે જિનસ્વરૂપી વીતરાગી આનંદમૂર્તિ પ્રભુ, એની જેને સમીપતાથી પ્રતીતિ, અનુભવ સમ્યક્ નથી (થયા), એના વ્રત ને તપની શોભા કાંઈ નથી. આહાહા..! અત્યારે તો એવા ગોટા વાળે બધા. દેશસેવા કરે એ ધર્મ, ભગવાનની સેવા કરે એ ધર્મ.

શ્રોતા :- .. સાપનો લીસોટો...

ઉત્તર :- એ જુદી વાત છે. એ તો દસ પ્રકારનો ધર્મ તો એ જાતની યોગ્યતાની ફરજ એટલી વાત છે ત્યાં. ઠાણંગમાં દસમે ઠાણે છે. ખબર છે ને. એ જવાહરલાલજી કાઢતા હતા એમાંથી બધું. રાષ્ટ્રધર્મ. એવું આવે છે. પણ રાષ્ટ્રધર્મમાં દેશની એ જાતની યોગ્યતાની ફરજ એટલી. આ મૂળ ધર્મ એ ધર્મની વાત

નથી ત્યાં. દેશધર્મ, નાતધર્મ, કૂળધર્મ એવા બધા ધર્મના દસ ઠાણાંગમાં દસમે ઠાણે છે. એ વખતે આવતા હતા ને બધા બહારના માણસમાં કથન. અહીં લખ્યું એ તો એક પ્રકારના તે તે દેશની એક ફરજ એની યોગ્યતાની, બસ એટલું. ધર્મ એ નહિ. એની સાથે સૂત્રધર્મ, ચારિત્રધર્મ પણ નાખ્યો છે ભેગો. આહાહા..! ભાવશ્રુતજ્ઞાન તે ધર્મ, ભાવ સ્થિરતા અંદરમાં તે ધર્મ. એ વાસ્તવિક ધર્મ. બાકી ઓલા તો કહે ભાઈ! દીકરાઓની ફરજ છે મા-બાપની સેવા કરવી. એનો અર્થ શું? એ ધર્મ છે? આહાહા..! એ તો શુભરાગ છે. પણ એ લૌકિક નીતિનો એ જાતનો ફરજ છે એને ધર્મ કહે છે. વાસ્તવિક ધર્મની વાત કોઈ છે નહિ. આહાહા..!

અહીં તો કહે છે, મુનિ ભેખ ધારણ કર્યો, વ્રત-તપ આદિ ધારણ કર્યા હોય, પણ જેને અંતર સમ્યગ્દર્શન નથી તે કાંઈ શોભાને પામતા નથી. અને એ બધું હોય તો સમ્યગ્દર્શન અને શોભાને પામે એમ કહે છે. આહાહા..! ભાવાર્થ છે ને.

'**જિનલિંગ અર્થાત્ નિર્ગ્રંથ મુનિભેષ**' એ પણ દિગંબર મુનિ ભેખ હોં! આ વસ્ત્રવાળા ભેખ તો દ્રવ્યલિંગ પણ નથી. આહાહા..! અહીં તો વીતરાગમાર્ગની વાત છે, ભાઈ! વીતરાગ માર્ગમાં દ્રવ્યલિંગ એ તો નગ્નપણું હોય છે અને અંદર પંચ મહાવ્રતના પરિણામ હોય છે એ પુણ્યના. એ પુણ્ય છે, બાહ્ય લિંગ છે. અને એને જો સાચા વ્રત ને તપ અંદર હોય પણ એ સમ્યગ્દર્શન હોય તો એ શોભાને પામે એમ કહે છે. જેને સમ્યગ્દર્શનની ખબર નથી, એ શું ચીજ છે? કેમ પ્રાપ્ત થાય? એવા જીવને એ વ્રત ને તપ ને એ બધા રણમાં પોક મૂકવા જેવા છે. આહાહા..! એ સાધુપણું નગ્ન થઈને હજારો રાણીને છોડીને બેસે, પણ અંતર સમ્યગ્દર્શન શું ચીજ છે એનો પત્તો નથી, એ બધા અજ્ઞાનીઓનો ભેખ શોભાને પામતો નથી એમ કહે છે. આહાહા..!

'**ઈસકે હોને પર હી અત્યંત શોભાયમાન હોતા હૈ.**' લ્યો! આત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં પ્રભુ પરમાત્મા છે... આહાહા..! એ પરમાત્માનું જ્યાં ભાન થયું (કે) હું તો પરમાત્મા છું. આહાહા..! વસ્તુએ આત્મા પરમાત્મા છે. આહાહા..! પરમાત્મા ન હોય તો પરમાત્માની પર્યાય પ્રગટ ક્યાંથી થશે? બહારથી આવે છે કાંઈ? આહાહા..! પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા. પરમ સ્વરૂપ કહો, પરમાત્મસ્વરૂપ કહો, પરમપારિણામિક સ્વરૂપ કહો. વિશ્વધર્મની વ્યાખ્યા બીજી કરી. આણે પૂછયું હશે વિદ્યાનંદજીએ. વિશ્વધર્મ એટલે? વિશ્વધર્મ એટલે પારિણામિકભાવ એ વિશ્વ ધર્મ માટે કહું છું. કહો. એમ કહ્યું. રાતે.

શ્રોતા :- ચેતન મહારાજને?

ઉત્તર :- હા ચેતનજીને. ત્યાં. ત્યાં ને? મનસુર બહાર બે ગાઉ. અમે ગામમાં હતા મનસુરમાં. એ બહાર. પારિણામિકભાવ એ વિશ્વ ધર્મ. કહો. ઠીક મૈં કીધું આ લગાવ્યું. એ કાલે કહેતા હતા. આહાહા..!

પરમપારિણામિક સ્વભાવ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, વીતરાગભાવ, અકલંકભાવ, નિર્દોષ સ્વભાવથી ભરેલો પરમાત્મા પોતે, એવા પરમાત્માના સન્મુખની અનુભવની પ્રતીતિ એને સમ્યગ્દર્શન કહે છે. એ

વિનાનું બધું થોથે થોથાં છે. એ વ્રત કરે ને સામાયિક ને પોષા ને પડિક્કમણા બધા એકડા વિનાના મીંડા છે. એ મીંડા કાંઈ એકડા વિનાના સંખ્યામાં આવે નહિ. બિંદી. એક વિના બિંદી. આહાહા..! એ કાલે કહ્યું હતું. મેં કીધું, ભારે લગાવ્યું. એ જાણે કે આ જાતનો માણસ છે. એમ. આહાહા..! જૈનધર્મ એટલે શું? વીતરાગ સ્વભાવ, જૈનધર્મ એટલે વીતરાગભાવ. જય હો વીતરાગભાવનો... જૈનધર્મ. આહાહા..! **'અત્યંત શોભાયમાન હોતા હૈ. '**

૧૪૭. **'આગે કહતે હૈં કિ ઐસા જાનકર દર્શનરત્નકો ધારણ કરો,...'** આમ, મિથ્યાત્વના દોષ અને સમકિતના ગુણ એને જાણીને. એ છ ઢાળામાં આવ્યું ને? જાણીને આ કરવું એમ કહે છે હવે.

**इय णाउं गुणदोसं दंसणरयणं धरेह भावेण।**
**सारं गुणरयणाणं सोवाणं पढम मोक्खस्स।।१४७।।**

આહાહા..! લાખ ઉપાય કરીને, કરોડ ઉપાય કરીને પણ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એનો અંતર સ્વીકાર કર. એનું નામ સમકિત છે. આહાહા..! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ સમકિત છે અને નવ તત્ત્વની શ્રદ્ધા (એ સમકિત) એ બધી વાતું થોથા છે. ભગવાન પોતે દેવસ્વરૂપ છે પરમાત્મા, એને **'दंसणरयणं धरेह'** એના સમકિતને પ્રગટ કર. આહાહા..! બીજી પછી વાત. જ્યાં હજી સમ્યગ્દર્શનના પણ ઠેકાણા નથી, એને વ્રત ને તપ ને સંયમ આવ્યા ક્યાંથી? અજ્ઞાનીએ મનાવી લીધા. બહારના ભેખ ફેરવ્યા, થઈ ગયા સાધુ ને ચારિત્ર.

અહીં તો પરમાત્મા અરિહંતદેવ તીર્થંકર પરમાત્માના હુકમમાં એમ આવ્યું કે, **'હે મુને! તૂ ઇતિ અર્થાત્ પૂર્વોક્ત પ્રકાર સમ્યક્ત્વકે ગુણ... '** આહાહા..! **'ઔર મિથ્યાત્વકે દોષોંકો જાનકર...'** વિપરીત માન્યતામાં મહા સંસાર છે. ભલે વ્રત પાળતો હોય, ઇન્દ્રિય દમન કરતો હોય પણ એ રાગની ક્રિયા છે, એને એ ધર્મ માને છે એ મિથ્યાત્વ છે. આહાહા..! વીતરાગ માર્ગ ઝીણો બહુ. માણસને, જગતને સાંભળવા મળ્યો નથી. બહારનું આ કરો ને આ કરો, વ્રત પાળો ને અપવાસ કરો ને તપસ્યા કરો. ઓલા વળી દેરાવાસી એમ કહે કે મંદિર કરો ને જાત્રા કરો. બધી એકની એક જાત રાગની ક્રિયા છે બધી. આહાહા..! અહીં તો ભગવાન આત્મા પૂર્ણ આનંદનો નાથ વીતરાગમૂર્તિ પ્રભુ આહાહા..! એનું સમકિત ધારણ કર. આહા..! એની સાચી શ્રદ્ધા અને અનુભવ કર. આહાહા..!

**'સમ્યક્ત્વરૂપી રત્નકો ભાવપૂર્વક ધારણ કર. '** આહાહા..! એમ કે ધારણામાં નહિ, પણ ભાવપૂર્વક અંદર અનુભવ કરીને. આહાહા..! ધારણામાં એમ આવે કે આ આત્મા આવો છે ને તેવો છે વિકલ્પથી, એમ નહિ. આહાહા..! કુંદકુંદાચાર્યના વચનો કેવળીના વચનોની તુલનાએ આવે છે. આહાહા..! **'ભાવપૂર્વક ધારણ કર.'** કહે છે કે સ્વભાવ જે આત્માનો પરમાનંદ અને પૂર્ણ સ્વરૂપ પ્રભુ, એને અંતર વીતરાગ પર્યાયથી ધારણ કર સમકિતને. એમ કહે છે. આહાહા..! વિકલ્પથી નહિ, મનથી નહિ, રાગથી નહિ. આહાહા..! આકરી વાત બહુ જગતને. સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર

ન મળે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે તમારે, જાવ સમકિત. હવે વ્રત ને તપ પાળો ચારિત્ર. આહાહા..!

અહીં વીતરાગ પરમેશ્વર ધીરો થઈને, ધીર પુરુષ થઈને જરી અંદર... આહાહા..! તારી બુદ્ધિને વીતરાગભાવ તરફ વાળ. વીતરાગભાવ એટલે આત્મા. આહાહા..! ધી કહ્યું હતું ને ધી. ધીર-ધીર. ધી નામ બુદ્ધિ. એને ધ્યેય, ધ્યાનસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ આત્મા છે, એના પ્રત્યે ધી એટલે બુદ્ધિ, ર એટલે પ્રેર, ત્યાં વાળ ત્યારે તને સમકિત થશે. આહાહા..! પહેલું તો હજી શું કહે છે એ પકડાવું કઠણ પડે. આહાહા..! આ તો વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાનીનું કથન છે. એ કથન સંતો કહી રહ્યા છે. આહાહા..!

કહે છે કે '**સમ્યક્ત્વરૂપી રત્નકો...**' રત્ન છે એ. એ રત્નની કિંમતમાં તને મોક્ષ મળશે. આહાહા..! ત્રણ રત્ન કીધા છે ને. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ રત્ન-ત્રિરત્ન. આહાહા..! અંદર ચૈતન્યરત્ન છે પૂર્ણાનંદનો નાથ, એની પ્રતીતિ સન્મુખ થઈને અનુભવ એ સમ્યગ્દર્શન છે. આહાહા..! ચૈતન્ય હીરલો જેમાં અનંતા પાસા, ગુણના અનંતા નિર્મળ પાસા પડ્યા છે. આહાહા..! એવા આત્મામાં સમ્યકૂરૂપી રત્નને ધારણ કર. આહાહા..! જેવું એનું સ્વરૂપ છે તેવી અંદર જ્ઞાનમાં પ્રતીતિ કર. આહાહા..! જ્ઞાન કરીને પ્રતીતિ કર એમ. જાણીને પ્રતીતિ કર. આહાહા..!

'**યહ ગુણરૂપી રત્નોંમેં સાર હૈ...**' એ આત્માના અનંતા ગુણરૂપી રત્નમાં સમ્યગ્દર્શન સાર છે. '**ઔર મોક્ષરૂપી મંદિરકા પ્રથમ સોપાન હૈ.**' મોક્ષરૂપી મંદિરનું પહેલું પગથિયું-સોપાન. આહાહા..! '**અર્થાત્ ચઢનેકે લિયે પહિલી સીઢી હૈ.**' સમ્યગ્દર્શન તો હજી મોક્ષરૂપી મહેલમાં ચઢવાનું પહેલું પગથિયું છે. આહાહા..! પૂર્ણ વીતરાગમૂર્તિ પ્રભુ એવા આત્માની જેને અંતર સન્મુખ થઈને, નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાય એનાથી વિમુખ થઈને, પૂર્ણની સન્મુખ થઈને... આહાહા..! જેણે રત્ન ધારણ કર્યું એ સાર છે, એ પહેલી સીઢી છે. આહાહા..! મોક્ષની પહેલી સીઢી. એ મોક્ષ મહેલમાં જવાનું પહેલું પગથિયું. પછી ચારિત્ર ને પછી શુક્લધ્યાન અને પછી કેવળજ્ઞાન. આહાહા..!

'**ભાવાર્થ :- જિતને ભી વ્યવહાર મોક્ષમાર્ગકે અંગ હૈં,...**' એમ લખ્યું. '**(ગૃહસ્થકે દાન-પૂજાદિક ઔર મુનિકે મહાવ્રત શીલસંયમાદિક) ઉન સબમેં સાર સમ્યગ્દર્શન હૈ,...**' આહાહા..! એ બધા દાન-શીલ આદિમાં સમ્યગ્દર્શન ન હોય તો એ થોથે થોથા છે એના.

શ્રોતા :- એ વ્યવહાર.

ઉત્તર :- વ્યવહાર રાગથી પુણ્ય બાંધે. દાન, શીલ, તપ ને ભાવથી પુણ્ય બાંધે, ધર્મ નહિ.

શ્રોતા :- ધર્મના ચાર પ્રકાર કીધા.

ઉત્તર :- હા, ધર્મના કહ્યા છે તમારે. વ્યવહાર. નાખ્યું છે ને આણે એમાં. આ ૨૫૦૦ વર્ષનો વિરોધ કરે છે ને. એ નાખે છે રામવિજય. ધર્મના ચાર પ્રકાર કહ્યા છે ભગવાને. દાન, શીલ, તપ ભાવના. એ તો તમે કરતા નથી અને આ બધા .. કરો છો એમ કહે છે. ભગવાને દાન, શીલ, તપ, ભાવ

એ શુભભાવ કહ્યો, એ ભગવાને ધર્મ કહ્યો જ નથી એને. આહાહા..! દાન તો આત્માના સ્વરૂપનું દાન દેવું, અંતર આનંદનો નાથ એને જગાડીને આત્માની પર્યાય પ્રગટ કરીને સંપ્રદાન... છ કારક છે ને? છ કારક નહિ? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. અંતર આનંદનો નાથ એને જગાડીને એને ઢંઢોળીને એકાગ્ર થવું અંદર. આહાહા..! એમાંથી નિર્મળતાની પર્યાય પ્રગટ કરે અને પોતે રાખે એનું નામ દાન છે. બાકી પૈસા ને બૈસા આ ધૂળના દાન, એમાં આત્માને કાંઈ લાભ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કરોડો રૂપિયા ખર્ચે અને કરોડો મંદિર બનાવે, રાગની મંદતા હોય તો મિથ્યાત્વસહિત પુણ્ય બાંધે. મિથ્યાત્વસહિત. આહાહા..!

શ્રોતા :- મિથ્યાત્વને આપ દરેક વખતે આગળ મૂકો છો.

ઉત્તર :- આ બધું ઓલા કહેતા હતા, પુણ્ય બાંધે એટલે કાંઈક સારું કરે છે એમ થઈ જાય એને. એઈ..! આહાહા..!

અહીં તો કહે છે કે '(**ગૃહસ્થકે દાન-પૂજાદિક ઔર મુનિકે મહાવ્રત-શીલસંયમાદિક**) **ઉન સબમેં સાર સમ્યગ્દર્શન હૈં, ઈસસે સબ સફલ હૈં,...** ' જે સમ્યગ્દર્શન આત્માનો અનુભવ. આહાહા..! જેવું એનું પવિત્ર સ્વરૂપ છે એવું જ પવિત્રતાનું (સ્વરૂપ) પ્રતીતિમાં લઈને જેણે પવિત્રતા પ્રગટ કરી છે પર્યાયમાં એ સાર છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો આ માર્ગ છે. એને લોકોએ રાગની ક્રિયામાં સમાડી દીધો. અન્યમાર્ગને જૈનમાર્ગ માન્યો એણે. આહાહા..! '**ઈસલિયે મિથ્યાત્વકો છોડકર...**' રાગની એકતાબુદ્ધિ અને રાગના માહાત્મ્યને છોડી દઈને. આહાહા..! શુભરાગ—દયા, દાન, વ્રત, ભક્તિ પૂજાનો એ રાગનું માહાત્મ્ય છોડી દઈને, એનું માહાત્મ્ય કરે તે મિથ્યાત્વ છે. '**મિથ્યાત્વકો છોડકર સમ્યગ્દર્શન અંગીકાર કરો, યહ પ્રધાન ઉપદેશ હૈ.** ' લ્યો! સંતોનો આ ઉપદેશ મુખ્ય છે.

'**આગે કહતે હૈં કિ સમ્યગ્દર્શન કિસકો હોતા હૈ?**' કોને હોય છે? '**જો જીવ જીવપદાર્થકે સ્વરૂપકો જાનકર...**' જીવના સ્વરૂપને બરાબર જાણીને '**ઉસકી ભાવના કરે, ઈસકા શ્રદ્ધાન કરકે અપનેકો જીવપદાર્થ જાનકર...**' જોયું! આહાહા..! '**જો જીવ જીવપદાર્થકે સ્વરૂપકો જાનકર...**' જીવના સ્વરૂપને જાણીને '**ઈસકી ભાવના કરે,...**' અંદર એકાગ્રતા કરે. '**ઈસકા શ્રદ્ધાન કરકે અપનેકો જીવપદાર્થ જાનકર...**' હું તો પરમાત્મા જીવસ્વરૂપ છું. જીવતી જાગતી જ્યોત ચૈતન્ય છું. આહાહા..! મારામાં એ પુણ્ય અને પાપના વિકલ્પો છે નહિ. '**જીવપદાર્થ જાનકર અનુભવ દ્વારા પ્રતીતિ કરે...**' ભાષા દેખો! એમ શ્રદ્ધા કરે એમ પણ નહિ કહે છે. એ વસ્તુનું સ્વરૂપ છે એને અનુસરીને દશા કરે, સાક્ષાત્ આનંદનું વેદન આવે, એને પ્રતીતિ થાય એને સમકિત કહીએ. આહાહા..!

'**અનુભવ દ્વારા પ્રતીતિ કરે...**' આહાહા..! એ આત્માના આનંદના વેદન દ્વારા પ્રતીતિ કરે કે

આ આત્મા. પંડિતજી! જે સ્વરૂપ જેવું છે એ સર્વજ્ઞે કહ્યું એ હોં! અજ્ઞાનીઓ કહે એમ નહિ. અજ્ઞાનીઓ તો કંઈક આત્માની વાતું કરે છે અત્યારે. પણ પરમાત્મા વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞે એણે જે આત્માનું સ્વરૂપ કહ્યું એવું છે, એવા આત્મસ્વરૂપને જાણી, એની ભાવના કરી એકાગ્ર થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે. આહાહા..! એ '**અનુભવ દ્વારા પ્રતીતિ કરે ઉસકે હોતા હૈ.**' લ્યો! આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે તો સમ્યગ્દર્શન થાય, એમ નથી. આહાહા..! આ દ્રવ્ય સમકિત આરોપીને સાધુપણું આપે છે ને તમારે શ્વેતાંબરમાં. અરે..! પ્રભુ! આ શું?

શ્રોતા :- સાધુનો વેશ કહેવો છે ને.

ઉત્તર :- એ સાધુ એવું બધું. પછી એના અહંકારમાં ચડી જાય. અમે વ્રતધારી છીએ ને અમે તપસ્વી છીએ. આહાહા..! મૂળ એકડો રહી ગયો અંદર.

'**ઈસલિયે અબ યહ જીવ પદાર્થ કૈસા હૈ ઉસકા સ્વરૂપ કહતે હૈં :—**' એમ કહે છે. સંધિ કરી.

**कत्ता भोइ अमुत्तो सरीरमित्तो अणाइणिहणो य।**
**दंसणणाणुवओगो णिद्दिट्ठो जिणवरिन्देहिं।।१४८।।**

કુંદકુંદાચાર્યને પણ આશ્રય લેવો પડે છે. '**जिणवरिन्देहिं**' આમ કહ્યું છે. જિનવર ભગવાને આમ કહ્યું છે એમ. પોતે કહે છે એ જિનવર જ કહે છે.

'**અર્થ :- 'જીવ' નામક પદાર્થ હૈ સો કૈસા હૈ—કર્તા હૈ, ભોક્તા હૈ,...**' દરેકની વ્યાખ્યા કરશે. '**અમૂર્તિક હૈ, શરીરપ્રમાણ હૈ,...**' વ્યાપક નથી. વેદાંત કહે છે ને આ વ્યાપક છે બધે, એમ નથી. શરીર પ્રમાણે આત્મા અંદર ભિન્ન છે. આહાહા..! માટી આ છે એની અંદર ભિન્ન ચૈતન્યપ્રભુ આત્મા અમૂર્તિક-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો અને આનંદગુણ સહિતવાળો. એ શરીર પ્રમાણે એનું અવગાહન છે. એ માટે શરીરપ્રમાણ નાખવું પડ્યું છે. '**અનાદિનિધન હૈ,...**' અનાદિઅનંત છે એ તો. ભગવાન આત્મા અનાદિ જેની આદિ નથી, અંત નથી, નાશ નથી. એ ત્રિકાળી તત્ત્વ છે. આહાહા..! '**દર્શન-જ્ઞાન ઉપયોગવાલા હૈ,...**' જેનો સ્વભાવ જ દર્શન ને જ્ઞાન ઉપયોગ છે. એના ભેદ પાડશે. '**ઈસપ્રકાર જિનવરેન્દ્ર...**' જિનવર ઈન્દ્ર--જિનવરેન્દ્ર '**સર્વદેવ વીતરાગને કહા હૈ.**' આમ જિનવરદેવ પરમાત્માએ ગણધર અને ઈન્દ્રોની સમક્ષમાં ભગવાને આમ કહ્યું છે.

'**ભાવાર્થ :- યહાં 'જીવ' નામક પદાર્થકે છહ વિશેષણ કહે. ઈનકા આશય ઐસા હૈ— ૧- 'કર્તા' કહા, વહ નિશ્ચયનયસે તો અપને અશુદ્ધ ભાવોંકા અજ્ઞાન અવસ્થામેં આપ હી કર્તા હૈ...**' શું કીધું? અશુદ્ધ નિશ્ચયનયથી પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવને અજ્ઞાન અવસ્થામાં આપ હજી કર્તા છે, અજ્ઞાનમાં એનો કર્તા છે. આહાહા..! '**નિશ્ચયનયસે...**' એટલે સ્વની અપેક્ષાથી લઈએ તો '**અપને અશુદ્ધ ભાવોંકા...**' એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ,

ક્રોધના ભાવ એ બધા અશુદ્ધ ભાવ. એ '**અજ્ઞાન અવસ્થામેં આપ હી કર્તા હૈ...**' જેને, આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે, એવું ભાસ્યું નથી એવા અજ્ઞાની એ રાગ-દ્વેષનો કર્તા છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારનયસે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ કર્મોંકા કર્તા હૈ...**' કર્તા નથી પણ પુદ્‌ગલ કર્મ થાય છે એમાં નિમિત્તપણું છે અશુદ્ધ ભાવનું, એટલું ગણીને એને વ્યવહારથી કર્તા કહે છે. '**શુદ્ધનયસે અપને શુદ્ધભાવોંકા કર્તા હૈ.**' લ્યો! આહાહા..! સમ્યગ્જ્ઞાનની દૃષ્ટિથી જોઈએ, શુદ્ધ નિશ્ચયથી જોઈએ તો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એ પવિત્ર, પવિત્ર પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ વીતરાગતાના પરિણામનો કર્તા છે. આહાહા..! '**શુદ્ધનયસે અપને શુદ્ધભાવોંકા...**' એટલે વીતરાગી પર્યાય. રાગ વિનાની વીતરાગી દશા એનો એ કર્તા છે. આ પરમાર્થ છે. વગેરે આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્યેષ્ઠ વદ ૧૦, શનિવાર તા. ૧૫-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૪૮, પ્રવચન - ૧૭૪**

૧૪૮ ગાથામાં જીવના વિશેષણો વર્ણવે છે. જેવું જીવનું સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વરે જોયું એવું જગતમાં સર્વજ્ઞ સિવાય બીજાએ જોયું નથી, જાણ્યું નથી. એથી જીવનું સ્વરૂપ કેવું હોય, વ્યવહારે અને નિશ્ચયે બેય રીતે સર્વજ્ઞે કહ્યું એ રીતે એને જાણવું જોઈએ. કર્તા. એક બોલ આવ્યો હતો કાલે.

'**૧-'કર્તા' વહ નિશ્ચયનયસે તો અપને અશુદ્ધ ભાવોંકા અજ્ઞાન અવસ્થામેં આપ હી કર્તા હૈ...**' નિશ્ચયથી વાસ્તવિક દૃષ્ટિએ... પર્યાયની દૃષ્ટિએ કીધું એ અજ્ઞાન અવસ્થામાં, અજ્ઞાન અને રાગ-દ્વેષનો કર્તા આત્મા છે. કર્મ કર્તા નહિ. એના અશુદ્ધભાવનો કર્મ કર્તા નહિ. અને અશુદ્ધ ભાવ છે ને એમાં? જો અશુદ્ધ ભાવ ન હોય તો પરમ આનંદ હોવો જોઈએ. પરમ આનંદનો અભાવ છે તો ત્યાં અશુદ્ધતા છે. મિથ્યા ભ્રાંતિ, રાગ ને દ્વેષનો ભાવ એ અશુદ્ધ છે. એ અશુદ્ધનું પરિણમન કરનારો અજ્ઞાની આત્મા પોતે છે એમ એણે જાણવું જોઈએ.

'**તથા વ્યવહારનયસે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ કર્મોંકા કર્તા હૈ...**' એક બીજી ચીજ છે એમ કહે છે. જ્યારે આત્મા રાગ અને દ્વેષ ને મિથ્યાત્વ.. સર્વજ્ઞના માર્ગ સિવાય બીજા માર્ગની માન્યતા કરે

ત્યારે એને મિથ્યાત્વભાવ હોય છે. અને એ મિથ્યાત્વભાવનું નિમિત્ત અને નવા કર્મ બંધાય એમાં એ કર્મબંધનમાં એ મિથ્યાત્વભાવ નિમિત્ત છે. એથી કર્મબંધનનો કરનારો વ્યવહારે કહેવામાં આવ્યો. સમજાય છે?

શ્રોતા :- આમાં હેતુ શું સિદ્ધ થયો?

ઉત્તર :- હેતુ સિદ્ધ થયો ને કે અશુદ્ધતા પોતાથી થાય છે અને અશુદ્ધતાનું નિમિત્ત છે જ્યાં એવું એ કર્મ બંધાય એને વ્યવહારે એમ સિદ્ધ કર્યો. એના આત્માની ચીજ આવી છે એમ કહે છે. જીવનું આખું સ્વરૂપ કહેશે ત્યારે જીવનું જેવું સ્વરૂપ છે... માથે કીધું કે **'સમ્યગ્દર્શન કિસકો હોતા હૈ?'** માથે કહ્યું ૧૪૭માં. **'જો જીવ, જીવપદાર્થકે સ્વરૂપકો જાનકર...'** જેવું એનું સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું તીર્થંકરદેવે, એવું જાણીને **'ઈસકી ભાવના કરે,...'** ચૈતન્ય આનંદમય, જ્ઞાન-દર્શન-આનંદમય છે. અશુદ્ધતા પર્યાયમાં છે. એવો એનો સ્વભાવ જાણીને ભાવના કરે. **'ઈસકા શ્રદ્ધાન કરકે, અપનેકો જીવપદાર્થ જાનકર અનુભવ દ્વારા પ્રતીતિ કરે...'** આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્ય એવો અનુભવ કરીને પ્રતીત કરે એને સમ્યગ્દર્શન થાય. આહાહા..! આ તો હજી પહેલી ભૂમિકાની વાત છે. એ કર્તા.

**'ઔર શુદ્ધનયસે અપને શુદ્ધભાવોંકા કર્તા હૈ.'** લ્યો બીજો બોલ આવ્યો. પોતાનું પવિત્ર સ્વરૂપ, આનંદસ્વરૂપ શુદ્ધ એની દૃષ્ટિ થતાં એ પોતે શુદ્ધની દશાનો કર્તા છે. આનંદ અને વીતરાગી પર્યાયનો પરિણમનાર કર્તા એ આત્મા છે. એ શુદ્ધ પરિણમનનો કર્તા બીજી કોઈ ચીજ મદદ કરે તો થાય, એવી એ ચીજ નથી એમ કહે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવે જે સર્વજ્ઞ જ્ઞાનમાં અનંતા આત્માઓ, અનંતા રજકણો, એના અનંત ગુણો, પર્યાયો જોયા એની વાણીમાં એમ આવ્યું, એવું સ્વરૂપ એણે વર્ણવ્યું. એવું એને જાણીને વાસ્તવિક આત્માનો અનુભવ કરે તો તેને સમ્યગ્દર્શન થાય, ધર્મની પ્રથમ દશા થાય એમ કહે છે.

**'શુદ્ધનયસે અપને શુદ્ધભાવોંકા...'** દેખો! એમાં એમ કહ્યું હતું. **'અપને અશુદ્ધભાવોં...'** ત્યાં એમ કહ્યું હતું. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ પોતાના પર્યાયના અશુદ્ધભાવના ભાવ છે. જો અશુદ્ધભાવ ન હોય તો એને ટાળવાનું રહેતું નથી. એટલે અશુદ્ધભાવ કરે છે અજ્ઞાની પોતાથી અને એનું નિમિત્ત પામીને કર્મ થાય તે કર્મનો વ્યવહારે કર્તા ઉપચારથી કહેવાય. વાસ્તવિક એનો કર્તા આત્મા નથી. શુદ્ધનયથી ભગવાન આત્મા ચૈતન્ય આનંદદળ, સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા એવી દૃષ્ટિ થતાં એ શુદ્ધનયની દૃષ્ટિએ નિર્મળ પર્યાયનો કર્તા એ છે. સમ્યગ્દૃષ્ટિ રાગનો કર્તા નથી. આહાહા..! એ તો બપોરે આવે છે ને. ચૈતન્યસ્વરૂપ પોતાનું શુદ્ધ એનો એ કર્તા પર્યાયનો છે. આહાહા..! એમ એણે જાણવું જોઈએ.

**'૨-'ભોક્તા' કહા, વહ નિશ્ચયનયસે તો અપને જ્ઞાન-દર્શનમયી ચેતનભાવકા ભોક્તા હૈ...'** આહાહા..! આત્મા વાસ્તવિક દૃષ્ટિ કરીને જોવે તો આત્મા પોતાના આનંદ અને શાંતિનો

ભોગનારો છે, પર્યાયમાં. '**નિશ્ચયનયસે તો અપને જ્ઞાન-દર્શનમયી...**' જુઓ! આમાં અપને કીધું, ઓલામાં પણ અપને કીધું. પોતાનો જે જ્ઞાન-દર્શન સ્વભાવ છે, જાણક દર્શન સ્વભાવ છે એનો એ ભોક્તા અનુભવનાર છે. શુદ્ધ નિશ્ચયમાં રાગનો પણ ભોક્તા નથી અને પરનો ભોક્તા તો અજ્ઞાની પણ નથી. આહાહા..!

'**વ્યવહાર નયસે પુદ્‌ગલકર્મકે ફલ જો સુખ-દુઃખ આદિકા ભોક્તા હૈ.** ' અર્થાત્ પૂર્વના પુણ્ય-પાપને કારણે સંયોગો અનુકૂળ-પ્રતિકૂળ હોય એના વખતે જે રાગ-દ્વેષને ભોગવે છે એમાં એ નિમિત્તપણું છે એનું, એથી એને વ્યવહારે ભોક્તા કહેવામાં આવે છે. એટલે (ભોક્તા) નથી તેને કહેવું નિમિત્તપણે એનું નામ વ્યવહાર. આહાહા..! શરીર, દાળ, ભાત, રોટલા એનો ભોક્તા આત્મા નથી. એ તો જડ છે. આહાહા..! જડ છે, રૂપી છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ છે. આત્મા અવર્ણ, અગંધ, અસ્પર્શ છે. એ આત્મા જડને ભોગવે અને વેદન કરે એવું હોઈ શકે નહિ. પણ વિકારને જ્યારે ભોગવે ત્યારે નિમિત્ત કર્મના ફળ સંયોગો છે એથી એને વ્યવહારે ભોગવે એમ કહેવામાં આવે છે. આહાહા..! આવું બધું ક્યાં સમજવું? નવરાશ ન મળે એક તો પાપ આડે. સંસારના ધંધા-પાણી. આહાહા..! એમાં વળી...

શ્રોતા :- ..

ઉત્તર :- .. થવાનું હશે તે થયા જ કરે છે. આહાહા..! જે રજકણો એની પાસે આવવાના છે એ આવશે જ, નહિ આવવાના તે નહિ જ આવે.

શ્રોતા :- ધંધો કરવો પડશે જ.

ઉત્તર :- રાગ કરે છે એ ધંધો કરે છે. ધંધો કરી શકતો નથી. રાગ કરી શકે છે અજ્ઞાનભાવે. આહાહા..! રાગનો ધંધો એ કરે. પરનો ધંધો જડનો એ કરી શકતો નથી. આહાહા..! અને રાગને એ અજ્ઞાનભાવે ભોગવે. પરને તો ભોગવી શકતો નથી.

શ્રોતા :- ...

ઉત્તર :- એ સરખું બેઠું નથી. એ વાતું છે ઉપરથી. આહાહા..! એવી વાત છે. સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ આત્મા છે, આત્મા જ સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે એવું જેને અંતર બેસે એને તો જ્ઞાનની પર્યાય, આનંદની એનો જ એ ભોક્તા અને કર્તા છે.

'**વ્યવહાર નયસે પુદ્‌ગલકર્મ...**' એટલે આ શરીરને, સ્ત્રીના શરીરને કે દાળ, ભાત, રોટલાને કે મકાનને, આબરૂને ભોગવે એમ કહેવું એ વ્યવહારનયથી કથન છે. કારણ કે એનામાં રાગ-દ્વેષનું વેદન છે એમાં એ ચીજ નિમિત્ત પડે છે તેથી એને વ્યવહારે ભોગવે એમ કહેવામાં આવે છે. આહાહા..!

'**૩- 'અમૂર્તિક' કહા, વહ નિશ્ચયસે તો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ યે પુદ્‌ગલકે ગુણ-પર્યાય હૈં,...**' એ બધા પુદ્‌ગલગુણની અવસ્થા છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ 'ઈસસે રહિત

**અમૂર્તિક હૈ...'** ભગવાન આત્મા તો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. **'ઇસસે રહિત અમૂર્તિક હૈ ઔર વ્યવહાર સે જબતક પુદ્‌ગલકર્મસે બંધા હૈ તબ તક મૂર્તિક ભી કહતે હૈં.'** વ્યવહારથી કહેવામાં આવે. મૂર્તિક તો મૂર્તિક જ છે. આહાહા..! ચૈતન્યપિંડ પ્રભુ રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ એ તો અમૂર્ત જ છે. પણ મૂર્ત એવા કર્મના, જડના સંબંધે એને ઉપચારથી મૂર્ત કહેવામાં આવે છે. આવું એનું સ્વરૂપ છે. આહાહા..!

**'૪-'શરીરપરિમાણ' કહા, વહ નિશ્ચયસે તો અસંખ્યાતપ્રદેશી લોકપરિમાણ હૈ,...'** જેવો ચૌદ રાજુલોક છે ચૌદ બ્રહ્માંડ એના જેટલા પ્રદેશ છે અસંખ્ય એટલા એક જીવના પ્રદેશ છે. અસંખ્યાતપ્રદેશી લોકપરિમાણ. લૌકિકના માપ જેટલા પ્રદેશ છે એમ. અહીં પ્રદેશ.. અહીં પ્રદેશ.. અહીં પ્રદેશ.. અંદર આત્મામાં. એમ સંખ્યાએ તે અસંખ્ય છે. ... વીતરાગ પરમેશ્વર એને આ અસંખ્ય .. એવી વાત .. અજ્ઞાની આત્મા-આત્મા કરે. વિકલ્પ રહિત થઈ જાવ, વિકલ્પ રહિત થઈ જાવ એમ કહે છે, પણ કેવડો, કેવો .. એના ગુણનું હોવાપણું કેટલું છે? પહોળો કેવડો છે .. એ વાત અજ્ઞાનીના.. સમજાણું કાંઈ? એ કહ્યું. અસંખ્યાત પ્રદેશ છે. જેમ સોનાની સાંકળ આવે ને સોનાની સાંકળ. મકોડા આવે ને મકોડા. એમાં આખી સાંકળી, એમ અસંખ્ય પ્રદેશી આખો આત્મા એને આત્મા કહીએ. અને જેમ સોનાનો મકોડો છે એને અહીંયાં પ્રદેશ કહીએ. પણ એના હજાર કે બે હજાર મકોડા હોય. આને અસંખ્ય પ્રદેશ છે. એવી વાત છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એ વાત ક્યાંય છે નહિ. એવી ... અજ્ઞાનીને બરાબર ... **'પરંતુ સંકોચ વિસ્તારશક્તિસે...'** સંકોચ .. એના અસંખ્ય **'વિસ્તારશક્તિસે શરીરસે કુછ કમ પ્રદેશપ્રમાણ આકારમેં રહતા હૈ.'** અનાદિઅનંત ...

**'૫. - અનાદિનિધન કહા, વહ પર્યાયદૃષ્ટિ સે દેખનેપર... '** વર્તમાન અવસ્થા-હાલત, બદલવું એને **'દેખને પર તો ઉત્પન્ન હોતા હૈ,...'** નવી અવસ્થાથી ઉત્પન્ન થાય, જૂની અવસ્થાથી નષ્ટ થાય. આત્મા સમયની સમયની પર્યાય અનંત ગુણની, એ અનંત ગુણ પણ સર્વજ્ઞમાં હોય, બીજે કોઈ ઠેકાણે હોય નહિ. અસંખ્ય પ્રદેશ અને અનંત ગુણ. આહાહા..! અને અનંત ગુણની એક સમયમાં ઉત્પાદરૂપી પર્યાય હોય છે અને પૂર્વની પર્યાયનો વ્યય, નષ્ટ હોય છે. **'તો ભી દ્રવ્યદૃષ્ટિસે દેખા જાય તો...'** વસ્તુથી જોઈએ તો તો **'અનાદિનિધન સદા નિત્ય અવિનાશી હૈ.'** અવસ્થાથી જોઈએ તો ઉત્પન્ન અને વિનાશ દેખાય છે. વસ્તુથી જોઈએ તો અનાદિઅનંત છે. બેય પડખા એમાં છે. એ પર્યાય ને દ્રવ્ય ને એ બધા સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. જોયું નથી ને કલ્પનાથી વાતું બધાએ કરી છે અજ્ઞાનીઓએ. સમજાણું કાંઈ?

દ્રવ્ય એટલે શું? અને પર્યાય એટલે શું? દરેક આત્મામાં અનંત ગુણ છે સંખ્યાએ. એ અનંત ગુણની, એક સમયમાં—સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત ગુણની અનંતી પર્યાયનું ઉત્પન્ન થવું થાય છે. અને એ અનંતી પર્યાય જે ઉત્પન્ન પહેલી હતી એનો ઉત્પન્ન વખતે ઓલાનો વ્યય થાય છે.

આહાહા..! એવી અવસ્થાદષ્ટિથી જોઈએ તો આવો છે. વસ્તુદષ્ટિથી જોઈએ તો અનાદિઅનંત છે. બેય એનું સ્વરૂપ છે. આહાહા..! એમાં એમ પણ કહ્યો ને એનો અર્થ કે ઉત્પન્ન થાય છે પોતાથી. એમ થયું ને ભાઈ? જેટલા ગુણો છે એની પર્યાયથી ઉત્પન્ન થાય છે એ પોતાથી, પરને લઈને નહિ. કહે છે ને નિમિત્તથી થાય છે. કહે છે કે અનંત ગુણો છે શક્તિએ. ભગવાન વસ્તુ એક અને શક્તિના સામર્થ્યના ગુણોની સંખ્યા અનંત.

.. એને કહીએ કે .. જેમાં અનંતા ગુણો અસંખ્યપ્રદેશમાં .. એની એક સમયમાં અવસ્થા .. અનંતી અવસ્થા ઉત્પન્ન થાય અને બીજે સમયે એનો વ્યય થાય. પહેલા સમયમાં વ્યય થઈને આનો ઉત્પાદ થાય. આહાહા..! .. દ્રવ્યદષ્ટિથી જોઈએ તો અનાદિ-અનંત છે. બેય સ્વરૂપ એના છે. પર્યાયથી ઉત્પન્ન -ધ્વંસ છે અને દ્રવ્યથી સદાય એકરૂપ ... છે. પરને લઈને નહિ, પોતાને લઈને. એ વસ્તુસ્થિતિનો કોઈ કર્તા નથી, એની પર્યાયનો બીજો કોઈ કર્તા નથી. જૈન સંપ્રદાયમાં આવીને પણ જૈન પરમેશ્વરની વાત એ માને નહિ અને અજ્ઞાનીના કહેલા માને, આહાહા..! ઊંધે રસ્તે જઈ ચાર ગતિમાં રખડવાના રસ્તા છે.

સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન (થયું), ત્યારે આત્મા પૂરો થાય છે, ત્યારે આત્મા પૂરો થાય છે. એને એક સમયમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન થાય ત્યારે તો આત્મા પૂરો થાય છે પર્યાયે. દ્રવ્યે તો પૂરો છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પૂર્ણ સર્વજ્ઞ ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની દશા પ્રગટ કરે એ પોતાથી કરે એમ કહે છે. આહાહા..! ત્યારે તે પર્યાયે પૂર્ણ થાય છે. એવો એક એક આત્મા એવો પૂર્ણ થવાની લાયકાતવાળો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**૬-'દર્શન-જ્ઞાન-ઉપયોગસહિત' કહા,...**' કેવો છે ભગવાન આત્મા? દેખવું અને જાણવું એવા સ્વભાવસહિત છે. વસ્તુ સ્વભાવવાન, આત્મા સ્વભાવવાન અને એનું દેખવું-જાણવું એ સ્વભાવ અનાદિઅનંત. '**વહ દેખને-જાનનેરૂપ ઉપયોગસ્વરૂપ ચેતનારૂપ હૈ.**' આહાહા..! વાસ્તવિક આત્મા રાગરૂપે, પુણ્યરૂપે નથી. એનું સ્વરૂપ જ જાણવું, દેખવું, જાણવા-દેખવાનો ભાવ ત્રિકાળ, જાણવા-દેખવાના સ્વભાવસ્વરૂપ '**ઉપયોગસ્વરૂપ ચેતનારૂપ હૈ.**' આહાહા..!

શ્રોતા :- આમાં નય નથી લીધી.

ઉત્તર :- ત્રિકાળ લીધું એમાં નય ક્યાં પછી? વસ્તુ તો એક ત્રિકાળ છે દર્શન-જ્ઞાન-ઉપયોગ એમ. સ્વભાવ બસ. પર્યાયનું પરિણમન ..માં આવી ગયું.

'**ઈન વિશેષણોંસે અન્યમતી અન્યપ્રકાર સર્વથા એકાંતરૂપ માનતે હૈં ઉનકા નિષેધ ભી જાનના ચાહિયે. કર્તા વિશેષણસે તો સાંખ્યમતી સર્વથા અકર્તા માનતા હૈ...**' સાંખ્યમત છે એક કે આત્મા બદલતો જ નથી, પલટતો જ નથી, અકર્તા છે. એની સામે કર્તા કહીને એનો નિષેધ કર્યો. કર્તા ન હોય તો પોતાનું પરિણમન શુદ્ધ કરીને અશુદ્ધને ટાળી નહિ શકે. અશુદ્ધ પરિણમન કરીને

અશુદ્ધનો નાશ, કર્તા ન હોય અને પરિણમન ન હોય તો ન કરી શકે. અજ્ઞાનીને કર્તા સાંખ્યમતિએ માન્યો નથી.

'**ભોક્તા વિશેષણસે બૌદ્ધમતી ક્ષણિક માનકર કહતા હૈ કિ કર્મકો કરનેવાલા તો ઔર હૈ તથા ભોગનેવાલા ઔર હૈ...**' એમ કહે છે ને. .. ક્ષણિક માને છે ને એ તો. કરનાર અનેરો આત્મા, ભોગનાર અનેરો આત્મા એમ બૌદ્ધ કહે છે. એનો નિષેધ છે. જે કરે છે તે જ ભોગવે છે. આહાહા..! નિશ્ચયથી, અશુદ્ધ નિશ્ચયથી તો રાગને કરે છે એ રાગને ભોગવે છે. શુદ્ધ નિશ્ચયથી વીતરાગદશાને કરે છે અને વીતરાગદશાને ભોગવે છે. આહાહા..! આવું સમય સમયનું સ્વરૂપ સ્વતંત્ર વીતરાગદર્શન સિવાય ક્યાંય છે નહિ. લોકોને ભરમાવીને મારી નાખ્યા છે બીજાએ અને ભરમાણા બિચારા પાખંડમાં. આહાહા..! સમજાણું કાંઈ? પંડિતજી! આહાહા..! લ્યો! એ લોકો કહે કે આ એક આત્મા કરે એ બીજો આત્મા ભોગવે. નિત્ય માનતા નથી ને. ક્ષણિક માને છે ને બૌદ્ધ. પહેલા ક્ષણની દશાવાળો કરે, બીજી ક્ષણની અવસ્થાવાળો બીજો ભોગવે.

શ્રોતા :- બાઈ કરે અને ભોગવે ભાયડા.

ઉત્તર :- કોઈ કરતો નથી. બાયડી કરતી નથી અને ભાઈ પણ ભોગતો નથી. બધી જૂઠે જૂઠી વાતું છે. આહાહા..! શરીરનું કોણ કરે? શરીરની ક્રિયા કોણ કરે? રૂપીને કોણ કરે? એ તો કહ્યું ને? રૂપીનો એક એક પરમાણુ વર્તમાન પોતાની પર્યાયને કરે. આહાહા..!

રાતે કહ્યું હતું, નહિ? કે દરેક આત્મા અને દરેક પરમાણુ એક સમયના અનંત ગુણની જે પર્યાય, એ પર્યાયનો ઉત્પાદ, ઉત્પાદ ઉત્પાદને કરે, ધ્રુવને લઈને નહિ. આહાહા..! આવું સ્વરૂપ, આખું ચૌદ બ્રહ્માંડ ભર્યું છે. એ ઉત્પાદ અનંત ગુણની પર્યાયનો જે ઉત્પાદ અવસ્થા ઉત્પન્ન થાય નવી, એનો ઉત્પાદ ઉત્પાદથી થાય છે. ઓહોહો..! એનો સ્વકાળ હોય છે દરેક દ્રવ્યની પર્યાયનો, એ કાળે જ એ ઉત્પાદ થાય, ઉત્પાદથી ઉત્પાદ થાય. આહાહા..! એકલો જ્ઞાતા-દૃષ્ટા છે. જાણે-દેખે એ છે. બાકી કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? અરે..! જૈન પરમેશ્વર જેને સર્વજ્ઞપણું (પ્રગટ થયું), જેને સો ઈન્દ્ર પૂજે. લ્યો આ સાક્ષાત્ ભગવાન તો બિરાજે છે મહાવિદેહમાં. સીમંધર ભગવાન તીર્થંકર કેવળી ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન (છે). એ ભગવાનના મુખે નીકળેલી આ વાણી છે. કહે છે...

શ્રોતા :- ઉત્પાદ ઉત્પાદને કરે...

ઉત્તર :- ત્રણે કાળમાં જે જે સમયનો જે પર્યાય તે સમયનો તે પર્યાય તે પર્યાયને કરે.

શ્રોતા :- ...

ઉત્તર :- એ નિશ્ચય એ જ યથાર્થ, બીજી નય શું? પર્યાયનયે તે તે પોતે પર્યાયનો ઉત્પાદ પર્યાય કરે. આહાહા..!

શ્રોતા :- આ બધું અમારું કર્તાપણું ક્યાં વયું ગયું?

ઉત્તર :- એ કાર્યકર્તાનું ક્યાં ગયું કહે છે આમાં. ધરમચંદભાઈ! આહાહા..! માર્ગ તો આવો બાપુ!

શ્રોતા :- ઘણા દર્દીને સુધાર્યા.

ઉત્તર :- ધૂળેય દર્દીને સુધારતો નથી. આહાહા..!

વસ્તુ અનંત આત્માઓ, અનંત રજકણો અનંતગુણા એના એક સમયની જે એનો સમય છે તે કાળનો જે સમય છે તે સમયની એ અનંત ગુણની પર્યાયનો ઉત્પાદ ઉત્પાદથી થાય છે. આહાહા..! નિમિત્તથી નહિ, દ્રવ્ય-ગુણથી નહિ, પૂર્વ પર્યાયથી નહિ. આ તે કાંઈ ચીજ છે! આહાહા..!

શ્રોતા :- એક સમય પકડી શકતો નથી.

ઉત્તર :- પકડી તો શકે નહિ પણ ખ્યાલમાં તો લઈ શકે છે ને? ખ્યાલ કરી શકે છે ને?

શ્રોતા :- અનુમાનથી જાણી શકે.

ઉત્તર :- હા, જે સમયની જે પર્યાય એ ઉત્પાદ એ સત્ છે. ઉત્પાદ એ સત્ છે. તો સત્‌ને કોઈ પરના હેતુની જરૂર હોઈ શકે નહિ. આહાહા..! એવી દૃષ્ટિ જેની થાય એની દૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય. આહાહા..! છે તો દૃષ્ટિ પર્યાય, દૃષ્ટિ છે એ પર્યાય છે. આહાહા..! આમ જુઓ તો '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ ત્રિકાળ ભગવાન આત્મા ... આમ જુઓ તો સમ્યગ્દર્શનની પર્યાય ... આહાહા..! શ્રીચંદજી! ... આહાહા..! અરે..! એણે સાંભળ્યું નથી. એક રજકણમાં અનંત ગુણ. આ (શરીર) તો એક રજકણ નથી, આ તો અનંતા રજકણનો દળ છે. એનો છેલ્લો પોઈન્ટ એક કટકો (એ) એક રજકણમાં અનંતગુણ છે.

શ્રોતા :- એટલામાં સમાય કેમ?

ઉત્તર :- સમાવું શું? સ્વભાવ છે એનું માપ શું? ક્ષેત્રની શું જરૂર છે. આહાહા..! સ્વભાવ. આ તો રૂપી સ્વભાવની વાત ચાલે છે લ્યો! ઓહોહો..!

એક રજકણમાં અનંત રૂપી ગુણો રૂપવાળા, રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા આહાહા..! એવા અનંત ગુણની એક સમયમાં ઉત્પત્તિ પર્યાય થાય, એ ઉત્પાદ ઉત્પાદથી થાય. દ્રવ્ય-ગુણથી નહિ, પૂર્વ પર્યાયથી નહિ, નિમિત્તથી તો નહિ. આહાહા..! પ્રેમચંદભાઈ! આવું સ્વરૂપ ભગવાન! એવું સ્વરૂપ છે એનું. અરે..! આ વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. આ ચીજ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાનીએ પૂર્ણરૂપ (જોઈ છે) એથી બીજી કોઈ ચીજ હોઈ શકે નહિ. આહાહા..! અરે..! એ દ્રવ્ય ને ગુણની પર્યાય જે થાય છએ દ્રવ્યની તે સમયે થાય અને તે સમયે તેનો વ્યય પૂર્વનો થાય એ એનો સ્વકાળ છે. વ્યય થવાનો સ્વકાળ, ઉત્પન્ન થવાનો સ્વકાળ. ધ્રુવનો સ્વકાળ ભિન્ન રહી ગયો. આહાહા..!

શ્રોતા :- ...

ઉત્તર :- સમજે નહિ શું, આત્મા છે ને. આત્મા છે કે નહિ ઈ? એક ક્ષણમાં અંતર્મુખ કેવળ લે છે. આ વસ્તુ છે એવું તો એને ખ્યાલમાં તો લે. છે કોઈ ચીજ. તો છે તો છે શું? એટલું તો ખ્યાલમાં આવવું

જોઈએ ને. કે આત્મા અને રજકણો છે. છે એમ કહેવું હોય ત્યારે એ છે તો શું છે એ? આત્મા છે તો એમાં અનંત ગુણો છે. અનંત ગુણ છે તો એની અનંતી પર્યાય છે. એ છે એમાં આ બધું આવી જાય છે. એમ રજકણો છે અજીવ, અજીવ છે, એમ આ અજીવ છે તો અનંત અજીવ છે એમાં એક એક અજીવ રજકણ અનંત ગુણવાળો છે. છે તો અનંત ગુણવાળો છે અને અનંતી પર્યાયવાળો છે. વસ્તુ આ છે. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીઓએ કલ્પનાથી ઘોડા દોડાવીને બધાએ વાતું કરી. સર્વજ્ઞ સિવાય જેટલા પંથો છે વીતરાગ માર્ગ સિવાય બધાએ કલ્પના, કલ્પનાની વાતું ઘોડા દોડાવ્યા છે. જોયું નથી એણે કાંઈ કોઈનું સ્વરૂપ.

શ્રોતા :- આ કાળમાં સમન્વય કરવો જોઈએ.

ઉત્તર :- આ કાળમાં સમન્વય કરે. ખોટું ને સાચું બેય છે એ સમન્વય. ખોટું ને સાચું બે સરખા છે એમ નહિ.

શ્રોતા :- ...

ઉત્તર :- એમ થયું ને. જૂઠા માનનારા પણ છે, સાચા માનનારા પણ છે. છે એમાં સમન્વય આવી ગયો. આહાહા..! શું થાય?

શ્રોતા :- જૂઠાને જૂઠા તરીકે...

ઉત્તર :- સાચું છે ને એ. જૂઠું તરીકે પણ એ સત્ છે કે નહિ? જૂઠું પણ છે કે નહિ? કે જૂઠું નથી? આહાહા..! લોજિકથી, ન્યાયથી તો એણે સમજવું જોઈએ. આહાહા..!

એક એક આત્મા પરિપૂર્ણ ગુણનો નાથ અને એનું પૂર્ણ રૂપ પર્યાય પ્રગટ થાય ત્યારે પૂર્ણ રૂપ એનું છે. ત્યારે એ આત્માની પૂરી દશા અને પૂર્ણ રૂપ થાય છે, પછી એથી આગળ કોઈ ચીજ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! લાકડા ગરી ગયા હોય ને ઓલા ઊંધા એટલે આ વાત બેસે નહિ કોઈ રીતે. મિથ્યાત્વના લાકડા પેઠા હોય ને બહારના અન્યમતિના કથન સાંભળીને. આહાહા..!

ભોક્તા છે. '**જો જીવ કર્મ કરતા હૈ ઉસકા ફલ વહી જીવ ભોગતા હૈ, ઈસ કથનસે બૌદ્ધમતીકે કહનેકા નિષેધ હૈ.**' ભગવાન આત્મા એક સમયમાં જે રાગાદિને, શુદ્ધાદિને કરે એ જ જીવ પાછો શુદ્ધને ભોગવે ને અશુદ્ધને ભોગવે. જીવ બીજો આવતો નથી, પર્યાય બીજી થઈ. કરે તે જ ભોગવે અને ભોગવે તે જ કરે, અહીં તો એની વાત છે. બૌદ્ધ કહે છે કે અનેરો કરે અને અનેરો ભોગવે. સર્વજ્ઞ સિવાય જેટલા પંથો છે એ બધા પાખંડ પંથો છે બધા. નરક અને નિગોદમાં જવાના રસ્તા છે. બહારથી તો લાગે સારા. વિકલ્પ રહિત થઈ જાઓ, વિકલ્પ રહિત થઈ જાઓ. વિકલ્પ રહિત થઈ જાઓ તો વિકલ્પ છે શું? અને થઈ જાઓ તો એ પર્યાયમાં થાય છે કે ગુણમાં થાય છે? .. આ રહિત થાવ. તો એનો અર્થ એ શું દશા છે એ? એ કોઈ અવસ્થા છે? કોઈ ગુણ છે? કે ત્રિકાળ દ્રવ્ય છે? એના ભાન વિના વિકલ્પ રહિત થઈ જાવ. શું વિકલ્પ રહિત થાય? અસ્તિત્વ કેવડું છે? એક એક આત્મા

અનંત ગુણવાળું અસ્તિત્વ, એના અસ્તિત્વની પર્યાયો અનંતી, એવા અસ્તિત્વની હયાતી ઉપર દૃષ્ટિ પડતાં વિકલ્પનો નાશ થાય. એકલો વિકલ્પનો નાશ થાય તો નાસ્તિ થઈને જડ થઈ જશે. સમજાણું કાંઈ? એ કહે છે કે આવું અસ્તિત્વ છે જીવનું અનંતગુણવાળું દ્રવ્ય સ્વભાવ, એની અનંતી પર્યાય એવું અસ્તિત્વ છે. એવા અસ્તિત્વની અંદર મહા અસ્તિત્વમાં દૃષ્ટિ પડતાં એની વિકલ્પની એકતા તૂટી જાય છે. એ વિના વિકલ્પની એકતા ત્રણ કાળમાં તૂટે નહિ. સમજાણું કાંઈ? અસ્તિત્વ કેવડું છે એમાં પગ મૂક્યા વિના નાસ્તિત્વ રાગનું થઈ શકે જ નહિ કોઈ દિ'. હવે અસ્તિત્વ કેવડું અને ક્યાં છે એની તો વાત ન મળે. એ અહીં કહે છે અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું અસ્તિત્વ છે એનું. આહાહા..! એવા પૂર્ણ અસ્તિત્વ ઉપર...

શ્રોતા :- ... આવ્યા છે ને ..

ઉત્તર :- એ શું સમજે? સાંભળ્યું ન હોય કોઈ દિ'. રોટલા ખાધા હોય અને કર્યું હોય આખી જિંદગી રળવાનું.

શ્રોતા :- પૂજા, ભક્તિ કરે.

ઉત્તર :- પૂજા-ભક્તિ. કોઈ દિ' સાંભળ્યું ન હોય બાપ-દાદાએ. સ્થાનકવાસીમાં એ વાત નથી અને દેરાવાસીમાં પણ નથી, અન્યમતમાં તો એ છે નહિ. આહાહા..! માર્ગ આવો છે. એવો છે. અભ્યાસ કરવો પડશે એણે. આહાહા..! પણ અહીં સાદી ભાષામાં તો આવે છે કે તું છો કે નહિ કોઈ ચીજ? કેટલા ક્ષેત્રમાં છો એ જાણ્યું છે કોઈ દિ' તેં?

શ્રોતા :- ...

ઉત્તર :- ધૂળ કમાય? એનું ક્ષેત્ર કેટલું છે? પહોળો કેટલો છે? કોઈપણ ચીજ હોય તો એનું અવગાહન હોય ને આમ પહોળું? એ કેટલામાં છે એ સાંભળ્યું છે? જોયું છે કોઈ દિ'? આહાહા..! અને એ અવગાહનમાં પ્રદેશો કેટલા છે ઈ? અને એ પ્રદેશ દીઠમાં અનંત ગુણ કેટલા છે? આહાહા..! દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એની પહોળાઈ, ગુણ એના વ્યાપેલા અનંતા ગુણ એના ભાવ અને એની વર્તમાન થતી અવસ્થા એનો કાળ. આ રીતે પૂર્ણ વસ્તુ છે. સમજાણું કાંઈ?

શ્રીમદ્દે પણ એને ઓલો કેવો? ત્રિપાઠી સૂર્યરામ. ત્રિપાઠી એને લખેલું શ્રીમદ્દે એ વખતે. ઓલો વેદાંતી હતો. પણ એને કાંઈ માણસ નરમ હશે એમ લાગે છે. એટલે શ્રીમદ્દે લખેલું. આપણે આત્માની વ્યાખ્યા ચાર પ્રકારે કહી શકીએ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. બહુ ગંભીર વસ્તુ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. તો એમાંથી અદ્‌ભુતતા નીકળે એવું છે એમ કહ્યું છે એણે. પત્રમાં છે. કારણ કે ઓલો વેદાંતી ખરો ને સર્વવ્યાપક એક જ આત્મા. એક જ વાત. આત્મા નહિ. બસ આત્મા થઈ રહ્યો. આત્મા-આત્મા. આહાહા..! શું આત્મા પણ? અનિર્વચનીય. એટલું તો વચન કહેવાણું ને? એટલો ઈશારો તો આવ્યો કે નહિ?

શ્રોતા :- એણે કાંઈક બતાવ્યું તો ખરું.

ઉત્તર :- બતાવ્યું બતાવ્યું. દ્રવ્ય છે એ અનંત ગુણ અને પર્યાયનો પિંડ તેને દ્રવ્ય કહીએ. ક્ષેત્ર છે એ અસંખ્યપ્રદેશી પહોળો છે તેને ક્ષેત્ર કહીએ. ભાવ એમાં અનંત શક્તિઓ રહેલી છે તેને ભાવ કહીએ અને પરિણતિ જે થાય પર્યાય એને કાળ કહીએ. આહાહા..! આવી વ્યાખ્યા. એણે પૂછ્યું હતું શ્રીમદ્. ઓલો એકાંત માને જાણે આત્મા. શું આત્મા આત્મા પણ? આત્માનું દ્રવ્ય કેવું? ક્ષેત્ર કેટલું? કાળ કેટલો? ભાવ કેવો? એના ભાન વિના તો આત્મા-આત્મા. આહાહા..! સાંભળ્યું છે? મનસુખરામ ત્રિપાઠી? સૂર્યરામ ત્રિપાઠી. પત્રમાં છે. એથી અહીંયાં કહ્યું, ભોક્તા જીવ છે અને એનો એ કર્તા અજ્ઞાનનો પણ કર્તા અને અજ્ઞાનનો ભોક્તા પર્યાયે. સ્વભાવનો કર્તા અને સ્વભાવનો ભોક્તા.

‘‘**અમૂર્તિક' કહનેસે મીમાંસક આદિ ઈસ શરીરસહિત મૂર્તિક હી માનતે હૈં,...**' એ તો મૂર્ત જ છે. કર્મ અને શરીર છે એને અમૂર્ત નથી એમ માને છે. એનો નિષેધ છે. ‘‘**શરીરપ્રમાણ' કહનેસે નયાયિક, વૈશષિક, વેદાંતી આદિ સર્વથા, સર્વવ્યાપક...**' એ કેટલા ક્ષેત્રમાં છે એ (કંઈ નહિ), બસ છે, એ થઈ રહ્યો આત્મા. અજ્ઞાનીઓએ આત્માની વાત કરી આત્મા એમ. પણ કેટલામાં, ક્યાં છે એ નહિ. એ બધું છે એમાં. બધામાં ભળી જાવ. બધા આત્માનું વ્યાપકપણું છે એનો એક અંશ છે આ આત્મા. એ અંશ એની પ્રાર્થના અને ભક્તિ કરે તો અંશ અંશમાં ભળી જાય.

શ્રોતા :- જ્યોતમાં જ્યોત ભળી જાય.

ઉત્તર :- ધૂળેય મળે નહિ. સત્તા ખોવાઈ જાય? પોતાની સત્તા જે ભિન્ન છે એ સત્તા પરમાં ભળી જાય? અભાવ થઈ જાય? આહાહા..!

‘‘**શરીરપ્રમાણ' કહનેસે નયાયિક, વૈશેષિક, વેદાંતી આદિ સર્વથા, સર્વવ્યાપક માનતે હૈં...**' સર્વથા સર્વવ્યાપક માને છે. ‘**ઉસકા નિષેધ હૈ. ‘અનાદિનિધન' કહનેસે બૌદ્ધમતી સર્વથા ક્ષણસ્થાયી માનતા હૈ,...**' ક્ષણિક જ આત્મા. સમય સમયનો આત્મા, ત્રિકાળ નહિ. ‘‘**દર્શનજ્ઞાનઉપયોગમયી' કહને સે...** ' ભગવાન આત્મા દેખવા અને જાણવાના વેપારવાળો, શક્તિવાળો છે. એની શક્તિ તો દર્શન ને જ્ઞાન એ મુખ્ય વસ્તુ છે. ‘**સાંખ્યમતી તો જ્ઞાનરહિત ચેતનામાત્ર માનતા હૈ,...**' વળી જાણવું શું? વળી જાણવું શું? ઉપાધિ છે એમ. જાણવું એનો સ્વભાવ છે. સ્વને અને પરને જાણવું એવો તો એનો સ્વભાવ છે. આહાહા..! પૂર્ણ દર્શન અને પૂર્ણ જ્ઞાન થઈ જાય ત્યારે એની આત્માની પૂર્ણતા વીતરાગદેવમાં વર્ણવવામાં આવી છે. એના પછી વળી બીજું કાંઈક છે, અજ્ઞાન છે એના પછી. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! માંડ માંડ મળ્યું એમાં પાછા ક્યાંકના ક્યાંક લાકડા ગરી ગયા બિચારાને. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને, એક એક આત્મા એવા અનંત આત્માઓ, એક એક રજકણ એવા અનંત રજકણો, એને અનાદિઅનંત જોયો અને પર્યાયથી સાદિસાંત જોયો. એવું જ એનું સ્વરૂપ છે.

'**નૈયાયિક, વૈશેષિક ગુણગુણીકે સર્વથા ભેદ માનકર જ્ઞાન ઔર જીવકે સર્વથા ભેદ માનતે હૈં,...**' જ્ઞાન જુદું અને આત્મા જુદો એમ માને છે. એ આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ જ છે. ચૈતન્યબ્રહ્મ ભગવાન આત્મા, આનંદબ્રહ્મ જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. એ એનું સ્વરૂપ જ એવું છે. જાણવું એ કાંઈ ઉપાધિ નથી. આહાહા..! ઝીણી વાતું ભારે. આ ઝીણું છે હોં એ કહે છે એમાં. શું કહે છે?

ગુણી એવો આત્મા અને જ્ઞાનગુણ બે જુદા છે. જેમ સાકર અને ગળપણ બે જુદા છે એમ કહે છે. સાકર જુદી અને ગળપણ જુદું. ગળપણ જુદું તો પછી સાકર ક્યાં રહી? એમ આત્મા જુદો અને એનું જ્ઞાન જુદું. તો જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. જાણક સ્વભાવનો પિંડ આત્મા છે. વળી જ્ઞાન જુદું અને આત્મા જુદો ક્યાં આવ્યો? આહાહા..! થોડે ફેરે મોટો ફેર છે. અજ્ઞાનીઓને આ મગજમાં હાથ આવે એવું નથી. આંખ મીંચીને કરો ધ્યાન. શેના? જડના. આંખો મીંચો, આંખો મીંચો. શું પણ મીંચે? મીંચે તો જડ છે આ તો. એનું મીંચવું થાય એ જડથી થાય. પછી અંદર દેખાય અંધારા. અંધારાનો જાણનાર જે છે ચૈતન્ય એ ભિન્ન તત્ત્વ છે. એ અંધારાથી અને આંખથી ભિન્ન તત્ત્વ છે. આહાહા..! છતાં આ તત્ત્વો છે. અંધારુ અને આંખ એ તત્ત્વો છે અજીવ, પણ એનાથી જાણનારું તત્ત્વ ભિન્ન તદ્દન જુદું છે. જ્ઞાનને સર્વથા ભેદ માને છે.

'**બૌદ્ધમતકા વિશેષ વિજ્ઞાનાદ્વૈતવાદ જ્ઞાનમાત્ર હી માનાતા હૈ...**' બૌદ્ધનો એક પંથ (એમ માને છે કે) બધું જ્ઞાન જ છે, બધું જ્ઞાન જ છે. આખી દુનિયા જ્ઞાન જ છે બસ. જ્ઞાન સિવાય કોઈ બીજી ચીજ નથી એમ જ માને છે. એનો નિષેધ કર્યો લ્યો. '**ઔર વેદાંતી જ્ઞાનકા કુછ નિરૂપણ હી નહીં કરતા હૈ,...**' વળી જ્ઞાન અને આત્મા આ બે શું? દ્વૈત થઈ ગયો એમ કહે છે. અદ્વૈત માને છે ને. આત્મા અને આત્માનું જ્ઞાન, આત્મા અને આત્માનો અનુભવ આ શું? દ્વૈત થઈ ગયું. એમ નથી માનતું. એવું કાંઈ નથી. '**વેદાંતી જ્ઞાનકા કુછ નિરૂપણ હી નહીં કરતા હૈ, ઈન સબકા નિષેધ હૈ.**' લ્યો!

'**ઈસપ્રકાર સર્વજ્ઞકા કહા હુઆ...**' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની હયાતીમાં મહાવીર ભગવાનની હયાતીમાં ભગવાને કહ્યું, સીમંધર ભગવાનની હયાતીમાં ભગવાન ત્યાં કહે છે મહાવિદેહમાં અત્યારે. કેવળજ્ઞાની પરમાત્મા એને.. '**અપનેકો ઐસા માનકર...**' જીવનું સ્વરૂપ સર્વજ્ઞે કહ્યું એમ જાણીને '**અપનેકો ઐસા માનકર...**' એવો પોતાના સ્વભાવ અને અશુદ્ધતા છે એમ જાણીને '**શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ કરના ચાહિયે.**' આહાહા..! આત્મા એક... શ્રદ્ધારૂપી પ્રતીતિ તો પર્યાય છે, પ્રતીતિ પર્યાય છે. પર્યાયમાં આવો આત્મા પૂર્ણ શુદ્ધ છે, સર્વજ્ઞ થઈ શકે છે, પૂર્ણ પર્યાય પ્રાપ્ત કરી શકે છે એવો હું છું એવી શ્રદ્ધા—પ્રતીત કરવી. આહાહા..!

'**જીવ કહનેસે અજીવ પદાર્થ ભી જાના જાતા હૈ.**' લ્યો! કહ્યું? જીવ એનું સ્વરૂપ કહ્યું હતું એમ જાણી, અજીવ પણ ચીજ છે. જીવની સામે જીવની જાતથી વિરુદ્ધ જાતવાળી એક અજીવ (ચીજ) છે. આ રજકણો બધા શરીરના, વાણીના, મનના એ બધી અજીવ ચીજ છે જગતની. તો એને પણ

જાણવું જોઈએ. એનામાં નથી અને અજીવ અજીવમાં છે. જીવમાં નથી, અજીવ અજીવમાં છે એમ એણે જાણવું જોઈએ. આહાહા..! **'અજીવ ન હો તો જીવ નામ કૈસે હોતા?'** આને જીવ કહેવો એનો અર્થ કે અજીવ બીજી ચીજ છે. આને આત્મા કહેવો તો બીજી ચીજ અનાત્મા છે. આહાહા..! એક જ આત્મા માને અને અજીવને ન માને એ મૂઢ જીવ છે. મિથ્યાત્વના પોષક છે, નિગોદમાં જવાના છે.

શ્રોતા :- ...

ઉત્તર :- એની દૃષ્ટિ મિથ્યાત્વનું ફળ નિગોદ છે. મિથ્યાત્વનું ફળ નિગોદ છે. કેમકે જ્યાં જ્ઞાનના અક્ષરના અનંતમા ભાગની દશા રહી ગઈ, વિકાસ હોં. વસ્તુ સ્વભાવ તો પૂર્ણ છે. અક્ષરનો અનંતમો ભાગ રહી ગયો છે પર્યાયમાં. એને જીવ કોણ કહે? એક નિગોદની એક કટકી અસંખ્ય શરીર, એક શરીરમાં અનંતા જીવ, એક જીવમાં અનંતા ગુણો, એક એક જીવની અનંતી પર્યાય. કોણ કહે? આ માને કોણ? આહાહા..! એટલે કહે કે જીવ કહેતા જ બીજી ચીજ એક અજીવ છે. વેદાંત તો એક જીવને જ માને છે, અજીવને માનતા નથી. આ વળી સાંખ્યવાળા અજીવને માને.

શ્રોતા :- એ જીવને ન માને.

ઉત્તર :- એ જીવને ન માને. આ બધું...

શ્રોતા :- ...

ઉત્તર :- એ હવે કોક. બાકી તો શું કહે છે? અજીવને શું કીધું? કાંઈક ભાષા છે. મેટર. બસ મેટર. મેટર કહે છે. ખબર છે ને. આ તો મેટર બધું છે. બીજું-ફીઝું કાંઈ નહિ. પણ મેટરનો જાણનારો કોણ? મેટર મેટરને જાણે? આહાહા..! જાણનાર કોણ? કે એ આત્મા. જાણક સ્વભાવથી ભરેલો ભગવાન છે. અને તે પૂર્ણ કેવળજ્ઞાન થાય ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની દશા થાય ત્યારે એ આત્મા પૂરો થાય. પછી વળી ... કોઈ હોતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'અજીવ ન હો તો જીવ નામ કૈસે હોતા? ઈસલિયે અજીવકા સ્વરૂપ કહા હૈ, વૈસા હી ઉસકા શ્રદ્ધાન આગમ-અનુસાર કરના.'** ભગવાનની વાણીમાં આવ્યું છે અજીવનું સ્વરૂપ એમ જાણવું જોઈએ. **'ઈસપ્રકાર અજીવ પદાર્થકા સ્વરૂપ જાનકર ઔર ઈન દોનોંકે સંયોગસે અન્ય આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ...'** થાય છે. જીવ જ્ઞાનાનંદ સ્વભાવ હોવા છતાં કર્મ અજીવ છે એ પણ ચીજ થઈ. અને એના સંયોગે જે દયા, દાન, વ્રત, વિકલ્પ ઊઠે, હું ધ્યાન કરું, હું આમ કરું એવો જે વિકલ્પ છે એ રાગ છે, એ આસ્રવ છે, એ ભાવબંધ છે. એ રાગ છે, વિકલ્પ ઊઠે છે વૃત્તિઓ એ ભાવબંધ છે. સંવર-નિર્જરા પણ છે. એ આત્માના અંતર સ્વરૂપનો આશ્રય કરીને જેટલો આસ્રવ ટળે છે તેટલી શુદ્ધતા પ્રગટે છે પર્યાયમાં, એ શુદ્ધતા પ્રગટે તેને સંવર કહીએ. અને શુદ્ધતા વધે તેને નિર્જરા કહીએ અને શુદ્ધતા પૂર્ણ થાય તેને મોક્ષ કહીએ. આહાહા..!

**'ઈન ભાવોંકી પ્રવૃત્તિ હોતી હૈ.'** આ પણ ભાવ છે કહે છે. જેમ જીવ છે, એમ અજીવ છે.

જીવના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જીવ છે. અજીવ પણ એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં અજીવ છે. હવે બેના સંગમાં આત્મામાં જે પુણ્ય અને પાપના ભાવ થાય, શુભ-અશુભ લાગણી દયા, દાન, વ્રત, ભક્તિ, ધ્યાન કરું એવો વિકલ્પ એ બધો આસ્રવ છે. આહાહા..! એ અટકેલો ભાવ એ બંધ છે. રાગમાં અટકતો ભાવ એ બંધ છે અને સંવર ને નિર્જરા ને મોક્ષ એ શુદ્ધ છે. એ આત્માના પરિપૂર્ણ સ્વભાવને આશ્રય કરીને જે શુદ્ધતા પ્રગટ થાય, ધર્મ પ્રગટ થાય એનું નામ સંવર અને શુદ્ધિ વૃદ્ધિ પામે એનું નામ નિર્જરા અને પૂર્ણ શુદ્ધતા થાય તેનું નામ મોક્ષ. પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા થાય. દ્રવ્ય તો શુદ્ધ છે એ. ગુણ તો શુદ્ધ છે. આહાહા..! એ પર્યાયની પૂર્ણતા થાય તે મોક્ષ.

'**ઈન ભાવોંકી પ્રવૃત્તિ હોતી હૈ. ઈનકા આગમકે અનુસાર સ્વરૂપ જાનકર...**' ભગવાનના કહેલા શાસ્ત્રો એ ગુરુગમે જાણીને '**જાનકર શ્રદ્ધાન કરનેસે સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોતી હૈ,...**' આહાહા..! '**ઈસપ્રકાર જાનના ચાહિયે.**' લ્યો! વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૮, સોમવાર તા. ૨૧-૧૨-૧૯૭૦**
**ગાથા - ૧૪૮-૧૪૯, પ્રવચન - ૧૫૪**

'અષ્ટપાહુડ'માં ભાવપાહુડ. ત્યાં આવ્યું હતું વચમાં, જુઓ! વળી, '**દર્શન-જ્ઞાન ઉપયોગસહિત કહને સે,...**' વચમાં છે. આ જીવ છે એ દર્શન-જ્ઞાનઉપયોગમય સ્વરૂપ છે. વિકાર કે શરીરમય એ ચીજ છે નહિ. '**દર્શનજ્ઞાનઉપયોગમયી કહનેસે સાંખ્યમતી તો જ્ઞાનરહિત ચેતનામાત્ર માનતા હૈ,...**' ચેતના છે પણ એમાં જ્ઞાન છે, જાણવું છે એવું છે નહિ. તો એ વસ્તુ ખોટી છે. '**નૈયાયિક, વૈશેષિક ગુણગુણીકે સર્વથા ભેદ માનકર...**' ગુણી આત્મા અને ગુણ જ્ઞાન દર્શન સર્વથા જુદા માને છે. એથી અહીંયાં જ્ઞાનદર્શનઉપયોગમયી કહ્યો. આત્મા જાણવા-દેખવાના ઉપયોગમય અભેદ સ્વરૂપ છે. ગુણી જુદો અને ગુણ જુદો એવું નથી. સમજાણું? જાણનાર-દેખનાર સ્વભાવવાન એ સ્વભાવથી અભેદ છે. જાણવું-દેખવું જુદું છે અને જાણનાર-દેખનારો જુદો છે એમ નથી.

'**ગુણગુણીકે સર્વથા ભેદ માનકર જ્ઞાન ઔર જીવકે સર્વથા ભેદ માનતે હૈં, બૌદ્ધમતકા વિશેષ વિજ્ઞાનાદ્વૈતવાદી જ્ઞાનમાત્ર હી માનતા હૈ...**' બૌદ્ધનો એક ભાગ છે એ વિજ્ઞાન જ એકલું માને છે. જગતમાં એકલું વિજ્ઞાન છે. વિજ્ઞાનમય આત્મા કે એવું કાંઈ નહિ. વિજ્ઞાન એકલું માને એ પણ જૂઠું. '**ઔર વેદાંતી જ્ઞાનકા કુછ નિરૂપણ હી નહીં કરતા હૈ,...**' વેદાંત તો અદ્વૈત માને છે ને

અદ્વૈત વળી. જ્ઞાન અને આત્મા એવા બે ભેદ પણ નથી એને તો. એ તદ્દન જૂઠું છે. '**વેદાંતી જ્ઞાનકા કુછ નિરૂપણ હી નહીં** કરતા હૈ,...' કાંઈ નિરૂપણ જ નહિ કે આત્મા છે એ જાણે છે, જાણવાનું કાંઈ (કાર્ય કરે છે), પણ જાણવાનું માને તો તો પર્યાય થઈ ગઈ. અને ગુણ ને ગુણી બે ચીજ થઈ ગઈ. બે તો માનવું નથી. '**વેદાંતી જ્ઞાનકા કુછ નિરૂપણ હી નહીં** કરતા **હૈ, ઈન સબકા નિષેધ હૈ.**'

'**ઈસપ્રકાર સર્વજ્ઞકા કહા હુઆ જીવકા સ્વરૂપ જાનકર...**' છે ને શબ્દ? એ જ્ઞ રહી ગયો છે. છે ને એમાં? '**ઈસપ્રકાર સર્વજ્ઞકા કહા હુઆ...**' સર્વજ્ઞ પરમાત્મા જેના મતમાં છે એના મતમાં ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવ્યા અને એની વાત સાચી છે. જેનો સર્વજ્ઞ મત જ નથી અથવા જેણે સર્વજ્ઞસ્વભાવી જીવપદને માન્યો જ નથી, એથી સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળને જાણે એવી પર્યાય પણ એને હોતી નથી. વસ્તુ પોતે સર્વજ્ઞસ્વરૂપી જ છે. એટલે કે જ્ઞાનસ્વભાવી આત્મા તો જ્ઞાનમાં વળી અપૂર્ણતા શું? જ્ઞાન પૂર્ણ... પૂર્ણ.. પૂર્ણ... સર્વ પૂર્ણ જ્ઞાન. એવો જ એનો સ્વભાવ છે. એવી દશા પ્રગટે એને સર્વજ્ઞતા થાય. પણ જેણે જ્ઞાનસ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ જ માન્યો નથી એને સર્વજ્ઞપણું હોય નહિ. સમજાણું કાંઈ? છે? ત્યાં શેઠ? આવ્યું છે કે નહિ? જ્ઞ શબ્દ જોઈએ, જ્ઞ શબ્દ જોઈએ.

'**સર્વજ્ઞકા કહા હુઆ જીવકા સ્વરૂપ જાનકર...**' એમ કહે છે. સર્વજ્ઞ પરમેશ્વર એણે ત્રણકાળ ત્રણલોક જાણ્યા છે એના કહ્યા પદાર્થને જાણી, '**અપનેકો ઐસા માનકર...**' પોતે એમ માને. '**શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ કરના ચાહિયે.**' ભગવાને આત્માને જ્ઞાનમય કહ્યો છે, શરીર પ્રમાણે કહ્યો છે, ભાનભાવે શુદ્ધ ચેતના નિર્મળ અવસ્થાનો કરનાર છે, અજ્ઞાનભાવે વિકારનો કર્તા છે. એવું એવું ભગવાને કહ્યું છે એવું જાણી '**અપનેકો ઐસા માનકર...**' જ્ઞાન-દર્શનમય છું, જાણવા-દેખવાના ભાવસ્વભાવ છું. આખી દુનિયાને ઉદાસીનતાથી હું તો જાણું. જાણવું અને દેખવું એ સિવાય મારો કોઈ સ્વભાવ નથી. એવી '**શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ કરના ચાહિયે.**'

વળી, '**જીવ કહનેસે અજીવ પદાર્થ ભી જાના જાતા હૈ, અજીવ ન હો તો જીવ નામ કૈસે હોતા?**' અજીવ ન હોય તો આ જીવ કેમ કહ્યો? અજીવ છે તો આ જીવ છે. એમ આ જીવ છે તો એ અજીવ છે. છે સૌ સૌને કારણે, પણ આમાં જીવ છે એમ કહેવું છે ત્યારે એક અજીવ છે બીજો. ત્યારે જીવ છે એમ થયું ને? બીજો અજીવ છે. '**ઈસલિયે અજીવકા સ્વરૂપ કહા હૈ, વૈસા હી ઉસકા શ્રદ્ધાન આગમ-અનુસાર કરના.**' લ્યો! ઓલામાં નિજ શ્રદ્ધા કરીને માનવું અને આ તો આગમ અનુસાર અજીવની શ્રદ્ધા કરવી એમ બે વાત લીધી. પાંચ અજીવ (દ્રવ્ય) છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, પુદ્ગલ. એને ભગવાને કહ્યા છે આગમમાં એ પ્રમાણે જાણવું. જાણીને એનાથી જુદો છે એ માટે જાણવું. અજીવને જાણવાનું (પ્રયોજન) એટલું કે એનાથી હું જુદો છું, મારાથી એ જુદા છે એ માટે જાણવું.

'**આગમ અનુસાર કરના. ઈસપ્રકાર અજીવ પદાર્થકા સ્વરૂપ જાનકર ઔર ઈન દોનોંકે**

**સંયોગસે...**' બે થયું. એક જીવનું સ્વરૂપ કહ્યું. એ તો જાણન-દેખન સ્વભાવ. કેમકે જ્ઞાન અને દર્શનનો ભાવ-સ્વભાવ-રસ રૂપ એ જ આત્મા છે. એવો અંતરમાં સન્મુખ થઈને જાણી, શ્રદ્ધા, રુચિ કરવી. અને અજીવને આગમ અનુસારે જાણવા કે એ મારાથી ભિન્ન છે. અને '**દોનોંકે સંયોગસે અન્ય આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઈન ભાવોંકી પ્રવૃત્તિ હોતી હૈ.**' જીવ છે એને અજીવનો સંયોગ છે. તો એ સંયોગનો સદ્ભાવની પર્યાય આમાં થાય એવો સંયોગ છે અને અહીં ભાવ થાય એ આસ્રવ છે. સંયોગને લક્ષે ભાવબંધ થાય છે અને સંયોગના અભાવે એને સંવર-નિર્જરા અને મોક્ષ થાય છે. શું કીધું?

જીવ, એમ કહ્યું કે જીવ જે છે એ દર્શન-જ્ઞાનમય આત્મા છે. જુઓ! આટલામાં આવી ગયું થોડામાં. આજ માણસ થોડા છે... વાંચવાનું કરવાનું... વ્યાખ્યા ટૂંકામાં મૂકી. આ આત્મા જે છે એ તો જાણવું-દેખવું સ્વરૂપ, બસ. એ આત્મા. એને જાણીને એની સન્મુખ થઈને એની શ્રદ્ધા જ્ઞાન કરવું એ સંવર અને નિર્જરા. હવે એ સંવર, નિર્જરા અને મોક્ષ કેમ છે? એમ સિદ્ધ કરે છે. જીવથી પાંચ જુદા અજીવ છે. એનું સ્વરૂપ આગમ અનુસાર જાણવું. અને એનાથી રહિત છું એમ જાણવા માટે. હવે જીવ અને અજીવના સંબંધમાં પાંચ પર્યાયો પ્રગટ થાય છે. અજીવના લક્ષે, સંબંધે આસ્રવ અને બંધ ઉત્પન્ન થાય છે. અજીવ તો એ છે આસ્રવ અને બંધ તો. જેટલો સ્વરૂપમાં એકાગ્ર થતાં અજીવનો સંબંધ(નો) અબંધ, સંબંધનો અભાવ થાય છે એટલો અહીં સંવર થાય છે અને એનાથી વિશેષ શુદ્ધિ જેટલો સંબંધ વિશેષ છૂટે એટલી નિર્જરા છે. સર્વથા સંબંધ છૂટે એને મોક્ષ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, આ નવ તત્ત્વ. સાતમાં પુણ્ય-પાપ ગયા આસ્રવમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોક્ષ. મોક્ષતત્ત્વ. જીવની સાથે..

મુમુક્ષુ :- આજ તો 'કુંદકુંદાચાર્ય'ની તિથિ.

ઉત્તર :- 'કુંદકુંદાચાર્ય'ની તિથિનું યાદ આવી ગયું. આજે કુંદકુંદાચાર્યની આચાર્ય પદારોહણની તિથિ છે. કુંદકુંદાચાર્ય મહારાજને આચાર્ય આરોહણપણું આજ થયું હતું. આજ પોષ વદ આઠમ છે. સિદ્ધાંતની શાસ્ત્રની પોષ વદ આઠમ છે. આપણે માગશર વદ આઠમ. અગિયાર વર્ષની ઉંમરે દીક્ષા લીધેલી. ઓહોહો..! અગિયાર વર્ષ. બહુ સમર્થ! ઘણી શક્તિ! ૩૩ વર્ષ દીક્ષા રહી પછી આચાર્યપદ મળ્યું. ૯૫ વર્ષ સુધી જીવ્યા હતા. ૯૫ વર્ષ. એ આજે આચાર્યપદનો આરોહણ દિવસ છે. એ આચાર્યપદ એવી યોગ્યતા લઈને આવે છે. ક્ષયોપશમભાવમાં આવે છે આચાર્યપણું. એવો જ એનો ઉઘાડ અને એ જાતની મર્યાદા-હદ હોય છે એની એટલે એને કુદરતે બધા સંઘ ભેગા થઈને એમ કહે કે અમારા અગ્રેસર આ છે. એમની આજ્ઞામાં અમે બધા ચાલશું. સંઘના એ નાયક છે. એવું આચાર્યપદપણું પોષ વદ આઠમે મળ્યું હતું. ઓહો..! એની વાણી, આ બધા શ્લોકો... એકલી વીતરાગતા ઝરે છે.

સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વીતરાગતા ઝરે એટલે? વીતરાગતા જણાવે છે.

આત્મા જ્ઞાનદર્શનમય છે એમ કહીને પણ પરના સંબંધ અને રાગ વિનાનો વીતરાગભાવ જણાવ્યો. વીતરાગભાવના જ્ઞાનમાં અજીવની સ્થિતિ શું છે એવી જાણવામાં આવે છે એને અજીવ તત્ત્વ જણાવ્યું. આહાહા..! અજીવના સંબંધમાં રાગ અને દ્વેષ ને આસ્રવ, બંધ ઉત્પન્ન થાય છે. એ વાસ્તવિક જીવનું સ્વરૂપ નથી એમ જણાવ્યું. અને અજીવના સંબંધથી છૂટ્યો એટલો અહીં સ્વભાવ સાથે સંબંધ કર્યો અથવા સ્વભાવ સાથે સંબંધ કર્યો એટલો અજીવના સંબંધથી છૂટ્યો. એને સંવર કહે છે. પ્રવૃત્તિ કહે છે ને, જુઓને! 'અન્ય આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ઈન ભાવોંકી પ્રવૃત્તિ હોતી હૈ.' પર્યાયની વાત છે ને પર્યાય? જીવ તો જ્ઞાન-દર્શન-સ્વભાવમય કહ્યું. એ જીવ અનાદિઅનંત. અજીવ પાંચ-ધર્માસ્તિ આદિ. અને બેના સંબંધ (વિના) એકલા આત્મામાં એવી પાંચ પર્યાય ન હોય. એટલે અજીવના સંગે, સંગે લક્ષે, પોતાનું લક્ષ છૂટીને જેટલું લક્ષ પરનું જાય તેટલો ત્યાં આસ્રવ અને બંધભાવ ઉત્પન્ન થાય. બંધ સંબંધ થયો ને? સંબંધ થયો એટલે બંધ અને આસ્રવ ઉત્પન્ન થયો. અને જેટલો સ્વભાવ સાથે સંબંધ કરે એકાગ્ર થઈને, એટલો અજીવનો સંબંધ છૂટે. એટલો અહીં સંવર કહેવામાં આવે છે. વિશેષ ઉગ્રપણે સ્વભાવનો સંબંધ કરે તો વિશેષ અજીવનો સંબંધ છૂટે એને નિર્જરા કહેવામાં આવે છે. પૂર્ણ સ્વભાવનો સંબંધ કરે તો પૂર્ણ અજીવ સંબંધ છૂટે એને મોક્ષ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**દોનોંકે સંયોગસે**...' બેના સંયોગથી '**અન્ય આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ** (પાંચ ભાવ) **ઈન ભાવોંકી**... ' ભાવ એટલે પર્યાય. પાંચ પર્યાયની '**પ્રવૃત્તિ હોતી હૈ.** ' એ પર્યાય અસ્તિપણે છે એમ સિદ્ધ કરવું છે. જેમ જીવ અને અજીવ બે છે એમ આ પાંચ પર્યાય પણ છે. બે-આસ્રવ અને બંધ મેલી, સંવર અને નિર્જરા અપૂર્ણ શુદ્ધ, મોક્ષ પૂર્ણ શુદ્ધ. સમજાણું કાંઈ? જુઓ! મોક્ષ એ પૂર્ણ શુદ્ધ અવસ્થા. સંવર, નિર્જરા એ અપૂર્ણ શુદ્ધ અવસ્થા. આસ્રવ અને બંધ એ અશુદ્ધ અવસ્થા. જ્યારે વસ્તુ છે અને વસ્તુ જ્યારે પરના સંબંધમાં આવે છે ત્યારે દોષ ઉત્પન્ન થાય છે. એટલે દોષની હયાતી છે. અજીવની હયાતી છે અને જીવ સ્વભાવની હયાતી છે, એમ દોષની પણ હયાતી છે. આવી વાત પર્યાયમાં દોષની હયાતી અને અજીવનો સંબંધ જેટલો એ સ્વભાવ સંબંધ થાય એટલો અજીવ સંબંધ છૂટે, અજીવના પૂર્ણ સંબંધ સાથે રાગ અને દ્વેષ ને બંધ થાય, એવી વાત વસ્તુના સાત, નવ તત્ત્વને માન્યા વિના સિદ્ધ થાય નહિ. સમજાણું કાંઈ? એની પણ ખબર ન હોય. વાડામાં પડ્યા, થઈ રહ્યું. એ ભગવાન જાણે. નવ તત્ત્વ છે. નવ તત્ત્વ. સાત તત્ત્વ શું છે? કઈ રીતે? એમ જ હોય અને બીજી રીતે ન હોય એમ ભાસ થાવો જોઈએ ને?

ભગવાને કહ્યા પણ કેમ કહ્યા, એટલા જ કહ્યા અને બીજા ન કહ્યા અને એટલા કહ્યામાં પ્રયોજન શું છે? સમજાણું કાંઈ? ઓહોહો..! કુંદકુંદાચાર્યમાં છે કે નહિ શ્લોક પહેલો? ન હુએ ન હોએગેં, નહીં? આ લ્યો ઈ નીકળ્યો. ત્રીજે પાને મોઢા આગળ છે. પ્રસ્તાવનામાં પહેલા શરૂઆતમાં જ. હેઠે શ્લોક છે. શરૂઆત, તદ્દન શરૂઆત પહેલી. ગાથા નહિ પણ પહેલી શરૂઆત. એ ગાયન છે ને? જાસકે મુખારવિંદતે... એ તમારે આવ્યું હતું ને. બીજે પાને, ત્રીજે પાને. એ પાનુ ફેરવો. છે? જુઓ! એમાં ત્રીજે પાને છે. ... 'જાસકે મુખારવિંદતે પ્રકાશ ભાસ વૃંદ' છે? 'જાસકે મુખારવિંદતે પ્રકાશ ભાસવૃંદ.' ભાષાનો વૃંદ નીકળે છે છે એના મુખથી. નીકળ્યું? 'સ્યાદ્વાદ જૈન બૈન .. કુંદકુંદ સે.' કહો, 'સ્યાદ્વાદ જૈન બૈન' અપેક્ષાએ સર્વ કથન. સ્વપણે છે, પરપણે નથી. 'ઈન્દુ ચંદ્ર શ્રી કુંદકુંદસે. તાસકે અભ્યાસ સે વિકાસ ભેદજ્ઞાન હોત' ભગવાન 'કુંદકુંદાચાર્ય'ના વચનો એના અભ્યાસે વિકાસ ભેદજ્ઞાન હોય. ભેદજ્ઞાનનો વિકાસ થાય. એક એક રાગ જુદો, વિકલ્પ જુદો, દ્રવ્યથી એક સમયની પર્યાયનો અંશ જુદો. એમ ભેદજ્ઞાન જેની ભાષામાંથી અભ્યાસ કરે તો થાય. આહાહા..! છે?

'તાસકે અભ્યાસ સે વિકાસ ભેદજ્ઞાન હોત, મૂઢ સો લખે નહિ કુબુદ્ધિ કુંદકુંદ સે.' 'કુંદકુંદ'ના વચનોને મૂઢ કાંઈ જાણી નહિ શકે. લખેરી છે ને? લખેરી એટલે જાણવું. 'કુંદકુંદ'ના વચનોને... ઓલા ઘણા કહે છે, અમે 'સમયસાર' વાંચ્યું. હમણાં આવ્યો હતો ને એક જણો. ઓલો વળી કહેતો હતો એ .. કે અમે 'સમયસાર' વાંચ્યું છે, હોં! ઠીક, હવે વાંચ્યું. શું પણ વાંચ્યું છે તો? અરે..! ભાઈ! 'સમયસાર' એટલે શું, બાપુ! સમજાય છે?

મુમુક્ષુ :- વાંચી વાંચીને પુસ્તક ફાડી નાખી.

ઉત્તર :- પુસ્તક ફાડી નાખ્યું વાંચી વાંચીને. પણ ભાવ શું છે એ સમજ્યા વિના? એક એક ગાથા અને એક એક પદની મહાગંભીરતા છે.

'મૂઢ સો લખે નહિ કુબુદ્ધિ કુંદકુંદસે' કુબુદ્ધિ અને મૂઢ બે શબ્દ વાપર્યા છે. 'કુંદકુંદ'ના શાસ્ત્રના અર્થોના ભાવ કુબુદ્ધિ અને અજ્ઞાની સમજી શકે નહિ. 'દેત હૈ આશિષ શિષ્યના ઈંદુ ચંદ જાહિ.' દેત એ આશિષ આપે છે શિષ્યને. મસ્તક નમાવીને. 'ઈંદુ ચંદ...' ઈંદુ એટલે શું? ચંદ્ર થાય છે આમ તો. ઈન્દ્ર અને ચંદ્ર, લ્યો! ઈન્દ્ર અને ચંદ્ર જ્યાં માથું નમાવી દે છે જેની વાણીમાં. 'મોહમાર ખંડમાર .. સે.' મોહરૂપી માર એના ખંડ ખંડ કરી નાખ્યા છે. માર્તંડ-સૂર્ય કુંદકુંદ. 'કુંદકુંદ'રૂપી સૂર્યે, માર્તંડ એટલે સૂર્ય. કુંદકુંદરૂપી સૂર્યે મોહરૂપી મારના ખંડ કરી નાખ્યા. મિથ્યાત્વના, અજ્ઞાનના, રાગના ખંડ કરીને અખંડ વસ્તુ બતાવી.

'વિશુદ્ધિ બુદ્ધિ વૃદ્ધિ...' જેની વિશુદ્ધિ બુદ્ધિ 'વૃદ્ધિ દા, પ્રસિદ્ધ ૠદ્ધિ ...' વિશુદ્ધ બુદ્ધિ હતી, વૃદ્ધિ હતી, પ્રસિદ્ધ હતા, ૠદ્ધિ હતી, સિદ્ધિ હતી. 'હુએ ન હૈ ન હોંગે મુનિંદ કુંદકુંદ સે' કવિવર વૃંદાવનદાસજી. 'હુએ ન, હૈ ન હૌએંગે મુનિંદ કુંદકુંદ.' એના જેવા તો એ થયા છે. આચાર્યપદનું

આરોહણ છે ને? આમ તો ગાઈ ગયા છે કવિ. 'વૃંદાવંદ' કવિ. દિગંબર કવિ. લ્યો. હવે કેટલાક કહે હુએ ન બસ, એના જેવા? પણ ભાઈ! હવે એ કઈ અપેક્ષાએ? સાંભળ તો ખરો. એણે જે આ વખતના સમયમાં કામ કર્યું છે... એની વાત થઈ એવી.. આહાહા..! એના એક એક શબ્દમાં કેટલી વાત છે! સમજાણું?

એ તો 'બનારસીદાસ'નું કહ્યું હતું ને? એમાં એ શબ્દ છે. જુઓ! આવે છે ને? **'मोख चलिवेकौ सौन...'** આ 'સમયસાર'ની વ્યાખ્યા કરી છે. 'બનારસીદાસે' કરી છે. 'નાટક સમયસાર કી મહિમા'. **'मोख चलिवेकौ सौन...'** શુકન શુકન. મોક્ષના પંથે ચાલવાનું શુકન છે 'સમયસાર'. સમજાણું કાંઈ? આહાહા..! પહેલું 'સમયસાર' હાથ આવ્યું પછી કહ્યું હતું અમે શેઠને. એ શેઠ! કીધું આ અશરીરી 'સમયસાર' છે. તે દિ' તો વાંધો નહોતો હજી કાંઈ. (સંવત) ૧૯૭૮ની વાત છે. આ અશરીરી સમયસાર છે. સમયસારનો અર્થ અશરીરીપણું કેમ પ્રાપ્ત થાય એ વાત છે. પુણ્ય મળે ને સ્વર્ગ મળે, ધૂળ મળે એ વાત આમાં નથી. જુઓ! **'मोख चलिवेकौ सौन...'** મોક્ષના પંથે ચાલવા માટે શુકન, શુકન થઈ ગયા એને. એને મોક્ષપંથ મળીને મોક્ષ જ થઈ જવાનો. **'करमकौ करै बौन...'** કર્મને ટાળી નાખે. **'जाके रस-भौन बुध लौन ज्यौं घुलत है।'** કહો, સમજાણું? રસ ભૌન. રસ ભવન. જ્ઞાનીને આનંદના રસનું ભવન. **'लौन ज्यौं घुलत है।'** જેમ મીઠું પાણીમાં ભળી જાય એમ આત્માના જ્ઞાન અને આનંદ એમાં ભળી જાય છે. 'સમયસાર' સમજે એને આત્મા આનંદમય થઈ જાય, એમ કહે છે. **'गुनको गरन्थ...'** એ ગુણનો તો ગ્રંથ છે આ. **'निरगुनकौ सुगम पंथ,'** ગુણરહિત થવાને માટે આ સુગમ પંથ છે. (ગુણરહિત એટલે) બહારના ગુણ આ પ્રકૃતિ, રજ આદિ. **'जाकौ जसु कहत सुरेश अकुलत है।।'** જેના જશ કહેતા સુરેશ-ઇન્દ્ર પણ આકુળતા પામે છે. એવી ચીજ છે 'સમયસાર'. સમજાય છે કે નહિ? આ તો હિન્દી છે. શેઠ! હિન્દી છે ...

મુમુક્ષુ :- ચાલુ હિન્દી નથી.

ઉત્તર :- આ તો ચાલુ જ છે ને પણ શું છે આ?

**'जाकौ जसु कहत सुरेश अकुलत है।।'** જેનો જશ કહેતા સુરેશ-ઇન્દ્ર પણ અકળાય છે. આહાહા..! આને શું કહેવું? એવી વાણી અમૃત 'કુંદકુંદાચાર્ય'ની છે. છે? **'याहीके जु पच्छी ते उड़त ग्यानगगनमैं,'** આ કુંદકુંદાચાર્યની વાણી સમયસાર એના જે પક્ષી છે **'उड़त ग्यानगगनमैं,'** જ્ઞાનના ગગને આકાશે ઊડીને ચાલ્યા જાય. **'याहीके विपच्छी'** આના જે વિપક્ષી છે, **'जगजालमैं रुलत है'** એમાં છે? એમાં નથી? એ તો સમયસાર નાટક' છે. **'याहीके विपच्छी जगजालमैं रुलत है'** 'સમયસાર'ના વિરોધીઓ ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..!

**'हाटकसौ विमल'** શુદ્ધ સુવર્ણ સમાન વિમળ છે. હાટક એટલે સુવર્ણ. સોનું સોળ વલુ જેમ હોય. આહાહા...! એની વાણીના ભાવો વીતરાગના ફેણથી ... રહેલા છે. વીતરાગ... વીતરાગ...

વીતરાગ.. અહો..! ગજબ શૈલી! કહે છે, કહે છે કે સુવર્ણથી વિમળ '**विराटकसौ विसतार,**' વિરાટ મોટું જગત એનાથી પણ વિસ્તારવાળું છે. '**नाटक सुनत हिये फाटक खुलत है।।**' આ ફાટક નથી લાગતું? રેલ્વેનું. ફાટક બંધ છે. આ ફાટક ખુલી ગયું એમ કહે છે. '**नाटक सुनत हिये फाटक खुलत है।।**' જેના હૃદયના ફાટક બંધ છે એ આ સમયસાર સાંભળે તો ફાટક ખુલી જાય છે. અંદરથી નેત્ર ખુલી જાય છે. આહાહા..! લ્યો! ... આવી ગયા બે. સમજાણું? આજે આચાર્યનો દિવસ છે ને આ? પોષ વદ આઠમ, આ પોષ વદ આઠમ છે. સિદ્ધાંતની પોષ વદ આઠમ છે. માગશર વદ પહેલી... સુદ પછી આવે એમાં. સિદ્ધાંતને હિસાબે વદ પહેલી આવે. સુદ પછી આવે. પોષ વદ છે આ. પછી પોષ સુદ આવે. ઓહોહો..!

વર્તમાનમાં તો મહાવિદેહ ક્ષેત્રમાં નથી. એ તો પોતે સ્વર્ગમાં છે વિમાનમાં. હતા ત્યારે એમની દશા અને એ વાત... ઓહો..! અલૌકિક! માટે એમ કહ્યું કે એવા આ પંચમકાળમાં એમણે જે કામ કર્યું છે, તીર્થંકર જેવું કામ કર્યું છે. પાંચમા આરાના તીર્થંકર છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે'... આહાહા..! શક્તિનું વર્ણન જુઓને ગજબ છે! ગજબ!! અંદર ઊંડે... ઊંડે... ઊંડે.. જુઓ તો આમ એકલી દ્રવ્ય, ગુણ અને નિર્મળ વીતરાગી પર્યાયનું જ વર્ણન છે. રાગ અને નિમિત્તની ગંધ અડી નથી કાંઈ. આહાહા..! એવો ભગવાન આત્મા દ્રવ્ય વસ્તુ, એની શક્તિઓ પણ પૂર્ણ પવિત્ર નિર્મળ. એવી શક્તિનો ધરનાર એ દ્રવ્યનો આશ્રય લે તેની એવી જ વીતરાગ પર્યાય થાય. એ એની પર્યાય કહેવાય. અરે..! વ્યવહારે ભગવાન! તમને માને એ વિકલ્પ એની પર્યાય ખરી કે નહિ? ના. ભગવાનને માને એવો જે રાગ એ તારી પર્યાય નહિ. પણ તમને માને ને? હું છું એ તો તું છો. તારામાં છો એવો તું છો એવો હું છું. મને માનવા જા તો વિકલ્પ ઉઠશે. તને માનવા જા તો તને અંદર વિકલ્પ તૂટશે. આહાહા..! સમજાણું કાંઈ? વિકલ્પ થશે, એ કહે છે કે અમને તું માનવા, સર્વજ્ઞને માનવા પરલક્ષે એ જે વિકલ્પ ઉઠશે એ તારું સ્વરૂપ નહિ, હોં! એ તારા દ્રવ્ય-ગુણ અને પર્યાયનું સ્વરૂપ નહિ, હોં! આહાહા..! ગજબ વાત કરે છે ને! આહાહા..! એ વિકલ્પ જુદો છે, જાત જુદી છે. આહાહા..! એ આત્મા નહિ. આહાહા..! એકલો વીતરાગભાવ રેલાવ્યો છે.

કહે છે, અહીંયાં સાત તત્ત્વની વાત ટૂંકી... એ શ્લોકનો જ અર્થ ચાલે છે ને, જુઓને! કર્તા-ભોક્તાનો. આચાર્ય. એ ગીત આવે છે ને, કર્તા-ભોક્તા હું તો એમ... જિનવરે દીઠું એ અમે કહીએ છીએ. આહાહા..! સર્વજ્ઞ પરમાત્માએ આ આત્માને આવો કહ્યો છે. એમ અમે કહીએ છીએ. ભગવાને કહ્યું છે. અમે કહીએ છીએ એમ નથી કહ્યું પાછું, જોયું! '**णिद्दट्ठो जिणवरिन्देहिं**' આહાહા..! ગજબ છે! '**जिणवरिन्देहिं**' આ વાત આત્માને કર્તા-ભોક્તા શરીર પ્રમાણ અમૂર્તિક અનાદિનિધન દર્શન-જ્ઞાનમય એમ કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? એ જીવ દર્શન-જ્ઞાનમય છે. દર્શન-જ્ઞાનવાળો છે એમ નથી કહ્યું. વાળો છે (એમ કહે) તો ભેદ પડી ગયો. જેને ગુણ-ગુણીના ભેદની પણ જરૂર નથી.

એવો સ્વભાવ ગુણ-ગુણીનો અભેદ સ્વભાવ વર્ણવ્યો છે. અને એના સિવાયના પાંચ છે તે અજીવ છે. અને બેના સંબંધે.. એ તેરમી ગાથામાં આવે છે ને? એકને આ નવ (ભેદ) ન પડે આ. અપેક્ષા હોય, નિમિત્તની અપેક્ષાવાળો ભાવ એ આસ્રવ, પુણ્ય, પાપ અને બંધ. આત્મામાં જ્ઞાનદર્શનમય હોવા છતાં, ત્રિકાળી સ્વભાવ હોવા છતાં એની વર્તમાન પર્યાયમાં કર્મના નિમિત્તના સંબંધમાં નિમિત્તના સંબંધે ભાવ થાય એ પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ. અને અહીં સ્વભાવ... કેમ કે એટલો સ્વભાવના સંબંધથી છૂટ્યો છે અને પરનો સંબંધ કર્યો છે. અને પછી જેટલો સ્વભાવિક પર્યાયે સંબંધ કર્યો... ઓલો પર્યાયે પરનો સંબંધ કર્યો હતો, નિર્મળ પર્યાયે જેટલો દ્રવ્યનો સંબંધ કર્યો એટલો અજીવનો સંબંધ છૂટ્યો. એને સંવર કહીએ. ઉગ્રપણે સંબંધ કર્યો એને નિર્જરા કહીએ, એટલો અજીવનો સંબંધ છૂટ્યો. ઉગ્રપણે ઠર્યો એને મોક્ષ કહીએ. મોક્ષ એ સ્વરૂપની પૂર્ણ સ્થિરતાની રમણતા તેને મોક્ષ કહે છે. કહો, સમજાણું કાંઈ? અજીવનો સંબંધ છૂટ્યો. પછી પાંચ પર્યાયની પ્રવૃત્તિમાં આ રીતે નિમિત્ત નિમિત્ત સંબંધ હોય છે.

'**ઈનકા આગમકે અનુસાર સ્વરૂપ જાનકર...**' એનું આગમ અનુસારે સ્વરૂપ જાણી. આગમ એટલે પરમાત્મા-સંતોએ કહેલા આગમ, હોં! ઓલા આગમ-આગમ બીજા કહેલા એ નહિ. સમજાણું કાંઈ? શબ્દ તો આગમ છે. એમ તો સૌ નામ પાડે છે (કે) અમારે પણ આગમ છે. આગમ તો ભગવાનની પરંપરાથી જે આવેલી ચીજ એ આગમ કહેવાય. વચમાં કલ્પિત બનાવ્યા અને નામ આપ્યા ભગવાનના એ આગમ કહેવાય નહિ. બહુ આકરું લાગે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૬૩ નહિ, ૮૪. ૮૪ બનાવેલા છે. એ પહેલા એ જ હતા ને. સ્થાનકવાસી હતા કે દિ'? શ્વેતાંબરે ૮૪ બનાવ્યા અહીં વલ્લભીપુર. એમાંથી ૪૫ રહી ગયા. બાકી બધો ફેરફાર થઈ ગયો. એ ૪૫ અને પછી આ સ્થાનકવાસી નીકળ્યા એમાંથી ૩૨માંથી ૩૧ રાખ્યા. ૩૨મું એનું હતું એ ન માન્યું. કારણ કે એમાં ૩૨માં તો મૂર્તિ ને પૂજા બહુ ઘણી છે. ૩૧ રાખ્યા પોતાની કલ્પનાવાળા. જેમાં અર્થ બીજો થઈ શકે એવા. ચૈત્યનો અર્થ જેમાં જ્ઞાન પણ થઈ શકે એવા ૩૧ રાખ્યા અને આ છે તે નવું બનાવ્યું. શ્વેતાંબરના આવશ્યક છે એ એણે માન્ય ન રાખ્યા. કારણ કે એ માનવા જાય તો મૂર્તિપૂજાનો પાર ન મળે એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાઢી નાખ્યું. ૩૨માં એનું ઘણું બન્યું. સ્થાનકવાસી. દેરાવાસીના જે ૩૨ આવશ્યક છે.. પણ બધી વાદવિવાદે ઝઘડા એવા થઈ ગયા, ખેંચાતાણ એવી થઈ.

અહીં તો ભગવાને કહેલા પરમાગમ, એના કહેલા પ્રમાણે જાણવું. '**શ્રદ્ધાન કરનેસે સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોતી હૈ,...**' લ્યો! આ રીતે નવ તત્ત્વને સમ્યગ્દર્શન પ્રાપ્તિનો ઉપાય આગમ અનુસારે જાણીને સ્વરૂપ સન્મુખ થઈને પ્રતીત કરવી એ સમ્યગ્દર્શન પામવાની રીત છે. સમજાણું કાંઈ?

'**આગે કહતે હૈં કિ યહ જીવ 'જ્ઞાન-દર્શન ઉપયોગમયી હૈ',...** ' છે તો જ્ઞાન-દર્શનમય ઉપયોગસ્વરૂપ એનું. '**કિંતુ અનાદિ પૌદ્ગલિક કર્મકે સંયોગસે ઇસકે જ્ઞાન-દર્શનકી પૂર્ણતા નહીં હોતી...**' દેખો! વસ્તુ તો એવી છે કે જ્યાં આમ વસ્તુ જ્ઞાન-દર્શનની પૂર્ણ, પૂર્ણ આમ પૂર્ણ વસ્તુ (છે), પણ એની વર્તમાન પર્યાયમાં, વર્તમાન દશામાં અનાદિ કર્મનો સંયોગ છે તેથી જ્ઞાનની પૂર્ણતા વર્તમાન પર્યાયમાં નથી. વસ્તુ જ્ઞાન-દર્શન પૂર્ણ સ્વભાવવાળી હોવા છતાં આત્મા એનો પૂર્ણ જ્ઞાન દર્શન સ્વભાવ છે. સર્વજ્ઞ સર્વદર્શી જ સ્વભાવ એનો છે. એવો હોવા છતાં '**અનાદિ પૌદ્ગલિક કર્મકે સંયોગસે...**' હવે પુદ્ગલના કર્મના સંબંધથી એની પર્યાયમાં અનાદિનો પર ઉપર લક્ષ-ભાવ છે.

'**જ્ઞાન-દર્શનકી પૂર્ણતા નહીં હોતી હૈ,...**' તેથી તેની જ્ઞાન-દર્શનમાં અવસ્થામાં- હાલતમાં પૂર્ણતા પરના સંબંધના કારણે દેખાતી નથી, છે નહિ. વસ્તુ પૂર્ણ છે. એની શક્તિ અને ગુણ પૂર્ણ છે. પણ પર્યાયમાં, હાલતમાં.. જુઓને! એક વસ્તુ.. આહાહા..! જુઓ! એ ત્રણને સિદ્ધ કરે છે. દ્રવ્યે પૂર્ણ છે, ગુણે પૂર્ણ છે. જ્ઞાન-દર્શન ભાવથી પૂર્ણ વસ્તુ છે. પણ પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં કર્મના સંબંધના કારણે, સંબંધ કર્યો છે પોતે ને? '**અલ્પ જ્ઞાન-દર્શન અનુભવમેં આતા હૈ...**' લ્યો! તેથી એની દશામાં જ્ઞાનની અપૂર્ણતા છે અને એ અલ્પ જ્ઞાન દર્શનનો અનુભવ દેખાય છે. પૂર્ણ ત્રિકાળ જ્ઞાન દર્શન છે એ દેખાતું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

પર્યાયમાં ભૂલ છે, દ્રવ્ય, ગુણ અભૂલ અને પૂર્ણ છે. આહાહા..! જુઓને! એવું ન હોય (તો) વસ્તુ બીજી રીતે હોઈ શકે નહિ. એવી સિદ્ધ કરે છે. વસ્તુ પોતે છે એ તો પૂર્ણ અખંડ એકરૂપ છે. એની જ્ઞાન દર્શનની શક્તિ પણ પૂર્ણ એકરૂપ અખંડ પૂર્ણ છે. પૂર્ણ કહો કે સર્વજ્ઞ સર્વદર્શી કહો. આવું એનું સ્વરૂપ અને શક્તિ હોવા છતાં વર્તમાન દશામાં જ્ઞાનની અપૂર્ણતા દેખાય એનું કારણ કે કર્મના સંબંધના લક્ષે તે અપૂર્ણતાપણે ભાસે છે. અને તે અલ્પ જ્ઞાન-દર્શન અનુભવમાં પણ આવે છે, એમ. થોડું જ્ઞાન છે એવું જાણવામાં પણ આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઔર ઉસમેં અજ્ઞાનકે નિમિત્તસે...**' એમાં વળી વિશેષ અર્થ કરે છે. અજ્ઞાન તો છે, અપૂર્ણ જ્ઞાન તો છે, પણ હવે વિશેષ વાત રાગ-દ્વેષ-મોહ ઉત્પન્ન કરે છે એની વાત છે. '**અજ્ઞાનકે નિમિત્તસે...**' વસ્તુના સ્વરૂપના ભાન વિના '**ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગ-દ્વેષ-મોહ ભાવકે દ્વારા જ્ઞાન-દર્શનમેં કલુષતારૂપ સુખ-દુઃખાદિક ભાવ અનુભવમેં આતે હૈં.**' આહાહા..! શું કહ્યું? એક તો એ કહ્યું કે આ આત્મા વસ્તુ અને એનો જાણવા-દેખવાનો સ્વભાવ તે પૂર્ણ એ છે. પણ વસ્તુ છે એને માટે એનો સ્વભાવ પણ પૂર્ણ જ છે. ત્યારે વર્તમાન દશામાં એ પૂર્ણ કેમ દેખાતું નથી? કે વર્તમાન દશામાં કર્મ બીજી ચીજ વિલક્ષણ- પોતાના લક્ષણથી ભિન્ન ચીજ છે જડ, એના સંબંધે ગયેલી પર્યાય, (તેને કારણે) અપૂર્ણ જ્ઞાન દેખાય છે અને અનુભવમાં પણ અપૂર્ણપણું આવે છે. અત્યારે પર્યાયમાં પૂર્ણ છે એમ છે નહિ. ઓહોહો..! અને એમાં પણ અજ્ઞાનથી, નિમિત્તથી '**ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિરૂપ રાગ-દ્વેષ-મોહ**

**ભાવકે દ્વારા ...'** લ્યો! પરચીજને ઈષ્ટ-અનિષ્ટ માની,.. કારણ કે અપૂર્ણ જ્ઞાન છે એ પૂર્ણ ત્રિકાળ નથી. એટલે જે કાંઈ ચીજ એને જોવામાં આવે, ઠીક લાગે એમાં ઈષ્ટપણું (કરે), અઠીક લાગે એમાં અનિષ્ટપણું (કરે છે). એવી બુદ્ધિરૂપ કરી **'રાગ-દ્વેષ-મોહ ભાવકે દ્વારા...'** જુઓ! ભાષા. કર્મને કારણે આ થાય છે એમ નથી લખ્યું અહીં. કર્મનો સંબંધ કીધો ફક્ત. એથી સંબંધને કારણે જ્ઞાન અપૂર્ણ દેખાય છે. અને એ અપૂર્ણ જ્ઞાનમાં પણ પરવસ્તુને ઈષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરે છે અને મોહભાવ-મિથ્યાભાવ ઉત્પન્ન કરે છે. આહાહા..! જે ચીજ એની નથી એને એ માને છે.

**'રાગ-દ્વેષ-મોહ ભાવકે દ્વારા જ્ઞાન-દર્શનમેં...'** એ જે જ્ઞાન-દર્શનમય છે એમાં અપૂર્ણતા કીધી પહેલી, હવે એ જ્ઞાન-દર્શનમાં આ કારણે કલુષતા ઉત્પન્ન થઈ છે. સમજાણું કાંઈ? બહુ સ્પષ્ટ કર્યું છે. જ્ઞાન-દર્શનમાં જાણવા-દેખવાની વર્તમાન દશામાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરી અને મિથ્યાત્વભાવને લઈને.. ઈષ્ટ-અનિષ્ટપણું કોઈ ચીજ છે જ નહિ. મિથ્યાશ્રદ્ધા દ્વારા ઈષ્ટ-અનિષ્ટ કલ્પી, રાગ-દ્વેષની અને મિથ્યાત્વની **'કલુષતારૂપ સુખ-દુઃખાદિક ભાવ...'** દેખો! સુખ-દુઃખ એટલે આ સંસારિક, હોં! કલ્પનામાં સુખ-દુઃખની કલ્પનાની કલુષતામાં ભાવ અનુભવમાં આવે છે. સમજાય છે કાંઈ? લ્યો! કેવી સાબિત થઈ!

દ્રવ્ય-ગુણ તો પરિપૂર્ણ જ્ઞાન દર્શને છે. ત્યાંથી ઉપાડ્યું છે. પણ પર્યાયમાં પૂર્ણતા કેમ નથી? કર્મના સંબંધના લક્ષે પૂર્ણતા નથી અને તે અપૂર્ણ છે એ તો વેદનમાં પણ દેખાય છે. ત્યારે હવે બીજી વાત, એ તો અપૂર્ણતા એટલું. હવે સુખ-દુઃખ થાય છે એ? કલ્પનામાં સુખ-દુઃખ માને છે એનું શું? ઈષ્ટ-અનિષ્ટ દેખીને રાગ-દ્વેષ કરે છે. અને એમાં માને છે કે આ મને ઠીક છે, અઠીક છે. (એ) મિથ્યાત્વભાવ. મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષથી એના જ્ઞાન-દર્શનની પર્યાયમાં, વર્તમાન દશામાં અપૂર્ણતાની સાથે કલુષતા પણ દેખાય છે. કહો, સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે. બહુ સાદી ભાષા છે. એય..! કાનજીભાઈ! બુદ્ધિવાળાને પકડ્યો.

વસ્તુ છે કે નહિ? આત્મા છે કે નહિ? છે. છે તો એ તો નિત્ય છે કે નહિ? નિત્ય છે. બે વાત. નિત્ય છે તો એનો ગુણ જ્ઞાન-દર્શન એ પણ નિત્ય છે કે નહિ? નિત્ય છે તો એ પૂર્ણ હોય કે અપૂર્ણ? પૂર્ણ. બસ. હવે અવસ્થામાં ફેર છે એનું શું કારણ? આ વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આવું તમે સિદ્ધ કરો છો (કે) આત્મા છે, એ ત્રિકાળ છે, ત્રિકાળ છે તો એનો જ્ઞાન દર્શનભાવ પણ ત્રિકાળ છે. ત્રિકાળ છે તો એ જેવી આખી ચીજ છે એવો ગુણ પણ આખો પૂર્ણ છે. તો આ પર્યાયમાં દેખાતું નથી એનું શું કારણ? કર્મના સંબંધના લક્ષે વર્તમાન દશામાં જ્ઞાન અને દર્શનની હિણી દશા દેખવામાં આવે છે, એવો અનુભવ પણ થાય છે. એ તો જ્ઞાન દર્શનની હિણી અવસ્થાની વાત કરી. સમજાણું કાંઈ? પણ હવે આ રાગ-દ્વેષ અને સુખ-દુઃખ થાય છે એનું શું? કે એ પણ ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિથી જ્ઞાનમાં પરનું ઈષ્ટ-અનિષ્ટપણું માની રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરે છે તેથી તેની દશામાં કલુષતારૂપ, એમ વાત

છે, એ રાગ-દ્વેષ અને મિથ્યાત્વરૂપી કલુષતારૂપ '**સુખ-દુઃખાદિક ભાવ અનુભવમેં આતે હૈં.**' આહાહા..! સમજાણું કાંઈ? આ તો નવરા માણસનું કામ છે. આમ કહે છે. એય..! પોપટભાઈ! નહીં એ તો બધા કામ કરનારા આટલા બધા લોઢા લાવવા ને આ લાવવા, કહે છે. નવરો છે અને નવરા થાવું હોય એનું આ કામ છે. કેવી રીતે સિદ્ધ કરે છે! જુઓ!

પહેલાં સાત તત્ત્વ સિદ્ધ કર્યા. હવે કહે છે કે જ્ઞાન-દર્શનની પર્યાય અપૂર્ણ કેમ? અને એમાં સુખ-દુઃખની કલ્પના કેમ? મોહ ભેગો લીધો. સમજાય છે? અપૂર્ણ થયું એટલે પછી જ્ઞાન-દર્શન પણ અપૂર્ણ, વીર્ય પણ અપૂર્ણ. શક્તિ અપૂર્ણ દેખાય છે. હવે અપૂર્ણની સાથે આ કલુષતા શું? જાણવા-દેખવાનું જ્ઞાન પરિપૂર્ણ હોવા છતાં નિમિત્તના સંગે રોકાઈ ગયેલી દશા અલ્પ જ્ઞાન, અલ્પ દર્શન અને અલ્પ વીર્યપણે દેખાય છે. એવું જ એનું વેદન પણ અલ્પપણું જ્ઞાન છે એ પણ દેખાય છે. હવે એમાં કલુષતા છે ઈ શું? કે જ્ઞાન-દર્શન જે છે એની જે વર્તમાન બુદ્ધિ છે એ પરવસ્તુને ઈષ્ટ-અનિષ્ટ માનીને રાગ-દ્વેષ કરે છે અને મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરે છે કે એ પરિણામ મારા અને મને ઠીક, એવી કલુષતારૂપ એની દશામાં સુખ-દુઃખનો ભાવ વેદવામાં, જાણવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ તો સાદી ભાષામાં કેટલું ગોઠવ્યું છે! ઉપર પણ કેવું સરસ ગોઠવ્યું હતું. અહીં પણ 'જયચંદ્ર પંડિતે' ગોઠવ્યું, લ્યો!

મુમુક્ષુ :- આખું તત્ત્વ આવી ગયું.

ઉત્તર :- બધું આવી ગયું. એટલી વાત. ઓહોહો..!

પ્રણાલી કોઈ દિગંબર સંતોની એવી છે. આખી ચીજ આવી છે. એમાં આ દશા શું? એ દશા આ કારણે ઊભી કરી છે તેં. એક તો જ્ઞાન-દર્શન પરિપૂર્ણ વસ્તુ હોવા છતાં કર્મના સંબંધમાં જ્ઞાન-દર્શન અને વીર્યની અવસ્થા એ જ્ઞાન-દર્શન ઉણું (છે) એનો અર્થ વીર્ય પણ શક્તિ-વીર્યશક્તિ પણ હિણી છે એ અનુભવમાં દેખવામાં આવે છે. પણ હવે બીજું? આ સુખ-દુઃખનું માનવું થાય છે એ શું? કે જ્ઞાન-દર્શનની બુદ્ધિ જે પર્યાય છે એ પરને દેખીને ઠીક-અઠીક કલ્પીને મિથ્યાત્વભાવ વડે રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ કલુષતારૂપ સુખ-દુઃખની કલ્પના. પૈસા, શરીર સુંદર દેખીને રાગ (થાય) અને પછી ઠીક (પણું લાગે) એવી મિથ્યાત્વની કલુષતારૂપ સુખ-દુઃખની કલ્પના તને ભાસે છે. આનંદસ્વરૂપ છે જે જ્ઞાન-દર્શન-વીર્યથી પરિપૂર્ણ છે અને આનંદ પણ (પૂર્ણ છે). કારણ કે જે કોઈ પરિપૂર્ણ વસ્તુ છે એમાં દુઃખ હોઈ શકે નહિ. એ સુખરૂપ જ હોય, આનંદરૂપ જ હોય. છતાં એ આનંદ કેમ દેખાતો નથી? કહે છે. જેમ જ્ઞાન-દર્શન પરિપૂર્ણ છે તો એ પર્યાયમાં પરિપૂર્ણ કેમ દેખાતો નથી? ત્યારે કહે છે, આ સંબંધને કારણે જોડ્યો કુસંગ, એને કારણે જ્ઞાન-દર્શન અને વીર્ય હિણું દેખાય છે. ત્યારે કહે છે, આ આનંદમૂર્તિ જ્ઞાન-દર્શન જે વસ્તુ છે એ તો એકલી સ્વભાવિક હોય એ તો સુખરૂપ જ હોય. સ્વભાવમાં દુઃખ હોઈ શકે નહિ. તો આ શું છે આ બધું ઊભું થયું?

એ બુદ્ધિએ ઈષ્ટ-અનિષ્ટ કલ્પી, જે ઈષ્ટ-અનિષ્ટ વસ્તુ નથી. કેમ કે જ્ઞાન છે એ જાણનાર છે અને સામી ચીજ બધી જ્ઞેય છે. એ જ્ઞેયના ભાગ નથી અને જ્ઞાનમાં પણ ભાગ નથી. પણ જ્ઞાનમાં ભાગ પાડ્યા જ્ઞેયના ભાગે બે ભાગ કે આ વસ્તુ ઠીક, શરીર સુંદર ઠીક, પૈસા ઠીક, ધૂળ ઠીક, પ્રતિકૂળતા ઠીક નહિ એવી બુદ્ધિએ બે ભાગ પાડ્યા. તેથી સામી ચીજના બે ભાગ પાડી દીધા. એકલી જ્ઞેય ચીજ છે બધી એમાં બે ભાગ પાડી દીધા-એક આ ઠીક અને આ અઠીક. એ મિથ્યાત્વભાવે આ ભાગ પાડ્યા છે. તેથી એની પર્યાયમાં સુખ-દુઃખની કલ્પનારૂપ કલુષતા ભાસે છે અને એ અનુભવમાં પણ એ સુખ-દુઃખ આવે છે. આહા..! આનંદનો અનુભવ નથી એને. અતીન્દ્રિય આનંદ હોવા છતાં એનો અનુભવ નથી. કેમ? આ કારણે. સમજાણું કાંઈ?

જ્ઞાન સમાન ન સુખ... કાંઈક આવે છે ને? ભાઈ! સુખ કો કારણ. જ્ઞાન સમાન અનેરો નહિ સુખકો કારણ. છ ઢાળામાં આવે છે. જ્ઞાન સમાન સુખનું કારણ કોઈ બીજી ચીજ નથી. તો પછી કેમ ભાસતું નથી? કહે છે. કે જ્ઞાન જ ઊંધું અવળું પડ્યું છે. એ બુદ્ધિ એની કામ ઈષ્ટ-અનિષ્ટમાં કરે છે. ઈષ્ટ-અનિષ્ટ વસ્તુ નથી, ઈષ્ટ-અનિષ્ટ જ્ઞાનમાં ખંડ થવો એ એનો સ્વભાવ નથી. પણ ખંડ કરી, ભાવેન્દ્રિયનો ખંડ કરી અને વસ્તુ જ્ઞેય એકરૂપ હોવા છતાં એને પણ ખંડ કર્યા બે. બે ભાગલા પાડી નાખ્યા. આહાહા..! આ આબરૂ, કીર્તિ, શરીર સુંદરતા, ખાવા-પીવાનો યોગ અને એવી અનુકૂળતા એ ઠીક. ભૂખ્યા, તરસ્યા, ટાઢ, તાપ, માર, ત્રાડ, વીંછી-સર્પનું કરડવું એ અઠીક. ઠીક-અઠીક એની કલ્પના કરી છે.

મુમુક્ષુ :- એ કલ્પના..

ઉત્તર :- અજ્ઞાનથી. કીધું ને. મિથ્યાત્વભાવથી. એકના બે ભાગ પાડીને ખંડ કરી નાખ્યું. અને ત્યાં .. કર્યું. આહાહા..! સમજાણું કાંઈ?

એ '**કલુષતારૂપ સુખ-દુઃખાદિક ભાવ અનુભવમેં આતે હૈં. યહ જીવ નિજભાવનારૂપ સમ્યગ્દર્શનકો પ્રાપ્ત હોતા હૈ...**' હવે ઓલી અપૂર્ણતા જ્ઞાન-દર્શન અને વીર્યની અને કલુષતા સુખ-દુઃખની કલ્પનાની, એ ક્યારે ટળે? કેમ ટળે? '**નિજભાવનારૂપ સમ્યગ્દર્શનકો પ્રાપ્ત હોતા હૈ...**' દેખો! સમ્યગ્દર્શન ચીજ એવી છે કે નિજની ભાવના કરે એ સમ્યગ્દર્શન. આહાહા..! જેમાં સ્વરૂપ શુદ્ધ પૂર્ણ એની ભાવના કરે, એમાં એકાગ્ર થાય તે સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? ઓલું અપૂર્ણ અને રાગ-દ્વેષમાં એકાગ્ર જે છે એ મિથ્યાત્વભાવ છે. શું કીધું? એ અપૂર્ણ પર્યાયનું જ્ઞાન, અપૂર્ણ દર્શન અને અપૂર્ણ વીર્ય અને રાગ-દ્વેષ એમાં એકાગ્રતા એ તો પર્યાયબુદ્ધિ, મિથ્યાત્વબુદ્ધિ છે.

હવે '**નિજ ભાવનારૂપ...**' પોતે જે કીધો પહેલો જ્ઞાન દર્શનથી પૂર્ણ છે એ તો. સમજાણું? જ્ઞાન-દર્શનથી પૂર્ણ છે. એવી નિજ વસ્તુની ભાવના, એની જે અંતરની એકાગ્રતા, એ રૂપ '**સમ્યગ્દર્શનકો પ્રાપ્ત હોતા હૈ...**' આહાહા..! ભારે! કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની વ્યાખ્યા ભેગી કરી નાખી કે નિજ ભાવનારૂપ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે શું? એમ પાછું. વળી દેવ-ગુરુ-

શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એ છે? ના, ના એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? **'નિજભાવનારૂપ...'** તો નિજભાવ એની ભાવના. ત્રિકાળી જ્ઞાયકભાવ, એની ભાવના એટલે એકાગ્રતા. સમજાણું કાંઈ? એ રૂપ **'सम्यग्दर्शनको प्राप्त होता है तब ज्ञान-दर्शन-सुख-वीर्यके घातक कर्मोंका नाश करता है,...'** જોયું! ઓલું જ્ઞાન-દર્શન અને મોહની વાત કરી હતી, એ વીર્ય નાખી દીધું પાછું. આવું જ્યારે સ્વરૂપ છે, પણ એ સ્વરૂપનો નિજ ભાવનાની એકાગ્રતારૂપી સમ્યગ્દર્શન પ્રાપ્ત થતા ક્રમે કરીને એ બધા કર્મનો નાશ કરી, અપૂર્ણતાનો નાશ કરી પૂર્ણતાને પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું કાંઈ? **'सुख-वीर्यके घातक कर्मोंका नाश करता है,...'**

**दंसणणाणावरणं मोहणियं अंतराइयं कम्मं।**
**णिट्ठवइ भवियजीवो सम्मं जिणभावणाजुत्तो।।१४९।।**

અર્થ :- **'सम्यक् प्रकार जिनभावनासे युक्त भव्यजीव है...'** જિનભાવના કરી. છે ને? એ નિજભાવના એ જ જિનભાવના છે. વસ્તુ જે સ્વભાવ પરિપૂર્ણ અખંડ વિકલ્પ વિનાની ચીજ અથવા એક સમયની પર્યાય વિનાની ચીજ, એવી ચીજની ભાવના નામ એકાગ્રતા, એ જ નિજભાવના અને એ જ જિનભાવના. સમજાણું કાંઈ? જિન, નિજ. એટલો ફેર. **'જિનપદ નિજપદ એકતા ભેદભાવ નહિ કાંઈ.'** આહાહા..! **'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.'** **'सम्यक् प्रकार जिनभावनासे युक्त भव्यजीव है...'** એટલે કે આત્મા વીતરાગસ્વરૂપ ને પૂર્ણ જ્ઞાન-દર્શન અને આનંદસ્વરૂપ, એની જ્યાં એકાગ્રતાની ભાવના સમ્યગ્દર્શન થયું એ જિનભાવના છે. કારણ કે એ વીતરાગી પર્યાય છે. એ વીતરાગભાવમાં એકાગ્રતા છે. એ રાગ અને અલ્પજ્ઞતામાં એકાગ્રતા હતી એ વીતરાગભાવમાં એકાગ્રતા (થઈ).

**'वह ज्ञानावरण, दर्शनावरण,...'** લ્યો, આ ટળવાનો ઉપાય. આટલા અપવાસ કરવા, આટલા વ્રત પાળવા એ ટાળવાનો ઉપાય નથી. સમજાણું કાંઈ? **'ज्ञानावरण, दर्शनावरण, मोहनीय, अंतराय, इन चार घातिया कर्मोंका निष्ठापन करता है...'** એટલે ક્ષય કરે. **'संपूर्ण अभाव करता है.'** લ્યો! એ સમ્યગ્દર્શનની ભાવના દ્વારા નિજભાવના દ્વારા, નિજભાવના કહો, સમ્યગ્દર્શનભાવના કહો, જિનભાવના કહો. એ સ્વરૂપ જે શુદ્ધ પરિપૂર્ણ તેની એકાગ્રતા દ્વારા ધર્માત્મા ચાર કર્મનો નાશ કરી પરિપૂર્ણતાને પ્રાપ્ત થાય છે. ભાવાર્થ લઈશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૦, બુધવાર તા. ૨૩-૧૨-૧૯૭૦**
**ગાથા - ૧૪૯ થી ૧૫૦, પ્રવચન - ૧૫૫**

અષ્ટપાહુડ ૧૪૯ ગાથા. એનો ભાવાર્થ. શું કહે છે એ?

અર્થ :- '**સમ્યક્ પ્રકાર જિનભાવનાસે યુક્ત ભવ્યજીવ હૈ...**' અર્થ લીધો. જે કોઈ સમ્યક્ પ્રકારે જિનભાવના સહિત ભવ્યજીવ (છે). એટલે? આત્માનો જે વીતરાગી ત્રિકાળી સ્વભાવ છે, એની એકાગ્રતારૂપી જે ભાવના એ સહિત જીવ છે, તે ચાર ઘાતિ કર્મનો નાશ કરે છે. '**ઈન ચાર ઘાતિયા કર્મોંકા નિષ્ઠાપન કરતા હૈ અર્થાત્ સંપૂર્ણ અભાવ કરતા હૈ.**' પોતાનો સ્વભાવ ત્રિકાળી આનંદ ને જ્ઞાન ને વીતરાગી સ્વરૂપ છે આત્મા. એની ભાવના એટલે એમાં એકાગ્રતા, એવું જે સમ્યગ્દર્શન, એ દ્વારા ચાર કર્મનો નાશ કરે છે.

ભાવાર્થ :- '**દર્શનકા ઘાતક દર્શનાવરણ કર્મ હૈ,...**' ચારની વ્યાખ્યા. દર્શન જે ઉપયોગ છે એનું ઘાતમાં નિમિત્તપણું દર્શનાવરણીય કર્મ છે. આપણે આવી ગયું, ૧૪૮માં. છે તો જ્ઞાન દર્શન સ્વભાવ સંપૂર્ણ સ્વરૂપ એનું, પણ કર્મના નિમિત્તના સંબંધે નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં એની અપૂર્ણ જ્ઞાન-દર્શન અને વીર્યની દશા થઈ ગઈ છે. એ મથાળામાંથી એની આ વાત છે. છે તો દર્શન અને જ્ઞાન ઉપયોગ સ્વરૂપ સંપૂર્ણ, છતાં અનાદિ કર્મના સંબંધે હીણી દશા છે, એ સ્વભાવની એકાગ્રતા દ્વારા તેનો નાશ કરી શકે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનકા ઘાતક જ્ઞાનાવરણ કર્મ હૈ,...** ' નિમિત્ત. '**સુખકા ઘાતક મોહનીય કર્મ હૈ,...** ' જુઓ! સમ્યગ્દર્શન અને ચારિત્ર, એનું ઘાતક મોહનીય છે. સુખમાં એને સમાડી દીધું. સમ્યગ્દર્શનમાં પણ સુખ છે અને ચારિત્રમાં પણ સુખ છે. સુખનું ઘાતક નિમિત્ત મોહનીય કર્મ છે. '**વીર્યકા ઘાતક અંતરાય કર્મ હૈ.**' ચાર કર્મ નિમિત્ત કીધાં. ઘાતક એટલે પોતે હીણી દશા કરે છે એમાં એને નિમિત્ત કહેવાય છે.

'**ઈનકા નાશ કૌન કરતા હૈ?**' એના નાશને માટે '**સમ્યક્પ્રકાર જિનભાવના ભાકર અર્થાત્ જિન આજ્ઞા માનકર...**' જિન આજ્ઞા માની એટલે '**જીવ-અજીવ આદિ તત્ત્વકા યથાર્થ નિશ્ચય કર શ્રદ્ધાવાન હુઆ હો વહ જીવ કરતા હૈ.** ' તે આઠ કર્મનો નાશ કરે છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકી વાત કરી.

મુમુક્ષુ :- આપ ... સમજાવો.

ઉત્તર :- વસ્તુ છે ને વસ્તુ? એની અંદર સ્વભાવ છે. જ્ઞાયકભાવ કહો, વીતરાગભાવ કહો, દર્શન-જ્ઞાનના ઉપયોગરૂપ ભાવ કહો, એની શ્રદ્ધા એટલે એમાં એકાગ્રતા એ આઠ કર્મ અથવા ચાર કર્મના

નાશનો ઉપાય છે. કેટલા અપવાસ કરે તો થાય એ આમાં કાંઈ ન આવ્યું. વસ્તુના સ્વભાવમાં એકાગ્ર થાય તો કર્મ ટળે એમ કહ્યું. બહુ ટૂંકામાં. બીજા શાસ્ત્રમાં કહ્યું હોય એ નિમિત્તના કથન છે બધા. તપસા નિર્જરા ને અપવાસ.

મુમુક્ષુ :- બેય શાસ્ત્ર ભગવાનના છે.

ઉત્તર :- બેય શાસ્ત્ર ભગવાનના પણ કઈ અપેક્ષા અને કઈ નયનું કથન છે એ જાણવું જોઈએ ને. આ યથાર્થ દૃષ્ટિનું કથન છે.

મુમુક્ષુ :- વસ્તુના સ્વભાવમાં એકાગ્ર થવું.

ઉત્તર :- એ. ચૈતન્ય ભગવાન વસ્તુ છે ને? પદાર્થ છે તો પદાર્થનો સ્વભાવ છે કે નહિ? સ્વભાવ વિના સ્વભાવવાન હોય? જેમ પરમાણુ સ્વભાવવાન છે તો રંગ, ગંધ, રસ, સ્પર્શ એનો સ્વભાવ છે. એમ આત્મા પદાર્થ છે તો એનો ત્રિકાળી સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ, વીતરાગ એવો ત્રિકાળી સ્વભાવ છે. એ સ્વભાવમાં એકાગ્રતા એ સમ્યગ્દર્શન અને એ ચાર કર્મના નાશનો ઉપાય. સમજાણું કાંઈ?

'**જીવ-અજીવ આદિ તત્ત્વકા યથાર્થ નિશ્ચય કર...**' એટલે એનો અર્થ કે જીવનું જ્ઞાયક ... છે એમ નિશ્ચય થયો, તો એમાં અજીવ નથી એવો પણ નિશ્ચય થઈ ગયો. એ '**નિશ્ચય કર શ્રદ્ધાવાન હુઆ હો...**' અંતર વસ્તુનો અંતર વિશ્વાસ. પૂર્ણ સ્વરૂપ આત્માનું.. પદાર્થ છે તો સ્વભાવ એનો પૂર્ણ છે એમ ભાવમાં ભાસન થઈને તેનો નિશ્ચય શ્રદ્ધાવાન થાય, તે કર્મનો નાશ કરે. કહો, સમજાણું કાંઈ? '**ઈસલિયે જિન આજ્ઞા માનકર...**' જિન આજ્ઞાનો અર્થ જ એ-વીતરાગની આજ્ઞા વીતરાગભાવમાં વીતરાગભાવ ત્રિકાળીમાં ઠરવું એ જિન આજ્ઞા. આત્મા ત્રિકાળી વીતરાગસ્વરૂપ છે એટલે કે નિર્દોષ નિરાકુળ આનંદસ્વરૂપ છે. એમાં શ્રદ્ધા કરવી અને ઠરવું એ જિન આજ્ઞા છે. સમજાણું કાંઈ? આમ તો વ્યવહારે કીધીને જિન આજ્ઞા પ્રમાણે આ વ્રત ને તપને. એ તો વ્યવહાર કહ્યો, એ તો પુણ્યબંધનું કારણ છે. એ કાંઈ બંધના નાશનો ઉપાય નથી. સ્વ ચૈતન્યનો આશ્રય જેટલો લે તેટલું કર્મબંધન નાશ થાય. સમજાણું કાંઈ? ચૈતન્ય સચ્ચિદાનંદ આત્મા, એને પડખે જેટલો જાય એટલું પડખું કર્મનું છૂટતું જાય. આહાહા..! સમજાણું કાંઈ?

'**યથાર્થ શ્રદ્ધાન કરને કા યહ ઉપદેશ હૈ.**' વાસ્તવિક આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો, એવો અનંત શક્તિસ્વરૂપ... બપોરે આવે છે એ શક્તિ. એ શક્તિસ્વરૂપ આખું તત્ત્વ, એની અંતર્મુખ શ્રદ્ધા થઈને, રાગનું લક્ષ છોડી દઈને, મનનો સંગ છોડી દઈને, અસંગ તત્ત્વનો સંગ કરીને... આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અસંગસ્વરૂપ ચૈતન્ય છે, એનો સંગ કરીને એકાગ્ર થઈને કે અસંગ કરીને કહો. એનો સંગ જેટલો કરે એટલું કર્મ ખપે. કહો, સમજાણું કાંઈ? આ વ્યાખ્યા એની ટૂંકી. ઓહોહો..!

'**આગે કહતે હૈં કિ ઈન ઘાતિયા કર્મોંકા નાશ હોને પર 'અનંતચતુષ્ટય' પ્રકટ હોતે હૈં :**'

શું કહે છે? શક્તિરૂપે તો છે એમ કહે છે. આત્મામાં સ્વભાવ પહેલો કીધો ને? સ્વભાવમાં એકાગ્રતા. સ્વભાવ તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ (સ્વરૂપ છે). એવી આત્મામાં ગુણરૂપ શક્તિનું સ્વરૂપ શક્તિરૂપ તો છે. એનો નાશ કરે ત્યારે પ્રગટ થાય છે. કોનો? કર્મનો. ચાર ઘાતિનો નાશ થતાં એટલે કે એ અનંત ચતુષ્ટય સ્વભાવનો આશ્રય લેતાં અપૂર્ણતાનો નાશ થાય એને આવરણનો પણ નાશ થાય છે. એ શક્તિમાં જે અનંતજ્ઞાન ભર્યું છે એમાં એકાગ્ર થતાં વ્યક્ત નામ પ્રગટ થાય છે. છે તે પ્રગટ થાય છે. આહાહા..! ભરોસે તો પહેલી વાત લીધી. આવો જેને ભરોસો અંદરમાં આવ્યો હોય, વિશ્વાસ એટલે પ્રતીતિ, ભાન કરીને પ્રતીતિ (થઈ હોય), એ જીવ ઘાતિકર્મના નાશથી અનંત ચતુષ્ટય પ્રગટ કરે છે. શક્તિરૂપ છે એને પ્રગટરૂપ કરે છે.

**बलसोक्खणाणदंसण चत्तारि वि पायडा गुणा होंति।**
**णट्ठे घाइयउक्के लोयालोयं पयोसेदि।।१५०।।**

જુઓ! શબ્દ ઈ છે. 'पायडा' પ્રગટ.

અર્થ :- '**પૂર્વોક્ત ચાર ઘાતિયા કર્મોંકા...**' પૂર્વે કહ્યું ને? જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય અને મોહ. '**નાશ હોને પર અનંત જ્ઞાન-દર્શન-સુખ ઔર બલ (-વીર્ય) યે ચાર ગુણ પ્રગટ હોતે હૈં.**' લ્યો! 'पायडा' પ્રગટ થાય છે. શક્તિરૂપે, સત્ત્વરૂપે, ધ્રુવરૂપે તો છે. સમજાણું કાંઈ? આ જે ચાર ચતુષ્ટય કહ્યા. અનંતજ્ઞાન, અનંતબળ, અનંતસુખ અને અનંતદર્શન એ વસ્તુના સ્વરૂપમાં છે. એનું સ્વરૂપ જ અનંત ચતુષ્ટયસ્વરૂપ સંપન્ન જ આત્મા છે. પણ એ ધ્રુવરૂપે, શક્તિરૂપે છે. એમાં એકાગ્ર થતાં તે 'पायडा' નામ પ્રગટ થાય છે. છે એવી દશા પ્રગટ થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

દ્રવ્ય નામ આત્મા, એમાં એ અનંત ચતુષ્ટય શક્તિ ગુણરૂપ તો છે. એમાં એકાગ્ર થતાં પર્યાયમાં પ્રગટ થાય, એનું નામ મોક્ષ અને એનું નામ ચાર કર્મનો નાશ કર્યો કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? વાત તો બહુ સાદી. સમજાણું કાંઈ? અને ટૂંકી. મહાપ્રભુ, પોતે અનંત જ્ઞાન, દર્શન, આનંદનો સ્વામી. એનામાં પૂર્ણ આનંદ, જ્ઞાન, દર્શન અને વીર્ય- બળ પૂર્ણ પડ્યું છે. એની એકાગ્રતા થતા, એની સન્મુખમાં લીનતા થતાં એ દર્શન અને ચારિત્ર દ્વારા ચાર કર્મનો નાશ થાય છે. કહો, સમજાય છે આમાં? '**યે ચાર ગુણ પ્રગટ હોતે હૈં.**' એમ કહે છે. પ્રગટ થાય છે ને? પર્યાયમાં આવે છે. વસ્તુમાં તો હતી, શક્તિઓ તો હતી. હોય તે પ્રાપ્તની પ્રાપ્તિ થાય. ન હોય એમાંથી કાંઈ આવે?

'**જબ જીવકે યે ગુણકી પૂર્ણ નિર્મલ દશા પ્રકટ હોતી હૈ તબ લોકાલોકકો પ્રકાશિત કરતા હૈ.**' આટલી વાત .. વધારે. આ પ્રમાણે જ્યારે થાય ત્યારે.. ૧૫૦. ફેર છે એમાં કાંઈ? તમારી ગાથામાં બહુ ટૂંકુ. ત્યારે તે લોકાલોક જાણે. એ જાણવું લોકાલોકનું (થાય) એની મહિમા નથી. એ લોકાલોક સંબંધીનું પોતાનું જ્ઞાન છે એ પ્રગટ થઈને જાણે એ એની મહિમા છે. સમજાણું કાંઈ? જે સર્વજ્ઞપદે સ્વરૂપ હતું, સર્વજ્ઞ સ્થાનમાં જ પદ આત્માનું હતું, એને પર્યાયમાં એકાકાર થઈને પ્રગટ કર્યું. ત્રણકાળ

ત્રણલોક જાણે. એની સાથે અનંતઆનંદ, અનંતવીર્ય અને અનંતદર્શન પણ સાથે હોય.

ભાવાર્થ :- '**ઘાતિયા કર્મોંકા નાશ હોને પર અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ ઔર અનંતવીર્ય યે અનંતચતુષ્ટય પ્રકટ હોતા હૈ.**' કોઈ કહે, પણ ઘાતિકર્મનો નાશ થાય ત્યારે આમ થાય. પણ એ તો પહેલી વાત કહી ગયા કે પોતાના સ્વરૂપનો આશ્રય લે તો કર્મનો નાશ કરે એ તો પહેલા કહી ગયા ૧૪૯માં. એય..! કહી ગયા કે નહિ? જુઓને! '**सम्मं जिणभावणाजुत्तो**' એ તો પછી ટૂંકી ભાષા કરી. ચાર કર્મનો નાશ થાય એટલે અનંતચતુષ્ટય પ્રગટે. પણ એ ચાર કર્મનો નાશ થાય કેમ? કે પોતાનો અંતર સ્વભાવ જે અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર અને આનંદ એવો ધ્રુવસ્થંભ પોતે છે, ધ્રુવસ્થંભ. એ સ્થંભની સાથે મનને જોડે-જ્ઞાનની પર્યાયને જોડે, એ થાંભલે બાંધે પર્યાયને. આહાહા..! ધ્રુવને થાંભલે વર્તમાન પર્યાયને બાંધે ત્યારે ચાર કર્મનો નાશ થાય. કહો, સમજાણું કાંઈ? 'ધ્રુવ ધણી માથે કીયો.' ધ્રુવ લીધો અંદરમાં. અનંતજ્ઞાન, અનંતદર્શનનો ધણી સ્વભાવ રાંકો થઈને ફરે. મને રાગ જોઈએ, મને આબરૂ જોઈએ, મારે કીર્તિ જોઈએ, મારે સગવડતા જોઈએ, મારે આ જોઈએ, મારે તે જોઈએ. મરી ગયો માળો ભિખારી થઈને. અનંત સંપદાનો નાથ, જેની સંપદા ખૂટે નહિ ગમે તેટલી કાઢે તો એવો પોતે. આ માગ્યા કરે મને મોટો કો'ક કહો, મને સારો કો'ક કહો. આ દયા, દાન, વ્રતના વિકલ્પથી મારું કલ્યાણ થાય એમ કહો, વિકારથી આત્માને લાભ થાય એમ કહો. અરે..! ભિખારી થયો. શું થયું? સમજાણું કાંઈ? તારામાં ક્યાં નથી પડ્યું અંદર? કીધુંને પ્રગટ પડ્યું છે અંદર. પડ્યું તે પ્રગટ કરવું છે. છે તે પ્રગટ કરવું છે. કહો, શેઠ! આ તો સાદી ભાષા છે. વસ્તુ છે અંદર. જે પર્યાય પ્રગટ કરવાની છે એ અંદર છે. એ કાંઈ બહારથી આવતી નથી. આહાહા..! અંતર દૃષ્ટિએ જે અનંતચતુષ્ટયપણું ધ્યેયમાં છે એમાં એકાગ્ર થતાં ચાર કર્મનો નાશ થાય. ચાર કર્મનો નાશ થતાં ચાર ચતુષ્ટય પ્રગટ થાય. એમ વાત કરી. એ તો પછી આમ કરે, આમ બોલે પણ વસ્તુ તો આમ છે કે નહિ?

'**અનંત દર્શન-જ્ઞાનસે...**' બે ભેગા લે છે હવે. તેમાં જે અનંત દર્શન અને જ્ઞાન. અનંત સુખ અને વીર્ય પછી વાત. પણ અનંતદર્શન અને જ્ઞાનથી તો.. શું જાણે? '**છહ દ્રવ્યોસે ભરે હુએ ઈસ લોકમેં...**' છદ્રવ્યથી ભરેલો આ લોક છે. છ દ્રવ્ય છે. સામે જીવ અનંતા અનંત. છ દ્રવ્યમાં પણ એક જીવ જ અનંતા અનંત દ્રવ્ય અને '**ઈનસે ભી અનંતાનંતગુણે પુદ્‌ગલોંકો..**' ષટ્ દ્રવ્ય છે. છ દ્રવ્ય જગતની અંદર ચીજ (રહેલી છે). એમાં જીવ દ્રવ્ય જ અનંતા છે. એથી અનંતગુણા પુદ્‌ગલો છે. '**અનંતાનંતગુણે પુદ્‌ગલોંકો તથા ધર્મ-અધર્મ-આકાશ યે તીન દ્રવ્ય ઔર અસંખ્યાત કાલાણુ...**' છે. અને કાળાણું લોકાલોકમાં .. થઈ ગયો છે. કાળાણું. અસંખ્યાત તો કાળાણું છે. કા આગળ-પાછળ થઈ ગયો છે. કાળાણું. આગળ-પાછળ થઈ ગયો છે. કહો, સમજાણું કાંઈ? લોકાણું થઈ ગયું છે. લોકાણું. લોકના અણુ કાળ, એમ. પણ એમ નહિ, મૂળ કાળાણું છે. કાળાણું છે. લોકનો અણુ થઈ ગયો. પણ લોકનો અણુ તો પરમાણુ છે. અહીં તો કાળાણું લેવું છે.

**'અસંખ્યાત કાલાણુ ઈન સબ દ્રવ્યોંકી...'** આવા જેટલા દ્રવ્ય કીધા... આહાહા..! ષટ્ દ્રવ્ય, એમાં જીવદ્રવ્ય અનંતા. પુદ્‌ગલ એથી અનંતગુણા. બે થઈ ગયા. કાળ, ધર્મ અને અધર્મ એક અને કાળાણું અસંખ્ય. એટલાં દ્રવ્ય કીધા. **'ઈન સબ દ્રવ્યોંકી અતીત અનાગત ઔર વર્તમાનકાલ સંબંધી અનંતપર્યાયોંકો ભિન્ન-ભિન્ન એક સમયમેં સ્પષ્ટ દેખતા હૈ...'** આહાહા..! **'સબ દ્રવ્યોંકી...'** સર્વ દ્રવ્યના ભૂતકાળની પર્યાય, ભવિષ્યની પર્યાય, વર્તમાન પર્યાય સંબંધી અનંત પર્યાય-દશા-અવસ્થા ભગવાનના જ્ઞાન અને દર્શનમાં સર્વ દ્રવ્યને **'ભિન્ન-ભિન્ન એક સમયમેં સ્પષ્ટ દેખતા હૈ ઔર જાનતા હૈ.'** દેખેનો અર્થ સામાન્ય છે. પણ એ તો ભિન્ન-ભિન્નનો અર્થ સમુચ્ચય લેવો છે. બધું જાણે અને દેખે એમ કહેવું છે. ઓહોહો..! જુદી જુદી પર્યાય એમ કહેવું છે. ભૂતની આ પર્યાય, વર્તમાનની આ અને ભવિષ્યની આ. એને ભગવાનનું જ્ઞાન બધું જાણે. કહો, હવે આમાં વાંધા છે મોટા. ભગવાન કંઈ... બધું એમ ન જાણે, સામાન્ય જાણે.

અહીં તો કહે છે કે જે સમયમાં જે પર્યાય જે દ્રવ્યની જ્યાં થવાની તે રીતે કેવળી જાણે. આહાહા..! સમજાણું કાંઈ? ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધું જાણે. વળી કોઈ કહે કે ભવિષ્ય જાણે તો મારી છેલ્લી પર્યાય કેવી કહી દે. છેલ્લી છે નહિ ને શું ભવિષ્ય કહે તારું? મારી પહેલી પર્યાય કહી દે, જો ભૂતકાળ જાણ્યો હોય, બધું જાણ્યું હોય તો. આહાહા..! ભારે તત્ત્વ ઊંધા. શ્રદ્ધામાં મોટો (ફેર). મિથ્યાદર્શનની તીવ્ર.. જેને હજી જ્ઞાન ત્રણકાળ એક સમયની જે જે પર્યાય જ્યાં જ્યાં... જુઓને! **'સબ દ્રવ્યોંકી અતીત...'** પર્યાય. ભૂતકાળની અવસ્થાઓ. જીવની, પુદ્‌ગલની, આકાશ, ધર્મ, અધર્મ અને કાળની. જીવની જાણે કે નહિ આમાં? જીવની અતીત કાળની પર્યાય.

મુમુક્ષુ :- જીવ એકને ન જાણે તો પતી ગયું.

ઉત્તર :- તો એકને પોતાને ન જાણ્યો આખો. ભૂતની, ભવિષ્યની આ પર્યાય થઈને આખું દ્રવ્ય એક છે. આખું દ્રવ્ય જ આ પ્રમાણે ન જાણે તો દ્રવ્યને જ જાણ્યું નથી એણે. સમજાણું કાંઈ? પોતાની પણ આદિ વિનાની પર્યાય અને અંત વિનાની પર્યાય ભવિષ્યમાં. ભૂતને, ભવિષ્યને અને વર્તમાનને એક સમયમાં જ્ઞાન જાણે અને દેખે એવો એનો સ્વભાવ શક્તિરૂપ હતો એ એકાગ્રતાના ધ્યાન દ્વારા પ્રગટ થયો. સમજાણું કાંઈ? જુઓ! શું લખ્યું છે?

**'સબ દ્રવ્યોંકી અતીત...'** એટલે ગયો કાળ. **'અનાગત...'** આવતો કાળ, વર્તમાનકાળ સંબંધી **'અનંતપર્યાયોંકો ભિન્ન-ભિન્ન એકસમયમેં સ્પષ્ટ દેખતા હૈ ઔર જાનતા હૈ.'** બે લેવું છે ને ભેગું? અનંતજ્ઞાન અને અનંતદર્શન એમ લેવું છે ને બેનું? આહાહા..! અરે..! એક ભાવ પણ જો યથાર્થ બેસેને તો બધું બેસી જાય. જેનો સ્વભાવ જાણવું એને ન જાણવું એ શું રહે? અને અંત નથી તો અંત નથી એમ જાણ્યું છે. અંત નથી માટે ભિન્ન ભિન્ન પર્યાય લખી છે. તો પહેલી મારી પર્યાય ન્યારી કઈ હતી કહો? પણ પહેલી કે દિ' હોય? પહેલી કહો તો (એના પહેલા) દ્રવ્ય નહોતું. દ્રવ્ય નહોતું તો એ

પર્યાય પણ નહોતી. પર્યાય પહેલી એટલે એના પહેલા પર્યાય નહોતી તો દ્રવ્ય પણ નહોતું-તો વસ્તુ નહોતી. સમજાણું કાંઈ? આહાહા..!

સર્વજ્ઞના માર્ગની કોઈપણ એક રીત સમ્યક્ રીતે સમજે તો એનો બધો ઉકેલ થઈ જાય. ભગવાને મારે પર્યાય ભવિષ્યની કેવી ભાળી છે? ભાળી છે કે ભાળી નથી? તો આ શું કહે છે આ? ભવિષ્યની તારી પર્યાય સમય સમયની કઈ થશે એ ભગવાનના જ્ઞાનમાં આવી ગયું છે. એવો જ દ્રવ્ય-જીવનો સ્વભાવ છે. ત્રણ કાળ ત્રણ લોકની પર્યાયને એક સમયમાં જાણે એવો જીવનો, જ્ઞાનગુણનો પર્યાયમાં સ્વભાવ છે. સમજાણું? આવા સ્વભાવવાળી પૂર્ણ પર્યાય આ બધું ન જાણે તો એ પર્યાય પૂર્ણ ક્યાં થઈ? ત્યારે કહે, અતીતકાળ બધો જાણ્યો? પહેલો કાળ ક્યો? પણ પહેલો નથી પછી શું રહ્યું? અતીત... અતીત... અતીત... અતીત.. એમ ભૂત... ભૂત... ભૂત... છે એમ જાણ્યું, બસ. એમ ભવિષ્ય... ભવિષ્ય... ભવિષ્ય... ભવિષ્ય... ભવિષ્યનો કોઈ દિ' અંત આવે છે? આહાહા..! ઝીણી વાતું. પણ અંદર સ્પર્શે એવી વાત છે.

એક સમયમાં અનંતા દ્રવ્યની અનંતી ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધી પર્યાયને ભગવાન જાણે અને દેખે છે. આવડો માને ત્યારે તેણે એક જીવ માન્યો કહેવાય. નહિતર એણે જીવ માન્યો નથી. આહાહા..! આત્મા-આત્મા તો આમ બધા કહે કે આત્મા આવો. પણ આ આવો આત્મા. પોતાની પણ ભવિષ્યની પર્યાય બધી અનંતી છે એને ન જાણે તો પોતાનું દ્રવ્ય જ ત્રિકાળી આખું છે એને જાણ્યું નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! એના સ્વભાવની અચિંત્ય મહિમા છે. સાધારણ માણસને અગમ્ય લાગે. અગમ્ય નથી, ગમ્ય થાય એવી વાત છે. સમજાણું કાંઈ?

કહે છે કે તારો સ્વભાવ જ એવો છે. અનંત ચતુષ્ટય શક્તિરૂપ સંપન્ન સ્વભાવ જ એવો છે. પ્રગટ થાય ત્યારે એ હતું એમાંથી બહાર આવે છે અને એ ત્રણ કાળ ત્રણ લોકની પર્યાયને જાણે છે. એવડો તો એક જ્ઞાનની અને દર્શનની પર્યાયનો સ્વભાવ છે. આવડી પર્યાયનો આવો સ્વભાવ છે એમ જે ન જાણે એને તો ગુણ પણ જાણવામાં આવતો નથી અને દ્રવ્ય પણ જાણવામાં આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્યો અને એની પર્યાયો... ત્યારે લોકો એમ કહે, મારી પર્યાય અત્યારે આ છે અને ભવિષ્યમાં આવી થશે એવું ભગવાને જાણ્યું હોય તો પછી મારા હાથમાં તો કાંઈ ભવિષ્યની પર્યાય કરવાની રહી નહિ. પણ એવું કેવળજ્ઞાન છે, એ એક સમયની પર્યાય આવું જાણે એ નક્કી તું કર ત્યારે તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય અને પુરુષાર્થ પ્રમાણે પછી ત્યાં આગળ પર્યાય જે થવાની તે થાય. એમ છે.

આત્મા ... ભગવાને તો જોયું કે આની પર્યાય આ ઠેકાણે થશે અને આ પ્રકારે થશે. પણ એનો જેને વિશ્વાસ આવ્યો છે, ભગવાને એમ ભાળ્યું છે અને વિશ્વાસ આવ્યો ત્યાં એનો વિશ્વાસ દ્રવ્ય ઉપર ઢળી ગયો છે. સમજાય છે કાંઈ? કારણ કે એક સમયની પર્યાયની શ્રદ્ધા પર્યાય દ્વારા ન થઈ શકે. એ દ્રવ્ય

દ્વારા પર્યાયની શ્રદ્ધા થાય. એવી અનંતી-અનંતી પર્યાયનો પિંડ જે દ્રવ્ય એની શ્રદ્ધા થતાં એનો પુરુષાર્થ અંદરમાં જાગી ઉઠ્યો. ભગવાને પણ એમ જોયું કે આને આ સમયે પર્યાય થશે એ પ્રમાણે એણે પણ માન્યું. સમજાણું કાંઈ? આહાહા..! ભારે આકરું. ગડબડ મોટી. કેવળજ્ઞાનને દેખવાની ગડબડ મોટી ચાલી છે અત્યારે. અમારે તો ઠેઠથી (સંવત) ૧૯૭૨થી ચાલે છે. ૭૨ની સાલથી. ૫૫ વર્ષ થયા. એય..! પહેલેથી તકરાર. ભગવાન બધું જાણે નહિ. આ ભવ ન જાણે. તો થઈ રહ્યું પછી. ફલાણું. અરે..રે..! આ શું કરે છે? બાપુ! મૂળચંદજી હતા. એ ૧૯૭૨માં ચર્ચા થઈ હતી વીંછીયામાં. મૂળ તો ગામડામાં થઈ હતી. ભાઈને બતાવ્યું હતું, નહિ? શું કહેવાય એ? સરામાં સરામાં. આ જસદણનો ઉતારો છે દરબારનો, ત્યાં ઉતરેલા. એમાં આહાર કરી રહ્યા પછી એમાં આ મંડાણી હતી. ૭૨માં. ફાગણ સુદ ૧૧, ૧૨ કે ૧૩ હશે. ૭૨માં, હોં! ભગવાને આમ દીઠું એમ થાય. આપણો પુરુષાર્થ કાંઈ કામ ન કરે, ફલાણું, ઢીંકણું. અમે એટલા સંથારા કરીએ, નવ નવ વાડે બ્રહ્મચર્ય પાળીએ, નવ-નવ કોટીએ સંથારા કરીએ, પણ ભવ તો ભગવાને દીઠો ત્યારે ઘટશે. કીધું, આવું કોણે કહ્યું તમને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તમારા ને પણ. હા પણ તમારા ગામના હતા કે નહિ? અને વળી તમારો સંઘાડો કહેવાય એ. અને છોટાભાઈ તો એના ભગત. હીરાજી મહારાજના ભગત કહેવાય. .. આહાહા..! ૭૨માં ચાલી વાત હોં! મોટી. ભગવાને દીઠું એમ થાશે. આપણો ભવ-બવ ઘટવાનો નથી. અરે..! શું કહો છો તમે આ? ક્યાંથી આ ભાષા લાવ્યા? આગમની ભાષા નથી આ. તે દિ' કહ્યું હતું, હોં! આમ ને આમ ગોટા ચાલ્યા જ આવે છે અહીં. શાસ્ત્રની ભાષા નહિ. મિથ્યાદૃષ્ટિની ભાષા છે, કીધું.

ભગવાનની ભાષા જેને બેસે, ભગવાન જેને હૃદયમાં બેસે એ ત્રણ કાળ ત્રણ લોક દીઠા એવા ભગવાન છે, એ ભગવાન જેને દૃષ્ટિમાં બેઠા એને ભવ-બવ હોય નહિ. ભગવાને ભવ દીઠા જ ન હોય. સમજાણું કાંઈ? ૭૨નો ફાગણ મહિનો. ફાગણ આવશે ને હવે? ક્યારે? કેટલા વર્ષ થાશે? આ ૫૫ થાશે પૂરા. ૫૫. બે પાંચડે પંચાવન. સંઘવી! ત્યારે તો કેટલાકનો જન્મ પણ નહિ હોય. આહાહા..! આવી બધી વાતું અમારે ઠેઠથી ચાલી આવે છે. એય..! કાંતિભાઈ! આ શું કહો છો? આ ભાષા ક્યાંથી આવી?

જુઓ! અહીંયાં ભગવાને દીઠું એમ થાય એમાં અનંતો પુરુષાર્થ છે. ભગવાનની પર્યાયની જેને પ્રતીત થાય એ તો ભગવાનનો પુત્ર થઈ ગયો. એ સાધક થઈને અલ્પકાળમાં ભગવાન થઈ જવાનો. હવે એને ન થાય એ પ્રશ્ન ક્યાં આવ્યો? આ ક્યાં કીધું માંડી? અમારા હીરાજી મહારાજે કબુલ કર્યું પણ પાછા બીજે દિ' બિચારાને મેળવતા આવડે નહિ ને. હીરાજી મહારાજના ક્રિયાકાંડ કેવા. હીરા એટલા હીર એવા. વળી બીજે દિ' મુંઝાઈ ગયા. પક્ષ લીધો પહેલે દિ' મારો. બીજે દિ' મુંઝાઈ ગયા. આ ઝીણી વાતું. એય..! આ તો અમારે બધું ૫૫ વર્ષથી આવું ચાલે છે. હીરાજી મહારાજ મુંઝાઈ ગયા

હોં! બીજે દિ'. અરે..! મૂળચંદજી! પછી રાત્રે વાત થઈ હતી. મૂળચંદજી! તું કહે છે એમ હોય તો ભગવાને ભવ દીઠા. ભગવાને ભવિ-અભવિ દીઠા છે. એય.. માર્યા! ભોળા માણસ હતા ને બહુ. આ ક્રિયા કરવી અને આ કરવું અને ધૂળ કરવી. ચાર વાગે, સાડા ચારની વાત છે બીજે દિ'. ભગવાને જે દીઠું ભવ દીઠા હશે કે નહિ? ભગવાને ભવિ-અભવિ દીઠા.

મુમુક્ષુ :- ચડી બેસે.

ઉત્તર :- ચડી બેઠા. ... એ જાણે કે હું પુરુષાર્થની પુષ્ટિ કરું છું. એનો હેતુ એવો. એમ નહિ. ભગવાને તો બધું દીઠું છે. ભવ ને અભવ ને બધા ભવિ, અભવિ, ભવ આટલા એક એક ભવ... 'સમયસાર'માં પાઠ છે, કીધું. એક ભવે મોક્ષ જાશે, બે ભવે મોક્ષ જાશે, ચાર, છત્રીસ ભવે મોક્ષ જાશે એવો પાઠ છે. પણ એનો જેને કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય આવડો... ઓહોહો..! જેના કાળની આદિ નહિ, જેની પર્યાયની આદિ નહિ, જેની પર્યાયનો અંત નહિ. એટલે કે દ્રવ્યનો આદિ-અંત નહિ. આહાહા..! એવા અનંતા અનંતા દ્રવ્યની અનંતી પર્યાય જે જ્ઞાન જાણે એ જ્ઞાનની કેટલી મહત્તા! માહાત્મ્ય કેટલી અચિંત્યતા! એ કેવળજ્ઞાનની પર્યાય જેને જ્ઞાનમાં બેસે, ખલાસ થઈ ગયું. આહા..! સમજાણું કાંઈ? એને પર્યાય સામું જોવાનું ન રહે, એને દ્રવ્ય સામું જોવાનું રહે છે. કારણ કે એ પર્યાય આવડી મોટી નીકળે ક્યાંથી? દ્રવ્યમાંથી નીકળે. શક્તિરૂપ પ્રગટ થયું ને આમાં 'पायडा' જુઓને! શક્તિ એમાં છે ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની, એવી શક્તિમાંથી પ્રગટ થઈ. એવી શક્તિ અને શક્તિવાન, એની જ્યાં દૃષ્ટિ થાય એને ભગવાનની પર્યાય બેઠી. એ સમકિતીને ભવ હોય નહિ. ભગવાને ભવ દીઠા ન હોય એના. આવા વાંધા ઉઠ્યા છે, એય..! વજુભાઈ! શું કીધું?

મુમુક્ષુ :- અનંતા દ્રવ્ય...

ઉત્તર :- અનંતા દ્રવ્ય ... આ દ્રવ્ય અનંતા નથી? વસ્તુ. વસ્તુ અનંતા દ્રવ્ય. આ દ્રવ્ય એટલે આત્મા અનંતા. અનંતા પરમાણુ એ બધા દ્રવ્ય કહેવાય.

મુમુક્ષુ :- આપે બહુવચન લગાવ્યું નહિ.

ઉત્તર :- બહુવચન જ છે ને. અનંતા છે ને. આત્મા અનંતા, પરમાણુ અનંતા એ તો સાદી ભાષા છે. પણ અભ્યાસ નથી એમને. ઉપરનો અભ્યાસ છે. હજી અંદરનો નથી. અનંતા દ્રવ્ય એટલે અનંતા આત્મા, અનંતા દ્રવ્ય એટલે અનંતા પરમાણુ, અસંખ્યાત્ કાળાણુ એ તો પહેલું આવી ગયું. દ્રવ્ય એટલે વસ્તુ. અનંતા દ્રવ્ય છે અને એ અનંતા દ્રવ્યમાં એક એક દ્રવ્યમાં અનંતા અનંતા ગુણો છે. એની વાત તો ચાલે છે આ. અભ્યાસ નથી. પહેલેથી અભ્યાસ જોઈએ થોડો. ઉપરના અભ્યાસથી આ પકડાય એવું નથી. થોડો પહેલો એકડિયાનો અભ્યાસ ન હોય તો આગળ અભ્યાસ બેસશે નહિ એને. આહાહા..!

અનંતા આત્માઓ એ બધા દ્રવ્ય કહેવાય. દ્રવ્ય એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય એ તો સાધારણ ભાષા

(છે). છોકરાને બેસે આવું તો. આવડે છે કે નહિ? દ્રવ્ય કોને કહીએ? એય..! છોકરાઓ! ગુણના સમૂહને દ્રવ્ય કહીએ. એમાં શું પ્રશ્ન છે? અને ગુણ કોને કહીએ? દ્રવ્યના સર્વ ભાવ અને સર્વ હાલતમાં રહે એને ગુણ કહીએ. પર્યાય કોને કહીએ? ગુણના વિકારને પર્યાય કહીએ. થઈ રહ્યું ત્રણે ભાવ તો છોકરામાં આવી ગયા, બાળકને. કહો, એ સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. પહેલો પ્રવેશ કરવાને માટેનો અભ્યાસ જોઈએ.

અહીં તો કહે છે, જુઓને! આમાં આવી ગયું ને એ બધું? પહેલું આવી ગયું. એ સર્વ દ્રવ્યની... સર્વ દ્રવ્ય એટલે અનંતા થઈ ગયા. '**અતીત, અનાગત ઔર વર્તમાનકાલ સંબંધી અનંતપર્યાયોંકો ભિન્ન-ભિન્ન એક સમયમેં સ્પષ્ટ દેખતા હૈ ઔર જાનતા હૈ.**' પહેલા આવી ગયું છે, હોં! પાનું-૧૩૯. પહેલાં આવી ગયું છે આમાં. પાનું-૧૩૯ છે આમાં લખ્યું છે. છે. બોધપાહુડની-૪૧ ગાથા. '**ક્રમરૂપ હોતા સમયાદિક વ્યવહારકાલ કહલાતા હૈ. ઈસકી ગણનાસે અતીત, અનાગત, વર્તમાન દ્રવ્યોંકી પર્યાયેં અનંતાનંત હૈં, ઈન સબ દ્રવ્ય-પર્યાયોંકો અરહંતકા દર્શન-જ્ઞાન એક સમયમેં દેખતા ઔર જાનતા હૈ, ઈસલિયે અરહંતકો સર્વદર્શી-સર્વજ્ઞ કહતે હૈં.**' લ્યો! છે? બહુ સરસ વાત. સર્વ દ્રવ્યની પર્યાયને અરહંતનું દર્શન-જ્ઞાન એક કાળમાં દેખે-જાણે. ભાઈ! એ એક ભાવ પણ બેસવો સૂક્ષ્મ છે. છેલ્લી છે. બોધપાહુડની ૪૧મી ગાથા. એક બાજુ ભાવાર્થ પહેલા. અર્થમાં ભાવાર્થ છે. પણ બીજો ભાવાર્થ પછી છે. બે ભાવાર્થ છે એમાં. આ ... નહીં. આ ફેરે હજી વાંચ્યું નથી. અરિહંતનું સ્વરૂપ આ નથી વાંચ્યું. સમજાણું કાંઈ? શું કહ્યું?

અહીં તો કેવળજ્ઞાન અને કેવળદર્શન. આહાહા..! જેની પર્યાયમાં અનંતકાળ પહેલા જે પર્યાય હતી તે વર્તમાન જણાય. ભવિષ્યમાં અનંતકાળ પછી પર્યાય થશે તે દ્રવ્યની એ અહીં જણાઈ જાય. એના મોટા વાંધા છે ને. ઓલો અર્થ છે ને ઢીંકણું છે ને ફીંકણું. ગુણગણમણીમાળા. ભાષા તો જુઓ! ઓહો..! '**जिणमयगयणे णिसायरमुणिंदो... जिणमयगयणे** ' (ગાથા-૧૬૦) જિનમતના ગણમાં આવા મુનિઓ પાકે છે, કહે છે. બીજે ધર્માત્મા હોઈ શકે નહિ. આહાહા..! હવે એટલી હજી ખબર ન મળે કે વીતરાગમાર્ગ એ માર્ગ છે અને બીજો માર્ગ કોઈ છે નહિ. બીજામાં પણ કાંઈક છે, એમાં પણ કાંઈક બતાવે છે, ધ્યાનનું, ફલાણાનું, ઢીંકણાનું. ધૂળેય નથી, સાંભળને! એક સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ, એણે જે વસ્તુનું સ્વરૂપ અને ધર્મ કહ્યો એના માર્ગમાં ધર્મી પાકે છે. બીજે કોઈ ધર્મી હોઈ શકે નહિ. આહાહા..! પછી આ જૈનધર્મ એટલે અમારો ધર્મ અને ફલાણો ધર્મ તમારો એમ નથી આ. વસ્તુ જ પોતે વીતરાગસ્વરૂપ છે આત્મા.

'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, કર્મ કટે જિનવચનસોં.' જિનવચન એટલે જિનભાવ. એમ. ભાષા વચન લ્યે છે. 'શ્રીમદ્'માં શબ્દ છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ.' પુણ્ય-પાપ આદિ અનેરો બધો મત અનેરો. એનાથી કોઈ માને એ બધા મત જ અનેરાનો છે. 'કર્મ

કટે જિન વચનસે' વચન શબ્દે એના ભાવ. વીતરાગભાવથી કર્મ કટે. ભગવાને કહેલો વીતરાગસ્વભાવ, એની એકાગ્રતા દ્વારા વીતરાગભાવથી કર્મ નાશ થાય. કર્મ કટે જિન વચનસો. એ જિનનો મર્મ. એ વીતરાગનો મર્મ છે. આહાહા..! ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર, જેને માથે ધણી નથી, જેને દૃષ્ટિમાં એ પરમાત્મા આવા છે એવું જેને લક્ષમાં નથી, એના મતમાં કાંઈ ધર્મ-બર્મ હોઈ શકતો નથી. એમ કહે છે. જુઓ! ઈ આપે છે છેલ્લા. સમજાણું કાંઈ?

'**तारविलपरिचयरिओ पुण्णिमइं दुव्वं पवणपहे**' આહાહા..! પવન પથ. આકાશ વિષે, પવન પથ એટલે આકાશ. જેમ આ પવન ફરે છે ને? કાંઈ રોકનાર છે? આકાશને પવનપંથ કીધો. પવન એના ઉપર ચાલે. ... પવનપંથ આકાશને વિષે તારાની પંક્તિ કરી. જુઓ! તારાઓ. લાખો, કરોડો તારાઓ હોય છે. .. એ કરોડો તારાથી પરિવારથી વેષ્ટિત પરવરેલો. પૂર્ણમાસીનો ચંદ્રમાં. એ ગગન પથ, આકાશ પથ. પવનપથમાં જેમ એ ચંદ્રમાં ઘણા તારાઓથી શોભે છે. પૂર્ણિમાનો ચંદ્ર, આહાહા..! આહાહા..! 'વૈસે જિનમતરૂપી આકાશ મેં...' વીતરાગ ભગવાને કહેલો જે માર્ગ, એવો જે આત્માનો સ્વભાવ, એવા વીતરાગભાવના માર્ગને વિષે ગુણસમૂહ મણીની માળા. ગુણના સમૂહ એ થઈ મણીની માળા. ત્યાં મણીની માળા ગુણના સમૂહની હોય છે. વીતરાગમારગ સિવાય ક્યાંય એ વાત હોતી નથી. આહાહા..! અને એણે વીતરાગમાં જન્મ્યો એને વીતરાગની ખબર નથી પાછી. વાડામાં જન્મ્યો. ભગવાન સાચા. જય નારાયણ, જાવ. સમજાણું કાંઈ? જુઓ! આચાર્ય છેલ્લી ગાથાઓ નાખતા (કહે છે) '**जिणमयगयणे**' વીતરાગમાર્ગનો ભાવ એ આત્મા વીતરાગસ્વરૂપ, એમાં એકાગ્ર થઈને વીતરાગદશા પ્રગટ થાય એ જિનમતમાં જ હોય છે. બીજે એવું હોતું નથી. સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ! બીજે ક્યાંય હોતું નથી.

અત્યારે બધા એવા જાગ્યા છે ને કેટલાક બિચારા જૈનો પણ ત્યાં માથા ફોડે. ચાલો સાંભળવા ત્યાં કાંઈક છે. ધૂળેય નથી, સાંભળને! જેનો એક આત્મા પૂર્ણ સર્વજ્ઞપદવાળું તત્ત્વ છે એની જ એને પર્યાયમાં સર્વજ્ઞપદ પ્રગટે છે. એવું જેને આત્માનું અને આત્માના પદની પર્યાયનું ભાન નથી એ બધાના માર્ગમાં કોઈ રીતે ધર્મનો માર્ગ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેમકે ધર્મ પ્રગટે એ ધર્મી પૂર્ણ આત્મસ્વભાવ હોય એને આશ્રયે પ્રગટે. પછી એ સર્વજ્ઞપદ અને સર્વજ્ઞ પૂર્ણ આનંદપદવાળું જ એનું પદ છે. આહાહા..! એટલે કે જેના મતમાં સર્વજ્ઞ નથી, એક આત્મા ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો જેનો મત નથી એમાં ધર્મની ગંધ હોતી નથી. આહાહા..! આચાર્યને એ કહેવું છે, હોં! અંદર. '**जिणमयगयणे**' વીતરાગમારગના ગગનમાં જેણે પરમાત્માએ આત્માને આવો કહ્યો, એવું જાણ્યું, અનુભવે છે એને અનુભવ અને ધર્મ હોય છે. આકાશમાં જેમ ચંદ્રમા કરોડો તારાઓથી શોભે છે પૂનમનો ચંદ્ર, એમ આ ધર્માત્મા જિનમતમાં શોભે છે. જિનમતમાં આ શોભે છે. સમજાણું કાંઈ? મુનિન્દ્રરૂપી ચંદ્રમા શોભે છે. આહાહા..! જુઓને! પોતાની વાત પણ અંદર (કહેતા જાય છે). આચાર્ય છે, આચાર્ય. આહાહા..!

જેને વીતરાગી કિરણો પ્રગટ્યા છે અને એમાં અનેક પ્રકારના ગુણની માળા, એનાથી એ શોભે છે, લ્યો! જેમ ઓલો તારાથી શોભે છે. કોણ? ચંદ્ર. ચંદ્ર તારાથી શોભે છે, એમ ધર્માત્મા અનંતગુણની નિર્મળ ધારાથી શોભે છે. આહાહા..! એ તારાનો પરિવાર. સમજાણું કાંઈ? શું કહે છે? આહાહા..!

ભગવાન ચૈતન્ય પ્રભુ પૂર્ણ સ્વરૂપ, એવી વાત જિનમતમાં જ હોય છે. એવા પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત કર્યું છે જેણે શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રમાં, એવા અનંતગુણોના તારારૂપી વેષ્ટી થઈને એ મુનિ ચંદ્રમા સમાન જૈનશાસનમાં શોભે છે. આ વ્રત પાળનારો અને ફલાણો એમ નથી લીધું આમાં. આહાહા..! જુઓ તો ખરા, શું કહે છે? અનંતગુણો જે પરમાત્માએ જોયા આત્મામાં, એવા અનંતગુણો બીજે ક્યાંય હોઈ શકે જ નહિ. એવા અનંતગુણોનું રૂપ એને જેણે આશ્રય કરીને, સ્થિરતા કરીને એ અનંતા ગુણોની ધારા શ્રેણીમાં પ્રગટ કરી છે એ જિનમતમાં ચંદ્રમા સમાન શોભે છે. સમજાણું કાંઈ? રાગવાળા અને ઝાઝા પરિવારવાળા અને ઝાઝા સાધુ કરેલા હોય માટે શોભે એમ નહિ, એમ કહે છે. ઝાઝા શિષ્યો કર્યા માટે મોટો છે આ. એના અનંતગુણોમાંથી ધારાવાહી શ્રેણી પ્રગટ કરી એ મુનિ ચંદ્રમા સમાન, જેમ આકાશમાં ચંદ્ર શોભે, એમ શોભે છે. એમ આચાર્યને એકદમ વીતરાગભાવનો અંદર ઉમળકો આવ્યો છે, લ્યો! સમજાય છે કાંઈ? વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૧૨, સોમવાર તા. ૧૭-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૫૧-૧૫૨, પ્રવચન - ૧૭૬**

૧૫૦ થઈ ને? કહ્યું કે... આ ભાવપાહુડ છે. '**અનંત ચતુષ્ટયરૂપ જીવ કા નિજસ્વભાવ પ્રકટ હોતા હૈ,...**' એમ કહીને એમ કહ્યું કે જીવનો સ્વભાવ જ અનંત ચતુષ્ટય છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય એવો જ એનો ચતુષ્ટય સ્વભાવ અનાદિથી એમાં છે. એને જિનભાવના દ્વારા પ્રગટ કરવો એમ કહેવામાં આવ્યું છે. જિનભાવના એટલે સમ્યગ્દર્શન. ૪૯માં આવ્યું છે ને. '**सम्मं जिणभावणाजुत्तो**'. એ જિનસ્વરૂપ જ ચતુષ્ટય છે એને જિન એટલે વીતરાગી પર્યાય દ્વારા, સમ્યગ્દર્શન દ્વારા એને શક્તિમાં છે તેને પર્યાયમાં પ્રગટ કરવા. '**ઐસા પરમાર્થસે શ્રદ્ધાન કરના વહ હી સમ્યગ્દર્શન હૈ.**' છે ને? આહાહા..!

આત્મા અનંત જ્ઞાન-અપરિમિત જ્ઞાન... કાલ તો પર્યાયમાં આવ્યું હતું અક્ષય અમેયા. પર્યાય પણ પ્રગટ થાય છે મોક્ષમાર્ગની એ પણ અક્ષય અને અપરિમિત અમેય-મર્યાદા વિનાની પર્યાય છે. એવું એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં પણ અક્ષય, અમેયપણું આવે છે. તો વસ્તુ તો અનંત ચતુષ્ટમય

છે. એની સમ્યગ્દર્શન દ્વારા ભાવના કરતા પ્રગટ થાય અને એની એ રીતે શ્રદ્ધા કરવી કે પરમાર્થ સ્વરૂપ આવું આત્માનું છે એ એ રીતે પ્રગટ થાય છે એમ શ્રદ્ધા કરવી.

'**આગે જિસકે અનંતચતુષ્ટય પ્રગટ હોતે હૈં, ઉસકો પરમાત્મા કહતે હૈં.**' જેટલા વિશેષણો છે એ વસ્તુમાં છે અને ચૈતન્ય સ્વભાવની ભાવના દ્વારા પ્રગટ થાય છે એને પણ આ નામ લાગુ પડે છે. અહીં એ કહે છે, પ્રગટ થાય છે એના નામ.

**णाणी सिव परमेट्ठी सव्वण्हू विण्हू चउमुहो बुद्धो।**
**अप्पो वि य परमप्पो कम्मविमुक्को य होइ फुडं।।૧૫૧।।**

એને '**પરમાત્મા જ્ઞાની હૈ,...**' જેને પરમ સ્વરૂપ પ્રગટ થયું, અંતર સર્વજ્ઞપણાની પર્યાય એ પરમાત્મા છે અને એ જ્ઞાની છે. '**શિવ હૈ,...**' એ શિવ—નિરૂપદ્રવ દશા પ્રગટ થઈ છે. એ '**પરમેષ્ઠી હૈ,...**' પરમ ઈષ્ટ પર્યાયમાં પ્રાપ્ત થયા છે એ સર્વજ્ઞ પરમેશ્વર. એવી જ એની શક્તિ પણ છે એમાંથી આ વ્યક્તતા થઈ છે એમ કહે છે. '**વિષ્ણુ હૈ,...**' અર્થ કરશે પછી. સર્વવ્યાપક છે. જ્ઞાન દ્વારા બધાને જાણે છે એ અપેક્ષાએ એને સર્વવ્યાપક વિષ્ણુ કહેવામાં આવે છે. '**ચતુર્મુખબ્રહ્મા હૈ,...**' ભગવાન પરમાત્મા તીર્થંકરને ચાર મુખ હોય છે. બધા ચારેય દિશાના દેવો આદિ એને, ભગવાન મારી સામે છે એમ દેખે.

મુમુક્ષુ :- .. દેખે પણ સામા...

ઉત્તર :- છે એમાં. ત્યારે મુખ છે ત્યાં. દેખેનો અર્થ એમ કહેવો કે ગમે તે ઠેકાણે બેઠા હોય ને ભગવાન સામે જ છે એવું મોઢું (હોય) ત્યાં, એમ. એનું મોઢુ જ એવી રીતે હોય છે ચારે કોર. બ્રહ્માને ચાર મુખ કહે છે ને એ લોકો? એ બ્રહ્મા એ નહિ, બ્રહ્મા આ ભગવાન. આહાહા..! ચતુર્મુખ-ચારે બાજુ ચાર મુખ. એટલે ગમે તે દિશામાં બેઠો હોય તો એને ભગવાન મારી સામે છે એવું મોઢું ત્યાં છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દેખાય. આ તો પ્રગટ છે. એક મોઢું ને ચાર દેખાય છે એમ નહિ. આ તો ચાર છે ને ચાર દેખાય છે એમ કહેવું છે. એટલે સભાના માણસને ગમે ત્યાં બેઠો હોય તો એને ભગવાન અહીં છે આમ. મોઢું ત્યાં એ બાજુ એનું. ઓલાનું એ બાજું, ઓલાનું એ બાજુ. એમ.

મુમુક્ષુ :- ચાર અનુયોગથી હોય છે.

ઉત્તર :- ચાર અનુયોગની અહીં નથી વાત. એ ચારેય બાજુનું મોઢું છે અહીં તો એટલું. વસ્તુ છે. ચાર અનુયોગ માટે ચાર મોઢા છે એમ નહિ. આ તો એ ચૌમુખ દશા જ એવી એની શક્તિથી શરીરના ચાર પ્રકાર જ દેખાય મોઢા.

મુમુક્ષુ :- ..ના ચાર પ્રકાર છે કે..?

ઉત્તર :- ચાર જ હોય છે. એક હોય ને ચાર દેખાય એમ નહિ. ચાર હોય છે. ચાર હોય છે અને ચાર દેખાય છે.

મુમુક્ષુ :- બધા છદ્મસ્થને એક મોઢું હોય.

ઉત્તર :- એક એક દેખાય છે આમ. ત્યાં બીજું, ત્યાં ત્રીજું, ત્યાં ચોથું. આમ. એવી ચતુર્મુખ અથવા અનંત ચતુષ્ટયની દશા પ્રગટ થઈ એટલે મોઢા ચાર થઈ ગયા જેના. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ચાર. દેખાય છે એમ નહિ. આ તો ભાઈએ કીધું ને ઓલા સ્ફટિકમાં દેખાય છે. એમ નહિ. સ્ફટિકમાં દેખાય છે આમ, ખબર છે ને. આ તો ચાર (હોય છે).

'**બુદ્ધ હૈ,...**' બ્રહ્મા. '**ચતુર્મુખબ્રહ્મા હૈ,...**' જોયું! ચતુર્મુખનો અર્થ બ્રહ્મા કર્યો એ. એ પોતે બ્રહ્મા ચાર મુખથી... વાણી તો અંદર ધ્વનિથી નીકળે, ત્યાં કાંઈ વાણી મુખથી નથી નીકળતી. ભાષા એમ બોલાય, શાસ્ત્રમાં એમ આવે કે મુખથી બોલે છે ભગવાન. આવે છે ને પંચાસ્તિકાયમાં પહેલો શબ્દ આવે છે. મુખથી નીકળી વાણી. પણ એ તો જગતની શૈલી છે એ અપેક્ષાએ કહ્યું છે, બાકી વાણી આખા શરીરમાંથી નીકળે છે. ૐ એવો ધ્વનિ આખો ઉઠે છે. કેમકે અખંડ આત્મા પૂર્ણ સ્વરૂપ દશા થઈ ગઈ એની વાણીમાં અખંડતા જ ઊભી થાય છે. એવા બ્રહ્મા એ વિષ્ણુ ચતુર્મુખ છે. એ બુદ્ધ છે. જોયું, વિષ્ણુ, બ્રહ્મા, બુદ્ધ એના નામ બધા આપ્યા. એને ને એને. એવી દશાવંતને. એને આત્મા કહીએ. એને આત્મા કહીએ એમ કહે છે. જોયું! પૂર્ણ દશા પ્રાપ્ત થઈ ગઈ છે પરમાત્મા સર્વજ્ઞ એને આત્મા કહીએ, એને પરમાત્મા કહીએ. '**ઔર કર્મરહિત હૈ, યહ સ્પષ્ટ જાનો.**' એને કર્મ છે નહિ.

'**ભાવાર્થ :- જ્ઞાની કહને સે સાંખ્યમતી જ્ઞાનરહિત ઉદાસીન ચૈતન્યમાત્ર માનતા હૈ...** ' એનો નિષેધ કર્યો. સાંખ્યમતવાળા (એમ કહે છે), જાણવું એ વળી શું? જાણવું નહિ. જાણવું એ તો ... જાણવું જીવનો સ્વભાવ જ છે. ત્રણ કાળ ત્રણ લોક એને નહિ, પણ પોતાની પર્યાયમાં.. છે ને? એવડો જ આત્મા છે. પૂરો આત્મા ત્યારે જ થાય છે. ... પર્યાયમાં પૂર્ણ જ્ઞાન અને દર્શન, આનંદ આદિ થાય એવડો થાય છે. કહ્યું ને ઈ? એક જીવના .. શ્રદ્ધાન કરવું એ સમ્યગ્દર્શન છે. આવો આત્મા છે. '**જ્ઞાની કહને સે સાંખ્યમતી જ્ઞાનરહિત ઉદાસીન...** ' ઉદાસીન એમ કહે છે. .. એમ નથી. વ્યવહારથી .. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ... .. ત્રિકાળી છે એને જાણે છે એ. વસ્તુ છે જેને .. છે. એક સમયમાં ત્રિકાળ .. એવો જે આત્મા એને આત્મા કહીએ. ... એને જ્ઞાન કહીએ. ...

**(નોંધ :— ૧૩ મિનિટથી ૨૨ મિનિટ સુધી બરાબર સંભળાતું નથી.)**

'**ચતુર્મુખ કહને સે કેવલી અરહંત કે સમવસરણ મેં ચાર મુખ ચારોં દિશાઓં મેં દિખતે હૈં, ઐસા અતિશય હૈ,...**' કેવળી ભગવાનના સમવસરણમાં, સમવસરણમાં ચાર મુખ... ચારેય દિશાઓમાં દેખાય છે '**ઈસલિયે ચતુર્મુખ કહતે હૈં — અન્યમતી બ્રહ્મા કો ચતુર્મુખ કહતે હૈં...**'

બ્રહ્મા ભગવાન. દિવ્યધ્વનિ દિવ્ય નામ પ્રધાન, અવાજ. છે અતિશય... દેખાય છે બરાબર છે. ચાર મુખ દેખાય છે. એક છે માટે ચાર દેખાય છે (એમ નહિ), ત્યાં ચાર દેખાય છે. '**ચારોં દિશાઓં મેં દિખતે હૈં, ઐસા અતિશય હૈ, અન્યમતી બ્રહ્મા કો ચતુર્મુખ કહતે હૈં – ઐસા બ્રહ્મા કોઈ નહીં હૈ. બુદ્ધ હૈ અર્થાત્ સબકા જ્ઞાતા હૈ–બૌદ્ધમતી ક્ષણિક કો બુદ્ધ કહતે હૈં...**' આ તો ત્રણ કાળ ત્રણ લોકને જાણે માટે બુદ્ધ.

'**આત્મા હૈ...**' જુઓ! .. કાઢ્યો. મૂળ પાઠમાં છે ને '**अप्पो वि य परमप्पो**' આત્મા છે પરમાત્મા. અહીંયાં જુદુ પાડ્યું. '**અપને સ્વભાવ મેં હી નિરંતર પ્રવર્તતા હૈ...**' અતતિ ગચ્છતિ... આત્મા એટલે પોતાના સ્વભાવમાં પ્રવર્તે માટે આત્મા. આહાહા..! દરેક દ્રવ્ય છે, અહીં તો જ્ઞાનસ્વભાવી વસ્તુ... એ દ્રવ્યને પણ આત્મા કહેવાય એ અપેક્ષાએ. પોતામાં પ્રવર્તે છે માટે એને પણ આત્મા તો કહેવાય. આત્મા એટલે એનું સ્વરૂપ. આત્મ એટલે એનું સ્વરૂપ. આહાહા..! તે દ્રવ્યનો આત્મા એટલે એનું સ્વરૂપ. અહીંયાં તો આત્મા પોતે અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. પોતાના અનંત ગુણ જ્ઞાન–દર્શન–આનંદ આદિમાં પ્રવર્તે છે માટે તેને આત્મા કહે છે. એ દ્રવ્યસંગ્રહમાં એ છે.

'**અન્યમતી વેદાંતી સબમેં પ્રવર્તે હુએ આત્માકો માનતે હૈં...** ' શાસન એટલે પૂર્ણ રૂપે. શાસનનો અર્થ શું? નહિ, નહિ. પૂર્ણરૂપ. પૂર્ણ જેની શક્તિની વ્યક્તતા છે એટલે કે એ પૂર્ણ પર્યાય છે. એમાં એ ગુણની, એની પર્યાયની .. માટે તેને આત્મા કહે છે. '**પરમાત્મા હૈ અર્થાત્ આત્મા કા પૂર્ણરૂપ અનંતચતુષ્ટય ઉસકે પ્રગટ હો ગયે હૈં,...** ' એ પરમાત્મા પરમ.. '**કર્મ જો આત્માકે સ્વભાવ કે ઘાતક ઘાતિયાકર્મોં સે રહિત હો ગયે હૈં, ઈસલિયે કર્મ વિમુક્ત હૈ અથવા કુછ કરને યોગ્ય કામ ન રહા ઈસલિયે ભી કર્મવિમુક્ત હૈ.**' એમ બે વાત કરી. કરવું રહ્યું નથી માટે કાર્યમુક્ત છે. આહાહા..! આઠ કર્મથી રહિત છે અને નવું કાર્ય કરવું રહ્યું નથી હવે, માટે કર્મથી વિમુક્ત છે, કાર્યથી વિમુક્ત છે, એમ. આહાહા..!

'**સાંખ્યમતી, નૈયાયિક સદા હી કર્મરહિત માનતે હૈં, વૈસે નહીં હૈ.**' સાંખ્યમતી તો સદાય કર્મરહિત માને છે. અહીં તો કર્મરહિત થાય ત્યારે કર્મરહિત છે એમ કહે છે. એ લોકો તો સદા નિર્મળ વિકારરહિત (માને) છે. એમ નથી. વસ્તુ ત્રિકાળ નિર્મળ છે એ બરાબર છે. પણ પર્યાયમાં સદાય નિર્મળ કર્મ રહિત છે એમ નહિ. '**ઐસે પરમાત્માકે સાર્થક નામ હૈં. અન્યમતી અપને ઈષ્ટ કા નામ એક હી કહતે હૈં, ઉનકા સર્વથા એકાંત કે અભિપ્રાય કે દ્વારા અર્થ બિગડતા હૈ,...**' વાસ્તવિક અર્થ સાબિત થતો નથી. '**ઈસલિયે યથાર્થ નહીં હૈ. અરિહંત કે યે નામ નયવિવક્ષા સે સત્યાર્થ હૈ.**' જે અપેક્ષાએ કહ્યું એ અપેક્ષાએ બરાબર સત્યાર્થ છે. '**ઐસા જાનો.**' લ્યો! નિશ્ચયનયથી લીધું. એની વાસ્તવિક ...

મુમુક્ષુ :– ...

ઉત્તર :- પર્યાયનયથી. આ પ્રગટ્યું એ પર્યાયનયથી. શક્તિ એ દ્રવ્યાર્થિકનયથી. પર્યાયથી પ્રગટ્યું, ... આહાહા..! પૂર્ણ પ્રગટ્યું પર્યાયનયથી. પૂર્ણ પર્યાય થઈ ગઈ છે એમ જાણે છે.

**'આગે આચાર્ય કહતે હૈં કિ ઐસા દેવ મુજે ઉત્તમ બોધિ દેવે- '** આવા દેવની વ્યાખ્યા સ્વરૂપ જાણી અહો..! પરમાત્મા! મને દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્તમ બોધિ આપો. આહાહા..! .. ખ્યાલમાં આવ્યું ને બધું. આવો આવો આત્મા છે એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આપે એનો અર્થ એ કે હું જાણું અને મને પ્રગટ થાય. એ તો દેવ આવ્યું નહોતું પહેલું? આવી ગયું છે. દેવ બધું આપે. દેવ ધર્મ આપે, પુણ્ય પાસે, પૈસો આપે, લક્ષ્મી આપે, ભોગ આપે અને મોક્ષ આપે. આપેનો અર્થ નિમિત્ત થાય એમ કહેવું છે. એ પાઠ છે. દેવ, દદાતિ ઈતિ દેવ. પાઠ છે કુંદકુંદાચાર્યનો.

મુમુક્ષુ :— ધર્મ, અર્થ, કામ અને મોક્ષ...

ઉત્તર :— મોક્ષ. છે ચારેય.. ભગવાનને જે ઓળખીને માને એને મોક્ષ પણ થાય, એને બાકી વચમાં રહી જાય રાગનો ભાવ તો એને પૈસા લક્ષ્મી પણ મળે, એને કાંઈ બાકી રહે તો 'કામદં મોક્ષદં' કહ્યું છે ને. 'ૐકાર બિંદુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન, કામદં મોક્ષદં' રાગ બાકી રહે છે સાધકને તો સૌથી ઉત્કૃષ્ટ ભોગ મળે ચક્રવર્તીના, બળદેવના, તીર્થંકરના એમ કહે છે. એમાં શું, વસ્તુ સ્વરૂપ છે ને. પૈસો આપે, કામ આપે, ભોગ આપે, મોક્ષ આપે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નિમિત્તના કથન છે. દદાતિ ઈતિ દેવ. એની પાસે હોય એ જ સમજાવે ને. એમ કહે છે. જેની પાસે નથી એ શું સમજાવશે? એ આવી ગયું છે આમાં. દેવમાં આવી ગયું છે ને આમાં?

મુમુક્ષુ :- બોધપાહુડની ૨૪ ગાથા.

ઉત્તર :- લ્યો! ૨૪?

**'આગે પાંચ અણુવ્રતોં કા સ્વરૂપ કહતે હૈં :—'** ઠીક! ૨૪ ગાથા. પાનું-૧૦૦.

**सो देवो जो अत्थं, धम्मं कामं सुदेइ णाणं च।**
**सो देइ जस्स अत्थि हु, अत्थो धम्मो य पव्वज्जा।।२४।।**

એની પાસે હોય એ આપે એમ કહે છે.

મુમુક્ષુ :- એની પાસે બધું નથી અને આની પાસે બધું છે.

ઉત્તર :- બધુંય છે સમજવા માટે. આહાહા..! એ ત્યાં આચાર્ય પોતે કહે છે ને, હે નાથ! મને, મમ ઉત્તમ બોહિ દો. આ ગાથા છે અહીં જુઓને ૧૫૨. આપવાનો પોતાનો ભાવ છે ને એ. મને આ વસ્તુ પ્રાપ્ત થાઓ. આવી દિવ્યશક્તિની પર્યાય પૂર્ણ પ્રગટ થઈ એની મને શ્રદ્ધા-જ્ઞાન છે, ચારિત્ર પણ છે,

પણ ઉત્તમ પૂર્ણ પ્રાપ્ત થાઓ. માગે ત્યારે તો એમ જ બોલાય ને. 'સિદ્ધા સિદ્ધિં મમં દિસંતુ' નથી આવતું લોગસ્સમાં? 'સિદ્ધા સિદ્ધં મમ દિસંતુ.' મને દેખાડો. દ્યો. એનો અર્થ કે એ સિદ્ધપદ મને દેખાડો, મને કેવળજ્ઞાન થાય ત્યારે હું સિદ્ધપદ જાણું. એમ. લોગસ્સમાં આવે છે ને. લોગસ્સમાં આવે છે. લોગસ્સ આવે છે સામાયિકમાં. સામાયિક ચાલે છે એમાં લોગસ્સ એક છે. લોગસ્સ ઉજ્જોયગરે.. એ આપણે દિગંબરમાં ઓછું ચાલે છે. સામાયિક છે, સામાયિકમાં એ પાઠ છે દિગંબરનો. 'સિદ્ધા સિદ્ધં મમ દિસંતુ.' હે સિદ્ધ ભગવાનો એ સિદ્ધિ મને બતાવો, દ્યો. એનો અર્થ એ સિદ્ધપદની પ્રાપ્તિની ભાવના છે ત્યાં. એમ છે ભાઈ! આહાહા..!

**'આગે આચાર્ય કહતે હૈં કિ ઐસા દેવ મુજે ઉત્તમ બોધિ દેવે-'** લ્યો એ ત્યાંનું અહીં આવ્યું.

**इय घाइकम्ममुक्को अट्ठारहदोसवज्जिओ सयलो।**

અહીં તો સકળ શરીરસહિત જ ભગવાનને લીધા છે.

**तिहुवणभवणपदीवो देउ ममं उत्तमं बोहिं।।१५२।।**

આચાર્ય કુંદકુંદાચાર્ય. આહાહા..! ભાવના પોતાની છે ને અહીંયાં? **'देउ ममं उत्तमं बोहिं।'** બોધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એની પૂર્ણતા પ્રભુ! મને આપો. આહાહા..! એ આત્મદ્રવ્યની ભાવના છે. મારી પૂર્ણ દશા છે એ મને પ્રાપ્ત થાઓ. એમ કહેતા મને આવી બોધિ આપો એમ કહ્યું છે. આહાહા..! લ્યો, આવા સમયસાર જેવા અધ્યાત્મ શાસ્ત્રના કર્તા (આમ કહે છે). એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને દઈ શકાય નહિ. લ્યો! પણ વ્યવહારથી બોલાય. ભાષા એમ આવે ને. સર્વસ્વ આત્મા આપ્યો. નથી આવતું? પ્રવચનસાર ચરણાનુયોગમાં. બધું આપ્યું પ્રભુ! આપે મને. લ્યો! શ્રીમદ્‌માં આવે છે ને 'તે તો પ્રભુએ આપીયો.' એ કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને. સર્વસ્વ આપે આપ્યું પ્રભુ મને મારો આત્મા, સંયમ, ચારિત્ર, દર્શન, જ્ઞાન એ બધું મને આપ્યું. આહાહા..!

મુમુક્ષુ :- .. બાકી રહી ગયું છે.

ઉત્તર :- એ અહીં બાકી છે ને એટલે કહે છે ને. પૂર્ણ ક્યાં છે? કેવળ નથી માટે માગે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો છે. આહાહા..! વાત તો એટલી જ આવે. **'देउ ममं उत्तमं बोहिं'** ત્રણની એકતાની પૂર્ણતા મને આપો, એમ. એનો અર્થ બોધિ મને આપો. બોધિમાં ત્રણ આવે છે, કાંઈ એકલું સમ્યગ્દર્શન નથી આવતું. બોધિમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ... તોડે છે એ.

ઉત્તર :- તોડે છે એ. પર્યાયમાં પૂર્ણતા માટે ભાવના આવે ને. પર્યાયમાં પૂર્ણતા થવાની ભાવના હોય ને. વિકલ્પ ઊઠે એ ભલે પણ એની પાછળ જોર છે પુરુષાર્થનું. પૂર્ણ થવાના પુરુષાર્થનું જોર છે અંદર.

મુમુક્ષુ :- વિકલ્પ ઊઠ્યો...

ઉત્તર :- નહિ નહિ. એની કામ અહીં નથી.

અહીં તો આહાહા..! જે પર્યાય પ્રગટેલી છે દર્શન-જ્ઞાન-ચારિત્ર એની એમાં એકાગ્રતા વિશેષ કરવા માગે છે અને પૂર્ણ પ્રાપ્તિ કરવાની ભાવના છે. આહાહા..! ભાષા તો એમ જ આવે ને. ઓલામાં ન આવ્યું? ત્રીજા કળશમાં કે પ્રભુ! મને આ ટીકા કરતા મારી પરમ વિશુદ્ધિ પ્રગટ થજો. ટીકા કરવામાં તો વિકલ્પ છે. પણ એ ટીકાના કાળમાં મારું જોર જે દ્રવ્ય ઉપર જાય છે એ જોર ત્યાં પૂરું થઈ ગયું એમ કહે છે. ટીકાના કાળમાં, ટીકાથી કહ્યું ભલે, (પણ) કાળમાં. આહાહા..! મારી જે ધૂન ચડી છે દ્રવ્ય ઉપર... આહાહા..! એ ધૂન ત્યાં પૂરી થઈ જાવ હવે એમ કહે છે. ત્યારે એ લોકો એમ કહે છે ને કે જુઓ! આ ટીકા કરતાં પરમવિશુદ્ધિ થાય. વિકલ્પથી પરમવિશુદ્ધિ થાય છે કહે છે. એમાં લખ્યું છે એનો અર્થ એમ નથી. આહાહા..! એ તો ઓલામાં એમ કહ્યું ને? તદ્ ગુણ લબ્ધયે.

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम्।
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये।।
(મોક્ષશાસ્ત્ર, ગાથા-૧)

પ્રભુ! તારા ગુણની પ્રાપ્તિ માટે વંદુ છું. ત્યારે ત્યાં તો વિકલ્પ છે વંદનનો. તો વિકલ્પથી તદ્ગુણની પ્રાપ્તિ થાય? એ અર્થ આવ્યો હતો એ બાજુથી. એ બાજુથી આવ્યો હતો કે જુઓ, આમાં કીધું છે. છે તો વંદનનો વિકલ્પ, વંદન કરે છે અને એ વંદનથી ગુણની પ્રાપ્તિ મને થાવ. એ તો ભાવનાનો બોલ છે. વિકલ્પથી થાતા હશે? મારું જોર મારા સ્વભાવ ઉપર છે એમાંથી મારી પૂર્ણ પ્રાપ્તિ થઈ જાવ. એ ગુણો તમારી પર્યાયમાં જે છે એવી પર્યાયમાં મારા સ્વભાવની ધૂનની ધૂને ચડતા પ્રાપ્ત થાઓ એમ કહે છે. મારા દ્રવ્યના સ્વભાવે આરૂઢ થતાં પૂર્ણ થાઓ એમ કહે છે. આહાહા..! શબ્દને પકડે એનો અર્થ શું? એનું તાત્પર્ય પકડવું જોઈએ ને. એ આવ્યો હતો એ બાજુથી અર્થ. જુઓ! આમાં એમ લખ્યું છે તદ્ ગુણ લબ્ધયે. ભગવાનની ભક્તિમાં વળી રાગ ક્યાં આવ્યો? ભગવાનની સ્તુતિમાં રાગ ક્યાં આવ્યો? ત્યાં તો ગુણની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. એમ નથી, ભાઈ! એ તો રાગના વિકલ્પને લક્ષમાં નથી લીધો, માટે એને ગૌણ કરીને પોતાનું જે લક્ષ જ્યાં છે એને વધારવા માટે આ કીધું છે. આહાહા..! દ્રવ્યનો આશ્રય જે છે એથી વધારે આશ્રય કરવાની વાત .. છે. આહાહા..! આવી વાતું છે, પણ શું થાય? માણસે વીતરાગ માર્ગને આખો ફેરફાર કરી નાખ્યો. વ્યવહારથી નિશ્ચય થાય, નિમિત્તથી ઉપાદાનમાં થાય, ક્રમબદ્ધ નહિ. બધો ગોટો વાળ્યો.

અહીં તો જે સમયે જેની પર્યાય, પહેલી કહ્યું હતું ને કાલ નહિ પરમ દિ'. ઉત્પત્તિ જે ગુણની થાય, એ ગુણની ઉત્પત્તિની પર્યાયને બીજા દ્રવ્ય-ગુણ પોતાનાની પણ અપેક્ષા નથી. આહાહા..! ભગવાનની ભક્તિની અપેક્ષા છે અને થાય, બાપુ! એ વસ્તુમાં એમ નથી. આહાહા..! કેવળજ્ઞાનનો પર્યાય પણ ઉત્પાદ જે થાય છે એને પૂર્વના મોક્ષમાર્ગની અપેક્ષા જ નથી. આહાહા..! એ પૂર્ણ પર્યાય જે થાય,

અનંત આનંદ, અનંત સર્વજ્ઞપણું એ સમયના ઉત્પાદને જેને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, પૂર્વની પર્યાયની અપેક્ષા નથી તો કર્મના અભાવ અને સંહનનની અપેક્ષા તો ક્યાં છે? આહાહા..! આ રીતે જ વસ્તુનું સત્ જાહેર થાય છે. બીજી રીતે (થતું નથી). આહાહા..!

ભગવાનથી તો નહિ, પૂર્વની પર્યાયથી પણ નહિ, દ્રવ્ય ને ગુણથી નહિ. આહાહા..! એવો જે વીતરાગી કેવળજ્ઞાનનો પર્યાય અહેતુક છે, કોઈ એનો હેતુ નથી એવો એ સત્પર્યાય પ્રગટ થાય છે. એને કોઈની અપેક્ષા નથી. પર કારકોની અપેક્ષા નથી, પર નિમિત્તની અપેક્ષા નથી, એ પર્યાયનો દાતા દ્રવ્ય નથી. લ્યો! આવ્યું છે કે નહિ? યોગસારમાં. આહાહા..! એનો અર્થ એ પર્યાય સ્વતંત્ર સિદ્ધ કરી છે. આહાહા..! દ્રવ્ય, ગુણ કારણ હોય તો દ્રવ્ય, ગુણ તો એકસરખા છે. તો પર્યાય એકસરખી ઉત્પન્ન થવી જોઈએ અને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિની અપૂર્ણ ઉત્પન્ન થાય છે, વળી તે વધે છે, એથી વધે છે એનું કારણ શું? દ્રવ્ય-ગુણથી થતા હોય તો એ તો એકરૂપ ત્રિકાળ છે. પણ પર્યાયની પોતાની યોગ્યતાથી તે પર્યાય પ્રગટ થાય છે. આહાહા..!

**(નોંધ :— ૪૩ થી ૫૧ મિનિટ સમજાતું નથી.)**

એ વખતે એવી વાત સાધારણ આવી ગઈ છે. માણસોને ... પણ એ જાતના સંસ્કાર રહી ગયા હોય એટલે. ક્ષુધા-તૃષા ભગવાનને કેવી? એ છે એમાં. ક્ષુધા ન હોય, તૃષા ન હોય, રોગ ન હોય, વૃદ્ધાવસ્થા ન હોય એવી જેની દશા અઢાર દોષ રહિત. શ્વેતાંબર અઢાર દોષ બીજા કહે છે. નોકર્મના અભાવના. અહીં તો આ બધા છે. અને શ્રીમદ્ પાછળથી શ્રાવક રત્નકરંડાચારનો અર્થ કર્યો છે છેલ્લા... શબ્દાર્થથી. અઢાર દોષ આ હોય. એ અઢાર દોષ રહિત ભગવાન છે એમ લખ્યું છે. પુસ્તક નવું છે ને એની પાછળ. પણ એ એમ (કહે છે) કે એનો અનુવાદ એમણે કર્યો છે. પણ એથી કરીને શું? છેલ્લે તો ટૂંકું કરી નાખ્યું છે. પત્ર છે. નવા પુસ્તકમાં આવ્યું છે, છપાણો છે. ભગવાન અઢાર દોષ રહિત હોય છે. શ્રાવકરત્નકરંડાચારનો અર્થ કર્યો છે. ભગવાનને ક્ષુધા ન હોય, તૃષા ન હોય, રોગ ન હોય, વૃદ્ધાવસ્થા ન હોય. અરે..! પૂર્ણ પરમાત્મદશા એને વળી અશાતાના ઉદયના પ્રસંગ ક્યાં? એ આહાર કરે અને આહાર લેવા જાય ને બીજાને આહાર કરવાનું કહે. ભગવતીમાં છે. ભગવાનને છ મહિના સુધી ઝાડા. પેસોટી શું કહેવાય એ? છ મહિના રહી. છ મહિના પછી દવા માગી. લઈ આવ્યા. સાધુને હુકમ કર્યો, જાવ લઈ આવો દવા. દવા લઈ આવ્યા, દવા ખાધી, રોગ મટી ગયો. પંદરમાં શતકમાં અધિકાર છે આખો. બધી કલ્પિત વાતું છે. ભગવાને ક્ષુધા ન હોય, તૃષા ન હોય, રોગ ન હોય, કાંઈ ન હોય. એવા ભગવાનને ભગવાન અરિહંત કહેવામાં આવે છે. હજી તો અરિહંતની પણ ખબર નથી. આહાહા..!

પરમેશ્વર અરિહંતદેવ 'ણમો અરિહંતાણં' એ કેવા હોય એનું વર્ણન છે આ. ચાર કર્મનો નાશ થયો છે તેથી એને ક્ષુધા-તૃષા આદિ અઢાર દોષથી રહિત છે. હા. એનાથી રહિત પણ શરીર સહિત છે. એમ કહ્યું. સકળ કીધું ને સામે. સકળ. અઢાર દોષ રહિત છે, પણ શરીર સહિત છે. શરીર સહિત છે માટે

ક્ષુધા-તૃષા છે એમ નથી. આહાહા..! એને તો અમૃતનો અનુભવ છે. આહાહા..! પ્રવચનસારમાં આવે છે પહેલામાં (કે) શરીર સંબંધી સુખ-દુઃખ કેવળીને નથી. આવે છે ને. સુખ-દુઃખ નથી કેવળીને બહારમાં. ક્ષુધા લાગે તો દુઃખ થયું છે. ... થાય તો દુઃખ થાય. સર્વજ્ઞ કોને કહેવા એની વ્યાખ્યાની જ ખબર નથી. એમ ને એમ વાડામાં પડ્યા એ માનીને બેસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શાસ્ત્રોમાં લખ્યું હોય એ પહેલા જે લખનારો હતો એને ખબર હતી, પણ છતાં જુદો પંથ કરવા એણે જુદું લખ્યું. લખ્યું છે તો લખ્યું ને. દર્શનસારમાં તો લખ્યું છે. દર્શનસારમાં લખ્યું છે કે પહેલો જે (ઊંધા અર્થ) કાઢનારો નરકમાં ગયો. જાણીને આવું લખ્યું છે. ચાલતો પંથ આવો છે. .. બતાવ્યું હતું દર્શનસાર. છે ને, છે ને બધી વાતું છે. દર્શનસારમાં .. આવો માર્ગ પરમાત્માનો અનાદિ ચાલતો એમાં એણે ફેરવી નાખ્યો, નરકમાં પહેલી નરકે ગયો છે. પાઠ છે દર્શનસાર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ જ હોય છે ને. આને ... વાત આવે ત્યારે તો ભાઈ! પરમ દિ' કહ્યું હતું નહિ? તમે હતા નહિ. પરમ દિ' રાતે કાઢ્યું હતું. દેવસેનાચાર્ય. આહાહા..!

ભગવાન પરમાત્મા અરિહંતદેવ એને ક્ષુધા નહિ, તૃષા નહિ, રોગ નહિ. અનંત આનંદની દશા જેને પ્રગટ થઈ છે એવા ભગવાન ત્રણ શરીર સહિત છે. '**ઔર તીન ભવનરૂપી ભવન કો પ્રકાશિત કરને કે લિયે પ્રકૃષ્ટદીપક તુલ્ય દેવ હૈ,...**' લ્યો! .. બીજો છે ને? મહા ઉત્તમ દીવો છે. આહાહા..! ત્રણ ભવનરૂપી ભવન. ત્રણ લોક એને પ્રકાશનાર પરમાત્મા દીવા સમાન છે. એક એક બોલને યથાર્થ માને... એમ ન ચાલે એમ કહે છે. એને .. ઓલા ભગવાન આવા હતા અને ભગવાન આમ થઈ ગયા. જાવ. એમ ન ચાલે. ભાવ ખ્યાલમાં આવવો જોઈએ. ત્રણ ભુવનના ભવનને પ્રકાશિત કરવા માટે પ્રદીપ છે. પ્ર એટલે પ્રત્યક્ષ, દીવો તુલ્ય દેવ છે. એવા દેવ પરમાત્મા છે. મહાવિદેહમાં બિરાજે છે, સીમંધર પરમાત્મા તીર્થંકરદેવ અરિહંતપદે મહાવિદેહમાં વર્તમાન બિરાજે છે. અઢાર દોષ રહિત છે. ક્ષુધા, તૃષા નથી. પરમ ઔદારિક શરીર છે. પરમ ઔદારિક શરીર એને રોગ કેવા? જેના પ્રકાશમાં નજીક માણસ આવીને જોવે તો એને સાત ભવ ભળાય. ભૂતકાળના ત્રણ .. બધું કલ્પિત કરેલું છે. એ તો ન હોય તો ક્યાંથી દેખે? એ તો છે નહિ. એ તો એમાં આવી જાય છે એમ કહે છે. હોય નહિ એ વાત.. એ વાત તો ઠીક કરી. ભવિષ્યમાં એક જ .. હોય. આ તો ઉત્કૃષ્ટ હોય એને આવું ભાસે. ઊંચી વાત થાયને.

ભગવાન ત્રણ ભવનના પ્રકાશિત કરનારા છે. '**વહ મુજે ઉત્તમ બોધિ...**' કુંદકુંદાચાર્ય કહે, આહા..! આવા પરમાત્મા! જેને લક્ષમાં લીધા છે અને એ લક્ષનું બાણ માર્યું છે ધ્રુવ ઉપર. સમજાણું? આવે છે ને એ? મતિશ્રુતનું બાણ આવે છે. અષ્ટપાહુડમાં આવે છે. આહાહા..! એવા ભગવાન મને પરમાત્મા.. એક તો એમની હયાતી સ્વીકારી, એક તો એની પૂર્ણ દશાને સ્વીકારી અને એને વાણી હોય

છે એમ સ્વીકાર્યું, તેથી અમે કહીએ છીએ કે પ્રભુ! અમને પૂર્ણ આપો હવે. આહાહા..! એવો વાણીનો જોગ મળો અને અમને પૂર્ણ પ્રાપ્તિ અંદરમાં થાવ. આહાહા..! કારણ કે હજી શરીર બાકી છે ને એમને? વર્તમાન મુનિ છે, કેવળજ્ઞાન કાંઈ પ્રાપ્ત ન કરી શકે, સ્વર્ગમાં જઈ શકે છે. એક ભવ હજી બાકી છે. અમને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ ઘો. આ જ માગે છે લ્યો! અમને પુણ્ય મળે, સ્વર્ગ મળે, તીર્થંકર પ્રકૃતિ મળે એ માગણી નથી અહીં તો. આહાહા..! અમારા માર્ગની પૂર્ણતા અમને પ્રાપ્ત થાઓ.

વસ્તુ જે આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ એની પ્રતીત, જ્ઞાન અને રમણતાની પૂર્ણતા થાઓ. આહાહા..! વિકલ્પ છે તોપણ આ પૂર્ણતાને માટે છે. '**ઈસપ્રકાર આચાર્યને પ્રાર્થના કી હૈ.**' લ્યો! કુંદકુંદાચાર્ય જેવા પણ ભગવાનને આવી રીતે ઓળખીને પોતાની ભાવનાને પ્રસિદ્ધ કરી છે ભગવાનને નામે. તમે મને આપો. પણ એ નામે પોતાની પ્રસિદ્ધિ કરી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૧૩, મંગળવાર તા. ૧૮-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૫૨ થી ૧૫૫, પ્રવચન - ૧૭૭**

ભાવાર્થ છે ને ૧૫૨નો? ૧૫૨. આચાર્યે, અઢાર દોષરહિત ભગવાન ત્રણ ભુવનના દીપક સમાન... એ મને પ્રાપ્ત થાઓ. અહીં તો ઘો મને એમ કીધું છે.

'**ભાવાર્થ :- યહાં ઔર તો પૂર્વોક્ત પ્રકાર જાનના,...**' એ તો ઠીક ચાર ઘાતિનો નાશ કર્યો. '**પરંતુ સકલ વિશેષણ કા યહ આશય હૈ કિ મોક્ષમાર્ગ કી પ્રવૃત્તિ કરને કે જો ઉપદેશ હૈં, વહ વચન કે પ્રવર્તે બિના નહીં હોતે હૈં ઔર વચન કી પ્રવૃત્તિ શરીર બિના નહીં હોતી હૈ,...**' એમ સિદ્ધ કરવું છે. '**ઈસલિયે અરિહંત કા આયુ કર્મ કે ઉદય સે શરીર સહિત અવસ્થાન રહતા હૈ...**' કેવળજ્ઞાન હોવા છતાં શરીરની સ્થિતિ, અવસ્થાન એટલે રહેવું, આયુ પ્રમાણે રહે છે. '**ઔર સુસ્વર આદિ નામકર્મ...**' બીજી વાત ભાષા કહેવી છે ને. ઉપદેશ નીકળે છે ને. જો પૂર્ણ થયા પછી ઉપદેશ ન હોય તો ઉપદેશ સાંભળનારને તો કાંઈ મળે નહિ. '**સુસ્વર આદિ નામકર્મ કે ઉદય સે વચન કી પ્રવૃત્તિ હોતી હૈ.**' બે વાત. એક તો પરમ ઔદારિક શરીર. એક વાત એમ કહી છે. એમને પરમ ઔદારિક શરીર હોય છે અને એ શરીર હોય છે તો વાણીની પ્રવૃત્તિ હોય છે.

'ઈસતરહ અનેક જીવોં કા કલ્યાણ કરનેવાલા ઉપદેશ હોતા રહતા હૈ. અન્યમતિયોં કે ઐસા અવસ્થાન (ઐસી સ્થિતિ) પરમાત્મા કે સંભવ નહીં હૈ, ઈસલિયે ઉપદેશ કી પ્રવૃત્તિ નહીં બનતી હૈ,...' એ તો ભગવાન થયા પૂર્ણ એટલે થઈ રહ્યું, અનંતમાં અનંત સમાઈ ગયા એથી એને વાણી ને શરીર હોય નહિ, એમ. પણ અહીં સિદ્ધાંત મૂક્યો છે કે જ્યારે સર્વજ્ઞ થાય અને જો શરીર ન હોય તો વાણી ન હોય. એટલે વાણીનો ઉપદેશ સર્વજ્ઞ હોવા છતાં થાય એ શરીર હોય તો થાય. એટલે ભગવાનને શરીર હોય છે એમ સિદ્ધ કરવું છે. મોટી ચર્ચા થઈ હતી એક ફેરી. વડવા, ભાવનગરમાં વડવા છે ને વડવા ત્યાં (સંવત) ૧૯૮૬ની સાલમાં. આ ઉપદેશ શું? પૂર્ણ થયા પછી ઉપદેશ શું? વડવા છે ને? ભાવનગર. ભાઈ કુંવરજીભાઈ આવ્યા હતા. કુંવરજી આણંદજી આવ્યા હતા, ત્યાં દર્શન કરવા આવ્યા હતા. ગામમાં નહોતા આવ્યા. ગામમાં થોડા દિ રહ્યા. પણ ત્યાં એને ... આવ્યા હતા. આ વાત થઈ હતી કે પૂર્ણ પરમાત્મા થાય એની આ વાણી છે એની શું સિદ્ધિ? પૂર્ણ સર્વજ્ઞ થાય એને શરીર હોય છે. શરીર ન હોય તો વાણી ન હોય અને વાણી ન હોય તો ઉપદેશ ન હોય, થઈ રહ્યું. તો સર્વજ્ઞે જાણ્યું એ શું જાણ્યું? અને કેમ જાણ્યું? એ વાત તો આવે નહિ.

મુમુક્ષુ :- નિમિત્તનો યોગ.

ઉત્તર :- નિમિત્તનો યોગ નહિ, એ શરીર હોય છે એમ કહેવું છે ત્યાં. જ્યાં સર્વજ્ઞ પૂર્ણ દશા પૂર્ણ આનંદનો ગોળો ભિન્ન પડી ગયો છતાં ત્યાં શરીર હોય છે. અઘાતિ કર્મ બાકી છે ને? શરીર હોય છે. ઘાતિનો નાશ થયો છે. એથી એ શરીર હોય છે, વચનની પ્રવૃત્તિ ઉપદેશની હોય છે. અન્યમતમાં એ હોતું નથી. એ તો સર્વજ્ઞ થયા પૂર્ણ એટલે ભળી ગયો બીજામાં. એટલે એને અશરીરીને વાણી એમ કે ભગવાન હતા અને એને નાદ નીકળ્યો એ શરીર વિના. એમ નથી. એમ કરીને પૂર્ણ પરમાત્મપદ સ્થાપ્યું, એને અઘાતિના કર્મને કારણે અઘાતિ છે (તો) શરીર સ્થાપ્યું અને એને નામકર્મ ઉદય છે અઘાતિમાં એથી સુસ્વર નામ કર્મના ઉદયને લઈને વાણી નીકળે. અન્યમતિઓને એ નથી. 'તબ મોક્ષમાર્ગ કા ઉપદેશ ભી નહીં બનતા હૈ,...' જો સર્વજ્ઞ પૂર્ણ દશા થઈ અને શરીર ન હોય તો વાણી ન હોય તો ઉપદેશ બને નહિ અને અલ્પજ્ઞનો ઉપદેશ પૂરો સરખો હોય નહિ. આહાહા..! 'ઈસ પ્રકાર જાનના ચાહિયે.' લ્યો! 'सयलो' શબ્દ કરીને બે સ્થાપ્યું. 'सयलो' એટલે કળસહિત એટલે શરીરસહિત એટલે પરમ ઔદારિક શરીર એક. અને પરમ ઔદારિક શરીર એટલે વાણી નીકળે. બે એનો અર્થ.

'આગે કહતે હૈં કિ જો ઐસે અરિહંત જિનેશ્વર કે ચરણોં મેં નમસ્કાર કરતે હૈં, વે સંસાર કી જન્મરૂપ બેલ કો કાટતે હૈં :-' આ આધાર આવ્યો.. પત્રોનો. જુઓ! આ ભગવાનને વંદન કરે એમાં જન્મ રહિત થાય છે. આ ગાથા આવી હતી. એ તો સમ્યગ્દૃષ્ટિ છે, જિનદશા, જિનદશા પ્રગટી છે. અનંતાનુબંધી અને મિથ્યાત્વ ગયા એટલી જિનદશા પ્રગટી છે. એને જિનવર કેવળજ્ઞાન પ્રત્યે બહુમાનનો વિકલ્પ આવે છે, એને એ સ્વભાવનો આશ્રય છે, એનાથી જન્મવેલ કપાય છે. આ ગાથા

આવી હતી. રતનચંદજીએ મૂકી હતી ઘણા વર્ષ પહેલાં. જુઓ! કહે.

जिणवरचरणंबुरुहं णमंति जे परमभत्तिराएण।
ते जम्मवेल्लिमूलं खणंति वरभावसत्थेण।।१५३।।

**'અર્થ :- જો પુરુષ...'** જે કોઈ આત્મા **'પરમ ભક્તિ અનુરાગ સે...'** એટલો શબ્દ વાપર્યો છે ને અહીં તો. **'परमभत्तिराएण'** પરમ ભક્તિના અનુરાગથી. એ તો સમ્યગ્દષ્ટિને જ હોય છે. આહાહા..! પંચાસ્તિકાયમાં નથી લીધું? ભક્તિ ખરેખર તો સમકિતીને જ હોય છે. આવે છે, પંચાસ્તિકાયમાં ટીકામાં આવે છે. અજ્ઞાનીની ભક્તિ એ ભક્તિ હોતી જ નથી. કારણ કે એ તો રાગને જ માનનારો છે. પંચાસ્તિકાયમાં છે ટીકામાં. આહાહા..! જેને આત્મા રાગથી ભિન્ન પડ્યો છે, જેવી વીતરાગની દશા પૂર્ણ છે એ જાતની દશા જેને પ્રગટી છે. વિકલ્પ સહિત આત્મા હતો એને વિકલ્પ રહિત જાણ્યો છે. રાગ રહિત આત્મા છે ચૈતન્યદળ શુદ્ધ એવું જેને ભાન થયું છે, એ જીવ જિનવરદેવની પૂર્ણ પ્રાપ્તિ દશા જેને થઈ છે એને એ **'परमभत्तिराएण'** એને જ સાચી ભક્તિ હોય છે અને એને વિકલ્પ હોય છે ભલે પણ એ વિકલ્પથી જ જન્મવેલીનો નાશ થતો નથી. એ આ નાખે એમાં અત્યારે. એવા તો પાઠ ઘણા આવે શાસ્ત્રમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ **'वरभावसत्थेण'** પણ એ કહે ને **'परमभत्तिराएण। ते जम्मवेल्लिमूलं खणंति'** એમ. એ વરભક્તિ એ વરશસ્ત્ર છે શુભ. અંદર રાગથી રહિત, બહુમાન જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનું બહુમાન આવ્યું છે અંતરમાંથી, એ જ્યારે વીતરાગનું બહુમાન ભક્તિ અનુરાગથી કરે છે ત્યારે સ્વભાવના આશ્રયનો શુદ્ધભાવ જે છે એનાથી **'जम्मवेल्लिमूलं खणंति'**. ખરેખર તો મિથ્યાત્વનો એને નાશ છે એથી અનંતાનુબંધીનો પણ નાશ છે અને જન્મનું મૂળિયું તો એણે નાશ કરી નાખ્યું છે એમ કહે છે. આહાહા..! મૂળ આ અર્થ કરવામાં આખા વાંધા.

**'જો પુરુષ પરમ ભક્તિ અનુરાગ સે જિનવરકે ચરણકમલોં કો...'** **'णंबुरुहं'** એ ને કમળ? **'ચરણકમલોં કો નમસ્કાર કરતે હૈં,...'** જેને અંતરમાં રાગરહિત આત્મતત્ત્વનો અનુભવ થયો છે એને જ પરમાત્મા પ્રત્યેનો ભક્તિ, પરમ રાગ અને અનુરાગ આવે છે. અજ્ઞાનીને હોતી જ નથી. સંમતભદ્રાચાર્યે કહ્યું છે ત્યાં ચોવીસ સ્તવનમાં. હે નાથ! અભવિ આપને વંદન નહિ કરી શકે. કેમ? કે રાગના પ્રેમીલા વીતરાગ પ્રત્યેનું બહુમાન એને નહિ આવે. અભવિની વાત લીધી છે. ચોવીસ સ્તવન છે ને. ગ્રંથિસત્તા એમ શબ્દ પડ્યો છે ત્યાં. ગ્રંથિસત્તા એટલે જેને રાગની ગાંઠની સત્તા પડી છે. જેને રાગની ગાંઠની એકતા છે એ જીવ, પ્રભુ! આપને વંદન નહિ કરી શકે. કારણ કે એને રાગ વિનાનો ભાવ શું છે એ જોયો નથી, જાણ્યો નથી એટલે વીતરાગભાવ પ્રત્યે એને બહુમાન નહિ આવે. સમજાણું કાંઈ? આહાહા..!

'**વે શ્રેષ્ઠભાવરૂપ શસ્ત્ર...** ' એ શ્રેષ્ઠભાવ એટલે? પોતાનો જે વીતરાગ સ્વભાવ, ચૈતન્ય જ્ઞાયકસ્વભાવનો જે ભાવ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિનો ભાવ એ શ્રેષ્ઠભાવ શસ્ત્ર છે. એનાથી '**જન્મ અર્થાત્ સંસારરૂપી બેલ કે મૂલ જો મિથ્યાત્વ આદિ...**' જોયું! એટલે કે જેને અંતર આત્મભાવ પ્રત્યેનું બહુમાન આવ્યું છે એને વીતરાગ પ્રત્યે બહુમાન આવતા એને સ્વભાવરૂપી ભાવના શસ્ત્ર વડે મિથ્યાત્વ આદિ, અનંતાનુબંધી આદિના કર્મને '**નષ્ટ કર ડાલતે હૈં.**' નાશ કરી નાખે છે. એણે દાખલો તો આપ્યો હતો ઓલો ધવલમાં આવે છે ને પહેલો? ભગવાનના જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો નાશ થાય. આવે છે ને. એમ એને લગતી આ પુષ્ટિ આપી હતી. ધવલમાં આવે છે ધવલ.

મુમુક્ષુ :- .. પહેલી શ્રદ્ધાની વાત કરી છે.

ઉત્તર :- હા, કરી છે ને એ. ઈ એણે ખુલાસો કર્યો છે. એ તો કહે, પ્રતીતિ જિનેશ્વરદેવની શ્રદ્ધારુચિ ને પ્રતીતિ છે એમ.

(ભાવાર્થ.) '**અપની શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ સે જો જિનેશ્વરદેવ....** ' પણ એ શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ કોની? સ્વની, પરની નહિ. ત્યાં અર્થમાં ફેર છે ને? ત્યાં પણ '**અપની શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ સે જો જિનેશ્વરદેવ કો...**' એમ. પોતાનો ભગવાન આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે, આનંદ નાથ છે, રાગના અભાવસ્વભાવરૂપ છે, એની શ્રદ્ધા, રુચિ અને પ્રતીતિ એમ કહે છે. આહાહા..! મૂળ તો ભાવના મૂળ અભિપ્રાય સમજ્યા વિના અર્થ શાસ્ત્રના થાય એ બધા ફેરફાર થઈ જાય ફેરફાર. અહીંયાં કહે છે કે '**મિથ્યાત્વ આદિ કર્મ, ઉસકો નષ્ટ કર ડાલતે હૈં (ખોદ ડાલતે હૈં).**' એટલે નાશ થઈ જાય છે એમ. મૂળમાંથી નીકળી જાય છે, મૂળ ઉખડી જાય છે એમ. આહાહા..!

'**અપની શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ સે...**' અપની એટલે પોતાનો જે આત્મા એની શ્રદ્ધા. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક છું એની પ્રતીતિ-રુચિથી '**જો જિનેશ્વરદેવ કો નમસ્કાર કરતા હૈ,...**' જયચંદ્ર પંડિતે તો આ ખુલાસો કર્યો છે. તો ઓલા કહે કે નહિ. એ જિનેશ્વરદેવની ભક્તિ કરે છે એનાથી જ સંસારનો નાશ થાય છે. પણ એને હોય નહિ બીજાને સાચી. જેને વીતરાગભાવનો પ્રેમ જાગ્યો નથી એને પૂર્ણ વીતરાગ પ્રત્યે પ્રેમ સાચો આવશે જ નહિ.

મુમુક્ષુ :- એને તો રાગની જ ભક્તિ હોય છે.

ઉત્તર :- રાગની જ ભક્તિ કરે, .. સત્તા નથી. આહાહા..! બહુ વાત!

રાગ વિકલ્પ છે તેના પ્રત્યે જેને પ્રેમ છે એને તો સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એના ઉપર જેને પ્રેમ નથી એને તો રાગ ઉપર પ્રેમ છે અને રાગ ઉપર પ્રેમ છે એને ત્રિકાળી શુદ્ધ ધ્રુવ સ્વભાવ એ પ્રત્યે એનો અનાદર છે. પણ જેને શુદ્ધ સ્વભાવ પ્રત્યેનો આદર છે એને રાગ પ્રત્યેનો પ્રેમ અને આદર નથી. આહાહા..!

એ નમસ્કાર.. ‘સત્યાર્થસ્વરૂપ સર્વજ્ઞ વીતરાગપને કો જાનકર...’ જોયું! ‘**ઉનકે સત્યાર્થસ્વરૂપ સર્વજ્ઞ વીતરાગપને કો જાનકર ભક્તિ કે અનુરાગ સે નમસ્કાર કરતા હૈ, તબ જ્ઞાત હોતા હૈ કિ સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ કા યહ ચિહ્ન હૈ,...**’ એમ. આહાહા..! સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું ચિહ્ન બાહ્ય. પોતાને બહુમાન પ્રગટ્યું છે સ્વભાવ પ્રત્યે, એથી સ્વભાવપ્રાપ્ત પુરુષ પ્રત્યે બહુમાન એને આવે છે. એ એનું લક્ષણ છે બાહ્ય. ‘**ઈસલિયે માલુમ હોતા હૈ કિ ઈસકે મિથ્યાત્વ કા નાશ હો ગયા,...**’ લ્યો! ઠીક! અહીં તો. એણે એ દાખલો આપ્યો હતો. જિનબિંબના દર્શનથી મિથ્યાત્વ નિદ્ધત-નિકાચિતનો નાશ થાય છે. પણ એ જિનબિંબનું દર્શન ક્યું? જિનબિંબ આ. એ ધવલમાં આવે છે પહેલા ભાગમાં. રતનચંદજી એ દૃષ્ટાંત બહુ દે છે. જિનબિંબના દર્શનથી, પણ જિનબિંબ આ છે નિષ્ક્રિય, એકલો જાણનાર, જેમાં ક્રિયા નથી દેખાતી એવો હું છું. એવી જેને દૃષ્ટિ થાય એનો નિદ્ધત-નિકાચિત કર્મ નાશ થાય. આહાહા..! એણે જિનબિંબના દર્શન કર્યા કહેવાય. નિષ્ક્રિય આમ પડ્યું છે બિંબ ભગવાનનું. ભલે સામે પ્રતિમા છે. કાંઈ હલે નહિ, ચલે નહિ, સ્થિર. એવો જ હું છું. જેમાં રાગની ક્રિયા નથી, વીતરાગી બિંબ પ્રભુ છે, જિનબિંબ આત્મા છે. ચૈતન્ય પ્રતિમા જેને શ્રીમદ્દે કહી છે, નહિ? ચૈતન્ય પ્રતિમા. એટલે રાગ વિનાની ચૈતન્ય પ્રતિમા છે એના જેણે દર્શન કર્યા એનો મિથ્યાત્વનો નાશ થાય, સંસાર વેલડી એની તૂટી જાય. આહાહા..! પણ આ લોકો તો એમ કહેવા માગે બહારથી બધાય.

પરદ્રવ્ય પ્રત્યેનું વલણ છે ત્યાં તો રાગ છે. સ્વદ્રવ્યના આશ્રય વિના મિથ્યાત્વનો અને અજ્ઞાનનો અને કષાયનો નાશ ન થાય. પરદ્રવ્યને આશ્રયે ન થાય. એ તો કહ્યું હતું ને, મોક્ષ અધિકારમાં આવ્યું હતું ને. ‘**परदव्वादो दुग्गइ**’ પરદ્રવ્યને આશ્રયે તો દુર્ગતિ (છે), એટલે ચૈતન્યની જે પરિણતિ છે એ ઊભી થાય જ નહિ. સમજાય છે? ‘**परदव्वादो दुग्गइ**’ ચાહે તો તીર્થંકર ત્રિલોકનાથ હો, પણ એના તરફ વલણ થયું તો એ રાગ છે દુર્ગતિ. દુર્ગતિ એટલે આત્માની ગતિ નથી એ. આહાહા..! બહુ માર્ગ! ‘**सदव्वा हु सुग्गइ**’ એમ લીધું છે ત્યાં તો. બે શબ્દ પડ્યા છે આટલામાં. સ્વદ્રવ્યથી સુગતિ નામ સુપરિણમન છે. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ એનો આશ્રય કરવાથી શુદ્ધ પરિણતિ ઉત્પન્ન થાય છે. એ વિના પરના આશ્રયે કોઈ દિ’ શુદ્ધ પરિણતિ ન થાય. આવી વાત છે. અર્થ કરવામાં આખા વાંધા મોટા છે. બહુ જોરથી આ લખાણ આવ્યું. જુઓ! આ પ્રમાણે આમાં આવ્યું છે. અષ્ટપાહુડમાં આમ આવ્યું છે, ફલાણામાં આવ્યું છે. બધું આવ્યું છે, બાપુ! મૂળ વસ્તુની દૃષ્ટિ કર્યા વિના જેટલા અર્થો થાય એ બધા વિપરીત થશે, રાગ(ને લીધે) વિપરીત થશે, ભાઈ! આ તો માર્ગ અંતર વીતરાગનો છે. વીતરાગ એમ કહે છે કે મારી સામું જો છો, તને રાગ થશે. આહાહા..! તારી સામું તું જો. ત્યાં તને વીતરાગતા થશે. આહાહા..! એ તો વીતરાગની વાણીમાં છે આમ. ‘**परदव्वा**’નું કારણ એ કીધું ને?

વાત ઈ છે કે સ્વવસ્તુ છે એ મહા આનંદદાયક શુદ્ધ ચૈતન્યઘન છે. એનું જેને અંતરમાં માન-બહુમાન આવ્યું નથી એને પરમાત્મા પ્રત્યે બહુમાનની સાચી ભક્તિ હોઈ શકે જ નહિ. સંમતભદ્રાચાર્યે

એમ કહ્યું છે, નાથ! ગ્રંથિ સત્તા, જેને રાગની એકતાબુદ્ધિ છે એવા અભવિ હો કે ભવિ, એ આપ વીતરાગ અક્રિયબિંબ પૂર્ણ જ્ઞાન દર્શન આનંદની પરિપૂર્ણતા જેની એક દશામાં (પ્રગટ થઈ), જેને રાગની ગંધ અને અંશ નથી એવી પર્યાયવંતની, જેને રાગની એકતા છે એ વીતરાગ પ્રત્યેનું બહુમાન એને નહિ આવી શકે. આહાહા..! અંતરથી નહિ આવે. સમજાણું કાંઈ?

અહીંયાં તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું ચિહ્ન કહ્યું. બહુમાન જેને અંતરમાં આવ્યું છે, જેને પરપદાર્થ પ્રત્યેના વલણનો રાગ પણ જેને રુચિમાંથી છૂટી ગયો છે. આહાહા..! અંતર્મુખ ભગવાન ચૈતન્યસ્વરૂપના પ્રેમમાં જે પડ્યો છે એ તો વીતરાગભાવના પ્રેમમાં પડ્યો છે. પ્રીતિ કહે છે ને, નિર્જરા અધિકારમાં. ત્યાં પ્રીતિ કર, ત્યાં રુચિ કર, ત્યાં સંતોષ કર, ત્યાં કલ્યાણમાર્ગ ત્યાં છે. આહાહા..! એ વીતરાગપણાને જાણીને ભક્તિ (કર). વીતરાગપણું એમ જાણે ક્યારે? વીતરાગને વીતરાગપણું જાણે ક્યારે? આહાહા..! એના લક્ષમાં રાગરહિત આત્મા આવે ત્યારે આ વીતરાગ છે એમ જાણી શકે. આહાહા..! એનો નમુનો હાથમાં આવ્યા વિના આ માલ પૂરો છે એમ જાણશે કોણ? સમજાણું કાંઈ? આવી વાત છે પણ શબ્દાર્થ ફેરવી નાખ્યા. ઈ એમ કહે છે કે તમે અર્થ ફેરવી નાખ્યા.

મુમુક્ષુ :- સોનગઢકા અર્થ...

ઉત્તર :- સોનગઢે અર્થ ફેરવી નાખ્યા. ભગવાન! શાંત થા ને ભાઈ!

મુમુક્ષુ :- હજી કેટલા અર્થો ફેરવ્યા કરશે.

ઉત્તર :- આવ્યું હતું ને, રામજીભાઈ ઉપર આવ્યું હતું. સોમચંદભાઈનું આવ્યું હતું. કલોલથી. કલોલ-કલોલ. બધા અર્થ ફેરવવા કરતા તમે જ ફરી જાવ ને. એમ કહે છે. અરે..! ભગવાન! એને બેઠું હોય એમ કહે ને. એને ભાસે એમ કહે. આહાહા..! રામજીભાઈ ઉપર આવ્યું હતું, સોમચંદભાઈ ઉપર.

'**અબ આગામી સંસારકી વૃદ્ધિ ઈસકે નહીં હોગી,...** ' આહાહા..! સંસાર કેવો? જેને રાગની એકતા સંસાર (એ તૂટી ગયો), એ તો સંસાર હતો, મિથ્યાત્વ એ સંસાર હતો. આહાહા..! સ્વભાવમાં સંસાર છે નહિ. રાગની એકતા એ મિથ્યાત્વ એ સંસાર હતો. આહાહા..! એ જેણે તોડ્યો છે અને જેને સ્વભાવમાં સંસાર નથી એનો જેને આદર અને અનુભવ થયો એને ભવિષ્યમાં સંસાર નથી. આહાહા..! '**ઈસપ્રકાર બતાયા હૈ.**' લ્યો એ ૧૫૩. બહુ જ ગાથાઓ સરસ છે.

'**આગે કહતે હૈં કિ જો જિનસમ્યક્ત્વ કો પ્રાપ્ત પુરુષ હૈ સો વહ આગામી કર્મ સે લિપ્ત નહીં હોતા હૈ :—**' જિન સમકિત. વીતરાગી સમકિત એનો અર્થ છે. આહાહા..! ત્યારે વળી આ બીજો અર્થ આખો આવે છે. ચોથે ગુણસ્થાને વીતરાગ સમકિત ન હોય, સરાગ સમકિત હોય. એ વળી એ પ્રશ્ન આવે છે. એ રતનચંદજી એમ કહે છે અને એક આ ... કાગળ આવે બિચારા ઉપદેશ તરીકે અહીંયા. રતનચંદજીનો ન આવે, આનો ..ચંદજીનો આવે. એમ કે તમે ચોથે ગુણસ્થાને વીતરાગ સમકિત કહો છો. ઊંધો છે બધો અર્થ, દુનિયાને ઊંધે રસ્તે દોરો છો. એને લાગે એમ કહે ને. અહીં તો

જિનસમકિત એ ચોથા ગુણસ્થાનની વાત છે. જિન એટલે રાગરહિત આત્માની પ્રતીતિ થઈ એ વીતરાગ જ પર્યાય છે. આહાહા..!

શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ પૂર્ણ એની પ્રતીતિ તો વીતરાગભાવની પ્રતીતિ અને વીતરાગ પર્યાયની પ્રતીતિ થઈ. સમજાય છે કાંઈ? વસ્તુ પોતે વીતરાગસ્વરૂપ છે આત્મા, જિનસ્વરૂપ છે. એની પ્રતીતિ જિનસ્વરૂપે જ હોય પર્યાયની, વીતરાગતા જ હોય એની. આહાહા..! શું થાય પણ? ચોર કોટવાલને દંડે એવું થયું છે.

**जह सलिलेण ण लिप्पइ कमलिणिपत्तं सहावपयडीए।**
**तह भावेण ण लिप्पइ कसायविसएहिं सप्पुरिसो।।१५४।।**

લ્યો! '**અર્થ :- જૈસે કમલિની પત્ર અપને સ્વભાવસે હી જલસે લિપ્ત નહીં હોતા હૈ,...**' પાણીમાં એનો લેપ લાગતો નથી. કારણ કે એ કમળના રૂંવાટા કોરા હોય છે. કમળના રૂંવાટા ઝીણી ઝીણી હોય છે ને લુખ્ખા કોરા. એને પાણી અડતું જ નથી. '**વૈસે હી સમ્યગ્દષ્ટિ સત્પુરુષ હૈ...**' આહાહા..! '**વહ અપને ભાવસે હી ક્રોધાદિક કષાય ઔર ઈન્દ્રિયોંકે વિષયોંસે લિપ્ત નહીં હોતા હૈ.**' આહા..! એ જે ત્રણ કષાયનો ભાવ પછી રહે છે કે બેનો (રહે છે), એમાં પોતાની પર્યાયમાં એને એકતા નથી કરતો. '**અપને ભાવસે હી ક્રોધાદિક કષાય ઔર ઈન્દ્રિયોંકે...** ' વિષયની વાસના કે ક્રોધાદિ ભાવ, પણ સ્વભાવની દૃષ્ટિ થઈ છે વીતરાગી પર્યાય એ ભાવમાં આ ભાવનો લેપ લાગતો નથી. આહાહા..! સમજાણું?

ભાવાર્થ :- '**સમ્યગ્દષ્ટિ પુરુષકે મિથ્યાત્વ ઔર અનંતાનુબંધી કષાયકા તો સર્વથા અભાવ હી હૈ,...**' એ તો નાશ થઈ ગયો છે. આહાહા..! '**અન્ય કષાયોંકા યથાસંભવ અભાવ હૈ.**' યથાસંભવ ચોથે-પાંચમે આદિ. '**મિથ્યાત્વ અનંતાનુબંધીકે અભાવ સે ઐસા ભાવ હોતા હૈ. યદ્યપિ પરદ્રવ્યમાત્રકે કર્તૃત્વકી બુદ્ધિ તો નહીં હૈ,...**' લો! પરદ્રવ્યની કર્તૃત્વબુદ્ધિ તો છે નહિ. આહાહા..! આ સમ્યગ્દષ્ટિ લેપાતો નથી એની વ્યાખ્યા કરે છે. '**પરદ્રવ્યમાત્ર કે કર્તૃત્વકી બુદ્ધિ તો નહીં હૈ, પરંતુ શેષ કષાયોંકે ઉદયસે કુછ રાગ-દ્વેષ હોતા હૈ, ઉસકો કર્મકે ઉદયકે નિમિત્તસે હુએ જાનતા હૈ, ઈસલિયે ઉસમેં ભી કર્તૃત્વબુદ્ધિ નહીં હૈ,...**' શું કીધું? બે વાત કરી. પરદ્રવ્યની કર્તૃત્વબુદ્ધિ નહિ અને કર્મના નિમિત્તથી થતા વિકારની કર્તૃત્વબુદ્ધિ નહિ. બેય ઉઠાવ્યું. આહાહા..! કેમકે જ્ઞાતા-દૃષ્ટાના ભાનમાં રાગ દેખાય ખરો કર્મના નિમિત્તે, પણ એની કર્તૃત્વબુદ્ધિ નથી. આહાહા..! અને પરદ્રવ્યની કર્તૃત્વબુદ્ધિ તો છે જ નહિ. આહાહા..!

'**તો ભી ઉન ભાવોંકો રોગકે સમાન હુએ જાનકર...**' એમ પાછું. રાગાદિ થાય એ રોગ થયો, રોગ સમાન જાણે છે. આહાહા..! પાણી કીધું ને, જેમ કમલિનીનું પત્ર પાણીથી લેપાતું નથી. એમ સમ્યગ્દષ્ટિનો આત્મા રાગની કર્તૃત્વબુદ્ધિ માનતો નથી, પરનું કરતો નથી માટે એને એકતા નથી એટલે

લેપાતો નથી. આહાહા..! દાખલો એણે આપ્યો છે અંદર. કાથી હોય ને કાથી? એ કેવળીનો આપ્યો છે દાખલો ઓલામાં, પણ આમાં તો આનો આપ્યો છે. આ કાથી બળેલી હોય ને કાથી બળેલી? સિંદરી સિંદરી. સિંદરી સમજો છો? આ કાથી. એ બળે તો દેખાય આકાર બરાબર એવો જ, આકાર તો એવો જ દેખાય પણ એમાં કસ નથી. બળી ગઈ. કસ નથી. એ કાંઈ બાંધવામાં કામ આવે કે ત્યાં પડી છે એ ઉઠાડવામાં કામ આવે (એમ નથી). આકાર તો એવો લાગે આમ. દોરો હોય પાક્કો. દોરડી બળેલી. દેખાય આકાર સરખો બળ્યાનો, આમ જેવો છે એવો. કસ નથી, બળી ગયું છે. એમ રાગનો આકાર દેખાય અંદર જ્ઞાનીને, દુનિયા ભાળે, પણ એ અંતરથી બળી ગયેલું છે. આહાહા..! ત્રણ-ચાર દાખલા આપ્યા છે. અસતીનાથનો એક દાખલો આપ્યો છે. વ્યભિચારિણી સ્ત્રી હોય એમ ધણીને ખબર પડે. સંબંધ રાખે પણ અંદરનો પ્રેમ નથી. એવો દાખલો આપ્યો છે, અસતીનાથ. એટલે વ્યભિચારિણીના ધણીને વ્યભિચારિણી સાથે સંબંધ હોય એમ રાખે. ઘરમાં તો હોય છે, અંદર પ્રેમ નથી. એમ આત્માનું ભાન રાગરહિત થયું એને રાગ આવે છે ખરો, હોય છે ખરો, પ્રેમ નથી. આહાહા..! આવો માર્ગ વીતરાગનો.

'**રોગકે સમાન જાનકર અચ્છા નહીં સમજતા હૈ.**' રોગ સારો લાગે? શરીરમાં ભાઈ ક્ષય રોગ લાગુ પડ્યો. ઠીક હવે એકદમ શરીર. ઠીક કર્યું. એમ થાય? શું કહેવાય આ? કેન્સર. કેન્સર આવે છે અંદર. હાય..! કેન્સરનું કહે ત્યાં રાડ નાખે. કેન્સર! હવે તો કોઈ ઉપાય નથી. ક્ષયનો તો હજી કાંઈક ઉપાય-ઉપાય માણસ માને છે, મટવાનું હોય તો. આ તો કહે થઈ રહ્યું, હાય.. હાય. એ રોગને સારો ન માને. એમ ધર્માત્મા રાગ ભલે શુભ આવે, અશુભ પણ હોય, પણ એને ભલો જાણતો નથી. આહાહા..! ધર્મીની દૃષ્ટિ વીતરાગભાવ સ્વભાવ ઉપર હોય છે. વીતરાગ સ્વભાવ આત્માનો એના ઉપર દૃષ્ટિ હોય છે. તેથી રાગ હોવા છતાં રાગનું કર્તૃત્વ નથી, રાગનો સ્વામી નથી, એ ખરેખર રાગથી લેપાતો પણ નથી. આહાહા..! આવું સ્વરૂપ છે.

'**રોગકે સમાન જાનકર અચ્છા નહીં સમજતા હૈ. ઈસપ્રકાર અપને ભાવોંસે હી કષાય-વિષયોંસે પ્રીતિ-બુદ્ધિ નહીં હૈ,...**' લ્યો! પોતાના જ્ઞાન-દર્શનના ભાવના પ્રેમથી, જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવના રુચિ અને શ્રદ્ધાના પ્રેમથી '**કષાય-વિષયોંસે પ્રીતિ-બુદ્ધિ નહીં હૈ,...**' કષાય-વિષય હોય, પણ પ્રીતિ-બુદ્ધિ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? રાગનો પ્રેમ છે એ આત્માનો દ્વેષ છે અને આત્માનો પ્રેમ છે ત્યાં રાગ પ્રત્યે પ્રેમ નથી. બે વાત. એક મ્યાનમાં બે નહિ રહી શકે. જેને આત્માનો પ્રેમ થયો એને રાગનો પ્રેમ રહે, એમ ન રહી શકે. રાગ રહે, પ્રેમ ન રહે. એ વાત એવી છે. અક્રિયબિંબ ચૈતન્યપ્રભુ જ્યાં આનંદનો નાથ.. આહાહા..! અતીન્દ્રિય આનંદના સ્વભાવથી ભરેલો ભંડાર (છે) એમ જ્યાં અંતર પ્રતીતમાં, પ્રેમમાં, રુચિમાં, અનુભવમાં આવ્યો એને રાગ, દુઃખ અને વ્યભિચાર એવા રાગ પ્રત્યે પ્રેમ કેમ હોય? વ્યભિચાર છે. આહાહા..! એ અપેક્ષાએ આને વિષય કષાય પ્રત્યે પ્રીતિ-

બુદ્ધિ નથી. **'ઈસલિયે ઉનસે લિપ્ત નહીં હોતા હૈ,...'** એમ એ અપેક્ષાથી.

**'જલકમલવત્ નિર્લેપ રહતા હૈ.'** આહાહા..! ધાયમાતાનો દાખલો આપ્યો છે. ધાયમાતા નહિ? ધાવ કહેવડાવે .. ધાવમાતા હોય છે ને એ બાળકને રમાડે. ધાયમાતા બાળકને રમાડે, ખવડાવે બરાબર દીકરા પેઠે, પણ જાણે કે આ દીકરો મારો નથી. 'સમ્યગ્દૃષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાળ, અંતરસે ન્યારો રહે જ્યોં ધાવ ખિલાવે બાળ.' ધાવમાતા એનો પચ્ચીસનો પગાર કરી રાખ્યો હોય. અત્યારે હવે વધારે હશે લ્યો ને. પચ્ચીસ-પચાસની તો અત્યારે ગણતરી જ રહી નથી. અત્યારે એવું કહે છે માણસ. નથી કાંઈ ગણતરી. સાધારણ નોકર હોય તો કહે સો રૂપિયાનો પગાર, દોઢસોનો.

મુમુક્ષુ :- એનો પગાર પૂરો ન થાય.

ઉત્તર :- પૂરો ન થાય. આહાહા..! એટલે આ તો એટલો પગાર...

પણ અહીં તો કહે છે, 'ધાવ ખિલાવે બાળ.' ધાવમાતા ધવડાવે. આપણે દાખલો આપ્યો છે ને આમાં પણ. ઈશ્વર ઈશ્વરનય. ૪૭ નય છે ને, પ્રવચનસાર. એમાં ધાવમાતાનો (દાખલો) આપ્યો છે. જ્ઞાનીને રાગ થાય છે પરાધીન(પણે) પણ એનો એ સ્વામી નથી વસ્તુની દૃષ્ટિએ, છતાં પર્યાયપણે સ્વામી છે. ઈશ્વરનયમાં એ છે, ઈશ્વરનયમાં એ કીધું છે. ૪૭ નય ચાલે છે ને પ્રવચનસાર. એમાં ઈશ્વર-અનિશ્વરનય ચાલી છે. એ પર્યાયને ત્યાં સિદ્ધ કરી છે. એનામાં છે એટલું. આહાહા..! પણ મારી છે એમ નહિ. વસ્તુ સ્વભાવે મારી છે એમ નહિ. પર્યાય અપેક્ષાએ મારામાં છે એમ માન્યું છે. આહાહા..! એટલે આ બે જાતના લખાણ ને એટલે માણસને (એમ લાગે). કર્તૃત્વ નથી, ત્યાં વળી કહે કર્તૃત્વ છે જ્ઞાનીને. એ પરિણમે છે એ અપેક્ષાએ કર્તૃત્વ છે એમ. માલિકી સ્વભાવની અપેક્ષાએ માલિક નહિ. આમ તો પરિણમે છે એ અપેક્ષાએ માલિક છે જ્ઞાનની અપેક્ષાએ. એ માલિક કીધો છે એને, અધિષ્ઠાતા કીધો છે, સ્વામી કીધો છે. જ્ઞાની પણ રાગનો સ્વામી (છે). પણ કઈ અપેક્ષાએ? કે પર્યાયની અપેક્ષાએ. આહાહા..!

મુમુક્ષુ :- ગુરુગમ વગર સમજાય નહિ.

ઉત્તર :- બહુ આકરી વાતું. વાત એવી છે. વસ્તુદૃષ્ટિએ તે સ્વામી નથી. દૃષ્ટિ અને દૃષ્ટિના સ્વભાવની અપેક્ષાએ સ્વામી નથી. પર્યાય અપેક્ષાએ સ્વામી છે. આહાહા..! આવું સ્વરૂપ પૂર્ણ સ્વરૂપ, અખંડ સ્વરૂપ. એનો પર્યાય છે એનામાં છે. શું એ પરમાં છે? આહાહા..! એક બાજુ તો અહીં કહે છે કે એ લેપાતો નથી. એ આ અપેક્ષાએ—સ્વભાવની અપેક્ષાએ. સમજાય છે? પણ જેટલો રાગ થયો છે એટલો લેપ છે. આવી વાત હવે. દરેકમાં આવી વાત એણે લેવી જોઈએ, સ્યાત કથંચિત્.

મુમુક્ષુ :- બેય પડખા.

ઉત્તર :- બેય પડખાનો ખ્યાલ રાખવો જોઈએ, નહિતર એકાંત થઈ જશે. આહાહા..!

અહીં તો કહે છે કે પ્રીતિબુદ્ધિ નથી એ અપેક્ષાએ લેપ નથી. રાગ પ્રત્યે રુચિ નથી. રાગ સારો છે

એમ નથી માટે એ અપેક્ષાએ લેપાતો નથી. આહાહા..! આમ કહો તો દસમા ગુણસ્થાન સુધી રાગથી બંધ છ કર્મનો પડે છે. અહીંયા અસ્તિત્વમાં રાગ છે તો બંધ પડે છે. આહાહા..! જ્ઞાન છે એ તો સમય સમયની દશાનો વિવેક કરે છે. દૃષ્ટિ છે એને તો અભેદ ઉપર જ, એનો વિષય અભેદ છે. સમ્યગ્દર્શન જ પોતે નિર્વિકલ્પ છે, એમાં વિકલ્પ નથી, પોતે પોતાને જાણતું નથી. એનો વિષય સામાન્ય છે આખો. કારણ કે આ સામાન્ય છે એમ એને ખ્યાલ નથી, પણ આ બાજુ ઢળ્યો માટે સામાન્ય છે એમ એને કહેવામાં આવે છે. આ સામાન્ય છે માટે હું એની પ્રતીત કરું એમ છે ત્યાં? આહાહા..! એ તો જ્ઞાન જાણે છે કે આ સામાન્ય છે. શ્રદ્ધા સામાન્યની કરે છે એ તો જ્ઞાન જાણે. એણે કરી છે ને. પણ એ જ જ્ઞાન જ્યારે પર્યાયમાં રાગરૂપ આવે છે, થાય છે ત્યારે જાણે છે (કે) એનો પર્યાયનો રાગનો આધાર હું છું, રાગનો સ્વામી હું છું, રાગનો લેપ મારામાં છે, રાગનું કર્તૃત્વ મારું છે, રાગનું ભોક્તૃત્વ મારું છે. આહાહા..! આવો વીતરાગનો માર્ગ બીજે ક્યાંય હોઈ શકે નહિ. આહાહા..! એની સમય સમયની સંભાળ લીધી છે.

અહીં તો કહે છે કે એ લેપ નથી કઈ અપેક્ષાએ કહ્યું? કે એને અંદર મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ થયો છે એથી એને રાગની એકતા નથી, ભિન્નતા છે. તેથી તેની પ્રીતિ નથી, એના પ્રત્યે રુચિ નથી એ અપેક્ષાએ તેનો તેને લેપ છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? હવે આમાં ચર્ચા કરવા જાય વાદવિવાદ તો પત્તો ખાય નહિ. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે આચરે આત્માર્થીજન એહ.' એ આવે છે ને. આહાહા..! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.' અરે..! જુઓને કાળ ચાલ્યા જાય છે. આહાહા..! એવી વાતું સાંભળીએ છીએ કે આ મરી ગયો.. આ મરી ગયો... આ મરી ગયો. ચાલ્યા જાય છે દેહ બિચારાને થઈ રહ્યું. ભવનો અભાવ કર્યા વિના. આહાહા..! ભવના ભાવ લઈને જાય દેહમાં ધૂળના. ક્યાંય ચોર્યાસીના ગહન વનમાં અવતાર થાય. આહાહા..! એને તોડવાનો ઉપાય એક આ છે. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે, શુદ્ધ છે, એક છે, અભેદ છે. એનો આશ્રય લે એને સંસારની વેલડી તૂટે છે. કહ્યું ભલે અહીં ભગવાનની ભક્તિથી. સમજાણું કાંઈ? આહાહા..! એને જ ભક્તિ સાચી હોય છે. એ પંચાસ્તિકાયમાં છે.

**'જલકમલવત્ નિર્લેપ રહતા હૈ. ઈસસે આગામી કર્મ કા બંધ નહીં હોતા હૈ, સંસાર કી વૃદ્ધિ નહીં હોતી હૈ, ઐસા આશય હૈ.'**

**'આગે આચાર્ય કહતે હૈં કિ જો પૂર્વોક્ત ભાવ સહિત સમ્યગ્દૃષ્ટિ સત્પુરુષ હૈં વે હી સકલ શીલ સંયમાદિ ગુણોંસે સંયુક્ત હૈં, અન્ય નહીં હૈ :–'** અહીં હવે ઈ સિદ્ધ કરવું છે કે જે સમ્યગ્દર્શન ભાવસહિત છે એને શીલ અને સંયમ હોય, મુનિપણું. હવે એને કહે છે, વિશેષ વધારે છે ને. જેને આત્માના ભાન, વીતરાગપણાના ભાન છે એને શીલ અને સંયમ ને ચારિત્ર હોય, એને મુનિ

કહીએ, એમ કહે છે હવે.

**ते च्चिय भणामि हं जे सयलकलासीलसंजमगुणेहिं।**
**बहुदोसाणावासो सुमलिणचित्तो ण सावयसमो सो।।१५५।।**

આહાહા..! '**અર્થ :- પૂર્વોક્ત ભાવસહિત સમ્યગ્દૃષ્ટિ પુરુષ હૈં...**' જેને આત્મભાવ સહિત સમ્યગ્દૃષ્ટિ છે. રાગભાવ એનો નથી, પણ હવે એને આસક્તિ જે છે એ પણ જે ટાળે છે. '**શીલ સંયમ ગુણોંસે...**' ઓહોહો..! આત્માનો શાંતસ્વભાવ વીતરાગ જેણે પ્રગટ કર્યો છે. હવે ચારિત્રની વાત છે આ. શીલ અને સંયમ સમ્યક્ પ્રકારે સમ્યગ્દર્શન સહિત જેના યમ નામ સ્વરૂપમાં લીનતા વર્તે છે એવા '**ગુણોંસે સકલ કલા અર્થાત્ સંપૂર્ણ કલાવાન...**' એટલે ચારિત્રવાન. આનંદ, જ્ઞાન, ચારિત્રની કળા જેને પ્રગટ થઈ છે. આહાહા..! '**ઉન હી કો હમ મુનિ કહતે હૈં.**' લ્યો! જેને આત્મદર્શનપૂર્વક શીલ અને સંયમ જેને પ્રગટ્યા છે. આહાહા..! અને પૂર્ણ કળા એટલે ગૃહસ્થને ધર્મકળા અપૂર્ણ છે સંયમની. સંયમની કળા અપૂર્ણ છે. આને પૂર્ણ છે એમ કહેવું છે.

જેમ મોર ખીલે છે, આમ એમ આ ખીલી ગયો છે ચારિત્રથી કહે છે. આહાહા..! એ કળા ખીલી ગઈ છે આમ. આહાહા..! જેને સમ્યગ્દર્શન આત્મઅનુભવ સહિત આવું નથી અને શીલ સંયમ (પાળે છે) એને (શીલ સંયમ નથી) એમ કહેવું છે. એ કહેશે, એ પાઠ એ કહેવો છે. એ તો '**सुमलिणचित्तो**' છે. રાગની એકતાવાળો જીવ બહારથી ક્રિયાકાંડ પંચ મહાવ્રતાદિ કરે એ તો મલિન ચિત્તવાળો છે. આહાહા..! આચાર્ય પોતે કહે છે.

'**ઉન હી કો હમ મુનિ કહતે હૈં.**' આહાહા..! જેને આત્મદર્શન (થઈને) રાગનું કર્તૃત્વ છૂટી ગયું છે, પરદ્રવ્યની ક્રિયાનું કર્તૃત્વ જેને છૂટી ગયું છે, જેને જ્ઞાતા-દૃષ્ટાપણે આત્મા છે એમ ભાસ્યો અને વેદાણો, અનુભવાણો છે. એ જીવ જ્યારે શીલ અને સંયમ સ્વરૂપની બ્રહ્મચર્ય દશા, બ્રહ્મ નામ ભગવાન, એમાં ચરે નામ રમણ કરે છે, એવું જે શીલ અને સંયમ છે, અંતરમાં લીનતા કરે છે ઓહો..! એને અમે મુનિ કહીએ છીએ. આચાર્ય એમ કહે છે. જેને શ્રદ્ધાની ખબર નથી, સમ્યગ્દર્શનની અનુભવદશાની ખબર નથી, એ લોકો આ મહાવ્રત ને બાર(વ્રત) લઈને બેસે એ બધા મલિન ચિત્તવાળા છે એમ કહે છે. કેમકે જ્યાં રાગની એકતાબુદ્ધિ તો ટળી નથી (ત્યાં) મલિન ચિત્ત છે. આહાહા..!

'**પૂર્વોક્ત ભાવસહિત સમ્યગ્દૃષ્ટિ પુરુષ હૈં...**' પૂર્વે કહ્યું ઇ. અને '**શીલ સંયમ ગુણોંસે સકલ કલા અર્થાત્ સંપૂર્ણ કલાવાન હોતે હૈં,...** ' આહાહા..! જેને ચારિત્રની કળા ખીલી ગઈ છે. ઓહો..હો..! વીતરાગતા જેને ખીલી ગઈ છે. ઓલી તો દૃષ્ટિની વીતરાગતા હતી, આ તો ચારિત્રની વીતરાગતા. આહાહા..! વસ્તુ વીતરાગ, દૃષ્ટિ વીતરાગ અને ચારિત્ર વીતરાગ એમ કહે છે. આહાહા..! એની કળા વીતરાગી કળા ખીલે એને કળા કીધી છે ભાઈ અહીં. કારણ કે એ વસ્તુ પોતે વીતરાગસ્વરૂપ છે. એની કળા ખીલે આમ ચારિત્રની એ વીતરાગી કળા ખીલી છે. રાગ અને પંચ મહાવ્રત ને એ કોઈ

વસ્તુ નથી. આહાહા..! કહો, સમજાણું? ધન્ય અવતાર! ધન્ય જેના સફળ કર્યા! ચારિત્ર જે મોક્ષનું કારણ એ સીધું ચારિત્ર જેણે પ્રગટ કર્યું ઓહો..! એમ કહે છે. ચારિત્રનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન. એ વિના ચારિત્ર હોય નહિ. પણ સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત જેણે અકષાય વીતરાગદશાની કળા જેણે (ખીલવી છે). સકળ કીધી છે ને? કળા સહિત છે. એ વીતરાગ પર્યાયની કળા સહિત છે કહે છે. આહાહા..! એને અમે મુનિ કહીએ છીએ. હવે આ.

'**જો સમ્યગ્દષ્ટિ નહીં હૈં,...**' જુઓ! નકાર કર્યો ને પાછો. '**बहुदोसाणावासो सुमलिणचित्तो**' જેનું '**મલિનચિત્ત સહિત મિથ્યાદષ્ટિ હૈ...**' જુઓ! મલિનચિત્તની વ્યાખ્યા આ કે જેને રાગની એકતા, શુભરાગની એકતા છે એ મલિન ચિત્ત છે. આહાહા..! રાગનો વિકલ્પ છે તે મલિન ચિત્તવાળો જીવ છે. જેને આ છે એ મિથ્યાદષ્ટિ છે જીવ. આહાહા..! '**બહુત દોષોંકા આવાસ (સ્થાન) હૈ...**' એ તો દોષનું સ્થાન છે. સમ્યગ્દષ્ટિ સહિત આનંદ છે એ તો આનંદની કળાનું સ્થાન પ્રગટ્યું એને. અને રાગની એકતાબુદ્ધિવાળું ચિત્ત મલિન છે. આહાહા..! એ તો બધા પંચ મહાવ્રતાદિ ગમે તે ક્રિયા (કરે) એ બધા દોષના સ્થાન છે. આહાહા..! કેમકે ભગવાન આત્મા રાગરહિત સ્વરૂપ છે એનું ભાન નથી અને રાગસહિત છું એવી અંદર દષ્ટિ છે એ તો બધા દોષના સ્થાન છે. જેટલા પ્રગટ થાય શુભભાવ આદિ એ બધા દોષના સ્થાન છે. આહાહા..! એમાં ગુણનું સ્થાન નથી. ઓહોહો..! ભાવપાહુડ. મૂળ તો ઓલું સમ્યગ્દષ્ટિનું જોર દેવું છે. એ સહિત જેની કળા ખીલી ગઈ ચારિત્રની, ધન્ય અવતાર ભાઈ! આહાહા..! અમે તેને મુનિ કહીએ.

મુમુક્ષુ :- પંચ પરમેષ્ઠી.

ઉત્તર :- આહાહા..! અમે તો વંદન કરીએ કહે છે. આચાર્ય પોતે. પણ જેના રાગથી ચિત્ત જેનું મલિન છે. એટલે કે રાગની એકતાપણે જેની બુદ્ધિ પડી છે એ મિથ્યાદષ્ટિ છે એમ કહેવું છે. એવો જીવ મલિનચિત્તસહિત એટલે કે રાગના ચિત્તસહિત શુભવિકલ્પ પણ મારો છે એવું જેનું ચિત્ત છે એ મિથ્યાદષ્ટિ છે.

'**બહુત દોષોંકા આવાસ (સ્થાન) હૈ...**' આહાહા..! એ ચારિત્ર નથી, મોક્ષનું સ્થાન નથી પણ દોષનું સ્થાન છે. '**વહ તો ભેષ ધારણ કરતા હૈ તો ભી શ્રાવકકે સમાન ભી નહીં હૈ.**' લ્યો! શ્રાવક છે, ભલે ચારિત્રની કળા ખીલી નથી એને, પણ સમ્યગ્દર્શન સહિત .. પ્રગટી છે ... મોક્ષમાર્ગમાં આવે છે ને. શ્રાવકરત્નકરંડાચાર. ઈ ઈ કહે છે. અણગાર હોય પણ રાગની એકતાબુદ્ધિ મિથ્યાત્વભાવ છે. મોહી પ્રાણી સંસાર... અને ગૃહસ્થાશ્રમમાં પણ જેને રાગની એકતા તૂટી છે અને હજી અસ્થિરતાનો રાગ છે છતાં એ મોક્ષના માર્ગમાં છે. આ તો શ્રાવક શ્રમણ પણ નથી કહે છે. જેને રાગની એકતાબુદ્ધિનો અભિપ્રાય પડ્યો છે એ બધા દોષના સ્થાનમાં ઊભો છે. એ શ્રાવકના સમાન પણ નથી. પાપના કરનારો શ્રાવક હોય, ઘણા પાપ કરનાર હોય, છતાં એ આ મિથ્યાત્વના પુણ્યસહિત પાપવાળો એ આવો શ્રાવક

પણ એ નથી કહે છે. આહાહા..! જુઓ આમાં છે. છે એમાં હોં.

**'ગૃહસ્થાચારકે પાપ સહિત હો તો ભી...'** છે અંદર અર્થમાં. ગૃહસ્થાચારના પાપસહિત હો **'તો ભી ઉનકે બરાબર વહ-કેવલ ભેષમાત્રકો ધારણ કરનેવાલા મુનિ—નહીં હૈ,...'** ભાવાર્થમાં છે પાછળ. એ **'ગૃહસ્થાચારકે પાપસહિત હો...'** ગૃહસ્થાચારનું ભલે પાપ હોય એને. પણ છતાં **'ઉસકે બરાબર વહ-કેવલ ભેષમાત્રકો ધારણ કરનેવાલા મુનિ—નહીં હૈ,... '** આહાહા..! જેનો અભિપ્રાય રાગવાળો છે, રાગસહિત છું, રાગથી મને લાભ થાય છે, આવા મિથ્યાદૃષ્ટિ કરતા ગૃહસ્થાચારના પાપવાળો સમકિતી એવો શ્રાવક હોઈ શકે નહિ આવો કહે. એ મુનિ એને શ્રાવક સમાન પણ કહેવાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ ૧૪, બુધવાર તા. ૧૯-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૫૫ થી ૧૫૭, પ્રવચન - ૧૭૮**

ભાવપાહુડ. ૧૫૫ ગાથાનો ભાવાર્થ છે ને? **'જો સમ્યગ્દૃષ્ટિ હૈ...'** જેણે રાગની એકતા તોડી છે... રાગ અને સ્વભાવ બે ભિન્ન ચીજ છે. સ્વભાવ કેવળજ્ઞાનલક્ષ્મી સંપન્ન પ્રભુ આત્મા, એકલો જ્ઞાનસ્વભાવ અને રાગ વિભાવસ્વભાવ. એ રાગ અને સ્વભાવની એકતા જેણે તોડી છે એને અહીં સમ્યગ્દૃષ્ટિ કહે છે. એ ઉપરાંત મુનિની વાત લે છે ને. **'શીલ (-ઉત્તરગુણ) તથા સંયમ (-મૂલગુણ) સહિત હૈ વહ મુનિ હૈ.'** પ્રથમ તો એ રાગ અને સ્વભાવ બે ભિન્ન પડ્યા છે જેને. સ્વભાવ ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એનું સમીપપણું જેને વર્તે છે. રાગની એકતામાં સ્વભાવથી દૂર વર્તે છે. એથી જેને સ્વભાવની એકતા શુદ્ધ ચૈતન્યની પ્રગટી છે એ તો સમ્યગ્દૃષ્ટિ (છે). હવે એ ઉપરાંત મુનિપણું.. શીલ અને સંયમ સહિત છે એ મુનિ છે. એ મુનિ એ ચારિત્રવંત અને મોક્ષનો અધિકારી છે.

**'જો મિથ્યાદૃષ્ટિ હૈ અર્થાત્ જિસકા ચિત્ત મિથ્યાત્વસે મલિન હૈ... '** પાઠમાં એ છે ને? **'मलिणचित्तो' 'सुमलिणचित्तो'** છે એમ. મૂળ તો જેના જ્ઞાનસ્વભાવમાં શુભ રાગાદિ વિકાર એની એકતા છે એ મલિન ચિત્ત છે. રાગનો વિકલ્પ શુભથી મને લાભ થાય, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ કરવાથી જીવને કલ્યાણ થાય—એવી જેની બુદ્ધિ છે એ રાગથી ચિત્ત જેનું મલિન છે. સમજમેં આયા? રાગથી ભિન્ન પડીને ચૈતન્ય નિર્મળની તો દૃષ્ટિ થઈ નથી અને એ ક્રિયાકાંડ જે વ્રત, તપ આદિ એનાથી મારું કલ્યાણ થશે એમ માનનાર રાગની એકતારૂપી ચિત્ત જેના મલિન છે એમ કહે છે. આહાહા..! **'જિસકા ચિત્ત મિથ્યાત્વસે મલિન હૈ...'** મિથ્યાત્વ એટલે એ (કે) જેની સ્વસન્મુખતા થઈ નથી,

પણ પરમુખતા જેને રાગની સન્મુખતા જ વર્તે છે એનું ચિત્ત મિથ્યાત્વથી મલિન છે. સમજ મેં આતા હૈ? આહાહા..!

'**જિસમેં ક્રોધાદિ વિકારરૂપ બહુત દોષ પાયે જાતે હૈં,...**' છે ને પાઠ? '**बहुदोसाणावासो**' કેમકે સ્વભાવ ત્રિકાળી નિર્મળ આનંદ અને રાગ મલિન એની જ્યાં એકતા છે ત્યાં દોષનો આવાસ છે, એ દોષનું સ્થાન છે, એ સંસારને રખડવાનું એ સ્થાન છે. સમજાણું? '**दोसाणावासो**' ઓલામાં એમ કહ્યું હતું કે જેને સમ્યગ્દર્શન છે એને શીલ અને સંયમનો વાસ કરે છે એટલે એ ચારિત્રવંત છે. અને જેને એ રાગના વિભાવ પરિણામ શુભના એનાથી પણ જ્યાં હિત માને છે એને રાગથી એકત્વબુદ્ધિ મિથ્યાત્વથી મલિન છે. આહાહા..! આ માર્ગ છે. એ દોષનું સ્થાન છે એમ કહે છે. ભલે એ બાહ્ય વ્રત, તપ, ભક્તિ આદિ શુભભાવ કરતો હોય, પણ એ બધું દોષનું સ્થાન છે, ત્યાં ગુણનું સ્થાન છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- બહુ કઠણ.

ઉત્તર :- કઠણ પણ વસ્તુ તો આમ છે. વસ્તુ આ છે.

એક સમયમાં પૂર્ણ વસ્તુ શુદ્ધ ચૈતન્યલક્ષ્મી પડી છે ને. સંપદા છે ને એની. આનંદ, જ્ઞાન પૂર્ણ એની સંપદા છે પ્રભુની-આત્માની. એ સંપદાનો સ્વીકાર ન થતાં રાગનો સ્વીકાર એટલે પર્યાયબુદ્ધિ છે એમ કહેવું છે બીજી ભાષાએ. જેની રાગ ઉપર બુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિનું ચિત્ત મલિન છે. એ વિકારોનું સ્થાન છે. કેમકે વિકારભાવ એને જેણે પોતાનો સ્વીકાર્યો છે એ દોષનું સ્થાન છે. એ સંસારના ભવો ઉત્પન્ન થાય એવો એ ભાવ છે.

'**યહ તો મુનિકા ભેષ ધારણ કરતા હૈ...**' મુનિનો વેષ ધારણ કરે નગ્નપણું. '**તો ભી શ્રાવકકે સમાન ભી નહીં હૈ,...**' લ્યો! કેમકે શ્રાવક તો રાગથી ભિન્ન સ્વભાવની એકતામાં દૃષ્ટિ પડી છે એની. એથી તેને અનંતા ગુણોનો સ્વભાવનો સ્વીકાર થઈ ગયો છે અને રાગનો અસ્વીકાર છે એવા સમ્યગ્દૃષ્ટિ શ્રાવકથી પણ, આ વેષધારી સાધુ શ્રાવક સમાન પણ નથી. '**શ્રાવક તો સમ્યગ્દૃષ્ટિ હો ઔર ગૃહસ્થાચારકે પાપસહિત હો...**' આહાહા..! ગૃહસ્થાચારનો એને વિષયવાસના, રાગાદિ, ધંધા આદિના ભાવ એવા ગૃહસ્થાચારના પાપ હો, '**તો ભી ઉસકે બરાબર વહ—કેવલ ભેષમાત્રકો ધારણ કરનેવાલા મુનિ—નહીં હૈ,...**' જુઓ! દીયઠ્ઠો આવ્યો એ મોખમગ્ગો. આહાહા..! જેની દૃષ્ટિ રાગ ઉપર છે, સંયોગી ભાવ ઉપર છે, એ વેષ ગમે તે ધારણ કર્યો હોય સાધુના પંચ મહાવ્રતાદિ, કહે છે એ શ્રાવક સમાન નથી. શ્રાવકે તો સ્વભાવ, રાગ અને સ્વભાવ બે ભિન્ન જાણ્યા છે અને સ્વભાવ સમીપમાં જેની દૃષ્ટિ છે, રાગથી દૃષ્ટિ જેની દૂર થઈ ગઈ છે. આહાહા..! એવા શ્રાવક પાપસહિત હો ભલે કહે છે. આહાહા..! ઓલો પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણવાળો હોય સાધુ, પણ રાગની રુચિવાળો અને રાગની એકતાવાળો છે તો એ મલિનચિત્તવાળો (છે), આહાહા..! દોષનું સ્થાન છે કહે

છે. આહાહા..! અને શ્રાવક હો, જેને રાગથી ભિન્નતામાં સ્વભાવનું ભાન થયું છે એવા ભાનવાળો એને ગૃહસ્થાશ્રમના પાપાચાર પણ હો, છતાં મુનિવેષધારી કરતા આ ઊંચો છે. આહાહા..! સમજાય છે કાંઈ? પંડિતજી! એવી વાત છે. આહાહા..!

આચાર્યે પોતે કહ્યું ને જુઓને! '**ते च्चिय भणामि हं जे सयलकलासीलसंजमगुणेहिं।**' એ મુનિ છે. '**बहुदोसाणावासो सुमलिणचित्तो ण सावयसमो सो।** ' આહાહા..! જેને કેવળજ્ઞાન, આનંદ એવી સ્વલક્ષ્મી એનું જેને અંતર બહુમાન આવ્યું નથી અને રાગનું જ બહુમાન જેને વર્તે છે શુભ રાગાદિ ક્રિયાનું, એ મિથ્યાત્વસહિત મલિનચિત્તવાળો છે અને દોષનું સ્થાન છે. રાગ અને સ્વભાવ, જેને રાગની વિમુખતા થઈને સ્વભાવ સમીપ-સન્મુખ થયો છે એવો સમ્યગ્દૃષ્ટિ શ્રાવક ગૃહસ્થાશ્રમના પાપના ભાવવાળો હો, છતાં એના જેવો મુનિવેષધારી નથી. આહાહા..! કેમકે એ પાપાચાર જે ગૃહસ્થના છે એ ચારિત્રદોષ છે અને દોષથી ભિન્ન છે એવી દૃષ્ટિ તો થઈ ગઈ છે. દોષ ટળ્યા નથી હજી, ચારિત્ર નથી એટલે. પણ એ દોષને પોતાનું સ્વરૂપ ન માનતા દુઃખરૂપ જાણે છે. એ વ્રતાદિના પરિણામને પણ એ દુઃખરૂપ જાણે છે અને ભગવાન આત્મા સુખરૂપ, આનંદરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે. એથી એ શ્રાવક ગૃહસ્થાશ્રમના પાપાચાર સહિત હોવા છતાં એ મુનિ કરતા ઊંચો છે અને એવા શ્રાવક સમાન પણ એ મુનિ છે નહિ. ઓહોહો..!

આ તો અંતરની વાતના આંતરા પડ્યા છે એની વાતું છે. આહાહા..! જેણે ભગવાન ચૈતન્ય સ્વભાવના ભેટા કર્યા નથી એને રાગનો ભેટો વર્તે છે. એથી એ કહે છે કે પંચ મહાવ્રતાદિ અઠ્યાવીશ મૂળગુણ અને ભેખ ધાર્યો હોય તોપણ તે મિથ્યાદૃષ્ટિ મલિન ચિત્તવાળો છે. આહાહા..! ભાવપાહુડ છે ને. અને સમ્યગ્દૃષ્ટિ, કહે છે કે શ્રાવક અને પાપાચાર સહિત હોય તોપણ તે ધર્મ, મોક્ષના માર્ગમાં છે, એ છૂટવાના પંથે છે. આહાહા..! આવી વાત છે. એ વાત અંદરમાં કિંમત ન થાય એને બેસે નહિ આ વાત. એવી લાગે કે આ તો આ શું? અહીં તો આચાર્યે કીધું ને. '**ण सावयसमो**' શ્રાવકને લીધું ને. '**गृहस्थाचारके पापसहित...**' કહો, ગૃહસ્થાશ્રમનું પાપ વિષયભોગની વાસના, રળવું, કમાવવું એવા ધંધાના ભાવ હોય, છતાં જેણે રાગ અને સ્વભાવની એકતા તોડી છે અને જેનું મુખ ફર્યું છે સ્વભાવસન્મુખ, જેનું મુખ હતું રાગ ઉપર એ મુખ ફરી ગયું છે... આહાહા..! એવો જે ગૃહસ્થ... એવો વેષધારી સાધુ પંચ મહાવ્રત પાળે ભેખધારી (છતાં) એ શ્રાવક સમાન નહિ ગણવામાં આવે એને. આહાહા..! હજારો રાણીને છોડી હશે, પંચ મહાવ્રત પાળતો હશે તોપણ એ શ્રાવક સરખો ગણવામાં નહિ આવે. સમજાણું કાંઈ?

'**उनके बराबर वह - केवल भेषमात्रको धारण करनेवाला मुनि—नहीं है,...**' આહાહા..! આવો માર્ગ. વસ્તુનું સ્વરૂપ આવું છે. એક સમયમાં દ્રવ્યસ્વભાવ... આગળ કહેશે ધીર વીરમાં. જેને અંતર ચૈતન્યસ્વભાવ ઉપર ધીરજ આવી છે. આહાહા..! ધી જ્યાં બુદ્ધિ, ર નામ જેની બુદ્ધિની

પ્રેરણા, શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર જેની બુદ્ધિની પ્રેરણા છે, રાગમાં નહિ... આહાહા..! એને અહીંયા ધીર કહેવામાં આવે છે. અને એ જ બુદ્ધિવાળો છે કે જેની બુદ્ધિ સ્વભાવ પ્રત્યે ગઈ છે, વિભાવથી બુદ્ધિ જેની ઊઠી ગઈ છે. આહાહા..! વિભાવ છે, પણ રુચિ ઊઠી ગઈ છે. આહાહા..! એને અહીંયા પુરુષાર્થ કરનારો ધીર કહેવામાં આવે છે. લ્યો!

**'આગે કહતે હૈં કિ સમ્યગ્દૃષ્ટિ હોકર જિનને કષાયરૂપ સુભટ જીતે વે હી ધીરવીર હૈં :'** લ્યો! એ ધીર અને વીર. સંગ્રામમાં લાખો-કરોડો માણસને જીતે એ નપુંસક છે. અને જેણે સ્વભાવની દૃષ્ટિપૂર્વક રાગ અને કષાયને જીત્યા છે, અકષાયભાવ જેણે પ્રગટ કર્યો છે એ જગતમાં ધીર છે, એ જગતમાં વીર છે.

**ते धीरवीरपुरिसा खमदमखग्गेण विप्फुरंतेण।**
**दुज्जयपबलबलुद्धरकसायभड णिज्जिया जेहिं।।१५६।।**

**'અર્થ :- જિન પુરુષોને ક્ષમા ઔર ઇન્દ્રિયોંકા દમન વહ હી હુઆ વિસ્ફુરતા અર્થાત્ સજાયા હુઆ મલિનતારહિત ઉજ્જ્વલ તીક્ષ્ણ ખડગ,...'** એટલે કે જેના સ્વભાવની દૃષ્ટિ થઈ છે અને એ ઉપરાંત સ્વભાવનો આશ્રય લઈને જેણે નિર્મળતા પ્રગટ કરી છે એમ કહે છે. આહાહા..! અને જેણે **'ક્ષમા ઔર ઇન્દ્રિયોંકા દમન વહ હી હુઆ...'** તીખી ધારવાળી તલવાર-ખડગ. આહાહા..! શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ છે એ ઉપરાંત શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા કરી છે એમ કહે છે. એવી સ્થિરતા દ્વારા જેણે ક્રોધને, વિકારને જીત્યા છે એને અહીંયાં ધીર અને વીર કહેવામાં આવે છે. આહાહા..! **'સજાયા હુઆ મલિનતારહિત...'** ખડગ-ખડગ. સજ્જ આમ કરે ને તૈયારી કરીને ઉજળી. આહાહા..! **'ખડગ, ઉસસે જિનકો જીતના કઠિન હૈ ઐસે દુર્જય પ્રબલ...'** અને દુર્જય. આહાહા..! કષાયોને જીતવું એ દુર્જય છે અને પ્રબળ છે પુરુષાર્થ. **'બલસે ઉદ્ધત કષાયરૂપ સુભટોં...'** અને મહાપ્રબળ દુર્જય એવા બળથી ઉદ્ધત રાગ અને દ્વેષના પરિણામ એને **'સુભટોંકો જીતે,...'** લ્યો! એ સુભટને જીતે. આહાહા..! એ સમ્યગ્દૃષ્ટિ વિના એને જીતી શકે નહિ એમ કહેવું છે. જેને સ્વભાવની દશાનો અનુભવ થયો છે એ સ્વભાવને આશ્રયે કષાયને જીતી શકે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કઠિન હૈ, ઐસે...' 'વે હી ધીરવીર...'** ધીર અને વીર. વીરનો અર્થ એવો કર્યો છે આમાં વળી બીજી જાતનો. બીજે બીજો કર્યો છે. વી-વિશિષ્ટ એવી જે અંતર લક્ષ્મી, એને 'ર' રાંતિ નામ સ્વીકાર કરે છે એમ કીધું. વીર-વિશિષ્ટ લક્ષ્મી આત્માની, ચૈતન્યસ્વભાવ જે લક્ષ્મી એ વિશિષ્ટ એટલે ખાસ લક્ષ્મી. આ તો બધી સમજવા જેવી કહે છે ધૂળ.

મુમુક્ષુ :- સમજવા જેવી તો છે ને?

ઉત્તર :- સમજવા જેવી એટલે ધૂળ છે એમ સમજવા જેવી. આહાહા..! આ તો આનંદનો નાથ ભગવાન જેની કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન, એકલું દર્શન, એકલો આનંદ, એકલું વીર્ય એવો જેનો

સ્વભાવ એ વિશિષ્ટ લક્ષ્મી, એને ‘ર’ રાંતિ-સ્વીકૃતિ એનો જે સ્વીકાર કરે અંદરમાં. અનાદિથી રાગ અને વિકારનો સ્વીકાર છે એ પામર પ્રાણી છે. આહાહા..! અને આવા સ્વભાવનો જ્યાં સ્વીકૃતિ ... સ્વીકાર એ તો ભાષા લીધી છે. સમીપ થયો, સન્મુખ થયો, સ્વીકાર થયો બધું એક અર્થમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્માના સ્વભાવ સમીપ થયો, સન્મુખ થયો એટલે કે એ છે એવો સ્વીકાર થયો એને અહીંયા વીર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાવપાહુડ છે ને. છેલ્લી ગાથાઓ છે ને. એકદમ માખણ મૂક્યું છે. ‘**વે હી ધીરવીર સુભટ હૈં, અન્ય સંગ્રામાદિકમેં જીતનેવાલે તો કહનેકે સુભટ હૈં.**’ નામે સુભટ છે. આહાહા..! જેણે અંતરના સ્વભાવના આશ્રયે વિકારને જીત્યા તેને અહીંયા ધીર ને વીર અને સુભટ કહેવામાં આવે છે. આહાહા..!

‘**ભાવાર્થ :- યુદ્ધમેં જીતનેવાલે શૂરવીર તો લોકમેં બહુત હૈં, પરંતું કષાયોંકો જીતનેવાલે વિરલ હૈં,...**’ આહાહા..! ‘**વે મુનિપ્રધાન હૈં...**’ અહીં તો સમ્યગ્દર્શન સહિત અકષાયભાવની વ્યાખ્યા છે ને. કષાયને જીત્યો છે એમ કહેવું છે ને, સમ્યગ્દર્શન સહિત. આહાહા..! ‘**ઔર વે હી શૂરવીરોંમેં પ્રધાન હૈં.**’ વીરોમાં એ વીર મુખ્ય છે. આહાહા..! ઓલી વાત કરી હતી ને એક ફેરી? બધા નેમિનાથ ભગવાન, પાંડવો, કૃષ્ણ, બળદેવ બધા યોદ્ધાઓની સભા ભરાણી. એ સભામાં વાત નીકળી કે કોણ આમાં બળવાન છે? કોઈ કહે કે શ્રીકૃષ્ણ બળવાન છે, કોઈ કહે કે પાંડવો બળવાન છે, કોઈ કહે કે કૃષ્ણના પિતા વાસુદેવ બહુ સુંદર અને બળવાન હતા. એમ બધી વાતું કરવા માંડ્યા સૌ. બહારના બળવાન હોં એ તો હજી શરીરથી. ભગવાન બેઠા હતા નેમિનાથ એ કાંઈ બોલે નહિ. કોઈએ વળી એમ કહ્યું કે ભાઈ બધા ઠીક. ભગવાન જુઓ બોલતા નથી. ગૃહસ્થાશ્રમમાં બેઠા હતા ને તો સભામાં બેઠા હતા. એમનું બળ છે એવું કોઈનું બળ નથી. બધા તમારે પાંડવોને બધા ગમે તેવા (બળવાન હોય), એનું બળ જબ્બર બળ છે. બાપુ! ભગવાને એમ કહ્યું જરી... કૃષ્ણ કહે, હું બળવાન છું. એને બધા બળવાન કહે છે. નેમિનાથ ભગવાન બેઠા આમ પાટે બેઠા હતા પલંગ ઉપર. પગ નીચે રાખ્યા બે. પગ કરો ઊંચો કહે. એ શ્રીકૃષ્ણને પગ ઊંચો કરતા કરતા પરસેવો ઉતરી ગયો, પગ ન ઊંચો થયો. એટલું તો શરીરનું બળ હતું. આત્માના બળની તો વાત શું કરવી? એ કાંઈ આત્મબળ શરીરમાં કામ ન કરે. આત્માનું વીર્ય કાંઈ શરીરમાં કામ ન કરે. આહાહા..! આત્માનું વીર્ય તો રાગના નાશમાં કામ કરે. સમજાય છે? એ જાતનું એ આવે છે (હરિવંશ) પુરાણમાં. ભગવાનને પછી, એમ જરી તીર્થંકર છે ને, એટલે રાગ વિકલ્પ છે. એટલે આવ્યું કે જુઓ બે પગ મૂકું છું નીચે. ઉપાડો યોદ્ધાઓ આવો. સૌથી યૌદ્ધા કૃષ્ણ હતા મોટા. ઉપાડી ન શક્યા. ઊંચો ન કરી શક્યા. પરસેવો ઉતર્યો આમ પરસેવો-પસીનો. બાપુ! શરીરની સ્થિતિનું બળ... વીતરાગ આત્મા છે. ત્રણ જ્ઞાનના ધણી અને તીર્થંકરનો એ આત્મા છે. એના શરીરમાં આટલું બળ... આહાહા..! એના આત્મબળની શું વાતું કરવી! આહાહા..!

અહીં કહે છે જેણે અકષાયસ્વભાવ ભગવાન આત્મા એને પડખે ચડીને જેણે કષાયને જીત્યા છે

એ સુભટ કહેવામાં આવે છે. આહાહા..! **'કષાયોંકો જીતનેવાલે વિરલે હૈં, વે મુનિપ્રધાન હૈં ઔર વે હી શૂરવીરોમેં પ્રધાન હૈં. જો સમ્યગ્દૃષ્ટિ હોકર...'** સમ્યગ્દૃષ્ટિ હોકર હોં, પણ પાછું એમ. **'કષાયોંકો જીતકર...'** અહીંયાં વાત સીધી કરવી છે ને. **'ચારિત્રવાન હોતે હૈં વે મોક્ષ પાતે હૈં,...'** અહીં મોક્ષપાહુડ છે ને ભાવપાહુડ. સમ્યગ્દર્શનમાં પુરુષાર્થ છે એ કરતા ચારિત્રમાં ઘણો પુરુષાર્થ છે. ચારિત્રમાં તો મહાપુરુષાર્થ છે, ઘણો જ એણે સ્વભાવ સન્મુખ આશ્રય લેવા... અનંતુ વીર્ય છે ઈ. આહાહા..! ત્યારે એને ચારિત્ર પ્રગટ થાય અને કષાયનો અભાવ થાય છે. **'જીતકર ચારિત્રવાન હોતે હૈં વે મોક્ષ પાતે હૈં, ઐસા આશય હૈ.'**

**'આગે કહતે હૈં કિ જો આપ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ હોતે હૈં વે અન્યકો ભી ઉન સહિત કરતે હૈં, ઉસકો ધન્ય હૈ :—'** એમ કહે છે. જે કોઈ પોતે ... દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, સ્વભાવના અવલંબે દર્શન-જ્ઞાન-ચારિત્ર જેણે પ્રગટ કર્યા છે એ પોતે... **'અન્યકો ભી ઉન સહિત કરતે હૈં,...'** નિમિત્ત, આવું નિમિત્ત હોય એમ કહે છે.

મુમુક્ષુ :- આમાં તો કરતે હૈં એમ લખ્યું છે.

ઉત્તર :- હા, એ કરતે હૈં એનો અર્થ નિમિત્ત. કરતે હૈં એમ જ ભાષા આવે ને. એને એ બતાવે છે. ભાષા તો એવી છે ને જુઓને.

धण्णा ते भगवंता दंसणणाणग्गपवरहत्थेहिं।
विसयमयरहरपडिया भविया उत्तारिया जेहिं।।१५७।।

મકરનું શું? મગર છે મગર. આવ્યું હતું ખરું. આ મગરમચ્છ છે ને. મગરમચ્છ દરિયામાં રહે ને એટલે મકરહર. ઘર. શું કીધું ઈ? મગર-મગર. એને ઘરનારો દરિયો. **'विसयमयरहरपडिया'** વિષયરૂપી દરિયામાં પડ્યા છે એવા જીવોને **'भविया उत्तारिया जेहिं'** એવા ભવિજીવને પાર કર્યા છે એને ધન્ય છે એમ કહે છે.

**'અર્થ :- જિન સત્પુરુષોંને વિષયરૂપ મકરધર...'** મકરધર-સમુદ્ર **'(સમુદ્ર)મેં પડે હુએ ભવ્યજીવોંકો...'** વિષયરૂપ મકરધ્વજમાં પડેલા ભવ્યજીવો. આહાહા..! પરવિષય તરફ વલણ જેનું આખું એવા વિષયોમાં, પોતાનો વિષય—ધ્યેય છોડી દઈને પરવિષયમાં પડ્યા છે એકલા. આહાહા..! **'વિષયરૂપ મકરધર (સમુદ્ર)મેં પડે હુએ ભવ્યજીવોંકો...'** છે ને **'भविया'** છે ને? **'દર્શન ઔર જ્ઞાનરૂપી મુખ્ય દોનોં હાથોંસે...'** આહાહા..! એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બરાબર સમજાવ્યું એમ કહે છે. એ દ્વારા એનો ઉદ્ધાર કર્યો. ભવિ જીવનો પણ ઉદ્ધાર કર્યો વ્યવહારથી. એમ કહીને એમ કહે છે કે એ જ સમ્યગ્દર્શન અને જ્ઞાનની સાચી વાત કરી શકશે. એમ કહે છે. જેને રાગની એકતા તૂટીને દર્શન-જ્ઞાન થયા છે, એ જ રાગથી તોડીને દર્શન-જ્ઞાનની વ્યાખ્યા સ્વને આશ્રયે કરશે અને એ જ સમજશે અને એ સમજનારા એનાથી તરશે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

માથે આવ્યું હતું ને ચિત્ત મલિન અને પછી કીધું ધીર વીરનું. રાગને જેણે જીત્યો નથી એટલે રાગની એકતાબુદ્ધિ પડી છે... આહાહા..! ભગવાન આખો પડ્યો રહ્યો છે પ્રભુ, એવા જીવોને પોતાના સ્વભાવની ખબર નથી તો એ સ્વભાવની શુદ્ધતા બતાવી નહિ શકે ઈ. કે પ્રભુ! તું આત્મા શુદ્ધ ચિદાનંદ સહજ છો, પરમાત્માસ્વરૂપ છો એના તરફ જા, એને ભેટો કર. એવું દર્શન અને જ્ઞાનસ્વરૂપ મુનિ અથવા સમકિતી એવા દર્શન-જ્ઞાનના અગ્ર-મુખ્ય-પ્રવર હાથ વડે ભવિ જીવનો ઉદ્ધાર કરે છે. એનો અર્થ કે એ જ સાચી વાત કહી શકે છે એમ. ઓલો તો ક્યાંક ક્યાંક આડાઅવળા લાકડા નાખશે કે વ્યવહારથી લાભ થાશે, નિમિત્તથી આમ થાશે, પુણ્યથી આમ થાશે. એમ ન કહેનારા આવા જીવો હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

જે સત્પુરુષો વિષયરૂપી દરિયામાં પડ્યા ભવ્ય જીવોને '**દર્શન ઔર જ્ઞાનરૂપી મુખ્ય દોનોં હાથોંસે...**' એને વિષય ફેરવી નખાવે છે. આમ જે ધ્યેય પડ્યું છે અનાદિનું પર ઉપર, એ પર ઉપર વિષય એ જ વિષય છે ખરો તો. સમજાણું કાંઈ? એને વિષયને ફેરવી નખાવે છે. ભાઈ! દર્શન-જ્ઞાનરૂપી તારા ભાવ તું પ્રગટ કર. અહીં તો દર્શન-જ્ઞાનના હાથ વડે એને તારે છે એમ કીધું ને? દર્શન-જ્ઞાનના હાથ વડે એને તારે છે. એનો અર્થ કે એને દર્શન-જ્ઞાન બતાવે છે કે ભાઈ! દર્શન-જ્ઞાન તો આ છે. વસ્તુના સ્વભાવમાં દૃષ્ટિ કરી, એકાગ્ર થઈ અને જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એ જ આત્માને ઉદ્ધારનું કારણ છે. ભવથી ઉદ્ધારનો એ પંથ છે. આ દર્શન-જ્ઞાન બે મૂક્યા છે ને. ઓલા એકલા વ્રત ને તપની ક્રિયાથી તરે છે ને એની સામે વાત છે આ કે આ દર્શન-જ્ઞાનથી જ એ તરે છે. આહાહા..! અને તરનારને આ બતાવે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા મહાપ્રભુ, એની પ્રભુતાનો સ્વીકાર કર. રાગ અને પર્યાયબુદ્ધિનો સ્વીકાર છે તેને છોડી દે. એ દર્શન-જ્ઞાનના હાથ દ્વારા એટલે આવી દૃષ્ટિ અને આવા વિષય દ્વારા જગતના ભવ્ય પ્રાણીને ઉદ્ધારે છે. અભવિને તો કંઈ છે નહિ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? મુખ્ય વાત લીધી છે. આ છેલ્લા શ્લોકો છે ને. એને એમ કહેવું છે કે જે દર્શન, જ્ઞાન અને ચારિત્રસહિત મુનિ છે કે દર્શન-જ્ઞાનસહિત છે, એ દર્શન-જ્ઞાનના હાથ વડે પોતાના કર—અગ્ર-મુખ્ય હાથ વડે બીજાને તારે છે. મુખ્યતા એ બતાવે છે એને. આહાહા..! ભવ્ય પ્રાણીને આ બતાવે છે કે ભાઈ! વસ્તુ તારી આનંદનો નાથ પ્રભુ તું છો. તારી લક્ષ્મીમાં અપાર લક્ષ્મી પડી છે એનો સ્વીકાર કર ને. એક સમયની પર્યાય ને રાગનો સ્વીકાર તો પરવિષય છે. સમજાણું કાંઈ?

જેને એ દર્શન-જ્ઞાન સ્વીકાર થઈ ગયો છે, એ બીજાને દર્શન-જ્ઞાનનો આ રીતે સ્વીકાર કરાવે છે એમ. એના ઉપદેશમાં એ વાત આવશે એમ કહે છે. એના ઉપદેશમાં એ નહિ આવે કે તું રાગની ક્રિયા કર ને વ્રત પાળ ને ભક્તિ કર ને એનાથી તને કલ્યાણ થશે. એ તો મિથ્યા ઉપદેશ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આચાર્યનું હૃદય આ છે કે જગતના પ્રાણીને દર્શન-જ્ઞાનના હાથ વડે-અગ્ર હાથ વડે-મુખ્ય

હાથ વડે બીજાને ઉદ્ધારે છે. આહાહા..! એને એ ઉપદેશ એવો જ આપે છે એમ કહે છે અને એ જ આપી શકે છે. રાગના પ્રેમીલા અને રાગથી લાભ માનનારા એ દર્શન-જ્ઞાનને નહિ પામેલા, દર્શન-જ્ઞાનની પ્રરૂપણા નહિ કરી શકે. ક્યાંક ક્યાંક લાકડું (નાખશે). આહાહા..! આચાર્યનું હૃદય એ છે. આહાહા..! ગજબ કર્યું છે કુંદકુંદાચાર્યે પણ!

કહે છે કે જેને દર્શન-જ્ઞાન પ્રગટ્યા છે એ જેના પ્રવર-મુખ્ય હાથ છે એમ કીધું ને? અને એ દ્વારા એને તારશે ભવિને. એમ કીધું ને? એને વ્રત કરીને તારશે એ તો પોતે માનતો નથી, તો એ એને કહેશે નહિ એ. સમજાણું? આહાહા..! '**धण्णा ते भगवंता**' તે ભગવંત '**दंसणणाणग्गपवरहत्थेहिं**' આહાહા..! મુખ્ય છે જે. ઓલામાં આવે છે ને પ્રવચનસાર. આશ્રમ. ભાઈ! પ્રવચનસારમાં દર્શન-જ્ઞાન આશ્રમ. એ આશ્રમમાં મળે છે એ ત્યાં આશ્રમ છે. પ્રવચનસારમાં છે. મુખ્ય આશ્રમ. બરાબર છે. એ શૈલી છે અહીં તો. આ પણ એમના શબ્દો છે અને એ પણ. દર્શન-જ્ઞાન મુખ્ય આશ્રમ છે. એ આશ્રમમાં પહેલો જાય જીવ ત્યારે એને સ્થાન મળે. આહાહા..! લ્યો ક્યાંનું ક્યાં આવ્યું જુઓ! કેમકે મૂળ ચીજ દર્શનસ્વભાવનો આશ્રય અને જ્ઞાનસ્વભાવનું જ્ઞાન, એમ. એ દ્વારા પોતે તર્યા છે અને એ દ્વારા, એ દ્વારા તરવાનો ઉપાય બતાવીને તારે છે એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- એક જ સાધન છે.

ઉત્તર :- એ સાધન છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન જે આત્મભાવ એ અગ્ર-પ્રવર હાથ, મુખ્ય-પ્રધાન હાથ. હાથથી આમ તારે ને. ખેંચે ને એમ. પકડીને ખેંચે આમ દરિયામાં પડ્યો હોય એને ખેંચે. આહાહા..! કહો, ચેતનજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આશ્રમ છે એ. સંતોના રહેવાના આશ્રમ એ છે. આહાહા..!

'**धण्णा ते भगवंता**' આહાહા..! એ ભગવંત છે. મુનિની પ્રધાનતાથી કથન છે હોં. મુનિની પ્રધાનતાથી કથન છે. એ '**दंसणणाणग्गपवरहत्थेहिं**' આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અગ્ર-મુખ્ય હાથ વડે ભવિ જીવને તારે છે. આહાહા..! કારણ કે એના ઉપદેશમાં આ વાત આવશે. વ્યવહારથી થશે લાભ ને વ્રત પાળતા નિશ્ચય થશે, એ ઉપદેશ એનો નહિ આવે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**विसयमयरहरपडिया**' કહે છે, ભલે વિષયમાં પડ્યા હોય ગૃહસ્થો, પણ એને દર્શન-જ્ઞાનના હાથ વડે ઊંચા હાથ કરે છે ઊંચા હાથ, ખેંચે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન સ્વભાવનો આશ્રય કરાવી અને એને ખેંચે છે, સંસારમાંથી પાર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વાત બધી રહી ગઈ અને બધી બહારની વાત રહી ગઈ. કરો વ્રત ને કરો અપવાસ ને કરો ભક્તિ ને કરો પૂજા. કહે છે કે એ તરવાનો ઉપાય નથી અને તરવાના ઉપાયવાળાએ એનાથી તરવું એમ જાણ્યું નથી. સમજાણું કાંઈ? એથી તરવાનો ઉપાય જે પોતે જાણ્યો છે તે હાથ દ્વારા-તે ભાવ દ્વારા જગતને તારે છે. તું દર્શન-જ્ઞાનથી જ

તરી શકીશ. સમજાણું કાંઈ? આહાહા..! એમાં સમા, સ્વભાવ સન્મુખમાં જા, સ્વભાવ સન્મુખનું જ્ઞાન કર એ દ્વારા સંસારનો ઉદ્ધાર છે. એ સિવાય સંસારનો ઉદ્ધાર નથી. બહુ સરસ વાત આવી છે લ્યો! આહાહા..! એમ કહીને આચાર્ય એમ કહેવા માગે છે કે '**दंसणणाण**'ની જ જેની પ્રધાનતા ઉપદેશની શૈલી છે. જેને એ વાત બેઠી છે એના ભાવમાં આ આવે છે, કહે છે. અને એ દ્વારા—ભવિ જીવને એ દર્શન અને જ્ઞાન દ્વારા તારે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! અરેરે..!

આ શ્રીમદ્દે કહ્યું હતું ને એક ફેરી. અરે..! આ મારા નાદને કોણ નાદ આપશે? મારા અવાજને એમ કાંઈક લખ્યું છે નહિ? દાદ આપશે. એમ લખ્યું છે. વચનોને કોણ દાદ આપશે? એમ અહીંયાં આચાર્ય કહે છે ઓહો..! આવા વચનો જેના દર્શન અને જ્ઞાનથી તર્યા છે. ભલે ચારિત્રવંત છે. અહીં તો એની વાત છે. પણ મૂળ તરવાનો મૂળ ઉપાય તો દર્શન અને જ્ઞાન છે. એ સહિત ચારિત્ર છે. તો એ જ વાત એના ભવ્ય જીવને એ બતાવશે. આહાહા..! દર્શન-જ્ઞાનના મુખ્ય-પ્રધાન હાથ છે એમ પાછા. એમ લીધું છે ને? '**મુખ્ય દોનોં હાથોંસે...**' દોનોં હાથ લીધા, પણ ઓલો પ્રવર શબ્દ પડ્યો છે પ્રવર. જ્ઞાનરૂપી મુખ્ય અગ્ર અને પ્રવર બે શબ્દ છે મૂળ પાઠમાં. '**दंसणणाणग्गपवर**' અગ્ર અને પ્રવર. મુખ્ય અને પ્રધાન. આહાહા..!

'**પાર ઉતાર દિયે, વે મુનિપ્રધાન...**' આહાહા..! .. છે ખરા ને. મુનિની વાત છે. જુઓ! મુનિનો આવો ઉપદેશ હોય એમ કહે છે. ઓલામાં આવે છે ને ભાઈ મુનિ? વીતરાગ-વીતરાગ મુહુ-મુહુ. આત્માવલોકન. મુનિઓનો ઉપદેશ તો વીતરાગ... વીતરાગ... વીતરાગ... એ વીતરાગપણું બતાવે છે. પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા. આહાહા..! જેની વાણીમાં સ્વસ્વભાવની અપેક્ષા અને પરની ઉપેક્ષા એવા વીતરાગભાવને એ વારંવાર બતાવે કહે છે. આહાહા..! એ આ. સમજાણું કાંઈ? આહાહા..! ગજબ! એ પણ કોકે કહ્યું છે કે શ્લોકો કોક કહે કે એણે બનાવ્યા છે અને કોક કહે કે કોકના બનેલા છે એ એના બતાવે એમ કહે છે. શ્લોક છે ને એ. એમાં આ લખ્યું છે. શ્લોકો છે. કોઈ કહે કે ભાઈ એના બનાવેલા છે દીપચંદજીના. કોઈ કહે એવા મળેલા છે એનો પોતે અર્થ કર્યો છે. એમ કહે છે. વસ્તુ બરાબર છે. મુનિનો ઉપદેશ એવો હોય, મુનિ એને કહીએ કે જેના ઉપદેશમાં વીતરાગતા ઝરતી હોય. મુહુ-મુહુ એવો શબ્દ છે. વારંવાર વીતરાગ... વીતરાગ... વીતરાગ... કેમકે સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગ છે. પંચાસ્તિકાય ૧૭૨ ગાથા. સર્વ શાસ્ત્રનો સાર તો વીતરાગતા છે. એટલે કે સ્વભાવસન્મુખ થવું અને પરથી વિમુખ થવું એ શાસ્ત્રનો સાર છે. આહાહા..! વ્યવહારના રાગ ને નિમિત્તથી વિમુખ થવું અને સ્વભવાની સન્મુખ થવું એ વીતરાગતાનું કારણ છે. એવો ઉપદેશ મુનિઓ જગતને આ આપે એમ કહે છે. આત્માવલોકન છે. દીપચંદજીનું બનાવેલું આત્માવલોકન. ચિદ્દવિલાસ છે ને? એવું આત્માવલોકન છે. એમાં લખ્યું છે. એવો શ્લોક છે એમાં. મુહુ-મુહુ. એ તો આવે છે ચોથા અધ્યયનમાં આપણે ઉત્તરાધ્યયનમાં. અસંખ્ય .. ત્યાં મુહુ મુહુ આવે છે ત્યાં. મુહુ શબ્દ ત્યાં આવે છે. એમ અહીં મુહુ-

વારંવાર. ભૂલી ગયા ગાથા, ચોથું અધ્યયન છે ને ઉત્તરાધ્યનમાં. 'અસંખ્ય .. પમાયે...' પછી? એય..! એ પણ ભૂલી ગયા હશે. ઘણો વખત થઈ ગયો. ત્યાં મુહુ આવે છે ગાથામાં. આ જ્યારે વાંચ્યું ત્યારે (યાદ આવ્યું હતું કે) ત્યાં મુહુ આવે છે. આહાહા..!

વારંવાર સંતો ધર્માત્મા, ભગવંત મુનિઓ વીતરાગપણાનો ઉપદેશ આપે. રાગની વાત કરે પણ એ રાગને જાણવા માટેનો ઉપદેશ આપે, છોડવાનો આપે. આહાહા..! ચરણાનુયોગની વ્યાખ્યામાં રાગની વ્યાખ્યા કરે, પણ એનું તાત્પર્ય એનાથી છોડાવાની વાત કરે. આહાહા..! એનો અર્થ એ થયો કે સંતો પોતાના સ્વભાવના આશ્રયે જે પડ્યા છે એ જગતને સ્વભાવના આશ્રયની જ વાત મુખ્ય કરે, એમ કહે છે. આહાહા..! એ જ વીતરાગતા ઉત્પન્ન થવાનું સાધન છે. આહાહા..! પર તરફના લક્ષવાળું તો રાગનું સાધન છે. આહાહા..! ગજબ શૈલી! સંતોની કથની ચારે બાજુથી જુઓ, ચારે બાજુ એક જ વાત ઊભી થાય છે. આહાહા..! બધાનું લખાણ, એનો સાર આ ઊભો થાય છે બધો. ચારે પડખેથી જુઓ તો. ઓહો..! એવી શૈલી સંતોએ, દિગંબર સંતોએ કરી છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ. આહાહા..! તર્યા હતા એણે તરવાના ઉપાયની વાતું કરી છે એમ કહે છે. આહાહા..! અને તરવાનો ઉપાય એક ચૈતન્ય ભગવાન પૂર્ણસ્વરૂપ એનો આશ્રય લેવો એ વીતરાગતા ઉત્પન્ન થવાનું સાધન છે. આહાહા..!

'**भूदत्थमस्सिदो खलु**' એ આવ્યું. ભગવાન પૂર્ણસ્વરૂપ છે પ્રભુ, એનો એવો એક સમયની પર્યાયમાં સ્વીકાર થવો એ જ ધીર અને વીર ને સમકિતી છે એમ કહે છે. જેને સ્વીકાર કરતા આવડ્યું નથી અનંત કાળમાં, એક સમયની પર્યાય અને શુભરાગના સ્વીકારની આડમાં આવો ત્રિકાળી ચૈતન્યસ્વભાવ સ્વીકાર્યો નથી, એ સ્વીકાર થવો એ જ વીતરાગતાની ઉત્પત્તિ છે. આહાહા..! એવા દ્વારા બીજાને તાર્યો છે કહે છે. તાર્યા જગતને. આહાહા..!

લ્યો, એ એમ નથી કહેતા મુનિ કે અમને આહાર-પાણી દ્યો તો તમે તરશો. એમ પણ નથી કીધું જુઓ! તીર્થંકર જેવા છદ્મસ્થ હોય અને એને આહાર-પાણી આપે તો તરશે જીવ, એમ નથી કહે છે. એ તો પરાશ્રય રાગ છે. આહાહા..! વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા છે તો એનો આશ્રય થતાં વીતરાગી સમકિત, વીતરાગી ચારિત્ર, વીતરાગી ધ્યાન અને વીતરાગી કેવળજ્ઞાન પ્રગટે છે. એવો ભગવંત સંતોએ દર્શન-જ્ઞાનના હાથ દ્વારા ભવિ જીવને સંસારમાં ડૂબતાથી ઉગાર્યા છે. આહાહા..! વિષયના સમુદ્રમાં પડ્યા હતા, હાથ ઝાલીને બહાર કાઢ્યા એણે, કહે છે. સમજાણું કાંઈ? એ દર્શન અને જ્ઞાન હાથ એને આપ્યા. અને દર્શન-જ્ઞાન જે મળ્યું એને ચારિત્ર તો આવવાનું જ છે. સંયમ થયા વિના એને રહે નહિ. બીજ ઊગી એ પૂનમ થવાનો જ છે. બીજ ઊગે એ પૂનમ પૂર્ણ ચંદ્ર થાય જ તે. એટલે આ બેની વાત કરી. આહાહા..! જુઓને. કારણ કે દર્શન-જ્ઞાનમાં શ્રદ્ધામાં એ આવ્યું છે કે આમાં હું ઠરીશ તો ચારિત્ર થશે. આમાં ઠરીશ તો મારી મુક્તિ થશે. એ શ્રદ્ધામાં આવી ગયું છે પહેલું. આહાહા..!

સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાનમાં એ વાત આવી ગઈ છે. એ આપણે ૧૭-૧૮માં છે ને. ૧૭-૧૮. આને અનુસરીશ ત્યારે ચારિત્ર થશે. શ્રદ્ધા એમ કહે છે પહેલી કે આનું અનુચરણ કરીશ, એમાં ઠરીશ તો ચારિત્ર થશે. આહાહા..! એટલે શ્રદ્ધા-જ્ઞાનમાં આ વાત ભેગી આવી ગઈ છે કે તરવાના ઉપાયમાં શ્રદ્ધા-જ્ઞાનથી જ તરે અને એમાં ઠરીશ એ તરવાનો ઉપાય છે. કોઈ રાગની ક્રિયા કે વ્રતાદિની એ કંઈ તરવાનો ઉપાય નથી. આહાહા..!

ઓહોહો..! કુંદકુંદાચાર્ય એનો ઉપકાર અનંત ઉપકાર છે. ભગવાન પાસે ગયા અને લઈને આવ્યા તો આ કહ્યું જગતને. આહાહા..! ભગવાનને એમ કહેવું છે, ભાઈ! કે દર્શન-જ્ઞાનના હાથ વડે અમે તર્યા છીએ અને તમે પણ એ દ્વારા તરો. એમ ભગવાને કહ્યું એમ અમે કહીએ છીએ કહે છે. હવે આ દર્શન-જ્ઞાનની મૂળ જે વાત સ્વ આશ્રયની એ વાત પડી રહી અને બહારની આ થોથા પરાશ્રયની વાત. એમાં શ્વેતાંબરમાં તો બધી, ચેતનજી! શું કહેવાય? સિદ્ધચક્ર, શાંતિયજ્ઞ, આ ને આ ને આહાહા..!

મુમુક્ષુ :- ઉપધાન.

ઉત્તર :- આ ઉપધાન દસ-દસ મહિનાના એમાં શું છે? ત્યાં ધર્મ ક્યાં છે? એ તો રાગ છે. એટલો રાગ મંદ હોય તો પુણ્ય થાય. એ પાછો એમાં ધર્મ માને એટલે મિથ્યાત્વ સહિત થાય પુણ્ય. આહાહા..! આકરી વાતું ભાઈ! જગતને કઠણ પડે. માથે કહી ગયા ને. વેષધારી કે જેને... આહાહા..! જેને સ્વભાવ સન્મુખના શરણા મળ્યા નથી અને એકલા વિભાવની સન્મુખતાના ભાવ કરી રહ્યો છે એ વેષધારી શ્રાવક જેવો પણ નહિ. આવો પાપ કરે એવો ગૃહસ્થી વિષય ભોગવે. રાગ છે ને. ચારિત્રદોષ છે ને. સુખબુદ્ધિ નથી એમાં. એ રાગ આવે એને સુખબુદ્ધિ નથી એમાં. આખી બુદ્ધિ ઊડી ગઈ, ત્યાંથી ખસી ગઈ છે. આહાહા..! એવા જીવો ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય સમકિતી એને તુલ્ય પણ આવા વેષધારીઓ નહિ આવી શકે કહે છે. આહાહા..! જુઓ તો એમની વીતરાગના આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને શરણના રસ્તા. એ '**મુનિપ્રધાન ભગવાન ઈન્દ્રાદિકસે પૂજ્ય જ્ઞાની ધન્ય હૈં.**' ભગવંત કીધું છે ને? ઈન્દ્રો પણ જેને પૂજે. ઓહોહો..! ભગવાનનો માર્ગ તેં પાળ્યો, રાખ્યો અને ભગવાનનો માર્ગ તેં જગતને બતાવ્યો. આહાહા..!

'**ભાવાર્થ :- ઈસ સંસાર-સમુદ્રસે આપ તિરૈં ઔર દૂસરોંકો તિરા દેવે ઉન મુનિયોંકો ધન્ય હૈ.**' આહાહા..! '**ધનાદિક સામગ્રીસહિતકો ધન્ય કહતે હૈં,...**' લોકો. પાંચ-પચાસ કરોડ મળે પૈસા ધન. આ ધન મળ્યું, આને ધન મળ્યું. ધૂળ મળી છે, ધન ક્યાં મળ્યું છે? આહાહા..! સ્ત્રી, કુટુંબ આદિ, આબરૂ મોટી, બંગલા આદિ '**સામગ્રીસહિત કો ધન્ય કહતે હૈં, વહ તો કહનેકે ધન્ય હૈં.**' કહેવામાત્ર ધન છે. ધન્ય તો આ છે. આહાહા..! જેણે દર્શન-જ્ઞાન-ચારિત્રસહિત જેણે તરવાના ઉપાય પ્રગટ કર્યા અને દર્શન-જ્ઞાનથી ઉદ્ધાર કરવાનો પંથ બતાવ્યો, એ જીવને અહીંયાં ધન્ય અને પૂજનિક ઈન્દ્રોથી પણ કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧, શુક્રવાર તા. ૨૧-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૫૮ થી ૧૬૧, પ્રવચન - ૧૭૯**

૧૫૮ ગાથા ચાલે છે. ભાવપાહુડ. ૧૫૭માં કહ્યું, '**આગે ફિર ઐસે મુનિયોંકી મહિમા કરતે હૈં :—**'

**मायावेल्लि असेसा मोहमहातरुवरम्मि आरूढा।**
**विसयविसपुप्फफुल्लिय लुणंति मुणि णाणसत्थेहिं।।१५८।।**

ભાવપાહુડ છે ને. જ્ઞાનરૂપી શસ્ત્ર એટલે આત્માનો સ્વભાવજ્ઞાન છે એ જ્ઞાનને પકડીને જ્ઞાનની નિર્મળ પરિણતિ દ્વારા આ માયા વેલડીને મૂળમાંથી ઉખેડી નાખે એમ કહે છે. '**માયા (કપટ) રૂપી વેલ જો મોહરૂપી વૃક્ષ પર ચઢી હુઈ હૈ...**' માયારૂપી લતા પરપદાર્થ મારા એવું મોહરૂપી મહાવૃક્ષ એના ઉપર ચડી. '**વિષયરૂપી વિષકે ફૂલોંસે ફૂલ રહી હૈ...**' અને પાંચ ઇન્દ્રિયના વિષયોના ફૂલથી ફૂલી. '**ફૂલોંસે ફૂલ રહી હૈ...**' માયાવેલી પાંચ ઇન્દ્રિયના વિષયના ફૂલથી ફળી છે. આહાહા..! એ ઉપમા ત્રણ આપી. '**ઉસકો મુનિ જ્ઞાનરૂપી શસ્ત્રસે...**' એ ચોથી (ઉપમા) જ્ઞાનરૂપી શસ્ત્ર. જે આત્મા નોકર્મ શરીર, દ્રવ્યકર્મ જડ કર્મ, ભાવકર્મ વિકાર, અલ્પજ્ઞ પર્યાય—એની રુચિ છોડી દઈને, પૂર્ણ સ્વભાવ જ્ઞાયકભાવ સર્વજ્ઞ સ્વભાવ એમ આવ્યું, એ સર્વજ્ઞ જ્ઞાનસ્વભાવ તેના આશ્રયે તે જ્ઞાનરૂપી પરિણતિનું શસ્ત્ર તે વડે માયારૂપી લતા પરદ્રવ્યના મૂળ ઉપર ચડી છે. અનંત પદાર્થ પર એ મારા એ (મોહ) ઉપર ચડી છે અને એના ફળ ફૂલથી ફળી છે. પાંચ ઇન્દ્રિયના વિષયોના ફૂલ એનાથી ફળી છે માયાવેલ. આહાહા..!

એને મુનિ જ્ઞાનરૂપી શસ્ત્ર, દેખો આ. જ્ઞાયક સ્વભાવ કહો, સર્વજ્ઞ સ્વભાવ કહો, પૂર્ણ સ્વભાવની દૃષ્ટિથી, એની એકાગ્રતાથી આવા માયાવેલીને છેદી નાખે છે. અશેષ શબ્દ પડ્યો છે ને. '**असेसा**' પૂર્ણ. આહાહા..! નિર્મળ પર્યાય જે છે એ રૂપી લતા પૂર્ણ સ્વભાવ ઉપર આરૂઢ થઈ છે. આમ માયા મારા પરદ્રવ્યરૂપી મોહ (પર) આરૂઢ થઈ છે. નિર્મળ પર્યાય વસ્તુના સ્વભાવ ઉપર આરૂઢ થઈ છે. અને જેના ફળ સ્વવિષયના ફળ પરમ આનંદ છે. એ દ્વારા માયા કપટની જાળ છેક મુનિ સુધી પોગે છે એમ કહે છે. .. ભાગ. સ્વદ્રવ્યને છોડી ને પરદ્રવ્યની મહા લાંબુ ઝાડ મોટું. ઓહોહો..! એને મારા કરીને માની માયાવેલડી એમાં ફેલી છે, વિસ્તાર પામી છે પરદ્રવ્ય ઉપર. એના ફળ તો વિષયના પાંચ ઇન્દ્રિયના વિષયના ફૂલ એનાથી એ ફળી છે. આહાહા..! એને ધર્માત્મા અંતર જ્ઞાનરૂપી વેલડી દ્વારા સ્વભાવમાં આરૂઢ થઈને જેના ફળ આનંદ છે એ દ્વારા એ માયાને છેદે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ શરીર એ નોકર્મ છે, કર્મ એ જડ કર્મ છે. બે. પુણ્ય-પાપના વિકલ્પ એ ભાવકર્મ છે. ત્રણ.

અલ્પજ્ઞ પર્યાય એ અંશ છે વ્યવહાર. આ ચારથી આગળ જઈને પૂર્ણ દ્રવ્ય સ્વભાવનો આશ્રય લે એ શસ્ત્ર દ્વારા માયા ને મોહ, પર મારા એવી જે માયાની વેલડી ફાલી છે એને એ છેદ કરી શકે છે. આહાહા..! કોઈ અપવાસ કરીને કે તપસ્યા કરીને એમ ન કહ્યું આમાં. પંડિતજી! અપવાસ કરવાથી માયાવેલડી છેદાશે (નહીં). ઉપવાસથી છેદાશે. ઉપવાસ—પોતાનો નિજ સ્વભાવ પરિપૂર્ણ જ્ઞ-સ્વભાવ કહો, જ્ઞાયકભાવ કહો, સર્વજ્ઞ સ્વભાવ કહો, એના દ્વારા એમાં એકાગ્રતા દ્વારા આ માયારૂપી વેલડી વૃક્ષ ઉપર ચડીને ફળી એને એ છેદી શકે છે. એને સંસાર નહિ ફળે હવે. એને આત્માનો આનંદ ફળશે એમ કહે છે. સ્વવિષયમાં આનંદ ફળશે. પરવિષયમાં વિષયના વિષયરૂપી ફૂલ એ ફળશે. આહાહા..! સમજાણું કાંઈ?

માયા એટલે કપટ .. પરદ્રવ્યને મારા માનવાના મહાવૃક્ષ ઉપર ચડી છે. છેક થતાં... થતાં... થતાં... તીર્થંકર એ પરદ્રવ્ય છે એના ઉપર પણ વેલડી ચડી (કે) એ મારા છે. આહાહા..! એમ કહે છે. એવી જે માયારૂપી લતા મોહ—પરમાં મારાપણું પરદ્રવ્યમાં એ મોટું વૃક્ષ એ લતા ત્યાં ફળી છે માથે. આહાહા..! ત્યાં આગળ એ પાંચ ઈન્દ્રિયના વિષયોના ફૂલ ત્યાં તો આવે. એને ભગવાન આત્મા જ્ઞાનશસ્ત્રથી—પૂર્ણ સ્વભાવ હું છું એવા એકાગ્રતાના જોરે—માયારૂપી વેલડી છેદી શકાય છે. બીજો કોઈ એનો ઉપાય છે નહિ. ... આહાહા..! ભાવપાહુડ છે ને. છેલ્લી ગાથાઓ છે ને. એકદમ અંતરમાં વસ્તુ છે વસ્તુ મહાપ્રભુ (એ) કર્મથી તો પાર, નોકર્મથી તો ભિન્ન, ભાવકર્મથી ભિન્ન, પણ અલ્પજ્ઞ વર્તમાન પર્યાયથી પણ ભિન્ન તત્ત્વ આખું છે. અલ્પજ્ઞ પર્યાય એક સમયની એ ઉપર લક્ષ આપતા તો રાગ ઉપર અને પર ઉપર લક્ષ જાય, લંબાય.

સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ સ્વભાવ એનું લક્ષ કરતાં જે નિર્મળ દશા જ્ઞાનની, શ્રદ્ધાની, શાંતિની, સ્થિરતાની દશા પ્રગટે એને જ્ઞાનશસ્ત્ર કહે છે. એ જ્ઞાનશસ્ત્ર વડે માયાવેલડી છેદી શકાય છે. **'शस्त्रसे समस्ततया...'** એ **'असेसा'**ની વ્યાખ્યા છે. **'असेसा'** **'समस्ततया કાટ ડાલતે हैं...'** આહાહા..! મૂળમાંથી ખોદી નાખે છે કહે છે. અનંતાનુબંધીથી માંડીને જેટલી માયા અને પર પ્રત્યે મોહ મમતારૂપી મિથ્યાત્વ એને, આત્માના અંતર જ્ઞાનાનંદ શસ્ત્રથી મૂળમાંથી એને છેદી શકાય છે. એ અંતરના જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયની મહિમાથી. એની મહિમા દ્વારા મુનિઓ આને છેદી શકે છે એમ કહે છે.

**'ભાવાર્થ :- यह मायाकषाय गूढ है,...'** શલ્ય છે ને શલ્ય અંદર? શલ્ય જાય તોપણ માયા રહી જાય છે. શલ્ય જાય તોપણ માયા રહી જાય છે. એવી માયા ગૂઢ છે કહે છે. **'मायाकषाय गूढ है, ઈસકા વિસ્તાર ભી બહુત है,...'** મુનિને ત્રણ શલ્ય હોતા નથી. નિઃશલ્યોવૃત્તિ. છે ને? મિથ્યાત્વ, માયા, નિદાન શલ્ય એનાથી રહિત છે મુનિ. છતાં અમુક કષાયની માયા છે સંજ્વલનની. ત્રણ શલ્ય રહિત તો વ્રતી થયા છે સંયમી છતાં એક ભાવ રહી ગયો છે થોડો. પણ શલ્ય નહિ પણ છે

માયાનો અંશ. એમ કહે છે. આહાહા..! '**યહ માયાકષાય ગૂઢ હૈ, ઈસકા વિસ્તાર ભી બહુત હૈ,...**' ઘણો વિસ્તાર, પરદ્રવ્યની મમતામાં માયા ફેલાય. એ પરદ્રવ્યને મારા માનું છું એની માયામાં એને ખબર પણ પડતી નથી એમ કહે છે. પરદ્રવ્યથી મને લાભ થાય અને પરદ્રવ્ય મારા એમાં માયા શું છે એની એને ખબર પણ પડતી નથી. ઘણી વાત નાખી છે જુઓ. જાણે કે પરદ્રવ્યથી મને લાભ થશે એમ મોહ જે પરદ્રવ્યમાં ગયો, એમાં માયા અંદર સૂક્ષ્મ એવી પડી હોય છે કહે છે. આહાહા..! એ માયાને છેદી નાખ એમ કહે છે.

આવ્યું હતું તો એ વિચારમાં કે વીતરાગની વાણી અને વીતરાગ એનાથી પણ લાભ થાય એમ (માને તો એ માયા છે). આડ મારે છે. વીતરાગ અને વીતરાગની વાણી એ પરદ્રવ્ય છે. એનાથી મને લાભ થાય એવો જે મોહ, એ માયા એ મોહ ઉપર ચડી છે. ઝીણું છે જરી. આચાર્ય ... એકલો સ્વદ્રવ્ય ચૈતન્ય ભગવાન એને આશ્રયે જ લાભ દર્શનનો અને જ્ઞાનનો, ચારિત્રનો ... માયાએ એવી આડ મારીને પરપદાર્થના મોહમાં ફેલાઈ ગઈ છે. એને, સ્વપદાર્થ ચૈતન્ય ભગવાન એનું જ્ઞાન ... જ્ઞાનની તીખી ધારા ચૈતન્યના પૂર્ણ સ્વભાવના આશ્રયે પ્રગટેલી જ્ઞાનની, શ્રદ્ધાની તીક્ષ્ણ ધારા એનાથી માયા, પરદ્રવ્યથી લાભ એવો જે મોહ અને એની જે માયા એનાથી છેદી શકાય છે. સમજાણું કાંઈ? આવી વાત ઝીણી વાત બહુ. ક્યાંક ક્યાંક એને પરદ્રવ્યથી લાભ મનાવી દે છે મોહ, એમાં માયા ચાલી જાય છે. આહાહા..! માયા એટલે આડ મારીને પણ એમાં માને છે કે આમાંથી લાભ છે. આહાહા..! એ માયાને પ્રભુ! તારા જ્ઞાનશસ્ત્રે છેદ. બીજો કોઈ ઉપાય નથી. સ્વદ્રવ્યના આશ્રયે થતી જ્ઞાનધારા એને પરદ્રવ્યના આશ્રયમાં જતો મોહ અને એની માયા છેદ. આહાહા..!

'**યહ માયાકષાય ગૂઢ હૈ, ઈસકા વિસ્તાર ભી બહુત હૈ,...** ' ફેલાય છે બહુ વિસ્તાર. '**મુનિયોં તક ફૈલતી હૈ,...**' જોયું! માયાનો અંશ છે ને. .. શલ્ય નથી ભલે, પણ માયા છે. સંજ્વલનની માયા છે. આહાહા..! '**ઈસલિયે જો મુનિ જ્ઞાનસે ઈસકો કાટ ડાલતે હૈં...**' ચૈતન્ય સ્વભાવના માહાત્મ્ય દ્વારા જ્ઞાન ગુણ, જ્ઞાનનો ગુણ ગંભીર, ગહન, અપરિમિત એવા ગુણને પકડીને જે પર્યાય-શસ્ત્ર પ્રગટ્યું એ દ્વારા માયા છેદાય છે, માયાનો વ્યય થાય છે, જ્ઞાન શાંતિની ઉત્પત્તિ થાય છે, ધ્રુવતાનું શરણ રહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. માયા છે.

ઉત્તર :- એ શલ્ય નથી, માયા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ-નહિ, એ માયા આવે સાધારણ. એ વખતે આવે સાધારણ. માયા છે ને. પ્રમાદ છે ને. પ્રમાદ-પ્રમાદ છે ઈ. પ્રમાદ એ બહિર્ ઉપર લક્ષ જાય છે એટલો ભાવ સંસાર છે. અહીં તો સંસાર વેલડીને છેદવાની વાત છે ને. એ સંસાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે પણ છે ને. છે કે નહિ? છે નહિ તો પ્રમાદ ક્યાંથી આવ્યો? પ્રમાદ એ જ સંસાર છે. પ્રમાદી જગત પર .. પાઠ છે ને એવો. પ્રમાદી છઠ્ઠા ગુણસ્થાનવાળો સંસાર તરફ ઝુકે છે. આહાહા..! એ રાગ સંસાર છે ને. ઉદયભાવ સંસાર છે. ચાહે તો ભલે શુભરાગ હો. આહાહા..! એ સંસરણં સંસાર. સ્વરૂપથી ખસી ગયેલ છે. એ સંસારને છેદવાનો ઉપાય કર્મ, નોકર્મ, ભાવકર્મથી રહિત અકર્મ વસ્તુ. અકર્મ વસ્તુ એટલે અબદ્ધ વસ્તુ. નોકર્મ, કર્મ, ભાવકર્મથી રહિત અકર્મ—અબદ્ધ. ભાવકર્મ અને જડકર્મથી બંધાયેલ નહિ એવી અકર્મ વસ્તુ. આહાહા..! એના આશ્રયે પ્રગટેલી જ્ઞાન, શ્રદ્ધા, શાંતિની દશા એને જ્ઞાનદશા જ કહે છે. રાગનો અભાવ એથી એ બધી જ્ઞાનદશા છે. ચૈતન્ય શુદ્ધ ધ્રુવ એને આશ્રયે પ્રગટેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ એ બધી (દશા) જ્ઞાનશસ્ત્ર કહેવાય છે. એ જ્ઞાન એટલે કે એમાં રાગ નથી એમ. એવા જ્ઞાનશસ્ત્ર વડે માયાવેલડી મોહરૂપી જાળમાં મોટી વિસ્તારથી ફેલાઈ ગઈ છે (તે કપાઈ જાય છે). આહાહા..!

બાહુબલજી લ્યો ને, એ સંજ્વલનનો લોભ હતો. ભાવલિંગી મુનિ હતા એ રહી ગઈ જરી. ભરતની જમીન ઉપર છું, ભરતને દુઃખ લાગ્યું હશે એ કાંટો રહ્યો અંદર. એ સ્થિર થવા ન દીધું એને. કેવળજ્ઞાન લેતા અટકાવી દીધા એને. એટલો કાંટો, કંટક. આ બાહુબલજી બાર મહિના સુધી ધ્યાનમાં (ઊભા રહ્યા). મુનિ છે, ભાવલિંગી સંત છે પણ ઓલો રાગનો ભાગ સંજ્વલનનો (કે) આ જમીન ઉપર એમ કે આમને દુઃખ લાગ્યું હશે એવો અંદર રહી ગયો ભાગ. એ શ્રેણી ન થવા દીધી, અંદર ધારામાં ન જઈ શક્યા. આમ ભરત આવે છે, આમ પગે લાગે છે, પૂજા કરે છે. ઓહો..! આને તો કાંઈ નથી. છૂટી ગયું. છૂટ્યા ભેગું અંતર્મુહૂર્તે કેવળ. ધારા ચૈતન્યમૂર્તિ શક્તિનો પિંડ પ્રભુ, એ શક્તિની પૂર્ણતાનો વિકાસ પર્યાયમાં થઈ ગયો. આહાહા..!

મુમુક્ષુ :- ભરતની ભૂમિ માની અને એના ઉપર હું ઊભો છું. ..

ઉત્તર :- એટલો કષાય છે ને અંશે. કોઈની જમીનમાં ક્યાં છે? રાગમાં પણ નથી. જરી એ થયું છે. મૂળ તો એને દુઃખ થયું. ભરતને દુઃખ થયું હશે એવું લાગ્યું.

અહીં કહે છે કે '**સચ્ચે મુનિ હૈં, વે હી મોક્ષ પાતે હૈં.**' લ્યો! '**માયાકષાય ગૂઢ હૈ, ઈસકા વિસ્તાર ભી બહુત હૈ, મુનિયોં તક ફૈલતી હૈ,...**' જુઓને ત્યાં સુધી લીધું. '**ઈસલિયે જો મુનિ જ્ઞાનસે ઈસકો કાટ ડાલતે હૈં વે હી સચ્ચે મુનિ હૈં, વે હી મોક્ષ પાતે હૈં.**' આહાહા..! દ્રવ્યલિંગમાં ભાવની ખબર નથી એટલે દ્રવ્યલિંગીને માયા ઘણી આવે. કોઈ રીતે કાંઈક અમે ભાવમુનિમાં છીએ એવું ખતવવા માયાજાળ ઊભી થાય ઘણી. એ તો દ્રવ્યલિંગીની (વાત). આ તો ભાવલિંગીને પણ છે એમ કહે છે. ભાવલિંગી સુધી માયા અંશ. આહાહા..!

મુમુક્ષુ :- ... દ્રવ્યલિંગી છે ને...

ઉત્તર :- એને તો બહુ માયા અનંત... કારણ કે એને ખટક-ખટક, આમ નથી એને મનાવવાનો ભાવ રહે છે. સાધુપણું મનાવવાનો, દુનિયામાં મોટપ લેવાનો, મિથ્યાત્વનો ભાવ છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વભાવ ખરો પણ ...

ઉત્તર :- મિથ્યાત્વભાવ-મિથ્યાત્વભાવ. એ મિથ્યાત્વભાવની માયા છે અંદર. ઝીણી વાત છે ભાઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બુદ્ધિપૂર્વક રાગ છે એટલો. છે ને અંદર. એ એટલો નહિ. છે આમ શુભભાવ પણ અંદર મિથ્યાત્વનો ભાવ આવો છે જરી. મિથ્યાત્વનો ભાવ છે. મિથ્યાત્વભાવ આવો ભલે હો અંદર મિથ્યાત્વભાવ છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે.

'**આગે ફિર ઉન મુનિયોંકે સામર્થ્યકો કહતે હૈં :—**' છેલ્લી ગાથાઓ છે ને.

**मोहमयगारवेहिं य मुक्का जे करुणभावसंजुत्ता।**
**ते सव्वदुरियखंभं हणंति चारित्तखग्गेण।।१५९।।**

લ્યો! ઓલામાં '**णाणसत्थेहिं**' અને '**चारित्तखग्गेण**'. ઓલામાં એમ હતું કે જ્ઞાન અને દર્શનના અગ્ર-પ્રવર હાથ દ્વારા ભવિ જીવોને તારે છે. બધી ઉપમા આપી હતી. એનો અર્થ કે મુનિઓ ધર્માત્માનો ઉપદેશ દર્શન અને જ્ઞાનનો મૂળ હોય છે. સ્વદ્રવ્યને આશ્રયે જ્ઞાન અને સ્વદ્રવ્યને આશ્રયે શ્રદ્ધા એવો જ એનો ઉપદેશ મુખ્ય હોય છે. એ ઉપદેશને સાંભળીને એ ભાવ જે કહ્યા હતા એ ભાવ જેણે પ્રગટ કર્યા એને આણે તાર્યા એમ કહેવામાં આવે.

'**અર્થ :- જો મુનિ મોહ-મદ-ગૌરવસે રહિત હૈં...**' ૧૫૯. જે મુનિ મોહ—પરદ્રવ્યની મમતા. '**મદ...**' અભિમાન. '**ગૌરવ...**' શાતા આદિ '**રહિત હૈં ઔર કરૂણાભાવ સહિત હૈં, વે હી ચારિત્રરૂપી ખડગસે...**' સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર, ચરવું, આનંદમાં રમવું. આહાહા..! ચારિત્રરૂપી ખડગ-તલવારથી '**પાપરૂપી સ્તંભકો...**' '**दुरिय**' છે ને? '**दुरिय**' પાપ. '**दुरिय**' રૂપી સ્તંભ-થાંભલો. આહાહા..! '**હનતે હૈં અર્થાત્ મૂલસે કાટ ડાલતે હૈં.**' '**हणंति**' '**सव्वदुरियखंभं हणंति**' આહાહા..! ભાવપાહુડની છેલ્લી ગાથાઓ છે ને.

'**ભાવાર્થ :- પરદ્રવ્યસે મમત્વભાવકો મોહ કહતે હૈં.**' પોતાના દ્રવ્ય સિવાય પરદ્રવ્ય મારા અથવા પરદ્રવ્યથી કંઈ લાભ એવો જે મોહ એને મિથ્યાત્વભાવ કહે છે. '**મદ—જાતિ...**' કુળ, સૂત્રમદ, તપમદ '**આદિ પરદ્રવ્યકે સંબંધસે ગર્વ હોનેકો મદ કહતે હૈં.**' આહાહા..! જાતિ, કુળ. મારી માતાની જાતિ આ છે, કુળ અમારું ઊંચું, રાજકુળમાં અમે જન્મેલા છીએ, અમારી માતા રાજની દીકરી હતી. એવો ઊંડો મદ રહી જાય ગર્વ. આહાહા..! એને મદ કહે છે. '**ગૌરવ તીન પ્રકારકા હૈ— ઋદ્ધિગૌરવ સાતાગૌરવ ઔર રસગૌરવ. જો કુછ તપોબલસે અપની મહંતતા લોકમેં હો...**'

તપસ્યા ઘણી હોય, દુનિયા ઘણા માને. રાજા, ગૃહસ્થો. '**ઉસકા અપનેકો મદ આવે,...**' આ અમને રાજાઓ માને છે. એ મદને છેદ એમ કહે છે. એવા મદ રહિત થા. એ મદ શું તને લાભ કરે છે? નુકસાન છે. રાજા માને કે એ માને એમાં તને શું લાભ છે? તારો આશ્રય તેં ઉગ્ર લીધો એમાં લાભ છે તને. પરના મદ માને ઝાઝા. કરોડોપતિ અમને માને છે, રાજાઓ અમને નમે છે, રાજાઓને અમે ધર્મ પમાડ્યા છે– એવો મદ છોડ. આહાહા..! '**ઋદ્ધિ...**' ઋદ્ધિગૌરવ એને કહે છે.

'**યદિ અપને શરીરમેં રોગાદિક ઉત્પન્ન ન હોં...**' શરીરમાં કોઈ દિ' રોગ જ ન આવ્યો હોય, દવા ન લીધી હોય, સૂંઠ ચોપડી ન હોય એનું એને અભિમાન. જોયું! અમારું શરીર આવું છે. એનો પણ મદ. શાતાગૌરવ એ. શરીરની શાતા રહી હોય ને. ૮૦-૮૦ વર્ષ થયા હોય, ૧૦૦ વર્ષ થયા હોય પણ જરીએ રોગ ન આવ્યો હોય કોઈ. એના શરીરના આવી સ્થિતિનું એને ગૌરવ-અભિમાન રહે લ્યો! એ છોડી દે. એ તો શરીરની અવસ્થા એ પ્રમાણે રહેવાની હોય તો રહી છે. એમાં તારે માટે ક્યાં રહી? તારી ક્યાં છે એ? શાતાગૌરવ. '**પ્રમાદયુક્ત હોકર અપના મહંતપના માને...**' એમ. સુખી શરીર રહે, કોઈ દિ' રોગ ન થાય એનું એને અભિમાન, મહંતપણું માને.

સનતકુમાર ચક્રવર્તીને રોગ થયો લ્યો! મોક્ષગામી ચક્રવર્તી. કેટલા પુણ્ય! આ દીક્ષા લીધી ને રોગ. ગળત કોઢ, આંગળા ગળે. એથી શું નુકસાન છે? એમાં શેની દીનતા છે? અને શાતાનો શેનો ગર્વ છે? અનુકૂળ શરીર રહે કે જોયું અમને સો વર્ષ થયા પણ સૂંઠ ચોપડી નથી માથે કોઈ દિ' એમ કહે. તાવ આવ્યો નથી અમને. ઘણાને હોય. અને આવે તો પછી ખલાસ. ત્યાં ને ત્યાં મરી જાય છે. એવા પણ હોય છે અત્યારે. તાવ ન આવ્યો હોય કોઈ દિ', જો આવ્યો તો ખલાસ. એવી સ્થિતિ હોય શરીરની એમાં શું છે? જડના પરમાણુનું એવું પરિણમન હોય એનું અભિમાન શું? એમાં અધિકતા શું? એ થયું એથી અધિક શું થયું તને? એ શાતાગૌરવ છોડ. આહાહા..!

'**યદિ મિષ્ટ-પુષ્ટ આહારાદિક મિલે...**' આહારમાં બધી ઊંચી-ઊંચી ચીજ મળે પુણ્યને લઈને '**તો ઉસકે નિમિત્તસે પ્રમત્ત હોકર...**' આહાર ખાઈને પછી એય..! નિરાંતે પડ્યા રહે પથારીમાં. પ્રમાદના પોટલા થઈને. '**શયનાદિક કરે રસગૌરવ હૈ.**' સારા રસ મળે, દૂધપાક, મેસુબ, મોસંબી, કેરીના રસો ઊંચા ખાઈને પછી પ્રમાદી થઈને પડે એ રસગારવ છે. છોડ એને, કહે છે. હવે એ રસમાં શું? આત્મરસની આગળ આ રસ શું? આહાહા..! આત્માના આનંદના રસ આગળ આ રસના અભિમાન શા? એ તો જડ છે. આહાહા..!

'**મુનિ ઈસપ્રકાર ગૌરવસે તો રહિત હૈં...** ' ત્રણે—શાતા, ઋદ્ધિ, રસ રહિત છે. '**ઔર પરજીવોંકી કરૂણાસે સહિત હૈં;...**' એમ કહીને એમ કહે છે કે આવું પર જીવને પર તરીકે માન્યા માટે હવે કાંઈ નહિ, ગમે તેમ થાવ, એમ નહિ. એને કરૂણાનો રાગનો અંશ હોય છે. પર જીવને ન મારવાનો કરૂણા અંશ એને હોય છે. '**પરજીવોંસે મોહમમત્વ નહીં હૈ ઈસલિયે નિર્દય હોકર ઉનકો**

મારતે હૈં,...' એવું નહિ. એમ. 'પરંતુ જબ તક રાગ અંશ રહતા હૈ તબ તક પરજીવોંકી કરૂણા હી કરતે હૈં,...' અસ્થિરતાની કરૂણાની વાત છે. પરજીવને કારણે કરૂણા ઉત્પન્ન થાય એને તો મિથ્યાત્વ કીધું છે. તિર્યંચ મનુષ્યેશુ... પ્રવચનસારમાં. તિર્યંચ અને મનુષ્યને દુઃખી દેખીને એના હેતુએ રાગ ઉત્પન્ન થાય એ મિથ્યાત્વ છે. એ આ વાત નથી.

મુમુક્ષુ :- કરૂણા કરે બિચારો અને મિથ્યાત્વ?

ઉત્તર :- કરૂણા ક્યાં હતો? આને દુઃખ થાય છે માટે મને રાગ આવ્યો છે એ મિથ્યાત્વભાવ છે. પોતાની નબળાઈને લઈને રાગ આવે એ જુદી વાત છે. એ આ કરૂણા એને અહીં કહે છે. નબળાઈનો રાગ આવે છે, રાગનો અંશ હોય છે. અનંત જીવો... કાલે છાપામાં તો બહુ આવ્યું હતું એકેન્દ્રિયનું. છાપામાં છે ક્યાંક એકેન્દ્રિય જીવ. આમાં જ છે જૈનપ્રકાશમાં. એકેન્દ્રિય જીવ છે, એને લાગણી છે, એને દુઃખ થાય છે, ઉશ્કેરાઈ જાય છે એવું અંદર આવ્યું. જગદીશચંદ્ર બોઝ. જગદીશચંદ્ર બોઝ નહિ?

મુમુક્ષુ :- જગદીશચંદ્ર બોઝ.

ઉત્તર :- હા એ. એણે વનસ્પતિમાં જીવ છે, એકેન્દ્રિયમાં જીવ છે સિદ્ધ કર્યું છે. કાલે તો બહુ એમાં લખ્યું હતું. કેટલુંક ફેર પણ હશે. એમ કે ત્યાં એને અવાજ હોય છે. એનો અભ્યાસ હોય તો એનો અવાજ સાંભળી શકે. એવું લખ્યું હતું. દુઃખી થાય ત્યારે. આ રિસામણીનું ઝાડ નથી? રિસામણીનું. રિસામણીનું ઝાડ હોય છે. હાથ અડે તો સંકોચાઈ જાય. એમાં બહુ લખ્યું છે. જીવ છે, બરાબર દુઃખ થાય છે. એને જ્યાં નજીક જાવ હાથ અડવાને ત્યાં તો એને ઉશ્કેરાઈ જાય છે અંદરથી.

મુમુક્ષુ :- લજવંતીકે પત્તે હોતે હૈં.

ઉત્તર :- હા એ. એ કીધું ને. લજવંતી કીધું. આ રિસામણી કહે છે અમારે. એ રિસામણીનું ઝાડ કહેવાય. અડે તો રિસાઈ જાય. સંકોચાઈ જાય, પાંદડા આમ થઈ જાય. એ જીવ છે ને અંદર જીવ છે. અનંત ગુણનો પિંડ છે. આહાહા..! એક મન નથી. એ સંજ્ઞા છે કે નહિ ચાર? આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા. શાસ્ત્રમાં તો એવું આવે છે કે જ્યાં નિધાન હોય ક્યાંક નિધાન દાટ્યા. વનસ્પતિ ઊગી હોય તો વનસ્પતિનો વેલો એની કોર જાય. પરિગ્રહસંજ્ઞા છે ને. અવ્યક્તપણે પણ, મન નથી તોપણ. એવો પાઠ છે. સમજાણું કાંઈ? નિધાન હોય ક્યાંક અને વેલ ઊગી હોય વેલો. તો વેલાની દિશા એની કોર જાય. પરિગ્રહસંજ્ઞા છે ને. જુઓ! પછી એક જણાએ એવું કર્યું હતું. કીધું હતું ને એક ફેરી. શાસ્ત્રમાં આમ આવે છે. ત્યારે એણે ઘરમાં ઝાડ વાવ્યું. ઘરની અંદર ખૂણામાં. વેલો જેની કોર જાય. પછી વેલો તો આમ વાવ્યો હોય તો ઉપર ક્યાંથી જાય પછી? એ તો આમ તો જાય. ત્યાં ખોદ્યું તો કાંઈ નીકળ્યું નહિ. એમ કે નિધાન (મળશે). વાત આવી બોટાદ વ્યાખ્યાનમાં આવતા. મહારાજ કહેતા હતા કે આમ છે. વેલો વાવ્યો ઓરડામાં. એ વેલો તો વળે તો ખરો ને. પછી ઉપર ન જાય તો આમ વળે. અહીં નિધાન હશે. ખોદ્યું માથોડા સુધી ખોદ્યું, કાંઈ નીકળ્યું નહિ.

એ તો ઓલામાં નથી આવતું સમયસારમાં? એમ કે લોઢાનું સોનું થાય, આવી વનસ્પતિ આને અડાડે તો. પણ પુણ્ય હોય તો થાય એમ પાછું લખ્યું છે. જયસેનાચાર્યની ટીકામાં છે. પુણ્ય હોય તો એ બધું થાય. નાગ .. ઔષધિ ને એવું બધું છે. એમાં શું છે પણ?

અહીં આત્મા મહાપ્રભુ ભગવાન થઈને જાગે, હવે એને તારે શું કામનું? આહાહા..! તારી પર્યાયની વેલ એની કોર વાવને. આહાહા..! આ નિધાન પડ્યું છે ત્યાં. એ પર્યાયની વેલડી ત્યાં વાવ નિધાનમાં. નિધાન ખીલી જશે. આનંદ આવશે તને, સુખ મળશે, કેવળજ્ઞાન થશે. આહાહા..! આ ક્યાં ફાફા માર્યા તેં? મહાનિધાન છે ઈ. આહાહા..! જેમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પડી છે અંદર. અનંતી કેવળજ્ઞાનની પર્યાય જેના નિધાનમાં પડી છે. સ્વભાવરૂપ છે, શક્તિરૂપ છે, સામર્થ્ય છે, વસ્તુ છે, અસ્તિ છે. એવા નિધાન તરફ જાને. તને ફાટશે અંદર કેવળજ્ઞાનના ફળ. આહાહા..! સ્વવિષયમાં કેવળજ્ઞાન ફાટશે, પરવિષયમાં સંસાર ફાટશે. આહાહા..!

'**પરંતુ જબતક રાગ અંશ રહતા હૈ...**' રાગનો અંશ રહે. '**તબ તક પર જીવોંકી કરૂણા હી કરતે હૈં, ઉપકારબુદ્ધિ રહતી હૈ. ઈસપ્રકાર જ્ઞાની મુનિ પાપ જો અશુભકર્મ...**' '**दुरिय**' શબ્દ છે ને? '**दुरिय**' એટલે દુરિત પાપ. '**અશુભકર્મ ઉસકા ચારિત્રકે બલસે નાશ કરતે હૈં.**' સમ્યગ્દર્શન સહિત જેને ચારિત્રદશા દ્વારા આવા રાગનો નાશ કરે છે એમ કહે છે. પોતે મુનિ છે કુંદકુંદાચાર્ય. પોતાની દશા પણ વર્ણવે છે. આહાહા..! અમે આ દશામાં છીએ એમ કહે છે. આહાહા..! તમે પણ એમાં આવો ને. તમારી પાસે છે ને તમારી ઋદ્ધિ. દૂર ક્યાં છે કે તમારે ગોતવા જાવી પડે એમ કહે છે. આહાહા..! અંતર પડ્યું છે ને ચૈતન્ય આનંદનો નિધાન. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ગંજ છે એ તો. અતીન્દ્રિય આનંદની અપરિમિત શક્તિનું સત્ત્વ છે એ. દ્રવ્યસ્વભાવ જેને શાસ્ત્રે જ્ઞાયકભાવ કીધો. અહીંયાં એમ આવ્યું કે ભાઈ સર્વજ્ઞસ્વભાવી એમ. સર્વજ્ઞસ્વભાવ. અલ્પજ્ઞની રુચિ છોડીને સર્વજ્ઞનો સ્વભાવ અને રુચિ કર. અથવા અલ્પજ્ઞ દ્વારા સર્વજ્ઞમાં જા. કારણ કે પર્યાય તો એની છે ને. રાગ દ્વારા નહિ જવાય. જ્ઞાનની પર્યાય દ્વારા જવાશે.

'**ઈસપ્રકાર જ્ઞાની મુનિ પાપ જો અશુભકર્મ ઉસકા ચારિત્રકે બલસે નાશ કરતે હૈં.**' લ્યો! બે ગાથા થઈ.

'**આગે કહતે હૈં કિ ઈસપ્રકાર મૂલગુણ ઔર ઉત્તરગુણોંસે મંડિત મુનિ હૈં વે જિનમતમેં શોભા પાતે હૈં :—**' વીતરાગ માર્ગમાં આવા શોભાને પામે છે. આહાહા..! મૂળ અને ઉત્તરગુણ સહિત છે તે.

गुणगणमणिमालाए जिणमयगयणे णिसायरमुणिंदो।
तारावलिपरियरिओ पुण्णिमइंदुव्व पवणपहे।।१६०।।

'**णिसायरमुणिंदो**' રાત્રિને પ્રકાશ કરનારો ચંદ્ર.

આહાહા..! કેટલા બધા ઉપમા જ આવી આટલામાં. ઘણી ગાથાઓ, છેલ્લી છે ને.

'**અર્થ :- જૈસે પવનપથ (- આકાશ) મેં...** ' પવનપંથ એટલે આકાશ. પવન વાય એ આકાશમાં પવનપંથ એને કહે. પવન રોકાય નહિ પણ ચાલ્યો જ જાય માથે એવું આકાશ. પવનપંથ એટલે આકાશ. '**તારાઓંકી પંક્તિકે...**' એ આકાશને તારાઓની પંક્તિ-શ્રેણી. આહાહા..! એવા '**પરિવારસે વેષ્ટિત...**' એવા ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા. એની પંક્તિમાં ચંદ્ર શોભે છે એમ કહે છે. '**વેષ્ટિત પૂર્ણિમાકા ચંદ્રમા શોભા પાતા હૈ,...** ' જોયું! '**पुण्णिमइंदुव्व**' પૂર્ણિમાનો ઈન્દુ, એમ. આહાહા..! '**વેષ્ટિત પૂર્ણિમાકા ચંદ્રમા શોભા પાતા હૈ, વૈસે હી જિનમતરૂપ આકાશમેં...** ' લ્યો! વીતરાગ અભિપ્રાયના મતમાં. આહાહા..! પવનપંથ એટલે આકાશ. આ જિનમતરૂપી આકાશ, વીતરાગભાવરૂપી આકાશ. આહાહા..!

વીતરાગમતરૂપી '**આકાશમેં ગુણોંકે સમૂહરૂપી મણિયોંકી માલાસે...**' મૂળગુણ અને ઉત્તરગુણરૂપી ગુણોની સમૂહરૂપી મણિઓની માળા (એનાથી) '**મુનીન્દ્રિરૂપ ચંદ્રમા શોભા પાતા હૈ.**' આહાહા..! ચારિત્ર અને મુનિપણું કેવું છે એ વર્ણવે છે. આહાહા..! જેના અવતાર સફળ થયા, જેના ભવ ગળી ગયા. આહાહા..! ભવ ગયા, સફળ થયા અને જેની દશા, તારાઓમાં જેમ ચંદ્ર વેષ્ટિત હોવાથી શોભે છે, એમ ગુણ વેષ્ટિતથી એ મુનિ ચંદ્રમા સમાન શોભે છે. આહાહા..! મુનિપણું કેવું છે ચારિત્ર લોકોને ખબર ન મળે. જેને-તેને માની લે. લૂગડા ફેરવ્યા ત્યાં જય નારાયણ. આહાહા..!

'**જિનમતરૂપ આકાશમેં...**' નિરાલંબી અભિપ્રાય. આહાહા..! જેમ પવનપંથ આકાશ, એમ જિનમતરૂપી આકાશ. વીતરાગ પરિણમન એ જિનમત. વીતરાગી સ્વભાવનું જ્ઞાન-શ્રદ્ધારૂપી જિનમત. આહાહા..! એ '**જિનમતરૂપી આકાશમેં ગુણોંકે સમૂહરૂપી...**' ઓલા તારાના પરિકર. એમ આ ઉત્તરગુણ અને મૂળગુણનો સમૂહ '**મણિયોંકી માલાસે મુનીન્દ્રિરૂપ ચંદ્રમા શોભા પાતા હૈ.** ' આહાહા..! છેલ્લી ગાથાઓ છે ને આ. બસ પાંચ રહી. ૧૬૫ છે. થોડી ગાથા મૂકાઈ ગઈ છે. પછી લઈશું અંદર. ૩૪થી થોડી મૂકાઈ ગઈ છે.

'**ભાવાર્થ :- અઠ્ઠાઈસ મૂલગુણ, દસલક્ષણ ધર્મ,...**' અઠ્યાવીશ મૂળગુણ. આહાહા..! છ આવશ્યક. એમને માટે કરેલો આહાર ન લે. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ. ગુપ્તિ આમાં ન આવે. એવા અઠ્યાવીશ મૂળગુણ સાધુના છે ને. નગ્નપણું, દિગંબરપણું, છ આવશ્યક, છ કાયની દયાનો ભાવ, સંયમ વગેરે. એવા '**મૂલગુણ, દસલક્ષણ ધર્મ,...**' ક્ષમાદિ ઉત્તમધર્મ. ક્ષમાના સાગર. મુનિ તો ક્ષમાના સાગર, સરળતાના સરોવર, આહાહા..! નિર્લોભતાના નિર્ગ્રંથ દશાવંત એવા દસ પ્રકારના ધર્મથી શોભિત છે. ચારિત્રની વ્યાખ્યા છે ને. ચારિત્ર કોઈ નગ્નપણું એ કાંઈ નથી. અહીં અઠ્યાવીશ મૂળગુણ નાખ્યા છે, છે વિકલ્પ. પણ એવું હોય છે ભૂમિકાએ. દસલક્ષણ ધર્મ. તીન ગુપ્તિ જુદી પાડી, જોયું! ઓલા અઠ્યાવીશમાં નથી. પાંચ સમિતિ છે એમાં અઠ્યાવીશમાં, ત્રણ ગુપ્તિ નથી.

'**તીન ગુપ્તિ ઔર ચોરાસી લાખ ઉત્તરગુણોંકી...**' લ્યો! ઓહોહો..! ચોર્યાશી લાખ યોનિમાંથી નીકળવાના ચોર્યાશી લાખ ઉત્તરગુણ. ચોર્યાશી લાખની વ્યાખ્યા આવી ગઈ છે પહેલી આમાં અર્થમાં. એવા '**ચોરાસી લાખ ઉત્તરગુણોંકી માલાસહિત મુનિ જિનમતમેં...**' વીતરાગ માર્ગમાં નિર્ગ્રંથદશામાં ઓહો..! '**ચંદ્રમાકે સમાન શોભા પાતા હૈ,...**' આહાહા..! '**ઐસે મુનિ અન્યમતમેં નહીં હૈં.**' એમ લખ્યું છે. અહીં જિનમત શબ્દ હતો ખરો ને? વીતરાગ માર્ગમાં આવા મુનિ હોય છે, બીજે તો હોતા નથી. ક્યાંય છે જ નહિ. પૂર્ણ સ્વરૂપ જ નથી. જેણે સર્વજ્ઞપણું નથી જાણ્યું, સર્વજ્ઞપણું જેને પ્રગટ્યું નથી એવો જે ભગવાન આત્મા, સર્વજ્ઞપર્યાયથી પ્રગટ જાજવલ્યમાન જ્યોત પ્રગટ થાય એના મતમાં આવા સંતો હોય છે કહે છે. આહાહા..! જેને આત્માના આનંદની દશા પ્રગટ થઈ છે, શાંતિના વેદન અંદર ઉગ્ર છે. આહાહા..! જેને વીતરાગતાની દશામાં નિર્ગ્રંથદશા થઈ છે. નિર્ગ્રંથ છે ને? રાગની ગાંઠથી તો નીકળી ગયા છે. એકત્વથી તો નીકળી ગયા છે પણ અસ્થિરતાથી નીકળી ગયા છે એમ કહે છે. આહાહા..! એવી વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા, એવી જે ચારિત્રદશા એ '**શોભા પાતે હૈ,...**' લ્યો!

'**ઐસે મુનિ અન્યમતમેં નહીં હૈં.**' વીતરાગ અભિપ્રાય. ત્રણ લોકનું જ્ઞાન જેને, ત્રણ કાળ, ત્રણ લોકના જ્ઞાનની દશા, એમાં આવા સંતો પાકે કહે છે. જેને ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન નથી એવા દેવ જ નથી એમાં આવા ન પાકે. સાધકજીવો એમાં ન પાકે આવા એમ કહે છે. આવું જ્યાં સાધ્ય પૂર્ણ દશા પ્રગટી છે એવા મતમાં આવા સાધકજીવો પાકે છે એમ કહે છે. સમજાણું? '**ઐસે મુનિ અન્યમતમેં નહીં હૈં.**'

'**આગે કહતે હૈં કિ જિનકે ઈસપ્રકાર વિશુદ્ધભાવ હૈં...**' જેને આત્મા આનંદસ્વરૂપ પ્રભુ અને એની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વિશુદ્ધતા જેને છે '**વિશુદ્ધ ભાવ હૈં વે સત્પુરુષ તીર્થંકર આદિ પદકે સુખોંકો પાતે હૈં :—**' આહાહા..! '**जिण**' શબ્દ છે ને? '**सवसुरवरजिण**' એમ શબ્દ છે. બધાય છે નામ.

**चक्कहररामकेसवसुरवरजिणहराइसोक्खाइं।**
**चारणमुणिरिद्धीओ विसुद्धभावा णरा पत्ता।।१६१।।**

જેણે સમ્યગ્દર્શન, સમ્યક્ જિનભાવના જેને છે એને આવા પદની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. જિનભાવના વીતરાગ સ્વરૂપ ભગવાન એનું જિનસમકિત, વીતરાગની અનુભવમાં પ્રતીતિ એવું અંદર જિનસમકિત છે એ આવા સુખો પ્રાપ્ત કરીને મુક્તિ પામે છે એમ કહે છે.

'**અર્થ :- વિશુદ્ધ ભાવવાલે ઐસે નર મુનિ હૈં વહ ચક્રધર (-ચક્રવર્તી, છહ ખંડકા રાજેન્દ્ર)...**' છ ખંડના રાજેન્દ્ર એ ચક્રવર્તી. ભરતના છ ખંડ છે આ ભરત. વૈતાઢ પર્વત વચમાં છે. એના ત્રણ ખંડ ઓલી કોર અને ત્રણ આની કોર. છ ખંડના રાજેન્દ્રને ચક્રવર્તી રાજા કહે છે. એ આત્માના સમ્યગ્દર્શનના ભાનવાળા જીવો આવા પદને પામે એમ કહે છે. મિથ્યાદષ્ટિને એવા પદ હોતા

નથી. આહાહા..! ચક્રવર્તી. 'રામ (-બલભદ્ર)...' રામચંદ્રજી આદિ થયા ને જેટલા એ બધા બળભદ્ર. 'કેશવ (-નારાયણ, અર્ધચક્રી)...' ઓલા આખા પૂરા. 'સુરવર (-દેવોંકા ઈન્દ્ર)...' એવા જે બહારના સુખો બધા સમકિતી આત્મજ્ઞાનીને, આત્મસ્વભાવ આનંદનો નાથ પ્રભુ એવું જેને ભાન થયું છે એવા સમ્યગ્દષ્ટિ જીવને, જિન ભાવનાવાળા જીવને આવા સુખ હોય છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિને એ ચક્રવર્તીપણું, બળદેવપણું, વાસુદેવપણું હોઈ શકે નહિ. ભલે વાસુદેવ ... પણ પહેલા સમકિતી હતા, ચારિત્રવંત હતા. એને એવા પુણ્ય બંધાય. બીજા અજ્ઞાનીઓને એવા પુણ્ય બંધાય નહિ. આહાહા..!

'સુરવર (-દેવોંકા ઈન્દ્ર) **જિન (તીર્થંકર પંચકલ્યાણક સહિત, તીનલોકસે પૂજ્ય પદ)** ' લ્યો! તીર્થંકર થાય પંચ કલ્યાણક સહિત. જેના જન્મકલ્યાણક થાય, ગર્ભકલ્યાણક થાય, દીક્ષા કલ્યાણક થાય, કેવળકલ્યાણક થાય, મોક્ષકલ્યાણક થાય. સો-સો ઈન્દ્રની હાજરી જેના જન્મ વખતે, દીક્ષા વખતે એવા તીર્થંકપદ. એ આત્માના સમ્યગ્દષ્ટિ જીવો એવા પદને પામી શકે એમ કહે છે. એને જ એવો ભાવ હોય એમ. આત્મદર્શન શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ પવિત્રનો નાથ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અંદર, એનું જેને સમ્યક્ જિનભાવના છે, વીતરાગભાવના કહો, જિનભાવના કહો, સમકિત કહો, એવા જીવને આવા પદ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! **'પંચ કલ્યાણક સહિત, તીનલોકસે પૂજ્ય પદ.'** ત્રણ લોકના પૂજ્ય. આહાહા..! જેના જન્મ વખતે દેવોના આસન ખળભળે. કુદરતનો એવો નિયમ જુઓને! ઓહો..! જેના ગર્ભ વખતે ખળભળે. જન્મ વખતે, દીક્ષા વખતે. આહાહા..! મહાપુરુષ દીક્ષિત થાય છે. એવા તીર્થંકરના દીક્ષા વખતે પણ પંચ કલ્યાણકમાં દેવોના આસન ચળે. આહાહા..! એના કેવળજ્ઞાન વખતે, મોક્ષ વખતે. 'ગણધર **(-ચાર જ્ઞાન ઔર સપ્તઋદ્ધિકે ધારક મુનિ)**...' એ પણ સમ્યગ્દર્શન નિર્મળ જિનભાવનાવાળા થઈ શકે છે. **'ઈનકે સુખોંકો તથા ચારણમુનિ (જિનકે આકાશગામિની આદિ ઋદ્ધિયાં...** ' આકાશમાં મુનિઓ ચાલે એવી ઋદ્ધિ થાય. **'ઋદ્ધિયાં પાઈ જાતી હૈં...'** લ્યો!

**'ભાવાર્થ :- પહિલે ઈસપ્રકાર નિર્મલ ભાવોંકે ધારક પુરુષ હુએ વે ઈસ પ્રકારકે પદોંકે સુખોંકો પ્રાપ્ત હુએ, અબ જો ઐસે હોંગે વે પાવેંગે,...'** પ્રથમમાં જે આ બધા તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદવે થયા એ બધા સમ્યગ્દષ્ટિ સહિતવાળા સુખ પામ્યા. ભવિષ્યમાં પણ એ સમ્યગ્દર્શન સહિત હશે એને આવા સુખ થશે. આત્માના ભાનસહિતના પુણ્યબંધના આવા પ્રકાર હોય એમ કહે છે. એ છેલ્લી વાત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૨, શનિવાર તા. ૨૨-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૬૨ થી ૧૬૪, ૩૫ થી ૩૭, પ્રવચન - ૧૮૦**

ચૈતન્યના પરિણમનથી થયેલો ભાવ એવો જે '**ભાવિત જીવ હૈં વે હી સિદ્ધિ અર્થાત્ મોક્ષકે સુખકો પાતે હૈં. કૈસા હૈ સિદ્ધિસુખ?**' અહીંયાં તો કહે છે કે શુદ્ધ ચૈતન્યસ્વભાવ એની સન્મુખની જે એકતા એવો જે મોક્ષનો માર્ગ એનાથી સિદ્ધના સુખને પામે છે. ભાવપાહુડ છે ને. બપોરે તો આવે છે કે વ્રતાદિના વિકલ્પો એ બધું બંધનું કારણ છે. બંધરૂપ છે, બંધનું કારણ છે. આ મોક્ષરૂપ છે અને મોક્ષનું કારણ છે. શુદ્ધ ચૈતન્ય આનંદદળ એની એકાગ્રતા, શુદ્ધ પરિણતિ, શુદ્ધ પરિણતિમાં ત્રણેય આવ્યું—દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ જીવ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા દ્વારા મોક્ષને પામે છે.

'**કૈસા હૈ સિદ્ધિસુખ? શિવ હૈ, કલ્યાણરૂપ હૈ,...**' મોક્ષનું સુખ ઉપદ્રવ વિનાનું છે એમ કહે છે. આત્માના આનંદથી ઉત્પન્ન થયેલું સુખ છે, કલ્યાણસ્વરૂપ છે. શિવમલય આવે છે ને નમોત્થુણંમાં. '**કિસીપ્રકાર ઉપદ્રવ સહિત નહીં હૈ,...**' નકારથી વાત કરી. આનંદસ્વરૂપ મોક્ષનું સુખ કલ્યાણરૂપ ઉપદ્રવ રહિત છે. એમાં કોઈ જાતનો ઉપદ્રવ છે નહિ. એવા સુખને શુદ્ધ ચૈતન્યના પરિણમન દ્વારા પામે છે એમ કહે છે. વ્યવહાર રત્નત્રય વચમાં આવે એ બંધનું કારણ છે, બંધસ્વરૂપ જ છે એ. આ ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે. અબંધસ્વરૂપ છે કહો કે મુક્તસ્વરૂપ કહો. એની પરિણતિ એ મુક્તસ્વરૂપ છે. એથી તેનાથી મુક્તિનું સુખ પામે છે.

'**અજરામરલિંગ હૈ અર્થાત્ જિસકા ચિહ્ન વૃદ્ધ હોના ઔર મરના ઈન દોનોંસે રહિત હૈ,...**' સિદ્ધનું સુખ, મોક્ષનું સુખ જરા-વૃદ્ધાવસ્થા રહિત, મરણ-અંત આવે એનાથી રહિત એવું એનું સુખ છે. જરા છે ને? '**જિસકા ચિહ્ન વૃદ્ધ હોના ઔર મરના ઈન દોનોંસે રહિત હૈ,...**' સિદ્ધનું સુખ એ ઝીર્ણ શું થાય? તાજો તાજો આનંદ છે. એને મરણ નથી, અંત નથી. એવા સિદ્ધના સુખને શુદ્ધ ચૈતન્યની પરિણતિ દ્વારા પમાય છે. '**અનુપમ હૈ, જિસકો સંસાર કે સુખકી ઉપમા નહીં લગતી હૈ,...**' સંસારનું સુખ તો ઝેર છે. આત્માનું સુખ તો અતીન્દ્રિય આનંદ છે, એને જગતના સુખ સાથે મેળવાય નહિ.

'**ઉત્તમ (સર્વોત્તમ) હૈ,...**' કોઈના સુખની ઉપમા ન દેવાય એને. સર્વોત્તમ છે. '**પરમ (સર્વોત્કૃષ્ટ) હૈ,...**' આહાહા..! આત્મામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે ધ્રુવરૂપે એની પરિણમન દશા થઈને પૂર્ણ પરિણમન થવું સુખનું એ સર્વોત્કૃષ્ટ છે. એવું સુખ ક્યાંય બીજે છે નહિ. '**મહાર્ઘ્ય હૈ અર્થાત્ મહાન અર્ઘ્ય-પૂજ્ય પ્રસંશા કે યોગ્ય હૈ,...**' એ પરમાર્થ મોક્ષનું સુખ જ પ્રશંસનીય છે. વખાણવાલાયક હોય તો એ છે. આ દુનિયા અબજોપતિ ને કરોડોપતિ ને બહારની સગવડતા હોય તો ઓહોહો..!

બાદશાહી છે આને, સુખી છે. એ સુખી નથી, એ તો દુ:ખી છે. એ પ્રશંસવાયોગ્ય નથી. આત્માનું પરમાનંદ સુખ એ મોક્ષમાર્ગથી પ્રાપ્ત થાય તે પ્રશંસવા યોગ્ય છે કહે છે. તે વખાણવા યોગ્ય છે, પૂજવા યોગ્ય છે.

**'વિમલ હૈ કર્મકે મલ તથા રાગાદિકમલસે રહિત હૈ.'** મોક્ષના માર્ગથી પ્રગટેલો મોક્ષ, મોક્ષના માર્ગથી પ્રગટેલો મોક્ષ એ કર્મમળ રહિત છે, રાગાદિ રહિત છે. રાગ પણ નથી. આહા..! **'અતુલ હૈ, ઈસકે બરાબર સંસારકા સુખ નહીં હૈ,...'** અનુપમ આવ્યું હતું. ઉપમા નહિ. અહીંયાં અતુલ છે. એની સાથે બરાબર સંસારના સુખનો કોઈ મેળ છે નહિ. **'ઐસે સુખકો જિન-ભક્ત પાતા હૈ,...'** જિનભક્ત નામ વીતરાગી સ્વરૂપ ભગવાન આત્માનું, એનો ભક્ત જિનભક્ત, એ જિનભક્ત. આહાહા..! વીતરાગ સ્વરૂપે ભગવાન પરમાત્મસ્વરૂપ એ જિનસ્વરૂપ છે. એનો ભક્ત એની એકાગ્રતાવાળો આવા સુખને પામે છે. આવા સુખ બીજે હોઈ શકે નહિ. **'જિન-ભક્ત પાતા હૈ, અન્યકા ભક્ત નહીં પાતા હૈ.'** કેમકે બીજાઓમાં તો રાગના વિકલ્પના ભાવમાં ધર્મ મનાવે એવાને માનનારાઓને આવું સુખ પામી શકે નહિ.

હવે **'આગે આચાર્ય પ્રાર્થના કરતે હૈં કિ જો ઐસે સિદ્ધસુખકો પ્રાપ્ત હુએ...'** એવા જે સિદ્ધના સુખને પ્રાપ્ત થયા સિદ્ધ ભગવાન **'વે મુઝે ભાવોંકી શુદ્ધતા દેવે :—'** આહાહા..! ભાવના પોતાની છે ને! આવા ભગવાન મને સિદ્ધસુખ આપે, શુદ્ધતા આપે. એટલે કે મારું સ્વરૂપ જે પવિત્ર શુદ્ધ છે એની ભાવનામાં આગળ વધી જાઉં એ મને સુખ આપે એમ કહેવામાં આવે છે. આહાહા..!

**ते मे तिहुवणमहिया सिद्धा सुद्धा णिरंजणा णिच्चा।**
**दिंतु वरभावसुद्धिं दंसण णाणे चरित्ते य।।१६३।।**

**'અર્થ :- સિદ્ધ ભગવાન...'** લોગસ્સમાં પણ આવે છે ને, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. આવે છે લોગસ્સમાં. આવે છે? કર્યું હતું કે નહિ લોગસ્સ? એમાં આવે છે સિદ્ધા સિદ્ધિં. હે સિદ્ધ ભગવાન! હે પરમાત્મા! મને સિદ્ધપણું બતાવો. દિસંતુ-દેખાડો. એનો અર્થ કે મને કેવળજ્ઞાન થાઓ અને હું સિદ્ધપદને જાણું. એમ. આહાહા..! **'સિદ્ધ ભગવાન મુજે દર્શન, જ્ઞાનમેં...'** સિદ્ધ ભગવાન મારા દર્શનમાં-આત્માની શ્રદ્ધા સમ્યગ્દર્શનમાં, આત્માનું જ્ઞાન એ સ્વસંવેદનજ્ઞાનમાં અને આત્માનું ચારિત્ર એ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાં આનંદમાં રમણતા **'શ્રેષ્ઠ ઉત્તમભાવકી શુદ્ધતા દેવેં.'** એવા મારા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં શ્રેષ્ઠ ઉત્તમભાવ એની શુદ્ધતા આપો ભગવાન! એમ કહે છે. એ તો ભાવનાનો બોલ છે. ભગવાન ક્યાં દે છે? દે છે કોઈને? ત્યારે આવી શું કરવા માગણી કરે? એ વિનયના વાક્ય છે.

અંતરનો ભગવાન આત્મા પૂર્ણ આનંદથી ભરેલો પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં મને શુદ્ધતા આપો. એ ત્રણની શુદ્ધતા વધો મારી, એમ કહે છે. સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર જે છે એની

શુદ્ધતા મને વધો એમ સિદ્ધને કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'શ્રેષ્ઠ ઉત્તમભાવકી શુદ્ધતા દેવેં. કૈસે હૈં સિદ્ધ ભગવાન? તીન ભુવનસે પૂજ્ય હૈં,... '** **'तिहुवणमहिया'** એમાં પણ આવે છે ને. એવં મયે.. વંદિયે મહિયા. લોગસ્સમાં આવે છે. ... કિત્તિયવંદિપમહિયા જે એ લોગસ્સ ઉત્તમ સિદ્ધા. લોગસ્સ કર્યું છે? કર્યું તો હોય ને. એમાં આવે છે. કિત્તિયવંદિપમિયા જે એ લોગસ્સ ઉત્તમ સિદ્ધા આરુગ્ગબોહિલાભં સમાહિવર મુત્તમં દિંતુ. એ મહિઆમાંથી ત્યાં ગારીયાધારમાં હતા ને ઘણા વર્ષ પહેલા. એક સાધુ કહેતા કે જુઓ આમાં ભગવાનની પૂજા કીધી છે મહિયા એટલે. એને તો એ બતાવવું હોય ને. દેરાવાસી સાધુ હતા. એ અને ઓલા મણિસાગર. સાગરાનંદના ભાઈ મોટાભાઈ અને તે દિ' ગામમાં મોહનલાલજી હતા. મોહનવિજય, પ્રતાપવિજય ને ધર્મવિજય એ ત્રણેય હતા ત્યાં. પછી આવ્યા હતા. ત્યાં ભેગા ન ઉતરે. ..શેઠની મેડીએ ત્યાં ઉતર્યા હતા. ગયા હતા સાંભળવા બપોરે. હું જુદું વાંચું. પછી આ લાવ્યા. દીક્ષા લેવાના છે. મહીયા ... જિનપૂજા વીતરાગ. જુઓ લોગસ્સમાં કીધી છે. મહિયા આવે છે ને? મહિયાનો અર્થ પૂજા આવે છે ને જુઓ. છે? **'तिहुवणमहिया'** ત્રણ લોકમાં, ત્રણ ભુવનમાં મહિયા એટલે પૂજ્ય છે. પૂજવાયોગ્ય છે, ભગવાન. આહાહા..! ત્યાં પણ મહિયા કીધું છે એટલે એમ કે. પણ એ તો પૂજવાયોગ્ય છે એમ. સ્થાનકવાસીની સામે એનો અર્થ કાઢતા એમાંથી. (સંવત) ૧૯૬૮ની સાલની વાત છે.

મુમુક્ષુ :- ... એમ ક્યાં આવ્યું?

ઉત્તર :- પણ એને તો મહિયા શબ્દ આવ્યો ને. એ કહેતા હતા. કાઢે છે ઘણા દેરાવાસી એમાંથી. સાધારણ માણસને (દેખાડે), જુઓ એમાં મહિયા આવે છે પૂજવા. ભગવાનની પૂજા આવે છે એમાં. તમે માનતા નથી. તે દિ' ગારિયાધારની વાત છે. ૬૯ની સાલ છે, સંવત્ ૬૯.

અહીં કહે છે, **'तिहुवणमहिया सिद्धा'** ત્રણ લોકમાં પૂજ્ય છે. આહાહા..! બધાને પૂજ્ય છે? મોટા પુરુષને પૂજ્ય છે એમાં અહીં ત્રણ ભુવનમાં જીવ બધા આવી ગયા. કેટલાક તો સિદ્ધને ના પાડે. અહીં તો કહે છે, **'तिहुवणमहिया'** ત્રણ લોકમાં ઉત્તમ પુરુષોને પૂજ્ય છે. એ ઉત્તમ પુરુષો જ ત્રણ ભુવનમાં આવી જાય છે. **'શુદ્ધ હૈં,...'** **'सिद्धा'** **'तिहुवणमहिया सिद्धा सुद्धा'** શુદ્ધ છે ભગવાન પરમાત્મા. જેને દ્રવ્યકર્મ નથી, જડકર્મ નથી, ભાવકર્મ પુણ્ય-પાપનો વિકલ્પ જે છે એ નથી એવા એ નિર્મળ છે, શુદ્ધ છે. **'નોકર્મરૂપ મલસે રહિત હૈં, નિરંજન હૈં...'** કર્મનો જેને અંજન નામ મેલ નથી. એવા સિદ્ધ ભગવાન **'રાગાદિ કર્મસે રહિત હૈં, જિનકે કર્મકી ઉત્પત્તિ નહીં હૈ,...'** **'णिरंजणा'** ૧૦૮ કળશમાં છે. (કળશટીકા)

'અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય તો નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.' ૧૦૮ કળશ છે. 'ઉત્તર આમ છે કે વર્જવાયોગ્ય છે.' એ પંચ મહાવ્રતના પરિણામ, શુભભાવ ભક્તિ આદિનો ભાવ, વ્યવહારચારિત્ર, વ્યવહારચારિત્ર વર્જવાયોગ્ય છે. 'કારણ

વ્યવહાર ચારિત્ર હોતું થકું દોષ છે.' વ્યવહાર ચારિત્ર, પંચ મહાવ્રતના પરિણામ હોતા થકાં દુષ્ટ છે, અનિષ્ટ છે. વ્યવહાર ચારિત્ર અનિષ્ટ છે. અને ત્રીજો બોલ છે—ઘાતક છે. વ્યવહારચારિત્ર હોં! નિશ્ચયચારિત્રની સહિત(વાળું). જેના સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ વર્તે છે એને જે પંચ મહાવ્રતના પરિણામ ઉત્પન્ન થાય, વ્યવહાર સમિતિ ગુપ્તિનો વિકલ્પ આવે, ભગવાનની ભક્તિ આદિનો બહુમાન વિનય આદિનો આવે એવું જે વ્યવહાર ચારિત્ર વર્જનીય છે. એમ કહે છે. કરવાયોગ્ય નથી એમ વર્જવાયોગ્ય નથી એમ નહિ. કરવાયોગ્ય નથી અને વર્જવાયોગ્ય છે. આહાહા..!

અને એ 'વ્યવહાર ચારિત્ર હોતું થકું દુષ્ટ છે...' આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ હોય. હોતું થકું છે ને. હોય તો ખરા. છે દુષ્ટ. આહાહા..! હવે આ પાંચ મહાવ્રતના પરિણામથી નિશ્ચય ચારિત્ર પામે, એમ કહે છે લોકો લ્યો. હમણાં એક પુસ્તક છપાણું એમાં એમ લખ્યું છે, વ્યવહાર ચારિત્ર પાળતા પાળતા નિશ્ચય ચારિત્ર આવે. અહીં કહે છે કે વ્યવહાર ચારિત્ર નિશ્ચય ચારિત્રવાળાને પણ દુષ્ટ છે. આહાહા..! પક્ષમાં, દૃષ્ટિમાં બહુ ફેર. વાત એ કે અંદર પહોંચી શકે નહિ એટલે રાગની ક્રિયા કરતા કરતા અંદર પહોંચશું (એમ માને). એ મોટું શલ્ય છે. વ્યવહારના વ્રત, તપાદિની ક્રિયાઓ એ બધી દુષ્ટ છે, અનિષ્ટ છે. દુષ્ટ, અનિષ્ટ, ઘાતક.

'એ વિષયકષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષેધ છે.' લ્યો. વિષયકષાયની માફક. આકરું લાગે ને આ માણસને ઓલાને રતનચંદજીને. ગયા ઓલા ક્યાં ગયા? દેવચંદજી ગયા? જુનાગઢ ગયા. જુનાગઢ ગયે દેવચંદજી? વિષયકષાયનો ભાવ જેમ અશુભ છે, એ વર્જવાલાયક છે, એમ ક્રિયારૂપ ચારિત્ર પણ નિષેધ છે, એમ કહે છે. તત્ નિષેધ્યતે. આહાહા..! ત્યજનીય છે. પાઠ છે ને. અર્થ તો પહેલો કર્યો. પણ એ તત્ નિષેધ્યતે તત્ત્. નિષેધવાયોગ્ય છે. કરવાયોગ્ય તો નથી, પણ નિષેધવાયોગ્ય છે. પાઠ છે મૂળ.

**मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।**
**मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।१०८।।**

(સમયસાર કળશ-૧૦૮)

આહાહા..! આકરી વાત. લોકોને આ ભારે આકરું લાગે.

મુમુક્ષુ :– વ્યવહાર શબ્દ નહોતો.

ઉત્તર :– નહોતો. આહાહા..! આમાં કહેલા છે આમાં. ભાષા. રાગ છે ને. અમૃતસ્વરૂપને લૂંટનાર છે. ભગવાન આત્માનું સ્વરૂપ તો અતીન્દ્રિય અમૃત છે. એમાં રાગની ઉત્પત્તિ એ તો ઝેર છે. વિષનો ઘડો છે એમ કહ્યું છે. આચાર્યે કહ્યું છે, ભાઈ!

મુમુક્ષુ :– એ આપ કહો અને આવું હોય એ ન કહો. તો પછી બેય કહેતા હો તો.

ઉત્તર :– એ તો વિષનો ઘડો કીધું ને. વિષનો ઘડો છે, દુષ્ટ છે.

મુમુક્ષુ :– શુદ્ધ પણ કહેવાય છે.

ઉત્તર :- એ પણ શુદ્ધ કેમ કીધું? એ તો શુદ્ધ છે અહીં એનું નિમિત્તપણું રાગનું છે અને આનો આરોપ દઈને શુદ્ધ કહ્યું. આહાહા..! વાસ્તવિક શુદ્ધ નથી, પણ શુદ્ધની જોડે છે, જેમ સમ્યગ્દર્શન નિશ્ચય આત્માના અવલંબે થાય ત્યાં વ્યવહાર સમકિત જે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ છે એ છે સમકિત નહિ, પણ નિશ્ચય સમકિતની સાથે રાગનું એવું નિમિત્ત છે એને આરોપ કરીને સમકિત વ્યવહાર કહ્યું. એ બંધના કારણને વ્યવહાર સમકિત કહ્યું. આહાહા..! આવું છે. આકરું ભારે લોકોને.

એમ વ્યવહાર જ્ઞાન છે એ બંધનું કારણ છે. છતાં સમ્યગ્જ્ઞાન જે સ્વસંવેદન નિશ્ચય થયું ત્યાં શાસ્ત્રનું વ્યવહાર જ્ઞાન વર્તે એને જ્ઞાનનો આરોપ દઈને કીધું. નહિતર એ જ્ઞાન નથી, એ તો બંધનું કારણ છે. નિમિત્તને દેખીને, સહચર દેખીને. શુદ્ધ સમકિત, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ચારિત્ર એના સહચર-સાથે દેખીને એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો આરોપ કહ્યો. આહાહા..! એવી વાત છે.

એમ અહીંયાં શુદ્ધભાવની સાથે શુભભાવ દેખીને શુદ્ધ ભાવનો આરોપ કર્યો. આહાહા..! પ્રમાણજ્ઞાન કરાવ્યું. આવો વ્યવહાર જોડે હોય. આહાહા..! પણ એ શુદ્ધભાવ પ્રમાણજ્ઞાન ક્યારે સાચું કહ્યું? કે શુદ્ધભાવ જે છે એ સત્ય ને શુદ્ધ ધર્મનું કારણ છે એ વાત પ્રમાણમાં રાખીને નિમિત્તને સહચર દેખીને એને પણ વ્યવહાર સમકિત આદિ કહ્યું. પણ ઓલો નિશ્ચય રાખીને આને કહ્યું. પ્રમાણે એને (નિશ્ચયને) નિષેધ કરીને કહ્યું નથી. સમજાણું કાંઈ? આહાહા..! શુદ્ધભાવ એ શુદ્ધ યથાર્થ છે એને એમ રાખીને નિશ્ચયમાં પછી વ્યવહાર ભેળવ્યો કે જોડે શુભ છે એને વ્યવહારથી શુદ્ધ કહીએ છીએ. પ્રમાણ મેળવવા. આ શુદ્ધ અને એ શુદ્ધ એમ કરીને પ્રમાણજ્ઞાન કરાવ્યું. પણ એ પ્રમાણજ્ઞાનમાં જે શુદ્ધ દશા છે એ પ્રમાણમાં તો નિશ્ચય રાખ્યો જ છે. એ રાખીને ઉપરાંત વ્યવહાર શુભને શુદ્ધ કહીને ભેળવ્યો. આમ છે. આવી વાત છે. બહુ ઝઘડા બિચારાને. આ મોટું જુઓને આ. કોકે કેટલું લખ્યું છે. પ્રેમચંદ કોક છે. આવ્યું છે કાલે. કોકે ઉત્તર આપ્યો છે. હવે અહીં તો કોઈએ ઉત્તર આપ્યો નથી. એમ લખ્યું છે એમાં કે નહિ? બે-ત્રણ પત્ર આવ્યા છે. એક કાર્ડ અને બે કવર એમ લખ્યું છે. અહીં કોણ જવાબ આપે છે, કોઈ આપતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આપ્યો હશે એને કોઈએ વાંચીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં લખ્યું છે. અહીં તો કોઈને જવાબ પણ દેતા નથી. કાગળ આવે. ગમે તે કહે નહિ, ગમે તે માને એમાં શું? સાચા પ્રશ્ન પૂછે તો એનો જવાબ દેતા નથી ને. આ તો બધા શિખામણના છે. તમે નિશ્ચય સાથે વ્યવહારની પ્રરૂપણા કરો, વ્યવહાર કરો. નહિતર તો લોકો આમ થાશે. શું થાય? એને શુદ્ધતાની શ્રદ્ધાની ખબર નથી, મૂળ ચીજ છે એની ખબર નથી અને આ નિશ્ચય વિનાની ઉપચારિક ચીજની ઉપર વાતું કરવી છે. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચય વિના ઉપચાર તો આવે નહિ.

ઉત્તર :- ઉપચાર આવે નહિ. અને એ વાત કરવી છે હવે શું કરવું? સત્યને બીજી રીતે કહે એમ લોપ થાય. આહાહા..! જુઓને અહીં કેટલું કહ્યું છે! પાઠ છે હોં! **'निषिध्यते'** **'मोक्षहेतुतिरोधाना-द्बन्धत्वात्स्वयमेव च।'** બંધસ્વરૂપ છે, મોક્ષનો ઘાતક છે. **'मोक्षहेतुतिरोधायि'** મોક્ષના કારણને નાશ કરનાર છે. **'तत्‌निषिध्यते'** તે માટે વ્યવહાર ચારિત્ર નિષેધ છે. લ્યો! વ્યવહાર ચારિત્ર નિષેધ છે. આહાહા..!

હવે આપણે હજી બાકી છે કળશ ૧૦૮ છે ને? **'સબ હી શુદ્ધભાવમેં સમસ્તરૂપસે સ્થિત હૈ.'** લ્યો! જોયું! મંત્ર, યંત્ર ઊંચા સારા સાધ્ય થાય તોપણ કહે છે કે શુદ્ધભાવથી થાય. એ તો શુદ્ધભાવ પોતાનો છે પોતાને આશ્રયે, એ વખતનો એવા જીવને જે શુદ્ધ વિકલ્પ હોય તો એને આવું થાય એમ કહેવામાં આવે છે. આહાહા..! શુદ્ધભાવ વિનાના પ્રાણીને કાંઈ સફળ થતું નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા..!

**'ભાવાર્થ :- પુરુષકે ચાર પ્રયોજન પ્રધાન હૈં...'** મુખ્ય પ્રયોજન ચાર છે. ગૌણમાં ઘણા બધા. **'ધર્મ,...'** એટલે પુણ્ય. **'અર્થ,...'** એટલે પૈસો. **'કામ,...'** એટલે ભોગ. **'મોક્ષ,...'** સિદ્ધપદ. ચાર લ્યો. **'અન્ય જો...'** આ વર્ગ લીધો અને આ અપવર્ગ આવે છે ને સમયસારમાં. અપવર્ગ છે. મોક્ષ અપવર્ગ છે. ધર્મ, અર્થ અને કામ એ વર્ગ છે. આ સંસારનો વર્ગ. ઓલો અપવર્ગ છે મોક્ષ. **'અન્ય ભી જો કુછ મંત્રસાધનાદિક વ્યાપાર હૈં વે આત્માકે શુદ્ધ ચૈતન્યપરિણામસ્વરૂપ ભાવમેં સ્થિત હૈં.'** લ્યો! એવો શુદ્ધભાવ જ્યાં છે ત્યાં સહેજે એવો કોઈ વિકલ્પ આવ્યો અને એનો મંત્ર આદિ સિદ્ધ થઈ જાય છે એમ કહે છે. **'મંત્રસાધનાદિક...'** આહાહા..!

**'આત્માકે શુદ્ધ ચૈતન્ય પરિણામસ્વરૂપ...'** આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, પરિણામ એટલે પર્યાય-એવો જે ભાવ, એમાં આ બધું સ્થિત છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ એમાં મંત્ર સાધના, ઊંચી મંત્ર સાધના આદિ હોય એ બધું શુદ્ધભાવને આધીન છે. એટલે શુદ્ધભાવની ભૂમિકામાં એવા વિકલ્પ આવી જાય તો થાય, એમ કહે છે. આહાહા..! પાઠ એમ છે. **'अण्णे वि य वावारा'** આ ચાર સિવાય અનેક પણ વેપાર, એમ. ધર્મ-પુણ્ય, અર્થ-લક્ષ્મી અને કામ-ભોગ અને મોક્ષ. એ સિવાય **'अण्णे वि य वावारा'** બીજા પણ ઊંચા મંત્ર આદિના સાધનો એ બધા **'भावम्मि परिट्ठिया'** એ શુદ્ધભાવમાં રહેલા છે. કઈ કથન શૈલી છે એને જાણવી જોઈએ ને. એમ ને એમ પકડી રાખે.

**'ચૈતન્યપરિણામસ્વરૂપ ભાવમેં સ્થિત હૈ. શુદ્ધભાવસે સબ સિદ્ધિ હૈ,...'** લ્યો! ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવનો આશ્રય લઈને જે શુદ્ધભાવ પ્રગટ્યો એમાં બધું અરિહંતપદ, સિદ્ધપદ, તીર્થંકરપદ, ચક્રવર્તીપદ, બળદેવપદ એવા બધા પદો એમાં પ્રાપ્ત થાય એમ કહે છે. સમ્યગ્દર્શન વિનાના પ્રાણીને આવા ઊંચા પદના સાધન હોય નહિ એટલે પ્રાપ્તિ થતી નથી. **'શુદ્ધભાવસે સબ સિદ્ધિ હૈ,**

**ઈસપ્રકાર સંક્ષેપસે કહના જાનો,...**' ટૂંકામાં જાણો. '**અધિક ક્યા કહેં?**' હવે ક્યાંથી પડી રહી છે ગાથા? છેલ્લી પછી.

મુમુક્ષુ :- ૩૪.

ઉત્તર :- ૩૪ ચાલવાની. ૩૪ થઈ ગઈ. ૩૪ ચાલી ગઈ છે પહેલી. ૩૫મી ગાથા. પહેલી પડી રહી છે આ. ક્યાં સુધી? ૫૦. બાકી છે એમ ને? લીધી છે. '**भावसमणो य धीरो जुवईजणवेढिओ विसुद्धमइ। परीत्तसंसारिओ जादो**'

૩૫ ગાથા. '**આગે પુદ્ગલ દ્રવ્યકો પ્રધાનકર ભ્રમણ કહતે હૈં :—**' કહે છે કે તેં દ્રવ્યલિંગ ધારણ અનંત વાર કર્યા સાધુપદના. આત્મદર્શન અને સમ્યગ્દર્શન વિના જૈન સાધુ અનંત વાર થયો. એમાં અનંત વાર પરિભ્રમણ કર્યું. કોઈ સ્થળ બાકી નથી કે તેં દ્રવ્યશ્રવણપણું ધારણ કરીને રખડ્યો ન હોય. એમ કહે છે. છે ને, એ વાત છે મૂળ.

'**जिणलिंगेण वि पत्तो परंपराभावरहिएण**' ૩૪માં એ છે. ૩૩માં પણ એ છે.

**सो णत्थि दव्वसवणो परमाणुपमाणमेत्तओ णिलओ।**
**जत्थ ण जाओ ण मओ तियलोयपमाणिओ सव्वो।।३३।।**

અરે..! તેં આત્મદર્શન વિના, સમ્યગ્દર્શન વિના જૈન દ્રવ્યલિંગ ધારણ કરીને અનંત વાર કોઈ ક્ષેત્ર બાકી નથી કે જ્યાં જન્મ્યો અને મર્યો ન હોય. આહાહા..! દ્રવ્યલિંગ ધારણ કરીને પણ, પંચ મહાવ્રત પાળીને પણ, એમ કહે છે. પણ સમ્યગ્દર્શન ચૈતન્યના આનંદનો આશ્રય લઈને પ્રતીત થાય, એને સ્પર્શીને પ્રતીત થાય એવું તેં કર્યું નહિ કોઈ દિ'. સાધુપણા પાળ્યા અનંત વાર, દ્રવ્યલિંગ ધારણ કર્યા. નગ્ન મુનિ હોં દ્રવ્યલિંગ એટલે. વસ્ત્રવાળાને દ્રવ્યલિંગી ન કહેવાય. જે વસ્ત્રસહિત સાધુ કહેવાય એ તો દ્રવ્યલિંગી સાધુ પણ નથી એ તો. આહાહા..! આ તો નગ્ન મુનિ દ્રવ્યલિંગી, જેણે પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ ચોખ્ખા પાળ્યા છતાં સમ્યગ્દર્શન વિના એણે કોઈ ક્ષેત્ર જન્મ-મરણથી બાકી નથી રાખ્યું. આહાહા..! એ હવે પુદ્ગલ દ્રવ્યને પ્રધાન કરીને કહે છે.

**पडिदेससमयपुग्गलआउगपरिणामणामकालट्ठं।**
**गहिउज्झियाइं बहुसो अणंतभवसायरे जीव।।३५।।**

આહાહા..! '**અર્થ :- ઈસ જીવને ઈસ અનંત અપાર ભવસમુદ્રમેં લોકાકાશકે જિતને પ્રદેશ હૈં ઉન પ્રતિ સમય સમય ઔર પર્યાયકે આયુપ્રમાણ કાલ...**' શરીરનું. '**અપને જૈસા યોગકષાયકે પરિણમનસ્વરૂપ પરિણામ ઔર જૈસા ગતિ જાતિ આદિ નામકર્મકે ઉદયસે હુઆ નામ ઔર કાલ જૈસા ઉત્સર્પિણી-અવસર્પિણી ઉનમેં પુદ્ગલકે પરમાણુરૂપ સ્કંધ, ઉનકો બહુત બાર અનંતબાર ગ્રહણ કિયે ઔર છોડે.**' આહાહા..! ભવસમુદ્રના ચોર્યાસીના અવતારમાં. આહાહા..!

સમ્યગ્દર્શન જિનલિંગ જે ભાવલિંગ એ વિના જેટલા લોકના પ્રદેશ ત્યાં અનંત વાર જન્મ્યો, મર્યો. પ્રત્યેક સમય સમયમાં જન્મ્યો, મર્યો. આયુ પ્રમાણે કાળ એ સમયે સમયે. '**જૈસા યોગકષાયકે પરિણમનસ્વરૂપ પરિણામ...**' એ પણ મર્યો, જન્મ્યો. '**ગતિ જાતિ આદિ નામકર્મકે ઉદયસે હુઆ નામ ઔર કાલ જૈસા ઉત્સર્પિણી-અવસર્પિણી ઉનમેં પુદ્‌ગલકે પરમાણુરૂપ સ્કંધ, ઉનકો બહુતબાર અનંતબાર ગ્રહણ કિયે ઔર છોડે.**' પણ સમ્યગ્દર્શન પામ્યો નહિ તો એને પરિભ્રમણ કરવું પડ્યું.

'**આગે ક્ષેત્રકો પ્રધાન કર કહતે હૈં :—**'

तेयाला तिण्णि सया रज्जूणं लोयखेत्तपरिमाणं।
मुत्तूणट्ठ पएसा जत्थ ण ढुरुढुल्लिओ जीवो।।३६।।

'**અર્થ :- યહ લોક તીનસૌ તેતાલીસ રાજૂ પરિમાણ ક્ષેત્ર હૈ,...**' આ ચૌદ બ્રહ્માંડ. ૩૪૩ રાજુ. એક રાજુમાં અસંખ્ય યોજન. એક રાજુમાં અસંખ્ય યોજન. એવા એવા ચૌદ રાજુ. એ ૩૪૩ રાજુ પરિમાણ ક્ષેત્ર. '**ઉસકે બીચ મેરુકે નીચે ગોસ્તનાકાર આઠ પ્રદેશ હૈં,...**' મેરુ પર્વત છે ને ત્યાં આઠ પ્રદેશ છે આકાશ. '**ઉનકો છોડકર અન્ય પ્રદેશ ઐસા ન રહા જિસમેં યહ જીવ નહીં જન્મા-મરા હો.**' દરેક પ્રદેશે અનંત વાર જન્મ્યો અને અનંત વાર મર્યો. આહાહા..! એ દ્રવ્યશ્રમણપણું પામી, આત્માના સમ્યગ્દર્શન અનુભવ વિના આવા અનંતા પ્રદેશ ઉપર ભવ કર્યા.

'ભાવાર્થ :-' 'ढुरुढुल्लिआ' '**ઈસપ્રકાર પ્રાકૃતમેં ભ્રમણ અર્થકે ધાતુકા આદેશ હૈ ઔર ક્ષેત્રપરાવર્તનમેં મેરુકે નીચે આઠ લોકકે મધ્યમેં હૈં...**' લોકના મધ્યમાં છે. એને છોડીને '**ઉનકો જીવ અપને શરીરકે અષ્ટમધ્ય પ્રદેશ બનાકર મધ્યદેશ ઉપજતા હૈ, વહાં સે ક્ષેત્રપરાવર્તનકા પ્રારંભ કિયા જાતા હૈ.**' ત્યાંથી શરૂ કર્યું એમ. આઠ પ્રદેશ મૂકીને અનંત અનંત વાર ત્યાં રખડ્યો. '**ઈસલિયે ઉનકો પુનરૂક્ત ભ્રમણમેં નહીં ગિનતે હૈં.**' ઓલા આઠને ન ગણ્યા. આઠ રુચક છે એને ન ગણ્યા. એનાથી બધાય પ્રદેશે અનંત વાર જન્મ્યો અને અનંત વાર મર્યો. આહાહા..! અપાર અપાર ક્ષેત્ર અને પરિભ્રમણ અપાર. એ સમ્યગ્દર્શન વિના મિથ્યાત્વને કારણે આવા ભવ કર્યા. '**ઉનકો પુનરૂક્ત ભ્રમણમેં નહીં ગિનતે હૈં.**'

'**આગે યહ જીવ શરીરસહિત ઉત્પન્ન હોતા હૈ ઔર મરતા હૈ, ઉસ શરીરમેં રોગ હોતે હૈં, ઉનકી સંખ્યા દિખાતે હૈં :—**' એક શરીરમાં કેટલા રોગ?

एक्केक्कंगुलि वाही छण्णवदी होंति जाण मणुयाणं।
अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया।।३७।।

'**અર્થ :- ઈસ મનુષ્યકે શરીરમેં એક-એક અંગુલમેં છયાનવે છયાનવે રોગ હોતે હૈં,...**'

એક અંગુલ આટલો. એક અંગુલ આટલો મૂકે એમાં ૯૬ રોગ. એવા આખા શરીર પ્રમાણે રોગ છે. ભગવાન આત્મા અમૃતથી ભર્યો છે, શરીર એકલા રોગથી ભર્યું છે એમ કહે છે. .. રોગ દેખાતો નથી આમ શરીરમાં, પણ રોગની શક્તિ છે અંદર. ફાટે જ્યારે રોગ (ત્યારે) એક આંગળમાં ૯૬ રોગ. એક તસુમાં ૯૬ રોગ. ૯૬ સમજો છો? સોમાં ચાર કમ. ૯૬. આહાહા..! આટલી એક તસુ (એમાં) ૯૬ રોગ. આહાહા..! આ મરતા ફાટે છે ને કેટલાકને લ્યો! કેટલા રોગ હોય છે. હાય.. હાય!

**'મનુષ્યકે શરીરમેં એક-એક અંગલુમેં છયાનવે છયાનવે રોગ હોતે હૈં, તબ કહો, અવશેષ સમસ્ત શરીરમેં કિતને રોગ કહેં.'** આહાહા..! એટલા પ્રમાણમાં આખા શરીરમાં. શરીર રોગવેદનાની મૂર્તિ છે. આત્મા આનંદની વેદનાની મૂર્તિ છે. આ રોગની મૂર્તિ છે. આહાહા..! એ શરીરને મારું માની, શરીર માટે ચોવીસ કલાક ખવરાવવું, પીવરાવવું, સુવરાવવું, નવરાવવું, ધોવરાવવું. આહાહા..! જગતના રજકણો છે આ. અને એ રજકણમાં એવી સ્થિતિ છે કે આંગળમાં છન્નું રોગ ભર્યા છે. આહાહા..! બહુ રોગ હોય ત્યારે. સાધારણ રોગ તો અંદર હોય થોડા થોડા. એની ગણતરી ગણે નહિ. બહુ રોગ આવે ત્યારે દેખાય બહાર. ચારે કોર ફાટે, ક્યાંય સખ નહિ. આહાહા..!

એ તો આ શીતળાની વાત નહોતી કરી? શીતળા નીકળ્યા તો એક એક દાણે એક એક ઈયળ. શીતળા. શું કહે એને? માતા. માતા કહે છે. ઈયળુ, આમ ફરે ત્યાં ઈયળું આમ ઝરે. આમ ફરે તો આમ. આહાહા..! બાઈ કહે, બા! મેં આવા પાપ આ ભવમાં કર્યા નથી. નાની ઉંમરની બાઈ હતી. ૧૮-૨૦ વર્ષની હતી માંડ. બે વર્ષનું પરણેતર. એકમદ શીતળાના દાણે દાણે ઈયળું. તળાઈમાં સૂવે તો ઈયળ બટકા ભરે. કીડા કીડા સમજો છો? કીડા, ઝીણા કીડા. ઈયળ—લટ. આહાહા..! એ વખતે કેટલા રોગ હશે અંદર? કહો. આહાહા..! લાઠીમાં ઓલા સુખલાલ નહિ? સુખલાલ રહે છે ત્યાં. એ શું કહેવાય? ડેલાની અંદર. બાઈ મરી ગઈ પછી. પણ આમ બોલતી બિચારી હોં. એ બા! આવા પાપ મેં આ ભવમાં નથી કર્યા. સહ્યા જતા નથી, બેઠા જતા નથી, સૂતા જતા નથી. પવન નખાય નહિ, પાણી પીવાય નહિ. આમ ટળવળ... ટળવળ... ટળવળ... કરે. એવા દુઃખો. એવા તો અનંત વાર દરેક જીવે સહન કર્યા છે. આહાહા..! એ આતમજ્ઞાન વિના, આત્માના સમ્યગ્દર્શનના ભાન વિના આવા ક્રિયાકાંડ પણ કર્યા. પણ એ ક્રિયાકાંડના ફળમાં ચાર ગતિ છે કહે છે. આહાહા..! પંચ મહાવ્રત ને વ્યવહાર ચારિત્ર ને, કહે છે કે એવા અનંત વાર પાળ્યા. એના ફળ તરીકે ચાર ગતિ રખડવાની છે. આહાહા..! કહો, વ્યવહાર પાંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ એ બધા ભાવનું ફળ સંસાર છે. એ રાગ છે, એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! એ રાગની ક્રિયા વિનાનો ભગવાન એના સ્વરૂપના અનુભવ વિના, એના સ્વરૂપના પ્રતીત વિના... એ આવું સ્વરૂપ છે તેનો એને નિર્વિકલ્પ ભરોસો ન આવ્યો. એ વિના આવી ક્રિયાઓ કરી અનંત વાર. કહે છે કે આવા રોગો ફાટીને મરીને અનંત વાર મર્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- .. ભરોસો ન આવ્યો.

ઉત્તર :- ભરોસો ન આવ્યો. નિર્વિકલ્પ. વિકલ્પથી ભરોસો આવ્યો એ નહિ. અંદર સ્પર્શીને ન આવ્યો. આહાહા..! એની જાતનો ભરોસો ન આવ્યો. રાગથી કર્યું એ કંઈ... એ તો ધારણા છે. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા પોતે છે, એવા અતીન્દ્રિય આનંદના સાગરને એણે ન જોયો, એને ન જાણ્યો. એ વિના ક્રિયાઓ પંચ મહાવ્રતની સાધુની અનંત વાર કરી, મરી ગયો એમાં. એમાં કાંઈ એકેય ભવ ઘટ્યો નહિ. અનંતા ભવ એમાં થયા. આહાહા..! આમ કહે છે. પણ ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિથી ભરેલો ચૈતન્ય પિંડ એનો સ્પર્શ, એનું વેદન, એનું ભાન અંતર કર્યું નહિ. આહાહા..! આચાર્યપદ નામ ધરાવ્યા, ગુરુપદ નામ ધરાવ્યા, ઉપાધ્યાયપદ નામ ધરાવ્યા, ગણીપદ ને ગણાવ છેદક ને એ બધા આત્માના જ્ઞાન વિના ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..! જુઓ એક શરીર, આહાહા..! વેદનાની મૂર્તિ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ. ત્યારે આ શરીર તો એક એક અંગુળે છન્નું રોગ. વેદનાની (મૂર્તિ) એવા રોગો પણ અનંત વાર તેં સહન કર્યા આત્મજ્ઞાન વિના. માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પ્રગટ માટે આ વાત કહેવામાં આવે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન નં. ૧૮૧ થી ૧૮૩ ભાગ-૩માંથી જોવા.**

**અષાઢ સુદ ૭, બુધવાર તા. ૨૬-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૬૫, પ્રવચન - ૧૮૪**

'આગે ઈસ ભાવપાહુડકો પૂર્ણ કરતે હુએ ઈસકે પઢને-સુનને વ ભાવના કરનેકા (ચિંતનકા) ઉપદેશ કરતે હૈં :— '

इय भावपाहुडमिणं सव्वंबुद्धेहि देसियं सम्मं।
जो पढइ सुणइ भावइ सो पावइ अविचलं ठाणं।।१६५।।

કહે છે કે 'ઈસપ્રકાર ઈસ ભાવપાહુડકા સર્વબુદ્ધ...' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું કથન છે. આચાર્ય કહે છે કે મારું આ કથન એકલું નથી. મુખ્ય કથન સર્વજ્ઞ પરમેશ્વરે (કહેલું છે). '**ઈસકો જો ભવ્ય જીવ સમ્યક્‌પ્રકાર સે પઢતે હૈં,...**' એ '**सम्मं**' ત્યાં લીધું. એ ઠીક છે. ૬૬માં એમ લીધું છે ને ૬૬ ગાથા. 'पढिएण वि किं कीरइ किं वा सुणिएण भावरहिए' ૬૬માં લીધું છે. ભાવ સમ્યગ્દર્શન.

રાગના ભાવથી ભિન્ન ચૈતન્યસ્વભાવ એની દૃષ્ટિ અને એના જ્ઞાન વિના એટલે એના ભાવ વિના જે કાંઈ ભણે-ગણે એ પણ બધું મિથ્યામાં જાય છે. ૬૬માં કહ્યું છે એ. ૬૬ છે ને ગાથા?

**पढिएण वि किं कीरइ किं वा सुणिएण भावरहिए।**
**भावो कारणभूदो सायारणयारभूदाणं।।६६।।**

દેખો! મુખ્ય તો જિનભાવના એટલે કે ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, પવિત્ર પવિત્ર પરમાનંદની મૂર્તિ ભગવાન આત્મા એની શ્રદ્ધા, એની ભાવના, એની એકાગ્રતા એવો જે જિનભાવ એના લક્ષ અને દૃષ્ટિ વિના એકલું પઢે ને ભણે ને સુણે એનું કાંઈ ફળ નથી એમ કહે છે. એથી એ '**सम्मं**' શબ્દ મૂક્યો. સમ્યક્ પ્રકારે, એમ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરને જ્યાં ભાવપાહુડમાં જિનભાવના કહેવી છે. દ્રવ્યશ્રમણ-સાધુ થાય, ક્રિયાકાંડી હોય, પંચ મહાવ્રત હોય, પણ જેને આત્મભાવ, સ્વભાવભાવ શુદ્ધ ચૈતન્યના સ્વભાવનું ભાન અને ભાવ નથી એ બધું નિરર્થક છે. એ ભાવપાહુડમાં મુખ્ય કહેવું છે. એ ભાવપાહુડ સર્વબુદ્ધ-ભગવાને કહેલો ઉપદેશ છે.

'**ઈસકો જો ભવ્યજીવ...**' ઉપરથી નાખ્યું ન્યાયથી. સમ્યક્ પ્રકારે પઢે કોણ? કે ભવ્યજીવ હોય એ. '**સમ્યક્પ્રકાર સે પઢતે હૈં,...**' એટલે? સ્વભાવના લક્ષ ને દૃષ્ટિ રાખીને જે આ ભાવપાહુડને ભણે છે, સાંભળે છે '**ઔર ઈસકા ચિંતન કરતે હૈં...**' ઝીણી વાત છે, ભાઈ! કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા પોતાની પર્યાયમાં શુભ અને અશુભભાવ એ અશુદ્ધ ભાવ છે. એ ભાવના જેણે છોડી છે અને જેણે શુદ્ધ ચૈતન્ય પવિત્ર ભગવાન આત્મા એની જેણે ભાવના સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે. એવા ભાવસહિત જે આ ભાવપાહુડ ભગવાને કહ્યું એને સમ્યક્ પ્રકારે ભણે. આમ તો કહ્યું ત્યાં ૬૬માં '**किं पढिएण भावरहिए**' એવું તો અગિયાર અંગ ભણ્યો અનંત વાર. આહાહા..! જે હેતુ છે એ સફળ ન થાય... મોક્ષનો હેતુ એ તો સ્વભાવની દૃષ્ટિ કરે તો સફળ થાય. એ કોઈ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ એનાથી કાંઈ સફળ ન થાય. એ તો પુણ્યબંધનું કારણ છે. આહાહા..! વ્રત ને તપ ને દયા ને પૂજા ને ભક્તિ ભગવાનની. એ બધું પુણ્યભાવ છે, શુભભાવ છે, બંધનું કારણ છે. એમાંથી મોક્ષના કારણની ઉત્પત્તિ ન થાય. ઝીણી વાત છે, ભાઈ! એણે અનંત કાળથી કર્યું નથી. બહારનું એમ ને એમ ગોટા વાળ્યા. આ શુભભાવ કરીને ધર્મ માન્યો. વ્રત કર્યા ને તપ કર્યા ને પૂજા કરી ને ભક્તિ કરી ને સિદ્ધચક્રની પૂજા. એ બધી શુભભાવ, રાગની મંદતા હોય તો શુભભાવ (છે), માન માટે કરતો હોય તો તો પાપ છે. આહાહા..!

અહીં તો કહે છે કે એ (શુદ્ધ) ભાવની પણ ભાવના જેણે છોડી છે એટલે એ મિથ્યાત્વભાવ છે એમ કહેવું છે. અશુદ્ધભાવની ભાવના એ તો મિથ્યાત્વભાવ છે. શુદ્ધ સ્વરૂપ જે ત્રિકાળી ચૈતન્યસ્વભાવ એની એકાગ્રતા એટલે ભાવના એ જિનભાવના એ સમ્યગ્દર્શન છે. આહાહા..! એ ભાવના વિના એકલા શાસ્ત્ર ભણે કે ક્રિયાકાંડ કરે બધું નિરર્થક છે, ચાર ગતિમાં રખડવાનું છે. ભવ્યજીવ શુદ્ધ આત્માના

લક્ષપૂર્વક, આત્માના ધ્યેયપૂર્વક જે શાસ્ત્રને ભણે છે, સાંભળે છે, એનું ચિંતવન કરે છે તે '**શાશ્વત સુખકે સ્થાન મોક્ષકો પાતે હૈં.**' એ પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ એની પ્રાપ્તિ થાય છે. આહાહા..! મોક્ષ એટલે શું એની ખબર ન મળે. આત્મામાં પરમ આનંદની પ્રાપ્તિ, પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ તે મોક્ષ. એ મોક્ષમાં પરમ આનંદ છે, એનું જેને પ્રયોજન અર્થી છે મોક્ષનો. પોતાનો સ્વભાવ ચૈતન્ય પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની તરફની એની ભાવના હોય છે. ધર્મીને અશુદ્ધભાવનો ભાવ હોય, એની ભાવના ન હોય. અને શુદ્ધ ભાવ ત્રિકાળી શુદ્ધભાવ એની ભાવના, એની શ્રદ્ધા હોય અને એની ભાવના પણ હોય કે આ શુદ્ધ પૂર્ણ થાવ. એવી રીતે જે આ ભણે એ શાશ્વત સુખના સ્થાનને પામે. ઝીણી વાત ભાઈ! સાધારણ રીતે લોકોએ મોક્ષ મનાવી લીધો છે. ભક્તિ કરી કે જાત્રા કરી શેત્રુંજયની, સમ્મેદશિખરની જાત્રા કરી, થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. એ તો પુણ્યભાવ જો રાગ મંદ હોય તો પરદ્રવ્ય તરફનો અશુદ્ધ ભાવ છે. અહીંયાં તો ચૈતન્ય ભગવાન આત્મા એની જિનભાવના એટલે સમ્યગ્દર્શનભાવના કરીને જે આ શાસ્ત્ર પઢે—ભણે એને મોક્ષની પ્રાપ્તિ થાય.

'**ભાવાર્થ :- યહ ભાવપાહુડ ગ્રંથ સર્વજ્ઞકી પરંપરાસે...** ' પરમેશ્વર વીતરાગદેવ તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાની પ્રભુએ અરિહંતે જે (કહ્યું એવો) સર્વજ્ઞની પરંપરાથી અર્થ આ આવ્યો છે. સર્વજ્ઞે કહ્યું એની પરંપરાએ આચાર્ય સહિત આ અર્થ આવ્યો છે બધો. આહાહા..! '**આચાર્યને કહા હૈ...**' '**પરંપરાસે અર્થ લેકર આચાર્યને કહા હૈ, ઈસલિયે સર્વજ્ઞકા હી ઉપદેશ હૈ,...**' આ તો સર્વજ્ઞનો જ ઉપદેશ છે. '**કેવલ છદ્મસ્થકા હી કહા હુઆ નહીં હૈ,...**' એકલા છદ્મસ્થ-જેને કેવળજ્ઞાન નથી એવાએ કહેલી આ વાત નથી. આ તો સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ તીર્થંકરદેવ જે કેવળજ્ઞાની એમણે જે ભાવ કહ્યો હતો એ આચાર્યની પરંપરાએ આવેલો એ ભાવ કુંદકુંદાચાર્ય કહે છે.

'**ઈસલિયે આચાર્યને અપના કર્તવ્ય પ્રધાનકર નહીં કહા હૈ.**' દેખો! મુખ્ય મારું કર્તવ્ય છે આ કહેવામાં એમ ન કહ્યું. મુખ્ય તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું છે. આમાં આખા વજનમાં દ્રવ્યલિંગની નિરર્થકતા બતાવી છે આખા ભાવપાહુડમાં. આત્માના દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આદિ શુદ્ધ ચૈતન્યની ભાવના વિના જે કાંઈ મહાવ્રતાદિ પાળે, નગ્નપણું લે, સ્ત્રી, કુટુંબ, પરિવાર (છોડી) સાધુ થાય એ બધા દ્રવ્યલિંગો નિરર્થક છે. એને જન્મ-મરણ મટાડવાનું કારણ એ નથી એમ કહે છે. જિનભાવના કીધી છે ને મુખ્ય. ભાવલિંગ વિના, ભાવલિંગ એટલે ગુણસ્વરૂપ ગુણની પરિણતિ નિર્મળ શુદ્ધ એ ભાવલિંગ વિના એકલા દ્રવ્યલિંગ ધારણ કરે, નગ્નપણું મુનિનું. એને અહીં .. એમ કહ્યું છે ને? વસ્ત્રસહિત છે એ તો સાધુ વ્યવહારે પણ નથી. નિશ્ચય તો નથી, પણ વ્યવહારે પણ એ સાધુ નથી. દ્રવ્યલિંગ પણ નથી એ તો. આહાહા..! આવી વાત જગતને આકરી પડે. દ્રવ્યલિંગ તો નગ્નપણું... જ્યાં જ્યાં બહુ શબ્દ વાપર્યો છે આમાં. ... નગ્નપણું અકાર્યકારી છે એકલું. એની સાથે અઠ્યાવીશ મૂળગુણ સાધુના પાળે, એ રાગની ક્રિયા એ પણ નિરર્થક છે. સ્વ પ્રયોજન માટે નિરર્થક, સંસારને ફળવા

માટે સાર્થક. આહાહા..! અર્થમાં કરશે બધો.

'**ઈસકે પઢને-સુનનેકા ફલ મોક્ષ કહા,...**' ભગવાને કહેલું આ ભાવલિંગ સ્વરૂપ, એનો જે ઉપદેશ એને સમજે, જાણે, માને, અનુભવે (તો) મોક્ષ (થાય). '**શુદ્ધભાવસે મોક્ષ હોતા હૈ...**' પોતાનો શુદ્ધ ભાવ, જે કર્મના નિમિત્તની અપેક્ષાવાળો અશુદ્ધભાવ એનાથી રહિત શુદ્ધભાવ, સ્વભાવ શુદ્ધની અપેક્ષાવાળો ભાવ. શું કીધું સમજાણું? કર્મના નિમિત્તવાળો અશુદ્ધભાવ એને છોડી દઈને શુદ્ધ સ્વભાવની અપેક્ષાવાળો ભાવ એવો જે શુદ્ધભાવ એનાથી મોક્ષ છે. '**ઈસકે પઢનેસે શુદ્ધભાવ હોતે હૈં.**' કેમકે આમાં શુદ્ધભાવની જ વ્યાખ્યા કરી છે. આહાહા..! શુદ્ધભાવ કહો, જિનભાવના કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધભાવ ત્રિકાળીને આશ્રયે થાય તેને ભાવલિંગ કહો, એની આમાં વ્યાખ્યા કરી છે.

નોંધ નાખી છે. '(**યહાં સ્વાશ્રયી નિશ્ચયમેં શુદ્ધતા કરે તો નિમિત્તમેં શાસ્ત્ર પઢનાદિમેં વ્યવહારસે નિમિત્તકારણ-પરંપરા કારણ કહા જાય.**) ' નિશ્ચય વિના ઉપચાર વ્યવહાર નહિ. અહીંયાં તો એમ કહેવું છે, એ તો આગળ આવશે પાઠની અંદર, નિશ્ચય અને વ્યવહાર બેયને શુદ્ધ કીધો છે. શુદ્ધ ભાવ કીધો છે ને. છેલ્લો પેરેગ્રાફ, છેલ્લો પેરેગ્રાફ છે. '**નિશ્ચય-વ્યવહારસ્વરૂપ મોક્ષમાર્ગકા સંક્ષેપ હૈ. ઈસીકો શુદ્ધભાવ કહા હૈ.**' શુદ્ધ ભાવ તો આત્માને અવલંબે જે ચૈતન્યનો શુદ્ધ ભાવ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ શુદ્ધ ભાવ છે. પણ જોડે અર્થ નીચે આવે છે ૧૬૫ ગાથા. પંચાસ્તિકાય શુદ્ધ સંપ્રયોગ. પંચાસ્તિકાયમાં આવે છે. એ છે નાખ્યું છે. શુદ્ધ સંપ્રયોગ એટલે એ શુદ્ધ સ્વભાવની સાથમાં એનો વિકલ્પ જે ઊઠે શુદ્ધને આમ કરું.. આમ કરું... એ શુભભાવ એને પણ અહીંયા ઉપચારથી શુદ્ધભાવનો આરોપ આપ્યો છે. સમજાણું?

જેમ સમ્યગ્દર્શનનો પ્રકાર એક છે. નિશ્ચય સ્વભાવનો આશ્રય દૃષ્ટિ એ નિશ્ચય સમ્યક્. પણ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એવો જે સાથે સહચર હોય છે એથી એને સમ્યગ્દર્શનનો આરોપ દઈને, નિરૂપણ કરીને સમ્યગ્દર્શન કહ્યું. એમ શુદ્ધ સ્વભાવ પોતાનો નિર્મળ ત્રિકાળી સ્વભાવને આશ્રયે થયેલો શુદ્ધ સ્વભાવ, એમાં આવેલો જરી શુભ ભાવ એને પણ આરોપથી એ શુદ્ધ ભાવ કહેવામાં આવે છે. વાસ્તવિક તો બંધનું જ કારણ છે એ. પણ નિરૂપણ કથનની અપેક્ષાએ શુભભાવને શુદ્ધ કહેવામાં આવે છે. જેમ સમ્યગ્દર્શન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે એ તો રાગ છે, પણ એને સમ્યગ્દર્શન આરોપથી, નિમિત્તને સહચર દેખીને કહેવાય છે. ખરેખર તો એ શુભભાવ તો બંધનું જ કારણ છે. એ તો અહીં વર્ણન કરવું છે. આહાહા..!

ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ જેની શ્રદ્ધામાં ગહન ગુણની પ્રતીત થઈ. અંદર જે ગુણ ગહન અપાર-અપરિમિત એવો જે એનો સ્વભાવ ઊંડો ઊંડો અપાર એની જે અંદર પ્રતીત અને એને આશ્રયે સમ્યગ્દર્શન થાય એને અહીંયાં શુદ્ધભાવ કહીને મોક્ષનું કારણ કહ્યું. પુણ્ય અને પાપના રાગ ભાવ

એ તો છીછરા ભાવને આશ્રયે થયેલા છે. એટલે? કર્મના વર્તમાન નિમિત્તને લક્ષે એ ક્ષણની અવસ્થા જડની, એને લક્ષે શુભ અને અશુભ ભાવ થયો છે. સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન-જ્ઞાન ભાવ, ગંભીર સ્વભાવ અપાર... અપાર... અપાર... એને આશ્રયે થયેલો ભાવ એને શુદ્ધ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? નાના છોકરાને ન સમજાય એટલે ન સમજવું એમ હશે? સાધારણ બુદ્ધિવાળા કહે, અમારી બુદ્ધિ એવી નથી એટલે ઓલા જ્ઞાની હોય એ જાણે. એમ નથી. શરીરનો ભરોસો કાલનો કોને છે? આહાહા..! ઓલું આવે છે. ધર્મરાજાને ત્યાં દાન લેવા આવ્યો. ધર્મરાજાએ કહ્યું કાલે આવજે. ભીમરાજાએ જઈને નગારું વગાડ્યું. ઓહો..! વડીલ ભાઈને કાલનો ભરોસો આવ્યો, કાલે રહીશ. કોને ખબર કાલની શું થાય? આ તો જડની અવસ્થા છે. આહાહા..! એટલે કે બાળક હો, વૃદ્ધ હો કે જુવાન હો, બધા માટે આ કર્તવ્ય, તત્કાળનું કર્તવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- ઉંમરે બધા સરખા જ છે.

ઉત્તર :- ઉંમરે સરખા જ છે. અનાદિસાંત સુધી આવ્યા છે. આગળ ક્યાં કોઈ વધી ગયા છે? અનાદિથી છે અને અત્યાર સુધી આવ્યા છે. એ તો શરીરની અવસ્થાની વાત છે. શરીરને અને એને શું છે? આહાહા..!

અહીં કહે છે, ઓહો..! સ્વાશ્રય નિશ્ચય જે ભાવ, અહીં સ્વ આશ્રય શબ્દ છે ને. મૂળ તો શુભભાવ છે એ પરાશ્રય છે. સાંભળવું એ બધો પરભાવ છે, શુભભાવ છે. છતાં અહીં સાંભળવું અને એનાથી મોક્ષ થાય એમ કહ્યું છે ને? એ આ અપેક્ષાથી. સમ્યક્ પ્રકાર નામ છે તો સાંભળવાનો વિકલ્પ, પણ એના સ્વના લક્ષે આશ્રય કરીને જે સાંભળે એનો સ્વ આશ્રય વધી જાય છે. એનાથી મુક્તિ થાય. ત્યારે આ સાંભળવાનો વિકલ્પ છે, ભણવાનો '**पढइ**' છે ને. પઢવું, ભણવું અને ચિંતવવું, છે તો એ બધો વિકલ્પ, પણ સ્વઆશ્રયના ભાવથી જ્યારે શાંતિ, મુક્તિ થાય ત્યારે જોડે આ રાગથી પણ મુક્તિ થાય એમ કહેવામાં આવે. એ વ્યવહાર છે. એ સાંભળીને પણ થાય એમ કહેવાય. ખરેખર સાંભળીને તો પરલક્ષીજ્ઞાન થાય છે. ભણવાથી પણ પરલક્ષીજ્ઞાન થાય છે. આહાહા..! પણ આ રીતે બોલાય. ચૈતન્યના આશ્રયે થયેલો શ્રદ્ધા-જ્ઞાનનો ભાવ એની સાથે આવો વિકલ્પ હોય, એથી એનાથી થાશે એમ પરંપરા કહેવાની અપેક્ષાથી કહેવાય. આહાહા..! આવી વાત ક્યાં? સંસારમાં એક તો ધંધા આડે નવરા ન થાય. બાયડી-છોકરાને નભાવવા એનું શું કરવું? આહાહા..!

મુમુક્ષુ :- બાયડી-છોકરા એકલાને ક્યાં નભાવવા છે? લાજ-આબરૂ.

ઉત્તર :- લાજ-આબરૂ, મોટી કીર્તિ એના પ્રમાણમાં દીકરા સરખા વરે, દીકરીયું સરખી વરે. ૨૨-૨૨ વર્ષની છોડીયું થાય, કેટલા કાળજામાં વિકલ્પ આવતા હોય એને લ્યો! હવે એને આ વસ્તુ ક્યાં? બાપુ! એ બધું પરાધીન પરવસ્તુનું કર્તવ્ય, એ આત્માનું નહિ. આહાહા..! અરે..! એમાં નિમિત્તના અવલંબે થતો શુભભાવ આહાહા..! એ પણ આત્માને લાભદાયક નથી. આમને અવલંબે થયેલો (કે)

આમને અવલંબે થયેલો, બસ બે વાત છે. ચૈતન્ય શુદ્ધ વસ્તુ ધ્રુવ પવિત્ર ભગવાન આત્મા એને અવલંબે આશ્રયે ભાવ થાય એ સ્વાશ્રય ભાવ મુક્તિનું કારણ છે. પણ એમાં સાંભળવાથી થાય એ ઉપચારથી કથન પરંપરાથી કરવામાં આવે છે. આહાહા..! બધું ઘણું આવી ગયું છે. અગિયાર અંગનો ભણ્યો અભવિ... નથી આવ્યું આમાં? .. અગિયાર અંગ ભણ્યો અભવિ લ્યો! એ આવી ગયું છે. લિંગથી જ ઉપાડ્યું છે. ભાવ ભાવલિંગ, દ્રવ્યલિંગ, બસ બે જ વાત ઉપાડી છે. આહાહા..! લિંગ તો ઓલા પ્રવચનસારમાં કહ્યું છે ને. ગુણને લિંગ કહ્યું છે ને. લિંગથી દ્રવ્ય જુદું જણાય, ગુણથી દ્રવ્ય જુદું જણાય એમ. આહાહા..! લિંગ કહો, ગુણ કહો. ત્યાં લીધું છે, પ્રવચનસાર. ગુણ લિંગથી દ્રવ્ય જુદું જણાય, એના ગુણથી જુદું જણાય. એમ આની શુદ્ધ પરિણતિથી આત્મા જુદો પડે પરથી. શુદ્ધ પરિણતિ એ એનું ખરું લિંગ અને ગુણ છે. અહીં પરિણતિને .. સમજાણું કાંઈ?

ત્રિકાળ શુદ્ધ ધ્રુવ વસ્તુ, એની જે પરિણતિ, તેને લક્ષે, તેને આલંબે થયેલી એ શુદ્ધ પરિણતિ એ મોક્ષનું કારણ છે. એનાથી મોક્ષમાર્ગ રાગથી જુદો પડે છે. શુભરાગથી.. લિંગ એટલે મોક્ષની પરિણતિથી એ રાગથી જુદો મોક્ષમાર્ગ પડે છે. આહાહા..! એથી કહે છે, '**ઈસપ્રકાર ઈસકા પઢના, સુનના, ધારણા ઔર ભાવના કરના પરંપરા મોક્ષકા કારણ હૈ.**' ઓલો વિકલ્પ છે ને સાંભળવાનો. એટલે પછી એને છૂટી જશે... જ્ઞાન પોતાના આશ્રયે થાય એમાં આ ભાવ વચમાં આવે એને છોડીને સ્થિર થશે ત્યારે મુક્તિ થશે.

મુમુક્ષુ :- સ્વભાવ...

ઉત્તર :- શુભ તો વિપરીત છે. સાંભળવા-બાંભળવાનો વિકલ્પ વિપરીત છે. પણ એને સાંભળવાનું લક્ષ આશ્રયથી છે, સ્વને આશ્રયેથી, એથી એને પરંપરાથી એને છૂટીને સિદ્ધ થશે એમ. આહાહા..! ઝીણી વાતું આકરી. આમ તો સર્વજ્ઞ પાસે વાણી અનંત વાર સાંભળી નથી સમવસરણમાં? ભગવાનની દેશના સાંભળી છે. પણ એ તો પરદ્રવ્યનું કથન પરદ્રવ્યને લક્ષે સાંભળ્યું અને જ્ઞાન થયું. આહાહા..! એને નિશ્ચયના સ્વભાવના આશ્રયવાળાને એ લક્ષ પરંપરાથી મોક્ષનું કારણ છે એમ કહેવામાં આવે. આહાહા..! છે તો એ પરસત્તાવલંબી જ્ઞાન. ઝીણી વાત છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વ...

ઉત્તર :- મિથ્યાત્વ ગયા પછીની વાત આમાં તો છે. અહીં તો એ કહ્યું. ૬૬માં તો એ કહ્યું. '**पढिएण वि किं कीरइ किं वा सुणिएण भावरहिए**' એમ કહ્યું. ભાવરહિત એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન. અને પ્રવચનસારમાં એમ કહ્યું છે ને. જ્ઞેય અધિકાર ઉપાડ્યો ત્યાં. જ્ઞેય અધિકાર ઉપાડ્યો ત્યારે. સ્વલક્ષે અભ્યાસ કર એમ આવે છે ભાઈ ગાથા. જ્ઞાન અને જ્ઞેય વચમાં સંધિ કરે છે. જ્ઞાન અધિકારનો જ્ઞેય દર્શન અધિકાર. એનો વિશેષ અભ્યાસ સ્વના લક્ષે કરે. આહાહા..! જેને ધારે, સાંભળે પણ બધું સ્વલક્ષ રાખીને એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સ્વલક્ષ નથી. માટે ત્યાં લક્ષ ફેરવી નાખે. એને સાંભળવું સાર્થક કહેવાય વ્યવહારે. એમ કહે છે. નહિતર તો પૂર્વાપર વિરોધ થાય. અગિયાર અંગનું જ્ઞાન, નવ પૂર્વનું જ્ઞાન થયું છે અનંત વાર અને સમવસરણમાં, પરમાત્મપ્રકાશમાં (એમ કહ્યું કે) ભવે ભવે જિન પૂજિયો—અનંતા ભવે અનંત વાર જિનની પૂજા કરી છે. એથી શું? પરદ્રવ્ય છે એ તો. અને તે ભાવ ઉત્પન્ન થાય છે એ કર્મના નિમિત્તના સંબંધે ઉત્પન્ન થાય છે. આમ પરદ્રવ્ય ઉપર લક્ષ છે અને અહીં નિમિત્તના લક્ષે શુભરાગ થાય છે. આહાહા..!

અહીં તો શુદ્ધ સ્વભાવની શરૂઆત કરીને જેણે લક્ષના ધ્યેયમાં આત્મા રાખ્યો છે એનો આ પઢવા, ભણવાનો વિકલ્પ હોય એ પરંપરા મોક્ષનું કારણ કહેવાય છે. આવું છે. વસ્તુની સ્થિતિ તો એવી છે. ભાષા તો એમ જ કહે ને. ભગવાને કહ્યું ને જ્ઞાન થયું, ગુરુએ કહ્યું ને જ્ઞાન થયું. લ્યો એમ જ કહેવાય ભાષા. ગુરુગમથી જ્ઞાન થાય, લ્યો એમ કહેવાય.

મુમુક્ષુ :- ગુરુ વિના જ્ઞાન નહિ.

ઉત્તર :- એ ભાષા તો એમ જ હોય ને બીજું શું હોય? એનો અર્થ કે એ વખતે એમ કહ્યું હતું જે પરલક્ષ એ જ્ઞાનને છોડીને સ્વનો આશ્રય કર્યો તે આનું કારણ થયું એમ કહેવામાં આવે. આહાહા..! ભારે માર્ગ ભાઈ! ઓહોહો..! ચોર્યાસીના અવતારના કારણ એવા ભાવને છોડીને, મોક્ષના કારણ એવો ભાવ જે દ્રવ્યનો આશ્રય એ એક જ મુક્તિનું કારણ છે. વાદવિવાદ કરે તો પાર ન આવે. આખા ભાવપાહુડમાં દ્રવ્યલિંગની નિરર્થકતા બતાવીને ભાવલિંગની સાર્થકતા બતાવી છે. પહેલેથી ઉપાડ્યું છે. બીજી ગાથાઓ છે. ભાવપાહુડ. **'भावो हि पढमलिंगं,'** જોયું! ત્યાંથી ઉપાડ્યું છે બીજી ગાથા. **'भावो हि पढमलिंगं, ण दव्वलिंगं च जाण परमत्थं।'** ત્યાંથી જ ઉપાડ્યું છે. ભગવાને કહ્યું તે હું કહીશ. નમસ્કાર કરીને કહ્યું ને?

**णमिऊण जिणवरिंदे णरसुरभवणिंदवंदिए सिद्धे।**
**वोच्छामि भावपाहुडमवसेसे संजदे सिरसा।।१।।**

આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એને પણ વંદન કરીએ છીએ. **'भावो हि पढमलिंगं,'** સમ્યગ્દર્શન જિનશ્રદ્ધા... એ જિનશ્રદ્ધા (એટલે) આ વધારે ઓલો વીતરાગની શ્રદ્ધા વીતરાગની શ્રદ્ધા (એવો) અર્થ કરે. પણ વીતરાગની શ્રદ્ધાનો અર્થ વીતરાગસ્વભાવ આત્મા એની શ્રદ્ધા. એકલા વીતરાગ-વીતરાગની શ્રદ્ધા તો પરદ્રવ્યની શ્રદ્ધા છે. જિનભાવના આવે ખરી ને, પણ એ જિનભાવનો અર્થ જ આત્મા. આત્મા વીતરાગી સ્વરૂપ એની શ્રદ્ધા એ જિનભાવના છે. કેવળીની સ્તુતિ ન કીધી? પ્રભુ! કેવળીની સ્તુતિ કોને કહેવી? કે આત્મા પૂર્ણાનંદનો નાથ એમાં એકાગ્ર થવું એ કેવળીની સ્તુતિ છે. લે! પૂછયું શિષ્યે, કેવળીની ભાવસ્તુતિ ક્યારે કહેવાય? કે ભાવસ્તુતિ ત્યારે કહેવાય.... ત્યારે ઓલા

દ્રવ્યસ્તુતિને ઉડાવે. આ ભગવાનની ભક્તિ જુઓ આમાં ના પાડી છે. એ કહે છે આ જુઓને. વાંચે ખરા ને આનું. જુઓ આમાં દ્રવ્યસ્તુતિનો નિષેધ કર્યો. ભગવાનની સ્તુતિ એમ નહિ. પણ ભાવ કે દિ' તારે છે? તારે તો વ્યવહારના ઠેકાણા નથી. આહાહા..! એવું ગડબડ્યું વિચારે છે. ત્યાં દ્રવ્યસ્તુતિની ના પાડી છે તીર્થંકરની, મૂર્તિની નહિ, એમ કહે છે. આત્માની સ્તુતિ કીધી છે લ્યો! જ્યારે આ નિશ્ચયની સ્તુતિ કહેવા માગે ત્યારે ઓલો વ્યવહાર ઉડાવે, વ્યવહારની સ્તુતિ કહે ત્યારે કહે વ્યવહાર સ્તુતિથી લાભ થાય. આવી વાત છે. શું થાય? અનાદિથી એ રીતે જીવે પોતાનું ઊંધા સ્વરૂપે બગાડ્યું છે એણે. આહાહા..! કોઈ બગાડનાર બીજો કોઈ નથી એનું.

'**भावो हि पढमलिंगं,**' ત્યાંથી તો ઉપાડ્યું છે આખું. '**ण दव्वलिंगं च जाण परमत्थं।**' '**भावो कारणभूदो, गुणदोसाणं जिणा वेन्ति**' વીતરાગ... વીતરાગ... પરમેશ્વરની વાણીમાં ભાવને કારણ કહ્યું છે. દ્રવ્યલિંગ કાંઈ નહિ, નિરર્થક છે. આહાહા..! અહીં તો આખી શૈલી જ એ ઉપાડી છે. હવે આપણે લિંગપાહુડ આવશે. '**ભાવો ઔર નિરંતર અભ્યાસ કરો જિસસે ભાવ શુદ્ધ હોં ઔર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પૂર્ણતાકોં પાકર મોક્ષકો પ્રાપ્ત કરો તથા વહાં પરમાનંદરૂપ શાશ્વત સુખકો ભોગો.**' મોક્ષ એટલે પરમાનંદરૂપ શાશ્વત સુખ. આહાહા..! એક સમયનો પરમાનંદ અનંત સુખ એને છે. એક સમયનો પરમાનંદ અનંત આનંદનું સુખ એનું નામ મોક્ષ. એ આ ભાવપાહુડને સમ્યગ્દર્શન-જ્ઞાન પૂર્ણતાને પ્રાપ્ત થાય, જો આવી ભાવના કરીને શુદ્ધ કરે તો. આહાહા..!

'**ઈસપ્રકાર શ્રી કુંદકુંદનામક આચાર્યને ભાવપાહુડ ગ્રંથ પૂર્ણ કિયા.**' હવે પોતે અર્થકાર જરી કહે છે. '**ઈસકા સંક્ષેપ ઐસે હૈં—જીવનામક વસ્તુકા એક અસાધારણ શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ હૈ.**' હવે ઉપાડ્યું છે અહીંથી. જુઓ ઓલા શુદ્ધ-અશુદ્ધ સિદ્ધ કરવા. ભગવાન જીવ નામનો વસ્તુ એક પદાર્થ '**અસાધારણ શુદ્ધ અવિનાશી...**' એવો શુદ્ધ અવિનાશી બીજો છે નહિ. એવી ચેતના, એમ. શુદ્ધ અવિનાશી ચેતના જેનો સ્વભાવ છે. જીવ નામક વસ્તુનો એક અસાધારણ શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ. અહીં સ્વભાવ લેવો. સ્વભાવવાન જે જીવ એવી જે વસ્તુ એનો એક અસાધારણ (એટલે) બીજો નહિ, બીજામાં નહિ એવો શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ છે એનો.

'**ઈસકી શુદ્ધ, અશુદ્ધ દો પરિણતિ હૈં.**' લ્યો! હવે લીધું. '**એક અસાધારણ શુદ્ધ અવિનાશી ચેતના સ્વભાવ...**' જીવનો ત્રિકાળ. હવે એની બે પરિણતિ એટલે અવસ્થા. અવિનાશી શુદ્ધ ચેતના એ જીવનો અવિનાશી શાશ્વત સ્વભાવ, એની પરિણતિ એટલે પર્યાય શુદ્ધ અને અશુદ્ધ. '**શુદ્ધ દર્શન-જ્ઞાનોપયોગરૂપ પરિણમના શુદ્ધ પરિણતિ હૈ,...**' શુદ્ધ જે અવિનાશી ચેતના છે એને અવલંબે જે શુદ્ધ-દર્શન-જ્ઞાનરૂપે પરિણમવું એ શુદ્ધ પરિણતિ. અવિનાશી શુદ્ધ ચેતના જે સ્વભાવ, જીવ વસ્તુ એનો ચેતના અવિનાશી સ્વભાવ, એને આશ્રયે જે પરિણતિ થાય એ '**શુદ્ધ દર્શન-જ્ઞાનોપયોગરૂપ પરિણમના...**' એનું નામ શુદ્ધ પરિણતિ. જીવ નામની વસ્તુ, એની શુદ્ધ ચેતના અવિનાશી ત્રિકાળી

એનો સ્વભાવ, એ સ્વભાવને આશ્રયે જે શુદ્ધ પરિણતિ થાય એનું નામ મોક્ષનો માર્ગ. એને શુદ્ધભાવ કહે છે લ્યો! એ શુદ્ધ પરિણતિને શુદ્ધભાવ કહે છે. એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધ્રુવ વસ્તુનો સ્વભાવ એના પ્રતીત, એનું જ્ઞાન અને રમણતા એ શુદ્ધ પરિણતિ એ શુદ્ધભાવ. એ શુદ્ધ દશા એ શુદ્ધભાવ અહીં. આ ભાવપાહુડમાં આ કહેવું છે એમ કહે છે. આહાહા..! નવા માણસને તો એવું લાગે કે.. બિચારા આવ્યા હતા બે જણા બેઠા હતા. ન સમજાણું, ઉઠી ગયા. સમજાય નહિ આ શું કહે છે આ? હવે વાત આવે ત્યારે પૂજા, ભક્તિ, વ્રત ને તપ એ બંધનું કારણ. લ્યો! માંડ હજી એ કરતા નથી, એમાં કરે કો'ક દિ' તો કહે (એ ધર્મ) નહિ.

બાપુ! અહીં તો ધર્મની વાત છે ને. પરદ્રવ્યના લક્ષે જુઓને એ કીધું ને. જુઓને કહે છે. જુઓ કહે છે. '**કર્મકે નિમિત્તસે રાગ-દ્વેષ-મોહાદિક વિભાવરૂપ પરિણમના અશુદ્ધ પરિણતિ હૈ,...** ' દેખો! બે સિદ્ધાંત સિદ્ધ કર્યા કે એક તો જીવવસ્તુ એનો અનાદિ અસાધારણ શુદ્ધ ચેતનાસ્વભાવ. એના અંતર સ્વભાવમાં જઈને... આહાહા..! એ શુદ્ધ ચેતનાના અવલંબે જે શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એને શુદ્ધભાવ કહીએ. આ શુદ્ધભાવની વ્યાખ્યા. ભાવપાહુડમાં આ શુદ્ધભાવની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? અશુદ્ધભાવ, એ પોતાનો જે શુદ્ધ સ્વભાવ એના અવલંબે થયેલી દશા એનાથી વિરુદ્ધ કર્મના નિમિત્તે થતી દશા એ અશુદ્ધભાવ. એ અશુદ્ધમાં શુભ અને અશુભ બેય આવે. આહાહા..!

રાગ, દ્વેષ અને મોહ એટલે મિથ્યાત્વ, હરખ-શોક આદિ, રતિ-અરતિ આદિ. '**વિભાવરૂપ પરિણમના...**' વિકારરૂપ અવસ્થા થવી એ અશુદ્ધ પરિણતિ છે. એને અશુદ્ધભાવ કહે છે. ઓલાને શુદ્ધ પરિણતિને શુદ્ધભાવ, અશુદ્ધ પરિણતિને અશુદ્ધભાવ. અને ક્યા કારણે ઉત્પન્ન થાય એ બેયના .. આપ્યા. આહાહા..! શુદ્ધ પરિણતિની પર્યાય અવિનાશી ચૈતન્યસ્વભાવ, સ્વભાવવાન વસ્તુ, એની અવિનાશી ચેતનાસ્વભાવ, એને આશ્રયે થતી પરિણતિ એ શુદ્ધ પરિણતિને શુદ્ધભાવ કહીએ અને રાગ-દ્વેષ અને મોહાદિ કર્મના નિમિત્તના લક્ષે ઉત્પન્ન થાય એને અશુદ્ધ પરિણતિ કહીએ. અને એ અશુદ્ધ પરિણતિ તેને અશુદ્ધભાવ કહીએ. એ અશુદ્ધભાવમાં શુભ અને અશુભ બેય આવ્યા. આહાહા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! વસ્તુ તો આમ છે.

કહ્યું ને? ઓલામાં એમ કહ્યું. '**ચેતના સ્વભાવ હૈ. ઈસકી શુદ્ધ, અશુદ્ધ દો પરિણતિ હૈં. શુદ્ધ દર્શન-જ્ઞાનોપયોગરૂપ પરિણમના શુદ્ધ પરિણતિ હૈ,...**' એમ. અને એ શુદ્ધભાવ. '**કર્મકે નિમિત્તસે રાગ-દ્વેષ-મોહાદિક વિભાવરૂપ પરિણમના અશુદ્ધ પરિણતિ હૈ,...**' એ અશુદ્ધભાવ. '**કર્મકા નિમિત્ત અનાદિસે હૈ ઈસલિયે અશુદ્ધભાવરૂપ અનાદિ હી સે પરિણમન કર રહા હૈ.**' લ્યો! એથી શુભ-અશુભભાવરૂપ અશુદ્ધભાવથી અનાદિથી પરિણમે છે, દશા થઈ રહી છે એની એમ કહે છે. એ કાંઈ નવી દશા નથી. આહાહા..! આવો માર્ગ સાંભળવા મળે નહિ, એ સાંભળે ત્યારે કઠણ

પડે એને. માર્ગ તો આ છે બાપુ! જન્મ-મરણથી રહિત થવા માટે. આહાહા..! જુઓને દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેનું વર્ણન કર્યું. દ્રવ્ય જીવવસ્તુ, ગુણ અનાદિ શુદ્ધચેતના, એને આશ્રયે થતી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર એ પર્યાય. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ થઈ. અને આમાં દ્રવ્ય વસ્તુ અનાદિ, એનો ગુણ અનાદિ. પણ કર્મના નિમિત્તને સંબંધે જે અશુદ્ધ પરિણતિ પર્યાય થાય એ વિભાવ. શુભ અને અશુભભાવ એ અનાદિથી થઈ રહ્યો છે એમ કહે છે. એ કાંઈ નવો નથી. આહાહા..!

'**ઈસ ભાવસે શુભ-અશુભ કર્મકા બંધ હોતા હૈ,...**' દેખો! '**અશુદ્ધભાવરૂપ અનાદિહીસે પરિણમન કર રહા હૈ.**' એમાં અશુદ્ધમાં બેય શુભ-અશુભ આવ્યા. '**ઈસ ભાવસે શુભ-અશુભ કર્મકા બંધ હોતા હૈ,...**' કર્મના નિમિત્તના લક્ષે જે શુભભાવ થાય તો એનું બંધન શુભ, પુણ્ય. કર્મના લક્ષે, લક્ષે એટલે કરનાર પોતે, અશુભભાવ થાય એનું બંધન અશુદ્ધ ભાવ. આહાહા..! '**ઈસ બંધકે ઉદયસે ફિર શુભ યા અશુભ ભાવરૂપ પરિણમન કરતા હૈ,...**' વળી બંધના લક્ષે શુભ અને અશુભ ભાવ કરે છે. આહાહા..! '**ઈસપ્રકાર અનાદિ સંતાન ચલા આતા હૈ.**' અનાદિ પ્રવાહ આ રીતે ચાલ્યો આવે છે. અનાદિ ચાલ્યો આવે છે. આહાહા..!

'**જબ...**' હવે ખુલાસો કરે છે શુભ-અશુભનો. અશુદ્ધના બે પ્રકારનો ખુલાસો કરે છે. '**ઈષ્ટદેવાદિકની ભક્તિ,...**' ઈષ્ટ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ શુભરાગ છે. અશુદ્ધરૂપ શુભરાગ. આહાહા..! કહો, હવે આ ભક્તિ. '**જીવોંકી દયા,...**' એ પણ એક શુભભાવ છે. '**ઉપકાર, મંદકષાયરૂપ પરિણમન કરતા હૈ...**' પરને કાંઈક ઉપકાર કરે. '**મંદકષાયરૂપ પરિણમન કરતા હૈ તબ તો શુભકર્મકા બંધ કરતા હૈ;...**' લ્યો! ઈષ્ટ દેવાદિની ભક્તિ, ગુરુ-શાસ્ત્રની ભક્તિ પણ શુભકર્મનો બંધ કરે એમ કહે છે. ઓલા કહે કે ભાઈ! ભગવાનની ભક્તિમાં રાગ ક્યાંથી આવ્યો? વળી એને ભઠ્ઠી કીધી. એ તો કષાય છે. આહાહા..! આકુળતા થાય છે ને શુભરાગની.

'**ઈસકે નિમિત્તસે દેવાદિક પર્યાય પાકર...**' શુભભાવને કારણે બંધન શુભ થાય એમાંથી કોઈ દેવ થાય, કોઈ આ શેઠિયા થાય પૈસાના એ પામીને '**કુછ સુખી હોતા હૈ.**' માને છે દુનિયા કે સુખી છે એમ. પૈસાવાળા સુખી છે, ગરીબ દુઃખી છે એમ લોકો માને છે. '**જબ વિષય-કષાય તીવ્ર પરિણામરૂપ પરિણમન કરતા હૈ...**' વિષય-કષાયરૂપ તીવ્ર પરના લક્ષે '**તબ પાપકા બંધ કરતા હૈ, ઈસકે ઉદયસે નરકાદિક પર્યાય પાકર દુઃખી હોતા હૈ.**' લ્યો! આ અનાદિનું વર્ણન કર્યું આ પહેલું. આહાહા..! અનાદિના કર્મનો નિમિત્તનો સંબંધ છે અને સંબંધને લક્ષે એ અશુદ્ધ ભાવ પુણ્ય-પાપ કરે છે. એ પુણ્યભાવ થાય તો પુણ્ય બંધન થાય અને કાંઈક સામગ્રી મળે તો સુખી જેવું કહેવાય દુનિયાને. અને પાપભાવથી અશુભ બંધાય એનાથી નરક અને તિર્યંચ આદિ ગતિ મળે. દુઃખી થાય.

'**ઈસપ્રકાર સંસારમેં અશુદ્ધભાવસે અનાદિકાલસે યહ જીવ ભ્રમણ કરતા હૈ.**' હવે અહીં શુદ્ધભાવની... ભાવપાહુડ છે ને. શુદ્ધભાવ જિનભાવનાનો અધિકાર છે ને એથી પહેલી આ વાત કરી.

**'ઈસ પ્રકાર સંસારમેં અશુદ્ધભાવસે અનાદિકાલસે યહ જીવ ભ્રમણ કરતા હૈ.'** શુભ-અશુભભાવથી પરિભ્રમણ કરે છે. શુભ હોય તો સ્વર્ગાદિ, અશુભ હોય તો નરકાદિ, પણ છે તો ગતિ ચાર. **'જબ કોઈ કાલ ઐસા આવે...'** આહાહા..! એનો પુરુષાર્થ જ્યારે સ્વભાવસન્મુખ જાય ત્યારે એનો કાળ સારો આવ્યો કહેવાય. આહાહા..! **'જબ કોઈ કાલ ઐસા આવે જિસમેં જિનેશ્વરદેવ—સર્વ વીતરાગકે ઉપદેશકી પ્રાપ્તિ હો...'** જિનેશ્વરદેવ સર્વજ્ઞ વીતરાગ. આહાહા..! વીતરાગતા જેને પ્રગટી છે, સર્વજ્ઞપણું છે એના ઉપદેશની પ્રાપ્તિ, એવા ભગવાનના ઉપદેશની પ્રાપ્તિ. અજ્ઞાનીના ઉપદેશની નહિ. અહીંથી ઉપાડ્યું છે જુઓ! અજ્ઞાનીએ કહેલા શાસ્ત્રો, એના ઉપદેશની નહિ.

**'જિનેશ્વરદેવ—સર્વજ્ઞ વીતરાગ કે ઉપદેશકી પ્રાપ્તિ હો ઔર ઉસકા શ્રદ્ધાન રુચિ પ્રતીતિ આચરણ કરે...'** પ્રાપ્તિ તો થઈ, પણ પોતે જ્યારે **'ઉસકા શ્રદ્ધાન...'** એમ એના ઉપદેશમાં તો (એમ આવ્યું કે) આત્મા શુદ્ધ ચૈતન્ય છે એની શ્રદ્ધા કર. અનાદિના કર્મના નિમિત્તની થતી અશુદ્ધ પરિણતિ એની શ્રદ્ધા તને છે મિથ્યાત્વની. આ શુદ્ધભાવ ત્રિકાળ એની શ્રદ્ધા કર એમ સંભળાવ્યું. સાંભળીને એણે શ્રદ્ધા કરી. આહાહા..! એની રુચિ કરી, પ્રતીતિ કરી અને આચરણ ચારિત્ર (કર્યું). **'તબ સ્વ ઔર પરકા ભેદજ્ઞાન કરકે...'** આમ થયું એટલે સ્વ અને પરનો ભેદ થયો. રાગાદિ અશુદ્ધ તે પર, ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય તે સ્વ એમ સ્વપરનો ભેદ થયો. **'શુદ્ધ-અશુદ્ધ ભાવકા સ્વરૂપ જાનકર...'** અને શુદ્ધ સ્વરૂપ વસ્તુના આશ્રયે થતી દશા એ શુદ્ધભાવ, નિમિત્તને લક્ષે આશ્રયે થતો તે અશુદ્ધભાવ. બેનું સ્વરૂપ જાણીને **'અપને હિત-અહિતકા શ્રદ્ધાન રુચિ પ્રતીતિ આચરણ હો...'** લ્યો ઠીક! પોતાના હિતનું અને અહિતનું એનું શ્રદ્ધારૂપી પ્રતીતિ-આચરણ હો **'તબ શુદ્ધદર્શનજ્ઞાનમયી શુદ્ધ ચેતના પરિણમનકો તો હિત જાને,...'** લ્યો! શુદ્ધ દર્શનજ્ઞાનમયી શુદ્ધ ચેતના પરિણતિ. એમ. વસ્તુના સ્વભાવની શુદ્ધ ચૈતન્ય પરિણતિ, **'શુદ્ધ ચેતના પરિણમનકો તો હિત જાને,...'** લ્યો! આહાહા..! એ શુદ્ધભાવને હિત જાણે એમ કહે છે.

**'ઈસકા ફલ સંસારકી નિવૃત્તિ હૈ...'** શુદ્ધ દર્શન-જ્ઞાનમયી શુદ્ધચેતના, શુદ્ધદર્શનજ્ઞાનમયી શુદ્ધચેતના એને હિત જાણે. કેમકે એનું ફળ સંસારની નિવૃત્તિ છે. **'ઈસકો જાને, ઔર અશુદ્ધભાવકા ફલ સંસાર હૈ...'** ચાહે તો શુભ હો કે અશુભ હો આહાહા..! બેય અશુદ્ધભાવ છે. એનું ફળ સંસાર છે. **'ઈસકો જાને,...'** જાણવામાં ક્યાં વાંધો છે કહે છે. શુદ્ધને શુદ્ધ જાણે અને અશુદ્ધને અશુદ્ધ જાણે. શુદ્ધનું ફળ મોક્ષ અને અશુદ્ધનું ફળ સંસાર જાણે. આહાહા..! **'તબ શુદ્ધભાવકે ગ્રહણકા ઔર અશુદ્ધભાવકે ત્યાગકા ઉપાય કરે.'** શુદ્ધભાવનું ગ્રહણ થવું એનો ઉપાય કરે. અંતર્મુખ થવાનો ઉપાય કરે એમ કહે છે.

બેને અને બેના ફળને જાણીને શુદ્ધનો પ્રયાસ-ઉપાય કરે. કારણ કે એનું ફળ મોક્ષ છે. અશુદ્ધતાનું ફળ સંસાર છે. જેને મોક્ષ કરવો હોય એણે શુદ્ધભાવનો ઉપાય કરવો. આહાહા..! કેમકે પર્યાયમાં દ્રવ્યનું

ગુણનું જ્યાં લક્ષ જાય, મહા ગંભીર સ્વભાવનો આશ્રય જ્યાં થયો અંદર, એટલે એની પરિણતિ શુદ્ધ થઈ અને શુદ્ધ પરિણતિનું ફળ તો મોક્ષ છે. એને અહીંયાં ભાવ શુદ્ધ કહેવામાં આવ્યો છે. શુદ્ધ પરિણતિ ભાવ. ભાવલિંગ એને કહેવામાં આવ્યું છે અને આવા ભાવલિંગ વિના એકલા શાસ્ત્ર અને બહારની ક્રિયાકાંડને ગ્રહણ કરે, દ્રવ્યલિંગ મુનિ ધારણ કરે એ દ્રવ્યલિંગનું ફળ સંસાર છે. આહાહા..! કુંદકુંદાચાર્યે તો અહીં ખુલાસો કર્યો છે ભાઈ! વ્યક્તિ માટે કાંઈ નથી. એ વ્યક્તિ ઓઢી લે પોતાને માથે કે અરે..! અમને આમ કહે છે. એ સ્વતંત્ર છે બાપુ! આ તો હિતના માટેની વાત છે.

હિત તો આ છે. શુદ્ધ સ્વભાવનું દર્શન, જ્ઞાન અને ચારિત્રની પરિણતિ એ હિતકર્તા છે. જુઓ! સંવર હિતકર, સંવર ઉપાદેય, નિર્જરા હિતકર આવે છે ને મોક્ષમાર્ગપ્રકાશકમાં. સંવરને ઉપાદેય, નિર્જરાને હિતકર, મોક્ષને પરમહિતકર. આહાહા..! આસ્રવને હેય, બંધને અહિતકર, બંધને અહિતકર. લ્યો! બંધની સામે નિર્જરા અને મોક્ષ એને હિતકર અને પરમહિતકર, એવી રીતે લીધું છે ત્યાં મોક્ષમાર્ગપ્રકાશકમાં. એક કલાકમાં કેટલું આવે અને કેટલું યાદ રાખવું. પણ આમાં કેટલું યાદ રહે? આ સ્વદ્રવ્યને આશ્રયે શુદ્ધતા અને પરને આશ્રયે અશુદ્ધતા એટલી વાત છે અહીં તો. ટૂંકુ તો આ છે. એ પછી એનો વિસ્તાર કરે ત્યારે સમજાવે ત્યારે તો (બધી વાત આવે). આહાહા..!

'**તબ શુદ્ધભાવકે ગ્રહણકા ઔર અશુદ્ધભાવકે ત્યાગકા ઉપાય કરે.** ' આહાહા..! શુભ-અશુભભાવને છોડવાનો ઉપાય કરે અને શુદ્ધતામાં પરિણમનને ગ્રહણ કરે વિશેષ. '**ઉપાયકા સ્વરૂપ જૈસે સર્વજ્ઞ-વીતરાગકે આગમમેં કહા હૈ વૈસે કરે.**' ઉપાયનું સ્વરૂપ જેમ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે પરમ આગમમાં જે કહ્યું તે કરે. એ કરે. આહાહા..! અર્થ પણ કેટલો કર્યો છે સરસ. આ ભાવપાહુડની ૧૬૫ ગાથા થઈ. પણ અહીં ૧૬૫ છપાણી નહિ. અહીં ૬૫ થઈ ગઈ હતી. છપાણી નથી ને હજી તો? ઉપાયનું સ્વરૂપ તો જેવું સર્વજ્ઞ વીતરાગે પરમાગમમાં કહ્યું તેમ કરે. એની વ્યાખ્યા વિશેષ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૯, શુક્રવાર તા. ૨૮-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૬૫, પ્રવચન - ૧૮૫**

૨૩૧ પાનું છે ને? ૨૩૧. ઉપાયની વાત ચાલે છે ને છેલ્લે. '**ઉપાયકા સ્વરૂપ જૈસે સર્વજ્ઞ-વીતરાગને આગમમેં કહા હૈ વૈસે કરે.** ' '**ઈસકા સ્વરૂપ નિશ્ચય-વ્યવહારાત્મક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગ કહા હૈ.**' પહેલી લીટી. ભગવાને સર્વજ્ઞ પરમેશ્વરે આગમમાં એનું

સ્વરૂપ મોક્ષમાર્ગનું, (નિશ્ચય અને) વ્યવહારસ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ કહ્યો. હવે એને કહે છે કે નિશ્ચય કોને કહેવો? જે આત્મા જ્ઞાન, આનંદ આદિ સ્વભાવસ્વરૂપ છે, શુદ્ધ સ્વરૂપ લીધું છે ને. ચૈતન્યનું શુદ્ધ સ્વરૂપ જે જ્ઞાન, આનંદ આદિ અવિનાશી જેનું સ્વરૂપ છે, એના સ્વરૂપમાં શરીર, વાણી, કર્મ અને પુણ્ય-પાપના વિકલ્પ ને રાગ હોતા નથી. એનું અનાદિ અવિનાશી સ્વરૂપ જ્ઞાન, આનંદ આદિ શુદ્ધસ્વરૂપ એની શ્રદ્ધા. આત્મા વસ્તુ, એનો આનંદ અને જ્ઞાનાદિ સ્વભાવ અવિનાશી ગુણ અને એની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન પર્યાય.

'**શુદ્ધસ્વરૂપકે શ્રદ્ધાન...**' એટલે કે અવિનાશી ચૈતન્યસ્વભાવ, એવો આત્માનો અવિનાશી આનંદ આદિ સ્વભાવ એ શુદ્ધ છે. એના પવિત્ર સ્વભાવનો નિર્ણય અનુભવ કરીને (કરવો) એનું નામ સમ્યગ્દર્શન છે. જેમ વસ્તુ દ્રવ્ય આત્મા અવિનાશી છે, તેમ એના આનંદ અને જ્ઞાનસ્વભાવ પણ અવિનાશી શુદ્ધ છે. એવા શુદ્ધ સ્વરૂપનું અંતર્મુખ થઈને તેનો સ્વીકાર થઈને શ્રદ્ધા થાય એને અહીંયાં સમ્યગ્દર્શન કહે છે. એ શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, જે જ્ઞાન ત્રિકાળ જ્ઞાન એનું જ્ઞાન. ત્રિકાળી શુદ્ધ જ્ઞાન એ અવિનાશી વસ્તુ, એનું ત્રિકાળી શુદ્ધ જ્ઞાન, એનું જ્ઞાન. આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્રનું જ્ઞાન નહિ?

ઉત્તર :- નહિ. એ શુદ્ધ જ્ઞાન ચૈતન્યવસ્તુ એનો જે જ્ઞાન ત્રિકાળ અવિનાશી શુદ્ધ સ્વભાવ એનું જ્ઞાન, એને મોક્ષમાર્ગનો અવયવ, એને જ્ઞાન કહેવામાં આવે છે. અને ચારિત્ર—એ શુદ્ધ જ્ઞાન ને આનંદ સ્વરૂપ ધ્રુવ અવિનાશી શુદ્ધ સ્વરૂપ એની અંતરમાં રમણતા એ દ્રવ્ય અને એનો ગુણ એમાં રમણતા એનું નામ ચારિત્ર.

મુમુક્ષુ :- પંચ મહાવ્રત ન આવ્યું.

ઉત્તર :- એ પછી કહેશે. એ તો વિકલ્પ છે રાગ. આ વસ્તુ તે સ્વભાવ છે, મોક્ષનો ઉપાય. મહાવ્રતાદિ એ તો વિકલ્પ રાગ છે. એ તો કહે છે ને. એ તો કર્મના નિમિત્તના સંબંધમાં સંગે ઉત્પન્ન થતો વિકલ્પ છે, અશુદ્ધ છે. એ વસ્તુ નથી. આહાહા..!

ચૈતન્યસ્વભાવ જેનું ચેતન ચેતન દ્રવ્ય એવું જે અવિનાશી એવો એનો ચૈતન્યસ્વભાવ અવિનાશી, એમાં રમણતા કરવી એનું નામ ચારિત્ર છે. એ ચારિત્ર ક્યારે થાય? કે પ્રથમ એ ચીજ જ્ઞાનસ્વભાવી અનાદિ અનંત, આનંદસ્વભાવી અનાદિ અનંત, શાંતસ્વભાવી વીતરાગસ્વરૂપ શાંત અનાદિ અનંત એની દૃષ્ટિ થાય, એનું જ્ઞાન થાય ત્યારે એમાં રમણતા થાય. આ સંસારથી છૂટવાનો ઉપાય આ છે. સંસારની દુઃખદશા અનાદિની ચોર્યાસીના અવતારની પરિભ્રમણની દુઃખદશા છે એને ટાળવાનો આ ઉપાય છે. કહો, સમજાણું? એને નિશ્ચય કહ્યો. કેમકે સ્વ ચૈતન્યસ્વરૂપ... ચૈતન્યસ્વરૂપ વસ્તુ અને એનું સ્વરૂપ જ્ઞાન-દર્શન ધ્રુવ અવિનાશી એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ સ્વની થઈ માટે નિશ્ચય. એ નિશ્ચય મોક્ષમાર્ગ છે, એ સાચો મોક્ષમાર્ગ છે.

હવે વ્યવહારની વાત જરી કરે છે. '**ઔર જિનદેવ સર્વજ્ઞ-વીતરાગ...** ' એ પરદ્રવ્ય છે. '**જિનદેવ સર્વજ્ઞ-વીતરાગ તથા ઉનકે વચન...**' આગમ એની શ્રદ્ધા એ વ્યવહારશ્રદ્ધા છે. સર્વજ્ઞ જિનદેવ વીતરાગસ્વરૂપ પરમાત્મા એની શ્રદ્ધા (કે) આ સર્વજ્ઞ વીતરાગ છે, પણ એ પરદ્રવ્ય છે. તેથી શુદ્ધ અવિનાશી ચૈતન્યની શ્રદ્ધાથી પરદ્રવ્યની શ્રદ્ધા એ રાગ છે. એવો ભાવ હોય છે. વ્યવહાર એવો ભાવ હોય છે. '**વીતરાગ તથા ઉનકે વચન...**' આગમ કહે છે. ભગવાનના કહેલા આગમ એની શ્રદ્ધા એ પણ એક શુભરાગ છે. '**ઔર ઉનકે વચનોંકે અનુસાર...**' સર્વજ્ઞ ભગવાન એના વચનને અનુસારે '**પ્રવર્તનેવાલે મુનિ શ્રાવક...**' આહાહા..! સર્વજ્ઞ વીતરાગના વચનને અનુસારે. એટલે કે જે કોઈ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય એને અનુસારે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં વર્તે છે, વ્યવહારપણે એને રાગાદિ હોય છે. એમ શ્રાવક, જે સર્વજ્ઞસ્વભાવ વીતરાગ ત્રિકાળ અવિનાશી વસ્તુ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાનો અંશ હોય છે એને એવા '**શ્રાવક ઉનકી ભક્તિ...**' એવા મુનિ અને આવા શ્રાવકની ભક્તિ એ વ્યવહાર છે.

મુમુક્ષુ :- રાગ છે એમ ક્યાંય ન આવ્યું.

ઉત્તર :- એ તો વ્યવહાર કહ્યો ને. શું કીધું?

'**ઉનકી ભક્તિ વંદના વિનય વૈયાવૃત્ય કરના વ્યવહાર હૈ,...**' અહીં તો એને સ્થાપવું છે ને કે આવું એણે કરવું એટલે એવો ભાવ એને આવે. ઉપકારીનો ઉપકાર થાય એમ ભાવ સિદ્ધ કરવો છે, નિશ્ચય સાથે વ્યવહાર. એની ભક્તિ, મુનિ શ્રાવકની વંદના, મુનિ શ્રાવકનો વિનય અને વૈયાવૃત્ય કરવું--સેવા એને વ્યવહાર કહે છે. '**ક્યોંકિ યહ મોક્ષમાર્ગમેં પ્રવર્તાનેકો ઉપકારી હૈ.**' જુઓ! આ કારણ મૂકવું છે ને. મોક્ષમાર્ગમાં પ્રવર્તાવવાને ઉપકારી નિમિત્ત છે. આહાહા..! '**ઉપકારીકા ઉપકાર માનના ન્યાય હૈ,...**' વ્યવહાર સિદ્ધ કરવો છે ને. '**ઉપકારીકા ઉપકાર માનના ન્યાય હૈ, ઉપકાર લોપના અન્યાય હૈ. સ્વરૂપકે સાધક અહિંસા આદિ મહાવ્રત...** ' હવે લીધું. સ્વરૂપનું સાધક (એ) નિમિત્તરૂપે. '**અહિંસા આદિ મહાવ્રત તથા રત્નત્રયરૂપ પ્રવૃત્તિ,...**' વ્યવહાર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રવૃત્તિ વ્યવહાર, એ વ્યવહાર કહીએ એને એમ કહે છે. કેમકે એમાં શુભરાગ છે. પરદ્રવ્ય પ્રવૃત્તિના વલણમાં એટલો રાગ છે. સ્વદ્રવ્યના અવિનાશી સ્વભાવમાં ચિદ્‌ઘન એના સ્વભાવમાં પ્રવૃત્તિ એ નિવૃત્તિ છે. એ રાગથી નિવૃત્તિ છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ છે. આ છે તે પર તરફના વલણવાળો રાગ એ પ્રવૃત્તિ છે. આહાહા..!

'**સમિતિ, ગુપ્તિરૂપ પ્રવર્તના...**' પાંચ સમિતિ વ્યવહાર, ગુપ્તિરૂપ અશુભથી નિવૃત્તિ. '**ઔર ઈનમેં દોષ લગને પર અપની નિંદા ગર્હાદિક કરના,...**' એ વ્યવહારની ભૂમિકાને યોગ્ય જે રાગ હતો એમાં કાંઈક ખંડ થાય, દોષ લાગે (તો) '**અપની નિંદા ગર્હાદિક કરના, ગુરુઓંકા દિયા હુઆ પ્રાયશ્ચિત લેના, શક્તિકે અનુસાર તપ કરના,...**' આહાહા..! '**પરિષહ સહના, દસલક્ષણધર્મમેં**

**પ્રવર્તના ઈત્યાદિ શુદ્ધાત્માકે અનુકૂલ ક્રિયારૂપ પ્રવર્તના,...** ' એટલી વાત છે અહીં. શુદ્ધાત્મા પોતે છે એના દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે એને અનુકૂળ એ નિમિત્ત છે, પ્રતિકૂળ નથી એટલી વાત. સ્વભાવથી તો વિરુદ્ધ છે, પણ ઓલું નિમિત્ત કહેવું છે ને એટલે એને અનુકૂળ કીધું છે. આહાહા..!

'ઈનમેં...' ક્રિયારૂપ પ્રવૃત્તિ એમ છે ને? '**શુદ્ધાત્માકે અનુકૂલ ક્રિયારૂપ પ્રવર્તના ઈનમેં કુછ રાગકા અંશ રહતા હૈ...**' આવ્યું જુઓ! આવ્યોને ખુલાસો? રાગ છે ને? થોડો રાગ છે ને? વસ્તુનો સ્વભાવ સદા અવિનાશી જ્ઞાન, આનંદ સ્વભાવ એવા સ્વભાવની પ્રતીત, જ્ઞાન, રમણતા એ તો વીતરાગ પર્યાય છે એમ કહે છે અને આ છે એ કાંઈક રાગ છે, એમ. સર્વ રાગ નથી પણ કંઈક રાગ છે. સર્વ રાગની એકતા હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. પણ શુદ્ધ સ્વભાવ એના સ્વીકારની ભૂમિકામાં આવો કાંઈક રાગ છે એને વ્યવહાર કહેવામાં આવે છે. '**તબ તક શુભકર્મકા બંધ હોતા હૈ,...**' લો. એ પ્રવર્તવું, આમ પ્રવર્તવું સમિતિમાં, ગુપ્તિમાં વગેરે અને આવા મુનિ અને શ્રાવકની ભક્તિ-વંદન કરવું એ બધો શુભરાગ છે. આહાહા..! અહીં તો નિશ્ચય અને વ્યવહાર સાબિત કરવો છે ને? ધર્મીને નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ બે હોય એટલે શું? એમ. નિશ્ચય સ્વ ચૈતન્ય.. કળશમાં કહેશે છપ્પયમાં, જીવ સદા ચિદ્‌ભાવ એક અવિનાશી ધારે. એ ભગવાન આત્મા તો ચિદ્‌ભાવ, જ્ઞાનભાવ, આનંદભાવ સદા ધારે. એવો જે ભગવાન આત્મા એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ તો નિશ્ચય. પણ એવી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાવાળા જીવો એના પ્રત્યેની ભક્તિ, વંદન આદિ તે શુભરાગ છે, પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહિ.

મુમુક્ષુ :- જરીએ નહિ?

ઉત્તર :- જરીએ નહિ. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! મોટો ચૈતન્ય શુદ્ધ ધ્રુવ સત્ એને પડખે જઈને જે દશા થાય તે નિશ્ચય મોક્ષમાર્ગ કહેવાય અને પરદ્રવ્યને પડખે જઈને જે રાગ થાય તેને વ્યવહાર કહેવાય. આહાહા..! હોય છે બેય એમ કહે છે. પૂર્ણ વીતરાગ ન હોય એને આ હોય છે.

'**શુભકર્મકા બંધ હોતા હૈ, તો ભી વહ પ્રધાન નહીં હૈ,...**' એમ કહે છે. એની મુખ્યતા નથી. મુખ્યતા તો દર્શન, જ્ઞાન અને ચારિત્રનો ભાવ છે. એના બહુમાનનો વિકલ્પ એની પ્રધાનતા અહીં ગણવામાં આવતી નથી. આહાહા..! '**ક્યોંકિ ઈનમેં પ્રવર્તનવાલેકે શુભકર્મકે ફલકી ઈચ્છા નહીં હૈ,...**' એ કહે છે. આહાહા..! એ દેવ-ગુરુ-શાસ્ત્ર, એની વાણી અને મુનિ અને શ્રાવક અને પોતે પણ સમિતિ આદિમાં વર્તે એમાં એ રાગના ફળની ઈચ્છા નથી એમ કહે છે. હોય છે. એટલી ફળની ઈચ્છા નથી એથી એને અબંધતુલ્ય કહેવામાં આવે છે. અબંધતુલ્ય કહેવામાં આવે છે. અબંધ નથી (પણ) અબંધતુલ્ય છે. આહાહા..! વીતરાગ માર્ગ બહુ ઝીણો. દુનિયાએ તો બહારથી આ વ્રત પાળવા, ભક્તિ કરવી, પૂજા કરવી એ ધર્મ એમ મનાવી લીધું છે, જે મિથ્યાત્વભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એને એ છે પણ એનું ફળ અથવા એ રાગનો સ્વામી નથી અને એના ફળની એને ઈચ્છા નથી, આવો બંધ થાવ એવો એને ભાવ નથી એમ. આહાહા..! એમ લેવું છે ને અહીં તો વ્યવહાર. બેયને શુદ્ધ કહેશે આગળ પછીના પેરેગ્રાફમાં, આરોપિત. અબંધતુલ્ય છે. કારણ કે એ પણ ખરવા માટે જ આવે છે. કેમકે સ્વભાવની અંતર જ્યાં ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપે અવિનાશી પ્રભુ અને આનંદ સ્વભાવે અવિનાશી આત્મા, એની દૃષ્ટિ અને જ્ઞાન થયું, એની આગળ આ શુભરાગ તો બહુ સાધારણ કરવામાં આવ્યો છે. અહીં તો ધર્મીની ભૂમિકામાં આવતો રાગ એની વાત છે ને? અજ્ઞાનીના રાગની અહીં વાત નથી. જેને વસ્તુના સ્વભાવનો, વીતરાગપણું જેને અંતર ભાસ્યું છે... વસ્તુ ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ છે. જેમ સદા જ્ઞાનસ્વભાવ છે એમ સદા ચારિત્રસ્વભાવ વીતરાગ સ્વભાવ છે એની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાનો જ્યાં સ્વીકાર થયો, પછી કહેશે રાગ જરી પરદ્રવ્ય તરફના વલણવાળો ઉપકારીના ઉપકારને માટે આવે પોતાને એમ કહેવું છે. મૂળ તો એમ કહેવું છે ને. પણ એ અબંધતુલ્ય છે.

'**ઈત્યાદિ પ્રવૃત્તિ આગમોક્ત...**' ભગવાનની વાણીમાં જે વ્યવહાર આવ્યો, નિશ્ચય આવ્યો એ પ્રમાણે '**વ્યવહાર-મોક્ષમાર્ગ હૈ. ઈસમેં પ્રવૃત્તિરૂપ પરિણામ હૈં...**' પ્રવૃત્તિરૂપ પરિણામ છે '**તો ભી નિવૃત્તિપ્રધાન હૈ,...**' અશુભથી નિવર્ત્યો છે ને અને નિવૃત્તિસ્વરૂપ તરફનો વલણવાળો રાગ છે ને એટલે એને નિવૃત્તિ મુખ્ય કહી. '**ઈસલિયે નિશ્ચય મોક્ષમાર્ગમેં વિરોધ નહીં હૈ.**' એવા નિશ્ચય મોક્ષમાર્ગમાં એ રાગની એ દશા... આપણે બપોરે આવે છે ઈ છે. નિશ્ચય છે ત્યાં આવો રાગ હોય છે એથી નિશ્ચયને વિરોધ કરતો નથી. વર્તમાન સાથે રહેવામાં વિરોધ નથી, એક સાથે રહેવામાં વિરોધ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન ત્રિકાળી દ્રવ્યસ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એની સાથે રાગ કર્મધારા છે. આ જ્ઞાનધારા, આત્મધારા, (અને) વિકારધારા બે (સાથે) રહેવામાં વાંધો નથી, બે હોઈ શકે છે. સમજાણું કાંઈ?

'**ઈસપ્રકાર નિશ્ચય-વ્યવહારસ્વરૂપ મોક્ષમાર્ગકા સંક્ષેપ હૈ.** ' આ પ્રકારે નિશ્ચય એટલે સાચું અને વ્યવહાર એટલે ઉપચાર એવા મોક્ષમાર્ગનું સંક્ષેપ સ્વરૂપ છે. આહાહા..! '**ઈસીકો શુદ્ધભાવ કહા હૈ.**' લ્યો! એ શુદ્ધભાવનો આરોપ કરીને, શુદ્ધભાવ જે આત્માના અવિનાશી સ્વભાવના આશ્રયે થતી શુદ્ધતા એ શુદ્ધતા સાચી શુદ્ધતા અને એને ભૂમિકામાં જે વિકલ્પ રાગ ઊઠે વ્યવહાર એને શુદ્ધતાનો આરોપ કરીને વ્યવહારે શુદ્ધતા કીધી છે. આહાહા..! ખેંચાતાણ કરે આમાં કે જુઓ શુદ્ધ કહ્યું. એમ કે વ્યવહારને શુદ્ધ કીધો છે. કઈ અપેક્ષાએ? એ તો પ્રમાણનું જ્ઞાન કરાવે છે. અહીં નિશ્ચય સ્વભાવ ચૈતન્ય ત્રિકાળ એવો આનંદધામ એની રુચિ, જ્ઞાન અને રમણતા એની ભૂમિકાનો જે વિકલ્પ એ અશુદ્ધતાનો એને આરોપ દઈને એને પણ શુદ્ધ કીધું. વ્યવહાર શુદ્ધ. આહાહા..! નિમિત્ત છે એને આરોપ કરીને (કહ્યું). જેમ સમ્યગ્દર્શન, શુદ્ધ સમ્યગ્દર્શન તો દ્રવ્યનું અવલંબન લઈને ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ એની

ધ્રુવની અંતર દૃષ્ટિ આ વસ્તુ અવિનાશી નિત્ય છે એવું જ્ઞાનમાં જ્ઞેય થઈને પ્રતીત થવી એવો નિશ્ચય સમ્યગ્દર્શન એ જ ... સમ્યગ્દર્શન. પણ સાથે એને અનુકૂળ નિમિત્ત હોય છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એને પણ સમકિતનો આરોપ કરીને સમકિત કહ્યું,(પણ) એ સમકિત છે નહિ. એમ આ શુદ્ધભાવની જોડે આવો શુભભાવ છે એ શુદ્ધ છે નહિ, પણ આરોપથી શુદ્ધ કહીને વ્યવહારે એને શુદ્ધ કહ્યો છે આમ છે. આહાહા..!

એ તો મોક્ષમાર્ગમાં ઘણો ખુલાસો કરી નાખ્યો છે. મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે, કથન બે પ્રકારે છે. મોક્ષમાર્ગ તો એક જ પ્રકારે છે. એમ શુદ્ધભાવ તો એક જ પ્રકારે છે, એનું સાધન તો એક જ પ્રકારે છે, એનું કારણ તો એક જ પ્રકારે છે. આહાહા..! એનું કથન બે પ્રકારે આવે. નિમિત્તને પણ શુદ્ધ કહે, નિમિત્તને સમકિત કહે, નિમિત્તને જ્ઞાન કહે, નિમિત્તને ચારિત્ર કહે. આહાહા..! આવું છે, ભાઈ! ખેંચાતાણ કરવું એમ અહીં નથી. આહાહા..!

જેની નજરુંમાં ભગવાન અવિનાશી, અવિનાશી અને અવિનાશી ગુણવાળો જેની નજરમાં આવ્યો, હવે કહે છે કે એને રાગ બાકી છે થોડો એને અમે શુદ્ધતામાં વ્યવહારથી કહીએ છીએ એમ કહે છે. અબંધતુલ્ય એમ કહીને કહ્યું ને માથે? ફળની ઈચ્છા નથી માટે અબંધતુલ્ય આ અપેક્ષાએ. બંધ તો છે, પણ અબંધતુલ્ય (છે) કેમકે એ પણ ક્રમે ક્રમે તૂટવાનો છે. આહાહા..! ધર્મીની નજરનો એ વિષય નથી વ્યવહાર. એ તો જ્ઞાન જાણે છે કે અહીં છે રાગ આદિ. એ ક્રમે કરીને ખસી જશે. એ શુદ્ધ ચૈતન્યનો ઉગ્ર આશ્રય થશે એ છૂટી જશે. એથી એને વર્તમાનમાં શુદ્ધ અને અબંધતુલ્ય કહીને બંધ નથી એમ પણ કહેવામાં આવે છે. આમ છે. આહાહા..! જેમ શુદ્ધથી બંધ નથી તેમ શુભથી બંધ નથી એવો આરોપ કરીને કથન કર્યું છે. આહાહા..! જુઓને! કેટલું સ્પષ્ટ કર્યું છે. ગૃહસ્થ છે જયચંદ્ર પંડિત. શ્વેતાંબરના સાધુ પણ એ રીતે કહી શકતા નથી. ત્યારે આ તો ગૃહસ્થ આટલો ખુલાસો કરે છે લ્યો! આહાહા..! સત્ય છે ને પંથ. સત્ય પંથ મળ્યો છે ને. સત્યના પંથમાં તો આવા જ ખુલાસા હોય. આહાહા..!

એ શુદ્ધ કીધો. '**ઈસમેં ભી સમ્યગ્દર્શનકો પ્રધાન કહા હૈ,...**' જિનભાવના... જિનભાવના આવી છે ને બધે ઠેકાણે? '**ક્યોંકિ સમ્યગ્દર્શનકે બિના સબ વ્યવહાર મોક્ષકા કારણ નહીં હૈ...**' જોયું! આહાહા..! ચૈતન્ય વસ્તુ આખી અને એનો અવિનાશી શક્તિરૂપ સ્વભાવ, એની અવિનાશી સત્તાનો સ્વીકાર (અને) જે પ્રતીતિ કરે જ્ઞેય કરીને, એની આ પ્રધાનતા કહેવામાં આવી છે. '**ક્યોંકિ સમ્યગ્દર્શનકે બિના સબ વ્યવહાર મોક્ષકા કારણ નહીં હૈ...**' એ પહેલા સમ્યગ્દર્શન હો તો રાગ આદિને વ્યવહાર મોક્ષના કારણનો આરોપ અપાય. પણ જ્યાં સમ્યગ્દર્શન નથી એને તો કાંઈ છે નહિ. આહાહા..! કેમકે ભગવાન પૂર્ણ અનંત શુદ્ધ ધ્રુવ ગુણનો ધરનાર, અનંત શુદ્ધ ધ્રુવ ગુણનો ધરનાર એવો જે ભગવાન આત્મા, એનો જ્યાં અંતર સન્મુખ થઈને પ્રતીતિ નિશ્ચય થયો નથી ત્યાં એને શું વ્યવહાર? કહે છે. સમજાણું કાંઈ?

કહ્યું હતું ને કે ભાવલિંગ એ લિંગ. દ્રવ્યલિંગને લિંગ કહે કોણ? એમ કહ્યું ને? દ્રવ્યલિંગીને. આહાહા..! આ તો વીતરાગ માર્ગ છે ભાઈ! આહાહા..! એની શ્રદ્ધામાં રાગનો અભાવ, જ્ઞાન એનું રાગના અભાવવાળું અને ચારિત્ર એનું રાગના અભાવવાળું. આહાહા..! એને વીતરાગ માર્ગમાં મોક્ષમાર્ગ (કહે છે) અને એમાં પણ સમ્યગ્દર્શનની પ્રધાનતા. કેમકે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય પૂર્ણ ધ્રુવ અવિનાશી આનંદ આદિ શક્તિનો સાગર એનો જ્યાં સ્વીકાર થયો ત્યારે પછી વ્યવહારને વ્યવહાર તરીકે કહો, શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન તરીકે, વ્યવહાર ચારિત્રને મહાવ્રતને વ્યવહાર (કહો). આ વસ્તુ વિના કોઈ વ્યવહાર હોઈ શકે નહિ. આહાહા..! જેને આખો ભગવાન જ જ્યાં સ્વીકારમાં, પ્રતીતમાં આવ્યો નથી... વીર કહ્યું હતું ને વીર? વિશિષ્ટ જે લક્ષ્મી આત્માની ખાસ ત્રિકાળ અનંત અનંત એટલે જેનો સ્વભાવ, સ્વભાવને હદ શું છે એની શક્તિની? એવો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, સ્થિર સ્વભાવ એટલે વીતરાગ સ્વભાવ ત્રિકાળ, શ્રદ્ધા સ્વભાવ એવા અનંત ગુણ સ્વભાવ એવું એનું એક સ્વરૂપ એવો આત્મા એનો જ્યાં સ્વીકાર જ્યાં અનુભવમાં નથી એને સમ્યગ્દર્શન વિના શું કહેવું? આહાહા..! સમજાણું કાંઈ? ઝીણો માર્ગ પણ બહુ ભાઈ! આહાહા..! લોકોને બહારથી જોવે છે, વસ્તુ અંદર છે. બહારથી ભગવાન ગોતવા જાય છે, ભગવાન અંદર છે.

જેનામાં ખાસ લક્ષ્મી પડી છે કહે છે. આહાહા..! ચૈતન્યલક્ષ્મી, આનંદલક્ષ્મી, શાંતલક્ષ્મી, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત લક્ષ્મીનો ભંડાર આત્મા. આહાહા..! એવા ભંડારના રાખનાર આત્મા એનો જેને સ્વીકાર નથી, એની સન્મુખતા થઈને આદર નથી, એનો આશ્રય લઈને દર્શન નથી.. આહાહા..! કહે છે કે એ સમ્યગ્દર્શન વિના બધું નિરર્થક છે. દ્રવ્યલિંગ, પંચ મહાવ્રત હો, નગ્નપણું હો. આહાહા..! કેમકે જેમાં સત્ ટકી રહે એવી ચીજ તો આવી નથી. અસત્ પરિણામ દયા, દાન, વ્રતાદિના કે વ્યવહારના એ તો અસત્ છે. એ તો નાશ થઈ જશે. આહાહા..! ભવિષ્યમાં આત્મા સત્‌માં ટકે એ ચીજ તો પ્રગટ કરી નથી અને વ્યવહાર એકલા વિકલ્પ એ તો સત્ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ સત્‌થી ભરેલો પ્રભુ, એના સ્વીકાર વિના સત્‌માં નહિ રહી શકે ઈ. એકલી અસત્‌ની ક્રિયા વ્યવહાર એ કાંઈ સત્‌માં આવતો નથી. આહાહા..! તો એવો સત્ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ એમ કહ્યું હતું ને માથે? શુદ્ધ સ્વરૂપનું શ્રદ્ધાન એમ. એવો સત્ શુદ્ધ સ્વભાવ એનું ટકવું, ટકેલી ચીજ છે આવી એવી શ્રદ્ધા સમ્યગ્દર્શનમાં આવ્યા વિના, એ સત્ છે ત્રિકાળ એ પણ પ્રતીતમાં આવ્યું નથી અને એની પર્યાયમાં પણ સમ્યગ્દર્શન એવી સત્ તે શ્રદ્ધા તો આવી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો એનો માર્ગ છે. આહાહા..!

સમ્યગ્દર્શન એ પ્રધાન છે. આહાહા..! વીતરાગમાર્ગમાં સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં સર્વજ્ઞસ્વભાવી આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ, એવા આત્માનો જ્યાં સ્વીકાર નથી, એનો આદર નથી, એનું સમ્યગ્દર્શન નથી, એને બધી વ્રત, તપની ક્રિયાઓ બધી નિરર્થક છે. ચાર ગતિમાં રખડવાનું છે.

આહાહા..! આવો વીતરાગ માર્ગ ઝીણો છે, ભાઈ! એટલે? કે આત્મા બધા અનંત ગુણોનો પિંડ છે એ અનંતા ગુણો વીતરાગી સ્વભાવી છે. આહાહા..! વસ્તુ જે છે આત્મા, જેને પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગદેવે આત્મા કહ્યો, એ આત્મા તો વસ્તુ છે એનો સ્વભાવ, વસ્તુ સ્વભાવવાન છે, એનો સ્વ-ભાવ, પોતાનો ભાવ અવિનાશી જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા એ બધા એનો ભાવ છે. એવા સત્‌નું સત્‌પણું જેને પ્રતીતમાં આ આવું છે, આવો છે એવું પ્રતીતમાં આવ્યું નથી એને સત્ ક્યાં છે? આહાહા..! સમજાણું કાંઈ? આવો એ ભગવાન આત્મા એક સમયમા-સેકન્ડના અસંખ્ય ભાગનો એક સમય એમાં પ્રભુ આત્મા અનંતા શાંતિ, સ્વચ્છતા આદિ અવિનાશી ગુણથી ભરેલો ભગવાન આત્મા છે. આહાહા..! એવા મહા હોવાપણાનો જેને જ્ઞાનમાં જણાઈને હોવાપણું છે એ ભાસ્યું નથી એટલે સમ્યગ્દર્શન થયું નથી એમ કહે છે. આહાહા..! એને આ દયા, દાન ને વ્રત, ભક્તિના વિકલ્પો એ તો એક શુભરાગ, નાશવાન ચીજ છે. આહાહા..! એના ફળ તરીકે પુણ્ય બંધાય એ ધૂળ છે, એ નાશવાન છે. એના ફળ તરીકે આ ધૂળની લક્ષ્મી મળે પાંચ પચાસ લાખ કે ધૂળ એ નાશવાન છે. એ કોઈ ચીજ સ્થિર રહે એવી નથી. આહાહા..!

એથી કહે છે કે '**સમ્યગ્દર્શનકો પ્રધાન કહા હૈ, ક્યોંકિ સમ્યગ્દર્શનકે બિના સબ વ્યવહાર...**' એ તો વિકલ્પ નાશવાન ચીજ એની શું કિંમત? કહે છે. આહાહા..! ઓહોહો..! '**વ્યવહાર મોક્ષકા કારણ નહીં હૈ ઔર સમ્યગ્દર્શનકે વ્યવહારમેં...**' હવે જરી ભક્તિ સિદ્ધ કરવી છે ને. '**સમ્યગ્દર્શનકે વ્યવહારમેં...**' સમ્યગ્દર્શન, જે આત્મા પૂર્ણ સ્વરૂપ ભગવાને સર્વજ્ઞે જોયો એવો જે આ આત્મા અનંત અનંત જ્ઞાન, આનંદ આદિ લક્ષ્મીનો ભંડાર પ્રભુ, એની જેને પ્રતીતિ થઈ એને વ્યવહારમાં જિનદેવની ભક્તિ પ્રધાન આવે એને એમ કહે છે. એને જિનેશ્વર વીતરાગદેવ પરમાત્મા એની ભક્તિ આવા સમ્યગ્દષ્ટિને જ આવે. આહાહા..! ભાષા સમજો છો ભાઈ? થોડી થોડી. ઉજ્જૈન. આ તમારે ઉજ્જૈનના છે ને. ઉજ્જૈનમાં શું ... આહાહા..! ઓળખો છો? આહાહા..!

કહે છે કે સમ્યગ્દર્શનમાં સમ્યક્-સત્ય, સત્યનું દર્શન થયું, સત્ય ત્રિકાળી વસ્તુ સ્વભાવ ભગવાન આત્મા એની સન્મુખતા થઈને દર્શન થયું એને, જેની દશા પૂર્ણ પ્રગટ થઈ છે એવા જિનરાજ વીતરાગ પ્રત્યે આવા જિનભાવની દશા જેને પ્રગટી એને જિનેશ્વરદેવની ભક્તિ આવે. સમજાય છે કાંઈ? એને જ ખરેખર ભક્તિ આવે. પંચાસ્તિકાયમાં કહ્યું છે ને ભાઈ! જ્ઞાનીની જ ભક્તિ ભક્તિ છે. અજ્ઞાનીને ભક્તિ જ નથી. પંચાસ્તિકાયમાં કહ્યું છે. આહાહા..! ધન્ય તારા..! શું પણ માર્ગની શૈલી! ઓહોહો..! ચારે કોર જુઓ તો માર્ગની એક સ્થિતિ ઊભી થાય છે. આહાહા..!

કહે છે કે ધર્મી, જેને પૂર્ણ વીતરાગ સ્વરૂપ આત્મા એનું જેને ભાન થઈને પ્રતીતિ થઈ, એને જ પૂર્ણ વીતરાગ પરમાત્મા પ્રત્યેની ભક્તિનો ભાવ આવે. આહાહા..! એને સાચો ભાવ આવે. આ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રિકાળ જ્ઞાન અને પૂર્ણ વીતરાગદશા એવી જેને નિશ્ચય પ્રતીતિ અહીં

થઈ એને વ્યવહાર પ્રતીતિની ભક્તિ આવ્યા વિના રહે નહિ એમ કહે છે. આહાહા..! પણ જેને હજી આત્મા શું ચીજ છે એની ખબરું ન મળે અને ભગવાનની ભક્તિ (કરે) એ તો પછી એકલો રાગ અને પુણ્ય બાંધે મિથ્યાત્વસહિત. આહાહા..! એટલે કે સત્યના સ્વીકાર વિના એકલો રાગનો અને અસત્યનો સ્વીકાર. આહાહા..! શું પ્રભુની અમૃતવાણી! એ વાણી અને વીતરાગ પ્રત્યે જેને વીતરાગી નિર્વિકલ્પ સ્વભાવની પ્રતીતિ થઈ છે એને જ સાચો વીતરાગ પ્રત્યેનો ભક્તિભાવ ઉલસે છે. એને ભરોસે આવ્યું છે કે આ સ્વરૂપ જ આવું છે એવું ભાન થયું છે. એથી આ સ્વરૂપ પૂર્ણ જેને પ્રગટ્યું એની પ્રતીતિ મોક્ષતત્ત્વની ભેગી આવી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જેને આવા જીવતત્ત્વની પ્રતીતિ આવી, એને મોક્ષની આવી પર્યાય પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવો હું થવાનો છું એમ સમ્યગ્દષ્ટિને ભાન થયું છે, માટે થયેલાને એ ભક્તિ-વંદન આદિ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મનો માર્ગ! આહાહા..! એ કરતા કે ભાઈ વ્રત પાળવા, અપવાસ કરવા, ભક્તિ કરવી (એ સહેલું હતું). એ તો બધું રાગની ક્રિયા છે બાપુ! એ કાંઈ ધર્મ નથી. શું થાય? એવું કરતા નથી આવડ્યું અનંત કાળમાં? આહાહા..! એ તો અસત્‌નો વિકલ્પ છે. આહાહા..! સત્ સ્વરૂપ જે પ્રભુ પોતે એની જેને પ્રતીતિ અને શ્રદ્ધા અંતરથી થઈ એને એવી દશા જેને પૂર્ણ પ્રગટી એના પ્રત્યેનો ભાવ આવે. આમ સિદ્ધ કરવું છે. એને વ્યવહાર સાચો કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? ભારે આકરી વાતું છે.

એ તો પ્રભુ તો ચૈતન્યમૂર્તિ છે આત્મા તો. કહેશે અંદર નહિ? છપ્પય છે નહિ? '**જીવ સદા ચિદભાવ એક અવિનાશી ધારૈ,**' આહાહા..! ભગવાન આત્મા, આ ભગવાન ઓલા નહિ ભગવાન, આ ભગવાન. આહાહા..! '**જીવ સદા ચિદભાવ...**' ભગવાન આત્મા જીવ સદા ચિદભાવને ધારે, સદા ચિદભાવને ધારે, સદા જ્ઞાનસ્વભાવને ધારે. આહાહા..! '**એક અવિનાશી ધારૈ,...**' જોયું પાછું! જ્ઞાનભાવ પણ એકરૂપ અને નાશ ન થાય એવાને ધારે એ આત્મા. આહાહા..! અરે..! એને ન ખબર પડી ભગવાનની, એને ન ખબર પડી આત્માની. એમ ને એમ મૂઢપણે અનાદિથી જૈનના વાડામાં આવીને પણ જૈન પરમેશ્વરને આત્મા કોને કહેવો છે? અને જૈન પરમેશ્વરની પર્યાયનું સ્વરૂપ કેવું? ઓલું દ્રવ્યનું સ્વરૂપ. અને એની પર્યાયનું સ્વરૂપ વીતરાગી કેવા હોય? એનો એને અંતરના સ્વભાવના સત્‌ના પ્રતીત વિના આવી સત્‌ની પર્યાયનો ભરોસો વ્યવહારે પણ એને હોઈ શકે નહિ. આહાહા..! એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે આ શરીર, વાણી, મન આ તો જડ છે. એ કાંઈ આત્માએ ધાર્યા નથી, આત્માએ રાખ્યા નથી. અંદર આઠ કર્મ છે જડ એ આત્માએ રાખ્યા નથી, આત્માએ ધાર્યા નથી. એમાં પુણ્ય-પાપના ભાવ છે એ આત્માએ ધાર્યા નથી, આત્માએ રાખ્યા નથી. આહાહા..! એક સમયની પર્યાય છે એ આત્માએ ધારી નથી, આત્માએ રાખી નથી. આહાહા..! એ તો ભગવાન આત્મા અનંત આનંદ

અને જ્ઞાનાદિ અનંત ગુણને ધાર્યા છે એણે. '**જીવ સદા ચિદભાવ એક...**' આમ એક લીધું છે ને ભાઈ! ઓલો ભેદ નહિ. આહાહા..! એક શુદ્ધ એકરૂપ. આહાહા..! બે થયા ત્યાં બગડે. એકડે એક અને બગડે બે. આહાહા..! ચૈતન્યસ્વરૂપ એની એને ખબર નથી. હું કોણ છું? ક્યાં છું? એની ખબર ન મળે અને પરની માંડે બધી. આહાહા..! ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટા. હું કોણ છું ને ક્યાં છું ને કેવડો છું એની ખબર ન મળે અને ધર્મ થાય. ધૂળમાંય ધર્મ ન થાય. એને તો પુણ્ય પણ સારું ન બંધાય. આહાહા..! એ અહીં કહે છે. ઓલામાં કીધું ને અબંધતુલ્ય એને પુણ્ય બંધાય, તીર્થંકરગોત્ર આદિ. એ બધો અબંધતુલ્ય છે એ એને અંદર ખરેખર ખેરવી નાખશે. આહાહા..! કારણ કે એની દૃષ્ટિના સ્વીકારમાં એનો સ્વીકાર નથી. એટલે મહાપ્રભુનો સ્વીકાર જેની દૃષ્ટિમાં છે એને આ સ્વીકાર નથી એટલે ખસી જશે એ બધું. એની સામું જોવું નથી એટલે વયા જશે એ તો. આહાહા..! ભૂપતભાઈ! આવો માર્ગ છે! આહાહા..!

'**જિનદેવકી ભક્તિ પ્રધાન હૈ, યહ સમ્યગ્દર્શનકો બતાનેકે લિયે મુખ્ય ચિહ્ન હૈ,...**' લ્યો ઠીક! વ્યવહાર છે ને. વીતરાગ પરમેશ્વર જેને એક 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય, એના એક સમયમાં જેને કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા એની તે શ્રદ્ધા કોને આવે? ભાઈ! આમ ભગવાન છે અને અમે માનીએ છીએ. બાપુ! એ તો બધું ઉપરટપકે છે. આહાહા..! આ જગતમાં સર્વજ્ઞ પરમેશ્વર એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેને જ્ઞાનમાં ત્રિકાળી પોતાનું સ્વરૂપ જેને જણાઈ ગયું, ત્રિકાળી પોતાનું સ્વરૂપ જણાઈ ગયું તો એની બધી પર્યાયો જે નિર્મળ એમ એ જણાઈ ગઈ. એની નિર્મળ પર્યાયમાં પૂર્ણ જાણે એ બધું એમાં આવી ગયું. આહાહા..! સમજાણું કાંઈ? એવા વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો સાચો ભરોસો વ્યવહારનો, જેને આત્માની વીતરાગતાની સ્વભાવ મહાસત્તની શ્રદ્ધા થઈ છે, એને આવા પર્યાયવાળા જીવની સત્તાનો સ્વીકાર વ્યવહારે હોય અને તેથી વ્યવહારે ભક્તિ હોય એની. આહાહા..! શું પણ નિશ્ચય-વ્યવહારની સંધિ! આહાહા..! એણે કોઈ દિ' પોતાને જોવાનો, પોતાને જાણવાનો પ્રયત્ન કર્યો નથી અને માંડી બધી પરની. આહાહા..! જાણનારને જાણ્યો નહિ અને બાકી બધી (માંડી). આહાહા..!

અવિનાશી ભગવાન આત્મા. આત્માનો નાશ થાય છે? એની ઉત્પત્તિ થાય છે? એ તો અનુત્પન્ન અને અવિનાશી વસ્તુ છે. આહાહા..! તો એના જેટલા જ્ઞાન, દર્શન, આનંદ એ પણ અનુત્પન્ન અને અવિનાશી ગુણો છે. એવા સ્વભાવના ભાન કરીને જેને પ્રતીત થઈ છે, એવો ત્રિકાળી સ્વભાવને જ્ઞાનની વર્તમાન દશામાં જ્ઞેય બનાવીને જ્ઞાન થયું છે, એની જેને પ્રતીત થઈ છે, એને એવી પૂર્ણ પ્રતીત, પૂર્ણ જેને વીતરાગતા થઈ, સર્વજ્ઞતા છે, એના પ્રત્યે એને બહુમાન અને શ્રદ્ધા આવ્યા વિના રહે નહિ. આહાહા..! એમ કહે છે. ભાવપાહુડનો સરવાળો કરે છે. આહાહા..! કહો, ચેતનજી! આવી વાતું છે. આહાહા..! એની સમજણ બાપુ! તું કોણ છો એની તને ખબર નથી. ધર્મ કરનારો કોણ છે? કેવડો છે?

ક્યાં છે? કેમ છે? એની ખબર નથી અને એને ધર્મ થઈ જાય. રાગની, પુણ્યની કોઈ ક્રિયા હોય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા (તો) મિથ્યાત્વસહિત પુણ્ય બાંધે. આહાહા..! એ પુણ્ય તો અઘાતિનું બાંધે એટલે સંયોગ કાંઈક ફરે. સ્વભાવ ફરે નહિ. આહાહા..!

'**બતાનેકે લિયે મુખ્ય ચિહ્ન હૈ, ઈસલિયે જિનભક્તિ નિરંતર કરના ઔર જિન-આજ્ઞા માનકર આગમોક્ત માર્ગમેં પ્રવર્તના યહ શ્રીગુરુકા ઉપદેશ હૈ.**' ભગવાન કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. સીમંધર પ્રભુ જીવતા સ્વામી-જીવંતસ્વામી કેવળી પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં જમીન ઉપર બિરાજે છે. એમની પાસે આ કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં ગયા હતા. સાક્ષાત્ ભગવાન બિરાજે છે એ અત્યારે હજી. કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષનો દેહ છે, ચાર કર્મ નાશ થયા છે, ચાર કર્મ બાકી છે, ઉપદેશની દિવ્યધ્વનિ છૂટે છે, ઈન્દ્રો ને ગણધરો, નાગ ને વાઘ સાંભળવા આવે છે. આહાહા..! એની પાસે ગયા હતા. એ આવીને આ શાસ્ત્ર રચ્યા છે. ત્યાંથી આવીને આ શાસ્ત્ર (રચ્યા). ભગવાનનો આ આદેશ છે, ભગવાનની આ આજ્ઞા છે એમ કુંદકુંદાચાર્ય આડતિયા થઈને વીતરાગનો માલ આપે છે જગતને. આહાહા..! અરે! એને કાંઈ ખબર ન મળે. હું કોણ છું? ક્યાં છું? શું કરું છું? ભગવાન ક્યાં છે? ભગવાન થયેલા હોય તો ક્યાં છે? થયા છે કે નહિ? સાધકપણે જેણે સ્વરૂપનું સાધનપણું પ્રગટ કર્યું એને અલ્પ કાળમાં કેવળજ્ઞાન પરમાત્મા થયા વિના રહે નહિ. તો એવા સાધકજીવો સિદ્ધ થયેલા એટલે મોક્ષ થયેલા ક્યાં છે? અને એ ભાવ કેવો છે? એને સમ્યગ્દૃષ્ટિને જ એનું બહુમાન અને ભક્તિ આવે એમ કહે છે. આહાહા..!

'**અન્ય જિન-આજ્ઞા સિવાય...**' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એણે જે આ સમ્યગ્દર્શનનો માર્ગ કહ્યો એના સિવાય જેટલા કુમાર્ગ છે, વીતરાગ પરમેશ્વરની આજ્ઞા વિરુદ્ધ જેણે કલ્પના કરીને માર્ગ બાંધ્યો છે એ બધા કુમાર્ગ છે. '**ઉનકા પ્રસંગ છોડના;...**' આની ભક્તિ કરના અને આનો પ્રસંગ છોડના, એમ. હવે એને ઓળખવું પડશે કે નહિ? આહાહા..! વીતરાગને નામે પણ વીતરાગની આજ્ઞા બહારના માર્ગ ચલવ્યા જગતે. આહાહા..! અરે..! ક્યાં હતો ભાઈ? નરક ને નિગોદમાં અનંતા ભવ કર્યા. એમાંથી બહાર માંડ આવ્યો છો. આહાહા..! એ દુઃખની પરંપરા એણે વેદી છે. ભગવાન જાણે, એણે દુઃખ વેદ્યા એની એને ખબર નથી અત્યારે. આહાહા..! નિગોદમાં નરકના નિગોદના દુઃખો અનંત ભવ કરી કરીને ત્યાં રહ્યો. એ મિથ્યાદર્શનને લઈને. આહાહા..! એ અહીં કહે છે કે દુઃખથી મૂકાવાનો ઉપાય હોય તો આ એક છે. આહાહા..! વીતરાગની આજ્ઞાનું સમ્યક્, વીતરાગી આજ્ઞાનું જ્ઞાન, વીતરાગી આજ્ઞાનું ચારિત્ર. આહાહા..! વીતરાગી સ્વભાવની પ્રતીતિ, વીતરાગ સ્વભાવનું જ્ઞાન ને વીતરાગ સ્વભાવમાં રમણતા આહાહા..! એક જ (મોક્ષમાર્ગ છે), એના સિવાય બધા કુમાર્ગ છે.

'**ઈસપ્રકાર કરનેસે આત્મકલ્યાણ હોતા હૈ.**' લ્યો! આવો માર્ગ સાધવાથી એનું કલ્યાણ થાય. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ ૧૦, શનિવાર તા. ૨૯-૦૬-૧૯૭૪**
**ગાથા - ૧૬૫, ૧-૨, પ્રવચન - ૧૮૬**

ભાવપાહુડનું છેલ્લું છે છપ્પય.

छप्पय

जीव सदा चिदभाव एक अविनाशी धारै।
कर्म निमितकूं पाय अशुद्धभावनि विस्तारै।।
कर्म शुभाशुभ बांधि उदै भरमैं संसारै।
पावे दुःख अनंत च्यारि गतिमैं डुलि सारै।।
सर्वज्ञदेशना पायकै तजै भाव मिथ्यात्व जब।
निजशुद्धभाव धरि कर्महरि लहै मोक्ष भरमैं न तब।।

'**જીવ સદા ચિદભાવ એક અવિનાશી ધારૈ,...** ' જીવનો સ્વભાવ તો જ્ઞાનભાવ છે. એ ત્રિકાળ જેમ વસ્તુ પોતે છે એમ ત્રિકાળ એનો ચિદ્ભાવ જ્ઞાનભાવ છે. '**એક અવિનાશી ધારૈ,...**' એકસ્વરૂપ છે જ્ઞાનભાવ. એવા અવિનાશી ગુણને—સ્વભાવને જીવ ધારે છે. એને જીવ કહીએ. આહાહા..! જીવ એને કહીએ કે જે એક ચિદ્ભાવ-જ્ઞાનભાવ-જાણવાની શક્તિરૂપ ભાવ એક, સામાન્ય અવિનાશી—નાશ ન થાય એવો એને એ જીવ ચિદ્ભાવને ધારે છે. આહાહા..! એકરૂપ રહેનાર. એવો જે જીવ જ્ઞાનભાવસ્વભાવ એક અવિનાશી સામાન્યને ત્રિકાળ ધારે છે, એને આત્મા કહીએ. એવો આત્મા જ્ઞાનભાવ અવિનાશી છે એવી જેને દૃષ્ટિ થાય એને સમ્યગ્દર્શન થાય. કેમકે જે જ્ઞાનસ્વભાવ-જાણકસ્વભાવ એને ધારે છે જે જીવ, એવા સ્વભાવની જે દૃષ્ટિ કરે એને પર્યાયમાં સમ્યગ્દર્શન થાય. આવી વાત છે.

જીવ એટલે આત્મા. એ તો જ્ઞાનભાવ, આત્મા ભાવવાન છે, સ્વભાવવાન છે. એનો સ્વભાવ જ્ઞાનભાવ ત્રિકાળ જ્ઞાનભાવ છે. એવા અવિનાશી સ્વભાવને ધારી રાખે તે જીવ. ખરેખર તો એ શરીરને, કર્મને, રાગને પણ ધારી રાખે નહિ. આહાહા..! ખરેખર તો એની એક સમયની પર્યાય બદલે એને પણ ન ધારી રાખે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સદા. એ જીવ જ્ઞાનભાવ-જ્ઞાનસ્વભાવ, જે ધ્રુવ પોતે એનો જ્ઞાનસ્વભાવ એ ધ્રુવ ત્રિકાળ અવિનાશી એવા સ્વભાવને ધારે એને જીવ કહીએ. આહાહા..! એ શરીરને ન ધારે, વાણીને ન ધારે, એ કર્મને ન ધારે, એ પુણ્ય-પાપના વિકલ્પને પણ રાખે નહિ. આહાહા..! એમ એક સમયની પર્યાય છે એ તો બદલતી છે. સદાય એનું ધારવું તો ચિદ્ભાવ-જ્ઞાનભાવનું ધરવું છે. ઝીણી વાતું છે. કાલે છોકરા

બે આવ્યા નહોતા તમારા? ઉજ્જૈનથી. ઓલો નાનો કહેતો હતો કે મારું મન તો કોઈને માને નહિ. ધર્મ-બર્મની આપણને કાંઈ ખબર નહિ. પણ તમે કીધું કે અંદર જુઓ કાંઈક છે. ત્યારથી કાંઈક લાગ્યું છે કહે છે. બે છોકરા આવ્યા હતા ને કાલે. ઉજ્જૈનથી આવ્યા હતા. દિગંબર હતા? એ નાનો છોકરો જરી... અંદર છે કાંઈક. મેં કીધું, બહાર જો છે એ નહિ પણ અંદર ચીજ છે. કાંઈક લાગ્યું ખરું કાંઈક. લઈ ગયો કેટલાક ફોટા અને લઈ ગયો થોડા... અરે..! ભાઈ! તું જે છો એ ક્યાં છો? શેમાં છો? તું છો એ જ્ઞાનમાં છો—ચિદ્‌ભાવમાં છો. એવા જ્ઞાનસ્વભાવ, એવી ભાવને ધરનાર ચીજ એને સર્વજ્ઞના ઉપદેશ દ્વારા પહેલું જાણી અને પછી અનુભવમાં લાવવું એનું નામ ધર્મની પહેલી શરૂઆત, સમ્યગ્દર્શન એને કહે છે.

‘**કર્મ નિમિતકૂં પાય...**’ પણ પર્યાયમાં કર્મરૂપી નિમિત્ત એક જડ છે એના સંગને લઈને ‘**અશુદ્ધભાવનિ વિસ્તારૈ.**’ આહાહા..! એ પુણ્ય ને પાપ ને સંકલ્પ-વિકલ્પ એ અશુદ્ધ નિમિત્તને કારણે અશુદ્ધતા વિસ્તારે છે. સ્વભાવમાં એ અશુદ્ધતા વિસ્તારવાનો કોઈ ગુણ નથી, કોઈ શક્તિ નથી એની કે અશુદ્ધતા વિસ્તરે. આહાહા..! અશુદ્ધતાનો વિસ્તાર થાય, અશુદ્ધતા જન્મે એવો એનો કોઈ ગુણ નથી અંદર. આહાહા..! ફક્ત એ કર્મના નિમિત્તના સંગે વર્તમાન પર્યાય—હાલત સંગમાં જોડાઈ જાય છે તેથી અશુદ્ધભાવનો વિસ્તાર કરે. આહાહા..! શુભ-અશુભના અસંખ્ય પ્રકાર છે એ બધા કર્મના નિમિત્તના સંગે, સ્વભાવનો સંગ, સ્વભાવનો સંગ ભૂલીને પર્યાયનો સંગ કરે, પેલા નિમિત્તનો સંગ કરે એટલો એને અશુદ્ધભાવનો વિસ્તાર થાય. અશુદ્ધભાવ એટલે કે શુભાશુભ ભાવ બેય. આહાહા..! એ કહે છે હવે.

‘**કર્મ શુભાશુભ બાંધિ...**’ એ અશુદ્ધભાવને લઈને, અશુદ્ધના બે પ્રકાર—એક શુભ-દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ આદિ અને એક અશુભ—કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ આદિ. એ અશુદ્ધનો એક પ્રકાર જે શુભભાવ એનાથી શુભકર્મ બાંધે અને અશુદ્ધનો એક (પ્રકાર) અશુભભાવ એ અશુભ કર્મ બાંધે. ‘**કર્મ શુભાશુભ બાંધિ ઉદૈ ભરમૈ સંસારૈ.**’ અને એનો ઉદય થતાં વળી પોતે રાગ-દ્વેષને કરે અને સંસારમાં રખડે. આહાહા..! ‘**પાવૈ દુઃખ અનંત...**’ આહાહા..! જુઓ! અહીં શુભાશુભ કર્મ, શુભાશુભભાવ એ અશુદ્ધભાવ, એ દુઃખરૂપ અને એનાથી બંધાય કર્મ, એના ફળ પણ દુઃખરૂપ. આહાહા..! ચારેય ગતિ દુઃખરૂપ. સ્વર્ગમાં જાય તોપણ દુઃખ છે, નરકમાં પણ દુઃખ છે. આત્માના આનંદ, જ્ઞાન ત્રિકાળ સ્વભાવ એવો અતીન્દ્રિય આનંદનો ત્રિકાળ સ્વભાવ એને ધરનારો ભગવાન આત્મા, એ આનંદના સ્વભાવને પકડીને જે દર્શનશુદ્ધિ પ્રગટ કરે એને આનંદનો સ્વાદ આવે એટલે કે એને દુઃખ ન થાય અને સુખ થાય. આહાહા..! પણ કર્મના નિમિત્તના સંગે દોરાતા અનાદિથી એને શુભાશુભભાવ અશુદ્ધ થાય, એ શુભ-અશુભથી શુભાશુભ કર્મ બંધાય. એને લઈને ચાર ગતિમાં રખડે. આહાહા..! એ ક્યાંય સુખી નથી. શુભ અને અશુભભાવથી બંધન કરે અને બંધનના ફળમાં ચાર ગતિ મળે. ક્યાંય સુખ નથી. સુખસ્વરૂપ તો ભગવાન આત્મા છે. જેમ જીવ અવિનાશી જ્ઞાનને ધરે છે,

એવો જ અવિનાશી આનંદને આત્મા ધરે છે. એને આત્મા કહીએ. જેને આત્મા જાણવો હોય એણે અવિનાશી આનંદના ધરનારને પકડવો. આહાહા..!

**'પાવૈ દુઃખ અનંત ચ્યારિ ગતિમૈં ડુલિ સારૈ.'** ચાર ગતિમાં ડુલે, રખડે. આહાહા..! મનુષ્યગતિ હો, દેવગતિ હો, નરક હો કે તિર્યંચ હો, એ બધી દુઃખની ગતિઓ છે. આહાહા..! કાંઈક મનુષ્યપણું મળે, શરીર ઠીક રહે, એમાં જુવાનીની અવસ્થા હોય શરીરની તો એમાં એને મજા લાગે. અરે..! ભગવાન એ તો માટી છે ને પ્રભુ! એ માટીનો માટી તું નથી. તું તો આનંદ અને જ્ઞાનનો માટીનો સ્વભાવ છે તું. આહાહા..! જ્ઞાન અને આનંદ એવો જે ત્રિકાળ ધ્રુવ સ્વભાવ એને ધરનારો ભગવાન એના સમીપમાં જાને ભાઈ! આહાહા..! એના સમીપને છોડીને કર્મના સમીપમાં જઈશ તો શુભ-અશુભભાવ એવા અશુદ્ધભાવ ઉત્પન્ન થશે, બંધાશે કર્મ અને ચાર ગતિમાં રખડશે. આહાહા..!

**'સર્વજ્ઞદેશના પાયકૈ...'** સર્વજ્ઞદેશના. સર્વજ્ઞ જે જ્ઞાનસ્વભાવ અવિનાશી એને ધરનારો ભગવાન એ જ્ઞાન સંપૂર્ણ સ્વરૂપ શક્તિ એની છે. એની જેને વ્યક્તિ પ્રગટ દશા સર્વજ્ઞ પરમેશ્વરને થઈ. તીર્થંકરદેવ કેવળજ્ઞાની ભગવાન એ સર્વજ્ઞ જ્ઞસ્વભાવને જે ધારતો હતો આત્મા ત્રિકાળ, એનો આશ્રય લઈ અને જે ત્રિકાળ જ્ઞાનસ્વભાવ પૂર્ણ સર્વજ્ઞ શક્તિ હતી એને પર્યાયમાં પ્રગટ કરી. એમનો દેશના પામીને... જેણે ભગવાન આત્માને ત્રિકાળી જોયો અને ત્રિકાળી જાણનારની પર્યાયમાં ત્રિકાળી જાણવું પ્રગટ કર્યું. આહાહા..! એવા ભગવાને જે ઉપદેશ આપ્યો.

**'સર્વજ્ઞદેશના પાયકૈ તજૈ ભાવ મિથ્યાત્વ જબ.'** એનો અર્થ એ કીધો કે સર્વજ્ઞની દેશના એવી હોય છે કે સ્વભાવની દૃષ્ટિ કર, મિથ્યાત્વને ટાળ એટલે કે સુખને પ્રગટ કર, દુઃખને ટાળ. આહાહા..! સમજાણું કાંઈ? સુખી થવું હોય તો સર્વજ્ઞની દેશના એવી છે કે એ સર્વજ્ઞસ્વભાવ તરફ જવાની વાત કરે છે એ. એ રાગ ને નિમિત્ત ને અલ્પજ્ઞથી ખસી ત્રિકાળ સ્વભાવની સમીપમાં જા, તને સુખ થશે અને દુઃખ ટળશે. મિથ્યાત્વ એટલે દુઃખ, સમકિત એટલે સુખ. આહાહા..! **'સર્વજ્ઞદેશના પાયકૈ તજૈ ભાવ મિથ્યાત્વ જબ.'** એનો અર્થ કે ભગવાનની દેશનામાં એ આવ્યું હતું કે સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા તું, જેણે અનંત અવિનાશી જ્ઞાનસ્વભાવને ધારી રાખ્યો છે એવો જે ભગવાન આત્મા એની સન્મુખ જો. આહાહા..! એની સન્મુખ જોતા તને સુખ થશે અને મિથ્યાત્વરૂપી દુઃખનો તને નાશ થશે. આહાહા..! આ ભગવાનનો ઉપદેશ આ હતો. આહાહા..!

**'તજૈ ભાવ મિથ્યાત્વ જબ.'** એમ છે ને? મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા. એટલે રાગ મને લાભ કરશે, નિમિત્ત મને લાભ કરશે, અલ્પજ્ઞ દશા એટલો હું એવી જે મિથ્યા શ્રદ્ધા. એ સર્વજ્ઞની દેશનામાં એ આવ્યું કે એ નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞની જે દૃષ્ટિ છે એ દુઃખરૂપ છે. આહાહા..! ત્રિકાળ ધ્રુવસ્વભાવ નિત્યાનંદ પ્રભુ એની દૃષ્ટિ કરવાથી તને સુખ થશે, તું સુખને પંથે પડીશ. આહાહા..! આવો માર્ગ ભગવાનનો. અહીં તો પહેલું જ એ કીધું. **'સર્વજ્ઞદેશના પાયકૈ તજૈ ભાવ મિથ્યાત્વ જબ.'**

આહાહા..! જ્ઞાનસ્વભાવથી ભરેલો ભગવાન એને પકડવાથી, એની સન્મુખ થવાથી પર્યાય ને રાગ ને નિમિત્તથી વિમુખ થાય છે અને સ્વભાવની સન્મુખ થાય છે એને સુખ થાય છે. સમ્યગ્દર્શન થતાં એને દુઃખ, મિથ્યાત્વનો નાશ થાય છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. લોકોને નામે ભગવાનને નામે બીજું સાંભળ્યું બધું. વ્રત કરવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી એ તો સર્વજ્ઞદેશનામાં ન આવ્યું આમાં. આમાં તો એ આવ્યું કે સ્વભાવની સન્મુખ થા અને વિમુખ જે છો સ્વથી એનો નાશ કર. આહાહા..! કર્મના નિમિત્તના સંબંધે થતા અશુદ્ધભાવ એની એકતાબુદ્ધિ તોડ અને સ્વભાવની એકતાબુદ્ધિ કર. આ ભગવાનની દેશના હતી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અરે..! તારું વીર્ય પરમાં અશુદ્ધભાવમાં ઉલ્લસિત થયું છે, કર્મના સંગમાં તારું વીર્ય ઉલ્લસિત થયું છે એ મિથ્યાત્વભાવ ને એ સંસાર ને એ દુઃખરૂપ છે. આહાહા..! તારો નાથ આનંદથી ભરેલો અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે તું, એમાં વીર્યને વાળ. તારી આનંદદશા જે સુખરૂપ શક્તિ છે એમાંથી આનંદનો પ્રવાહ આવશે અને એકતાબુદ્ધિનું જે દુઃખ છે એ ટળી જશે. આહાહા..! આ ચાર અનુયોગમાં સર્વજ્ઞની દેશના આ છે. આહાહા..! વીતરાગતા કીધી છે ને તાત્પર્ય? એનો અર્થ એ. ચારેય અનુયોગમાં તાત્પર્ય તો વીતરાગતા છે. એટલે કે પર તરફના રાગ ને વિકલ્પથી હઠી જઈ અને સ્વભાવ સન્મુખ થતાં જ વીતરાગતા પ્રગટ થાય છે. અને એ ચારેય અનુયોગોનો અને ભગવાનની દેશનાનો આગમનો આ સાર છે. સમજાણું કાંઈ?

'**નિજશુદ્ધભાવ ધરિ...**' જોયું! જ્યારે સર્વજ્ઞની દેશના મળી કે પ્રભુ! તું તો પૂર્ણ આનંદ અને જ્ઞાન-જ્ઞાન સ્વભાવ, ચિદ્‌ભાવ એનો ધરનાર છો ને તું. રાગાદિની અને એક સમયની પર્યાય પણ રાખનાર તું નથી. આહાહા..! અવ્યક્તમાં આવે છે ને છઠ્ઠો બોલ અવ્યક્તનો. પોતે પોતાથી બાહ્ય અભ્યંતર અનુભવમાં આવતો છતાં વ્યક્ત પ્રત્યે ઉદાસીન છે. આહાહા..! એ પર્યાયની આનંદની દશા એક સમયની એનાથી ઉદાસ છે. ત્યાં ટકતો નથી. આમ પડે છે. છઠ્ઠો બોલ છે ને અવ્યક્તનો? આહાહા..! પાંચમો બોલ એમ છે કે વ્યક્ત અને અવ્યક્ત એ બંનેનું જ્ઞાન એક સાથે હોવા છતાં વ્યક્તને સ્પર્શતો નથી, પર્યાયને અડતો નથી કહે છે. આહાહા..! એવો તારો સ્વભાવ આહાહા..! એક સમયની પર્યાયને એ સ્પર્શતો નથી એમ કહે છે. વ્યક્ત જે પ્રગટ દશા.. આહાહા..! એવો જે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ચૈતન્યભર્યું સત્ત્વ એને અવ્યક્ત કહીએ, પર્યાયની પ્રગટ અવસ્થાની અપેક્ષાએ. આહાહા..! એવા અવ્યક્ત ભગવાન આત્માની સન્મુખ થતાં, આદર થતાં, સ્વીકાર થતાં જે દશા થાય એને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? ભગવાનની દેશના આ છે. આહાહા..!

બાર સભામાં ઈન્દ્રો અને ગણધરોની હાજરીમાં ઈચ્છા વિનાનો દિવ્યધ્વનિ, દિવ્ય એટલે પ્રધાન અવાજ એવો આવ્યો એને સર્વજ્ઞની દેશના કહે છે. એને પામીને પણ એમ. એ જેને મળી છે એને પામીને આ સ્વભાવસન્મુખ થાય છે. આહાહા..! એ '**નિજશુદ્ધભાવ ધરિ...**' પર્યાયની અંદર હવે.

'**કર્મહરિ...**' પોતાનો ત્રિકાળ શુદ્ધ ધ્રુવ સ્વભાવ જ્ઞાનભાવ એ ત્રિકાળ ધરનારો જીવ એને પકડી અને જેણે નિજ શુદ્ધભાવ ધારણ કર્યો. કર્મહરિ—અને કર્મને નાશ કર્યા. '**લહે મોક્ષ...**' એ મોક્ષને પામે છે. આહાહા..! '**ભરમૈ ન તબ.**' તે ભ્રમણામાં આવતો નથી, સંસારમાં રખડતો નથી. આહાહા..! ટૂંકામાં ઘણું કહ્યું. આહાહા..! છપ્પય કર્યો છે એમાંથી.

दोहा

मंगलमय परमातमा, शुद्धभाव अविकार।
नमूँ पाय पाऊँ स्वपद, जाचूँ यहै करार।।

કહે છે, ભાવપાહુડ પૂર્ણ કરતા હું મંગળમય પરમાત્માને, શુદ્ધભાવ અવિકારી જે છે પૂર્ણ એને હું નમું છું. મારું નમન, વલણ પૂર્ણ પરમાત્માદશા જેને પ્રાપ્ત થઈ છે, અવિકારી શુદ્ધદશા જે ભગવાનને મળી પ્રાપ્ત છે, એ મારે પ્રાપ્ત કરવી છે, માટે એવા પરમાત્માને હું નમું છું. આવા પરમાત્માનો મારો વિનય એને ત્યાં જાય છે. આહાહા..! ભારે ઝીણી વાતું ને એટલે માણસને સાંભળવા નવા સાંભળવા આવે એને તો એવું લાગે કે શું કહે છે આ? માર્ગ એવો ઝીણો છે. જેને આ શરીર, વાણી, મનની ક્રિયા સાથે કાંઈ સંબંધ નથી. એ તો નથી, પણ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એની સાથે ચૈતન્યને સંબંધ નથી. આહાહા..! એ તો નિમિત્ત (આધીન) ઉત્પન્ન થયેલો વિકારી ભાવ, કૃત્રિમ ભાવ છે. અકૃત્રિમ ત્રિકાળી જ્ઞાન, આનંદ જે નહિ કરાયેલા સ્વભાવવાળું તત્ત્વ એની દૃષ્ટિ કર, અને રાગની એકતાનું મિથ્યાત્વ ત્યાં ટળી જશે. ત્યાં શુદ્ધભાવ રહેશે. આગળ વધીને સ્થિરતા થઈને પૂર્ણ શુદ્ધ થશે. આહાહા..! આ માર્ગ છે.

'**નમૂં પાય પાઊં સ્વપદ,...**' જોયું! હું તો મારા સ્વપદને પામું એ મારી (ભાવના) છે. આહાહા..! પરમપદ એવા પરમાત્માને નમું ખરો, પણ મારે પામવાનું તો સ્વપદ છે. આહાહા..! 'નિજપદ જિનપદ એકતા.' આહાહા..! 'ભેદભાવ નહિ કાંઈ' એવો મારો નિજપદ, જિનપદ સ્વરૂપે એને હું પર્યાયમાં પામું એ મારી ભાવના છે. દુનિયા ગણે, ન ગણે, માને ન માને એની સાથે મારે કાંઈ સંબંધ નથી. '**જાચૂં યહૈ કરાર.**' હું તો મારા સ્વપદને જાચું એમ કહે છે. એ મારો કોલકરાર છે. આહાહા..! ભગવાનને વંદન કરીને પણ મારા સ્વપદને જાચું એ મારો કોલકરાર છે. આહાહા..! જુઓ! એક આ જયચંદ્ર પંડિત ગૃહસ્થાશ્રમમાં રહેલા પણ કેવા ભાવને સ્પષ્ટ કરે છે. '**જાચૂં યહૈ કરાર.**' મારો કોલકરાર તો આ છે. મારું નિજપદ ભગવાન આત્મા એની પર્યાયમાં મને પ્રાપ્ત પૂર્ણ થાઓ એ મારી જાતના, એ મારો કોલકરાર છે. સ્વર્ગ પણ જોઈતું નથી, પુણ્યભાવ પણ જોતા નથી. આહાહા..! ભગવાનને વંદન કરતા વિકલ્પ ઊઠે એના ફળને મારે જોઈતું નથી કહે છે. મારે તો નિજપદની પ્રાપ્તિ એ જોઈએ છે.

'**ઈતિ શ્રી કુંદકુંદસ્વામીવિરચિત ભાવપ્રાભૃતકી જયપુરનિવાસી પં. જયચંદ્રજી છાવડા કૃત દેશભાષામય વચનિકા સમાપ્ત**' થઈ લ્યો! ભાવપાહુડ પૂરું થયું લ્યો.

# લિંગપાહુડ
# ૭

હવે લિંગપાહુડ. મોક્ષપાહુડ થઈ ગયું છે. સાતમું લિંગપાહુડ. છ પાહુડ થઈ ગયા. '**અથ લિંગપાહુડકી વચનિકાકા અનુવાદ લિખતે હૈં :-** '

दोहा

जिनमुद्राधारक मुनी निजस्वरूपकूं ध्याय।
कर्म नाशि शिवसुख लियो बंदूं तिनके पांय।।१।।

જેણે વીતરાગ મુદ્રા ધારણ કરી. આહાહા..! બાહ્ય વીતરાગમુદ્રા નગ્ન દશા, અંતર વીતરાગમુદ્રા અવિકારી દશા. જેવો જિનનો સ્વભાવ જીવનો, જિન એનો નિજ સ્વભાવ એવી મુદ્રા જેને પર્યાયમાં પ્રગટ થઈ. આહાહા..! જેને ત્રણ કષાયનો અભાવ એવી વીતરાગમુદ્રા પ્રગટ થઈ એને મુનિ કહીએ.

મુમુક્ષુ :- પંચમકાળમાં મુનિ જ ક્યાં છે?

ઉત્તર :- મુનિ તો આને હોય, પંચમકાળ હોય કે ચોથો કાળ હોય. ત્રણે કાળમાં મુનિપણાની દશામાં ફેર નથી.

'**જિનમુદ્રાધારક...**' અહો! જીવનું સ્વરૂપ જ જિનસ્વરૂપ છે. અવિનાશી જ્ઞાનને ધારનાર કહો કે વીતરાગી સ્વભાવને ધારનાર કહો. ચારિત્રને ધારનાર એટલે વીતરાગસ્વભાવને ધારનાર એવો જે આત્મા એનો આશ્રય લઈને એને પડખે આવીને જેણે વીતરાગતા પ્રગટ કરી. એ અંદરમાં હતી તે પ્રગટ કરી. એને જિનમુદ્રા કહેવામાં આવે છે. બાહ્યમાં નગ્ન મુદ્રા. આહાહા..! મુનિને વસ્ત્રનો ધાગો ન હોય. ઓહો..! પાત્ર, વસ્ત્ર ન હોય. અંદરમાં વીતરાગતા પ્રગટી છે એને એક શરીરમુદ્રા રહી ગઈ છે. આહાહા..! એને એક વિકલ્પ ઊઠે તો પંચ મહાવ્રતના આદિ તો એ દ્રવ્યલિંગ છે. એ હો. પણ '**જિનમુદ્રાધારક મુનિ...**' જોયું! '**જિનમુદ્રાધારક મુની નિજસ્વરૂપકૂં...**' પોતાનું નિજસ્વરૂપ છે તેનું ધ્યાન કરે છે. મુનિ તો નિજસ્વરૂપના ધ્યાની હોય છે. શુદ્ધ ઉપયોગવાળા હોય છે ને. આહાહા..! હવે એની તો અત્યારે ના પાડે છે કે શુદ્ધ ઉપયોગ હોય નહિ. અરે..! ભગવાન! તો પછી થઈ રહ્યું. સમ્યગ્દર્શન પણ નથી અને સાધુ પણ નથી કોઈ.

'**નિજસ્વરૂપકૂં ધ્યાય.**' ભગવાન પૂર્ણ આત્મા, પરમાત્મા એવું જે નિજસ્વરૂપ એનું એને ધ્યાન હોય છે. એને રાગનું, પુણ્યનું એનું ધ્યાન હોતું નથી એમ કહે છે. આવે વચ્ચે ખરું, ધ્યાન એનું નથી,

ધ્યાન તો આત્માના સ્વરૂપનું છે. આહાહા..! '**જિનમુદ્રાધારક મુની નિજસ્વરૂપકું ધ્યાય,...** ' નિજસ્વરૂપ વીતરાગમૂર્તિ આનંદનો નાથ ભગવાન એને જેણે ધ્યાનમાં વિષય કર્યો છે, ધ્યાનમાં જેણે વિષય એને બનાવ્યો છે એ એનું ધ્યાન કરે છે. આહાહા..! મુનિની વાત છે ને.

મુનિ પંચ પરમેષ્ઠીમાં ભળે છે. આહાહા..! નમો લોએ સવ્વ સાહુણં. જેને ગણધર નમસ્કાર કરે. તીર્થંકરના વજીર, દીવાન એ નમસ્કાર (કરે) એ મુનિપણું કેવું હોય ભાઈ! જેને અંતરમાં વીતરાગતાની છોળું ઊઠે છે. આહાહા..! જેને અતીન્દ્રિય આનંદની ધારા (વહે છે). મુનિ એને કહીએ કે અતીન્દ્રિય ધારા સ્વસંવેદન પ્રત્યક્ષ (હોય). પ્રચુર સ્વસંવેદન આવે છે ને? સ્વ નામ આત્માનું સંવેદન-પ્રત્યક્ષ(વેદન) આનંદનું, અતીન્દ્રિય આનંદનું વેદન જેને ધારાવાહી હોય છે. આહાહા..! એને ભાવલિંગરૂપી જિનમુદ્રા કહીએ. આવી વાતું કેવી? ઓલી તો કહે ભગવાનની ભક્તિ કરવી, જાત્રા કરવી, પાલિતાણે જાવું, સમ્મેદશિખર જાવું. ચૈત્ર સુદ પૂનમ. અષાઢ સુદ પૂનમ આવશે આ હવે. ભાઈ! એ તો બધો શુભભાવ હોય છે, એ કાંઈ ધર્મ નથી. આહાહા..! એ તો અશુદ્ધભાવનો એક ભાગ છે. એનાથી પુણ્યબંધ થાય અને એનાથી સંસાર મળે. આહાહા..!

મુમુક્ષુ :- સંસાર તો મીઠો ન લાગે?

ઉત્તર :- મીઠો ધૂળ મીઠો કીધો અહીં તો. ચાર ગતિ મળે, દુઃખની દશા છે. આહાહા..! અશુભ હોય તો નરક અને ઢોર. શુભ કાંઈક થોડું હોય તો મનુષ્ય અને વિશેષ હોય તો દેવ (થાય). રખડવાના બધા દુઃખના સ્થાન છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનું ધામ ભૂલાઈને જે શુભાશુભ ભાવ થાય, અરે..! ભૂલ્યા વિના પણ થાય. આહાહા..!

મુમુક્ષુ :- ચારિત્રનો દોષ.

ઉત્તર :- ચારિત્રનો દોષ. તોપણ છતાં ફળ તો દુઃખ છે ને. આહાહા..! (સમયસાર ગાથા) ૭૪માં કહ્યું નહિ? શુભભાવ એ દુઃખ છે અને દુઃખનું ફળ છે. આહાહા..! ગજબ વાત! વીતરાગની વાતું. પોતે કહે છે કે મારી વંદના વિનય કરતા તને શુભભાવ થશે. એ શુભભાવ વર્તમાન પણ દુઃખ છે અને ભવિષ્યમાં એનાથી સંયોગ મળશે વીતરાગની વાણી કે વીતરાગ, એ પરદ્રવ્ય મળશે ત્યાં તારું લક્ષ જશે તો તને રાગ થાશે. ત્યાં પણ દુઃખ છે. આહાહા..! વીતરાગ એમ કહે હોં!

મુમુક્ષુ :- .. વીતરાગી જ થાય.

ઉત્તર :- વીતરાગ. આહાહા..!

કહે છે, આવા નિજસ્વરૂપને ધ્યાય કરી મુનિઓ... પરમેશ્વર કહે છે કે મારું ધ્યાન નહિ. એનું નિજ સ્વરૂપ અંદર આનંદનો નાથ ભગવાન છે, શુદ્ધ ચૈતન્યઘન છે... આહાહા..! જેને ધ્યાનમાં લેવાથી જેને આનંદ આવે એને ધ્યાનમાં લે નહિ. જેને ધ્યાનમાં લેતા રાગ થાય એ તો દુઃખ થાય. આહાહા..! માર્ગ એવો છે ભાઈ!

**'નિજસ્વરૂપકૂં ધ્યાય.'** જુઓ! મુનિઓ તો પોતાના સ્વરૂપનું ધ્યાન કરે છે એમ કહે છે. એ પંચ મહાવ્રત પાળે અને અઠ્યાવીશ મૂળગુણ પાળે એની વાત નથી અહીં. આહાહા..! હોય છે એને એ જાણે છે. કારણ કે જીવનો જ્ઞાનસ્વભાવ છે અને એ જ્ઞાનસ્વભાવ ધ્રુવ છે. એમાંથી પ્રગટેલી દશા પણ જ્ઞાન છે. એ જ્ઞાન રાગ થાય, વ્યવહાર થાય એને જાણે. આહાહા..! સવારમાં એક પ્રશ્ન કહ્યો હતો સવારમાં દસ્ત જતાં. કીધું, આ લોકની તૃષ્ણા.. ચૈતન્ય સર્વને જાણે એવો સ્વભાવ છે એવું જેને ભાન નથી એની તૃષ્ણા અનંતગુણી આમ પરમાં ગઈ. આહાહા..! કારણ કે વસ્તુ ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એક સમયમાં એવી એની શક્તિ અને એટલું એનું સ્વરૂપ છે. એ જ્યારે લક્ષમાં આવ્યું નહિ ત્યારે પર તરફ દ્રવ્યને મેળવવાની ઇચ્છા ઉત્પન્ન થઈ. એ ઇચ્છા પણ અનંતી થઈ. આહાહા..! તૃષ્ણા. એ તો આવ્યું છે ને આશા ગત નથી આવતું? આશારૂપી ખાડામાં. બાપુ! આ લોક તો એક જ છે અને તારી તૃષ્ણા આખા લોકને લેવાની છે. આખા લોકને જાણવાની જે (શક્તિ) છે એ ગુલાંટ ખાઈ ગઈ વાત. એથી આખા લોકને લેવાની તૃષ્ણા છે. કોને ભાગ આવશે? એમ આવ્યું છે ને ભાઈ! આશા લોક. ..માં આવે છે આ લોકોમાં, ઉત્તરાધ્યયનમાં પણ આવે છે. તૃષ્ણા તારી આવી અનંત, અનંતને લઉં. તો લોક તો એક જ ચીજ છે અને આવી તૃષ્ણા જીવની અનંત ઘણાને... એને કેટલો ભાગ આવશે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. પણ હા, તારો ભગવાન જ્ઞાનસ્વભાવ છે એ એક એક આત્મા પરિપૂર્ણને જાણે એમાં વહેંચવાનું કાંઈ નથી. સૌ જાણો. આહાહા..! એ સાધક જ્યારથી થયો ત્યારથી રાગથી માંડીને આખી દુનિયાને જાણો. બીજો પણ જાણે, ત્રીજો પણ જાણે, અસંખ્ય સમકિતી જાણે. આહાહા..! એમાં કાઈ ભાગ પાડવાની જરૂર નથી. આહાહા..! શું વસ્તુની મર્યાદા!

**'જિનમુદ્રાધારક મુની નિજસ્વરૂપકૂં ધ્યાય, કર્મ નાશિ...'** એ નિજસ્વરૂપના ધ્યાનથી કર્મનો નાશ થાય. આહાહા..! કોઈ વ્રત ને તપ ને અપવાસ-બપવાસથી કાંઈ કર્મ નાશ થાય નહિ. એ તો શુભની ક્રિયા રાગ છે. આહાહા..! **'કર્મ નાશિ શિવસુખ લિયો...'** કર્મનો નાશ કરી, જેણે મુનિપણું, વીતરાગપણું ધારણ કરી અને જે પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને શિવપદને પામ્યા. **'વંદુ તિનકે પાંય.'** તેના ચરણકમળને હું વંદું છું. કારણ કે મારે પણ એ મુક્તિ જોઈએ છે. આહાહા..! તું પામ્યો તેને મારે પામવું છે એટલે તારા ચરણકમળને વંદન કરું છું. એમ કરીને લિંગપાહુડ એની વચનિકા શરૂ કરે છે.

**'ઈસપ્રકાર મંગલ કે લિયે જિન મુનિયોંને શિવસુખ પ્રાપ્ત કિયા... '** જિન એટલે જેણે. **'ઉનકો નમસ્કાર કરકે શ્રીકુંદકુંદાચાર્યકૃત પ્રાકૃત ગાથા... '** છે આ બધી. **'પ્રાકૃત ગાથાબદ્ધ લિંગપાહુડનામક ગ્રંથકી દેશભાષામય વચનિકાકા... '** ચાલતી ભાષામાં એનો **'અનુવાદ લિખા જાતા હૈ—પ્રથમ હી આચાર્ય મંગલકે લિયે ઈષ્ટકો નમસ્કાર કર ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કરતે હૈં :—'** હવે કુંદકુંદાચાર્ય મંગળિક કરે છે.

काऊण णमोकारं अरहंताणं तहेव सिद्धाणं।
वोच्छामि समणलिंगं पाहुसत्थं समासेण।।१।।

'**અર્થ :- આચાર્ય કહતે હૈં કિ મૈં અરહંતોકો નમસ્કાર કરકે...**' આહાહા..! જેણે સર્વજ્ઞપણું પ્રગટ કર્યું કેવળી ભગવાન પરમાત્મા એને હું નમસ્કાર કરું છું. '**ઔર વૈસે હી સિદ્ધોંકો નમસ્કાર...**' જેણે શરીરરહિત થઈ એકલી સિદ્ધદશા પામ્યા એવા સિદ્ધ ભગવાનને પણ નમસ્કાર કરું છું. '**તથા જિસમેં શ્રમણલિંગકા નિરૂપણ હૈ ઈસ પ્રકાર પાહુડશાસ્ત્રકો કહૂંગા.**' એમ કહે છે. આમાં સાધુનું લિંગ કેવું હોય બાહ્ય અને અભ્યંતર. બાહ્ય નગ્ન દશા, અભ્યંતર વીતરાગ દશા. એ વીતરાગ દશાના લિંગ વિના એકલા નગ્નપણા અને પંચ મહાવ્રતની ક્રિયા એ બધી નિરર્થક છે. એમ આ લિંગપાહુડમાં કહેવામાં આવશે. ભાવપાહુડમાં પણ ઘણું એ જ કહ્યું હતું. બીજી ગાથાથી ઉપાડ્યુ હતું ને. લિંગં નહિ? દ્રવ્યલિંગં. બીજી ગાથાથી. ભાવલિંગથી શરૂ કર્યું હતું.

કુંદકુંદાચાર્ય થયા ત્યારે બધો ફેરફાર ઘણો થઈ ગયો હતો. શ્વેતાંબર પંથ નીકળી ચૂક્યો હતો અને એ વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું મનાવા લાગ્યા હતા એ માટે આ બધું બનાવ્યું છે. માર્ગ આ નથી ભાઈ! અને સંપ્રદાયમાં પણ એકલું દ્રવ્યલિંગ ધારણ કરી, ભાવલિંગની ખબર ન મળે, પ્રગટ દશા ન મળે અને એકલા નગ્નપણા ધારણ કરે એને પણ નિષેધ્યા છે. એ પણ વસ્તુ નથી, વસ્તુ નથી. જેમાં શ્રમણલિંગનું કથન છે. પાઠ છે ને 'पाहुसत्थं'. એ પાહુડ નામ પ્રાભૃત શાસ્ત્રને કહું. લિંગ પ્રાભૃતશાસ્ત્ર. એવા લિંગના પ્રાભૃત કહેવાના શાસ્ત્રને હું કહીશ. અથવા એનો સાર છે.

'**ભાવાર્થ :- ઈસ કાલમેં મુનિકા લિંગ જૈસા જિનદેવને કહા હૈ ઉસમેં વિપર્યય હો ગયા,...**' આહાહા..! આ કાળ પંચમકાળ ભગવાન કુંદકુંદાચાર્ય હતા ત્યારે. બે હજાર વર્ષ પહેલાં. સંવત્ ૪૯. અરે..! આ કાળમાં મુનિનું લિંગ જેવું જિનદેવે કહ્યું એનાથી વિપરીત '**ઉસકા નિષેધ કરનેકે લિયે યહ લિંગનિરૂપણ શાસ્ત્ર આચાર્યને રચા હૈ, ઉસકી આદિમેં ઘાતિકર્મકા નાશકર અનંતચતુષ્ટય પ્રાપ્ત કરકે અરહંત હુએ,...**' એને હું નમસ્કાર કરું છું કહે છે. '**ઉન્હોંને યથાર્થરૂપસે શ્રમણકા માર્ગ પ્રવર્તાયા...**' એ અરિહંત પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગદેવે જે યથાર્થરૂપે શ્રવણનો માર્ગ પ્રવર્તાવ્યો. '**ઔર ઉસ લિંગકો સાધકર સિદ્ધ હુએ, ઈસપ્રકાર અરહંત સિદ્ધોંકો નમસ્કાર કરકે ગ્રંથ કરનેકી પ્રતિજ્ઞા કી હૈ.**' લ્યો! આહાહા..!

'**આગે કહતે હૈં કિ જો લિંગ બાહ્યભેષ હૈ વહ અતરંગધર્મસહિત કાર્યકારી હૈ :—**' લ્યો! ત્યાંથી ઉપાડ્યું.

धम्मेण होइ लिंगं ण लिंगमत्तेण धम्मसंपत्ती।
जाणेहि भावधम्मं किं ते लिंगेण कायव्वो।।२।।

આહાહા..! '**અર્થ :- ધર્મ સહિત તો લિંગ હોતા હૈ...**' ધર્મ નામ વીતરાગભાવ. આહાહા..!

ધર્મ એ વીતરાગભાવ. જેવો વીતરાગ સ્વભાવ છે એવો જ વીતરાગભાવ પર્યાયમાં પ્રગટ કર્યો છે. એવો જે ધર્મ હોય તો '**ધર્મ સહિત તો લિંગ હોતા હૈ...**' તો તો અભ્યંતર અને બાહ્ય લિંગ બરાબર છે. '**પરંતુ લિંગમાત્ર હી સે ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...**' આહાહા..! પણ દ્રવ્યલિંગ ધારણ કરે, મુનિ નગ્ન દશા, અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત એવા દ્રવ્યલિંગથી કાંઈ ધર્મની પ્રાપ્તિ નથી. આહાહા..! '**ધર્મસહિત તો લિંગ હોતા હૈ...**' વીતરાગી સ્વભાવનો જે ધર્મ અંતર હોય એને તો બાહ્યલિંગ હો નગ્ન આદિ. '**પરંતુ લિંગમાત્ર હી સે ધર્મકી પ્રાપ્તિ નહીં હૈ,...**' આહાહા..! નગ્ન(પણું) ધારણ કરે. એ વખતે પણ ગોટો તો ઉઠ્યો હોય ને થોડો. આહાહા..! મુનિપણું કોને કહેવું એ જગતને ખબર નથી. આહાહા..!

અહીં તો કહે છે કે નગ્નપણું થયું. હજારો રાણીઓને છોડી અને નગ્ન થયા, અઠ્યાવીશ મૂળગુણ પાળે તો એ લિંગથી કાંઈ ધર્મની પ્રાપ્તિ નથી. આહાહા..! એ દ્રવ્યલિંગ છે એ તો બધું. બાહ્ય નગ્નપણું, અંદરમાં વ્યવહારના પંચ મહાવ્રતના ભાવ, આ છ આવશ્યકના ભાવ એ લિંગમાત્રથી ધર્મની પ્રાપ્તિ નથી કાંઈ. એવા લિંગને ધારણ કરવાથી સમ્યગ્દર્શન અને જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ નથી. આહાહા..!

'**ઈસલિયે હે ભવ્યજીવ! તૂ ભાવરૂપ ધર્મકો જાન...**' અંતરમાં ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી આનંદસ્વરૂપી પ્રભુ એના અનુભવમાંથી જે વીતરાગતા પ્રગટ થાય એ ભાવલિંગ અને ધર્મ છે. એવા ધર્મને તું પ્રાપ્ત કર, જાણ. આવા ધર્મને પહેલો જાણ. આહાહા..! ચૈતન્યસ્વભાવને આશ્રયે વીતરાગતા પ્રગટ થાય એ ધર્મ છે, એને તું જાણ. આહાહા..! '**ઔર કેવલ લિંગ હી સે તેરા ક્યા કાર્ય હોતા હૈ...**' એકલું નગ્નપણું ધારણ કર્યું. આ વસ્ત્ર રાખવાની વાતું તો ક્યાંય રહી ગઈ. એ તો લિંગ પણ નથી, એ તો કુલિંગ છે. ઝીણી વાતું ભાઈ! પણ જેણે નગ્નપણું ધારણ કર્યું, પંચ મહાવ્રતના ભાવ રાખ્યા, એ દ્રવ્યલિંગથી તને શું કાર્ય છે? એનાથી તને શું લાભ છે? કહે છે. આહાહા..! લ્યો! કુંદકુંદાચાર્ય પોતે આચાર્ય મુનિ છે એ આમ કહે છે.

'**ભાવરૂપ ધર્મકો જાન...**' ભાવ જે વીતરાગ સ્વભાવ, જે પંચ મહાવ્રતના વિકલ્પથી પાર વસ્તુ જે છે એવા આત્માના સ્વભાવનો જે ધર્મ વીતરાગભાવ એને જાણ. વીતરાગભાવ એ ધર્મ છે. વીતરાગમાર્ગમાં વીતરાગભાવ એ ધર્મ છે. વીતરાગમાર્ગમાં વીતરાગી સ્વભાવની દશા શ્રદ્ધા, વીતરાગી સમકિત એ સમકિત છે અને આત્માનું જ્ઞાન સ્વસંવેદન જ્ઞાન વીતરાગી જ્ઞાન એ જ્ઞાન છે અને એ સ્વરૂપમાં રમણતા, અકષાયતા, વીતરાગતા એ ચારિત્ર છે. એવા ધર્મને જાણ પહેલો. આની ટીકા નથી, સૂત્ર(પાહુડ)ની ટીકા નથી પણ પોતે ભર્યું છે જયચંદ્ર પંડિતે. છની ટીકા છે.

'**લિંગ હી સે તેરા ક્યા કાર્ય હોતા હૈ અર્થાત્ કુછ ભી નહીં હોતા હૈ.**' ઓહોહો..! અંતરંગ ધર્મ વીતરાગ સ્વભાવ ચૈતન્ય સ્વભાવથી ભરેલો ભગવાન એની સમીપ, પડખે જઈને જે પર્યાય પ્રગટ થાય તે વીતરાગધર્મ છે. એવા વીતરાગધર્મને બાહ્યલિંગથી શું તારે કામ છે? એનાથી કાંઈ પ્રગટ થાય

એવું નથી. આહાહા..! બહારને આશ્રયે પંચ મહાવ્રત, છ આવશ્યક, વંદન-સ્તુતિ વગેરે બધું આવે છે ને. સામાયિક, ચોવિસંથો વંદન, છ આવશ્યક, બાહ્ય આવશ્યક ક્રિયા. આહાહા..! એવા બાહ્યલિંગથી તને શું લાભ છે? '**કુછ ભી નહીં હોતા હૈ.**' એ પંચ મહાવ્રતની ક્રિયાના ભાવ, અઠ્યાવીશ મૂળગુણ એનાથી તને કાંઈ લાભ નથી. આહાહા..! જુઓ આ વીતરાગી મુનિઓના કથન. આહાહા..! અહીં તો હજી પંચ મહાવ્રતના ઠેકાણા ન મળે અને અમે સાધુ છીએ.

મુમુક્ષુ :- અમને સાધુ ન માને એ બધા મૂર્ખ.

ઉત્તર :- મૂર્ખ છે એ બધા. રામજીભાઈ એમાં આવ્યા. મૂર્ખ મંડળ ઠરાવ્યું છે. શું થાય? આહાહા..! એવી વાત છે. જગતને બહારને પસંદ પડે એ બહારના ભભકા હોય તો લોકોને ઠીક લાગે. આહાહા..! ઉપદેશ કરતા ભાષા ભભકા માણસને ૨૦-૨૦ હજાર ભેગા થાય. એમ કે આહાહા..! શું છે એમાં? બાપુ! આહાહા..! અને તારા પંચ મહાવ્રત હોય કદાચ, તો એથી શું કાર્ય છે? ભાઈ! એ તો શુભરાગ એના શુભબંધન, એ તો સંસાર. એ તો પહેલું કહી ગયા. આહાહા..! અનંત વાર કર્યું છે. નવું શું છે? ભગવાનમાંથી વીતરાગના અંકુરા ફોડ્યા નથી તેં. એ તો રાગ નીકળ્યો. આહાહા..! નિજસ્વરૂપના ધ્યાન કરીને જેણે વીતરાગતા પ્રગટ કરી છે તે ધર્મ છે. પરના આવા ધ્યાન શુભના રાખીને શું કાર્ય છે તને? એમાંથી વીતરાગતા ક્યાંથી આવશે? એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- .. નગ્નપણું.

ઉત્તર :- નગ્નપણું શું પણ શુભભાવ શું? એ શુભભાવમાંથી વીતરાગતા ક્યાંથી આવશે? આહાહા..! કાંઈપણ કાર્યકારી નથી એમ કહે છે. '**भावधम्मं किं ते लिंगेण कायव्वो।**' બાહ્યલિંગ કાંઈ કાર્યકારી નથી એમ કહ્યું. આહાહા..! એ શું કરશે બાહ્યલિંગ તારા?

ચૈતન્યમૂર્તિ ભગવાન એ રાગની ક્રિયાથી ભિન્ન રહેલો છે, એને ભિન્ન કર્યા વિના તને પ્રાપ્તિ શી રીતે થશે? રાગની ક્રિયાથી એ પ્રાપ્તિ થશે? આહાહા..! માણસને એમ લાગે કે આ અમારી નિંદા કરે છે. કુંદકુંદાચાર્ય તો વસ્તુનું સ્વરૂપ વર્ણવે છે. એમાં એને પણ સમજાવે છે, બાપુ! દ્રવ્યલિંગ કંઈ તારું કાર્ય નહિ કરી શકે. આહાહા..! અમે લાખો માણસને સમજાવ્યા માટે તને લાભ થાય કાંઈ, (એમ નથી). એ તો શુભરાગ છે. અને ઓલા સમજ્યા હોય તો એની પર્યાયથી સમજ્યા છે, એમાં તને કાંઈ લાભ મળે (એવું નથી). આહાહા..! આવો વીતરાગ માર્ગ. રાગથી વીતરાગતા ન પ્રગટે. દ્રવ્યલિંગ બધી ક્રિયાઓ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો રાગની ક્રિયાઓ છે. એ તો દ્રવ્યલિંગથી તને શું કાર્ય છે? એમ કહે છે. આહાહા..! '**किं ते लिंगेण कायव्वो**' ભાવધર્મને જાણ. '**किं ते लिंगेण कायव्वो**' આહાહા..! ભગવાન રાગની ક્રિયાથી પાર અંદર છે ને પ્રભુ! પૂર્ણ વીતરાગ સ્વભાવથી ભરેલો મહાપ્રભુ છે એને જાણ ને. એને જાણ ને ત્યાં ધર્મ થાશે. આવા બહાર ક્રિયાકાંડથી તને શું કાર્ય થાશે? આહાહા..! '**તેરા ક્યા કાર્ય હોતા હૈ અર્થાત્ કુછ ભી નહીં હોતા હૈ.**'

**'ભાવાર્થ :- યહાં ઐસા જાનો કિ લિંગ ઐસા ચિહ્નકા નામ હૈ, યહ બાહ્ય ભેષ ધારણ કરના મુનિકા ચિહ્ન હૈ, ઐસા યદિ અંતરંગ વીતરાગસ્વરૂપ ધર્મ હો તો ઉસ સહિત તો યહ ચિહ્ન સત્યાર્થ હોતા હૈ...'** દેખો! આહાહા..! જેને રાગની એકતા તૂટીને ધર્મસ્વભાવ પ્રગટ થયો છે, જેને સ્વભાવની એકતા થઈ ને ધર્મ પ્રગટ થયો છે... આહાહા..! જે જ્ઞાનસ્વભાવી ભગવાનમાં એકાગ્ર થયો, એકાગ્ર થઈને જે વીતરાગતા પ્રગટી છે એવા લિંગવાળાને દ્રવ્યલિંગ નગ્ન હો, પંચ મહાવ્રત તો ઠીક કહેવાય છે. એ તો વ્યવહાર એવો હોય, પણ ધર્મના ભાન વિનાના આવા લિંગ તને શું લાભકારક છે? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)




: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઈ.

www.vitragvani.com


અષ્ટપાહુડ અમૃત